લઘુહરિભદ્રસૂરિ મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી વિરચિત

# અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન

## (ભાગ-૩)

"સિદ્ધમાં ચારિત્ર-અચારિત્રની વિચારણા"

"સ્ત્રીમુક્તિવાદ"

"અધ્યાત્મનું ઉપનિષદ્"

વિવેચક

પંડિતવર્ય શ્રી પ્રવિણચંદ્ર ખીમજી મોતા

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

૫, જૈન મર્ચન્ટ સોસાયટી,

ફતેહપુરા રોડ, પાલડી,

અમદાવાદ-૭.

શ્રી ધરણેન્દ્ર-પદ્માવતી સંપૂજિતાય ૐ હ્રીઁ શ્રીઁ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
શ્રી દાન-પ્રેમ-રામચંદ્રગુરુભ્યો નમઃ

ऐँ નમઃ

# અધ્યાત્મમતપરીક્ષા
# શબ્દશઃ વિવેચન ભાગ-૩

**મૂળ ગ્રંથકાર તથા ટીકાકાર**
ન્યાયાચાર્ય-ન્યાયવિશારદ મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા

**આશીર્વાદદાતા**
પરમ પૂજ્ય વ્યાખ્યાન વાચસ્પતિ, શાસનપ્રભાવક આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા ષડ્દર્શનવિદ્ પ્રાવચનિકપ્રભાવક સ્વ. પરમ પૂજ્ય મુનિરાજશ્રી મોહજિતવિજયજી મહારાજા.

**વિવેચનકાર**
પંડિતવર્યશ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા.

**સંકલન-સંશોધનકારિકા**
પ.પૂ. વ્યાખ્યાનવાચસ્પતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તી તથા પ.પૂ. પ્રવર્તિની સાધ્વી શ્રી રોહિતાશ્રીજી મ.સા.ના શિષ્યરત્ના સાધ્વી શ્રી ચંદનબાલાશ્રીજી.

વી.સં. ૨૫૨૭ ✽ વિ.સં. ૨૦૫૭ ✽ ઈ.સ. ૨૦૦૧ ✽ નકલ-૧૦૦૦

**મૂલ્ય - ૭૫-૦૦**

**પ્રકાશક**
ગીતાર્થ ગંગા
૫, જૈન મર્ચંટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

## 卐 પ્રાપ્તિ સ્થાન 卐


❁ **અમદાવાદ**

**ગીતાર્થ ગંગા**
૫, જૈન મર્ચંટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
☎(૦૭૯)-૬૬૦૪૯૧૧, ૬૬૦૩૬૫૯

**નટવરભાઈ એમ. શાહ, (આફ્રીકાવાળા)**
૯, પરિશ્રમ બેંક ઓફ ઇન્ડીયા સોસાયટી,
વિજયનગર ક્રોસીંગ પાસે, અમદાવાદ-૧૩.
☎ (૦૭૯)-૭૪૭૮૫૧૨, ૭૪૭૮૬૧૧

❁ **મુંબઇ**

**નિકુંજભાઈ ર. ભંડારી**
વિષ્ણુમહલ, ત્રીજે માળે,
ગરવારે પેવેલીયનની સામે,
ડી રોડ, ચર્ચગેટ, મુંબઈ-૨૦.
☎(૦૨૨)-૨૮૧૪૦૪૮, ૨૮૧૦૧૯૫

**શ્રી ચીમનભાઈ ખીમજી મોતા**
૯ / ૧, ગજાનન કોલોની,
જવાહરનગર,
ગોરેગામ (વેસ્ટ), મુંબઈ-૬૨.
☎(૦૨૨)-૮૭૩ ૪૫ ૩૦

**લલિત ધરમશી**
૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ, જવાહરલાલ નહેરુ રોડ,
સર્વોદય પાર્શ્વનાથ નગર, જૈન દેરાસરની પાછળ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૮૦.
☎(૦૭૯)-૫૬૮ ૦૬ ૧૪, ૫૬૮ ૬૦ ૩૦

❁ **સુરત**

**શૈલેષભાઈ બી. શાહ**
શ્રીનાથજી એપાર્ટમેન્ટ, છઠ્ઠે માળે,
હરિપરા, હાથ ફળીયા, સુરત-૧.
☎(૦૨૬૧) - ૪૩ ૯૧ ૬૦, ૪૩ ૯૧ ૬૩

❁ **રાજકોટ**

**કમલેશભાઈ દામાણી**
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎(૦૨૮૧) - ૨૩૩૧૨૦

❁ **બેંગલોર**

**વિમલચંદજી**
C/o, J.NEMKUMAR & COMPANY,
Kundan Market, D.S.Lane,
Chickpet Cross,
Bangalore-560 053,
☎(O) 2875262, (R) 2259925.

❁ **જામનગર**

**ઉદયભાઈ શાહ**
C/o, મહાવીર અગરબત્તી વર્ક્સ,
C- 9, સુપર માર્કેટ,
જયશ્રી ટોકીઝની સામે, જામનગર.
☎(૦૨૮૮) - ૬૭૮૫૧૩

**: મુદ્રક :**
મુદ્રેશ પુરોહિત
સૂર્યા ઓફસેટ, આંબલી ગામ, સેટેલાઇટ-બોપલરોડ, અમદાવાદ-૫૮.

## સંકલન-સંપાદનની વેળાએ પ્રાસ્તાવિક

**અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ - ૧માં** વસ્ત્રને અધ્યાત્મમાં બાધક કહેનાર દિગંબરમત તથા આધ્યાત્મિકમતનું ખંડન કરેલ છે. તે પ્રથમ વિભાગ પ્રકાશિત થયા પછી ટૂંક સમયમાં જ **અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ - ૨** પ્રકાશિત થયેલ, તેમાં કેવલીભુક્તિનો વિચાર કરેલ છે. ત્યારપછી ટૂંકા સમયમાં જ **અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩** પ્રકાશિત થઇ રહેલ છે. તેમાં સૌ પ્રથમ **'સિદ્ધ ભગવંતોને ચારિત્ર હોય કે નહિ ?'** તેની વિચારણામાં **'सिद्धे णो चरित्ती णो अचरित्ती'** એવા આગમવચનને મુખ્ય કરીને, સિદ્ધાંતપક્ષી સિદ્ધાવસ્થામાં ચારિત્રની વિદ્યમાનતા સ્વીકારતો નથી, જ્યારે સંપ્રદાયપક્ષી સિદ્ધાવસ્થામાં ચારિત્રની વિદ્યમાનતા સ્વીકારે છે; આ બંને મતોની ગ્રંથકારશ્રી ઉપાધ્યાય યશોવિજયજી મહારાજાએ અનેક સુયુક્તિઓ અને આગમપાઠોપૂર્વક વિસ્તારથી ચર્ચા કરેલી છે. ત્યારપછીનો મુખ્ય વિષય છે **'સ્ત્રીમુક્તિવાદ'**....!

દિગંબરો અને આધ્યાત્મિકો માને છે કે સ્ત્રીશરીરી જીવોની મુક્તિ થાય નહિ. દિગંબરો વસ્ત્રાદિને પરિગ્રહરૂપ માની ત્યાગ કરવા યોગ્ય માનતાં હોવાથી, અને સ્ત્રીઓને વસ્ત્રાદિનો ત્યાગ કરવો અશક્ય હોવાથી, સ્ત્રીઓને ચારિત્ર માનતા નથી અને તેથી સ્ત્રીઓનો મોક્ષ પણ માનતા નથી. તેની સામે ગ્રંથકારશ્રી ઉપાધ્યાયજી મહારાજાએ ધર્મોપકરણ પરિગ્રહરૂપ નથી એની પૂર્વે સિદ્ધિ કરી બતાવેલ, માટે વસ્ત્રસહિત સ્ત્રીઓને પણ ચારિત્ર અસંભવિત નથી અને સ્ત્રીઓ પણ રત્નત્રયીની સાધના કરી મુક્તિગામી બની શકે છે, એ વાત અનેક યુક્તિઓ અને આગમપાઠપૂર્વક સિદ્ધ કરેલ છે.

વળી, સિદ્ધમાં ચારિત્રની વિદ્યમાનતાનો વિચાર, અને સ્ત્રીમુક્તિ વિચાર, આ બંને વિચારણાની વચમાં અનેક પદાર્થો પર ખૂબ સુંદર પ્રકાશ ગ્રંથકારશ્રીએ પાથર્યો છે. તે સર્વ પદાર્થોનો બોધ, આ ત્રીજા વિભાગના પદાર્થોનું સંક્ષિપ્ત દિગ્દર્શન આપેલ છે અને વિસ્તૃત અનુક્રમણિકા જે તૈયાર કરેલ છે તે જોવાથી વાચકવર્ગને સ્વયં જ થશે. અને થશે કે કેવા અદ્ભુત પદાર્થોનું નિરૂપણ ગ્રંથકારશ્રીએ **અધ્યાત્મમતપરીક્ષા** ગ્રંથમાં કરેલ છે !

આ બંને ચર્ચાઓ પછી ગ્રંથકારશ્રીએ અધ્યાત્મના પરમ રહસ્યને બતાવેલ છે કે **"સંયમયોગોમાં અપ્રમત્તપણે યત્ન કરવો એ જ અધ્યાત્મનું પરમ રહસ્ય છે, એ જ શ્રેષ્ઠ ભગવાનની આજ્ઞા છે."**

અધ્યાત્મના પરમ રહસ્યને બતાવતાં ગ્રંથકારશ્રીએ **ગાથા-૧૭૩માં** નવ્યન્યાયની શૈલીમાં, 'ભોગથી વૈરાગ્ય કે ભોગના ત્યાગથી વૈરાગ્ય' એ પ્રકારનો સ્યાદ્વાદ હોવા છતાં, મુખ્ય પ્રરૂપણા રાજમાર્ગરૂપે ભોગના ત્યાગથી વૈરાગ્ય છે તે કરેલ છે. અને આ અતિ અદ્ભુત પદાર્થનિરૂપણ જોતાં ગ્રંથકારશ્રીજીની તાર્કિક તીક્ષ્ણ બુદ્ધિપ્રતિભા પ્રત્યે ઓવારી જવાય છે.

ગ્રંથકારશ્રીએ અધ્યાત્મના પરમ રહસ્યના પણ રહસ્યને બતાવતાં ગાથા-**૧૮૩માં** કહેલ છે કે, **"વધારે શું કહેવું ? આ સંસારમાં રાગ-દ્વેષ જે જે રીતે વિલય-નાશ પામતાં જાય તે તે રીતે પ્રવર્તવું, એવી શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા છે."** આ રીતે પદાર્થોના વિભાગીકરણ મુજબ ત્રણ વિભાગમાં સંપૂર્ણ ગ્રંથનું શબ્દશઃ વિવેચન પૂર્ણ થાય છે.

પંડિતવર્યશ્રી પાસે આ ગ્રંથવાંચનનો સુયોગ સાંપડ્યો ત્યારે આ ગ્રંથની સંકલના મેં તો સ્વચિંતન-મનન-નિદિધ્યાસન કરવા માટે નોટરૂપે તૈયાર કરેલ. પણ **અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧ અને ભાગ-૨ની** પ્રસ્તાવનામાં જણાવ્યાં મુજબ સહાધ્યાયી તથા અનેક બીજી તત્ત્વજિજ્ઞાસુ વર્ગની એક જ ભાવના હતી કે, આ ગ્રંથની વ્યવસ્થિત સંકલના તૈયાર થાય અને આ ગ્રંથની ટીકાર્થ સહ વિવેચના પુસ્તકરૂપે પ્રકાશિત થાય, તો શ્રીમદ્ ઉપાધ્યાયજી મહારાજાની આ

મહામૂલી અતિઅદ્ભુત કૃતિના પદાર્થોને સારી રીતે સમજવામાં, સમજીને જીવનમાં અમલ કરવામાં ઉપયોગી થઇ શકે. આ પ્રવૃત્તિ પાછળ તો મારો એક જ શુભાશય છે કે આવા આત્મલક્ષી-અધ્યાત્મલક્ષી ગ્રંથના અધ્યયનથી મારી નાદુરસ્ત તબિયતમાં પ્રસન્નતા જળવાઇ રહે, અને અશાતાવેદનીયકર્મના ઉદયમાં શરીરવિષયક કે અન્ય સંકલ્પ-વિકલ્પો વિષયક આર્તધ્યાનથી બચી શકાય અને ધર્મધ્યાનમાં મન સ્થિર રહે. અને સ્વાધ્યાયલક્ષી આ પ્રવૃત્તિથી કર્મની નિર્જરા થાય, અને ભવિષ્યમાં એવો પરમાત્માના શાસનનો સુયોગ-સુકાળ સાંપડે કે જેના દ્વારા સર્વકર્મનો ક્ષય થાય, કે જેથી આત્માના પૂર્ણ સુખને પામી શકું.

પંડિતવર્યશ્રીએ પાઠવાંચન સમયે ગ્રંથના પદાર્થો, જ્યાં સુધી અધ્યયન કરનારા અમને સૌને ન સમજાતા ત્યાં સુધી, પુનઃ પુનઃ સમજાવવા પ્રયત્ન કરેલ છે, અને ભાવાર્થમાં સરળતાથી સમજાય એ પ્રમાણે પદાર્થો ખોલવા પ્રયત્ન કરેલ છે. પ્રસ્તુત ગ્રંથના ભાગ-૧ અને ભાગ-૨માં જણાવ્યા મુજબ ભાવાર્થમાં ટીકાના અર્થની પુનરુક્તિ ઘણી જગ્યાએ થયેલ છે, પણ સંસ્કૃત ભાષાના અનભિજ્ઞ માટે ગ્રંથના પદાર્થોનો તેમને બોધ થાય, અને ભાવાર્થ ત્રુટિત ન બને એ હેતુથી થયેલ એ પુનરુક્તિ, દોષરૂપ નહિ ગણાય. વળી, ઘણાં સ્થાનોમાં સંપૂર્ણ ટીકાનો ભાવાર્થ કરેલ છે, તો કેટલાંક સ્થાનોમાં ટીકાનો જેટલો ભાગ ક્લિષ્ટ હોય તે તે ટીકાના પ્રતીક મૂકી તેટલો જ ભાવાર્થ કરેલ છે, જ્યારે ટીકાર્થ સંપૂર્ણ ટીકાનો કરેલ છે.

આ સંપૂર્ણ ગ્રંથનું અધ્યયન બાબુ અમીચંદ પનાલાલ જૈન દેરાસર ટ્રસ્ટ, વાલકેશ્વર દ્વારા પ્રકાશિત અધ્યાત્મમતપરીક્ષા ગુર્જર વ્યાખ્યા સહિત પુસ્તકને સામે રાખીને કરેલ છે, અને ગ્રંથમાં આવતા પ્રાકૃત સાક્ષીપાઠોના ઉદ્ધરણની સંસ્કૃત છાયા તે ગ્રંથમાંથી લીધેલ છે. પાઠશુદ્ધિ માટે ગીતાર્થ ગંગા સંસ્થામાં ઉપલબ્ધ આ ગ્રંથની હસ્તલિખિત પ્રતિઓમાંથી જ્યાં અમને શુદ્ધપાઠ મળેલ છે, તે પાઠ અમે મૂળમાં લીધેલ છે; અને જ્યાં અર્થ સાથે સંગત જણાતો શુદ્ધ પાઠ હસ્તલિખિત પ્રતિમાં મળેલ નથી, ત્યાં કૌંસમાં એ પાઠ મૂકેલ છે. ઘણી જગ્યાએ નિશાની આપી વિવેચનમાં જણાવેલ છે કે અહીં આવો પાઠ ઉચિત ભાસે છે.

આ ગ્રંથના પ્રુફ વાચનના કાર્યમાં **સાધ્વીશ્રી હિતરુચિતાશ્રીજી મ.સા.** તથા **સુશ્રાવક શ્રી શાંતિલાલ શિવલાલ શાહે** પોતાના કીંમતી સમયનો સદુપયોગ કરી ઘણો સહકાર આપેલ છે, તે બદલ તેમને વિસરી શકાય તેમ નથી.

છદ્મસ્થતાવશ આવા બૃહત્કાય ગ્રંથના વિવરણમાં કે સંકલન-સંપાદનકાર્યમાં અનેક ત્રુટિઓ રહેવાની સંભાવના છે. સર્વજ્ઞકથિત પદાર્થોનું ક્યાંય અવમૂલ્યન થઇ ન જાય તે માટે પૂરેપૂરો પ્રયત્ન કરેલ છે, છતાં જિનાજ્ઞાવિરુદ્ધ કે ગ્રંથકારશ્રીના આશયવિરુદ્ધ ક્યાંય પણ પદાર્થ નિરૂપણ થયેલ હોય તો તે માટે મિચ્છા મિ દુક્કડં માંગું છું.

પ્રાન્તે એક જ અંતરની મહેચ્છા છે કે દેવ-ગુરુની અસીમ કૃપાથી સ્વઆત્મપરિણતિની નિર્મળતા માટે કરાયેલો આ પ્રયાસ, સર્વને લાભનું કારણ બને; અને મને પોતાને સૂક્ષ્મબોધ થવાપૂર્વક ભાવપૂર્વકની ક્રિયાની પરિણતિ પ્રાપ્ત થાય, અને નિર્મળ પરિણતિ દ્વારા સંપૂર્ણ કર્મક્ષય કરી નિકટના ભવોમાં મુક્તિસુખની ભાગી બની શકું. એ જ શુભાશયથી કરેલો આ નાનકડો પ્રયાસ સફળતાને પામો, એ જ શુભભાવના..... !

**વિ.સં. ૨૦૫૭, ભાદરવા સુદ - ૧૧,**
**બુધવાર, તા. ૨૯-૮-૨૦૦૧.**
**એફ- ૨, જેઠાભાઇ પાર્ક, નારાયણનગર,**
**પાલડી, અમદાવાદ - ૭.**

પરમ પૂજ્ય પરમારાધ્યપાદ વ્યાખ્યાનવાચસ્પતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય **રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના** શિષ્યરત્ન પ.પૂ. ગચ્છાધિપતિ શ્રીમદ્ વિજય **મહોદયસૂરીશ્વરજી મહારાજાના** આજ્ઞાવર્તી તથા પ.પૂ. પ્રવર્તિની સાધ્વીશ્રી **રોહિતાશ્રીજી મ.સા.ના** શિષ્યરત્ના સાધ્વીશ્રી **ચંદનબાલાશ્રીજી.**

## અધ્યાત્મમતપરીક્ષા ગાથા ૧૨૪ થી ૧૮૪માં આવતા મુખ્ય પદાર્થોનું સંક્ષિપ્ત દિગ્દર્શન

**અધ્યાત્મમતપરીક્ષા** નામક પ્રસ્તુત ગ્રંથમાં આધ્યાત્મિકોના મતની પરીક્ષા કરવાનો પ્રારંભ કરેલ, અને આધ્યાત્મિકો માને છે કે આત્માની પ્રવૃત્તિ એ જ અધ્યાત્મ હોઇ શકે, પરંતુ બાહ્યક્રિયાઓ નહિ; આમ કહીને અધ્યાત્મને અનુકૂળ એવી બાહ્ય ક્રિયાઓનો અપલાપ કરીને આત્માની વિચારણામાત્રને તેઓ અધ્યાત્મ તરીકે કહે છે, તેને ગ્રંથકારે **અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન** ભાગ-૧ અને ભાગ-૨માં નામઆધ્યાત્મિકરૂપે સ્થાપન કરી, બાહ્ય ઉચિત સંયમની ક્રિયાઓ અધ્યાત્મરૂપ છે તેમ સ્થાપન કર્યું. ત્યાં વચમાં કોઇક દિગંબર શંકા કરે છે કે, સંયમની ક્રિયાઓ ભલે અધ્યાત્મરૂપે હોય પરંતુ વસ્ત્રાદિ તો અધ્યાત્મનાં વિરોધી છે, તેથી શ્વેતાંબર સાધુને વસ્ત્રાદિનો સદ્ભાવ હોવાથી અધ્યાત્મ હોઇ શકે નહિ. તેનું ગ્રંથકારે નિરાકરણ કરીને વસ્ત્રાદિની પણ અધ્યાત્મઉપકારિતા સ્થાપન કરી. આ રીતે આધ્યાત્મિકોને નિરુત્તર કરવાથી તેઓએ શંકા કરી કે, તમે કેવલી ભગવંતોને આહાર સ્વીકારો છો એ વાત સંગત થાય નહિ, કેમ કે કેવલી ભગવંતો જો આહાર ગ્રહણ કરે તો કૃતકૃત્ય કહી શકાય નહિ. તેથી કેવલીભુક્તિનો વિચાર બતાવીને કેવલી ભગવંતોને આહારગ્રહણ હોવા છતાં વીતરાગતામાં કોઇ વિરોધ નથી, એ વાત યુક્તિપૂર્વક અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨માં સ્થાપન કરેલ છે. ત્યાં કોઇ શંકા કરે છે કે, કેવલી અને સિદ્ધના કેવલજ્ઞાનનું સમાનપણું હોવાને કારણે બંનેનાં જ્ઞાન સંપૂર્ણ શુદ્ધ છે તેમ માનવું પડે, તેથી સિદ્ધભગવંતની જેમ કેવલી ભગવંતને પણ સંપૂર્ણ કૃતકૃત્ય માનવા પડે. તે શંકાનું નિરાકરણ **ગાથા-૧૨૪-૧૨૫માં** કરીને ગ્રંથકારે એ સ્થાપન કર્યું કે કેવલી ભગવંતો સર્વથા કૃતકૃત્ય નથી, પરંતુ સંપૂર્ણ કૃતકૃત્ય સિદ્ધભગવંતો છે.

વળી **ગાથા-૧૨૫માં** બાહ્યાત્મા, અંતરાત્મા અને પરમાત્માનું સ્વરૂપ પણ બે પ્રકારની દૃષ્ટિવિશેષથી બતાવેલ છે. જેમાંથી એક દૃષ્ટિ **યોગશાસ્ત્ર** ગ્રંથ પ્રમાણેની છે, તથા બીજી દૃષ્ટિ અન્યત્ર શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે. તે બંને દૃષ્ટિનું એક સ્થાને યોજન કરીને અનેક યુક્તિઓથી બાહ્યાત્મા અને અંતરાત્માનો વિશદ બોધ કરાવેલ છે.

વળી, અષ્ટસહસ્રીકારે આત્માના ગુણસ્વભાવને સિદ્ધ કરવા માટે વિશિષ્ટ ન્યાયની યુક્તિ આપેલ છે, અને ગ્રંથકારશ્રીને પોતાને પણ આત્માનો ગુણસ્વભાવ માન્ય છે, દોષસ્વભાવ માન્ય નથી; તો પણ અષ્ટસહસ્રીકારની યુક્તિથી જ આત્માનો દોષસ્વભાવ માનવાની આપત્તિ આવી શકે, તે બતાવીને આત્માનો ગુણસ્વભાવ કઇ રીતે સ્વીકારવો ઉચિત છે, એ વાત **ગાથા-૧૨૫માં** વિશેષ યુક્તિઓથી બતાવેલ છે; જે વિદ્વાનવર્ગ જ સમજી શકે તેમ છે. તેથી તત્ત્વજિજ્ઞાસુએ ગાથા-૧૨૫મી જોવી.

ત્યારપછી **વિશેષાવશ્યકભાષ્ય**માં સામાયિકસૂત્રનો અર્થ કરતી વખતે કરેમિ=કરણ, અને તે કરણ **આવશ્યકનિર્યુક્તિ** ગ્રંથમાં ત્રણ પ્રકારે પ્રસિદ્ધ છે- (૧) શ્રુતગુણકરણ, (૨) નોશ્રુતગુણકરણ અને (૩) યુંજનાકરણ. એ કરણનું યોજન કેવલી ભગવંતોમાં કઇ રીતે સંગત છે તે **ગાથા-૧૨૬માં** બતાવેલ છે.

કેવલી ભગવંતોને મોક્ષની પ્રાપ્તિ કઇ રીતે થાય છે તે વાત **ગાથા-૧૨૭માં** બતાવેલ છે.

મોક્ષમાં આઠ કર્મના ક્ષયથી આઠ ગુણો પ્રગટ થાય છે તે વાત **ગાથા-૧૨૮/૧૨૯માં** બતાવેલ છે. ત્યાં મોહક્ષયજન્ય સમ્યગ્દર્શન અને ચારિત્રરૂપ બે ગુણો, અને નામ-ગોત્રકર્મક્ષયજન્ય અનંત સિદ્ધોની એકત્ર અવગાહનારૂપ અનંત અવગાહનારૂપ એક ગુણ સ્વીકારીને, સિદ્ધભગવંતોમાં આઠ ગુણો કઇ રીતે સંગત છે તે વાત એક મત પ્રમાણે છે તે યુક્તિથી બતાવેલ છે. અને અન્ય મત પ્રમાણે આઠ કર્મક્ષયજન્ય આઠ ગુણો છે ત્યાં, નામકર્મ અને ગોત્રકર્મક્ષયજન્ય પૃથગ્ સ્થિરતા અને અવગાહના ગુણો છે, અને મોહક્ષયજન્ય ચારિત્રગુણ છે; એ વાત **ગાથા-૧૩૦માં** યુક્તિથી બતાવેલ છે.

આ રીતે બંને મતો પ્રમાણે સિદ્ધમાં ચારિત્રપક્ષનું સ્થાપન કર્યું. કેમ કે પ્રથમ મતમાં મોહક્ષયજન્ય બે ગુણ સ્વીકાર્યા ત્યાં પણ ચારિત્રની પ્રાપ્તિ છે, અને બીજા મત પ્રમાણે આઠે કર્મક્ષયજન્ય પૃથગ્ ગુણો સ્વીકાર્યા ત્યાં પણ મોહક્ષયજન્ય ચારિત્રગુણની પ્રાપ્તિ છે. ત્યાં સિદ્ધમાં ચારિત્રને સહન નહિ કરનાર સિદ્ધાંતપક્ષી કહે છે કે, શાસ્ત્રમાં સિદ્ધોને નોભવ્ય-નોઅભવ્ય કહ્યા છે, તેમ સિદ્ધોને નોચારિત્રી-નોઅચારિત્રી કહ્યા છે, તેથી સિદ્ધમાં ચારિત્ર નથી, તેનું સ્થાપન **ગાથા-૧૩૧-૧૩૨માં** કરેલ છે.

સિદ્ધાંતપક્ષની સામે સંપ્રદાયપક્ષી સિદ્ધમાં ચારિત્ર સ્વીકારે છે. તેથી **ગાથા-૧૩૩ થી ગાથા-૧૪૧** સુધી સિદ્ધમાં ચારિત્ર કઇ રીતે માની શકાય, અને નોચારિત્રી-નોઅચારિત્રી શબ્દનો અર્થ શું કરવો, કે જેથી સિદ્ધમાં ચારિત્ર સ્વીકારીને નોચારિત્રી-નોઅચારિત્રી એ વચનને વિરોધ ન આવે, એ વાત અનેક યુક્તિઓથી બતાવેલ છે.

સિદ્ધાંતપક્ષ અને સંપ્રદાયપક્ષની એ ચર્ચામાં ગ્રંથકાર શ્રી ઉપાધ્યાય યશોવિજયજી મહારાજાએ ખરેખર પારમાર્થિક સમ્યક્ત્વ શું ચીજ છે, ચારિત્ર શું ચીજ છે, ક્રિયાત્મક ચારિત્ર અને પરિણામાત્મક ચારિત્ર શું ચીજ છે, અને સંસાર અવસ્થામાં યોગની સ્થિરતારૂપ ચારિત્ર શું ચીજ છે, એવી અનેક બાબતોનો સૂક્ષ્મ બોધ કરાવેલ છે. વળી, તે ચર્ચાની વિચારણામાં જ **'કરેમિ ભંતે'** સૂત્રથી જે સર્વવિરતિ.સામાયિકની પ્રતિજ્ઞા કરવામાં આવે છે; તે ભાવશ્રુતશબ્દકરણ, નોશ્રુતકરણ, ગુણકરણ અને યુંજનાકરણ આદિરૂપ છે, તેની **આવશ્યકનિર્યુક્તિ** ગ્રંથમાં ચર્ચા છે તેનો આધાર લઇને, **'કરેમિ ભંતે'** સૂત્રમાં ભાવપૂર્વકની ક્રિયાની પ્રતિજ્ઞા છે તે વાત યુક્તિથી બતાવેલ છે. તેથી તત્ત્વજિજ્ઞાસુને ખરેખર **'કરેમિ ભંતે'** સૂત્રનો પારમાર્થિક અર્થબોધ થાય છે.

વળી, ચારિત્ર એ આચરણારૂપ સ્વીકારીએ તો તે વીર્યાચારરૂપ બને, તેથી ચારિત્રચાર અને વીર્યાચારનો ભેદ થઇ શકે નહિ તેમ બતાવીને, ચારિત્રાચાર અને વીર્યાચારનો શું ભેદ છે તેનો પણ બોધ પ્રસ્તુત ગાથાઓમાં કરાવેલ છે.

વળી, કષાય અને ચારિત્રનો, છાયા અને આતપ જેવો વિરોધ નથી, પરંતુ પાણી અને અગ્નિના જેવો વિરોધ છે. આથી જ કષાય વિદ્યમાન હોવા છતાં છદ્મસ્થને ચારિત્ર કઇ રીતે રહી શકે છે, એ વાત પણ યુક્તિપૂર્વક બતાવેલ છે.

વળી દિગંબર શુદ્ધોપયોગરૂપ પરમચારિત્ર સ્વીકારે છે, અને શુભોપયોગરૂપ ગૌણચારિત્ર સ્વીકારે છે, અને પ્રશસ્ત આલંબન વગર કષાયને વશ થયેલાઓને મૂળગુણોમાં યત્ન હોવા છતાં ચારિત્રનો ભંગ સ્વીકારે છે; એ વાત કઇ રીતે યુક્તિરહિત છે, તે **ગાથા-૧૪૩માં** બતાવેલ છે. અને સ્થાપન કરેલ છે કે કષાયને પરવશ એવા ચંડરુદ્રાચાર્યમાં મૂળગુણમાં સ્થિરતા હોવાથી ચારિત્રનો ભંગ નથી, પણ ચારિત્રમાં અતિચારરૂપ સ્ખલના છે.

વળી, ચારિત્રને ઉપયોગરૂપ સ્વીકારવામાં આવે તો જ્ઞાન, દર્શન અને ચારિત્ર એમ ત્રણ ઉપયોગની પ્રાપ્તિ થાય. પરંતુ શાસ્ત્રમાં કેવલીને ત્રણ ઉપયોગો સ્વીકાર્યા નથી, તેથી ચારિત્ર ઉપયોગરૂપ નથી પણ યોગના સ્થૈર્યરૂપ છે; આમ કહીને અનેક યુક્તિઓથી **ગાથા-૧૪૪/૧૪૫ આદિમાં** યોગસ્થૈર્યરૂપ ચારિત્રને સ્થાપન કરેલ છે.

વળી, સિદ્ધમાં વીર્ય નથી તેથી ચારિત્ર નથી, એ પ્રકારે યુક્તિથી સિદ્ધાંતપક્ષી કહે છે, તે વાત **ગાથા-૧૪૫માં** બતાવેલ છે, અને સિદ્ધમાં વીર્ય નથી એવું જે શાસ્ત્રવચન છે તેની યુક્તિ પણ **ગાથા-૧૪૫માં** બતાવેલ છે.

સિદ્ધમાં ચારિત્રને સ્વીકારવું કે સિદ્ધમાં ચારિત્ર ન સ્વીકારવું તેની ચર્ચા **ગાથા-૧૩૧ થી ગાથા-૧૫૬** સુધી કરેલ છે, જે ચર્ચાથી ખરેખર સંસારમાં પણ ચારિત્રપદાર્થ યોગરૂપ કઇ રીતે છે, આત્માના પરિણામરૂપ કઇ રીતે છે અને નિર્જરાના કારણરૂપ કઇ રીતે છે, તેનો સૂક્ષ્મ બોધ થાય છે.

સિદ્ધમાં ચારિત્ર નહિ માનનાર પક્ષનો મૂળ આધાર ગ્રંથ **વિશેષાવશ્યકભાષ્ય** છે. તે આખી ચર્ચા ખરેખર નયવાદની ચર્ચા જેવી છે, પરંતુ પરસ્પર વિરોધી વચન જેવી નથી; કેમ કે અપેક્ષાએ કર્મનિર્જરાના કારણરૂપ ચારિત્રને ગ્રહણ કરીને સિદ્ધમાં ચારિત્ર નથી તે વાત સિદ્ધાંતકારે સ્થાપન કરેલ છે, અને નિજગુણમાં સ્થિરતારૂપ ચારિત્રને ગ્રહણ કરીને સંપ્રદાયપક્ષીએ સિદ્ધમાં ચારિત્ર સ્થાપન કરેલ છે, તે વાત યુક્તિપૂર્વક ગ્રંથકારશ્રીએ **ગાથા-૧૫૭માં** બતાવેલ છે.

સંપ્રદાયપક્ષી દ્વારા સિદ્ધમાં ચારિત્ર સ્થાપન કરીને સિદ્ધમાં સ્વભાવસિદ્ધ ક્રિયા કઇ રીતે છે, તે બતાવવા માટે, છયે કારકો સિદ્ધના આત્માઓમાં કઇ રીતે પ્રવર્તે છે તેનું યોજન **ગાથા-૧૫૮માં** કરેલ છે.

**ગાથા-૧૫૯માં** સિદ્ધોના ૧૫ ભેદો બતાવ્યા. ત્યાં પ્રશ્ન થયો કે સિદ્ધોના ૧૫ ભેદોમાં સ્ત્રીલિંગસિદ્ધ, પુંલિંગસિદ્ધ અને નપુંસકલિંગસિદ્ધ એ પ્રકારના ભેદો આવે છે, અને આ ૧૫ ભેદો શ્વેતાંબર-દિગંબર ઉભયને માન્ય છે. આમ છતાં દિગંબરો સ્ત્રીને મુક્તિ માનતા નથી, તેથી સ્ત્રીલિંગસિદ્ધનો અર્થ તેઓ કેવો કરે છે, અને તે કઇ રીતે યુક્તિયુક્ત નથી, તેની ચર્ચા **ગાથા-૧૫૯ થી ગાથા-૧૭૦** સુધી કરેલ છે. એ ચર્ચામાં સ્ત્રીઓને મોક્ષ નહિ સ્વીકારની અનેક યુક્તિઓ દિગંબરોના ગ્રંથોમાં વર્તમાનમાં ઉપલબ્ધ છે, તે દરેકને ગ્રહણ કરીને, તેનું ગ્રંથકારશ્રીએ યુક્તિપૂર્વક નિરાકરણ કરેલ છે. અને દિગંબરને માન્ય એવા **તત્ત્વાર્થસૂત્ર**ને ગ્રહણ કરીને પરિષહની વિચારણામાં **તત્ત્વાર્થસૂત્ર**ના **'एकादश जिने'** એ સૂત્રમાં આગળના કથનથી **'न'**ની અનુવૃત્તિ

કરીને, '**न एकादश जिने**' એ પ્રમાણે એ સૂત્રનો અર્થ સ્ત્રીમુક્તિને નહિ સ્વીકારવા અર્થે દિગંબરોના ગ્રંથોમાં કરેલ છે, તે વ્યાકરણ અને શાબ્દબોધની મર્યાદાનું ઉલ્લંઘન કરીને કઇ રીતે કરાયેલ છે, તેની વિચારણા પણ તટસ્થ વિચારકોને ઉપયોગી થાય એ રીતે કરેલ છે.

આ રીતે આધ્યાત્મિકોના મતની પરીક્ષા કરીને, સ્વદર્શનમાન્ય સ્ત્રીઓને મુક્તિ સ્વીકારવામાં કોઇ બાધ નથી, તેમ ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું, તેથી આધ્યાત્મિકો અને દિગંબરો સાથેની ચર્ચા પૂરી થાય છે. પરંતુ એ ચર્ચાનો ખરેખર સાર શું છે, તે બતાવવા માટે, અધ્યાત્મઉપનિષદ્ નામનો ચરમ વિભાગ ગ્રંથકારશ્રીએ પ્રસ્તુત કરેલ છે. તેથી વિચારકો સમજી શકે કે દર્શનવાદોમાં પરસ્પર ખંડન-મંડનની પ્રક્રિયા માત્ર સ્વપક્ષના આગ્રહથી કરતા નથી, પરંતુ તત્ત્વની જિજ્ઞાસાથી કરે છે. અને તેવા તત્ત્વજિજ્ઞાસુઓ એ ચર્ચાથી પણ સ્વદર્શનના પક્ષપાતી બનતા નથી, પરંતુ મધ્યસ્થ બનીને કઇ રીતે પરમાર્થ પ્રાપ્ત કરે છે, એ વાત અધ્યાત્મઉપનિષદ્ના વક્તવ્યથી પ્રાપ્ત થાય છે.

અધ્યાત્મના ઉપનિષદ્ને બતાવવાં સૌ પ્રથમ **ગાથા-૧૭૧માં** કહેલ છે કે, **"સંયમયોગોમાં જે યત્ન છે તે જ અધ્યાત્મનું પરમ રહસ્ય છે."** ત્યાં પ્રશ્ન ઉભો થાય કે સંયમયોગોમાં યત્ન અતિકષ્ટ સાધ્ય છે, તેથી મોક્ષાર્થી જીવ તેમાં યત્ન કરવા ઇચ્છે તો પણ તેને વિચાર આવે કે, અધિકારી વ્યક્તિ જ પ્રવૃત્તિ કરે તો ફળની પ્રાપ્તિ થાય; પણ જો પોતે દીર્ઘસંસારી હોય કે અભવ્ય હોય અને બહુ આયાસસાધ્ય મોક્ષના ઉપાયભૂત ચારિત્રમાં પ્રવૃત્તિ કરે તો પણ ફળ મળે નહિ, તેથી મોક્ષમાં જવાની ઇચ્છાવાળા જીવો પણ મોક્ષના ઉપાયોમાં પ્રવૃત્તિ કરી શકે નહિ. આ પ્રકારની શંકા વિચારકને થાય તેનું સમાધાન કરતાં **ગાથા-૧૭૨માં** બતાવેલ છે કે, જીવને ભવ્યત્વ-અભવ્યત્વની શંકાથી જ નક્કી થાય છે કે પોતે ભવ્ય છે, અને જેઓ વિષયોથી વિરક્ત છે અને સર્વ ઉદ્યમથી સંયમમાં યત્ન કરે છે તેઓ આસન્નસિદ્ધિક છે. તેથી પોતે પણ જો મોક્ષમાં જવાની ઇચ્છાવાળો હોય તો નક્કી ભવ્ય છે, અને વિષયોથી વિરક્ત થઇને સંયમયોગોમાં યત્ન કરી શકે તેમ જણાય તો દીર્ઘસંસારી નથી, તેવો નિર્ણય કરીને બહુ આયાસસાધ્ય પણ ચારિત્રમાં પ્રવૃત્તિ કરી શકે છે, તે વાત યુક્તિથી **ગાથા-૧૭૨માં** સ્થાપન કરેલ છે.

આ રીતે વિષયોથી નિવૃત્ત થઇને સંયમયોગમાં યત્ન કરવાથી અધ્યાત્મની ક્રમસર વૃદ્ધિ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે, એમ ગ્રંથકારશ્રીએ સ્થાપન કર્યું. ત્યાં કેટલાક કહે છે કે મોક્ષના ઉપાયમાં પ્રવૃત્તિ વૈરાગ્યથી જ થાય છે, અને વૈરાગ્ય અભુક્તભોગીઓને સંભવે નહિ; પરંતુ બધા ભોગોને ભોગવીને ભુક્તિ શાંત થઇ ગઇ છે તેઓને જ વૈરાગ્ય સંભવે. માટે ભોગોને ભોગવીને જ્યારે ચિત્ત તે ભોગોથી વિરક્ત બને ત્યારે જ મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ કરવી જોઇએ. આ પ્રકારની અર્ધવિચારકની શંકાને સામે રાખીને **ગાથા-૧૭૩માં** અનેક યુક્તિઓથી બતાવેલ છે કે, ભોગમાં પ્રવૃત્તિ કરવાથી ભોગની ઇચ્છા શાંત નથી પરંતુ વૃદ્ધિ પામે છે; અને વૈરાગ્ય પ્રત્યે ભોગની પ્રવૃત્તિ પ્રાયઃ કરીને કારણ બનતી નથી, પરંતુ કાંઇક વૈરાગ્ય પ્રગટ થયેલો હોય તો તેનો નાશ જ કરે છે. જ્યારે વૈરાગ્યનો ઉપાય તો સંસારના સ્વરૂપનું ચિંતવન કરીને વિષયોથી દૂર રહેવું અને સદ્આલંબન દ્વારા આત્માને તત્ત્વથી ભાવિત કરવો એ જ છે. આમ છતાં કોઇક જીવવિશેષને

આશ્રયીને ભોગોની પ્રવૃત્તિથી પણ વૈરાગ્ય થઇ શકે છે. આથી જ નિયત ભોગકર્મવાળા તીર્થંકર ભગવંતો પોતાના ભોગકર્મને જાણીને ભોગમાં પ્રવૃત્તિ કરે છે, અને ભોગ ભોગવવાથી જ વિષયો પ્રત્યે તેમને વિરક્તભાવ વધે છે, અને જ્યારે ભોગકર્મ નાશ થાય છે ત્યારે સંયમયોગમાં ઉત્થિત થાય છે તે વખતે, ગૃહસ્થ અવસ્થાના વૈરાગ્ય કરતાં વિશિષ્ટ પ્રકારનો વૈરાગ્ય તીર્થંકરોને હોય છે. આ રીતે ભોગોને ભોગવવાથી થાય છે, વૈરાગ્ય અને ભોગોના ત્યાગપૂર્વક સદ્આલંબન દ્વારા અને સંસારના સ્વરૂપના ચિંતવન દ્વારા વૈરાગ્ય થાય છે, તે બતાવીને, ગ્રંથકારશ્રીએ સ્યાદ્વાદને જ સ્થાપન કરેલ છે; તો પણ વૈરાગ્યનો ઉપાય તો વિષયોના ત્યાગપૂર્વક સંયમયોગમાં પ્રવૃત્તિ જ રાજમાર્ગરૂપ છે, અને તેનાથી જ મોટાભાગના જીવો કલ્યાણ સાધી શકે છે; જ્યારે ભોગોને ભોગવીને વૈરાગ્યની ઇચ્છાથી ભોગમાં પ્રવૃત્તિ કરે તો પ્રાયઃ કરીને જીવ દુરંત સંસારમાં ભટકે છે, માટે ભોગથી વૈરાગ્ય કે ભોગના ત્યાગથી વૈરાગ્ય એ પ્રકારનો અનેકાંત હોવા છતાં, મુખ્ય પ્રરૂપણા તો ભોગના ત્યાગથી વૈરાગ્ય છે, એ વાત અનેક યુક્તિઓ દ્વારા **ગાથા-૧૭૩માં** બતાવેલ છે.

વળી, તે વાતને જ પુષ્ટ કરવા માટે કહે છે કે, ભોગથી ભોગની ઇચ્છાનો નાશ થશે તે સંદિગ્ધ છે, અને આયુષ્ય કેટલું છે તે નિર્ણય કરવો અશક્ય છે; તેથી જો ભોગની ઇચ્છાના નાશનો અર્થી ભોગમાં પ્રવૃત્તિ કરે તો કદાચ આયુષ્ય ક્ષય થઇ જાય તો, યોગમાર્ગની પ્રવૃત્તિ સંદિગ્ધ થઇ જાય. વળી, પ્રતિક્ષણ અવિરતિપ્રત્યયિક કર્મબંધ પણ ચાલુ છે જે ભાવિમાં બલવાન અનિષ્ટનું કારણ છે, આ પ્રમાણે ભગવાનના વચનથી નિર્ણય કરીને કયો વિવેકી જીવ આત્મકલ્યાણ માટે ભોગમાં પ્રવૃત્તિ કરે ? એ પ્રકારનો ઉપદેશ **ગાથા-૧૭૪માં** બતાવેલ છે.

વળી, કોઇને શંકા થાય કે, જેમનું શરીરબળ સારું હોય તેઓ ચારિત્રમાં પ્રવૃત્તિ કરે તે ઉચિત છે, પરંતુ જેઓનું શરીર રોગથી ગ્રસ્ત છે, શરીરબળ અલ્પ છે તેવા જીવો સંસારથી ભય પામેલા હોવા છતાં ચારિત્રમાં કઇ રીતે પ્રવૃત્તિ કરી શકે ? એ પ્રકારની શંકામાં **ગાથા-૧૭૫માં** યુક્તિથી બતાવેલ છે કે, આવા જીવોએ પણ પોતાની શક્તિને ગોપવ્યા વગર શક્તિને અનુરૂપ ચારિત્રમાં યત્ન કરવો જોઇએ, જેથી તેવા જીવો પણ અવશ્ય ચારિત્રના ફળને પામે છે.

વળી, જેઓ પોતાનું બળ અલ્પ છે અને કાળ વિષમ છે એ પ્રકારે ચિંતા કરીને ચારિત્રમાં શક્તિશાળી હોવા છતાં યત્ન કરતા નથી, તેઓ આર્તધ્યાનવાળા છે; અને બાળમરણથી મૃત્યુ પામીને મનુષ્યભવને વ્યર્થ પસાર કરે છે, એ વાત **ગાથા-૧૭૬ અને ગાથા-૧૭૭માં** બતાવેલ છે.

અહીં કોઇને શંકા થાય કે, તો પણ આવા જીવો પોતાના પાપની ગર્હા કરીને પાપથી બચી શકશે. તેથી શક્તિ પ્રમાણે સમ્યગ્ યત્ન નહિ કરનારને પાપની ગર્હા પણ મિથ્યારૂપ છે, એ વાત યુક્તિથી **ગાથા-૧૭૮માં** બતાવેલ છે, અને સાથે સાથે **'मिच्छा मि दुक्कडं'** શબ્દની વિશિષ્ટ શાસ્ત્રીય વ્યુત્પત્તિ શું છે અને તેનો પારમાર્થિક અર્થ શું છે, તેનો બોધ પણ **ગાથા-૧૭૮માં** કરાવેલ છે.

વળી, જેઓ સાધુધર્મ પાળવા માટે સત્ત્વવાળા નથી તેવા જીવો સંયમ ગ્રહણ કરીને વેષમાત્ર ઉપર જીવે, તેના કરતાં શ્રાવક તરીકે જીવે તે જ શ્રેષ્ઠ છે, એ વાત યુક્તિથી **ગાથા-૧૭૯માં** બતાવેલ છે.

વળી, અંતે સંયમીને સંયમ ગ્રહણ કર્યા પછી મુખ્ય રીતે શું કરવું જોઇએ અને શું ન કરવું જોઇએ, એ વાત **ગાથા-૧૮૦માં** બતાવેલ છે. તેનાથી એ ફલિત થાય છે કે સંયમ ગ્રહણ કર્યા પછી ઉચિત ક્રિયાના અવસરે ઉચિત ક્રિયાઓ કરવી જેમ આવશ્યક છે, તેમ જ્યારે જ્યારે અવસર પ્રાપ્ત થાય ત્યારે ત્યારે પરમઉપેક્ષા જીવમાં પેદા થાય તેવો માનસયત્ન કરવો જોઇએ, કે જેથી મોક્ષને અનુકૂળ એવી પરમઉપેક્ષા પ્રાપ્ત કરીને જીવ શીઘ્ર આ સંસારથી પારને પામે.

અહીં કોઇને પ્રશ્ન થાય કે, જો મોક્ષનું અનન્ય કારણ પરમઉપેક્ષા જ હોય, તો સાધુએ પરમ ઉપેક્ષાના કારણભૂત ધ્યાનમાત્રમાં જ વ્યાપાર કરવો જોઇએ, ધર્મોપદેશાદિમાં નહિ. તેથી **ગાથા-૧૮૧માં** બતાવેલ છે કે, જેઓ અગીતાર્થ છે તેમણે તો બીજાને ઉપદેશ આપવામાં યત્ન કરવાનો નથી, પરંતુ જેઓ ગીતાર્થ છે, વળી સૂત્રની આશાતનાના ભીરુ છે અને પોતે પરમઉપેક્ષાથી અત્યંત ભાવિત મતિવાળા હોવાને કારણે તરેલા છે, તેવા કરુણાએકરસિક સાધુ બીજાને ઉપદેશ આપે તે ન્યાય્ય છે. જ્યારે બીજા સાધુએ તો મૌન લઇને આત્માને નિષ્પન્ન કરવા માટે યત્ન કરવો જોઇએ, એ પ્રકારનો ઉપદેશ **ગાથા-૧૮૧માં** આપેલ છે.

અહીં પ્રશ્ન થાય કે, તો પછી આત્માને નિષ્પન્ન કરવા માટે સર્વ અન્ય વ્યાપાર છોડીને ધ્યાનમાં યત્ન કરવો જોઇએ, અને તે માટે ધ્યાનને અનુકૂળ એવું એકાકીપણું જ શ્રેયઃકારી છે; કેમ કે ગચ્છમાં પરસ્પર સ્નેહના પ્રતિબંધો થવાનો સંભવ રહે છે, તેથી **ગાથા-૧૮૨માં** ગચ્છમાં પણ રહીને સાધુ ભાવથી એકાકી કઇ રીતે રહી શકે છે, અને ગીતાર્થ સિવાય અગીતાર્થને તો દ્રવ્યથી એકાકી રહેવાનો એકાંતે નિષેધ છે, અને ગીતાર્થને પણ કારણવિશેષને છોડીને એકાકી રહેવાનો નિષેધ છે, તે વાત યુક્તિથી **ગાથા-૧૮૨માં** બતાવેલ છે.

વળી, અંતે અધ્યાત્મઉપનિષદ્‌ના સારરૂપે **ગાથા-૧૮૩માં** બતાવ્યું કે, "વધારે કહેવાથી શું ? જે રીતે રાગ-દ્વેષ નાશ પામે એ પ્રમાણે આરાધનામાં પ્રયત્ન કરવો જોઇએ, એ જ ભગવાનની પરમઆજ્ઞા છે."

વળી, ગ્રંથની સમાપ્તિ કરતાં **ગાથા-૧૮૪માં** બતાવેલ છે કે, અનાભોગથી પ્રસ્તુત ગ્રંથમાં કોઇ સ્ખલના થયેલી હોય તો તેને ગીતાર્થો શોધન કરો, બાકી પ્રસ્તુત ગ્રંથ અનેક સુયુક્તિઓથી ભરપૂર છે.

આ વિવરણ કરવામાં છદ્મસ્થતાને કારણે અનાભોગથી ગ્રંથકારશ્રીના આશય વિરુદ્ધ કાંઇપણ લખાયું હોય તે બદલ મિચ્છા મિ દુક્કડં.....

**વિ. સં. ૨૦૫૭, ભાદરવા સુદ - ૧૧.** **પ્રવીણચંદ્ર ખીમજી મોતા.**
**બુધવાર, તા. ૨૯-૮-૨૦૦૧.**
**૩૦૨, વિમલ વિહાર, સરસ્વતી સોસાયટી,**
**પાલડી. અમદાવાદ - ૭.**

# પ્રકાશકીય

ગીતાર્થ ગંગા"નું મુખ્ય લક્ષ્ય તો આપણા ઉપકારી પૂર્વાચાર્યો જેવા કે પ.પૂ.આ.શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મ.સા., પ.પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી આદિ રચિત જૈનશાસ્ત્રોમાં પથરાયેલાં વિવિધ પરમાર્થી તત્ત્વોનાં રહસ્યોનું નય, નિક્ષેપ, વ્યવહાર, નિશ્ચય સાપેક્ષ અર્થગાંભીર્યપૂર્ણ વિશ્લેષણ કરવાનું છે, જેથી શ્રી જૈનસંઘને તે તે પદાર્થોના સર્વાંગી બોધમાં સહાયતા મળે. આ કાર્ય અત્યંત વિસ્તારવાળું અને ગહન છે. ઘણા સાધુ-સાધ્વીજી ભગવંતો આમાં સહાય કરી રહ્યાં છે, શ્રાવકો અને શ્રાવિકાઓ પણ સૌ સૌને યોગ્ય કાર્યો સંભાળી રહ્યા છે, પરંતુ કામ સમય માંગી લે તેમ છે. દરમ્યાન શ્રીસંઘમાંથી જિજ્ઞાસુ મુમુક્ષુઓ તથા શ્રાવકો-શ્રાવિકાઓ તરફથી એવી માંગ વારંવાર આવે છે કે પૂ. મુનિરાજ શ્રી મોહજિતવિજયજી મ.સા. તથા પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી મ.સા.નાં અપાયેલાં જુદા જુદા વિષયો પરનાં વ્યાખ્યાનો તથા પંડિતવર્ય શ્રી પ્રવીણભાઇ મોતાએ વિવિધ શાસ્ત્રીય વિષયો પર કરેલાં વિવેચનો છપાવીને તૈયાર કરવામાં આવે તો સકળ શ્રી સંઘને ચોક્કસ લાભદાયી નીવડે. આવી વિનંતીઓને લક્ષ્યમાં રાખીને ટ્રસ્ટે નક્કી કર્યું છે કે આવાં વ્યાખ્યાનો તથા વિવેચનોના વિષયો અંગેનાં પુસ્તકો પ્રકાશિત કરવાં અને તેને માત્ર એક સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારવી. આ કામ ગીતાર્થ ગંગાના મૂળ લક્ષથી સહેજ ફંટાય છે, બોધની વિવિધતા અને સરળતાની દૃષ્ટિએ પણ ભિન્ન પ્રકારે છે, છતાં તત્ત્વજિજ્ઞાસુ માટે હિતકારી હોવાથી ઉપર્યુક્ત વિનંતી લક્ષ્યમાં રાખીને પ્રધાન કાર્ય જ્યાં સુધી બહાર ન આવે ત્યાં સુધી કામચલાઉ ધોરણે પૂરક પ્રવૃત્તિ તરીકે સ્વીકારવામાં આવ્યું છે.

તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આવાં પુસ્તકો સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનામાં ઉપયોગી થશે તેવી આશા સહિત-


૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
પાલડી, અમદાવાદ-૭.

ટ્રસ્ટી ગણ
ગીતાર્થ ગંગા



સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.



વિસ્તૃત અનુક્રમણિકા


| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧૨૪ | સંપૂર્ણપણાથી કેવલીના કૃતકૃત્યપણાના આપાદનની પૂર્વપક્ષની યુક્તિ.<br>સંપૂર્ણપણાથી કેવલીના કૃતકૃત્યપણાના આપાદનની પૂર્વપક્ષની યુક્તિનું નિરાકરણ. | ૫૯૧ |
| | દિગંબરના મતે દેવના લક્ષણનું ઉદ્ધરણ. | ૫૯૧-૫૯૨ |
| ૧૨૫ | કેવલીમાં સંપૂર્ણ શુદ્ધિના અસ્વીકારથી પરમાત્મપણાના અભાવની દિગંબર દ્વારા આપત્તિ. | ૫૯૨-૫૯૩ |
| | કેવલીમાં પરમાત્મપણાના અભાવસાધક દિગંબરની યુક્તિનું નિરાકરણ. | ૫૯૩ |
| | બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્માનું લક્ષણ, ઉદ્ધરણ સહિત. | ૫૯૩-૫૯૪ |
| | કાયા આદિને બહિરાત્મા અને કાયામાં રહેલાને અંતરાત્મારૂપે સ્વીકારની યુક્તિ. | ૫૯૪-૫૯૫ |
| | અન્યમતે બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્માનું સ્વરૂપ.<br>બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મામાં ગુણસ્થાનકનું નિયોજન.<br>વ્યક્તિ અને શક્તિરૂપે બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્માનું સ્વરૂપ ઉદ્ધરણ સહિત. | ૫૯૫-૫૯૬ |
| | સંસારીજીવોમાં પરમાત્મભાવની અને અંતરાત્મભાવની શક્તિને તિર્યક્સામાન્યરૂપે અને ઊર્ધ્વતાસામાન્યરૂપે અસ્વીકારીને નિશ્ચયનયપ્રતીયમાનસ્વરૂપ શક્તિને સ્વીકારની યુક્તિ.<br>સામાન્યથી પર્યાયની દ્રવ્યમાં શક્તિ હોય છે અને દ્રવ્ય તિર્યક્સામાન્ય અને ઊર્ધ્વતાસામાન્યરૂપ હોય છે આમ છતાં બાહ્યાત્મામાં પરમાત્મભાવને તિર્યક્સામાન્યરૂપે કે ઊર્ધ્વતાસામાન્યરૂપે સ્વીકારમાં દોષની પ્રાપ્તિ હોવાથી શક્તિશબ્દનું વિશેષરૂપે નિયોજન. | ૫૯૬-૬૦૨ |
| | નિશ્ચયનયને પ્રતીયમાન સ્વરૂપ શક્તિના કથનનું ઉદ્ધરણ. | ૫૯૭ |
| | સરાગ સમ્યગ્દર્શનાદિને અંતરાત્મપદની પ્રવૃત્તિના નિમિત્તરૂપે સ્વીકારની યુક્તિ. | ૬૦૨ |
| | આત્મામાં સમ્યગ્દર્શનાદિ ગુણોની વિદ્યમાનતામાં યુક્તિ, આત્માના ગુણસ્વભાવત્વની સ્થાપક અષ્ટસહસ્રીકારની યુક્તિ, અને તેમાં દોષોનું ઉદ્ભાવન. | ૬૦૩-૬૦૬ |
| | અષ્ટસહસ્રીકારને અભિમત ગુણસ્વભાવત્વની સાધક યુક્તિનું નિરાકરણ.<br>અશુદ્ધ નિશ્ચયનય જીવના દોષોને ધર્મરૂપે ગ્રહણ કરે છે, શુદ્ધ નિશ્ચયનય ગુણોને ધર્મરૂપ ગ્રહણ કરે છે તેથી આત્માને ગુણસ્વભાવત્વરૂપે સ્વીકારની પૂર્વપક્ષીની યુક્તિમાં અન્યોન્યાશ્રયદોષની પ્રાપ્તિ. | ૬૦૬-૬૦૯ |
| | આત્મામાં ગુણસ્વભાવત્વની સ્થાપક નિશ્ચયનયથી સિદ્ધાંતકારની યુક્તિ.<br>આત્મામાં ગુણસ્વભાવત્વની સ્થાપક વ્યવહારનયથી સિદ્ધાંતકારની યુક્તિ.<br>અષ્ટસહસ્રીકારની આત્મામાં ગુણસ્વભાવત્વની સ્થાપક યુક્તિનું નિરાકરણ કરીને શ્વેતાંબરમતાનુસાર આત્મામાં ગુણસ્વભાવત્વની સ્થાપક યુક્તિ. | ૬૦૯-૬૧૧ |
| ૧૨૬ | કેવલીમાં સ્વભાવસિદ્ધ ક્રિયા અને કર્મોપનીત ક્રિયાનું સ્વરૂપ. | ૬૧૧ |
| | કેવલીમાં ગુણકરણને આશ્રયીને સ્વાભાવિકીક્રિયા અને યુંજનકરણને આશ્રયીને કર્મકૃતક્રિયાની સ્થાપક યુક્તિ.<br>કેવલીમાં શ્રુતકરણ, નોશ્રુતકરણ અને યુંજનકરણનું સ્વરૂપ. | ૬૧૧-૬૧૩ |
| ૧૨૭ | કેવલીને કઇ રીતે સિદ્ધત્વપ્રાપ્તિ થાય છે તેનું સ્વરૂપ. | ૬૧૪ |

| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧૨૮-૧૨૯ | સિદ્ધોને આઠકર્મના ક્ષયથી પ્રાદુર્ભાવ થતા આઠ ગુણોનું કથન. | ૬૧૪-૬૧૫ |
| | આઠ કર્મના ક્ષયથી સિદ્ધાત્માને પ્રાદુર્ભાવ થતા આઠ ગુણો ઉદ્ધરણ સહિત. | ૬૧૫ |
| | પરિભાષાને આશ્રયીને મોહના ક્ષયથી ક્ષાયિક સમ્યક્ત્વ અને ક્ષાયિક ચારિત્ર, અને નામકર્મ અને ગોત્રકર્મના ક્ષયથી અનંત જીવોની એકક્ષેત્રમાં અવગાહના સ્વીકારીને સિદ્ધાત્મામાં આઠ ગુણોનો સ્વીકાર. | ૬૧૫-૬૧૬ |
| | નામકર્મ અને ગોત્રકર્મના ક્ષયજન્ય અનંત જીવોની એક ક્ષેત્રમાં અવગાહનારૂપ ગુણના અસ્વીકારની શંકાનું નિરાકરણ. ગોત્રકર્મક્ષયજન્ય ગુણનું સ્વરૂપ. | ૬૧૬-૬૧૮ |
| ૧૩૦ | અન્યના મતે આઠ કર્મના ક્ષયથી આઠ ગુણોની પ્રાપ્તિનું કથન. | ૬૧૮ |
| | પરને અભિમત આઠ કર્મના ક્ષયથી આઠ ગુણના કથનમાં ગોત્રકર્મક્ષયજન્ય અવગાહનાગુણ અને નામકર્મક્ષયજન્ય સ્થિરતાગુણનું નિરાકરણ. સર્વસંવરનું સ્વરૂપ. | ૬૧૯-૬૨૧ |
| | નામકર્મના ક્ષયથી સ્થિરતાગુણરૂપ ચારિત્રને સ્વીકારનાર પૂર્વપક્ષના મતનું નિરાકરણ. | ૬૨૧-૬૨૨ |
| | મોહક્ષયજન્ય સુખને સ્વીકારનાર દિગંબરમતનું નિરાકરણ. અવ્યાબાધસુખનું સ્વરૂપ. | ૬૨૨-૬૨૪ |
| ૧૩૧ | સિદ્ધમાં ચારિત્રને નહિ સ્વીકારનાર સિદ્ધાંતપક્ષની યુક્તિ. | ૬૨૫ |
| | સિદ્ધાત્મામાં નોભવ્યત્વ અને નોઅભવ્યત્વ તથા નોચારિત્ર અને નોઅચારિત્રની સ્થાપક યુક્તિનું ઉદ્ધરણ. | ૬૨૫ |
| | સિદ્ધાત્મામાં નોચારિત્રી કહેવાથી નોઅચારિત્રી વચનમાં સામાન્યથી દેખાતા વિરોધનો પરિહાર. | ૬૨૫-૬૨૯ |
| ૧૩૨ | સિદ્ધાત્મામાં નોચારિત્ર સ્વીકારનાર આગમવચનમાં 'નો' શબ્દને દેશનિષેધરૂપે સ્વીકારીને ક્રિયાસ્વરૂપ ચારિત્રના અભાવની સ્થાપક સંપ્રદાયપક્ષની યુક્તિ. | ૬૨૯ |
| | સિદ્ધાત્મામાં ચારિત્ર સ્વીકારનાર દ્વારા નોચારિત્રી પદની સંગતિ. | ૬૨૯ |
| ૧૩૩-૧૪૧ | જ્ઞાનાદિની જેમ શાશ્વત આત્મપરિણામસ્વરૂપ ચારિત્રના અસ્વીકારપૂર્વક ક્રિયાસ્વરૂપ ચારિત્રની સ્થાપક સિદ્ધાંતકારની યુક્તિ, ઉદ્ધરણપૂર્વક. | ૬૩૦-૬૩૨ |
| ૧૩૩ | ચારિત્રને આત્મપરિણામરૂપે ન સ્વીકારતાં ક્રિયારૂપે જ સ્વીકારવામાં આવે તો સમ્યક્ત્વને પણ ક્રિયારૂપે જ સ્વીકારની આપત્તિ. | ૬૩૨ |
| ૧૩૪ | ચારિત્રને ઈહભવિક સ્વીકારનાર વચનથી પણ સિદ્ધમાં ચારિત્ર સ્વીકારવામાં દોષાભાવની સંપ્રદાયપક્ષની યુક્તિ. | ૬૩૩ |
| ૧૩૫ | મોક્ષમાં નિર્જરણીયકર્મ નહિ હોવાને કારણે સિદ્ધાત્મામાં ચારિત્ર નહિ માનનાર સિદ્ધાંતકારના કથનનું નિરાકરણ. | ૬૩૩ |
| ૧૩૬ | સિદ્ધાત્મામાં ચારિત્ર માનવાથી યાવજ્જીવ પ્રતિજ્ઞાભંગમાં સિદ્ધાંતકારના કથનનું નિરાકરણ. | ૬૩૩-૬૩૪ |
| ૧૩૭ | ચારિત્રને અનુષ્ઠાનરૂપે સ્વીકારીને સિદ્ધાત્મામાં ચારિત્ર નહિ સ્વીકારનાર સિદ્ધાંતપક્ષનું નિરાકરણ. | ૬૩૪ |

| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧૩૮ | ચારિત્રને અભ્યંતર તરીકે સ્વીકારીને પણ ચારિત્રના અભાવસ્થાપક સિદ્ધાંતકારની યુક્તિનું નિરાકરણ. | ૬૩૪-૬૩૫ |
| ૧૩૯ | સિદ્ધાત્મામાં ચારિત્ર સ્વીકારનારની આત્મપરિણામસ્વરૂપ ચારિત્રની સ્થાપક યુક્તિનું ઉદ્ધરણ. | ૬૩૫ |
| ૧૪૦ | ઉપયોગસ્વરૂપ ચારિત્રને સ્વીકારીને પણ સિદ્ધાત્મામાં ચારિત્રના અભાવસ્થાપક યુક્તિનું નિરાકરણ. | ૬૩૫ |
| ૧૪૧ | સિદ્ધાત્મામાં જ્ઞાન-દર્શનથી પૃથક્ શુદ્ધઉપયોગસ્વરૂપ ચારિત્ર સ્થાપક યુક્તિ. | ૬૩૫ |
| | ક્રિયાસ્વરૂપ ચારિત્રને સ્વીકારીને આત્માના શાશ્વત પરિણામસ્વરૂપ ચારિત્રના અસ્વીકારની સિદ્ધાંતપક્ષની યુક્તિનું નિરાકરણ. બાહ્યઆચાર સ્વરૂપ સમ્યક્ત્વ હોવા છતાં જીવના ગુણસ્વરૂપ સમ્યક્ત્વની જેમ સિદ્ધાત્મામાં ગુણસ્વરૂપ ચારિત્રની સ્થાપક સંપ્રદાયપક્ષની યુક્તિ. | ૬૩૬-૬૩૭ |
| | નિઃશંકિતદર્શનાચાર આદિ આઠ અને શમલિંગાદિથી અભિવ્યંગ્ય આત્મપરિણામસ્વરૂપ સમ્યક્ત્વના સ્વીકારની સિદ્ધાંતકારની યુક્તિ. સિદ્ધાત્મામાં ક્ષાયિક સમ્યક્ત્વની સ્થાપક સિદ્ધાંતકારની યુક્તિ. ઉપચારથી તત્ત્વાર્થશ્રદ્ધાનસ્વરૂપ સમ્યગ્દર્શનનું લક્ષણ. સમ્યગ્દર્શનની જેમ પ્રેક્ષા આદિ વ્યાપારથી અભિવ્યંગ્ય ચારિત્રને આત્મપરિણામરૂપે સ્વીકારીને સિદ્ધાત્મામાં ચારિત્રની સ્થાપક સંપ્રદાયપક્ષની યુક્તિ. | ૬૩૮-૬૪૦ |
| | ષડ્જીવનિકાય જ ચારિત્રનો વિષય હોવાથી ચારિત્રનો ક્રિયારૂપે જ સ્વીકાર અને જીવ-અજીવ આદિ પદાર્થ સમ્યગ્દર્શનનો વિષય હોવાથી સમ્યક્ત્વનો ક્રિયારૂપે અસ્વીકાર કરીને સિદ્ધાત્મામાં સમ્યક્ત્વની સ્થાપક અને ચારિત્રના અસ્વીકારની સિદ્ધાંતકારની યુક્તિનું નિરાકરણ. વ્યવહારનયથી ચારિત્રનું સ્વરૂપ, ચારિત્રના લક્ષણનું ઉદ્ધરણ, ભવસ્થકેવળીને ક્રિયાના ફળનો સદ્ભાવ હોવાથી ચારિત્રના કથનનું ઉદ્ધરણ. નિશ્ચયનયથી ચારિત્રનું લક્ષણ. | ૬૪૦-૬૪૩ |
| | ઇહભવિક શાસ્ત્રવચનથી સિદ્ધાત્મામાં ચારિત્રને ન સ્વીકારનાર સિદ્ધાંતકારના કથનનું નિરાકરણ. ભવાધિકારમાં મોક્ષને ભવરૂપે સ્વીકારની યુક્તિ. | ૬૪૩-૬૪૫ |
| | મોક્ષમાં નિર્જરણીયકર્મ નહિ હોવાને કારણે સિદ્ધાત્મામાં ચારિત્ર નહિ માનનાર સિદ્ધાંતકારના કથનનું નિરાકરણ. | ૬૪૭-૬૪૯ |
| | મોક્ષમાં ચારિત્રને સ્વીકારવાથી યાવજ્જીવ પ્રતિજ્ઞાભંગની આપત્તિનું પૂર્વપક્ષી દ્વારા નિરાકરણ. સામાયિકની પ્રતિજ્ઞાનું સ્વરૂપ. સામાયિકસૂત્રમાં '**जावज्जीवाए**'ને ઠેકાણે '**जाव अपरिमियाए**' એ પ્રકારના પાઠની નિહ્નવની પરિકલ્પના અને તેના અસ્વીકારની સંપ્રદાયપક્ષની યુક્તિ. | ૬૪૯-૬૫૨ |
| | '**કરેમિ ભંતે**' સૂત્રમાં '**करोमि**' એ પ્રકારની પ્રતિજ્ઞાથી પ્રાપ્ત ભાવપૂર્વકની ક્રિયાનું '**આવશ્યકનિર્યુક્તિ**'ના પાઠના અધિકારથી સ્પષ્ટીકરણ. | |

| ગાથા | વિષય | પૃષ્ઠ |
| --- | --- | --- |
| ૧૪૧ | સર્વવિરતિના સામાયિકના ઉચ્ચરણમાં **'यावज्जीवमेव'** એ પ્રકારની સાવધારણ પ્રતિજ્ઞાને સ્વીકારીને પણ સિદ્ધાત્મામાં ચારિત્રની સંગતિ સ્વીકારની યુક્તિ.<br>**કરેમિ ભંતે** સૂત્રમાં **'करोमि'** એ પ્રકારના શબ્દથી થતા અર્થનું ઉદ્ધરણ.<br>**કરેમિ ભંતે** સૂત્રમાં **'करोमि'** એ પદથી નોશ્રુતકરણને આશ્રયીને ગુણકરણ અને યુંજનકરણના અધિકારનું ઉદ્ધરણ.<br>નિશ્ચયનય વ્યવહારનયને અનુસરતો નથી પરંતુ વ્યવહારનય જ વ્યવહારને અને નિશ્ચયનયને અનુસરે છે. | ૬૫૨-૬૫૬ |
| | સંયમમાં પ્રતિજ્ઞાની ઉપયોગિતાનું સ્વરૂપ. | ૬૫૬-૬૫૯ |
| | ચારિત્રને અનુષ્ઠાનરૂપે સ્વીકારીને સિદ્ધાત્મામાં ચારિત્ર નહિ સ્વીકારનાર સિદ્ધાંતપક્ષનું નિરાકરણ. | ૬૫૯-૬૬૦ |
| | સિદ્ધાત્મામાં ચારિત્ર નહિ સ્વીકારનાર સિદ્ધાંતપક્ષની યુક્તિ.<br>અભ્યંતરક્રિયાસ્વરૂપ ચારિત્રના હેતુનું સ્વરૂપ.<br>સિદ્ધાત્મામાં ચારિત્ર નહિ માનનાર સિદ્ધાંતકારે ચારિત્રને અભ્યંતરપરિણામરૂપે સ્વીકારીને આપેલી યુક્તિનું નિરસન.<br>ચારિત્રની આચરણાસ્વરૂપ ક્રિયા શરીરનામકર્મથી ઉપનીત હોવાને કારણે ઔદયિકરૂપે અને આત્મપરિણામસ્વરૂપ ચારિત્રનો ક્ષાયોપશમિકભાવ, ઔદયિકભાવ અને ક્ષાયિકભાવરૂપે સ્વીકાર.<br>ચારિત્રની ક્રિયામાં ઔદયિકભાવપણાની સાધક યુક્તિ.<br>ક્રિયામાં દ્રવ્યચારિત્રની સ્થાપક યુક્તિ.<br>ભાવચારિત્રનું સ્વરૂપ.<br>સિદ્ધાત્મામાં ચારિત્ર સ્વીકારનારની આત્મપરિણામસ્વરૂપ ચારિત્રની સ્થાપક યુક્તિનું ઉદ્ધરણ.<br>ચારિત્રની ક્રિયામાં વર્તતો વ્યાપાર અને ભાવચારિત્રનો ભેદ.<br>ચારિત્રના સ્વરૂપનું ઉદ્ધરણ.<br>ક્રિયાસ્વરૂપ ચારિત્ર અને પરિણામસ્વરૂપ ચારિત્રના સ્વીકારની યુક્તિનું નિરાકરણ. | ૬૬૦-૬૬૪ |
| | મનોયોગ આદિના પરિણામસ્વરૂપ ચારિત્રના સ્વીકારની યુક્તિનું નિરાકરણ.<br>દ્રવ્યઆચરણાથી ચારિત્રમાં બંધહેતુતા અને પરિણામસ્વરૂપ નિર્જરાહેતુતા.<br>ભાવચારિત્રનું સ્વરૂપ. | ૬૬૪-૬૬૬ |
| | ઉપયોગસ્વરૂપ ચારિત્રને સ્વીકારીને પણ સિદ્ધાત્મામાં ચારિત્રની અભાવ સ્થાપક યુક્તિનું નિરાકરણ.<br>ક્ષાયિક ચારિત્રના અવિનાશિપણાની સ્થાપક યુક્તિ. | ૬૬૬-૬૬૮ |
| | સિદ્ધાત્મામાં જ્ઞાન-દર્શન અને ચારિત્રના કથંચિદ્ ભેદાભેદની સ્થાપક યુક્તિ.<br>સિદ્ધાત્મામાં શુદ્ધ ઉપયોગસ્વરૂપ ચારિત્ર સ્વીકારવાથી જ્ઞાનથી અપૃથક્ભાવસ્વરૂપ ચારિત્રની સિદ્ધાંતકારની આપત્તિનું નિરાકરણ.<br>સમ્યક્ત્વ અને જ્ઞાનના વિષયના અભેદમાં પણ બંનેના ભેદનું સ્વરૂપ.<br>ઉપયોગમાં અભેદ હોવા છતાં અવિશિષ્ટ જ્ઞાનથી અવિશિષ્ટ ચારિત્રની અને પ્રકૃષ્ટ ચારિત્રથી પ્રકૃષ્ટ જ્ઞાનની ઉત્પત્તિ. | |

| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧૪૧ | ઉપયોગના અભેદમાં પણ જ્ઞાન અને ચારિત્રના ભેદની સ્થાપક યુક્તિ. | ૬૬૮-૬૭૨ |
| | જ્ઞાન-દર્શન-ચારિત્રના કથંચિત્ અભેદની સ્થાપક યુક્તિનું ઉદ્ધરણ સટીક.<br>રત્નત્રયીના કથંચિત્ ભેદાભેદસ્થાપક મોક્ષના સ્વરૂપનું ઉદ્ધરણ.<br>જ્ઞાનથી દર્શન અને ચારિત્રની પૃથક્તાની સ્થાપક યુક્તિ.<br>સિદ્ધાત્મામાં ચારિત્રની સ્થાપક પૂર્વપક્ષની યુક્તિ. | ૬૭૧-૬૭૪ |
| ૧૪૨ | સિદ્ધાંતકારના મતે ચારિત્રનું સ્વરૂપ. ક્રિયાસ્વરૂપ ચારિત્રની સ્થાપક યુક્તિ, યુંજનકરણ. | ૬૭૫ |
| ૧૪૩ | ચારિત્રાચાર અને વીર્યાચારની ભેદદર્શક યુક્તિ.<br>મોહનીયકર્મ સિવાય અન્યત્ર ઉપશમનાના અભાવનું ઉદ્ધરણ.<br>એક કાર્ય પ્રતિ અનેક પ્રકારના કર્મની પરિણતિનું સ્વરૂપ.<br>ઇન્દ્રિયપર્યાપ્તિના ઉદયથી જન્ય હોવા છતાં ઇન્દ્રિયોને ક્ષાયોપશમિકભાવરૂપે<br>સ્વીકારની યુક્તિ, ઉદ્ધરણપૂર્વક. | ૬૭૬-૬૮૦ |
| | ચારિત્ર અને કષાયના સહ અવસ્થાનમાં યુક્તિ.<br>નિષ્કષાયપરિણામસ્વરૂપ ચારિત્રને માનનાર દિગંબરની પ્રક્રિયા.<br>પ્રશસ્ત આલંબન વગર પણ કષાયને વશ અન્યથા પ્રવૃત્તિ હોવા છતાં મૂળગુણમાં<br>યતનાવાળાને ચારિત્રનો નાશનો અભાવ. | ૬૮૦-૬૮૩ |
| | દિગંબરને અભિમત શુદ્ધ ઉપયોગસ્વરૂપ ચારિત્રનું નિરાકરણ.<br>મુનિજીવનમાં મૂળગુણમાં યતનાવાળાને અન્યથા પ્રવૃત્તિમાં પણ ચારિત્રની સ્થાપક યુક્તિ. | ૬૮૩ |
| | ચંડરુદ્રાચાર્ય વગેરેને કે વીરભગવાનના શાસનમાં વર્તતા વક્ર-જડ સાધુઓને નિષ્કારણ જ<br>કુટિલ આચરણા હોવા છતાં યોગસ્થૈર્યરૂપ ચારિત્રની સંગતિ સ્થાપક યુક્તિ.<br>અપ્રશસ્ત સંજ્વલન કષાયના ઉદયથી ચારિત્રમાં અતિચારના કથનનું ઉદ્ધરણ.<br>અપ્રશસ્ત સંજ્વલન કષાયના ઉદયથી ચારિત્રના નાશના અભાવમાં યુક્તિ.<br>વક્ર-જડત્વાદિને પણ યોગના સ્થૈર્યભાવને કારણે ચારિત્રની સ્થાપક યુક્તિનું ઉદ્ધરણ. | ૬૮૩-૬૮૫ |
| | ઉત્તરગુણના અતિક્રમમાં ચારિત્રના અભંગના કથનનું ઉદ્ધરણ. | ૬૮૫-૬૮૬ |
| | શુદ્ધ ઉપયોગસ્વરૂપ ચારિત્રની સ્થાપક પૂર્વપક્ષીની યુક્તિનું સિદ્ધાંતકાર દ્વારા નિરાકરણ.<br>સંયમમાં યત્નસ્વરૂપ ચારિત્રના કથનનું ઉદ્ધરણ.<br>મરુદેવામાતાને યોગસ્થૈર્યસ્વરૂપ ચારિત્રથી કેવલજ્ઞાનની પ્રાપ્તિ. | ૬૮૬-૬૮૭ |
| ૧૪૪ | સિદ્ધાંતકાર દ્વારા ઉપયોગસ્વરૂપ ચારિત્રનું નિરાકરણ. | ૬૮૭-૬૮૮ |
| | શુદ્ધ ઉપયોગસ્વરૂપ ચારિત્રના નિરાકરણમાં સિદ્ધાંતકારની યુક્તિ. | ૬૮૮-૬૯૦ |
| | કેવલીમાં બે ઉપયોગના કથનનું ઉદ્ધરણ. પર્યાપ્તસંજ્ઞીમાં બાર ઉપયોગના કથનનું ઉદ્ધરણ. | ૬૮૮ |
| | સિદ્ધાંતકારના મતે ચારિત્રનું સ્વરૂપ. | ૬૮૮-૬૯૦ |
| ૧૪૫ | શૈલેશી અવસ્થામાં યોગસ્થૈર્યસ્વરૂપ ચારિત્રની સ્થાપક સિદ્ધાંતકારની યુક્તિ.<br>સિદ્ધાત્મામાં અચારિત્રની સ્થાપક યુક્તિ. | ૬૯૦ |
| | શૈલેશી અવસ્થામાં ચારિત્રની સ્થાપક સિદ્ધાંતકારની યુક્તિ.<br>અયોગી કેવલીમાં સર્વસંવરના કથનનું ઉદ્ધરણ. | |

| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧૪૫ | નિશ્ચયનયથી શૈલેશી અવસ્થાના ચરમસમયે સર્વસંવરનું વિધાન. | ૬૯૧-૬૯૩ |
| | ચારિત્રનું સ્વરૂપ. સિદ્ધાત્મામાં વીર્યના અભાવનું ઉદ્ધરણ.<br>સિદ્ધમાં વીર્ય સામાન્ય-અભાવના કથનનું ઉદ્ધરણ.<br>સિદ્ધાંતકારના મતે સિદ્ધમાં વર્તતા ભાવો અને અભાવોનું સ્વરૂપ.<br>ક્ષાયિકદાનાદિલબ્ધિ અને ક્ષાયિકચારિત્રમાં સાદિસાંતનું વિધાન.<br>સિદ્ધાંતકારની સિદ્ધમાં લબ્ધિવીર્યના અભાવની સ્થાપક યુક્તિ. | ૬૯૩-૬૯૫ |
| | સિદ્ધાત્મામાં લબ્ધિવીર્ય સ્થાપક યુક્તિનું નિરાકરણ. | ૬૯૫-૬૯૬ |
| | સિદ્ધાત્મામાં અવિકારી ચરણલબ્ધિ-દાનાદિલબ્ધિ આદિની પૂર્વપક્ષની સ્થાપક યુક્તિનું નિરાકરણ. | ૬૯૬-૬૯૮ |
| | સિદ્ધાત્મામાં સ્વાભાવિક ચારિત્રની સ્થાપક યુક્તિનું નિરાકરણ. | ૬૯૮-૬૯૯ |
| | ક્ષાયિક ચારિત્ર-દાનાદિના વિકારી-અવિકારીપણાની સ્થાપક યુક્તિનું નિરાકરણ. | ૭૦૦ |
| ૧૪૬ | અયોગી ગુણસ્થાનકે અક્રિયાસ્વરૂપ ચારિત્રની સ્થાપક યુક્તિ ઉદ્ધરણ સહિત. | ૭૦૦-૭૦૧ |
| | અયોગી ગુણસ્થાનકે અક્રિયાસ્વરૂપ ચારિત્રની સ્થાપક યુક્તિનું સિદ્ધાંતકાર દ્વારા નિરાકરણ. | ૭૦૧ |
| | શૈલેશી અવસ્થામાં ક્રિયારૂપ ચારિત્રની સ્થાપક સિદ્ધાંતકારની યુક્તિ. | ૭૦૧-૭૦૫ |
| | અંતઃક્રિયામાં એજનાદિના વિરોધિત્વ અને અનેજનાદિના ઉપકારિત્વના કથનનું ઉદ્ધરણ. | ૭૦૧-૭૦૩ |
| | સર્વસંવરને અપ્રયત્નસ્વરૂપ સ્વીકારનાર પૂર્વપક્ષીના કથનનું સિદ્ધાંતકાર દ્વારા નિરાકરણ.<br>સર્વસંવરનું સ્વરૂપ.<br>પુરુષાર્થનું લક્ષણ. | ૭૦૩-૭૦૪ |
| ૧૪૭ | યોગનિરોધ દ્વારા શાશ્વત ચારિત્રની સંપ્રદાયપક્ષ દ્વારા સ્થાપક યુક્તિ. | ૭૦૬ |
| | યોગનિરોધ દ્વારા ચારિત્રની પ્રાપ્તિની યુક્તિ. | ૭૦૬-૭૦૭ |
| | સયોગી કેવલીમાં ક્ષાયિક રત્નત્રયી હોવા છતાં મોક્ષના વિલંબની યુક્તિ.<br>**'सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः'** સૂત્રમાં એકવચનના પ્રયોગથી અવિલંબિત કારણતાનું પ્રતિપાદન. | ૭૦૮-૭૦૯ |
| | સિદ્ધાત્મામાં ચારિત્રની પુષ્ટિ કરનાર કથનનું ઉદ્ધરણ. | ૭૦૯-૭૧૦ |
| | પ્રયત્નવિશેષસ્વરૂપ ચારિત્રની સ્થાપક સિદ્ધાંતકારની યુક્તિનું નિરાકરણ. | ૭૧૦-૭૧૧ |
| | મોક્ષઉત્પત્તિકાળમાં અવિદ્યમાન પણ ચારિત્રમાં મોક્ષકારણતાની સ્થાપક યુક્તિ.<br>સિદ્ધિગમનકાળમાં પ્રવાહી ચારિત્ર નાશકના અભાવમાં પૂર્વપક્ષની યુક્તિ. | ૭૧૧-૭૧૪ |
| ૧૪૮ | સિદ્ધાત્મામાં ચારિત્રની સ્થાપક અન્યની યુક્તિ. | ૭૧૪-૭૧૫ |
| | શુદ્ધઉપયોગસ્વરૂપ, યોગસ્થૈર્યસ્વરૂપ કે વીર્યસ્થૈર્યસ્વરૂપ ચારિત્રના સ્વીકારમાં દોષના ઉદ્ભાવનપૂર્વક સ્વભાવસમવસ્થાનસ્વરૂપ ચારિત્રની સ્થાપક યુક્તિ.<br>ભિન્ન ભિન્ન ભૂમિકામાં વર્તતા સ્વભાવસમવસ્થાનસ્વરૂપ ચારિત્રનું સ્વરૂપ. | ૭૧૫-૭૧૭ |
| | સિદ્ધાત્મામાં સ્વભાવસમવસ્થાનના અપ્રચ્યવની સ્થાપક યુક્તિ. | ૭૧૭-૭૧૮ |

| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| | સિદ્ધાત્મામાં સ્વભાવસમવસ્થાનસ્વરૂપ ચારિત્રની સ્થાપક કુંદકુંદાચાર્યની યુક્તિ.<br>સ્વભાવસમવસ્થાનનું સ્વરૂપ, ઉદ્ધરણ સહિત. | ૭૧૮-૭૧૯ |
| | છદ્મસ્થ જીવોમાં વર્તતું સ્વભાવસમવસ્થાનનું સ્વરૂપ.<br>સિદ્ધાત્મામાં વર્તતું સ્વભાવસમવસ્થાનનું સ્વરૂપ. | ૭૧૯ |
| ૧૪૯ | સિદ્ધાંતકાર દ્વારા સ્વભાવસમવસ્થાનસ્વરૂપ ચારિત્રનું નિરાકરણ.<br>ચારિત્રમાં મનોયોગ આદિની અવિરોધિતાનું વિધાન. | ૭૧૯-૭૨૦ |
| | ચારિત્રમાં મનોયોગ આદિની અવિરોધિતામાં સિદ્ધાંતકારની યુક્તિ.<br>શૈલેશીના પૂર્વવર્તી યથાખ્યાતચારિત્ર અને શૈલેશી અવસ્થામાં સર્વસંવરના ભેદનું સ્વરૂપ.<br>જ્ઞાન અને ચારિત્રના કાર્યનો ભેદ. | ૭૨૦-૭૨૨ |
| | સિદ્ધાત્મામાં ચારિત્ર માનનારની યુક્તિનું સિદ્ધાંતકાર દ્વારા નિરાકરણ.<br>વીર્યવિશેષસ્વરૂપ ચારિત્રની સ્થાપક યુક્તિ. | ૭૨૨-૭૨૩ |
| | વીર્યવિશેષસ્વરૂપ ચારિત્રવિષયક ચય-અપચયનું નિરાકરણ.<br>નામકર્મના ઉદયથી શરીરબળની પ્રાપ્તિ.<br>કેવળીને શરીરબળના અપચયના સંભવનું ઉદ્ધરણ.<br>વીર્ય પ્રત્યે મનોયોગ આદિની અહેતુતા સ્થાપક યુક્તિનું નિરાકરણ.<br>વીર્યવિશેષસ્વરૂપ ચારિત્રની સ્થાપક સિદ્ધાંતકારની યુક્તિ. | ૭૨૩-૭૨૫ |
| | કેવલી અવસ્થામાં રત્નત્રયયીની પૂર્ણતાને કારણે મોક્ષની પ્રાપ્તિના પ્રસંગનું<br>સિદ્ધાંતકાર દ્વારા નિરાકરણ.<br>ચારિત્રનું અંતઃક્રિયા દ્વારા મોક્ષસાધકતાનું ઉદ્ધરણ.<br>યથાખ્યાતચારિત્ર અને પરમયથાખ્યાતચારિત્રના સ્વરૂપભેદનું નિરૂપણ.<br>સ્વભાવસમવસ્થાન, યોગસ્થૈર્ય, વીર્યવિશેષ, આત્મપરિણામ, શુદ્ધઉપયોગ, શુભઉપયોગ<br>આદિ સ્વરૂપ ચારિત્રની ભિન્ન ભિન્ન સ્થાને કરાયેલ કથનની સાપેક્ષ રીતે સંગતિ. | ૭૨૫-૭૨૮ |
| | પૂર્વપક્ષીને અભિમત પરમસ્થૈર્યસ્વરૂપ ચારિત્રમાં ચાંચલ્યકારી એવા મનોયોગ આદિની<br>વિરોધિતાનું સિદ્ધાંતકાર દ્વારા નિરાકરણ.<br>યોગનિરોધકાળે વર્તતા સ્થૈર્યનું સ્વરૂપ.<br>મનોયોગ આદિને કારણે ઉકળતા પાણીની જેમ જીવપ્રદેશોને ચંચળતાની પ્રાપ્તિ.<br>ભાવસ્થૈર્યરૂપ ચારિત્રનું સ્વરૂપ.<br>યોગસ્થૈર્યસ્વરૂપ ચારિત્રની સ્થાપક યુક્તિ.<br>ભાવસ્થૈર્યસ્વરૂપ ચારિત્રનું કાર્ય. | ૭૨૮-૭૩૧ |
| | સિદ્ધાત્મામાં સ્વભાવસમવસ્થાન સ્વરૂપ ચારિત્ર માનનારની યુક્તિનું<br>સિદ્ધાંતકાર દ્વારા નિરાકરણ. | ૭૩૧-૭૩૨ |
| | ચારિત્રનું લક્ષણ.<br>સિદ્ધાત્મામાં સ્વભાવવિશેષસ્વરૂપ ચારિત્ર માનનારની યુક્તિનું નિરાકરણ. | ૭૩૨ |
| | ચારિત્રનું લક્ષણ.<br>દિગંબરને અભિમત આત્મમાત્રઅપેક્ષિણી ક્રિયાસ્વરૂપ ચારિત્રના સ્વીકારમાં દોષ ઉદ્ભાવન પૂર્વક | |

| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| | યોગસ્થૈર્યસ્વરૂપ તેના જ લક્ષણના અંતર્ભાવનું વિધાન. | ૭૩૨-૭૩૪ |
| ૧૫૦ | મોક્ષ પ્રત્યે ચારિત્રની નૈશ્ચયિક કારણતાના અભાવની પૂર્વપક્ષીએ આપેલી આપત્તિનું નિરાકરણ. | ૭૩૪-૭૩૫ |
| | ઋજુસૂત્રનયના અવલંબનથી પૂર્વપક્ષીએ સિદ્ધાત્મામાં કરેલ ચારિત્રની સિદ્ધિનું નિરાકરણ. | ૭૩૫-૭૩૭ |
| | મોક્ષસ્વરૂપ કાર્યના કાળ સાથે અસંબદ્ધ ચારિત્રમાં અકારણતાની સ્થાપક પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ. | ૭૩૭-૭૩૮ |
| | શુદ્ધ નિશ્ચયનયના અભિપ્રાયથી '**क्रियमाणं कृतं**' એ વચનનો સ્વીકાર.<br>નિશ્ચયનયથી ક્રિયાકાળમાં નિષ્ઠાકાળને સ્વીકારવાથી આવતા દોષનું નિરાકરણ.<br>ક્રિયાકાળ અને નિષ્ઠાકાળને એકરૂપે સ્વીકારવામાં આવતા દોષનું નિરાકરણ, ઉદ્ધરણ સહિત. | ૭૩૮-૭૪૧ |
| | નિશ્ચયનયથી અયોગીગુણસ્થાનકના ચરમસમયે મોક્ષઉત્પત્તિ અને વ્યવહારનયથી સિદ્ધિગમનના આદ્યસમયમાં મોક્ષઉત્પત્તિનો સ્વીકાર.<br>નિશ્ચયનયથી ક્ષીણમોહના ચરમ સમયે કેવલજ્ઞાનની ઉત્પત્તિનું વિધાન, ઉદ્ધરણ સહિત. | ૭૪૧-૭૪૨ |
| | '**विगच्छद् विगतम्**' એ ન્યાયથી અવિદ્યમાન એવા ચારિત્રથી મોક્ષની ઉત્પત્તિના અભાવનું પૂર્વપક્ષીના કથનનું નિરાકરણ.<br>શૈલેશીના ચરમ સમયે તૈજસશરીર તથા કાર્મણશરીરના પરિશાટનું ઉદ્ધરણ.<br>એક જ સમયમાં પહેલાના શરીરનો પરિશાટ અને પછીના દેહના સંઘાતનું ઉદ્ધરણ.<br>અવચ્છેદકના ભેદથી એક જ ચારિત્રમાં વિનાશનિષ્ઠા અને કરણનિષ્ઠાની અવિરોધિતાની સ્થાપક સિદ્ધાંતકારની યુક્તિ.<br>મોક્ષગમનકાલે ઔદયિકભાવના નાશ સાથે ક્ષાયિકભાવના નાશના કથનનું ઉદ્ધરણ. | ૭૪૨-૭૪૫ |
| ૧૫૧ | સિદ્ધાત્મામાં ચારિત્રાવરણના બંધની પૂર્વપક્ષીની શંકાનું નિરાકરણ. | ૭૪૬ |
| | સિદ્ધોમાં ચારિત્રનો અભાવ હોવા છતાં ચારિત્રમોહનીય કર્મબંધના અભાવની યુક્તિ. | ૭૪૬-૭૪૭ |
| | અચારિત્ર અને અવિરતિના ભેદનું સ્વરૂપ. અવિરતિ અને વિરતિનું લક્ષણ. | ૭૪૮-૭૪૯ |
| ૧૫૨ | જીવના લક્ષણના બળથી ચારિત્રને સિદ્ધાત્મામાં સ્વીકારનાર પૂર્વપક્ષની સ્થાપક યુક્તિનું નિરાકરણ. | ૭૫૦ |
| | જીવના લક્ષણનું ઉદ્ધરણ. | ૭૫૧ |
| | તપ-ચારિત્ર આદિમાં બહિરંગલિંગભૂતતાની સ્થાપક યુક્તિ.<br>નૈશ્ચયિક તપ અને નૈશ્ચયિક ચારિત્રનું સ્વરૂપ. | ૭૫૧-૭૫૪ |
| ૧૫૩ | નિશ્ચયનયથી જ્ઞાનમાં ચારિત્રનો અભેદ કરવા દ્વારા સિદ્ધાત્મામાં ચારિત્રની સ્થાપક પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ. | ૭૫૫ |
| | ચારિત્રનું ફળથી સ્વરૂપ.<br>નિશ્ચયનયથી ફળરૂપે જ સત્તાના સ્વીકારમાં યુક્તિ. | ૭૫૬-૭૫૭ |
| | સ્વભાવસમવસ્થાનસ્વરૂપ ચારિત્રના નિરાકરણમાં સિદ્ધાંતકારની વિશેષ યુક્તિ. | |

| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| | ઋજુસૂત્રનય, શબ્દનય, સમભિરૂઢનય અને એવંભૂતનયનો અનુપચરિત નિશ્ચયનય તરીકે સ્વીકાર. | ૭૫૯-૭૬૨ |
| ૧૫૪ | **'आया सामाइए'** એ સૂત્રના બળથી સિદ્ધાત્મામાં ચારિત્રની સ્થાપક પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ. | ૭૬૩ |
| | દ્રવ્યાર્થિકનયથી ચારિત્રનું લક્ષણ ઉદ્ધરણ પૂર્વક. દ્રવ્યાત્મા અને ચરણઆત્માના ભજનાના કથનનું ઉદ્ધરણ સટીક. | |
| | દ્રવ્યાત્મા-કષાયાત્મા આદિ આઠ પ્રકારના આત્માઓનું પરસ્પર ભજનાનું સ્વરૂપ. | ૭૬૩-૭૬૮ |
| | સિદ્ધાત્મામાં ચારિત્ર સ્થાપક પૂર્વપક્ષીની યુક્તિ. | |
| | વિવક્ષાથી વ્યાપારસ્વરૂપ ચારિત્રના કથનનું ઉદ્ધરણ. | |
| | આઠ પ્રકારના આત્માઓના અલ્પબહુત્વનું સ્વરૂપ. | |
| | **'आया सामाइए'** સૂત્ર દ્વારા સિદ્ધાત્મામાં ચારિત્રની સ્થાપક પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ. | |
| | ચરણલબ્ધિ, દાનલબ્ધિ આદિને ક્ષાયિક સાદિસાંત સ્વીકાર અને અસ્વીકાર વિષયક વિચારણા. | ૭૬૮-૭૭૦ |
| ૧૫૫ | સિદ્ધાત્મામાં આત્મસમવસ્થાનસ્વરૂપ ચારિત્રના નિરાકરણની પુષ્ટિ માટે સિદ્ધાંતકારની યુક્તિ. | ૭૭૩ |
| | સિદ્ધાત્મામાં ક્ષાયિક જ્ઞાન અને ક્ષાયિક દર્શનનો સ્વીકાર હોવા છતાં ક્ષાયિક ચારિત્રનો અસ્વીકાર હોવાથી સિદ્ધાત્મામાં અચારિત્રની સ્થાપક સિદ્ધાંતકારની યુક્તિ. | |
| | નિર્જરાને અનુકૂળ વીર્યવિશેષસ્વરૂપ ચારિત્રની સ્થાપક યુક્તિ ઉદ્ધરણ સહિત. | ૭૭૩-૭૭૫ |
| | મોક્ષમાં ચારિત્રની નિષ્પ્રયોજકતાની સ્થાપક યુક્તિ. | |
| | સિદ્ધાત્મામાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય સ્થાપક યુક્તિ. | |
| | સમ્યક્ત્વજાતીય ચારિત્રના સ્વીકારના બળથી સિદ્ધાત્મામાં ચારિત્ર સ્વીકારનાર પૂર્વપક્ષીના કથનનું સિદ્ધાંતકાર દ્વારા યુક્તિથી નિરાકરણ. | |
| | સમ્યક્ત્વ અને ચારિત્રનું લક્ષણ. | ૭૭૫-૭૭૯ |
| | સમ્યક્ત્વ અને ચારિત્રની પ્રતિજ્ઞાને વિલક્ષણતાનું સ્પષ્ટીકરણ. | ૭૭૭-૭૭૮ |
| | સિદ્ધાત્મામાં ચારિત્રના નાશમાં સિદ્ધાંતકારની યુક્તિ. | |
| | તાત્ત્વિક ચારિત્રનું સ્વરૂપ. | |
| | સર્વવિરતિ અને દેશવિરતિના ભિન્ન જઘન્ય કાલમાનની સ્થાપક યુક્તિ. | |
| | ચારિત્રની પ્રતિજ્ઞામાં પ્રતિજ્ઞાને **'यावज्जीवमेव'** એ પ્રકારે સાવધારણ સ્વીકારનું તાત્પર્ય. | ૭૭૯-૭૮૨ |
| ૧૫૬ | સિદ્ધાંતકાર દ્વારા સિદ્ધાત્મામાં ચારિત્રની અભાવ સ્થાપક યુક્તિઓનો ઉપસંહાર. | ૭૮૨ |
| ૧૫૭ | અન્ય આચાર્યોના મતે સિદ્ધાત્મામાં ચારિત્રનો સ્વીકાર. | ૭૮૩ |
| | સિદ્ધાત્મામાં ચારિત્રના અસ્વીકારના સર્વ યુક્તિઓની ભાષ્યકારના વચનમાં વિશ્રાંતિ. | |
| | સિદ્ધાંતકારની ચારિત્રવિષયક સર્વ યુક્તિઓના સ્થાનભૂત વિશેષાવશ્યકભાષ્યના કથનનું ઉદ્ધરણ. | |
| | સિદ્ધાત્માને ક્ષાયિકભાવના નાશના અસ્વીકારની પૂ. મલયગિરિ મહારાજની યુક્તિ અને ચારિત્રના સ્વીકારની યુક્તિ. | |
| | સંપ્રદાયપક્ષ દ્વારા સિદ્ધાત્મામાં ચારિત્રનો સ્વીકાર. | ૭૮૩-૭૮૪ |

| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧૫૭ | ચારિત્રની પ્રતિજ્ઞા પૂરી થવા છતાં સિદ્ધાત્મામાં ચારિત્રના સંભવની સંપ્રદાયપક્ષની યુક્તિ.<br>સમ્યક્ત્વ તથા ચારિત્રની પ્રતિજ્ઞાનું સ્વરૂપ. | ૭૮૪-૭૮૬ |
| | સિદ્ધાત્મામાં ચારિત્ર સ્વીકારનાર સંપ્રદાયપક્ષની સ્થાપક યુક્તિઓ.<br>અનુત્તરવાસી દેવોમાં વર્તતા ઉપશાંતમોહનું સ્વરૂપ.<br>અનુત્તરવાસી દેવોને ચારિત્રનો ઉદય હોવા છતાં અપ્રવિચારમાત્રથી ઉપશાંતમોહરૂપે સ્વીકાર. | ૭૮૬-૭૮૯ |
| | સિદ્ધાત્મામાં અધ્યવસાય કે વીર્યવિશેષસ્વરૂપ ચારિત્રની સ્થાપક સંપ્રદાયપક્ષની યુક્તિ.<br>સિદ્ધાત્મામાં પરિણામવિશેષસ્વરૂપ ચારિત્રની સ્થાપક યુક્તિ.<br>પ્રયત્નજન્યનો જ પુરુષાર્થરૂપે સ્વીકાર હોવાને કારણે ક્રિયાસ્વરૂપ ચારિત્રને ગ્રહણ કરીને જ મોક્ષનો પુરુષાર્થરૂપે સ્વીકાર. | ૭૮૯-૭૯૧ |
| ૧૫૮ | સિદ્ધાત્માની સ્વભાવક્રિયાનું સ્વરૂપ. | ૭૯૧ |
| | સિદ્ધાત્મામાં અંતરંગ સ્ફુરણ થતાં છ કારકોનું સ્વરૂપ. | ૭૯૧-૭૯૬ |
| | એક જ આત્માસ્વરૂપ વસ્તુમાં છ કારકોની અસંગતિનું શાસ્ત્ર-યુક્તિ વચનથી નિરાકરણ.<br>આત્મામાં અંતરંગ પ્રવર્તતા છ કારકોની યુક્તિનું ઉદ્ધરણ.<br>સિદ્ધાત્મામાં સર્વાત્મસ્વભાવ સિદ્ધક્રિયાની સ્થાપક યુક્તિ. પરમઅધ્યાત્મનું સ્વરૂપ. | ૭૯૬-૭૯૮ |
| ૧૫૯ | સિદ્ધાત્માના પ્રકારો. | ૭૯૯ |
| | સિદ્ધાત્માના પ્રકારોનું સટીક ઉદ્ધરણ.<br>સુવિધિનાથ આદિ ભગવાનના અંતરાલમાં અતીર્થસિદ્ધની પ્રાપ્તિ.<br>ત્રણ પ્રકારે સ્ત્રીલિંગનું સ્વરૂપ.<br>દિગંબરના મતે ગૃહસ્થને અને સ્ત્રીને કેવલજ્ઞાનની અપ્રાપ્તિ. | ૭૯૯-૮૦૨ |
| ૧૬૦-૧૬૧ | સ્ત્રીલિંગસિદ્ધ સ્વીકારના શાસ્ત્રવચનની દિગંબર મતાનુસાર સંગતિનું સ્વરૂપ.<br>દિગંબર મતાનુસારે સ્ત્રીલિંગે મોક્ષના અભાવની સ્થાપક યુક્તિ. | ૮૦૨ |
| | **'इत्थीलिङ्गसिद्धा'** શબ્દનો નંદીઅધ્યયન-ચૂર્ણિ-ઉક્ત અર્થનું ઉદ્ધરણ.<br>**'इत्थीलिङ्गसिद्धाः'** સૂત્રનો દિગંબર મતાનુસારે અર્થ અને તેને પુષ્ટ કરનાર યુક્તિઓ.<br>સ્ત્રીલિંગાદિ ત્રણથી એક સાથે મોક્ષે જનારાઓની સંખ્યાનું ઉદ્ધરણ.<br>સ્ત્રીભવકૃત બહુલતાએ પ્રાપ્ત દોષોનું સ્વરૂપ. | ૮૦૨-૮૦૪ |
| ૧૬૨ | **'इत्थीलिङ्गसिद्धा'** સૂત્રના દિગંબરે કરેલ અર્થનું વ્યાકરણની મર્યાદાથી નિરાકરણ. | ૮૦૪ |
| | **'थीलिङ्गसिद्धा'** સૂત્ર વિપરીત વ્યાખ્યાન કરીને સ્ત્રીઓને મુક્તિના અસ્વીકારની દિગંબરની યુક્તિઓનું નિરાકરણ. | ૮૦૪-૮૦૬ |
| | **'इत्थीलिङ्गसिद्धा'** સૂત્રના દિગંબરે કરેલ અર્થનું વ્યાકરણની મર્યાદાથી નિરાકરણ. | ૮૦૭-૮૦૯ |
| | દિગંબરને અભિમત સ્ત્રીમાં ચારિત્રના વિરહના કથનનું નિરાકરણ. | ૮૧૦ |
| | નારદ આદિમાં માયાના પ્રકર્ષનું વિધાન. | ૮૧૧ |
| | અશક્યપરિહારવાળી વિરાધનામાં હિંસાના અયોગની સ્થાપક યુક્તિ. | ૮૧૧-૮૧૨ |
| | સ્ત્રીને સાધ્વીરૂપે અસ્વીકારી દિગંબરમતે ચતુર્વિધસંઘને કહેનારા તેમના શાસ્ત્રવચનની સાથે વિરોધની પ્રાપ્તિ. | ૮૧૨-૮૧૩ |

| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| | સ્ત્રીમાં રત્નત્રયીના પ્રકર્ષના અસંભવની દિગંબરની યુક્તિનું નિરાકરણ. | ૮૧૩-૮૧૪ |
| ૧૬૪ | દિગંબરને અભિમત સ્ત્રીને મોક્ષ-અપ્રાપ્તિના કારણભૂત હીનત્વહેતુનું નિરાકરણ. | |
| | સ્ત્રીના હીનત્વનું સ્વરૂપ. | ૮૧૪ |
| | જ્ઞાન અપેક્ષાએ સ્ત્રીના હીનત્વમાં મોક્ષપ્રાપ્તિને અપ્રતિકૂળતાની સ્થાપક યુક્તિ. | |
| | અગીતાર્થના જ્ઞાનનું સ્વરૂપ. | |
| | અગીતાર્થમાં પણ ગીતાર્થ-પારતંત્ર્યસ્વરૂપ જ્ઞાનના કથનનું ઉદ્ધરણ. | ૮૧૫-૮૧૬ |
| | લબ્ધિની અપેક્ષાએ સ્ત્રીના હીનત્વમાં મોક્ષપ્રાપ્તિને અપ્રતિકૂળપણાની સ્થાપક યુક્તિ. | |
| | લબ્ધિઓનું સંયમવિશેષ અહેતુકત્વના કથનનું ઉદ્ધરણ. | |
| | ચક્રવર્ત્યાદિભાવો લબ્ધિરૂપે હોવાનું વિધાન. | |
| | યોગજન્ય લબ્ધિઓનું ઉદ્ધરણ. | ૮૧૬-૮૧૭ |
| | સ્ત્રીઓમાં આમર્ષલબ્ધિ આદિ લબ્ધિઓના સંભવનું વિધાન. | |
| | કેવલીઓને ક્ષાયોપશમિક સર્વ લબ્ધિઓના સ્વીકારનું નિરાકરણ ઉદ્ધરણપૂર્વક. | ૮૧૮-૮૧૯ |
| | ઋદ્ધિની અપેક્ષાએ સ્ત્રીના હીનપણામાં મોક્ષપ્રાપ્તિને અપ્રતિકૂળપણાની સ્થાપક યુક્તિ. | ૮૧૯-૮૨૦ |
| | સ્ત્રીના અતીર્થંકરપણામાં પૂર્વપક્ષની યુક્તિનું નિરાકરણ. | |
| | સ્ત્રીશરીરની પ્રાપ્તિના કારણનું સ્વરૂપ. | |
| | સ્ત્રીતીર્થંકરના અચ્છેરાનું સ્વરૂપ. | ૮૨૦-૮૨૧ |
| | બળની અપેક્ષાએ સ્ત્રીના હીનપણામાં મોક્ષપ્રાપ્તિને અપ્રતિકૂળપણાની સ્થાપક યુક્તિ. | |
| | ચારિત્રનું સ્વરૂપ. | |
| | વિશિષ્ટ સામર્થ્યના અભાવમાં પણ સિદ્ધિની પ્રાપ્તિનું ઉદ્ધરણ. | |
| | બાહ્ય વિકલતામાં પણ યતનાથી સંયમની પૂર્ણતાનું ઉદ્ધરણ. | ૮૨૨-૮૨૩ |
| | દિગંબરને અભિમત સ્ત્રીઓમાં હીનબલત્વના કથનનું નિરાકરણ. | |
| | સ્ત્રીઓમાં અંતિમ બે પ્રાયશ્ચિત્તના અભાવનું વિધાન. | |
| | યોગ્યતા અનુસાર વિચિત્ર શુદ્ધિના કથનનું ઉદ્ધરણ. | ૮૨૪-૮૨૫ |
| | સ્ત્રીના મોક્ષઅભાવમાં પ્રભાચંદ્ર વડે કરાયેલ અનુમાનનું યુક્તિથી નિરાકરણ. | ૮૨૫-૮૨૯ |
| ૧૬૫ | દિગંબરને અભિમત સ્ત્રીને મોક્ષ-અપ્રાપ્તિના કારણભૂત પાપપ્રકૃતિ બહુલત્વહેતુનું નિરાકરણ. | ૮૩૦ |
| | સ્ત્રીત્વ મિથ્યાત્વકૃત હોવાના કારણે સ્ત્રીને મોક્ષની અપ્રાપ્તિના કથના નિરાકરણનું ઉદ્ધરણ. | ૮૩૦ |
| | સ્ત્રીઓને કામનો અતિશય હોવાથી મોક્ષના અસંભવની દિગંબરની યુક્તિનું નિરાકરણ. | ૮૩૧ |
| | નપુંસકવેદના બંધકાળમાં અનંતાનુબંધી આદિ કષાયોને નિકાચનાકરણની પ્રાપ્તિ. | ૮૩૩ |
| ૧૬૬ | દિગંબરને અભિમત સ્ત્રીને મોક્ષ-અપ્રાપ્તિના કારણભૂત મનના પ્રકર્ષનો અભાવ એ હેતુનું તથા સંહનનવિરહ એ હેતુનું નિરાકરણ. | ૮૩૩ |
| | સ્ત્રીઓમાં જ્ઞાનાદિ પરમપ્રકર્ષના અભાવ સાધક દિગંબરે કરેલ અનુમાનનું નિરાકરણ. | ૮૩૬-૮૪૦ |
| | અનુમાન દ્વારા સ્ત્રીને મોક્ષપ્રાપ્તિની સિદ્ધિ, સ્ત્રીને પ્રવ્રજ્યાઅધિકારિત્વના કથનનું ઉદ્ધરણ. | ૮૪૩ |
| | સ્ત્રીના પ્રવ્રજ્યાના અધિકારને પરંપરાએ મોક્ષના કારણરૂપે સ્થાપીને સ્ત્રીને મોક્ષના | |

| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| | અભાવની સ્થાપક દિગંબરની યુક્તિનું નિરાકરણ.<br>પરંપરાએ મોક્ષનો હેતુ દેશવિરતિ અને સર્વવિરતિની વિલક્ષણતાનું સ્વરૂપ. | ૮૪૩-૮૪૫ |
| ૧૬૭-૧૬૮ | સ્ત્રીને મુક્તિઅભાવસાધક દિગંબરની યુક્તિઓ. | ૮૪૬-૮૪૭ |
| | સ્ત્રીને વેદમોહનીયની પ્રબળતાનું વિધાન.<br>સ્ત્રીમાં જિનકલ્પીના અભાવનું ઉદ્ધરણ. | ૮૪૭-૮૪૮ |
| | મોક્ષાર્થીની પણ સામાન્યથી ચારિત્રજન્ય નિર્જરા-અર્થીપણાવડે કરીને ચારિત્રમાં પ્રવૃત્તિ અને ચારિત્રની તદ્ભવમાં મોક્ષનો અનિર્ણય. | ૮૪૮-૮૪૯ |
| | ક્રિયાના પ્રાબલ્યથી જ ભાવપ્રાબલ્યના સંભવની દિગંબરની યુક્તિ. | ૮૪૯-૮૫૦ |
| | સ્ત્રીવેદને પાપરૂપે સ્થાપીને સ્ત્રીશરીરના પાપરૂપે અસ્વીકારની યુક્તિનું દિગંબર દ્વારા નિરાકરણ. | ૮૫૧-૮૫૩ |
| ૧૬૯ | સ્ત્રીઓને જિનકલ્પાદિ કઠોર ચારિત્ર નહિ હોવા છતાં વિચિત્ર કર્મક્ષય થવાને કારણે કેવલજ્ઞાનના સંભવની યુક્તિ.<br>ભગવાનને સ્ત્રીપણું પ્રાયઃ નહિ હોવો કારણે પાપપ્રકૃતિસ્થાપક દિગંબરની યુક્તિનું નિરાકરણ. | ૮૫૩ |
| | સ્ત્રીઓને પુરુષની અપેક્ષાએ પ્રબળ કર્મસ્થાપક દિગંબરની યુક્તિનું નિરાકરણ.<br>પુરુષવેદની અપેક્ષાએ સ્ત્રીવેદનું પ્રબળપણું હોવા છતાં પુરુષોમાં પણ સ્ત્રીવેદનો ઉદય, સ્ત્રીવેદના નિરંતર ઉદયનો અભાવ. | ૮૫૩-૮૫૪ |
| | **'तुष्यतु दुर्जनः'** ન્યાય સંબદ્ધ.<br>ચારિત્રમાં યત્ન કરનારાઓને પણ પરિણામના વૈચિત્ર્યથી નિર્જરાના વૈચિત્ર્યની પ્રાપ્તિ. | ૮૫૪ |
| | ચારિત્રવૃદ્ધિનું સ્વરૂપ.<br>સ્ત્રીમાં રત્નત્રયીની વૃદ્ધિના કથનનું ઉદ્ધરણ. | ૮૫૫-૮૫૬ |
| | કષાયહાનિની સામગ્રીથી નોકષાયહાનિની સુલભતા.<br>સંયતને માનસ વિકારવશથી અતિચારમાત્રના સંભવની યુક્તિ.<br>માનસિક પાપનો માનસ પશ્ચાત્તાપ આદિથી વિનાશ. | ૮૫૬-૮૫૭ |
| | સ્ત્રીપણાને પાપરૂપે સ્થાપીને કેવલજ્ઞાનની અસિદ્ધિસ્થાપક દિગંબરની યુક્તિનું નિરાકરણ.<br>પુણ્ય-પાપ પ્રકૃતિના વિભાગમાં પરિભાષા જ કારણ.<br>સ્ત્રીપણાને પાપપ્રકૃતિરૂપે અસ્વીકારની યુક્તિ. | ૮૫૮-૮૬૦ |
| | અશુચિવાળા સ્ત્રીશરીરમાં પરમઔદારિકશરીરના અસંભવની દિગંબરની યુક્તિનું નિરાકરણ. | ૮૬૦ |
| ૧૭૦ | સ્ત્રીને મુક્તિઅભાવસાધક દિગંબરની યુક્તિઓના નિરાકરણનો ઉપસંહાર. | ૮૬૧ |
| ૧૭૧ | સંયમયોગમાં કરાતા યત્નનો અધ્યાત્મના રહસ્યરૂપે સ્વીકાર. | ૮૬૧ |
| | અધ્યાત્મપરીક્ષાના વર્ણનના રહસ્યરૂપે સંયમયોગમાં વ્યાપારને સ્વીકારની યુક્તિ, ઉદ્ધરણ પૂર્વક. | ૮૬૨-૮૬૩ |
| | અધ્યાત્મમતપરીક્ષા વાદ ગ્રંથ હોવા છતાં વિરતિનો તેના મુખ્ય ફળરૂપ સ્વીકાર.<br>બાહ્ય આચરણાની શુદ્ધિથી જ પોતાનામાં અધ્યાત્મની શુદ્ધિનો નિર્ણય.<br>બાહ્ય વ્યાપારથી જ અભ્યંતર વિશુદ્ધિના કથનનું ઉદ્ધરણ. | |

| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧૭૧ | ભગવાનની પરા આજ્ઞાનું સ્વરૂપ.<br>તપ-સંયમમાં જ સર્વ અનુષ્ઠાનોના ફળનું વિધાન ઉદ્ધરણ સહિત.<br>અધ્યાત્મનો સાર. | ૮૬૩-૮૬૬ |
| | ઉપદેશના શ્રવણથી હળુકર્મી જીવોને ચારિત્રમોહનીયના ક્ષયની પ્રાપ્તિ.<br>અનિકાચિત કર્મના ક્ષયનો ઉપાય.<br>સમ્યગ્ ઉપદેશથી પણ ધર્મમાં નહિ પ્રવર્તનારાઓમાં નિકાચિત કર્મના ઉદયનું ઉદ્ધરણ. | ૮૬૬-૮૬૮ |
| ૧૭૨ | સ્વમાં દીર્ઘસંસારિત્વ કે અભવ્યત્વની શંકા થવાને કારણે બહુ આયાસ સાધ્ય ચારિત્રમાં અપ્રવૃત્તિ. | ૮૬૮ |
| | દીર્ઘસંસારિત્વ અને અભવ્યત્વની શંકાથી સંયમમાં યત્નના વિઘટનનું નિરાકરણ. | ૮૬૮ |
| | આસનસિદ્ધિક જીવનું લક્ષણ ઉદ્ધરણપૂર્વક. સંયમની પ્રવૃત્તિથી જ દીર્ઘસંસારિત્વ અને અભવ્યત્વની શંકાનું નિવર્તન. | ૮૬૯-૮૭૦ |
| | વૈરાગ્યનું સ્વરૂપ. દીર્ઘસંસારિત્વ અને અભવ્યત્વની શંકાની નિવૃત્તિનો ઉપાય.<br>ભવ્ય-અભવ્યત્વની શંકાથી જ ભવ્યત્વનો નિર્ણય.<br>ભવ્યને જ ભવ્યત્વની શંકાના કથનનું ઉદ્ધરણ. | ૮૭૦-૮૭૧ |
| | ભવ્ય-અભવ્યત્વની શંકાને ભવ્યત્વના વ્યાપ્યરૂપે સ્વીકારતા પૂર્વપક્ષીએ કરેલ શંકાનું નિરાકરણ.<br>કેટલાક જીવોને મોક્ષગમન અયોગ્ય સ્વીકારવાથી પોતે પણ મોક્ષગમન અયોગ્ય હશે એ પ્રકારની શંકાથી સંયમમાં પ્રવૃત્તિના અભાવના સ્વીકારની ઉદયનાચાર્યની યુક્તિનું નિરાકરણ. | ૮૭૨-૮૭૫ |
| | ઉદયનાચાર્ય દ્વારા બ્રહ્મચર્યાદિ સંયમની આચરણાઓનો દુઃખના અનુભવરૂપે સ્વીકાર. | ૮૭૫ |
| | અભવ્યત્વશંકાની નિવૃત્તિથી સામાન્ય રીતે ધર્મમાં પ્રવૃત્તિ અને દીર્ઘસંસારિત્વની શંકાની નિવૃત્તિથી અત્યંત ધર્મમાં પ્રવૃત્તિ. | ૮૭૫ |
| ૧૭૩ | પૂર્વપક્ષના મતે ભોગેચ્છાના વિચ્છેદનો ઉપાય. | ૮૭૬ |
| | પૂર્વપક્ષને અભિમત ઇચ્છાવિચ્છેદના ઉપાયનું નિરાકરણ. | ૮૭૬ |
| | કામભોગથી કામશમનના અસંભવની સ્થાપક યુક્તિ. | ૮૭૬-૮૭૮ |
| | ભોગ દ્વારા સિદ્ધત્વજ્ઞાનથી ભોગની સામાન્ય ઇચ્છાનાં વિચ્છેદની સ્થાપક પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ. | ૮૭૮-૯૦૧ |
| | ભોગથી ભોગેચ્છાની નિવૃત્તિ અને ભોગના ત્યાગથી ભોગેચ્છાની નિવૃત્તિના પરમાર્થનું સ્વરૂપ. | ૯૦૧-૯૦૩ |
| ૧૭૪ | ભોગવિષયક વિવેકીની સમ્યગ્ વિચારણાનું સ્વરૂપ.<br>જિનવચનના સમ્યગ્ બોધનું સ્વરૂપ. | ૯૦૩ |
| | કલ્યાણના અર્થી જીવને સમ્યગ્ ઉપદેશ. | ૯૦૩ |
| | ચંચળ જીવિતના કાળનિર્ણયની અભાવ સાધક યુક્તિ. | ૯૦૩-૯૦૪ |
| | સંસારભીરુતાનું સ્વરૂપ.<br>ધર્મના અધિકારીનું માનસ.<br>કલ્યાણના અર્થીને સમ્યગ્ ઉપદેશના સ્વરૂપનું ઉદ્ધરણ. | ૯૦૪-૯૦૬ |

| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧૭૫ | દૃઢ શરીર વગરનાને યોગમાર્ગમાં અનધિકારિતાની શંકા. | |
| | સંયમના અધિકારીનું સ્વરૂપ. | |
| | યોગમાર્ગનું સ્વરૂપ. | ૯૦૬ |
| | દૃઢ શરીર વગરનાને યોગમાર્ગમાં અનધિકારિતાની શંકાનું નિરાકરણ. | |
| | અલ્પ શરીર બળવાળાને પણ સંયમયોગમાં પ્રવર્તવાનો ઉપાય. | ૯૦૬ |
| | અલ્પ શરીરબળવાળા માટે ઉચિત સંયમનો ઉપદેશ. | |
| | ભાવચારિત્રનું સ્વરૂપ. | |
| | અલ્પ શરીરબળવાળાને પણ અપ્રમાદથી સંયમના કથનનું ઉદ્ધરણ. | |
| | અલ્પ શરીરબળવાળાને અપ્રમાદથી ત્રિકરણશુદ્ધિનું સ્વરૂપ. | |
| | અલ્પ શરીરબળવાળાને ઉચિત ઉપદેશનું ઉદ્ધરણ. | ૯૦૭-૯૦૮ |
| | ધૃતિબળવાળાને પણ કઠોર ચર્યામાં અપ્રવૃત્તિના કારણનું વિધાન. | |
| | વ્રત-અર્જન-ક્ષમ મનોયોગ આદિની હાનિમાં સંયમીને ચિકિત્સાના કથનનું ઉદ્ધરણ. | ૯૦૮-૯૦૯ |
| | તપમાં દુઃખાનુબંધિત્વની શંકાનું નિરાકરણ. | |
| | તપનું સ્વરૂપ. | |
| | દ્વેષજનક જ્ઞાનનું સ્વરૂપ. | |
| | વિવેકીને અપ્રવૃત્તિભૂત તપનું સ્વરૂપ. | |
| | સમ્યગ્ તપ અને તપનાં ફળના સ્વરૂપનું ઉદ્ધરણ. | ૯૦૯-૯૧૧ |
| ૧૭૬-૧૭૭ | સંયમવિષયક શારીરિક શક્તિ અને કાળના વિચારથી આળસ કરનારા પ્રત્યે ઉપદેશ. | ૯૧૧-૯૧૨ |
| | કેવળ પ્રાર્થનાથી સંયમના ફળની અપ્રાપ્તિમાં દૃષ્ટાંત દ્વારા ભાવન. | ૯૧૨ |
| | ઉપેયની ઇચ્છા આદિના ક્રમથી ઉપેય પ્રાપ્તિનું સ્વરૂપ. | ૯૧૨ |
| | ભગવાનની પ્રાર્થનાથી જ ઇષ્ટ સિદ્ધિની શંકાનું નિરાકરણ. | |
| | નિશ્ચયનયથી ભગવાનમાં બોધિ આદિની અદાયકતાનું ઉદ્ધરણ. | ૯૧૩ |
| | સંયમમાં યત્ન કરનારને બોધિ આદિની પ્રાર્થનામાં અકિંચિત્કરતાની શંકાનું નિરાકરણ. | |
| | સંયમમાં અનુદ્યમશીલની ભગવાનની પ્રાર્થનામાં મૃષાવાદ. | |
| | સંયમમાં અયત્નશીલની પ્રાર્થનાની નિરર્થકતાનું ઉદ્ધરણ. | ૯૧૩-૯૧૬ |
| ૧૭૮ | ભગવાનની પાસે સંયમની પ્રાર્થના કરનારને દુષ્કૃતગર્હાથી પાપની નિવૃત્તિમાં શંકાનું નિરાકરણ. | ૯૧૬-૯૧૭ |
| | સમ્યગ્ દુષ્કૃતગર્હાનું સ્વરૂપ ઉદ્ધરણ સહિત. | |
| | ઉત્સર્ગથી પ્રતિક્રમણનું સ્વરૂપ ઉદ્ધરણ સહિત. | ૯૧૭-૯૧૮ |
| | ઉત્સર્ગથી દેશવિરતિમાં પ્રતિક્રમણની સંગતિ. | |
| | અસમ્યગ્ ગર્હાનું સ્વરૂપ ઉદ્ધરણ સહિત. | |
| | સફળ મિથ્યાદુષ્કૃતદાનનું સ્વરૂપ ઉદ્ધરણ સહિત. | ૯૧૮-૯૨૦ |
| | ફરી પાપ સેવનારને પણ અતીત પાપની ગર્હાને સફળ માનનાર યુક્તિનું નિરાકરણ. | |
| | 'મિચ્છા મિ દુક્કડં' શબ્દના પ્રત્યેક શબ્દનો શાસ્ત્રમર્યાદાથી વિશિષ્ટ ભાવાર્થ ઉદ્ધરણ પૂર્વક. | |

| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧૭૮ | 'મિચ્છા મિ દુક્કડં' શબ્દાર્થના અવ્યુત્પન્નના પ્રતિક્રમણની સફળતાનું સ્વરૂપ. | ૯૨૦-૯૨૨ |
| | 'મિચ્છા મિ દુક્કડં' શબ્દના પ્રત્યેક અક્ષરના સ્વતંત્ર અર્થની સૈદ્ધાંતિક સ્થાપક યુક્તિ. | ૯૨૨-૯૨૮ |
| | સમ્યગ્ ગર્હા અને અસમ્યગ્ ગર્હાનું સ્વરૂપ. | |
| | અસમ્યગ્ ગર્હામાં મિથ્યાત્વના કથનનું ઉદ્ધરણ. | |
| | સર્વવિરતિની પ્રતિજ્ઞાના ભંગમાં સર્વથા વિરતિના અભાવનું ઉદ્ધરણ. | ૯૨૮-૯૨૯ |
| | સંયમીને શ્રાવક ઉચિત કર્તવ્યમાં શ્રાવક ધર્મના પ્રવેશનું દિગંબરના કથનનું નિરાકરણ. | ૯૨૯-૯૩૨ |
| | પ્રતિજ્ઞાભંગમાં ઉભય વિરતિનો ભ્રંશ, મિથ્યાત્વની વૃદ્ધિ, મૃષાભાષણ, મહાપાપીયત્વની આપત્તિ. | |
| | સંયમીને મૃષાભાષણમાં મહાપાપીયત્વનું ઉદ્ધરણ. | |
| | વ્રતભંગમાં યાવત્ અનંત-સંસારની વૃદ્ધિ ઉદ્ધરણ સહિત. | ૯૩૨-૯૩૩ |
| ૧૭૯ | યથાંતથા સંયમની આચરણા કરવા કરતાં સુશ્રાવકત્વમાં શ્રેયકારિતા. | ૯૩૩-૯૩૪ |
| | સંયમનું સ્વરૂપ. | |
| | સંયમપાલનમાં અસમર્થને વેષના ત્યાગપૂર્વક શ્રાવકધર્મના સ્વીકારનું વિધાન ઉદ્ધરણ પૂર્વક. | ૯૩૪ |
| | વ્રતભંગમાં અન્ય સર્વ ધર્માચારણની વ્યર્થતા ઉદ્ધરણ સહિત. | ૯૩૪-૯૩૫ |
| | વ્રતભંગમાં તપથી પણ શુદ્ધિનો અભાવ ઉદ્ધરણ સહિત. | ૯૩૫-૯૩૬ |
| | મૂળગુણમાં અસ્ખલિત સંયમપર્યાયની પરગણનાનું કથન ઉદ્ધરણ સહિત. | ૯૩૬-૯૩૭ |
| | વ્રતભંગની ઉપસ્થિતિ હોતે છતે સમ્યગ્ યત્નના અભાવથી મિથ્યાત્વની વૃદ્ધિ ઉદ્ધરણ સહિત. | ૯૩૭ |
| | સંયમ ગ્રહણ કરનારને અનુકૂળ ઉપદેશ. | ૯૩૭-૯૩૮ |
| ૧૮૦ | સંયમીના કર્તવ્ય-અકર્તવ્યનું સ્વરૂપ. | ૯૩૮ |
| | સંયમીના અત્યંત કર્તવ્યનું સ્વરૂપ. | |
| | સંયમીનું સ્વરૂપ ઉદ્ધરણ સહિત. | |
| | સંયમીની પરમ શ્રેયકારી અવસ્થાનું સ્વરૂપ. | |
| | નિશ્ચયનયથી પ્રશસ્ત રાગ-દ્વેષ પણ અનુપાદેય ઉદ્ધરણ સહિત. | ૯૩૮-૯૪૦ |
| ૧૮૧ | અગીતાર્થને બોલવાનો નિષેધ ઉદ્ધરણ પૂર્વક. | |
| | ઉપદેશના અધિકારીનું સ્વરૂપ. | ૯૪૧ |
| | ગીતાર્થ સાધુ અને અગીતાર્થ સાધુના કર્તવ્યનું સ્વરૂપ. | ૯૪૧ |
| | અસંવિગ્નગીતાર્થને પણ દેશનામાં અનધિકારિતા ઉદ્ધરણ સહિત. | ૯૪૨ |
| | અસંવિગ્ન ગીતાર્થના અન્ય ઉપદેશની નિષ્ફળતાની સ્થાપક યુક્તિ. | |
| | અસંવિગ્ન ગીતાર્થને કર્તવ્યપ્રવૃત્તિનું સ્વરૂપ. | |
| | "**तद्धेतोः**" ન્યાય સંબદ્ધ. | |
| | અસંવિગ્ન ગીતાર્થની ઉપદેશની પ્રવૃત્તિનું સ્વરૂપ તથા તત્કૃત અનર્થકારિતાનું સ્વરૂપ. | |
| | અસંવિગ્ન ગીતાર્થને સ્વના પ્રતિબોધમાં યત્નનો ઉપદેશ. | |
| | અસંવિગ્ન ગીતાર્થની ઉપદેશ પ્રવૃત્તિથી સ્વને અનર્થ પ્રાપ્તિ. | ૯૪૨-૯૪૩ |

| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| | સંવિગ્ન ગીતાર્થમાં અવિકલ્પ તથાકાર ઉદ્ધરણ પૂર્વક.<br>સંવિગ્ન ગીતાર્થથી અન્યમાં વિકલ્પથી તથાકાર ઉદ્ધરણ પૂર્વક. | ૯૪૩-૯૪૪ |
| ૧૮૨ | ધ્યાનાદિને અનુકૂળ એકાકીપણાની પૂર્વપક્ષની સ્થાપક યુક્તિ. | ૯૪૪ |
| | ગચ્છમાં રહેતાં સાધુમાં ભાવએકાકીપણું અને ગીતાર્થમાં ક્વચિત્ દ્રવ્ય એકાકીપણું. | ૯૪૪ |
| | ભાવએકાકીપણાની પ્રાપ્તિનો ઉપાય.<br>અગીતાર્થને ગચ્છના ત્યાગમાં એકાંત ભાવએકાકી-પણાનો અભાવ.<br>અગીતાર્થને ગુણવાનના પારતંત્ર્યથી થતાં લાભો અને ગુણવાનના<br>પારતંત્ર્યના અભાવથી થતાં ગેરલાભો ઉદ્ધરણ પૂર્વક.<br>ગીતાર્થમાં બહુધા ગચ્છવાસનું વિધાન, સંયમીને ગચ્છગત આદિ પદથી જ સંયમની વૃદ્ધિ.<br>ગચ્છગત આદિ પદ વડે જ ગુણવૃદ્ધિના ઉપદેશનું ઉદ્ધરણ.<br>ગીતાર્થને પણ પ્રાયઃ સમુદાયમાં વસવાની યુક્તિ ઉદ્ધરણ સહિત.<br>ગીતાર્થને અપવાદથી એકાકી વિહારની યુક્તિ ઉદ્ધરણ પૂર્વક.<br>અગીતાર્થને પાપવર્જન અને વિષયોના અસંગભાવના અસંભવના કથનનું ઉદ્ધરણ.<br>અગીતાર્થને એકાકી વિહારના નિષેધનું ઉદ્ધરણ.<br>અગીતાર્થને એકાકી વિહારમાં સ્વચ્છન્દ વિહારિત્વની સ્થાપક યુક્તિ. | |
| | ગીતાર્થને એકાકી વિહારની અધિકારિતાનું સ્થાપક ઉદ્ધરણ. | ૯૪૫-૯૫૨ |
| ૧૮૩ | વિસ્તાર અર્થીઓને અધ્યાત્મમાં ઉપષ્ટંભક ઘણો ઉપદેશ હોવા છતાં સંક્ષેપ કરવાનું પ્રયોજન. | ૯૫૨ |
| | અધ્યાત્મના ઉપનિષદ્ભૂત સંક્ષેપ રહસ્ય. | ૯૫૩ |
| | સંસાર અને મોક્ષની ઉત્પત્તિમાં સર્વસંમત યુક્તિ.<br>જ્ઞાનનયથી, ક્રિયાનયથી અને સ્થિતપક્ષથી મોક્ષના ઉપાયનું સ્વરૂપ.<br>મોક્ષના ઉપાયના યત્નમાં નયોની સમ્યગ્ યોજના. | ૯૫૩-૯૫૪ |
| ૧૮૪ | અધ્યાત્મમતપરીક્ષા ગ્રંથમાં ગીતાર્થો પ્રત્યે ગ્રંથની ક્ષતિઓની શુદ્ધિ માટેની અભ્યર્થના. | ૯૫૪ |
| | ગ્રંથ પ્રશસ્તિ | ૯૫૫-૯૫૯ |
| | મોક્ષના અનન્ય ઉપાયરૂપે સર્વસંમત રાગ-દ્વેષનો પરિક્ષય. | ૯૫૫ |
| | રાગ-દ્વેષના ક્ષય વગર અન્ય મોક્ષના ઉપાયોની નિષ્ફળતાનું દૃષ્ટાંત દ્વારા ભાવન. | ૯૫૫ |

**અવતરણિકા :- अथ केवलिसिद्धयोः केवलज्ञानस्याऽविशिष्टत्वात् ज्ञानस्य कार्त्स्न्येन शुद्धौ तदाश्रयस्यापि कार्त्स्न्येन शुद्धत्वे केवलिनः कार्त्स्न्येन कृतकृत्यत्वप्रसङ्ग इत्याशङ्कायामाह-**

**અવતરણિકાર્થ :-** કેવલી અને સિદ્ધના કેવલજ્ઞાનનું અવિશિષ્ટપણું હોવાથી=સમાનપણું હોવાથી, સિદ્ધનું જ્ઞાન જેમ સંપૂર્ણપણે શુદ્ધ છે તેમ સિદ્ધના જેવું જ કેવલીનું જ્ઞાન હોવાથી કેવલીનું જ્ઞાન પણ સંપૂર્ણપણે શુદ્ધ છે તેમ પ્રાપ્ત થશે. માટે જ્ઞાન સંપૂર્ણપણે શુદ્ધ થયે છતે, તેના આશ્રયને પણ=કેવલજ્ઞાનના આશ્રયભૂત ભવસ્થ કેવળીને પણ, સંપૂર્ણપણે શુદ્ધ માનવામાં કેવલીને સંપૂર્ણપણાથી કૃતકૃત્યત્વનો પ્રસંગ આવશે. આ પ્રમાણે પૂર્વપક્ષીની આશંકામાં ગ્રંથકાર કહે છે-

**ગાથા :-** **नाणस्स विसुद्धीए अप्पा एगन्तओ ण संसुद्धो ।**
**जम्हा नाणं अप्पा अप्पा नाणं व अण्णं वा ॥१२४॥**

( ज्ञानस्य विशुद्ध्यात्मैकान्ततो न संशुद्धः । यस्माद् ज्ञानमात्मात्मा ज्ञानं वाऽन्यद्वा ॥१२४॥ )

**ગાથાર્થ :- જ્ઞાનની વિશુદ્ધિથી આત્મા એકાંતથી સંશુદ્ધ નથી, જે કારણથી જ્ઞાન આત્મા છે, (પરંતુ) આત્મા જ્ઞાન અથવા અન્ય પણ છે. (અર્થાત્ 'જ્ઞાન આત્મા છે' એવો નિયમ હોવા છતાં 'આત્મા જ્ઞાન જ છે' એવો નિયમ નથી, પરંતુ અન્ય પણ છે.)**

**ટીકા :- ज्ञानस्यैकान्तशुद्धावात्मैकान्ततस्तदा शुद्ध्येद् यद्यात्मा ज्ञानमेव भवेत्, न चैवमस्ति, किन्तु 'ज्ञानमात्मैव, आत्मा तु ज्ञानद्वारा ज्ञानमन्यद्वाराऽन्यदपि' इति सकलगुणसमुदायरूपस्यात्मनः सकलतच्छुद्धावेवैकान्ततः शुद्धिः, आत्मनः शुद्धौ तु ज्ञानादेः शुद्धिरावश्यकी, तस्यैकान्ततस्तदभिन्नत्वात्।**

**ટીકાર્થ :- 'ज्ञानस्य'** જ્ઞાનની સર્વથા શુદ્ધિ હોવામાં આત્માની સર્વથા શુદ્ધિ ત્યારે જ સિદ્ધ થાય, જો આત્મા જ્ઞાન જ હોય; અર્થાત્ આત્મા માત્ર જ્ઞાનરૂપ જ હોય. અને એ પ્રમાણે નથી, પરંતુ જ્ઞાન આત્મા જ છે અર્થાત્ જ્ઞાન માત્ર આત્મારૂપ જ છે. વળી આત્મા જ્ઞાન દ્વારા જ્ઞાનરૂપ, (અને) અન્ય દ્વારા અન્યરૂપ પણ છે. એથી કરીને સકલગુણસમુદાયરૂપ આત્માની સકલ તેની=ગુણસમુદાયની, શુદ્ધિમાં એકાંતથી શુદ્ધિ છે, અર્થાત્ સર્વગુણસમુદાયરૂપ આત્મા પોતાના સર્વગુણોની સર્વથા=સંપૂર્ણપણે, શુદ્ધિ થયે છતે જ સર્વથા શુદ્ધ થાય છે. વળી આત્માની શુદ્ધિમાં જ્ઞાનાદિની શુદ્ધિ આવશ્યક છે. કેમ કે તેનું=જ્ઞાનનું, એકાંતે=સર્વથા, તેનાથી=આત્માથી, અભિન્નપણું છે.

**ટીકા :- इदमत्रावधेयं यद्-ज्ञानादिगुणानां परस्परं ज्ञानात्मनोश्चाऽतद्भावरूपं भेदमाश्रित्याऽपृथग्भावरूपोऽभेदो यदा प्रतिपाद्यते तदाऽऽत्मा ज्ञानमेवेति न प्रयोगः, यदा तु निखिलाऽऽत्मगुणानां ज्ञानेन सहाभेदवृत्तिराश्रीयते तदा स्यादेव तथा प्रयोगः, परं ज्ञानस्यैव नैकान्ततः शुद्धत्वव्यवहार इति न तदाश्रयस्य तत्प्रसङ्गः॥१२४॥**

**ટીકાર્થ :- 'इदमत्रावधेयं'** - આ=વક્ષ્યમાણ, અહીંયાં=જ્ઞાન અને આત્માની એકબીજાની અપેક્ષાએ થનારી શુદ્ધિમાં, જાણવું. **'यत्'**=જે આ પ્રમાણે - જ્યારે જ્ઞાનાદિ ગુણોનો પરસ્પર અને જ્ઞાન અને આત્માના અતદ્ભાવરૂપ ભેદ(અતાદાત્મ્યરૂપ ભેદ)ને આશ્રયીને અપૃથગ્ભાવરૂપ અભેદ પ્રતિપાદન કરાય છે, ત્યારે 'આત્મા જ્ઞાનરૂપ જ છે' એવો પ્રયોગ થતો નથી. વળી જ્યારે નિખિલ આત્મગુણોનો જ્ઞાનની સાથે અભેદવૃત્તિ આશ્રય કરાય છે ત્યારે તેવા પ્રકારનો='આત્મા જ્ઞાનરૂપ જ છે' તેવા પ્રકારનો, પ્રયોગ થાય છે, પરંતુ જ્ઞાનનો જ એકાંતથી શુદ્ધત્વનો વ્યવહાર નથી. એથી કરીને તદાશ્રયનો કેવલજ્ઞાનના આશ્રય એવા કેવલીને તત્પ્રસંગ=કૃતકૃત્યત્વનો પ્રસંગ, નથી.

**ભાવાર્થ :-** આત્માના જ્ઞાન, વીર્ય, ચારિત્ર આદિ ગુણો છે અને તે ગુણોનો પરસ્પર અતદ્ભાવ છે=જ્ઞાન એ વીર્ય નથી અને વીર્ય એ જ્ઞાન નથી, અને એ જ રીતે જ્ઞાન અને આત્માનો પણ અતદ્ભાવ છે કેમ કે જ્ઞાન ગુણ છે અને આત્મા દ્રવ્ય છે. અને આ રીતે અતદ્ભાવરૂપ ભેદનો આશ્રય કરીને જ્યારે જ્ઞાન અને આત્માના અપૃથક્ભાવરૂપ અભેદનું પ્રતિપાદન કરવામાં આવે ત્યારે 'આત્મા જ્ઞાન છે' એમ કહી શકાય, પરંતુ 'આત્મા જ્ઞાન જ છે' તેમ ન કહી શકાય. અને જ્યારે દ્રવ્યાસ્તિકનયનું અવલંબન કરીને જ્ઞાનની સાથે બધા આત્મગુણોનો અભેદ કરવામાં આવે અને જ્ઞાન અને આત્માનો અપૃથગ્ભાવરૂપ અભેદ છે તેવી વિવક્ષા કરવામાં આવે, ત્યારે 'આત્મા જ્ઞાન જ છે' એ પ્રકારનો પ્રયોગ થઇ શકે; કેમ કે દ્રવ્યાસ્તિકનય અભેદને જોનાર છે, તેથી એક જ આત્મામાં વર્તતા બધા ગુણોનો જ્ઞાનની સાથે અભેદ સ્વીકારી શકે છે. તેથી બધા ગુણો જ્ઞાનસ્વરૂપ છે અને જ્ઞાન આત્માનો ગુણ છે, તેથી, આત્માની સાથે જ્ઞાનનો અપૃથગ્ભાવ છે એવી વિવક્ષા કરીએ ત્યારે, 'આત્મા જ્ઞાન જ છે' એમ કહી શકાય, કેમ કે જ્ઞાનથી પૃથક્ અન્ય કોઇ ગુણ નથી.

**'परं'** - **'परं'**થી જે કથન કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, પૂર્વમાં કહ્યું કે જ્ઞાનાદિ ગુણોનો પરસ્પર અતદ્ભાવરૂપ ભેદનો આશ્રય કરીને અને જ્ઞાન અને આત્માનો અતદ્ભાવરૂપ ભેદનો આશ્રય કરીને અપૃથગ્ભાવરૂપ અભેદનો આશ્રય કરવા દ્વારા 'આત્મા જ્ઞાનરૂપ જ છે' એ પ્રયોગ થઇ શકતો નથી; પરંતુ બધા આત્મગુણોનો જ્ઞાનની સાથે અભેદવૃત્તિ આશ્રય કરીને 'આત્મા જ્ઞાનરૂપ જ છે' એવો પ્રયોગ થઇ શકે છે. આ રીતે સઘળા આત્મગુણોનો જ્ઞાનની સાથે અભેદવૃત્તિનો આશ્રય કરવામાં આવે ત્યારે, કેવલીના પણ બધા આત્મગુણો શુદ્ધ નહિ હોવાના કારણે અને જ્ઞાનનો પણ તે ગુણોની સાથે અભેદ હોવાને કારણે કેવલજ્ઞાન શુદ્ધ છે એમ કહી શકાય નહિ. પરંતુ જ્ઞાન સિવાયના અન્ય ગુણોથી જ્ઞાનનો ભેદ આશ્રય કરીને સિદ્ધભગવંતનુ અને ભવસ્થ કેવલીનું જ્ઞાન સરખું છે, તેથી તે શુદ્ધ છે; એવો વ્યવહાર થઇ શકે. તેથી જ્ઞાનનો એકાંતે શુદ્ધપણાનો વ્યવહાર નથી. એથી કરીને કેવલજ્ઞાનના આશ્રયભૂત કેવળીને સંપૂર્ણપણાથી કૃતકૃત્યત્વનો પ્રસંગ નથી. **॥૧૨૪॥**

**અવતરણિકા :- नन्वेवमात्मन एकान्ततः संशुद्ध्यभावे केवलिनः परमात्मत्वं न स्यादित्याशङ्कायामाह-**

**અવતરણિકાર્થ :-** આ પ્રમાણે=ગાથા-૧૨૪માં સિદ્ધ કર્યું એ પ્રમાણે, આત્માની એકાંતથી સંશુદ્ધિના અભાવમાં કેવલીને પરમાત્મપણું નહિ થાય, એ પ્રમાણે આશંકામાં ગ્રંથકાર કહે છે-

**ભાવાર્થ :-** ગાથા-૧૨૪માં સિદ્ધ કર્યું એમ માનીએ તો કેવલી એકાંતે શુદ્ધ નથી એમ માનવું પડે. અને તેમ માનીએ તો કેવલીને પરમાત્મા કહી શકાય નહિ. કેમ કે પરમાત્માનો અર્થ પ્રકૃષ્ટ આત્મા છે અને તે એકાંતે શુદ્ધ હોય તો જ હોઇ શકે. આવી કોઇની શંકાને ધ્યાનમાં રાખીને ગ્રંથકાર ગાથા-૧૨૫માં જવાબ આપે છે -

ગાથા :- **एवं परमप्पत्तं नाणाइदुवारगं मुणेअव्वं ।**
**सव्वह परमप्पत्तं सिद्धाणं चेव संसिद्धं ॥१२५॥**

( एवं परमात्मत्वं ज्ञानादिद्वारकं मुणितव्यम् । सर्वथा परमात्मत्वं सिद्धानामेव संसिद्धम् ॥१२५॥ )

**ગાથાર્થ :- આ પ્રમાણે=ગાથા-૧૨૪માં સિદ્ધ કર્યું એ પ્રમાણે, (કેવલીનું) પરમાત્મપણું જ્ઞાનાદિ દ્વારા જાણવું, સર્વથા પરમાત્મત્વ સિદ્ધોને જ સંસિદ્ધ છે.**

**ટીકા :- ज्ञानादयो हि ये गुणाः केवलिनां शुद्धास्तद्द्वारैव ते परमात्मानः, भाविनि भूतवदुपचारेण वा, सर्वथा वर्तमानग्राहिनयेन तु सिद्धाः।**

**ટીકાર્થ :- 'ज्ञानादयो'** જ્ઞાનાદિ જે ગુણો કેવળીઓને શુદ્ધ છે તે દ્વારા જ તેઓ=કેવલીઓ, પરમાત્મા છે; અથવા ભાવિમાં ભૂતવદ્=ભૂતની જેમ, ઉપચારથી (કેવલી પરમાત્મા) જાણવા; વર્તમાનગ્રાહી નય વડે સર્વથા પરમાત્મા સિદ્ધો છે.

**ભાવાર્થ :-** કેવલીમાં ક્ષાયિકભાવરૂપ જે કેવલજ્ઞાનાદિ ગુણો છે તેની અપેક્ષાએ જ કેવલીઓ પરમાત્મા છે. અથવા તો જેમ રંધાતા ચોખા અર્ધા રંધાયા હોય અને અર્ધા રંધાવાના બાકી હોય ત્યારે રંધાઇ ગયા તે પ્રકારનો પ્રયોગ થાય છે, ત્યાં ભાવિમાં જે રંધાવાના છે તેમાં પૂર્વમાં રંધાયેલાનો ઉપચાર કરીને રંધાઇ ગયા તેમ કહેવાય છે; તેમ કેવલી પણ ભાવિમાં સિદ્ધ થશે ત્યારે પરમાત્મા થશે, અર્થાત્ પરિપૂર્ણ શુદ્ધ થશે; અને કેવળજ્ઞાનાદિ ગુણો પ્રાપ્ત થવાને કારણે તેટલા અંશથી શુદ્ધ થઇ ગયા. તેથી ભાવિમાં બાકીનાં ચાર અઘાતી કર્મોના ક્ષયથી થનારી ભાવિ શુદ્ધતામાં પૂર્વમાં થયેલા કેવલજ્ઞાનાદિ ગુણોની જેમ શુદ્ધતાનો ઉપચાર કરાયો, અર્થાત્ ભાવિમાં ભૂતવત્ ઉપચાર કરાયો, તેથી કેવલી પરમાત્મા છે તેમ વ્યવહાર થાય છે. જ્યારે વર્તમાનમાં જે સ્વરૂપ હોય તેને જ ગ્રહણ કરનાર એવા વર્તમાનગ્રાહી ઋજુસૂત્રાદિનયથી સિદ્ધો સર્વથા શુદ્ધ છે, તેથી સિદ્ધો જ પરમાત્મા છે.

**ટીકા :- अत्रेयं व्यवस्था-आत्मानः खलु त्रिविधाः-बाह्यात्माऽन्तरात्मा परमात्मा चेति। तत्र बाह्यात्मा-ऽऽत्मत्वेन गृह्यमाणः कायादिः, तदधिष्ठायकोऽन्तरात्मा, परमात्मा तु निःशेषकलङ्करहित इति। तदुक्तं योगशास्त्रे-[ १२-८ ]**

आत्मधिया समुपात्तः कायादिः कीर्त्यतेऽत्र बहिरात्मा ।
कायादेः समधिष्ठायको भवत्यन्तरात्मा तु ॥१॥

चिद्रूपानन्दमयो निःशेषोपाधिवर्जितः शुद्धः ।
अत्यक्षोऽनन्तगुणः परमात्मा कीर्त्तितस्तज्ज्ञैः ॥२॥ इति

**युक्तं चैतद्, अन्तरात्मनो ध्यातृत्वेन बाह्यात्मनः स्वान्तरात्मनि स्वभेदज्ञानेन मिथ्याज्ञाननिवृत्तिप्रयोजकतया ध्यानोपयोगित्वात्।**

**ટીકાર્થ :- 'अत्रेयं'** - અહીંયાં=આત્માની શુદ્ધતા-અશુદ્ધતાની વિચારણામાં, આ વ્યવસ્થા છે- આત્મા ત્રણ પ્રકારે છે. (૧) બાહ્યાત્મા, (૨) અંતરાત્મા અને (૩) પરમાત્મા.

**'तत्र'** - ત્યાં=આત્માના બાહ્યાત્મા, અંતરાત્મા અને પરમાત્મા એમ ત્રણ પ્રકારો પાડ્યા ત્યાં, આત્મત્વેન ગૃહ્યમાણ કાયાદિ એ બાહ્યાત્મા છે, તદધિષ્ઠાયક=કાયાદિમાં અધિષ્ઠાયક, અંતરાત્મા છે, અને નિઃશેષ=સંપૂર્ણ, કલંકથી રહિત પરમાત્મા છે.

**ભાવાર્થ :-** ૧ થી ૩ ગુણસ્થાનકવર્તી જીવ કાયાને આત્મત્વબુદ્ધિથી ગ્રહણ કરે છે, તેથી તેનાં કાયાદિ બહિરાત્મા છે, અને કાયાદિમાં 'આદિ' પદથી મન પણ બહિરાત્મા છે. અને ૧ થી ૧૪ ગુણસ્થાનકવર્તી જીવો કાયામાં અધિષ્ઠાયક=રહેનાર, હોવાથી અંતરાત્મા છે, અને સંપૂર્ણ કલંકથી રહિત સિદ્ધાવસ્થાના જીવો પરમાત્મા છે.

**ટીકાર્થ :- तदुक्तं** - તે યોગશાસ્ત્રમાં કહ્યું છે-

**'आत्मधिया'** - અહીં આત્મબુદ્ધિથી ગૃહીત થતાં કાયાદિ બહિરાત્મા કહેવાય છે; વળી તે કાયાદિનો અધિષ્ઠાયક=અધિષ્ઠાતા, જીવ અંતરાત્મા છે.

**'चिद्रूप'** - ચિદ્રૂપ, આનંદમય, સર્વઉપાધિઓથી રહિત, શુદ્ધ, અતીન્દ્રિય અને અનંતગુણવાળો (આત્મા) તેના જાણકારો વડે પરમાત્મા કહેવાય છે.

**ઉત્થાન :-** અહીં આત્માના ત્રણ ભેદોનું વર્ણન કરવાનું છે, ત્યાં પ્રશ્ન થાય કે સ્વસ્વરૂપવાળો હોય તેને જ આત્મા કહેવાય, પરંતુ કાયાદિને આત્મા કેવી રીતે કહી શકાય? વસ્તુતઃ સંસારવર્તી આત્મા તે અશુદ્ધ આત્મા અને મોક્ષવર્તી આત્મા તે શુદ્ધાત્મા, એ રીતે આત્માના બે ભેદ થઈ શકે; પરંતુ પુદ્ગલાત્મક કાયાદિને ગ્રહણ કરીને આત્માના બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા એમ ત્રણ ભેદો કરવા કઈ રીતે યુક્ત છે? તેથી કહે છે-

**ટીકાર્થ :- 'युक्तं चैतद्'** - અને આ યુક્ત=ઉચિત, છે; કેમ કે અંતરાત્માનું ધ્યાતૃપણાથી=ધ્યાતારૂપે, ધ્યાનમાં ઉપયોગીપણું છે; (અને) બાહ્યાત્માનું સ્વઅંતરાત્મામાં=ધ્યાન કરનાર વ્યક્તિના પોતાના અંતરાત્મામાં, સ્વના ભેદજ્ઞાન દ્વારા એટલે કે સ્વ=બાહ્યાત્મારૂપ કાયાદિ, તેનો ભેદ અંતરાત્મામાં છે, તેના જ્ઞાન દ્વારા, મિથ્યાજ્ઞાનની નિવૃત્તિના પ્રયોજકપણાથી ધ્યાનમાં ઉપયોગીપણું છે; અર્થાત્ મિથ્યાજ્ઞાનની નિવૃત્તિનો પ્રયોજક બાહ્યાત્મા બને છે, તે રૂપે બાહ્યાત્માનું ધ્યાનમાં ઉપયોગીપણું છે.

**ભાવાર્થ :-** પરમાત્મા શુદ્ધસ્વરૂપવાળા છે, પુદ્ગલાત્મક નથી તેથી તેમને આત્મા કહેવામાં કોઇ બાધ નથી; અને તે પરમાત્મભાવની પ્રાપ્તિ માટે ઉપાયભૂત ધ્યાન છે, અને તે ધ્યાનમાં ધ્યાતારૂપે અંતરાત્મા ઉપયોગી છે. કેમ કે શરીરમાં રહેનારો આત્મા (અંતરાત્મા) જ્યારે ધ્યાતારૂપે બને છે ત્યારે જ ધ્યાન પ્રાદુર્ભાવ થાય છે, અને ધ્યાનથી જ પરમાત્મભાવ પ્રગટ થાય છે. તેથી જ શરીરના અધિષ્ઠાયક એવા આત્માને અંતરાત્મારૂપે પૃથક્ ગ્રહણ કરેલ છે. પરંતુ આત્મારૂપે ગ્રહણ કરાતાં બાહ્યકાયાદિ પુદ્ગલાત્મક હોવાના કારણે તેને આત્મા કહી શકાય નહિ, તો પણ તેને બાહ્યાત્મા કહેવાનું કારણ એ છે કે સ્વાન્તરાત્મામાં બાહ્યાત્માના ભેદનું જ્ઞાન કરાવવું છે, અને તેના દ્વારા મિથ્યાજ્ઞાનની નિવૃત્તિ કરાવવી છે. તેથી બાહ્યાત્મારૂપ કાયા મિથ્યાજ્ઞાનની નિવૃત્તિમાં પ્રયોજક બને છે અને તે રીતે બાહ્યાત્માનું ધ્યાનમાં ઉપયોગીપણું છે.

અહીં વિશેષ એ છે કે કાયાદિની જેમ ઘટપટાદિ બાહ્યપુદ્ગલોનો પણ અંતરાત્મામાં ભેદ છે, તો પણ તે બાહ્ય પદાર્થોનો ભેદ અનુભવના બળથી સિદ્ધ છે, જ્યારે કાયામાં અનાદિકાળથી અભેદબુદ્ધિ હોય છે; અને ક્વચિત્ ઉપદેશાદિના શ્રવણથી શબ્દરૂપે અંતરાત્મામાં કાયાના ભેદનું જ્ઞાન થાય તો પણ, શરીરમાં અભેદબુદ્ધિ નિવર્તન પામતી નથી. આથી જ શરીરને કાંઇ પણ પ્રતિકૂળ હોય તે મને જ પ્રતિકૂળ છે, અને શરીરને જે અનુકૂળ છે તે મને જ અનુકૂળ છે, એવી સ્થિરબુદ્ધિ દૂર થતી નથી. પરંતુ આત્મકલ્યાણાર્થી જીવ આત્માના સ્વરૂપમાં જ્યારે ઉપયુક્ત થઇને ધ્યાનમાં યત્ન કરે છે, ત્યારે બાહ્યાત્મારૂપ કાયાનું ભેદજ્ઞાન તેમાં ઉપયોગી બને છે, તેથી પુદ્ગલાત્મક કાયાને પણ બાહ્યાત્મારૂપે કહેલ છે.

**ટીકા :- अन्ये तु-मिथ्यादर्शनादिभावपरिणतो बाह्यात्मा, सम्यग्दर्शनादिपरिणतस्त्वन्तरात्मा, केवलज्ञानादिपरिणतस्तु परमात्मा। तत्राद्यगुणस्थानत्रये बाह्यात्मा, ततः परं क्षीणमोहगुणस्थानं यावदन्तरात्मा, ततः परं तु परमात्मेति। तथा व्यक्त्या बाह्यात्मा शक्त्या परमात्मान्तरात्मा च। व्यक्त्याऽन्तरात्मा तु शक्त्या परमात्मा, अनुभूतपूर्वनयेन च बाह्यात्मा। व्यक्त्या परमात्मा अनुभूतपूर्वनयेनैव बाह्यात्मान्तरात्मा चेति। तथा च संग्रहगाथे-**

[१] वत्तीए बज्झप्पा सत्तीए दोवि अंतरप्पा य ।
सत्तीए परमप्पा बज्झप्पा भूअपुव्वेणं ॥१॥
[२] वत्तीए परमप्पा दोवि पुण णएण भूअपुव्वेणं ।
मीसे खीणसजोगे सीमन्धरा ते तओ हुंति ॥२॥ **त्ति।**

**ટીકાર્થ :- 'अन्ये तु'** વળી અન્ય આ પ્રમાણે કહે છે-

**'मिथ्या'** મિથ્યાદર્શનાદિભાવથી પરિણત બાહ્યાત્મા છે, વળી સમ્યગ્ દર્શનાદિભાવથી પરિણત અંતરાત્મા છે, વળી કેવલજ્ઞાનાદિથી પરિણત પરમાત્મા છે.

**'तत्र'** = ત્યાં અર્થાત્ ત્રણ પ્રકારના આત્માનું સ્વરૂપ બતાવ્યું ત્યાં, ૧ થી ૩ ગુણસ્થાનકવાળા જીવો બાહ્યાત્મા છે.

---

१. व्यक्त्या बाह्यात्मा शक्त्या द्वावपि अंतरात्मा च । शक्त्या परमात्मा बाह्यात्मा भूतपूर्वेण ॥

२. व्यक्त्या परमात्मा द्वावपि पुनर्नयेन भूतपूर्वेण । मिश्रे क्षीण-सयोगे सीमन्धरास्ते त्रयो भवन्ति ॥

ત્યારપછી ક્ષીણમોહગુણસ્થાનક સુધીના જીવો અંતરાત્મા છે, અર્થાત્ ૪ થી ૧૨ ગુણસ્થાનકવાળા જીવો અંતરાત્મા છે. વળી તેનાથી આગળ અર્થાત્ ૧૩ અને ૧૪ ગુણસ્થાનકવાળા જીવો અને સિદ્ધના જીવો પરમાત્મા છે.

❀ **'इति'** – ત્રણ પ્રકારના આત્માના સ્વરૂપની સમાપ્તિ સૂચક છે.

**'तथा'** – તે રીતે=ગુણસ્થાનક સાથે યોજીને ત્રણ પ્રકારના આત્મા બતાવ્યા તે રીતે, વ્યક્તિથી=વ્યક્તિરૂપે, બાહ્યાત્મા (એવા મિથ્યાત્વી વગેરે જીવો) શક્તિથી=શક્તિરૂપે, પરમાત્મા અને અંતરાત્મા છે. વળી વ્યક્તિથી=વ્યક્તિરૂપે, અંતરાત્મા શક્તિથી=શક્તિરૂપે, પરમાત્મા છે અને અનુભૂતપૂર્વનયથી બાહ્યાત્મા છે. અને વ્યક્તિરૂપે પરમાત્મા (એવા કેવળી આદિ આત્માઓ) અનુભૂતપૂર્વનયથી જ બાહ્યાત્મા અને અંતરાત્મા છે. અને તે પ્રમાણે સંગ્રહગાથા છે. (તેનો અર્થ આ પ્રમાણે છે-)

વ્યક્તિથી બાહ્યાત્મા શક્તિથી બન્ને પણ=અંતરાત્મા અને પરમાત્મા બંને પણ, છે; અને વ્યક્તિથી અંતરાત્મા શક્તિથી પરમાત્મા છે અને ભૂતપૂર્વનયથી બાહ્યાત્મા છે. **॥૧॥**

વળી વ્યક્તિથી પરમાત્મા ભૂતપૂર્વનયથી બંને પણ=બાહ્યાત્મા અને અંતરાત્મા બંને પણ, છે. તે ત્રણે જાતના આત્માઓ મિશ્રગુણસ્થાનક, ક્ષીણમોહગુણસ્થાનક અને સયોગીકેવળીગુણસ્થાનકરૂપ સીમાને=મર્યાદાને, ધારણ કરે છે. **॥૨॥**

❀ **'त्ति'** ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

**ઉત્થાન :-** પૂર્વમાં બાહ્યાત્મા, અંતરાત્મા અને પરમાત્મા એ ત્રણેમાં કોણ શક્તિથી છે, કોણ વ્યક્તિથી છે અને કોણ અનુભૂતપૂર્વનયથી છે તે વસ્તુ ઘટાવી; ત્યાં શક્તિ શું છે તેનો વિચાર આવશ્યક રહે છે. કેમ કે સામાન્યથી જે દ્રવ્યરૂપ છે તેને શક્તિ કહેવાય છે અને પર્યાયને વ્યક્તિરૂપે કહેવાય છે, અર્થાત્ જે પર્યાય વર્તમાનમાં વર્તતો હોય તે પર્યાય વ્યક્તિરૂપે છે, અને જે પર્યાય વર્તમાનમાં વર્તતો નથી પરંતુ તે દ્રવ્યમાં તે પર્યાયની યોગ્યતા છે તે દ્રવ્યરૂપ છે અને તે શક્તિસ્વરૂપ છે. તેથી શક્તિ એ દ્રવ્યરૂપ છે એમ સામાન્યથી કહેવાય. અને દ્રવ્ય એ તિર્યક્સામાન્યરૂપ અને ઊર્ધ્વતાસામાન્યરૂપ છે, તેથી તે શક્તિને તિર્યક્સામાન્ય કે ઊર્ધ્વતાસામાન્યમાં અંતર્ભાવ કરવાની શંકા થાય. તેથી તેની વિચારણા કરતાં કહે છે-

**ટીકા :- यद्यपि शक्तिरत्र न तिर्यक्सामान्यं, मिथ्यादृष्टेः सम्यग्दृष्टितुल्यत्वाभावात्, येनकेनचिद्धर्मेण तुल्यत्वस्यातिप्रसङ्गित्वात्। नाप्यूर्ध्वतासामान्यं, पूर्वापरपर्यायसाधारणद्रव्यस्यैव तथात्वेन यत्र बाह्यात्मन्यन्तरात्मादिपर्यायो न भूतो न वा भावी तत्रान्तरात्मादिशक्त्यभावप्रसङ्गात्, भूतपूर्वबाह्यात्मन्यन्तरात्मनि बाह्यात्मशक्तिप्रसङ्गाच्च। न च प्राप्यभावानामप्राप्तत्वावस्थैवास्त्वत्र शक्तिरिति वाच्यं, प्राप्यत्वं हि वर्त्तमानप्रागभावप्रतियोगिप्राप्तिकत्वम् इति प्राच्यदोषानुद्धाराद्। एतेन 'शक्तिर्धर्मविशेष एव' इत्यपि परास्तं, तस्याः फलोन्नेयत्वात्। एवं व्यक्तिरपि दुर्वचेति। तथापि निश्चयनयप्रतीयमानं स्वरूपं शक्तिः, तच्च तन्निष्ठध्वंसाऽप्रतियोगित्वे सति तन्निष्ठात्यन्ताभावाऽप्रतियोगि, तेन नान्तरात्मनि भूतपूर्वबाह्या-**

**त्मशक्तिप्रसङ्गः, तत्पर्यायाणां तन्निष्ठध्वंसप्रतियोगित्वात् न वाऽभव्यात्मन्यन्तरात्मादिशक्त्यभावप्रसङ्गः, अन्तरात्मपरमात्मपदप्रवृत्तिनिमित्तसम्यग्दर्शनकेवलज्ञानादिधर्माणामावरणमात्रेण तत्रात्यन्ताभावाभावात्। अवादिषं च-**

[1] एत्थ णिरंजणभावे अंजणमवि बिंति ववहरणकुसला ।
एवं पुण घणपंती सहस्सरस्सिंपि अंजिज्जा ॥ त्ति ।

**ટીકાર્થ :- 'यद्यपि'** અહીં=બહિરાત્માદિમાં અંતરાત્માદિ શક્તિરૂપે કહ્યાં ત્યાં, જો કે શક્તિ તિર્યક્સામાન્યરૂપ નથી, કેમ કે મિથ્યાદષ્ટિનો સમ્યગ્દૃષ્ટિ સાથે તુલ્યપણાનો અભાવ છે.

**ભાવાર્થ :-** મિથ્યાદષ્ટિ આત્મા બહિરાત્મા છે, અને તેમાં અંતરાત્મા અને પરમાત્મા બંને શક્તિરૂપે છે. અને જો શક્તિને તિર્યક્સામાન્યરૂપ માનીએ તો બધા બાહ્યાત્મામાં મિથ્યાદષ્ટિત્વરૂપ તુલ્યત્વ છે જે તિર્યક્સામાન્યસ્વરૂપ છે અને તે અંતરાત્માની શક્તિરૂપ છે તેમ કહી શકાય. પરંતુ પરમાત્મભાવ શક્તિરૂપે બહિરાત્મા અને અંતરાત્મા બંનેમાં છે, તેથી મિથ્યાદષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિ બંનેમાં જો કોઇ તુલ્યપણું હોય તો તેને તિર્યક્સામાન્યરૂપે ગ્રહણ કરીને પરમાત્મભાવની શક્તિરૂપે કહી શકાય. પરંતુ મિથ્યાદષ્ટિનું સમ્યગ્દૃષ્ટિની સાથે તુલ્યપણું નથી. તેથી તિર્યક્સામાન્યરૂપ શક્તિસ્વરૂપ પરમાત્મભાવ બાહ્યાત્મા અને અંતરાત્મામાં છે તેમ કહી શકાય નહિ. તેથી શક્તિ તિર્યક્સામાન્યરૂપ નથી.

**ઉત્થાન :-** મિથ્યાદષ્ટિનો સમ્યગ્દૃષ્ટિની સાથે તુલ્યપણાનો અભાવ હોવાથી તિર્યક્સામાન્યરૂપ શક્તિને ગ્રહણ કરીને પરમાત્મભાવ બાહ્યાત્મા અને અંતરાત્મામાં શક્તિરૂપે છે તેમ કહી શકાશે નહિ, એમ પૂર્વમાં સ્થાપન કર્યું. તેનું સમાધાન કોઇ આ રીતે કરે કે મિથ્યાદષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિમાં કોઇ એક અનુગતધર્મની કલ્પના કરીશું કે જે બંનેમાં વર્તે છે અને તે રૂપ તિર્યક્સામાન્ય પરમાત્મભાવની શક્તિરૂપ છે તેથી કોઇ દોષ આવશે નહિ. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે-

**ટીકાર્થ :- 'येनकेनचित्'** – જે કોઇપણ ધર્મ વડે તુલ્યપણાનુ અતિપ્રસંગીપણું છે.

**ભાવાર્થ :-** બહિરાત્મામાં અને અંતરાત્મામાં પરમાત્મભાવની શક્તિ સ્વીકારવા માટે કોઇ એમ કહે કે બહિરાત્મભાવવાળા એવા મિથ્યાદષ્ટિમાં અને અંતરાત્મભાવવાળા એવા સમ્યગ્દષ્ટિમાં કોઇક અનુગત ધર્મ ગ્રહણ કરીને તુલ્યતા સ્વીકારીશું અને તે ધર્મરૂપે પરમાત્મભાવની શક્તિ બહિરાત્મા અને અંતરાત્મામાં છે તેમ સ્વીકારીશું. તેને ગ્રંથકાર કહે છે કે આવી જે કોઇ ધર્મો દ્વારા તુલ્યતા સ્વીકારવામાં આવે તો અતિપ્રસંગદોષ આવે. તે આ રીતે -

આત્મત્વધર્મ ગ્રહણ કરીને પરમાત્મામાં પણ અંતરાત્મભાવની અને બહિરાત્મભાવની શક્તિ છે તેમ માનવું પડે. વસ્તુતઃ પરમાત્મામાં અંતરાત્મભાવ અને બહિરાત્મભાવની શક્તિ નથી પરંતુ ભૂતપૂર્વનયથી

१. अत्र निरंजनभावेऽञ्जनमपि ब्रुवन्ति व्यवहरणकुशलाः । एवं पुनर्घनपङ्क्तिः सहस्ररश्मिमपि अञ्ज्यात् ॥

પરમાત્મામાં અંતરાત્મભાવ અને બહિરાત્મભાવ છે તેથી અતિપ્રસંગદોષ હોવાને કારણે ગમે તે ધર્મથી તુલ્યપણું સ્વીકારી શકાય નહીં. માટે શક્તિ તિર્યક્સામાન્યરૂપ નથી.

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું કે શક્તિ તિર્યક્સામાન્યરૂપ નથી, તેથી શક્તિને દ્રવ્યરૂપ કહીએ તો તેને ઊર્ધ્વતાસામાન્યરૂપ જ કહેવી પડે. પરંતુ તે રૂપ પણ શક્તિ ઘટી શકતી નથી, તે બતાવે છે-

**ટીકાર્થ :- 'नापि ऊर्ध्वता'** ઊર્ધ્વતાસામાન્યરૂપ પણ શક્તિ નથી, કેમ કે પૂર્વાપરસાધારણ દ્રવ્યનું જ તથાપણું હોવાથી=ઊર્ધ્વતાસામાન્યરૂપપણું હોવાથી, જે બાહ્યાત્મામાં=અભવ્યાદિરૂપ બાહ્યાત્મામાં, અંતરાત્માદિ પર્યાયો ભૂતમાં નથી અને ભવિષ્યમાં થવાના નથી ત્યાં, અંતરાત્માદિની શક્તિના અભાવનો પ્રસંગ પ્રાપ્ત થશે.

❀ અહીં અંતરાત્માદિની શક્તિનો અભાવનો પ્રસંગ પ્રાપ્ત થશે એમ કહ્યું ત્યાં 'આદિ' પદથી પરમાત્માની શક્તિના અભાવનો પ્રસંગ પ્રાપ્ત થશે તે ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-** વર્તમાનમાં જે પર્યાયરૂપે નથી પરંતુ પૂર્વમાં ક્યારેક તે પર્યાય થયો હોય અથવા તો ભવિષ્યમાં ક્યારેક તે પર્યાય આવિર્ભાવ થવાનો હોય, તે સર્વ પર્યાયોની અંદર અનુગત એવું જે સાધારણદ્રવ્ય તે ઊર્ધ્વતાસામાન્યરૂપ છે. અને જે પર્યાય ભૂતમાં થયેલ હોય કે ભવિષ્યમાં થવાનો હોય તે પર્યાયની શક્તિ તે ઊર્ધ્વતાસામાન્ય છે એમ કહી શકાય. પરંતુ તેમ કહીએ તો જે અભવ્યાદિરૂપ બાહ્યાત્મામાં ભૂતમાં કે ભવિષ્યમાં ક્યારેય પણ અંતરાત્માદિ પર્યાય થયા નથી કે થવાના નથી, ત્યાં તે પર્યાયની શક્તિ ઊર્ધ્વતાસામાન્યરૂપે નહિ હોવાથી અભવ્યાદિરૂપ બાહ્યાત્મામાં અંતરાત્માદિની શક્તિના અભાવનો પ્રસંગ પ્રાપ્ત થશે. માટે શક્તિને ઊર્ધ્વતાસામાન્યરૂપે સ્વીકારી શકાય નહીં.

પૂર્વોક્ત કથનની જ પુષ્ટિ કરતાં અન્ય હેતુ કહે છે-

**ટીકાર્થ :- 'भूतपूर्व'** - ભૂતપૂર્વ એવા બાહ્યાત્મારૂપ અંતરાત્માદિમાં બાહ્યાત્માની શક્તિનો પ્રસંગ પ્રાપ્ત થશે.

**ભાવાર્થ :-** વર્તમાનમાં જે અંતરાત્મા છે તે ભૂતપૂર્વનયથી બાહ્યાત્મા છે, પરંતુ જો ઊર્ધ્વતાસામાન્યરૂપ શક્તિ કહીએ તો અંતરાત્મામાં બાહ્યાત્માની શક્તિનો પ્રસંગ પ્રાપ્ત થાય. કેમ કે પૂર્વમાં તે બાહ્યાત્મારૂપે હતો અને તે જ રીતે પરમાત્મા પણ ભૂતપૂર્વનયથી બાહ્યાત્મા છે, તેથી ત્યાં પણ બાહ્યાત્માની શક્તિનો પ્રસંગ પ્રાપ્ત થશે. માટે પણ શક્તિને ઊર્ધ્વતાસામાન્યરૂપે સ્વીકારી શકાય નહીં.

❀ **'भूतपूर्वबाह्यात्मन्यन्तरात्मनि'** પાઠ છે ત્યાં **'भूतपूर्वबाह्यात्मन्यन्तरात्मादिनि'** પાઠ હોવાની સંભાવના છે. **'अन्तरात्मादिनि'** અહીં આદિ પદથી પરમાત્માનું ગ્રહણ કરવાનું છે.

**ઉત્થાન :-** આ રીતે શક્તિ એ ઊર્ધ્વતાસામાન્યરૂપ કે તિર્યક્સામાન્યરૂપ સંગત થતી નથી. તેથી કોઈ શક્તિની વક્ષ્યમાણ વ્યાખ્યા કરે, તો ગ્રંથકાર કહે છે કે તે પણ સંગત નથી. અને તે વક્ષ્યમાણ વ્યાખ્યા આ પ્રમાણે છે-

**ટીકાર્થ :-** **'न च प्राप्यभावानाम्'** પ્રાપ્યભાવોની અપ્રાપ્તત્વ અવસ્થા જ અહીં શક્તિ છે એમ ન કહેવું, કેમ કે પ્રાપ્યપણું વર્તમાનપ્રાગભાવ પ્રતિયોગિપ્રાપ્તિકત્વરૂપ છે, એથી કરીને પ્રાચ્યદોષનો અનુદ્ધાર છે.

**ભાવાર્થ :-** બાહ્યાત્મામાં અંતરાત્મભાવ અને પરમાત્મભાવ પ્રાપ્યભાવ છે અને તે પ્રાપ્યભાવ અપ્રાપ્ત છે=પ્રાપ્ત થયેલ નથી, માટે તેની અપ્રાપ્તત્વ અવસ્થા છે, તે જ અહીં શક્તિ છે. એમ કહેવાથી તિર્યક્સામાન્યરૂપ કે ઊર્ધ્વતાસામાન્યરૂપ શક્તિ માનવામાં જે દોષો આવ્યા તે અહીં નહિ આવે. કેમ કે અભવ્ય માટે પણ અંતરાત્મભાવ અને પરમાત્મભાવ એ પ્રાપ્યભાવ છે, અને તેની વર્તમાનમાં અપ્રાપ્તત્વ અવસ્થા છે તે શક્તિરૂપ હોવાથી અભવ્યના આત્મામાં આવી શક્તિ સંગત થશે. અને પરમાત્મામાં બહિરાત્મભાવ એ પ્રાપ્યભાવ નથી, તેથી પરમાત્મામાં પ્રાપ્યભાવોની અપ્રાપ્તત્વઅવસ્થારૂપ બાહ્યાત્મા પણ શક્તિરૂપે માનવાની આપત્તિ આવશે નહિ. આ પ્રકારની કોઇની માન્યતા છે તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારે કહ્યું કે, પ્રાપ્યત્વ એ વર્તમાનપ્રાગભાવપ્રતિયોગિપ્રાપ્તિકત્વરૂપ છે, એથી કરીને પ્રાચ્યદોષનો અનુદ્ધાર છે. તેનું તાત્પર્ય એ છે કે પ્રાપ્યત્વનો અર્થ એ થાય કે ભાવિપ્રાપ્તિકત્વ અર્થાત્ ભાવિમાં પ્રાપ્તિ છે જેની તે પ્રાપ્ય કહેવાય, તેથી જ પ્રાપ્યત્વનો અર્થ કર્યો કે વર્તમાન પ્રાગભાવનો પ્રતિયોગી તે રૂપ પ્રાપ્તિકત્વ તે જ પ્રાપ્યત્વ છે. તે આ રીતે -

જે કાર્ય નિષ્પન્ન થાય તે પ્રાગભાવનો પ્રતિયોગી કહેવાય, અને ભવિષ્યમાં જે કાર્ય થવાનું હોય તેનો વર્તમાનમાં પ્રાગભાવ હોય. તેથી વર્તમાનમાં પ્રાગભાવનો પ્રતિયોગી ભવિષ્યમાં જે કાર્ય થાય તે છે, અને તે પ્રાપ્તિ છે. અને તે રૂપ પ્રાપ્તિ જેને છે તે પ્રાપ્યભાવ કહેવાય. અને આવા પ્રાપ્યભાવની અપ્રાપ્તત્વઅવસ્થા જ શક્તિ છે એવો શક્તિનો અર્થ કરવાથી પ્રાચ્યદોષનો અનુદ્ધાર છે. કેમ કે અભવ્યને ક્યારેય પણ ભવિષ્યમાં પરમાત્મભાવ કે અંતરાત્મભાવ થવાનો નથી. તેથી આવી અપ્રાપ્તત્વઅવસ્થારૂપ અંતરાત્માની કે પરમાત્માની શક્તિ ત્યાં નથી તેમ માનવું પડશે. તેથી આ લક્ષણ પણ શક્તિનું યુક્ત નથી.

**ટીકાર્થ :-** **'एतेन'** આનાથી=પ્રાપ્યત્વનો અર્થ કર્યો કે પ્રાપ્યભાવોની અપ્રાપ્તત્વ અવસ્થા એ શક્તિ છે એમ કહેવાથી પ્રાચ્યદોષનો અનુદ્ધાર છે તેમ કહ્યું એનાથી, 'શક્તિ ધર્મવિશેષ જ છે', એ પણ પરાસ્ત થયું. કેમ કે શક્તિનું ફલથી ઉન્નેયપણું છે=શક્તિ ફળથી જણાય છે.

**ભાવાર્થ :-** 'શક્તિ ધર્મવિશેષ જ છે' એમ કહેનારનો ભાવ એ છે કે, જે પર્યાય વર્તમાનમાં વર્તતો હોય તે પર્યાય તે પદાર્થનો એક ધર્મવિશેષ છે તેમ 'શક્તિ પણ ધર્મવિશેષ જ છે'. અને ધર્મવિશેષરૂપ અંતરાત્મભાવની અને પરમાત્મભાવની શક્તિ અભવ્યના જીવમાં પણ માની શકાશે. તેને ગ્રંથકાર કહે છે કે આ શક્તિરૂપ ધર્મવિશેષ, વર્તમાનમાં વર્તતા ભાવરૂપ નથી. તેથી જે ભાવ ભવિષ્યમાં પ્રાદુર્ભાવ થવાનો હોય તેને અનુકૂળ એવો ધર્મવિશેષ તે જ શક્તિરૂપ છે એમ કહી શકાય. માટે ફળથી જ આ ધર્મવિશેષ છે એમ નિર્ણય થઇ શકે. તેથી જે ભાવ ક્યારેય પણ થવાનો ન હોય તેને અનુકૂળ એવો ધર્મવિશેષ પદાર્થમાં છે અને તે રૂપ શક્તિ તેમાં છે તેમ કહી શકાય નહિ. તેથી અભવ્યમાં અંતરાત્મા અને પરમાત્માની શક્તિ છે તેમ સિદ્ધ થઇ શકે નહીં, માટે ધર્મવિશેષરૂપ શક્તિ માનવી પણ ઉચિત નથી.

**ટીકાર્થ :-** **'एवम्'** એ રીતે=પૂર્વમાં શક્તિને (૧) તિર્યક્સામાન્યરૂપ કે (૨) ઊર્ધ્વતાસામાન્યરૂપ કે (૩) પ્રાપ્યભાવોની અપ્રાપ્તત્વઅવસ્થારૂપ કે (૪) ધર્મવિશેષરૂપ કહીને તે ઘટતી નથી એમ બતાવ્યું; એ રીતે, વ્યક્તિ પણ દુર્વચ છે. કેમ કે જ્યારે પદાર્થમાં રહેલી શક્તિ જ સિદ્ધ ન થઇ શકે તો તેના ઉપર નિર્ભર એવી વ્યક્તિ=તે શક્તિની અભિવ્યક્તિ, પણ સિદ્ધ ન થઇ શકે.

❀ **'इति'** યદ્યપિથી માંડીને 'શક્તિ' કોઇ રીતે ઘટતી નથી એ પ્રમાણે જે બતાવ્યું અને તેથી 'વ્યક્તિ' પણ ઘટશે નહીં એ પ્રકારની આપત્તિ બતાવી, તેની સમાપ્તિ માટે **'इति'** પ્રયોગ છે.

**ભાવાર્થ :-** પૂર્વમાં ચાર રીતે શક્તિ શું છે તેની વિચારણા કરી અને તે ચારે રીતે શક્તિ પદાર્થ સિદ્ધ ન થયો તેથી ગ્રંથકાર કહે છે કે, જો કોઇ પણ પર્યાય તે પદાર્થમાં શક્તિરૂપે છે તે સિદ્ધ ન થઇ શકે તો તે પર્યાય પ્રગટ થાય છે તે પણ સિદ્ધ ન થાય. તેથી આત્મામાં પરમાત્મભાવ જો શક્તિરૂપે શું છે તે સિદ્ધ ન કરી શકાય તો પરમાત્મભાવ પ્રગટ થાય છે તેમ પણ કહી શકાય નહીં.

**ઉત્થાન :-** ગ્રંથકારે **'यद्यपि'**થી શક્તિની ઉપરોક્ત રીતે અસિદ્ધિ બતાવી, હવે શક્તિની સંગતિ કઇ રીતે થાય તે બતાવતાં કહે છે-

**ટીકાર્થ :-** **'तथापि'** તો પણ=ઉપરોક્ત રીતે શક્તિ સંગત નથી તો પણ, નિશ્ચયનયને પ્રતીયમાનસ્વરૂપ શક્તિ નામનો પદાર્થ છે અને તેનું લક્ષણ બતાવતાં કહે છે-

**'तच्च'** અને તે તન્નિષ્ઠધ્વંસનું=આત્મનિષ્ઠધ્વંસનું, અપ્રતિયોગીપણું હોતે છતે તન્નિષ્ઠઅત્યંતાભાવનો = આત્મનિષ્ઠઅત્યંતાભાવનો, અપ્રતિયોગી હોય, તે જ નિશ્ચયનયનું પ્રતીયમાન સ્વરૂપ છે, અને તે શક્તિ નામનો પદાર્થ છે.

**'तेन'** તેનાથી=તન્નિષ્ઠધ્વંસનો અપ્રતિયોગી હોતે છતે તન્નિષ્ઠઅત્યંતાભાવનો અપ્રતિયોગી હોય એવું નિશ્ચયનયને પ્રતીયમાન સ્વરૂપ શક્તિનું લક્ષણ કર્યું તેનાથી, અંતરાત્મામાં ભૂતપૂર્વ બાહ્યાત્માની શક્તિનો પ્રસંગ નહિ આવે; કેમ કે તે પર્યાયોનું=બાહ્યાત્માના પર્યાયોનું, તન્નિષ્ઠધ્વંસનું=આત્મનિષ્ઠધ્વંસનું, પ્રતિયોગીપણું છે. અથવા અભવ્યના આત્મામાં અંતરાત્માદિની શક્તિના અભાવનો પ્રસંગ નહિ આવે; કેમ કે અંતરાત્મને પરમાત્મપદપ્રવૃત્તિનિમિત્ત સમ્યગ્દર્શન અને કેવલજ્ઞાનાદિ ધર્મોનું આવરણમાત્ર હોવાના કારણે ત્યાં=અભવ્યના આત્મામાં, અત્યંતાભાવનો અભાવ છે.

**ભાવાર્થ :-** શક્તિ એ દ્રવ્યસ્વરૂપ છે, પરંતુ આત્માનું નિશ્ચયનયથી પ્રતીયમાન એવું જે સ્વરૂપ છે તે જ શક્તિરૂપ પદાર્થ છે, અર્થાત્ તત્સ્વરૂપ જે આત્મા છે તે જ શક્તિ છે. અને અભવ્યાદિમાં પણ તે જ રીતે અંતરાત્મભાવ અને પરમાત્મભાવ શક્તિરૂપે જ છે, કેમ કે નિશ્ચયનયથી કર્મના આવરણને દૂર કરીને જે વસ્તુનું સ્વરૂપ હોય તે પ્રતીત થાય છે, તેથી અભવ્યમાં પણ કર્મથી આવૃત્ત તે સ્વરૂપ વિદ્યમાન છે. અને

શુદ્ધનિશ્ચયનય કર્મના આવરણની વિવક્ષા કર્યા વગર જે સ્વરૂપ તેમાં હોય તેની જ પ્રતીતિ કરાવે છે, તેથી અભવ્યમાં પણ અંતરાત્મભાવ અને પરમાત્મભાવ શક્તિરૂપે છે એમ કહી શકાશે. અને તે શક્તિનું અવ્યાપ્તિ આદિ દોષોથી રહિત લક્ષણ આ પ્રમાણે છે-

આત્મનિષ્ઠધ્વંસનો અપ્રતિયોગી હોતે છતે આત્મનિષ્ઠઅત્યંતાભાવનો અપ્રતિયોગી હોય તે શક્તિ પદાર્થ છે.

જે વસ્તુનો ધ્વંસ થાય તે વસ્તુ ધ્વંસનો પ્રતિયોગી કહેવાય. જેમ ઘટનો ધ્વંસ થાય છે તેથી ઘટધ્વંસનો પ્રતિયોગી ઘટ છે. અને તે ધ્વંસ તેના અવયવોમાં રહે છે, તેથી કપાલમાં ઘટનો ધ્વંસ પ્રાપ્ત થાય છે. તેથી કપાલનિષ્ઠધ્વંસનો પ્રતિયોગી ઘટ છે અને અપ્રતિયોગી ઘટ સિવાયના અન્ય પટાદિ પદાર્થ છે. તેમ આત્મનિષ્ઠધ્વંસનો પ્રતિયોગી તે છે કે જે ભાવ આત્મામાં ધ્વંસ પામતા હોય, અને બહિરાત્મભાવ આત્મનિષ્ઠધ્વંસનો પ્રતિયોગી છે; પરંતુ જે ભાવ આત્મામાં ધ્વંસ પામતા નથી તે ભાવો આત્મનિષ્ઠધ્વંસના અપ્રતિયોગી છે. અને તે જ રીતે ઘટપટાદિ પણ આત્મનિષ્ઠધ્વંસના અપ્રતિયોગી છે કેમ કે ઘટપટાદિનો ધ્વંસ આત્મામાં થતો નથી. તેથી શક્તિનું લક્ષણ માત્ર 'આત્મનિષ્ઠધ્વંસ અપ્રતિયોગીત્વરૂપ' કરીએ તો યદ્યપિ લક્ષણ લક્ષ્યમાં સર્વત્ર જાય છે તો પણ લક્ષ્યથી અતિરિક્ત એવા ઘટપટાદિમાં પણ જાય છે. તેથી લક્ષણનો પરિષ્કાર કરતાં કહે છે કે 'આત્મનિષ્ઠધ્વંસનો અપ્રતિયોગીત્વ' હોતે છતે 'આત્મનિષ્ઠઅત્યંતાભાવનો અપ્રતિયોગી' હોય તે શક્તિ પદાર્થ છે.

આશય એ છે કે જે વસ્તુનો અત્યંતાભાવ જ્યાં વર્તતો હોય તે તેનો પ્રતિયોગી બને, જેમ ઘટનો અત્યંતાભાવ કપાલ સિવાય સર્વત્ર છે; કેમ કે ઉપાદાનકારણમાં કાર્યનો અત્યંતાભાવ હોતો નથી. તેમ આત્મામાં નિશ્ચયનયને પ્રતીયમાન એવા સ્વરૂપનો અત્યંતાભાવ નથી.

યદ્યપિ અભવ્યના આત્મામાં શુદ્ધસ્વરૂપ ક્યારેય પ્રગટ થતું નથી, તો પણ કર્મથી આવૃત્ત નિશ્ચયનયને પ્રતીયમાન એવું શુદ્ધસ્વરૂપ સદા રહે છે, પરંતુ તેનો અત્યંતાભાવ અભવ્યના આત્મામાં નથી. તેનો અત્યંતાભાવ આત્મા સિવાય સર્વત્ર છે, માટે નિશ્ચયનયને પ્રતીયમાન શુદ્ધસ્વરૂપ આત્મનિષ્ઠઅત્યંતાભાવનું અપ્રતિયોગી છે, અને આત્મનિષ્ઠઅત્યંતાભાવના પ્રતિયોગી ઘટપટાદિ છે, પરંતુ નિશ્ચયનયને પ્રતીયમાન તે સ્વરૂપ આત્મનિષ્ઠઅત્યંતાભાવનું પ્રતિયોગી નથી. માટે '**तन्निष्ठध्वंसाऽप्रतियोगित्वे सति**' આટલું લક્ષણ કરવાથી લક્ષણની ઘટપટાદિમાં જે અતિવ્યાપ્તિ આવતી હતી તે વિશેષ્યાંશથી નિવર્તન પામે છે. અને આવું લક્ષણ કરવાને કારણે અંતરાત્મામાં ભૂતપૂર્વ એવો જે બાહ્યાત્મા છે, તેની શક્તિ માનવાનો પ્રસંગ નહિ આવે. કેમ કે બાહ્યાત્માના પર્યાયોનું આત્મનિષ્ઠધ્વંસનું પ્રતિયોગિપણું છે, અને અભવ્યના આત્મામાં અંતરાત્માની અને પરમાત્માની શક્તિના અભાવનો પ્રસંગ નથી. કેમ કે અંતરાત્મપદની પ્રવૃત્તિમાં નિમિત્તભૂત એવું સમ્યગ્દર્શન અને પરમાત્મપદની પ્રવૃત્તિમાં નિમિત્તભૂત એવું કેવલજ્ઞાનાદિ ધર્મોનું અભવ્યમાં આવરણ માત્ર હોવાથી ત્યાં તેનો અત્યંતાભાવ નથી. તેથી અભવ્યના આત્મનિષ્ઠ જે અત્યંતાભાવ તેના તે અપ્રતિયોગી બનશે, પણ પ્રતિયોગી નહિ બને. તેથી લક્ષણની સંગતિ થઇ જશે.

અહીં વિશેષ એ છે કે યદ્યપિ અભવ્યમાં ક્યારેય સમ્યગ્દર્શનાદિ કે કેવલજ્ઞાનાદિ પ્રાદુર્ભાવ થવાનાં નથી, તો પણ તે ધર્મો અભવ્યના આત્મામાં છે. માત્ર તદ્ધર્મનાં આવારક એવાં જે કર્મો છે તેનો વિનાશ થઇ શકે તેવી તેનામાં યોગ્યતા નથી, માટે તે ભાવોનો પ્રાદુર્ભાવ તેમનામાં થતો નથી; પરંતુ કર્મથી આવૃત્તરૂપે તે ભાવો હોવા

છતાં પણ અંતરંગશક્તિરૂપે તે ભાવો અભવ્યના આત્મામાં છે. તેથી તે ભાવોનો અત્યંતાભાવ અભવ્યમાં નથી. તેથી જ નિશ્ચયનયને પ્રતીયમાન એવું શુદ્ધસ્વરૂપ અભવ્યમાં પણ છે. માટે અભવ્યમાં પણ અંતરાત્મા અને પરમાત્માની શક્તિ રહેલી છે, પરંતુ તેની અભિવ્યક્તિ ક્યારેય પણ થવાની નથી.

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું કે અભવ્યમાં સમ્યગ્દર્શન અને કેવલજ્ઞાનાદિ ધર્મોનું આવરણમાત્ર હોવાથી અત્યંતાભાવ નથી, ત્યાં આવરણમાત્રથી તે ભાવો નથી પરંતુ વાસ્તવિક રીતે છે તે બતાવવા માટે આ સાક્ષીપાઠ આપ્યો છે-

**ટીકાર્થ :-** **'अवादिषं च'** અને કહ્યું કે અહીં નિરંજનભાવમાં અંજન પણ વ્યવહારકુશલો કહે છે. એ જ રીતે ઘનપંક્તિ= વાદળાંની શ્રેણિ સહસ્રરશ્મિને=સૂર્યને ઢાંકે. **'त्ति'** ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

**ભાવાર્થ :-** આત્મા નિરંજનભાવવાળો છે ત્યાં કર્મ અંજનરૂપ છે. તેથી વ્યવહરણમાં કુશળ= વ્યવહારનયથી વસ્તુનો વ્યવહાર કરવામાં જેઓ કુશળ છે, તેઓ નિરંજનભાવવાળા એવા આત્મામાં અંજનને પણ=કર્મના આવરણને પણ, કહે છે. અને જે રીતે વાદળાંની પંક્તિ સૂર્યને ઢાંકે છે એ રીતે કર્મો આત્માના નિરંજનભાવને ઢાંકે છે.

**ટીકા :- स्यादेतत्-सम्यग्दर्शनादिमत्त्वं तावन्नान्तरात्मपदप्रवृत्तिनिमित्तं, परमात्मन्यपि सत्त्वात्, किन्तु क्षायोपशमिकसम्यग्दर्शनादिमत्त्वं, तदत्यन्ताभावस्त्वभव्येऽप्यबाधित एव, तत्पर्यायाणां तस्य कदाचिदप्राप्तेरिति। मैवं, सरागसम्यग्दर्शनादेरेवान्तरात्मपदप्रवृत्तिनिमित्तत्वाद्, अन्यथा क्षायिकसम्यग्दृशस्तत्त्वाभावप्रसङ्गात्, तच्च तत्राप्यबाधितमेव।**

**ટીકાર્થ :-** **'स्यादेतत्'** અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે સમ્યગ્દર્શનાદિમત્ત્વ=સમ્યગ્દર્શનાદિસામાન્ય, અંતરાત્મપદપ્રવૃત્તિનિમિત્ત નથી, કેમ કે પરમાત્મામાં પણ રહેલું છે. પરંતુ ક્ષાયોપશમિક સમ્યગ્દર્શનાદિમત્ત્વ અંતરાત્મપદપ્રવૃત્તિનિમિત્ત છે.

વળી તેનો અત્યંતાભાવ=ક્ષાયોપશમિક સમ્યગ્દર્શનાદિનો અત્યંતાભાવ, અભવ્યમાં પણ અબાધિત જ છે, કારણ કે તેને=અભવ્યને, તત્પર્યાયની=ક્ષાયોપશમિક સમ્યક્ત્વપર્યાયની, ક્યારે પણ પ્રાપ્તિ થવાની નથી. **'मैवं'** - તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એ પ્રમાણે ન કહેવું, કેમ કે સરાગસમ્યગ્દર્શનાદિનું જ અંતરાત્મપદપ્રવૃત્તિનિમિત્તપણું છે. અન્યથા=સરાગસમ્યગ્દર્શનાદિનું જ અંતરાત્મપદપ્રવૃત્તિનિમિત્તપણું છે એવું ન માનો તો, ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિને અંતરાત્મત્વના અભાવનો પ્રસંગ પ્રાપ્ત થાય. અને તે=ક્ષાયિકસમ્યગ્દર્શન, ત્યાં=અભવ્યાદિમાં, પણ અબાધિત જ છે.

❀ મુ.પુ.માં **'सरागसम्यग्दर्शनादि'** પાઠ છે ત્યાં **'सरागादिसम्यग्दर्शनादि'** પાઠ હોવાની સંભાવના લાગે છે. કેમ કે સરાગસમ્યગ્દર્શન ૧૦મા ગુણસ્થાનક સુધી જ છે. ૧૧-૧૨મા ગુણસ્થાનકમાં તેનો અસંગ્રહ થાય છે.

તેથી "**संरागादि**' કહેવાથી રાગથી યુક્ત એવું સમ્યગ્દર્શન અને '**आदि**' પદથી પ્રાપ્ત જ્ઞાનાવરણીયાદિથી યુક્ત એવું સમ્યગ્દર્શનનું ગ્રહણ થઇ શકે, અને '**सम्यग्दर्शनादि**' છે ત્યાં '**आदि**' પદથી સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનું ગ્રહણ કરવાનું છે.

**ટીકા :- अथ तत्र सम्यग्दर्शनादिसत्त्व एव किं प्रमाणम्? इति चेत्? आत्मनो गुणस्वभावत्वान्यथानुपपत्तिरेव। तत्रैव किं मानम्? इति चेत्? अत्राचष्ट स्पष्टमिदमष्टसहस्त्रीकारो यद्** "मिथ्यादर्शनापकर्षकप्रकर्षकत्वेन तद्विरोधितया सिद्धस्य सम्यग्दर्शनादेः प्रकृष्यमाणत्वेन सिद्धेन परमप्रकर्षेण सिद्धमिथ्यादर्शनात्यन्तनिवृत्तेरन्यथानुपपत्त्या संसारात्यन्तनिवृत्तिसिद्धेः क्वचित् सिद्धनिर्वृतावात्मनि सिद्धं गुणस्वभावत्वमन्यत्राप्यात्मत्वान्यथानुपपत्त्या साध्यते, दोषस्वभावत्वं तु विरोधाद्बाध्यते" **इति। तच्चिन्त्यं, तिरोभावदशायामपि शक्त्या सत्त्वात् सातत्येन दोषवत्त्वरूपस्य दोषस्वभावत्वस्य परपर्यनुयुक्तस्यानादिनिगोदसिद्धस्यात्मत्वान्यथानुपपत्त्याऽन्यत्राप्यनिवार्यत्वात्, न खलु दोषगुणयोरविरोधे तदुभयस्वभावविरोधो नाम, अविष्वग्भावस्यैव स्वभावार्थत्वाद्।**

❀ ટીકામાં **सिद्धनिर्वृता** શબ્દને ઠેકાણે **सिद्धनिवृत्ता** શબ્દ ભાસે છે.

**ટીકાર્થ :- 'अथ'** - **'अथ'**થી પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે ત્યાં=અભવ્યાદિમાં, સમ્યગ્દર્શનાદિ હોવામાં જ શું પ્રમાણ છે?

તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે આત્માના ગુણસ્વભાવત્વની અન્યથાનુપપત્તિ જ (અભવ્યાદિમાં સમ્યગ્દર્શનાદિ હોવામાં પ્રમાણ છે.)

**'तत्रैव'** - અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે તેમાં પણ=આત્માને ગુણસ્વભાવવાળો જ માનવામાં પણ, શું પ્રમાણ છે?

તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે-

**'अत्राचष्ट'** - અહીંયાં=આત્માનો ગુણસ્વભાવત્વ માનવાના વિષયમાં, અષ્ટસહસ્રીકાર જે આ=વક્ષ્યમાણ, કહે છે તે ચિંત્ય છે, એ પ્રમાણે અન્વય છે.

અષ્ટસહસ્રીકારનું કથન આ પ્રમાણે છે-

**'यद्'** (સમ્યગ્દર્શનમાં) મિથ્યાદર્શનનું અપકર્ષક એવું પ્રકર્ષકપણું હોવાના કારણે તેના=મિથ્યાદર્શનના, વિરોધીપણાથી સિદ્ધ એવા સમ્યગ્દર્શનાદિના પ્રકૃષ્યમાણપણા વડે સિદ્ધ એવા (સમ્યગ્દર્શનના) પરમ પ્રકર્ષથી સિદ્ધ એવી મિથ્યાદર્શનની અત્યંત નિવૃત્તિની અન્યથા અનુપપત્તિ હોવાના કારણે, સંસારની અત્યંત નિવૃત્તિની સિદ્ધિથી કોઇક ઠેકાણે સિદ્ધ એવા નિવૃત્ત આત્મામાં સિદ્ધ એવું ગુણસ્વભાવત્વ અન્યત્ર પણ આત્મત્વ અન્યથા અનુપપત્તિ દ્વારા સિદ્ધ કરાય છે. વળી વિરોધ હોવાના કારણે દોષસ્વભાવત્વ બાધા પામે છે. એ પ્રકારે જે અષ્ટસહસ્રીકારે કહ્યું તે ચિંત્ય છે.

અષ્ટસહસ્રીકારનું પૂર્વોક્ત કથન ચિંત્ય છે તેમ કહ્યું તેમાં હેતુ કહે છે-

**'તિરોભાવ'** તિરોભાવદશામાં પણ શક્તિથી દોષસ્વભાવત્વ હોવાથી પર વડે પ્રશ્ન કરાયેલ અનાદિનિગોદમાં સિદ્ધ એવા સાતત્યથી દોષત્વરૂપ દોષસ્વભાવની અન્યથા અનુપપત્તિ હોવાને કારણે અન્યત્ર પણ=સિદ્ધમાં પણ, અનિવાર્યપણું છે.

**ભાવાર્થ :-** સમ્યગ્દર્શનનો જેમ જેમ પ્રકર્ષ થાય છે તેમ તેમ મિથ્યાદર્શનનો અપકર્ષ થાય છે. તેથી મિથ્યાદર્શનના અપકર્ષને કરનાર એવા પ્રકર્ષવાળું સમ્યગ્દર્શન છે.

યદ્યપિ મિથ્યાદર્શન અને સમ્યગ્દર્શન એક સાથે જીવમાં વર્તતાં નથી, તેથી જ્યારે જીવમાં સમ્યગ્દર્શન વર્તતું હોય ત્યારે મિથ્યાદર્શનનો ઉદય હોતો નથી; તો પણ જેમ જેમ સમ્યગ્દર્શન સંસ્કારરૂપે ઘનિષ્ઠ બનતું જાય છે તેમ તેમ મિથ્યાદર્શનના સંસ્કારોનો અપકર્ષ થાય છે, અને સત્તામાં રહેલી મિથ્યાદર્શનની નિષ્પાદક એવી કર્મપ્રકૃતિ પણ શિથિલ શિથિલતર બનતી જાય છે. તેથી જ સમ્યગ્દર્શનને અનુકૂળ એવો ક્ષયોપશમભાવ અતિશયવાળો થતો જાય છે. તેથી સમ્યગ્દર્શનના ક્ષયોપશમભાવના પ્રકર્ષને કારણે મિથ્યાદર્શનના સંસ્કારો અને તેની નિષ્પાદક પ્રકૃતિનો અપકર્ષ થાય છે, તેથી મિથ્યાદર્શનના અપકર્ષને કરનાર એવા પ્રકર્ષવાળું સમ્યગ્દર્શન છે એમ કહેલ છે. અને તેના કારણે મિથ્યાદર્શનના વિરોધીપણાથી સિદ્ધ એવું સમ્યગ્દર્શન છે, કેમ કે જેના પ્રકર્ષથી જે અન્યનો અપકર્ષ થાય તે બંનેનો પરસ્પર વિરોધીભાવ છે. અને આ રીતે સમ્યગ્દર્શન પ્રયત્નથી પ્રકૃષ્યમાણ છે(પ્રકર્ષ પામતું છે.), તેથી તેનો પરમપ્રકર્ષ પણ થઇ શકે છે તેમ સિદ્ધ થાય છે, કેમ કે જે પ્રકૃષ્યમાણ હોય તેનો પરમપ્રકર્ષ પણ અવશ્ય હોવો જોઇએ. અને સમ્યગ્દર્શનના પરમપ્રકર્ષ વડે તેનાથી વિરોધી હોવાથી મિથ્યાદર્શનની અત્યંત નિવૃત્તિ સિદ્ધ થાય છે, કેમ કે સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શન પરસ્પર વિરોધી હોવાથી જે વ્યક્તિમાં સમ્યગ્દર્શનનો પરમપ્રકર્ષ પ્રાપ્ત થાય તે વ્યક્તિમાં તેના વિરોધી એવા મિથ્યાદર્શનની અત્યંત નિવૃત્તિ અવશ્ય સિદ્ધ થાય. અને સંસારનું બીજ મિથ્યાદર્શન છે, તેથી જ જીવો સદા સંસારને ટકાવી શકે છે. માટે જે વ્યક્તિમાં મિથ્યાદર્શનની અત્યંત નિવૃત્તિ થાય ત્યાં થોડા કાળમાં અવશ્ય સંસારની નિવૃત્તિ પ્રાપ્ત થાય. તેથી અન્યથા અનુપપત્તિ હોવાથી=સંસારની અત્યંત નિવૃત્તિ વિના મિથ્યાદર્શનની અત્યંત નિવૃત્તિની અનુપપત્તિ હોવાથી, મિથ્યાદર્શનની નિવૃત્તિથી સંસારની અત્યંત નિવૃત્તિની સિદ્ધિ થાય છે. અને સંસારની અત્યંત નિવૃત્તિની સિદ્ધિ થવાથી ક્વચિત્ નિવૃત્ત આત્માની સિદ્ધિ થાય છે=કોઇક આત્મા સંસારથી અત્યંત મુક્ત થયો છે એમ સિદ્ધ થાય છે. અને તે સિદ્ધ એવા નિવૃત્ત આત્મામાં ગુણસ્વભાવત્વ સિદ્ધ થાય છે, કેમ કે ગુણોનો પ્રકર્ષ થવાથી જ સંસારની અત્યંત નિવૃત્તિ થઇ છે અને મોક્ષની પ્રાપ્તિ થઇ છે. તેથી મુક્તાત્મામાં ગુણસ્વભાવત્વની સિદ્ધિ થાય છે.

યદ્યપિ તે ગુણસ્વભાવત્વ સંસારવર્તી અન્ય આત્માઓમાં નથી, તો પણ આત્મત્વની અન્યથા અનુપપત્તિના કારણે શક્તિરૂપે પણ જો તેમાં ગુણસ્વભાવત્વ ન હોય તો આત્મત્વની ત્યાં અનુપપત્તિ થાય છે. એથી ત્યાં ગુણસ્વભાવત્વ મનાય છે; કેમ કે ત્યાં આત્મત્વ છે, તેથી વર્તમાનમાં ત્યાં ગુણસ્વભાવત્વ પ્રગટ નહિ હોવા છતાં શક્તિરૂપે ત્યાં અવશ્ય છે.

યદ્યપિ તે આત્માઓમાં અત્યારે દોષસ્વભાવત્વ દેખાય છે, તો પણ મુક્તાત્મામાં જે ગુણસ્વભાવત્વ છે તેનો વિરોધી દોષસ્વભાવત્વ હોવાથી તે બાધ પામે છે, અર્થાત્ જીવનો દોષસ્વભાવ નથી એમ માનવું પડે. આ રીતે યુક્તિપૂર્વક અષ્ટસહસ્રીકારે જીવનો ગુણસ્વભાવત્વ કેમ છે તે સિદ્ધ કરેલ છે.

-: અષ્ટસહસ્રીકારના કથનનો સંક્ષિપ્ત સાર :-

મિથ્યાત્વ અને સમ્યક્ત્વ એ બંને પરસ્પર વિરોધી છે. સંસારાવસ્થામાં જીવોને મિથ્યાદર્શન હોય છે તેનાથી સંસાર ઊભો રહે છે, અને સમ્યગ્દર્શનથી મિથ્યાદર્શનનો અપકર્ષ થાય છે અને પ્રકૃષ્ટ સમ્યગ્દર્શનથી મિથ્યાદર્શનની અત્યંત નિવૃત્તિ થાય છે અને મિથ્યાદર્શનની અત્યંત નિવૃત્તિ થવાથી સંસારની અત્યંત નિવૃત્તિની સિદ્ધિ થાય છે.

યદ્યપિ મિથ્યાદર્શનની અત્યંત નિવૃત્તિ થયા પછી તરત જ સંસારની અત્યંત નિવૃત્તિ થતી નથી, પરંતુ સંસારનું બીજ મિથ્યાદર્શન છે, તેથી બીજનો અત્યંત નાશ થવાથી થોડા સમયમાં સંસારનો અંત થાય છે અને તેથી જ મોક્ષની સિદ્ધિ થાય છે; કેમ કે ગુણના પ્રકર્ષથી જ મોક્ષની પ્રાપ્તિ છે. આથી જ મોક્ષવર્તી જીવોમાં જે ગુણસ્વભાવત્વ છે તે ગુણસ્વભાવત્વ સંસારી જીવોમાં પણ શક્તિરૂપે અવશ્ય છે; કેમ કે મોક્ષવર્તી આત્માઓ જેવું જ આત્મત્વ અન્ય જીવોમાં પણ છે, અને દોષસ્વભાવત્વ ગુણસ્વભાવત્વની સાથે વિરોધી હોવાથી બાધા પામે છે. આ પ્રકારનું અષ્ટસહસ્રીકારનું કથન ચિંત્ય છે, કેમ કે આપણે જીવમાં ગુણસ્વભાવત્વ માનીએ છીએ ત્યાં, પર વડે પ્રશ્ન કરાયો છે કે જીવમાં તિરોભાવદશામાં પણ શક્તિથી દોષસ્વભાવત્વ હોવાથી સાતત્યેન દોષસ્વભાવ છે, અર્થાત્ જીવમાં સતત દોષસ્વભાવ હોય જ છે. ક્વચિત્ દોષસ્વભાવ આવિર્ભાવરૂપે હોય છે તો ક્વચિત્ તિરોભાવરૂપે હોય છે. આવા પ્રકારના પરના વક્તવ્યથી કહેવાયેલ દોષસ્વભાવત્વ અનાદિનિગોદમાં સિદ્ધ જ છે, કેમ કે ત્યાં મિથ્યાદર્શનાદિ દોષસ્વભાવ આવિર્ભાવરૂપે જ હોય છે. અને તેવો દોષસ્વભાવ સિદ્ધમાં પણ અનિવાર્ય છે, કેમ કે દોષસ્વભાવત્વ વિના આત્મત્વની અનુપપત્તિ છે.

તાત્પર્ય એ છે કે અષ્ટસહસ્રીકારે સમ્યગ્દર્શનાદિની સિદ્ધિ દ્વારા મિથ્યાદર્શનાદિની નિવૃત્તિની સિદ્ધિ કરી, તેનાથી સંસારની નિવૃત્તિની સિદ્ધિ કરી; અને તે રીતે સિદ્ધાત્માની સિદ્ધિ કરી. અને સિદ્ધના આત્મામાં ગુણસ્વભાવત્વ છે માટે અન્ય આત્માઓમાં પણ ગુણસ્વભાવત્વ છે એમ સિદ્ધ કર્યું. તે જ રીતે કોઇ એમ કહે કે સંસારવર્તી જીવોમાં જ્યારે ગુણો આવિર્ભાવ થાય છે ત્યારે દોષો તિરોભાવ થઇ જાય છે તેમ દેખાય છે તે વખતે પણ દોષો શક્તિથી અવશ્ય ત્યાં હોય છે. તેથી નિમિત્તને પામીને ફરી દોષો આવિર્ભાવ થતા પણ દેખાય છે. માટે જીવમાં સતત દોષસ્વભાવત્વ છે; ક્વચિત્ તે વ્યક્તિરૂપે હોય કે ક્વચિત્ તે શક્તિરૂપે હોય, પણ દોષસ્વભાવ જીવમાં સદા રહેનારો છે. આ પ્રમાણે કોઇ કહે છે અને અનાદિનિગોદમાં તેવો દોષસ્વભાવ પ્રગટ દેખાય છે.

જેમ અષ્ટસહસ્રીકારે મોક્ષમાં ગુણસ્વભાવ પ્રગટ દેખાડ્યો, અને તેના દ્વારા સંસારવર્તી જીવોમાં પણ આત્મત્વની અન્યથા અનુપપત્તિ દ્વારા ગુણસ્વભાવત્વની સિદ્ધિ કરી; તેમ કોઇ એમ કહે કે, નિગોદમાં સિદ્ધ એવું દોષસ્વભાવત્વ અન્યત્ર પણ=મોક્ષમાં પણ, શક્તિરૂપે છે; કેમ કે દોષસ્વભાવત્વ વગર આત્મત્વ ત્યાં ઘટી શકે નહિ. આ રીતની યુક્તિથી દોષસ્વભાવત્વની પણ સિદ્ધિ કરી શકાય, માટે અષ્ટસહસ્રીકારનું કથન ચિંત્ય છે. કેમ કે જેમ અષ્ટસહસ્રીકારે ગુણસ્વભાવત્વની સિદ્ધિ કરી તે યુક્તિથી દોષસ્વભાવત્વની પણ ત્યાં સિદ્ધિ થઇ શકે છે. તેથી અષ્ટસહસ્રીકારના કથનમાં આત્માને દોષસ્વભાવત્વ માનવાની આપત્તિનો પ્રસંગ પ્રાપ્ત થાય છે.

**ઉત્થાન :-** **'तच्चिन्त्यं'**માં જે હેતુ કહ્યો તેનાથી **'परे'** સિદ્ધમાં દોષસ્વભાવત્વ સિદ્ધ કર્યું. યદ્યપિ સિદ્ધમાં દોષો આવિર્ભાવરૂપે નથી, પણ આ યુક્તિથી સિદ્ધમાં તિરોભાવરૂપે દોષસ્વભાવ માની શકાય, જે શક્તિરૂપે છે. તેથી જેમ અષ્ટસહસ્રીકાર સિદ્ધમાં રહેલા ગુણસ્વભાવત્વ દ્વારા અભવ્યાદિમાં શક્તિરૂપે ગુણસ્વભાવત્વ છે તેમ સિદ્ધ

કરે છે, તે યુક્તિથી સિદ્ધમાં પણ શક્તિથી દોષસ્વભાવત્વ છે તેમ માની શકાય. પરંતુ અષ્ટસહસ્રીકારે કહ્યું કે દોષસ્વભાવત્વ વિરોધીપણાથી બાધા પામે છે. તેથી તેના સમાધાનરૂપે ગ્રંથકાર કહે છે-

**ટીકાર્થ :- 'न खलु'** વળી દોષ અને ગુણનો અવિરોધ હોતે છતે તદુભયસ્વભાવનો વિરોધ નથી. કેમ કે અવિષ્વગ્ભાવનુંજ સ્વભાવઅર્થપણું છે.

**ભાવાર્થ :-** ગુણ અને દોષ આવિર્ભાવરૂપે બે સાથે રહી શકતા નથી, જેમ મિથ્યાદર્શન અને સમ્યગ્દર્શન સાથે રહી શકતા નથી. કેમ કે જ્યારે સમ્યગ્દર્શનરૂપ ગુણ આવિર્ભાવ પામે છે ત્યારે મિથ્યાદર્શનરૂપ દોષ તિરોભાવ પામે છે. તેમ છતાં, ગુણ અને દોષનો પરસ્પર વિરોધ નથી, કેમ કે બંને એક સાથે જીવમાં રહી શકે છે ફક્ત તે બંનેમાંથી એક આવિર્ભાવરૂપે હોય છે જ્યારે બીજો તિરોભાવરૂપે હોય છે. તેથી જ સંસારાવસ્થામાં જ્યારે દોષ આવિર્ભાવરૂપે હોય છે ત્યારે ગુણ તિરોભાવરૂપે હોય છે અને જ્યારે ગુણ આવિર્ભાવરૂપે હોય છે ત્યારે દોષ તિરોભાવરૂપે હોય છે. તેથી જીવમાં એક સાથે ગુણ અને દોષ એ બંનેનો અવિરોધ છે. તેથી જીવનાં ઉભયસ્વભાવત્વનો અવિરોધ છે, કેમ કે અવિષ્વગ્ભાવનું જ સ્વભાવઅર્થપણું છે=જીવની સાથે જેમ ગુણો અવિષ્વગ્ભાવરૂપે રહે છે તેમ દોષો પણ અવિષ્વગ્ભાવ રૂપે રહે છે. તેથી જીવમાં ઉભયસ્વભાવ માનવાનો પ્રસંગ અષ્ટસહસ્રીકારને યુક્તિથી આ રીતે પ્રાપ્ત થશે, તેમ સિદ્ધાંતકાર કહે છે. માટે અષ્ટસહસ્રીકારનું કથન ચિંત્ય છે.

❀ **'અવિષ્વગ્ભાવ'** એટલે - આત્માના ગુણો આત્માથી ક્યારેય છૂટા પડતા નથી, તેથી ગુણો આત્મામાં "અવિષ્વગ્ભાવ"રૂપે રહેલા છે એમ કહી શકાય. ક્યારેય છૂટા ન પડવા સ્વરૂપ સ્વભાવ તે અવિષ્વગ્ભાવ.

**-: અષ્ટસહસ્રીકારનું કથન ચિંત્ય કેમ છે? તેનો સંક્ષિપ્ત સાર :-**

અનાદિનિગોદમાં દોષસ્વભાવત્વ પ્રત્યક્ષ સિદ્ધ છે, અને ગુણ તથા દોષ આત્માને છોડીને ક્યાંય રહેતા નથી, તેથી સિદ્ધમાં ગુણસ્વભાવત્વના બળથી અન્યત્ર પણ=અભવ્યાદિમાં પણ, અન્યથા અનુપપત્તિ દ્વારા ગુણસ્વભાવત્વની સિદ્ધિ જેમ અષ્ટસહસ્રીકાર કરી શકે છે, તેમ સિદ્ધાવસ્થામાં પણ આત્મત્વની અન્યથા અનુપપત્તિ દ્વારા દોષસ્વભાવત્વની સિદ્ધિ થઇ શકે છે.

જેમ અષ્ટસહસ્રીકારને સંમત એવું ગુણસ્વભાવત્વ સિદ્ધાવસ્થામાં આવિર્ભાવરૂપ છે અને સંસારાવસ્થામાં શક્તિરૂપે છે, તેમ સિદ્ધાવસ્થામાં દોષસ્વભાવત્વ શક્તિરૂપે છે અને નિગોદાવસ્થામાં આવિર્ભાવરૂપે છે. આ રીતે દોષ અને ગુણનો જીવમાં એક સાથે રહેવામાં અવિરોધ સિદ્ધ થયે છતે જીવમાં ઉભયસ્વભાવ માનવામાં કોઇ વિરોધ રહેતો નથી. કેમ કે અવિષ્વગ્ભાવનું જ સ્વભાવ અર્થપણું છે અને જીવમાં દોષ અને ગુણ બંને અવિષ્વગ્ભાવરૂપે જ છે, તેથી જીવનો ઉભયસ્વભાવ સિદ્ધ થાય, પણ ફક્ત ગુણસ્વભાવની સિદ્ધિ થઇ શક્તી નથી. તેથી અષ્ટસહસ્રીકારનું કથન ચિંત્ય છે.

**ટીકા :- एतेन "स्फटिके श्यामिकेवात्मन्यज्ञानादिकमुपाधिजनितत्वान्न स्वभावः, अपि तु तत्रोज्ज्वलतेवात्मनि ज्ञानादिकमेव स्वभावः" इति परास्तं, दृष्टान्तवैषम्यात्, स्फटिके श्यामिकायाः स्वाश्रयसंयोग-**

रूपपरम्परासंबन्धादुज्ज्वलतायास्तु साक्षात्संबन्धात्, साक्षात् संबन्धेन तत्र श्यामिकाभ्रमजननेनैवोपाधेश्चरितार्थत्वाद्, अत्र तु कर्मात्मजनितदोषगुणयोरविष्वग्भाव-लक्षणसंबन्धाऽविशेषादेव। "अशुद्धनिश्चयग्राह्यो धर्मो दोषः, शुद्धनिश्चयग्राह्यस्तु गुण इति शुद्धनिश्चयग्राह्यधर्मवत्त्वैवात्मनो गुणस्वभावत्वमिति चेत्? न, गुणस्वभावत्वसिद्धौ तथाग्राह्यत्वसिद्धिस्तत्सिद्धौ च तत्सिद्धिरित्यन्योन्याश्रयादिति।

अत्रोच्यते-सम्यग्दर्शनादिकं तावन्नित्यमेव कल्प्यते, आवरणविलयाऽविलयाभ्यां तदाविर्भावतिरोभावयोरेवाभ्युपगमात्, तस्य च तादात्म्यमात्मत्वावच्छेदेनैवेति सिद्धमात्मनस्तत्स्वभावत्वम्। अज्ञानादिकं त्वावरणोपनीतं भास्वतः प्रकाशाभाववदपारमार्थिकमिति न तत्स्वभावत्वं तस्येति निश्चयः। व्यवहारस्तु सम्यग्दर्शनादिव्यक्तीनामिव मिथ्यादर्शनादिव्यक्तीनामप्यात्मपरिणामत्वाऽविशेषेऽपि गुणानामसाधारणत्वेन तत्स्वभावत्वमात्मनोऽनुमन्यते, न खल्वौष्ण्यादीनामिव रूपादीनामपि तेजोगुणत्वाऽविशेषेऽपि तस्यौष्ण्यस्वभावत्वमिव रूपादिस्वभावत्वमपि व्यवह्रियते, 'स्वस्यैव भावः' इति व्युत्पत्त्यर्थस्य तन्नियामकत्वात्। न च मिथ्यादर्शनादीनामप्यसाधारणत्वं शङ्कनीयं, सिद्धेषु तदभावात्। न च सम्यग्दर्शनादेरप्यभव्याद्यवृत्तित्वेन नाऽसाधारण्यं सम्यग्दर्शनादिजनकशक्तेः प्रमाणबलेनात्मत्वपुरस्कारेणैव कल्पनात्। न च कर्मरूपैव तच्छक्तिः, तत्क्षयेणापि तदुत्पत्तेरित्याद्यूह्यम्॥१२५॥

**टीकार्थ :-** **'एतेन'** આનાથી=પૂર્વમાં કહ્યું કે અવિષ્વગ્ભાવનું જ સ્વભાવ અર્થપણું છે, તેથી દોષ અને ગુણનો અવિરોધ હોવાથી આત્માનો ઉભયસ્વભાવ માનવામાં વિરોધ નથી આ કથનથી, વક્ષ્યમાણ કથન પણ પરાસ્ત જાણવું.

તે વક્ષ્યમાણ કથન આ પ્રમાણે છે-

**'स्फटिके'** સ્ફટિકમાં શ્યામિકાની જેમ આત્મામાં અજ્ઞાનાદિક ઉપાધિજનિત હોવાથી સ્વભાવરૂપ નથી, પરંતુ ત્યાં= સ્ફટિકમાં, ઉજ્જ્વલતાની જેમ આત્મામાં જ્ઞાનાદિક જ સ્વભાવરૂપ છે. આ પ્રમાણે કથન **'एतेन'**થી પરાસ્ત જાણવું, કેમ કે દૃષ્ટાંતનું વૈષમ્ય છે.

તેમાં હેતુ કહે છે-

**'स्फटिके'** સ્ફટિકમાં શ્યામિકાનો સ્વાશ્રયસંયોગરૂપ પરંપરાસંબંધ અને ઉજ્જ્વલતાનો સાક્ષાત્ સંબંધ છે.

**ભાવાર્થ :-** પૂર્વમાં યુક્તિ દ્વારા જીવનો ઉભયસ્વભાવ સિદ્ધ કર્યો ત્યાં, કોઇ દૃષ્ટાંતના બળથી જીવનો ગુણસ્વભાવ છે પણ દોષસ્વભાવ નથી એમ સિદ્ધ કરવા યત્ન કરે તો તે કથન પરાસ્ત છે. કેમ કે જીવમાં ગુણ અને દોષ બંને અવિષ્વગ્ભાવરૂપે જ રહેલા છે, તેથી તે બંને સ્વભાવરૂપ જ છે. જ્યારે દૃષ્ટાંતમાં સ્ફટિકમાં શ્યામિકા અવિષ્વગ્ભાવરૂપ નથી અને ઉજ્જ્વલતા અવિષ્વગ્ભાવરૂપે છે, તેથી ઉજ્જ્વલતા એ સ્ફટિકનો સ્વભાવ છે, શ્યામિકા સ્વભાવ નથી એમ કહી શકાય, માટે દૃષ્ટાંતની વિષમતા છે. અને તે જ દૃષ્ટાંતની વિષમતા બતાવતાં કહે છે કે, સ્ફટિકની શ્યામિકા સ્વ=શ્યામિકા, તેનો આશ્રય તાપિચ્છકુસુમ, તેના સંયોગરૂપ પરંપરા સંબંધથી છે અને ઉજ્જ્વલતા સાક્ષાત્ સંબંધથી છે. તેથી ઉજ્જ્વલતા સાક્ષાત્ સંબંધથી હોવાને કારણે સ્વભાવરૂપ કહેવાય અને શ્યામિકા પરંપરા સંબંધથી હોવાને કારણે સ્વભાવરૂપ નથી તેમ કહી શકાય. જ્યારે આત્મામાં તો દોષો અને ગુણો બંને સાક્ષાત્ સંબંધથી છે, તેથી બંને જીવના સ્વભાવરૂપ છે તેમ માનવું પડે.

**ઉત્થાન :-** અહીં પૂર્વપક્ષી શંકા કરે કે સ્ફટિકમાં જેમ શ્યામિકા તાપિચ્છકુસુમરૂપ ઉપાધિથી જનિત છે તેમ આત્મામાં દોષો કર્મરૂપ ઉપાધિથી જનિત છે; અને સ્ફટિકમાં જેમ ઉજ્જ્વલતા ઉપાધિથી રહિત વર્તે છે તેમ આત્મામાં જ્ઞાનાદિકગુણો પણ સ્વાભાવિક જ વર્તે છે. તેથી જેમ આત્મામાં દોષો સાક્ષાત્ સંબંધથી છે તેમ સ્ફટિકમાં શ્યામિકા પણ સાક્ષાત્ સંબંધથી છે માટે દૃષ્ટાંતમાં વૈષમ્ય નથી.

સ્ફટિકમાં શ્યામિકા સાક્ષાત્ સંબંધથી એટલા માટે છે કે સ્ફટિકને જોવાથી એમ જ લાગે છે કે આ સ્ફટિક કાળો છે, પરંતુ તાપિચ્છકુસુમમાં રહેલી શ્યામિકા સ્ફટિકમાં છે એવો પ્રતિભાસ થતો નથી. તેથી સ્ફટિકમાં ઉજ્જ્વલતા અને શ્યામિકા બંને સાક્ષાત્સંબંધથી છે માટે દૃષ્ટાંતનું વૈષમ્ય નથી. તેના નિરાકરણરૂપે ગ્રંથકાર કહે છે-

**ટીકાર્થ :- 'साक्षात्'** - સાક્ષાત્સંબંધથી ત્યાં=સ્ફટિકમાં, શ્યામિકાના ભ્રમજનન દ્વારા જ ઉપાધિનું ચરિતાર્થપણું છે. વળી અહીં=આત્મામાં, કર્મજનિત દોષ અને આત્મજનિત ગુણનો અવિષ્વગ્ભાવસંબંધ અવિશેષ=સમાન, જ છે.

**ભાવાર્થ :-** તાપિચ્છકુસુમરૂપ ઉપાધિ જીવને ભ્રમ પેદા કરે છે કે પુરોવર્તી સ્ફટિક જ સાક્ષાત્ શ્યામ છે. પરંતુ વસ્તુતઃ સ્ફટિકમાં શ્યામિકા નથી, તાપિચ્છકુસુમમાં જ છે. તેથી શ્યામિકાનો અવિષ્વગ્ભાવરૂપ સંબંધ સ્ફટિકમાં નથી પરંતુ તાપિચ્છકુસુમમાં જ છે. માટે શ્યામિકા એ તાપિચ્છકુસુમનો જ સ્વભાવ છે સ્ફટિકનો સ્વભાવ નથી. જ્યારે ઉજ્જ્વલતા તો અવિષ્વગ્ભાવરૂપે જ સ્ફટિકમાં રહેલ છે તેથી ઉજ્જ્વલતા એ સ્ફટિકનો સ્વભાવ છે. અને વળી આત્મામાં કર્મજનિત દોષ અને આત્મજનિત ગુણનો અપૃથક્ભાવ સંબંધ સમાન જ છે, તેથી આત્માનો ઉભયસ્વભાવ માનવો પડે; જ્યારે સ્ફટિકનો ફક્ત ઉજ્જ્વલતા સ્વભાવ જ છે. તેથી દૃષ્ટાંતમાં વૈષમ્ય હોવાથી તેના બળથી આત્માનો દોષસ્વભાવ નથી પણ ગુણસ્વભાવ જ છે, તેમ સિદ્ધ થઇ શકે નહિ.

અહીં વિશેષ એ છે કે તાપિચ્છકુસુમ જેમ સ્વયં કાળું છે, તેમ ઉપાધિરૂપ કર્મ સ્વયં કષાયની પરિણતિવાળાં નથી. તેથી તાપિચ્છકુસુમની કાળાશનો ભ્રમ જેમ સ્ફટિકમાં થાય છે, તેમ કર્મમાં વર્તતી ક્રોધાદિ સ્વભાવની પરિણતિ આત્મામાં પ્રતિભાસ થાય છે તેમ કહી શકાય નહિ. પરંતુ કર્મને નિમિત્ત કરીને આત્મામાં જે દોષો પેદા થાય છે તે સાક્ષાત્ સંબંધથી આત્મામાં જ અપૃથગ્ભાવરૂપે વર્તે છે.

**ટીકાર્થ :- 'अशुद्ध'** અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે અશુદ્ધનિશ્ચયગ્રાહ્ય ધર્મ દોષરૂપ છે અને શુદ્ધનિશ્ચયગ્રાહ્ય ધર્મ ગુણરૂપ છે. એથી કરીને શુદ્ધનિશ્ચયગ્રાહ્ય ધર્મવત્તયા= શુદ્ધનિશ્ચયગ્રાહ્ય ધર્મવાળો હોવા રૂપે, આત્માનું ગુણસ્વભાવપણું કહી શકાય.

**'न'** તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે ગુણસ્વભાવત્વની સિદ્ધિ થયે છતે તથાગ્રાહ્યત્વની સિદ્ધિ થાય અને તત્સિદ્ધિ થયે છતે=તથાગ્રાહ્યત્વની સિદ્ધિ થયે છતે, તત્સિદ્ધિ=ગુણસ્વભાવત્વની સિદ્ધિ, થાય, એ પ્રમાણે અન્યોન્યાશ્રય દોષ આવે છે.

❀ **'इति'** શબ્દ અષ્ટસહસ્રીકારના કથનને ચિંત્ય=વિચારવા યોગ્ય છે, એમ કહીને તેનું નિરાકરણ કર્યું તેની સમાપ્તિ સૂચક છે.

**ભાવાર્થ :-** પૂર્વપક્ષીના કથનનું તાત્પર્ય એ છે કે શુદ્ધનિશ્ચયગ્રાહ્ય ધર્મ જ સ્વભાવભૂત હોય છે, કારણ કે શુદ્ધનિશ્ચયનય કોઇ પણ વસ્તુના શુદ્ધસ્વરૂપને જ સ્વીકારે છે. તેથી શુદ્ધનિશ્ચયગ્રાહ્ય ધર્મવાળો હોવા રૂપે આત્મા ગુણસ્વભાવવાળો માની શકાય છે પણ દોષ સ્વભાવવાળો કેવી રીતે માની શકાય?

તેનો ઉત્તર આપતાં ગ્રંથકારે કહ્યું કે આ વાત અયુક્ત છે, કેમ કે અન્યોન્યાશ્રયદોષથી દુષ્ટ છે. અહીં અન્યોન્યાશ્રયદોષ આ પ્રમાણે છે-

આત્મા ગુણસ્વભાવવાળો હોવો સિદ્ધ થાય તો જ ગુણ શુદ્ધનિશ્ચયગ્રાહ્ય ધર્મ તરીકે સિદ્ધ થાય, અને ગુણ શુદ્ધનિશ્ચયગ્રાહ્ય ધર્મ તરીકે સિદ્ધ થાય તો જ આત્મા ગુણસ્વભાવવાળો હોવો સિદ્ધ થાય. આ રીતે અન્યોન્યાશ્રય દોષ આવતો હોવાથી માત્ર ગુણસ્વભાવવાળો આત્મા સિદ્ધ કરી શકાતો નથી.

**ઉત્થાન :-** અષ્ટસહસ્રીકારના અભિપ્રાયને અનુસરીને દોષસ્વભાવત્વ પણ સિદ્ધ થઇ જતું હોવાથી ગ્રંથકાર પોતાને અભિમત ગુણસ્વભાવવત્વ સિદ્ધ કરતાં કહે છે-

**ટીકાર્થ :- 'अत्रोच्यते'** - અહીંયાં=આત્માના ગુણસ્વભાવત્વની સિદ્ધિમાં, કહેવાય છે- સમ્યગ્દર્શનાદિક નિત્ય જ કલ્પાય છે, કેમ કે આવરણના વિલય અને અવિલય દ્વારા (અનુક્રમે) તેનો=સમ્યગ્દર્શનાદિનો, આવિર્ભાવ અને તિરોભાવનો જ સ્વીકાર છે; અને તેનું=સમ્યગ્દર્શનાદિનું, આત્મત્વાવચ્છેદન જ તાદાત્મ્ય છે. એથી કરીને આત્માનો તત્સ્વભાવત્વ=ગુણસ્વભાવત્વ, સિદ્ધ છે, અને અજ્ઞાનાદિક તો આવરણથી ઉપનીત સૂર્યના પ્રકાશાભાવની જેમ અપારમાર્થિક છે. એથી કરીને તેનું=જીવનું, તત્સ્વભાવત્વ=દોષસ્વભાવત્વ, નથી; એ પ્રમાણે નિશ્ચયનય કહે છે.

**ભાવાર્થ :-** સમ્યગ્દર્શનાદિ આત્મામાં ક્યારેક શક્તિરૂપે હોય છે અને ક્યારેક વ્યક્તિરૂપે હોય છે, પણ સદા હોય જ છે, તેથી નિત્ય જ છે એમ મનાય છે. જ્યારે આવરણનો વિલય થાય છે ત્યારે તે આવિર્ભાવરૂપે હોય છે અને આવરણનો અવિલય થાય છે ત્યારે તેનો તિરોભાવ હોય છે; જ્યારે મિથ્યાદર્શનાદિ દોષો આવરણના વિલય અને અવિલય દ્વારા આવિર્ભાવરૂપ કે તિરોભાવરૂપ નથી, પરંતુ જ્યારે સમ્યગ્દર્શનાદિ ગુણ ઉપર આવરણ આવી જાય છે ત્યારે, તે ગુણ તિરોભાવ થવાથી વિદ્યમાન ચેતના તે સમ્યગ્દર્શનના આવારકકર્મના સાન્નિધ્યથી વિપરીત પરિણામવાળી થાય છે, તે જ મિથ્યાદર્શનનો પરિણામ છે. અને જ્યારે તે આવરણ ચાલ્યું જાય છે, ત્યારે તે ચેતનામાં વૈપરીત્ય નાશ પામે છે, અને આવૃત્ત એવો સમ્યગ્દર્શનાદિ પરિણામ આવિર્ભાવ પામે છે. તેથી મિથ્યાદર્શનાદિને નિત્ય માન્યાં નથી પરંતુ સમ્યગ્દર્શનાદિને નિત્ય માન્યાં છે.

અને સમ્યગ્દર્શનાદિનું આત્મત્વાવચ્છેદન તાદાત્મ્ય છે એમ કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, સમ્યગ્દર્શનાદિ ગુણો સર્વ આત્મામાં તાદાત્મ્યભાવથી રહે છે, તેથી આત્માનો ગુણસ્વભાવત્વ સિદ્ધ થાય છે.

વળી જેમ સૂર્ય ઉપર આવરણ આવી જાય ત્યારે સૂર્યનો પ્રકાશાભાવ દેખાય છે, તે વાસ્તવિક સૂર્યનો સ્વભાવ નથી, પણ અપારમાર્થિક છે. તેમ આત્માના સમ્યગ્દર્શનાદિ ગુણો ઉપર આવરણ આવી જાય છે ત્યારે અજ્ઞાનાદિ પ્રાદુર્ભાવ થાય છે. તેથી અજ્ઞાનાદિ તો અપારમાર્થિક છે, એથી જીવનો દોષસ્વભાવત્વ નથી એમ નિશ્ચયનય કહે છે.

**ટીકાર્થ :- 'व्यवहारस्तु'** વળી વ્યવહારનય સમ્યગ્દર્શનાદિ વ્યક્તિની(=પદાર્થની) જેમ મિથ્યાદર્શનાદિ વ્યક્તિઓનું પણ આત્મપરિણામપણું અવિશેષ હોવા છતાં પણ, ગુણોનું અસાધારણપણું હોવાને કારણે તત્સ્વભાવત્વ= ગુણસ્વભાવત્વ, આત્માનું માને છે. ઉષ્ણતાદિની જેમ રૂપાદિનું પણ તેજસ્‌ગુણપણું અવિશેષ હોવા છતાં પણ, તેના=તેજસ્ દ્રવ્યના ઉષ્ણસ્વભાવત્વની જેમ રૂપાદિસ્વભાવત્વ પણ વ્યવહાર કરાતું નથી. કેમ કે સ્વનો જ ભાવ ( તે સ્વભાવ ) એ પ્રમાણે વ્યુત્પત્તિ અર્થનું તન્નિયામકપણું=સ્વભાવવ્યવહારનું નિયામકપણું છે.

**ભાવાર્થ :-** વ્યવહારનયના અભિપ્રાયે તો સમ્યગ્દર્શનાદિની જેમ મિથ્યાદર્શનાદિ પણ આત્મપરિણામરૂપ હોવા છતાં, જે ગુણો અસાધારણ હોય તે આત્માના સ્વભાવરૂપે મનાય છે. જેમ રૂપાદિ પણ તૈજસ્ દ્રવ્યના ગુણ તો છે પણ તેના સ્વભાવભૂત કહેવાતા નથી, કારણ કે 'સ્વનો જ ભાવ=હોવાપણું, તે સ્વભાવ' એ પ્રકારનો વ્યુત્પત્તિ અર્થ વ્યવહારનો નિયામક છે. તેથી રૂપાદિ તો પુદ્‌ગલસાધારણ હોવાથી તૈજસ્ દ્રવ્યનો અસાધારણ ગુણ નથી, માટે તૈજસ્ દ્રવ્યના સ્વભાવરૂપ કહેવાતો નથી. માત્ર ઉષ્ણતા જ તૈજસ્ દ્રવ્યના સ્વભાવરૂપ ગુણ કહેવાય છે. તેમ સમ્યગ્દર્શનાદિ જ અસાધારણ ધર્મ હોવાથી આત્માના સ્વભાવ તરીકે કહેવાય છે.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે સમ્યગ્દર્શનાદિ આત્માના અસાધારણ ધર્મરૂપ હોવાથી આત્માના સ્વભાવ તરીકે કહેવાય છે, તેમ મિથ્યાદર્શનાદિ પણ પુદ્‌ગલાદિમાં ન હોવાથી એ પણ આત્માના અસાધારણ ગુણ બની શકે છે. તેથી કહે છે-

**ટીકાર્થ :- 'न च'** મિથ્યાદર્શનાદિના પણ અસાધારણત્વની શંકા ન કરવી, કેમ કે સિદ્ધોમાં તેનો=મિથ્યાદર્શનાદિનો અભાવ છે.

**ભાવાર્થ :-** મિથ્યાદર્શનાદિ પુદ્‌ગલાદિદ્રવ્યમાં ન હોવા છતાં સિદ્ધાત્મામાં મિથ્યાત્વાદિનો અભાવ હોવાથી આત્માનો એ અસાધારણ ગુણ કહી શકાશે નહિ.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે સમ્યગ્દર્શનાદિ પણ અભવ્યાદિ આત્મામાં અવૃત્તિ હોવાથી એ પણ આત્માનો અસાધારણ ગુણ કહી શકાશે નહિ. તેથી કહે છે-

**ટીકાર્થ :- 'न च'** સમ્યગ્દર્શનાદિનું પણ અભવ્યાદિમાં અવૃત્તિપણા વડે અસાધારણપણું નથી, કેમ કે સમ્યગ્દર્શનાદિજનક શક્તિનું પ્રમાણના બળથી=આગમપ્રમાણના બળથી, આત્મત્વપુરસ્કારથી જ કલ્પના કરાય છે.

**ભાવાર્થ :-** આગમપ્રમાણના બળથી સમ્યગ્દર્શનાદિની જનકશક્તિ આત્મામાં જ માની હોવાથી અભવ્યાદિમાં પણ સમ્યગ્દર્શનાદિની જનકશક્તિ છે. તેથી સર્વ જીવોમાં સમ્યગ્દર્શનાદિ શક્તિરૂપે કે વ્યક્તિરૂપે અવશ્ય છે. તેથી સમ્યગ્દર્શનાદિને આત્માના અસાધારણ ગુણ તરીકે માનવામાં કોઇ વાંધો નથી.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે સંસારમાં જીવોને સમ્યગ્દર્શનાદિ પ્રાદુર્ભાવ થતા દેખાય છે, તે કર્માદિના= સમ્યગ્દર્શનમોહનીયના, સાન્નિધ્યથી જ થાય છે. તેથી કર્મરૂપ જ તે શક્તિ હોવાથી જીવનો અસાધારણ ધર્મ છે તેમ કહી શકાય નહિ. તેથી કહે છે-

**ટીકાર્થ :-** **'न च'** કર્મરૂપ જ તે શક્તિ છે એમ ન કહેવું, કેમ કે તત્ક્ષયથી પણ=કર્મના ક્ષયથી પણ, તેની= સમ્યગ્દર્શનાદિની, ઉત્પત્તિ છે ઇત્યાદિ વિચારવું.

❀ **'तत्क्षयेणापि'** અહીં **'अपि'**થી એ સમુચ્ચય થાય છે કે કર્મના ક્ષયોપશમથી તો સમ્યગ્દર્શનાદિ ઉત્પન્ન થાય છે, પણ કર્મના ક્ષયથી પણ સમ્યગ્દર્શનાદિ ઉત્પન્ન થઇ શકે છે. **॥૧૨૫॥**

**અવતરણિકા :-** **अथास्य स्वभावसिद्धक्रियास्वरूपमाह-**

**અવતરણિકાર્થ :-** પૂર્વમાં કેવલીનું કૃતકૃત્યત્વ સિદ્ધ કર્યું તેથી, કેવલીને હવે કોઇ કૃત્ય કરવાનું બાકી રહેતું નથી એમ સિદ્ધ થવાથી, તેમને કોઇ ક્રિયા હોઇ શકે નહિ. આમ છતાં, તેમની જે ક્રિયા દેખાય છે તે સ્વભાવસિદ્ધ છે. અર્થાત્ કોઇ કાર્યની નિષ્પત્તિને માટે તેમની ક્રિયા નથી પરંતુ સ્વાભાવિક જ ક્રિયા છે. તેથી તેમની=કેવલીની, સ્વભાવસિદ્ધ ક્રિયાના સ્વરૂપને કહે છે-

**ગાથા :-** **तस्स य सहावसिद्धा किरिया गुणकरणजोगमहिगिच्च ।**
**कम्मुवणीआवि हवे जुंजणकरणं तु अहिगिच्च ॥१२६॥**

( तस्य च स्वभावसिद्धा क्रिया गुणकरणयोगमधिकृत्य । कर्मोपनीतापि भवेद् युंजनकरणं त्वधिकृत्य ॥१२६॥ )

**ગાથાર્થ :- તેમને=કેવલીઓને, ગુણકરણયોગને આશ્રયીને સ્વભાવસિદ્ધ ક્રિયા હોય છે અને યુંજનકરણને આશ્રયીને કર્મોપનીત ક્રિયા પણ હોય છે.**

**ટીકા :- केवलिनो हि श्रुतगुणकरणस्य केवलज्ञान एवान्तर्भावात् तपःसंयमयोर्नोश्रुतगुणकरणयोश्च बाह्यावलम्बननिरपेक्षत्वेन शैलेश्यवस्थायां सर्वसंवरप्राप्त्यातिविशुद्धत्वेन च गुणकरणमाश्रित्य परापेक्षाराहित्येन स्वाभाविक्येव क्रिया, मनोवाक्कायरूपं युञ्जनाकरणं त्वाश्रित्य नामकर्मापेक्षणान्न तथा। न च गुणकरणेपि शरीराद्यपेक्षास्तीति वाच्यं, सिद्धेषु तदभावात्, चारित्रतपसोरपि योगाद्यपेक्षत्वमते तु नैश्चयिकयोर्ज्ञानाऽविष्वग्भूतयोस्तयोरिह ग्रहणमिति मन्तव्यम् ॥१२६॥**

**ટીકાર્થ :- 'केवलिनः'** કેવલીના શ્રુતગુણકરણનો કેવલજ્ઞાનમાં જ અંતર્ભાવ થતો હોવાથી, અને તપસંયમરૂપે નોશ્રુતગુણકરણનું બાહ્યઆલંબનનિરપેક્ષપણું હોવાથી, અને શૈલેશીઅવસ્થામાં સર્વસંવરભાવની પ્રાપ્તિને કારણે અતિવિશુદ્ધપણું હોવાથી, ગુણકરણને આશ્રયીને પરાપેક્ષારહિતપણું હોવાને કારણે સ્વાભાવિકી જ ક્રિયા છે. અને વળી મન-વચન-કાયારૂપ યુંજનકરણને આશ્રયીને નામકર્મની અપેક્ષા હોવાથી, તથા=સ્વાભાવિકી ક્રિયા, નથી.

**ભાવાર્થ :-** ક્રિયાઓ બે પ્રકારની છે-

(૧) ગુણકરણાખ્યા અને (૨) યુંજનકરણાખ્યા. અહીં ગુણકરણાખ્યા ક્રિયાના અવાંતર બે ભેદો છે.

(૧) શ્રુતગુણકરણ અને (૨) નોશ્રુતગુણકરણ. અહીં નોશ્રુતગુણકરણ તપસંયમસ્વરૂપ છે

આત્મામાં ગુણોના આવિર્ભાવને અનુકૂળ યત્નસ્વરૂપ ગુણકરણ ક્રિયા છે, અને વ્યવહારનયને સંમત ગુણોનો આવિર્ભાવ જીવ શ્રુત, તપ અને સંયમ દ્વારા કરે છે; કેમ કે શ્રુત અજ્ઞાનરૂપ અંધકારનો નાશક છે, સંયમ સંવરભાવનો પ્રાપક છે અને તપ નિર્જરાનું કારણ છે. તેથી કચવરપૂરિત ગૃહની વિશુદ્ધિના ઉદાહરણથી જ્ઞાન, સંયમ અને નિર્જરા આ ત્રણે જીવરૂપી ગૃહની વિશુદ્ધિનાં કારણો છે. તેથી ગુણકરણમાં તેમનું ગ્રહણ છે.

કેવલીનું શ્રુતજ્ઞાન કેવલજ્ઞાનમાં અંતર્ભાવ પામે છે અને કેવલજ્ઞાનને કોઇ પરપદાર્થની અપેક્ષા નથી તેથી શ્રુતગુણકરણની ક્રિયાં તેમની સ્વાભાવિકી ક્રિયારૂપ છે. મતિ-શ્રુતાદિજ્ઞાનને જેમ ઇન્દ્રિયાદિની કે શાસ્ત્રાદિની અપેક્ષા છે તેમ કેવલજ્ઞાનને કોઇ વસ્તુની અપેક્ષા નથી. કેવલજ્ઞાની ફક્ત જીવસ્વભાવથી જ સર્વ જ્ઞેયનું યથાવત્ પ્રકાશન કરે છે. તેથી કેવલીના શ્રુતગુણકરણને પરની અપેક્ષા નથી તેમ કહેલ છે. અને નોશ્રુતકરણરૂપ તપ-સંયમનું કેવલજ્ઞાન પૂર્વે બાહ્યાલંબનને સાપેક્ષપણું છે, કેમ કે તપ-સંયમમાં વર્તતા મુનિઓ ભગવદ્ વચનના અવલંબનથી તપ-સંયમમાં યતમાન હોય છે. પરંતુ કેવલજ્ઞાન થયા પછી મોહનો નાશ થવાના કારણે કેવલીમાં સમભાવનો પરિણામ ક્ષાયિકભાવરૂપે વર્તે છે અને તે જ તપ-સંયમનો પરિણામ છે, અને તે ઉચિત પ્રવૃત્તિ કરાવે છે, પરંતુ આગમના સ્મરણ કે આગમના નિયંત્રણરૂપે તપ-સંયમની ક્રિયા તેઓને હોતી નથી. તેથી બાહ્યઆલંબનનિરપેક્ષ નોશ્રુતગુણકરણની ક્રિયા કેવલીને હોય છે, અને તે પરાપેક્ષારહિત હોવાથી સ્વાભાવિકી ક્રિયારૂપ છે.

અહીં યદ્યપિ ૧૩મા ગુણસ્થાનકવર્તી તપ-સંયમની ક્રિયા બાહ્યાલબંનનિરપેક્ષ હોવાથી પરાપેક્ષારહિત છે, તેથી ૧૪મા ગુણસ્થાનકવર્તી ક્રિયા પણ સુતરાં તેવી હોય છે. તો પણ તેની વિશેષતા બતાવવા માટે કહે છે-

શૈલેશી અવસ્થામાં સર્વસંવરની પ્રાપ્તિ હોવાથી અતિવિશુદ્ધપણું છે. તેથી ગુણકરણને આશ્રયીને પર-અપેક્ષા રહિતપણું છે તેથી સ્વાભાવિકી જ ક્રિયા હોય છે, જ્યારે મન-વચન-કાયારૂપ યુંજનકરણને આશ્રયીને થતી તેઓની ક્રિયા નામકર્મની અપેક્ષા હોવાથી સ્વાભાવિકી ક્રિયા નથી.

તાત્પર્ય એ છે કે ગુણોમાં યત્નસ્વરૂપ જે ક્રિયા તે ગુણકરણ છે અને તે કેવલીને કેવલજ્ઞાનસ્વરૂપ અને તપ-સંયમ સ્વરૂપ છે. તે બંને જીવના સ્વભાવથી પ્રવર્તનારી ક્રિયાસ્વરૂપ છે અને શૈલેશી અવસ્થામાં પણ જીવ સહજ રીતે સર્વસંવરભાવની પ્રાપ્તિને કારણે ગુણમાં જ પ્રવર્તે છે, તેથી ત્યાં સુતરાં સ્વાભાવિકી જ ક્રિયા છે. અને ૧૩મા ગુણસ્થાનકે કેવલી કોઇને ઉત્તર આપવામાં મનોવર્ગણાનો ઉપયોગ કરે ત્યારે મનોયોગરૂપ, ઉપદેશાદિ આપે ત્યારે વચનયોગરૂપ અને કાયાની ગમનાદિ ચેષ્ટા કરે ત્યારે કાયયોગરૂપ યુંજનકરણ હોય છે. તેને આશ્રયીને

સ્વાભાવિકી ક્રિયા નથી, કેમ કે આ ત્રણે યોગને પ્રવર્તાવવામાં નામકર્મની અપેક્ષા છે. પુદ્ગલની અંદર થતી પ્રવૃત્તિ નામકર્મની અપેક્ષાએ થાય છે.

આને યુંજનકરણ કહેવાનું તાત્પર્ય એ છે કે મન-વચન-કાયાના પ્રવર્તનરૂપે જે વ્યાપાર છે તે જીવને પૌદ્ગલિક પ્રવૃત્તિઓમાં જોડનાર છે, તેથી તેને યુંજનકરણ કહેલ છે. આ યુંજનકરણ ૧૩મા ગુણસ્થાનક સુધી સર્વ જીવોને હોય છે.

**ઉત્થાન :-** અહીં શંકા થાય કે ગુણકરણમાં પણ શરીરાદિની અપેક્ષા હોવાથી તેને સ્વાભાવિકી ક્રિયા કેવી રીતે કહી શકાય? તેથી કહે છે-

**ટીકાર્થ :- 'न च गुणकरणेऽपि'** ગુણકરણમાં પણ શરીરાદિની અપેક્ષા છે એમ ન કહેવું, કેમ કે સિદ્ધોમાં તેનો=શરીરાદિનો, અભાવ છે.

**ભાવાર્થ :-** અહીં શંકાકારનો આશય એ છે કે ગુણને પ્રાદુર્ભાવ કરવા માટે જીવ જે યત્ન કરે છે ત્યારે પણ શરીરાદિની અપેક્ષાએ જ યત્ન વર્તે છે, તેથી કહે છે - યદ્યપિ છદ્મસ્થાવસ્થામાં શરીરાદિની અપેક્ષાએ જ ગુણકરણ પ્રવર્તે છે, પરંતુ કેવલીને શરીરાદિથી નિરપેક્ષ તે યત્ન પ્રવર્તે છે. આથી જ સિદ્ધભગવંતોને શરીરાદિ નહિ હોવા છતાં ગુણને સ્ફુરણ કરવારૂપ ગુણકરણ ત્યાં પ્રવર્તે છે.

**ઉત્થાન :-** ચારિત્ર-તપને યોગાદિ સાપેક્ષ માનનારના મતે પણ ગુણકરણ તરીકે જ્ઞાનથી અપૃથગ્ભૂત એવા નૈશ્ચયિક તપ-ચારિત્રનું જ ગ્રહણ કરવાનું છે. તે બતાવતાં ગ્રંથકાર કહે છે-

**ટીકાર્થ :- 'चारित्रतपसोः'** વળી ચારિત્ર અને તપનું પણ યોગાદિનું અપેક્ષાપણું છે, એ પ્રકારના મતમાં જ્ઞાનની સાથે અવિષ્વગ્ભૂત એવા નૈશ્ચયિક તપ-ચારિત્રનું જ અહીં=કેવલીમાં, ગ્રહણ કરવું, એ પ્રમાણે મંતવ્ય છે.

**ભાવાર્થ :-** શ્રુતજ્ઞાનને તો યોગાદિની અપેક્ષા છે, પરંતુ ચારિત્ર અને તપને પણ યોગાદિની અપેક્ષા છે એવું જે માને છે તે મત પ્રમાણે, કેવલીનું શ્રુતજ્ઞાન કેવલજ્ઞાનમાં અંતર્ભાવ થવાથી અને કેવલજ્ઞાન યોગાદિનિરપેક્ષ છે માટે, કેવલજ્ઞાનને આશ્રયીને શ્રુતને શરીરાદિની અપેક્ષા ન હોય; પરંતુ ચારિત્ર અને તપને યોગાદિની અપેક્ષા છે. તેથી તેમના મત પ્રમાણે કેવલીને નોશ્રુતગુણકરણને આશ્રયીને સ્વાભાવિકી ક્રિયા સિદ્ધ થઇ શકે નહિ. તેથી કહે છે કે એ મતમાં વ્યવહારને અભિમત ચારિત્ર અને તપનું જે ગ્રહણ કરેલ છે તેનું અહીં ગ્રહણ કરવાનું નથી, પરંતુ જ્ઞાનની સાથે અપૃથગ્ભૂત એવા નૈશ્ચયિક તપ-સંયમનું કેવલીમાં ગ્રહણ કરવું. તેથી કેવલજ્ઞાનને જેમ પરની અપેક્ષા નથી, તેમ કેવલજ્ઞાનથી અપૃથગ્ભૂત એવા ચારિત્ર-તપને પણ શરીરાદિની અપેક્ષા નથી, માટે નોશ્રુતગુણકરણને આશ્રયીને પણ સ્વાભાવિકી ક્રિયા કેવલીને છે. **॥૧૨૬॥**

**અવતરણિકા :- अथ यथास्य सिद्धत्वप्राप्तिस्तथाह-**

**અવતરણિકાર્થ :-** જે પ્રમાણે આમને=કેવલીને, સિદ્ધત્વની પ્રાપ્તિ થાય છે તે પ્રમાણે કહે છે-

**ગાથા :-** **अह सो सेलेसीए झाणाणलदड्ढसयलकम्ममलो ।**
**कणगं व सव्वह च्चिय लद्धसहावो हवइ सिद्धो ॥१२७॥**

( अथ स शैलेश्यां ध्यानानलदग्धसकलकर्ममलः । कनकमिव सर्वथैव लब्धस्वभावो भवति सिद्धः ॥१२७॥ )

**ગાથાર્થ :- તે=કેવળી પરમાત્મા, શૈલેશી અવસ્થામાં શુક્લધ્યાનરૂપ અગ્નિથી બાળી નાંખ્યાં છે સકલકર્મમળને જેમણે એવા, સોનાની જેમ સંપૂર્ણપણે જ લબ્ધસ્વભાવવાળા સિદ્ધ થાય છે.**

**ટીકા :- अथ स भगवान् शैलेश्यां ध्यानमहिम्ना सकलकर्मप्रकृतीः क्षयं नीत्वा तदभावादेव सर्वथा लब्धस्वभावः सिद्धो भवति॥१२७॥**

**ટીકાર્થ :- 'अथ'** હવે તે ભગવાન શૈલેશી અવસ્થામાં શુક્લધ્યાનના મહિમાથી સકલકર્મપ્રકૃતિનો ક્ષય કરીને તેના અભાવથી જ=કર્મમલનો અભાવ થવાથી જ, સંપૂર્ણપણે લબ્ધસ્વભાવવાળા અર્થાત્ પોતાના સ્વભાવને સંપૂર્ણપણે પ્રાપ્ત કરનારા, તેઓ સિદ્ધ થાય છે. **॥૧૨૭॥**

**અવતરણિકા :- एवं चास्य लब्धस्वभावस्य सतः स्वाभाविकमिदं गुणाष्टकमाविर्भवतीत्याह-**

**અવતરણિકાર્થ :-** આ રીતે લબ્ધસ્વભાવવાળા આમને=સિદ્ધભગવંતને, સ્વાભાવિક એવા આ આઠ ગુણો પ્રગટ થાય છે. તે જણાવતાં ગ્રંથકાર કહે છે-

**ગાથા :-** **तस्स वरनाणदंसणवरसुहसम्मत्तचरणनिच्चठिई ।**
**अवगाहणा अणंताऽमुत्ताणं खइयविरिअं च ॥१२८॥**

( तस्य वरज्ञानदर्शनवरसुखसम्यक्त्वचरणनित्यस्थितिः । अवगाहनाऽनन्ताऽमूर्त्तानां क्षायिकवीर्यं च ॥१२८॥ )

**नाणावरणाईणं कम्माणं अट्ठ जे ठिआ दोसा ।**
**तेसु गएसु पणासं एए अट्ठ वि गुणा जाया ॥१२९॥**

( ज्ञानावरणादीनां कर्मणामष्ट ये स्थिता दोषाः । तेषु गतेषु प्रणाशं, एतेऽष्टापि गुणा जाताः ॥१२९॥ )

**ગાથાર્થ :- તેમને=તે લબ્ધસ્વભાવવાળા સિદ્ધભગવાનને, જ્ઞાનાવરણાદિ કર્મોના કારણે જે આઠ દોષ હતા તે નાશ પામ્યે છતે, શ્રેષ્ઠ જ્ઞાન, શ્રેષ્ઠ દર્શન, શ્રેષ્ઠ સુખ, શ્રેષ્ઠ સમ્યક્ત્વ, શ્રેષ્ઠ ચારિત્ર, નિત્ય સ્થિતિ, અનંત અમૂર્તોની અવગાહના અને ક્ષાયિક વીર્ય આ આઠે પણ ગુણો પ્રકટ થાય છે.**

❀ **'अष्टापि'** અહીં **'अपि'** શબ્દનો ભાવ એ છે કે તે તે કર્મના ક્ષયથી તે તે ગુણો પ્રકટ થાય છે, પરંતુ આઠે પણ ગુણો સિદ્ધભગવાનને આઠ કર્મનો નાશ થયે છતે થાય છે.

**ટીકા :- तस्य हि भगवतो ज्ञानावरणक्षयादनन्तं ज्ञानं, दर्शनावरणक्षयादनन्तं दर्शनं, वेदनीयक्षयात् क्षायिकं सुखं, मोहक्षयात्क्षायिकसम्यक्त्वचारित्रे, आयुःकर्मक्षयादक्षया स्थितिः, नामगोत्रयोः क्षयादनन्तानामेकत्रावगाहना, अन्तरायक्षयादनन्तवीर्यं चेत्यष्टौ गुणाः प्रादुर्भवन्ति।**

अनन्तं केवलज्ञानं ज्ञानावरणसंक्षयात् ।
अनन्तं दर्शनं चापि दर्शनावरणक्षयात् ॥१॥
क्षायिके शुद्धसम्यक्त्वचारित्रे मोहनिग्रहात् ।
अनन्ते सुखवीर्ये च वेद्यविघ्नक्षयात् क्रमात् ॥२॥
आयुषः क्षीणभावत्वात् सिद्धानामक्षया स्थितिः ।
नामगोत्रक्षयादेवामूर्त्तानन्तावगाहना ॥३॥ इति॥

**अत्र मोहक्षयजन्यं गुणद्वयं, नामगोत्रक्षयजन्यस्त्वेक एव गुण इत्यत्र परिभाषैव शरणं, अन्यथाऽवान्तरविशेषानाश्रित्यानन्तगुणसंभवाद्, अन्यथा न्यूनत्वसंभवाच्च।**

**ટીકાર્થ :- 'तस्य'** તે સિદ્ધભગવાનને જ્ઞાનાવરણકર્મક્ષયથી અનંતજ્ઞાન, દર્શનાવરણકર્મક્ષયથી અનંતદર્શન, વેદનીયકર્મક્ષયથી ક્ષાયિકસુખ, મોહનીયકર્મક્ષયથી ક્ષાયિક સમ્યક્ત્વ તેમ જ ક્ષાયિક ચારિત્ર, આયુષ્યકર્મક્ષયથી અક્ષયસ્થિતિ, નામ અને ગોત્ર એ બે કર્મોના ક્ષયથી (અમૂર્ત્ત એવા) અનંતસિદ્ધોની એકત્ર અવગાહનારૂપ અનંત અવગાહના અને અંતરાયકર્મક્ષયથી અનંતવીર્ય એ આઠે ગુણો પ્રગટ થાય છે.

કહ્યું છે કે-

**'अनन्तं'** જ્ઞાનાવરણના સંક્ષયથી અનંત કેવળજ્ઞાન, દર્શનાવરણક્ષયથી અનંત કેવળદર્શન, મોહના નિગ્રહથી ક્ષાયિક એવાં શુદ્ધ સમ્યક્ત્વ અને ચારિત્ર, વેદનીય અને વિઘ્નકર્મના=અંતરાયકર્મના, ક્ષયથી અનુક્રમે અનંતસુખ અને અનંતવીર્ય પ્રકટ થયા હોય છે. તેમ જ આયુષ્યના ક્ષીણભાવપણાથી=ક્ષીણ થયું હોવાથી, સિદ્ધોની અક્ષયસ્થિતિ હોય છે અને નામ-ગોત્રકર્મના ક્ષયથી અમૂર્ત્ત- અનંત અવગાહના પ્રકટ થઇ હોય છે.

❀ **'इति'** શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

**ભાવાર્થ :-** સાક્ષી શ્લોક-૨માં કહ્યું કે મોહના નિગ્રહથી ક્ષાયિક એવાં શુદ્ધસમ્યક્ત્વ અને ચારિત્ર પ્રગટ થાય છે, ત્યાં ક્ષાયિક સમ્યક્ત્વ ન કહેતાં ક્ષાયિક શુદ્ધસમ્યક્ત્વ કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે ક્ષાયિક સમ્યક્ત્વ 'સાદિસાંત' છે, જે મતિજ્ઞાનના અપાયસ્વરૂપ છે. તેની વ્યાવૃત્તિ કરવા માટે ક્ષાયિક શુદ્ધસમ્યક્ત્વ ગ્રહણ કરેલ છે.

આશય એ છે કે મતિજ્ઞાનના અપાયરૂપ ક્ષાયિક સમ્યક્ત્વ છે અને મતિજ્ઞાનના અપાય અને સદ્દ્રવ્યરૂપ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ છે. તે ક્ષાયોપશમિક સમ્યક્ત્વ મતિજ્ઞાનના અપાયરૂપ અને સમ્યક્ત્વ મોહનીયના ઉદયસ્વરૂપ છે તેથી ક્ષાયોપશમિક સમ્યક્ત્વને અપાય-સદ્દ્રવ્યરૂપ કહેલ છે, અને છદ્મસ્થોને ક્ષાયિક સમ્યક્ત્વ મોહનીયનાં દલિકો ન હોવાથી મતિજ્ઞાનના અપાયરૂપ હોય છે. તેની વ્યાવૃત્તિ કરવા માટે અહીં ક્ષાયિક શુદ્ધસમ્યક્ત્વ ગ્રહણ કરેલ છે.

**ટીકાર્થ :-** '**अत्र**' અહીંયાં=પૂર્વોક્ત વિભાગમાં, મોહક્ષયજન્ય બે ગુણ કહ્યા અને નામ અને ગોત્ર એ બે કર્મના ક્ષયથી એક જ ગુણ કહ્યો, એમાં પરિભાષા જ શરણ છે; અર્થાત્ વિભાગ પાડનારે તેવી પરિભાષાનો આશ્રય કરીને જ વિભાગ પાડેલ છે.

'**अन्यथा**'=પરિભાષાનો સ્વીકાર ન કરો અને મોહનીયના ક્ષયથી બે ગુણ પ્રાદુર્ભાવ થાય છે તેમ માનો તો, મોહનીયની અન્ય પ્રકૃતિઓના પણ અવાંતર વિશેષોને આશ્રયીને અનંતગુણનો સંભવ છે. અને અન્યથા=નામ-ગોત્રના ક્ષયથી એક જ ગુણ પેદા થાય છે એવી પરિભાષાનો આશ્રય ન કરો, અને ઉભયકર્મજન્ય એક જ ગુણ પેદા થાય છે તેમ માનો તો, એ જ રીતે અન્ય બે પ્રકૃતિઓને ગ્રહણ કરીને પણ એક જ ગુણ પેદા થાય છે તેમ કહી શકાય. તેથી આઠની સંખ્યામાં ન્યૂનપણાનો સંભવ છે.

❀ **પરિભાષા :-** ચોક્કસ ઉદ્દેશથી "આ શબ્દનો આમ જ અર્થ ગ્રહણ કરવો છે" એવો નિર્ણય કરીને જે શબ્દ વપરાય તે પારિભાષિક શબ્દ કહેવાય અને આ નિર્ણયને પરિભાષા કહેવાય.

**ટીકા :- स्यादेतद्-अवगाहना नात्मनो गुणः, किन्तु व्योम्न एव, तस्यैव तद्गुणत्वेन व्यवस्थितत्वात्। न च तस्य सामान्यतोऽवगाहनागुणवत्त्वेऽप्यनन्तानामेकत्रावगाहनाऽऽत्मन एव गुण इति वाच्यम्, अनन्तानामप्यमूर्त्तत्वेन प्रतिघाताभावेन तेनैवैकत्रावगाहनादानाद्। मैवं, प्रतिघातस्य नामकर्मोपनीत-शरीरजनितत्वेन तदभावप्रयुक्तप्रतिघाताभावेनैव तदवगाहनायाः संभवात्, तस्या आत्मगुणत्वात्।'तथापि तस्या नामकर्मप्रतिबद्धत्वमस्तु न तु गोत्रप्रतिबद्धत्वमि'ति चेत्? न, नामगोत्रयोर्मिलितयोरेव तत्र तत्रोपन्यासबलेनैकत्र द्वययोगाद्। गोत्रकर्मक्षयजन्यस्याविशेषव्यवहारस्य गुणस्य सत्त्वेऽपि प्राधान्येन नामकर्मक्षयजन्यस्यावगाहनागुणस्यैव वा तज्जन्यत्वप्रतिज्ञा ज्ञानावरणक्षयजन्येऽपि केवलज्ञाने मोहक्षयजन्यत्वप्रतिज्ञावदौचितीमञ्चतीति न कोऽपि दोषः॥१२८-१२९॥**

**ટીકાર્થ :-** '**स्यादेतद्**' - પૂર્વમાં નામ-ગોત્ર કર્મના ક્ષયથી અમૂર્ત્ત-અનંત અવગાહના ગુણ પ્રકટ થાય છે તેમ કહ્યું, ત્યાં કોઇ શંકા કરે કે અવગાહના આત્માનો ગુણ નથી પરંતુ આકાશનો જ ગુણ છે; કેમ કે તેનું જ=આકાશનું જ, તદ્ગુણત્વરૂપેણ=અવગાહનાગુણત્વરૂપેણ, વ્યવસ્થિતપણું છે.

❀ અહીં 'તદ્‌ગુણત્વ'માં 'તદ્‌ગુણ'નો બહુવ્રીહિ સમાસ છે, અર્થાત્ અવગાહના ગુણ છે જેને તેવું આકાશ પ્રાપ્ત થશે=તદ્‌ગુણવાળું આકાશ બનશે. અને 'તદ્‌ગુણત્વ' આકાશમાં રહેશે, એ રૂપે જ આકાશનું વ્યવસ્થિતપણું છે. તેથી આકાશનો જ અવગાહના ગુણ છે.

**ઉત્થાન :-** અહીં પૂર્વપક્ષી શંકા કરે છે કે અવગાહના સામાન્યથી આકાશનો જ ગુણ હોવા છતાં અનંતા સિદ્ધોની એક સ્થાને અવગાહના હોવી એ આત્માનો જ ગુણ છે. તેથી કહે છે-

**ટીકાર્થ :- 'न च'** - તેનું=આકાશનું, સામાન્યથી અવગાહનાગુણવાળાપણું હોવા છતાં પણ અનંતોની એકત્ર અવગાહના એ આત્માનો જ ગુણ છે એમ ન કહેવું, કેમ કે અનંતોનું પણ અમૂર્ત્તપણું હોવાથી (પ્રતિઘાતનો અભાવ છે) પ્રતિઘાતનો અભાવ હોવાને કારણે તેના વડે જ=આકાશ વડે જ, એકત્ર=એકસ્થાનમાં, અવગાહના દાન થાય છે. (માટે અનંતોની એકત્ર અવગાહના પણ આત્માનો ગુણ થઇ શકે નહિ.)

**ભાવાર્થ :-** અનંતજીવો એક ઠેકાણે રહેલા છે તેનું કારણ તે અનંતાજીવોનું પણ અમૂર્ત્તપણું છે, અર્થાત્ એક જીવનું તો અમૂર્ત્તપણું છે પણ અનંતા જીવોનું પણ અમૂર્ત્તપણું છે, તેથી પરસ્પર પ્રતિઘાત થતો નથી. અને તે પ્રતિઘાતના અભાવને કારણે આકાશ વડે તે જીવોને એકત્ર અવગાહના આપી શકાય છે. માટે અવગાહના આપનાર આકાશ છે માટે અવગાહના એ આકાશનો જ ગુણ છે, આત્માનો ગુણ નથી એમ પૂર્વપક્ષીને કહેવું છે, તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે-

**ટીકાર્થ :- 'नैवं'** - એ પ્રમાણે ન કહેવું, કેમ કે પ્રતિઘાતનું નામકર્મઉપનીત શરીરથી જનિતપણું હોવાથી તદભાવ પ્રયુક્ત= નામકર્મના અભાવથી પ્રયુક્ત, એવા પ્રતિઘાતના અભાવને કારણે જ તદવગાહનાનો=અનંતજીવોની એકત્ર અવગાહનાનો સંભવ છે, અને તેનું=અનંતજીવોની એકત્ર અવગાહનાનું, આત્મગુણપણું છે.

**ભાવાર્થ :-** નામકર્મને કારણે જીવને શરીર પ્રાપ્ત થાય છે. તેથી જ એક ઠેકાણે અનેક જીવો રહી શકતા નથી, કેમ કે શરીરથી પ્રતિઘાત થાય છે. જ્યારે નામકર્મ નાશ પામે છે ત્યારે પ્રતિઘાતનો પણ અભાવ થાય છે અને પ્રતિઘાતના અભાવને કારણે જ અનંતજીવો એક ઠેકાણે રહી શકે છે. તેથી અનંતજીવોની એક ઠેકાણે અવગાહનાની પ્રાપ્તિ થવી એ નામકર્મના ક્ષયથી પ્રયુક્ત આત્મગુણરૂપ છે.

અહીં વિશેષ એ છે કે અવગાહના આપવાનું કામ આકાશ કરે છે, પણ અવગાહનાની પ્રાપ્તિ જીવને થાય છે. તેથી અવગાહનાની પ્રાપ્તિરૂપ ગુણ જીવને નામકર્મના ક્ષયથી થાય છે.

**ટીકાર્થ :- 'तथापि'** અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે તો પણ=પૂર્વમાં સિદ્ધ કર્યું એ રીતે અવગાહનાની પ્રાપ્તિ એ આત્માના ગુણરૂપ છે તો પણ, તેનું=અનંતઅવગાહનાનું, નામકર્મની સાથે પ્રતિબદ્ધપણું હો, પણ ગોત્રકર્મ સાથે પ્રતિબદ્ધપણું નથી. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું.

**'नामगोत्रयोः'** કેમ કે મિલિત એવા નામ અને ગોત્રકર્મનો જ ત્યાં ત્યાં=શાસ્ત્રમાં તે તે સ્થાને, ઉપન્યાસ હોવાથી એક ઠેકાણે બંનેનો=નામ અને ગોત્રકર્મનો, યોગ છે.

**ભાવાર્થ :-** શાસ્ત્રમાં ઘણે ઠેકાણે નામ અને ગોત્રકર્મનું મિલિત જ કથન પ્રાપ્ત થાય છે, અને તે શાસ્ત્રવચનના બળથી એ નક્કી થાય છે કે, એક જ કાર્ય પ્રતિ નામ અને ગોત્રકર્મ એ બંનેનો યોગ છે. આ રીતે અમૂર્ત-અનંત અવગાહનારૂપ એક કાર્ય પ્રતિ તે બંનેનો યોગ છે, માટે ઉભયજન્ય એક ગુણ છે.

**ઉત્થાન :-** શાસ્ત્રમાં કહેલ નામ અને ગોત્રકર્મના મિલિત ઉપન્યાસના બળથી ઉભયજન્ય એક ગુણ છે એમ સિદ્ધ કરીને, હવે યુક્તિથી પણ તેની સંગતિ કરતાં કહે છે-

**ટીકાર્થ :-** **'गोत्रकर्म'** અથવા ગોત્રકર્મક્ષયજન્ય અવિશેષ વ્યવહારરૂપ ગુણનું સત્ત્વ હોવા છતાં પણ, અર્થાત્ અવિશેષ વ્યવહારરૂપ ગુણ પ્રકટ થયો હોવા છતાં પણ, પ્રાધાન્યથી(પ્રધાનપણાથી) નામકર્મક્ષયજન્ય અવગાહનાગુણની જ તજ્જન્યત્વની પ્રતિજ્ઞા=ગોત્રકર્મક્ષયજન્યત્વની પ્રતિજ્ઞા, જ્ઞાનાવરણક્ષયજન્ય પણ કેવલજ્ઞાનમાં મોહક્ષયજન્યત્વ પ્રતિજ્ઞાની જેમ, ઔચિત્યને પામે છે. એથી કરીને કોઇ પણ દોષ નથી. **॥૧૨૮-૧૨૯॥**

**ભાવાર્થ :-** જેમ જ્ઞાનાવરણક્ષયજન્ય કેવલજ્ઞાન હોવા છતાં પણ મોહના ક્ષયની મુખ્યતા હોવાથી મોહક્ષયજન્ય કેવલજ્ઞાન કહેવાય છે, તેમ ગોત્રકર્મના ક્ષયથી સર્વ જીવો એક સરખા થઇ જવાના કારણે અવિશેષ વ્યવહારના=એકસરખા વ્યવહારના, વિષય બને છે; તો પણ અવગાહનાની મુખ્યતા હોવાથી નામકર્મક્ષયજન્ય અવગાહનાગુણને ગોત્રકર્મક્ષયજન્યરૂપ કહેલ છે, તેમાં કોઇ દોષ નથી. આ રીતે બંને કર્મોના ક્ષયથી જન્ય મિલિત એક ગુણ માનવામાં પણ કોઇ દોષ નથી એ સિદ્ધ થાય છે. **॥૧૨૮-૧૨૯॥**

**અવતરણિકા :- अन्येषां मतमाह-**

**અવતરણિકાર્થ :-** અન્યના મતને બતાવતાં ગ્રંથકાર કહે છે-

ગાથા :- **थिरियावगाहणाउ पत्तेअं णामगोत्तकम्मखए ।**
**चरणं चिय मोहखए इय अट्ठगुण त्ति बिंति परे ॥१३०॥**

(स्थिरतावगाहने प्रत्येकं नामगोत्रकर्मक्षये । चरणमेव मोहक्षय इत्यष्टौ गुणा इति ब्रुवते परे ॥१३०॥)

**ગાથાર્થ :- નામ અને ગોત્રકર્મનો ક્ષય થયે છતે પ્રત્યેકને આશ્રયીને સ્થિરતા અને અવગાહના ગુણ થાય છે, અને મોહનો ક્ષય થયે છતે ચારિત્ર જ પ્રકટ થાય છે. એ પ્રકારે આઠ ગુણો પ્રકટ થાય છે એવું બીજાઓ કહે છે.**

❀ અહીં 'પ્રત્યેકને' આશ્રયીને એટલા માટે કહેલ છે કે, પૂર્વ ગાથા-૧૨૯માં નામ અને ગોત્રકર્મના મિલિત ક્ષયથી =બંને કર્મના ક્ષયથી, અમૂર્તોની અનંત અવગાહના ગુણ કહેલ છે; જ્યારે અહીં ઉભયના ક્ષયથી મિલિત ગુણ નથી, પરંતુ પ્રત્યેક કર્મના ક્ષયને આશ્રયીને પ્રત્યેક ગુણ પ્રગટ થાય છે તે બતાવવા 'પ્રત્યેકને' આશ્રયીને કહેલ છે.

❀ પૂર્વ ગાથા-૧૨૯માં મોહનીયના ક્ષયથી શ્રેષ્ઠ સમ્યક્ત્વ અને શ્રેષ્ઠ ચારિત્ર એ બે ગુણો પ્રકટ થાય છે તેમ કહેલ છે, જ્યારે અહીં મોહનીયના ક્ષયથી ચારિત્ર ગુણ જ પ્રગટ થાય છે તે બતાવવા '**चरणमेव**' અહીં '**एव**' કારનો પ્રયોગ કરેલ છે, અર્થાત્ મોહના ક્ષયથી ચારિત્રરૂપ એક જ ગુણ પ્રગટ થાય છે.

**ટીકા :- परे पुनरुक्तेषु गुणेषु मोहक्षयजन्यं चरणलक्षणमेकमेव गुणमादृत्य नामगोत्रक्षयजन्ये च पृथगेव स्थैर्यावगाहने गुणौ स्वीकृत्याष्टसंख्यां पूरयन्ति। तच्चिन्त्यम्, अवगाहनायाः स्वप्रतिबन्धकनामकर्मक्षय-जन्यत्वेन गोत्रकर्मक्षयजन्यत्वाभावात्। 'अमूर्त्तावगाहनाया नामकर्मक्षयजन्यत्वेऽप्यनन्तावगाहनात्वेन गोत्रकर्मक्षयजन्यतेति चेत्? न, अनन्तावगाहनात्वस्यार्थसमाजसिद्धत्वात्। अपि च येयं नामकर्मक्षयजन्या स्थिरता प्रतिपाद्यते, सा यदि कार्मणशरीरविलयोपनीतप्रदेशचाञ्चल्यविलयरूपा-सा नूनं शैलेश्यवस्था-चरमसमयभावी सर्वसंवररूपश्चरणधर्म एव, चारित्रत्वेन चारित्रावरणकर्मक्षयजन्यत्वेऽपि प्रकृष्टचारित्रत्वेन योगनिरोधजन्यत्वादिति स्फुटीभविष्यत्यग्रे। तथा च चारित्रस्थिरतयोरैक्येन यथोक्तपरिगणनभङ्गप्रसङ्गः।**

**ટીકાર્થ :- 'परे'** બીજાઓ વળી ઉક્તગુણોમાં મોહક્ષયજન્ય તરીકે ચારિત્રલક્ષણરૂપ એક જ ગુણને સ્વીકારીને, નામકર્મ અને ગોત્રકર્મના ક્ષયથી પૃથગ્ જ સ્થિરતા અને અવગાહના ગુણનો સ્વીકાર કરીને, આઠની સંખ્યા પૂરી કરે છે. તે કથન ચિંત્ય છે એમ ગ્રંથકાર કહે છે, કેમ કે અવગાહનાનું સ્વપ્રતિબંધક =અવગાહનાપ્રતિબંધક, નામકર્મના ક્ષયથી જન્યપણું હોવાથી ગોત્રકર્મક્ષયજન્યપણાનો અભાવ છે.

**ભાવાર્થ :-** નામકર્મના ઉદયથી શરીરની પ્રાપ્તિ થાય છે અને તેથી જ યોગાદિની પ્રાપ્તિ થવાથી અસ્થૈર્યભાવ પેદા થાય છે, તેથી નામકર્મના ક્ષયથી સ્થિરતા ગુણ પેદા થાય છે. અને ગોત્રકર્મના ઉદયથી ઊંચનીચનો ભાવ પેદા થાય છે, તેથી ગોત્રકર્મનો ક્ષય થવાથી અવગાહના ગુણ પેદા થાય છે. કેમ કે અને ગોત્રકર્મનો ક્ષય થવાથી ઊંચનીચપણું ચાલ્યું જવાથી એક ઠેકાણે અનંતજીવો અવગાહના પ્રાપ્ત કરે છે. આ પ્રમાણે પૂર્વપક્ષીનું કથન છે, તે વિચારવા યોગ્ય છે એ પ્રમાણે ગ્રંથકાર કહે છે. કેમ કે નામકર્મના ઉદયને કારણે જીવને શરીરની પ્રાપ્તિ થાય છે તેથી તે મૂર્ત્ત બને છે, માટે અવગાહનાનો પ્રતિબંધક નામકર્મનો ઉદય છે. તેથી સંસારવર્તી જીવોને નામકર્મનો ઉદય હોવાથી અમૂર્ત્ત અવગાહના હોતી નથી. નામકર્મના ક્ષયથી મૂર્ત્તભાવનો અભાવ થાય છે, તેથી પ્રતિઘાતનો અભાવ થાય છે, અને પ્રતિઘાતનો અભાવ થવાને કારણે અમૂર્ત્તઅવગાહના પ્રાપ્ત થાય છે. માટે અવગાહના નામકર્મના ક્ષયથી જન્ય છે, તેને ગોત્રકર્મક્ષજન્ય કહી શકાય નહિ. તેથી પરનું કથન ચિંત્ય છે, એમ ગ્રંથકાર કહે છે.

**ટીકાર્થ :-** **'अमूर्त्त'** અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, અમૂર્ત્ત અવગાહનાનું નામકર્મક્ષયજન્યપણું હોવા છતાં પણ અનંત અવગાહનાત્વ વડે કરીને અવગાહનાની ગોત્રકર્મક્ષયજન્યતા છે.

તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું-

**'अनन्त'** કેમ કે અનંત અવગાહનાત્વનું અર્થસમાજસિદ્ધપણું છે.

❀ અહીં અનંત અવગાહનાત્વ=અનંત અવગાહના જેને છે તે અનંત અવગાહનાવાળી વ્યક્તિ લેવી, અને તન્નિષ્ઠભાવ તે અનંત અવગાહનાત્વ=અનંત અવગાહના કહેવાય. અવગાહના શબ્દને 'ત્વ'પ્રત્યય 'ભાવ'માં લાગેલ છે.

**ભાવાર્થ :-** નામકર્મના ક્ષયથી અમૂર્ત્ત અવગાહના પ્રત્યેક સિદ્ધને પ્રાપ્ત થાય છે અને તે સિદ્ધ ભગવંતોને પોતપોતાના નામકર્મના ક્ષયથી અમૂર્ત્ત અવગાહના પ્રાપ્ત થઇ, અને એક સ્થાનેથી મોક્ષમાં ગયા તેથી મુક્તઅવસ્થા પ્રાપ્ત થઇ. તે રૂપ કારણસમાજથી એક ઠેકાણે અનંતજીવોની અમૂર્ત્ત અવગાહના પ્રાપ્ત થાય છે. માટે અવગાહના ગુણને ગોત્રકર્મક્ષયજન્ય કહી શકાય નહિ.

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું કે નામકર્મના ક્ષયથી જન્ય અવગાહના છે માટે ગોત્રકર્મક્ષયજન્ય કહી શકાય નહિ, અને તેને જ પુષ્ટ કરતાં ગ્રંથકાર કહે છે-

**ટીકાર્થ :-** **'अपि च येयं'** અને વળી જે આ નામકર્મક્ષયજન્ય સ્થિરતા પૂર્વપક્ષી કહે છે, તે જો કાર્મણશરીરના વિલયથી ઉપનીત પ્રદેશચાંચલ્યવિલયરૂપ હોય, તો તે ખરેખર શૈલેશી અવસ્થાના ચરમસમયભાવી સર્વસંવરરૂપ ચારિત્રધર્મ જ છે. કેમ કે ચારિત્રપણાથી ચારિત્રાવરણકર્મક્ષયજન્યપણું હોવા છતાં પણ પ્રકૃષ્ટચારિત્રપણાથી યોગનિરોધજન્યપણું છે, એ પ્રમાણે આગળ સ્પષ્ટ કરીશું. અને તે રીતે=નામકર્મના ક્ષયથી ચારિત્રરૂપ સ્થિરતા પેદા થાય છે તેમ માનો તો તે રીતે, ચારિત્ર અને સ્થિરતાનું ઐક્યપણું હોવાથી યથોક્તપરિગણનાના ભંગનો પ્રસંગ છે.

**ભાવાર્થ :-** કાર્મણશરીરના કારણે આત્મપ્રદેશમાં ચંચળતા પેદા થાય છે, અને કાર્મણશરીરના વિલયને કારણે આત્મપ્રદેશમાં ચંચળતાનો વિલય થાય છે, અને તે રૂપ જ નામકર્મના ક્ષયજન્ય સ્થિરતા પૂર્વપક્ષીને અભિમત હોય, તો તે શૈલેશી અવસ્થાના ચરમસમયભાવી સર્વસંવરરૂપ ચારિત્રધર્મ જ થશે.

અહીં સમગ્ર ૧૪મા ગુણસ્થાનકવર્તી સર્વસંવરરૂપ સ્થિરતા ગ્રહણ ન કરતાં શૈલેશી અવસ્થાના ચરમસમયભાવી સર્વસંવરરૂપ સ્થિરતાને એટલા માટે ગ્રહણ કરેલ છે કે, ચૌદમા ગુણસ્થાનકમાં પણ કાર્મણશરીર વિદ્યમાન છે. તેથી ત્યાં યોગનિરોધજન્ય પ્રદેશની ચંચળતાનો વિલય હોવા છતાં પણ, કાર્મણશરીરના વિલયથી ઉપનીત સ્થિરતા નથી. કાર્મણશરીરનો વિલય યદ્યપિ વ્યવહારનયથી સિદ્ધાવસ્થામાં છે, તો પણ ક્રિયાકાલ અને નિષ્ઠાકાલ નિશ્ચયનયથી એક હોવાથી, શૈલેશીઅવસ્થાના ચરમસમયમાં અવશિષ્ટ કર્મો ઉદયમાં આવે છે અને તે જ વખતે નાશ પામે છે, તેથી જ તે ચરમસમયમાં જ કાર્મણશરીરનો વિલય પણ હોય છે; માટે સર્વસંવરરૂપ

ચારિત્ર યદ્યપિ સંપૂર્ણ ૧૪મા ગુણસ્થાનકમાં હોવા છતાં પણ અહીં શૈલેશી અવસ્થાના ચરમસમયભાવી સર્વસંવરરૂપ ચરણધર્મને ગ્રહણ કરેલ છે.

અહીં કોઇને શંકા થાય કે ચારિત્ર તો ચારિત્રાવરણકર્મના ક્ષયથી પેદા થાય છે, જ્યારે સ્થિરતા તો નામકર્મના ક્ષયને કારણે શરીરનો અભાવ થવાથી યોગનો અભાવ થાય છે તેનાથી પેદા થાય છે, માટે નામકર્મના ક્ષયથી જ સ્થિરતા પેદા થાય છે તેમ કહેવું ઉચિત છે. તેના ખુલાસારૂપે કહે છે કે ચારિત્રપણું ચારિત્રાવરણકર્મક્ષયજન્ય હોવા છતાં પણ પ્રકૃષ્ટચારિત્રપણાની સ્થિરતા યોગનિરોધજન્ય છે. તેથી યોગનિરોધને કારણે પ્રકૃષ્ટચારિત્રરૂપ સ્થિરતા ૧૪મા ગુણસ્થાનકમાં પ્રાદુર્ભાવ પામે છે. પરંતુ ૧૪મા ગુણસ્થાનકે હજુ નામકર્મનો ઉદય હોય છે છતાં ૧૪મા ગુણસ્થાનકના ચરમસમયે ક્રિયાકાળ અને નિષ્ઠાકાળ એક હોવાને કારણે નામકર્મના ઉદય અને સત્તાનો એક સાથે અભાવ થાય છે, તેથી નામકર્મના ક્ષયથી જન્ય સ્થિરતા ૧૪મા ગુણસ્થાનકના ચરમસમયે પ્રાદુર્ભાવ પામે છે; કે જે કાર્મણશરીરના વિલયથી ઉપનીત પ્રદેશચંચળતાના વિલયરૂપ છે. તેથી જ શૈલેશીઅવસ્થા ચરમસમયભાવી સર્વસંવરરૂપ ચરણધર્મને જ અહીં ગ્રહણ કરેલ છે. અને તે રીતે ચારિત્ર અને સ્થિરતા એક જ થઇ જવાથી 'ગુણો આઠ છે' એવી પરિગણનાનો જ ભંગ થઇ જવાનો પ્રસંગ આવશે.

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું કે ચારિત્ર અને સ્થિરતાનું ઐક્ય હોવાને કારણે યથોક્ત પરિગણનાના ભંગનો પ્રસંગ થશે, ત્યાં પૂર્વપક્ષી કહે કે, નામકર્મના ક્ષયથી જીવ અશરીરી બને છે, તેથી કાર્મણશરીરના વિલયથી ઉપનીત પ્રદેશચંચળતાના વિલયરૂપ સ્થિરતા પેદા થાય છે. તેથી તે સ્થિરતાને નામકર્મક્ષયજન્ય કહેવી જોઇએ. પરિગણનાના ભંગના પ્રસંગના ભયથી વસ્તુસ્થિતિનો અપલાપ કરવો ઉચિત ન ગણાય. તેથી ગ્રંથકાર કહે છે-

**ટીકા :- अपि च यत्सामान्यावच्छेदेन यत्कर्मक्षयजन्यत्वं तत्सामान्याक्रान्तस्य तज्जन्यगुणत्वव्यवहारः, अन्यथा मोहक्षयस्य सुखविशेषहेतुत्वेन सुखस्य मोहक्षयजन्यगुणत्वेन व्यवहारप्रसङ्गात्। एवं च चारित्रमात्रे नामकर्मक्षयस्याऽहेतुत्वान्न तस्य तज्जन्यगुणत्वम्। एतेन- "मोहक्षयजन्यः सम्यक्त्वमेव गुणश्चारित्रं तु नामकर्मक्षयजन्यमेव स्थिरतापदप्रतिपाद्यं"- इति कल्पनापि परास्ता।**

**ટીકાર્થ :- 'अपि च'** અને વળી જે સામાન્યધર્માવચ્છેદેન=સુખત્વરૂપ સામાન્યધર્માવચ્છેદેન, સુખનું, યત્કર્મક્ષયજન્યપણું=વેદનીયકર્મક્ષયજન્યપણું છે, તત્સામાન્યઆક્રાંતનું=સુખત્વરૂપ સામાન્યઆક્રાંતનું, તજ્જન્યગુણત્વનો=વેદનીયકર્મક્ષયજન્યગુણત્વનો, વ્યવહાર છે. અન્યથા=એવું ન માનો અને એમ માનો કે સામાન્યધર્માવચ્છેદેન વેદનીયકર્મક્ષયજન્ય હોવા છતાં પણ તત્સામાન્યઆક્રાંતનો=સુખત્વસામાન્યઆક્રાંતનો અન્યકર્મક્ષયજન્ય ગુણત્વનો વ્યવહાર છે એમ માનો તો, મોહક્ષયનું સુખવિશેષમાં હેતુપણું હોવાથી સુખનો મોહક્ષયજન્યગુણપણાથી વ્યવહારનો પ્રસંગ આવશે. અને એ પ્રમાણે ચારિત્રમાત્રમાં નામકર્મક્ષયનું અહેતુપણું હોવાને કારણે તેનું=ચારિત્રનું, તજ્જન્યગુણપણું=નામકર્મક્ષયજન્યગુણપણું, નથી.

**ભાવાર્થ :-** મોહના ક્ષયથી પ્રશમરસનું સુખવિશેષ પેદા થાય છે, તો પણ સુખ મોહના ક્ષયથી જન્ય ગુણ છે તેવો વ્યવહાર થતો નથી; પરંતુ વેદનીયકર્મના ક્ષયથી જન્ય ગુણ છે તેવો જ વ્યવહાર થાય છે, કેમ કે સામાન્યથી સુખ પ્રત્યે વેદનીયકર્મનો ક્ષય જ કારણ છે. અને જ્યારે કયા કર્મના ક્ષયથી કયો ગુણ પ્રાદુર્ભાવ થાય છે એવું કથન કરવું હોય ત્યારે, વેદનીયકર્મના ક્ષયથી જ સુખ થાય છે એ પ્રકારનું જ કથન થઇ શકે, પણ મોહનીયકર્મના ક્ષયથી સુખ પેદા થાય છે એવું કથન થઇ શકે નહિ. પરંતુ મોહના ક્ષયથી જે મુખ્ય ગુણ ચારિત્ર છે તે પેદા થાય છે તેવું જ કથન થઇ શકે, અને તે સ્થિરતારૂપ જ છે.

અહીં પ્રસ્તુતમાં પણ એ રીતે જ ચારિત્રમાત્રમાં નામકર્મના ક્ષયનું હેતુપણું નથી, તેથી ચારિત્રનું નામકર્મક્ષયજન્યગુણપણું છે એમ કથન થઇ શકે નહિ. પરંતુ ચારિત્રમોહનીયકર્મના ક્ષયથી જ ચારિત્રગુણનો પ્રાદુર્ભાવ થાય છે તેમ કહી શકાય, અને નામકર્મના ક્ષયથી જીવ મુખ્યરૂપે અમૂર્તભાવને પ્રાપ્ત કરે છે તેનું જ કથન કરી શકાય. તેથી અમૂર્ત અવગાહના એ નામકર્મક્ષયજન્ય ગુણ છે એ પ્રકારનું કથન થઇ શકે.

અહીં વિશેષ એ છે કે નામકર્મના ક્ષયથી જીવ અમૂર્તભાવને પામે છે, તે જ જીવની અમૂર્ત અવગાહના છે; અને નામકર્મના ઉદયથી જીવની મૂર્ત અવગાહના હોય છે.

**ટીકાર્થ :-** **'एतेन'** આના દ્વારા=પૂર્વમાં કહ્યું કે ચારિત્રમાત્રમાં નામકર્મના ક્ષયનું અહેતુપણું હોવાથી ચારિત્રનું નામકર્મક્ષયજન્યગુણપણું નથી આના દ્વારા, વક્ષ્યમાણ કલ્પના પણ પરાસ્ત જાણવી. અને તે વક્ષ્યમાણ કલ્પના આ પ્રમાણે છે-

મોહક્ષયજન્ય સમ્યક્ત્વ જ ગુણ છે અને નામકર્મક્ષયજન્ય સ્થિરતાપદથી પ્રતિપાદ્ય એવો ચારિત્ર ગુણ છે, આ પ્રમાણે કલ્પના પણ પરાસ્ત જાણવી.

**ભાવાર્થ :-** વક્ષ્યમાણ કલ્પના કરનારનું તાત્પર્ય એ છે કે મોહક્ષયજન્ય ગુણ તો સમ્યક્ત્વ જ છે અને ચારિત્ર તો સ્થિરતારૂપ હોવાથી નામકર્મક્ષયજન્ય જ છે. આમ કહેવાથી આઠ ગુણોની પરિગણનામાં ભંગનો પ્રસંગ પણ નહિ આવે, અને **'परे'** જે કહ્યું કે નામકર્મક્ષયજન્ય સ્થિરતા ગુણ પેદા થાય છે તે પણ સંગત થઇ જશે. પરંતુ તે કલ્પના ઉપરોક્ત કથનથી પરાસ્ત છે. કેમ કે યદ્યપિ મોહક્ષયથી 'સુખવિશેષ'=ઉપશમભાવનું સુખ, જેમ પેદા થાય છે, તેમ નામકર્મના ક્ષયને કારણે જીવ અશરીરી થવાથી સ્થિરતા પેદા થાય છે; તો પણ 'ચારિત્રસામાન્ય' ચારિત્રમોહનીયના ક્ષયને કારણે પ્રાદુર્ભાવ થતું હોવાને કારણે નામકર્મક્ષયજન્ય સ્થિરતારૂપ ચારિત્ર પેદા થાય છે એ જાતનું કથન થઇ શકે નહિ.

**ટીકા :- एतेनैव च "सुखं मोहक्षयजन्य एव गुणः" इत्यपि निरस्तं, एवं समाष्टसंख्यापरिगणनभङ्ग-प्रसङ्गाद् वेदनीयक्षयस्य निरर्थकत्वप्रसङ्गाच्च। 'अव्याबाधत्वं वेदनीयक्षयस्य फलमिति न दोष' इति चेत्? न, तद्धि दुःखाननुविद्धसुखमेव नत्वन्यत्, सकलकर्मजन्याकुलताविलयस्य तत्त्वे तु तस्य कृत्स्नकर्मक्षयजन्यत्वमेव युक्तं न त्वेकजन्यत्वम्। किञ्चैवं भवस्थवीतरागसिद्धसुखयोरवैलक्षण्यप्रसङ्गः।**

'जीवन्मुक्तिवादिनामिष्टमिदमि'ति चेत्? न, तस्य ज्ञानादिकप्रकर्षमाश्रित्यैवाभ्युपगमसंभवात्, अन्यथा सिद्धान्तविरोधात्, इति किमुत्सूत्रप्ररूपणप्रवणेन सह विचारणया॥१३०॥

**ટીકાર્થ :- 'एतेनैव'** આનાથી જ=પૂર્વમાં કહ્યું કે સામાન્યરૂપે જેનું જે કર્મક્ષયજન્યપણું છે તત્સામાન્યઆક્રાંતનું તજ્જન્યગુણત્વનો વ્યવહાર થાય છે એનાથી જ, "સુખ મોહક્ષયજન્ય જ ગુણ છે" એ પણ નિરસ્ત જાણવું. અને એ પ્રમાણે=સુખને મોહક્ષયજન્યગુણ માનીએ એ પ્રમાણે, સાત પ્રકાર દ્વારા આઠ ગુણોની પ્રાપ્તિરૂપ સંખ્યાના પરિગણનાના ભંગનો પ્રસંગ પ્રાપ્ત થાય.

**ઉત્થાન :-** અહીં કોઇ કહે કે સાત પ્રકાર દ્વારા આઠ ગુણોની સંખ્યાનું પરિગણન અમને માન્ય છે, તેથી કહે છે-

**ટીકાર્થ :- 'वेदनीय'** વેદનીયકર્મના ક્ષયના નિરર્થકપણાનો પ્રસંગ પ્રાપ્ત થશે.

**ભાવાર્થ :- 'अपि च'**થી પૂર્વમાં જે નિયમ બાંધ્યો કે સામાન્યરૂપે જે કર્મના ક્ષયથી જે ગુણ પેદા થાય છે તે સામાન્યગુણનો તે કર્મના ક્ષયથી જન્યપણાનો વ્યવહાર થાય છે. આવો નિયમ વ્યવહારનયને આશ્રયીને છે અને એના દ્વારા જ વક્ષ્યમાણ માન્યતા નિરસ્ત જાણવી. કેમ કે એ નિયમ પ્રમાણે વેદનીયકર્મના ક્ષયથી જ સુખ પેદા થાય છે તેથી સુખ વેદનીયકર્મજન્ય છે તેમ કહી શકાય, પણ મોહક્ષયથી સુખવિશેષ=ઉપશમભાવનું સુખ પેદા થતું હોય તો પણ સુખ મોહક્ષયજન્ય છે એમ કહી શકાય નહિ. અને આ પૂર્વપક્ષીની માન્યતાના નિરાસમાં **'एवं'**થી જે વિશેષ હેતુ આપ્યો તેનું તાત્પર્ય એ છે કે, કદાચ પૂર્વપક્ષી **'अपि च'**થી કહેલ સામાન્ય નિયમનો સ્વીકાર ન કરે. તેથી કહે છે કે આ રીતે આઠ કર્મના સાત વિભાગ પાડ્યા=નામ અને ગોત્રને સાથે ગણીને સાત વિભાગ પાડ્યા, અને તે સાત પ્રકાર દ્વારા આઠ ગુણોની સંખ્યા પરિગણન કરી, તેના ભંગનો પ્રસંગ પ્રાપ્ત થશે. અને તે સંખ્યાપરિગણનભંગને પણ પૂર્વપક્ષી ઇષ્ટાપત્તિરૂપ કહે તો કહે છે કે, આ રીતે વિભાગ કરવાથી મોહના ક્ષયથી સમ્યક્ત્વ, ચારિત્ર અને સુખ આ ત્રણ ગુણો પ્રાપ્ત થશે, તેથી વેદનીયના ક્ષયનું નિરર્થકપણું પ્રાપ્ત થશે.

તેના સમાધાનરૂપે પૂર્વપક્ષી આ પ્રમાણે કહે છે -

**ટીકાર્થ :- 'अव्याबाधत्वं'** વેદનીયક્ષયનું અવ્યાબાધપણું ફળ છે, તેથી નિરર્થકપણું નથી. માટે દોષ નથી.

તેનો ઉત્તર આપતાં સિદ્ધાંતકાર કહે છે કે એ વાત બરાબર નથી.

**'तद्धि'** કેમ કે તે=અવ્યાબાધપણું દુઃખાનનુવિદ્ધ સુખ જ છે પરંતુ અન્ય નથી, અને દુઃખ-અનનુવિદ્ધ સુખને મોહક્ષયજન્ય સુખ કહેશો તો વેદનીયક્ષયજન્ય અવ્યાબાધ સુખ કહી શકાશે નહિ.

**ઉત્થાન :-** અહીં પૂર્વપક્ષી કહે છે કે મોહક્ષયજન્ય સુખ પેદા થાય છે અને વેદનીયકર્મક્ષયથી જે અવ્યાબાધપણું પેદા થાય છે તે આકુળતાના વિલયસ્વરૂપ છે, પણ નહીં કે સુખસ્વરૂપ, માટે કોઇ દોષ નથી. તેથી ગ્રંથકાર કહે છે-

**ટીકાર્થ :-** **'सकल'** સકલકર્મજન્ય આકુળતાના વિલયનું તત્પણું=અવ્યાબાધપણું, હોતે છતે, વળી તેનું=અવ્યાબાધપણાનું, કૃત્સ્નકર્મક્ષયજન્યપણું જ યુક્ત છે, પરંતુ એકજન્યપણું યુક્ત નથી.

**ભાવાર્થ :-** જીવને કર્મો જ આકુળતા પેદા કરનાર છે અને અવ્યાબાધપણાથી પૂર્વપક્ષી આકુળતાના વિલયનો સ્વીકાર કરે તો તે સકલકર્મક્ષયજન્ય જ કહી શકાશે. તેથી એક વેદનીયકર્મના ક્ષયજન્ય તેને કહી શકાશે નહિ.

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું કે સુખ મોહક્ષયજન્ય જ ગુણ છે એ પણ નિરસ્ત જાણવું. તેમાં હેતુ કહેલ કે એ રીતે સાત પ્રકાર દ્વારા આઠની સંખ્યાના પરિગણનાના ભંગનો પ્રસંગ આવશે. તેને પૂર્વપક્ષી ઇષ્ટાપત્તિરૂપ કહી સ્વીકારી લે છે, તેથી બીજો હેતુ કહ્યો કે વેદનીયકર્મના ક્ષયનો નિરર્થકત્વનો પ્રસંગ આવશે. તેને પૂર્વપક્ષી ઇષ્ટાપત્તિરૂપે કહી શકશે નહિ, તેથી જ તેની સાર્થકતાની સિદ્ધિ માટે પૂર્વપક્ષીની જે દલીલો છે તેનો નિરાસ કર્યો. તેથી વેદનીયક્ષયના નિરર્થકત્વના પ્રસંગની પ્રાપ્તિ ઊભી છે એને બીજો દોષ આપતાં ગ્રંથકાર કહે છે-

**ટીકાર્થ :-** **'किञ्चैवं'** વળી આ રીતે='સુખ મોહક્ષયજન્ય જ ગુણ' છે એમ માન્યું એ રીતે, ભવસ્થવીતરાગ અને સિદ્ધસુખના અવૈલક્ષણ્યનો પ્રસંગ પ્રાપ્ત થશે.

તેના સમાધાનરૂપે પૂર્વપક્ષી આ પ્રમાણે કહે છે -

**'जीवन्'** જીવન્મુક્તવાદી એવા આપણને=તમને અને અમને, આ ઇષ્ટ છે. તેના ઉત્તરરૂપે ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું.

**'तस्य'** કેમ કે તેનું=ભવસ્થવીતરાગ અને સિદ્ધના સુખના અવૈલક્ષણ્યપણાનું, જ્ઞાનાદિ પ્રકર્ષને આશ્રયીને જ અભ્યુપગમનો સંભવ છે, અન્યથા=જ્ઞાનાદિ પ્રકર્ષને આશ્રયીને અભ્યુપગમ ન માનો તો અને ભવસ્થવીતરાગ અને સિદ્ધના સુખનું સર્વથા અવૈલક્ષણ્ય છે એમ માનો તો, સિદ્ધાંતનો વિરોધ આવશે. એથી કરીને ઉત્સૂત્રપ્રરૂપણામાં પ્રવણની=નિપુણની, સાથે અધિક વિચારણાથી શું?

**ભાવાર્થ :-** સંસારમાં જે લોકો મોહથી પર છે તેઓ જીવતાં છતાં મુક્ત જ છે, તેથી ભવસ્થવીતરાગ અને સિદ્ધના સુખનું સમાનપણું સંગત છે એ પ્રમાણે પૂર્વપક્ષી કહે છે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એ વાત બરાબર નથી. કેમ કે સંસારમાં રહેલા હોવા છતાં મુક્ત છે એમ જે કહેવામાં આવે છે તે જ્ઞાન, દર્શન અને ચારિત્રના પ્રકર્ષને આશ્રયીને સિદ્ધ સદશ તેઓ છે, તેથી સંસારમાં હોવા છતાં તેઓ મુક્ત છે એમ કહેવામાં આવે છે; પણ સર્વથા મુક્ત જીવો સદશ તેઓ નથી. કેમ કે સર્વથા મુક્ત જીવો આઠે કર્મથી રહિત છે જ્યારે જ્ઞાનાદિ પ્રકર્ષવાળા એવા કેવલી ચાર કર્મથી મુક્ત છે, એ પ્રકારના સિદ્ધાંતનો વિરોધ આવશે, તેથી ઉત્સૂત્રપ્રરૂપણામાં પ્રવણ=નિપુણ, એવા પૂર્વપક્ષીની સાથે વધુ વિચારણાથી સર્યું. **॥૧૩૦॥**

**અવતરણિકા :- अथैवं व्यवस्थापितेषूक्तसिद्धगुणेषूपन्यस्तं चारित्रमसहमानः सिद्धान्तपक्षावलम्बी विमृशति-**

**અવતરણિકાર્થ :-** આ રીતે=ગાથા ૧૨૯માં દર્શાવ્યું એ રીતે, વ્યવસ્થાપિત ઉક્ત સિદ્ધગુણોમાં ચારિત્રને સહન ન કરતો સિદ્ધાંતપક્ષાવલંબી પોતાની વિચારણા જણાવે છે-

**ગાથા :-** **नणु सिद्धंते सिद्धो 'नोचारित्ती अ णोअचारित्ती' ।**
**भणिओ तो तस्स गुणो चारित्तं जुज्जए कम्हा ॥१३१॥**

(ननु सिद्धान्ते सिद्धो 'नोचारित्री च नोअचारित्री ।' भणितस्तत्तस्य गुणश्चारित्रं युज्यते कस्मात् ॥१३१॥)

**ગાથાર્થ :- સિદ્ધાંતમાં સિદ્ધો નોચારિત્રી-નોઅચારિત્રી કહ્યા છે, તેથી તેનો=સિદ્ધનો, ગુણ ચારિત્ર કેવી રીતે ઘટે?**

**ટીકા :- यथाहि-** "[1]सिद्धे णो भव्वे णो अभव्वे" **इति वचनात्तस्य न भव्यत्वं नाप्यभव्यत्वम्, एवं** "[2]सिद्धे णोचरित्ती णोअचरित्ती" **इति वचनात्तस्य न चारित्रं नाप्यचारित्रमिति कथमस्य चारित्रं गुण इति प्रतिज्ञायते।**

**ટીકાર્થ:-'यथाहि - "सिद्धे णो भव्वे णो अभव्वे"** એ પ્રમાણે વચન હોવાથી તેમનું=સિદ્ધનું, ભવ્યત્વ મનાતું નથી, વળી અભવ્યત્વ પણ મનાતું નથી, એ પ્રમાણે "**सिद्धे णोचरित्ती णोअचरित्ती**" વચન હોવાથી તેમને=સિદ્ધને, ચારિત્ર નથી, અચારિત્ર પણ નથી. એથી કરીને કેવી રીતે એમનો=સિદ્ધનો, ચારિત્ર ગુણ છે એ પ્રમાણે પ્રતિજ્ઞા કરાય છે?

**ટીકાર્થ :-** પૂર્વમાં સિદ્ધાંતપક્ષને અવલંબીને આગમવચનના બળથી સિદ્ધોમાં ચારિત્રાભાવનું સ્થાપન કર્યું ત્યાં, સિદ્ધમાં ચારિત્ર માનનાર પક્ષ '**ननु**'થી તેનો પ્રતિષેધ કરતાં કહે છે-

**ટીકા :- ननु चारित्राभावेनाऽचारित्रत्वस्योक्तिसहत्वेऽपि कथमस्य नोअचारित्रित्वमिति चेत्? न, नञो विरुद्धार्थकत्वेन चारित्रविरोधिनोऽविरतिपरिणामस्याऽचारित्रपदार्थत्वाद्। अथाऽभावार्थकनञाश्रयणेन "अचारित्री सिद्धः" इत्येव कुतो नोपदिश्यते? इति चेत्? न, समयाम्नायानुभवोपनीतसंस्कार-महिम्नाऽचारित्रपदादविरतिपरिणामस्यैव झटित्युपस्थितौ तथोपन्यासस्याऽसांप्रदायिकत्वात्, तादृशपदाद् गुणाभावदोषान्यतरस्फूर्त्तिमात्रजनितकठिनभाषानुबन्धिदोषप्रसङ्गाच्च। न च 'नो अचारित्री' इत्युक्त्यैव चरितार्थत्वं, चारित्राकाङ्क्षाया अपरिपूर्त्तेरर्थान्तरप्रसङ्गात्। इत्थं च 'नोचारित्ती' इत्यत्र नोपदविनिर्मोकेन नञ्पदप्रश्लेषेऽपि विरुद्धोपस्थित्यादिकमेव दूषकताबीजं द्रष्टव्यं, अत एव गुणाभावस्थल एव विरुद्धोपस्थितिनिरासाय तथाप्रयोगो न त्वन्यत्रेति बोध्यम्॥१३१॥**

---

१. "सिद्धः नोभव्यः नोऽभव्यः ।" २. "सिद्धः नोचारित्री नोअचारित्री ।"

**ટીકાર્થ :- 'ननु'** ચારિત્રના અભાવ દ્વારા અચારિત્રપણાનું ઉક્તિસહપણું હોવા છતાં પણ કેવી રીતે આમનું =સિદ્ધનું, નોઅચારિત્રિપણું કહ્યું?
**'न'** - તેનો ઉત્તર આપતાં સિદ્ધાંતપક્ષાવલંબી કહે છે કે એમ ન કહેવું. કેમ કે **'नञ'**નું વિરુદ્ધાર્થકપણું હોવાને કારણે ચારિત્રના વિરોધી એવા અવિરતિપરિણામનું અચારિત્રપદાર્થપણું છે.

**ભાવાર્થ :-** સિદ્ધમાં ચારિત્ર માનનારનું કહેવું એ છે કે, સિદ્ધમાં ચારિત્રનો અભાવ જ ઇષ્ટ હોય તો સિદ્ધોને અચારિત્રી કહેવાથી ચારિત્રાભાવની સંગતિ થઇ શકે છે, તેથી સિદ્ધાંતકારના મત પ્રમાણે સિદ્ધોને 'નોઅચારિત્રી' એમ કહી શકાય નહિ; અને સિદ્ધાંતમાં સિદ્ધોને **'णोअचरित्ती'** એ પ્રમાણે કહ્યા છે. તેથી ત્યાં ચારિત્રનો અભાવ નથી પણ ચારિત્રીપણું છે એ પ્રમાણે **'ननु'**થી શંકા કરનારનો આશય છે. તેનું સમાધાન કરતાં સિદ્ધાંતપક્ષાવલંબી કહે છે કે તમારી વાત બરાબર નથી. કેમ કે 'અચારિત્રીમાં' **'अ'**શબ્દ નઞર્થક છે અને **'नञ'** વિરુદ્ધાર્થક હોવાથી ચારિત્રના વિરોધી એવા અવિરતિપરિણામને જ જણાવે છે, ચારિત્રાભાવને નહિ. તેથી **'णोअचरित्ती'** પદ સિદ્ધમાં અવિરતિપરિણામસ્વરૂપ અચારિત્રના અભાવને જણાવે છે, જે અમને પણ અભિમત છે.

**ઉત્થાન :-** આ રીતે સિદ્ધાંતકારે સમાધાન કર્યું ત્યાં સિદ્ધમાં ચારિત્ર માનનાર પક્ષ **'अथ'**થી સિદ્ધાંતકારને પૂછે છે-

**ટીકાર્થ :- 'अथ'** અભાવાર્થ નઞપદનો આશ્રય કરવા દ્વારા અર્થાત્ વિરુદ્ધાર્થક નઞનો આશ્રય ન કરતાં અભાવાર્થક નઞનો આશ્રય કરવા દ્વારા સિદ્ધો અચારિત્રી હોય છે, એ પ્રમાણે જ કેમ કહેતા નથી? અર્થાત્ એ પ્રમાણે કહેવું જ ઉચિત છે.

**ભાવાર્થ :-** સિદ્ધો ચારિત્રી નથી અને અચારિત્રી નથી એમ કહેવાને બદલે, અભાવાર્થક નઞનો આશ્રય કરીને સિદ્ધો અચારિત્રી છે એમ કહેવાથી, બે કથનોને બદલે એક કથન થાય અને વિવાદ ઊભો થવાનો પ્રશ્ન ન આવે. કેમ કે 'સિદ્ધો અચારિત્રી છે' એમ કહેવાથી સર્વને એ વચનના બળથી નિર્ણય થઇ જાય છે કે સિદ્ધમાં ચારિત્ર નથી.

**ટીકાર્થ :- 'न समय'** પૂર્વપક્ષીના કથનના નિરાકરણરૂપ સિદ્ધાંતકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે સમયઆમ્નાયના = સિદ્ધાંતમર્યાદાના, અનુભવથી ઉપનીત સંસ્કારના મહિમાથી અચારિત્રપદથી અવિરતિપરિણામની જ જલદી ઉપસ્થિતિ થયે છતે, તે પ્રકારના ઉપન્યાસનું=અભાવાર્થક નઞને આશ્રયીને 'સિદ્ધો અચારિત્રી' છે તે પ્રકારના ઉપન્યાસનું, અસાંપ્રદાયિકપણું છે.

**ભાવાર્થ :-** શાસ્ત્રની મર્યાદાનો અનુભવ એ છે કે 'અચારિત્ર'પદ અવિરતિપરિણામને જ જણાવે છે, અને સિદ્ધાંતપદ્ધતિના અનુભવથી જેમને સંસ્કાર પડ્યા છે તેઓને 'અચારિત્ર' પદથી અવિરતિનો જ પરિણામ શીઘ્ર ઉપસ્થિત થાય છે. તેથી શબ્દશાસ્ત્રની મર્યાદા મુજબ **'नञ'**શબ્દ જેમ વિરુદ્ધાર્થક છે તેમ અભાવાર્થક હોવા છતાં

પ્રસ્તુતમાં અભાવાર્થક ગ્રહણ કરીને તે પ્રકારનો ઉપન્યાસ કરવો એ સ્વસંપ્રદાયમાં રૂઢ નથી. માટે લોકોને એ ભ્રમ ન થાય કે સિદ્ધમાં પણ અવિરતિનો પરિણામ છે, માટે આગમની અંદર '**अचारित्री सिद्धः**' એમ ન કહેતાં '**सिद्धे णोचरित्ती णोअचरित्ती**' એ પ્રમાણે કહ્યું છે.

**ઉત્થાન :-** અહીં શંકા થાય કે આગમમાં સિદ્ધને 'અચારિત્રી' કહ્યા હોત તો વ્યાકરણની મર્યાદાના અવલંબનથી સંપ્રદાયમાં પણ અચારિત્રીપદથી અભાવાર્થકનું આશ્રયપણું પ્રાપ્ત થાત. જેથી લોકોને સિદ્ધમાં ચારિત્રગુણ છે કે નહીં તેનો નિર્ણય થઇ જાત અને '**सिद्धे णोचरित्ती णोअचरित्ती**' એવા બે પ્રયોગને બદલે '**अचारित्री सिद्धः**' એવા એક પ્રયોગથી વસ્તુનું સ્થાપન થઇ શકત. તેથી બીજો હેતુ બતાવતાં કહે છે-

**ટીકાર્થ :-** '**तादृशपदाद्**' તેવા પ્રકારના પદથી = '**अचारित्री सिद्धः**' તેવા પ્રકારના પદથી, ગુણાભાવ અને દોષ અન્યતરના સ્ફૂર્તિમાત્રથી જન્ય કઠિનભાષાઅનુબંધી દોષનો પ્રસંગ છે.

**ભાવાર્થ :-** '**सिद्धे नोचरित्ती नोअचरित्ती**' એ પ્રમાણે કહેવાથી એ નક્કી થાય કે સિદ્ધમાં 'ચારિત્ર' ગુણ નથી અને અવિરતિના પરિણામરૂપ 'અચારિત્ર' દોષ નથી; પરંતુ '**अचारित्री सिद्धः**'માં નઞાર્થક જે '**अ**' છે તે વિરુદ્ધાર્થક ગ્રહણ કરીએ તો દોષની ઉપસ્થિતિ કરાવે, અને અભાવાર્થક ગ્રહણ કરીએ તો ગુણાભાવની ઉપસ્થિતિ કરાવે, તેથી તે પદ દ્વારા ગુણાભાવ અને દોષ એ બેમાંથી અન્યતરનું સ્ફુરણ થાય, અને તેનાથી જનિત એવી કઠિન ભાષાના અનુબંધી એવા દોષની પ્રાપ્તિ થાય.

અહીં વિશેષ એ છે કે '**अचारित्री सिद्धः**' આવું બોલનાર જે વ્યક્તિ છે તે વ્યક્તિને, 'અચારિત્રી' બોલતી વખતે '**अ**' પદ ગુણાભાવ અને દોષ બંનેનો વાચક છે તેવું જ્ઞાન છે; તેથી બોલનાર વ્યક્તિના હૈયામાં બંનેનું સ્ફુરણ થાય છે. અને બોલનાર વ્યક્તિને સામેની વ્યક્તિને સમ્યગ્ બોધ કરાવવા માટે તેવી કઠિન ભાષાનો પ્રયોગ કરવો તે દોષરૂપ છે. કેમ કે પોતાને અપેક્ષિત અર્થ કરતાં અન્ય ભાવની પણ તે પદથી ઉપસ્થિતિ થતી હોવાથી, અચારિત્રરૂપ=અવિરતિના પરિણામરૂપ દોષના વાચક શબ્દથી સિદ્ધ ભગવંતમાં ચારિત્રના અભાવનું કથન કરવું તે કઠિન ભાષાપ્રયોગ કરવારૂપ દોષ છે. જેમ કોઇ આંધળાને 'આંધળો' કહેવો તે કઠિન ભાષાના પ્રયોગરૂપ છે, તેથી વ્યવહારમાં 'પ્રજ્ઞાચક્ષુ' એ પ્રકારનો પ્રયોગ વિવેકી કરે છે, તેમ સિદ્ધાંતકારે '**अचारित्री सिद्धः**' એમ પ્રયોગ ન કરતાં '**सिद्धे णोचरित्ती णोअचरित्ती**' એ પ્રમાણે પ્રયોગ કરેલ છે.

**ઉત્થાન :-** અહીં સિદ્ધાંતપક્ષીને સિદ્ધમાં ચારિત્ર માનનાર પક્ષ કહે છે કે '**नोअचारित्ती**' એ પ્રમાણે ઉક્તિથી જ = કહેવાથી જ, ચરિતાર્થપણું છે. કેમ કે અચારિત્રીપદથી અવિરતિપરિણામ જ પ્રાપ્ત થાય છે, અને તે અવિરતિપરિણામરૂપ દોષ સિદ્ધમાં નથી; અને સિદ્ધમાં ચારિત્રગુણ છે એવું કથન ન હોવાથી એ નિર્ણય થઇ જ જશે કે સિદ્ધમાં અવિરતિ નામનો દોષ નથી અને ચારિત્ર પણ નથી; કેમ કે સિદ્ધમાં જો ચારિત્ર હોત તો શાસ્ત્રમાં તેનું વિધાન હોત. જ્યારે શાસ્ત્રમાં સિદ્ધમાં ચારિત્ર હોવાનું વિધાન નથી, માટે ચારિત્રાભાવનું જ્ઞાન અને '**णोअचरित्ती**' કહેવાથી દોષાભાવનું જ્ઞાન થઇ જાય છે. તેના નિરાકરણરૂપે સિદ્ધાંતપક્ષી કહે છે -

**ટીકાર્થ :- 'न च' - 'नो अचारित्री'** એ પ્રમાણે કહેવાથી જ ચરિતાર્થપણું નથી, કેમ કે ચારિત્રની આકાંક્ષાની અપરિપૂર્તિ હોવાથી અર્થાંતરનો પ્રસંગ છે.

**ભાવાર્થ :-** ફક્ત **'णोअचरित्ती'** એટલું જો કહ્યું હોત તો, ચારિત્ર એ ગુણ છે માટે સિદ્ધમાં ચારિત્રગુણ છે કે નહિ એવી આકાંક્ષાની અપરિપૂર્તિ હોવાથી, કોઇને એમ પણ થાય કે સિદ્ધને **'णोअचरित्ती'** કહ્યા છે પણ **'णो चरित्ती'** કહ્યા નથી, માટે ત્યાં ચારિત્રગુણ હોવો જોઇએ; એવા અર્થાંતરની પ્રાપ્તિનો પ્રસંગ થાય. તેથી ફક્ત **'णो अचरित्ती'** ન કહેતાં **'णो चरित्ती'** એમ પણ કહેલ છે.

**ટીકાર્થ :- 'इत्थं च'** - અને આ પ્રમાણે = જેમ ફક્ત **'णो अचरित्ती'** કહ્યું હોત અને **'णो चरित्ती'** ન કહ્યું હોત તો અર્થાંતરનો પ્રસંગ આવે છે એ પ્રમાણે, **'नो चारित्ती'** એ પ્રયોગ છે એમાં **'नो'** પદને છોડીને **'नञ'** પદનો= **'अ'** પદનો પ્રશ્લેષ કરે છતે પણ વિરુદ્ધ ઉપસ્થિત્યાદિક જ દૂષકતાનું બીજ જાણવું, અર્થાત્ દોષવત્ત્વનું બીજ જાણવું:

**ભાવાર્થ :- ''णो चरित्ती णो अचरित्ती'** પદમાં જે **'नो चरित्ती'** પદ છે, તેમાં **'नो'** પદને છોડીને **'अ'**કારનો પ્રશ્લેષ કરવામાં આવે અને એમ કહેવામાં આવે કે સિદ્ધ **'अचारित्री'** છે, અને **'नो अचारित्री'** છે તો 'અચારિત્રી' પદ અવિરતિપરિણામનો વાચક હોવાને કારણે શાબ્દબોધ કરનારને તે વચનપ્રયોગ દ્વારા સિદ્ધમાં અવિરતિનો અભાવ અને અવિરતિનો સદ્ભાવ છે એ પ્રકારે વિરુદ્ધ ઉપસ્થિત્યાદિક થવાની સંભાવના રહે છે, તે જ તેવા પ્રકારના પ્રયોગમાં દૂષકતાનું બીજ જાણવું.

❀ **'विरुद्धोपस्थित्यादिक'** - અહીં **'आदि'**પદથી ભ્રમનું ગ્રહણ કરવું, અર્થાત્ કોઇકને એવો ભ્રમ થાય કે સિદ્ધોને **'अचारित्री'** કહ્યા છે માટે ત્યાં અવિરતિનો પરિણામ છે, અને **'नो अचारित्री'** કહ્યા છે માટે કોઇક અપેક્ષાએ અવિરતિનો પરિણામ નથી. તેથી તેવો પ્રયોગ ન કરતાં **'नो चारित्री'** એવો જ પ્રયોગ કરાયેલ છે.

❀ અહીં **'दूषकताबीजं'** એમ કહ્યું ત્યાં 'દૂષક' શબ્દ 'દોષવાન'નો વાચક છે, તેથી તે પ્રયોગ દોષવાન છે. માટે તેમાં દોષવત્ત્વરૂપ દૂષકતા છે અને તેનું બીજ **'विरुद्धोपस्थित्यादिक'** છે.

❀ **'इत्थं'** કહ્યું તેનો ભાવ એ છે કે જેમ **'नो चारित्री'** એવો પ્રયોગ ન કરવાને કારણે અર્થાંતરની પ્રાપ્તિ એ દૂષકતાબીજ છે, એ જ રીતે **'नो चारित्री'**ના સ્થાને **'अचारित्री'** એ પ્રયોગ કરવામાં આવે તો વિરુદ્ધોપસ્થિત્યાદિક દૂષકતાનું બીજ છે.

**ટીકાર્થ :- अत एव** - આથી કરીને જ = **'नो चारित्ती'** પદમાં **'नो'** પદને છોડીને **'नञ'** પદનો પ્રશ્લેષ કરે છતે વિરુદ્ધોપસ્થિત્યાદિક જ દૂષકતાનું બીજ છે આથી કરીને જ, ગુણાભાવસ્થળમાં જ વિરુદ્ધોપસ્થિતિના નિરાસ માટે તથાપ્રયોગ = **'नो चारित्री नो अचारित्री'** આવો પ્રયોગ, થાય છે, પરંતુ અન્યત્ર નહિ. એ પ્રમાણે જાણવું.

**ભાવાર્થ :-** '**नो चारित्री**'ને બદલે સિદ્ધને 'અચારિત્રી' કહેવામાં આવે તો વિરુદ્ધ ઉપસ્થિતિ આદિ દોષ છે. આથી કરીને જ જ્યાં જ્યાં ફક્ત 'ગુણાભાવ' હોય તેવા સ્થળમાં જ '**सिद्धे णोचरित्ती णोअचरित्ती**' એવા પ્રકારનો પ્રયોગ કરવામાં આવે છે. જેમ ભવ્ય જીવમાં ભવ્યત્વગુણ છે અને અભવ્ય જીવમાં ભવ્યત્વગુણ નથી પરંતુ અભવ્યત્વ દોષ છે, તેથી અભવ્યને '**नोभव्वे**' એમ કહેવાતું નથી, પરંતુ અભવ્યત્વ દોષવાળા છે તેમ જ કહેવાય છે. જ્યારે સિદ્ધભગવંતમાં અભવ્યત્વ દોષ નથી અને ભવ્યત્વ ગુણ પણ નથી, તેથી સિદ્ધભગવંતમાં ભવ્યત્વરૂપ ગુણાભાવને બતાવવા માટે '**सिद्धे नोभव्वे नोअभव्वे**' કહેલા છે. પરંતુ ફક્ત '**अभव्वे**' એમ કહેત તો સિદ્ધમાં અભવ્યત્વ નામનો દોષ છે તે પ્રકારની વિરુદ્ધોપસ્થિતિ પણ કોઇને થઇ શકે. તેથી તેના નિરાસ માટે '**सिद्धे नोभव्वे नोअभव्वे**' એમ કહેલ છે. તે જ રીતે સિદ્ધમાં ચારિત્રાભાવને બતાવવા માટે '**अचारित्री**' પ્રયોગ ન કરતાં '**सिद्धे णोचरित्ती णोअचरित्ती**' એમ પ્રયોગ કરેલ છે, જેનાથી સિદ્ધમાં ચારિત્રગુણનો અભાવ છે તેવું જ્ઞાન થાય છે. અને તેના બદલે સિદ્ધને ચારિત્રાભાવ બતાવવા માટે '**अचारित्री**' પ્રયોગ કર્યો હોત તો વિરુદ્ધોપસ્થિતિ પણ કોઇકને થઇ શકે, અર્થાત્ સિદ્ધમાં અવિરતિનો પરિણામ છે તેવી વિરુદ્ધોપસ્થિતિ પણ કોઇકને થઇ શકે. તેથી આવાં સ્થાનોમાં '**नो**' શબ્દથી પ્રયોગ કરાય છે. **॥૧૩૧॥**

**અવતરણિકા :- परः शङ्कते-**

**અવતરણિકાર્થ :-** બીજો શંકા કરતાં કહે છે -

**ગાથા :-** **नणु इह देसणिसेहे णोसद्दो तेण तस्स देसस्स ।**
**अत्थु णिसेहो किरियारूवस्स ण सत्तिरूवस्स ॥१३२॥**

(नन्विह देशनिषेधे नोशब्दस्तेन तस्य देशस्य । अस्तु निषेधः क्रियारूपस्य न शक्तिरूपस्य ॥१३२॥)

**ગાથાર્થ :-** **અહીં = '**सिद्धे नोचरित्ती**' એ સૂત્રમાં '**नो**' શબ્દ દેશનિષેધમાં હોતે છતે તેના વડે = '**नो**' શબ્દ વડે, તેના = ચારિત્રના, ક્રિયારૂપ દેશનો નિષેધ કરો, શક્તિરૂપ દેશનો નહિ.**

**ટીકા :- ननु 'नो चारित्ती' इत्यत्र नोपदस्य देशनिषेधार्थकत्वात् क्रियारूपतदेकदेशनिषेधेऽपि चारित्रमोहक्षयजनितस्यात्मपरिणामविशेषरूपस्य चारित्रस्य तत्राक्षतत्वेन न काचित्सूत्रबाधा ॥१३२॥**

**ટીકાર્થ :-** '**ननु**' સિદ્ધમાં ચારિત્ર માનનાર પૂર્વપક્ષી '**ननु**'થી કહે છે કે '**नोचारित्ती**' સ્થાનમાં '**नो**' પદનું દેશનિષેધાર્થકપણું હોવાથી ક્રિયારૂપ તેના= ચારિત્રના, એક દેશનો નિષેધ થવા છતાં પણ ચારિત્રમોહક્ષયજનિત આત્મપરિણામવિશેષરૂપ ચારિત્રનું ત્યાં= સિદ્ધમાં, અક્ષતપણું હોવાથી કોઇપણ સૂત્રબાધા નથી, અર્થાત્ '**सिद्धे णोचरित्ती णोअचरित्ती**' કહ્યું એ સૂત્રમાં કોઇ દોષ નથી. **॥૧૩૨॥**

❀ અહીં ગાથા ૧૩૨ની ટીકા પૂર્ણ થાય છે. ત્યારપછી '**अथ क्रियारूपमेव.....विरतेरभावादिति चेदत्रोच्यते**' સુધીનું કથન ગાથા ૧૩૩ થી ૧૪૧ સુધીની અવતરણિકારૂપ છે અને અવતરણિકામાં કહેલ જુદી જુદી શંકાનો ગાથા ૧૩૩થી ક્રમસર જવાબ આપેલ છે.

**અવતરણિકા :-** **[1]अथ क्रियारूपमेव चारित्रं न तु ज्ञानादिवच्छश्वतात्मपरिणामरूपं, [2]अत एव क्रियायाः परभवाननुगामितया तस्यैहिकत्वमेव न तु पारभविकत्वमित्युपदिष्टम्। तथाहि-**

"*इहभविए भंते चरित्ते परभविए चरित्ते तदुभयभविए चरित्ते? गोयमा इहभविए चरित्ते णो परभविए चरित्ते णो तदुभयभविए चरित्ते" इति। **व्याख्यातं चेदं चरित्रसूत्रे निर्वचनविशेषात्, तथाहि-चारित्रमैहभविकमेव न हि चारित्रवानिह भूत्वा तेनैव चारित्रेण पुनश्चारित्री भवति, यावज्जीविताावधिकत्वात्तस्य। किञ्च चारित्रिणः संसारे सर्वविरतस्य देशविरतस्य च देवेष्वेवोत्पादात्, तत्र च विरतेरत्यन्तमभावात्, मोक्षगतावपि चारित्रसंभवाभावाद्, [3]चारित्रं हि कर्मक्षपणायानुष्ठीयते मोक्षे च तस्याऽकिञ्चित्करत्वात्, [4]'यावज्जीवम्' इति प्रतिज्ञासमाप्तेः, तदन्यस्याऽग्रहणात्, [5]अनुष्ठानरूपत्वाच्च चारित्रस्य शरीराभावे च तदयोगात्। अत एवोच्यते** "**सिद्धे णो चरित्ती णो अचरित्ती णो चरित्ताचरित्तीति वा", **विरतेरभावादिति चेत्? अत्रोच्यते-**

❀ અવતરણિકામાં આપેલ **૧, ૨, ૩, ૪** અને **૫** નંબર અનુક્રમે ગાથા - ૧૩૩, ૧૩૪, ૧૩૫, ૧૩૬ અને ૧૩૭ની અવતરણિકારૂપ છે.

**અવતરણિકાર્થ :-** ગાથા - ૧૩૨માં સિદ્ધમાં ચારિત્ર માનનાર પક્ષે કહ્યું કે આત્મપરિણામવિશેષરૂપ ચારિત્રનું સિદ્ધમાં અક્ષતપણું હોવાને કારણે કોઈ સૂત્રબાધા નથી. તેના નિરાકરણરૂપે '**अथ**'થી સિદ્ધાંતાવલંબી કહે છે -

ક્રિયારૂપ જ ચારિત્ર છે, પણ નહિ કે જ્ઞાનાદિની જેમ શાશ્વત આત્મપરિણામરૂપ. આથી કરીને જ = ક્રિયારૂપ જ ચારિત્ર છે પરંતુ જ્ઞાનાદિની જેમ આત્મપરિણામરૂપ ચારિત્ર નથી આથી કરીને જ, ક્રિયાનું પરભવ અનનુગામીપણું હોવાના કારણે તેનું=ચારિત્રનું, ઐહિકપણું જ છે, પરંતુ પારભવિકપણું નથી; એ પ્રમાણે ઉપદિષ્ટ=કહેવાયેલું છે. અર્થાત્ ચારિત્ર આભવસંબંધી જ હોય છે, પરભવસંબંધી નહિ, એવું શ્રીભગવતીસૂત્રમાં કહેવાયેલું છે.

તે આ પ્રમાણે -

'**इहभविए**' - 'હે ભગવન્! ચારિત્ર ઈહભવિક હોય છે? પારભવિક હોય છે? કે તદુભયભવિક હોય છે? હે ગૌતમ! ચારિત્ર ઈહભવિક હોય છે. પારભવિક નથી હોતું કે તદુભયભવિક નથી હોતું.

'**व्याख्यातं**' અને વળી ચરિત્રસૂત્રમાં નિર્વચનવિશેષથી=કથનવિશેષથી, આ =પૂર્વમાં કહેલ, '**इहभविए**... ઇત્યાદિ રૂપ કથન વ્યાખ્યાત છે.

અહીં ચરિત્રસૂત્ર=ચારિત્રનું વર્ણન કરનારાં સૂત્રો છે, તેમાં આ કથન વ્યાખ્યાત છે અને તે '**तथाहि**'થી બતાવે છે-

---

★. ऐहभविकं भगवन्! चारित्रं पारभविकं तदुभयभविकं चारित्रम्? गौतम! ऐहभविकं चारित्रं नो पारभविकं नो तदुभयभविकं चारित्रम्।

★★. "सिद्धः नोचारित्री नोअचारित्री नो चारित्राऽचारित्रीति वा"

**तथाहि**- તે આ પ્રમાણે- ચારિત્ર ઇહભવિક જ છે, કેમ કે અહીંયાં=આ ભવમાં ચારિત્રવાન થઇને તે જ ચારિત્રથી ફરી ચારિત્રી થવાતું નથી, અર્થાત્ મનુષ્યભવમાં ગ્રહણ કરેલ ચારિત્રને સાથે લઇ જઇને તે જીવ ફરી ચારિત્રી થતો નથી, કેમ કે તેનું=ચારિત્રનું, યાવજ્જીવિત અવધિકપણું છે.

'**किञ्च**' થી ઉક્ત કથનને જ પુષ્ટ કરતાં કહે છે-

'**किञ्च**' અને વળી સર્વવિરત, દેશવિરત એવા ચારિત્રીનો સંસારમાં દેવભવમાં જ ઉત્પાદ હોવાને કારણે ચારિત્રવાળો તે જ ચારિત્ર વડે ફરી ચારિત્રી થતો નથી.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે દેવભવમાં ઉત્પાદ હોય તો પણ ચારિત્ર સાથે ઉત્પન્ન થવામાં શું વાંધો આવે? તેથી કહે છે-

**અવતરણિકાર્થ ચાલુ :-** '**तत्र च**' અને ત્યાં=દેવભવમાં વિરતિનો અત્યંત અભાવ છે.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે ચારિત્રવાળો જીવ જેમ દેવગતિમાં ઉત્પન્ન થાય છે તેમ મોક્ષગતિમાં પણ જાય છે. માટે તે જ ચારિત્ર વડે ફરી ચારિત્રી થાય છે એમ કહેવામાં કોઇ વાંધો નથી. તેથી કહે છે-

**અવતરણિકાર્થ ચાલુ :- मोक्षगतावपि** મોક્ષગતિમાં પણ ચારિત્રના સંભવનો અભાવ છે. (તેથી તે જ ચારિત્રવડે ફરી ચારિત્રી થતો નથી.)

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે મોક્ષગતિમાં ચારિત્ર માનવામાં શું વાંધો છે? તેથી કહે છે-

**અવતરણિકાર્થ ચાલુ :-** '**चारित्र**' ચારિત્ર કર્મક્ષપણ માટે= કર્મક્ષય માટે, આચરાય છે; અને મોક્ષમાં તેનું = ચારિત્રનું, અકિંચિત્કરપણું છે. (માટે મોક્ષમાં ચારિત્રનો સંભવ નથી.).

**ભાવાર્થ :-** ચારિત્રના સેવનનું પ્રયોજન કર્મક્ષપણ છે, અને મોક્ષમાં કર્મનો અભાવ હોવાથી કર્મક્ષપણ માટે ચારિત્રની જરૂર રહેતી નથી. માટે મોક્ષમાં ચારિત્ર અકિંચિત્કર છે.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે મોક્ષમાં કર્મનો અભાવ છે તેથી કર્મક્ષપણ માટે ચારિત્રનું કોઇ પ્રયોજન નથી, તો પણ ચારિત્રના આવારક કર્મનો ક્ષય થવાથી નિષ્પન્ન થયેલ આત્મગુણરૂપ ચારિત્ર મોક્ષમાં છે; અને ત્યાં કર્મ હોય તો ચારિત્ર તેનો નાશ કરે, પરંતુ કર્મ નહીં હોવાના કારણે કર્મના નાશરૂપ કાર્ય ન કરવા છતાં, સ્વસ્વરૂપરૂપે ચારિત્ર અસ્તિત્વ ધરાવે છે તેમ માનવામાં કોઇ વાંધો નથી. તેથી કહે છે-

**અવતરણિકાર્થ ચાલુ :-** '**यावज्जीवम्**' 'યાવજ્જીવમ્' એ પ્રકારની પ્રતિજ્ઞાની સમાપ્તિ હોવાથી બીજા ભવમાં સાથે ચારિત્ર આવતું નથી, માટે મોક્ષમાં ચારિત્ર નથી.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે પ્રતિજ્ઞા સમાપ્ત થયા પછી પણ ફરી પ્રતિજ્ઞાનું પાલન થઇ રહ્યું છે. તેથી કહે છે-

**અવતરણિકાર્થ ચાલુ :- 'तदन्यस्य'** તદન્યનું=મનુષ્યભવમાં જે ચારિત્રની પ્રતિજ્ઞા કરેલી છે તેનાથી અન્ય પ્રતિજ્ઞાનું, મોક્ષમાં ગયા પછી ગ્રહણ નથી. માટે મોક્ષમાં ચારિત્રનો સંભવ નથી.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે ચારિત્રની પ્રતિજ્ઞા નહીં હોવા છતાં આત્મપરિણામરૂપે ચારિત્ર ત્યાં હોય, તેમ માનવામાં શું વાંધો છે? તેથી કહે છે-

**અવતરણિકાર્થ ચાલુ :- अनुष्ठान** ચારિત્રનું અનુષ્ઠાનરૂપપણું છે, તેથી મોક્ષગતિમાં ચારિત્રનો સંભવ નથી.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે ચારિત્રનું અનુષ્ઠાનરૂપપણું હોવાને કારણે મોક્ષમાં ચારિત્રનો સંભવ કેમ નથી? તેથી કહે છે -

**અવતરણિકાર્થ ચાલુ :- 'शरीराभावे'** શરીરના અભાવમાં તેનો = અનુષ્ઠાનરૂપ ચારિત્રનો, અયોગ છે. માટે મોક્ષગતિમાં ચારિત્રનો સંભવ નથી, અને ચારિત્રી તે જ ચારિત્ર વડે ફરી ચારિત્રી થતો નથી.
**'अत एव'** આથી કરીને જ = ચારિત્રવાળો તે જ ચારિત્રથી ફરી ચારિત્રી થતો નથી આથી કરીને જ, કહેવાય છે કે **"सिद्धे णोचरित्ती णो अचरित्ती णो चरित्ताचरित्तीति वा"** = 'સિદ્ધ ચારિત્રી નથી કે અચારિત્રી નથી કે ચારિત્રાચારિત્રી નથી.'

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે સિદ્ધ ચારિત્રી નથી એમ કેમ કહ્યું? તેથી કહે છે -

**અવતરણિકાર્થ ચાલુ :- 'विरते'** વિરતિનો અભાવ હોવાથી ચારિત્રી નથી. આ પ્રમાણે સિદ્ધાંતાવલંબી કહે તો મોક્ષમાં ચારિત્ર માનનાર પક્ષ સિદ્ધાંતકારને કહે છે-
**'अत्रोच्यते'**થી પૂર્વમાં સિદ્ધાંતપક્ષે જે પ્રશ્નો કર્યા એમાં કહેવાય છે -

અવતરણિકામાં **'अथ क्रिया ... परिणामरूपं'**થી જે કહ્યું કે ક્રિયારૂપ જ ચારિત્ર છે, જ્ઞાનાદિની જેમ આત્મપરિણામરૂપ નહિ; તેનું નિરાકરણ ગાથા ૧૩૩માં કરતાં કહે છે -

**ગાથા :-** **जइ किरियारूवं चिय चारित्तं णेव आयपरिणामो ।**
**तो किरियारूवं चिय सम्मत्तं णायपरिणामो ॥१३३॥**

(यदि क्रियारूपमेव चारित्रं नैवात्मपरिणामः । तत्क्रियारूपमेव सम्यक्त्वं नात्मपरिणामः ॥१३३॥)

**ગાથાર્થ :- જો ચારિત્ર ક્રિયારૂપ જ હોય, (મોહક્ષયાદિજન્ય) આત્મપરિણામરૂપ ન હોય, તો સમ્યક્ત્વ પણ ક્રિયારૂપ જ છે એમ કહેવું પડશે, આત્મપરિણામરૂપ નહિ.**

અવતરણિકામાં કહેલ '**अत एव ... चारित्रसंभवाभावाद्**' સુધીના કથનનું નિરાકરણ કરતાં કહે છે -

**ગાથા :-** **जं पुण तं इहभवियं तं किरियारूवमेव णेअव्वं।**
**अहवा भवो ण मोक्खो णो तम्मि भवे हिअमहवा॥१३४॥**

(यत्पुनस्तदैहभविकं तत्क्रियारूपमेव ज्ञातव्यम् । अथवा भवो न मोक्षो न तस्मिन् भवे हितमथवा ॥१३४॥)

**ગાથાર્થ :- અવતરણિકામાં જે વળી કહ્યું હતું તે = ચારિત્ર, ઈહભવિક છે, તે = ચારિત્ર, ક્રિયારૂપ જ જાણવું અથવા ભવ મોક્ષ નથી.** (કહેવાનો ભાવ એ છે કે ઈહભવિકમાં ભવ શબ્દ છે, ભવ મોક્ષ નથી તેથી ભવમાં થનાર તે ભવિક એવા ચારિત્રનું ગ્રહણ કરવાનું છે, એ બતાવવા ભવ મોક્ષ નથી એમ કહ્યું છે) **અથવા તે ભવમાં =મોક્ષરૂપ ભવમાં, હિત નથી.** (ભવ શબ્દથી મોક્ષને પણ ગ્રહણ કરી લેવામાં આવે તો દોષ પ્રાપ્ત થાય, તેથી કહે છે કે આ જ ભવમાં જે હિતરૂપ હોય તે ઈહભવિક, તેથી મોક્ષમાં ચારિત્ર હોવા છતાં મોક્ષરૂપ ભવમાં હિતરૂપ નથી, તેથી ઈહભવિક કહેલ છે.)

અવતરણિકામાં '**चारित्रं ... अकिञ्चित्करत्वात्**' કહ્યું તેનું નિરાકરણ કરતાં કહે છે -

**ગાથા :-** **ण य मोक्खसुहे लद्धे तयणुट्ठाणस्स हंदि वेफल्लं ।**
**तक्कारणस्स इहरा नाणस्स वि होइ वेफल्लं ॥१३५॥**

(न च मोक्षसुखे लब्धे तदनुष्ठानस्य भवति वैफल्यम् । तत्कारणस्येतरथा ज्ञानस्यापि भवति वैफल्यम् ॥१३५॥)

**ગાથાર્થ :- (ચારિત્રનું ફળ) મોક્ષ સુખ પ્રાપ્ત થયે છતે તદનુષ્ઠાનનું = ચારિત્રઅનુષ્ઠાનનું, વિફલપણું થશે એમ ન કહેવું. ઈતરથા = મોક્ષ સુખ પ્રાપ્ત થયે છતે ચારિત્ર વિફલ છે એમ કહેશો તો, તેના=ચારિત્રના, કારણ કેવલજ્ઞાનનું પણ વિફલપણું પ્રાપ્ત થશે.**

અવતરણિકામાં '**यावज्जीवम् .. ऽग्रहणात्**' કહ્યું, તેનું નિરાકરણ કરતાં કહે છે -

**ગાથા :-** **णेव पइण्णाभंगो अहिआवहिपूरणंमि चरणस्स ।**
**सा वा किरियारूवे सुअकरणे जं करेमित्ति ॥१३६॥**

(नैव प्रतिज्ञाभङ्गोऽधिकावधिपूरणे चरणस्य । सा वा क्रियारूपे श्रुतकरणे यत्करोमीति ॥१३६॥)

**ગાથાર્થ :- ચારિત્રના અધિક અવધિપૂરણમાં પ્રતિજ્ઞાનો ભંગ નથી જ, અથવા તો જે કારણથી 'કરોમિ' એ પ્રકારની તે = પ્રતિજ્ઞા, ક્રિયારૂપ ચારિત્રમાં અને શ્રુતકરણરૂપ જ્ઞાનમાં છે.**

ગાથા ૧૩૬માં કહેલ કથનનો ભાવ એ છે કે, મોક્ષમાં ચારિત્ર માનીએ તો અહીં પ્રતિજ્ઞા સમાપ્ત થવા છતાં ત્યાં ચારિત્ર રહેવાને કારણે અધિક અવધિ પુરાય છે, તેથી પ્રતિજ્ઞાનો ભંગ છે; એમ સિદ્ધાંતપક્ષીનો કહેવાનો આશય છે. તેના નિરાકરણરૂપે ગાથાના પૂર્વાર્ધમાં કહ્યું કે પ્રતિજ્ઞાકાલ કરતાં અધિક અવધિ પૂરણમાં પ્રતિજ્ઞાનો ભંગ નથી. અને ગાથાના ઉત્તરાર્ધમાં એ કહ્યું કે પ્રતિજ્ઞા ગ્રહણ કરવામાં આવે છે તે '**करोमि**' સૂત્રથી ક્રિયારૂપ ચારિત્રમાં અને શ્રુતકરણરૂપ જ્ઞાનમાં ગ્રહણ કરવામાં આવે છે; તેથી તેવી પ્રતિજ્ઞારૂપ ચારિત્ર મોક્ષમાં નથી, પરંતુ આત્મપરિણામરૂપ ચારિત્ર મોક્ષમાં છે; અને પ્રતિજ્ઞા તો જ્ઞાનપૂર્વક ક્રિયાના વિષયરૂપ છે, માટે અધિક અવધિનું પૂરણ નથી પણ જીવનકાળ સુધી જ પ્રતિજ્ઞાની મર્યાદા છે. તેથી મોક્ષમાં ચારિત્ર સ્વીકારવા છતાં પ્રતિજ્ઞાનો ભંગ થતો નથી.

અવતરણિકામાં '**अनुष्ठान .. विरतेरभावात्**'થી કહેલ કે, ચારિત્રનું અનુષ્ઠાનરૂપપણું છે અને શરીરના અભાવમાં તેનું અયોગપણું છે, ત્યાર પછી '**अत एव**'થી તેની પુષ્ટિ કરી. હવે સંપ્રદાયપક્ષી ગાથા ૧૩૭માં તેનું નિરાકરણ કરે છે -

**ગાથા :-** **अह चरणमनुट्ठाणं तं ण सरीरं विणु त्ति जइ बुद्धी ।**
**तेण विणा नाणाई ता तस्स अहेउअं पत्तं ॥१३७॥**

(अथ चरणमनुष्ठानं तन्न शरीरं विनेति यदि बुद्धिः । तेन विना ज्ञानादि तत्तस्याऽहेतुकं प्राप्तम् ॥१३७॥)

**ગાથાર્થ :- ચારિત્ર અનુષ્ઠાનરૂપ છે અને તે=ચારિત્ર, શરીર વિના નથી એ પ્રકારની જો તારી બુદ્ધિ છે, અર્થાત્ સિદ્ધાંતપક્ષીની એ પ્રકારે જો બુદ્ધિ છે, તો તેનો ઉત્તર કહે છે - તેના=શરીરના, વિના જ્ઞાનાદિ છે તે કારણથી તેનું=શરીરનું, અહેતુપણું પ્રાપ્ત છે, અર્થાત્ શરીરનું ચારિત્ર પ્રત્યે અહેતુપણું પ્રાપ્ત છે.**

કહેવાનો ભાવ એ છે કે શરીર વિના જ્ઞાનાદિ રહે છે, અર્થાત્ સિદ્ધમાં કેવલજ્ઞાન અને ક્ષાયિકસમ્યક્ત્વ રહે છે તેનું કારણ તદ્ આવારક કર્મનો અભાવ છે. તે રીતે જ શરીર વિના ચારિત્ર પણ સિદ્ધમાં રહે છે, કેમ કે ચારિત્ર આવારક કર્મનો અભાવ છે.

❀ ગાથા ૧૩૩ થી ૧૩૭ સુધીની અવતરણિકા ગાથાના પ્રારંભ પૂર્વે કરેલ છે, અને તે કથનનું નિરાકરણ સંપ્રદાયપક્ષીએ કર્યું. તેના ઉત્તરરૂપે ગાથા ૧૩૩થી ૧૩૭નું કથન છે.

ગાથા - ૧૩૩ની પૂર્વે કરેલ અવતરણિકાનો ઉત્તર સંપ્રદાયપક્ષીએ આપ્યો તે પૂરો થયો, હવે જે ઉત્તર છે તે પણ સંપ્રદાયપક્ષીનો જ છે તે બતાવવા '**अपि च**'થી સમુચ્ચય કરે છે -

**ગાથા :-** अपि च – **किरिया खलु ओदयिगी खइयं चरणंति दोण्हमह भेओ ।**
**सा तेण बज्झचरणं अब्भंतरयं तु परिणामो ॥१३८॥**

(क्रिया खल्वौदयिकी क्षायिकं चरणमिति द्वयोर्महान् भेदः । सा तेन बाह्यचरणमाभ्यन्तरं तु परिणामः ॥१३८॥)

**ગાથાર્થ :-** **વળી ક્રિયા (યોગરૂપ હોવાથી) ઔદયિકી છે, ચારિત્ર (મોહક્ષયજન્ય હોવાથી) ક્ષાયિક છે, એથી કરીને બેનો = ક્રિયા અને ચારિત્રનો, મહાન ભેદ છે. તે કારણથી તે = ક્રિયા, બાહ્ય ચારિત્ર છે; વળી, અભ્યંતર ચારિત્ર પરિણામરૂપ છે.**

અભ્યંતર ચારિત્ર પરિણામરૂપ છે એની જ પુષ્ટિ કરતાં ગાથા - ૧૩૯માં કહે છે-

**ગાથા :-** "आया खलु सामाइए आया सामाइअस्स अट्ठो" **त्ति ।**
**तेणेव इमं सुत्तं भासइ तं आयपरिणामं ॥१३९॥**

(आत्मा खलु सामायिकमात्मा सामायिकस्यार्थ इति । तेनैवेदं सूत्रं भाषते तमात्मपरिणामम् ॥१३९॥)

**ગાથાર્થ :- આત્મા ખરેખર સામાયિક છે, આત્મા સામાયિકનો અર્થ છે, તે કારણથી જ આ સૂત્ર =** 'आया खलु सामाइए आया सामाइअस्स अट्ठो' **આ સૂત્ર, આત્મપરિણામરૂપ તેને = ચારિત્રને, કહે છે.**

❀ **'इति'** શબ્દ ગાથામાં કહેલ ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

**'ननु तथाप्यस्तु, उपयोगरूपमेव ... इति चेत्'** સુધીનું કથન ટીકામાં કહ્યું છે તે ગાથા - ૧૪૦ની અવતરણિકારૂપ છે. અને તેનું નિરાકરણ કરતાં ગાથા - ૧૪૦માં કહે છે-

**ગાથા :-** **ण य खइयं पि चरित्तं जोगणिरोहेण तं विलयमेइ ।**
**अण्णह विहलो पत्तो विरहो चारित्तमोहस्स ॥१४०॥**

(न च क्षायिकमपि चारित्रं योगनिरोधेन सद्विलयमेति । अन्यथा विफलः प्राप्तो विरहश्चारित्रमोहस्य ॥१४०॥)

**ગાથાર્થ :- ક્ષાયિક પણ તે ચારિત્ર યોગનિરોધથી વિલય પામે છે એમ ન કહેવું, અન્યથા=ક્ષાયિક પણ ચારિત્રનો યોગનિરોધથી વિલય થાય છે એમ કહો તો, ચારિત્રમોહનો વિરહ=ક્ષય, વિફલ=નિષ્ફળ, પ્રાપ્ત થાય.**

**'स्यादेतत् चारित्रं यद्युपयोग .. इति चेत्?'** સુધીનું કથન ટીકામાં કહ્યું છે તેનું સમાધાન કરતાં ગાથા - ૧૪૧માં કહે છે -

**ગાથા :-** **तेणं सुद्धुवओगो चरणं नाणाउ दंसणमिवण्णं ।**
**कारणकज्जविभागा सतंतमिय किन्न सिद्धेसु ॥१४१॥**

(तेन शुद्धोपयोगश्चरणं ज्ञानाद्दर्शनमिवान्यत् । कारणकार्यविभागात् स्वतन्त्रमिति किन्न सिद्धेषु ॥१४१॥)

**ગાથાર્થ :-** તે કારણથી=પૂર્વ ગાથા - ૧૪૦માં કહ્યું કે ક્ષાયિક પણ ચારિત્રનો યોગનિરોધથી વિલય થાય છે એમ કહો તો ચારિત્રમોહનો વિરહ વિફલ પ્રાપ્ત થાય તે કારણથી, કાર્ય-કારણના વિભાગથી જ્ઞાનથી દર્શન જુદું છે, તેમ શુદ્ધોપયોગરૂપ ચારિત્ર જ્ઞાનથી જુદું છે; એથી કરીને સિદ્ધમાં ચારિત્ર સ્વતંત્ર કેમ નહિ? અર્થાત્ સિદ્ધમાં ચારિત્ર જ્ઞાનથી સ્વતંત્ર કેમ નહિ? (અર્થાત્ સિદ્ધમાં ચારિત્ર સ્વતંત્ર છે, આ પ્રમાણે સંપ્રદાયપક્ષીનો આશય છે.)

**ટીકા :-** 'आसामयं तात्पर्यार्थः-यत्तावदुक्तं क्रियारूपं चारित्रं न तु शाश्वतात्मपरिणाम इति, तत्र किं क्रियाया आन्तरपरिणामरूपत्वेऽपि योगसापेक्षतया न शाश्वतत्वमित्यभिमतम्, कृत्तीर्था( ? क्रिया )भिव्यक्त-स्वरूपस्य तस्य बाह्यत्वादेव न तथात्वमिति वा? आद्ये ''णय खइयं वि....'' इत्यादिना समाधानं वक्ष्यते, अन्त्ये तु भावशून्यक्रियायाश्चारित्रत्वानभ्युपगमेन कथं क्रियारूपत्वमेव तस्य? अथ ''क्रियाजनकीभूतो भावो ज्ञानमेव, तज्जन्यक्रियैव चारित्रं'' इत्यस्माकमभ्युपगमः इति चेत्? हन्त तर्हि निःशङ्कितादिबाह्याचार एवास्तु सम्यक्त्वं, तदनुगुणो भावस्तु ज्ञानमेवेति सम्यक्त्वमपि नातिरिच्येत। तथा च सिद्धानां चारित्रमिव सम्यक्त्वमपि न स्यादिति दुरुद्धरोऽपसिद्धान्तदोषः।

**ટીકાર્થ :-** '**आसामयं**' આ ગાથાઓનો આ તાત્પર્યાર્થ છે - જે તમે કહ્યું કે ચારિત્ર ક્રિયારૂપ છે, નહિ કે શાશ્વત આત્મપરિણામરૂપ, ત્યાં (૧) શું ક્રિયાનું આન્તરપરિણામરૂપપણું હોવા છતાં પણ યોગસાપેક્ષપણું હોવાને કારણે શાશ્વતપણું નથી, એ પ્રમાણે તમને અભિમત છે? કે (૨) ક્રિયાથી અભિવ્યક્ત સ્વરૂપવાળા તેનું=ચારિત્રનું, બાહ્યપણું હોવાથી જ તથાપણું=શાશ્વતપણું નથી, એ પ્રમાણે તમને અભિમત છે?

'**आद्ये**' પ્રથમ વિકલ્પમાં '**ण य खइयं वि ...**' ગાથા ૧૪૦માં કહેલ કથન દ્વારા સમાધાન કહેવાશે.

'**अन्त्ये**' વળી બીજા વિકલ્પમાં ભાવશૂન્યક્રિયાનો ચારિત્રપણારૂપે અસ્વીકાર હોવાથી કેવી રીતે તેનું=ચારિત્રનું, ક્રિયારૂપપણું જ છે? અર્થાત્ ક્રિયારૂપપણું નથી.

**ભાવાર્થ :-** ગાથા - ૧૩૩માં '**अथ**'થી જે અવતરણિકા કરી ત્યાં કહ્યું કે ક્રિયારૂપ જ ચારિત્ર છે, પરંતુ જ્ઞાનની જેમ શાશ્વત આત્મપરિણામરૂપ નથી, એ પ્રકારે સિદ્ધમાં ચારિત્ર નહિ માનનારનું તાત્પર્ય છે. તેનું સમાધાન ગાથા-૧૩૩માં આપતાં તેમાં બે વિકલ્પો કરે છે. તેનો ભાવ એ છે કે યદ્યપિ ક્રિયા એ પણ જીવના પરિણામરૂપ જ છે, આમ છતાં સંસારની ક્રિયા ઔદયિકભાવની હોવાથી તેને આંતરપરિણામરૂપ કહી શકાય નહિ, પરંતુ ચારિત્રની ક્રિયા ઔદયિકભાવની નથી છતાં મન, વચન અને કાયાના યોગની અપેક્ષા રાખે છે, તેથી સિદ્ધમાં ચારિત્રની ક્રિયા નહિ હોવાને કારણે તે શાશ્વત નથી. માટે પ્રથમ વિકલ્પમાં કહ્યું કે ક્રિયાનું આંતરપરિણામપણું હોવા છતાં પણ યોગસાપેક્ષપણાને કારણે શાશ્વતપણું નથી, એ તમને અભિમત છે? અને તેનો ઉત્તર ગાથા - ૧૪૦માં સ્વયં ગ્રંથકાર આપવાના છે. અને બીજો વિકલ્પ પાડ્યો તેનો ભાવ એ છે કે ક્રિયાથી અભિવ્યક્ત છે સ્વરૂપ જેનું એવા ચારિત્રનું બાહ્યપણું હોવાથી જ શાશ્વતપણું નથી એમ કહ્યું. તેનાથી એ પ્રાપ્ત થાય કે મન, વચન અને કાયાની સમિતિ-ગુપ્તિરૂપ જે યતના છે તેનાથી જ અભિવ્યક્ત થનારું ચારિત્રનું સ્વરૂપ છે, તેથી તે આત્માના પરિણામરૂપ નથી, તેથી જ તેને બાહ્યરૂપ કહેલ છે. કેમ કે જો તે આત્માના પરિણામરૂપ હોય તો મન-વચન અને કાયાના યોગોથી તેનું સ્વરૂપ પ્રગટ

ન થાય, પરંતુ તદાવારક કર્મના વિલયથી તેનું પ્રકટીકરણ થવું જોઈએ, અને બાહ્ય હોવાથી જ તે શાશ્વત નથી. આથી જ તેના નિરાકરણરૂપે કહ્યું કે, ભાવશૂન્યક્રિયાનું ચારિત્રપણું અમે સ્વીકારતા નથી. કેમ કે જો ક્રિયાથી જ તેનું સ્વરૂપ અભિવ્યક્ત થતું હોય તો, અભવ્યના જીવો પણ સમ્યક્ પ્રકારની ક્રિયા જ્યારે કરે છે ત્યારે તે સ્વરૂપ અવશ્ય આવિર્ભાવ થવું જોઈએ. માટે ફક્ત સમ્યક્ બાહ્યક્રિયાથી ચારિત્રનું સ્વરૂપ અભિવ્યક્ત થતું નથી, પરંતુ કર્મના વિગમનથી અપેક્ષિત એવા જીવના પરિણામથી = ભાવથી, યુક્ત એવી ક્રિયાનું જ ચારિત્રપણું છે.

**ટીકાર્થ :- 'अथ' :- 'अथ'**થી પૂર્વપક્ષી=સિદ્ધાંતકાર, આ પ્રમાણે કહે છે કે ક્રિયાનો જનકીભૂત ભાવ જ્ઞાન જ છે, અને તજ્જન્ય = જ્ઞાનજન્ય, ક્રિયા જ ચારિત્ર છે એ પ્રમાણે અમારો સ્વીકાર છે. તેનો ઉત્તર આપતાં સિદ્ધમાં ચારિત્ર માનનાર પક્ષ કહે છે કે, તો પછી નિઃશંકિતાદિ બાહ્યાચાર જ સમ્યક્ત્વ હો, અને તેને અનુગુણ ભાવ તો જ્ઞાન જ છે, એથી કરીને સમ્યક્ત્વ પણ સિદ્ધમાં અધિક માની શકાશે નહિ. અને તે પ્રમાણે = નિઃશંકિતાદિ બાહ્યાચાર જ સમ્યક્ત્વ છે અને તેને અનુગુણ ભાવ તો જ્ઞાન છે એથી સિદ્ધમાં અતિરિક્ત સમ્યક્ત્વ માની શકાશે નહિ તે પ્રમાણે, સિદ્ધોને ચારિત્રની જેમ સમ્યક્ત્વ પણ ન હોય એ પ્રમાણે અપસિદ્ધાંતદોષ દુરુદ્ધર છે.

❀ **'सम्यक्त्वमपि'** અહીં **'अपि'**થી એ કહેવું છે કે ચારિત્ર તો સિદ્ધમાં નહિ માની શકાય, પણ સમ્યક્ત્વ પણ માની શકાશે નહિ.

**ભાવાર્થ :-** અહીં વિશેષ એ છે કે **'अथ'**થી કહેનાર સિદ્ધાંતકાર છે. તેણે ભાવ શબ્દથી સંયમના સમ્યક્ જ્ઞાનને ગ્રહણ કર્યું અને તેનાથી જન્ય એવી સમિતિ-ગુપ્તિની ક્રિયા તેને જ ચારિત્ર કહ્યું. અને તેવું ચારિત્ર તો સિદ્ધમાં સંભવે નહિ અને અભવ્યમાં પણ સમ્યક્ બાહ્ય ક્રિયા હોવા છતાં ચારિત્ર માનવાની આપત્તિ આવે નહિ, અને સ્થૂલદષ્ટિથી જોતાં ચારિત્ર એ ક્રિયાસ્વરૂપ જ સર્વને માન્ય છે તેમ લાગે, છતાં સિદ્ધમાં ચારિત્ર માનનારને વસ્તુતઃ એ જ અભિમત છે કે, સમ્યગ્જ્ઞાનથી નિયંત્રિત એવી જે સમ્યક્ સમિતિ-ગુપ્તિની ક્રિયાઓ છે તે ચારિત્ર નથી, પરંતુ તે ક્રિયાઓથી મોહનીયના વિગમન દ્વારા આત્મામાં આવિર્ભાવ થનારો જે પરિણામ છે તે ચારિત્ર પદાર્થ છે. તેથી સિદ્ધમાં બાહ્યક્રિયા ન હોવા છતાં તે આંતરપરિણામ હોઈ શકે છે. કેમ કે શરીરધારી વ્યક્તિને પરિણામને આવિર્ભાવ કરવા અને આવિર્ભૂત થયેલા તે પરિણામને સ્થિર કરવા તેને અનુરૂપ ઉચિત આચરણાઓ કરવી પડે છે, અને જ્યારે સર્વથા મોહનું વિગમન થઈ જાય છે ત્યારે જીવમાં વર્તતો મોહના ક્ષયથી પ્રાદુર્ભાવ થયેલો સમભાવનો પરિણામ ઉચિત ક્રિયાઓ કરાવે છે; અને જ્યારે શરીરનો અભાવ થાય છે ત્યારે તે ક્રિયાઓ નહિ હોવા છતાં ચારિત્રમોહનીયના વિગમનથી તે ચારિત્રનો પરિણામ સિદ્ધમાં છે. જ્યારે પૂર્વપક્ષી=સિદ્ધાંતકાર, ચારિત્રને ક્રિયામાં જ વિશ્રાંત કરે છે, તેથી તેને=સિદ્ધાંતકારને, સંપ્રદાયપક્ષી કહે છે કે તે રીતે સમ્યક્ત્વને નિઃશંકિતાદિ બાહ્યાચારમાં વિશ્રાંત કરી શકાય. કેમ કે સમ્યક્ પ્રકારના શાસ્ત્રાનુસારી જ્ઞાનથી જ્યારે જીવ નિઃશંકિતાદિ બાહ્યાચારમાં પ્રવૃત્તિ કરે છે, ત્યારે તે આચારોથી આવિર્ભાવ થનારો દર્શનમોહનીયના વિગમનથી જીવનો પરિણામ થાય છે, તે જ સમ્યક્ત્વ છે. તેથી જ સિદ્ધમાં સમ્યક્ત્વ ઉભયપક્ષને અભિમત છે. પરંતુ જો સિદ્ધાંતકાર આ રીતે ચારિત્રને ક્રિયારૂપ કહીને સિદ્ધમાં તેનો અભાવ કહી શકે છે, તો સમ્યક્ત્વને પણ બાહ્યાચારરૂપ કહીને તેનો અભાવ સિદ્ધમાં પ્રાપ્ત થાય.

**ટીકા :-'अथ न बाह्याचार एव सम्यक्त्वं, तेन विनाऽपि तच्छ्रवणात्, अपि तु निःशङ्किताद्याचारशमसंवेगादि-लिङ्गाभिव्यङ्ग्यः कश्चिदात्मपरिणामः, उक्तं च-** ''[१]से य सम्मत्ते पसत्थसम्मत्तमोहणीयकम्माणुवेयणो-वसमखयसमुत्थे पसमसंवेगाइलिंगे सुहे आयपरिणामे पन्नत्ते'' **त्ति। अयं च दर्शनमोहक्षय-क्षयोपशम-उपशमजन्यो भावविशेष एव, न तु तत्त्वार्थश्रद्धानं, अपर्याप्तावस्थायां तदभावादिति पञ्चाशकवृत्तौ व्यवस्थितम्। तथा च दर्शनमोहक्षयोपनीतं क्षायिकं सम्यक्त्वं सिद्धानामक्षतमेवेति चेत्? हन्त तर्हि चारित्रमपि प्रेक्षादिव्यापाराभिव्यङ्ग्यश्चारित्रमोहकर्मक्षय-क्षयोपशम-उपशमोपनीतः परिणामविशेष एवेति सिद्धेषु क्षायिकचारित्रं किं वाङ्मात्रनिवारणीयम्? अत एव मरुदेवादीनां बाह्याचारं विनापि निर्वाणहेतुचारित्रसत्ता संभविनी, क्वचिल्लिङ्गं विनापि लैङ्गिकदर्शनात्, धूमं विनाप्ययोगोलके वह्न्यनुभवात्, प्रशमसंवेगादिकं विना कृष्णश्रेणिकादीनामपि क्षायिकसम्यक्त्वाभ्युपगमाच्च ।**

**ટીકાર્થ :- 'अथ' 'अथ'**થી સિદ્ધાંતપક્ષી કહે છે કે બાહ્યાચાર જ સમ્યક્ત્વ નથી, કેમ કે તેના=બાહ્યાચારના, વિના પણ તત્શ્રવણ = સમ્યક્ત્વનું શ્રવણ, (શાસ્ત્રમાં) છે. પરંતુ નિઃશંકિતાદિ આચાર શમ-સંવેગાદિ લિંગથી અભિવ્યંગ્ય કોઈ આત્મપરિણામરૂપ સમ્યક્ત્વ છે.
**'उक्तं च'** - અને કહ્યું છે - તે સમ્યક્ત્વ પ્રશસ્ત એવા સમ્યક્ત્વમોહનીયકર્મના અનુવેદન, ઉપશમ, ક્ષયથી ઉત્પન્ન થયેલો પ્રશમ-સંવેગાદિ લિંગવાળો શુભ આત્મપરિણામ કહેલ છે.

❀ **'त्ति'** - ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

**'अयं च'** અને આ = આત્મપરિણામરૂપ સમ્યક્ત્વ દર્શનમોહના ક્ષય, ક્ષયોપશમ કે ઉપશમથી થયેલ ભાવવિશેષ જ છે, નહિ કે તત્ત્વાર્થશ્રદ્ધા. કેમ કે અપર્યાપ્તાવસ્થામાં તદભાવ=તત્ત્વાર્થશ્રદ્ધાનનો અભાવ છે, એ પ્રમાણે પંચાશકગ્રંથની વૃત્તિમાં વ્યવસ્થિત છે. અને તે પ્રમાણે = આ સમ્યગ્દર્શન જીવના ભાવવિશેષરૂપ છે, પરંતુ તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ નથી તે પ્રમાણે, દર્શનમોહના ક્ષયથી ઉપનીત ક્ષાયિકસમ્યક્ત્વ સિદ્ધોને અક્ષત જ છે.

**ભાવાર્થ :- 'न तु तत्त्वार्थश्रद्धानं'** પૂર્વમાં કહ્યું કે બાહ્યાચાર જ સમ્યક્ત્વ નથી પરંતુ કોઈ આત્માનો પરિણામ એ સમ્યક્ત્વ છે, તેથી સિદ્ધમાં સમ્યક્ત્વ માનવામાં વાંધો નથી; જ્યારે ચારિત્ર તો બાહ્યાચારસ્વરૂપ જ છે માટે તે સિદ્ધમાં નથી, એ પ્રકારનો સિદ્ધાંતકારનો આશય છે.

આત્મપરિણામરૂપ સમ્યક્ત્વ દર્શનમોહનીયના ક્ષય, ક્ષયોપશમ કે ઉપશમથી જન્ય ભાવવિશેષ જ છે, પરંતુ 'તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ' નથી; એમ કહેવાનું પ્રયોજન એ છે કે, યદ્યપિ 'તત્ત્વાર્થશ્રદ્ધાન' એ બાહ્યાચારરૂપ નથી, પરંતુ નિઃશંકિતાદિ જ બાહ્યાચાર છે, તેથી 'તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ' સમ્યક્ત્વ નથી એમ કહેવાની આવશ્યકતા રહે નહિ; પરંતુ 'તત્ત્વાર્થશ્રદ્ધાન' એ મતિજ્ઞાનના ક્ષયોપશમરૂપ અપાયવિશેષ સ્વરૂપ છે, અર્થાત્ રુચિરૂપ અપાયાંશ છે. તેનું

१. तच्च सम्यक्त्वं प्रशस्तसम्यक्त्वमोहनीयकर्माणुवेदनोपशमक्षयसमुत्थः प्रशमसंवेगादिलिङ्गः शुभ आत्मपरिणामः प्रज्ञप्तः।

સ્વરૂપ એ છે કે સર્વજ્ઞોએ જે પ્રમાણે કહ્યું છે તે વસ્તુ તેમ જ છે, એવા પ્રકારની મતિજ્ઞાનની રુચિરૂપ જે નિર્ણય તે 'તત્ત્વાર્થશ્રદ્ધાન' છે. અને આવું 'તત્ત્વાર્થશ્રદ્ધાન' એ જ જો સમ્યક્ત્વ હોય તો સિદ્ધમાં સમ્યક્ત્વ નથી, એમ કહેવાનો પ્રસંગ પ્રાપ્ત થાય. તેથી જ કહ્યું છે કે 'તત્ત્વાર્થશ્રદ્ધાન' એ સમ્યક્ત્વ નથી.

અહીં પ્રશ્ન થાય કે 'તત્ત્વાર્થશ્રદ્ધાન' એ સમ્યગ્દર્શન નથી તો પછી તત્ત્વાર્થનું સૂત્ર તેને સમ્યગ્દર્શનરૂપ કેમ કહે છે? તેનું સમાધાન એ છે કે જ્યારે જીવને દર્શનમોહનીયના ક્ષયાદિથી જન્ય ભાવવિશેષરૂપ સમ્યગ્દર્શન હોય છે, ત્યારે જો મતિજ્ઞાનનો ક્ષયોપશમ હોય અને પર્યાપ્તાદિ અવસ્થા હોય તો અવશ્ય સમ્યગ્દર્શનથી જન્ય 'તત્ત્વાર્થશ્રદ્ધાન'રૂપ કાર્ય પેદા થાય છે. જેમ વહ્નિ અને આર્દ્રેન્ધનનો સંયોગ હોય તો ધૂમરૂપ કાર્ય પેદા થાય છે.

સમ્યગ્દર્શનના કાર્યરૂપ તત્ત્વાર્થશ્રદ્ધાનમાં સમ્યગ્દર્શનનો અભેદ ઉપચાર કરીને, 'તત્ત્વાર્થશ્રદ્ધાન'ને સમ્યગ્દર્શનરૂપે કહેલ છે. આથી જ સિદ્ધમાં 'તત્ત્વાર્થશ્રદ્ધાન' ન હોવા છતાં દર્શનમોહનીયના ક્ષયજન્ય ભાવવિશેષરૂપ સમ્યગ્દર્શન છે, અને અપર્યાપ્તાવસ્થામાં તેવો ભાવવિશેષ હોવા છતાં અને મતિજ્ઞાન પણ હોવા છતાં તત્ત્વાર્થશ્રદ્ધાન નથી, આવું શ્રી પંચાશકશાસ્ત્રની ટીકામાં કહ્યું છે. તેથી દર્શનમોહના ક્ષયથી થયેલ સમ્યક્ત્વ સિદ્ધોને હોવામાં કોઇ બાધક નથી.

આ પ્રમાણે સિદ્ધાંતપક્ષીના કથન સામે સિદ્ધમાં ચારિત્ર માનનાર પક્ષ '**हन्त तर्हि**'થી કહે છે-

**ટીકાર્થ :-** '**हन्त**' તો પછી ચારિત્ર પણ પ્રેક્ષાદિ વ્યાપારથી અભિવ્યંગ્ય ચારિત્રમોહના ક્ષય, ક્ષયોપશમ અને ઉપશમથી ઉપનીત પરિણામવિશેષ જ છે. એથી કરીને સિદ્ધમાં ક્ષાયિકચારિત્ર શું તમારા વચનમાત્રથી = તમારા બોલવામાત્રથી નિવારણીય છે? અર્થાત્ નિવારણીય નથી.

'**अत एव**' આથી કરીને જ = ચારિત્ર પ્રેક્ષાદિ વ્યાપારથી અભિવ્યંગ્ય ચારિત્રમોહના ક્ષય, ક્ષયોપશમ અને ઉપશમથી ઉપનીત પરિણામવિશેષ જ છે એથી કરીને જ, મરુદેવાદિને બાહ્યાચાર વિના પણ નિર્વાણહેતુભૂત ચારિત્રની સત્તા સંભવિત છે. ક્યાંક લિંગ વિના પણ લિંગી હોઇ શકે છે, કેમ કે ધૂમ વિના પણ અયોગોલકમાં=તપેલા લોખંડના ગોળામાં, વહ્નિનો અનુભવ થાય છે, અને પ્રશમસંવેગાદિક વિના કૃષ્ણ-શ્રેણિકાદિને પણ ક્ષાયિકસમ્યક્ત્વનો અભ્યુપગમ છે, એ જ રીતે સિદ્ધોને બાહ્યાચારાત્મક લિંગ વિના પણ ક્ષાયિકચારિત્ર રૂપ લિંગી હોવામાં કોઇ વાંધો નથી.

**ભાવાર્થ :- बाह्याचारविनाऽपि** – અહીં વિશેષ એ છે કે 'બાહ્યાચાર'શબ્દથી સાધુવેશનું ગ્રહણ, સૂત્રનું ઉચ્ચરણ કે પંચમહાવ્રતને અનુકૂળ યતનાના પાલનરૂપ ચેષ્ટા પ્રાપ્ત થઇ શકે છે. પરંતુ કોઇ વ્યક્તિએ સંયમ ગ્રહણ કરેલ ન હોય અને તેના કારણે વ્રતના ગ્રહણરૂપ સૂત્રનું ઉચ્ચરણ ન હોય તો પણ, ભગવદ્ ઉક્ત સંયમ પ્રત્યેના રાગને કારણે ભગવાનથી નિર્દિષ્ટ છજીવનિકાયના પાલનવિષયક વિચાર કરતાં તથાવિધ રુચિ ઉલ્લસિત થવાથી છજીવનિકાયના પાલનનો પરિણામ થાય, તો તે પણ બાહ્યાચારરૂપ જ છે. કેમ કે બાહ્યાચરણા વિષયક તે પરિણામ છે, પરંતુ મરુદેવાદિને તેવો કોઇ પરિણામ ન હતો, પણ ભગવાનને ઋદ્ધિથી યુક્ત જોતાં તેમના પ્રત્યેનો સ્નેહ છે તે અતાત્ત્વિક છે એવી વિચારણા કરવાથી સર્વ પદાર્થ પ્રત્યેનો પ્રતિબંધ જે અતત્ત્વભૂત છે માટે સર્વથા પ્રતિબંધરહિત જ અવસ્થા કરવા જેવી છે એવી બુદ્ધિથી ઉત્થિત થયેલો સૂક્ષ્મ ઊહ જ ચારિત્રના પરિણામને પેદા કરે છે, કે જે સર્વ પદાર્થો પ્રત્યે સમતા સ્વરૂપ છે. તેથી જ બાહ્યાચરણા વિષયક કોઇ માનસિક પરિણામ પણ તેમને ન હતો. માટે આચાર વિના જ

તેમને નિર્વાણહેતુ એવી ચારિત્રની સત્તા હતી.

યદ્યપિ સિદ્ધાવસ્થામાં તેવા પ્રકારનો ઊહ હોતો નથી, તો પણ તેવા પ્રકારના ઊહથી ઉત્થ એવો સમતાનો પરિણામ જે મરુદેવાદિને હતો, તેવો પરિણામવિશેષ સિદ્ધાવસ્થામાં પણ હોય છે.

**ટીકા :- अथ षड्जीवनिकाय एव चारित्रस्य विषय इति तत्परिपालनक्रियैव चारित्रं, सम्यक्त्वस्य तु जीवाजीवादिपदार्था एव विषय इति न सा क्रियेति चेत्? न, तत्त्वतश्चारित्रस्य शुद्धात्मविषयकत्वात्, अत एव** "[१]णिरभिस्संगं चित्तं .." **इत्यादिना साम्यपरिणतिमेव तदाम्नासिषुः। युक्तं चैतत्, षड्जीवनिकायपालन-प्रयत्नं विनापि मरुदेव्यादीनां माध्यस्थ्यमात्रेणापि तत्संभवात्। 'तदपि क्रियाफलमि'ति क्रियैवेति चेत्? नूनमेवं सिद्धचारित्रमपि क्रियाफलमिति क्रियैवोच्यतां किं वशिछ्द्यते? युक्तं चैतत्, भवस्थकेवलिनामपि क्रियाफलसद्भावमात्रादेव संयमोपदेशात्** "[२]किं ते भंते जत्ता! सोमिला! जं मे तवणियमसंयम-सज्झायझाणावस्सयमाइसु जोएसु जयणा" इत्यत्र 'एतेषु च यद्यपि भगवतो न किञ्चित्तदानीं विशेषतः संभवति, तथापि 'तत्फलसद्भावात्तदस्ती'त्युक्तमिति मन्तव्यमि'ति **व्याख्यानात्।अथ बाह्यक्रियाभिव्यङ्ग्यान्तरक्रियैव चारित्रं, सा च भवस्थकेवलिनां मरुदेव्यादीनां च संभवति, अत एव चानुपदोक्तस्थले विशेषत इत्युक्तिरिति चेत्? सेयं योगरूपा वा स्यादुपयोगरूपा वा? नाद्यः, मरुदेव्यादौ व्यभिचारात्। द्वितीये तु सिद्धं नः समीहितं, शुद्धोपयोगलक्षणस्य चारित्रस्य व्यवस्थापयिष्यमाणत्वात् इति दिग्।**

❀ ગાથા ૧૩૩ની ટીકા અહીં પૂર્ણ થાય છે.

**ટીકાર્થ :- 'अथ' 'अथ'**થી પૂર્વપક્ષી (સિદ્ધાંતપક્ષી) આ પ્રમાણે કહે કે, ષડ્જીવનિકાય જ ચારિત્રનો વિષય છે. એથી કરીને તત્પરિપાલનની ક્રિયા = ચારિત્રપરિપાલનની ક્રિયા, જ ચારિત્ર છે. વળી સમ્યક્ત્વના તો જીવ-અજીવ આદિ પદાર્થો જ વિષય છે, એથી કરીને તે=સમ્યક્ત્વની પરિપાલના, ક્રિયા નથી.

**'न'** તેનો ઉત્તર આપતાં 'સંપ્રદાયપક્ષી' કહે છે કે એમ ન કહેવું, કેમ કે તત્ત્વથી = પરમાર્થથી, ચારિત્રનું શુદ્ધાત્મવિષયકપણું છે. અર્થાત્ ચારિત્રનો વિષય શુદ્ધાત્મા છે, ષડ્જીવનિકાય નહિ.

**'अत एव'** આથી કરીને જ = તત્ત્વથી ચારિત્રનો વિષય શુદ્ધાત્મા છે આથી કરીને જ, પંચાશકગ્રંથમાં **'निरभिस्संगं चित्तं'** ઇત્યાદિથી સામ્યપરિણતિને જ તે = સામાયિકરૂપ કહેલ છે. **'युक्तं'** અને આ = તત્ત્વથી ચારિત્ર શુદ્ધાત્મવિષયક છે આ, યુક્ત છે; કેમ કે ષડ્જીવનિકાયના પાલનના પ્રયત્ન વિના પણ મરુદેવાદિને માધ્યસ્થ્યમાત્રથી પણ તેનો=ચારિત્રનો, સંભવ છે.

---

१. समभावो सामइअं तणकंचणसत्तुमित्तविसओ त्ति। णिरभिस्संगं चित्तं उचियपवित्तिप्पहाणं च ॥ (पंचाशक० ११/५)
समभावो सामायिकं तृणकंचनशत्रुमित्रविषय इति। निरभिष्वंगं चित्तमुचितप्रवृत्तिप्रधानं च ॥

२. किं ते भगवन् यात्रा? सौम्य! यन्मे तपोनियमसंयमस्वाध्यायध्यानावश्यकादिषु योगेषु यतना ॥ (प्रज्ञप्ति-१८/१०/६४७)

❀ **'माध्यस्थ्यमात्रेणापि'** અહીં **'अपि'**થી એ કહેવું છે કે ષડ્જીવનિકાયના પાલનથી ચારિત્ર થાય છે, પણ કોઇકને ષડ્જીવનિકાયના પાલનના પ્રયત્ન વિના પણ માધ્યસ્થ્યમાત્રથી પણ ચારિત્ર થાય છે.

**ભાવાર્થ :-** **'अथ'** અહીં વિશેષ એ છે કે ચારિત્રનો વિષય ષડ્જીવનિકાય છે એમ કહ્યું, પરંતુ કેવલજ્ઞાનનો વિષય પણ જગતના તમામ પદાર્થો છે તેમ ષડ્જીવનિકાય પણ કેવલજ્ઞાનનો વિષય છે, તેથી સિદ્ધના કેવલજ્ઞાનના વિષયરૂપે સર્વ પદાર્થો અંતર્ગત ષડ્જીવનિકાય પણ હોય જ છે. પરંતુ **'चरणं चारित्रं'** એ પ્રમાણેની વ્યુત્પત્તિને આશ્રયીને છજીવનિકાયના વિષયમાં તેના પરિપાલનને અનુકૂળ જે ચરણક્રિયા છે તે ચારિત્ર છે, જ્યારે સમ્યક્ત્વનો વિષય જીવાજીવાદિ પદાર્થોની સમ્યગ્ રુચિ સ્વરૂપ છે, અર્થાત્ આ જીવાદિ પદાર્થો આમ જ છે એવા નિર્ણય સ્વરૂપ છે; માટે તે જ્ઞાનવિશેષરૂપ છે, પણ ક્રિયારૂપ નથી. માટે સિદ્ધમાં સમ્યક્ત્વ છે જ્યારે ચારિત્ર નથી એમ સિદ્ધાંતપક્ષીનો આશય છે. તેના નિરાકરણરૂપે સિદ્ધમાં ચારિત્રને માનનાર સંપ્રદાયપક્ષી કહે છે કે, તત્ત્વથી= પરમાર્થથી=નિશ્ચયનયની દૃષ્ટિથી, ચારિત્રનું શુદ્ધાત્મવિષયકપણું છે, અર્થાત્ શુદ્ધાત્મામાં જીવનું જે ચરણ= અવસ્થાન, તે જ ચારિત્ર છે.

**ટીકાર્થ :-** **'तदपि'** - તે પણ=મરુદેવાદિને ષટ્કાયના પાલન વગર પણ માધ્યસ્થ્યપરિણતિથી નિર્જરાને અનુકૂળ ચારિત્ર પરિણતિ પ્રગટ થઇ તે પણ, ક્રિયાના ફળરૂપ હોવાથી ક્રિયારૂપ જ છે, આ પ્રમાણે સિદ્ધાંતપક્ષી કહે તો, સંપ્રદાયપક્ષી તેનો ઉત્તર આપતાં કહે છે કે, એ પ્રમાણે=ચારિત્ર ક્રિયાના ફલરૂપ છે, એથી કરીને ક્રિયા જ છે એ પ્રમાણે, સિદ્ધનું ચારિત્ર પણ ક્રિયાના ફળરૂપ છે, એથી કરીને તેને ક્રિયારૂપ જ કહો ને, એમાં અમને શું નુકસાન છે?

**ઉત્થાન :-** પૂર્વમાં સંપ્રદાયપક્ષીએ કહ્યું કે સિદ્ધનું ચારિત્ર પણ ક્રિયાના ફળરૂપ છે એથી કરીને ક્રિયારૂપ જ છે એમ કહેવામાં અમને કોઇ નુકસાન નથી, એ વાતને પુષ્ટ કરતાં કહે છે -

**ટીકાર્થ :-** **'युक्तं'** આ = સિદ્ધમાં ક્રિયાનું ફળ છે એથી કરીને ક્રિયારૂપ ચારિત્ર છે આ, યુક્ત છે. કેમ કે ભવસ્થ કેવલીઓને પણ ક્રિયાફળના સદ્ભાવમાત્રથી જ સંયમનો ઉપદેશ છે=તપ-નિયમ-સંયમાદિરૂપ ક્રિયા ભવસ્થ કેવલીને હોતી નથી; પરંતુ તેનાથી નિષ્પાદ્ય એવો જે સામ્યપરિણામ છે તે ભવસ્થકેવલીઓને હોય છે. આમ છતાં તેઓને તપ-નિયમાદિની યતનારૂપ ક્રિયા છે, એ પ્રકારનું કથન છે. અને તે આ પ્રમાણે = **'किं ते भंते'** હે પ્રભુ! તમારી સંયમયાત્રા શું છે? હે સોમિલ! તપ-નિયમ-સંયમ-સ્વાધ્યાય-ધ્યાન-આવશ્યકાદિ યોગોમાં યતના એ મારી સંયમયાત્રા છે. આ પ્રકારના ભગવતીસૂત્રના કથનમાં યદ્યપિ ભગવાનને આમાં=તપ વગેરેમાં, ત્યારે =કેવલીઅવસ્થામાં, વિશેષથી કાંઇપણ સંભવતું નથી, તો પણ તેના=તપ આદિના, ફલના સદ્ભાવથી=હોવાથી, તે=તપ, વગેરે છે, એ પ્રમાણે કહેલું છે એમ જાણવું. આ પ્રમાણે ભગવતીસૂત્રની ટીકામાં વ્યાખ્યાન હોવાથી (તપાદિમાં યતના એ સંયમયાત્રા છે એમ ભગવાન ઉત્તર આપે છે).

**'अथ'** અહીં **'अथ'**થી પૂર્વપક્ષી (સિદ્ધાંતપક્ષી) આ પ્રમાણે કહે કે, બાહ્યક્રિયાથી અભિવ્યંગ્ય આંતરક્રિયા જ ચારિત્ર છે, અને તે = બાહ્યક્રિયાથી અભિવ્યંગ્ય આંતરક્રિયા, ભવસ્થકેવલીઓને અને મરુદેવા આદિને સંભવે છે.

**ભાવાર્થ :-** અહીં સિદ્ધાંતપક્ષીને આંતરક્રિયારૂપે અભિમત એ છે કે, બાહ્યક્રિયા એ તપ-નિયમાદિમાં યત્નસ્વરૂપ છે અને તેનાથી અભિવ્યંગ્ય એવો નિર્જરાને અનુકૂળ જીવમાં કોઇ અંતરંગ યત્ન પેદા થાય છે જે આંતરક્રિયા સ્વરૂપ છે, તે જ ચારિત્ર પદાર્થ છે. તેથી સંસારવર્તી હોવાને કારણે ભવસ્થકેવલી અને મરુદેવાદિને કર્મનિર્જરણ કરવાનું હોવાથી તે આંતરક્રિયા વર્તે છે, જે સિદ્ધાવસ્થામાં નથી, માટે સિદ્ધમાં ચારિત્ર નથી.

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું કે બાહ્યક્રિયાથી અભિવ્યંગ્ય આંતરક્રિયા જ ચારિત્ર છે. તેની જ પુષ્ટિ કરતાં કહે છે -

**ટીકાર્થ :-** '**अत एव**' આથી કરીને જ = બાહ્યક્રિયાથી અભિવ્યંગ્ય આંતરક્રિયા જ ચારિત્ર છે આથી કરીને જ, અનુપદોક્તસ્થળમાં 'વિશેષથી' એ પ્રમાણે ઉક્તિ = વચન છે.

**ભાવાર્થ :-** '**अनुपदोक्तस्थले**' - પૂર્વમાં '**किं ते भंते ...થી जयणा**' એ કથન સોમિલનો ભગવાનને પ્રશ્ન અને ભગવાનનો ઉત્તરરૂપ એ પદ છે, અને તેની પાછળ ચાલનાર પદ જે ટીકા સ્વરૂપ છે તે 'અનુપદ' કહેવાય. અને એ સૂત્રની ટીકારૂપ અનુપદમાં '**विशेषतः**'=વિશેષથી, તપ-નિયમાદિ ભગવાનને કાંઇ હોતું નથી, એમાં 'વિશેષથી' શબ્દપ્રયોગ કરેલ છે એનાથી અર્થથી એ પ્રાપ્ત થાય છે કે, ભગવાનને બાહ્યક્રિયારૂપ વિશેષથી તપ-નિયમાદિ હોતા નથી, પરંતુ આંતરક્રિયારૂપ સામાન્યથી તપ-નિયમાદિ પ્રવર્તે છે. આથી જ ભગવાનને બાહ્યક્રિયારૂપ તપ-નિયમ ન હોવા છતાં બાહ્યક્રિયાના ફલરૂપ અંતરંગક્રિયાનો સદ્ભાવ છે. 'આંતરક્રિયા'ને સામાન્ય એટલા માટે સ્વીકારેલ છે કે, જ્યાં બાહ્યક્રિયારૂપ સમ્યગ્ તપ-નિયમાદિ હોય છે, ત્યાં પણ, આંતરક્રિયા અવશ્ય હોય છે; અને બાહ્યક્રિયારૂપ તપ-નિયમાદિ ન હોય ત્યાં પણ = મરુદેવા આદિમાં પણ આંતરક્રિયા અવશ્ય હોય છે; જ્યારે બાહ્યક્રિયા સર્વત્ર નથી હોતી. માટે '**विशेषतः**' = વિશેષથી, એ પદનો પ્રયોગ ઉક્ત સૂત્રની ટીકામાં કરેલ છે.

આનાથી એ ફલિત થયું કે, સામાન્યથી ભવસ્થકેવલી અને મરુદેવાદિને પણ આંતરક્રિયા છે, અને તે સિવાયના સાધક આત્માઓને બાહ્યક્રિયા અને આંતરક્રિયા બંને છે; જ્યારે સિદ્ધમાં કોઇ ક્રિયા નથી, તેથી સિદ્ધમાં ચારિત્ર નથી, એ પ્રકારનો સિદ્ધાંતકારનો આશય છે.

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું કે બાહ્યક્રિયાથી અભિવ્યંગ્ય આંતરક્રિયા જ ચારિત્ર જ છે, અને '**अत एव**'થી તેની પુષ્ટિ કરી. આ પ્રમાણે સિદ્ધાંતપક્ષીના પ્રશ્ન સામે સિદ્ધમાં ચારિત્ર માનનાર સંપ્રદાયપક્ષી કહે છે -

**ટીકાર્થ :-** '**सेयं**' તે આ = આંતરક્રિયા, યોગરૂપ છે કે ઉપયોગરૂપ છે? તેમાં આદ્યવિકલ્પ = આંતરક્રિયા યોગરૂપ છે એ વિકલ્પ બરાબર નથી. કેમ કે મરુદેવા આદિમાં વ્યભિચાર છે.

**ભાવાર્થ :-** અહીં પ્રશ્ન થાય કે મરુદેવા આદિને પણ ૧૩મા ગુણસ્થાનક સુધી યોગો હતા, તો વ્યભિચાર કઇ રીતે છે? તેનું તાત્પર્ય એ છે કે મરુદેવા માતા જ્યારે ભગવાનનું દર્શન કરે છે ત્યારે સ્નેહ જ અતાત્ત્વિક છે એ પ્રકારના ઊહને કારણે, તેમનું ચિત્ત સાંસારિક ભાવોથી વિશ્રાંતિને અનુરૂપ થયું, જેના બળથી જ્ઞાતા-દૃષ્ટાભાવરૂપ શુદ્ધોપયોગ તેમને સ્ફુરાયમાન થયો. પરંતુ કોઇ જાતની પ્રવૃત્તિ કરવાના વિષયમાં તેમનો મનોયોગ વ્યાપૃત હતો નહિ, તેથી

કેવલજ્ઞાનની પૂર્વમાં અને કેવલજ્ઞાનકાળમાં પણ યોગ હોવા છતાં આંતરક્રિયારૂપ યોગ તેમને ન હતો.

કેમ કે 'યોગ' શબ્દથી અહીં તેનું જ ગ્રહણ કરવું છે કે કોઇ પણ બાહ્યચેષ્ટા વિષયક મન-વચન-કાયાનો યત્ન તે યોગ. જો યોગ શબ્દથી અંતરંગભાવમાં કરાતો યત્ન પણ ગ્રહણ કરવામાં આવે તો ઉપયોગરૂપ બીજો વિકલ્પ તેમાં જ વિશ્રાંત થઇ જવાથી બે વિકલ્પોનું ઉત્થાન થઇ શકે નહિ.

**ટીકાર્થ :- 'द्वितीये'** વળી બીજા વિકલ્પમાં = આંતરક્રિયા ઉપયોગરૂપ છે એ વિકલ્પમાં, અમારું સમીહિત=ઇચ્છિત, સિદ્ધ થાય છે, કેમ કે શુદ્ધોપયોગલક્ષણ ચારિત્રનું આગળ વ્યવસ્થાપન કરવાના છીએ. એ પ્રમાણે દિશાસૂચન છે.

❀ અહીં ગાથા ૧૩૩થી ૧૩૭ સુધીની અવતરણિકા કહી તેમાં '**अथ क्रियारूपमेव चारित्रं न तु ... ज्ञानादिवच्छश्वतात्मपरिणामरूपं**' એનો ઉત્તર મૂળગાથા - ૧૩૩ માં આપ્યો, તે ગાથા - ૧૩૩ની ટીકા અહીં પૂર્ણ થાય છે.

પૂર્વે અવતરણિકામાં '**अत एव .. मोक्षगतावपि चारित्रसंभवाभावाद्**' સુધીનું કથન કર્યું, અને તે કથનનો ઉત્તર ગાથા ૧૩૪માં આપ્યો, તે સંબંધી ટીકામાં દર્શાવતાં કહે છે -

**ટીકા :- 'यत्पुनरुक्तमैहभविकत्वोपदेशादेव न सिद्धिगतौ चारित्रसत्त्वमिति तदपि स्वाभिप्रायविजृम्भितं, उक्तोपपत्तिबलेन चारित्रस्यात्मगुणत्वे सिद्धे क्रियारूपतद्विशेष एवैहभविकत्वोपदेशविश्रामात्, भवपदस्य (च) संसारवाचकत्वेन मोक्षगतौ तत्सत्त्वेऽप्यैहभविकत्वाऽविरोधात्। अथ गतिमार्गणायां सिद्धगतेरिव भवाधिकारेऽपि भवनमात्रार्थपुरस्कारेण मोक्षस्यापि ग्रहणं सांप्रदायिकमिति चेत्? तथापि 'इह भवे हितमैहभविकं' इत्यर्थाश्रयणे न कोऽपि दोषः, मोक्षगतौ चारित्रसत्त्वेऽपि तस्य मोक्षानुपकारित्वात्। नन्वेवं ज्ञानदर्शने अपि पारभविके न स्यातामिति चेत्? न, परभवपदार्थे देवगत्यादौ तयोरूपकारित्वात्।**

❀ '**भवपदस्य**' પછી '**च**'કાર હોવાની સંભાવના છે, અર્થાત્ '**भवपदस्य च संसारवाचकत्वेन**' એ પ્રમાણે પાઠ હોવાની સંભાવના છે.

**ટીકાર્થ :- 'यत्पुनरुक्तम्'** શાસ્ત્રમાં ઐહભવિકત્વનો ઉપદેશ હોવાથી જ સિદ્ધિગતિમાં ચારિત્રનું સત્ત્વ નથી, એ પ્રમાણે જે વળી અવતરણિકામાં કહ્યું તે પણ સિદ્ધાંતકારનું સ્વ અભિપ્રાય વિજૃંભિત છે. કેમ કે ઉક્ત ઉપપત્તિના બળથી = ગાથા ૧૩૩માં કહ્યું કે જો ચારિત્રને ક્રિયારૂપ માનશો તો સમ્યક્ત્વને પણ ક્રિયારૂપ માનવું પડશે, અને સમ્યક્ત્વનો પણ મોક્ષમાં અભાવ માનવો પડશે. તેના નિવારણરૂપે પૂર્વપક્ષીએ સમ્યગ્દર્શનને આત્મપરિણામરૂપ સ્થાપન કર્યું, એ પ્રમાણે ઉક્ત ઉપપત્તિના = યુક્તિના, બળથી, ચારિત્રનું આત્મગુણપણું સિદ્ધ થયે છતે ક્રિયારૂપ એવા તદ્વિશેષમાં જ=ચારિત્રવિશેષમાં જ, ઐહભવિકત્વના ઉપદેશનો વિશ્રામ છે.

**ઉત્થાન :-** [અને આ બીજો હેતુ મૂળગાથા-૧૩૪માં "**अहवा भवो ण मोक्खो**" "અથવા ભવ મોક્ષ નથી" એ કથન કહ્યું તેને સ્પષ્ટ કરવા માટે પણ બીજો હેતુ કહે છે.] જો સિદ્ધમાં ચારિત્ર હોત તો '**इहभविए चरित्ते, परभविए चरित्ते**' એ પ્રમાણે પ્રજ્ઞપ્તિસૂત્રમાં કથન કરત, પરંતુ ત્યાં '**इहभविए चरित्ते, णो परभविए चरित्ते...**' એ પ્રમાણે કહ્યું છે, તેથી સિદ્ધમાં ચારિત્ર નથી. માટે ઉક્ત ઉપપત્તિના બળથી ચારિત્રનું આત્મગુણપણું સિદ્ધ હોવા છતાં પ્રસ્તુત આગમવચન સિદ્ધમાં ચારિત્ર નથી તેમ સ્થાપન કરે છે. માટે અમારું વચન સ્વઅભિપ્રાય વિજૃંભિત નથી, આ પ્રમાણે સિદ્ધાંતપક્ષી કહે, તેથી બીજો હેતુ કહે છે -

**ટીકાર્થ :-** '**भवपदस्य**' ઐહભવિક શબ્દમાં જે 'ભવ' પદ છે તે સંસારનો વાચક હોવાથી મોક્ષગતિમાં તત્સત્ત્વ હોવા છતાં પણ= ચારિત્રનું સત્ત્વ હોવા છતાં પણ, શાસ્ત્રમાં ચારિત્રને ઐહભવિકત્વ કહ્યું છે તેનો અવિરોધ છે.

**ભાવાર્થ :-** 'ભવ' શબ્દ સંસારવાચી છે, તેથી ભવમાં થનાર તે ભવિક કહેવાય અને આ ભવમાં જે થનાર હોય તે ઐહભવિક કહેવાય. મોક્ષમાં જે ચારિત્ર છે તે આત્મગુણરૂપ હોવા છતાં ઐહભવિક ચારિત્ર નથી, કેમ કે સંસારમાં થનારું ચારિત્ર તે ઐહભવિક ચારિત્ર કહેવાય; અને ભવમાં થનારું ચારિત્ર ક્યારે પણ બીજા ભવમાં સાથે આવતું નથી. અને મોક્ષમાં આત્મપરિણામરૂપ ચારિત્ર કહ્યું છે, પણ સંસારમાં થનાર ચારિત્ર મોક્ષમાં છે એમ કહ્યું નથી. માટે વિરોધ આવતો નથી.

અહીં વિશેષ એ છે કે સંસારવર્તી ચારિત્ર ક્રિયારૂપ છે તેથી, અને તે પરભવમાં સાથે આવતું નથી તેથી, તેને ભગવતીસૂત્રમાં '**इहभविए चरित्ते णो परभविए चरित्ते**' એમ કહેલ છે. પરંતુ મોક્ષમાં જે ચારિત્ર છે તે ક્રિયારૂપ નથી પરંતુ આત્મપરિણામરૂપ છે, અને તેનો નિષેધ '**णो परभविए**' શબ્દથી થતો નથી; પરંતુ ક્રિયારૂપ ચારિત્રનો નિષેધ થાય છે. તેથી ઐહભવિક ચારિત્ર કહેવાથી મોક્ષમાં ચારિત્રનો વિરોધ નથી તેમ કહેલ છે.

❀ મૂળ શ્લોક ૧૩૪માં **भवे न मोक्ष** એમ કહ્યું તેનો સંબંધ અહીં આ રીતે છે - **इहभविए** માં **भव** શબ્દ સંસારવાચી છે, તેથી સંસારનું ચારિત્ર ઇહભવિક છે, પરભવિક નથી. અને ભવ એ મોક્ષ નથી, માટે મોક્ષનું ચારિત્ર સંસારના ચારિત્ર કરતાં જુદું છે, તેનું **इहभविए**થી ગ્રહણ ન થાય, અને તેના કહેનારા શાસ્ત્રવચનથી મોક્ષના ચારિત્રનો અપલાપ પણ ન કરી શકાય.

❀ ગાથા ૧૩૪માં '**अहवा णो तम्मि भवे हिअं**' એ પ્રકારે ત્રીજો વિકલ્પ છે તેના ઉત્થાનરૂપે '**अथ .. साम्प्रदायिकम्**' સુધીનું કથન છે. અને તેના જવાબરૂપે સિદ્ધાંતકારે ગાથા - ૧૩૪માં ચોથા પાદથી કહ્યું કે તે ભવમાં = મોક્ષરૂપ ભવમાં, હિત નથી એવો અર્થ '**णो परभविए**'નો છે, અને એ જ વાત **तथापि**થી ટીકામાં કહેલ છે.

**ટીકાર્થ :-** '**अथ**' '**अथ**'થી સિદ્ધાંતપક્ષી આ પ્રમાણે કહે કે, ગતિમાર્ગણામાં સિદ્ધિગતિની જેમ ભવાધિકારમાં પણ ભવનમાત્ર અર્થના પુરસ્કારથી મોક્ષનું પણ ગ્રહણ સાંપ્રદાયિક છે. '**तथापि**'થી તેનો ઉત્તર આપતાં સંપ્રદાયપક્ષી કહે છે - તો પણ આ ભવમાં હિત કરનાર હોય તે ઐહભવિક આ પ્રમાણે અર્થનું આશ્રયણ કરવામાં કોઈપણ દોષ નથી, કેમ કે મોક્ષગતિમાં ચારિત્ર હોવા છતાં પણ તેનું = ચારિત્રનું, મોક્ષને અનુપકારીપણું છે.

**ભાવાર્થ**:- '**अथ**' ગતિમાર્ગણામાં 'ગતિ' શબ્દનો અર્થ જ્યારે '**गमनम् गतिः**' એમ કરીએ ત્યારે ચારે ગતિઓ તેમજ સિદ્ધિગતિની પણ પ્રાપ્તિ થાય, અને જ્યારે ગતિનામકર્મના ઉદયથી પ્રાપ્ત થનારી અવસ્થા એ ગતિ છે એમ અર્થ ગ્રહણ કરીએ ત્યારે ચાર ગતિ પ્રાપ્ત થાય, પણ સિદ્ધિગતિ પ્રાપ્ત ન થાય. કેમ કે કર્મથી જીવનું જે ભવન છે તેને ગ્રહણ કરીએ ત્યારે ચાર ભવોની પ્રાપ્તિ થાય, અને તેમ ગ્રહણ ન કરતાં '**भवनम् भवः**' એવો અર્થ કરીએ ત્યારે જેમ ચાર ગતિમાં જીવનું ભવન થાય છે તેમ મોક્ષમાં પણ જીવનું ભવન છે તેથી 'ભવ' શબ્દથી મોક્ષ પણ ગ્રહણ થઇ જાય. અને શાસ્ત્રમાં ચારિત્રને '**इहभविए**' કહેલ છે તેથી ઐહભવિકનો અર્થ ગ્રહણ કરતાં 'ભવ' શબ્દથી મોક્ષની પ્રાપ્તિ હોવા છતાં મોક્ષમાં ચારિત્રનો અભાવ સિદ્ધ થાય, કેમ કે ચારિત્રને '**इहभविए**'કહેલ છે '**परभविए**' કહેલ નથી માટે **णो परभविए** કહેલ છે. તેથી '**अथवा**'થી મૂળગાથા-૧૩૪માં ત્રીજો વિકલ્પ કર્યો કે '**णो तम्मि भवे हिअं**' આવો પરભવિકનો અર્થ અમે (સંપ્રદાયપક્ષી) કરીશું, જેથી મોક્ષમાં ચારિત્ર સિદ્ધ થશે.

અને ટીકામાં '**तथापि**'થી કથન કર્યું તેનું તાત્પર્ય એ છે કે, આ ભવમાં હિતરૂપ હોય તે 'ઐહભવિક', આવો અર્થ કરવાથી કોઇ દોષ નથી. કારણ કે મોક્ષમાં ચારિત્ર હોવા છતાં મોક્ષપ્રાપ્તિ થઇ જ ગઇ હોવાથી મોક્ષ માટે તે ચારિત્ર ઉપકારી નથી.

અહીં વિશેષ એ છે કે, ચારિત્ર મોક્ષને અનુકૂળ નિર્જરા પેદા કરીને જીવને ઉપકાર કરે છે, તેથી ભવવર્તી ૧૪મા ગુણસ્થાનક સુધીનું ચારિત્ર નિર્જરા કરાવીને જીવનો ઉપકાર કરે છે, અને તે જ ચારિત્ર પૂર્ણકક્ષાનું સિદ્ધાવસ્થામાં હોવા છતાં ત્યાં નિર્જરણીય કર્મનો અભાવ હોવાથી કોઇ ઉપકાર થતો નથી. તેથી '**नो परभविए**' શાસ્ત્રમાં કહેલ છે તેનો અર્થ સંપ્રદાયપક્ષી '**नो परभविए हिअं**' એમ કરે છે.

**ઉત્થાન**:- '**ननु**'થી સિદ્ધાંતપક્ષી સિદ્ધમાં ચારિત્ર માનનાર સંપ્રદાયપક્ષીને આપત્તિ આપતાં કહે છે -

**ટીકાર્થ**:- '**ननु**' આ પ્રમાણે = તમે પરભવિકનો અર્થ 'તે ભવમાં હિત કરનાર નથી' એવો કર્યો એ પ્રમાણે, જેમ ચારિત્ર મોક્ષમાં હોવા છતાં કાંઇ હિત કરતું નથી, તેમ જ્ઞાન-દર્શન પણ મોક્ષમાં હોવા છતાં કાંઇ હિત કરતાં નથી, માટે જ્ઞાન-દર્શન પણ પારભવિક કહેવાશે નહિ.

'**न**' તેનો ઉત્તર આપતાં સંપ્રદાયપક્ષી કહે છે કે એમ ન કહેવું, કેમ કે પરભવ પદાર્થરૂપ દેવગત્યાદિમાં તેનું=જ્ઞાન-દર્શનનું, ઉપકારીપણું છે.

**ભાવાર્થ**:- યદ્યપિ મોક્ષમાં જ્ઞાન-દર્શન કોઇ ઉપકાર કરતાં નથી, પરંતુ પરભવ તરીકે દેવગતિ આદિ લઇ શકાય છે અને દેવગત્યાદિમાં આ ભવથી પ્રાપ્ત થયેલાં જ્ઞાન-દર્શન જો સાથે જાય તો ઉપકાર કરે છે, માટે જ્ઞાન-દર્શનનું પરભવરૂપ દેવગત્યાદિમાં ઉપકારીપણું છે. જ્યારે ચારિત્ર પરભવમાં સાથે જતું નથી, તેથી બીજા ભવમાં તેનું ઉપકારીપણું નથી. અને સિદ્ધિગતિમાં સાથે જાય છે ત્યાં પણ નિર્જરણીય કર્મ નહિ હોવાથી ઉપકારીપણું નથી, તેથી ચારિત્રને '**नो परभविए**' કહેલ છે. જ્યારે જ્ઞાનદર્શનને '**नो परभविए**' કહે તો બીજા ભવમાં જેમને જ્ઞાન-દર્શન સાથે જાય છે અને તેનાથી જે નિર્જરા આદિ પ્રાપ્ત થાય છે તે ઉપકાર પણ સંગત થાય નહિ. માટે જ્ઞાન-દર્શનને '**नो परभविए**' કહેલ નથી.

**ટીકા :- अथ क्रियारूपत्वे चारित्रस्य न देवभवाद्यनुयायित्वं तस्या मनुष्यशरीरमात्रसंभविसंभवत्वात्, आत्मपरिणामरूपत्वे तु तस्य तथात्वप्रसङ्गः, ज्ञानादिवदात्ममात्रापेक्षिणस्तस्य देवभवानुगामित्वसंभवात् इति चेत्? न, देवभवोत्पत्तिसमयोदितचारित्रमोहनीयकर्मणाऽऽत्मपरिणामरूपस्यापि चारित्रस्य विनाशात्, तेषां भवस्वाभाव्येनैवाविरतत्वाद्, अन्यथा परेषामपि न प्रतीकारः, शरीरिणां स्वकारणाधीनक्रियासंभवात्। एतेन 'चारित्रं मोक्षभवाननुयायि, देवभवाननुयायित्वात्' इत्याद्यनुमानपरम्परापि परास्ता, अप्रयोजकत्वात्, प्रतिबन्धकसत्त्वाऽसत्त्वाभ्यां परभवाननुयायित्वाऽनुयायित्वसंभवात्।**

❀ ગાથા - ૧૩૪ની ટીકા અહીં પૂર્ણ થાય છે.

**ટીકાર્થ :- 'अथ' 'अथ'**થી સિદ્ધાંતપક્ષી આ પ્રમાણે કહે કે, ચારિત્રનું ક્રિયારૂપપણું હોતે છતે દેવભવાદિ અનુયાયીપણું નથી; કેમ કે તેનું = ક્રિયારૂપ ચારિત્રનું, મનુષ્યશરીરમાત્ર સંભવિ સંભવપણું છે. વળી તેનું = ચારિત્રનું, આત્મપરિણામરૂપપણું હોતે છતે તથાપણાનો પ્રસંગ છે = ઐહભવિક અને પરભવિક કહેવાનો પ્રસંગ છે. કેમ કે જ્ઞાનાદિની જેમ આત્મમાત્રની અપેક્ષાવાળા એવા તેનું = આત્મપરિણામરૂપ ચારિત્રનું, દેવભવ અનુગામીપણાનો સંભવ છે.

**ભાવાર્થ :-** સિદ્ધાંતપક્ષીનું કહેવાનું તાત્પર્ય એ છે કે, ક્રિયારૂપ એવા ચારિત્રનો માત્ર મનુષ્યશરીરમાં જ હોવાનો સંભવ હોવાથી, દેવગત્યાદિમાં ક્રિયારૂપ ચારિત્ર સાથે જતું ન હોવાને કારણે ક્રિયારૂપ ચારિત્રને ઐહભવિક કહી શકાય; પરંતુ ચારિત્રને આત્મપરિણામરૂપ માનો તો એ માત્ર આત્માની જ અપેક્ષાવાળું હોવાથી, જ્ઞાનાદિની જેમ દેવગત્યાદિમાં પણ સાથે જઇ શકે તેમ માનવું પડે. તેથી ઐહભવિક જ શી રીતે કહેવાય? અર્થાત્ **'इहभवचरित्ते णो परभवचरित्ते'** કહી નહિ શકાય, પણ **'इहभवचरित्ते परभवचरित्ते'**કહેવું પડશે. તેથી ચારિત્રને ક્રિયારૂપ જ માનવું યુક્ત છે.

**ટીકાર્થ :- 'न देवभव'** - તેનો ઉત્તર આપતાં સંપ્રદાયપક્ષી કહે છે કે એમ ન કહેવું, કેમ કે દેવભવમાં ઉત્પત્તિના પ્રથમ સમયે ઉદયમાં આવતા ચારિત્રમોહનીયકર્મથી આત્મપરિણામરૂપ પણ ચારિત્રનો વિનાશ થાય છે.

**ઉત્થાન :-** અહીં શંકા થાય કે આત્મપરિણામરૂપ ચારિત્ર માનીએ તો કોઇક જીવને તેવો આત્મપરિણામ દેવભવમાં પણ થાય છે તેમ માની શકાશે, તેથી દેવભવમાં પણ ચારિત્રની સત્તા માનવી પડે. તેના નિરાકરણરૂપે બીજો હેતુ કહે છે -

**ટીકાર્થ :- 'तेषां'** - તેઓને=દેવોને, ભવસ્વભાવથી જ અવિરતિપણું છે, તેથી ચારિત્રનો પરિણામ કોઇ દેવોને થઇ શકતો નથી.

**'अन्यथा'** - અન્યથા = ભવસ્વભાવથી જ અવિરતિપણું હોવાને કારણે તેમને ચારિત્ર નથી એમ ન માનો, અને ચારિત્ર ક્રિયારૂપ છે અને દેવોને ક્રિયા નથી માટે ચારિત્ર નથી એમ માનો તો, પરને = સિદ્ધાંતપક્ષીને, પણ પ્રતીકાર

નથી, અર્થાત્ સિદ્ધાંતપક્ષીને પણ કોઈક દેવોમાં ચારિત્ર માનવાનો પ્રસંગ આવે તો તેનો પ્રતીકાર કરી શકે તેમ નથી. કેમ કે શરીરી એવા દેવોને સ્વકારણઆધીન એવી ક્રિયાનો સંભવ છે, અર્થાત્ સ્વ=ચારિત્ર, તેના કારણીભૂત સમ્યગ્જ્ઞાનપૂર્વકની ક્રિયાની રુચિ, તેને આધીન ક્રિયાનો સંભવ છે. તેથી દેવોને પણ ચારિત્ર માનવાનો પ્રસંગ પ્રાપ્ત થાય. તેનું નિવારણ પૂર્વપક્ષી = સિદ્ધાંતપક્ષી, એ જ રીતે કરી શકે કે ભવસ્વભાવથી જ દેવોને અવિરતિનો પરિણામ છે.

**'एतेन'** આના દ્વારા = પૂર્વમાં કહ્યું કે દેવોને ભવસ્વભાવને કારણે જ અવિરતિપણું હોવાથી ચારિત્ર નથી, પણ નહીં કે ક્રિયારૂપ ચારિત્ર હોવાના કારણે, આના દ્વારા, ચારિત્ર મોક્ષભવ-અનનુયાયી છે = મોક્ષભવમાં સાથે જતું નથી, કેમ કે દેવભવઅનનુયાયીણું છે = દેવભવમાં સાથે જતું નથી. ઇત્યાદિ અનુમાનની પરંપરા પણ પરાસ્ત જાણવી, કેમ કે અપ્રયોજકપણું છે.

તેમાં હેતુ કહે છે - પ્રતિબંધકના સત્ત્વ અને અસત્ત્વ દ્વારા અનુક્રમે પરભવાનનુયાયીપણું અને પરભવાનુયાયીપણાનો સંભવ છે.

**ભાવાર્થ :-** અહીં અનુમાન ન કહેતાં અનુમાનની પરંપરા કહ્યું, તેથી તેવા પ્રકારનાં બીજાં પણ અનુમાનોનું ગ્રહણ થાય છે. અને અન્ય અનુમાન આ પ્રમાણે છે - ચારિત્ર મોક્ષમાં અનનુયાયી છે કેમ કે ઐહભવિક છે પણ પરભવિક નથી.

ટીકામાં પ્રસ્તુત અનુમાનમાં આપેલ **'देवभवाननुयायित्वात्'** હેતુ અપ્રયોજક છે, કેમ કે પ્રતિબંધકના સત્ત્વથી પરભવ-અનનુયાયીત્વ અને પ્રતિબંધકના અસત્ત્વથી પરભવ-અનુયાયીત્વનો સંભવ છે, એમ કહ્યું; તેનું તાત્પર્ય એ છે કે, ચારિત્રમોહનીયરૂપ પ્રતિબંધકના સત્ત્વથી દેવભવમાં ચારિત્ર અનનુયાયી છે, અને મોક્ષમાં ચારિત્રમોહનીયરૂપ પ્રતિબંધક નહિ હોવાથી ચારિત્ર અનુયાયી છે, માટે દેવભવઅનનુયાયિત્વરૂપ હેતુ અપ્રયોજક છે.

**ટીકા :- यदप्युक्तं 'मोक्षलक्षणस्य फलस्य लब्धत्वान्मोक्षे सिद्धानां चारित्रस्य वैफल्यम्' इति, तदपि न, कार्याऽजनकस्य हि कारणस्य वैफल्यं, न तु कार्यं जनयित्वा तदुत्तरकालं निर्व्यापारतया च तिष्ठमानस्यापि, अन्यथा घटजननोत्तरकालमेव दण्डादयो भज्येरन्निति मोक्षजननोत्तरकालमेव च केवलज्ञानादयो गुणा विफलाः प्रसज्येरन्। 'जनितकार्याणां कारणानामुत्तरकालेऽपि न वैफल्यमि'ति चेत्? तदिदं ममैवाभिमतम्। 'कार्यजननोत्तरं तस्य स्थितिः किमधीना?' इति चेत्? यदधीना ज्ञानादेः। 'स्वकारणाधीना तस्यानन्ता स्थितिरिति चेत्? अस्यापि किं न तथा?!**

❀ અવતરણિકામાં કહેલ કે ચારિત્ર કર્મના ક્ષપણ માટે આચરાય છે અને મોક્ષમાં તેનું અકિંચિત્કરપણું છે, તેનાથી પ્રાપ્ત થયેલા ભાવને ગ્રહણ કરીને ટીકામાં **'यदप्युक्तं .. वैफल्यम्'** સુધી કહેલ છે. પરંતુ સાક્ષાત્ આવા શબ્દોથી અવતરણિકામાં કહેલ નથી, અને તેના ઉત્તરરૂપે ગાથા - ૧૩૫નું કથન છે, તેનો ભાવ **'तदपि न'**થી ટીકામાં જણાવેલ છે.

**ટીકાર્થ :-** **'यदप्युक्तं'** વળી જે **કહ્યું છે કે મોક્ષલક્ષણ** ફળનું મોક્ષમાં લબ્ધપણું હોવાથી સિદ્ધોને ચારિત્રનું વૈફલ્ય = વિફલપણું છે, તે પણ બરાબર **નથી.** કેમ **કે કાર્યના** અજનક કારણનું વૈફલ્ય છે, પરંતુ કાર્યને ઉત્પન્ન કરીને તેના ઉત્તરકાળમાં = કાર્યના ઉત્તરકાળમાં, **નિર્વ્યાપારપણાથી** રહેલા કારણનું નહિ. આવું ન માનો અને કાર્યના ઉત્તરકાળમાં નિર્વ્યાપારપણાથી રહેલા કાર**ણનું વૈફલ્ય માનો** તો, ઘટજનન ઉત્તરકાળમાં જ દંડાદિ પણ ભાંગી જવા જોઇએ, એ પ્રમાણે મોક્ષજનન ઉત્તરકાળમાં **જ** કેવલજ્ઞાનાદિ ગુણો વિફલ પ્રાપ્ત થવા જોઇએ.

**'जनित'** અહીં પૂર્વપક્ષી આ **પ્રમાણે કહે કે,** જનિત કાર્યોના કારણોનું ઉત્તરકાળે પણ વૈફલ્ય નહિ થાય, (તેથી કેવલજ્ઞાનાદિ નિષ્ફળ નથી), **તો સંપ્રદાયપક્ષી** કહે છે કે આ અમને જ અભિમત છે (તેથી જ સિદ્ધોનું ચારિત્ર પણ નિષ્ફળ નથી.).

**'कार्यजनन'**અહીં પૂર્વપક્ષી આ **પ્રમાણે** કહે **કે, કાર્ય** ઉત્પન્ન કર્યા પછી તેની = કારણીભૂત એવા ચારિત્રની, સ્થિતિ કોને આધીન છે?

તેનો ઉત્તર સંપ્રદાયપક્ષી આપે છે કે, જ્ઞાનાદિની સ્થિતિ જેને આધીન છે તેને, (ચારિત્રની સ્થિતિ આધીન છે).

**'स्वकारण'**અહીં સિદ્ધાંતપક્ષી આ પ્રમાણે કહે કે, તેની = જ્ઞાનાદિની અનંત સ્થિતિ સ્વકારણને આધીન છે. તો સંપ્રદાયપક્ષી કહે છે કે, આની **પણ** = ચારિત્ર**ની** પણ, અનંત સ્થિતિ કેમ તેવી નથી? અર્થાત્ સ્વકારણને આધીન કેમ નથી?

**ભાવાર્થ :-** સિદ્ધાંતકારનું કહેવું છે કે **કર્મક્ષય એ** ચારિત્રનું ફળ છે, અને મોક્ષમાં સંપૂર્ણ કર્મક્ષય થઇ ચૂક્યો છે માટે સિદ્ધોને ચારિત્ર માનવું તે વિફલ છે, **અર્થાત્ સિદ્ધ**માં ચારિત્ર માનવાની જરૂર નથી. તેને ગ્રંથકાર કહે છે કે, કાર્યને પેદા કર્યા પછી કારણ **નાશ** પામે **છે એવો એકાંત નિયમ** નથી. આથી જ ઘટકાર્ય પેદા કર્યા પછી દંડાદિ નાશ પામતા નથી અને તે જ રીતે મોક્ષની પ્રાપ્તિ **થયા પછી કેવલ**જ્ઞાનાદિ પણ નાશ પામતાં નથી.

કહેવાનો આશય એ છે **કે શ્રુતજ્ઞાનનું કાર્ય** વિરતિ છે, તેમ કેવલજ્ઞાનનું કાર્ય યોગનિરોધ છે, જે સર્વસંવરચારિત્રરૂપ છે; અને તે**નું કાર્ય મોક્ષ છે, અને મોક્ષ પ્રાપ્ત** થયા પછી ચારિત્રનો નાશ માનીએ તો કેવલજ્ઞાનાદિનું પણ કાર્ય થઇ ચૂકેલું છે તેથી તેનો **પણ નાશ માનવો** પડે. આની સામે સિદ્ધાંતકાર કહે કે, કાર્ય પેદા થયા પછી ઉત્તરકાળમાં કારણ નાશ પામતું નથી. તેનો ઉત્તર આપતાં સંપ્રદાયપક્ષી કહે છે કે, આ અમને અભિમત છે, તમને (સિદ્ધાંતપક્ષીને) નહિ. કેમ કે **જો સિદ્ધાંતપક્ષી એ** પ્રમાણે સ્વીકારે તો કાર્ય પેદા થયા પછી મોક્ષમાં ચારિત્ર તેણે સ્વીકારવું પડે, તેથી સિદ્ધાંતકાર કહે કે **મોક્ષરૂપ કાર્ય** પેદા થયા પછી ત્યાં ચારિત્રની સ્થિતિ કોને આધીન રહે છે?

આ રીતે કહેવાનો સિદ્ધાંતકારનો આશય એ છે કે, જેમ જીવમાં ભવ્યત્વની સ્થિતિ કાર્ય પેદા ન થાય ત્યાં સુધી જ હોય છે, પરંતુ **મોક્ષરૂપ કાર્ય પેદા થયા પછી ભવ્યત્વની સ્થિતિ** હોતી નથી, અથવા માટીમાં ઘટની યોગ્યતા કાર્ય ન થાય ત્યાં સુધી જ હોય છે, પરંતુ **ઘટરૂપ કાર્ય થયા** પછી ઘટની યોગ્યતા માટીમાં રહેતી નથી. તેમ ચારિત્રની સ્થિતિ પણ મોક્ષરૂપ કાર્ય પેદા ન **થાય ત્યાં સુધી જ** હોય છે, જ્યારે મોક્ષરૂપ કાર્ય થઇ જાય છે ત્યારે ચારિત્રની સ્થિતિ નથી. એ પ્રકારના આશયથી **સિદ્ધાંતકાર સંપ્રદાયપક્ષને** પૂછે છે કે, કાર્ય પેદા થયા પછી ચારિત્રની સ્થિતિ કોને આધીન છે? તેને સંપ્રદાયપક્ષ **કહે છે કે, કાર્ય થયા પછી** જ્ઞાનની સ્થિતિ કોને આધીન છે? જેને આધીન સિદ્ધાંતકાર જ્ઞાનની સ્થિતિ માનશે તેને જ આધીન ચારિત્ર**ની સ્થિતિ** પણ માની શકાશે. તેને સિદ્ધાંતકાર કહે કે જ્ઞાનાવરણીયકર્મના

ક્ષયને આધીન જ્ઞાનની શાશ્વત સ્થિતિ છે, તો સંપ્રદાયપક્ષ કહે છે કે ચારિત્રની પણ સ્થિતિ ચારિત્રાવરણકર્મના ક્ષયને આધીન શાશ્વત કેમ નથી? અર્થાત્ શાશ્વત છે.

**ટીકા :- यदप्युक्तं ''मोक्षे चारित्राभ्युपगमे यावज्जीवतावधिकप्रतिज्ञाभङ्गप्रसङ्गः'' इति, तत्र केयं प्रतिज्ञा? ''यावज्जीवं सामायिकं करोमि'' इति श्रुतसङ्कल्पो वा, निर्विशेषं तादृशं ज्ञानमेव वा? आद्ये केवलज्ञानेनैव श्रुतज्ञानरूपा सा प्रतिज्ञा भग्नेति किं भग्नभञ्जनेन? अन्त्येऽपि तद्भङ्गः किं तत्स्वरूपपरित्यागात् तद्गोचरकालातिक्रमाद्वा? नाद्यः, ज्ञानरूपप्रतिज्ञायास्तदानीमभङ्गुरत्वात्। न द्वितीयः, तद्गोचरस्य यावज्जीवतावधिकस्य कालस्य न्यूनतायामेव ह्यतिक्रमः, न त्वधिकावधिपालनेऽपि। ननु देवादिभवानुबन्ध्यविरतिप्रयुक्तप्रतिज्ञाभङ्गभियैव निह्नवपरिकल्पितम् 'अपरिमियाए त्ति' पाठं परित्यज्य 'जावज्जीवाए त्ति' पाठमाददते संप्रदायधुरीणाः। एवं च यावज्जीवमेवेति सावधारणप्रतिज्ञापर्यवसानात्कथं न मोक्षे चारित्राभ्युपगमे तद्भङ्ग इति। मैवं, 'यावज्जीवमि'ति प्रतिज्ञयैव साध्यसिद्धौ सावधारणप्रतिज्ञाया अनतिप्रयोजनत्वात्, तथैवाभिमतसमयनियमनात्, अतिरिक्तकालस्य तदुदासीनतयैव संयमासंयमानुवेधेऽपि तद्धानिवृद्धिकारित्वात्।**

❀ પૂર્વની અવતરણિકામાં **'यावज्जीवम्' इति प्रतिज्ञा समाप्तेः''तदन्यस्याऽग्रहणात्'** અર્થાત્ યાવજ્જીવ એ પ્રમાણે પ્રતિજ્ઞાની સમાપ્તિ હોવાથી, અને પ્રતિજ્ઞા પૂરી થયા પછી નવી પ્રતિજ્ઞા ગ્રહણ કરેલ નથી કે જે મોક્ષમાં અનુવૃત્તિરૂપે રહી શકે એમ જે કહ્યું, તે અવતરણિકાનું કથન જ ટીકામાં **''यदप्युक्तं मोक्षे चारित्राभ्युपगमे यावज्जीवतावधिकप्रतिज्ञाभङ्गप्रसङ्गः इति''** સુધીના કથનથી જણાવેલ છે, અને તેનો ઉત્તર ગાથા ૧૩૬માં આપેલ છે. અને ગાથા - ૧૩૬નો ભાવ ટીકામાં **'तत्र केयं प्रतिज्ञा? .. प्रवृत्तिजनकोत्साहानुगुणतया चेति ।'** સુધીના કથનથી દર્શાવેલ છે.

**ટીકાર્થ :- 'यदप्युक्तं'** જે વળી કહ્યું કે મોક્ષમાં ચારિત્રનો સ્વીકાર કરવામાં યાવજ્જીવતાવધિકપ્રતિજ્ઞાભંગપ્રસંગ છે એ પ્રમાણે કહ્યું, ત્યાં પ્રતિજ્ઞા શું છે? એમ સંપ્રદાયપક્ષી સિદ્ધાંતપક્ષીને પ્રશ્ન કરે છે.

**'यावज्जीवं'** ''યાવજ્જીવ સામાયિક કરું છું'' એ પ્રમાણે શ્રુતનો સંકલ્પ પ્રતિજ્ઞા છે? કે પછી નિર્વિશેષ તાદેશ જ્ઞાન જ પ્રતિજ્ઞા છે?

**'आद्ये'** પ્રથમ વિકલ્પમાં શ્રુતજ્ઞાનરૂપ તે પ્રતિજ્ઞા કેવલજ્ઞાન વડે જ ભાંગી ગઇ, એથી ભાંગેલાને ભાંગવાથી શું? અર્થાત્ મોક્ષમાં ફરી શું ભાંગવાનું રહે?

**'अन्त्ये'** બીજા વિકલ્પમાં પણ તેનો ભંગ (૧) શું તત્સ્વરૂપના પરિત્યાગથી કે (૨) તદ્ગોચરકાળના અતિક્રમથી માનશો?

**'नाद्यः'** બીજા વિકલ્પ અંતર્ગત બે વિકલ્પ પાડ્યા. તેમાં પ્રથમ વિકલ્પ = તત્સ્વરૂપના પરિત્યાગથી પ્રતિજ્ઞાનો ભંગ થશે એમ માનશો તો તે યુક્ત નથી, કેમ કે જ્ઞાનરૂપ પ્રતિજ્ઞાનું ત્યારે = સિદ્ધાવસ્થામાં, અભંગુરપણું છે.

**'न द्वितीयः'** અને દ્વિતીય વિકલ્પ = તદ્ગોચરકાળના અતિક્રમથી પ્રતિજ્ઞાનો ભંગ થશે એમ માનશો તો તે યુક્ત નથી. કેમ કે તદ્ગોચર = તેના વિષયભૂત, યાવજ્જીવતાવધિકકાળનું ન્યૂનપણામાં જ અતિક્રમ છે, પરંતુ અધિક અવધિપાલનમાં નહિ.

**ભાવાર્થ :-** '**यदप्युक्तं**' પૂર્વે અવતરણિકામાં પ્રતિજ્ઞાભંગનો પ્રસંગ સાક્ષાત્ શબ્દથી કહેલ નથી, પરંતુ '**यावज्जीवम्**' '**इति प्रतिज्ञासमाप्तेः**' '**तदन्यस्याऽग्रहणात्**' એમ કહ્યું છે. તેનાથી અર્થથી પ્રાપ્ત આ ભાવ છે, અર્થાત્ '**यदप्युक्तं**'થી ટીકામાં "**मोक्षे .. प्रतिज्ञाभङ्गप्रसङ्गः**" સુધીનું કથન છે. તે આ રીતે - સાધુપણામાં જીવન સુધી જ પ્રતિજ્ઞા હતી અને નવી પ્રતિજ્ઞા લીધી નથી, છતાં મોક્ષમાં ચારિત્ર છે તેમ માનશો, તો પ્રતિજ્ઞાની મર્યાદા પછી પણ ચારિત્ર છે; તેથી પ્રતિજ્ઞાનો ભંગ પ્રાપ્ત થશે. અને તેને ગ્રહણ કરીને સંપ્રદાયપક્ષી એ પ્રતિજ્ઞા શું છે? એમ પ્રશ્ન કરતાં તેના બે વિકલ્પ પાડ્યા (૧) '**यावज्जीवं सामायिकं करोमि**' એ પ્રમાણે શ્રુતસંકલ્પ પ્રતિજ્ઞા છે? કે (૨) નિર્વિશેષ તાદૃશ જ્ઞાન જ પ્રતિજ્ઞા છે?

અહીં શ્રુતસંકલ્પરૂપ પહેલા વિકલ્પનો ભાવ એ છે કે, સામાયિકસૂત્રના બળથી જે જ્ઞાન પેદા થાય છે તે શ્રુતજ્ઞાન છે, અને તે શ્રુતજ્ઞાનમાં કહેલા અર્થ પ્રમાણે જ જીવનકાળ સુધી મારે યત્ન કરવો છે એ પ્રકારનો જે સંકલ્પ છે તે શ્રુતસંકલ્પ છે. અને બીજા વિકલ્પમાં કહ્યું કે, નિર્વિશેષ તેવા પ્રકારનું જ્ઞાન જ પ્રતિજ્ઞા છે. તેનો ભાવ એ છે કે શ્રુતરૂપ વિશેષણથી રહિત એવા પ્રકારનું જ્ઞાન જ પ્રતિજ્ઞા છે.

અહીં '**तादृशं ज्ञानं**' કહ્યું ત્યાં '**तादृश**' કહેવાથી એ પ્રાપ્ત થાય છે કે સમભાવના પરિણામમાં વર્તતો જેવો જ્ઞાનનો ઉપયોગ છે, તેવા જ્ઞાનનો ઉપયોગ એ જ પ્રતિજ્ઞા છે. અને આ બીજો વિકલ્પ પાડવા પાછળનું કારણ એ છે કે, જો શ્રુતસંકલ્પરૂપ ગ્રહણ કરવામાં આવે તો કેવલીને શ્રુતસંકલ્પ હોતો નથી, તેથી પ્રતિજ્ઞા શ્રુતજ્ઞાનના નાશ પછી અનુવૃત્તિરૂપે નથી એ પ્રાપ્ત થાય. જ્યારે નિર્વિશેષ તેવું જ્ઞાન કહેવાથી કેવલીને પણ પ્રતિજ્ઞાની અનુવૃત્તિ છે તે સંગત થાય.

હવે શ્રુતસંકલ્પરૂપ 'કરેમિ ભંતે' પ્રતિજ્ઞાનો અર્થ ગ્રહણ કરવામાં આવે તો, કેવલજ્ઞાનથી જ શ્રુતજ્ઞાનરૂપ તે પ્રતિજ્ઞાનો ભંગ થઇ ગયો, તેથી મોક્ષમાં ફરીથી તેનો ભંગ થયો છે તેમ માનવાની જરૂર રહેતી નથી, એમ કહીને સંપ્રદાયપક્ષને એ કહેવું છે કે, તમારા મત(સિદ્ધાંતમત) પ્રમાણે યાવજ્જીવતાવધિક પ્રતિજ્ઞા કેવલજ્ઞાન વખતે જ ભાંગી જાય છે, માટે પ્રતિજ્ઞાનો અર્થ તમે (સિદ્ધાંતપક્ષી) શ્રુતસંકલ્પરૂપ કરી શકશો નહિ.

આ રીતે પ્રતિજ્ઞાનો શ્રુતસંકલ્પરૂપ અર્થ કરવામાં સંપ્રદાયપક્ષીએ આપત્તિ આપી, તેથી સિદ્ધાંતકાર બીજો વિકલ્પ કરે છે કે, શ્રુતજ્ઞાનના વિશેષણથી રહિત એવા સમભાવના પરિણામરૂપ જ્ઞાનના ઉપયોગને જ પ્રતિજ્ઞા કહીશું. તેથી છદ્મસ્થાવસ્થામાં પણ ચારિત્રીને સમભાવના પરિણામરૂપ જ્ઞાનનો ઉપયોગ છે, અને કેવલીને પણ સમભાવના પરિણામરૂપ જ્ઞાનનો ઉપયોગ છે, તેથી પ્રતિજ્ઞા યાવજ્જીવ સુધી સંગત થશે. તેથી ગ્રંથકાર કહે છે કે, તે પ્રતિજ્ઞાનો ભંગ મોક્ષમાં થાય છે એમ તમે કહો છો, તો સ્વરૂપના પરિત્યાગની અપેક્ષાએ કહો છો? કે તદ્‌ગોચરકાળના અતિક્રમથી કહો છો? તેમાં પ્રથમ વિકલ્પ બરાબર નથી. તે આ રીતે - સમતાના પરિણામસ્વરૂપ જ્ઞાનના ઉપયોગરૂપ પ્રતિજ્ઞા સિદ્ધાવસ્થામાં પણ વિદ્યમાન છે, કેમ કે સિદ્ધના આત્માઓમાં પણ જ્ઞાનનો ઉપયોગ વિદ્યમાન છે, અને વીતરાગ હોવાથી સમતાનો પરિણામ પણ છે. તેથી સિદ્ધાવસ્થામાં સમત્વના પરિણામરૂપ જ્ઞાનના ઉપયોગરૂપ સ્વરૂપનો પરિત્યાગ થતો નથી, માટે પ્રથમ વિકલ્પ બરાબર નથી. અને બીજો વિકલ્પ પણ બરાબર નથી, કેમ કે પ્રતિજ્ઞા જીવન અવધિક હતી તેનાથી ન્યૂનકાળ પ્રતિજ્ઞાનું પાલન થાય તો પ્રતિજ્ઞાભંગ થાય, પરંતુ પ્રતિજ્ઞાકાળ કરતાં અધિકકાળ સુધી તેનું પાલન કરવામાં આવે તો પ્રતિજ્ઞાનો ભંગ થતો નથી.

**ટીકાર્થ :-** **'ननु'** **'ननु'**થી પૂર્વપક્ષી (સિદ્ધાંતપક્ષી) કહે છે કે, દેવાદિભવ સાથે અનુબંધિ અવિરતિ પ્રયુક્ત પ્રતિજ્ઞાના ભંગના ભયથી જ નિહ્નવપરિકલ્પિત **'अपरिमियाए त्ति'** એ પાઠનો ત્યાગ કરીને **'जावज्जीवाए त्ति'** પાઠ સંપ્રદાયધુરી આચાર્યોએ ગ્રહણ કર્યો છે.

**'एवं च'** - અને એ પ્રમાણે = દેવાદિભવ સાથે અનુબંધી અવિરતિપ્રયુક્ત પ્રતિજ્ઞાના ભંગના ભયથી નિહ્નવપરિકલ્પિત **'अपरिमियाए'** પાઠને છોડી **'जावज्जीवाए'** પાઠ સંપ્રદાયધુરી આચાર્યોએ ગ્રહણ કર્યો છે એ પ્રમાણે, યાવજ્જીવ જ એ પ્રમાણે સાવધારણ પ્રતિજ્ઞાનું પર્યવસાન હોવાથી મોક્ષમાં ચારિત્ર સ્વીકાર કરે છતે કેવી રીતે તેનો = પ્રતિજ્ઞાનો, ભંગ નહિ થાય? અર્થાત્ થશે.

**ભાવાર્થ :-** અહીં **'अपरिमियाए'** પાઠનો ત્યાગ કરીને **'जावज्जीवाए'** એમ કહેવાથી પ્રતિજ્ઞા સાવધારણ પ્રાપ્ત આ રીતે થાય છે **'अपरिमियाए'**નો અર્થ અપરિમિતકાળ છે. પરંતુ તેનું તાત્પર્ય આ ભવમાં બે-પાંચ વર્ષરૂપ અપરિમિતકાળ ગ્રહણ કરવાનો નથી, પરંતુ જીવન સમાપ્તિ પછી પણ અપરિમિતકાળ સુધી પ્રતિજ્ઞાનું ગ્રહણ કરવાથી દેવભવમાં તેના ભંગનો પ્રસંગ પ્રાપ્ત થાય. તેથી જ આ ભવથી અધિક પ્રતિજ્ઞા ઇષ્ટ નથી. તેથી **'जावज्जीवाए'** પાઠથી જાવજ્જીવથી અધિક પ્રતિજ્ઞા ઇષ્ટ નથી, એ અર્થ પ્રાપ્ત થાય. તેથી **'एव'**કાર ત્યાં અધ્યાહાર છે એમ સિદ્ધાંતપક્ષીનું કહેવું છે.

**ટીકાર્થ :-** **'मैवं'**, સિદ્ધાંતપક્ષીના કથનના નિરાકરણરૂપે સંપ્રદાયપક્ષી કહે છે કે એ પ્રમાણે ન કહેવું, કેમ કે યાવજ્જીવ એ પ્રમાણે પ્રતિજ્ઞાથી જ સાધ્યની સિદ્ધિ હોતે છતે સાવધારણ પ્રતિજ્ઞાનું અર્થાત્ **'यावज्जीवमेव'** એ પ્રમાણે 'જ'કાર ગર્ભિત પ્રતિજ્ઞાનું, અનતિપ્રયોજનપણું છે. અર્થાત્ એ પ્રમાણે માનવાનું કોઇ પ્રયોજન નથી. કેમ કે તે પ્રમાણે જ = **यावज्जीवमेव** એ પ્રમાણે **'एव'** કાર મૂકીને નહિ પણ **'एव'** વગર **'यावज्जीव'** કહીએ તે પ્રમાણે જ, અભિમત સમયનું નિયમન થઇ જાય છે. તેમાં હેતુ કહે છે - અતિરિક્તકાળનું તદુદાસીનપણું હોવાથી જ=પ્રતિજ્ઞાનું ઉદાસીનપણું હોવાથી જ, સંયમ અને અસંયમના અનુવેધમાં પણ તેનું=સંયમનું, હાનિવૃદ્ધિકારીપણું છે.

**ભાવાર્થ :-** **'मैवं'** સંપ્રદાયપક્ષીએ જે કહ્યું તેનું તાત્પર્ય એ છે કે **'जावज्जीवमेव'** એ પ્રમાણે ગ્રહણ ન કરીએ અને ફક્ત **'जावज्जीव'** એ પ્રમાણેની પ્રતિજ્ઞાથી **'अपरिमियाए'** ગ્રહણ કરવાથી, જે દેવભવમાં પ્રતિજ્ઞાના ભંગની પ્રાપ્તિ હતી તેના નિવારણરૂપ સાધ્યની સિદ્ધિ થઇ જાય છે. કેમ કે પ્રતિજ્ઞાનો ભંગ કાલ અવધિથી ન્યૂન પાલનમાં જ થાય છે અધિક પાલનમાં નહિ. તેથી 'જાવજ્જીવ' પછી પણ ચારિત્રનું પાલન હોય તો પણ તેના વ્યવચ્છેદની કોઇ આવશ્યકતા નથી, કે જેથી **'एव'**કાર મૂકવો પડે. આથી જ સાવધારણ પ્રતિજ્ઞાનું અનતિપ્રયોજનપણું છે એમ કહેલ છે. અને તેમાં હેતુ કહે છે કે, તે રીતે જ અભિમતસમયનું નિયમન થાય છે. અર્થાત્ **'एव'**કાર મૂકીને નહિ પરંતુ **'एव'**કાર મૂક્યા વગર 'યાવજ્જીવ' કહીએ તે રીતે જ, સંયમને માટે જે અભિમત સમય છે કે પ્રતિજ્ઞાથી માંડીને જિંદગી સુધીનો કાળ, તેનું નિયમન થઇ જાય છે. માટે સાવધારણનું = જકારગર્ભિત પ્રતિજ્ઞા માનવાનું, કોઇ પ્રયોજન નથી.

અહીં **'तथैव'**માં **'एव'**કારનું ગ્રહણ છે એનાથી એ પ્રાપ્ત થાય છે કે, અન્ય રીતે નહિ પણ તે જ રીતે

અભિમત સમયનું નિયમન થાય છે. તેથી તેમાં હેતુ કહે છે કે, પ્રતિજ્ઞાનું ઉદાસીનપણું હોવાથી જ સંયમ અને અસંયમના અનુવેધમાં પણ અતિરિક્તકાલનું સંયમનું હાનિ-વૃદ્ધિકારીપણું છે. તેનું તાત્પર્ય એ છે કે '**जावज्जीवं**' એ પ્રમાણે પ્રતિજ્ઞા લેવાથી જીવનથી અધિક કાળમાં પ્રતિજ્ઞા ઉદાસીન છે; પરંતુ '**जावज्जीवमेव**' એ પ્રમાણે સાવધારણ કહેવાથી પ્રતિજ્ઞા અતિરિક્ત કાળમાં ઉદાસીન થતી નથી, પરંતુ જીવન પછી મારે સંયમ ન જ પાળવું એવો અર્થ પ્રાપ્ત થાય. તેથી '**एव**'કાર વગર જ **यावज्जीवं** એ પ્રમાણે પ્રતિજ્ઞા ગ્રહણ કરવાથી, જીવનની પછીના કાળમાં પ્રતિજ્ઞા ઉદાસીન પ્રાપ્ત થાય છે. અને તેમ થવાથી પરભવમાં સંયમનો અનુવેધ=પ્રવાહ, ચાલતો હોય તો, અતિરિક્તકાળ સંયમની વૃદ્ધિ કરે છે. અને પરભવમાં અસંયમનો અનુવેધ = પ્રવાહ શરૂ થાય તો, અતિરિક્તકાળ સંયમની હાનિ કરે છે. પરંતુ સંયમના અનુવેધમાં કે અસંયમના અનુવેધમાં પણ પ્રતિજ્ઞાનો ભંગ થતો નથી. માટે પ્રતિજ્ઞાનો કાળ પૂરો થયા પછી પણ મોક્ષમાં ચારિત્ર સ્વીકારી શકાશે.

**ટીકા :-** **'अस्तु वा यावज्जीवमेवेति सावधारणैव प्रतिज्ञा, तथापि तस्याः क्रियारूपचारित्रविषयत्वान्न कोऽपि दोषः, करोमीति सूत्रांशे हि भावश्रुतशब्दकरणस्याधिकारः,** "[१]भावसुयसद्दकरणे अहिगारो एत्थ होइ कायव्वो" [आ.नि. १०२६ ( पूर्वार्ध ) ] **इति वचनात्। यथा च श्रुतसङ्कल्पस्य प्रतिज्ञात्वमुन्नीयते तथा नोश्रुतकरणमाश्रित्य गुणकरणयुञ्जनकरणयोरप्यधिकारः,** "नो सुयकरणे गुणजुंजणे य जहसंभवं होई" [आ.नि. १०२६ ( उत्तरार्ध )] **इति वचनात्। एवं च भावपूर्वकक्रियाया एव मीलितवचनबलात्तद्विषयत्वमुन्नीयत इति न किंचिदनुपपन्नम्। 'भावपूर्वकक्रियायाः क्रियापूर्वकभावस्य वा तद्विषयत्वमिति विनिगमनाविरहात् व्यस्तयोरेवो-भयोस्तथात्वमस्त्वि'ति चेत्? न, प्रधानत्वेन स्थूलत्वेन च क्रियाया एव तद्विषयत्वात्तत्र भावस्योपसर्जनतयैव प्रवेशात्, केवलस्य तु भावस्यातिसूक्ष्मत्वात्सुचीमुखे मुशलप्रवेश इव न तत्र स्थूलप्रतिज्ञाप्रवेशः। अत एव** "[२]अप्पा जाणइ अप्पा...." [ उप. माला. २३ ] **इत्यागमेन तत्रात्ममात्रसाक्षिकत्वमुपदिष्टम्। न हि निश्चयो व्यवहारमनुरुणद्धि, अपि तु व्यवहार एव व्यवहारं निश्चयं चेति वस्तुस्थितिः।**

**ટીકાર્થ :-'अस्तु वा ..'** અથવા તો '**यावज्जीवमेव**' એ પ્રમાણે સાવધારણ જ પ્રતિજ્ઞા ભલે હો! તો પણ તેનું=પ્રતિજ્ઞાનું, ક્રિયારૂપ ચારિત્ર વિષયપણું હોવાથી કોઇ પણ દોષ નથી.

**ઉત્થાન :-** પ્રતિજ્ઞા ક્રિયારૂપ ચારિત્રના વિષયવાળી છે તે જ વાતને શાસ્ત્રવચનથી સિદ્ધ કરીને પુષ્ટ કરે છે -

**ટીકાર્થ :- 'करोमीति' 'करोमि'** એ પ્રકારે સૂત્રાંશમાં ભાવશ્રુતશબ્દકરણનો અધિકાર છે, કેમ કે '**भावसुय .. कायव्वो**' ભાવશ્રુતશબ્દકરણમાં અહીં અધિકાર=અવતાર, કરવો જોઇએ. અર્થાત્ ભાવશ્રુતશબ્દકરણમાં (શ્રુતસામાયિકનો) અધિકાર=અવતાર, કરવો જોઇએ છે, (ચારિત્રસામાયિકનો નહિ.) એ પ્રમાણે

---

१. भावश्रुतशब्दकरणेऽधिकारोऽत्र भवति कर्तव्यः। नोश्रुतकरणे गुणयुञ्जने च यथासंभवं भवति॥

२. अप्पा जाणइ अप्पा जहट्ठिओ अप्पसक्खिओ धम्मो। अप्पा करेइ तं तह जह अप्प सुहावहं होई॥
आत्मा जानात्यात्मानं यथास्थित आत्मसाक्षिको धर्मः। आत्मा करोति तत्तथा यथाऽऽत्मसुखावहं भवति॥

આવશ્યકનિર્યુક્તિનું વચન છે. અને જે પ્રમાણે શ્રુતસંકલ્પનું પ્રતિજ્ઞાપણું જણાય છે તે રીતે, નોશ્રુતકરણને આશ્રયીને ગુણકરણ અને યુંજનકરણનો પણ અધિકાર છે. કેમ કે **'नो सुयकरणे .. होई'** = નોશ્રુતકરણને આશ્રયીને ગુણકરણ અને યુંજનકરણનો યથાસંભવ અધિકાર=અવતાર, થાય છે, એ પ્રમાણે આવશ્યકનિર્યુક્તિનું વચન છે. અને એ પ્રમાણે=આવશ્યકનિર્યુક્તિ ગાથા ૧૦૨૬ના પૂર્વાર્ધના વચનથી શ્રુતસંકલ્પની પ્રાપ્તિ થઇ જે ભાવસ્વરૂપ છે, અને આવશ્યકનિર્યુક્તિ ગાથા ૧૦૨૬ના ઉત્તરાર્ધના વચનથી ક્રિયારૂપ અર્થની પ્રાપ્તિ થઇ એ પ્રમાણે, ભાવપૂર્વકની ક્રિયાનું જ મીલિત વચનના બળથી= આવશ્યકનિર્યુક્તિ ગાથાના પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ બંને અર્થોનું મિલન કરવાથી પ્રાપ્ત એવા મીલિત વચનના બળથી, તદ્વિષયપણું=શ્રુતસંકલ્પરૂપ પ્રતિજ્ઞાનું વિષયપણું, નક્કી થાય છે. અર્થાત્ ભાવપૂર્વકની ક્રિયા એ જ પ્રતિજ્ઞાનો વિષય છે એમ નક્કી થાય છે. એથી કરીને કાંઇ અનુપપન્ન નથી, અર્થાત્ **'यावज्जीवमेव'** એ પ્રમાણે સાવધારણ પ્રતિજ્ઞા ગ્રહણ કરીએ તો પણ કાંઇ અનુપપન્ન નથી. કેમ કે ભાવપૂર્વકની ક્રિયારૂપ ચારિત્ર મોક્ષમાં નથી અને પ્રતિજ્ઞાનો વિષય ભાવપૂર્વકની ક્રિયા છે, જ્યારે સિદ્ધમાં ચારિત્રમોહનીયના ક્ષયથી થયેલ આત્મપરિણામરૂપ ચારિત્ર છે. એમ માનવામાં **'यावज्जीवमेव'** એ પ્રમાણે સાવધારણપ્રતિજ્ઞા બાધક બનતી નથી.

**ભાવાર્થ :-** આવશ્યકનિર્યુક્તિની ટીકાનુસાર તાત્પર્ય એ છે કે **'करोमि'** એ પ્રકારના સૂત્રમાં (**करेमि भंते** સૂત્રમાં) ભાવશ્રુત=સામાયિકનો ઉપયોગ=ચારિત્રના પરિણામનો ઉપયોગ, તેની નિષ્પત્તિના કારણીભૂત એવું જે શબ્દકરણ= તે શબ્દને અવલંબીને શ્રુતજ્ઞાનરૂપી ભાવ, તેનો અધિકાર=અવતાર, છે.

અહીં 'ભાવશ્રુત'નો અર્થ સામાયિકનો ઉપયોગ કર્યો, તેનું તાત્પર્ય એ છે કે, ભાવશ્રુતમાં 'શ્રુત'શબ્દથી શ્રુતજ્ઞાન વાચ્ય છે; અને તે શ્રુતજ્ઞાનથી જીવને જે ભાવો કરવાની વિવક્ષા છે, તે ભાવો વર્તતા હોય તો તે 'ભાવશ્રુત' છે. તેથી પ્રસ્તુતમાં સામાયિકસૂત્રથી જે અપેક્ષિત ભાવો વિવક્ષિત છે, તે સામાયિકના ઉપયોગરૂપ છે. માટે સામાયિકનો ઉપયોગ તે 'ભાવશ્રુત' છે.

આમ કહેવાથી એ પ્રાપ્ત થયું કે, સમ્યક્ પ્રકારના શ્રુતજ્ઞાનરૂપ જે જીવનો ભાવ તેનો અધિકાર છે, અને આવશ્યકનિર્યુક્તિના સાક્ષીપાઠમાં ભાવશ્રુતથી સામાયિકનો ઉપયોગ જ ગ્રહણ કરવાનો છે, અને શબ્દકરણ પણ અહીં તત્શબ્દવિશિષ્ટ શ્રુતભાવ જ વિવક્ષિત છે, પણ નહીં કે દ્રવ્યશ્રુત. આમ કહેવાથી એ પ્રાપ્ત થયું કે, ભાવશ્રુત એ સામાયિકનો ઉપયોગ છે, અને તેને કહેનાર શબ્દ એ સામાયિકસૂત્ર છે, અને તે શબ્દથી વિશિષ્ટ એવું જે કરણ =શ્રુતભાવ=શ્રુતજ્ઞાનનો ઉપયોગ, તે ભાવશ્રુતશબ્દકરણ છે.

વળી આ રીતે આવશ્યકનિર્યુક્તિના પૂર્વાર્ધના પાઠથી એ પ્રાપ્ત થાય છે કે, **'करोमि'** એ સૂત્ર શ્રુતસંકલ્પરૂપ પ્રતિજ્ઞાને બતાવે છે, અર્થાત્ આ પ્રકારના સામાયિકના ભાવ મારે કરવાના છે એ પ્રકારનો શ્રુતજ્ઞાનનો ઉપયોગ બતાવે છે.

અને તે પ્રકારે આવશ્યકનિર્યુક્તિ ગાથા - ૧૦૨૬ના ઉત્તરાર્ધથી નોશ્રુતકરણને આશ્રયીને ગુણકરણ અને યુંજનકરણનો પણ અધિકાર છે એમ કહ્યું, તેનાથી એ પ્રાપ્ત થાય છે કે, જેમ આવશ્યકનિર્યુક્તિ ગાથા - ૧૦૨૬ના પૂર્વાર્ધના વચનના બળથી ભાવાંશને બતાવે છે, તેમ તે જ ગાથાના ઉત્તરાર્ધથી નોશ્રુતકરણને આશ્રયીને ગુણકરણ અને યુંજનકરણને પણ બતાવે છે. અને ગુણકરણથી તપ-સંયમરૂપ ચારિત્રની પ્રાપ્તિ થાય છે, અને યુંજનકરણથી ચારિત્રની ક્રિયામાં વર્તતા મન-વચન-કાયાના યોગની પ્રાપ્તિ થાય છે. તેથી એ પ્રાપ્ત થાય છે કે 'કરોમિ' સૂત્ર

શ્રુતસંકલ્પનો વાચક છે, અને તેનો અર્થ જેમ ભાવ છે=શ્રુતજ્ઞાનનો ઉપયોગ છે, તેમ ક્રિયા અને તત્કાળમાં વર્તતા યોગોનો પણ વાચક છે. તેથી સૂત્રના પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધરૂપ મીલિત વચનના બળથી ભાવપૂર્વકની ક્રિયાની પ્રાપ્તિ થાય છે. કેમ કે ભાવશ્રુતશબ્દકરણ એ ભાવરૂપ છે અને ગુણકરણ અને યુંજનકરણ એ ક્રિયારૂપ છે. તેથી 'કરોમિ' સૂત્ર દ્વારા કરાતી પ્રતિજ્ઞાનો વિષય 'ભાવપૂર્વકની ક્રિયા' છે; અને 'ભાવપૂર્વકની ક્રિયા' સિદ્ધમાં હોતી નથી, તેથી **'जावज्जीवमेव'** એ પ્રમાણે સાવધારણ પ્રતિજ્ઞા ગ્રહણ કરીએ તો પણ કોઇ દોષ નથી. આ પ્રમાણે સંપ્રદાયપક્ષી સિદ્ધાંતપક્ષીને કહે છે.

**ટીકાર્થ :-** **'भावपूर्वक'** - સંપ્રદાયપક્ષીએ આ રીતે ભાવપૂર્વકની ક્રિયા એ **'करोमि'** સૂત્રનો વિષય છે એ પ્રમાણે સ્થાપન કરીને, **'जावज्जीवमेव'** એ પ્રમાણે સાવધારણ પ્રતિજ્ઞામાં કોઇ દોષ નથી એ સિદ્ધ કર્યું, ત્યાં સિદ્ધાંતપક્ષી આ પ્રમાણે કહે કે, ભાવપૂર્વકની ક્રિયાનું કે ક્રિયાપૂર્વકના ભાવનું તદ્વિષયપણું=પ્રતિજ્ઞાવિષયપણું છે, એ પ્રમાણે વિનિગમનાનો વિરહ હોવાથી વ્યસ્ત એવા ઉભયનું=પૃથગ્ એવા ભાવ અને ક્રિયાનું, તથાપણું હો=પ્રતિજ્ઞાનું વિષયપણું હો.

**ભાવાર્થ :-** સિદ્ધાંતપક્ષીને કહેવાનું તાત્પર્ય એ છે કે, પ્રતિજ્ઞાનો વિષય 'ભાવપૂર્વકની ક્રિયા' પણ નથી અને 'ક્રિયાપૂર્વકનો ભાવ' પણ નથી. કેમ કે બંનેમાંથી કોને વિષય માનવો તેમાં કોઇ વિનિગમક નથી. તેથી પ્રતિજ્ઞાનો વિષય ભાવ અને ક્રિયા બંને પૃથગ્રૂપે છે. અને તેનાથી એ પ્રાપ્ત થાય કે, જે ભાવરૂપ પ્રતિજ્ઞાનો વિષય છે તે રૂપ સિદ્ધમાં ચારિત્ર માનીએ તો, ક્રિયારૂપ પ્રતિજ્ઞાનો વિષય નહીં હોવા છતાં, ભાવાંશ ત્યાં હોવાથી **'जावज्जीवमेव'** એ પ્રમાણે સાવધારણ પ્રતિજ્ઞા કરવાથી પ્રતિજ્ઞાભંગનો પ્રસંગ ત્યાં પ્રાપ્ત થાય. કેમ કે જીવનની સમાપ્તિ પછી પણ પ્રતિજ્ઞાના વિષયરૂપ 'ભાવાંશ' ત્યાં છે, અને પ્રતિજ્ઞા **'जावज्जीवमेव'** એવા પ્રકારની છે, માંટે સિદ્ધમાં ચારિત્ર માનવું યુક્ત નથી.

**ટીકાર્થ :-** **'न, प्रधानत्वेन'** સિદ્ધાંતપક્ષીના આ કથન સામે સંપ્રદાયપક્ષી કહે છે કે એ પ્રમાણે ન કહેવું, કેમ કે (ક્રિયાનું) પ્રધાનપણું હોવાના કારણે અને સ્થૂલપણું હોવાને કારણે ક્રિયાનું જ તદ્વિષયપણું = પ્રતિજ્ઞા વિષયપણું, છે. (અને) ત્યાં = પ્રતિજ્ઞાના વિષયમાં, ભાવ ઉપસર્જનપણાથી જ=ગૌણપણાથી જ=વિશેષણમુદ્રાથી જ, પ્રવેશ હોવાથી, અને કેવલ ભાવનું અતિસૂક્ષ્મપણું હોવાથી, સૂચી(સોય)ના મુખમાં મુશલ પ્રવેશ ન પામે તેમ ત્યાં=ભાવમાં, સ્થૂલ પ્રતિજ્ઞાનો પ્રવેશ નથી.

**ભાવાર્થ :-** પ્રતિજ્ઞા કરનારને હું આ કરવાની પ્રતિજ્ઞા કરું છું એવી બુદ્ધિ થાય છે, તેથી જે કરવાનો વિષય છે તે ક્રિયાસ્વરૂપ મુખ્યત્વે પ્રતિભાસ થાય છે, માટે ક્રિયાનું પ્રધાનપણું છે. યદ્યપિ કાર્યનો અર્થી કાર્ય માટે નિષ્પત્તિના ઉપાયભૂત જે કારણ છે તેની પ્રતિજ્ઞા કરે છે, અને તે વસ્તુ જીવના પરિણામરૂપ ભાવ પણ છે, પરંતુ તે ભાવ બુદ્ધિથી ઉપસ્થિતરૂપે દેખાય તેમ નથી; જ્યારે તે ક્રિયા બુદ્ધિથી દેખાય તેવી છે, તેથી ક્રિયાનું સ્થૂલપણું છે. તેથી જ કાર્યનો અર્થી તે તે ભાવને ઇચ્છે છે તો પણ, તે ભાવ ક્રિયાની સાથે અતિ સંકળાયેલ હોવાથી અને ક્રિયા સ્થૂલ હોવાથી

પ્રતિજ્ઞાના વિષયરૂપે ક્રિયા જ પ્રતિભાસમાન થાય છે, અને ભાવ ક્રિયાના વિશેષણરૂપે જ પ્રાપ્ત થાય છે. તેથી ભાવપૂર્વકની ક્રિયા જ પ્રતિજ્ઞાનો વિષય બને છે, પરંતુ સ્વતંત્ર ભાવ પ્રતિજ્ઞાનો વિષય બનતો નથી. તેથી જ કહે છે કે કેવલ ભાવનું અતિ સૂક્ષ્મપણું હોવાથી, સૂચીના મુખમાં મુશળ જેમ પ્રવેશ પામતું નથી તેમ ભાવમાં સ્થૂલ પ્રતિજ્ઞા પ્રવેશ પામતી નથી. કેમ કે જો ભાવમાં જ પ્રતિજ્ઞાનો પ્રવેશ થતો હોય તો, ક્વચિત્ તેવો ભાવ વર્તતો હોય અને ક્રિયા તેનાથી વિપરીત હોય તો, પ્રતિજ્ઞાનો ભંગ થયો તેવી બુદ્ધિ થાય નહિ; અને ક્રિયા યથાર્થ હોય અને ભાવમાં ક્વચિત્ વ્યત્યય થઇ જાય તો પણ પ્રતિજ્ઞા અખંડ છે તેવી બુદ્ધિ પણ થાય નહિ, અર્થાત્ પ્રતિજ્ઞાભંગ થયો છે તેવી બુદ્ધિ થાય. પરંતુ વ્યવહારમાં દેખાય છે કે જે વ્યક્તિની સમ્યક્ પ્રકારની ક્રિયા વર્તતી હોય, અને ભાવમાં ક્વચિત્ વ્યત્યય હોય તો પણ, તે વ્યક્તિની પ્રતિજ્ઞા અખંડ છે. માટે પ્રતિજ્ઞાનો પ્રવેશ સૂક્ષ્મભાવમાં થતો નથી પણ ક્રિયામાં જ થાય છે. અને તે ક્રિયા સિદ્ધમાં નથી માટે સાવધારણ પ્રતિજ્ઞા માનવામાં કોઇ દોષ નથી. આ પ્રમાણે સંપ્રદાયપક્ષીનું કહેવું છે.

**ઉત્થાન :-** **'अत एव'** આથી કરીને જ = પ્રતિજ્ઞાનો મુખ્યરૂપે ક્રિયામાં પ્રવેશ છે ભાવમાં પ્રવેશ નથી આથી કરીને જ, **'अप्पा जाणइ अप्पा ..'** આ પ્રમાણે આગમના વચનથી ત્યાં = ભાવમાં, આત્મમાત્ર સાક્ષિકપણું ઉપદિષ્ટ છે.

**ભાવાર્થ :-** મુખ્યરૂપે ભાવમાં જો પ્રતિજ્ઞાનો પ્રવેશ થતો હોત તો, જેમ પ્રતિજ્ઞા પંચસાક્ષિક છે તેમ **'अप्पा जाणइ अप्पा ..'** એ ઉપદેશમાલાનું કથન ભાવમાં હોવાને કારણે ત્યાં પણ પંચસાક્ષિકત્વનું કથન હોવું જોઇએ. પરંતુ તે કથનમાં 'આત્મમાત્રસાક્ષિકત્વ' કહ્યું છે. તે બતાવે છે કે ભાવમાં પ્રતિજ્ઞાનો પ્રવેશ નથી. કેમ કે જો ભાવમાં પ્રતિજ્ઞાનો પ્રવેશ હોય તો જેમ પ્રતિજ્ઞા પંચસાક્ષિક ગ્રહણ કહવામાં આવે છે, તેમ ભાવને પણ પંચસાક્ષિક કહેવું જોઇએ. અને તે ઉપદેશમાલાનું વચન આ પ્રમાણે છે -

**'अप्पा जाणइ अप्पा जहट्ठिओ अप्पसक्खिओ धम्मो । अप्पा करेइ तं तह जह अप्प सुहावहं होई ॥'**

ઉપદેશમાલાના આ વચનનું તાત્પર્ય એ છે કે, યથાસ્થિત એવો આત્મા આત્માને જાણે છે. અર્થાત્ વસ્તુને જોવામાં કષાયથી અસંશ્લિષ્ટ એવો આત્મા યથાસ્થિત આત્મા છે, અને તેવો આત્મા આત્માને જાણે છે. તેવા આત્માને જે પોતાનો પરિણામ ધર્મરૂપે ભાસે તે જ ધર્મ છે. તેથી આત્મસાક્ષિક ધર્મ છે એમ કહેલ છે. અને તેવો આત્મા તે = ધર્મને, તે પ્રકારે કરે છે જે પ્રકારે આત્માના સુખને લાવનાર આત્મા થાય છે.

આ કથનનો ભાવ એ છે કે, કષાયથી અસંશ્લિષ્ટ આત્મા પોતાના શુદ્ધાત્માને જાણે છે, અને તે શુદ્ધાત્માને પ્રાદુર્ભાવ કરવાને અનુકૂળ જે અંતરંગ યત્ન છે તે જ એને ધર્મરૂપે પ્રતિભાસ થાય છે, જે પોતાનો આત્મસાક્ષિકરૂપ ધર્મ છે અને તે વખતે તે જીવ તે ભાવમાં યત્ન કરે છે. અને ભાવને અનુકૂળ બાહ્યક્રિયાઓ, કોઇ પ્રતિબંધક ન હોય તો અવજર્યસંનિધિરૂપે ઉપસ્થિત થાય છે, અને પ્રતિબંધક હોય તો વ્યવહારને અભિમત એવી બાહ્યક્રિયા ન પણ હોય, છતાં આત્મસાક્ષિક તે ધર્મ ત્યાં વર્તે છે. આથી જ કહ્યું છે કે તે આત્મા તે ધર્મને તે પ્રકારે કરે છે કે જેથી તે આત્મા આત્માના સુખને લાવનાર બને છે. જ્યારે વ્યવહારને અભિમત ધર્મ તો ક્વચિત્ ધર્મબુદ્ધિથી કરાય છે, છતાં જો અવિવેકપૂર્વક કરાતો હોય તો આત્માના અહિતને કરનાર પણ બને છે.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે વ્યવહારને અભિમત એવી પ્રતિજ્ઞાનો વિષય જેમ ભાવપૂર્વકની ક્રિયા છે, તેથી વ્યવહારનય ઉપસર્જનરૂપે ભાવને પણ સ્વીકારે છે, તેમ ભાવધર્મને સ્વીકારનાર નિશ્ચયનય પણ પ્રધાનરૂપે ભાવને

સ્વીકારે અને ઉપસર્જનરૂપે તેના વડે ક્રિયાનો પણ સ્વીકાર થવો જોઇએ. તેથી જેમ વ્યવહારનય ભાવધર્મને ગૌણરૂપે સ્વીકારે છે, અને ક્રિયાને મુખ્યરૂપે સ્વીકારે છે, તેથી તે પંચસાક્ષિક છે; તે જ રીતે ભાવધર્મને સ્વીકારનાર નિશ્ચયનયે પણ ગૌણરૂપે ક્રિયાનો સ્વીકાર કરીને ભાવધર્મને પણ પંચસાક્ષિક માનવો જોઇએ, આત્મમાત્રસાક્ષિક નહિ. તેથી કહે છે -

**ટીકાર્થ :- 'न हि निश्चयो'** - નિશ્ચય વ્યવહારને અનુસરતો નથી, પરંતુ વ્યવહાર જ વ્યવહાર અને નિશ્ચયને અનુસરે છે એ પ્રકારે વસ્તુસ્થિતિ છે

**ભાવાર્થ :-** નિશ્ચયનય ફક્ત ભાવને જ ધર્મરૂપે માને છે, ક્રિયાને ઉપસર્જન = ગૌણરૂપે, પણ ધર્મ તરીકે નિશ્ચયનય સ્વીકારતો નથી. તેથી જ તેને અભિમત એવો ભાવધર્મ આત્મમાત્રસાક્ષિક છે. વળી પ્રતિજ્ઞારૂપ વ્યવહાર, ક્રિયારૂપ વ્યવહારને અનુસરે છે અને ભાવરૂપ નિશ્ચયને અનુસરે છે. તેથી વ્યવહારનય ભાવપૂર્વકની ક્રિયાને ધર્મરૂપ કહે છે. તેથી જ વ્યવહારને અભિમત એવો ધર્મ આત્મસાક્ષિક અને પરસાક્ષિક છે, જ્યારે નિશ્ચયને અભિમત ધર્મ ફક્ત આત્મમાત્રસાક્ષિક છે. આ પ્રમાણે વસ્તુસ્થિતિ છે.

**ઉત્થાન :-** પૂર્વમાં સંપ્રદાયપક્ષીએ **'यावज्जीवमेव'** એ પ્રમાણે સાવધારણ પ્રતિજ્ઞાની સંગતિ માટે પ્રતિજ્ઞાને શ્રુતસંકલ્પરૂપે સ્વીકારી, અને આવશ્યકનિર્યુક્તિના વચનથી શ્રુતસંકલ્પરૂપ પ્રતિજ્ઞા ભાવપૂર્વક ક્રિયાવિષયક છે એમ સ્થાપન કર્યું. અને તેનાથી સિદ્ધમાં ભાવપૂર્વકની ક્રિયારૂપ ચારિત્ર નથી, તેથી સાવધારણ પ્રતિજ્ઞા હોવા છતાં સિદ્ધમાં આત્મપરિણામરૂપ ચારિત્ર સ્વીકારીએ તો પણ પ્રતિજ્ઞાભંગનો પ્રસંગ નથી તેમ કહ્યું. તેની સામે સિદ્ધાંતપક્ષી **'अथ'**થી કહે છે -

**ટીકા :- अथ प्रतिज्ञायाः श्रुतसङ्कल्परूपत्वे केवलज्ञानात् कुतो न तद्भङ्गः? इति चेत्? न, प्रतिज्ञातभङ्गाऽभङ्गाभ्यामेव तद्भङ्गाऽभङ्गव्यवहारात्, प्रतिज्ञायाः शब्दोच्चाररूपायास्तद्विकल्परूपाया वा तदानीमेव भङ्गात्। 'किं तर्हि प्रतिज्ञया? प्रतिज्ञातमेव विजयतामि'ति चेत्? न, प्रधाने संयमे प्रतिज्ञाया अप्यङ्गत्वात्। अत एव तत्फलेनैवास्य फलवत्तेति, न च व्यङ्गं कर्म फलवदिति तस्यास्तत्रोपयोग इति। वस्तुतः प्रतिज्ञातभङ्गे शिष्टाचारविरोधेन शङ्काजनकतयैव वेषादिवत् प्रतिज्ञाप्युपयोगिनी, प्रतिज्ञातेऽप्रमादेन प्रवृत्तिजनकोत्साहानुगुणतया चेति।**

❀ અહીં ગાથા - ૧૩૬ની ટીકા પૂર્ણ થાય છે.

**ટીકાર્થ :- 'अथ'** પ્રતિજ્ઞાનું શ્રુતસંકલ્પપણું માનવામાં કેવલજ્ઞાનથી તેનો=પ્રતિજ્ઞાનો, કેમ ભંગ નહિ થાય? અર્થાત્ થશે. તેના નિવારણરૂપે સંપ્રદાયપક્ષી કહે છે કે એમ ન કહેવું, કેમ કે (શ્રુતસંકલ્પરૂપ પ્રતિજ્ઞાના ભંગથી પ્રતિજ્ઞાભંગનો વ્યવહાર નથી, પરંતુ) પ્રતિજ્ઞા દ્વારા પ્રતિજ્ઞાત એવું જે કૃત્ય છે, તેના ભંગ કે અભંગ દ્વારા જ પ્રતિજ્ઞાના ભંગ અને અભંગનો વ્યવહાર છે. તેથી કેવલીને પણ તે વખતે શ્રુતસંકલ્પ નહિ હોવા છતાં પ્રતિજ્ઞાત એવી સમ્યક્ આચરણા ત્યાં હોય જ છે, માટે પ્રતિજ્ઞાનો ભંગ નથી.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે પ્રતિજ્ઞાતના ભંગથી પ્રતિજ્ઞાતના ભંગનો વ્યવહાર થઇ શકે, અને પ્રતિજ્ઞાના ભંગથી પ્રતિજ્ઞાના ભંગનો વ્યવહાર થઇ શકે, તેથી શ્રુતસંકલ્પરૂપ પ્રતિજ્ઞાને માનશો તો કેવલજ્ઞાનથી તેના ભંગનો પ્રસંગ પ્રાપ્ત થશે. તેથી બીજો હેતુ કહે છે -

**ટીકાર્થ :- 'प्रतिज्ञायाः'** શબ્દોચ્ચારરૂપ પ્રતિજ્ઞાનું અથવા તો શબ્દના વિકલ્પરૂપ પ્રતિજ્ઞાનું = શબ્દને અવલંબીને જાવજ્જીવ સુધી આ જ રીતે જીવીશ એવી વિકલ્પરૂપ પ્રતિજ્ઞાનો, ત્યારે જ ભંગ થાય છે.

**ભાવાર્થ :-** શબ્દોચ્ચારરૂપ પ્રતિજ્ઞાનો પ્રતિજ્ઞાગ્રહણના ઉત્તરકાળમાં જ ભંગ થાય છે, કેમ કે ઉચ્ચરિત શબ્દ બીજી ક્ષણમાં નાશ પામે છે, અને તે શબ્દને અવલંબીને થનારો શ્રુતનો વિકલ્પ પણ ત્યાર પછી થનાર અન્ય અન્ય જ્ઞાનના ઉપયોગ દ્વારા નાશ પામે છે. તેથી પ્રતિજ્ઞાના ભંગથી પ્રતિજ્ઞાભંગનો વ્યવહાર નથી, પરંતુ પ્રતિજ્ઞાતના ભંગથી પ્રતિજ્ઞાભંગનો વ્યવહાર છે.

**ટીકાર્થ :- 'किं तर्हि'** જો પ્રતિજ્ઞાતના ભંગથી જ પ્રતિજ્ઞાના ભંગનો વ્યવહાર હોય તો, પ્રતિજ્ઞાનું કોઇ પ્રયોજન નથી. (પરંતુ) પ્રતિજ્ઞાત જ અર્થાત્ પ્રતિજ્ઞાત એવી આચરણા જ વિજય પામો, અર્થાત્ પ્રતિજ્ઞાત એવી આચરણામાં જ યત્ન કરવો જોઇએ, પણ પ્રતિજ્ઞામાં યત્ન કરવાનું કાંઇ પ્રયોજન નથી. આ પ્રમાણે સિદ્ધાંતપક્ષી કહે તો, તેના નિવારણરૂપે સંપ્રદાયપક્ષી કહે છે કે, એ પ્રમાણે ન કહેવું. કેમ કે પ્રધાન એવા સંયમમાં પ્રતિજ્ઞાનું પણ અંગપણું છે.

**ભાવાર્થ :-** સંયમ બે પ્રકારનું છે. એક પ્રકારનું મરુદેવાદિને ષટ્કાયના પાલન માટેના કોઇ યત્ન વગર સર્વ પરપદાર્થોથી પોતાનો આત્મા પૃથક્ છે આવા પ્રકારના તત્ત્વના પર્યાલોચનથી આત્માના જ સમતાના ભાવોમાં યત્નરૂપ સંયમ પ્રાપ્ત થયેલ છે, જે પ્રધાનસંયમ નથી. કેમ કે ભગવદુપદિષ્ટ ષટ્કાયના પાલનથી નિષ્પન્ન થયેલ જે સંયમ છે તે જ મુખ્યરૂપે યત્નનો વિષય બધા માટે થઇ શકે છે. પરંતુ ક્વચિત્ ષટ્કાયના બોધ વગરના પણ પરમ સમતામાં યત્નવાળા થાય છે ત્યારે, સમતાના પરિણામરૂપ સંયમ પ્રાપ્ત થાય છે. તેમાં પ્રતિજ્ઞા અંગરૂપ નથી, પરંતુ ષટ્કાયના પાલનને અનુકૂળ યત્નરૂપ પ્રધાનસંયમમાં પ્રતિજ્ઞાનું પણ અંગપણું છે. અર્થાત્ પ્રધાનસંયમનું પાલન જે સમતાના પરિણામ દ્વારા નિર્જરાને પેદા કરે છે, તેની પ્રાપ્તિમાં સહાયક અંગરૂપ પ્રતિજ્ઞા છે. માટે પ્રતિજ્ઞાપૂર્વકના પ્રતિજ્ઞાતના સેવનથી જે ફળ નિષ્પન્ન થાય છે તે ફળની પ્રાપ્તિ પ્રતિજ્ઞા ગ્રહણ કર્યા વગર પ્રતિજ્ઞાતનું સેવન કરે તો પણ તેનાથી થાય નહિ.

**ટીકાર્થ :- 'अत एव'** આથી કરીને જ = પ્રધાનસંયમને પોતાની કાર્યની નિષ્પત્તિમાં પ્રતિજ્ઞાનું અંગપણું હોવાને કારણે જ, તેના ફળ વડે જ = પ્રતિજ્ઞાના ફળ વડે જ, આની = સંયમની, ફળવત્તા છે.

**ભાવાર્થ :-** પ્રતિજ્ઞા કરનારનો આશય પ્રતિજ્ઞાના પાલન દ્વારા નિર્જરારૂપ ફળની અપેક્ષા રાખે છે. નિર્જરારૂપ ફળની પ્રાપ્તિ થાય તો જ સંયમની ફળવત્તા છે, કેમ કે પ્રતિજ્ઞાથી નિષ્પાદ્ય જે ફળ છે તે પ્રાપ્ત ન થાય તો સંયમનું કોઇ

પ્રયોજન નથી. માટે સંયમને પોતાના નિર્જરારૂપ કાર્ય કરવામાં અંગ સ્વરૂપ પ્રતિજ્ઞા છે, કેમ કે પ્રતિજ્ઞાગ્રહણનું પ્રયોજન અને સંયમના પાલનનું પ્રયોજન નિર્જરારૂપ એક જ કાર્ય છે.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે કોઇ વ્યક્તિ પ્રતિજ્ઞા ગ્રહણ કર્યા વગર પ્રતિજ્ઞાના વિષયભૂત આચરણનું સમ્યક્ પાલન કરે તો પણ કાર્ય નિષ્પન્ન થઇ શકે, તો પ્રતિજ્ઞાગ્રહણનું કોઇ પ્રયોજન રહેતું નથી. તેથી કહે છે -

**ટીકાર્થ :-** **'न च व्यङ्गं'** - વ્યંગકર્મ ફળવદ્ નથી, અર્થાત્ પ્રતિજ્ઞારૂપ અંગથી વિકલ એવી પ્રતિજ્ઞાના વિષયભૂત ક્રિયાની આચરણારૂપ જે કર્મ તે ફલવાન થતું નથી. એથી કરીને તેનો=પ્રતિજ્ઞાનો, ત્યાં=પ્રતિજ્ઞાતના ફળની નિષ્પત્તિમાં, ઉપયોગ છે.

પ્રતિજ્ઞાનું વાસ્તવિક પ્રયોજન બતાવતાં ગ્રંથકાર કહે છે -

**'वस्तुतः'** વાસ્તવિક રીતે પ્રતિજ્ઞાતના ભંગમાં શિષ્ટાચારનો વિરોધ હોવાને કારણે, હું શિષ્ટ = સજ્જન, છું કે નહિ એવી શંકાજનકપણા વડે કરીને જ વેષાદિની જેમ પ્રતિજ્ઞા પણ ઉપયોગી છે.

**ભાવાર્થ :-** શિષ્ટનો આચાર છે કે પ્રતિજ્ઞા ગ્રહણ કર્યા પછી મૃત્યુના ભોગે પણ પ્રતિજ્ઞાનું પાલન કરે, તેથી પ્રતિજ્ઞાભંગમાં શિષ્ટાચારનો વિરોધ છે. અને જે જીવ પ્રતિજ્ઞા ગ્રહણ કરીને પાછળથી વિપરીત આચરણાને અભિમુખ પરિણામવાળો થાય, તે જીવને પોતાનામાં શિષ્ટત્વવિષયક શંકા પેદા થાય છે, કે જો હું શિષ્ટ હોઉં તો પ્રતિજ્ઞાથી વિપરીત કાર્ય મારાથી થઇ શકે નહિ. અને તે શંકાને કારણે પોતાનામાં શિષ્ટત્વનું જો અભિમાન હોય તો વિપરીત પ્રવૃત્તિથી તે નિવર્તન પામે છે. તેથી પ્રતિજ્ઞા શિષ્ટત્વની શંકાના જનકપણા વડે ઉપયોગી છે, જેમ સાધુનો વેશ ગ્રહણ કર્યા પછી વિપરીત કરવાને અભિમુખભાવ હોય તો પણ, શિષ્ટત્વની શંકાને કારણે શિષ્ટપુરુષની વિપરીત પ્રવૃત્તિ થતી નથી.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે જે જીવ પ્રતિજ્ઞા ગ્રહણ કર્યા પછી વિપરીત આચરણાને અભિમુખ હોય, તેને વિપરીત પ્રવૃત્તિથી નિવર્તન થવામાં પ્રતિજ્ઞા ઉપયોગી છે, પરંતુ જે લોકોને વિપરીતભાવ થયો જ નથી તેની પ્રતિજ્ઞાનો કોઇ ઉપયોગ નથી. તેથી કહે છે -

**ટીકાર્થ :-** **'प्रतिज्ञाते'** પ્રતિજ્ઞાતમાં અપ્રમાદ વડે પ્રવૃત્તિને પેદા કરનાર એવા ઉત્સાહને અનુગુણપણું હોવાને કારણે પ્રતિજ્ઞા ઉપયોગી છે.

❀ **'इति'** શબ્દ **'तत्र केयं प्रतिज्ञा'**થી શરૂ થયેલ ગાથા ૧૩૬ની ટીકાની સમાપ્તિ સૂચક છે.

**ભાવાર્થ :-** જે લોકો સાત્ત્વિક હોય છે તે લોકોને પણ જ્યારે પ્રતિજ્ઞા ગ્રહણ કરે છે ત્યારે, પ્રતિજ્ઞાના વિષયભૂત પ્રવૃત્તિમાં અપ્રમાદ વડે પ્રવૃત્તિ કરવાનો અનુકૂળ એવો ઉત્સાહ પ્રતિજ્ઞાથી જ થાય છે. કેમ કે તેઓને એવી બુદ્ધિ થાય છે કે હવે મેં પ્રતિજ્ઞા ગ્રહણ કરી છે, માટે પ્રતિજ્ઞાત પદાર્થમાં મારે સુદૃઢ યત્ન કરવો જોઇએ; એવી બુદ્ધિ પ્રતિજ્ઞાને કારણે થાય છે. માટે જેઓ પતનને અભિમુખ નથી તેઓને પણ, આ રીતે પ્રતિજ્ઞાતમાં અપ્રમાદ વડે પ્રવૃત્તિજનક

ઉત્સાહને અનુકૂળપણા વડે પ્રતિજ્ઞા ઉપયોગી છે.

અહીં વિશેષ એ છે કે પૂર્વમાં પ્રતિજ્ઞાને પ્રધાનસંયમના અંગરૂપે કહી, અને '**वस्तुतः**'થી જે કથન કર્યું તેમાં ભેદ એ છે કે, પ્રધાનસંયમ એ ભાવપૂર્વકની ક્રિયા છે અને તે ઉત્તમ ભાવને પેદા કરવા દ્વારા નિર્જરાને પેદા કરે છે. પરંતુ પ્રતિજ્ઞાની સહાયતાથી જ તે સમ્યક્ કાર્ય પેદા કરી શકે છે, પ્રતિજ્ઞારૂપ અંગની વિકલતા હોય તો ભાવપૂર્વકની ક્રિયા પણ તથાવિધ ફળને પેદા કરી શકતી નથી, એ કથન વ્યવહારદૃષ્ટિને સામે રાખીને કહેલ છે. કેમ કે જેમ વ્યવહારનય ભાવપૂર્વકની સમ્યગ્ આચરણાની અપેક્ષા રાખે છે, તેમ પ્રતિજ્ઞાની પણ અપેક્ષા રાખે છે. તેથી જ પ્રતિજ્ઞા વગર કરાયેલી સમ્યગ્ ક્રિયાને પણ વ્યવહારનય અંગવિકલવાળી કહે છે.

જ્યારે '**वस्तुतः**'થી જે કથન કર્યું તેમાં સૂક્ષ્મ અવલોકન કરનારી એવી નિશ્ચયનયની દૃષ્ટિ છે, અને ત્યાં પ્રતિજ્ઞા ભાવપૂર્વકની ક્રિયાના અંગરૂપ નથી, પરંતુ ભાવપૂર્વકની કરાતી ક્રિયાના પાતથી રક્ષણમાં ઉપયોગી પ્રતિજ્ઞા છે. અથવા તે પ્રતિજ્ઞા ભાવપૂર્વકની ક્રિયા કરવામાં અપ્રમાદને ઉપયોગી એવા ઉત્સાહને અનુગુણ = અનુકૂળ છે. આથી કરીને જ કોઇ જીવ અપ્રમાદ વડે ભાવપૂર્વકની ક્રિયા કરતો હોય અને પ્રતિજ્ઞા ગ્રહણ ન કરેલ હોય તો પણ સમ્યગ્ ફળ મેળવે જ છે.

**ટીકા :- यदप्युक्तं-अनुष्ठानरूपं चारित्रं शरीरं विना कथं सिद्धानाम्? इति तत्तथैव, न हि वयं तेषां क्रियारूपं चारित्रमभ्युपेमः, किन्तु शुद्धोपयोगरूपम्। न च तस्याप्युत्पत्ताविव स्थितावपि शरीरापेक्षा, केवलज्ञानादेरपि तथाभावप्रसङ्गात्। न च ऋजुसूत्रनयेन तस्य प्रतिसमयोत्पदिष्णुतया मोक्षे शरीरं विना तदुत्पत्तिरपि न स्यादिति वाच्यं, तन्नये पूर्वपूर्वक्षणानामेवोत्तरोत्तरक्षणहेतुत्वात्, अन्यथा ज्ञानादावप्यप्रतिकारादिति दिग्।**

❀ પૂર્વમાં અવતરણિકામાં કહેલ કે '**अनुष्ठानरूपत्वाच्च चारित्रस्य, शरीराभावे च तदयोगात्**' "ચારિત્રનું અનુષ્ઠાનરૂપપણું છે અને શરીરના અભાવમાં તેનું અયોગપણું છે" અને તેની પુષ્ટિ માટે '**अत.. विरतेरभावात्**' સુધી કથન કરીને સિદ્ધમાં ચારિત્ર માનનાર પક્ષ ગાથા-૧૩૭માં તેનું નિરાકરણ કરે છે. અને અવતરણિકાની વાત ટીકામાં '**यदप्युक्तं-अनुष्ठानरूपं ... कथं सिद्धानाम्? इति,**' સુધીના કથનથી જણાવીને '**तत्तदैव .. इति दिग्**' સુધી ગાથા ૧૩૭ના નિરાકરણને ટીકામાં સ્પષ્ટ કરે છે.

**ટીકાર્થ :- 'यदप्युक्तं'** અનુષ્ઠાનરૂપ ચારિત્ર શરીર વિના સિદ્ધોને શી રીતે સંભવે? એવું તમે (સિદ્ધાંતપક્ષીએ) જે કહ્યું તે બરાબર જ છે. અમે પણ તેઓને=સિદ્ધોને, ક્રિયારૂપ ચારિત્ર સ્વીકારતા નથી, પરંતુ શુદ્ધોપયોગરૂપ ચારિત્ર હોય છે એવું માનીએ છીએ.

**ઉત્થાન :-** અહીં શંકા થાય કે તેની=શુદ્ધોપયોગની, ઉત્પત્તિમાં જેમ શરીરની અપેક્ષા છે તેમ સ્થિતિમાં પણ શરીરની અપેક્ષા રહેશે. તેથી સિદ્ધોને શુદ્ધોપયોગનો અભાવ માનવો પડશે, તેથી કહે છે -

**ટીકાર્થ :- 'न च तस्य'** તેની=શુદ્ધોપયોગની, ઉત્પત્તિમાં જેમ શરીરની અપેક્ષા છે, તેમ સ્થિતિમાં પણ શરીરની અપેક્ષા નથી. કેમ કે કેવલજ્ઞાનાદિનો પણ તે પ્રમાણે અભાવનો પ્રસંગ આવશે.

**ભાવાર્થ :-** શુદ્ધોપયોગને ઉત્પન્ન થવામાં શરીરની અપેક્ષા છે, પણ ઉત્પન્ન થયા પછી તેની સ્થિતિમાં શરીરની અપેક્ષા નથી, કે જેથી અશરીરી સિદ્ધોને શુદ્ધોપયોગનો અભાવ માનવો પડે. નહીંતર તો કેવલજ્ઞાનાદિની ઉત્પત્તિમાં પણ શરીરની અપેક્ષા હોવાથી તેની સ્થિતિમાં પણ શરીરની અપેક્ષા માનવાથી, સિદ્ધોને શરીરના અભાવમાં કેવલજ્ઞાનાદિનો પણ અભાવ માનવાની આપત્તિ આવશે.

**ઉત્થાન :-** અહીં શંકા થાય કે ઋજુસૂત્રનયના મતે પદાર્થ પ્રતિક્ષણ ઉત્પત્તિવાળો છે. તેથી જેમ અહીં ચારિત્રની ઉત્પત્તિમાં શરીરની અપેક્ષા છે તેમ ઋજુસૂત્રનયના મતે સિદ્ધમાં પણ ચારિત્ર સ્વીકારવું હોય તો શરીરની અપેક્ષા માનવી પડે. તેથી કહે છે -

**ટીકાર્થ :-** **'न च'** ઋજુસૂત્રનય વડે તેનો = ચારિત્રનો, પ્રતિ સમય ઉત્પન્ન થવાનો સ્વભાવ હોવાથી મોક્ષમાં શરીર વિના તેની=ચારિત્રની, ઉત્પત્તિ નહિ થાય એમ ન કહેવું, કેમ કે તે નયના = ઋજુસૂત્રનયના, મતમાં પૂર્વ-પૂર્વ ક્ષણોનું જ ઉત્તર-ઉત્તર ક્ષણ પ્રત્યે હેતુપણું છે.

**'अन्यथा'** એવું ન માનો તો અર્થાત્ ઋજુસૂત્રનયના મતે ચારિત્ર ઉત્પન્ન થવાના સ્વભાવવાળું હોવાને કારણે શરીરની અપેક્ષાએ જ તેની ઉત્પત્તિ થાય છે એમ માનીને સિદ્ધમાં ચારિત્ર નથી એમ માનો તો, જ્ઞાનાદિમાં પણ શરીરની અપેક્ષાએ જ ઉત્પત્તિની આપત્તિમાં અપ્રતિકાર હોવાથી સિદ્ધમાં જ્ઞાનાદિનો પણ અભાવ માનવો પડશે. આ પ્રમાણે દિશાસૂચન છે.

❀ **'ज्ञानादौ'** અહીં **'आदि'** પદથી 'દર્શન'નું ગ્રહણ કરવાનું છે.

**ભાવાર્થ :-** શરીરની અપેક્ષાએ ચારિત્રની ઉત્પત્તિ શરીરધારી જીવોને થાય છે, અને ઋજુસૂત્રનયના મતે ચારિત્ર પ્રતિક્ષણ નવું નવું ઉત્પન્ન થાય છે; તેથી મોક્ષમાં ચારિત્ર નથી તેમ માનો તો, સંસારવર્તી જીવોને કેવલજ્ઞાન પણ શરીરની અપેક્ષાએ થાય છે, અને ઋજુસૂત્રનયના મતે પ્રતિક્ષણ નવું નવું કેવલજ્ઞાન ઉત્પન્ન થાય છે, તેથી સિદ્ધાવસ્થામાં પણ શરીર નહિ હોવાને કારણે કેવલજ્ઞાનાદિ નથી, તેમ કોઈ આપત્તિ આપે; તો સિદ્ધાંતપક્ષી તેનો પ્રતિકાર કરી શકે તેમ નથી. માટે શરીર વગર પણ સિદ્ધાવસ્થામાં ચારિત્ર છે એમ સ્વીકરવું ઉચિત છે. એ પ્રકારનો સંપ્રદાયપક્ષીનો આશય છે.

**ટીકા :- अथ माभूद्बाह्यक्रियारूपता चारित्रस्य, अस्तु वाभ्यन्तरक्रियारूपत्वं, तथापि न सा सिद्धानां, तद्धेतुयोगादेर्विलयादित्याशयं निरसितुमाह-अपि चेत्यादिना-क्रिया खलु योगाख्या शरीरनामकर्मोपनीततया भगवतामप्यौदयिकी, चारित्रं तु तेषां चारित्रमोहकर्मक्षयोपनीततया क्षायिकमिति महाननयोर्भेदः। न हि यदेव क्षायिकं तदेवौदयिकमिति संभवति, एवं क्षायोपशमिकौपशमिकयोर्द्रष्टव्यम्। तेन जा( ज्ञा? )यते क्रिया तावत्तात्त्विकं चारित्रलक्षणमनास्कन्दन्ती चारित्रव्यवहारं च जनयन्ती तटस्थतयैव भाविभूतचारित्रो-**

**पकारितया द्रव्यचारित्रमेव, आभ्यन्तरचारित्रं त्वनवलिप्तस्वपरिणाम एव। उक्तं च** "[1]मोहक्खोहविहूणो परिणामो अप्पणो धम्मो" **त्ति। तथा** "[2]आया सामाइए आया सामाइयस्स अट्ठे" **त्ति सूत्रमपि आत्मपरिणामरूपमेव चारित्रमाह। न च योगाख्यः प्रशस्तमनोव्यापार एव चारित्रं, योगस्य बन्धहेतुत्वात्, चारित्रस्य चानाश्रव-रूपत्वात्। एतेन [ यो. शा. १३४ ]**- अथवा पञ्चसमितिगुप्तित्रयपवित्रितम् । चरित्रं सम्यक्चारित्रमित्याहु-र्मुनिपुङ्गवाः।। **इति व्याख्यातम्, अत्र हि चारित्रं यदि यतीनां चेष्टा तदा तस्या बन्धहेतुत्वात्, यदि पुनरुपयोगस्तदभि-मतत्वादिति।**

❀ ગાથા - ૧૩૧થી ૧૩૭ સુધીની અવતરણિકા પૂર્વમાં '**अथ .. विरतेरभावादिति चेत? अत्रोच्यते**' સુધી કરી. અને અવતરણિકાની ગાથાઓ પૂરી થવાથી જ પૂર્વ ગાથા સાથે '**अपि च**'થી ઉત્તરની ગાથાઓનો સંપ્રદાયપક્ષ, તરીકે સમુચ્ચય કરે છે. હવે ટીકામાં ગાથા - ૧૩૮ની અવતરણિકા '**अथ मा भूद् .. निरसितुमाह** -'થી કરે છે-

**ટીકાર્થ :-** '**अथ**' ગાથા - ૧૩૪માં કહેલ કે ચારિત્ર ક્રિયારૂપ નથી. અને જો ચારિત્ર ક્રિયારૂપ હોય તો દેવોને પણ શરીર હોવાથી તપાદિરૂપ આચરણા સ્વરૂપ ક્રિયાઓ દેવો પણ કરી શકે, માટે દેવોને પણ ચારિત્ર માનવાનો પ્રસંગ પ્રાપ્ત થાય. તેથી '**अथ**'થી સિદ્ધાંતપક્ષી કહે છે કે, ચારિત્રની બાહ્યક્રિયારૂપતા ન હો અને અભ્યંતરક્રિયારૂપપણું હો; તો પણ સિદ્ધોને તે=અભ્યંતરક્રિયા, નથી. કેમ કે તેના=અભ્યંતરક્રિયાના, હેતુભૂત એવા યોગાદિનો વિલય છે. એ પ્રકારના આશયને નિરાસ કરતા '**अपि च**' ઇત્યાદિથી ગાથા - ૧૩૮માં જે કથન કર્યું, તે ટીકામાં - '**क्रिया खलु .. आभ्यन्तरचारित्रं त्वनवलिप्त परिणाम एव**' સુધીના કથનથી જણાવે છે.

❀ અહીં ટીકામાં ગાથા - ૧૩૮ની અવતરણિકામાં '**अस्तु वा**' (શબ્દમાં) 'વા'કાર છે તે '**च**'કાર અર્થક છે, અને '**तद्धेतुयोगादेर्विलयात्**'માં '**आदि**'થી સંયમ પ્રત્યેના રાગરૂપ પ્રશસ્ત કષાયનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-** અહીં વિશેષ એ છે કે ભાવપૂર્વકની સમિતિ-ગુપ્તિની આચરણારૂપ બાહ્યક્રિયા ચારિત્રરૂપ ભલે ન હો, પરંતુ યોગ દ્વારા આત્મામાં કોઇક અંતરંગક્રિયા પ્રવર્તે છે કે જે કર્મના નિર્જરણનું કારણ બને છે, તે ચારિત્રરૂપ છે; એમ સિદ્ધમાં ચારિત્ર નહીં માનનાર એવા સિદ્ધાંતકારનું કહેવું છે. અને તે અભ્યંતરક્રિયાના હેતુભૂત એવા મનોયોગાદિનો વ્યાપાર છે, અને સંયમ પ્રત્યેનો રાગ છે, તેથી જ સંયમના રાગવાળી વ્યક્તિ સમ્યક્ પ્રકારના મન-વચન-કાયાના યોગમાં પ્રવર્તે છે, અને તેનાથી અંતરંગક્રિયા પેદા થાય છે કે જે ચારિત્રસ્વરૂપ છે. અને સિદ્ધોને યોગ અને પ્રશસ્ત રાગ નહિ હોવાથી અંતરંગક્રિયારૂપ ચારિત્ર નથી. આ પ્રમાણે સિદ્ધાંતકાર કહે છે, તેની સામે સંપ્રદાયપક્ષ કહે છે-

**ટીકાર્થ :- क्रिया खलु** - યોગાખ્યા ક્રિયા શરીરનામકર્મના ઉપનીતપણાથી ભગવાનને પણ ઔદયિકી છે. વળી ચારિત્ર તેઓને = ભગવાનને, ચારિત્રમોહનીયકર્મના ક્ષયના ઉપનીતપણાથી ક્ષાયિક છે. આ પ્રમાણે આ બંનેનો = ક્રિયા અને ચારિત્રનો, મહાન ભેદ છે.

---

१. मोहक्षोभविहीनः परिणाम आत्मनो धर्मः । २. आत्मा सामायिकमात्मा सामायिकस्यार्थः।

**ભાવાર્થ :-** '**अथ मा भूद्**'થી ગાથા - ૧૩૮ની અવતરણિકા ટીકામાં કહી ત્યાં સિદ્ધાંતપક્ષીએ કહ્યું કે, ચારિત્રને ભલે બાહ્યક્રિયારૂપ ન માનો પણ અભ્યંતરક્રિયારૂપ માનો તો પણ, અભ્યંતરક્રિયારૂપ ચારિત્ર સિદ્ધમાં નથી એમ કહ્યું ત્યાં યોગાદિને અભ્યંતરક્રિયાના હેતુરૂપ કહ્યા, અને '**क्रिया खलु योगाख्या**' અહીં ક્રિયાને યોગરૂપ કહી. તેનું તાત્પર્ય એ છે કે, જેમ વસ્તુના ચિંતવનસ્વરૂપ દ્રવ્યમનથી તથાવિધ ક્ષયોપશમરૂપ જીવના પરિણામરૂપ ભાવમન પેદા થાય છે, તેમ મન-વચન-કાયાના યોગોના પ્રવર્તનથી જીવની અંદર તથાવિધ ચેષ્ટા પેદા થાય છે, અને તે ચેષ્ટા અભ્યંતરક્રિયારૂપ છે એ ભાવયોગ સ્વરૂપ છે. અને તેના કારણીભૂત મન-વચન-કાયાની જે ચેષ્ટા છે તે દ્રવ્યયોગસ્વરૂપ છે અને તે દ્રવ્યયોગ હેતુરૂપ છે. તેથી અભ્યંતરક્રિયાના હેતુરૂપ યોગને કહ્યા, અને '**क्रिया खलु योगाख्या**' - કહી ત્યાં ક્રિયા જીવના પરિણામરૂપ ગ્રહણ કરવાની છે. અને તે ભગવાનને પણ ઔદયિકી છે એમ કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે, શરીર શબ્દથી આખું શરીર ગ્રહણ કરવાનું છે, જેની અંતર્ભૂત વચનશક્તિ અને મનશક્તિ પણ ગ્રહણ થાય છે. અને તે શરીરનામકર્મના ઉદયથી જીવ મન-વચન-કાયામાં પ્રવર્તે છે. અને તેનાથી જ તથાવિધ અભ્યંતરક્રિયા જીવમાં વર્તે છે. માટે તે ક્રિયા ઔદયિકી છે તેથી તે ચારિત્રરૂપ કહી શકાય નહિ. કેમ કે ચારિત્ર તો ચારિત્રમોહનીયકર્મના ક્ષયથી પેદા થનારો જીવનો પરિણામ છે.

**ઉત્થાન :-** અહીં પૂર્વપક્ષી(સિદ્ધાંતપક્ષી) કહે કે અભ્યંતરક્રિયારૂપ ચારિત્ર છે અને તેને શરીરનામકર્મના ઉદયની અને ચારિત્રમોહનીયકર્મના ક્ષયની પણ અપેક્ષા છે, તેથી જ તે અભ્યંતરક્રિયારૂપ ચારિત્ર સિદ્ધમાં નથી. તેથી સંપ્રદાયપક્ષી કહે છે -

**ટીકાર્થ :-** '**न हि यदेव**' જે ક્ષાયિક છે તે ઔદયિક છે એ પ્રમાણે સંભવતું નથી.

**ભાવાર્થ :-** સિદ્ધાંતપક્ષી અભ્યંતરક્રિયારૂપ ચારિત્ર માનીને એમ કહે છે કે ચારિત્ર ક્રિયારૂપ છે તેથી શરીરનામકર્મના ઉદયથી પેદા થનાર છે, અને સંસારની પ્રવૃત્તિ કરતાં જુદી જ નિર્જરાને અનુકૂળ પ્રવૃત્તિરૂપ છે તેથી તે ચારિત્રમોહનીયના ક્ષયથી પણ થયેલ છે. તેથી સંપ્રદાયપક્ષી કહે છે કે જે ક્ષાયિક હોય તે ઔદયિક ન હોય માટે સિદ્ધાંતપક્ષને માન્ય એવું અભ્યંતરક્રિયારૂપ ચારિત્ર નથી.

**ટીકાર્થ :-** '**एवं**' એ જ રીતે ક્ષાયોપશમિક અને ઔપશમિકમાં પણ જાણવું.

**ભાવાર્થ :-** જેમ ક્ષાયિક ચારિત્ર એ અભ્યંતરક્રિયારૂપ નથી, કેમ કે જે ક્ષાયિક હોય તે ઔદયિક ન હોઇ શકે; એ જ રીતે ક્ષાયોપશમિક અને ઔપશમિકરૂપ ચારિત્ર છે તે પણ ઔદયિક નથી, તેથી અભ્યંતરક્રિયારૂપ નથી.

**ટીકાર્થ :-** '**तेन**' તેનાથી = જે ક્ષાયિક, ક્ષાયોપશમિક અને ઔપશમિક ચારિત્ર છે તે ઔદયિક નથી, તેથી અભ્યંતરક્રિયારૂપ નથી. તેનાથી, જણાય છે કે ક્રિયા તાત્ત્વિક ચારિત્રલક્ષણને નહિ પ્રાપ્ત કરતી, અને ચારિત્રના વ્યવહારને પેદા કરતી, તટસ્થપણું હોવાને કારણે જ ભાવિ અને ભૂત ચારિત્રને ઉપકારક હોવાથી દ્રવ્યચારિત્ર જ છે. વળી, અભ્યંતરચારિત્ર અનવલિપ્ત સ્વપરિણામ જ છે = જીવનો પરિણામ જ છે.

**ભાવાર્થ :-** ક્ષાયિકાદિ ભાવો ઔદયિક નથી એમ કહેવાથી શરીરનામકર્મથી ઉપનીત એવી ઔદયિકક્રિયા ચારિત્રલક્ષણને પામતી નથી. આમ છતાં, સમિતિ-ગુપ્તિની ક્રિયાઓમાં ચારિત્રનો વ્યવહાર છે તેથી, આ ચારિત્ર છે એ પ્રકારના વ્યવહારને પેદા કરે છે. તેથી તેમાં તટસ્થતા છે, એટલે કે તે ક્રિયાઓ ચારિત્ર સ્વરૂપ નથી પરંતુ બંને વચ્ચેનું મધ્યમ સ્વરૂપ છે, તેથી તે ક્રિયા તટસ્થ છે, કેમ કે ઔદયિકભાવરૂપ છે માટે ચારિત્રસ્વરૂપ નથી, આમ છતાં અચારિત્રનો વ્યવહાર થતો નથી, તેથી ચારિત્ર અને અચારિત્રના મધ્યમાં ક્રિયા રહે છે, માટે તેમાં તટસ્થપણું છે. તેથી કરીને જ ભાવિ અને ભૂતમાં પેદા થતા ચારિત્રને તે ક્રિયા ઉપકારક છે. કેમ કે જે અચારિત્રની ક્રિયાઓ છે તે વર્તમાન ચારિત્રને ઉપકારક નથી, તેથી જ ત્યાં ચારિત્રનો વ્યવહાર થતો નથી. અને ભાવિ-ભૂતને ઉપકારક હોવાથી તે દ્રવ્યચારિત્ર છે.

વળી, તે ક્રિયા ભાવિને ઉપકારક એ રીતે છે કે, જે વ્યક્તિ તે દ્રવ્યક્રિયા કરે છે તે વ્યક્તિને ભાવિમાં જે ચારિત્ર નિષ્પન્ન થાય છે તેનું કારણ તે ક્રિયા છે. અને ભૂતમાં ભાવરૂપ ચારિત્ર નિષ્પન્ન થયેલ હોય અને તે ક્રિયા કરે તો નિષ્પન્ન થયેલ ચારિત્ર ટકી રહે છે, અને વૃદ્ધિ પામે છે, તેથી ભૂતચારિત્રને તે ઉપકારક છે. અર્થાત્ નિમિત્તરૂપે ઉપકારક છે તેથી તે દ્રવ્યચારિત્ર જ છે. જ્યારે અભ્યંતરચારિત્ર જીવનો સંસારના બધા પદાર્થો પ્રત્યે અનવલિપ્ત એવો જે સ્વપરિણામ છે તે રૂપ ભાવચારિત્ર છે. આમ કહીને સંપ્રદાયપક્ષી તે અનવલિપ્ત જીવના પરિણામરૂપ ચારિત્ર સિદ્ધમાં છે તેમ કહે છે.

**ટીકાર્થ :-** **'उक्तं च'** - અને કહ્યું છે - મોહના ક્ષોભથી રહિત આત્માનો પરિણામ ધર્મ છે.

❀ **'त्ति'** ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

❀ અનવલિપ્ત સ્વપરિણામ જ આભ્યંતર ચારિત્ર છે. અને **'उक्तं च'**-'થી તેની પુષ્ટિ માટે સાક્ષી આપી અને **'आया खलु ..'** ૧૩૯મી ગાથામાં કહેલ કથન દ્વારા તેની જ પુષ્ટિ કરે છે, અને તે કથનને **'तथा'**થી ટીકામાં દર્શાવે છે -

**ટીકાર્થ :-** **'तथा'**- તથા 'આત્મા સામાયિક છે, આત્મા સામાયિકનો અર્થ છે' એ પ્રમાણે સૂત્ર પણ આત્મપરિણામરૂપ ચારિત્રને જ કહે છે.

**ઉત્થાન :-** પૂર્વમાં યોગાખ્યા ક્રિયા ઔદયિકી છે તેથી ચારિત્ર નથી, પરંતુ ક્ષયોપશમાદિ ભાવરૂપ અભ્યંતર પરિણામ એ જ ચારિત્ર છે એમ સિદ્ધ કર્યું. ત્યાં સિદ્ધાંતપક્ષી કહે કે સમિતિ-ગુપ્તિની આચરણારૂપ યોગક્રિયાઓ ભલે ઔદયિક હોય, પરંતુ યોગાખ્ય પ્રશસ્ત મનોવ્યાપાર જ ચારિત્ર છે, અને તે સિદ્ધમાં નથી. કહેવાનો ભાવ એ છે કે સર્વત્ર અપ્રતિબદ્ધભાવને ધારણ કરવાનો અનુકૂળ એવો પ્રશસ્ત મનોવ્યાપાર એ જ ચારિત્ર પદાર્થ છે, અને તેવો પ્રશસ્ત મનોવ્યાપાર સિદ્ધમાં નથી, એમ સિદ્ધાંતપક્ષીનું કહેવું છે. તેના નિરાકરણરૂપે સંપ્રદાયપક્ષી કહે છે -

**ટીકાર્થ :-** **'न च'** યોગાખ્ય પ્રશસ્ત મનોવ્યાપાર જ ચારિત્ર નથી, કેમ કે યોગનું બંધહેતુપણું છે, અને ચારિત્રનું અનાશ્રવરૂપપણું છે. (માટે પ્રશસ્ત મનોવ્યાપાર જ ચારિત્ર નથી, પરંતુ મોહના ક્ષોભથી રહિત એવા જીવપરિણામરૂપ ચારિત્ર છે, જે મોક્ષમાં છે.)

**ભાવાર્થ :-** મુનિઓ છદ્મસ્થપણામાં સંસારના ભાવોથી અલિપ્તભાવની નિષ્પત્તિને અનુકૂળ એવો જે પ્રશસ્ત મનોવ્યાપાર કરે છે, તે પોતે ચારિત્રરૂપ નથી પરંતુ તે યોગસ્વરૂપ છે. અને યોગથી કર્મબંધ થાય છે તેથી તે આશ્રવસ્વરૂપ છે. આમ છતાં, તે પ્રશસ્ત મનોવ્યાપાર આત્મામાં અલિપ્તભાવ પેદા કરવામાં નિમિત્તકારણ છે, તેથી તે દ્રવ્યચારિત્ર છે; પરંતુ તેનાથી નિષ્પાદ્ય એવો ક્ષાયોપશમિકાદિભાવ તે ચારિત્ર પદાર્થ છે, જે અનાશ્રવ સ્વરૂપ છે. અને જે પ્રશસ્ત મનોવ્યાપાર છે તે ક્રિયાત્મક હોવાથી જીવના પરિણામરૂપ નથી, તેથી ચારિત્રમાં ઉપકારક હોવા છતાં કર્મબંધ પ્રત્યે હેતુ છે. કેમ કે કર્મબંધ અવિરતિ આદિથી જેમ થાય છે તેમ યોગથી પણ થાય છે. અને ચારિત્ર જીવના શુદ્ધ પરિણામરૂપ છે તેનાથી બંધ થતો નથી, અને તે ચારિત્ર સિદ્ધમાં છે એમ સંપ્રદાયપક્ષીનું કહેવું છે.

**ટીકાર્થ :- 'एतेन'** - આનાથી = પૂર્વમાં કહ્યું કે પ્રશસ્ત મનોવ્યાપારરૂપ યોગ એ ચારિત્ર નથી કેમ કે આશ્રવરૂપ છે, અને ચારિત્ર અનાશ્રવરૂપ છે એનાથી, **'अथवा .. मुनिपुङ्गवाः ॥'** એ પ્રમાણે કથન વ્યાખ્યાત જાણવું.
યોગશાસ્ત્રના કથનનો અર્થ આ પ્રમાણે છે -
**'अथवा'** "અથવા પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી પવિત્ર થયેલ ચારિત્રને મુનિપુંગવો સમ્યક્ ચારિત્ર કહે છે".

**ભાવાર્થ :-** યોગશાસ્ત્રના કથન પ્રમાણે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિની જે આચરણા તે સમ્યક્ ચારિત્ર છે, અને તે સમિતિ ગુપ્તિની આચરણા બાહ્યઆચરણા દ્વારા જીવની અભ્યંતરક્રિયારૂપ છે. અને એ કથનને જ જો ચારિત્ર કહીએ તો અંતરંગક્રિયાને જ ચારિત્ર સ્વીકારવું પડે. અને અંતરંગક્રિયાને ચારિત્ર સ્વીકારીએ તો સિદ્ધમાં ચારિત્ર નથી તે જ સિદ્ધ થાય. પરંતુ પૂર્વમાં સ્થાપન કર્યું કે યોગ નામનો પ્રશસ્ત મનોવ્યાપાર જ ચારિત્ર નથી, પરંતુ અનાશ્રવપરિણામરૂપ ચારિત્ર છે, તેથી યોગશાસ્ત્રનું કથન વ્યાખ્યાત થાય છે. અને તે આ રીતે - યોગશાસ્ત્રનું કથન અનાશ્રવરૂપ ચારિત્રના પરિણામના કારણીભૂત એવી સમિતિ-ગુપ્તિની ક્રિયાને ચારિત્ર કહે છે, અને ચારિત્રનું કારણ તે ક્રિયા હોવાથી ઉપચારથી તેને ચારિત્ર કહેવા માત્રથી યોગને ચારિત્રરૂપે સ્વીકારી શકાય નહિ.

તે જ વાતને સ્પષ્ટ કરતાં **'अत्र हि'**થી કહે છે -

**ટીકાર્થ :- 'अत्र'** - અહીંયાં = યોગશાસ્ત્રના કથનમાં ચારિત્ર જો યતિની ચેષ્ટારૂપ હોય તો, ત્યારે તેનું = ચેષ્ટારૂપ ચારિત્રનું, બંધહેતુપણું હોવાથી ચારિત્ર કહી શકાશે નહિ. (કેમ કે ચારિત્ર નિર્જરાનું કારણ છે, બંધનું નહિ). વળી જીવના ઉપયોગસ્વરૂપ હોય તો અમને અભિમત છે, કેમ કે તે જીવપરિણામ સ્વરૂપ જ પ્રાપ્ત થશે. (તેથી સિદ્ધમાં પણ તે ચારિત્ર સંગત થઇ શકશે માટે કોઇ દોષ નથી. આ પ્રમાણે સંપ્રદાયપક્ષી કહે છે.)

**ટીકા :- अथ योगत्वेन रूपेण बन्धहेतुत्वेऽपि चारित्रत्वेनाऽतथात्वात् तेन रूपेण निर्जराहेतुत्वमविरुद्धमिति न कोऽपि दोषः, बाह्यात्मत्वेन बन्धहेतोरप्यात्मनस्तथात्वदर्शनात् इति चेत्? न, बाह्यात्मव्यावृत्तस्य शुद्धात्मन इव बन्धहेतुव्यावृत्तस्य चारित्रस्य स्वरूपतो निष्कलंकत्वौचित्यात्। अपि च कषायहान्या चारित्रवृद्धि-स्तद्वृद्ध्या च तद्धानिरिति तत्प्रतिपक्षभूतः शुद्धोपयोगः एव चारित्रं न तु योगः, तस्य कषायाऽप्रतिपन्थित्वात्, तेषां विपरीतभावनानिवर्त्त्यत्वात्, तस्मात् कषायनिवर्त्त्यस्तन्निवर्त्तकश्चोपयोग एव चारित्रमिति व्यवतिष्ठते।**

**ટીકાર્થ :- 'अथ'**થી સિદ્ધાંતપક્ષી આ પ્રમાણે કહે કે, યોગત્વરૂપથી બંધહેતુપણું હોવા છતાં પણ ચારિત્રત્વેન અતથાપણું હોવાને કારણે તે રૂપથી = ચારિત્રત્વરૂપથી, નિર્જરાનું હેતુપણું અવિરુદ્ધ છે, એથી કરીને કોઇ પણ દોષ નથી; જેમ બાહ્યાત્મત્વેન બંધહેતુ હોવા છતાં પણ આત્માનું તથાપણું દેખાય છે, અર્થાત્ આત્મત્વેન આત્મા બંધનો હેતુ નથી એમ દેખાય છે.

**'न'** તેનું નિરાકરણ કરતાં સંપ્રદાયપક્ષી કહે છે કે એમ ન કહેવું, કેમ કે બાહ્યાત્માથી વ્યાવૃત્ત એવા શુદ્ધાત્માની જેમ બંધહેતુથી વ્યાવૃત્ત સ્વરૂપવાળા એવા ચારિત્રનું જ સ્વરૂપથી નિષ્કલંકપણું ઉચિત છે.

**ભાવાર્થ :- 'अथ'**થી સિદ્ધાંતપક્ષીએ જે કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, એક જ ચારિત્ર ચારિત્રત્વેન બંધહેતુ નથી અને યોગત્વેન બંધહેતુ છે, તેથી ચારિત્રને પ્રશસ્ત મનોવ્યાપારરૂપ કહેવામાં કોઇ દોષ નથી, અને તેવું ચારિત્ર સિદ્ધમાં નથી. અને તેની પુષ્ટિ દૃષ્ટાંતથી તે કરે છે કે, જેમ આત્મા બાહ્યાત્મત્વેન બંધહેતુ હોવા છતાં પણ આત્મત્વેન આત્મા બંધહેતુ નથી એમ દેખાય છે, એ જ રીતે ચારિત્ર પણ યોગત્વરૂપે બંધહેતુ છે અને ચારિત્રરૂપે બંધહેતુ નથી.

તેનું નિરાકરણ કરતાં સંપ્રદાયપક્ષીએ જે કથન કર્યું તેનું તાત્પર્ય એ છે કે, જે બાહ્યાત્મા બાહ્યાત્મત્વેન વર્તે છે ત્યારે શુદ્ધાત્મત્વેન બંધનો અહેતુ નથી, પરંતુ જ્યારે બાહ્યાત્મભાવ નથી પણ માત્ર શુદ્ધાત્મભાવ છે ત્યારે તે બંધનો અહેતુ છે. તે પ્રમાણે બંધહેતુભૂત એવા યોગથી રહિત એવો ચારિત્રનો પરિણામ જ નિર્જરાના હેતુભૂત બની શકે કે જે સ્વરૂપથી જીવના નિષ્કલંક ભાવરૂપ છે, તેમ માનવું ઉચિત છે, અર્થાત્ કષાયરહિત સ્વરૂપ છે તેમ માનવું ઉચિત છે.

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું કે ચારિત્રનું જ સ્વરૂપથી નિષ્કલંકપણું ઉચિત છે, જે આત્માના શુદ્ધોપયોગસ્વરૂપ છે. અને શુદ્ધોપયોગસ્વરૂપ ચારિત્ર સિદ્ધમાં છે. તેની જ પુષ્ટિ કરતાં સંપ્રદાયપક્ષી કહે છે -

**ટીકાર્થ :- 'अपि च'** - અને વળી કષાયની હાનિથી ચારિત્રની વૃદ્ધિ, અને તેની=કષાયની, વૃદ્ધિથી ચારિત્રની હાનિ છે. એથી કરીને તત્પ્રતિપક્ષભૂત=કષાયના પ્રતિપક્ષભૂત, એવો શુદ્ધોપયોગ જ ચારિત્ર છે, પણ યોગ નહિ. કેમ કે યોગનું કષાયઅપ્રતિપંથીપણું છે=કષાયની સાથે અપ્રતિપંથીપણું છે. (તેથી યોગ તે ચારિત્ર નથી.).

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે કષાયના પ્રતિપક્ષીભૂત શુદ્ધોપયોગ જ ચારિત્ર છે, પરંતુ જો તે યોગસ્વરૂપ ન હોય તો તેના પ્રાદુર્ભાવ માટે યત્ન કેવી રીતે સંભવે? પરંતુ જો પ્રશસ્ત મનોવ્યાપારરૂપ હોય તો તેમાં યત્ન થઇ શકે, આથી જ ચારિત્રનો અર્થી પણ પ્રશસ્ત મનોવ્યાપારાદિમાં જ યત્ન કરે છે. તેથી કહે છે-

**ટીકાર્થ :- 'तेषां'** તેઓનું=કષાયોનું, વિપરીત ભાવનાથી નિવર્ત્યપણું છે તે કારણથી = કષાયના પ્રતિપક્ષભૂત શુદ્ધોપયોગ જ ચારિત્ર છે. અને વિપરીત ભાવનોથી કષાયનું નિવર્ત્યપણું છે તે કારણથી, કષાયથી નિવર્ત્ય અને કષાયોનો નિવર્તક એવો ઉપયોગ જ ચારિત્ર છે, એ પ્રમાણે નક્કી થાય છે.

**ભાવાર્થ :-** જે કષાયો જીવમાં વર્તતા હોય તેના જે વિપરીત ભાવો છે તેનું સમ્યગ્ સમાલોચન કરીને અને તે ભાવોથી પોતાના આત્માને વાસિત કરવા માટે તે જ ભાવો જીવ માટે તત્ત્વભૂત છે એ પ્રમાણે વિપરીત ભાવના કરવાથી, કષાયો નિવર્તન પામે છે. તેથી વિપરીત ભાવનાથી કષાયોનું નિવર્ત્યપણું હોવાથી તેમાં યત્ન કરવાથી શુદ્ધોપયોગ પ્રાદુર્ભાવ થાય છે જે ચારિત્રસ્વરૂપ છે.

ચારિત્રના પ્રતિપક્ષભૂત કષાયો છે માટે કષાયથી નિવર્ત્ય એવો જીવનો ઉપયોગ એ ચારિત્ર પદાર્થ છે, અને વિપરીત ભાવનાથી કષાયો નિવર્તન પામે છે; તેથી એ પ્રાપ્ત થાય છે કે, જેમ જેમ વિપરીત ભાવનાઓ કરવામાં આવે છે તેમ તેમ જીવમાં આત્માનો શુદ્ધોપયોગ પ્રાદુર્ભાવ થાય છે, કે જે કષાયોનો નિવર્તક છે. તેથી જીવનો કષાયથી નિવર્ત્ય અને કષાયોનો નિવર્તક એવો ઉપયોગ જ ચારિત્ર પદાર્થ છે.

અહીં વિશેષ એ છે કે જીવના માનસયત્નરૂપ યોગથી જ્યારે કષાયથી વિપરીત ભાવના પ્રગટ થાય છે ત્યારે, જેટલા અંશમાં કષાયો નિવર્તન પામે છે તેટલા અંશમાં શુદ્ધોપયોગ પ્રગટે છે. અને આ શુદ્ધોપયોગ પ્રગટ્યા પછી પણ જીવ પ્રમાદ કરે અને વિપરીત ભાવનામાં યત્ન ન કરે તો, કષાયનો ઉદય થવાથી તે શુદ્ધોપયોગ નિવર્તન પામે છે. તેથી જીવના પ્રમાદ અને અપ્રમાદને કારણે શુદ્ધોપયોગ કષાયથી નિવર્ત્ય બને છે કે કષાયનો નિવર્તક બને છે; અને પ્રમાદ અને અપ્રમાદનું કારણ કષાયની વિપરીત ભાવનાને અનુકૂળ મનોયોગરૂપ હોવાથી, યદ્યપિ તે યોગરૂપ છે પરંતુ તે યોગ દ્રવ્યચારિત્રરૂપ છે, અને તે દ્રવ્યયોગથી નિષ્પાદ્ય આત્માનો ઉપયોગ તે ભાવચારિત્ર છે. તેથી જ ઉપયોગરૂપ ચારિત્ર સિદ્ધાવસ્થામાં સ્વીકારવામાં કોઇ બાધ નથી, એ પ્રકારનો સંપ્રદાયપક્ષનો આશય છે.

**ટીકા :- ननु तथाप्यस्तूपयोगरूपमेव क्षायिकं चारित्रं तथापि तस्य योगसापेक्षत्वेन योगनिरोधादेव तद्विलयसंभवात् सिद्धानां न तत्संभावना। न चोपयोगविलये नैरात्म्यापत्तिः, खण्डोपयोगविलयेऽप्यखण्डोपयोगाऽविलयात् इति चेत्? न, क्षायिकत्वेन तस्य नाशाऽयोगात्, अन्यथा चारित्रमोहक्षयस्य निष्फलत्वप्रसङ्गात्। 'चारित्रस्य परमविशुद्धिरेव चारित्रमोहक्षयफलमि'ति चेत्? तथापि क्षायिकस्य सतोऽविनाशित्वव्याप्तिरेव बलवती, न चापेक्षकनाशादपेक्ष्यनाशोऽपि, अन्यथा शरीरनाशात् ज्ञानादिनाशप्रसङ्गात्, किन्त्वसाधारणापेक्षकनाशादपेक्ष्यनाशः, न च योगश्चारित्रस्याऽसाधारणमपेक्षकं किन्तु मोहक्षयः, तस्य च पुनः क्षयाऽयोगात् सिद्धमक्षतं भगवच्चारित्रमिति सर्वमवदातम्।**

✽ **'ननु'**થી **'इति चेत्'** સુધીનું સિદ્ધાંતપક્ષનું કથન ૧૪૦મી ગાથાના ઉત્થાનરૂપ છે અને તેનું નિરાકરણ **'न च'**થી *ગાથા ૧૪૦માં કરેલ છે. તે વાતને* ***'क्षायिकत्वेन .. सर्वमवदातम्'*** *સુધીના કથનથી જણાવે છે.*

**ટીકાર્થ :- 'ननु' 'ननु'**થી સિદ્ધાંતપક્ષી કહે છે કે ખરેખર તે પ્રકારે પણ=સંપ્રદાયપક્ષીએ પૂર્વમાં સ્થાપન કર્યું તે પ્રકારે પણ, ઉપયોગરૂપ ક્ષાયિક ચારિત્ર હો, તો પણ તેનું=ચારિત્રનું, યોગસાપેક્ષપણું હોવાથી યોગનિરોધથી જ તદ્ વિલયનો =ઉપયોગરૂપ ચારિત્રના વિલયનો, સંભવ હોવાથી સિદ્ધોને તેનો=ચારિત્રનો, સંભવ નથી.

**ભાવાર્થ :-** સિદ્ધોમાં ચારિત્ર નહિ માનનાર સિદ્ધાંતપક્ષીને ચારિત્ર યોગરૂપ અભિમત હોવા છતાં, પૂર્વમાં સિદ્ધ કર્યું કે ચારિત્રને યોગરૂપ માનવાથી નિર્જરાનો હેતુ કહી શકાશે નહિ, પરંતુ કર્મબંધનો હેતુ કહેવો પડશે; તેથી સિદ્ધાંતપક્ષી

કહે છે કે ચારિત્ર ભલે ઉપયોગરૂપ હોય તો પણ તે યોગસાપેક્ષ છે, અર્થાત્ પ્રશસ્ત મન-વચન-કાયાના યોગના બળથી નિર્જરાને અનુકૂળ એવો ઉપયોગ પ્રવર્તે છે જે ચારિત્ર સ્વરૂપ છે, તો પણ, યોગનિરોધ થવાથી ચારિત્ર રહેતું નથી, માટે સિદ્ધોને ચારિત્ર નથી.

સ્વકથનની જ પુષ્ટિ કરતાં સિદ્ધાંતપક્ષી કહે છે -

**ટીકાર્થ :-** **'न च'** આ રીતે યોગસાપેક્ષ હોવાથી ઉપયોગરૂપ ચારિત્રનો વિલય માનશો તો ઉપયોગના વિલયમાં નૈરાત્મ્યની આપત્તિ આવશે એમ ન કહેવું, કેમ કે ખંડ ઉપયોગના વિલયમાં પણ અખંડ ઉપયોગનો અવિલય છે.

**ભાવાર્થ :-** ચારિત્રને ઉપયોગ સ્વરૂપ માનીએ અને તે યોગસાપેક્ષ હોવાથી યોગના વિલયથી તેનો વિલય માનીએ, તો ઉપયોગ એ જીવનું લક્ષણ છે તેથી ઉપયોગના અભાવને કારણે આત્માના અભાવની પ્રાપ્તિ થાય. તેથી તેના નિવારણરૂપે સિદ્ધાંતપક્ષ કહે છે કે, યોગસાપેક્ષ એવા ખંડ ઉપયોગનો વિલય યોગ જવાને કારણે થાય છે તો પણ જ્ઞાનસ્વરૂપ અખંડ ઉપયોગનો અવિલય છે.

કહેવાનો આશય એ છે કે, જીવને સંસારમાં દરેક અવસ્થામાં જ્ઞાનનો ઉપયોગ ચાલે જ છે, તો પણ કોઈક પદાર્થ વિષયક જે ઉપયોગ છે તે ઉપયોગવિશેષ છે તે ખંડ ઉપયોગ છે. તેથી જેમ ઘટનો ઉપયોગ નાશ થાય છે તો પણ જીવ ઉપયોગ વગરનો થતો નથી, તે રીતે યોગસાપેક્ષ એવા ચારિત્રના પરિણામરૂપ ઉપયોગ નાશ થવા છતાં જીવના લક્ષણ સ્વરૂપ અખંડ ઉપયોગનો અવિલય છે; માટે નૈરાત્મ્યની આપત્તિ નથી, આ રીતે ઉપયોગરૂપ ચારિત્ર સ્વીકારીને સિદ્ધમાં ચારિત્રનો અભાવ સિદ્ધાંતપક્ષ સિદ્ધ કરે છે.

**ટીકાર્થ :-** **'न'** સિદ્ધાંતપક્ષના કથનનું નિવારણ કરતાં સંપ્રદાયપક્ષી કહે છે કે એમ ન કહેવું.
**'क्षायिकत्वेन'** - કેમ કે ક્ષાયિકપણા વડે ચારિત્રના નાશનો અયોગ છે. અન્યથા = ક્ષાયિકપણું હોવા છતાં ચારિત્રનો નાશ માનો તો, ચારિત્રમોહક્ષયના નિષ્ફલત્વનો પ્રસંગ પ્રાપ્ત થશે.

**ભાવાર્થ :-** ચારિત્રમોહનીયના ક્ષયથી પ્રાદુર્ભાવ થયેલ જે ઉપયોગરૂપ ચારિત્ર તેનો નાશ થઈ શકે નહિ. અને જો નાશ માનવામાં આવે તો ચારિત્રમોહનીયના ક્ષયનું કોઈ કાર્ય નથી તેમ માનવાનો પ્રસંગ આવે. માટે યોગના વિલયથી ક્ષાયિકચારિત્રનો વિલય માની શકાય નહિ, માટે સિદ્ધમાં ચારિત્ર છે. આ પ્રમાણે સંપ્રદાયપક્ષીનું કહેવું છે.

**ટીકાર્થ :-** **'चारित्रस्य'** અહીં સિદ્ધાંતપક્ષી આ પ્રમાણે કહે કે, ચારિત્રની પરમવિશુદ્ધિ જ ચારિત્રમોહનીયના ક્ષયનું ફળ છે, માટે ચારિત્રમોહક્ષયના નિષ્ફલત્વનો પ્રસંગ પ્રાપ્ત થશે નહિ.

**ભાવાર્થ :-** ક્ષપકશ્રેણિમાં સંપૂર્ણ ચારિત્રમોહનીયનો ક્ષય થાય છે ત્યારે જ કેવલજ્ઞાન વખતે ચારિત્રની પરમવિશુદ્ધિ=પ્રકૃષ્ટ ચારિત્ર, પ્રાપ્ત થાય છે; તે જ ચારિત્રમોહનીયના ક્ષયનું ફળ છે. અને ત્યાર પછી યોગનો વિલય થવાથી યોગસાપેક્ષ એવા ઉપયોગરૂપ ચારિત્રનો વિલય થાય છે; તેથી સિદ્ધમાં ચારિત્ર નથી. અને ૧૩મા ગુણસ્થાનકે નિષ્પન્ન થયેલ ચારિત્રની પરમવિશુદ્ધિ જ ચારિત્રનું ફળ છે; માટે સિદ્ધમાં ચારિત્ર નથી. આ પ્રમાણે સિદ્ધાંતપક્ષીનું કહેવું છે.

સિદ્ધાંતપક્ષીના આ કથનના સમાધાનરૂપે સંપ્રદાયપક્ષી **'तथापि'**થી કહે છે -

**ટીકાર્થ :-** **'तथापि'** તો પણ = ચારિત્રમોહનીયના ક્ષયનું ફળ ચારિત્રની પરમવિશુદ્ધિ માનીએ તો પણ, ક્ષાયિક છતાં અવિનાશિત્વની વ્યાપ્તિ જ બલવાન છે. માટે ક્ષાયિક એવું ચારિત્ર ૧૩મા ગુણસ્થાનકે પરમવિશુદ્ધિને પ્રાપ્ત કરીને નાશ પામે છે તેમ કહી શકાય નહિ. માટે સિદ્ધમાં ચારિત્ર છે એમ સંપ્રદાયપક્ષીનું કહેવું છે.

સ્વકથનની જ પુષ્ટિ કરતાં સંપ્રદાયપક્ષી કહે છે -

**'न चापेक्षक'** - અપેક્ષકના નાશથી અપેક્ષ્યનો નાશ પણ થાય છે એમ ન કહેવું, અન્યથા શરીરના નાશથી જ્ઞાનાદિના નાશનો પ્રસંગ પ્રાપ્ત થશે. પરંતુ અસાધારણ અપેક્ષકના નાશથી અપેક્ષ્યનો નાશ થાય છે, અને યોગ એ ચારિત્રનો અસાધારણ અપેક્ષક નથી, પરંતુ મોહક્ષય અસાધારણ અપેક્ષક છે; અને તેનો = મોહક્ષયનો, પુનઃક્ષયનો અયોગ છે તેથી, (ચારિત્રનો નાશ થતો ન હોવાથી) સિદ્ધભગવંતોને અક્ષય ચારિત્ર છે; એ પ્રમાણે સર્વ અવદાત છે.

**ભાવાર્થ :-** ઉપયોગરૂપ ચારિત્ર યોગસાપેક્ષ છે તેથી અપેક્ષક એવા યોગનો નાશ થવાથી યોગથી અપેક્ષ્ય એવા ઉપયોગરૂપ ચારિત્રનો નાશ થાય છે તેમ કહી શકાય નહિ, અન્યથા = એમ ન માનીએ અને અપેક્ષકના નાશથી અપેક્ષ્યનો નાશ સ્વીકારીએ તો, કેવલજ્ઞાન પ્રાપ્ત થવામાં શરીરની અપેક્ષા છે તેથી અપેક્ષક એવા શરીરના નાશથી જ્ઞાનાદિના નાશનો પ્રસંગ પ્રાપ્ત થાય. (અહીં 'આદિ' પદથી દર્શનના નાશનો પ્રસંગ પ્રાપ્ત થાય, તે ગ્રહણ કરવાનો છે). અને નિમિત્તરૂપ અપેક્ષકના નાશથી અપેક્ષ્યનો નાશ થતો નથી, પરંતુ ચારિત્રમાં અસાધારણ અપેક્ષક ચારિત્રમોહનો ક્ષય છે તેના નાશથી અપેક્ષ્ય એવા ક્ષાયિક ચારિત્રનો નાશ થઈ શકે. કેમ કે અસાધારણ અપેક્ષકનો નાશ જ અપેક્ષ્યના નાશ પ્રત્યે હેતુ છે, અને ચારિત્ર પ્રત્યે અસાધારણ અપેક્ષક ચારિત્રમોહનીયનો ક્ષય જ છે, અને યોગ એ નિમિત્તરૂપે અપેક્ષક છે, અને ચારિત્રમોહક્ષયનો પુનઃક્ષય થતો નથી. તેથી ચારિત્રનો નાશ થતો ન હોવાથી સિદ્ધોને અક્ષયચારિત્ર હોવું સિદ્ધ થાય છે.

**ટીકા :- स्यादेतत्-चारित्रं यद्युपयोगः स्यान्न तर्हि ज्ञानादतिरिच्येत, न च शुद्धाऽशुद्धव्यवस्थयैव तस्य ज्ञानादतिरेकः, शुद्धाशुद्धव्यवस्थाया अपि तत्रैव विश्रान्तेरिति चेत्? न, ज्ञानचारित्रयोरुपयोगरूपत्वे कार्यकारणभावविभागादेव भेदात्। यथा हि सम्यक्त्वज्ञानयोर्विषयाभेदेऽपि तत्त्वरुचिरूपं सम्यक्त्वं ज्ञानेन जन्यते, तत्त्वरोचकरूपं ज्ञानं च तज्जनयतीत्यनयोर्भेदः, तथोपयोगत्वाऽविशेषेऽप्यविशिष्टं ज्ञानमविशिष्टं चारित्रं जनयति-**"[१]अन्नाणी किं काही, किं वा नाहीइ छेयपावगं" **इति वचनादज्ञानिनस्तत्रानधिकारात्, प्रकृष्यमाणं तु चारित्रं प्रकृष्टज्ञानं जनयतीत्यनयोर्भेद इति।**

❀ **'स्यादेतत् .. विश्रान्तेरिति चेत्'** સુધીનું કથન ગાથા - **૧૪૧**ની અવતરણિકારૂપ છે.

**ટીકાર્થ :-** **'स्यादेतत्'** પૂર્વમાં સિદ્ધ કર્યું કે ચારિત્ર શુદ્ધોપયોગરૂપ છે અને શુદ્ધોપયોગરૂપ ચારિત્ર સિદ્ધમાં છે એમ સંપ્રદાયપક્ષી કહે છે. હવે **'स्यादेतत्'**થી સંપ્રદાયપક્ષી કહે છે કે અહીં સિદ્ધાંતપક્ષી આ પ્રમાણે કહે કે -

**'चारित्रं'** - જો ચારિત્ર ઉપયોગરૂપ હોય તો જ્ઞાનથી પૃથક્ નથી.

સ્વકથનની પુષ્ટિ કરતાં સિદ્ધાંતપક્ષી કહે કે -

**'न च'** શુદ્ધાશુદ્ધની વ્યવસ્થા હોવાને કારણે જ તેનો = ચારિત્રનો, જ્ઞાનથી અતિરેક = પૃથક્ભાવ, છે એમ ન કહેવું. કેમ કે શુદ્ધાશુદ્ધ વ્યવસ્થાની પણ ત્યાં = જ્ઞાનમાં, જ વિશ્રાંતિ છે.

**ભાવાર્થ :-** ચારિત્રને ઉપયોગરૂપે સ્વીકારીએ તો ઉપયોગ એ જ્ઞાનસ્વરૂપ છે માટે ચારિત્ર જ્ઞાનથી પૃથક્ પ્રાપ્ત થશે નહિ. તેથી જ્ઞાનસ્વરૂપ ચારિત્ર કહેવાથી સિદ્ધાંતપક્ષને જ્ઞાનમાત્ર સિદ્ધમાં અભિમત છે તેથી તેને ઈષ્ટાપત્તિરૂપ જ છે, પરંતુ સંપ્રદાયપક્ષને સિદ્ધમાં જ્ઞાન અને ચારિત્ર ઉભય અભિમત છે તે સિદ્ધ થશે નહિ.

વળી સ્વકથનની પુષ્ટિ કરતાં સિદ્ધાંતપક્ષી આ પ્રમાણે કહે કે, "શુદ્ધાશુદ્ધની વ્યવસ્થા વડે કરીને જ ચારિત્ર જ્ઞાનથી પૃથક્ છે એમ ન કહેવું." એનું તાત્પર્ય એ છે કે શુદ્ધોપયોગ છે તે ચારિત્રરૂપ છે, અને અશુદ્ધોપયોગ છે તે જ્ઞાનનો ઉપયોગ છે, માટે ઉપયોગની શુદ્ધ-અશુદ્ધની વ્યવસ્થા છે. આનાથી એ પ્રાપ્ત થાય છે કે જ્ઞાનથી ચારિત્ર પૃથક્ છે.

અહીં વિશેષ એ છે કે ઉપયોગ જ્ઞાનસ્વરૂપ છે, પરંતુ અતત્ત્વમાં તત્ત્વબુદ્ધિસ્વરૂપ જ્યારે ઉપયોગ વર્તતો હોય ત્યારે તે અજ્ઞાનનો ઉપયોગ છે, અને તત્ત્વ-અતત્ત્વનું સમ્યગ્ પરિચ્છેદન જે ઉપયોગમાં હોય તે જ્ઞાનનો ઉપયોગ છે. તે જ્ઞાનનો ઉપયોગ પણ કષાયના સંશ્લેષવાળો હોય તો શુદ્ધ હોતો નથી અને કષાયના સંશ્લેષ વગરનો હોય તે શુદ્ધ હોય છે. આ ત્રણે ઉપયોગો જીવના જ્ઞાન સ્વરૂપ છે (૧) વિપરીત જ્ઞાનના ઉપયોગ સ્વરૂપ છે (૨) સમ્યક્ત્વકાલીન જ્ઞાનના ઉપયોગ સ્વરૂપ છે (૩) કષાયસંશ્લેષ વગરનો જે જ્ઞાનનો ઉપયોગ છે તે ચારિત્રનો ઉપયોગ છે.

આનાથી એ પ્રાપ્ત થાય છે કે, કષાયસંશ્લેષવાળા યથાર્થ જ્ઞાનનો ઉપયોગ એ જ્ઞાનસ્વરૂપ છે, અને કષાયસંશ્લેષવગરના યથાર્થ જ્ઞાનનો ઉપયોગ ચારિત્રસ્વરૂપ છે. આ રીતે શુદ્ધાશુદ્ધની વ્યવસ્થાથી જ્ઞાન કરતાં ચારિત્રનો ભેદ છે, એ પ્રકારે સંપ્રદાયપક્ષી કહે તો સિદ્ધાંતપક્ષી કહે છે કે એમ ન કહેવું. કેમ કે શુદ્ધાશુદ્ધ વ્યવસ્થાની પણ જ્ઞાનમાં જ વિશ્રાંતિ છે. એમ કહ્યું તેનો ભાવ એ છે કે, જ્યારે જીવને કેવલજ્ઞાન પ્રગટે છે ત્યારે સમ્યક્ત્વકાલીન જે અશુદ્ધ જ્ઞાનનો ઉપયોગ હતો, અને ચારિત્રકાલીન જે શુદ્ધ જ્ઞાનનો ઉપયોગ હતો, તે બંને કેવલજ્ઞાનમાં વિશ્રાંત થાય છે. તેથી છદ્મસ્થાવસ્થામાં શુદ્ધાશુદ્ધ ઉપયોગની અપેક્ષાએ જ્ઞાન અને ચારિત્રનો ભેદ કરી શકાય, તો પણ, કેવલજ્ઞાન પ્રાપ્ત થયા પછી શુદ્ધાશુદ્ધની અપેક્ષાએ કેવલજ્ઞાનથી પૃથક્ ચારિત્ર પ્રાપ્ત થાય નહિ; માટે સિદ્ધમાં ચારિત્ર નથી. આ પ્રકારનો સિદ્ધાંતકારનો આશય છે.

❀ સિદ્ધાંતપક્ષીના ઉક્ત કથનનું નિરાકરણ ગાથા ૧૪૧માં કરેલ છે. અને ગાથા ૧૪૧માં જણાવેલ સમાધાનને, **'इति चेत् ? न, ज्ञानचारित्रयोरुपयोगरूपत्वे .. कथं न सिद्धानां सिद्धिसोधमध्यास्ते ?'**થી બતાવે છે -

**ટીકાર્થ :- 'न'** સિદ્ધાંતપક્ષીના ઉક્ત કથનનું નિરાકરણ કરતાં સંપ્રદાયપક્ષી કહે છે કે એ વાત બરાબર નથી.
**'ज्ञानचारित्रयोः'** કેમ કે જ્ઞાન-ચારિત્રના ઉપયોગરૂપપણામાં કાર્ય-કારણના વિભાગથી જ ભેદ છે.

---

૧. श्री दशवैकालिक सूत्र-४-१०, अस्य पूर्वार्धः - पढमं नाणं तओ दया एवं चिट्ठइ सव्व संजए ।
प्रथमं ज्ञानं ततो दयैवं तिष्ठति सर्वसंयतः। अज्ञानी किं करिष्यति किं वा ज्ञास्यति छेकपापकम् ॥

**ભાવાર્થ :-** જ્ઞાન અને ચારિત્ર બંને ઉપયોગરૂપ હોવા છતાં એક કાર્યરૂપ છે અને એક કારણરૂપ છે, તેથી જ્ઞાન અને ચારિત્ર પૃથક્ છે.

**'यथा हि'**થી તે જ વાતને ઘટાવતાં કહે છે -

**ટીકાર્થ :- 'यथा हि'** - જે પ્રમાણે સમ્યક્ત્વ અને જ્ઞાનના વિષયનો અભેદ હોવા છતાં પણ તત્ત્વરુચિરૂપ સમ્યક્ત્વ જ્ઞાન વડે પેદા થાય છે, અને તે = સમ્યક્ત્વ, તત્ત્વરોચકરૂપ જ્ઞાનને પેદા કરે છે, એથી કરીને બંનેમાં = સમ્યક્ત્વ અને જ્ઞાનમાં, ભેદ છે. તે પ્રકારે (જ્ઞાન-ચારિત્રમાં) ઉપયોગપણું અવિશેષ હોતે છતે પણ, અવિશિષ્ટ જ્ઞાન અવિશિષ્ટ ચારિત્રને પેદા કરે છે. કેમ કે અજ્ઞાની શું કરશે? અથવા છેકને=હિતકારકને અને પાપને કેવી રીતે જાણશે? એ પ્રમાણે વચન હોવાથી અજ્ઞાનીને ત્યાં = ચારિત્રમાં, અનધિકાર છે. વળી પ્રકૃષ્યમાણ ચારિત્ર, પ્રકૃષ્ટજ્ઞાનને પેદા કરે છે. એથી કરીને આ બેનો = જ્ઞાન અને ચારિત્રનો, ભેદ છે.

❀ **'इति'** શબ્દ **'स्यादेतत्'**થી જે કથન કર્યું તેનો જવાબ સંપ્રદાયપક્ષીએ આપ્યો તે કથનની સમાપ્તિ સૂચક છે.

**ભાવાર્થ :-** સમ્યક્ત્વ અને જ્ઞાન એ બંનેનો વિષય તત્ત્વ છે, અને ભગવાને જે જીવાદિ નવતત્ત્વો કહ્યાં છે તે તત્ત્વ છે. અને તે તત્ત્વનું સમ્યગ્જ્ઞાન જીવને પ્રથમ ઓઘથી પેદા થાય છે, તેનાથી તત્ત્વરુચિ પેદા થાય છે જે સમ્યગ્દર્શનરૂપ છે. આ રીતે ઓઘ જ્ઞાન વડે તત્ત્વરુચિરૂપ સમ્યક્ત્વ પેદા થાય છે, અને તે તત્ત્વરુચિ પેદા થયા પછી ભગવદ્ વચનને વિશેષ જાણવાની અત્યંત જિજ્ઞાસાનો આવિર્ભાવ થાય છે. અને તે જિજ્ઞાસાથી જ્યારે શ્રુતજ્ઞાનમાં યત્ન થાય છે તેનાથી નિષ્પન્ન થનારું જ્ઞાન તત્ત્વરોચકરૂપ હોય છે. અર્થાત્ પદાર્થના પરિચ્છેદન સ્વરૂપ તે જ્ઞાન કેવલ પદાર્થના પરિચ્છેદનમાં વિશ્રાંત નથી થતું, પરંતુ પરિચ્છેદનની સાથે વિશેષ તત્ત્વરુચિને પેદા કરે છે, અને તે તત્ત્વરુચિરૂપ સમ્યગ્દર્શન નવા નવા શ્રુતઅભ્યાસમાં યત્ન પેદા કરે છે. એથી કરીને સમ્યગ્દર્શન અને જ્ઞાનનો ભેદ છે. અર્થાત્ પ્રથમ ઓઘ જ્ઞાનથી સમ્યગ્દર્શન પેદા થયું માટે જ્ઞાન કારણ છે, અને તત્ત્વરુચિરૂપ સમ્યગ્દર્શન જ્ઞાનનું કાર્ય છે. અને તત્ત્વરુચિરૂપ સમ્યગ્દર્શન પેદા થયા પછી પેદા થયેલ તે સમ્યગ્દર્શન, તત્ત્વરોચકરૂપ વિશિષ્ટ જ્ઞાનને પેદા કરે છે, તેથી સમ્યગ્દર્શન કારણ છે અને વિશિષ્ટ જ્ઞાન કાર્ય છે. આ રીતે જ્ઞાન અને દર્શન બેનો વિષય એક હોવા છતાં કાર્ય-કારણના વિભાગથી બન્નેનો ભેદ છે.

તે પ્રકારે જ્ઞાન અને ચારિત્રમાં ઉપયોગપણારૂપે અવિશેષ હોવા છતાં પણ, અવિશિષ્ટ જ્ઞાન અર્થાત્ પ્રકૃષ્ટત્વરૂપ વિશેષણથી રહિત એવું અવિશિષ્ટ જ્ઞાન, અવિશિષ્ટ ચારિત્રને પેદા કરે છે. અર્થાત્ સર્વસંવરરૂપ વિશિષ્ટ ચારિત્રથી ભિન્ન એવા અવિશિષ્ટ ચારિત્રને પેદા કરે છે. કેમ કે "**अन्नाणी किं काही, किं वा नाहीइ छेयपावगं**" એ પ્રકારનું વચન હોવાને કારણે અજ્ઞાનીને ચારિત્રમાં અનધિકાર છે, તેથી જ્ઞાનીને ચારિત્રમાં અધિકાર છે એ પ્રાપ્ત થાય છે.

આનાથી એ પ્રાપ્ત થયું કે છદ્મસ્થાવસ્થામાં જે અગીતાર્થ છે તે અજ્ઞાની છે, અને તે છેક (હિતકારક) અને પાપને જાણી શકતો નથી, તેથી છદ્મસ્થાવસ્થામાં ચારિત્રમાં તે સમ્યગ્ યત્ન કરી શકતો નથી. અને છદ્મસ્થાવસ્થામાં જે ગીતાર્થનું જ્ઞાન છે તે પ્રકૃષ્ટ જ્ઞાન નથી માટે તે અવિશિષ્ટ જ્ઞાન છે. અને છદ્મસ્થાવસ્થામાં ક્ષપકશ્રેણિ પૂર્વનું જે ચારિત્ર છે તે પ્રકૃષ્યમાણ ચારિત્ર નથી, તેથી પ્રકૃષ્યમાણરૂપ વિશેષણથી રહિત અવિશિષ્ટ ચારિત્ર છે, અને આ રીતે અવિશિષ્ટ એવું ગીતાર્થનું જ્ઞાન અવિશિષ્ટ એવા ચારિત્ર પ્રત્યે કારણ છે. તેથી જ્ઞાન ચારિત્રને પેદા કરે છે માટે જ્ઞાન

કારણરૂપ છે અને ચારિત્ર કાર્યરૂપ છે. માટે કાર્ય-કારણભાવના ભેદથી જ્ઞાન અને ચારિત્ર ઉપયોગરૂપ હોવા છતાં જુદાં છે. અને વળી પ્રકૃષ્યમાણ ચારિત્ર પ્રકૃષ્ટ જ્ઞાનને પેદા કરે છે, અર્થાત્ ક્ષપકશ્રેણિમાં ચારિત્ર પ્રકૃષ્યમાણ હોય છે અને તે પ્રકૃષ્ટ એવા કેવલજ્ઞાનને પેદા કરે છે. તેથી ચારિત્ર કારણ છે અને કેવલજ્ઞાન કાર્ય છે. આ રીતે ચારિત્ર પણ ઉપયોગરૂપ છે અને કેવલજ્ઞાન પણ ઉપયોગરૂપ છે; આમ છતાં, કાર્ય-કારણના ભેદથી જ્ઞાન-ચારિત્રમાં ભેદ છે.

આનાથી એ ફલિત થયું કે પૂર્વભૂમિકામાં જ્ઞાન કારણ છે અને સમ્યગ્દર્શન કાર્ય છે. ત્યાર પછી સમ્યગ્દર્શન કારણ છે અને વિશિષ્ટ જ્ઞાન કાર્ય છે. એ જ રીતે પૂર્વભૂમિકામાં સમ્યગ્જ્ઞાન કારણ છે અને ચારિત્ર કાર્ય છે. અને ત્યાર પછી પ્રકૃષ્યમાણ ચારિત્ર કારણ છે અને કેવલજ્ઞાન કાર્ય છે.

**ટીકા :- नन्वेवं प्रकर्षप्राप्तं ज्ञानमेव चारित्रमित्यापन्नमिति चेत्? इदमित्थमेवान्यथा रुचिरूपतापन्नं ज्ञानमेव सम्यग्दर्शनमित्यत्र कः प्रतिकारः? तस्मान्न वयं ज्ञानदर्शनचारित्राणामत्यन्तभेदं सहामहे। उक्तं च- [ यो. शा. ४/२ ]** आत्मानमात्मना वेत्ति, मोहत्यागाद्य आत्मनि । तदेव तस्य चारित्रं तज्ज्ञानं तच्च दर्शनम् ॥

**मोहत्यागात् तदेव=आत्मज्ञानमेव** तस्य=आत्मनश्चारित्रमनाश्रवरूपत्वात्, तज्ज्ञानं=तदेव ज्ञानं, **बोधरूपत्वात्, तच्च दर्शनं=तदेव दर्शनं, श्रद्धानरूपत्वादिति। इदमेव चाभिप्रेत्यैकादशप्रकाश-विवरणेऽप्युक्तं - [ ६१ तमश्लोक ]** "तस्मादनन्तज्ञानदर्शनचारित्रसुखवीर्यमयस्वरूपो मोक्षः सर्वप्रमाणसिद्धो युक्तः" इति। **वस्तुतस्तु दर्शनचारित्रे ज्ञानोत्तरकालभाविनी परिणामविशेषौ न तु तत्प्रकर्षरूपे, कर्मान्तरविलयप्रसङ्गात्, इतरेतरलक्षणसाङ्कर्यप्रसङ्गाच्च, प्रागुक्तं तु निश्चयनयाभिप्रायेणैव युक्तमिति ज्ञानादिवत् स्वतन्त्रश्चारित्राख्यो गुणः कथं न सिद्धानां सिद्धिसौधमध्यास्ते?! इति पूर्वपक्षः ॥१३३॥१३४॥१३५॥१३६॥१३७॥ १३८॥१३९॥१४०॥१४१॥**

**ટીકાર્થ :- 'ननु'**થી સિદ્ધાંતપક્ષી આ પ્રમાણે કહે છે કે આ રીતે પ્રકર્ષપ્રાપ્ત જ્ઞાન જ ચારિત્ર છે એ પ્રમાણે પ્રાપ્ત થયું. તેનો ઉત્તર આપતાં સંપ્રદાયપક્ષી કહે છે કે આ આમ જ છે, અર્થાત્ પ્રકર્ષપ્રાપ્ત જ્ઞાન જ ચારિત્ર છે એમ તમે કહ્યું તે એમ જ છે. અન્યથા = પ્રકર્ષપ્રાપ્ત જ્ઞાન જ ચારિત્ર છે એમ ન માનો તો, રુચિરૂપતાને આપન્ન એવું જ્ઞાન જ સમ્યગ્દર્શન છે એમાં શું પ્રતિકાર છે?

**ભાવાર્થ :- 'ननु'**થી સિદ્ધાંતપક્ષીએ કથન કર્યું તેનું તાત્પર્ય એ છે કે, આ રીતે = પૂર્વમાં તમે કહ્યું કે ઉપયોગરૂપ પ્રકૃષ્યમાણ ચારિત્ર, ઉપયોગરૂપ પ્રકૃષ્ટજ્ઞાનને પેદા કરે છે, એનાથી એ પ્રાપ્ત થાય છે કે, પ્રકૃષ્યમાણ એવો ચારિત્રનો ઉપયોગ જ પ્રકૃષ્ટ જ્ઞાનરૂપે પરિણામ પામે છે. તેથી પ્રકર્ષપ્રાપ્ત એવું જ્ઞાન જ તે વખતે=કેવલજ્ઞાન વખતે, ચારિત્ર છે, અન્ય કોઇ ચારિત્ર તે વખતે નથી એ પ્રમાણે પ્રાપ્ત થાય છે. તેથી મોક્ષમાં જ્ઞાનથી અતિરિક્ત કોઇ ચારિત્ર નથી.

તેના સમાધાનરૂપે સંપ્રદાયપક્ષી કહે છે કે, પ્રકર્ષપ્રાપ્ત જ્ઞાન જ ચારિત્ર છે એમ તમે કહ્યું તે તેમ જ છે. અર્થાત્ કાર્ય-કારણભાવરૂપ જ્ઞાન અને ચારિત્રનો કથંચિત્ ભેદ હોવા છતાં, પ્રકર્ષપ્રાપ્ત કેવલજ્ઞાન જ ચારિત્ર છે તે રૂપ કથંચિત્ અભેદભાવ છે જ. અન્યથા = જ્ઞાન-ચારિત્રનો કથંચિત્ ભેદ હોવા છતાં કથંચિત્ અભેદ છે એમ ન માનો તો, રુચિરૂપતાને પામેલું એવું જ્ઞાન જ સમ્યગ્દર્શન છે એમાં શું પ્રતિકાર છે?

આશય એ છે કે સિદ્ધાંતપક્ષીને સિદ્ધમાં સમ્યક્ત્વ અને જ્ઞાન પૃથક્‌રૂપે અભિમત છે; પરંતુ સિદ્ધમાં ચારિત્ર

માનનાર સંપ્રદાયપક્ષીને જેમ સમ્યક્ત્વ અને જ્ઞાન અભિમત છે તેમ ચારિત્ર અભિમત છે. તેથી સંપ્રદાયપક્ષી કહે છે કે પ્રકર્ષપ્રાપ્ત જ્ઞાન જ ચારિત્ર છે એ પ્રકારની પ્રાપ્તિના બળથી જો સિદ્ધમાં ચારિત્રનો અભાવ સિદ્ધ કરી શકો તો, રુચિરૂપતાને પામેલ જ્ઞાન જ સમ્યગ્દર્શન છે એ પ્રકારની પ્રાપ્તિના કારણે, સમ્યગ્દર્શન અને જ્ઞાન એક થાય છે, તેથી સિદ્ધમાં જ્ઞાનથી પૃથક્ભૂત સમ્યગ્દર્શનના અભાવની પ્રાપ્તિ થાય. અને તેના સમાધાનરૂપે સિદ્ધાંતપક્ષી કહે કે, કથંચિત્ જ્ઞાન અને સમ્યગ્દર્શન એક હોવા છતાં, કાર્ય-કારણના વિભાગથી સમ્યક્ત્વ અને જ્ઞાનમાં ભેદ છે, માટે કોઈ દોષ નથી. તો સંપ્રદાયપક્ષી પણ કહે છે કે એ જ રીતે ચારિત્ર અને જ્ઞાનમાં પણ ભેદ છે, માટે કોઈ દોષ નથી.

**ટીકાર્થ :-** **'तस्मात्'** તે કારણથી = પૂર્વમાં કહ્યું કે પ્રકર્ષપ્રાપ્ત જ્ઞાન જ ચારિત્ર છે એ પ્રમાણે પ્રાપ્ત થયું; અને 'આ એમ જ છે' એમ કહ્યું તે કારણથી, અમે જ્ઞાન-દર્શન અને ચારિત્રના અત્યંત ભેદને સહન કરતા નથી. (પરંતુ કથંચિત્ ભેદ હોવા છતાં કથંચિત્ અભેદ માનીએ છીએ.)

**'उक्तं च'** - અને કહ્યું છે - મોહના ત્યાગથી જે આત્મામાં આત્માને આત્માથી જાણે છે, તે જ = તેનું આ જાણવું તે જ, તેનું ચારિત્ર છે, તે જ જ્ઞાન, તે જ દર્શન છે.

**'मोहत्यागात्'** મોહત્યાગ થયો હોવાથી તે જ = આત્મજ્ઞાન જ, અનાશ્રવરૂપપણું હોવાથી આત્માનું ચારિત્ર છે, બોધરૂપ હોવાથી તે જ (તેનું) જ્ઞાન છે અને શ્રદ્ધાનરૂપ હોવાથી તે જ (તેનું) દર્શન છે.

❀ **'इति'** શબ્દ ઉદ્ધરણના કથનની સમાપ્તિ સૂચક છે.

**ભાવાર્થ :-** યોગશાસ્ત્રનો સાક્ષીપાઠ **'उक्तं च'**થી કહ્યો તેનો ભાવ એ છે કે, જે વ્યક્તિ મોહના ત્યાગથી આત્મામાં = આત્મારૂપ અધિકરણમાં, આત્માને = પોતાના સ્વરૂપને, આત્મા દ્વારા = સ્વપ્રયત્નાત્મક આત્મારૂપ કરણ દ્વારા, વેદન કરે છે; તે જ = મોહના ત્યાગથી તે વેદનરૂપ આત્મજ્ઞાન જ, તેનું ચારિત્ર છે; કેમ કે અનાશ્રવરૂપ છે, અને તે જ તેનું જ્ઞાન છે કેમ કે બોધ (સંવેદન)રૂપ છે અને તે જ તેનું દર્શન છે કેમ કે શ્રદ્ધાનરૂપ છે. અર્થાત્ આ પ્રકારનું વેદન જ જીવ માટે તત્ત્વસ્વરૂપ છે એ પ્રકારના નિર્ણયરૂપ શ્રદ્ધા છે.

**ટીકાર્થ :-** **'इदमेव'** આ જ અભિપ્રાયને કરીને યોગશાસ્ત્રના અગિયારમા પ્રકાશના વિવરણમાં પણ કહ્યું છે - તે કારણથી અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ અને વીર્યમયસ્વરૂપ મોક્ષ સર્વપ્રમાણસિદ્ધ યુક્ત છે.

❀ **इति** શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

**ભાવાર્થ :-** પૂર્વમાં સંપ્રદાયપક્ષીએ કહ્યું કે જ્ઞાન, દર્શન અને ચારિત્રના અત્યંત ભેદને અમે સહન કરતા નથી. તેનાથી એ પ્રાપ્ત થયું કે જ્ઞાન, દર્શન અને ચારિત્રનો કથંચિત્ ભેદ હોવા છતાં કથંચિત્ અભેદને માનીએ છીએ. અને કથંચિત્ અભેદ છે એ બતાવવા માટે જ યોગશાસ્ત્રના ૧૧મા પ્રકાશની સાક્ષી - "**तस्मादनन्तज्ञानदर्शन-चारित्रसुखवीर्यमयस्वरूपो मोक्षः सर्वप्रमाणसिद्धो युक्तः**" આપે છે. તેનો અર્થ આ પ્રમાણે છે - **'तस्मात्'** શબ્દ તે વિવરણના પૂર્વકથનની સાથે સંબંધ ધરાવે છે. "અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર, અનંત સુખ, અનંત વીર્યમયસ્વરૂપ મોક્ષ સર્વપ્રમાણસિદ્ધ યુક્ત છે." આ કથનમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ, વીર્યનું પૃથક્

કથન હોવાથી કથંચિત્ ભેદ પ્રાપ્ત થાય છે. અને **मयट्** પ્રત્યય લાગેલો હોવાથી અર્થાત્ અનંત જ્ઞાનમય, અનંત દર્શનમય, ઇત્યાદિ સ્વરૂપ કહેવાથી તે સર્વ કથંચિત્ એકરૂપ છે એમ પ્રાપ્ત થાય છે.

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું કે જ્ઞાન, દર્શન અને ચારિત્રના અત્યંત ભેદને અમે સહન કરતા નથી, અને કથંચિત્ અભેદ છે તે બતાવવા માટે યોગશાસ્ત્ર ૧૧મા પ્રકાશના વિવરણનો સાક્ષીપાઠ આપ્યો. તેના દ્વારા એ પ્રાપ્ત થયું કે સમ્યગ્ જ્ઞાન જ જ્યારે મોહના ત્યાગના કારણે પ્રકર્ષને પામે છે ત્યારે, દર્શન અને ચારિત્ર સ્વરૂપ હોય છે. તેથી જ મોહના ત્યાગથી આત્માના વેદનરૂપ જે પ્રકૃષ્ટ જ્ઞાન તે જ દર્શન અને તે જ ચારિત્રરૂપ છે. અને તેનાથી એ સિદ્ધ થયું કે જ્ઞાનના પ્રકર્ષરૂપ દર્શન અને ચારિત્ર છે. તેથી **वस्तुतः**થી ગ્રંથકાર બતાવે છે તે કથન દૃષ્ટિવિશેષથી છે, પણ સર્વથા સંમત નથી.

**ટીકાર્થ :-** '**वस्तुतः**'. વસ્તુતઃ સમ્યગ્દર્શન અને ચારિત્ર જ્ઞાનોત્તરકાલભાવી પરિણામવિશેષરૂપ છે, નહિ કે તેના = જ્ઞાનના, પ્રકર્ષરૂપ. કેમ કે કર્માન્તરના વિલયનો પ્રસંગ છે.

**ભાવાર્થ :-** જેમ જ્ઞાનાવરણીયકર્મના વિગમનથી જ્ઞાન પ્રાદુર્ભાવ થાય છે, તેમ દર્શનમોહનીયકર્મ અને ચારિત્રમોહનીયકર્મના વિગમનથી અનુક્રમે દર્શન અને ચારિત્ર પ્રાદુર્ભાવ થાય છે. પરંતુ જો જ્ઞાનના પ્રકર્ષરૂપ દર્શન અને ચારિત્ર હોય તો જ્ઞાનાવરણીયકર્મના વિગમનથી દર્શન અને ચારિત્ર પણ પ્રાદુર્ભાવ થવા જોઇએ, અને તેમ માનવાથી જ્ઞાનાવરણીયથી ભિન્ન એવું દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયરૂપ કર્માન્તરના વિલયનો પ્રસંગ પ્રાપ્ત થાય, અર્થાત્ તે કર્મને નહિ માનવાનો પ્રસંગ પ્રાપ્ત થાય.

**ઉત્થાન :-** અહીં નિશ્ચયનય સમાધાન કરે કે વાસ્તવિક રીતે જ્ઞાન, દર્શન અને ચારિત્ર જ્ઞાનાવરણીયના વિગમનથી જ પ્રાદુર્ભાવ પામે છે, પરંતુ દર્શનમોહનીયના ક્ષયોપશમાદિની સાથે અવિનાભૂત એવા જ્ઞાનાવરણીયના વિગમનથી પ્રાદુર્ભાવ થયેલ જ્ઞાન, સમ્યગ્દર્શનના વ્યપદેશને પ્રાપ્ત કરે છે; અને ચારિત્રમોહનીયના ક્ષયોપશમાદિની સાથે અવિનાભૂત એવા જ્ઞાનાવરણીયના વિગમનથી પ્રાદુર્ભાવ થયેલું જ્ઞાન, ચારિત્રના વ્યપદેશને પ્રાપ્ત કરે છે; તેથી પ્રકર્ષ પામેલ જ્ઞાન જ દર્શન અને ચારિત્રસ્વરૂપ છે. અને દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય એ દર્શન અને ચારિત્રનાં આવારક કર્મો નથી, પરંતુ જ્ઞાનના જ આવારક છે. આમ છતાં, જેમ કેવલજ્ઞાનના પ્રાદુર્ભાવમાં કેવલજ્ઞાનાવરણીયનો વિનાશ કારણ છે, તો પણ કેવલજ્ઞાનના પ્રાદુર્ભાવ માટે મોહના ક્ષયની આવશ્યકતા હોય છે; તેમ જ્ઞાનાવરણીય વિશેષના વિગમનમાં દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયના ક્ષયની અપેક્ષા રહે છે; માટે કર્માન્તરના વિલયનો પ્રસંગ પ્રાપ્ત નહિ થાય, અને દર્શન અને ચારિત્ર જ્ઞાનસ્વરૂપ જ સિદ્ધ થશે. તેથી બીજો હેતુ કહે છે -

**ટીકાર્થ :-** '**इतरेतर**' ઇતરેતરલક્ષણના સાંકર્યનો પ્રસંગ આવશે.

**ભાવાર્થ :-** જ્ઞાન, દર્શન અને ચારિત્ર ત્રણેનાં લક્ષણો જુદાં છે, અને પૂર્વભૂમિકામાં જ્ઞાન, દર્શન અને ચારિત્રના લક્ષણ સ્વરૂપ ત્રણ ભાવોની પ્રાપ્તિ જીવમાં પૃથક્રૂપે પ્રાપ્ત થાય છે. અને જ્યારે મોહના ત્યાગથી આત્માનું વેદન થાય છે તેને જ જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ કહેવાથી તે જ્ઞાનનું લક્ષણ, દર્શનનું લક્ષણ અને ચારિત્રનું લક્ષણ એક સ્થાનમાં પ્રાપ્ત થાય છે, પરંતુ એક નથી. કેમ કે મોહના ત્યાગથી આત્મામાં વેદન તે જ ચારિત્ર એમ કહેવાથી ચારિત્રનું લક્ષણ મોહના ત્યાગથી અનાશ્રવરૂપ થયું, અને જ્ઞાનનું લક્ષણ મોહના ત્યાગથી બોધસ્વરૂપ થયું, અને દર્શનનું લક્ષણ મોહના ત્યાગથી શ્રદ્ધાનરૂપ થયું. એ ત્રણે લક્ષણો એક જ ઉપયોગમાં પ્રાપ્ત હોવા છતાં પૃથક્ છે. આમ છતાં, પૂર્વ અવસ્થામાં જેવાં ભિન્ન પ્રાપ્ત થતાં હતાં તેવાં ભિન્ન પ્રાપ્ત થતાં નથી. તેથી તે ત્રણે પરિણામો જીવનાં પૃથક્ છે. તો પણ, દર્શન અને ચારિત્રને જ્ઞાનના પ્રકર્ષરૂપ જ સ્વીકારવામાં આવે તો, ત્રણેનું લક્ષણ પરસ્પર સંકર માનવાનો પ્રસંગ આવે, કેમ કે પ્રકર્ષપ્રાપ્ત જ્ઞાન જ દર્શન છે અને ચારિત્ર છે. તેથી જે જ્ઞાનનું લક્ષણ છે તે જ દર્શનનું અને ચારિત્રનું લક્ષણ છે તેમ માનવું પડે. અથવા તો જે દર્શન અને ચારિત્રનું લક્ષણ છે તે જ જ્ઞાનનું લક્ષણ છે તેમ માનવાનો પ્રસંગ આવે. તેથી દર્શન અને ચારિત્ર જ્ઞાનના પ્રકર્ષરૂપ નથી.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે તો પછી તમે પ્રથમ કેમ કહ્યું કે જ્ઞાન, દર્શન અને ચારિત્રના અત્યંત ભેદને અમે સહન કરતા નથી? તેથી કહે છે -

**ટીકાર્થ :-** **'प्रागुक्तं'** વળી પૂર્વમાં કહ્યું તે નિશ્ચયનયના અભિપ્રાયથી જ યુક્ત છે, એથી કરીને, જ્ઞાનાદિની જેમ સ્વતંત્ર ચારિત્ર નામનો ગુણ કેમ સિદ્ધિસૌધને = સિદ્ધિરૂપી મહેલને, પ્રાપ્ત નહિ કરે? અર્થાત્ કરશે. આ પ્રમાણે પૂર્વપક્ષ છે.

❀ **'ज्ञानादिवत्'**માં **'आदि'** પદથી દર્શન લેવાનું છે.

**ભાવાર્થ :-** સિદ્ધાંતપક્ષીને સિદ્ધમાં જેમ જ્ઞાન અને દર્શન બંને ગુણ સંમત છે અર્થાત્ જ્ઞાનથી પૃથક્ દર્શન ગુણ સંમત છે, તે જ રીતે સંપ્રદાયપક્ષી કહે છે કે જ્ઞાનથી પૃથક્ ચારિત્ર ગુણ સિદ્ધમાં છે.

અહીં વિશેષ એ છે કે નિશ્ચયનયના અભિપ્રાયથી જ્ઞાન,દર્શન અને ચારિત્ર ત્રણેનો અભેદ છે, અને વ્યવહારનયથી ત્રણેનો ભેદ છે. અને સિદ્ધાંતકાર પણ સિદ્ધમાં જ્ઞાન અને દર્શનને પૃથક્ સ્વીકારે છે તે વ્યવહારનયને આશ્રયીને સ્વીકારી શકે. તેથી સંપ્રદાયપક્ષી કહે છે કે જેમ સિદ્ધમાં જ્ઞાન, દર્શન પૃથક્ વ્યવહારનયને આશ્રયીને સિદ્ધાંતપક્ષને સંમત છે, તેમ ચારિત્ર પણ વ્યવહારનયને આશ્રયીને પૃથક્ સિદ્ધ થાય છે. **॥૧૩૩/૧૩૪/૧૩૫/૧૩૬/ ૧૩૭/૧૩૮/૧૩૯/૧૪૦/૧૪૧॥**

**અવતરણિકા :- अथेदं प्रतिविधित्सुः स्वप्रक्रियामुपदर्शयन् सिद्धान्ती प्राह-**

**અવતરણિકાર્થ :-** આને = પૂર્વપક્ષને, પ્રતિકાર કરવાની ઇચ્છાવાળો સિદ્ધાંતી પોતાની પ્રક્રિયાને દેખાડતો કહે છે-

**ભાવાર્થ :-** પૂર્વમાં ગાથા - ૧૩૧-૧૩૨માં સિદ્ધાંતપક્ષીએ સ્વમાન્યતા સ્થાપન કરી, અને ગાથા ૧૩૩ થી ૧૪૧ની અવતરણિકામાં સિદ્ધાંતપક્ષીની માન્યતાનું સ્થાપન કરી સંપ્રદાયપક્ષી કહે છે કે, જો સિદ્ધાંતપક્ષી આ પ્રમાણે કહે તો એ કથનમાં કહેવાય છે એમ કહીને સંપ્રદાયપક્ષીએ ગાથા ૧૩૩ થી ૧૪૧માં સિદ્ધાંતપક્ષીની માન્યતાનું નિરાકરણ કર્યું. તેનો ભાવ ગાથા ૧૩૩ થી ૧૪૧ની ટીકામાં દર્શાવેલ છે, તે કથન પૂર્વપક્ષરૂપ છે. હવે ગાથા ૧૪૨માં સંપ્રદાયપક્ષીના કથનનો પ્રતિકાર કરવાની ઇચ્છાવાળો સિદ્ધાંતપક્ષી પોતાની પ્રક્રિયા જણાવે છે -

**ગાથા :-** **एत्थ समाहाणविही जो मूलगुणेसु होज्ज थिरभावो ।**
**सो परिणामो किरिया जुंजणकरणं पडिच्छंतो ॥१४२॥**

(अत्र समाधानविधिर्यो मूलगुणेषु भवेत् स्थिरभावः । स परिणामः क्रिया युञ्जनकरणं प्रतीच्छन् ॥१४२॥)

**ગાથાર્થ :-** **અહીં = ગાથા ૧૩૩ થી ૧૪૧માં કહેલ પૂર્વપક્ષના કથનમાં, સમાધાનવિધિ આ રીતે છે - યુંજનકરણની પ્રતીચ્છા કરતો = યુંજનકરણની અપેક્ષા રાખતો, મૂળગુણમાં જે સ્થિરભાવ છે તે પરિણામ ક્રિયારૂપ છે.**

**ટીકા :-** **यः खलु मूलगुणेषु स्थिरभावः स प्राणातिपातादिनिवृत्तिरूपा क्रियैव, युञ्जनाकरणसापेक्षत्वात्, वीर्यान्तरायक्षयोपशमादिजन्येऽपि तत्र योगस्यैव कारणत्वात्, इत्थं च योगपरिणाम एव चारित्रं न तूपयोग एव॥१४२॥**

**ટીકાર્થ :-** **'यः खलु'** મૂલગુણમાં જે સ્થિરભાવ છે તે પ્રાણાતિપાતાદિ નિવૃત્તિરૂપ ક્રિયા જ છે, કેમ કે યુંજનાકરણ સાપેક્ષ છે.

**ભાવાર્થ :-** સંપ્રદાયપક્ષીએ ચારિત્રને ઉપયોગરૂપ માનીને સિદ્ધમાં ચારિત્ર છે એમ સિદ્ધ કર્યું તેનું પ્રતિવિધાન કરતાં સિદ્ધાંતપક્ષી કહે છે કે, મૂલગુણોમાં સ્થિરભાવરૂપ ચારિત્ર, ચારિત્ર તરીકે પ્રસિદ્ધ છે, અને તે પ્રાણાતિપાતાદિની નિવૃત્તિરૂપ ક્રિયાસ્વરૂપ જ છે; પરંતુ પ્રાણાતિપાતાદિની નિવૃત્તિને કારણે આત્મામાં થયેલા સ્થિરભાવરૂપ ઉપયોગાત્મક પરિણામ ચારિત્ર પદાર્થ નથી, કેમ કે યુંજનાકરણ સાપેક્ષ છે. અર્થાત્ મન-વચન-કાયાના યોગોને સાપેક્ષ આ સ્થિરભાવ છે, તેથી તે ક્રિયારૂપ જ છે. તે આ રીતે, મન-વચન-કાયાના યોગો યથા તથા પ્રવર્તતા હોય ત્યારે પ્રાણાતિપાતમાં વ્યાપૃત હોય છે, અને તે વખતે જીવ મૂલગુણમાં સ્થિરભાવવાળો નથી; પરંતુ જ્યારે મન-વચન-કાયાના યોગો પ્રાણાતિપાતની નિવૃત્તિને અનુકૂળ સમ્યક્ યત્નવાળા હોય છે, ત્યારે તેની અપેક્ષાએ જીવમાં મૂલગુણોમાં સ્થિરભાવરૂપ ક્રિયા પેદા થાય છે, અને તે જ ચારિત્ર પદાર્થ છે. માટે સિદ્ધમાં ચારિત્ર નથી.

**ઉત્થાન :-** અહીં શંકા થાય કે પ્રાણાતિપાતાદિની નિવૃત્તિરૂપ ક્રિયા વીર્યાંતરાયના ક્ષયોપશમાદિજન્ય છે, તેથી યુંજનાકરણ સાપેક્ષ જ છે તેમ કહેવાની જરૂર રહેતી નથી. અને સિદ્ધમાં પણ ક્ષાયિકભાવનું વીર્ય છે, તેથી તજ્જન્ય પ્રાણાતિપાતની નિવૃત્તિરૂપ મૂલગુણમાં સ્થિરભાવ માનવામાં કોઇ દોષ નથી. તેથી કહે છે -

**ટીકાર્થ :- 'वीर्यान्तराय'** - વીર્યાંતરાયના ક્ષયોપશમાદિજન્યપણું હોવા છતાં પણ ત્યાં = પ્રાણાતિપાતાદિ નિવૃત્તિરૂપ ક્રિયામાં, યોગનું જ કારણપણું છે. અહીં ક્ષયોપશમાદિમાં 'આદિ' પદથી વીર્યાંતરાયનો ક્ષય ગ્રહણ કરવો.

**ભાવાર્થ :-** પ્રાણાતિપાતાદિની નિવૃત્તિરૂપ ક્રિયાની અંદર અંતરંગ વીર્યાંતરાયના ક્ષયોપશમાદિ કારણો છે તો પણ, મન-વચન-કાયાના યોગ વગર તે ક્રિયા પેદા થતી નથી, તેથી યોગનું જ ત્યાં કારણપણું છે. તેથી પ્રાણાતિપાતાદિની નિવૃત્તિરૂપ ક્રિયા યુંજનાકરણ સાપેક્ષ છે. તેથી સિદ્ધમાં તે ક્રિયા નહિ હોવાથી ચારિત્ર નથી. આ પ્રમાણે સિદ્ધાંતપક્ષી કહે છે.

**ટીકાર્થ :- 'इत्थं च'** અને આ રીતે = પૂર્વમાં કહ્યું કે યોગની અપેક્ષાએ પ્રાણાતિપાતાદિની નિવૃત્તિરૂપ ક્રિયા પેદા થાય છે, અને તે જ મૂલગુણોમાં સ્થિરભાવરૂપ છે એ રીતે, યોગપરિણામ જ ચારિત્ર પદાર્થ છે પરંતુ ઉપયોગ નહિ.

**ભાવાર્થ :-** યોગપરિણામ જ ચારિત્ર છે એમ કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, યોગ એ મન-વચન-કાયાની પ્રવૃત્તિરૂપ છે અને તેનાથી પેદા થનારો આત્માનો પરિણામ કે જે પ્રાણાતિપાતાદિની નિવૃત્તિરૂપ ક્રિયાસ્વરૂપ છે, તે જ ચારિત્ર પદાર્થ છે, પરંતુ શુદ્ધોપયોગ જ નહિ. અર્થાત્ જીવ નિર્જરાને અનુકૂળ જ્યારે યોગ પ્રવર્તાવે છે ત્યારે જીવમાં યોગજન્ય મૂળગુણને અનુકૂળ સ્થિરભાવની પરિણતિ પેદા થાય છે તે જ ચારિત્ર પદાર્થ છે, પરંતુ ઉપયોગ નહિ. માટે સિદ્ધમાં ચારિત્રની પ્રાપ્તિ થઇ શકે નહિ. કેમ કે સંપ્રદાયપક્ષીએ પૂર્વમાં ઉપયોગરૂપ ચારિત્રને ગ્રહણ કરીને સિદ્ધમાં ચારિત્રનું સ્થાપન કરેલું. **॥૧૪૨॥**

**અવતરણિકા :- नन्वेवं चारित्राचारवीर्याचारयोर्भेदो न स्यादिति चेत्? न, मूलगुणविषयकवीर्यस्य चारित्ररूपत्वेऽपि तत्कारणविषयकवीर्यस्य वीर्याचाररूपत्वात्, उपाधिमात्रभेदप्रयुक्तभेदानङ्गीकारे ज्ञानाचारादीनामपि वीर्याचारान्तर्भावप्रसङ्गात्। स्यादेतत्-ज्ञानाचारादयो ज्ञानादिकमिव चारित्राचारोऽपि चारित्रं पृथगेव सूचयति। मैवं, वीर्यस्याप्याचारपृथग्भावप्रसङ्गात्। स्यादेतत्-चारित्रस्य वीर्यरूपत्वे औपशमिकत्वं न स्यात्, तस्यानौपशमिकत्वात्, मोहव्यतिरिक्तकर्मणामुपशमानुपदेशात्। उक्तं च-** "[1]मोहे वसमो मीसे चउघाइसु अट्ठकम्मसु य सेसा" **त्ति। मैवं, यदि हि वयं वीर्यान्तरायकर्मक्षयोपशमजन्यतयैव वीर्यरूपं चारित्रं प्रतिपादयामस्तदैवेदं दूषणमापतेत, न त्वेवं, किन्तु चारित्रमोहकर्मक्षयक्षयोपशमोपशमान्यतरजन्यस्यापि तस्य योगजन्यतयैव तथात्वमिति। न चैकस्य कथं नानाकर्मपरिणतिजन्यत्वं? इति वाच्यम्, एकत्रैवेन्द्रिये ज्ञानावरणदर्शनावरणवीर्यान्तरायकर्मक्षयोपशमनामकर्मोदयाद्यपेक्षादर्शनात्, प्रधानाश्रयणेन च व्यपदेशप्रवृत्तिरिति मोहोपशमदशायामपि क्षायोपशमिकवीर्यमादाय न चारित्रस्य तथात्वव्यपदेशः, अन्यथा इन्द्रियपर्याप्त्युदयजन्यत्वेनेन्द्रियमप्यौदयिकं व्यपदिश्येत, न तु क्षायोपशमिकम्, न चैवमस्ति** "क्षायोपशमिकानीन्द्रियाणि" **इति वचनात्।**

**અવતરણિકાર્થ :- 'ननु'**થી સંપ્રદાયપક્ષી સિદ્ધાંતકારના કથનમાં શંકા કરે છે -

આ રીતે = ગાથા - ૧૪૨માં સિદ્ધાંતકારે યોગપરિણામરૂપ જ ચારિત્ર છે એમ કહ્યું એ રીતે, ચારિત્રાચાર

અને વીર્યાચારનો ભેદ નહિ થાય, આ પ્રમાણે સંપ્રદાયપક્ષી કહે તો સિદ્ધાંતપક્ષી કહે છે કે એમ ન કહેવું, કેમ કે મૂલગુણ વિષયક વીર્યનું ચારિત્રરૂપપણું હોવા છતાં પણ તત્કારણવિષયક વીર્યનું વીર્યાચારરૂપપણું છે.

**ભાવાર્થ :-** યોગપરિણામરૂપ ચારિત્ર માનવાથી એ પ્રાપ્ત થાય છે કે, પ્રાણાતિપાતમાં નિવૃત્તિને અનુરૂપ એવા મન-વચન-કાયાના યોગોના પ્રવર્તનથી આત્મામાં થતો પરિણામ તે ચારિત્ર પદાર્થ છે, અને તે મૂળગુણોમાં સ્થિરભાવ સ્વરૂપ છે, તેથી મૂળગુણવિષયક વીર્યસ્વરૂપ છે; તેને કારણે ચારિત્રાચાર અને વીર્યાચારનો ભેદ પ્રાપ્ત થશે નહિ, કેમ કે ચારિત્રાચાર અને વીર્યાચાર બંને વીર્યરૂપે જ પ્રાપ્ત થશે. માટે ચારિત્ર જીવના ગુણભૂત વીર્યથી પૃથક્ માનવું તે ઉચિત છે; અને ચારિત્ર ઉપયોગરૂપ છે તેથી તે મોક્ષમાં પણ છે. આ પ્રમાણે સંપ્રદાયપક્ષીનો આશય છે.

તેના નિરાકરણરૂપે સિદ્ધાંતપક્ષી કહે છે કે, ચારિત્રાચાર અને વીર્યાચાર બંને વીર્યરૂપ હોવા છતાં પણ મૂળગુણવિષયક વીર્ય એ ચારિત્રરૂપ છે; અને તે ચારિત્રાચાર છે. અને મૂળગુણમાં કારણભૂત એવા સાધ્વાચારનું પાલન તે મૂળગુણકારણ વિષયક વીર્ય છે, અને તે વીર્યાચારરૂપ છે; તેથી ચારિત્રાચાર અને વીર્યાચારનો ભેદ છે. માટે મૂળગુણવિષયક વીર્ય યોગસાપેક્ષ હોવાના કારણે સિદ્ધમાં નથી, માટે સિદ્ધમાં ચારિત્ર નથી. એમ સિદ્ધાંતપક્ષી કહે છે.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે ચારિત્ર પણ જો વીર્યરૂપ હોય તો ચારિત્રાચાર અને વીર્યાચારનો ભેદ વિશેષણરૂપ ઉપાધિના ભેદકૃત પ્રાપ્ત થશે, પણ વાસ્તવિક રીતે ચારિત્રાચાર અને વીર્યાચારમાં કોઇ ભેદ પ્રાપ્ત થશે નહિ. અને તે ઉપાધિ એ છે કે મૂલગુણ વિષયત્વરૂપ ઉપાધિથી વિશિષ્ટ વીર્ય તે ચારિત્રાચારરૂપ છે, અને મૂલગુણના કારણભૂત એવા સાધ્વાચારોના પાલન વિષયત્વરૂપ ઉપાધિથી વિશિષ્ટ વીર્ય તે વીર્યાચારરૂપ છે. આમ ઉપાધિના ભેદથી જ ચારિત્રાચાર અને વીર્યાચારનો ભેદ છે, વાસ્તવિક ભેદ નથી. તેથી બીજો હેતુ કહે છે -

**અવતરણિકાર્થ ચાલુ :- 'उपाधिमात्र'** ઉપાધિમાત્રભેદપ્રયુક્ત ભેદના અનંગીકારમાં જ્ઞાનાચારાદિનો પણ વીર્યાચારમાં અંતર્ભાવનો પ્રસંગ આવશે.

❀ **'ज्ञानाचारादीनाम्'** અહીં **'आदि'** પદથી દર્શનાચારનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-** જ્ઞાનાચારાદિ પણ કાલ-વિનયાદિ વિષયક વીર્યવિશેષરૂપ જ છે. તેથી જો ઉપાધિભેદને કારણે ચારિત્રાચાર અને વીર્યાચારનો ભેદ સ્વીકારવામાં ન આવે તો, જ્ઞાનાચાર અને વીર્યાચારનો પણ ભેદ પ્રાપ્ત થશે નહિ. માટે ચારિત્ર પણ વીર્યરૂપ હોવા છતાં ઉપાધિભેદથી જ વીર્યાચાર કરતાં ચારિત્રનો ભેદ છે.

**અવતરણિકાર્થ ચાલુ :- 'स्यादेतत्'** - અહીં સિદ્ધાંતી કહે છે કે સંપ્રદાયપક્ષી આમ કહે કે જ્ઞાનાચારાદિ જ્ઞાનાદિકને પૃથક્ સૂચવે છે તેમ ચારિત્રાચારાદિ ચારિત્રને પૃથક્ સૂચવે છે. તો સિદ્ધાંતી કહે છે કે એમ ન કહેવું, કેમ કે વીર્યનો પણ આચારથી પૃથક્ ભાવનો પ્રસંગ પ્રાપ્ત થશે.

---

૧. मोह उपशमो मिश्रश्चतुर्घातिषु अष्टकर्मषु च शेषाः।

**ભાવાર્થ :-** જ્ઞાનાચાર એ કાલવિનયાદિ વિષયક શ્રુતજ્ઞાનની પ્રાપ્તિને અનુકૂળ યત્નસ્વરૂપ છે, તેથી વીર્યવિશેષરૂપ છે; અને તેનાથી પૃથક્ એવું જ્ઞાન છે, જે જીવના ઉપયોગસ્વરૂપ છે. તે જ રીતે ચારિત્રાચાર પણ યોગસાપેક્ષ વીર્યવિશેષરૂપ છે, અને તે તેનાથી પૃથક્ એવા ચારિત્રને સૂચવે છે. તેથી ચારિત્રાચાર વીર્યવિશેષરૂપ હોવા છતાં પણ ઉપયોગરૂપ ચારિત્ર માનવામાં કોઇ વાંધો નથી, અને સિદ્ધમાં વીર્યવિશેષરૂપ ચારિત્ર નહીં હોવા છતાં જ્ઞાનની જેમ ચારિત્ર પણ છે તેમ માની શકાશે. એ પ્રકારે સંપ્રદાયપક્ષીનો આશય છે. તેને સિદ્ધાંતકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે વીર્યનો પણ આચારથી પૃથગ્ ભાવનો પ્રસંગ પ્રાપ્ત થશે.

તાત્પર્ય એ છે કે ચારિત્રાચારથી ચારિત્રને પૃથગ્ માનવામાં આવે તો વીર્યાચારથી વીર્યને પણ પૃથગ્ માનવાનો પ્રસંગ પ્રાપ્ત થાય. અહીં વીર્યાચારથી વીર્ય કોઇ પૃથગ્ નથી, કેમ કે જ્ઞાન, દર્શન અને ચારિત્રના કારણભૂત જે અનુષ્ઠાન તદ્વિષયક સુદૃઢયત્નવાળું જે વીર્ય છે તે જ વીર્યાચાર પદાર્થ છે. માટે વીર્યાચારથી જેમ વીર્ય પૃથગ્ નથી તેમ ચારિત્રાચારથી ચારિત્ર પૃથગ્ નથી. માટે સિદ્ધમાં ચારિત્ર નથી એમ સિદ્ધાંતપક્ષી કહે છે. કેમ કે ચારિત્રાચાર યોગસાપેક્ષ છે.

**અવતરણિકાર્થ ચાલુ :- 'स्यादेतत्'** - સિદ્ધાંતપક્ષી કહે છે કે અહીં સંપ્રદાયપક્ષી આ પ્રમાણે કહે કે, ચારિત્રનું વીર્યરૂપપણું હોતે છતે ઔપશમિકપણું નહિ થાય, કેમ કે તેનું=વીર્યનું, અનૌપશમિકપણું છે. કેમ કે મોહથી અતિરિક્ત કર્મના ઉપશમનો અનુપદેશ છે.

**ભાવાર્થ :-** ચારિત્ર વીર્યરૂપ માનવામાં ઔપશમિકચારિત્ર માની નહિ શકાય, કારણ કે મોહનીય સિવાય કોઇ કર્મનો ઉપશમ કહ્યો ન હોવાથી વીર્યપરિણામ ઔપશમિકભાવરૂપે હોતો નથી.

**અવતરણિકાર્થ ચાલુ :- 'उक्तं च'** - કહ્યું છે કે "ઉપશમ મોહનીયકર્મને વિશે, મિશ્ર = ક્ષયોપશમ, ચાર ઘાતીકર્મોને વિશે અને શેષભાવ = ઔદયિક અને ક્ષાયિકભાવ, આઠે કર્મોને વિશે હોય છે."

**ભાવાર્થ :-** આમ કહેવાથી એ પ્રાપ્ત થાય કે મોહમાં ઉપશમભાવ છે, અને ચાર ઘાતી અંતર્ગત મોહ હોવાથી મિશ્રભાવ છે, અને આઠ કર્મ અંતર્ગત મોહ હોવાથી ઔદયિક અને ક્ષાયિકભાવ છે. અને આઠ કર્મ અંતર્ગત ત્રણ ઘાતી હોવાથી ઔદયિક અને ક્ષાયિકભાવ છે. અને અવશિષ્ટ ચાર કર્મોમાં ઔદયિક અને ક્ષાયિક બે ભાવ છે. અર્થાત્ મોહનીયમાં ચારે ભાવો છે - ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક અને ઔદયિક. ચાર અઘાતીકર્મમાં બે ભાવો છે -ક્ષાયિક અને ઔદયિક. મોહ સિવાયના ત્રણ ઘાતીકર્મમાં ત્રણ ભાવો છે - ક્ષાયિક, ક્ષાયોપશમિક અને ઔદયિક.

**અવતરણિકાર્થ ચાલુ :- 'मैवं'** સંપ્રદાયપક્ષીના કથનનું નિરાકરણ કરતાં સિદ્ધાંતપક્ષી કહે છે કે એમ ન કહેવું, કેમ કે જો અમે વીર્યાન્તરાયકર્મના ક્ષયોપશમથી જન્યપણા વડે જ ચારિત્રનું પ્રતિપાદન કરતા હોઇએ તો જ આ દૂષણ પ્રાપ્ત થાય, પરંતુ એ પ્રમાણે નથી. પરંતુ ચારિત્રમોહનીયકર્મના ક્ષય, ક્ષયોપશમ કે ઉપશમ અન્યતરજન્ય પણ તેનું = ચારિત્રનું, યોગજન્યપણા વડે તથાત્વ = વીર્યરૂપપણું છે.

❀ '**इति**' સિદ્ધાંતપક્ષીના કથનની સમાપ્તિ સૂચક છે.

**ભાવાર્થ :-** યદ્યપિ ચારિત્ર વીર્યરૂપ કહીએ તેથી તે વીર્ય વીર્યાંતરાયકર્મના ક્ષયોપશમરૂપ છે તેમ પ્રાપ્ત થાય, માટે ચારિત્રને ઔપશમિક કહી શકાય નહિ, પરંતુ ચારિત્ર ચારિત્રમોહનીયકર્મના ક્ષયાદિથી જન્ય હોવાના કારણે ચારિત્રને ઔપશમિક કહેલ છે; કેમ કે ચારિત્રમોહનીયનો ઉપશમ થાય છે. આમ છતાં પણ ચારિત્રને વીર્યરૂપ એટલા માટે કહેલ છે કે ઔપશમિકાદિ ચારિત્ર પણ મન-વચન અને કાયાના યોગોથી જન્ય છે. તે યોગોથી આત્મામાં ક્રિયારૂપ વીર્ય પ્રવર્તે છે માટે વીર્યરૂપ ચારિત્ર કહેલ છે. આમ છતાં ચારિત્રને ઔપશમિક કહેવામાં વીર્યાંતરાયકર્મના ક્ષયોપશમાદિની વિવક્ષા નથી, પરંતુ યોગથી જન્ય હોવાના કારણે વીર્યરૂપ કહેવાય છે અને ચારિત્રમોહનીયના ક્ષયોપશમથી જન્ય હોવાના કારણે ઔપશમિક કહેવાય છે, માટે કોઇ દોષ નથી. આ પ્રમાણે સિદ્ધાંતપક્ષી કહે છે.

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું કે યોગને કારણે ચારિત્ર વીર્યરૂપ છે અને ચારિત્રમોહનીયના ઉપશમને કારણે ઔપશમિક છે; તેથી એક ચારિત્ર ચારિત્રમોહનીયના ઉપશમથી જન્ય છે તેથી ઔપશમિક છે, અને વીર્યરૂપ હોવાને કારણે વીર્યાંતરાયકર્મના ક્ષયોપશમાદિથી જન્ય છે એ પણ પ્રાપ્ત થયું, તેથી સંપ્રદાયપક્ષી કહે છે -

**અવતરણિકાર્થ ચાલુ :-** '**न चैकस्य**' - અને એકનું = ચારિત્રનું, કેવી રીતે નાનાકર્મપરિણતિજન્યપણું છે?

તેનો ઉત્તર આપતા સિદ્ધાંતકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે '**एकत्र**' એકત્ર જ ઇન્દ્રિયમાં જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વીર્યાંતરાયકર્મના ક્ષયોપશમ અને નામકર્મના ઉદયાદિની અપેક્ષા દેખાય છે.

❀ '**नामकर्मोदयादि**' - અહીં '**आदि**' પદથી નામકર્મની ઉદીરણાનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-** "ઇન્દ્રિયો ક્ષાયોપશમિક છે" એમ કહેલ છે તે જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીયના ક્ષયોપશમને આશ્રયીને છે; અને બોધને અનુકૂળ યત્ન કરવાથી તે તે ઇન્દ્રિયવિષયક બોધ થાય છે, તેથી તે યત્ન વીર્યાંતરાયકર્મના ક્ષયોપશમની અપેક્ષા રાખે છે. અને ઇન્દ્રિયપર્યાપ્તિનામકર્મના ઉદયથી દ્રવ્યેન્દ્રિયની પ્રાપ્તિ થાય છે, અને દ્રવ્યેન્દ્રિયના બળથી જ ક્ષાયોપશમિક ભાવેન્દ્રિયની પ્રાપ્તિ થાય છે, તેથી દ્રવ્યેન્દ્રિય અને ભાવેન્દ્રિય ઉભય સ્વરૂપ ઇન્દ્રિયમાં ઇન્દ્રિયપર્યાપ્તિનામકર્મની પણ અપેક્ષા છે.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે એક જ ચારિત્રને નાનાકર્મપરિણતિજન્ય માનશો તો ચારિત્રમોહનીયના ઉપશમથી પેદા થયેલું ચારિત્ર ઉપશમની અપેક્ષાએ ઔપશમિક કહેવાશે, અને તે જ ઔપશમિક ચારિત્ર વીર્યાંતરાયકર્મના ક્ષયોપશમજન્ય હોવાથી ક્ષાયોપશમિક કહેવાશે, માટે ઔપશમિક ચારિત્રને પણ ક્ષાયોપશમિક કહેવાનો પ્રસંગ પ્રાપ્ત થશે. તેથી કહે છે -

**અવતરણિકાર્થ ચાલુ :-** '**प्रधानाश्रयणेन**' અને પ્રધાનના = મુખ્યના, આશ્રયણથી વ્યપદેશની પ્રવૃત્તિ છે. એથી કરીને મોહોપશમદશામાં પણ ક્ષાયોપશમિક વીર્યને ગ્રહણ કરીને ચારિત્રનો તથાપણાથી=ક્ષાયોપશમિક ચારિત્રપણાથી,

વ્યપદેશ થતો નથી. (કિન્તુ પ્રધાન એવા મોહોપશમને આશ્રયીને 'ઔપશમિક ચારિત્ર' જ કહેવાય છે.). અન્યથા = મોહોપશમદશામાં પણ ક્ષાયોપશમિક વીર્યને ગ્રહણ કરીને ચારિત્રનો ક્ષાયોપશમિકપણે વ્યપદેશ માનો તો, ઇન્દ્રિયપર્યાપ્તિઉદયજન્યપણાવડે ઇન્દ્રિય પણ ઔદયિકભાવરૂપે વ્યપદેશ પામે, પરંતુ ક્ષાયોપશમિકરૂપે નહિ; અને એવું છે નહિ. કેમ કે ઇન્દ્રિયો ક્ષાયોપશમિક છે એ પ્રમાણે શાસ્ત્રવચન છે.

**ભાવાર્થ :-** મુખ્યને આશ્રયીને જ વ્યપદેશ થતો હોવાથી ઉપશાંતમોહવાળા છદ્મસ્થવીતરાગ જીવોમાં વીર્યનો તો ક્ષયોપશમભાવ હોવા છતાં તેને આશ્રયીને 'ક્ષાયોપશમિક ચારિત્ર'નો વ્યપદેશ થતો નથી, કિન્તુ પ્રધાન એવા મોહોપશમને આશ્રયીને 'ઔપશમિક ચારિત્ર' જ કહેવાય છે. નહીંતર તો ઇન્દ્રિયો ઇન્દ્રિયપર્યાપ્તિનામકર્મોદયજન્ય હોવાથી ઔદયિકભાવરૂપે વ્યપદિષ્ટ થાત, ક્ષાયોપશમિકરૂપે નહિ. પણ એવું નથી, કારણ કે "ઇન્દ્રિયો ક્ષાયોપશમિકભાવરૂપે છે" એવું શાસ્ત્રવચન છે.

અહીં 'પ્રધાનના આશ્રયણથી' વ્યપદેશની પ્રવૃત્તિ છે એમ કહ્યું તેનો ભાવ એ છે કે, વીર્ય સંસારની ભોગાદિની પ્રવૃત્તિમાં પણ પ્રવર્તે છે એ ક્ષયોપશમભાવનું છે, અને ચારિત્રમાં પણ પ્રવર્તે છે એ પણ ક્ષયોપશમભાવનું છે. આમ છતાં, ભોગાદિમાં જ્યારે વીર્ય પ્રવર્તે છે ત્યારે ચારિત્રમોહનીયનો ઉદય હોય છે, અને તે જ વીર્ય જ્યારે સંયમમાં પ્રવર્તે છે ત્યારે ચારિત્રમોહનીયકર્મનો ક્ષયોપશમ કે ઉપશમભાવ છે. તેથી ચારિત્રવિષયક પ્રવર્તતા વીર્યમાં પ્રધાનતા ચારિત્રમોહનીયના ઉપશમ કે ક્ષયોપશમની છે, અને સંસારવિષયક પ્રવર્તતા વીર્યમાં પ્રધાનતા મોહનીયકર્મના ઉદયની છે. તેથી સંસારની ક્રિયાને ઔદયિકભાવની કહેવાય છે, પરંતુ વીર્યના ક્ષયોપશમને આશ્રયીને ક્ષાયોપશમિકભાવની કહેવાતી નથી. તે જ રીતે ચારિત્રમાં પ્રવર્તતા વીર્યને મોહનીયના ઉપશમ કે ક્ષયોપશમને આશ્રયીને ઔપશમિક કે ક્ષાયોપશમિકપણાનો વ્યપદેશ થાય છે.

**અવતરણિકા ચાલુ :- अथैवमनन्तानुबन्ध्यादीनां तत्र प्रतिबन्धकत्वं न स्यात्, निष्कषायपरिणामरूपतायामेव तस्य कषायाणां प्रतिपन्थित्वसंभवादिति चेत्? न, न हि कषायचारित्रयोश्छायाऽऽतपयोरिव परस्परपरिहाररूपतया विरोधो नाम, अपि तु जलज्वलनयोरिव सहानवस्थास्नुस्वभावतया। स च परस्पराभावरूपतां विनैव संभवी, युक्तं चैतत् तीव्रतरकषायाणामेवैवं तत्प्रतिपन्थित्वात्, अल्पीयसोऽसामर्थ्यात्, न हि जलकणिकामात्रेण ज्वालाजालजटिलो वह्निरुपशाम्यति, अन्यथा तु संज्वलनकषायाणामपि चारित्रप्रतिबन्धकत्वप्रसङ्गः। न हि कषायपरिणामे जाग्रति निष्कषायपरिणामरूपं चारित्रमवतिष्ठते। कषायकणवान्तस्वान्तशुद्धयः शुद्धोपयोगरूपं परमचारित्रं परित्यज्य शुभोपयोगरूपं गौणचारित्रमेवाददत इति चेत्? न, तथापि प्रशस्तालम्बनं विनापि कर्मपारवश्येन कषायवशीकृतानामपि मूलगुणेषु यतनया प्रवर्त्तमानानां चारित्रभङ्गप्रसङ्गः। 'इष्टमेवेदमि'ति चेत्? सेयं दुराशयस्य दिगम्बरस्यैव प्रक्रिया न त्वस्माकं, तीर्थप्रवृत्तेरुच्छेदप्रसङ्गादित्यभिप्रेत्याह-**

**અવતરણિકાર્થ ચાલુ :-** '**अथ**'થી સંપ્રદાયપક્ષી આ પ્રમાણે કહે કે આ રીતે = તમે ચારિત્રને વીર્યવિશેષરૂપ = યોગપરિણામરૂપ કહ્યું, એ રીતે, અનંતાનુબંધ્યાદિ કષાયોનું ત્યાં = ચારિત્રમાં, પ્રતિબંધકપણું નહિ થાય. કેમ કે તેની = ચારિત્રની, નિષ્કષાયપરિણામરૂપતા હોતે છતે જ કષાયોનું પ્રતિપંથીપણું સંભવે છે.

**ભાવાર્થ :-** ચારિત્રને વીર્યરૂપ કહેવાથી શાસ્ત્રમાં સંમત જે અનંતાનુબંધી આદિ કષાયો ચારિત્રના પ્રતિબંધક કહ્યા છે તે સંગત થશે નહિ. કેમ કે કષાયના વિરોધીપરિણામરૂપ નિષ્કષાય એવા આત્મપરિણામરૂપ ચારિત્ર માનીએ તો જ કષાય ચારિત્રનો વિરોધી છે એમ કહી શકાય, પરંતુ વીર્યરૂપ કહેવાથી તથાવિધ વીર્યઆવારક કર્મ જ ચારિત્રનો વિરોધી થઇ શકે, પણ કષાયો ચારિત્રના વિરોધી થઇ શકે નહિ. આમ સંપ્રદાયપક્ષી કહે છે.

**અવતરણિકાર્થ ચાલુ :-** **'न हि'** તેના નિરાકરણરૂપે સિદ્ધાંતકાર કહે છે કે એમ ન કહેવું. કેમ કે કષાય અને ચારિત્રનો છાયા અને આતપની જેમ પરસ્પરપરિહારરૂપપણા વડે વિરોધ નથી જ, પરંતુ જલ અને અગ્નિની જેમ સહાનવસ્થાસ્નુસ્વભાવપણા વડે (વિરોધ) છે.

**ભાવાર્થ :-** છાયા અને આતપ જેમ એકબીજાના પરિહારથી પોતાનું અસ્તિત્વ ધરાવે છે, તેમ કષાય અને ચારિત્ર એકબીજાના પરિહારથી અસ્તિત્વ ધરાવતા હોય તો ચારિત્રને નિષ્કષાય પરિણામરૂપ માનવું પડે. અને તે નિષ્કષાય પરિણામ કષાયરહિત એવા જીવના ઉપયોગરૂપ સિદ્ધ થાય, અને કષાય નિષ્કષાયપરિણામનો વિરોધી છે તેમ સિદ્ધ થાય, અને કષાયના અભાવના કારણે નિષ્કષાયપરિણામરૂપ ચારિત્ર સિદ્ધમાં છે તે સંગત થાય. પરંતુ કષાય અને ચારિત્રને પરસ્પર પરિહારરૂપ વિરોધ નથી, પણ જેમ અગ્નિ અને પાણી એક સાથે રહી શકતા નથી, અર્થાત્ એક કાળમાં બંને હોવા છતાં જે બલવાન હોય તે નિર્બળનો નાશ કરે છે, તે રૂપ સહાનવસ્થાન સ્વભાવ છે; તેમ કષાય અને ચારિત્રનો સહાનવસ્થાન સ્વભાવપણાથી વિરોધ છે. તેથી જ બલવાન કષાય ચારિત્રનો નાશ કરે છે અને બલવાન ચારિત્ર કષાયને કૃશ કરે છે, અર્થાત્ પાતળાં પાડે છે અને અંતે નાશ પણ કરે છે; જેમ બલવાન અગ્નિ જલને શોષવે છે અને અંતે નાશ કરે છે. તેથી ચારિત્ર યોગપરિણામરૂપ હોવા છતાં બલવાન કષાય પેદા થાય તો તે ચારિત્રનો વિનાશ કરે છે, અર્થાત્ એવા પ્રકારના મૂલગુણવિષયક વીર્યનો નાશ કરે છે; અને મૂલગુણવિષયક વીર્ય બલવાન હોય તો જીવમાં વર્તતા કષાયપરિણામને ધીરે ધીરે અલ્પ અલ્પ કરે છે, અને અંતે વિનાશ કરે છે. તેથી કષાય અને ચારિત્રનો વિરોધ જલ અને અગ્નિ જેવો છે. માટે ચારિત્ર વીર્યરૂપ સ્વીકારવા છતાં કષાય તેના પ્રતિપંથી થઇ શકે છે માટે કોઇ દોષ નથી.

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું કે કષાય અને ચારિત્રને સહાનવસ્થાસ્નુસ્વભાવપણાવડે વિરોધ છે, તે જ વાતને પુષ્ટ કરતાં કહે છે -

**અવતરણિકાર્થ ચાલુ :-** **'स च'** તે = કષાય અને ચારિત્રનો વિરોધ, પરસ્પર અભાવરૂપતા વિના જ સંભવે છે. તેની જ પુષ્ટિ કરતાં કહે છે -

આ યુક્ત છે, કેમ કે તીવ્રતર કષાયોનું જ આ રીતે = પરસ્પર અભાવરૂપતા વિના જ વિરોધ છે એ રીતે, તત્પ્રતિપંથીપણું = ચારિત્રનું પ્રતિપંથીપણું છે. તેમાં હેતુ કહે છે - અલ્પ એવા કષાયનું અસામર્થ્યપણું છે, અર્થાત્ અલ્પ કષાય ચારિત્રનો નાશ કરવા અસમર્થ છે.

તે વાત દૃષ્ટાંતથી બતાવે છે - જલકણિકામાત્રથી જ્વાલાની જાલથી જટિલ એવો અગ્નિ ઉપશાંત થતો નથી. (તે જ રીતે અલ્પ એવા કષાયોથી બલિષ્ઠ એવું ચારિત્ર નાશ પામતું નથી જ). અન્યથા = એવું ન માનો અને ચારિત્ર નિષ્કષાયપરિણામરૂપ છે અને કષાયો તેના છાયા-આતપની પરસ્પર પરિહારરૂપપણાવડે પ્રતિપંથી છે એમ માનો તો, સંજ્વલન કષાયોનો પણ ચારિત્રપ્રતિબંધકપણાનો પ્રસંગ આવશે.

**ભાવાર્થ :-** કષાયો જલ અને અગ્નિની જેમ પરસ્પર વિરોધી હોવા છતાં છાયા અને આતપની જેમ વિરોધી નથી, તેથી જ યોગપરિણામરૂપ ચારિત્રના વિરોધી કષાયો છે એમ માનવામાં કોઇ દોષ નથી. આમ, ઘણા અલ્પ કષાયો ચારિત્ર સાથે રહી શકે છે, અને યોગપરિણામરૂપ ચારિત્ર હોવાને કારણે સિદ્ધમાં ચારિત્ર નથી એમ સંગત થાય છે. આ પ્રમાણે સિદ્ધાંતપક્ષી સ્થાપન કરે છે.

**અવતરણિકાર્થ ચાલુ :- 'न हि'** અહીં સંપ્રદાયપક્ષી આ પ્રમાણે કહે કે, કષાયપરિણામ જાગ્રત હોતે છતે નિષ્કષાયપરિણામરૂપ ચારિત્ર રહેતું જ નથી. (તેથી) કષાયકણથી=કષાયના લેશમાત્રથી, વમી નાંખી છે સ્વાન્તની=ચિત્તની, શુદ્ધિ જેમણે એવા જીવો શુદ્ધોપયોગરૂપ પરમચારિત્રને છોડીને શુભોપયોગરૂપ ગૌણ ચારિત્રને જ ધારણ કરે છે. (તેથી પરમચારિત્ર તો શુદ્ધોપયોગરૂપ માનવું જ યુક્ત છે, વીર્યપરિણામરૂપ નહિ.).

❀ **न हि** અહીં **'हि' एव**કાર અર્થક છે.

**ભાવાર્થ :-** અહીં ચારિત્રમાં ગૌણતા અને મુખ્યતા એ છે કે આત્માનો પોતાના શુદ્ધસ્વરૂપમાં જે ઉપયોગ= જ્ઞાતાદૃષ્ટાભાવરૂપ આત્માનો શુદ્ધોપયોગ, તે મુખ્ય ચારિત્ર છે, અને તે જ પરમચારિત્ર છે. કેમ કે તે નિષ્કષાયપરિણામ સ્વરૂપ છે, જ્યારે શુભોપયોગ તે પ્રશસ્તકષાયના પરિણામરૂપ છે. તેથી આત્મામાં ચરવારૂપ ચારિત્ર શબ્દથી 'શુભોપયોગ' વાચ્ય બનતો નથી, પરંતુ શુદ્ધોપયોગનું તે કારણ હોવાથી ગૌણ ચારિત્રરૂપ છે.

જેમ આત્મપરિણામરૂપ ચારિત્રના કારણીભૂત બહિરંગ આચરણા યદ્યપિ ચારિત્ર ન હોવા છતાં, અને પૌદ્ગલિક ચેષ્ટા હોવાને કારણે ઔદયિકભાવરૂપ હોવા છતાં, ક્ષાયોપશમિકભાવના પરિણામથી અનુવિદ્ધ હોવાથી ચારિત્રનું કારણ બને છે, તેથી બહિરંગ આચરણાને જેમ ચારિત્ર કહેવામાં આવે છે, તેમ કષાયના પરિણામરૂપ હોવા છતાં પણ શુદ્ધોપયોગરૂપ ચારિત્ર પ્રતિ કારણરૂપ હોવાને કારણે શુભોપયોગને પણ ચારિત્ર કહેવામાં આવે છે. પણ તે ગૌણ ચારિત્ર છે, મુખ્ય ચારિત્ર નહીં.

❀ અહીં ગૌણનો અર્થ ઉપચરિત ચારિત્ર છે અને મુખ્યનો અર્થ અનુપચરિત ચારિત્ર છે.

**અવતરણિકાર્થ ચાલુ :- 'न'** સંપ્રદાયપક્ષીના કથનનું નિરાકરણ કરતાં સિદ્ધાંતપક્ષી કહે છે કે એમ ન કહેવું.
**'तथापि'** તો પણ પ્રશસ્તાલંબન વિના પણ કર્મના પારવશ્યથી કષાય વશ કરેલ સાધુને પણ મૂળગુણોમાં યતના વડે પ્રવર્તમાનને ચારિત્રભંગનો પ્રસંગ આવશે.
**'इष्टमेव'** અહીં સંપ્રદાયપક્ષી આ પ્રમાણે કહે કે (ચારિત્ર ભંગનો પ્રસંગ જે કહ્યો) તે અમને ઇષ્ટ જ છે.
**'सेयं'** તેનો ઉત્તર આપતાં સિદ્ધાંતપક્ષી કહે છે કે તે આ = ચારિત્રના ભંગના પ્રસંગની પ્રાપ્તિ કહી તે આ, દુરાશય

એવા દિગંબરની જ પ્રક્રિયા છે પરંતુ આપણી (શ્વેતાંબરની) નહિ, કેમ કે તીર્થપ્રવૃત્તિના ઉચ્છેદનો પ્રસંગ પ્રાપ્ત થશે. આ પ્રમાણે અભિપ્રાય રાખીને કહે છે -

**ભાવાર્થ :-** પૂર્વોક્ત પ્રક્રિયા દિગંબરની છે, અમારી (શ્વેતાંબરની) નથી. અને તેમાં હેતુ કહ્યો કે તીર્થપ્રવૃત્તિના ઉચ્છેદનો પ્રસંગ આવશે. તેનું તાત્પર્ય એ છે કે ભગવાનના તીર્થની પ્રવૃત્તિ બકુશ અને કુશીલ ચારિત્રીથી ચાલે છે. બકુશ અને કુશીલો પ્રશસ્ત આલંબન વગર પણ ચારિત્રમોહનીયકર્મના પારવશ્યને કારણે સંજ્વલન કષાયને વશ થઈને પ્રવૃત્તિ કરવા છતાં, મૂલગુણોમાં યતનાથી પ્રવર્તે છે. અને બકુશ અને કુશીલ ચારિત્રીથી તીર્થ પ્રવર્તે છે અને તેમનામાં ચારિત્રનો અભાવ કહેવાથી તેઓ અચારિત્રી પ્રાપ્ત થશે. તેથી તીર્થ ચારિત્રીથી ચાલે છે તે તીર્થના અભાવની પ્રાપ્તિ થશે. માટે તીર્થપ્રવૃત્તિના ઉચ્છેદનો પ્રસંગ પ્રાપ્ત થશે એમ સિદ્ધાંતપક્ષી કહે છે.

**ગાથા :-** **अन्नह वक्कजडाणं चंडाणं चंडरुद्दपभिईणं ।**
**णेव सिया चारित्तं सुद्धुवओगेत्ति काऊणं ॥१४३॥**

(अन्यथा वक्रजडानां चंडानां चंडरुद्रप्रभृतीनाम् । नैव स्याच्चारित्रं शुद्धोपयोग इति कृत्वा ॥१४३॥)

**ગાથાર્થ :- અન્યથા= અવતરણિકામાં કહ્યું કે દુરાશય એવા દિગંબરની આ પ્રક્રિયા છે, આપણી (શ્વેતાંબરની) નહિ. એમ ન માનો તો, વક્ર અને જડ એવા પંચમ આરાવર્તી સાધુઓને, ચંડ એવા ચંડરુદ્રપ્રભૃતિ મુનિઓને ચારિત્ર નહિ થાય; કેમ કે શુદ્ધોપયોગ ચારિત્ર છે એથી કરીને (તેમને ચારિત્ર નહિ થાય.)**

**ભાવાર્થ :-** સંપ્રદાયપક્ષી શુદ્ધોપયોગને જ ચારિત્ર માને છે, શુભોપયોગ પણ તેમને ચારિત્ર તરીકે અભિમત નથી; પરંતુ શુભોપયોગ ચારિત્રના કારણરૂપે હોવાથી ગૌણ ચારિત્ર છે એમ કહે છે. તેથી અશુભ ઉપયોગવાળા પંચમકાળવર્તી વક્ર-જડોને અને ચંડ એવા ચંડરુદ્રાદિ વગેરેને શુભોપયોગ પણ નથી, તો શુદ્ધોપયોગ તો સંભવે જ નહિ; તેથી તેઓને ચારિત્ર માની શકાશે નહિ. માટે અવતરણિકામાં કહેલ છે કે તીર્થપ્રવૃત્તિના ઉચ્છેદનો પ્રસંગ પ્રાપ્ત થશે, કેમ કે તીર્થ વક્ર અને જડ સાધુઓથી ચાલે છે. આ પ્રમાણે સિદ્ધાંતપક્ષી કહે છે.

**ટીકા :-ये हि वक्रजडा निष्कारणमेव कौटिल्यमाचरन्ति, ये च चण्डरुद्राचार्यप्रभृतयो निष्कारणमेव कुप्यन्ति, न तेषां मायाक्रोधौ प्रशस्तरागाऽप्रवृत्ततया शुभाविति नोज्जीवति शुभोपयोगः, तदनवकाशे तु शुद्धोपयोगोऽपि दूर एवेति कथं तेषां चारित्रवार्त्ताऽपि? योगस्थैर्यरूपचारित्राभ्युपगमे तु न किञ्चिदनुपपन्नम्, सञ्ज्वलनमायाकोपाभ्यां तस्यातिचारकरणेऽपि मूलतोऽनपायात्, यदागमः–** '[1]सव्वेवि अइयारा संजलणाणं तु उदयओ हुंति । मूलच्छेज्जं पुण होइ बारसण्हं कसायाणं ॥ **ति। [ आव. नि. ११२ ] युक्तं चैतत्, यथा हि वज्रं ज्वलनसंपर्कादुणीभवति, न तु मूलतो विनश्यति तथा संज्वलनादपि चारित्रं सातिचारतामञ्चति, न तु मूलतो विनश्यति। उक्तं च–**

---

१. सर्वेऽप्यतिचाराः संज्वलनानां तूदयतो भवन्ति । मूलच्छेद्यं पुनर्भवति द्वादशानां कषायाणाम्॥

[२]एवं विहाण वि इहं चरणं दिट्ठं तिलोगनाहेहिं । जोगाण थिरो भावो जम्हा एएसि सुद्धो उ ॥१॥
[३]अथिरो अ होइ भावो इयरो सहकारिवसेण ण पुण तं हणई । जलणा जायइ उण्हं वज्जं ण य चयइ तत्तंपि ॥२॥
**[ पंचाशक १७/४५-४६ ]**

✿ પંચાશકની ગાથામાં '**अथिरो अ होइ भावो**' પાઠ છે ત્યાં પંચાશક ગ્રંથમાં '**अथिरो उ होइ इयरो**' એ પ્રમાણે પાઠ છે, એ મુજબ અમે અહીં અર્થ કરેલ છે.

**ટીકાર્થ :-** '**ये**' જે પંચમઆરાવર્તી વક્ર-જડ સાધુઓ, નિષ્કારણ જ કુટિલતા આચરે છે, અને જે ચંડરુદ્રાચાર્ય વગેરે નિષ્કારણ કોપ કરે છે, તેઓને માયા અને ક્રોધ પ્રશસ્તરાગથી અપ્રવૃત્ત હોવાને કારણે શુભ નથી. એથી કરીને શુભોપયોગ (તેઓને) હોતો નથી. તેના = શુભોપયોગના, અનવકાશમાં શુદ્ધોપયોગ પણ દૂર જ છે. એથી કરીને તેઓને ચારિત્રની વાત પણ ક્યાંથી હોય? વળી, યોગસ્થૈર્યરૂપ ચારિત્રના સ્વીકારમાં કાંઇ અનુપપન્ન નથી, કેમ કે સંજ્વલન માયા અને કોપ વડે તેના = ચારિત્રના, અતિચારકરણમાં પણ મૂલથી અનપાય છે.

**ભાવાર્થ :-** પાંચમા આરામાં રહેલ વક્ર અને જડ સાધુઓની કુટિલ આચરણા છે તે માયારૂપ છે, અને ચંડરુદ્રાચાર્ય વગેરેનો જે કોપ છે તે બંને નિષ્કારણ હોવાના કારણે પ્રશસ્ત રાગથી અપ્રવૃત્ત છે, માટે તે માયા અને ક્રોધમાં પ્રશસ્ત રાગથી અપ્રવૃત્તપણું હોવાથી તે માયા અને ક્રોધ શુભ નથી. તેથી તેમને શુભોપયોગ નથી અને તેના અનવકાશમાં શુદ્ધોપયોગ પણ દૂર જ છે, માટે તેઓને ચારિત્ર નથી એ પ્રાપ્ત થશે; અને ભગવાને તેમને ચારિત્ર કહેલ છે. વળી તેઓને ચારિત્ર ન માનીએ તો વક્ર-જડ સાધુઓથી તીર્થ ચાલે છે તેના ઉચ્છેદની પ્રાપ્તિ થશે. માટે યોગસ્થૈર્યરૂપ ચારિત્ર સ્વીકારવામાં કાંઇ અનુપપન્ન નથી, અર્થાત્ સ્વસિદ્ધાંત (શ્વેતાંબર સંપ્રદાય) જે તેમનામાં ચારિત્ર સ્વીકારે છે તે સંગત થઇ જાય છે. કેમ કે સંજ્વલન માયા અને ક્રોધ દ્વારા ચારિત્રના અતિચારકરણમાં પણ મૂલથી ચારિત્રનો નાશ થતો નથી, માટે તેઓમાં સાતિચાર ચારિત્ર સંગત થાય છે.

પૂર્વમાં કહ્યું કે સંજ્વલન માયા અને ક્રોધ દ્વારા ચારિત્રના અતિચારકરણમાં પણ ચારિત્રનો મૂલથી નાશ થતો નથી, તેમાં સાક્ષી આપે છે -

**ટીકાર્થ :-** '**यदागमः**' જે આગમ આ પ્રમાણે છે - સર્વ પણ અતિચારો સંજ્વલનના ઉદયથી થાય છે, અને બાર કષાયોના ઉદયથી મૂલચ્છેદ્ય અતિચાર થાય છે, અર્થાત્ સંયમનો નાશ કરે તેવા અતિચાર થાય છે.
અહીં 'મૂલ' નામનું આઠમું પ્રાયશ્ચિત્ત છે તેના વડે જે અપરાધ દૂર કરાય તે મૂલચ્છેદ્ય કહેવાય છે, અર્થાત્ મૂલનામના પ્રાયશ્ચિત્તથી તે અપરાધ દૂર કરીને ફરી સંયમની પ્રાપ્તિ થાય છે.

✿ '**बारसण्हं कसायाणं**' પછી '**उदयतः**' અધ્યાહાર છે.

✿ '**त्ति**' ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

---

२. एवं विधानामपीह चरणं दृष्टं त्रिलोकनाथैः । योगानां स्थिरो भावो यस्मादेतेषां शुद्धस्तु॥

३. अस्थिरश्च भवति भावः सहकारिवशेन न पुनस्तं हन्ति । ज्वलनाज्जायत उष्णं वज्रं न च त्यजति तत्त्वमपि ॥

**ટીકાર્થ :-** **'युक्तं चैतत्'** - અને આ યુક્ત છે અર્થાત્ જે પૂર્વમાં કહ્યું કે સંજ્વલન કષાયથી અતિચાર થવા છતાં ચારિત્રનો મૂલથી નાશ થતો નથી એ વાત યુક્ત છે.

તે જ વાત દૃષ્ટાંત દ્વારા બતાવે છે -

**'यथा'** જેમ વજ્ર અગ્નિના સંપર્કથી ઉષ્ણ થાય છે પરંતુ મૂળથી નાશ પામતું નથી, તેમ સંજ્વલન (કષાય)થી પણ ચારિત્ર સાતિચાર બને છે પરંતુ મૂલથી નાશ પામતું નથી.

**'उक्तं च'** - અને કહ્યું છે - આવા પ્રકારનાને પણ = વક્ર-જડત્વાદિ યુક્તોને પણ, અહીં ચારિત્ર ભગવાન વડે જોવાયું છે. શું બધાને જોવાયું છે? તેથી કહે છે - બધાને નહિ, પરંતુ પ્રવ્રજ્યાને યોગ્ય એવા જીવોને.

તેમાં હેતુ કહે છે - જે કારણથી એમનો=વક્ર-જડનો, સ્થિર=સ્થાયી, ભાવ=અધ્યવસાય, શુદ્ધ = પ્રશસ્ત, જ છે, અને વળી ઈતર=અશુદ્ધભાવ, અસ્થિર=અસ્થાયી=કાદાચિત્ક, હોય છે. કેવી રીતે અશુદ્ધભાવ થાય છે તો કહે છે - સહકારીના વશથી=તથાવિધ સામગ્રીના સામર્થ્યથી, થાય છે. અર્થાત્ બાહ્ય તેવા પ્રકારના નિમિત્તને પામીને ક્યારેક અશુદ્ધ ભાવ થાય છે, પરંતુ સ્વતઃ જ થતો નથી.

અહીં પ્રશ્ન થાય કે ક્યારેક અશુદ્ધ ભાવ થાય છે ત્યારે શુદ્ધભાવના સ્વભાવરૂપ ચરણની ઉપહતિ=નાશ, થશે ને? તેથી કહે છે - તે = અશુદ્ધ ભાવ, ચારિત્રને હણતો નથી. એમાં દૃષ્ટાંત કહે છે -અગ્નિથી વજ્ર ઉષ્ણ થાય છે પરંતુ વજ્રત્વરૂપ તત્ત્વને = સ્વભાવને, છોડતું નથી.

❀ અહીં ગાથામાં **'जोगाणं'** શબ્દ 'યોગ્યતા' અર્થમાં છે. **'जोगाणं'** = **'योग्यानां'** અર્થ છે, અને તેનો અન્વય **एवंविहाणं** = **एवंविधानां** ની સાથે છે. આવા પ્રકારના પણ યોગ્યોને ભગવાન વડે ચારિત્ર જોવાયું છે એ પ્રમાણે અન્વય છે. અને તેમાં હેતુ કહ્યો કે જે કારણથી એમનો=યોગ્ય જીવોનો, સ્થાયીભાવ શુદ્ધ છે. **'सुद्धा उ'** અહીં **'तु' 'एव'**કાર અર્થક છે, અને તેનું તાત્પર્ય એ છે કે તેઓમાં મૂલગુણમાં યતના કરવાનો પરિણામ સ્થાયીભાવરૂપે શુદ્ધ જ છે, અર્થાત્ સદા તે ભાવ તેઓને વર્તે જ છે. અને ક્યારેક તથાવિધ સામગ્રીના વશથી અશુદ્ધ ભાવ થાય છે એમ કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે તેવા પ્રકારના બાહ્ય નિમિત્તો પામીને જેમ ચંડરુદ્રાચાર્યને ક્રોધનો ઉદય થતો હતો તેમ બાહ્ય સામગ્રીને પામીને ક્યારેક અશુદ્ધ ભાવ થાય છે, પરંતુ સ્થાયીરૂપે તો શુદ્ધ ભાવ જ રહે છે. અર્થાત્ જેવું સહકારી કારણ દૂર થાય છે એટલે શુદ્ધ ભાવ જ રહે છે, અને તે અશુદ્ધ ભાવ ચારિત્રનો નાશ કરતો નથી.

**ટીકા :- नन्वेवमुत्तरगुणातिक्रमे निर्भङ्गचारित्रमापन्नमिति चेत्? इदमित्थमेव, कः किमाह? उक्तं च पञ्चाशके-** [1]'गुरुगुणरहिओ वि इहं दट्ठव्वो मूलगुणविउत्तो जो । न हु गुणमेत्तविहुणो त्ति चण्डरुद्दो उदाहरणं ॥ **[ पंचाशक ११-३५ ]**

**ટીકાર્થ :-** **'नन्वेवम्' 'ननु'**થી સંપ્રદાયપક્ષી આ પ્રમાણે કહે કે, આ પ્રકારે = પૂર્વમાં કહ્યું એ પ્રકારે, ઉત્તરગુણના અતિક્રમમાં નિર્ભંગ ચારિત્ર = અખંડ ચારિત્ર, પ્રાપ્ત થશે.

તેનો ઉત્તર આપતાં સિદ્ધાંતપક્ષી કહે છે કે, આ એ પ્રમાણે જ છે; અર્થાત્ ઉત્તરગુણના ભંગમાં ચારિત્ર અખંડ રહે છે એ વાત એ પ્રમાણે જ છે. એમાં કોણ શું (ના) કહે છે?

---

१. गुरुगुणरहितोऽपीह द्रष्टव्यो मूलगुणवियुक्तो यः । न खलु गुणमात्रविहीन इति चंडरुद्र उदाहरणम् ॥

**उक्तं च** અને પંચાશકમાં કહ્યું છે -

**'गुरुगुण'** અહીં જે મૂળગુણરહિત છે તે જ ગુરુગુણરહિત જાણવા, પરંતુ ગુણમાત્રવિહીન નહિ, જેમ - ચંડરુદ્રાચાર્ય દૃષ્ટાંત છે.

**ટીકા :-ननु मूलगुणेषु स्थिरभावश्चारित्रमिति तावद्भवतां प्रतिज्ञा, स च शुद्धोपयोगरूप एव पर्यवस्यति, तेनैव सकलमूलगुणपरिपालनसंभवात्, तस्यैव च मरुदेव्यादावपि सम्भवादिति चेत्? न, प्रवृत्तिरूपप्रयत्नस्य तत्रासम्भवेऽपि निवृत्तिरूपप्रयत्नस्य सुतरां सम्भवात्। 'प्रयत्न एवायमि'ति चेत्? सत्यं, संयमे प्रयत्न एव चारित्रं, "[१]माणुसत्तं सुई सद्धा संजमंमि य वीरियं" इत्यादौ तथोपदेशात्,**

भगवद्दर्शनानन्दयोगस्थैर्यमुपेयुषी । केवलज्ञानमम्लानमाससाद तदैव सा॥

**इति योगशास्त्रवृत्तौ [ १-१०-२३१ ]**

**मरुदेव्या अपि योगस्थैर्यरूपचारित्रप्राप्तेरेव सूचनात्॥१४३॥**

**ટીકાર્થ :- 'ननु' 'ननु'**થી સંપ્રદાયપક્ષી આ પ્રમાણે કહે કે, મૂલગુણમાં સ્થિરભાવચારિત્ર છે એ પ્રમાણે તમારી પ્રતિજ્ઞા છે, અને તે=મૂલગુણમાં સ્થિરભાવ, શુદ્ધોપયોગરૂપ ચારિત્રમાં જ પર્યવસાન પામે છે. કેમ કે તેના વડે જ= શુદ્ધોપયોગ વડે જ, સકળ મૂલગુણના પાલનનો સંભવ છે. (પણ નહિ કે યોગપરિણામરૂપ ચારિત્ર વડે). અને તેનો જ= શુદ્ધોપયોગનો જ, મરુદેવાદિમાં પણ સંભવ છે.

**ભાવાર્થ :-** જો શુદ્ધોપયોગરૂપ ચારિત્ર ન સ્વીકારો અને યોગપરિણામરૂપ ચારિત્ર સ્વીકારો, તો મરુદેવાદિમાં ઘટી શકે નહિ; કેમ કે મરુદેવાએ પાંચ મહાવ્રતોના પાલનરૂપ યત્ન કરેલ નથી. તેથી મૂળગુણ વિષયક યોગસ્થૈર્યરૂપ ચારિત્ર તેમને સંભવી શકે નહિ, પરંતુ શુદ્ધોપયોગરૂપ ચારિત્ર તેમને સંભવી શકે. તેથી મૂળગુણોનો સ્થિરભાવ એ શુદ્ધોપયોગરૂપ જ સ્વીકારવો જોઈએ, અને તે શુદ્ધોપયોગરૂપ ચારિત્ર સિદ્ધમાં પણ ઘટી શકે છે. આ પ્રકારનો સંપ્રદાયપક્ષનો આશય છે.

**ટીકાર્થ :-'न'** તેના નિરાકરણરૂપે સિદ્ધાંતપક્ષી કહે છે કે એમ ન કહેવું.

**'प्रवृत्तिरूपप्रयत्नस्य'** કેમ કે પ્રવૃત્તિરૂપ પ્રયત્નનો ત્યાં=મરુદેવાદિમાં, અસંભવ હોવા છતાં પણ નિવૃત્તિરૂપ પ્રયત્નનો સુતરાં સંભવ છે.

**ભાવાર્થ :-** જે વખતે મરુદેવાદિ સંયમના પરિણામને પામ્યા, તે વખતે સંયમની ક્રિયાઓમાં પ્રવૃત્તિરૂપ પ્રયત્ન નહિ હોવા છતાં, સર્વ પૌદ્ગલિક ભાવોથી ચિત્તના નિવર્તનને અનુકૂળ યત્નસ્વરૂપ નિવૃત્તિરૂપ પ્રયત્નનો ત્યાં = મરુદેવાદિમાં સુતરાં સંભવ છે. માટે મરુદેવાદિમાં પણ નિવૃત્તિના પ્રયત્નસ્વરૂપ જે વીર્યવિશેષ છે તે રૂપ જ ચારિત્ર છે. અને તે યોગસાપેક્ષ છે માટે સિદ્ધમાં ચારિત્ર નથી. આ પ્રમાણે સિદ્ધાંતપક્ષી કહે છે.

---

१. उत्तराध्ययनसूत्र-३-१ अस्य पूर्वार्धः - चत्तारि परमंगाणि दुल्लहाणीह जंतुणो ॥
चत्वारि परमाङ्गानि दुर्लभानीह जन्तोः । मानुषत्वं श्रुतिः श्रद्धा संयमे च वीर्यम् ॥

**ટીકાર્થ :-** **'प्रयत्न'** અહીં સંપ્રદાયપક્ષી કહે કે આ પ્રયત્ન જ છે.

**ભાવાર્થ :-** મરુદેવાદિનો પરભાવમાંથી નિવૃત્તિને અનુકૂળ આ પ્રયત્ન જ છે, પરંતુ એ ચારિત્ર નથી; પણ પરભાવમાંથી નિવૃત્તિ થવાને કારણે ઉત્પન્ન થયેલો શુદ્ધોપયોગ જ ચારિત્ર પદાર્થ છે.

**ટીકાર્થ :-** **'सत्यं'** તેનું નિરાકરણ કરતાં સિદ્ધાંતકાર કહે છે કે તમારી વાત સાચી છે. અર્થાત્ અર્ધસ્વીકૃતિરૂપ સાચી છે તેમ કહે છે. તે આ રીતે - 'તે પ્રયત્ન જ છે' એમ તમે જે કહો છો તે વાત બરોબર છે, પરંતુ 'તે ચારિત્ર નથી' એમ કહો છો તે બરાબર નથી. કેમ કે સંયમમાં પ્રયત્ન જ ચારિત્ર પદાર્થ છે. (માટે મરુદેવાદિને પરભાવમાંથી નિવૃત્તિ થવાના પ્રયત્નરૂપ જ ચારિત્ર પદાર્થ છે, શુદ્ધોપયોગરૂપ નહિ. આ પ્રમાણે સિદ્ધાંતી કહે છે)

સ્વકથનની પુષ્ટિ માટે સિદ્ધાંતી તેમાં સાક્ષી આપે છે -

**'माणुसत्तं'** મનુષ્યપણું, શ્રુતિ, શ્રદ્ધા અને સંયમમાં વીર્ય ઇત્યાદિમાં=ઇત્યાદિ ગાથામાં, તે પ્રમાણે ઉપદેશ છે. અર્થાત્ સંયમમાં યત્ન એ ચારિત્ર છે તે પ્રમાણે ઉપદેશ છે.

**ભાવાર્થ :-** અહીં ઉત્તરાધ્યયનના સાક્ષીપાઠનો ભાવ આ પ્રમાણે છે -

ચાર શ્રેષ્ઠ અંગો અહીંયાં = સંસારમાં, જીવને દુર્લભ છે (૧) મનુષ્યપણું, (૨) શ્રુતિ-શ્રુતજ્ઞાન, (૩) શ્રદ્ધા અને (૪) સંયમમાં વીર્ય. અને આ પ્રકારના ઉદ્ધરણમાં સંયમમાં વીર્ય એ પ્રકારના કથનમાં સંયમમાં પ્રયત્નને જ ચારિત્રરૂપે ગ્રહણ કરેલ છે. તેના બળથી સિદ્ધાંતપક્ષીને કહેવું છે કે ચારિત્ર ઉપયોગરૂપ નથી પરંતુ વીર્યરૂપ છે, માટે સિદ્ધમાં ચારિત્ર નથી.

યોગસ્થૈર્યરૂપ ચારિત્ર છે તેની પુષ્ટિ કરતાં યોગશાસ્ત્રવૃત્તિનું કથન બતાવીને બીજો હેતુ કહે છે. તે આ પ્રમાણે-

**ટીકાર્થ :-** **'भगवद्दर्शन'** ભગવદ્ દર્શનના આનંદ વડે યોગસ્થૈર્યને પ્રાપ્ત કરતા એવા તે = મરુદેવામાતાએ ત્યારે જ અમ્લાન એવા કેવલજ્ઞાનને પ્રાપ્ત કર્યું. આ પ્રમાણે યોગશાસ્ત્રની ટીકામાં મરુદેવીને પણ યોગસ્થૈર્યરૂપ ચારિત્રપ્રાપ્તિનું જ સૂચન છે; માટે સંયમમાં પ્રયત્ન જ ચારિત્ર છે. **॥૧૪૩॥**

**અવતરણિકા :-** **चारित्रस्योपयोगरूपत्वे दूषणान्तरमप्याह-**

**અવતરણિકાર્થ :-** ચારિત્રને ઉપયોગરૂપ માનવામાં આવતા બીજાં દૂષણોને પણ સિદ્ધાંતી કહે છે -

ગાથા :- **चरणं जइ उवओगो जिणाण ता हुंति तिन्नि उवओगा ।**
**दोसु अ अंतब्भावे तइअस्स पकप्पणा मोहा ॥१४४॥**

(चरणं यद्युपयोगो जिनानां तद्भवन्तु त्रय उपयोगाः । द्वयोश्चान्तर्भावे तृतीयस्य प्रकल्पना मोघा ॥१४४॥)

**ગાથાર્થ :-** ચારિત્ર જો ઉપયોગરૂપ હોય તો કેવળીઓને ત્રણ ઉપયોગ માનવા પડશે. બેમાં અંતર્ભાવ હોતે છતે તૃતીયની = તૃતીય ઉપયોગની, કલ્પના નિરર્થક થશે, અર્થાત્ જ્ઞાન-દર્શનરૂપ બે ઉપયોગમાં જ ચારિત્રનો અંતર્ભાવ થઈ જતો હોવાથી ત્રણ ઉપયોગ માનવાની આપત્તિ આવતી નથી, એવું જો કહેશો તો તૃતીય ઉપયોગની કલ્પના નિરર્થક થઈ જવાથી કરી શકાશે નહિ; અને તેથી સિદ્ધોને પૃથગ્ ચારિત્ર ગુણ હોવો સિદ્ધ થશે નહિ.

**ટીકા :- यदि चारित्रं शुद्धोपयोगरूपं तदा केवलज्ञानं, केवलदर्शनं यथाख्यातचारित्रं चेति त्रय उपयोगाः केवलिनां प्राप्ताः, इति ''केवलिनो द्वावुपयोगौ'' इत्यागमविरोधः, एवं चारित्रेण सह पर्याप्तसंज्ञिनोऽपि त्रयोदशोपयोगाः प्राप्ता इति ''[1]पज्जसन्निसु बार उवओगा'' [ चतुर्थकर्मग्रन्थ-५ ] इत्याद्युपप्लवान्महदुत्सूत्र-सूत्रणसूत्रधारायितं देवानांप्रियस्य।**

**ટીકાર્થ :- 'यदि'** ચારિત્ર જો શુદ્ધોપયોગરૂપ હોય તો કેવલજ્ઞાન, કેવલદર્શન અને યથાખ્યાતચારિત્ર એ પ્રમાણે ત્રણ ઉપયોગો કેવલીને પ્રાપ્ત થશે. એથી કરીને ''કેવલીને બે ઉપયોગો હોય છે'' એવા આગમ વચનનો વિરોધ આવશે. એ પ્રમાણે ચારિત્રની સાથે પર્યાપ્ત સંજ્ઞીઓને પણ તેર ઉપયોગ પ્રાપ્ત થશે. એથી કરીને **'पज्जसन्निसु बार उवओगा'** પર્યાપ્ત સંજ્ઞીઓને ૧૨ ઉપયોગ છે ઇત્યાદિ (કર્મગ્રંથના પાઠ)નો ઉપપ્લવ થવાના કારણે, મોટા ઉત્સૂત્રના સૂત્રને કરનાર એવા સૂત્રનું ધારાયિત દેવાનાંપ્રિયનું છે. અર્થાત્ મોટા ઉત્સૂત્રનું સૂત્રણ કરવું = ઉત્સૂત્રની રચના કરવી, તે રૂપ સૂત્રનું ધારણ કરવાપણું તારું છે.

❀ જેમ નિશ્ચિત શબ્દ નિશ્ચયના અર્થમાં વપરાય છે તેમ અહીં ધારાયિત શબ્દ 'ધારણ કરવાપણું' અર્થમાં વપરાયેલ છે.

**ટીકા :- अथ शुद्धोपयोगरूपस्य चारित्रस्योपयोगमार्गणाधिकारे साकारतया ज्ञान एवान्तर्भावान्न दोष इति चेत्? हन्त तर्हि साकारोपयोगविभाग एव का व्यवस्था? 'तदात्तज्ञानव्यक्त्यवन्तर्भावान्नाव्यवस्थे'ति चेत्? तर्हि विशिष्टं ज्ञानमेव तदिति तदतिरिक्तचारित्रकथापि निर्मूला। 'कर्मवैचित्र्यात्तद्वैचित्र्यमि'ति चेत्? तर्हि पृथग्भूतस्य सतोऽस्य नोपयोगत्वं, उपयोगत्वे वा प्रागुक्तदोषानुपरम इत्युभयत्रपाशारज्जुः, तस्मादुत्सूत्रप्ररूपणमुत्सृज्य योगस्थैर्यरूपमेव चारित्रमभ्युपेयम्॥१४४॥**

**ટીકાર્થ :- 'अथ' 'अथ'**થી સંપ્રદાયપક્ષી આ પ્રમાણે કહે કે શુદ્ધોપયોગરૂપ ચારિત્રનું સાકારપણું હોવાથી ઉપયોગમાર્ગણાના અધિકારમાં જ્ઞાનમાં જ અંતર્ભાવ થતો હોવાથી દોષ નથી. અર્થાત્ પર્યાપ્તસંજ્ઞીઓને ૧૩ ઉપયોગ પ્રાપ્ત થવાનો દોષ નથી. પરંતુ જ્ઞાનના ઉપયોગમાં જ તેનો અંતર્ભાવ થાય છે?

તેનો ઉત્તર આપતાં સિદ્ધાંતપક્ષી કહે છે કે -

**'हन्त'** તો પછી સાકારોપયોગના વિભાગમાં જ શું વ્યવસ્થા છે? અર્થાત્ કોઈ વ્યવસ્થા નથી.

---

१. सव्वे सन्नि पज्जत्ते उरलं सुहुमे सभासु तं चउसु । बायरि सविउव्विदुगं पज्जसन्निसु बार उवओगा ॥
सर्वे संज्ञिपर्याप्ते औदारिकं सूक्ष्मे सभाषं तच्चतुर्षु । बादरे सवैक्रियद्विकं पर्याप्तसंज्ञिषु द्वादश उपयोगाः ॥

**ભાવાર્થ :-** સામાન્યથી ચારિત્ર જ્ઞાન-દર્શનરૂપ બન્ને ઉપયોગમાં હોય છે. તેથી જો ચારિત્ર ઉપયોગરૂપ કહેવાય તો જ્ઞાન-દર્શનથી ચારિત્રના ઉપયોગને જુદો માનવો પડે. પરંતુ સંપ્રદાયપક્ષીએ શુદ્ધ ઉપયોગરૂપ ચારિત્રને જ મુખ્ય ચારિત્ર સ્વીકારીને કહ્યું કે શુદ્ધ ઉપયોગરૂપ ચારિત્ર સાકાર ઉપયોગરૂપ છે, તેથી જ્ઞાનમાં જ અંતરભાવ પામશે, તેથી પર્યાપ્રસંજ્ઞીને ૧૩ ઉપયોગ માનવાનો પ્રસંગ નહીં આવે. તેને સિદ્ધાંતપક્ષી કહે છે કે ચારિત્રનો જો જ્ઞાનમાં અંતર્ભાવ કરીને તમે પર્યાપ્રસંજ્ઞીને ૧૨ ઉપયોગની સંગતિ કરશો તો પણ સાકારોપયોગનો જ્યારે વિભાગ કરવામાં આવે ત્યારે તેના આઠ વિભાગ કર્યા છે તે થઇ શકશે નહિ. કેમ કે ચારિત્રનો ઉપયોગ ગ્રહણ કરીને ત્યાં ૯ ઉપયોગ કહેવા જોઇએ.

તેના જવાબરૂપે પૂર્વપક્ષી (સંપ્રદાયપક્ષી) આ પ્રમાણે કહે છે-

**ટીકાર્થ :- 'तदात्त'** તદાત્ત જ્ઞાનવ્યક્તિમાં જ અંતર્ભાવ હોવાના કારણે અવ્યવસ્થા નથી. અર્થાત્ ચારિત્રના ઉપયોગથી આત્ત = પ્રાપ્ત એવી, જે જ્ઞાનવ્યક્તિમાં = તે વખતે વર્તતું મતિ-શ્રુત આદિ જે જ્ઞાન હોય તે રૂપ જ્ઞાનવ્યક્તિમાં, ચારિત્રનો અંતર્ભાવ થતો હોવાના કારણે સાકારોપયોગના આઠ વિભાગ સંગત જ છે, માટે અવ્યવસ્થા નથી.

**વિશેષાર્થ :-** અહીં એ પ્રાપ્ત થાય કે જ્ઞાન અને દર્શનનો ઉપયોગ ક્રમસર હોય છે, એક સાથે હોતો નથી. તેથી જ્યારે નિરાકાર એવો દર્શનનો ઉપયોગ હોય ત્યારે પણ ચારિત્રની પ્રાપ્તિ હોઇ શકે; તો પછી શુદ્ધોપયોગરૂપ ચારિત્રનું સાકારપણું છે તેમ કેમ કહ્યું? તેનું તાત્પર્ય એ છે કે શુદ્ધોપયોગ એ નિર્વિકલ્પ દશા છે, અને તે સાકાર છે, નિરાકાર નથી; અને તે સિવાયનું ચારિત્ર પૂર્વપક્ષીને ગૌણરૂપે જ અભિમત છે. અર્થાત્ ચારિત્રના કારણરૂપે જ અભિમત છે, વાસ્તવિક ચારિત્ર તો શુદ્ધોપયોગરૂપ જ છે. તેથી તેનો જ્ઞાનમાં જ અંતર્ભાવ થઇ શકે, દર્શનમાં નહિ. માટે કોઇ દોષ નથી.

**ઉત્થાન :-** સંપ્રદાયપક્ષીના કથનનો ઉત્તર આપતાં સિદ્ધાંતપક્ષી કહે છે -

**ટીકાર્થ :- 'तर्हि'** - તો પછી વિશિષ્ટ જ્ઞાન જ તે છે અર્થાત્ ચારિત્ર છે. એથી કરીને જ્ઞાનથી અતિરિક્ત ચારિત્રની કથા પણ નિર્મૂળ છે. (અને તે સિદ્ધાંતકારને ઇષ્ટ છે, કેમ કે સિદ્ધમાં તેમને જ્ઞાન અભિમત છે અને જ્ઞાનસ્વરૂપ જ ચારિત્ર માનવામાં સિદ્ધાંતીને કોઇ બાધ નથી.)

**'कर्म'** અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, કર્મના વૈચિત્ર્યથી તેનું = ચારિત્રનું, વૈચિત્ર્ય છે.

**ભાવાર્થ :-** જ્ઞાનરૂપ ચારિત્ર હોવા છતાં ચારિત્રમોહનીયકર્મ તે વિશેષ જ્ઞાનનો અવરોધ કરે છે, જ્યારે અન્ય જ્ઞાનનો કેવલજ્ઞાન આવારક કર્મ અવરોધ કરે છે. આ રીતે ઉપયોગરૂપ જ્ઞાન અને ચારિત્ર હોવા છતાં તેના આવારક કર્મના વૈચિત્ર્યથી જ્ઞાન અને ચારિત્રનું વૈચિત્ર્ય છે. આ પ્રમાણે સંપ્રદાયપક્ષી કહે છે.

તેનો ઉત્તર આપતાં સિદ્ધાંતકાર કહે છે -

**ટીકાર્થ :- 'तर्हि'** તો પછી પૃથગ્ભૂત હોવા છતાં આનું=ચારિત્રનું, ઉપયોગપણું નથી. અથવા ઉપયોગપણું હોતે છતે પ્રાગુક્ત દોષનો અનુપરમ છે, એથી કરીને ઉભયત્ર પાશારજ્જુ છે.

**ભાવાર્થ :-** તદ્ આવારક કર્મના વૈચિત્ર્યથી ચારિત્ર અને જ્ઞાનનું વૈચિત્ર્ય માનવાથી જ્ઞાન કરતાં ચારિત્રની પૃથગ્ પ્રાપ્તિ થાય, અને પૃથગ્ભૂત એવા ચારિત્રનું ઉપયોગપણું પ્રાપ્ત થાય નહિ; કેમ કે જ્ઞાન જ ઉપયોગ સ્વરૂપ છે અને ચારિત્ર તેનાથી ભિન્ન છે માટે ઉપયોગરૂપ નથી તેમ પ્રાપ્ત થાય. અને ચારિત્ર ઉપયોગરૂપ નથી એમ સંપ્રદાયપક્ષી સ્વીકારે તો અનન્યગતિથી યોગસ્થૈર્યરૂપ જ ચારિત્ર તેણે માનવું પડે, અને જ્ઞાનથી પૃથગ્ભૂત ચારિત્રને ઉપયોગરૂપ સ્વીકારીએ તો પૂર્વમાં કહેલા દોષો પ્રાપ્ત થાય; અર્થાત્ કેવલીને કેવલજ્ઞાન, કેવલદર્શનની જેમ યથાખ્યાતચારિત્રનો પણ ઉપયોગ માનવાનો પ્રસંગ આવે, એ રૂપ પ્રાગુક્ત દોષનો અનુપરમ છે=પ્રાગુક્ત દોષ અટકતો નથી.

**ઉત્થાન :-** "**यदि चारित्रं ... इत्युभयत्रपाशारज्जुः**" સુધીની ટીકામાં શુદ્ધોપયોગરૂપ ચારિત્ર નથી એ સ્થાપન કરવા સિદ્ધાંતપક્ષીએ જે યુક્તિઓ આપી તેનું નિગમન કરતાં કહે છે -

**ટીકાર્થ :-** '**तस्मात्**' તે કારણથી ઉત્સૂત્ર પ્રરૂપણાને છોડીને યોગસ્થૈર્યરૂપ જ ચારિત્ર સ્વીકારવું જોઈએ (એમ સિદ્ધાંતપક્ષીનું કહેવું છે.) **॥૧૪૪॥**

**અવતરણિકા :- ननु योगस्थैर्यरूपः प्रयत्नः सयोगानामस्तु, अयोगानां तु योगाभावादेव तदभावात्कथं शैलेश्यां चारित्रसंभवः? इत्याशङ्कायामाह-**

**અવતરણિકાર્થ :-** '**ननु**'થી સંપ્રદાયપક્ષી કહે છે કે યોગસ્થૈર્યરૂપ પ્રયત્ન સયોગી કેવલીઓને હો, પણ અયોગી કેવલીઓને તો યોગનો અભાવ હોવાથી જ તેના = યોગના, અભાવથી શૈલેશી અવસ્થામાં કેવી રીતે ચારિત્રનો સંભવ છે? આવી આશંકામાં સિદ્ધાંતી કહે છે -

**ગાથા :- सेलेसीए जत्तो निवित्तिरूवो स चेव थिरभावो ।**
**न य सो सिद्धाणं पि य जं तेसिं वीरियं नत्थि ।।१४५।।**

(शैलेश्यां यत्नो निवृत्तिरूपः स चैव स्थिरभावः । न च स सिद्धानामपि च यत्तेषां वीर्यं नास्ति ।।१४५।।)

**ગાથાર્થ :- શૈલેશીમાં નિવૃત્તિરૂપ પ્રયત્ન છે અને તે સ્થિર ભાવ છે = સ્થિરભાવરૂપ ચારિત્ર છે, અને તે જ = નિવૃત્તિરૂપ યત્ન જ, સિદ્ધોને પણ છે એમ ન કહેવું. અર્થાત્ શૈલેશીમાં તો નિવૃત્તિરૂપ યત્ન છે જ પણ સિદ્ધોને પણ છે એમ ન કહેવું. જે કારણથી તેઓને = સિદ્ધોને, વીર્ય નથી.**

❀ '**चैव**'માં '**एव**'કાર છે તેનો યોગ ગાથાના ઉત્તરાર્ધમાં રહેલા '**सः**'ની સાથે છે. '**स एव**' આ પ્રમાણે અન્વય કરવો અને '**सिद्धानामपि**' પછી '**च**'કાર છે તે પાદપૂર્તિ માટે છે.

**ટીકા :-** **शैलेश्यामपि योगनिरोधोपनीतत्रिगुप्तिसाम्राज्यलक्षणनिवृत्तिप्रयत्नसद्भावात् परमयोगस्थैर्यरूपं चारित्रं निराबाधम्, समितिसाम्राज्यलक्षणस्य प्रवृत्तिरूपस्य योगोपनीतस्य चारित्रस्य बाधेऽपि तदबाधात्। न च वीर्यं विना वीर्यविशेषरूपं चारित्रं कथम्? इति वाच्यं, शैलेशीप्रतिपन्नानां करणवीर्याभावेऽपि लब्धिवीर्यस्याऽबाधितत्वात्। यदार्षम्** ''[1]तत्थ णं जे ते सेलेसी पडिवन्नया ते णं लद्धिवीरिएणं सवीरिया करणवीरिएणं अवीरिया।'' **त्ति। अत एव तेषां सर्वसंवरः सङ्गच्छते। उक्तं च-** ''अयोगिकेवलिष्वेव सर्वतस्संवरो मतः।'' [ ] **इति, शैलेश्यवस्थाचरमसमये सकलकर्मप्रकृतिक्षये हि कर्मनोकर्मणां कार्त्स्न्येन संवरः, अयमेव च नैश्चयिको धर्मः अधर्मक्षयहेतुरिति गीयते।**

**ટીકાર્થ :-** **'शैलेश्यामपि'** શૈલેશી અવસ્થામાં પણ = શૈલેશીની પૂર્વે તો છે પણ શૈલેશી અવસ્થામાં પણ, યોગનિરોધથી ઉપનીત=નિષ્પન્ન થયેલ, ત્રિગુપ્તિના સામ્રાજ્યરૂપ નિવૃત્તિપ્રયત્નનો સદ્ભાવ હોવાથી પરમયોગસ્થૈર્યરૂપ ચારિત્ર નિરાબાધ છે.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે ચારિત્ર યોગના પરિણામરૂપ છે અને શૈલેશી અવસ્થામાં મન-વચન અને કાયાના યોગો જ નથી તો ચારિત્ર કઇ રીતે હોઇ શકે? તેથી કહે છે -

**ટીકાર્થ :-** **'समिति'** સમિતિના સામ્રાજ્યલક્ષણ પ્રવૃત્તિરૂપ યોગોથી નિષ્પન્ન થયેલ ચારિત્રનો બાધ હોવા છતાં પણ, તેનો=ત્રિગુપ્તિના સામ્રાજ્યલક્ષણ નિવૃત્તિપ્રયત્નરૂપ ચારિત્રનો, અબાધ છે. (આ પ્રમાણે સિદ્ધાંતકારે યોગસ્થૈર્યરૂપ ચારિત્ર ૧૪મા ગુણસ્થાનકમાં નિરાબાધ છે એમ બતાવ્યું.)
**'न च'** તે વાતની પુષ્ટિ કરતાં સિદ્ધાંતી કહે છે કે વીર્ય વગર વીર્યવિશેષરૂપ ચારિત્ર કેમ સંભવે? એમ ન કહેવું.

**ઉત્થાન :-** અહીં સંપ્રદાયપક્ષી કહે છે કે યોગસ્થૈર્યરૂપ ચારિત્રને તમે વીર્યવિશેષરૂપ માનો છો, અને ૧૪મા ગુણસ્થાનકે તો કોઇ જાતનું વીર્ય પ્રવર્તતું નથી, માટે ત્યાં વીર્યનો અભાવ છે, તેથી મૂળગુણમાં સ્થિરભાવરૂપ વીર્યવિશેષરૂપ ચારિત્ર પણ ત્યાં હોઇ શકે નહિ. તેના નિરાકરણરૂપે સિદ્ધાંતી કહે છે -

**ટીકાર્થ :-** **'शैलेशी'** - શૈલેશીપ્રતિપન્નને = શૈલેશી અવસ્થા પામેલાને, કરણવીર્યનો અભાવ હોવા છતાં પણ લબ્ધિવીર્યનું અબાધિતપણું છે.

**ભાવાર્થ :-** સિદ્ધાંતકારના કથનનું તાત્પર્ય એ છે કે, ૧૪મા ગુણસ્થાનકે સર્વથા વીર્યનો અભાવ નથી પરંતુ કરણવીર્યનો અભાવ છે, તેથી ત્યાં લબ્ધિવીર્ય નિરાબાધ છે; માટે ત્યાં વીર્યવિશેષરૂપ ચારિત્ર પણ છે.

**વિશેષાર્થ :-** અહીં પ્રશ્ન થાય કે કરણવીર્યનો અર્થ વ્યાપૃત વીર્ય છે અને લબ્ધિવીર્યનો અર્થ અવ્યાપૃત વીર્ય છે, તો જે વીર્ય પ્રવર્તતું ન હોય તે ચારિત્રરૂપ કેમ કહી શકાય? જેમ સંસારવર્તી જીવોમાં લબ્ધિરૂપે અનંતવીર્ય છે છતાં તેના

---

१. प्रज्ञप्ति-१-१-७२ तत्र ये ते शैलेशीप्रतिपन्नकास्ते लब्धिवीर्येण सवीर्याः करणवीर्येण अवीर्याः ।

બળથી સંસારીજીવોને ચારિત્રી કહેવાતા નથી, અને તેમ કહેવાતા હોય તો નિગોદના જીવોમાં પણ લબ્ધિરૂપે અનંતવીર્ય છે, તેના બળથી તેઓને ચારિત્રી માનવાનો પ્રસંગ આવે.

અહીં વિશેષ એ છે કે ૧૩મા ગુણસ્થાનક સુધી મન-વચન અને કાયાના યોગોના પ્રવર્તનથી વ્યાપૃત વીર્ય છે, અને તે કરણવીર્યરૂપ છે. તે કરણવીર્ય મન-વચન અને કાયાના પુદ્ગલોથી પ્રવર્તે છે. તે વીર્ય જ્યારે ઔદયિકભાવમાં પ્રવર્તે છે ત્યારે અચારિત્ર પરિણામરૂપ છે, અને તે જ મન-વચન અને કાયાથી પ્રવર્તતું વીર્ય મૂળગુણોમાં સ્થિરભાવને અનુકૂળ યત્નરૂપ વર્તે છે, ત્યારે ચારિત્ર પરિણામરૂપ છે. અને ૧૩મા ગુણસ્થાનકને અંતે મન-વચન અને કાયાના વ્યાપારના નિરોધને અનુકૂળ જીવમાં યત્ન પ્રાદુર્ભાવ થાય છે, તેનાથી ૧૪મા ગુણસ્થાનકમાં તે યોગોનો નિરોધ થાય છે, તે વખતે જે વીર્ય અત્યાર સુધી પૌદ્ગલિક ભાવમાં પ્રવર્તતું હતું તેમાંથી નિવૃત્ત થવાના યત્ન સ્વરૂપ થયું, તેથી તે ચારિત્રરૂપ છે; અને તે વીર્ય ચેષ્ટારૂપ નહિ હોવાથી લબ્ધિરૂપ છે. અને સંસારવર્તી જીવોમાં અનંતવીર્ય લબ્ધિરૂપે છે તે કર્મથી આવૃત હોવાથી અવ્યાપૃત છે, તેથી તે ચારિત્રરૂપ નથી. જ્યારે ૧૪મા ગુણસ્થાનકમાં તે વીર્યને અવરોધ કરવાનો જીવમાં યત્ન પેદા થયેલો છે, તેનાથી મન-વચન અને કાયાના યોગો અવ્યાપૃત થવાથી ત્રિગુપ્તિનું સામ્રાજ્ય ત્યાં પ્રાપ્ત થાય છે, તે નિવૃત્તિના પ્રયત્નરૂપ લબ્ધિવીર્ય છે; માટે તે ચારિત્રસ્વરૂપ છે.

શૈલેશી અવસ્થામાં કરણવીર્ય નથી અને લબ્ધિવીર્ય છે, તેમાં સાક્ષી આપે છે -

**ટીકાર્થ :- 'यदार्षम्'** જે કારણથી આર્ષ આ પ્રમાણે છે - ત્યાં જેઓ શૈલેશી અવસ્થાને પામેલા છે તેઓ લબ્ધિવીર્ય વડે સવીર્ય હોય છે, કરણવીર્યની અપેક્ષાએ અવીર્ય હોય છે.

❀ **'त्ति'** ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

**'अत एव'** આ જ કારણથી = પૂર્વમાં કહ્યું કે શૈલેશીમાં લબ્ધિવીર્યનું અબાધિતપણું છે આ જ કારણથી, તેઓને = શૈલેશી અવસ્થાવાળા જીવોને, સર્વસંવર ઘટે છે.

**ભાવાર્થ :-** સર્વથા વીર્ય ન હોય તો સર્વસંવરભાવ પેદા થઈ શકે નહિ; કેમ કે કર્મક્ષયને અનુકૂળ મહાયત્ન સ્વરૂપ સર્વસંવર પદાર્થ છે, અને ૧૪મા ગુણસ્થાનકમાં જે લબ્ધિવીર્ય છે તે જીવના મહાયત્નસ્વરૂપ છે. તે આ રીતે -

સંસારવર્તી જીવ ઔદારિકશરીર અને કાર્મણશરીર સાથે સંબંધ ધરાવે છે, તેના કારણે સહજ રીતે સંસારીજીવમાં ચલસ્વભાવતા પ્રાપ્ત થાય છે; અને શૈલેશી અવસ્થામાં તે ચલસ્વભાવના અવરોધ માટેનો મહાયત્ન વર્તતો હોય છે, તેથી વીર્યાંતરાયકર્મના ક્ષયથી પ્રાદુર્ભાવ થયેલું વીર્ય પુદ્ગલમાં પ્રવર્તતું બંધ થાય છે, અને જીવમાં લબ્ધિરૂપે તે વીર્ય પ્રાપ્ત થાય છે; તેથી ત્યાં સર્વસંવરભાવ પ્રાદુર્ભાવ થાય છે. તેમાં સાક્ષીપાઠ આપતાં કહે છે -

**ટીકાર્થ :- 'उक्तं च'**- અને કહ્યું છે - અયોગી કેવલીઓમાં જ સર્વસંવર માન્ય છે. એથી કરીને શૈલેશી અવસ્થાના ચરમ સમયમાં સકળ કર્મપ્રકૃતિનો ક્ષય થયે છતે જ કર્મ અને નોકર્મનો કાર્ત્સ્ન્યથી = સંપૂર્ણતઃ, સંવર છે; અને આ જ = સંપૂર્ણતઃ સંવરરૂપ જ નૈશ્ચયિક ધર્મ, અધર્મના ક્ષયનો હેતુ છે, એ પ્રમાણે કહેવાય છે.

**વિશેષાર્થ :-** અહીં પ્રશ્ન થાય કે અયોગી કેવલીમાં સર્વસંવર છે અને તેનો કાળ અસંખ્યાત સમય પ્રમાણ છે, તો પછી શૈલેશી અવસ્થાના ચરમ સમયમાં સંપૂર્ણતઃ સંવર છે તેમ કેમ કહેવાય? કેમ કે અયોગી કેવલી અવસ્થા અસંખ્યાત સમયની છે, માટે ચરમ સમયથી પૂર્વના સમયોમાં પણ સર્વસંવર હોવો જોઇએ. તેનું સમાધાન એ છે કે સર્વસંવર અયોગી કેવલી અવસ્થામાં જ છે અન્યત્ર નહિ, પરંતુ અયોગી કેવલી અવસ્થામાં પણ સર્વત્ર નથી. જો સર્વત્ર હોય તો અયોગી કેવલીને સર્વસંવર છે તેમ ઉદ્ધરણમાં કહેવું જોઇએ, પરંતુ 'અયોગી કેવલીમાં' સર્વસંવર છે તેમ કહેલ નથી પરંતુ અયોગી કેવલી અવસ્થાના ચરમસમયમાં જ સર્વસંવર કહેલ છે. તેથી અયોગી ગુણસ્થાનકમાં સર્વત્ર સર્વસંવર નથી પણ ચરમ સમયે જ છે.

યદ્યપિ વ્યવહારનયથી શૈલેશી અવસ્થાના ચરમ સમય સુધી જીવ કર્મયુક્ત છે, અને તેના ઉત્તર સમયમાં = સિદ્ધાવસ્થાના પ્રથમ સમયમાં, કર્મરહિત છે; તો પણ નિશ્ચયનયની દૃષ્ટિએ ક્રિયાકાળ અને નિષ્ઠાકાળ એક જ કાળમાં હોવાથી, શૈલેશી અવસ્થાના ચરમ સમયમાં કર્મ છે અને તે જ ચરમ સમયમાં કર્મનો નાશ થાય છે, માટે ત્યાં સકલકર્મપ્રકૃતિનો ક્ષય કહેલ છે. અને સર્વકર્મનો ક્ષય થવાથી ચરમ સમયમાં કર્મનો સંવર છે = કાર્મણ શરીરના ઉદયથી થતા પરિણામના અભાવરૂપ સંવર છે; અને નોકર્મનો સંવર છે, અને નોકર્મનો સંવર એ છે કે કર્મથી ભિન્ન એવા શરીરાદિના પુદ્ગલોથી થતા પરિણામના અભાવરૂપ નોકર્મનો સંવર છે. અર્થાત્ કર્મ અને નોકર્મ દ્વારા થતા જીવના પરિણામનો અભાવ હોવાથી તે બંનેનો જીવમાં સંપૂર્ણતઃ સંવર છે. અને આ સર્વસંવર નૈશ્ચયિક ધર્મ છે = નિશ્ચયનયને અભિમત જીવના પરિણામરૂપ ધર્મ છે = '**वत्थु सहावो धम्मो**' એ સૂત્ર પ્રમાણે જીવના સ્વભાવરૂપ ધર્મ છે. કેમ કે કર્મ અને નોકર્મની અસરથી મુક્ત એવા જીવના પરિણામરૂપ તે સંવર છે, અને સર્વસંવરરૂપ જ નૈશ્ચયિક ધર્મ, અધર્મના ક્ષયનો હેતુ છે.

તાત્પર્ય એ છે કે યદ્યપિ હેતુ = કારણ, પૂર્વક્ષણમાં હોય અને કાર્ય ઉત્તરક્ષણમાં પેદા થાય છે એમ વ્યવહારનયને સંમત છે, પરંતુ નિશ્ચયનયની દૃષ્ટિએ કારણ અને કાર્ય એક જ ક્ષણમાં હોય છે. તેથી જે સમયે આ સર્વસંવરરૂપ નૈશ્ચયિક ધર્મ પેદા થાય તે વખતે અધર્મ હોય તો આ નૈશ્ચયિક ધર્મથી તે અધર્મનો ક્ષય થાય તેમ સ્વીકારવું પડે. પરંતુ પૂર્વક્ષણવર્તી જે અધર્મ છે તેના વિરોધી પરિણામરૂપ આ ધર્મ છે, તેથી છાયા અને આતપની જેમ ધર્મ અને અધર્મનું સહાવસ્થાન નથી; તેથી જ્યારે સર્વસંવરરૂપ નૈશ્ચયિક ધર્મ પેદા થાય છે ત્યારે, પૂર્વક્ષણવર્તી જે અધર્મ હતો તેને દૂર કરીને જ આ ધર્મ પ્રગટ થાય છે. એ પ્રકારના આશયથી આ ધર્મને અધર્મના ક્ષયના હેતુરૂપે કહેલ છે.

સંક્ષેપથી ભાવ એ છે કે, વર્તમાન ક્ષણમાં આ ધર્મ પેદા થાય છે તેની પૂર્વક્ષણમાં કર્મથી થનારા પરિણામરૂપ અધર્મ જીવમાં હોય છે, અને તેનો ક્ષય શૈલેશીના ચરમ સમયમાં થાય છે તેનો હેતુ આ નૈશ્ચયિક ધર્મ છે. જે ક્ષણમાં નૈશ્ચયિક ધર્મ પેદા થાય છે તે જ ક્ષણમાં પૂર્વક્ષણમાં વર્તતા અધર્મનો ક્ષય પણ થાય છે, અને તેનો હેતુ સર્વસંવરરૂપ જ નૈશ્ચયિકધર્મ છે.

**ટીકા :- नन्वयं सर्वसंवरः सिद्धेष्वपि संभवीति कथं तेषां न चारित्रम्? उच्यते, सिद्धिगमनसमये वीर्यस्य क्षयेण तेषां वीर्यविशेषरूपचारित्राऽसंभवात्। प्रज्ञप्तं च प्रज्ञप्तौ,** '[1]तत्थ णं जे ते असंसारसमावण्णगा ते णं सिद्धा, सिद्धा णं अवीरिया' त्ति । **यत्तु सकरणवीर्याभावादवीर्याः सिद्धा इत्येतत्सूत्रव्याख्यानं तन्मतान्तरा-**

---

१. प्रज्ञप्ति १/७२ तत्र ये तेऽसंसारसमापन्नकाः ते सिद्धाः, सिद्धा अवीर्याः ।

**भिप्रायेण संभाव्यते, अन्यथा** '[२]तस्सोदइयाईया भव्वत्तं च विणिवत्तए समयं । संमत्तंनाणदंसणसुहसिद्धत्ताइं मोत्तूणं ॥' [ **वि.भा.३०८७** ] **तथा** [३]समत्तचरित्ताइं साइसंतो अ उवसमिओऽयं । दाणाइलद्धिपणगं चरणं पि य खाइओ भावो । **त्ति-[ वि. भा. २०७८ ] भगवद्भाष्यकारवचोविरोधप्रसङ्गात् । किञ्च सिद्धानां लब्धिवीर्यसत्त्वे** "[४]सिद्धा णं लद्धिवीरिएणं सवीरिया करणवीरिएणं अवीरिया" **त्ति सूत्रकल्पनं स्यात्, यथा** "[५]तत्थ णं जे ते सेलेसीपडिवन्नया ते णं लद्धिवीरिएणं सवीरिया करणवीरिएणं अवीरिया" **त्ति।**

**ટીકાર્થ :- 'नन्वेवं' 'ननु'**થી સંપ્રદાયપક્ષી કહે છે કે આ સર્વસંવર સિદ્ધોમાં પણ સંભવે છે. એથી કરીને તેઓને = સિદ્ધોને, ચારિત્ર કેમ નથી? અર્થાત્ સિદ્ધોમાં પણ ચારિત્ર છે.

તેનું સમાધાન સિદ્ધાંતકાર **'उच्यते'**થી કરે છે -

**'सिद्धिगमन'** સિદ્ધિગમન સમયમાં વીર્યનો ક્ષય હોવાને કારણે તેઓને = સિદ્ધોને, વીર્યવિશેષરૂપ ચારિત્રનો અસંભવ છે. સિદ્ધિગમન સમયમાં વીર્યનો ક્ષય માનવામાં શાસ્ત્રવચન જ પ્રમાણ છે, તેથી તેની સાક્ષીરૂપે પ્રજ્ઞપ્તિનો પાઠ કહે છે -

**'प्रज्ञप्तं'** અને પ્રજ્ઞપ્તિમાં કહ્યું છે - ત્યાં જે (છે) તેઓ અસંસાર સમાપન્નક = સંસારના અભાવને પામેલા છે, તેઓ સિદ્ધ છે = સર્વ કૃત્યો તેમને સિદ્ધ થઇ ચૂક્યાં છે તેવા છે, (અને) સિદ્ધો અવીર્યવાળા છે.

❀ **'त्ति'** ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

આ પ્રજ્ઞપ્તિના સૂત્રથી સિદ્ધો અવીર્યવાળા સિદ્ધ થાય છે, માટે સિદ્ધિગમન સમયમાં વીર્યનો ક્ષય થાય છે; તેથી સિદ્ધમાં ચારિત્ર નથી એમ સિદ્ધાંતકારનું કહેવું છે.

**'यत्तु'** જે વળી સકરણવીર્યના અભાવથી અવીર્યવાળા સિદ્ધો છે એ પ્રમાણે આ સૂત્રનું = ઉક્ત પ્રજ્ઞપ્તિના સૂત્રનું, વ્યાખ્યાન (કરે છે) તે મતાંતરના અભિપ્રાયથી સંભવે છે. અન્યથા **"तस्सोदइयाईया ... मोत्तुणं ॥"** તથા **"समत्तचरित्ताइं ... भावा ॥"** એ પ્રમાણે ભગવાન ભાષ્યકારના વચનનો વિરોધ આવશે.

**ભાવાર્થ :-** પ્રજ્ઞપ્તિસૂત્રના વ્યાખ્યાનમાં જે વળી કથન કરેલ છે કે "સિદ્ધો અવીર્ય હોય છે" તે સકરણવીર્યના અભાવથી કહેલ છે. તેનાથી એ પ્રાપ્ત થાય કે સકરણવીર્ય ન હોવા છતાં સિદ્ધમાં લબ્ધિવીર્ય છે, તેથી તે સૂત્રના બળથી સિદ્ધમાં ચારિત્રનો નિષેધ થઇ શકે નહિ. તેથી સિદ્ધાંતકાર કહે છે કે, તે સૂત્રનું વ્યાખ્યાન મતાંતરના અભિપ્રાયથી સંભવે છે, અને એવું ન માનો તો ભાષ્યકારના વચનનો વિરોધ આવશે.

વિશેષાવશ્યકભાષ્યનો અર્થ આ પ્રમાણે છે -

---

२. तस्यौदयिकादिका भव्यत्वं च विनिवर्त्तते समकम् । सम्यक्त्व-ज्ञान-दर्शन-सुखसिद्धत्वानि मुक्त्वा ॥

३. सम्यक्त्वचारित्रे सादिः सान्तश्चौपशमिकोऽयम् । दानादिलब्धिपञ्चकं चारित्रमपि च क्षायिको भावः ॥

४. सिद्धा लब्धिवीर्येण सवीर्याः करणवीर्येण अवीर्याः ॥

५. तत्र ये ते शैलेशीप्रतिपन्नका ते लब्धिवीर्येण सवीर्याः करणवीर्येण अवीर्याः।

**ટીકાર્થ :-** '**तस्सोदइयाईया**' તેના = સિદ્ધના, સમ્યક્ત્વ-જ્ઞાન-દર્શન-સુખ અને સિદ્ધત્વને છોડીને ઔદયિકાદિભાવો તથા ભવ્યત્વ એકી સાથે નિવર્તન પામે છે.

❀ અહીં '**औदयिकादि**'માં 'આદિ' પદથી ક્ષાયોપશમિક, ઔપશમિક અને ક્ષાયિક ભાવનું ગ્રહણ છે. તેથી સમ્યક્ત્વાદિ પાંચ ભાવોને છોડીને ક્ષાયિક ચારિત્ર અને ક્ષાયિક વીર્ય પણ નિવર્તન પામે છે, તે ભાષ્યકારના વચનથી જ પ્રાપ્ત થાય છે. માટે સિદ્ધમાં વીર્યનો સ્વીકાર કરીએ તો ભાષ્યકારના વચનનો વિરોધ આવે; તેથી પ્રજ્ઞપ્તિસૂત્રનું સિદ્ધમાં લબ્ધિવીર્ય સ્વીકારનાર વ્યાખ્યાન મતાંતરથી જાણવું.

તે રીતે ભાષ્યનું બીજું વચન છે કે '**समत्तचरित्ताइं**' સમ્યક્ત્વ અને ચારિત્ર સાદિ-સાંત અને ઔપશમિક છે. (કેવલ ઔપશમિક સમ્યક્ત્વ અને ઔપશમિક ચારિત્ર સાદિસાંત છે એવું નથી, પરંતુ) દાનાદિલબ્ધિપંચક અને ચારિત્રનો પણ ક્ષાયિકભાવ (સાદિસાંત છે.)

આ પ્રકારના ભાષ્યકારના વચનથી દાનાદિલબ્ધિપંચક ક્ષાયિક હોવા છતાં સાદિસાંત છે, તેથી સિદ્ધોમાં વીર્યનો અભાવ છે. માટે "સકરણવીર્યના અભાવથી અવીર્ય સિદ્ધો છે" એ પ્રજ્ઞપ્તિસૂત્રનું વ્યાખ્યાન મતાંતરથી છે.

**ઉત્થાન :-** આ રીતે ભાષ્યકારના વચનના વિરોધને કારણે "સકરણવીર્યના અભાવથી અવીર્ય સિદ્ધો છે" એ વ્યાખ્યાન મતાંતરથી છે એ બતાવીને હવે યુક્તિથી તેની પુષ્ટિ કરતાં કહે છે -

**ટીકાર્થ :-** '**किञ्च**' વળી સિદ્ધોને લબ્ધિવીર્ય હોતે છતે પ્રજ્ઞપ્તિમાં સિદ્ધોને અવીર્ય કહ્યા, તેના બદલે સિદ્ધો લબ્ધિવીર્યથી સવીર્યવાળા છે અને કરણવીર્યથી અવીર્યવાળા છે એ પ્રમાણે સૂત્રકલ્પના થાય. જેમ - ત્યાં જે તેઓ શૈલેશી અવસ્થાને પામેલા છે તેઓ લબ્ધિવીર્ય વડે સવીર્ય છે, અને કરણવીર્ય વડે અવીર્ય છે, એ પ્રમાણે પ્રજ્ઞપ્તિમાં શૈલેશીને આશ્રયીને સૂત્ર છે. (તેમ સિદ્ધોને આશ્રયીને પણ સૂત્ર કહેવું જોઇએ. પરંતુ તેમ કહ્યું નથી માટે સિદ્ધોમાં વીર્યનો અભાવ છે તેમ માનવું યુક્ત છે.)

**ઉત્થાન :-** '**अथ**'થી સંપ્રદાયપક્ષી પ્રજ્ઞપ્તિના વચનનું સમાધાન કરીને સિદ્ધમાં લબ્ધિવીર્ય છે તેનું સ્થાપન કરતાં કહે છે -

**ટીકા:- अथ शैलेशीप्रतिपन्नसिद्धयोर्लब्धिवीर्याविशेषेऽपि स्वरूपसत्कारणस्याप्यभावात् सिद्धानामवीर्यत्वव्यपदेश इति चेत्? न, एवंविधे हि विवादे भाष्यकारो यमर्थमनुमन्यते तमेवार्थं प्रमाणयामः।**

**ટીકાર્થ:-** '**अथ**' શૈલેશીપ્રતિપન્ન અને સિદ્ધમાં લબ્ધિવીર્યનું અવિશેષપણું હોવા છતાં પણ સ્વરૂપ સત્ કારણનો પણ અભાવ હોવાથી સિદ્ધોને પ્રજ્ઞપ્તિમાં અવીર્યત્વનો વ્યપદેશ છે. આ પ્રમાણે સંપ્રદાયપક્ષી કહે તો સિદ્ધાંતપક્ષી કહે છે કે એમ ન કહેવું.

'**एवंविधे**' કેમ કે આવા પ્રકારનો વિવાદ થયે છતે ભાષ્યકાર જે અર્થને માને છે તે જ અર્થને અમે પ્રમાણ કરીએ છીએ.

**ભાવાર્થ :-** શૈલેશીપ્રતિપન્ન અને સિદ્ધના જીવોમાં બાહ્ય ચેષ્ટાત્મક વીર્ય નહિ હોવા છતાં, વીર્યના આવારક કર્મના ક્ષયથી પ્રાદુર્ભાવ થયેલું લબ્ધિવીર્ય=બાહ્યભાવમાં અસ્ફુરણરૂપ એવું વીર્ય, અવિશેષ=સમાન, છે. પરંતુ શૈલેશીપ્રતિપન્નને તે વીર્યપ્રવર્તનના કારણીભૂત એવા શરીરનો સંબંધ છે, જે સ્વરૂપથી સત્ કારણરૂપ છે=વાસ્તવિક કારણરૂપ છે, કે જેના કારણે તે વીર્ય સ્ફુરણને પામી શકે; જ્યારે સિદ્ધમાં સ્વરૂપ સત્ કારણરૂપ શરીરનો અભાવ છે, તેથી સિદ્ધોમાં લબ્ધિવીર્ય હોવા છતાં અવીર્ય કહ્યા છે અને શૈલેશી અવસ્થાના જીવોને લબ્ધિરૂપે સવીર્ય કહ્યા છે. પણ વસ્તુતઃ લબ્ધિવીર્ય જેમ શૈલેશી અવસ્થામાં છે તેમ સિદ્ધમાં પણ છે, માટે પ્રજ્ઞપ્તિના પાઠના બળથી સિદ્ધોને 'અવીર્ય' કહીને સિદ્ધમાં ચારિત્રનો અભાવ સ્થાપન કરવો યુક્ત નથી. આ પ્રકારનો સંપ્રદાયપક્ષીનો આશય છે. તેનું નિરાકરણ કરતાં સિદ્ધાંતી કહે છે કે એમ ન કહેવું; કેમ કે સિદ્ધોમાં વીર્યનો અભાવ છે માટે પ્રજ્ઞપ્તિમાં 'અવીર્ય' કહ્યા છે, કે સ્વરૂપ સત્ કારણનો અભાવ છે માટે અવીર્ય કહ્યા છે એ પ્રકારનો વિવાદ થયે છતે, ભાષ્યકાર જે અર્થને માને છે તે જ અર્થને અમે પ્રમાણ કરીએ છીએ. અર્થાત્ ભાષ્યકારે દાનાદિલબ્ધિપંચક અને ચારિત્રના ક્ષાયિકભાવને આશ્રયીને પણ સાદિસાંત કહેલ છે, તે અર્થને અમે પ્રમાણ માનીએ છીએ. માટે પ્રજ્ઞપ્તિના સૂત્રનો અર્થ સિદ્ધો અવીર્ય છે એ જ કરવો ઉચિત છે. તેથી સિદ્ધમાં ચારિત્ર નથી તે વાત સંગત છે.

**ટીકા :- अथ चरणदानादिलब्धीनां विकारिणीनामेव तदानीमुपक्षयोऽविकारिणीनां तु सुतरां संभवो, विकारिगुणोपक्षयेऽविकारिगुणप्रादुर्भावनियमात् इति चेत्? किमिदं विकारित्वम्? शरीराद्यपेक्षया प्रवर्त्तमानत्वं तदुत्पाद्यमानत्वं वा? नाद्यः, केवलज्ञानादेरपि तथाभावप्रसङ्गात्। न द्वितीयः, क्षायिकभावस्य शाश्वतत्वात्। "समयान्तरितयोर्ज्ञानदर्शनयोरिव प्रवाहापेक्षयैव शाश्वतत्वमि"ति चेत्? स प्रवाहो यन्निमित्ताधीनस्तन्निमित्तनाशात्तन्नाशः, इति सिद्धं चरणदानादिलब्धीनां सादिसान्तक्षायिकभावत्वम्।**

**ટીકાર્થ :- 'अथ'**થી સંપ્રદાયપક્ષી આ પ્રમાણે કહે કે વિકારી જ એવી ચરણ-દાનાદિ લબ્ધિઓનો ત્યારે = સિદ્ધાવસ્થામાં, ઉપક્ષય છે, પણ અવિકારી એવી દાનાદિલબ્ધિઓનો સુતરાં સંભવ છે; કેમ કે વિકારી ગુણના ઉપક્ષયમાં અવિકારી ગુણના પ્રાદુર્ભાવનો નિયમ છે.

**ભાવાર્થ :-** સંપ્રદાયપક્ષી પોતાની વાતનું સમર્થન કરતાં કહે છે કે, ભાષ્યમાં દાનાદિલબ્ધિપંચકને અને ચારિત્રને આશ્રયીને ક્ષાયિકભાવને સાદિસાંત કહેલ છે, તે વિકારી એવી ચરણ અને દાનાદિલબ્ધિને આશ્રયીને છે; પરંતુ અવિકારી એવી દાનાદિલબ્ધિઓ અને ચારિત્ર સિદ્ધમાં અવશ્ય છે.

**ટીકાર્થ :- 'किमिदं'** આ રીતે સંપ્રદાયપક્ષીએ સિદ્ધમાં અવિકારી એવા ચારિત્ર અને દાનાદિલબ્ધિની સિદ્ધિ કરી ત્યાં સિદ્ધાંતકાર તેને પૂછે છે કે, આ વિકારીપણું શું છે? (૧) શરીરાદિની અપેક્ષાએ પ્રવર્તમાનપણું છે કે (૨) તદુત્પાદ્યમાનપણું = તેના વડે = શરીર વડે, ઉત્પાદ્યમાનપણું છે? આ રીતે સિદ્ધાંતકાર બે વિકલ્પો પાડીને તેનું નિરાકરણ કરતાં કહે છે -

**'नाद्यः'** પહેલો વિકલ્પ = વિકારીપણું શરીરાદિની અપેક્ષાએ પ્રવર્તમાનપણું છે એ પહેલો વિકલ્પ, બરાબર નથી; કેમ કે કેવલજ્ઞાનાદિનો પણ તથાભાવનો પ્રસંગ આવશે.

**ભાવાર્થ :-** કેવલજ્ઞાનકાળમાં દાનાદિ પાંચ અંતરાયો અને ચારિત્રમોહનીયનો ક્ષય થવાથી દાનાદિલબ્ધિપંચક અને ચારિત્ર ક્ષાયિક ભાવનાં પેદા થાય છે; અને કેવલીને શરીર હોય છે તેથી શરીરાદિની અપેક્ષાએ તે દાનાદિલબ્ધિઓ અને ચારિત્ર પ્રવર્તમાન છે, માટે તે વિકારી છે. અને વિકારી એવો તે ક્ષાયિકભાવ સાદિસાંત છે એમ જો સંપ્રદાયપક્ષી કહે તો, કેવલજ્ઞાન પણ તદાવારક કર્મના ક્ષયથી પ્રાદુર્ભાવ થાય છે, અને તે વખતે કેવલીને શરીર છે તેની અપેક્ષાએ કેવલજ્ઞાન પ્રવર્તી રહ્યું છે, તેથી કેવલજ્ઞાનને પણ સાદિસાંત માનવાનો પ્રસંગ પ્રાપ્ત થશે. તેનું સમાધાન સંપ્રદાયપક્ષી આ રીતે કરે કે, કેવલજ્ઞાન તદાવારક કર્મના ક્ષયથી થાય છે માટે શરીરની અપેક્ષાએ પ્રવર્તતું નથી; તો તે જ રીતે ચરણ અને દાનાદિમાં પણ કહી શકાય, માટે પ્રથમ વિકલ્પ બરાબર નથી.

હવે બીજા વિકલ્પનું નિરાકરણ કરતાં સિદ્ધાંતી કહે છે -

**ટીકાર્થ :- 'न द्वितीयः'** બીજો વિકલ્પ=તદુત્પાદ્યમાનપણું - શરીરથી ઉત્પાદ્યમાનપણું તે રૂપ બીજો વિકલ્પ બરાબર નથી, કેમ કે ક્ષાયિકભાવનું શાશ્વતપણું છે.

**ભાવાર્થ :-** શરીર વડે ઉત્પાદ્યમાન = ઉત્પન્ન થતા, હોવાના કારણે ક્ષાયિક એવા ચરણ અને દાનાદિ વિકારી છે એ પ્રમાણે સંપ્રદાયપક્ષી કહે તો બરાબર નથી. કેમ કે સંપ્રદાયપક્ષી સિદ્ધમાં ચારિત્ર માને છે અને કર્મના ક્ષયથી પેદા થયેલા ગુણોને શાશ્વત માને છે, અને તેથી ક્ષાયિક એવી ચરણ-દાનાદિલબ્ધિઓ શરીરથી ઉત્પાદ્યમાન છે માટે વિકારી છે એમ તે કહી શકે નહિ. માટે બીજો વિકલ્પ બરાબર નથી, એમ સિદ્ધાંતકાર કહે છે.

અહીં વિશેષ એ છે કે **'न द्वितीयः'**માં જે હેતુ કહ્યો કે ક્ષાયિકભાવનું શાશ્વતપણું છે તે સિદ્ધાંતકારે કહેલ છે, અને સિદ્ધાંતકારને ક્ષાયિકભાવ શાશ્વતરૂપે અભિમત હોય, તો ક્ષાયિક એવા ચરણ-દાનાદિ સાદિસાંતના બળથી સિદ્ધમાં નથી તેમ તે સ્થાપન કરી શકે નહિ. કેમ કે આ હેતુથી તો સિદ્ધમાં ક્ષાયિક એવું ચારિત્ર છે તેમ સિદ્ધ થાય છે, અને તે સિદ્ધાંતીને અભિમત નથી; માટે સિદ્ધાંતીએ અહીં આ હેતુ સંપ્રદાયપક્ષીને જે રીતે અભિમત છે તે રીતે ગ્રહણ કરીને કહેલ છે. તે આ રીતે - સંપ્રદાયપક્ષી ક્ષાયિકભાવને સાદિ સાંત માનતા નથી પરંતુ સાદિઅનંત માને છે, અને ભાષ્યકારના વચનને સંગત કરવા માટે વિકારી પદાર્થનો અર્થ પૂછતાં તે કહે કે શરીર વડે ઉત્પાદ્યમાન હોય તે વિકારી છે, પરંતુ કર્મના ક્ષયથી પેદા થયેલ એવું ક્ષાયિક ચારિત્ર શરીર વડે ઉત્પાદ્યમાન છે તેમ સંપ્રદાયપક્ષી કહી શકે નહિ, કેમ કે કર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલું ચારિત્ર છે તે ચારિત્રને ફરી શરીરથી ઉત્પન્ન કરવાનું રહેતું નથી, માટે ક્ષાયિકભાવ શાશ્વત છે તેમ કહેલ છે.

**ટીકાર્થ :- 'समयान्तरित'**- અહીં સંપ્રદાયપક્ષી, આ પ્રમાણે કહે કે સમયાન્તરિત એવા જ્ઞાન-દર્શનની જેમ પ્રવાહની અપેક્ષાએ જ ક્ષાયિકભાવો શાશ્વત છે.

**ભાવાર્થ :-** કેવલજ્ઞાન અને કેવલદર્શન ક્ષાયિક છે અને શાશ્વત છે, છતાં જે વખતે કેવલજ્ઞાનનો ઉપયોગ છે તે વખતે કેવલદર્શનનો ઉપયોગ નથી અને કેવલદર્શનનો ઉપયોગ છે તે વખતે કેવલજ્ઞાનનો ઉપયોગ નથી; કેમ કે સમયના આંતરે બંનેના ઉપયોગોના પ્રવાહ ચાલે છે અને તે શાશ્વત છે. તે રીતે ક્ષાયિક ગુણો પણ નવા નવા ઉત્પન્ન થાય છે; તેથી કર્મના ક્ષયથી પેદા થયેલ ક્ષાયિકભાવ બીજી ક્ષણમાં સશરીરીને શરીરની અપેક્ષાએ ઉત્પાદ્યમાન છે, અને જ્યાં

સુધી જીવ સશરીરી છે ત્યાં સુધી તે ક્ષાયિકભાવ શરીર વડે ઉત્પાદ્યમાન છે માટે વિકારી છે; અને શરીરનો અભાવ થયા પછી પ્રતિક્ષણ સ્વતઃ ઉત્પાદ્યમાન છે = જીવના સ્વભાવથી જ એ પ્રવાહ ઉત્પન્ન થાય છે, માટે અવિકારી છે. વળી વિકારી એવો તે ક્ષાયિકભાવ સાદિસાંત છે અને અવિકારી એવો ક્ષાયિકભાવ સિદ્ધમાં છે તે શાશ્વત છે. આ પ્રમાણે સંપ્રદાયપક્ષીનું સમાધાન છે.

સંપ્રદાયપક્ષીના કથનનું નિરાકરણ કરતાં સિદ્ધાંતી કહે છે -

**ટીકાર્થ :- 'स प्रवाहः'** તે પ્રવાહ જે નિમિત્તને આધીન છે તે નિમિત્તના નાશથી તે પ્રવાહનો નાશ થશે, એથી કરીને ચરણ-દાનાદિ લબ્ધિનું સાદિસાંત ક્ષાયિકભાવપણું સિદ્ધ થશે.

**ભાવાર્થ :-** ચરણ-દાનાદિ લબ્ધિઓના આવારક કર્મના ક્ષયથી પ્રાદુર્ભાવ થયેલ ક્ષાયિક ચરણ-દાનાદિ પ્રતિક્ષણ ઉત્પાદ્યમાન અને પ્રવાહ અપેક્ષાએ શાશ્વત છે, એ પ્રમાણે સંપ્રદાયપક્ષીએ કથન કર્યું. તેનો ઉત્તર આપતાં સિદ્ધાંતકાર કહે છે કે, જે શરીરાદિ નિમિત્તને આધીન તે પ્રવાહ છે અર્થાત્ શરીરધારી એવા કેવલીને ચારિત્રમોહાદિકર્મનો ક્ષય થવાથી પ્રાદુર્ભાવ થયેલો તે ચારિત્રાદિનો પ્રવાહ છે, તે વિકારી એટલા માટે કહેલ છે કે તે શરીરરૂપ નિમિત્તને આધીન છે તેથી, જ્યારે તે શરીરરૂપ નિમિત્તનો નાશ થશે ત્યારે ક્ષાયિક ચારિત્રાદિનો નાશ થશે. કેમ કે શરીરાદિ નિમિત્તને આશ્રયીને જ તેઓ ઉત્પન્ન થતા હતા, હવે તેનું ઉત્પાદક નિમિત્ત નહીં હોવાના કારણે ભાવિમાં તેની ઉત્પત્તિનો અસંભવ થશે, તેથી તેના પ્રવાહનો નાશ થશે. માટે ચરણ-દાનાદિલબ્ધિઓ સાદિસાંત ક્ષાયિકભાવે છે એમ સિદ્ધ થાય છે. તેથી સિદ્ધમાં ચારિત્ર નથી.

અહીં વિશેષ એ છે કે ઘટની ઉત્પત્તિમાં દંડ નિમિત્તકારણ છે. ઘટને ઉત્પન્ન કર્યા પછી તે દંડ નાશ પામે તો પણ ઘટ નાશ થતો નથી; પરંતુ ક્ષાયિકભાવના ગુણો સંપ્રદાયપક્ષીએ પ્રવાહરૂપે શાશ્વત માનેલ છે. તેના પ્રાદુર્ભાવમાં તદાવારક કર્મનો ક્ષય જેમ કારણ છે તેમ શરીરરૂપ નિમિત્તને આશ્રયીને ક્ષાયિકભાવનો પ્રવાહ ચાલુ છે, માટે શરીરરૂપ નિમિત્તને આશ્રયીને પ્રતિક્ષણ તે ગુણોનો પ્રવાહ ચાલે છે; જ્યારે તે પ્રવાહના નિમિત્તકારણરૂપ શરીરનો નાશ થશે ત્યારે ઉત્તરમાં તે પ્રવાહ ઉત્પન્ન થઇ શકશે નહિ, તેથી તે પ્રવાહનો નાશ થશે. તેથી ચરણ-દાનાદિલબ્ધિઓ સાદિસાંત ક્ષાયિકભાવે છે તેમ સિદ્ધ થશે. તેથી સિદ્ધમાં ચારિત્ર નથી તેમ સિદ્ધ થશે. આ પ્રમાણે સિદ્ધાંતી કહે છે

**ટીકા :- अथ ज्ञानादिप्रवाह इव चारित्रादिप्रवाहोऽपि न बाह्यनिमित्ताधीनः किन्तु स्वाभाविक एवेति चेत्? न, एवं सत्यव्यापृतवीर्येभ्यस्तीर्थकरादिभ्यस्तीर्थाऽप्रवृत्तिप्रसङ्गात्। एतेन स्वरूपापेक्षयापि शाश्वतत्वमविकारित्वं च परास्तम्।**

**ટીકાર્થ :- 'अथ' 'अथ'**થી સંપ્રદાયપક્ષી આ પ્રમાણે કહે કે જ્ઞાનાદિપ્રવાહની જેમ ચારિત્રાદિપ્રવાહ પણ બાહ્ય નિમિત્તને આધીન નથી પરંતુ સ્વાભાવિક જ છે.

સંપ્રદાયપક્ષીના કથનનું નિરાકરણ કરતાં સિદ્ધાંતી કહે છે કે એમ ન કહેવું, **'एवं'** કેમ કે આમ હોતે છતે અવ્યાપૃતવીર્યવાળા તીર્થંકરાદિથી તીર્થની અપ્રવૃત્તિનો પ્રસંગ આવશે.

**ભાવાર્થ :-** જેમ જ્ઞાનાદિનો પ્રવાહ બાહ્ય નિમિત્તને આધીન નથી, પરંતુ કર્મના ક્ષયથી સ્વાભાવિક જ પ્રવર્તે છે = કર્મનો ક્ષય થવાના કારણે જીવમાં તેવા પ્રકારનો સ્વભાવ હોવાથી જ પ્રવર્તે છે; તેમ ચારિત્રાદિનો પ્રવાહ પણ બાહ્ય નિમિત્તને આધીન નથી પરંતુ સ્વાભાવિક જ છે, માટે તે પ્રવાહ સાદિસાંત નથી પરંતુ સાદિ અનંત છે. તેથી સિદ્ધમાં ચારિત્ર છે એ પ્રકારે સંપ્રદાયપક્ષીનું કથન છે.

તેનું નિરાકરણ કરતાં સિદ્ધાંતી કહે છે કે, જ્ઞાનાદિ પ્રવાહની જેમ ચારિત્રાદિનો પ્રવાહ પણ બાહ્યનિમિત્તને આધીન નથી પણ સ્વાભાવિક છે તેમ માનશો તો, સિદ્ધમાં પરમ નિષ્પ્રકંપતારૂપ ચારિત્ર જે પૂર્વપક્ષીને અનુમત છે તે ચારિત્રનો કેવલજ્ઞાન વખતે ચારિત્રમોહના ક્ષયથી પ્રાદુર્ભાવ માનવો પડે, અને તે જ સ્વાભાવિક પ્રવાહ સદા ચાલે છે તેમ માનવું પડે, તેથી કેવલજ્ઞાન વખતે જ ક્ષાયિકચારિત્રી બધા અવ્યાપૃતવીર્યવાળા પ્રાપ્ત થાય, અને આમ હોતે છતે અવ્યાપૃતવીર્યવાળા એવા તીર્થંકરાદિથી તીર્થના અપ્રવર્તનનો પ્રસંગ આવશે.

અહીં વિશેષ એ છે કે બાહ્ય નિમિત્તને આધીન ચારિત્ર ન માનીએ પરંતુ સ્વાભાવિક માનીએ તો, તે ચારિત્રને સદા એક સરખું જ માનવું પડે. તેથી જેવું ચારિત્ર સિદ્ધમાં સંપ્રદાયપક્ષીને અભિમત છે તેવું જ પરમ સ્થૈર્યરૂપ ચારિત્ર ક્ષાયિકભાવે કેવલીમાં સદા પ્રવર્તે છે એમ માનવું પડે. તેથી સર્વ કેવલીઓને અવ્યાપૃતવીર્યવાળા માનવા પડે. તેથી તીર્થંકરોની તીર્થની અપ્રવૃત્તિની પ્રાપ્તિનો પ્રસંગ આવે. આ પ્રમાણે સિદ્ધાંતીનું કહેવું છે.

**ટીકાર્થ :-** **'एतेन'** આના દ્વારા = પૂર્વમાં કહ્યું કે જો ચારિત્રના પ્રવાહને જ્ઞાનાદિ પ્રવાહની જેમ સ્વાભાવિક માનો પણ બાહ્ય નિમિત્તને આધીન છે તેમ ન માનો તો, તીર્થંકરો અવ્યાપૃતવીર્યવાળા થશે, અને તેથી તીર્થની અપ્રવૃત્તિનો પ્રસંગ પ્રાપ્ત થશે એ કથન દ્વારા, વક્ષ્યમાણ કથન પરાસ્ત છે.

વક્ષ્યમાણ કથન પૂર્વપક્ષીનું એ છે કે ચારિત્ર એ જીવનું સ્વરૂપ હોવાના કારણે સ્વરૂપ અપેક્ષાએ પણ શાશ્વત અને અવિકારી છે.

**ભાવાર્થ :-** ચારિત્ર પ્રવાહની અપેક્ષાએ તો શાશ્વત છે, પણ જીવનું સ્વરૂપ છે એ અપેક્ષાએ પણ કર્મના ક્ષયથી પ્રાદુર્ભાવ થયેલું ચારિત્ર શાશ્વત છે અને જીવનું સ્વરૂપ હોવાને કારણે અવિકારી છે.

સંપ્રદાયપક્ષીનું આ કથન પરાસ્ત એ રીતે છે કે, જો ચારિત્ર જીવના સ્વરૂપરૂપ હોય અને તેથી શાશ્વત અને અવિકારી હોય, તો કેવલજ્ઞાન વખતે ચારિત્રમોહનીયનો ક્ષય થયેલ હોવાના કારણે ચારિત્ર પ્રાદુર્ભાવ થવું જોઇએ. તેથી પૂર્વપક્ષીને જેમ સિદ્ધમાં નિશ્ચલતારૂપ ચારિત્ર અભિમત છે, તેમ કેવલજ્ઞાન વખતે પણ તદાવારક કર્મનો ક્ષય થયેલ હોવાના કારણે પરમ સ્થિરતારૂપ ચારિત્ર પ્રાદુર્ભાવ થવું જોઇએ; તેથી કેવલી અવ્યાપૃતવીર્યવાળા પ્રાપ્ત થાય. માટે ચારિત્ર જીવના સ્વભાવરૂપ નથી પરંતુ શરીરાદિ બાહ્ય નિમિત્તને પણ આધીન છે. તેથી ક્ષાયિક એવું પણ ચારિત્ર શાશ્વત અને અવિકારી છે એ કથન પરાસ્ત જાણવું.

**ઉત્થાન :-** સિદ્ધાંતકારે ચારિત્રને સાદિસાંત ક્ષાયિકભાવરૂપે સ્થાપન કર્યું, અને સંપ્રદાયપક્ષીએ ચારિત્ર સ્વાભાવિક છે એમ કહીને ચારિત્રને સાદિઅનંત સ્થાપન કરવા યત્ન કર્યો. તેનું સિદ્ધાંતીએ નિરાકરણ કર્યું એ વિષયમાં જે બીજા કોઇ કહે છે તે **'यत्तु'**થી બતાવીને તેનું નિરાકરણ કરતાં સિદ્ધાંતી કહે છે -

**ટીકા :- यत्तु मतिज्ञानादीनामिव चरणदानादिलब्धीनां योगसापेक्षाणां विकारित्वमन्यासां त्वविकारित्वं केवलज्ञानस्येवेति-तदसत्, एवं सति मतिज्ञानकेवलज्ञानयोरिव तासां परस्परं स्वरूपवैलक्षण्यप्रसङ्गादिति दिग्॥१४५॥**

**ટીકાર્થ :- 'यत्तु'** જે વળી એમ કહે છે કે મતિજ્ઞાનાદિની જેમ યોગસાપેક્ષ એવી ચરણ-દાનાદિ લબ્ધિઓનું વિકારીપણું છે, અને અન્યોનું = યોગનિરપેક્ષ એવી ચરણ-દાનાદિ લબ્ધિઓનું, કેવલજ્ઞાનની જેમ અવિકારીપણું છે, તે અસત્ છે.

**'एवं सति'** કેમ કે આમ હોતે છતે = યોગસાપેક્ષ ચરણ-દાનાદિ વિકારી અને યોગનિરપેક્ષ ચરણ-દાનાદિ અવિકારી એમ હોતે છતે, મતિજ્ઞાન અને કેવલજ્ઞાનની જેમ તેઓના=ચરણ-દાનાદિ લબ્ધિઓના, પરસ્પર સ્વરૂપવૈલક્ષણ્યનો પ્રસંગ પ્રાપ્ત થાય. **॥૧૪૫॥**

**ભાવાર્થ :-** મતિજ્ઞાન અને કેવલજ્ઞાન બંનેનું પરસ્પર સ્વરૂપવૈલક્ષણ્ય છે, તેથી જ મતિજ્ઞાન ભિન્ન કર્મના ક્ષયોપશમથી પેદા થાય છે અને કેવલજ્ઞાન ભિન્ન કર્મના ક્ષયથી પેદા થાય છે. એ રીતે યોગસાપેક્ષ ચરણ-દાનાદિ લબ્ધિઓ જો વિકારી હોય તો અવિકારી કરતાં તેનું સ્વરૂપ જુદા પ્રકારનું હોવું જોઇએ, અને તેમ હોય તો તેનાં આવારક કર્મ પણ મતિજ્ઞાન અને કેવલજ્ઞાનની જેમ જુદાં હોવાં જોઇએ. પરંતુ શાસ્ત્રમાં વિકારી એવા ચરણ-દાનાદિમાં અને અવિકારી એવા ચરણ-દાનાદિમાં આવારકરૂપે કોઇ જુદાં કર્મોની વ્યવસ્થા બતાવેલી નથી. તેથી આ રીતે મતિજ્ઞાન અને કેવલજ્ઞાનના દૃષ્ટાંતથી એક જ કર્મના ક્ષયથી પ્રાદુર્ભાવ થયેલ ચરણ-દાનાદિને વિકારી અને અવિકારી કહેવાં સંગત નથી. તેથી વિકારી એવાં ચરણ-દાનાદિ સાદિસાંત છે અને અવિકારી એવાં ચરણદાનાદિ સાદિઅનંત છે, તેથી અવિકારી ચરણદાનાદિ સિદ્ધમાં છે તેમ કહી શકાય નહિ એમ સિદ્ધાંતી કહે છે. **॥૧૪૫॥**

**અવતરણિકા :- ननु तथापि** "[१]सा णं भन्ते अकिरिया किं फला? गोयमा! सिद्धिगमणपज्जवसाणफला पन्नत्ता" **इति सूत्रेणाक्रियाया एव सिद्धिगमनपर्यवसानफलत्वप्रतिपादनात् कथं क्रियारूपस्य चारित्रस्य तथात्वम्? इत्यत्राशङ्कायामाह-**

**અવતરણિકાર્થ :- 'ननु'**થી સંપ્રદાયપક્ષી કહે છે કે તો પણ = ગાથા-૧૪૫માં કહ્યું કે શૈલેશીમાં પણ યોગનિરોધથી ઉપનીત ત્રિગુપ્તિસાપ્રાજ્યલક્ષણ નિવૃત્તિપ્રયત્નનો સદ્ભાવ હોવાથી પરમયોગસ્થૈર્યરૂપ ચારિત્ર નિરાબાધ છે તો પણ, **"सा णं भन्ते .. पन्नत्ता"** એ પ્રમાણે સૂત્ર વડે = "હે ભગવન્! તે અક્રિયાનું શું ફળ છે?" "હે ગૌતમ! સિદ્ધિગમનપર્યવસાનફળવાળી=ચરમફળવાળી અક્રિયા કહેવાય છે." એ પ્રમાણે સૂત્ર વડે અક્રિયાનું જ સિદ્ધિગમનપર્યવસાનફલપણું પ્રતિપાદન હોવાથી, ક્રિયારૂપ ચારિત્રનું તથાત્વ=સિદ્ધિગમનપર્યવસાનફલત્વ, કેમ છે? એ પ્રકારની અહીંયાં=ચારિત્રને ક્રિયારૂપ માનીને તેના બળથી સિદ્ધમાં ચારિત્રનો અભાવ સિદ્ધાંતીએ સ્થાપન કર્યો એ કથનમાં, સંપ્રદાયપક્ષીની આશંકા હોતે છતે સિદ્ધાંતી કહે છે -

---

१. प्रज्ञप्ति २-५-१११ सा भगवन् ! अक्रिया किं फला? गौतम ! सिद्धिगमनपर्यवसानफला प्रज्ञप्ता ।

**ભાવાર્થ :-** ગાથા-૧૪૫માં ત્રિગુપ્તિસામ્રાજ્યલક્ષણ નિવૃત્તિપ્રયત્નના સદ્ભાવથી શૈલેશી અવસ્થામાં પણ સિદ્ધાંતીએ ચારિત્રનું સ્થાપન કર્યું, અને એ રીતે પ્રયત્નરૂપ જ સર્વત્ર ચારિત્ર છે તેમ સ્થાપન કર્યું, અને સિદ્ધમાં પ્રયત્ન નહીં હોવાથી ચારિત્ર નથી એમ સિદ્ધાંતકારે કહ્યું; તો પણ '**सा णं ... पन्नत्ता**' આ પાઠ અક્રિયાને જ મોક્ષનું કારણ કહે છે તેથી ક્રિયારૂપ ચારિત્ર સંગત નથી, એવી આશંકાની સંભાવના કરીને તેના જવાબરૂપે ગાથા-૧૪૬માં સિદ્ધાંતી કહે છે-

**ગાથા :-** **अंते य अंतकिरिया सेलेसी अकिरियत्ति एगट्ठा ।**
**नाणकिरियाहि मोक्खो एत्तो च्चिय जुज्जए एयं ॥१४६॥**

(अन्ते चान्तक्रिया शैलेश्यक्रियेत्येकार्थाः । ज्ञानक्रियाभ्यां मोक्षोऽत एव युज्यत एतत् ॥१४६॥)

**ગાથાર્થ :- અંતે અંતક્રિયા, શૈલેશી, અક્રિયા એ પ્રમાણે એક અર્થવાળા શબ્દો છે, આથી કરીને જ = આ ત્રણે એક અર્થવાળા શબ્દો છે આથી કરીને જ, "જ્ઞાન અને ક્રિયા દ્વારા મોક્ષ છે" એ વાત ઘટે છે.**

**ભાવાર્થ :-** અહીં 'અંતે અંતક્રિયા' કહ્યું તેનો ભાવ એ છે કે જીવનના અંતમાં જે અંતક્રિયા છે = સકલ કર્મના ક્ષયને અનુકૂળ એવા જીવના યત્નરૂપ અંતક્રિયા છે, અને તે જ શૈલેશી છે, અને તે જ અક્રિયા છે. આ ત્રણે શબ્દો એકાર્થવાચી છે.

❀ મૂળ ગાથામાં '**अंते य**' '**अंते**' પછી જે '**च**'કાર છે તે પૂર્વ ગાથાના કથનનો સમુચ્ચય કરે છે. તે આ રીતે - ગાથા-૧૪૫માં કહ્યું કે શૈલેશીમાં નિવૃત્તિરૂપ યત્ન છે તે જ સ્થિરભાવ છે, અને તે સિદ્ધોને નથી જે કારણથી તેઓને વીર્ય નથી. ત્યાર પછી અવતરણિકામાં બતાવેલ શંકાને હૈયામાં રાખીને સમુચ્ચય કરતાં ગાથા-૧૪૬માં કહે છે કે, અને અંતમાં અંતક્રિયા, શૈલેશી અને અક્રિયા '**इति एकार्थाः**' **इति** = **एते** = આ ત્રણે, એકાર્થ છે. અને ટીકામાં પણ '**अन्तेऽन्तक्रिया शैलेशी अक्रियेति च ..**' અહીં '**अक्रिया**' પછી '**च**'કાર છે, તે પણ ઉપર મુજબ સમુચ્ચય અર્થમાં છે અને '**इति**' શબ્દ '**एते**'ના અર્થમાં છે.

**ટીકા :- अन्तेऽन्तक्रिया शैलेशी अक्रियेति च खल्वेकार्था एव नानाशब्दाः। कथम्? इति चेत्? उच्यते, शैलेशस्येव मेरोरिव निष्प्रकम्पावस्था खलु शैलेशी, सैव चान्तेऽन्तक्रियेत्यभिधीयते, एजनादीनां तद्विरोधित्वात्, अनेजनादीनां च तदुपकारित्वात्। तथा च प्रज्ञप्तिः-**

"[1]जाव य णं एस जीवे सया समियं जाव परिणमइ तावं च णं तस्स जीवस्स अंते अंतकिरिया हवइ? मियपुत्ता नो इणट्ठे समट्ठे" इत्यादि। अन्ते त्ति-मरणान्ते अंतकिरियत्ति-सकलकर्मक्षयरूपा।

**तथा** "[2]जाव य णं भन्ते सया समियं नो एयइ जाव नो तं तं भावं परिणमइ तावं च णं तस्स जीवस्स अन्ते

प्रज्ञप्ति-३-३-१५३.

१. यावच्च णं एष जीवः सदा समितं यावत् परिणमति तावच्च णं तस्य जीवस्य अन्ते अन्तक्रिया भवति? मृगापुत्र! नायमर्थः समर्थः।

२. यावद् भदन्त! सदा समितं न एजते यावन्न तं तं भावं परिणमति तावच्च तस्य जीवस्य अन्ते अन्तक्रिया भवति हंत यावद् भवन्ति॥

अन्तकिरिया हवइ ? हंता जाव हवइ" [ **प्रज्ञप्ति-३-३-१५३** ] इत्यादि । नो एयइ त्ति=शैलेशीकरणाद्योग-निरोधान्नो एजत इति।

**ટીકાર્થ :-** અંતે ભવાન્તે અંતક્રિયા, શૈલેશી અને અક્રિયા આ ત્રણે એકાર્થવાળા ભિન્ન શબ્દો છે. કેવી રીતે? એ પ્રમાણે કહે તો કહે છે - શૈલેશ=મેરુ, તેના જેવી નિષ્પ્રકંપાવસ્થા શૈલેશી છે; અને તે જ=નિષ્પ્રકંપાવસ્થારૂપ શૈલેશી જ, અંતે અંતક્રિયા એ પ્રમાણે કહેવાય છે. કેમ કે એજનાદિ=કંપનાદિ, તેના=અંતક્રિયાના, વિરોધી છે; અને અનેજનાદિનું=કંપનના અભાવનું, તેનું=અંતક્રિયાનું, ઉપકારીપણું છે. (તેથી અંતક્રિયા નિષ્પ્રકંપાવસ્થારૂપ છે, માટે શૈલેશી સ્વરૂપ છે.)

**વિશેષાર્થ :-** અહીં વિશેષ એ છે કે નિષ્પ્રકંપ અવસ્થારૂપ જ અંતક્રિયા છે એ બતાવવા માટે એજનાદિને તેના વિરોધી કહ્યા, અને અનેજનાદિને તેના ઉપકારક કહ્યા, પણ અંતક્રિયા અનેજનાદિરૂપ છે એમ ન કહ્યું. તેનું તાત્પર્ય એ છે કે, વસ્તુતઃ અનેજન એ નિષ્પ્રકંપાવસ્થારૂપ જ છે, તો પણ નિષ્પ્રકંપાવસ્થાને અનુકૂળ એવો યત્ન અનેજનથી ગ્રહણ કરેલ છે; અને એજનથી કંપનને અનુકૂળ યત્ન ગ્રહણ કરેલ છે. તેથી નિષ્પ્રકંપાવસ્થારૂપ જે અંતક્રિયા છે તેની એજનક્રિયા વિરોધી છે અને અનેજનક્રિયા ઉપકારી છે તેમ કહેલ છે.

**ટીકાર્થ :-** **'तथा'** અને તે પ્રમાણે પ્રજ્ઞપ્તિનો પાઠ છે. તેનો અર્થ આ પ્રમાણે - **'जाव'** જ્યાં સુધી જીવ સદા સમિત = સમ્યગ્ યત્નવાળો છે, અને જ્યાં સુધી પરિણમન પામે છે = નવા નવા ભાવોરૂપે પરિણમન પામે છે = સમ્યક્ પ્રકારના યત્નવાળો હોવાના કારણે આત્માના વિશુદ્ધ-વિશુદ્ધતર નવા નવા ભાવોરૂપે પરિણમન પામે છે, ત્યાં સુધી તે જીવને અંતમાં મરણપ્રાપ્તિરૂપ અંતમાં સકલ કર્મક્ષયરૂપ અંતક્રિયા થાય છે? તે પ્રશ્નનો ભગવાન જવાબ આપે છે કે, હે મૃગાપુત્ર! આ અર્થ સમર્થ નથી =અંતે અંતક્રિયા થતી નથી. તેથી બીજો પ્રશ્ન પૂછે છે તેના સમુચ્ચય માટે **'तथा'** શબ્દ છે.

**'तथा'**- અને જ્યાં સુધી હે ભગવંત! સદા સમિત = સદા સમ્યગ્ યત્નવાળો, એજનક્રિયા કરતો નથી = અનેજનને અનુકૂળ યત્ન કરે છે, અને જ્યાં સુધી તે તે ભાવને પરિણમન પામતો નથી, ત્યાં સુધી તે જીવને અંતમાં અંતક્રિયા થાય છે? તેના જવાબરૂપે ભગવાન કહે છે કે હા, થાય.

❀ **'हंता'** પછી **जाव** છે તે વાક્યાલંકારમાં છે. **इत्यादि** ભગવતીનો પાઠ છે.

**ટીકાર્થ :- नो एयइत्ति** - ભગવતીના પાઠમાં **'नो एजते'** એ પ્રમાણે કહ્યું તેનું કારણ શૈલેશીકરણ હોવાને કારણે યોગનિરોધ થાય છે, તેથી **'नो एजते'** એમ કહેલ છે.

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું કે શૈલેશી અવસ્થા જ અંતે થનારી અંતક્રિયા છે એ પ્રમાણે કહેવાય છે, કેમ કે એજનાદિ તેના વિરોધી છે અને અનેજનાદિ તેના ઉપકારી છે. તેના દ્વારા શૈલેશી અવસ્થા જ અંતક્રિયા છે તેમ બતાવ્યું, અને ત્યાં સાક્ષીરૂપે પ્રજ્ઞપ્તિનો પાઠ બતાવ્યો. એ પાઠમાં **'नो एजते'** કહ્યું. તેના દ્વારા યોગનિરોધને કારણે નિષ્પ્રકંપાવસ્થા છે

તેમ બતાવીને અંતે અંતક્રિયા થાય છે તેમ બતાવ્યું. તેનાથી શૈલેશી અને અંતક્રિયા એક જ છે તેમ સિદ્ધ થયું. તે જ વાતને વિશેષ યુક્તિથી પુષ્ટ કરતાં કહે છે -

**ટીકા :- एजनादिरहितस्तु नारम्भादिषु वर्त्तते, तथा च न प्राणादीनां दुःखापनादिषु, तथा च योगनिरोधाभिधानशुक्लध्यानेन सकलकर्मध्वंसरूपाऽन्तक्रिया भवतीत्येवं चान्तक्रियापि शैलेश्येवेति सिद्धम्, अक्रियापि च सैव, अक्रियापदस्य योगनिरोधे रूढत्वात्।**

**ટીકાર્થ :-** '**एजनादिरहितस्तु**' વળી એજનાદિ રહિત જીવ આરંભાદિમાં વર્તતો નથી, (કેમ કે આરંભ-સમારંભમાં કંપનક્રિયા આવશ્યક છે.) અને તે જ રીતે = જે રીતે આરંભાદિમાં વર્તતો નથી તે જ રીતે, પ્રાણાદિના દુઃખાપનાદિમાં = સ્વના કે પરના દ્રવ્યપ્રાણ કે ભાવપ્રાણને દુઃખ આપવા આદિની ક્રિયામાં, પ્રવર્તતો નથી.

'**तथा च**' અને તે જ રીતે = જે રીતે એજનાદિ રહિત આરંભાદિમાં વર્તતો નથી તે જ રીતે, (એજનાદિ રહિતને) યોગનિરોધ નામના શુક્લધ્યાન દ્વારા સકલ કર્મના ધ્વંસરૂપ અંતક્રિયા થાય છે. એથી કરીને આ રીતે = યોગનિરોધ નામના શુક્લધ્યાન દ્વારા સકલ કર્મના ધ્વંસરૂપ અંતક્રિયા થાય છે એ રીતે, અંતક્રિયા પણ શૈલેશી જ છે.

**इति** = **एतद्** = આ સિદ્ધ છે. અને અક્રિયા પણ તે = અંતક્રિયા જ છે, કેમ કે અક્રિયાપદનું યોગનિરોધમાં રૂઢપણું છે.

❀ '**आरम्भादिषु**' - અહીં '**आदि**' પદથી સંરંભ-સમારંભનું ગ્રહણ કરવું.

❀ '**प्राणादीनां**' અહીં 'આદિ' પદથી કોઈપણ દ્રવ્યના નાશમાં પ્રવર્તતો નથી તેનું ગ્રહણ કરેલ છે, અને '**दुःखापनादिषु**' અહીં 'આદિ' પદથી નાશનું ગ્રહણ કરવું.

**વિશેષાર્થ :-** અહીં અંતક્રિયા એ ક્રિયાના નિરોધને અનુકૂળ યત્નરૂપ હોવા છતાં સકલકર્મધ્વંસરૂપ અંતક્રિયા એટલા માટે કહેલ છે કે, અંતક્રિયા દ્વારા સકલ કર્મનો ધ્વંસ થાય છે, તેથી કાર્ય અને કારણનો કથંચિત્ અભેદ ગ્રહણ કરીને સકલકર્મધ્વંસરૂપ જ અંતક્રિયા કહેલ છે. અને અંતક્રિયા શૈલેશી છે અને યોગનિરોધરૂપ નિષ્પ્રકંપ અવસ્થા એ પણ શૈલેશી છે તેથી, યોગનિરોધરૂપ શુક્લધ્યાન દ્વારા અંતક્રિયા થાય છે એમ કહેવાથી સામાન્યથી વિરોધ દેખાય, કેમ કે યોગનિરોધરૂપ કરણ દ્વારા અંતક્રિયા થાય છે તેમ કહેવાથી અંતક્રિયા અને યોગનિરોધ જુદા છે એમ ભાસે. પરંતુ વસ્તુતઃ યોગનિરોધરૂપ શુક્લધ્યાન એ હેતુ છે, અને તેનું કાર્ય સકલકર્મધ્વંસ છે; અને સકલકર્મધ્વંસરૂપ કાર્યને જ અંતક્રિયારૂપ કહીને તેના કારણભૂત યોગનિરોધને કહેલ છે, તેથી કોઈ વિરોધ નથી. આથી જ અહીં અંતક્રિયા યોગનિરોધરૂપ છે એમ ન કહ્યું, પરંતુ સકલકર્મધ્વંસરૂપ છે એમ કહેલ છે. તેથી તે અપેક્ષાએ યોગનિરોધ અને અંતક્રિયા વચ્ચે કથંચિત્ ભેદ પણ છે. અને અંતક્રિયા પણ શૈલેશી જ છે એમ કહ્યું ત્યાં, અંતક્રિયા પણ યોગનિરોધને અનુકૂળ જીવના યત્નરૂપ જ છે, તેથી અંતક્રિયા અને યોગનિરોધ એક છે. આથી જ પછી કહે છે કે, અને અક્રિયા પણ તે = અંતક્રિયા જ છે, કેમ કે અક્રિયાપદનું યોગનિરોધમાં રૂઢપણું છે.

આનાથી એ પ્રાપ્ત થયું કે, અક્રિયાપદ યોગનિરોધનો વાચક છે. માટે અક્રિયા, યોગનિરોધ અને અંતક્રિયા

આ ત્રણે શબ્દો એકાર્થવાચી છે. આમ છતાં, વિવક્ષાવિશેષથી યોગનિરોધ દ્વારા અંતક્રિયા થાય છે, અર્થાત્ સકલ કર્મનો ધ્વંસ થાય છે તેમ કહી શકાય. માટે કોઇ દોષ નથી.

**ટીકા:- एवं चाक्रियान( ? न्त )क्रियेत्यनयोः समानार्थकत्वादक्रियायां सिद्धिपर्यवसानफलत्वं प्रतिपाद्यमानं क्रियायामेव विश्राम्यतीति न कोऽपि दोषः। युक्तं चैतत् "[1]नाणकिरियाहिं मोक्खो" [ वि. आ. भा. ३ ] इत्यादिना भाष्यकारेणापि ज्ञानक्रियाभ्यामेव तल्लाभप्रतिपादनात्। न वाऽक्रियया मोक्ष इति सूत्रमूढतया भाव्यम्, तत्र क्रियापदस्य प्रवृत्तिपरतया, नञश्च पर्युदासवृत्तितया सर्वसंवररूपनिवृत्तिप्रयत्नस्यैवाभिधानात्॥**

**ટીકાર્થ :- 'एवं च'** અને આ પ્રમાણે = અક્રિયા અંતક્રિયા અને શૈલેશી આ ત્રણે એકાર્થવાચી છે એ પ્રમાણે, અક્રિયા અને અંતક્રિયા એ બંનેનું સમાનાર્થકપણું હોવાથી, અક્રિયાનું પ્રતિપાદ્યમાન સિદ્ધિપર્યવસાનફલપણું ક્રિયામાં જ વિશ્રામ પામે છે; એથી કરીને કોઇ દોષ નથી.

**ભાવાર્થ :-** અક્રિયાનું ફળ સિદ્ધિ છે એમ કહીને તેનાથી એ જ ફલિત થાય છે કે ક્રિયાનું જ ફળ સિદ્ધિ છે, કેમ કે અક્રિયા અને અંતક્રિયા એ બન્ને એકાર્થવાચી છે તેથી અક્રિયાથી મોક્ષ કહીએ કે ક્રિયાથી મોક્ષ કહીએ એ કથનમાં કોઇ દોષ નથી.

**ટીકાર્થ :- 'युक्तं चैतत्'** અને આ = અક્રિયાથી મોક્ષ છે એનો અર્થ ક્રિયાથી મોક્ષ છે એ વાત સિદ્ધ કરી આ, યુક્ત છે. કેમ કે "જ્ઞાન-ક્રિયાથી મોક્ષ" ઇત્યાદિ વચનો દ્વારા ભાષ્યકાર વડે પણ જ્ઞાન અને ક્રિયા દ્વારા જ તલ્લાભનું = મોક્ષલાભનું, પ્રતિપાદન કરેલું છે.

**'न वा'** અને અક્રિયાથી મોક્ષ છે એ પ્રકારે સૂત્રને મૂઢપણાથી ભાવવું નહિ, અર્થાત્ સૂત્રના શબ્દાર્થમાત્રને ગ્રહણ કરીને અર્થ કરવો નહિ, પરંતુ તેનો તાત્પર્યાર્થ વિચારવો. કેમ કે ત્યાં = અક્રિયાથી મોક્ષ છે તે કથનમાં, જે 'અક્રિયા' પદ છે ત્યાં, 'ક્રિયાપદ'નું = અક્રિયામાં વર્તતા 'ક્રિયા' ઇત્યાકારક પદનું, પ્રવૃત્તિપરપણું હોવાથી, અને પૂર્વે જે **'अ'**કાર છે જે નઞાર્થ છે તેનું પર્યુદાસવૃત્તિપણું હોવાથી, સર્વસંવરરૂપ નિવૃત્તિપ્રયત્નનું જ અભિધાન છે, અર્થાત્ 'અક્રિયા' પદથી સર્વસંવરરૂપ નિવૃત્તિપ્રયત્નનું જ અભિધાન છે.

❀ **'न वा' 'न वा'**માં **'वा'**કાર **'च'**કાર અર્થક છે.

**ભાવાર્થ :-** અક્રિયામાં બે પદો છે. **'अ'**કાર નઞવાચી છે, અને 'ક્રિયા' પદ છે તે પ્રવૃત્તિનું વાચક છે. પરંતુ ત્યાં નઞવાચી જે **'अ'**કાર છે તે પ્રસજ્ય પ્રતિષેધ અર્થક નથી, તેથી ક્રિયાના અભાવને બતાવતો નથી; પણ પર્યુદાસાર્થક છે, તેથી વિપરીત ક્રિયાને બતાવે છે.

---

१. नाणकिरियाहिं मोक्खो तम्मयमावस्सयं जओ तेण । तव्वक्खाणारम्भो कारणओ कज्जसिद्धित्ति ॥
ज्ञानक्रियाभ्यां मोक्षः तन्मयमावश्यकं यतस्तेन । तद्व्याख्यानारम्भः कारणतः कार्यसिद्धिरिति ॥

જેમ અજીવમાં 'અ'કાર છે એ જીવના અભાવને બતાવતો નથી, પરંતુ જીવમાં રહેલા ચૈતન્યધર્મના અભાવવાળા દ્રવ્યનું કથન કરે છે. તેમ ક્રિયાવાચી પદ જે પ્રવૃત્તિનું દ્યોતન કરે છે તેના અભાવવાળા પ્રયત્નને 'અક્રિયા' પદ બતાવે છે. અર્થાત્ 'ક્રિયા' ઇત્યાકારકપદ પ્રવૃત્તિવાળા પ્રયત્નને બતાવે છે, 'અક્રિયા' ઇત્યાકારકપદ પ્રવૃત્તિના અભાવવાળા પ્રયત્નને બતાવે છે; પણ ક્રિયારૂપ પ્રયત્નના અભાવને બતાવતું નથી. તેથી અક્રિયાથી મોક્ષ છે એ સૂત્રને મૂઢપણાથી વિચારવું જોઇએ નહિ, પરંતુ પ્રયત્નથી જ મોક્ષ છે એ અર્થ અક્રિયાથી મોક્ષ છે એ પ્રકારના વચનથી પણ પ્રાપ્ત થાય છે.

**ટીકા :- नन्वयं सर्वसंवरो न निवृत्तिरूपः प्रयत्नः अपि तु स्वहेतुबलाधीनकर्मपुद्गलादानच्छेदरूप एवेति चेत्? न, तद्धेतोरेव प्रयत्नरूपत्वाद्, अन्यथा मोक्षस्याऽपुरुषार्थत्वापत्तेः, पुरुषकृत्युत्पाद्यो ह्यर्थः पुरुषार्थ इति॥१४६॥**

**ટીકાર્થ :- 'ननु'** - '**'ननु'**થી સંપ્રદાયપક્ષી આ પ્રમાણે કહે કે, આ સર્વસંવર નિવૃત્તિરૂપ પ્રયત્ન નથી, પરંતુ સ્વહેતુ=કર્મનો હેતુ, જે યોગ તેના બળને આધીન જે કર્મપુદ્ગલોનું ગ્રહણ તેના છેદરૂપ જ છે.

'**न**'-તેનો ઉત્તર આપતા સિદ્ધાંતકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે તેના હેતુનું જ = છેદના હેતુનું જ, પ્રયત્નરૂપપણું છે, અન્યથા = પુદ્ગલના આદાનના છેદમાં પ્રયત્નરૂપપણું ન માનો તો, મોક્ષના અપુરુષાર્થત્વની આપત્તિ આવશે, કેમ કે પુરુષની કૃતિથી ઉત્પાદ્ય અર્થપુરુષાર્થ છે. **॥૧૪૬॥**

**ભાવાર્થ :-** સંપ્રદાયપક્ષીનું કહેવું છે કે, જીવ કર્મપુદ્ગલોને ગ્રહણ કરે છે તે તેના હેતુભૂત એવા મન-વચન-કાયાના યોગને આધીન છે; અને સર્વસંવર પુદ્ગલગ્રહણના છેદરૂપ છે, તેથી તે ત્યારે જ સંભવે કે મન-વચન-કાયાના યોગોમાં જે યત્ન હતો તે બંધ થઇ જાય. તેથી સર્વસંવર ક્રિયાના અભાવરૂપ જ છે પણ પ્રયત્નરૂપ નથી. તેનું સમાધાન કરતાં સિદ્ધાંતકાર કહે છે કે, પુદ્ગલના આદાનના છેદરૂપ કાર્ય પ્રતિ પ્રવૃત્તિરૂપ ક્રિયાનો યદ્યપિ અભાવ હોવા છતાં પ્રયત્નનો અભાવ નથી, પરંતુ નિવૃત્તિરૂપ પ્રયત્ન છે જ. તેથી જ કહે છે કે પુદ્ગલના આદાનના છેદના હેતુનું પ્રયત્નરૂપપણું છે, પણ નહીં કે પ્રયત્નાભાવરૂપપણું. અને પુદ્ગલના આદાનના છેદમાં પ્રયત્નરૂપપણું ન માનો તો મોક્ષને પુરુષાર્થ કહી શકાશે નહિ. કેમ કે પુરુષની કૃતિથી ઉત્પાદ્ય અર્થ પુરુષાર્થ કહેવાય છે, અને મોક્ષ પુરુષની કૃતિથી ઉત્પાદ્ય રહે નહિ. કેમ કે સંપ્રદાયપક્ષી પુદ્ગલગ્રહણના છેદરૂપ જ સર્વસંવર કહે છે = પુદ્ગલગ્રહણ ક્રિયાના અભાવરૂપ સર્વસંવર કહે છે, જે અપ્રયત્નરૂપ છે. તેથી મોક્ષને અપુરુષાર્થ કહેવાનો પ્રસંગ સંપ્રદાયપક્ષીને પ્રાપ્ત થાય. **॥૧૪૬॥**

**અવતરણિકા :- शङ्कते -**

**અવતરણિકાર્થ :-** સંપ્રદાયપક્ષી શંકા કરતાં કહે છે -

ગાથા :- नणु जोगनिरोहेणं चारित्तं सासयं परं होउ ।
अन्नह तेण न मोक्खो उब्भवकाले असंतेणं ॥१४७॥

(ननु योगनिरोधेन चारित्रं शाश्वतं परं भवतु । अन्यथा तेन न मोक्ष उद्भवकालेऽसता ॥१४७॥)

**ગાથાર્થ :- 'ननु'થી સંપ્રદાયપક્ષી શંકા કરે છે કે યોગનિરોધ દ્વારા પરચારિત્ર = પ્રકૃષ્ટ ચારિત્ર, શાશ્વત થાઓ. અન્યથા = યોગનિરોધ દ્વારા પરચારિત્ર શાશ્વત ન થાય તો, ઉદ્ભવકાળમાં અસત્ એવા તેના વડે = અવિદ્યમાન એવા ચારિત્ર વડે, મોક્ષ ન થાય.**

**ભાવાર્થ :-** સિદ્ધાંતકાર મોક્ષમાં ચારિત્રને માનતા નથી. તેની સામે સંપ્રદાયપક્ષી કહે છે કે યોગનિરોધ દ્વારા પ્રકૃષ્ટ ચારિત્ર શાશ્વત થાઓ. નહીંતર મોક્ષના ઉદ્ભવકાળમાં ચારિત્ર માની શકાય નહિ, તેથી મોક્ષના ઉદ્ભવકાળમાં અસત્ એવા ચારિત્ર દ્વારા મોક્ષ થઇ શકે નહિ, કેમ કે જે વસ્તુ સત્ ન હોય તે મોક્ષરૂપ કાર્યને પેદા કરી શકે નહિ.

અહીં વિશેષ એ છે કે નિશ્ચયથી ક્રિયાકાળ અને નિષ્ઠાકાળ એક છે, અને ચારિત્ર મોક્ષરૂપ કાર્યને અનુકૂળ ક્રિયાત્મક છે. સિદ્ધાંતકારને તે ચારિત્ર મોક્ષની ઉત્પત્તિની પૂર્વક્ષણમાં અભિમત છે, પરંતુ મોક્ષની ઉત્પત્તિની ક્ષણથી ચારિત્રનો અભાવ તે માને છે. તેથી સંપ્રદાયપક્ષી કહે છે કે, ક્રિયાકાળ અને નિષ્ઠાકાળ એક હોવાથી મોક્ષના ઉત્પત્તિકાળમાં અસત્ એવી ચારિત્રરૂપ ક્રિયા દ્વારા મોક્ષરૂપ કાર્યની નિષ્પત્તિ થઇ શકે નહિ.

જેમ કરવત દ્વારા છેદન ક્રિયા જે ક્ષણમાં હોય તે જ ક્ષણમાં લાકડાનો છેદ થાય છે, તેમ મોક્ષની ઉત્પત્તિક્ષણમાં ચારિત્રરૂપ ક્રિયા હોય તો જ કર્મથી મુક્તાવસ્થારૂપ=જીવ અને કર્મના વિભાગરૂપ, અવસ્થા નિષ્પન્ન થઇ શકે. અને મોક્ષોત્પત્તિની પ્રથમ ક્ષણમાં ચારિત્ર સિદ્ધ થાય તો તેનું કોઇ નાશક ન હોવાથી તે શાશ્વત સિદ્ધ થઇ જાય. તેથી પ્રકૃષ્ટ ચારિત્ર શાશ્વત છે તેમ સંપ્રદાયપક્ષી કહે છે.

**ટીકા:- यद्यपि चारित्रमोहक्षयेण यथाख्यातचारित्रमुदपादि तथापि योगनिरोधेन परमयथाख्यातरूपं चारित्रमुत्पाद्यताम्, तत्त्वतश्चारित्रमोहस्य तत्प्रतिपन्थित्वेऽपि व्यवहाराद्योगानामपि तत्प्रतिपन्थित्वात्, यथा खल्वचौरोऽपि चौरसंसर्गितया चौर इति व्यपदिश्यते तथा तत्त्वतस्तदप्रतिपन्थित्वेऽपि तत्प्रतिपन्थि-मोहसाहचर्याद्योगा अपि तथा व्यपदिश्यन्ते। तथा च तेषु जाग्रत्सु न परमयथाख्यातरूपं चारित्र-मुन्मीलतीति तन्निरोधादेव तदुत्पाद इति। वस्तुतस्तु परमस्थैर्यरूपं पार्यन्तिकचारित्रं योगोपनीतचलोपकरणताप्रतिबद्ध-मित्येव तन्निरोधेन तदुत्पादः।**

**ટીકાર્થ :- 'यद्यपि'** સંપ્રદાયપક્ષી કહે છે કે, જો કે ચારિત્રમોહના ક્ષય વડે યથાખ્યાતચારિત્ર ઉત્પન્ન થયું તો પણ યોગનિરોધથી પરમયથાખ્યાતચારિત્ર ઉત્પન્ન થાય છે. કેમ કે તત્ત્વથી ચારિત્રમોહનું તત્પ્રતિપંથીપણું=ચારિત્રનું પ્રતિપંથીપણું, હોવા છતાં પણ વ્યવહારથી યોગોનું પણ તત્પ્રતિપંથીપણું = ચારિત્રનું પ્રતિપંથીપણું છે.

જેમ અચૌર=શાહુકાર, પણ ચોરના સંસર્ગીપણાથી ચોર એ પ્રમાણે વ્યપદેશ કરાય છે=કહેવાય છે; તેમ તત્ત્વથી તેના અપ્રતિપંથી=ચારિત્રના અપ્રતિપંથી, હોવા છતાં પણ, તેના પ્રતિપંથી=ચારિત્રના પ્રતિપંથી, મોહના સાહચર્યથી, યોગો પણ તે પ્રમાણે=ચારિત્રના પ્રતિપંથી તરીકે, વ્યપદેશ પામે છે.

**'तथा च'** અને તે પ્રમાણે=ચારિત્રના અપ્રતિપંથી હોવા છતાં પણ ચારિત્રના પ્રતિપંથી મોહના સાહચર્યથી યોગો પણ ચારિત્રના પ્રતિપંથી કહેવાય છે તે પ્રમાણે, તેઓ=યોગો, જાગ્રત હોતે છતે પરમયથાખ્યાતરૂપ ચારિત્ર પ્રકટ થતું નથી. એથી કરીને તેના=યોગના, નિરોધથી જ તેનો=પરમયથાખ્યાતચારિત્રનો, ઉત્પાદ છે.

ꕥ; **"यद्यपि... चारित्रमुत्पाद्यताम्"**માં **"तत्त्वतः ... व्यवहाराद्योगानामपि तत्प्रतिपन्थित्वात्"**સુધીનું કથન હેતુરૂપ છે, ત્યાં કહ્યું કે વ્યવહારથી યોગોનું પણ પરમચારિત્રનું પ્રતિપંથીપણું છે. એ જ વાતને દૃષ્ટાંતથી સ્પષ્ટ કરતાં **"यथा .. तदुत्पाद इति"** સુધીના કથનથી કહેલ છે.

ꕥ **'इति'** શબ્દ એ કથનની સમાપ્તિ સૂચક છે.

**ઉત્થાન :-** આ રીતે દૃષ્ટાંત દ્વારા વ્યવહારથી યોગોનું પણ ચારિત્રનું પ્રતિપંથીપણું છે તે બતાવતાં ત્યાં કહ્યું કે, મોહના સાહચર્યના કારણે યોગો પણ પરમચારિત્રના પ્રતિપંથી છે. ત્યાં પ્રશ્ન થાય કે, મોહદશામાં મોહના સાહચર્યવાળા યોગો હતા, પરંતુ કેવલજ્ઞાન થયા પછી, પૂર્વમાં મોહના સાહચર્યવાળા યોગો હોવા છતાં અત્યારે મોહનો સહચાર નથી, તેથી જો તત્ત્વથી પરમચારિત્રના પ્રતિપંથી યોગો ન હોય તો વ્યવહારનયના ઔપચારિક વ્યપદેશમાત્રથી તેરમા ગુણસ્થાનકે પરમચારિત્રનો અભાવ થઇ શકે નહિ. તેથી **'वस्तुतः'**થી કહે છે -

**ટીકાર્થ :- 'वस्तुतस्तु'** વસ્તુતઃ તો પરમસ્થૈર્યરૂપ પાર્યન્તિકચારિત્ર યોગથી ઉપનીત ચલોપકરણતાથી પ્રતિબદ્ધ છે, એથી કરીને જ તેના=યોગના, નિરોધથી તેનો = પરમસ્થૈર્યરૂપ પાર્યન્તિકચારિત્રનો, ઉત્પાદ છે.

**ભાવાર્થ :- 'यद्यपि'**થી સંપ્રદાયપક્ષી કહે છે કે, ચારિત્રમોહનીયના ક્ષયથી યથાખ્યાતચારિત્ર ઉત્પન્ન થાય છે અને યોગનિરોધથી પરમયથાખ્યાતચારિત્ર પેદા થાય છે. તેનું કારણ નિશ્ચયનયને આશ્રયીને પરમયથાખ્યાતચારિત્રનું પ્રતિબંધક ચારિત્રમોહનીય હોવા છતાં વ્યવહારનયથી યોગો પણ ચારિત્રના પ્રતિબંધક છે, તેથી તેરમા ગુણસ્થાનકે ચારિત્રમોહનીયનો ક્ષય થયેલો હોવા છતાં યોગનિરોધ પછી જ પરમયથાખ્યાતચારિત્ર પેદા થાય છે. અને એ જ ભાવ દૃષ્ટાંત દ્વારા સ્પષ્ટ કરે છે કે, જેમ ચોર ન હોવા છતાં ચોરના સંસર્ગને કારણે અચોર પણ ચોર કહેવાય છે, તેમ યોગો ચારિત્રના પ્રતિબંધક નહિ હોવા છતાં ચારિત્રના પ્રતિબંધક એવા મોહના સહચારવાળા હોવાથી ચારિત્રના પ્રતિબંધક કહેવાય છે. તેથી યોગનિરોધ પછી જ પરમયથાખ્યાતચારિત્રનો ઉત્પાદ થાય છે એ પ્રમાણે વ્યવહારનયને આશ્રયીને કથન કર્યું. ત્યાં પ્રશ્ન થાય કે, નિશ્ચયનયથી ચારિત્રમોહનીય જ પરમયથાખ્યાતચારિત્રનો પ્રતિબંધક હોય, અને વ્યવહારનયથી મોહના સહચારવાળા યોગ હોવાને કારણે તેને ઉપચારથી પરમયથાખ્યાતચારિત્રના પ્રતિબંધક કહે, એટલામાત્રથી ચારિત્રમોહનીય કર્મનો ક્ષય થયા પછી પરમચારિત્ર કેમ પ્રગટ ન થાય? તેથી ઉપચરિત વ્યવહારનયનો આશ્રય છોડીને **'वस्तुतः'**થી સંપ્રદાયપક્ષી કહે છે કે, ચારિત્રનું આવારક કર્મ ચારિત્રમોહનીય છે અને તેના વિગમનથી પરમસ્થૈર્યરૂપ ચારિત્ર પ્રગટ થવું જોઇએ; આમ છતાં, યોગને કારણે આત્મામાં જે ચંચળતા છે તે પરમચારિત્રનો પ્રતિબંધક છે, તેથી ૧૩મા ગુણસ્થાનકે પરમચારિત્ર પ્રગટ થતું નથી. તેથી યોગના નિરોધથી પરમયથાખ્યાતચારિત્રની ઉત્પત્તિ છે.

**ટીકા :- युक्तं चैतत्, अन्यथा सयोगिकेवलिनामपि मुक्तिप्रसङ्गात्, ज्ञानदर्शनचारित्ररूपस्य मोक्षमार्गस्य तदानीमबाधितत्वात्, न च कारणान्तरविलम्बादेव तद्विलम्बो युक्तः, समुदितानामेतेषामविलम्ब्यकारणत्वप्रतिपादनायैव** "सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः" **[ त. सू. १-१ ] इति सूत्रे विशेषणविशेष्यभावेऽपि वचनभेदनिर्देशात् तस्मात्तदानीं योगनिरोधोपनीतपरमचारित्राभावादेव परमज्ञानदर्शनसत्त्वेऽपि न मोक्षोत्पाद इति युक्तमुत्पश्यामः।**

**ટીકાર્થ :- 'युक्तं चैतत्'** - અને આ યુક્ત છે, અર્થાત્ પરમસ્થૈર્યરૂપ પાર્યન્તિકચારિત્ર યોગઉપનીત ચલોપકરણતા વડે પ્રતિબદ્ધ છે, એથી કરીને જ યોગના નિરોધથી પરમસ્થૈર્યરૂપ ચારિત્રનો ઉત્પાદ છે એ યુક્ત છે.
**'अन्यथा'** - એમ ન માનો તો અને ચારિત્રમોહનીય પરમસ્થૈર્યરૂપ ચારિત્રનો પ્રતિબંધક છે અને તેના વિગમનથી પરમસ્થૈર્યરૂપ ચારિત્ર પેદા થાય છે એમ માનો તો, સયોગી કેવલીને પણ મુક્તિનો પ્રસંગ આવે. કેમ કે જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ મોક્ષમાર્ગનું ત્યારે=સયોગી અવસ્થામાં, અબાધિતપણું છે.

**ભાવાર્થ :-** જેમ જ્ઞાન-દર્શનના આવારક કર્મનું વિગમન થવાથી પરિપૂર્ણ જ્ઞાન-દર્શન પ્રાદુર્ભાવ થાય છે, તેમ સયોગી કેવલીને ચારિત્રમોહનીયનો ક્ષય થયેલો હોવાથી પરમચારિત્ર પણ છે, તેમ માનવાનો પ્રસંગ આવે. તેથી જ્ઞાન-દર્શન-ચારિત્ર પરિપૂર્ણ થઇ ગયેલ હોવાના કારણે તરત જ મુક્તિનો પ્રસંગ આવે. પરંતુ વાસ્તવિક રીતે પરમસ્થૈર્યરૂપ ચારિત્રનું આવારક કર્મ ચારિત્રમોહ છે તેના વિગમન પછી પણ તે પ્રગટ થવામાં યોગોપનીત ચલોપકરણતા પ્રતિબંધક છે. તેથી જ્યાં સુધી યોગનિરોધ થતો નથી ત્યાં સુધી પરમચારિત્ર ઉત્પન્ન થતું નથી. માટે કેવલજ્ઞાન થયા પછી સયોગી કેવલી અવસ્થામાં પ્રકૃષ્ટ ચારિત્ર નથી, માટે મુક્તિનો પ્રસંગ નથી. તેથી યોગનિરોધથી ઉપનીત ચલોપકરણતાને પરમસ્થૈર્યરૂપ ચારિત્રનું પ્રતિબંધક માનવું તે યુક્ત છે.

**ટીકાર્થ :- 'न च'** અહીં પૂર્વપક્ષી=સિદ્ધાંતપક્ષી કહે છે કે, કારણાંતરના વિલંબથી જ (સયોગીકેવલીને) તેનો = મોક્ષનો, વિલંબ યુક્ત છે. તો સંપ્રદાયપક્ષી કહે છે કે એમ કહેવું યુક્ત નથી. કેમ કે સમુદિત એવા એઓનું = જ્ઞાન-દર્શન-ચારિત્રનું, અવિલંબ્ય કારણત્વ પ્રતિપાદન માટે જ **"सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः"** એ પ્રમાણે તત્ત્વાર્થસૂત્રમાં વિશેષણ-વિશેષ્યભાવમાં પણ વચનભેદનો નિર્દેશ છે. તે કારણથી=કારણાંતર વિલંબને કારણે મોક્ષનો વિલંબ નથી તે કારણથી, ત્યારે=સયોગીકેવલીમાં, યોગનિરોધથી ઉપનીત પરમચારિત્રનો અભાવ હોવાથી જ પરમ જ્ઞાન-દર્શન હોવા છતાં પણ મોક્ષનો ઉત્પાદ થતો નથી, એ પ્રમાણે યુક્ત અમે જોઇએ છીએ.

**ભાવાર્થ :-** સયોગીકેવલીને પ્રકૃષ્ટ જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ પ્રાપ્ત થઇ જાય છે, પરંતુ યોગઅભાવરૂપ જે કારણાંતર છે તેના વિલંબથી જ સયોગીકેવળીને મોક્ષનો વિલંબ છે. જ્યારે યોગનિરોધ થાય છે ત્યારે તે કારણાંતરની પ્રાપ્તિ થાય છે અને તે વખતે મોક્ષ થાય છે, આ પ્રમાણે સિદ્ધાંતપક્ષીનું કહેવું છે. તેના નિરાકરણરૂપે સંપ્રદાયપક્ષી કહે છે કે એ પ્રમાણે કહેવું યુક્ત નથી, કેમ કે **"सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः"** એ પ્રમાણે તત્ત્વાર્થસૂત્રમાં =

સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્ર મોક્ષમાર્ગ છે, એ કથનમાં **"मोक्षमार्गाणि"** ન કહેતાં **"मोक्षमार्ग:"** એ પ્રમાણે એકવચનમાં પ્રયોગ કરેલ છે, તેનાથી એ પ્રાપ્ત થાય કે, ત્રણેનો સમુદાય તે પરિપૂર્ણ મોક્ષમાર્ગ છે; અને જ્યારે એ ત્રણે પ્રકૃષ્ટ હોય ત્યારે વિલંબ વગર કાર્ય થવું જોઇએ એ બતાવવા માટે જ વચનભેદ કહેલ છે. તેથી તે ત્રણથી અતિરિક્ત કોઇ કારણાંતર નથી કે જેના વિલંબથી સયોગીકેવલીને મોક્ષનો વિલંબ છે તેમ કહી શકાય. તેથી સયોગીકેવળીને સમુદિત એવા કારણઅંતર્ગત યોગનિરોધ ઉપનીત પરમચારિત્રનો અભાવ હોવાથી પરમ જ્ઞાન અને પરમ દર્શન હોવા છતાં મોક્ષોત્પાદ થતો નથી, એ યુક્ત અમે જોઇએ છીએ.

**ટીકા:-**"सो उभयक्खयहेऊ" **इत्यादिवचनान्यप्येतदर्थानुपातीनि, शैलेशीचरमसमयभाविनश्चारित्ररूपधर्मस्य शाश्वतस्यैव सतो मोक्षजनकत्वात्, तदानीं चारित्रनाशे च यदेवोत्पाद्यते तदेव नाश्यत इति महत्सङ्कटम्।**

**ટીકાર્થ :-"सो उभयक्खयहेऊ"** તે = શૈલેશીના ચરમસમયભાવી ચારિત્ર, ઉભય ક્ષયનો = ધર્માધર્મ ઉભય ક્ષયનો,=પુણ્યપાપરૂપ ઉભય ક્ષયનો, હેતુ છે; ઇત્યાદિ વચનો પણ આ જ અર્થના = યોગનિરોધ દ્વારા પરમ યથાખ્યાતરૂપ શાશ્વત ચારિત્ર ઉત્પન્ન થાય છે આ જ અર્થના, અનુપાતી છે.

**'शैलेशी'** કેમ કે શૈલેશીના ચરમસમયભાવી ચારિત્રરૂપ ધર્મનું શાશ્વત જ હોતે છતે મોક્ષજનકપણું છે.

તેની જ પુષ્ટિ કરતાં કહે છે-

**'तदानीं'** - ત્યારે = મોક્ષમાં, ચારિત્રનો નાશ થયે છતે જ્યારે (ચારિત્ર) ઉત્પન્ન થાય છે ત્યારે જ નાશ કરાય છે એ પ્રકારનું મહદ્ સંકટ છે.

**ભાવાર્થ :- 'इत्यादिवचनान्यपि'** અહીં **'अपि'** શબ્દ છે તેનું તાત્પર્ય એ છે કે પૂર્વમાં બતાવેલ યુક્તિ દ્વારા તો તે સિદ્ધ જ છે કે, ચારિત્રમોહના ક્ષયથી યદ્યપિ યથાખ્યાતચારિત્ર ઉત્પન્ન થાય છે તો પણ યોગનિરોધ દ્વારા પરમયથાખ્યાતરૂપ શાશ્વત ચારિત્ર ઉત્પન્ન થાય છે; પરંતુ **'सो उभयक्खयहेऊ'** ઇત્યાદિ અન્ય શાસ્ત્રીય વચનો પણ એ જ અર્થને અનુસરનારાં છે, કારણ કે શૈલેશી ચરમસમયભાવી ચારિત્રધર્મ શાશ્વત જ હોતે છતે મોક્ષજનક છે. અને તેની પુષ્ટિ કરતાં **तदानीं ... महत्सङ्कटम्** સુધી જે કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, જો ચારિત્રને શાશ્વત ન માનવામાં આવે તો સિદ્ધમાં ચારિત્રનો નાશ સ્વીકારવો પડે; અને સિદ્ધમાં ચારિત્રનો નાશ સ્વીકારવા માટે સંસારની અંતક્ષણમાં એ પરમયથાખ્યાતચારિત્ર ઉત્પન્ન થાય છે તે જ ક્ષણમાં તેનો નાશ સિદ્ધાંતકારને માનવો પડે. અને ઉત્પત્તિક્ષણમાં જ નાશ સ્વીકારી શકાય નહિ કેમ કે ઉત્પત્તિ એટલે ભાવ અને નાશ એટલે તેનો અભાવ. તેથી એક જ વસ્તુનો એક જ ક્ષણમાં ભાવ અને અભાવ સાથે સ્વીકારી શકાય નહિ અને સંસારની અંતક્ષણમાં તેનો નાશ થતો ન હોય અને મુક્તિની પ્રથમ ક્ષણમાં તેના નાશની ઉત્પત્તિ માનવામાં આવે, તો મુક્તિની પ્રથમ ક્ષણમાં તેનું અસ્તિત્વ હતું અને તે જ ક્ષણમાં તેના નાશની ઉત્પત્તિ થઇ તેમ માનવું પડે. તેથી મુક્તિની પ્રથમ ક્ષણમાં તેનું અસ્તિત્વ સ્વીકારવાની આપત્તિ આવે, અને તેમ સ્વીકારીએ તો જેમ મોક્ષની પ્રથમ ક્ષણમાં ચારિત્ર છે તેમ દ્વિતીયાદિ ક્ષણોમાં પણ છે તેમ માનવું પડે. કેમ કે પ્રથમ ક્ષણમાં ચારિત્ર છે તેમ સિદ્ધ થાય તો પછી મોક્ષમાં ચારિત્ર નથી તેમ સિદ્ધાંતકાર કહી શકે નહી.માટે મુક્તિની પૂર્વ ક્ષણમાં જ તેનો નાશ સ્વીકારવો પડે. જેમ કર્મોનો નાશ પણ અયોગીગુણસ્થાનકના ચરમ સમયમાં મનાય છે તેથી જ મુક્તિની પ્રથમ ક્ષણમાં કર્મ નથી, તેમ અયોગીગુણસ્થાનકના

ચરમ સમયમાં જ પરમચારિત્રનો નાશ માનવો પડે, તેથી જે ક્ષણમાં તે ચારિત્ર ઉત્પન્ન કરાય છે તે જ ક્ષણમાં નાશ કરાય છે તે માનવારૂપ મોટું સંકટ આવે છે. માટે તે પરમચારિત્ર શાશ્વત જ છતાં મોક્ષજનક છે તેમ માનવું જોઇએ.

અહીં વિશેષ એ છે કે સિદ્ધમાં ચારિત્ર નહીં માનનાર સિદ્ધાંતપક્ષી પરમયથાખ્યાતચારિત્ર શૈલેશીના ચરમ સમયે માને છે, અને સિદ્ધની પ્રથમ ક્ષણમાં તેનો નાશ માને છે. જ્યારે સંપ્રદાયપક્ષી એ કહેવા માંગે છે કે, જો સિદ્ધને પ્રથમ ક્ષણમાં ચારિત્રનો અભાવ તમારે માનવો હોય તો તેનો નાશ સિદ્ધની પ્રથમ ક્ષણમાં માની શકાય નહિ, પરંતુ શૈલેશીના ચરમ સમયે જ તેનો નાશ માનવો પડશે; કેમ કે તે ક્ષણમાં વિદ્યમાન વસ્તુનો જ તે ક્ષણમાં નાશ થઇ શકે. અને સિદ્ધની પ્રથમ ક્ષણમાં જો તે ચારિત્ર વિદ્યમાન હોય તો જ તે ક્ષણમાં તેનો નાશ થઇ શકે, અને તમે મોક્ષની પ્રથમ ક્ષણમાં ચારિત્ર માનતા નથી, માટે શૈલેશીની ચરમ ક્ષણમાં તેનો નાશ તમારે માનવો પડે અને પરમચારિત્ર ચૌદમા ગુણસ્થાનકની ચરમક્ષણમાં જ ઉત્પન્ન થાય છે, અને તે જ ક્ષણમાં તેનો નાશ તમે માનો તો **ઉત્પત્તિક્ષણ અને નાશક્ષણ એક જ માનવારૂપ મોટું સંકટ (મોટો દોષ) આવે.** માટે ચારિત્રને શાશ્વત સ્વીકારીને જ મોક્ષજનક છે એમ માનવું જોઇએ.

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું કે જ્યારે ચારિત્ર ઉત્પન્ન થાય છે ત્યારે જ ચારિત્રનો નાશ સ્વીકારો તો મોટું સંકટ પ્રાપ્ત થશે. તેના નિવારણરૂપે કોઇ બીજા વડે યુક્તિ બતાવવામાં આવે કે ઋજુસૂત્રનયને અવલંબીને અમે પ્રવાહી ચારિત્રને માનીએ છીએ અને તે પ્રયત્નવિશેષરૂપ છે. તે પ્રયત્નવિશેષરૂપ ચારિત્ર ૧૪મા ગુણસ્થાનકના અંતસમય સુધી પ્રવાહરૂપે ચાલે છે અને મોક્ષની પ્રથમ ક્ષણમાં તે પ્રવાહ નથી. તેથી ૧૪મા ગુણસ્થાનકની ચરમ ક્ષણમાં તે ચારિત્રની ઉત્પત્તિ અને ચારિત્રના નાશની પ્રાપ્તિનું મોટું સંકટ રહેશે નહિ. તેનું નિરાકરણ કરતાં સંપ્રદાયપક્ષી કહે છે-

**ટીકા :- यैरप्युच्यते प्रयत्नविशेषरूपं प्रवाहिचारित्रं तदानीं नश्यतीति तेषामपि तन्मोक्षजनकमिति वचोव्याघातमाप्नोति, न खलु कार्योत्पादसमयेऽसतः कारणत्वं नाम, तद्व्यतिरेके तद्व्यतिरेकाभावात्।**

**ટીકાર્થ :- "यैरप्युच्यते"** - વળી, પ્રયત્નવિશેષરૂપ પ્રવાહી ચારિત્ર ત્યારે=મોક્ષની પ્રથમ ક્ષણમાં, નાશ પામે છે એ પ્રકારે જેઓ વડે પણ કહેવાય છે, તેઓને પણ તે=પ્રવાહી ચારિત્ર, મોક્ષજનક છે એ પ્રકારના વચનનો વ્યાઘાત પ્રાપ્ત થાય છે, કેમ કે કાર્યના ઉત્પાદ સમયમાં અસત્ વસ્તુનું કારણપણું નથી. કેમ કે તેના=અસત્ એવી વસ્તુના, વ્યતિરેકમાં=અભાવમાં, તદ્વ્યતિરેકનો=કાર્યના વ્યતિરેકનો, અભાવ છે. અર્થાત્ મોક્ષની ઉત્પત્તિક્ષણમાં અસત્ એવા પ્રવાહી ચારિત્રરૂપ વસ્તુના અભાવમાં મોક્ષના અભાવનો અભાવ છે અર્થાત્ મોક્ષનો સદ્ભાવ છે.

**ભાવાર્થ :-** કેટલાક એમ કહે છે કે ચારિત્ર એ પ્રયત્નવિશેષરૂપ છે અને તે મૂળગુણમાં યત્નરૂપ છે, અને તે પ્રતિક્ષણ વૃદ્ધિ પામતું યથાખ્યાતચારિત્ર બને છે, અને તે યથાખ્યાતચારિત્ર પણ કર્મનિર્જરારૂપ કાર્ય કરે છે. પ્રતિક્ષણ તે ચારિત્રની ધારા નવી નવી ઉત્પન્ન થાય છે તેથી તે પ્રવાહી ચારિત્ર ૧૪મા ગુણસ્થાનકના ચરમ સમય સુધી ચાલે છે અને કર્મની નિર્જરારૂપ કાર્ય કરે છે, અને મોક્ષની પ્રથમ ક્ષણમાં તે ચારિત્ર નાશ પામે છે. આ પ્રકારે જેઓ વડે=સિદ્ધાંતપક્ષને માનનારા વડે, કહેવાય છે, તેઓ તે ચારિત્રને મોક્ષજનક પણ માને છે. પરંતુ તે વચન તેઓનું પરસ્પર વિરોધી છે, કેમ કે મોક્ષરૂપ કાર્યના ઉત્પાદ સમયમાં તે ચારિત્ર નથી તેથી મોક્ષરૂપ કાર્યમાં તે કારણ કહી

શકાય નહિં. આમ છતાં, તે ચારિત્રને તેઓ મોક્ષજનક કહે છે અને મોક્ષની પ્રથમ ક્ષણમાં ચારિત્રનો અભાવ કહે છે તે તેમના વચનનો પરસ્પર વિરોધ છે. કેમ કે તેના વ્યતિરેકમાં=કારણ તરીકે અભિમત વસ્તુના વ્યતિરેકમાં= અભાવમાં, કાર્યનો અભાવ હોવો જરૂરી છે. પરંતુ જો તેના વ્યતિરેકમાં = કારણના વ્યતિરેકમાં, કાર્યના વ્યતિરેકનો =અભાવનો, અભાવ (કાર્યનો સદ્‌ભાવ) હોય તો તે વસ્તુ કારણ ન કહેવાય.

જેમ વસ્ત્રની ફાડવાની ક્રિયા લાકડાના વિભાગ પ્રતિ કારણ નથી, તેથી વસ્ત્રની છેદનક્રિયાના અભાવમાં લાકડાના વિભાગરૂપ કાર્યના વ્યતિરેકનો અભાવ=લાકડાના વિભાગના અભાવનો અભાવ=લાકડાનો વિભાગ, પ્રાપ્ત થઇ શકે છે. તેથી વસ્ત્રના છેદનની ક્રિયા લાકડાના વિભાગ પ્રતિ કારણ નથી પરંતુ લાકડાના વિભાગકાળમાં અસ્તિત્વ ધરાવતી એવી કરવતની છેદનક્રિયા તેનું કારણ છે. માટે કાર્યોત્પાદ સમયમાં સત્ એવી છેદનક્રિયા જ લાકડાના છેદન પ્રત્યે કારણ કહી શકાય.

સારાંશ એ છે કે કાર્યોત્પાદ વખતે જે અસત્ હોય છે તે કારણ બની શકતું નથી, કારણ તો તે જ બની શકે કે જેના અભાવમાં કાર્યનો અવશ્ય અભાવ હોય. અને મોક્ષની ઉત્પત્તિના સમયમાં ચારિત્રનો નાશ થઇ ગયેલો હોવાને કારણે મોક્ષના ઉત્પાદકાળમાં ચારિત્ર અસત્ છે, તેથી તે પ્રવાહી ચારિત્ર મોક્ષ પ્રત્યે કારણ માની શકાય નહિ.

**ઉત્થાન :-** પૂર્વમાં સંપ્રદાયપક્ષે મોક્ષના ઉત્પત્તિ સમયમાં ચારિત્ર હોય તો જ તે મોક્ષને ઉત્પન્ન કરી શકે તેમ સ્થાપન કર્યું. તેથી મોક્ષની પૂર્વક્ષણમાં કાર્યની અનાવશ્યકતા છે તેમ તેને કહેવું નથી, પરંતુ કાર્યની પૂર્વક્ષણમાં જેમ કારણ આવશ્યક છે તેમ કાર્યક્ષણમાં પણ કારણ આવશ્યક છે તેમ સંપ્રદાયપક્ષે સ્થાપન કર્યું. તેથી સિદ્ધાંતકાર '**અથ**'થી કહે છે -

**ટીકા :- अथ कार्याऽव्यवहितपूर्ववर्त्तित्वमेव कारणत्वं न तु कार्यकालवृत्तित्वमपि, तत्र निवेशने मानाभावात्, गौरवात्, प्रागभावादीनामकारणत्वप्रसङ्गाच्चेति। ''मोक्षोत्पादसमये नश्वरस्यापि तस्य तदव्यवहितपूर्ववर्त्ति-तयैव तत्कारणत्वं निराबाधमि''ति चेत्? तथापि नाशकमेव किमिति पृच्छामः। ''मोक्षोत्पादकमेव तन्नाश-कमि''ति चेत्? न, स्वस्यापि तथात्वेन स्वस्य स्वनाशकत्वप्रसङ्गात्। ''मोक्षसामग्री तन्नाशिके''ति चेत्? न, सामग्रीत्वेनाऽनाशकत्वात्। ''अन्त्यक्षण एव तन्नाशक'' इति चेत्? न, क्षणस्य विशिष्याऽहेतुत्वात्।**

**ટીકાર્થ :- '**અથ**'** કાર્યઅવ્યવહિતપૂર્વવર્તિત્વ જ કારણત્વ છે પણ નહીં કે કાર્યકાલવૃત્તિત્વ પણ, કેમ કે ત્યાં = કાર્યકાલમાં, કારણના નિવેશનમાં કોઇ પ્રમાણ નથી અને ગૌરવ છે, અને પ્રાગભાવાદિના અકારણત્વનો પ્રસંગ છે. એથી કરીને મોક્ષના ઉત્પાદ સમયે નશ્વર પણ તેનું = ચારિત્રનું, તદવ્યવહિતપૂર્વવર્તિપણાથી જ તત્કારણત્વ = મોક્ષકારણત્વ, નિરાબાધ છે. આ પ્રમાણે સિદ્ધાંતી કહે તો સંપ્રદાયપક્ષી તેને પૂછે છે કે તો પણ નાશક જ શું છે? એ પ્રમાણે અમે તમને પૂછીએ છીએ.

**ભાવાર્થ :-** સિદ્ધાંતકારનું કહેવું એ છે કે કાર્યઅવ્યવહિતપૂર્વવર્તિત્વ જ કારણ હો, પરંતુ કાર્યકાલવૃત્તિત્વ પણ કારણને સ્વીકારવાની જરૂર નથી, કેમ કે કાર્યકાળમાં કારણની આવશ્યકતા સ્વીકારવામાં કોઇ પ્રમાણ નથી; અને તે રીતે

સ્વીકારવામાં આવે તો પ્રયત્નવિશેષરૂપ ચારિત્ર મોક્ષઉત્પત્તિરૂપ કાર્યના પૂર્વકાળમાં છે તેનાથી મોક્ષરૂપ કાર્ય થઇ શકશે, અને મોક્ષઉત્પત્તિકાળમાં ચારિત્રને માનવાની આવશ્યકતા રહેશે નહિ. ત્યાં સંપ્રદાયપક્ષી શંકા કરે કે કાર્યઉત્પત્તિકાળમાં જે વસ્તુ વિદ્યમાન ન હોય તે કાર્યને ઉત્પન્ન કઇ રીતે કરી શકે? માટે કારણને અનુભવના બળથી જેમ પૂર્વક્ષણમાં માનવું આવશ્યક છે તેમ કાર્યઉત્પત્તિક્ષણમાં પણ માનવું આવશ્યક છે. કેમ કે વિદ્યમાન વસ્તુ જ કાર્ય કરી શકે. તેથી સિદ્ધાંતકાર બીજો હેતુ કહે છે કે તેમ માનવામાં ગૌરવ છે.

આશય એ છે કે અનુભવના બળથી કાર્યની પૂર્વક્ષણમાં જેમ કારણની આવશ્યકતા છે તેમ કાર્યનિષ્પત્તિકાળમાં પણ કારણની આવશ્યકતા છે તેમ માનશો, તો કારણને કાર્યઅવ્યવહિતપૂર્વવર્તી અને કાર્યકાળવૃત્તિ એ પ્રમાણે બે કાળવૃત્તિરૂપે સ્વીકારવાનું ગૌરવ પ્રાપ્ત થશે. તેથી લાઘવના બળથી કારણને કાર્યઅવ્યવહિતપૂર્વવર્તી સ્વીકારવું જ ઉચિત છે.

અહીં સંપ્રદાયપક્ષી કહે કે કાર્યકાળમાં જે ન હોય તેને પણ કારણ સ્વીકારો તો પૂર્વક્ષણોમાં પણ કારણ ન હતું ત્યારે કાર્ય કેમ ન થયું? માટે ગૌરવદોષમાત્રના ભયથી અનુભવથી વિરુદ્ધ કાર્ય-કારણભાવ સ્વીકારી શકાય નહિ, તેથી કાર્યનિષ્પત્તિકાળમાં કારણની આવશ્યકતા છે. તેથી સિદ્ધાંતકાર ત્રીજો હેતુ કહે છે -પ્રાગભાવાદિના પણ અકારણત્વનો પ્રસંગ પ્રાપ્ત થશે.

આશય એ છે કે પ્રાગભાવ કાર્યનિષ્પત્તિપૂર્વમાં જ હોય છે, પરંતુ કાર્યકાળમાં પ્રાગભાવ હોતો નથી; અને કાર્ય પ્રત્યે પ્રાગભાવ કારણરૂપે સ્વીકૃત છે, તેથી કારણને કાર્યકાળવૃત્તિ પણ સ્વીકારવું જરૂરી છે તેમ માનશો તો, પ્રાગભાવાદિને કારણરૂપે સ્વીકારી શકાશે નહિ; અને આદિપદથી ઘટ પ્રત્યે દંડને પણ કારણ તરીકે સ્વીકારી શકાશે નહિ. કેમ કે ઘટનિષ્પત્તિકાળમાં દંડ ન હોય તો પણ પૂર્વવર્તી દંડથી ઘટ નિષ્પન્ન થતો દેખાય છે, તેથી કાર્યકાળમાં દંડ નહિ હોવાને કારણે દંડને પણ કારણ તરીકે નહિ સ્વીકારવાની આપત્તિ આવશે; આથી કાર્યકાળમાં કારણને સ્વીકારવાની જરૂર નથી, પરંતુ કાર્યઅવ્યવહિતપૂર્વવર્તી જ કારણ છે. એથી કરીને મોક્ષની ઉત્પત્તિ સમયમાં નાશ પામેલું પણ ચારિત્ર ૧૪મા ગુણસ્થાનકના અંત સુધી વર્તતું હોવાથી મોક્ષનું કારણ બને છે, એ પ્રકારનો સિદ્ધાંતકારનો આશય છે. તેને સંપ્રદાયપક્ષી પૂછે છે કે તો પણ નાશક જ શું છે? એમ અમે પૂછીએ છીએ. અર્થાત્ કાર્યઅવ્યવહિતપૂર્વવર્તિત્વને કારણ સ્વીકારીએ અને એ રીતે ૧૪મા ગુણસ્થાનકના અંત સુધી પ્રવાહી ચારિત્રને સ્વીકારીએ અને તે ચારિત્રથી મોક્ષની ઉત્પત્તિ થાય છે તેમ માનીએ તો પણ, મોક્ષઉત્પત્તિસમયમાં તે પ્રવાહી ચારિત્રનો નાશક કોણ છે? એમ અમે પૂછીએ છીએ.

સંપ્રદાયપક્ષીને એ કહેવું છે કે મોક્ષની ઉત્પત્તિ થઇ તે ક્ષણમાં ચારિત્રનો નાશક કોઇ નથી માટે શાશ્વત ચારિત્ર છે.

**ટીકાર્થ :- 'मोक्षोत्पादक'** અહીં સિદ્ધાંતી કહે કે મોક્ષોત્પાદક જ ચારિત્રનો નાશક છે. તેનો ઉત્તર આપતાં સંપ્રદાયપક્ષી કહે છે - એમ ન કહેવું, કેમ કે સ્વનું=ચારિત્રનું, પણ તથાપણું=મોક્ષઉત્પાદકપણું, હોવાથી સ્વને સ્વનાશકત્વનો પ્રસંગ આવશે, અર્થાત્ ચારિત્રને ચારિત્રનો નાશક માનવાનો પ્રસંગ આવશે.

**ભાવાર્થ :-** સિદ્ધાંતીને એ કહેવું છે કે જેનાથી મોક્ષની ઉત્પત્તિ થઇ તે જ ચારિત્રનો નાશ કરે છે. જેમ જે કારણથી મોક્ષની ઉત્પત્તિ થાય છે તે જ કારણથી સંસારભાવનો નાશ થાય છે, તેમ મોક્ષની ઉત્પત્તિનું જે કારણ છે તે જ

ચારિત્રનો નાશક છે. તેનું નિરાકરણ કરતાં સંપ્રદાયપક્ષી કહે છે કે, જે મોક્ષ ઉત્પન્ન કરે છે એ જ એનો નાશક છે એવું કહેવામાં તો ચારિત્રને જ ચારિત્રનાશક માનવાનો પ્રસંગ આવશે. કેમ કે મોક્ષની ઉત્પાદક રત્નત્રયી છે, તદંતર્ગત ચારિત્ર પણ છે, તેથી ચારિત્રથી જ ચારિત્રનો નાશ સ્વીકારવાનો પ્રસંગ પ્રાપ્ત થાય.

**ટીકાર્થ :- 'मोक्षसामग्री'** અહીં સિદ્ધાંતી કહે કે મોક્ષસામગ્રી તન્નાશિકા = ચારિત્રની નાશિકા છે. તેનો ઉત્તર આપતાં સંપ્રદાયપક્ષી કહે છે- એમ ન કહેવું, કેમ કે સામગ્રીપણા વડે (સામગ્રીનું) અનાશકપણું છે.

**ભાવાર્થ :-** સિદ્ધાંતીને એ કહેવું છે કે મોક્ષઉત્પાદક જ્ઞાન, દર્શન, ચારિત્ર ભલે ચારિત્રના નાશક ન હોય, પરંતુ જ્ઞાન, દર્શન, ચારિત્રના સમુદાયરૂપ મોક્ષસામગ્રી ચારિત્રની નાશક છે. માટે મોક્ષસામગ્રીની અંતર્ભૂત ચારિત્ર હોવા છતાં ચારિત્રનું નાશક ચારિત્ર નહીં બને, પરંતુ ચારિત્રની નાશક સમુદિત એવી સામગ્રી બનશે, માટે સ્વનો નાશક સ્વ કહેવાશે નહીં. તેનું નિરાકરણ કરતાં સંપ્રદાયપક્ષી કહે છે કે, સામગ્રીપણા વડે કરીને સામગ્રી ચારિત્રની નાશક નથી, પણ મોક્ષોત્પાદક જ છે. જો કે મોક્ષની સામગ્રી મોક્ષને ઉત્પન્ન કરે છે તેમ સંસારભાવનો નાશ કરે છે, તે રીતે ચારિત્રનો પણ નાશ કરે છે તેમ સ્વીકારી શકાય, એવી શંકા થાય. પરંતુ સંસારભાવ એ મોક્ષનો વિરોધીભાવ છે, તેથી મોક્ષસામગ્રીથી સંસારભાવના નાશરૂપ મોક્ષભાવનો ઉત્પાદ થાય છે, પરંતુ ચારિત્ર એ મોક્ષનો વિરુદ્ધ ભાવ નથી કે જેથી મોક્ષની સામગ્રીને ચારિત્રની નાશિકા માની શકાય, માટે સામગ્રીત્વેન સામગ્રી ચારિત્રની નાશિકા માની શકાય નહીં.

**ટીકાર્થ :- 'अन्त्यक्षण'** અહીં સિદ્ધાંતી આ પ્રમાણે કહે કે અંત્યક્ષણ જ તન્નાશક છે, અર્થાત્ ચારિત્રનો પ્રવાહ ચાલતો હતો તેની અંતિમ ક્ષણ જ તે ચારિત્રની નાશક છે. તેનો ઉત્તર આપતાં સંપ્રદાયપક્ષી કહે છે - એમ ન કહેવું, કેમ કે ક્ષણનું વિશેષ કરીને અહેતુપણું છે.

**ભાવાર્થ :-** મૂળગુણના સ્થિરભાવરૂપ ચારિત્ર ઉત્પન્ન થયું અને તે ક્રમસર વધતાં વધતાં ૧૪મા ગુણસ્થાનકના અંતસમય સુધી વર્તે છે, અને તે પ્રયત્નવિશેષરૂપ પ્રવાહી ચારિત્ર છે. તે પ્રવાહી ચારિત્રની અંતક્ષણ જ તેની નાશક છે અર્થાત્ ચારિત્રની નાશક છે, એ પ્રમાણે સિદ્ધાંતપક્ષી કહે, તો સંપ્રદાયપક્ષી કહે છે કે એમ ન કહેવું. કેમ કે ક્ષણ એ કાર્યમાત્રની ઉત્પત્તિ અને નાશ પ્રત્યે હેતુ હોવા છતાં તે વિશેષરૂપે હેતુ નથી પરંતુ સામાન્યરૂપે હેતુ છે; અર્થાત્ અન્ય સામગ્રીના સહકારવાળી તે ક્ષણ તે નાશ પ્રત્યે હેતુ છે, પરંતુ તે ક્ષણમાત્રથી જ તે નાશ પેદા થતો નથી. જેમ મુદ્‌ગરપાતાદિ સામગ્રી સહવર્તી તે ક્ષણ ઘટના નાશનું કારણ બને છે, પરંતુ કેવલ તે ક્ષણની પ્રાપ્તિમાત્રથી ઘટનો નાશ થતો નથી. તેથી અન્ય નાશની સામગ્રી વગર પ્રવાહી ચારિત્રની અંત્યક્ષણમાત્રને જ ચારિત્રની નાશક સ્વીકારી શકાય નહિ.

**ઉત્થાન :-** અહીં સિદ્ધાંતી કહે કે અન્ય સામગ્રી સહિત તે ક્ષણ ઘટનાશ પ્રત્યે હેતુ છે, તેમ સ્વભાવથી પણ પદાર્થ તે ક્ષણમાં નાશ પામે છે ત્યારે અન્ય કોઈ સામગ્રી હોતી નથી. જેમ જીર્ણ થયેલ ઘટ મુદ્‌ગરપાતાદિ અન્ય સામગ્રી વગર તે ક્ષણમાં નાશ પામે છે, તે રીતે ચરમ ક્ષણમાં પ્રવાહી ચારિત્ર નાશ પામે છે. તેથી સંપ્રદાયપક્ષી કહે છે -

**ટીકા :- अपि चैवं निश्चयनयानुरोधो न स्यात्, न ह्यसौ कार्याऽव्यवहितपूर्वकालवर्त्तिनं कारणं मन्यते, अपि तु कार्यकालवर्त्तिनमेव, तन्नये कार्यकालसंबन्धस्यैव हेतुत्वात्, अन्यथा दूरकालव्यवहितानामपि येनकेनचित्संबन्धेन हेतुत्वप्रसङ्गादिति दिग्।।१४७।।**

**ટીકાર્થ :- 'अपि चैवं'** અને વળી આ રીતે = પૂર્વમાં કહ્યું કે કાર્યઅવ્યવહિતપૂર્વવર્તિત્વ જ કારણત્વ છે, પણ નહિ કે કાર્યકાળવૃત્તિત્વ એ રીતે, નિશ્ચયનયનો અનુરોધ નહિ થાય, અર્થાત્ નિશ્ચયનયનું અનુસરણ નહિ થાય. કેમ કે આ=નિશ્ચયનય, કાર્યઅવ્યવહિત પૂર્વકાલવર્તી કારણને માનતો નથી, પરંતુ કાર્યકાળવર્તીને અર્થાત્ કાર્યકાળવર્તી વસ્તુને જ કારણ માને છે. કેમ કે તે નયના=નિશ્ચયનયના, મતમાં કાર્યકાળ સાથે સંબંધવાળી વસ્તુનું જ હેતુપણું છે. અન્યથા = કાર્યકાળ સાથે સંબંધવાળી વસ્તુનું હેતુપણું ન માનો, અને અવ્યવહિત પૂર્વકાળવાળી વસ્તુને કારણ માનો તો દૂરકાળવ્યવહિત એવી વસ્તુનું પણ જે કોઇ સંબંધ વડે હેતુત્વ માનવાનો પ્રસંગ પ્રાપ્ત થશે.

**ભાવાર્થ :-** વ્યવહારનય અવ્યવહિતપૂર્વકાળવર્તી વસ્તુને કારણ માને છે, તેથી કારણનો સંબંધ આ રીતે થાય છે - સ્વ = કાર્યનિરૂપિત, અવ્યવહિતપૂર્વકાળવર્તી કારણ છે, માટે સ્વનિરૂપિત અવ્યવહિતપૂર્વકાલવર્તિત્વ સંબંધથી કાર્ય, કારણની સાથે સંબંધવાળું છે. માટે કાર્યકાળનો કારણની સાથે સંબંધ નહિ હોવા છતાં સંબંધવિશેષથી તે બેની વચ્ચે કાર્ય-કારણભાવ છે. તે જ રીતે કાર્યથી દૂરકાલવર્તી વસ્તુનો પણ કોઇક સંબંધ દ્વારા કાર્યની સાથે સંબંધ થઇ શકે છે, અને તેમ માનવામાં દૂરકાળવર્તી વસ્તુ પણ વિવક્ષિત કાર્ય પ્રતિ કારણ છે, તેમ માનવાનો પ્રસંગ પ્રાપ્ત થાય.

જેમ - કોઇ એક ગૃહમાં અમુક કાળે દંડ છે, ત્યાર પછી તે દંડને અન્યત્ર લઇ જવામાં આવે, તો પણ તે દંડનો ગૃહના સંબંધ દ્વારા સંબંધ સ્વીકારીને ઘટ પ્રત્યે હેતુ માનવાનો પ્રસંગ પ્રાપ્ત થાય. કેમ કે જેમ કાર્યક્ષણ સાથે સંબંધ નહિ હોવા છતાં પૂર્વક્ષણમાં રહેલ કારણ કાર્યને કોઇક સંબંધથી પેદા કરી શકે છે તેમ તે ગૃહની સાથે પૂર્વમાં સંબંધવાળો દંડ પણ ઘટને પેદા કરી શકે છે તેમ માની શકાય એમ નિશ્ચયનય, વ્યવહારનયને આપત્તિ આપે છે.

આ રીતે કાર્ય સાથે સંબંધ નહિ ધરાવતી એવી વસ્તુને પણ અવ્યવહિતપૂર્વવર્તિત્વ સંબંધથી તમે કારણ માનો છો, તે ઉચિત નથી, માટે કાર્યકાળવર્તી વસ્તુને જ કારણ તરીકે માની શકાય. આ પ્રકારનો નિશ્ચયનયનો અભિપ્રાય છે. અને તેમ માનવાથી મોક્ષરૂપ કાર્યની ઉત્પત્તિક્ષણમાં તેના કારણીભૂત ચારિત્રનું અસ્તિત્વ માનવું પડે. પરંતુ નાશ માની શકાય નહિ. અને જો મોક્ષઉત્પત્તિક્ષણમાં ચારિત્રનો નાશ માનવામાં આવે તો, ચારિત્ર મોક્ષનું કારણ કહી શકાય નહિ. તેથી ચારિત્રને મોક્ષનું કારણ કહીએ તો મોક્ષની ઉત્પત્તિક્ષણમાં તેનું અસ્તિત્વ માનવું પડે. અને મોક્ષની ઉત્પત્તિક્ષણમાં જો ચારિત્ર રહી શકે તો તે જ રીતે ઉત્તરક્ષણમાં પણ તે રહી શકે છે. માટે શૈલેશી ચરમસમયભાવિચારિત્રરૂપ ધર્મનું શાશ્વતપણું છે, એમ સંપ્રદાયપક્ષનો આશય છે.**॥૧૪૭॥**

**અવતરણિકા :- केषांचिन्मतमाह-**

**અવતરણિકાર્થ :-** બીજા કેટલાકના મત કહે છે. અર્થાત્ ગાથા-૧૪૭માં મોક્ષમાં ચારિત્ર માનનારે એ સ્થાપન કર્યું કે યોગનિરોધ દ્વારા પ્રકૃષ્ટ ચારિત્ર શાશ્વત થાય છે, અને તે જ બાબતમાં મોક્ષમાં ચારિત્ર માનનાર એવા કેટલાક આચાર્યો જે કહે છે તે મતને જ બતાવે છે -

ગાથા :- केई बिंति मुणीणं सहावसमवट्ठिई हवे चरणं ।
तं लद्धसहावाणं सिद्धाणं सासयं जुत्तं ॥१४८॥

(केचिद् ब्रुवन्ति मुनीनां स्वभावसमवस्थितिर्भवति चरणम् । तल्लब्धस्वभावानां सिद्धानां शाश्वतं युक्तम् ॥१४८॥)

**ગાથાર્થ :-** કેટલાક સૂરિઓ કહે છે કે મુનિઓની સ્વભાવમાં સમવસ્થિતિ એ ચારિત્ર છે (અને) લબ્ધસ્વભાવવાળા સિદ્ધોને તે=ચારિત્ર=સ્વભાવસમવસ્થિતિરૂપ ચારિત્ર, શાશ્વત યુક્ત છે.

**ટીકા :- केचन सूरयः खल्विदं सङ्गिरन्ते यन्न तावच्छुद्धोपयोगरूपं चारित्रम् सिद्धान्ताभिहितदोषमुद्गर-जर्जरितत्वात्, नापि योगस्थैर्यरूपं, अयोगानां तदभावात्, नापि योगोपलक्षितवीर्यस्थैर्यमेव, क्रियारूपतया तदनवभासात् स्वसंवेदनेन स्वतन्त्रतयैव ग्रहणात्, किन्तु स्वभावसमवस्थानमेव तत्, स च स्वभावो निष्कषायतादशायां माध्यस्थ्यपरिणतिरूपः कषायकणोपजीवनेऽपि विरत्यादिरूपः स्वानुभवसिद्ध एव। तत्र च प्रत्येकं कषायाणां योगदुष्प्रणिधानादेश्च विरोधित्वम्। सर्वसावद्यव्यापारपरिणामा( ?त्यागा )-भिव्यङ्ग्यः स्वतन्त्र एवासावनुगतः स्वभावः, तत्र च तेषां तेषां प्रतिबन्धकत्वमागमादिबलादुन्नेयम्।**

**ટીકાર્થ :- 'केचन'** કેટલાક આચાર્યો આ કહે છે જે આ પ્રમાણે - ચારિત્ર શુદ્ધોપયોગરૂપ નથી, કેમ કે સિદ્ધાંતપક્ષ વડે કહેવાયેલ દોષરૂપી મુદ્ગરથી જર્જરિત છે, અર્થાત્ પૂર્વે ગાથા-૧૪૪માં કહ્યું તે રીતે ત્રણ ઉપયોગ માનવા પડે. વળી ચારિત્રની સાથે પર્યાપ્તસંજ્ઞીને ૧૩ ઉપયોગ પ્રાપ્ત થાય વગેરે સિદ્ધાંતીએ આપેલ દોષરૂપી મુદ્ગરથી જર્જરિત છે.

**'नापि'** - વળી યોગસ્થૈર્યરૂપ ચારિત્ર નથી, કેમ કે અયોગીઓને = યોગનો અભાવ છે જેને એવા શૈલેશીવર્તી જીવોને, તેનો = યોગસ્થૈર્યરૂપ ચારિત્રનો, અભાવ છે. (અને અયોગીઓમાં ચારિત્ર પદાર્થ સર્વસંમત છે, માટે યોગસ્થૈર્યરૂપ ચારિત્ર નથી.)

**ભાવાર્થ :-** અહીં વિશેષ એ છે કે સામાન્યથી સંસારીજીવોના યોગો યથેચ્છ વિષયોમાં પ્રવર્તે છે, જ્યારે મુનિઓના મન-વચન અને કાયાના યોગો સમ્યક્ પ્રકારે નિયંત્રિત થઈને ધ્યાનાદિ અનુષ્ઠાનોમાં પ્રવર્તે છે, તે યોગસ્થૈર્યરૂપ પદાર્થ છે. પરંતુ તેને જ ચારિત્ર માનીએ તો શૈલેશીમાં યોગનો નિરોધ હોવાથી યોગનો અભાવ છે, તેથી, યોગસ્થૈર્યરૂપ ચારિત્ર માની શકાય નહિ.

**ટીકાર્થ :- 'नापि'** - વળી યોગઉપલક્ષિત વીર્યસ્થૈર્ય જ ચારિત્ર નથી, કેમ કે ક્રિયારૂપપણાથી તેનો = ચારિત્રનો, અનવભાસ હોવાને કારણે સ્વસંવેદનરૂપે સ્વતંત્રપણાથી જ અર્થાત્ યોગ દ્વારા નહિ પરંતુ સ્વતંત્રપણાથી જ ચારિત્રનું ગ્રહણ થાય છે (તેથી યોગઉપલક્ષિત વીર્યસ્થૈર્યરૂપ ચારિત્ર નથી), પરંતુ સ્વભાવસમવસ્થાન જ તે છે અર્થાત્ ચારિત્ર છે; અને તે સ્વભાવ=ચારિત્ર સ્વભાવ, નિષ્કષાયદશામાં માધ્યસ્થ્યપરિણતિરૂપ છે, અને કષાયકણના ઉપજીવનમાં પણ વિરતિ આદિરૂપ સ્વ-અનુભવ સિદ્ધ જ છે.

**ભાવાર્થ :-** ૧૪મા ગુણસ્થાનકમાં યોગસ્થૈર્યરૂપ ચારિત્ર માનવામાં ચારિત્રની અપ્રાપ્તિ હતી તેથી કોઇ યોગથી ઉપલક્ષિત વીર્યસ્થૈર્યરૂપ ચારિત્ર કહે છે, જેથી અયોગી ગુણસ્થાનકમાં તેની પ્રાપ્તિ થઇ જાય. તે આ રીતે-

યોગો ૧૩મા ગુણસ્થાનક સુધી છે, અને યોગો દ્વારા મુનિઓ પોતાનું વીર્ય પુદ્ગલભાવમાંથી નિવર્તન કરીને આત્મામાં સ્થિર કરવા માટે યત્ન કરે છે, તે ચારિત્ર પદાર્થ છે. અયોગી ગુણસ્થાનકમાં યોગો નહિ હોવા છતાં યોગથી ઉપલક્ષિત એવું વીર્યસ્થૈર્ય છે, કેમ કે પૂર્વમાં વર્તતા યોગો દ્વારા જ વીર્યને સ્થિરભાવ કરવા માટે યત્ન કરાયેલો, અને પછી યોગનિરોધ થવાને કારણે ત્યાં યોગો નહિ હોવા છતાં તે યોગોના પ્રવર્તનથી થયેલો વીર્યનો સ્થિરભાવ અયોગી ગુણસ્થાનકમાં વર્તે છે, અને તે જ ચારિત્ર પદાર્થ છે એ પ્રમાણે કોઇનું કહેવું છે. ત્યાં કેટલાક આચાર્યો કહે છે કે તે યોગથી ઉપલક્ષિત વીર્યસ્થૈર્ય જ ચારિત્ર નથી કેમ કે ક્રિયારૂપ ચારિત્ર ભાસતું નથી.

આશય એ છે કે ચારિત્ર એ બાહ્યક્રિયારૂપ જેમ નથી તેમ જીવની અંતઃક્રિયારૂપ પણ નથી, પરંતુ જીવના સ્વભાવસમવસ્થાનરૂપ જે પરિણામ છે તત્સ્વરૂપ છે. તેથી જ સ્વસંવેદનરૂપે સ્વતંત્રથી જ ચારિત્રનું ગ્રહણ છે પણ નહિ કે યોગ દ્વારા. તેથી યોગથી ઉપલક્ષિત વીર્યસ્થૈર્યરૂપ ચારિત્ર પદાર્થ નથી.

અહીં વિશેષ એ છે કે યોગથી ઉપલક્ષિત વીર્યસ્થૈર્યરૂપ જેઓ ચારિત્રને કહે છે, તેઓને તે ચારિત્ર જીવને પોતાના વીર્યને સ્થિર કરવાના યત્નરૂપ=અંતરંગ ક્રિયા સ્વરૂપ, ચારિત્ર અભિમત છે; અને સ્વભાવસમવસ્થાનરૂપ ચારિત્ર કેટલાક સૂરિઓ કહે છે તેઓને ચારિત્ર ક્રિયારૂપે અભિમત નથી, પરંતુ આત્માનો પોતાના વાસ્તવિક સ્વભાવમાં અવસ્થાનરૂપ જે પરિણામ છે તત્સ્વરૂપ અભિમત છે. અને તે સ્વભાવ=પરિણામ, નિષ્કષાયપણાની દશામાં સર્વ પદાર્થો પ્રત્યે જીવની માધ્યસ્થ્યપરિણતિ સ્વરૂપ છે. અને કષાયકણ=કષાયના અંશ, જ્યારે વર્તતા હોય ત્યારે પણ પુદ્ગલ ભાવોમાંથી જીવની જે વિરતિ છે તત્સ્વરૂપ છે, જે ક્રિયાત્મક નથી પરંતુ જીવના પરિણામવિશેષરૂપ છે. અને આવો વિરતિરૂપ પરિણામ અત્યારે પણ અનુભવથી સિદ્ધ જ છે.

**ટીકાર્થ :-** **'तत्र च'** અને ત્યાં = તે ચારિત્રરૂપ સ્વભાવમાં, પ્રત્યેક કષાયોનું વિરોધીપણું છે અને યોગદુષ્પ્રણિધાનાદિનું વિરોધીપણું છે. (અને) સર્વ સાવદ્ય વ્યાપારના ત્યાગથી અભિવ્યંગ્ય સ્વતંત્ર જ અર્થાત્ યોગ દ્વારા નહિ પરંતુ સ્વતંત્ર જ, આ = ચારિત્ર, અનુગત સ્વભાવવાળું છે=માધ્યસ્થ્યપરિણતિરૂપ અને વિરત્યાદિરૂપ બંને પ્રકારના ચારિત્રમાં અનુગત સ્વભાવવાળું છે. અને ત્યાં = તે ચારિત્રરૂપ સ્વભાવમાં, તેઓનું = કષાયોનું અને યોગદુષ્પ્રણિધાનાદિનું, પ્રતિબંધકપણું આગમાદિના બળથી જાણવું.

❀ **'आगमादिबलात्'** અહીં **'आदि'** પદથી આગમાનુસારી યુક્તિ અને તથાવિધ સંપ્રદાયના બળથી જાણવું.

❀ **'योगदुष्प्रणिधानादेः'** અહીં **'आदि'** પદથી પ્રમાદનું ગ્રહણ કરવું અર્થાત્ પ્રમાદનું પણ ચારિત્ર વિરોધીપણું છે = પ્રમાદ પણ ચારિત્રનો વિરોધી છે.

❀ **'तेषां तेषां'** પાઠ મુ. પુ.માં છે ત્યાં **'तेषां तेषां च'** પાઠની સંભાવના છે અથવા **'तत्र च तेषां प्रतिबन्धकत्वम्'** આ પ્રમાણે હોવું ઉચિત લાગે છે.

**ભાવાર્થ :-** અહીં વિશેષ એ છે કે કષાયો મધ્યસ્થપરિણતિરૂપ અને વિરત્યાદિક બન્ને પ્રકારના ચારિત્ર પ્રત્યે વિરોધી છે, કેમ કે અનંતાનુબંધી આદિ કષાયો વિરતિના નાશક છે અને સંજ્વલન કષાય યદ્યપિ વિરતિના નાશક નથી તો

પણ અતિચાર આપાદક છે માટે વિરોધી છે.

તે જ રીતે યોગદુષ્પ્રણિધાનાદિનું પણ બંને પ્રકારના ચારિત્ર પ્રત્યે વિરોધીપણું છે, કેમ કે મન-વચન અને કાયાના યોગો દુષ્પ્રયુક્ત હોય તો તે ચારિત્રના વ્યાઘાતક છે અને સમ્યક્ પ્રયુક્ત હોય તો જ તે ચારિત્રના ઉપકારક છે.

અહીં સ્વભાવસમવસ્થાનરૂપ ચારિત્ર સ્વતંત્ર જ અનુગત સ્વભાવવાળું છે એમ કહ્યું તેનો ભાવ એ છે કે, સંસાર અવસ્થામાં વિરત્યાદિ વખતે મન-વચન અને કાયાના યોગરૂપ પ્રયત્નથી તે સ્વભાવસમવસ્થાનરૂપ ચારિત્ર જન્ય હોવા છતાં તે જીવના મૂળભૂત પરિણામરૂપ છે. તેથી યોગને આધીન સ્વભાવ નથી પરંતુ પ્રારંભિક ભૂમિકામાં તેની નિષ્પત્તિમાં યોગ સહાયક છે, અને આથી જ યોગનિરોધ અને સિદ્ધાવસ્થામાં પણ તે જીવના સ્વભાવરૂપ હોવાથી સ્વભાવસમવસ્થાનરૂપ ચારિત્ર રહે છે.

**ટીકા :- स चायं स्वभावो यथाक्रमं विशुद्ध्यमानो मोहक्षयेणोपनीयमानो यथाख्यातचारित्रमित्याख्यायते, स एव च शैलेश्यामत्यन्तं विशुद्ध्यमानो मोक्षलक्षणफलभाग् भवति। न च मोक्षदशायामपि तत्प्रच्यवः, स्वभावप्रच्यवे स्वभाववतोऽपि प्रच्यवप्रसङ्गात्। "श्यामत्वस्वभावपरित्यागेऽपि स्वभाववत आपाकनिहितस्य घटस्याभावाऽदर्शनात् नायं नियम" इति चेत्? न, असाधारणस्वभावपरित्यागे स्वभाविनिमज्जनस्यावश्यकत्वात्, न हि घटत्वस्वभावपरित्यागे घटोऽनुभूयते, चारित्रं च जीवस्याऽसाधारणः स्वभावः, गुणत्वाद्, ज्ञानादिवत्। तथा च लब्धस्वभावानां सिद्धानां स्वभावसमवस्थानरूपं चारित्रं निष्प्रत्यूहमेव।**

**ટીકાર્થ :- 'स चायं'** અને તે આ સ્વભાવ યથાક્રમે વિશુદ્ધ થતો મોહના ક્ષયથી ઉપનીયમાન યથાખ્યાતચારિત્ર એ પ્રમાણે કહેવાય છે, અને તે સ્વભાવ જ શૈલેશી અવસ્થામાં અત્યંત વિશુદ્ધ થતો મોક્ષલક્ષણફલવાળો થાય છે; અને મોક્ષદશામાં પણ તે સ્વભાવનો પ્રચ્યવ=નાશ, થતો નથી, કેમ કે સ્વભાવના પ્રચ્યવમાં = નાશમાં, અર્થાત્ સ્વભાવનો નાશ થયે છતે, સ્વભાવવાન એવા આત્માનો પણ પ્રચ્યવ=નાશ, થવાનો પ્રસંગ આવે.

**'श्यामत्व'** - અહીં સિદ્ધાંતપક્ષી આ પ્રમાણે કહે કે, આપાકનિહિત = પાકમાં મૂકેલા, ઘડાના શ્યામત્વ સ્વભાવનો નાશ થવા છતાં પણ ઘટના અભાવનું અદર્શન હોવાથી, આ નિયમ = સ્વભાવનો નાશ થયે છતે તે સ્વભાવવાનનો નાશ થાય આ નિયમ, નથી. તેનો ઉત્તર આપતાં સંપ્રદાયપક્ષી કહે છે કે એમ ન કહેવું, કેમ કે અસાધારણ સ્વભાવનો પરિત્યાગ થયે છતે સ્વભાવિના નિમજ્જનનું=નાશનું, આવશ્યકપણું છે. કેમ કે ઘટત્વ સ્વભાવનો પરિત્યાગ થયે છતે ઘટ અનુભવાતો નથી, અને ચારિત્ર જીવનો અસાધારણ સ્વભાવ છે ગુણ હોવાથી, જ્ઞાનાદિની જેમ.

**ભાવાર્થ :-** અહીં વિશેષ એ છે કે ઘટનો શ્યામત્વ સ્વભાવ એ ઘટ સિવાય પટાદિમાં પણ રહે છે તેથી તે ઘટનો અસાધારણ સ્વભાવ નથી, પરંતુ ઘટ-પટાદિસાધારણ સ્વભાવ છે. અને સાધારણને સ્વભાવ એટલા માટે કહેલ છે કે શ્યામત્વ ઘટની સાથે તાદાત્મ્યથી રહે છે, અને જે સાધારણ સ્વભાવ હોય તેનો નાશ થાય તો પણ સ્વભાવવાનનો નાશ થતો નથી. પરંતુ ઘટનો ઘટત્વ અસાધારણ સ્વભાવ છે, કેમ કે તે ફક્ત ઘટમાં જ રહે છે અને તે સ્વભાવનો

નાશ થાય તો ઘટનો અવશ્ય નાશ થાય છે. તે રીતે ચારિત્ર એ જીવનો અસાધારણ સ્વભાવ છે, કેમ કે જીવમાત્રમાં એ રહેનારો સ્વભાવ છે. અને તેને જ અનુમાનથી બતાવે છે કે જેમ જીવમાં જ્ઞાનાદિ ગુણો જીવના અસાધારણ સ્વભાવરૂપ છે તેમ જીવમાં ચારિત્ર પણ અસાધારણ સ્વભાવરૂપ છે, કેમ કે ગુણરૂપ છે. તેથી ચારિત્રનો નાશ થાય તો જીવનો પણ નાશ થવાનો પ્રસંગ આવે, માટે મોક્ષદશામાં સ્વભાવસમવસ્થાનરૂપ ચારિત્ર છે. આ પ્રમાણે સંપ્રદાયપક્ષી કહે છે.

**ટીકાર્થ :-** **'तथा च'** અને તે રીતે = પૂર્વમાં કહ્યું કે તે આ ચારિત્રરૂપ સ્વભાવ યથાક્રમે વિશુદ્ધિને પામતો મોહક્ષય દ્વારા ઉપનીયમાન યથાખ્યાતચારિત્ર કહેવાય છે અને તે જ શૈલેશી અવસ્થામાં અત્યંત વિશુદ્ધ થતો મોક્ષલક્ષણ ફલભાગ્ થાય છે અને મોક્ષદશામાં પણ તેનો પ્રચ્યવ=નાશ, નથી, કેમ કે અસાધારણ સ્વભાવનો પ્રચ્યવ થયે છતે સ્વભાવવાન એવા આત્માના પણ પ્રચ્યવનો પ્રસંગ પ્રાપ્ત થાય તે રીતે, લબ્ધસ્વભાવવાળા એવા સિદ્ધોને સ્વભાવસમવસ્થાનરૂપ ચારિત્ર નિષ્પ્રત્યૂહ જ છે.= સિદ્ધોમાં સ્વભાવસમવસ્થાનરૂપ ચારિત્રનું નિરાકરણ થઇ શકે તેમ નથી.

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું કે તે સ્વભાવ નિષ્કષાયદશામાં મધ્યસ્થપરિણતિરૂપ છે અને કષાયકણના ઉપજીવનમાં પણ વિરત્યાદિરૂપ છે. હવે દિગંબરો તે સ્વભાવસમવસ્થાનને કેવું કહે છે તે બતાવે છે -

**ટીકા:- परे तु "स्वभावे=आत्मनि समवस्थानमात्मद्रव्यमात्रनिरतत्वमि" त्यर्थः, तच्च स्वसमयपरिशीलनमित्युच्यते, पर्यायनिरतानां परसमयाक्रान्तत्वात्।**
**तदुक्तं-**

[1]जे पज्जएसु निरदा जीवा परसमयगित्ति निद्दिट्ठा ।
आदसहावंमि ठिया ते सगसमया मुणेयव्वा ॥ **[ प्रव. स. २/२ ] त्ति॥**

**ટીકાર્થ :-** **'परे तु'** બીજાઓ=દિગંબરો, વળી સ્વભાવસમવસ્થાનનો અર્થ કરે છે કે, સ્વભાવમાં=આત્મામાં, સમવસ્થાન= આત્મદ્રવ્યમાત્રમાં નિરતપણું, તે સ્વભાવસમવસ્થાનનો અર્થ છે, અને તે સ્વસમય=સ્વસ્વરૂપ, પરિશીલન એ પ્રમાણે કહેવાય છે. કેમ કે પર્યાયનિરતોનું પરસમય=પરસ્વરૂપ, આક્રાંતપણું છે.
**'तदुक्तं'** - તે કહ્યું છે - પર્યાયોમાં નિરત જીવો 'પરસમય' એ પ્રમાણે નિર્દિષ્ટ છે, જ્યારે આત્મસ્વભાવમાં રહેલા જીવો (છે) તે 'સ્વસમય' જાણવા.

❀ **'त्ति'** પ્રવચનસારના ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

**ભાવાર્થ :-** **'परे'** શબ્દથી અહીં દિગંબરોનું કથન ગ્રહણ કરવાનું છે, અને તેઓ કહે છે કે આત્મદ્રવ્યમાત્રમાં જે નિરતપણું છે તે સ્વભાવસમવસ્થાન છે; અર્થાત્ આત્મા ત્રિકાળવર્તી એક સ્વરૂપવાળો છે, જે નિશ્ચયનયની દષ્ટિએ

---
१. ये पर्यायेषु निरता जीवाः परसमयका इति निर्दिष्टाः। आत्मस्वभावे स्थितास्ते स्वकसमया ज्ञातव्याः।

વિચારીએ તો કર્મ અને શરીરથી પૃથગ્ સદાશુદ્ધ સ્વરૂપવાળું આત્મદ્રવ્ય છે, અને તે આત્મસ્વરૂપમાં જે જીવ નિરત હોય છે, અર્થાત્ જ્ઞાનના ઉપયોગથી તે સ્વરૂપને અનુભવવાના યત્નવાળો હોય છે, તે આત્મદ્રવ્યમાત્ર નિરત છે. અને કર્માદિ અને શરીરાદિના સંયોગને કારણે પ્રતિક્ષણ જીવમાં ભિન્ન ભિન્ન પર્યાયો પ્રાદુર્ભાવ થાય છે, જેમ કે સુખ-દુઃખાદિ અને મનુષ્ય-તિર્યંચાદિ પર્યાયો, અને તે પર્યાયોમાં જે ઉપયુક્ત હોય છે અર્થાત્ હું મનુષ્ય છું, હું પશુ છું, હું સુખી છું, હું દુઃખી છું એ જાતના ઉપયોગમાં જે ઉપયુક્ત હોય છે, તે પર્યાયનિરત છે, માટે પરસમય=પરસ્વરૂપ, આક્રાંત છે.

**ટીકા :- तथा च यथा यथाऽऽत्ममात्रापेक्षिणी क्रिया तथा तथा चारित्रविशुद्धिरिति सर्वथा लब्धाऽऽत्मलाभानां स्वान्तर्भावेनैव कर्त्रादिषट्कारकीभावकर्म्मेरितं सिद्धानां समवस्थानरूपं चारित्रमप्रत्यूहमित्याहुः॥१४८॥**

**ટીકાર્થ :- 'तथा च'** અને તે પ્રમાણે = પૂર્વમાં 'કેટલાક સૂરિઓએ' કહ્યું કે સ્વભાવસમવસ્થાન જ ચારિત્ર છે અને તે સ્વભાવસમવસ્થાન માધ્યસ્થ્યપરિણતિરૂપ અને વિરત્યાદિરૂપ છે; અને 'પર' કહે છે તે પ્રમાણે આત્મદ્રવ્યમાત્રમાં નિરતપણારૂપ ચારિત્ર છે, તે પ્રમાણે, જે જે પ્રકારે આત્મમાત્રઅપેક્ષિણી ક્રિયા થાય છે તે તે પ્રકારે ચારિત્રની વિશુદ્ધિ થાય છે. એથી કરીને સર્વથા લબ્ધઆત્મલાભવાળા એવા સિદ્ધોનું સ્વમાં=આત્મામાં, અંતર્ભાવરૂપે જ કર્તાદિ ષટ્કારકીભાવરૂપ કર્મ=ક્રિયા, તેનાથી ઈરિત એવું સમવસ્થાનરૂપ ચારિત્ર અપ્રત્યૂહ = નિષેધ, કરી શકાય તેવું નથી.

**ભાવાર્થ :-** સ્વભાવસમવસ્થાનરૂપ ચારિત્ર કહેવાથી એ પ્રાપ્ત થયું કે, જે જે પ્રકારે આત્મમાત્રઅપેક્ષાવાળી ક્રિયા થાય છે = શુદ્ધ આત્મસ્વરૂપમાત્રમાં અવસ્થાન કરવાને કારણે અનુકૂળ ક્રિયા થાય છે, અર્થાત્ જીવમાં અંતરંગ યત્ન થાય છે, તે તે પ્રકારે ચારિત્રની વિશુદ્ધિ થાય છે. અને સિદ્ધના જીવોએ સર્વથા આત્મલાભ પ્રાપ્ત કર્યો છે તેથી તેઓ પોતાના આત્મામાં જ અંતર્ભાવ થાય તે રીતે કર્તાદિ છએ કારકોમાં પ્રવર્તે છે, એ રૂપ ચારિત્ર સિદ્ધમાં છે. કેમ કે છએ કારકો તેઓના અંતરમાં જ પ્રવર્તે છે, બાહ્ય પુદ્ગલભાવોમાં પ્રવર્તતા નથી. **॥૧૪૮॥**

**અવતરણિકા :- अत्रोच्यते-**

**અવતરણિકાર્થ :-** અહીંયાં = ગાથા - ૧૪૭માં '**शङ्कते**'થી સંપ્રદાયપક્ષે જે કથન કર્યું તે કથનમાં, કહેવાય છે.

**ગાથા :-** **चरणरिउणो न जोगा अत्थसमाएण सव्वसंवरणं ।**
**सिद्धे तंमि सहावे समवट्ठाणंति सिद्धंतो ॥१४९॥**

(चरणरिपवो न योगा अर्थसमाजेन सर्वसंवरणम् । सिद्धे तस्मिन् स्वभावे समवस्थानमिति सिद्धान्तः ॥१४९॥)

**ગાથાર્થ :-** **યોગો ચારિત્રના રિપુ=વિરોધી, નથી. (અહીં પ્રશ્ન થાય કે તો પછી ચરણનો પ્રતિબંધક ચારિત્રમોહનીય છે, તો ચારિત્રમોહના ક્ષયથી સર્વસંવર કેમ થતો નથી? તેથી કહે છે-) અર્થસમાજથી સર્વસંવર થાય છે, અને (સ્વભાવભૂત ચારિત્ર) સિદ્ધ થયે છતે, તે સ્વભાવમાં = સિદ્ધ થયેલા એવા ચારિત્રરૂપ તે સ્વભાવમાં, સમવસ્થાન એ પ્રકારનો સિદ્ધાંત છે.**

**ભાવાર્થ :-** "અર્થસમાજથી સર્વસંવર થાય છે" એમ કહ્યું ત્યાં 'અર્થસમાજ' એટલે ચારિત્રમોહનો નાશ થયા પછી તેના દ્વારા નિષ્પન્ન થયેલ ચારિત્રથી પ્રતિક્ષણ કર્મનું અપનયન થાય છે, એમ અપનયન થતાં થતાં જ્યારે સર્વઅપનયનનો કાળ આવે છે તે રૂપ કારણસામગ્રીને પામીને સર્વસંવર થાય છે. અર્થાત્ જેમ યથાખ્યાતચારિત્ર સર્વસંવરમાં આવશ્યક છે તેમ નિર્જરણીય કર્મ પણ તેટલા જ પ્રમાણમાં હોવાં જરૂરી છે કે જે એક જ ક્ષણમાં ચારિત્રથી નાશ થઇ શકે; તે રૂપ અર્થસમાજથી સર્વસંવર થાય છે.

અહીં શ્લોકના ઉત્તરાર્ધનું જોડાણ આ રીતે છે -

**'सहावे सिद्धे तंमि'** = સ્વભાવભૂત ચારિત્ર સિદ્ધ થયે છતે તેમાં=ચારિત્રરૂપ સ્વભાવમાં, સમવસ્થાન છે એ પ્રકારનો સિદ્ધાંત છે.

આશય એ છે કે સિદ્ધાંતપક્ષને સિદ્ધમાં ચારિત્ર માન્ય નથી તેથી, સિદ્ધાંતપક્ષી સંપ્રદાયપક્ષીને કહે છે કે, સ્વભાવમાં સમવસ્થાનરૂપ ચારિત્ર તમે ત્યારે જ કહી શકો કે જ્યારે જીવનો ચારિત્રરૂપ સ્વભાવ સિદ્ધ થાય, અને સ્વભાવમાં સમવસ્થાન સિદ્ધ થાય ત્યારે જીવનો ચારિત્રરૂપ સ્વભાવ છે તેમ સિદ્ધ થાય; આ પ્રકારે અન્યોન્યાશ્રય દોષ આવે છે. બાકી જ્ઞાનાદિ સ્વભાવમાં સમવસ્થાન તો સિદ્ધાંતકારને અભિમત છે, અને જ્ઞાનાદિ સ્વભાવમાં સમવસ્થાન સર્વસંમત છે. કેમ કે સિદ્ધમાં કેવળજ્ઞાન સર્વને માન્ય છે, પરંતુ સિદ્ધમાં ચારિત્રરૂપ સ્વભાવ છે કે નહીં તે જ વિવાદનો વિષય છે. તેથી તે સ્વભાવ સિદ્ધમાં જ્યાં સુધી સિદ્ધ ન થાય ત્યાં સુધી તે સ્વભાવમાં સમવસ્થાનરૂપ ચારિત્ર હોઇ શકે નહિ.

**ઉત્થાન :-** ગાથા-૧૪૭ની ટીકાના પ્રારંભમાં સંપ્રદાયપક્ષે કહેલ કે ચારિત્રમોહના ક્ષયથી યથાખ્યાતચારિત્ર થાય છે, અને યોગનિરોધથી પરમયથાખ્યાતચારિત્ર થાય છે; તેનું કારણ ચારિત્રના પ્રતિપંથી એવા ચારિત્રમોહની સાથે યોગો સહચારી છે, તેથી યોગો પણ ચારિત્રના પ્રતિપંથી છે; માટે ચારિત્રમોહનો ક્ષય થવા છતાં પરમયથાખ્યાતચારિત્ર ૧૩મા ગુણસ્થાનકમાં પ્રગટ થતું નથી, પરંતુ યોગનિરોધ થયા પછી જ પરમયથાખ્યાતચારિત્ર પ્રગટે છે. તેનું નિરાકરણ કરતાં સિદ્ધાંતપક્ષી **'न खलु'**થી કહે છે -

**ટીકા :-** **न खलु चरणप्रतिपन्थिचारित्रमोहसहचारिण इति योगास्तत्प्रतिपन्थिनो येन तन्निरोधेन परमचारित्रोत्पत्तिर्वक्तुं शक्येत, अन्यथा दर्शनादिप्रतिपन्थिदर्शनमोहादिसहचारित्वेन दर्शनादावपि तेषां प्रतिबन्धकत्वात् तन्निरोधेन परमदर्शनाद्युत्पत्तिमपि वक्तुं खलस्य रसनोच्छृंखलायेत। ननु तर्हि शैलेश्यवस्थायां सर्वसंवरः कः? न खलु तदानीन्तनं चारित्रं प्राक्तनचारित्रादतिरिच्यत इति चेत्? उच्यते, तदेव यथाख्यातचारित्रं प्रतिसमयमनेककर्म निर्ज्जरयन् चरमनिर्जराकारणतामापन्नं सर्वसंवर इत्युच्यते**

**इति किमनुपपन्नम्? न चैवं ज्ञानमपि सर्वसंवरः स्यात्, तस्य प्रकाशव्यापार एव विश्रामात्, कर्मापनयनस्य चारित्रव्यापारत्वात्।**

**ટીકાર્થ :- 'न खलु'** ચરણના=ચારિત્રના, પ્રતિપંથી એવા ચારિત્રમોહના સહચારી છે એથી કરીને યોગો તેના = ચારિત્રના, પ્રતિપંથી છે એમ ન કહેવું, કે જેથી તેના=યોગના, નિરોધથી પરમચારિત્રની ઉત્પત્તિ કહેવા માટે શક્ય થાય. અન્યથા = ચારિત્રના પ્રતિપંથી એવા ચારિત્રમોહના સહચારી છે એથી કરીને યોગો ચારિત્રના પ્રતિપંથી છે એમ માનો તો, દર્શનાદિના પ્રતિપંથી દર્શનમોહાદિના સહચારીપણાથી દર્શનાદિમાં પણ તેઓનું=યોગોનું, પ્રતિબંધકપણું હોવાથી તેના નિરોધથી=યોગના નિરોધથી, પરમ દર્શનાદિની ઉત્પત્તિ પણ કહેવા માટે ખલની રસના=જીભ, ઉચ્છૃંખલ થાય.

**ભાવાર્થ :-** સિદ્ધાંતકારનો આશય એ છે કે, જો યોગોને ચારિત્રમોહના સહચારવાળા હોવાના કારણે ચારિત્રના પ્રતિપંથી કહીશું, તો યોગો દર્શનમોહના સહચારવાળા હોવાથી દર્શનના પણ પ્રતિપંથી માનવા પડશે. તેથી ક્ષાયિક દર્શનાદિની ઉત્પત્તિ પછી યોગનિરોધ વખતે પરમ દર્શનાદિની ઉત્પત્તિ માનવાનો પ્રસંગ આવે. તેથી યોગોને ચારિત્રના પ્રતિપંથી માની શકાય નહિ. આમ કહીને સિદ્ધાંતકારને એ સ્થાપન કરવું છે કે, પૂર્વમાં સંપ્રદાયપક્ષીએ યોગોને ચારિત્રના પ્રતિપંથી સ્થાપન કરીને એ કહેલ કે, યોગનિરોધથી પરમયથાખ્યાતચારિત્ર પેદા થાય છે અને તે શાશ્વત છે આથી મોક્ષમાં ચારિત્ર છે, તેનું નિરાકરણ કરીને સિદ્ધાંતકારને સ્થાપવું છે કે, યોગો ચારિત્રના પ્રતિપંથી નથી, પરંતુ યોગથી જ ચારિત્ર પેદા થાય છે તેથી સિદ્ધ અવસ્થામાં યોગ નહિ હોવાને કારણે ચારિત્ર નથી.

**ટીકાર્થ :- 'ननु' 'ननु'**થી= સંપ્રદાયપક્ષી કહે છે કે તો પછી સર્વસંવર શું છે? સંપ્રદાયપક્ષીના આ પ્રશ્નની સામે સિદ્ધાંતકાર કહે છે કે -

**'न खलु'** તદાનીન્તન ચારિત્ર=૧૪મા ગુણસ્થાનકમાં વર્તતું સર્વસંવર ચારિત્ર, પ્રાક્તનચારિત્રથી=૧૨મા ગુણસ્થાનકમાં પેદા થયેલ ચારિત્રથી, જુદું નથી, એમ તું કહે છે? તો **'उच्यते'** થી સિદ્ધાંતકાર તેનો ઉત્તર આપે છે- **'तदेव'** તે જ=મોહક્ષયથી થયેલ તે જ, યથાખ્યાતચારિત્ર પ્રતિસમય અનેક કર્મોની નિર્જરા કરતું ચરમ નિર્જરાની કારણતાને પામેલું સર્વસંવર એ પ્રમાણે કહેવાય છે. એથી કરીને શું અનુપપન્ન છે? અર્થાત્ કાંઇ અનુપપન્ન નથી.

**ભાવાર્થ :-** પૂર્વમાં સિદ્ધાંતપક્ષે એ સ્થાપન કર્યું કે યોગો ચારિત્રના પ્રતિપંથી નથી. ત્યાં પ્રશ્ન થાય કે, ચારિત્રમોહનો ક્ષય ૧૨મા ગુણસ્થાનકમાં થાય છે તેથી ક્ષાયિક ચારિત્ર ત્યાં પ્રગટ થાય છે, તેના કરતાં સર્વસંવર ૧૪મા ગુણસ્થાનકમાં જુદું શાસ્ત્રપ્રસિદ્ધ છે, તેને સિદ્ધાંતી કઇ રીતે સ્થાપન કરી શકશે? એ પ્રકારના આશયથી સંપ્રદાયપક્ષી સિદ્ધાંતીને પૂછે છે કે, તો પછી ૧૨મા ગુણસ્થાનકના ચારિત્ર કરતાં શૈલેશી અવસ્થામાં સર્વસંવર જુદી શું ચીજ છે? સંપ્રદાયપક્ષીના આ કથનની સામે સિદ્ધાંતકાર સામો પ્રશ્ન કરે છે કે '"૧૨મા ગુણસ્થાનકમાં પેદા થયેલ ક્ષાયિકચારિત્રથી ૧૪મા ગુણસ્થાનકમાં વર્તતું સર્વસંવર ચારિત્ર જુદું નથી" એ પ્રમાણે તમે (સંપ્રદાયપક્ષી) અમને આપત્તિ આપો છો?' આમ પૂછીને પછી તેને જુદું કરીને બતાવતાં સિદ્ધાંતકાર કહે છે કે, ૧૨મા ગુણસ્થાનકમાં પેદા થયેલ યથાખ્યાતચારિત્ર નિર્જરા કરતાં કરતાં ૧૪મા ગુણસ્થાનકની છેલ્લી ક્ષણમાં નિર્જરા થઇ શકે એટલા કર્મની સ્થિતિવાળી અવસ્થાને

જ્યારે પામે છે ત્યારે સર્વસંવર કહેવાય છે, પરંતુ યોગ સાથે તેને કોઇ વિરોધ નથી. અને આ જ કથનને ગાથા-૧૪૯માં અર્થસમાજથી સર્વસંવર છે એમ કહીને કહેલ છે.

**ટીકાર્થ :- 'न चैवं'** - અહીં સંપ્રદાયપક્ષી કહે કે અને આ પ્રમાણે = મોહક્ષયથી થયેલ યથાખ્યાતચારિત્ર પ્રતિસમય અનેક કર્મોની નિર્જરા કરતું ચરમનિર્જરાની કારણતાને પામેલું સર્વસંવર કહેવાય છે એ પ્રમાણે, જ્ઞાન પણ સર્વસંવર થશે, અર્થાત્ જ્ઞાનાવરણના ક્ષયથી થયેલ કેવલજ્ઞાન પણ સમયે સમયે અનેક કર્મોને નિર્જરતું થકું ચરમ સમયે સર્વ કર્મનિર્જરાનું કારણ બને એવું પણ કહી શકાતું હોવાથી જ્ઞાન પણ સર્વસંવર થશે.

તેનો ઉત્તર આપતાં સિદ્ધાંતી કહે છે કે એમ ન કહેવું, કેમ કે તેનો = જ્ઞાનનો, પ્રકાશવ્યાપારમાં જ વિશ્રામ છે (અને) કર્મ-અપનયનનું ચારિત્રવ્યાપારપણું છે.

**ભાવાર્થ :-** કેવલજ્ઞાન થાય છે તે વખતે જ્ઞાનાવરણીયના ક્ષયથી જેમ ક્ષાયિક જ્ઞાન પેદા થાય છે તેમ ચારિત્રમોહના ક્ષયથી ક્ષાયિકચારિત્ર પેદા થાય છે. અને કેવળી કર્મની નિર્જરા કરતાં કરતાં ૧૪મા ગુણસ્થાનકના અંતમાં સંપૂર્ણ કર્મની નિર્જરા કરે છે તેથી, જેમ ક્ષાયિકચારિત્રને ચરમ નિર્જરાના કારણરૂપે કહીને સર્વસંવર કહી શકાય, તેમ ક્ષાયિક એવા જ્ઞાનને પણ ચરમ નિર્જરાના કારણરૂપે કહીને સર્વસંવર કહી શકાય. તેનું નિરાકરણ કરતાં સિદ્ધાંતી કહે છે કે એમ ન કહેવું, કેમ કે જ્ઞાનનું કાર્ય પ્રકાશ છે માટે સર્વસંવર જ્ઞાનને કહી શકાય નહિ. કર્મઅપનયન એ ચારિત્રનું કાર્ય છે, માટે ચરમ નિર્જરાની કારણતાને પ્રાપ્ત એવું સર્વસંવર ચારિત્રને જ કહી શકાય, જ્ઞાનને નહીં.

**ટીકા :- नन्वेवं सिद्धं नः समीहितं, चारित्रमोहक्षयजनितस्यास्य नित्यत्वात् इति चेत्? न, तादृशस्याप्यस्य वीर्यविशेषरूपत्वाद्, वीर्यसामान्यं प्रत्येव चान्वयव्यतिरेकाभ्यां योगानां हेतुत्वात्, तद्विलये तद्विलयात्।**

**ટીકાર્થ :- नन्वेवं - 'ननु'**થી સંપ્રદાયપક્ષી આ પ્રમાણે કહે કે આ રીતે = પૂર્વમાં તમે કહ્યું કે તે જ યથાખ્યાતચારિત્ર પ્રતિ સમય અનેક કર્મોની નિર્જરા કરતું ચરમ નિર્જરાની કારણતાને પામેલું સર્વસંવર કહેવાય છે એ રીતે, અમારું સમીહિત=ઇચ્છિત, સિદ્ધ થયું, કેમ કે ચારિત્રમોહના ક્ષયથી જનિત આનું = યથાખ્યાતચારિત્રનું, નિત્યપણું છે.

**ભાવાર્થ :-** પૂર્વમાં સિદ્ધાંતપક્ષીએ કહ્યું કે, ચારિત્રમોહના ક્ષયથી પેદા થયેલ યથાખ્યાતચારિત્ર અને ૧૪મા ગુણસ્થાનકના અંતે થનારું સર્વસંવર ચારિત્ર જુદું નથી. ૧૨મા ગુણસ્થાનક વખતે પ્રાદુર્ભાવ થયેલ યથાખ્યાતચારિત્ર જ પ્રતિસમય નિર્જરા કરતું ચરમ નિર્જરાના કારણને પામેલું સર્વસંવર કહેવાય છે. તેનાથી એ પ્રાપ્ત થાય છે કે ચારિત્રમોહના ક્ષયથી જનિત યથાખ્યાતચારિત્ર શાશ્વત છે, કેમ કે ચારિત્રમોહનો ક્ષય થયા પછી ફરી ચારિત્રમોહનો ઉદય થઇ શકતો નથી કે જેથી તે ચારિત્ર નાશ પામી શકે. આ રીતે સંપ્રદાયપક્ષીનું જે સમીહિત હતું તે સિદ્ધ થાય છે.

સંપ્રદાયપક્ષીના કથનનું નિરાકરણ કરતાં સિદ્ધાંતી કહે છે -

**ટીકાર્થ :- 'न, तादृशस्य'** એમ ન કહેવું, કેમ કે તાદૃશ પણ આનું = ચારિત્રનું, વીર્યવિશેષરૂપપણું છે (અને) વીર્યસામાન્ય પ્રતિ જ અન્વય-વ્યતિરેક દ્વારા યોગોનું હેતુપણું છે. (તેથી સિદ્ધમાં) તેના=યોગોના, વિલયમાં તેનો= વીર્યનો, વિલય=નાશ, થાય છે. (માટે વીર્યવિશેષરૂપચારિત્રનો સિદ્ધમાં અભાવ છે.)

**ભાવાર્થ :-** તાદૃશ પણ ચારિત્ર=ચારિત્રમોહના ક્ષયથી પ્રાદુર્ભાવ થયેલ યથાખ્યાતચારિત્ર, જે યાવત્ ૧૪મા ગુણસ્થાનકના અંત સુધી અવસ્થિત રહે છે, તેવું પણ ચારિત્ર વીર્યવિશેષરૂપ છે, માટે સિદ્ધમાં ચારિત્ર નથી.

અહીં પ્રશ્ન થાય કે ચારિત્ર વીર્યવિશેષરૂપ હોય એટલામાત્રથી સિદ્ધમાં નથી તેમ કેમ કહી શકાય? તેથી કહે છે કે વીર્યસામાન્ય પ્રતિ યોગોનો અન્વય-વ્યતિરેક હોવાના કારણે વીર્યસામાન્ય પ્રતિ જ=વીર્યમાત્ર પ્રતિ જ, યોગોનું હેતુપણું છે, તેથી યોગના વિલયમાં વીર્યનો વિલય=નાશ, છે. અને વીર્યસામાન્યનો વિલય હોય તો વીર્યવિશેષ ન જ હોય, તેથી યોગના અભાવના કારણે વીર્યવિશેષરૂપ ચારિત્રનો અભાવ છે.

**ટીકા :- न चैवं भगवतां शारीरबलचयापचयवच्चारित्रस्यापि तत्प्रसङ्गः, नामकर्मजन्यस्य शारीरबलस्य तथात्वेऽपि वीर्यस्याऽतथात्वात्। अत एवोक्तं**"अनन्तवीर्यत्वे सत्यपि भगवतां शारीरबलापचयः" **इति। नन्वेवं शारीरे बले योगानां हेतुताऽस्तु, न तु वीर्ये, इति वीर्यविशेषरूपं चारित्रं न योगजन्यं इति चेत्? न, सामान्यतो हेतुताग्राहकस्य प्रमाणस्य बलवत्त्वात्। अस्तु वा तथा, तथाप्यौदयिकादिभाववत् क्षायिकस्यापि तस्य चरमभा( ?भ )वनाशकसामग्र्यैव नाशः, किमत्र कुर्मो यत्र बलवानागमः।**

**ટીકાર્થ :- न चैवं** - અને આ રીતે = વીર્યસામાન્ય પ્રતિ યોગ હેતુ છે એમ પૂર્વમાં કહ્યું એ રીતે, ભગવાનના શારીરબલના=શારીરિકબળના, ચયાપચયની જેમ ચારિત્રનો પણ તત્પ્રસંગ=ચયાપચયનો પ્રસંગ, પ્રાપ્ત થશે, એમ સંપ્રદાયપક્ષી કહે છે.

તેનો ઉત્તર આપતાં સિદ્ધાંતી કહે છે કે એમ ન કહેવું, **'नामकर्म'** કેમ કે નામકર્મજન્ય શરીરબળનું તથાપણું હોવા છતાં પણ = કેવળીને પણ ચયાપચય થવા રૂપ સ્વભાવપણું હોવા છતાં પણ, વીર્યનું અતથાપણું છે = ચય-અપચય થવાનું સ્વભાવપણું નથી.

**ભાવાર્થ :-** સંપ્રદાયપક્ષી કહે કે સ્વસિદ્ધાંત પ્રમાણે કેવલી આહારાદિ ગ્રહણ ન કરે તો કેવળીને પણ શરીરબળનો અપચય થાય છે, અને આહારાદિથી કેવળીને પણ શરીરબળનો ચય થાય છે અર્થાત્ શરીર પુષ્ટ થાય છે; તેની જેમ ચારિત્રનો પણ ચય-અપચયનો પ્રસંગ આવશે. કેમ કે શરીરબળના ચય-અપચયની સાથે મન-વચન-કાયાના પ્રવર્તનરૂપ યોગોનો પણ ચય-અપચય થાય છે, અને યોગો ઉપર નિર્ભર એવું વીર્ય પણ ચય-અપચય પામશે; તેથી વીર્યવિશેષરૂપ ચારિત્ર પણ કેવળીને ચય-અપચય પામશે. તેને સિદ્ધાંતકાર કહે છે કે તેમ ન કહેવું. કેમ કે શરીરની પ્રાપ્તિ નામકર્મથી થાય છે, અને આહારાદિ ગ્રહણ કરવાને કારણે તથાવિધ નામકર્મના વિપાકને કારણે શરીરબળ વૃદ્ધિ પામે છે, અને આહારાદિ નહિ ગ્રહણ કરવાને કારણે શરીરબળ ક્ષીણ થાય છે; તેથી કેવળીને પણ શરીરબળનો ચય-અપચય થાય છે, અને તેના ઉપર નિર્ભર એવા મન-વચન-કાયાના યોગો પણ શિથિલ થાય છે. અને યોગો શિથિલ થવાના કારણે વીર્યનું પ્રવર્તન પણ મંદ થાય છે. આમ છતાં, વીર્યાંતરાયકર્મના ક્ષયથી પ્રાદુર્ભાવ પામેલ અનંતવીર્ય કેવળીમાં છે, તેથી સ્ફુરણાત્મક વીર્ય શરીરબળની શિથિલતાને કારણે અલ્પ થવા છતાં મૂલગુણ અને ઉત્તરગુણમાં પ્રવર્તમાન વીર્ય સહેજ પણ અલ્પ થતું નથી, કે જેથી ચારિત્રની હાનિનો પ્રસંગ પ્રાપ્ત થાય. મૂલોત્તર ગુણમાં પ્રવર્તતું વીર્ય કાંઇક અંશમાં અન્ય ભાવમાં સ્ફુરણ પામે અથવા મૂલોત્તર ગુણમાં પ્રવર્તતું મંદ થાય તો જ

ચારિત્રમાં હાનિ થાય. જેમ ચારિત્રમાં વર્તતા મુનિઓ ઉત્તરગુણમાં સ્ખલના થવાના કારણે કે પ્રમાદને કારણે વીર્ય મંદ પ્રવર્તાવે તો કથંચિત્ અતિચારદશાને પામે છે ત્યારે તેમનું વીર્ય યત્કિંચિત્ અન્ય ભાવમાં સ્ફુરણ થાય છે, તેથી ચારિત્રની હાનિ થાય છે; તે રીતે કેવલીને અન્ય ભાવમાં સ્ફુરણનો સંભવ નહિ હોવાના કારણે ચારિત્રની હાનિનો પ્રસંગ નથી. તેથી કેવળીનું વીર્ય ચય-અપચય સ્વભાવવાળું નથી એમ કહેલ છે.

**ટીકાર્થ :-** **'अत एव'** આથી કરીને જ = કેવળીને વીર્યનો ચય-અપચય થતો નથી,આથી કરીને જ, કહ્યું છે - અનંતવીર્યવાળા હોવા છતાં પણ ભગવાનને શરીરબળનો અપચય થાય છે.

❀ **'इति'** શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

**ભાવાર્થ :-** વીર્યાન્તરાયકર્મનો ક્ષય થવાથી ભગવાનને અનંતવીર્ય પ્રાદુર્ભાવ થાય છે, તેથી વીર્યનો ચય-અપચય નથી; આમ છતાં, શરીરબળનો ચય-અપચય તેઓને થાય છે.

**ટીકાર્થ :-** **'नन्वेवं'** **'ननु'**થી સંપ્રદાયપક્ષી આ પ્રમાણે કહે કે, આ રીતે = પૂર્વમાં કહ્યું કે શરીરબળનું તથાપણું હોવા છતાં વીર્યનું અતથાપણું છે એ રીતે, શરીરબળમાં યોગની હેતુતા હો, પણ નહીં કે વીર્ય પ્રતિ, એથી કરીને વીર્યવિશેષરૂપ ચારિત્ર યોગજન્ય નથી. તેનો ઉત્તર આપતાં સિદ્ધાંતી કહે છે કે એમ ન કહેવું, **सामान्यतो** કેમ કે સામાન્યથી હેતુતાગ્રાહક પ્રમાણનું બલવાનપણું છે

**ભાવાર્થ :-** કેવળીને પણ શરીરબળ નામકર્મજન્ય હોવાને કારણે શરીરબળ ચય-અપચય પામે છે છતાં વીર્યનો ચય-અપચય થતો નથી, એમ સિદ્ધાંતીએ કહ્યું એનાથી એ પ્રાપ્ત થાય કે -

જ્યારે આહાર ગ્રહણ કરવામાં ન આવે ત્યારે શરીરબળની શક્તિ અલ્પ થાય છે, તેથી મન-વચન-કાયાના યોગો શિથિલ પ્રવર્તે છે. મન-વચન-કાયાના યોગોના શિથિલ પ્રવર્તનને કારણે શરીરબળનો વ્યાપાર અલ્પ થાય છે. તેથી શરીરબળના પ્રવર્તનમાં યોગની હેતુતા હો, અને કેવળીને અનંતવીર્ય હોવાથી યોગોની શિથિલતા હોવા છતાં વીર્યમાં હાનિ-વૃદ્ધિ થતી નથી, તેથી વીર્ય પ્રત્યે યોગ હેતુ નથી. એથી કરીને વીર્યવિશેષરૂપ ચારિત્ર યોગજન્ય નથી. આ પ્રમાણે સંપ્રદાયપક્ષીએ કહે છતે સિદ્ધાંતી કહે છે કે, એ વાત બરાબર નથી. કેમ કે સામાન્યથી વીર્યના પ્રવર્તનમાં યોગોની હેતુતા દેખાય છે તે પ્રમાણનું બલવાનપણું છે. અર્થાત્ આપણને દેખાય છે કે મન-વચન-કાયાના યોગો દ્વારા પોતાની વીર્યશક્તિ પ્રવર્તે છે, તેથી જ જ્યારે જ્યારે મન-વચન-કાયાનું પ્રવર્તન થાય છે ત્યારે ત્યારે વીર્ય પ્રવર્તે છે તેમ દેખાય છે. માટે યોગોને અને વીર્યને સામાન્યથી કાર્ય-કારણભાવ છે તે પ્રમાણનું બલવાનપણું છે.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે યદ્યપિ છદ્મસ્થોમાં સામાન્યથી યોગ દ્વારા વીર્ય પ્રવર્તતું દેખાય છે, તો પણ કેવળીઓમાં અનંતવીર્ય હોવા છતાં શરીરની શિથિલતાને કારણે યોગની જ્યારે અલ્પતા વર્તે છે ત્યારે, શરીરબળ અલ્પ અલ્પ પ્રવર્તતું દેખાય છે; અને તેથી જો વીર્યને અલ્પ માનીએ તો કેવળીઓમાં વીર્યનો અપચય માનવો પડે. તેથી વીર્ય

પ્રતિ યોગ હેતુ છે તેવો ત્યાં પ્રતિભાસ થતો નથી; અને અયોગીગુણસ્થાનકમાં યોગનો નિરોધ થવા છતાં વીર્યવિશેષરૂપ ચારિત્ર હોય છે, તેથી વીર્યસામાન્ય પ્રતિ યોગની હેતુતા ગ્રહણ થતી નથી. આ પ્રમાણે સંપ્રદાયપક્ષી કહે છતે સિદ્ધાંતી કહે છે -

**ટીકાર્થ :-** **'अस्तु वा'** અથવા તેમ હો = વીર્યવિશેષરૂપ ચારિત્ર યોગજન્ય ન હો, તો પણ ઔદયિકાદિ ભાવની જેમ ક્ષાયિક પણ તેનો = વીર્યવિશેષરૂપ ચારિત્રનો, ચરમ ભવની નાશક સામગ્રીથી જ નાશ થાય છે તેમાં પ્રમાણ શું? એ પ્રશ્ન થાય. તેથી કહે છે - અમે અહીં શું કરીએ જ્યાં આગમ બલવાન છે?

**ભાવાર્થ :-** ચારિત્રમોહ ક્ષય થયેલ હોવાને કારણે ચારિત્ર સિદ્ધમાં હોવું જોઇએ તેમ પ્રતિભાસ થાય છે, તો પણ સિદ્ધમાં ચારિત્ર નથી એ વિષયમાં બલવાન આગમ છે - પૂર્વમાં ગાથા-૧૪૫માં **समत्तचरित्ताइं** વિશેષાવશ્યકભાષ્ય ગાથા - ૨૦૭૮ ના ઉદ્ધરણમાં દાનાદિલબ્ધિપંચક અને ચારિત્રને 'સાદિસાંત' કહેલ છે, વળી ગાથા - ૧૩૧માં ઉદ્ધરણમાં '**सिद्धे णोचरित्ती णोअचरित्ती**' એ પ્રમાણે પણ વચન છે. માટે જેમ ચરમ ભવની નાશક સામગ્રીથી ભવનો નાશ થાય છે, તેમ ચરમ ભવમાં રહેનારું ચારિત્ર પણ નાશ પામે છે, એમ સિદ્ધાંતી કહે છે.

**ટીકા :-** **नन्वेवं सयोगिकेवलिनां ज्ञानदर्शनचारित्ररूपरत्नत्रयसाम्राज्यात्तदानीमेव मुक्त्यवाप्तिप्रसङ्ग इति चेत्? न, चरमसमयोपलक्षितज्ञानक्रिययोरेव मुक्तिहेतुत्वाद्, अनन्यगत्या तथा हेतुत्वकल्पनात्। अथवाऽन्तक्रियाद्वारा चारित्रस्य हेतुत्वं, साक्षात् ( ?न साक्षात् ), दण्डस्येव घटादौ स्वजन्यभ्रमिद्वारा, तस्याश्च तदानीमभावान्न दोषः। न चैवं चारित्रस्य चरमकारणत्वं न स्यात्, इष्टत्वात्, ''[१]सवणे नाणे य....'' ( प्रज्ञप्तौ संग्रहणिगाथा ) इत्यादिना व्यापारव्यापारिभावेनैव हेतुहेतुमद्भावोपदर्शनात् परमचारित्रत्वेनैव मोक्षहेतुता, पारम्यं च न वैजात्यं किं तु वैधर्म्यम्। स च धर्मोऽन्तक्रियादिरूपः, चारित्रस्यैवोपाधिरिति तदेवासौ विशेषयति न तु ज्ञानादिकमिति नातिप्रसङ्गः। अत एवोपाध्युपाधिमतोरभेदविवक्षयाऽन्तक्रियापि चारित्रमित्युच्यते। एवं च योगजन्यत्वादिकं विशुद्ध्यादिकं चोपाध्यंशमादाय पर्यवस्यतीति तत्र तत्र विवक्षावशेन वैचित्र्योक्तिरपि नासङ्गतिमतीत्यपि युक्तमुत्पश्यामः।**

**ટીકાર્થ :-** **'नन्वेवं'** **'ननु'**થી સંપ્રદાયપક્ષી કહે છે કે આ રીતે = પૂર્વમાં કહ્યું કે તે જ યથાખ્યાતચારિત્ર પ્રતિસમય અનેક કર્મની નિર્જરાને કરતું ચરમ નિર્જરાની કારણતાને પામેલું સર્વસંવર કહેવાય છે, પરંતુ શૈલેશી અવસ્થામાં સર્વસંવર છે તે બારમા ગુણસ્થાનક વખતે પ્રાપ્ત થયેલ યથાખ્યાતચારિત્ર કરતાં જુદું નથી એ રીતે, સયોગીકેવલીઓને જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ રત્નત્રયનું સામ્રાજ્ય હોવાથી = રત્નત્રયીની પૂર્ણતા હોવાથી, ત્યારે જ = ૧૩મા ગુણસ્થાનકે જ, મુક્તિની પ્રાપ્તિનો પ્રસંગ આવશે.

તેનું નિરાકરણ કરતાં સિદ્ધાંતી કહે છે કે એમ ન કહેવું, કેમ કે ચરમ સમયથી ઉપલક્ષિત = ચરમ સમયથી વિશિષ્ટ, એવી જ્ઞાન-ક્રિયાનું જ મુક્તિહેતુત્વ છે.

---

१. सवणे नाणे य विन्नाणे, पच्चक्खाणे अ संजमे। अणण्हए तवे चेव वोदाणे अकिरिआ सिद्धी ॥
श्रवणे ज्ञाने च विज्ञाने प्रत्याख्याने च संयमे। अनाश्रवे तपसि चैव व्यवदानेऽक्रिया सिद्धिः ॥

**ભાવાર્થ :-** યદ્યપિ સયોગીકેવલીને પરિપૂર્ણ જ્ઞાન-દર્શન-ચારિત્ર હોવા છતાં પણ તત્ક્ષણ મુક્તિ થતી નથી, કેમ કે મુક્તિ પ્રત્યે આયુષ્યનો ચરમ સમય અથવા નાશ પામતા સર્વકર્મના ચરમ સમયથી વિશિષ્ટ એવી જ્ઞાન-ક્રિયાનું જ હેતુપણું છે.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે શાસ્ત્રમાં જ્ઞાન-ક્રિયાથી મોક્ષ કહેલ છે, પરંતુ ચરમસમયઉપલક્ષિત જ્ઞાન-ક્રિયાથી મોક્ષ કહેલ નથી. માટે જ્ઞાન-ક્રિયાને જ મોક્ષહેતુ માનવું જોઇએ, તેથી કહે છે -

**ટીકાર્થ :-** '**अनन्य**' - અનન્યગતિને કારણે તે પ્રકારના હેતુત્વની કલ્પના કરેલ છે.

**ભાવાર્થ :-** શાસ્ત્રમાં જેમ જ્ઞાન-ક્રિયાથી મોક્ષ કહેલ છે તેમ કેવળીને જ્ઞાનાવરણીયકર્મના ક્ષયથી પરિપૂર્ણ જ્ઞાન અને ચારિત્રમોહના ક્ષયથી પરિપૂર્ણ ચારિત્ર માનેલ છે, અને કેવળીને કેવળજ્ઞાન થતાંની સાથે જ મોક્ષ માનેલ નથી પરંતુ ૧૪મા ગુણસ્થાનકને અંતે સર્વકર્મ ક્ષય થતાં જ મોક્ષ માનેલ છે. તેથી અન્ય કોઇ ગતિ નહિ હોવાથી તે જ પ્રકારે = ચરમસમયઉપલક્ષિત જ્ઞાન-ક્રિયાના જ હેતુપણાની, કલ્પના કરેલ છે.

**ટીકાર્થ :-** '**अथवा**' અથવા જેમ ઘટાદિમાં સ્વજન્ય ભ્રમિ દ્વારા દંડનું હેતુપણું છે તેમ ચારિત્રનું અંતક્રિયા દ્વારા હેતુપણું છે, સાક્ષાત્ નહિ. અને તેનો = અંતક્રિયાનો, ત્યારે = સયોગીકેવલી અવસ્થામાં, અભાવ હોવાથી કોઇ દોષ નથી.

**ભાવાર્થ :-** જ્ઞાન-ક્રિયાથી મોક્ષ કહેલ હોવા છતાં ક્રિયા સાક્ષાત્ હેતુ નથી પરંતુ અંતક્રિયા દ્વારા હેતુ છે, અને સયોગીકેવલી અવસ્થામાં અંતક્રિયાનો અભાવ છે માટે મુક્તિનો પ્રસંગ આવતો નથી.

અહીં વિશેષ એ છે કે '**अथवा**' ઇત્યાકારક પદની પૂર્વમાં ચરમ સમયથી ઉપલક્ષિત જ્ઞાન-ક્રિયાનું મોક્ષહેતુત્વ કહ્યું, અને '**अथवा**'થી ચારિત્રનું અંતક્રિયા દ્વારા હેતુપણું કહ્યું, તેનું કારણ એ છે કે સ્થિતપક્ષ જ્ઞાન-ક્રિયા દ્વારા મોક્ષ માને છે તે દૃષ્ટિથી ચરમ સમયથી ઉપલક્ષિત જ્ઞાન-ક્રિયાનું મોક્ષહેતુત્વ કહ્યું; અને નિશ્ચયનય જ્ઞાનથી ચારિત્ર પેદા થાય છે તેમ માને છે અને ચારિત્રને મોક્ષનો હેતુ માને છે, અને નિશ્ચયનય પ્રમાણે પણ સયોગીકેવલી અવસ્થામાં ક્ષાયિકભાવનું ચારિત્ર હોવાથી સયોગીકેવલીને મુક્તિનો પ્રસંગ ઊભો રહ્યો. તેથી કહ્યું છે કે ચારિત્રનું સાક્ષાત્ હેતુત્વ નથી પરંતુ અંતક્રિયા દ્વારા હેતુત્વ છે, માટે દોષ નથી.

**ટીકાર્થ :-** '**न चैव**' અહીં સંપ્રદાયપક્ષી કહે છે કે, આ રીતે = ચારિત્રનું અંતક્રિયા દ્વારા મોક્ષહેતુત્વ માન્યું એ રીતે, ચારિત્રનું ચરમ કારણત્વ નહિ થાય. તો સિદ્ધાંતી કહે છે કે એમ ન કહેવું, કેમ કે ઇષ્ટપણું છે અર્થાત્ અમને ઇષ્ટ છે. કેમ કે પ્રજ્ઞપ્તિમાં '**सवणे नाणे ..**' ઇત્યાદિ ગાથાથી વ્યાપાર-વ્યાપારીભાવથી જ હેતુ-હેતુમદ્ભાવનું ઉપદર્શન છે. તેથી પરમચારિત્રપણા વડે જ મોક્ષહેતુતા છે. (પણ ચારિત્રત્વેન નહીં.)

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે પૂર્વમાં સંપ્રદાયપક્ષીએ કહેલ કે ચારિત્રમોહનીયના ક્ષયથી યથાખ્યાતચારિત્ર પેદા થાય છે અને યોગનિરોધથી પરમયથાખ્યાતચારિત્ર થાય છે અને તે શાશ્વત છે; તેનું નિરાકરણ કરતાં સિદ્ધાંતીએ કહેલ કે ચારિત્રમોહના ક્ષયથી પેદા થયેલ યથાખ્યાતચારિત્ર જ ચરમ નિર્જરાની કારણતાને પામેલું સર્વસંવર કહેવાય છે, પણ નહીં કે યોગનિરોધથી યથાખ્યાતચારિત્ર કરતાં જુદું કોઇ પરમયથાખ્યાતચારિત્ર પેદા થાય છે કે જે મોક્ષનું કારણ છે; અને અહીં પરમચારિત્રને જ મોક્ષહેતુતા કહી. તેથી એ ભાસે કે યથાખ્યાત કરતાં જે પરમયથાખ્યાત જુદું છે તે જ મોક્ષનો હેતુ છે. તેથી કહે છે-

**ટીકાર્થ :-** **'पारम्यं'** પારમ્ય વૈજાત્ય નથી પરંતુ વૈધર્મ્ય છે.

**ભાવાર્થ :-** પરમચારિત્રમાં વર્તતું પારમ્ય=પરમત્વ, વૈજાત્ય=કોઇ પૃથગ્ જાતિરૂપ નથી, અર્થાત્ યથાખ્યાતચારિત્રમાં જે યથાખ્યાતત્વજાતિ છે તે જાતિવાળું જ આ પરમચારિત્ર છે, પરંતુ અન્ય કોઇ પૃથગ્ જાતિવાળું નથી. પરંતુ વૈધર્મ્ય = વિશેષ ધર્મરૂપ, છે.

જેમ સર્વ ઘટમાં ઘટત્વ જાતિ છે અને કોઇ વિશેષ રંગબેરંગી ચિત્રામણવાળો ઘટ હોય તેમાં પણ ઘટત્વ જાતિ જ છે અન્ય કોઇ જાતિ નથી, છતાં સામાન્ય ઘટ કરતાં ચિત્રામણવાળો હોવાના કારણે વિશેષ ધર્મ તે ઘટમાં છે; તેમ જે યથાખ્યાતચારિત્ર મોહના ક્ષયથી પેદા થયેલ છે તે યથાખ્યાતચારિત્ર ૧૪મા ગુણસ્થાનકના અંતમાં પણ છે. બંનેમાં યથાખ્યાતત્વજાતિ જ રહેલી છે, આમ છતાં અંતઃક્રિયારૂપ વિધર્મ તે ચારિત્રમાં છે. જેમ ચિત્રામણવાળા ઘટમાં ચિત્રામણરૂપ વિધર્મ છે તેમ ૧૪મા ગુણસ્થાનકના અંતક્ષણના ચારિત્રમાં અંતક્રિયારૂપ વિધર્મ છે.

**ટીકાર્થ :-** **'स च'** અને તે ધર્મ=પરમચારિત્રમાં રહેલ વૈધર્મ્યરૂપ ધર્મ, અંતક્રિયારૂપ છે અને ચારિત્રની ઉપાધિ છે. એથી કરીને તેને જ=ચારિત્રને જ, આ=અંતઃક્રિયારૂપ ધર્મ, વિશેષિત કરે છે પરંતુ જ્ઞાનાદિકને નહિ. એથી કરીને ૧૪મા ગુણસ્થાનકના અંતે પરમ કેવળજ્ઞાન માનવાના પ્રસંગરૂપ અતિપ્રસંગ નથી, એમ સિદ્ધાંતી કહે છે.

❀ **'ज्ञानादिकम्'** અહીં 'આદિ' પદથી દર્શનનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-** અંતઃક્રિયા એ અંતમાં થનારી ક્રિયા છે=યોગનિરોધરૂપ છે, અને તે ક્રિયારૂપ હોવાથી ચારિત્રની જ ઉપાધિ છે પણ જ્ઞાનની નહિ. એથી કરીને ૧૪મા ગુણસ્થાનકના અંતસમયમાં અંતક્રિયા છે અને તે જ સમયમાં જેમ યથાખ્યાતચારિત્ર છે તેમ કેવલજ્ઞાન પણ છે, છતાં તે અંતક્રિયાથી વિશિષ્ટ એવા ચારિત્રને જેમ પરમચારિત્ર કહેવાય છે તેમ તે અંતક્રિયાથી વિશિષ્ટ એવા કેવળજ્ઞાનને પરમજ્ઞાન કહેવાતું નથી. કેમ કે 'ક્રિયા' ઇત્યાકારક પદ ચારિત્રમાં જ રૂઢ છે તેથી અંતક્રિયા એ ચારિત્રની જ ઉપાધિ છે જ્ઞાનની નહિ, તેથી તે ચારિત્રને જ વિશેષિત કરે છે, જ્ઞાનાદિકને નહિ.

**ટીકાર્થ :-** **'अत एव'** આથી કરીને જ = અંતક્રિયારૂપ ધર્મ ચારિત્રની જ ઉપાધિ છે આથી કરીને જ, ઉપાધિરૂપ અંતક્રિયા અને ઉપાધિમાન એવા ચારિત્રની અભેદ વિવક્ષા વડે અંતક્રિયાને પણ ચારિત્ર એ પ્રમાણે કહેવાય છે.

**'एवं च'** અને આ રીતે = ઉપાધિ, ઉપાધિમાનની અભેદ વિવક્ષાથી અંતક્રિયાને પણ ચારિત્ર કહ્યું એ રીતે, યોગજન્યત્વાદિક અને વિશુદ્ધ્યાદિક ઉપાધિરૂપ અંશને ગ્રહણ કરીને ચારિત્ર પર્યવસાન પામે છે=ચારિત્ર યોગજન્યત્વાદિરૂપ અને વિશુદ્ધ્યાદિરૂપ છે એ રીતે પર્યવસાન પામે છે. એથી કરીને ત્યાં ત્યાં = પૂર્વમાં સંપ્રદાયપક્ષી અને સિદ્ધાંતપક્ષીની ચર્ચા ચાલે છે તે તે સ્થાનમાં, વિવક્ષાના વશથી વૈચિત્ર્યોક્તિ પણ અસંગતિમતિ નથી, અર્થાત્ કોઇક સ્થાનમાં ચારિત્રને યોગજન્ય કહેલ છે, જ્યારે કોઇક સ્થાનમાં યોગસ્થૈર્યરૂપ કહેલ છે; કોઇક સ્થાનમાં સ્વભાવસમવસ્થાનરૂપ કહેલ છે જ્યારે ક્વચિત્ શુભોપયોગરૂપ કહેલ છે એ પ્રમાણે વૈચિત્ર્યોક્તિ પણ અસંગતિવાળી નથી, એ પણ અમે યુક્ત જોઇએ છીએ. આ પ્રકારે સિદ્ધાંતપક્ષીએ તે તે સ્થાનમાં ચારિત્રના જુદા પ્રયોગો શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે તેની સ્વમત પ્રમાણે સંગતિ કરી બતાવી.

❀ **'योगजन्यत्वादिकं'** અહીં 'આદિ'પદથી 'યોગસ્થૈર્ય'નું ગ્રહણ કરવું, **'विशुद्ध्यादिकं'** અહીં 'આદિ'પદથી 'શુભોપયોગ'નું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-** ઉપાધિ, ઉપાધિમાનની અભેદ વિવક્ષાથી ઉપાધિરૂપ અંતક્રિયાને જેમ ચારિત્ર કહ્યું તેમ, યદ્યપિ ચારિત્ર એ ચારિત્રમોહના ક્ષયથી ઉત્પન્ન થયેલ નિર્જરાને અનુકૂળ વીર્યવિશેષરૂપ છે, આમ છતાં ચારિત્રને યોગજન્ય કહેલ છે; તેનું કારણ એ છે કે મન-વચન-કાયાના સમ્યક્ પ્રવર્તનરૂપ યોગથી જન્ય એવી પ્રાણાતિપાતની નિવૃત્તિરૂપ ક્રિયા છે જે ચારિત્રની ઉપાધિરૂપ છે, અને તે ક્રિયારૂપ ઉપાધિથી વિશિષ્ટ એવું વીર્યવિશેષરૂપ ચારિત્ર ઉપાધિમાન છે; તે બેની અભેદ વિવક્ષાથી યોગજન્યત્વાદિરૂપ ચારિત્ર કહ્યું છે.

**'योगजन्यत्वादि'** અહીં 'આદિ'પદથી યોગના સ્થિરભાવરૂપ ચારિત્ર ગ્રહણ કરવું.

આશય એ છે કે યોગનો સ્થિરભાવ તે અપ્રમાદમાં પર્યવસાન હોવાને કારણે ચારિત્રનો ઉપકારી છે, તેથી યોગસ્થૈર્ય એ ઉપાધિ છે. અને ઉપાધિ, ઉપાધિમાનની અભેદ વિવક્ષાથી યોગસ્થૈર્યરૂપ ચારિત્ર કહેલ છે.

એ જ રીતે જ્યારે જીવ આત્મદ્રવ્યમાત્રમાં પ્રતિબદ્ધ હોય છે ત્યારે, કષાયોના વિગમનથી જીવમાં જે તથાવિધ વિશુદ્ધિ થાય છે તે સ્વયં ચારિત્રરૂપ નથી પણ ચારિત્રની ઉપાધિ છે, અને તે વિશુદ્ધિકાળમાં પ્રવર્તતું જીવનું વીર્યવિશેષ તે ચારિત્ર છે. તેથી ઉપાધિ અને ઉપાધિમાનની અભેદ વિવક્ષાથી સ્વભાવસમવસ્થાનરૂપ ચારિત્ર કહેલ છે, અને તેને જ શુદ્ધોપયોગરૂપ ચારિત્ર કહેલ છે.

**'विशुद्ध्यादिक'** અહીં 'આદિ'પદથી પ્રશસ્ત કષાયનું ગ્રહણ કરવું. અર્થાત્ જ્યારે જીવ શુભોપયોગમાં વર્તે છે ત્યારે પ્રશસ્ત કષાય વર્તતો હોય છે. આથી પ્રશસ્ત કષાયરૂપ શુભઉપયોગ ચારિત્રની ઉપાધિ છે, અને તત્કાલવર્તી વીર્યવિશેષ ચારિત્ર છે. તે ઉપાધિ-ઉપાધિમાનની અભેદ વિવક્ષાથી શુભોપયોગરૂપ ચારિત્ર કહેલ છે.

**ટીકા :- यदप्युक्तं "परमस्थैर्यरूपं चारित्रं चाञ्चल्यकारिणो योगा निरुन्ध्युः" इति तदप्ययुक्तं, न खल्वात्मप्रदेशानामेकरूपेणैकत्रावस्थानरूपं स्थैर्यं चारित्रमभिधीयते येन तद्योगा निरुन्ध्युः, यद्बलात्कार्मणशरीरोपतप्तस्य जीवस्य प्रदेशास्तीव्रदहनक्वथ्यमानक्षीरनीरप्रदेशा इव सर्वतः परिभ्रमेयुः, अपि तु अविरतिरूपाऽस्थैर्यप्रतिपन्थिनमात्मनः स्थैर्यपरिणाममेव चारित्रमाचक्ष्महे। न च तद्योगा निरुन्ध्युरपि तु मोह एव। कथं तर्हि योगानां स्थिरभावश्चारित्रं? उच्यते- अन्तर्भावितैकदेशनिवृत्तिलक्षणे सम्यक्प्रवृत्तिरूपे तत्र**

सुप्रणिहितानां तेषामप्रमादपर्यवसन्नत्वेनोपकारित्वात्। अथवा योऽयं स्थिरभावो मिथ्यात्वाऽविरति-कषायान्मूलतो निर्मूलयति स तावद्योगानपि बन्धहेतून् मूलतो निर्मूलयति, तमशक्नुवन् तेषां स्थिरीकरण-व्यापारेण तेषां स्थिरीभाव इत्युच्यते। एतेन योगपरिणामरूपत्वे चारित्रस्य स्वरूपतो निराश्रवत्वं न स्यादिति परास्तं, योगस्याऽतथात्वेऽपि तत्परिणामरूपस्य तस्या( ?स्य )तथात्वात्, न खलु परिणामिनि काञ्चने विद्यमानमकुण्डलत्वं तत्परिणामरूपे कुण्डलेऽप्यनुवतर्त्त इति।

**ઉત્થાન :-** સંપ્રદાયપક્ષીએ '**शङ्कते**'થી ગાથા-૧૪૭માં શંકા કરી, અને ગાથા-૧૪૭ની ટીકામાં **वस्तुतस्तु**..થી કહ્યું કે "પરમસ્થૈર્યરૂપ ચારિત્ર યોગ ઉપનીત ચલોપકરણતાથી પ્રતિબદ્ધ છે." તે જ કથનના તાત્પર્યને અહીં અન્ય શબ્દ દ્વારા ગ્રહણ કરીને **यदपि उक्तं** થી પરમસ્થૈર્યરૂપ ચારિત્ર ચાંચલ્યકારી યોગોનો નિરોધ કરે છે એના દ્વારા કહે છે -

**ટીકાર્થ :-** "**यदपि**" પરમસ્થૈર્યરૂપ ચારિત્ર ચાંચલ્યકારી યોગોનો નિરોધ કરે છે એ પ્રમાણે (સંપ્રદાયપક્ષીએ) જે પણ ગાથા ૧૪૭માં કહ્યું તે પણ અયુક્ત છે. ખરેખર આત્મપ્રદેશોનું એક રૂપે એક ક્ષેત્રમાં અવસ્થાનરૂપ સ્થૈર્ય ચારિત્ર કહેવાતું નથી. (પરંતુ) આત્મપ્રદેશોનું એક રૂપે એકત્ર અવસ્થાનરૂપ સ્થૈર્યને ચારિત્ર કહેવાતું હોત તો જેના કારણે તેને = ચારિત્રને, યોગો નિરોધ કરે, (અને જો યોગો ચારિત્રનો નિરોધ કરતા હોય તો) જે યોગના બળથી કાર્મણશરીરથી ઉપતપ્ત એવા જીવના પ્રદેશો તીવ્ર અગ્નિથી ઊકળતા ક્ષીરનીરના પ્રદેશોની જેમ સર્વત્ર પરિભ્રમણ કરે. (વસ્તુતઃ આત્મપ્રદેશોના સ્થૈર્યરૂપ ચારિત્ર નથી.) પરંતુ અવિરતિરૂપ અસ્થૈર્યના પ્રતિપંથી આત્માના સ્થૈર્યપરિણામને જ અમે ચારિત્ર કહીએ છીએ. તેને = સ્થૈર્યપરિણામરૂપ ચારિત્રને, યોગો રુંધતા નથી પરંતુ મોહ જ રુંધે છે

**ભાવાર્થ :-** પૂર્વમાં સંપ્રદાયપક્ષીએ કહ્યું કે ચાંચલ્યકારી યોગો પરમસ્થૈર્યરૂપ ચારિત્રનો નિરોધ કરે છે. તેનાથી એ પ્રાપ્ત થયું કે પરમસ્થૈર્યરૂપ ચારિત્ર આત્મપ્રદેશની સ્થિરતા રૂપ છે અને યોગો તેનો નિરોધ કરે છે, તેથી યોગનિરોધ પછી જ પરમસ્થૈર્યરૂપ ચારિત્ર પ્રગટે છે.

તેનું નિરાકરણ કરતાં સિદ્ધાંતી કહે છે કે યોગનિરોધ પછી જે આત્મપ્રદેશો એક આકાશપ્રદેશ ઉપર એક સ્વરૂપે રહે છે અર્થાત્ પ્રકંપ અવસ્થા વગર રહે છે, તે રૂપ સ્થૈર્ય એ ચારિત્ર નથી. જો તેને ચારિત્રરૂપે સ્વીકારીએ તો યોગો તેવા ચારિત્રનો નિરોધ કરે છે એમ કહેવાય, અને આત્મપ્રદેશોનાં કંપનરૂપ અચારિત્ર હોય તો કહી શકાય કે યોગના બળથી કાર્મણશરીરથી ઉપતપ્ત એવા જીવના પ્રદેશો જે ક્ષીરનીરની જેમ સર્વત્ર પરિભ્રમણ કરે છે તે અચારિત્ર છે. પરંતુ ચારિત્ર અવિરતિરૂપ અસ્થૈર્યના વિરોધી એવા ભાવસ્થૈર્યરૂપ પરિણામ સ્વરૂપ છે. તે ભાવસ્થૈર્યરૂપ ચારિત્રને યોગો રુંધતા નથી પરંતુ મોહ જ રુંધે છે. મોહનો નાશ થયા પછી પરિપૂર્ણ ચારિત્ર જીવમાં પ્રગટ થાય છે, અને તે જ ક્રમસર નિર્જરા કરતાં કરતાં ચરમ નિર્જરાને પામેલ પરમચારિત્ર પદાર્થ છે. અને તે ચારિત્ર અંતક્રિયા દ્વારા મોક્ષનું કારણ છે તેમ પૂર્વમાં સિદ્ધાંતકારે સ્થાપેલ છે. તેથી યોગનિરોધરૂપ ક્રિયા વખતે જ તે ચારિત્ર હોય છે તો પણ યોગો તે પરમચારિત્રનો નિરોધ કરતા નથી.

અહીં વિશેષ એ છે કે આત્મપ્રદેશોનું અસ્થૈર્ય તે દ્રવ્ય અસ્થૈર્ય છે અને તેનું એક જ આકાશપ્રદેશમાં અવસ્થાનરૂપ સ્થૈર્ય છે તે દ્રવ્ય સ્થૈર્ય છે, તેને સિદ્ધાંતકાર ચારિત્ર કહેતા નથી કે જેથી યોગો ચારિત્રના પ્રતિપંથી થાય, પરંતુ

અવિરતિરૂપ ભાવઅસ્થૈર્યના પ્રતિપંથી એવા ભાવસ્થૈર્યને ચારિત્ર કહે છે.

જીવ ઇન્દ્રિયો દ્વારા વિષયનું જ્ઞાન કરે છે અને તે તે વિષયોનો પક્ષપાત થવાથી જે ચિત્તમાં અસ્થિરભાવ થાય છે તે ભાવઅસ્થૈર્ય છે અને તેનો અભાવ તે ભાવસ્થૈર્ય છે.

**ટીકાર્થ :-** **'कथं'** અહીં શંકા થાય કે તો પછી યોગોના સ્થિરભાવને ચારિત્ર કેવી રીતે કહેવાશે?

**ભાવાર્થ :-** યોગની અસ્થિરતા એ ચારિત્રની વિરોધી નથી એમ કહ્યું તો યોગની સ્થિરતાને ચારિત્ર જે સિદ્ધાંતકાર કહે છે તે કહી શકાય નહિ, એ પ્રમાણે સંપ્રદાયપક્ષીના પ્રશ્નનો આશય છે.

તેનો ઉત્તર આપતાં **'उच्यते'**થી સિદ્ધાંતી કહે છે -

**ટીકાર્થ :-** **'अन्तर्भावित'**- અન્તર્ભાવિત છે એક દેશની નિવૃત્તિ જેમાં એવા સમ્યક્પ્રવૃત્તિરૂપ તેમાં = ચારિત્રમાં, સુપ્રણિહિત એવા તેઓનું=યોગોનું, અપ્રમાદમાં પર્યવસન્નપણાથી ઉપકારીપણું છે. તેથી યોગોનો સ્થિરભાવ એ ચારિત્ર છે.

**ભાવાર્થ :-** સિદ્ધાંતકારના મતે ચારિત્ર એ નિર્જરાને અનુકૂળ વીર્યવિશેષરૂપ છે. જ્યારે જીવ અંતરંગ યત્નરૂપ સમ્યક્ પ્રવૃત્તિ કરે છે ત્યારે ઇન્દ્રિયોના વિષયમાં રાગાદિભાવરૂપ અપ્રશસ્તભાવસ્વરૂપ એક દેશની નિવૃત્તિ થાય છે, અને તે અંતરંગ સમ્યક્ પ્રવૃત્તિરૂપ ચારિત્ર પદાર્થ છે; અને તેમાં સુપ્રણિહિત યોગો = સારી રીતે નિયંત્રિત થયેલા યોગો = યોગોની સ્થિરતા, તે ઉપકારી છે. કેમ કે સુપ્રણિહિત યોગો અપ્રમાદમાં પર્યવસાન પામે છે, અને અપ્રમાદભાવને કારણે સમ્યક્ પ્રવૃત્તિરૂપ ચારિત્ર અતિશયિત થાય છે. માટે ચારિત્રને અતિશયિત કરવામાં યોગોનો સ્થિરભાવ કારણ છે તેથી યોગસ્થૈર્યને ચારિત્ર કહેલ છે.

**ટીકાર્થ :-** **'अथवा'** અથવા જે આ સ્થિરભાવ = પૂર્વમાં કહ્યું કે અવિરતિરૂપ અસ્થૈર્યનું પ્રતિપંથી આત્માના સ્થૈર્યપરિણામને જ ચારિત્ર કહીએ છીએ એ રૂપ સ્થિરભાવ, મિથ્યાત્વ-અવિરતિ-કષાયને મૂળથી નિર્મૂળ = નાશ, કરે છે અને તે બંધના હેતુ એવા યોગોનો પણ મૂળથી નાશ કરે છે; પરંતુ તેનો=યોગોનો, નાશ કરવા માટે અસમર્થ એવું ચારિત્ર તેઓના=યોગોના, સ્થિરીકરણ વ્યાપાર દ્વારા તેઓનો=યોગોનો, સ્થિરભાવ કહેવાય છે.

**ભાવાર્થ :-** વિરતિરૂપ સ્થૈર્યપરિણામ એ ચારિત્ર પરિણામ છે જે ભાવસ્થૈર્ય પદાર્થ છે, અને તે ચારિત્રનો પરિણામ ભાવસ્થૈર્યના વિરોધી એવા મિથ્યાત્વ, અવિરતિ અને કષાયોનો મૂલથી નાશ કરે છે. યદ્યપિ પ્રાથમિક ચારિત્રની કક્ષામાં કષાયો હોય છે તો પણ ચારિત્રના બળથી ધીરે ધીરે મૂલથી નાશ પામતા જતા હોય છે, તેથી ચારિત્રનો સ્થિરભાવ કષાયોનો મૂલથી નાશ કરે છે એમ કહેલ છે. જેમ મિથ્યાત્વાદિ કર્મબંધના હેતુ છે તેમ યોગ પણ કર્મબંધનો હેતુ છે; તેથી ચારિત્રરૂપ સ્થિરભાવ યોગોનો પણ મૂલથી નાશ કરવા માટે વ્યાપૃત થાય છે, પરંતુ યોગોનો મૂળથી નાશ થઇ શકતો નથી. જેમ ઘાતી એવું જ્ઞાનાવરણીયકર્મ જીવના જ્ઞાનગુણનો મૂલથી નાશ કરવા પ્રયત્ન કરે છે તો પણ સંપૂર્ણ નાશ કરી શકતું નથી, તેમ ચારિત્ર પણ યોગોનો સંપૂર્ણ નાશ કરી શકતું નથી. તેથી તે યોગોને સ્થિર કરે

છે=સુપ્રણિહિત રૂપે યોગોને પ્રવર્તાવે છે. તેથી ચારિત્રનું કાર્ય યોગોનો સ્થિરભાવ છે, અને કાર્યકારણનો અભેદ ઉપચાર કરીને યોગોનો સ્થિરભાવ એ ચારિત્ર પદાર્થ છે તેમ કહેલ છે.

**ટીકાર્થ :- 'एतेन'** આનાથી = પૂર્વમાં કહ્યું કે સમ્યક્ પ્રવૃત્તિરૂપ ચારિત્રમાં સુપ્રણિહિત એવા યોગોનું અપ્રમાદમાં પર્યવસાનપણું હોવાને કારણે ઉપકારીપણું છે આનાથી, વક્ષ્યમાણ કથન પરાસ્ત જાણવું. તે વક્ષ્યમાણ કથન આ પ્રમાણે છે- ચારિત્રનું યોગપરિણામપણું હોતે છતે સ્વરૂપથી નિરાશ્રવપણું નહિ થાય, (એ કથન પરાસ્ત જાણવું) કેમ કે યોગનું અતથાપણું હોવા છતાં પણ=સ્વરૂપથી નિરાશ્રવપણું નહીં હોવા છતાં પણ, યોગપરિણામરૂપ ચારિત્રનું તથાપણું=નિરાશ્રવપણું છે. (જેમ) પરિણામી એવા સુવર્ણમાં વિદ્યમાન અકુંડલત્વ તેના=સુવર્ણના, પરિણામરૂપ કુંડલમાં પણ અનુવર્તતું નથી=રહેતું નથી, તેમ યોગમાં વિદ્યમાન એવું બંધહેતુપણું યોગના પરિણામરૂપ ચારિત્રમાં અનુવર્તતું નથી=રહેતું નથી, તેથી ચારિત્ર સ્વરૂપથી નિરાશ્રવ છે.

**ભાવાર્થ :-** યોગ સ્વયં કર્મબંધના કારણ છે, તો પણ યોગના સમ્યક્ પ્રવર્તનથી આત્મામાં થતો જે સમ્યક્ પ્રવૃત્તિમાં અપ્રમાદભાવ તે યોગનો પરિણામ છે, અને તે સ્વરૂપથી નિરાશ્રવ છે.

**ટીકા :- यदपि "स्वभावे समवस्थानं चारित्रं तच्च सिद्धानां युक्तमि"ति केषांचिन्मतं तदयुक्तं यतः स्वभावभूतस्य चारित्रस्य सिद्धौ तत्र समवस्थानमात्मनः सिद्ध्येत्, तत्सिद्धौ च तत्सिद्धिरित्यन्योन्याश्रयात्। अन्यथा ज्ञानदर्शनचारित्रस्वभावे समवस्थितस्याऽविरतसम्यग्दृष्टेश्चारित्रप्रसङ्गात्।**

✿ **'ज्ञानदर्शनचारित्रस्वभावे'** છે ત્યાં **'ज्ञानदर्शनस्वभावे'** પાઠ હોવાની સંભાવના છે અને તે મુજબ ટીકાર્થ કરેલ છે.

**ટીકાર્થ :- 'यदपि'** - ગાથા-૧૪૮માં "કેટલાક સૂરિઓ આ પ્રમાણે કહે છે" એ મત સ્થાપન કરતાં કહ્યું કે, ચારિત્ર શુદ્ધઉપયોગરૂપ નથી, યોગસ્થૈર્યાદિરૂપ પણ નથી, પરંતુ સ્વભાવસમવસ્થાનરૂપ છે અને મોક્ષદશામાં તેનો પ્રચ્યવ નથી. તે કથનથી પ્રાપ્ત સ્વભાવમાં સમવસ્થાનરૂપ ચારિત્ર છે અને તે સિદ્ધોને યુક્ત છે, એ પ્રમાણેનો જે પણ કેટલાકનો મત છે તે અયુક્ત છે. જે કારણથી સ્વભાવભૂત ચારિત્રની સિદ્ધિ થયે છતે ત્યાં = ચારિત્રરૂપ સ્વભાવમાં, આત્માનું સમવસ્થાન સિદ્ધ થાય, અને ચારિત્રરૂપ સ્વભાવમાં આત્માનું સમવસ્થાન સિદ્ધ થયે છતે તેની=ચારિત્ર એ આત્માના સ્વભાવભૂત છે તેની, સિદ્ધિ થાય, એ પ્રકારે અન્યોન્યાશ્રય દોષ હોવાથી (સ્વભાવમાં સમવસ્થાન ચારિત્ર હોય છે તેમ માની શકાય નહિ). અન્યથા=એમ ન માનો અને એમ માનો કે જીવનો જે સ્વભાવ છે તે સ્વભાવમાં સમવસ્થાન ચારિત્ર પદાર્થ છે, તેથી ચારિત્ર એ આત્માના સ્વભાવભૂત સિદ્ધ થયા પછી તેમાં સમવસ્થાનનો પ્રશ્ન રહેતો નથી તેથી અન્યોન્યાશ્રય દોષ આવશે નહીં, અને જીવનો જે સ્વભાવ છે તેમાં સમવસ્થાન તે ચારિત્ર પદાર્થ છે તેમ માનીશું તો જ્ઞાનદર્શનરૂપ સ્વભાવમાં સમવસ્થિત એવા અવિરત સમ્યગ્દૃષ્ટિને ચારિત્ર માનવાનો પ્રસંગ પ્રાપ્ત થશે.

**ભાવાર્થ :-** ગાથા-૧૪૮માં કેટલાક આચાર્યોએ સ્વભાવસમવસ્થાનને ચારિત્રરૂપે સ્થાપન કરી સિદ્ધમાં ચારિત્રનું સ્થાપન કરેલ તેનું નિરાકરણ કરતાં સિદ્ધાંતકાર કહે છે કે, સિદ્ધમાં જ્ઞાન-દર્શન સ્વભાવ અમે માનીએ છીએ અને તે

સ્વભાવમાં રહેવું તેને જો ચારિત્ર તમે કહો તો અવિરતસમ્યગ્દૃષ્ટિને પણ ચારિત્ર માનવું પડે. માટે સિદ્ધમાં ચારિત્રને સ્થાપન કરવા માટે સ્વભાવસમવસ્થાનને ચારિત્ર સ્વીકારવામાં સંસારમાં ૪થા ગુણસ્થાનકવર્તી જીવોને પણ સ્વભાવસમવસ્થાનરૂપ ચારિત્ર માનવાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે. માટે સ્વભાવસમવસ્થાનને ચારિત્ર કહી શકાય નહિ, પરંતુ જ્ઞાન-દર્શનથી જુદો ચારિત્ર સ્વભાવ છે, તેમાં સમવસ્થાન એ સ્વભાવસમવસ્થાન છે એમ જો સંપ્રદાયપક્ષી કહે, તો કહે છે કે તેવું સ્વભાવભૂત ચારિત્ર સિદ્ધમાં સંપ્રદાયપક્ષીને માન્ય હોવા છતાં તે સિદ્ધાંતપક્ષીને માન્ય નથી, તેથી તેવું ચારિત્ર સિદ્ધમાં હજુ સિદ્ધ થયું નથી. અને જ્યાં સુધી સિદ્ધમાં ચારિત્ર સ્વભાવ છે એમ સિદ્ધ ન થાય ત્યાં સુધી સિદ્ધના જીવોનું ચારિત્રરૂપ સ્વભાવમાં સમવસ્થાન છે તેમ કહી શકાય નહિ. તેથી અન્યોન્યાશ્રય દોષ છે માટે સ્વભાવસમવસ્થાનરૂપ ચારિત્ર સ્વીકારી શકાય નહિ, એ પ્રકારનો સિદ્ધાંતકારનો આશય છે.

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું કે અન્યથા જ્ઞાન-દર્શનરૂપ સ્વભાવમાં સમવસ્થિત એવા અવિરતસમ્યગ્દૃષ્ટિને ચારિત્રનો પ્રસંગ પ્રાપ્ત થશે, તેનું સમાધાન કરતાં '**अथ**'થી સંપ્રદાયપક્ષી કહે છે -

**ટીકા :- अथ सर्वसावद्यत्यागपरिणामाभिव्यङ्ग्यः स्वभावविशेषश्चारित्रमिति चेत्? तर्ह्यसौ स्वभावविशेषः स्थिरभावो वेति नाम्न्येव नो विवादो नत्वर्थे, केवलं स स्वभावः सिद्धिगतावनुवर्त्तते न तु स्थिरभाव इत्यवशिष्यते, तत्र चास्माकं सिद्धान्तोऽवलम्बनं न तु भवतामिति निरालम्बने वस्तुनि कः कदाग्रहः?**

**ટીકાર્થ :-** '**अथ**' સર્વ સાવદ્યત્યાગના પરિણામથી અભિવ્યંગ્ય સ્વભાવવિશેષ જ ચારિત્ર છે. (તેથી તે સ્વભાવમાં સમવસ્થિતને ચારિત્ર છે, પણ નહીં કે જ્ઞાન-દર્શનના સ્વભાવમાં સમવસ્થિત એવા અવિરતસમ્યગ્દૃષ્ટિને.)

સંપ્રદાયપક્ષીના કથનનું નિરાકરણ કરતાં સિદ્ધાંતપક્ષી કહે છે-

'**तर्हि असौ**' તો પછી આ સ્વભાવવિશેષ અથવા સ્થિરભાવ એ પ્રમાણે નામમાં જ અમારો વિવાદ છે પરંતુ અર્થમાં નહિ. કેવલ એટલી વિશેષતા છે કે તમારા કહેવા મુજબ એ સ્વભાવવિશેષ હોઈ સિદ્ધાવસ્થામાં પણ જીવની સાથે જાય છે, જ્યારે ચારિત્ર તરીકે અમને=સિદ્ધાંતકારને, સંમત એવો સ્થિરભાવ સિદ્ધાવસ્થામાં સાથે જતો નથી. આટલા અંશના વિવાદમાં પણ અમને સિદ્ધાંત આલંબન તરીકે છે પરંતુ તમારે સિદ્ધાંત આલંબન તરીકે નથી, એથી કરીને તમારી નિરાલંબન વસ્તુમાં શું કદાગ્રહ રાખવો?

**ઉત્થાન :-** ગાથા-૧૪૮માં પ્રવચનસારની સાક્ષી આપીને સંપ્રદાયપક્ષીએ કહેલું કે આત્મમાત્રનિરતપણું એ સ્વભાવમાં સમવસ્થાન છે, તે જ અર્થને ગ્રહણ કરીને કહે છે -

**ટીકા :- यच्चात्ममात्रापेक्षिणी क्रिया चारित्रमिति मतं, तदपि न, आत्मातिरिक्तहेत्वनपेक्षक्रियाया आत्मान्तर्भावितहेतुसमाजाधीनक्रियाया वा तदर्थत्वेऽविरतस्य क्षायिकसम्यग्दृष्टेश्चारित्रप्रसङ्गात्, अन्यादृशविवक्षायामुक्तपर्यवसानादिति दिग्॥१४९॥**

**ટીકાર્થ :-** '**यच्च**' અને જે આત્મમાત્રઅપેક્ષિણી ક્રિયા ચારિત્ર છે એ પ્રકારે મત છે તે પણ બરાબર નથી. કેમ કે આત્મઅતિરિક્ત હેતુઅનપેક્ષ ક્રિયાનું તદર્થપણું હોતે છતે અથવા આત્મામાં અંતર્ભાવિત હેતુસમાજને આધીન

ક્રિયાનું તદર્થપણું હોતે છતે, અવિરત ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને ચારિત્રનો પ્રસંગ આવશે, અને અન્યાદશ વિવક્ષામાં ઉક્તમાં જ પર્યવસાન છે એ પ્રમાણે દિશાસૂચન છે.

**ભાવાર્થ :-** જે ક્રિયાની અંદર આત્મા અને આત્માથી ભિન્ન એવા ભાવકર્મરૂપ કષાય પ્રવર્તક હોય તે આત્મઅતિરિક્ત હેતુઅપેક્ષ ક્રિયા છે, જેમ સંસારી જીવના ભોગાદિ. આત્મમાત્રઅપેક્ષાવાળી ક્રિયા એવી છે કે જેમાં કષાયોરૂપ ભાવકર્મ પ્રવર્તતાં નથી પરંતુ કેવલ આત્મા જ જ્ઞાતાદષ્ટાભાવરૂપ પોતાના ભાવના પ્રવર્તનરૂપ ક્રિયાને કરે છે. તે ક્રિયાને ચારિત્ર કહીએ તો અવિરત ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને દર્શનમોહનીયનો ક્ષય થવાને કારણે જે સમ્યક્ત્વ પ્રવર્તે છે, તેની ક્રિયા આત્મમાત્રઅપેક્ષિણી છે. કેમ કે સમ્યક્ત્વને આત્માથી અતિરિક્ત એવા ભાવકર્મરૂપ ક્રિયાની અપેક્ષા નથી, તેથી અવિરત ક્ષાયિકસમ્યગ્દષ્ટિને ચારિત્ર માનવાનો પ્રસંગ આવશે.

અહીં ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિને એટલા માટે ગ્રહણ કરેલ નથી કે તેના સમ્યગ્દર્શન પ્રતિ તત્ત્વની તીવ્ર રુચિ કારણ છે, અને તે પ્રશસ્ત કષાયરૂપ છે; તેથી આત્માથી અતિરિક્ત એવા પ્રશસ્ત કષાયની અપેક્ષાએ તે ક્રિયા છે પરંતુ આત્મમાત્રઅપેક્ષિણી તે ક્રિયા નથી.

અથવા આત્મામાં અંતર્ભાવિત હેતુસમાજને આધીન ક્રિયાનું તદર્થપણું હોતે છતે, અવિરત ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને ચારિત્રનો પ્રસંગ આવશે. તેનું તાત્પર્ય એ છે કે આત્મામાં અંતર્ભાવિત થયેલ હેતુસમાજ એ છે કે છએ કારકો જ્યારે આત્મામાં પ્રવર્તે છે ત્યારે તે આત્મામાં અંતર્ભાવિત થયા છે તેમ કહેવાય છે, અને જ્યારે છએ કારકો બાહ્ય ક્રિયા કરે છે ત્યારે તે આત્મામાં અંતર્ભાવિત નથી. તેથી આત્મામાં અંતર્ભાવિત થયેલા છએ કારકરૂપ હેતુસમાજને આધીન એવી ક્રિયા એ આત્મમાત્રઅપેક્ષિણી ક્રિયા છે, અને તે જ ચારિત્ર છે. અર્થાત્ આત્મા આત્મા દ્વારા આત્માને જાણે છે તે તેનું જ્ઞાન છે, દર્શન છે અને ચારિત્ર છે એમ કહેવામાં આવે છે ત્યારે, મોહના ત્યાગથી આત્મા શુદ્ધ ઉપયોગમાં પ્રવર્તે છે તે જ આત્મમાત્રઅપેક્ષિણી ક્રિયા છે. આ પ્રમાણે કહીએ તો અવિરત ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને ચારિત્ર માનવાનો પ્રસંગ આવે. કેમ કે ક્ષાયિક સમ્યક્ત્વરૂપ જે ગુણ પ્રવર્તે છે તે પણ આત્મમાત્રની અપેક્ષાએ પ્રવર્તે છે, તેથી તદ્વિષયક છએ કારકો આત્મામાં પ્રવર્તે છે.

અહીં 'આત્મમાત્રઅપેક્ષિણી ક્રિયા'ના બે અર્થ કર્યા. તેનો ભાવ એ છે કે, પ્રથમ વિકલ્પમાં ભાવકર્મથી રહિત કેવલ આત્મામાત્ર અપેક્ષિણી ક્રિયા છે, અને બીજા વિકલ્પમાં છએ કારકો જે આત્મામાં જ અંતર્ભાવિત છે તે રૂપ હેતુસમાજને આધીન તે ક્રિયા છે. અને બન્ને પ્રકારની ક્રિયા કરનાર વ્યક્તિ યદ્યપિ શરીરધારી હોવાને કારણે અને છદ્મસ્થ હોવાને કારણે ઇન્દ્રિયાદિ અને શરીરાદિથી પ્રવૃત્ત થાય છે, પરંતુ નિશ્ચયનયની દૃષ્ટિથી આત્મામાં જે ચારિત્રરૂપ પરિણામ વર્તે છે તેના પ્રતિ શરીર કે મન-વચન-કાયાનાં પુદ્ગલો નિમિત્તમાત્ર છે, માટે શરીર અને પુદ્ગલની અપેક્ષાએ તે ક્રિયા નથી પરંતુ આત્માના પોતાના પ્રયત્નથી તે ક્રિયા પ્રવર્તે છે.

અન્યાદશની વિવક્ષામાં ઉક્તમાં પર્યવસાન છે એમ કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, આત્મમાત્રઅપેક્ષિણી ક્રિયાનો અર્થ એવો કરવામાં આવે કે સંસારના ભોગાદિની ક્રિયાનું નિવર્તન કરીને સર્વ પૌદ્ગલિકભાવોથી વિરામ પામેલ એવો જીવનો શુદ્ધ ઉપયોગ એ આત્મમાત્રઅપેક્ષિણી ક્રિયા છે, તો અમે (સિદ્ધાંતીએ) જે કહ્યું તેમાં જ પર્યવસાન છે. અર્થાત્ અવિરતિરૂપ અસ્થૈર્યના પ્રતિપંથી એવા આત્માના સ્થૈર્યપરિણામરૂપ ચારિત્ર છે તેમાં જ પર્યવસાન છે. કેમ કે સર્વ પૌદ્ગલિકભાવમાંથી ચિત્તનો વિરામ થવાથી અવિરતિરૂપ અસ્થૈર્યભાવ દૂર થાય છે, તેથી આત્માનો સર્વ પુદ્ગલોથી વિરામરૂપ સ્થૈર્યભાવ છે તે પેદા થાય છે, તે જ આત્મમાત્રઅપેક્ષિણી ક્રિયારૂપ છે. તેથી આત્માના

સ્થિરભાવરૂપ જ ચારિત્ર છે અને તે વીર્યવિશેષરૂપ છે અને સિદ્ધમાં વીર્યનો નાશ થવાથી ચારિત્રનો અભાવ છે, એ પ્રકારે સિદ્ધાંતકારનો આશય છે.

અહીં 'આત્મમાત્રઅપેક્ષિણી ક્રિયા' ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિમાં છે તેમ કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે, કર્મના અંશક્ષયથી ક્ષાયિક સમ્યગ્દર્શન પ્રગટે છે અને એ અંશને આશ્રયીને આત્મમાત્રઅપેક્ષિણી ક્રિયા ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિમાં ઘટી જાય છે, માટે અવિરત ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને ચારિત્ર માનવાનો પ્રસંગ પ્રાપ્ત થાય. અને પરિપૂર્ણ મોહનો સ્પર્શ ન થાય તેવી આત્મમાત્રઅપેક્ષિણી ક્રિયા નિર્વિકલ્પ ઉપયોગથી જિનકલ્પી આદિને પ્રારંભિક હોય છે, અને વીતરાગને તેની નિષ્ઠા થાય છે, તેને જ અન્યાદશવિવક્ષા શબ્દથી ગ્રહણ કરીને સિદ્ધાંતકારે કહ્યું કે, નિર્વિકલ્પદશારૂપ આત્મમાત્રઅપેક્ષાવાળી ક્રિયાની જો તમે વિવક્ષા કરશો અને તેને ચારિત્ર કહેશો, તો અમે જે ભાવસ્થૈર્યરૂપ ચારિત્ર કહીએ છીએ તેમાં જ તમારા કથનનું પર્યવસાન છે. માટે શબ્દમાત્રથી કથનનો ભેદ છે, અર્થથી બન્નેને ભાવસ્થૈર્યરૂપ ચારિત્ર અભિમત છે; અને તે ચારિત્ર મોક્ષમાં નથી એમ સિદ્ધાંતકાર માને છે, તેનો આધાર આગમવચન છે. જ્યારે કેટલાક આચાર્યો તે આત્મમાત્રઅપેક્ષિણી ક્રિયાને સિદ્ધમાં સ્વીકારે છે, તેનું આલંબન કોઇ નથી, એ પ્રકારનો સિદ્ધાંતકારનો આશય છે. **॥૧૪૯॥**

**ઉત્થાન :-** ગાથા - ૧૪૭ની ટીકામાં અંતે કહેલું કે આ રીતે નિશ્ચયનયનો અનુરોધ નહીં થાય, એ કથનને સામે રાખીને '**यत्तु**'થી કહે છે -

**અવતરણિકા :- यत्तु मोक्षोत्पत्तिसमयनश्वरस्य चारित्रस्य मोक्षं प्रति नैश्चयिकी कारणता न स्यादित्युक्तं तद्विपरीतमेवेति प्रदिदर्शयिषुराह-**

**અવતરણિકાર્થ :-** જે વળી મોક્ષોત્પત્તિ સમયમાં નશ્વર એવા ચારિત્રની મોક્ષ પ્રતિ નૈશ્ચયિકી કારણતા નહિ થાય એ પ્રમાણે કહ્યું, તે વિપરીત જ છે એ પ્રકારે દેખાડવાની ઇચ્છાવાળા સિદ્ધાંતી કહે છે -

**ભાવાર્થ :-** અહીં વિશેષ એ છે કે મોક્ષના ઉત્પત્તિકાળમાં નશ્વર ચારિત્ર હોવાના કારણે નૈશ્ચયિકી કારણતા નથી, કેમ કે નિશ્ચયનય ક્રિયાકાળ અને નિષ્ઠાકાળ એક જ માને છે. તેથી મોક્ષની ઉત્પત્તિમાં જો ચારિત્ર હોય તો ચારિત્રની મોક્ષ પ્રતિ નૈશ્ચયિકી કારણતા થઇ શકે, એ પ્રકારની સંપ્રદાયપક્ષીની યુક્તિ છે તે વિપરીત છે, એ પ્રકારે બતાવવા માટે સિદ્ધાંતી કહે છે -

**ગાથા :-** **उज्जुसुयणयमएणं सेलेसीचरमसमयभावित्ति ।**
**अंतसमओ चिय जओ हेऊ हेउस्स कज्जंमि ॥१५०॥**

(ऋजुसूत्रनयमतेन शैलेशीचरमसमयभावीति । अन्तसमय एव यतो हेतुर्हेतोः कार्ये ॥१५०॥)

**ગાથાર્થ :- ઋજુસૂત્રનયના મતથી શૈલેશીચરમસમયભાવી (ચારિત્ર મોક્ષ પ્રતિ હેતુ છે) इति = એથી કરીને (અવતરણિકામાં મોક્ષોત્પત્તિસમયે નશ્વર એવા ચારિત્રની મોક્ષ પ્રતિ નૈશ્ચયિકી કારણતા નહિ થાય એ પ્રમાણે જે કહ્યું તે વિપરીત જ છે), જે કારણથી (ઋજુસૂત્રનયના મતે) હેતુનો અંતસમય જ કાર્ય પ્રત્યે હેતુ છે.**

**ટીકા :-** **यत्तावदुक्तं** "[1]सो उभयक्खयहेऊ सेलेसीचरमसमयभावी जो" **इत्यादिवचनात् शैलेश्यवस्थाचरमसमयोत्पदिष्णुर्मोक्षहेतुरक्षयश्चारित्राख्यो धर्मः सिद्ध्यतीति तत्र एतद्वचनस्य ऋजुसूत्रनयानुरोधित्वात्तेन च कारणान्त्यसमयस्यैवकार्यजनकत्वस्वीकाराद् अवस्थितचारित्रस्यैव चरमक्षणक्रोडीकृतात्मनो मोक्षहेतुत्वप्रतिपादनात्। अयं हि उत्तरकालावस्थायिनोऽतादृशस्य वा हेतोश्चरमक्षणमेव कार्यक्षममाद्रियते, न तु तस्योत्तरकालावस्थितिमप्यपेक्षत इति नावस्थितचारित्रस्याप्यक्षयत्वसिद्धिः, तस्य च क्षणस्य क्षणसन्तानाद्भेदविवक्षायां** "सेसो पुण" **इत्यादौ ततः प्राक्तनचारित्रस्य भेदप्रतिपादनेऽपि न दोषः।**

❀ અહીં અન્વય આ પ્રમાણે છે - "**सो उभय ... धर्मः सिद्धयतीति,**" અહીં '**इति**' શબ્દ છે તેનો અન્વય '**यत्तावदुक्तं**'ની સાથે છે અને તે સંપ્રદાયપક્ષીનું કથન છે, અને **तत्र ... अक्षयत्वसिद्धिः** સુધીનું કથન સિદ્ધાંતકારનું છે. સિદ્ધાંતકારને એ કહેવું છે કે "**सो उभय...**" આ વચનના બળથી અવસ્થિત ચારિત્રનું જ ચરમક્ષણકોડીકૃત (ચરમસમયઆક્રાંત) મોક્ષહેતુત્વનું પ્રતિપાદન હોવાને કારણે, વળી ઋજુસૂત્રનય જે માને છે તે **अयं हि .. अपेक्षते** સુધી બતાવે છે એથી કરીને, તમે અવસ્થિત ચારિત્રને અક્ષય સિદ્ધ કરવા માંગો છો તે સિદ્ધ નહિ થાય.

❀ '**अयं हि**' અહીં '**हि**' શબ્દ '**पुनः**' અર્થક છે.

**ટીકાર્થ :-** '**यत्तावदुक्तं**' 'જે શૈલેશી ચરમસમયભાવી છે તે ઉભયક્ષયનો = પુણ્ય-પાપ ઉભયક્ષયનો હેતુ છે' ઈત્યાદિ વચનથી શૈલેશી અવસ્થાના ચરમસમયમાં ઉત્પન્ન થવાના સ્વભાવવાળો મોક્ષનો હેતુ એવો અક્ષય ચારિત્ર નામનો ધર્મ સિદ્ધ થાય છે એ પ્રમાણે જે કહ્યું (ગાથા-૧૪૭ની ટીકામાં જે કહ્યું) ત્યાં = તે કથનમાં, આ વચનનું = '**सो उभय ...**' આ વચનનું ઋજુસૂત્રનય અનુરોધીપણું હોવાથી, અને તેના વડે = ઋજુસૂત્રનય વડે, કારણના અંત્ય સમયનો જ કાર્યજનકત્વરૂપે સ્વીકાર હોવાથી, ચરમક્ષણકોડીકૃત સ્વરૂપવાળા અવસ્થિત ચારિત્રનું જ મોક્ષહેતુત્વ તરીકે પ્રતિપાદન હોવાથી; વળી આ = ઋજુસૂત્રનય, ઉત્તરકાળ અવસ્થાયી કે અતાદશ = ઉત્તરકાળ અનવસ્થાયી, એવા હેતુની ચરમક્ષણને જ કાર્યક્ષમ સ્વીકારે છે, પરંતુ તેના = કારણના, ઉત્તરકાળમાં, (હેતુની) અવસ્થિતિની અપેક્ષા રાખતો નથી. એથી કરીને અવસ્થિત ચારિત્રના અક્ષયપણાની સિદ્ધિ નહિ થાય.

**ભાવાર્થ :-** ગાથા-૧૪૭ની ટીકામાં '**सो उभय ...**' ઈત્યાદિ આગમવચનને ગ્રહણ કરીને સંપ્રદાયપક્ષે એ સ્થાપન કરેલ કે શૈલેશીનું ચરમસમયભાવી ચારિત્ર મોક્ષને ઉત્પન્ન કરે છે, અને તે મોક્ષમાં નથી એમ સ્વીકારો તો અનેક દોષો આવશે, તેથી ચરમસમયમાં ઉત્પન્ન થયેલું તે ચારિત્ર મોક્ષમાં શાશ્વત છે એ પ્રમાણે સંપ્રદાયપક્ષીએ સ્થાપન કરેલ. તેનું નિરાકરણ કરતાં સિદ્ધાંતકાર '**तत्र ..**'થી કહે છે કે, તે તમારા કથનમાં '**सो उभय ...**' એ વચન ઋજુસૂત્રનયને અનુસરનાર છે, અને ઋજુસૂત્રનય વડે કારણના અંત્ય સમયને જ કાર્યજનકરૂપે સ્વીકારવામાં આવે છે. તેથી ૧૨મા ગુણસ્થાનકમાં ઉત્પન્ન થયેલ ક્ષાયિક ચારિત્ર હતું તે અવસ્થિત છે અને તેની ચરમક્ષણ જ મોક્ષનો હેતુ છે એમ ઋજુસૂત્રનય કહેવા માંગે છે, પરંતુ ચરમક્ષણમાં જ ઉત્પન્ન થયેલું ચારિત્ર મોક્ષનો હેતુ છે એમ ઋજુસૂત્રનય કહેતો નથી. કેમ કે તે કારણને દીર્ઘસ્થિતિવાળું માને છે, પરંતુ કારણની સર્વ ક્ષણો કાર્ય પેદા કરતી નથી પરંતુ કારણની

---

१. धर्मसंग्रहणी-२६ अस्योत्तरार्धः - सेसो पुण णिच्छयओ तस्सेव पसाहगो भणिओ ॥
स उभयक्षयहेतुः शैलेशीचरमसमयभावी यः । शेषः पुनर्निश्चयतस्तस्यैव प्रसाधको भणितः ॥

અંતિમ ક્ષણ કાર્યને પેદા કરે છે તેમ માને છે. તેથી સંપ્રદાયપક્ષીએ ગાથા-૧૪૭માં આપત્તિ આપેલી કે "જ્યારે ચારિત્ર ઉત્પન્ન થાય છે ત્યારે જ તે નાશ થાય છે એ મોટું સંકટ છે" માટે ચારિત્રને શાશ્વત માનવું પડશે એ વાતનું નિરાકરણ થાય છે. કેમ કે તે ચારિત્ર ચરમક્ષણમાં ઉત્પન્ન થયેલું નથી પરંતુ પૂર્વમાં ઉત્પન્ન થયેલું છે, અને તે ઉત્પન્ન થયેલ ચારિત્રની ચરમક્ષણ જ મોક્ષનો હેતુ છે; માટે સંપ્રદાયપક્ષીએ આપેલ દોષ રહેતો નથી. તેથી સંપ્રદાયપક્ષી તે ચારિત્રને મોક્ષમાં અવસ્થિત સ્થાપન કરવા માંગે છે તે સિદ્ધ નહીં થાય.

અહીં સંપ્રદાયપક્ષી શંકા કરે કે અવસ્થિત ચારિત્રની પણ ચરમક્ષણ મોક્ષ પ્રત્યે હેતુ ભલે હો, તો પણ તે ચારિત્રને મોક્ષમાં સ્વીકારવામાં શું વાંધો છે? તેથી સિદ્ધાંતકાર કહે છે કે ઋજુસૂત્રનય કારણની ચરમક્ષણને કાર્ય પ્રત્યે હેતુ સ્વીકારે છે તે કારણ ઉત્તરકાળમાં અવસ્થિત હોય કે અનવસ્થિત હોય તે બન્ને ઋજુસૂત્રને અભિમત છે, પરંતુ કારણે કાર્ય પેદા કરીને રહેવું જ જોઇએ તેમ ઋજુસૂત્ર સ્વીકારતો નથી. તેથી **'सो उभय ...'** એ વચનના બળથી પૂર્વમાં ઉત્પન્ન થયેલું ચારિત્ર મોક્ષમાં અવસ્થિત = શાશ્વત છે તે સ્થાપન થઇ શકે નહિ.

અહીં વિશેષ એ છે કે ગાથા-૧૪૭માં સંપ્રદાયપક્ષીએ **'सो उभय...'** એ પ્રકારના શાસ્ત્રવચનને લઇને એ સ્થાપન કરેલ કે, ઋજુસૂત્રનય પ્રમાણે ૧૪મા ગુણસ્થાનકની અંત્ય ક્ષણ મોક્ષ પ્રત્યે કારણ છે, તેથી અંત્યક્ષણમાં વર્તતું ચારિત્ર ઉત્તર ક્ષણમાં ન સ્વીકારવામાં આવે તો ચરમક્ષણમાં ઉત્પન્ન થયેલ ચારિત્ર ચરમક્ષણમાં જ નાશ પામે છે, તેથી મોક્ષમાં ચારિત્રની અનુવૃત્તિ સ્વીકારવી પડશે. તેનું નિરાકરણ કરતાં સિદ્ધાંતકારે એ સ્થાપન કર્યું કે, ૧૨મા ગુણસ્થાનકમાં ઉત્પન્ન થયેલું ક્ષાયિક ચારિત્ર અવસ્થિત છે અને તેની ચરમક્ષણ મોક્ષ પ્રત્યે કારણ છે, તેથી ચરમક્ષણમાં ઉત્પન્ન થયેલું ચારિત્ર ચરમક્ષણમાં નાશ થશે તે દોષ રહેતો નથી.

વળી, ઋજુસૂત્રનય કારણને કાર્યક્ષણમાં રહેવું જરૂરી માનતો નથી, તેમ કાર્યક્ષણમાં કારણ રહે તો ઋજુસૂત્રનયને વિરોધ પણ નથી. આમ છતાં, કાર્યક્ષણમાં કારણ ન હોય પરંતુ કાર્યની પૂર્વક્ષણમાં કારણ હોય તો તે કાર્ય કરી શકે છે. તેથી **'सो उभय ...'** એ શાસ્ત્રવચનના બળથી એ સિદ્ધ ન થઇ શકે કે મોક્ષની ઉત્પત્તિક્ષણમાં ચારિત્રની હાજરી જોઇએ, અને મોક્ષમાં ચારિત્ર નથી તેને કહેનાર ગાથા-૧૪૫માં વિશેષાવશ્યક-૨૦૭૮ ગાથા ઉદ્ધરણરૂપે છે તે - "**समत्तचरित्ताइं साइसंतो अ उवसमिओ अ । दाणाइलद्धिपणगं चरणं पि य खाइओ भावो ॥**" શાસ્ત્રવચન છે, તેથી ૧૨મા ગુણસ્થાનકે ઉત્પન્ન થયેલ ચારિત્ર મોક્ષમાં અક્ષય છે તેમ સિદ્ધ થઇ શકે નહિ.

**ઉત્થાન :-** સિદ્ધાંતકારે કહ્યું કે અવસ્થિત ચારિત્રના અક્ષયત્વની સિદ્ધિ નહિ થાય. ત્યાં શંકા થાય કે **'सो उभय ...'** એ શાસ્ત્રીય વચન ચરમસમયઆક્રાંત એવા અવસ્થિત ચારિત્રને જ મોક્ષના હેતુ તરીકે પ્રતિપાદન કરતું હોય, તો તે વચનનો ઉત્તરાર્ધ **'सेसो पुण णिच्छियओ तस्सेव पसाहगो भणिओ ॥'** એ પ્રમાણે તેની સાથે વિરોધ પ્રાપ્ત થશે. કેમ કે તે વચન ચરમક્ષણના ચારિત્ર કરતાં પૂર્વના ચારિત્રનું જુદું પ્રતિપાદન કરે છે. તેથી કહે છે -

**ટીકાર્થ :- 'तस्य'** - તે ક્ષણની=શૈલેશી અવસ્થાની ચરમક્ષણની, ક્ષણસંતાનથી ભેદની વિવક્ષા હોતે છતે = ચારિત્રમોહનીયના ક્ષયથી પેદા થયેલ જે ક્ષાયિક ચારિત્રની ક્ષણસંતાન = ક્ષણપરંપરા, ચાલે છે, તેનાથી ભેદની વિવક્ષા હોતે છતે, **'सेसो पुण'** ઇત્યાદિ વચનનું તેનાથી = ચરમક્ષણથી, પ્રાક્તન ચારિત્રના = પૂર્વના ચારિત્રના, ભેદના પ્રતિપાદનમાં પણ દોષ નથી.

❀ **'भेदप्रतिपादनेऽपि'** અહીં **'अपि'**થી એ સમુચ્ચય છે કે અભેદપ્રતિપાદનમાં તો દોષ નથી પણ પૂર્વના ચારિત્રના ભેદના પ્રતિપાદનમાં પણ દોષ નથી.

**ભાવાર્થ :-** ક્ષાયિક ચારિત્ર એક હોવા છતાં ઋજુસૂત્રની દૃષ્ટિથી ક્ષણસંતાનથી = ક્ષણપરંપરાથી, ચરમક્ષણની ભેદની વિવક્ષા કરવામાં આવે ત્યારે ચરમક્ષણ કરતાં પૂર્વના ચારિત્રના ભેદનું પ્રતિપાદન કરીને **'सेसो पुण'** ઇત્યાદિ કથનમાં ચરમક્ષણ કરતાં પૂર્વના ચારિત્રને ચરમક્ષણના પ્રસાધકરૂપે કહેલ છે, પરંતુ વાસ્તવિક રીતે તે ક્ષાયિકચારિત્ર અવસ્થિત છે તેમાં કોઇ દોષ નથી.

**ઉત્થાન :-** ગાથા-૧૪૭માં અંતે **'अपि च एवं'**થી કહ્યું કે આ રીતે નિશ્ચયનયનો અનુરોધ નહિ થાય એ પ્રકારના સંપ્રદાયપક્ષના કથનને સામે રાખીને સિદ્ધાંતકાર કહે છે -

**ટીકા :- कार्योत्पत्तिसमयनश्वरस्य कार्यकालसम्बन्धो न स्यादिति तु रिक्तं वचः, कारणतौपयिकस्य निरुपचरितस्यानन्तरानन्तरिभावसम्बन्धस्याऽप्रत्यूहत्वात्, व्यवहितपूर्ववर्त्तिनां तु व्यवधानादेवानेन कारणताऽनभ्युपगमात्, केवलं व्यावहारिकव्यवधानान्नैश्चयिकं व्यवधानं सूक्ष्ममित्येव विशेषः।**

**ટીકાર્થ :- 'कार्योत्पत्ति'** કાર્યની ઉત્પત્તિ સમયે નશ્વર એવા ચારિત્રનો કાર્યકાળ સાથે સંબંધ નહિ થાય (તેથી મોક્ષરૂપ કાર્યકાળમાં ચારિત્ર હોવું જરૂરી છે,) એ પ્રકારનું જે સંપ્રદાયપક્ષીનું વચન છે તે રિક્ત વચન છે. કેમ કે કારણતાના ઉપાયભૂત નિરુપચરિત અનંતર-અનંતરીભાવ સંબંધનું અપ્રત્યૂહપણું = અક્ષતપણું છે. (માટે મોક્ષકાર્ય પ્રતિ ઉત્પત્તિ સમયમાં નશ્વર પણ ચારિત્ર કારણ છે.)

**ઉત્થાન :-** ગાથા - ૧૪૭ના અંતે સંપ્રદાયપક્ષીએ **'अन्यथा...'**થી કહેલ કે જો તમે કાર્યકાળ સાથે અસંબંધને પણ કારણ સ્વીકારશો, તો દૂરકાળથી વ્યવહિત એવી પણ વસ્તુને જે કોઇ સંબંધ દ્વારા હેતુ માનવાનો પ્રસંગ પ્રાપ્ત થશે. તેના નિરાકરણરૂપે સિદ્ધાંતકાર કહે છે-

**ટીકાર્થ :- 'व्यवहित'** વળી વ્યવહિત પૂર્વવર્તીઓનું વ્યવધાન હોવાને કારણે આના દ્વારા = ઋજુસૂત્રનય દ્વારા, કારણતાનો અસ્વીકાર છે, (તેથી દૂરકાળથી વ્યવહિત વ્યવધાનવાળી વસ્તુને પણ જે કોઇ સંબંધ દ્વારા હેતુ માનવાનો પ્રસંગ નહિ આવે,) ફક્ત વ્યાવહારિક વ્યવધાન કરતાં નૈશ્ચયિક વ્યવધાન સૂક્ષ્મ છે એ જ વિશેષ છે.

**ભાવાર્થ :-** સંપ્રદાયપક્ષીએ ગાથા-૧૪૭માં કહેલ કે કાર્યકાળની સાથે અસંબંધ ધરાવતી વસ્તુને જો તમે કારણ કહો છો, તો દૂર વ્યવધાન (અંતર)વાળી વસ્તુને તમારે કારણ કહેવું જોઇએ. તેનું નિરાકરણ કરતાં સિદ્ધાંતી કહે છે કે ઋજુસૂત્રનય નડે દૂરવર્તી વસ્તુનું વ્યવધાન હોવાના કારણે કારણપણું મનાતું નથી.

ઋજુસૂત્રનયને કાર્યની સાથે કારણનું જે અવ્યવધાન અભિમત છે તે બે પ્રકારનું છે, કેમ કે ઋજુસૂત્રનયના સૂક્ષ્મ અને સ્થૂલ એ બે ભેદ છે. સ્થૂલ ઋજુસૂત્રનય વ્યાવહારિક વ્યવધાનને વ્યવધાન કહે છે, તેથી નૈશ્ચયિક વ્યવધાન હોવા છતાં વ્યાવહારિક અવ્યવધાન હોય તો તે કારણ માને છે; જેમ ઘટ કરવા માટે પ્રવૃત્ત દંડ ઉત્તરક્ષણમાં જ ઘટરૂપ કાર્ય કરતો નથી, તેથી ચક્રભ્રમણ કરીને કદાચ દંડ નાશ પામી જાય તો પણ કંઇક ક્ષણો પછી ઘટરૂપ કાર્ય પેદા થાય

છે. તેથી દંડ અને ઘટની વચમાં નૈશ્ચયિક વ્યવધાન હોવા છતાં વ્યાવહારિક અવ્યવધાન સ્વીકારીને ઘટનિયતપૂર્વવર્તીરૂપે દંડને કારણ તરીકે સ્થૂલ ઋજુસૂત્રનય સ્વીકારે છે, અને નૈશ્ચયિક અવ્યવધાન સૂક્ષ્મ ઋજુસૂત્રનય સ્વીકારે છે, તેથી અંકુરરૂપ કાર્ય પ્રત્યે બીજની ચરમક્ષણને તે કારણ માને છે. બીજની ચરમક્ષણ અંકુરની પૂર્વક્ષણ છે તેથી ત્યાં નૈશ્ચયિક અવ્યવધાન છે. આ પ્રકારની ઋજુસૂત્રનયની માન્યતાની વિશેષતા છે.

આનાથી એ ફલિત થયું કે મોક્ષની ઉત્પત્તિક્ષણની પૂર્વક્ષણમાં વર્તતું ચારિત્ર છે તેમાં નૈશ્ચયિક અવ્યવધાન છે, અને તે મોક્ષ પ્રત્યે કારણ છે. તેથી કાર્યોત્પત્તિ સમયમાં ન હોવા છતાં મોક્ષરૂપ કાર્ય તે કરી શકે છે માટે સંપ્રદાયપક્ષીએ જે કહેલ કે કાર્યકાળમાં ચારિત્ર નહિ હોવાથી તે મોક્ષરૂપ કાર્ય કરી શકશે નહિ, તે રિક્ત વચન છે.

**ટીકા :- इदं च व्यवहारान्तर्भाविनिश्चयाभिप्रायेणोक्तं, शुद्धनिश्चयाभिप्रायेण तु कार्यान्वयव्यतिरेकप्रतियोगिन एव कारणत्वात् कारणान्त्यसमय एव कार्योत्पत्तिः, "क्रियमाणं कृतमि"ति वचनात्। न च क्रियमाणस्य कृतत्वे कृतकरणाऽसमाप्तिः, द्वितीयादिक्षणेषु क्रियाया एवाभावात्तत्समाप्तेः। न च यादृशव्यापारवतां दण्डादीनां पूर्वं सत्त्वं तादृशानामेव तेषां क्वचिद् घटोत्पत्त्यनन्तरमपि सत्त्वे पुनस्तदुत्पत्तिप्रसङ्गः, स्थूलतत्सत्त्वेऽपि सूक्ष्मक्रियाविगमात्।**

**न च तथापि दीर्घेऽपि क्रियाकाले घटादिकार्यस्याऽदर्शनान्न क्रियमाणं कृतमिति वाच्यं, चरमसमयमात्रभाविन्याः क्रियाया अदीर्घकालभावित्वेन दीर्घकाले तदनुपलम्भेऽपि दोषाऽभावात्, तर्हि मृन्मर्दनादिकालेऽपि "घटं करोमि" इत्येव कथमुपलभे? इति चेत्? तत्र तावदात्मानमेवोपालभस्व येन घटगताभिलाषोत्कर्षवशात् स्थूलमतिः सन्नन्तरोत्पदिष्णुकार्यकोटिमपलपसि। उक्तं च भाष्यकृता- [ वि. आ. भा. ४२३ ]**

[1]पइ समयकज्जकोडीनिरवेक्खो घडगयाहिलासोसि । पइसमयकज्जकोडि थूलमई य घडंमिलाएसि ॥ त्ति

**न च कृतस्य करणे क्रियावैफल्यं, क्रियां विना कृतत्वस्यैवाभावात्, क्रियाया निष्ठायामुपयोगित्वाद्, इत्यधिकमस्मत्कृतद्रव्यालोकादवसेयम्।**

**ટીકાર્થ :- 'इदं च'** અને આ વ્યવહારઅંતર્ભાવિત નિશ્ચયના અભિપ્રાયથી કહેવાયું. વળી શુદ્ધનિશ્ચયના અભિપ્રાયથી કાર્યની સાથે અન્વય-વ્યતિરેકની પ્રતિયોગી એવી વસ્તુનું કારણપણું હોવાથી કારણના અંત્યસમયમાં જ કાર્યોત્પત્તિ છે. કેમ કે '**क्रियमाणं कृतं**' એ પ્રમાણે વચન છે.

**ભાવાર્થ :-** વ્યવહારનય કાર્યઅવ્યવહિતપૂર્વવર્તી કારણ માને છે, આમ છતાં સ્થૂલ અવ્યવધાનને સ્વીકારીને દંડચક્રચીવરાદિ કારણસામગ્રીને ઘટ પ્રતિ કારણ તે માને છે; જ્યારે વ્યવહારઅંતર્ભાવિત નિશ્ચયનય કારણની ચરમક્ષણને જ કારણરૂપે સ્વીકારે છે. આથી ચરમક્ષણવાળા યથાખ્યાતચારિત્રને મોક્ષ પ્રતિ કારણ માને છે. તેથી જ કહે છે કે આ વચન = પૂર્વમાં રિક્તવચન છે તેમ કહ્યું તેમાં હેતુ કહેલ કે કારણતાઔપયિક નિરુપચરિત અનંતર-અનંતરીભાવસંબંધનું ચરમસમયભાવી ચારિત્રમાં અપ્રત્યૂહપણું છે, તેથી કાર્યોત્પત્તિ સમયે નશ્વર પણ ચારિત્ર મોક્ષ પ્રતિ હેતુ છે એ વચન, વ્યવહારઅંતર્ભાવિત નિશ્ચયથી કહેવાયું છે.

---

१. प्रतिसमयकार्यकोटिनिरपेक्षो घटगताभिलाषोऽसि । प्रतिसमयकार्यकालं स्थूलमते! घटे लगयसि ॥

વળી, વ્યવહારને નહીં સ્પર્શનારો શુદ્ધનિશ્ચયનય છે અને તે ક્રિયાકાળ અને નિષ્ઠાકાળને એક માને છે. તેથી કાર્યની સાથે અન્વય-વ્યતિરેકની પ્રતિયોગી વસ્તુને જ કારણ માને છે. અર્થાત્ જ્યાં જ્યાં કારણ હોય ત્યાં ત્યાં કાર્ય હોય તે અન્વય છે અને જ્યાં જ્યાં કાર્યાભાવ હોય ત્યાં ત્યાં કારણાભાવ હોય તે વ્યતિરેક છે. અને અન્વય અને વ્યતિરેક છે જેને તે વસ્તુ અન્વય-વ્યતિરેકની પ્રતિયોગી છે. **'यस्य अन्वयव्यतिरेकः सः प्रतियोगी'** કાર્યની સાથે અન્વય-વ્યતિરેક કારણનો છે, માટે અન્વય-વ્યતિરેકનો પ્રતિયોગી કારણ છે, માટે કારણના અંતસમયમાં જ કાર્યની ઉત્પત્તિ છે એવો નિયમ છે. અહીં કારણનો અંત્યસમય એ છે કે વ્યવહારને અભિમત એવું જે કારણ છે તે દીર્ઘકાળવાળું છે, અને તેનો જે ચરમસમય છે તે જ અંત્યસમય છે.

અહીં વિશેષ એ છે કે વ્યવહારઅંતર્ભાવિત નિશ્ચયના અભિપ્રાયથી કારણના અંત્યસમયમાં કાર્યની ઉત્પત્તિ થતી નથી, પરંતુ ઉત્તર સમયમાં છે. તેથી તે નય પ્રમાણે ૧૨મા ગુણસ્થાનકે જે ક્ષાયિકચારિત્ર પેદા થાય છે, તે અવસ્થિત ચારિત્રની ૧૪મા ગુણસ્થાનકની અંત્યક્ષણ તેની ઉત્તરક્ષણમાં મોક્ષરૂપ કાર્યને પેદા કરે છે. જ્યારે શુદ્ધ નિશ્ચયનયના અભિપ્રાયથી ૧૨મા ગુણસ્થાનકે જે ક્ષાયિકચારિત્ર પેદા થાય છે તે અવસ્થિત ચારિત્રની ૧૪મા ગુણસ્થાનકની અંત્યક્ષણમાં મોક્ષરૂપ કાર્ય પેદા થાય છે. કેમ કે ૧૪મા ગુણસ્થાનકની અંત્યક્ષણે સર્વકર્મનો નાશ થાય છે, માટે સર્વકર્મના વિયોગરૂપ મોક્ષ તે જ સમયમાં ઉત્પન્ન થાય તેમ કહેવાય છે.

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું કે **'क्रियमाणं कृतं'** એ વચન છે તેમાં શંકા કરતાં કહે છે –

**ટીકાર્થ :- क्रियमाणस्य** - ક્રિયમાણનું કૃતત્વ હોતે છતે કૃતકરણની અસમાપ્તિ થશે.

**ઉત્થાન :-** જે 'ક્રિયમાણ હોય તે કૃત' છે તેમ માનો તો જ્યાં સુધી તે વસ્તુ નાશ ન પામે ત્યાં સુધી તે વસ્તુ કૃત છે. તેથી ઉત્પત્તિના દ્વિતીયાદિ ક્ષણમાં કરવાને અનુકૂળ એવી ક્રિયારૂપ કૃતકરણની અસમાપ્તિ થશે. કેમ કે જે કૃત હોય તે કરાતું હોવું જોઇએ તેથી બીજી ક્ષણમાં તે કૃત છે માટે બીજી ક્ષણમાં પણ તે કરાવું જોઇએ.

તેનો ઉત્તર આપતાં સિદ્ધાંતકાર કહે છે કે તે બરાબર નથી.

**ટીકાર્થ :- 'द्वितीयादि'** કેમ કે દ્વિતીયાદિ ક્ષણમાં ક્રિયાનો અભાવ હોવાથી તેની સમાપ્તિ છે, અર્થાત્ કૃતકરણની સમાપ્તિ છે.

**ભાવાર્થ :-** પ્રથમ ક્ષણમાં ક્રિયા હોય છે તેથી જ કાર્ય તે ક્ષણમાં ક્રિયમાણ કહેવાય છે, અને જેટલા અંશમાં ક્રિયા હોય છે એટલા અંશમાં તે કાર્યની તે જ ક્ષણમાં નિષ્પત્તિ હોય છે. તેથી પ્રથમ ક્ષણમાં કાર્ય ક્રિયમાણ છે અને કૃત પણ છે. અને દ્વિતીય ક્ષણમાં કાર્ય કૃત હોય છે પરંતુ ક્રિયાનો અભાવ હોય છે તેથી ક્રિયમાણ નથી. અને દ્વિતીયાદિ ક્ષણથી માંડીને કાર્ય વિનાશ ન પામે ત્યાં સુધી તે કાર્ય કૃત હોય છે પણ ક્રિયમાણ હોતું નથી. તેથી કૃતના કરણની અસમાપ્તિનો પ્રસંગ દ્વિતીયાદિ ક્ષણમાં નથી.

**ટીકાર્થ :- 'न च'** જેવા વ્યાપારવાળા દંડાદિનું પૂર્વમાં સત્ત્વ છે અર્થાત્ જે ક્ષણમાં ઘટ ઉત્પન્ન થઇ રહ્યો છે તેની પૂર્વક્ષણમાં જે દંડાદિનું સત્ત્વ છે, તેવા જ તેઓનું = તેવા વ્યાપારવાળા દંડાદિનું, કોઇક વખતે ઘટની ઉત્પત્તિ પછી

પણ સત્ત્વ હોતે છતે ફરી ઘટની ઉત્પત્તિનો પ્રસંગ આવશે એમ ન કહેવું, કેમ કે સ્થૂલથી તેનું = પૂર્વસદૃશવ્યાપારવાળા દંડનું, સત્ત્વ હોવા છતાં પણ તે દંડાદિમાં સૂક્ષ્મક્રિયાનો વિગમ છે.

**ભાવાર્થ :-** કોઇ વ્યક્તિ દંડાદિથી ઘટ બનાવે છે અને ક્રિયાકાળ અને નિષ્ઠાકાળ એક સમયમાં માનવાથી જે ક્ષણમાં ઘટને અનુકૂળ દંડાદિની ચરમક્ષણ છે તે જ ક્ષણમાં ઘટ ઉત્પન્ન થાય છે, અને ઘટોત્પત્તિ પછી પણ તેવી જ ક્રિયા દંડાદિની ચાલુ રહે તો ક્રિયાકાળ અને નિષ્ઠાકાળ એક હોવાથી ફરી તે ઘટોત્પત્તિનો પ્રસંગ પ્રાપ્ત થશે. તેનું નિરાકરણ કરતાં સિદ્ધાંતકાર કહે છે કે, પ્રથમ ઘટની ઉત્પત્તિની ક્રિયા જેવી દેખાય છે તેવી જ ક્રિયા ઘટની ઉત્પત્તિ પછી દેખાય છે. તેથી સ્થૂલથી તે ક્રિયાનું સત્ત્વ છે તો પણ ઘટની નિષ્પત્તિને અનુકૂળત્વરૂપ સૂક્ષ્મ ક્રિયા ત્યાં નથી, માટે બીજી ક્ષણમાં ઘટ થતો નથી, અને પૂર્વક્ષણમાં તે સૂક્ષ્મ ક્રિયા છે માટે ઘટ ઉત્પન્ન થાય છે.

**ટીકાર્થ :- 'न च'** તો પણ = **'क्रियमाणं कृतं'** એ વચનમાં કૃતકરણની અસમાપ્તિ અને ફરી ઉત્પત્તિના પ્રસંગરૂપ દોષ નથી તો પણ, દીર્ઘ પણ ક્રિયાકાળમાં ઘટાદિ કાર્યનું અદર્શન હોવાથી = ઘટાદિ કાર્ય કરાયેલ તરીકે દેખાતું ન હોવાથી, ક્રિયમાણ કૃત=કરાતું કરાયેલું, નથી, એમ ન કહેવું.
**'चरम'** કેમ કે ચરમસમયમાત્રભાવી ક્રિયાનું અદીર્ઘકાળભાવિપણું હોવાથી અર્થાત્ અલ્પકાળભાવી હોવાથી દીર્ઘકાળમાં તેનો = કાર્યનો, અનુપલંભ હોવા છતાં પણ દોષનો અભાવ છે.
**तर्हि** - અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે તો પછી મૃન્મર્દનાદિ કાળમાં પણ=માટીને મસળવાના કાળમાં પણ, "હું ઘડો કરું છું" એ પ્રમાણે જ કેમ ઉપલંભ થાય છે?

તેનો ઉત્તર આપતાં સિદ્ધાંતી કહે છે -
**तत्र** - ત્યાં = મૃન્મર્દનાદિ કાળમાં, પણ "હું ઘડો કરું છું" એ પ્રમાણે પ્રતીતિ થવામાં જાતને જ તું ઠપકો આપ, જે કારણથી ઘટગત અભિલાષના ઉત્કર્ષના વશથી સ્થૂલ મતિવાળો તું હોતે છતે, અનંતર ઉત્પન્ન થવાના સ્વભાવવાળા કાર્યકોટિનો અપલાપ કરે છે.
**'उक्तं च'** - અને ભાષ્યકારે કહ્યું છે -
**'पइसमय'** પ્રતિસમયમાં થતા કાર્યકોટિથી નિરપેક્ષ અને ઘટગત અભિલાષવાળો તું છો, (તેથી) હે સ્થૂલમતિ! પ્રતિસમયની કાર્યકોટિને તું ઘટમાં જોડે છે.

**ભાવાર્થ :-** ક્રિયમાણને કૃત માનવામાં પૂર્વમાં બે દોષોનું નિરાકરણ કર્યું. (૧) કાર્ય થયા પછી પણ ક્રિયાની પ્રાપ્તિનો દોષ હતો તે, અને (૨) કાર્ય થઇ ગયા પછી ફરી કરવામાં આવે તો બીજું કાર્ય નિષ્પન્ન થવાની આપત્તિ આવે તે. આ બન્ને દોષોનું નિરાકરણ કર્યું તો પણ પૂર્વપક્ષી ત્રીજો દોષ બતાવે છે કે, ઘટ બનાવવાની ક્રિયા દીર્ઘકાળની છે અને દરેક ક્ષણમાં ઘટકાર્ય દેખાતું નથી પરંતુ ચરમક્ષણમાં ઘટકાર્ય દેખાય છે, તેથી **'क्रियमाणं कृतं'** કહી શકાય નહિ; કેમ કે ક્રિયમાણને કૃત માનીએ તો પ્રથમ ક્ષણમાં પણ ઘટરૂપ કાર્ય દેખાવું જોઇએ. તેનું નિરાકરણ કરતાં સિદ્ધાંતકાર કહે છે કે, ઘટની ક્રિયા ચરમસમયમાત્રભાવી છે, તેની પૂર્વની ક્રિયા ઘટ કરવાની ક્રિયા નથી પરંતુ ઘટની અવાંતર અવસ્થાને અનુકૂળ તે ક્રિયા છે. માટે ઘટને અનુકૂળ એવી ચરમક્ષણની ક્રિયાથી ઘટ પેદા થાય છે અને પૂર્વની ક્ષણોમાં ઘટની અપ્રાપ્તિ છે, તેમાં કોઇ દોષ નથી.

અહીં પૂર્વપક્ષી કહે કે માટીના મર્દનકાળમાં પણ "હું ઘટ કરું છું" એ પ્રકારનો વ્યવહાર કેમ પ્રાપ્ત થાય છે?

તેનો ઉત્તર આપતાં સિદ્ધાંતકાર કહે છે કે, તેમાં તું પોતે જ જવાબદાર છો, કેમ કે સ્થૂલમતિને કારણે તને ઘટગત અભિલાષનો ઉત્કર્ષ છે, તેથી પ્રથમ ક્ષણાદિથી થતા કાર્યકોટિનો અપલાપ કરીને "હું ઘટ કરું છું" એ પ્રમાણે તું બોલે છે. વસ્તુતઃ પ્રત્યેક ક્ષણમાં ક્રિયાથી જુદું જુદું કાર્ય કરાય છે અને ચરમક્ષણની ક્રિયાથી ઘટરૂપ કાર્ય કરાય છે; અને તેમાં જ ભાષ્યકારના વચનની સાક્ષી આપતાં કહ્યું કે, તું ઘટગત અભિલાષવાળો છો એથી કરીને જ પ્રતિસમયની ક્રિયાથી થતા કાર્યની કોટિથી તું નિરપેક્ષ છો. આથી કરીને પ્રતિસમયના કાર્યકાળને તું ઘટમાં જોડે છે, તેથી "હું ઘટ કરું છું" એ પ્રકારનો વચનપ્રયોગ કરે છે.

**ટીકાર્થ :- 'न च कृतस्य'** અને કૃતના કરણમાં ક્રિયાનું વૈફલ્ય છે એમ ન કહેવું, કેમ કે ક્રિયા વિના કૃતત્વનો જ અભાવ છે.

**ભાવાર્થ :- 'क्रियमाणं कृतं'** એમ કહેવાથી ક્રિયાકાળમાં તે કાર્ય કૃત હોવાથી તેને કરવા માટે કરાતો યત્ન વિફળ છે, કેમ કે ક્રિયા કરવાનો આશય વસ્તુની નિષ્પત્તિ માટે છે અને તે ક્ષણમાં જો વસ્તુ નિષ્પન્ન હોય તો ક્રિયાનું કોઈ પ્રયોજન નથી. આ પ્રમાણે પૂર્વપક્ષીના કથન સામે સિદ્ધાંતી કહે છે કે એમ ન કહેવું, કેમ કે ક્રિયાને કારણે વસ્તુ કૃત બને છે.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે ક્રિયાકાળમાં વસ્તુ કૃત છે તો ક્રિયાનું શું પ્રયોજન છે? તો કહે છે -

**ટીકાર્થ :- 'क्रियाया'** ક્રિયાનું નિષ્ઠામાં ઉપયોગીપણું છે = ક્રિયાનું કાર્યની સમાપ્તિમાં ઉપયોગીપણું છે, તેથી (ક્રિયા વિના કૃતત્વનો અભાવ છે.) અમારાથી કરાયેલ દ્રવ્યલોક ગ્રંથથી **इति = एतद्** = આ, અધિક જાણવું.= આ વિષયમાં અધિક જાણવું હોય તો અમારાથી કરાયેલો "દ્રવ્યાલોક" ગ્રંથ જોવો.

**ટીકા:- इत्थं च शैलेशीचरमसमय एव चारित्राघ्राते मोक्षोत्पत्तिः, तदानीमुत्पद्यमानस्य तस्योत्पन्नत्वात्, व्यवहारेण सिद्धिगमनाद्यसमये मोक्षोत्पत्त्यभ्युपगमेऽपि निश्चयेन शैलेशीचरमसमये तदभ्युपगमात्। अत एव तेन केवलज्ञानस्यापि क्षीणमोहचरमसमय एवोत्पत्तिरभ्युपगम्यते, यदागमः-**

"[1]चरमे नाणावरणं पंचविहं दंसणं चउविगप्पं । पंचविहमंतरायं खवइत्ता केवली होइ ॥" **त्ति [ आ.नि. १२६ ]**
**अत्र च नयव्युत्पत्तये भाष्यमेवानुसरणीयम्।**

**ટીકાર્થ :- 'इत्थं च'** - અને આ રીતે = પૂર્વમાં કહ્યું કે શુદ્ધનિશ્ચયનયના અભિપ્રાયથી કારણના અંત્ય સમયમાં જ કાર્યની ઉત્પત્તિ છે એ રીતે, ચારિત્રથી આઘ્રાત (આક્રાંત) શૈલેશીના ચરમ સમયમાં જ મોક્ષની ઉત્પત્તિ છે, કેમ કે ત્યારે = શૈલેશીના ચરમ સમયમાં, ઉત્પદ્યમાન એવા તેનું = મોક્ષનું, ઉત્પન્નપણું છે.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે શૈલેશીના ચરમ સમય વખતે જીવ સંસારમાં છે, તેથી ત્યાં કર્મવાળી અવસ્થા વ્યવહારને અભિમત છે, તેથી ત્યારે મોક્ષની ઉત્પત્તિ કેમ માની શકાય? તેથી કહે છે -

**ટીકાર્થ :- 'व्यवहारेण'**-વ્યવહાર દ્વારા સિદ્ધિગમનના આદ્ય સમયમાં મોક્ષની ઉત્પત્તિનો અભ્યુપગમ હોવા છતાં પણ નિશ્ચયનય દ્વારા શૈલેશીના ચરમ સમયમાં તેનો = મોક્ષની ઉત્પત્તિનો, અભ્યુપગમ છે.

**ભાવાર્થ :-** અહીં વિશેષ એ છે કે વ્યવહારનય શૈલેશીના ચરમસમયઉત્તરભાવી ક્ષણમાં સિદ્ધિગમનનો આદ્ય સમય માને છે અને ત્યાં જ સર્વકર્મના ક્ષયથી મુક્ત અવસ્થારૂપ મોક્ષ સ્વીકારે છે; જ્યારે નિશ્ચયનય શૈલેશીના ચરમ સમયમાં સર્વકર્મના ક્ષયરૂપ મોક્ષ માને છે, અને નિશ્ચયનય પ્રમાણે શૈલેશીનો ચરમ સમય સિદ્ધિગમનનો આદ્ય સમય છે. તેથી નિશ્ચયનય પ્રમાણે શૈલેશીના ચરમ સમયમાં જીવને અંતિમ કર્મનો ઉદય હોય છે, અને તે જ ક્ષણમાં તે કર્મનો નાશ હોય છે; અને તેથી કર્મમુક્ત અવસ્થા પણ તે જ ક્ષણમાં થાય છે અને તેથી સિદ્ધશિલાની પ્રાપ્તિ પણ તે જ ક્ષણમાં થાય છે. કેમ કે કર્મથી મુક્ત થવાને કારણે તે સ્થાનની પ્રાપ્તિ થાય છે, માટે જે ક્ષણમાં મુક્ત થાય તે જ ક્ષણમાં તે સ્થાનની પ્રાપ્તિ થાય. આથી જ સિદ્ધની અસ્પૃશદ્ગતિનો સિદ્ધાંત છે.

**ટીકાર્થ :- 'अत एव'** - આથી કરીને જ = શુદ્ધનિશ્ચયનયના અભિપ્રાયથી કારણના અંત્ય સમયમાં જ કાર્યની ઉત્પત્તિ છે આથી કરીને જ, તેના વડે = શુદ્ધનિશ્ચયનય વડે, ક્ષીણમોહના ચરમ સમયમાં જ કેવલજ્ઞાનની પણ ઉત્પત્તિ સ્વીકારાય છે.

**'यदागमः'** જે કારણથી આગમ છે -

**'चरमं'** ચરમમાં = ક્ષીણમોહના ચરમ સમયમાં, પાંચ પ્રકારનું જ્ઞાનાવરણ, ચાર પ્રકારનું દર્શનાવરણ, પાંચ પ્રકારના અંતરાયનો ક્ષય કરીને કેવળી થાય છે.

**अत्र च** - અને અહીંયાં = આવશ્યકનિર્યુક્તિ ગાથા-૧૨૬માં, નયવ્યુત્પત્તિ માટે = વ્યવહારનય અને નિશ્ચયનયનો બોધ કરવા માટે, ભાષ્ય જ અનુસરણીય છે = વિશેષાવશ્યકભાષ્ય ગાથા-૧૩૩૩થી અનુસરણીય છે.

**ટીકા :- नन्वेवमपि उत्पद्यमानमुत्पन्नमितिवद् विगच्छदेव विगतमिति विगच्छतश्चारित्रस्यापि तदानीं विगतत्वात् कथमसता तेन मोक्षोत्पादः? न च तदानीं तद्विगच्छदेव नेति वाच्यं, कार्मणपरिशाटरूपतद्विनाशकक्रियायास्तदानीं संपन्नत्वेन तस्य विगच्छद्रूपत्वात्, तदुक्तं-** "[२]तेयाकम्माणं पुण संताणाणादिओ ण संघाओ । भव्वाण होज्ज साडो सेलेसीचरमसमयंमि ॥" **त्ति [ वि. आ. भा. ३३३१ ] न च तद्विगममोक्षोत्पादयोरेकस्मिन्नपि समये न विरोधो यथा परभवप्रथमसमये प्राग्देहपरिशाटोत्तरदेहसङ्घातनयोः, यदागमः-** "[३]जम्हा विगच्छमाणं विगयं उप्पज्जमाणमुप्पन्नं । तो परभवाइसमए मोक्खादाणाण न विरोहो ॥" **त्ति [ वि. आ. भा. ३३२२ ] इति वाच्यं, उदासीनयोस्तयोरेकसमयेऽविरोधेऽपि कार्यकारणभावापन्नयोस्तयोरुत्पादनाशयोरेकदा विरोधात्। न च मोक्षोत्पत्त्यनन्तरमेव चारित्रनाशाभ्युपगमान्नदोष इति वाच्यं,** "[४]तस्सोदयाईया" **इत्यादिनौदयिकादिभावनाशसमकालमेव क्षायिकभावनाशोपदेशात्, इति चेत्? उच्यते-विगच्छद्रूपस्यापि तस्य कुर्वद्रूपत्वेन विनाशनिष्ठेन करणनिष्ठाप्यविरुद्धा। न च विरोधः, स्याद्वादाश्रयणात्, तत्त्वं पुनर्गम्भीरस्यार्थस्य विशिष्टश्रुतविदो गम्यमिति ध्येयम्॥१५०॥**

**ટીકાર્થ :- 'नन्वेववमपि' 'ननु'**થી સંપ્રદાયપક્ષી કહે છે કે આ રીતે પણ = પૂર્વમાં તમે કહ્યું કે શુદ્ધનિશ્ચયનયના અભિપ્રાયથી કારણના અંત્ય સમયમાં કાર્યની ઉત્પત્તિ છે કેમ કે નિશ્ચયનય વડે શૈલેશીના ચરમ સમયમાં જ મોક્ષનો

---

१. चरमे ज्ञानावरणं पञ्चविधं दर्शनं चतुर्विकल्पम् । पञ्चविधमन्तरायं क्षपयित्वा केवली भवति ॥

અભ્યુપગમ છે એ રીતે પણ, ઉત્પદ્યમાન ઉત્પન્ન છે તેની જેમ વિગચ્છત્ = નાશ પામતી વસ્તુ, વિગત = નષ્ટ, હોય છે. એથી કરીને નાશ પામતા ચારિત્રનું પણ ત્યારે = શૈલેશીના ચરમ સમયમાં, વિગતપણું = નષ્ટપણું, હોવાથી અવિદ્યમાન એવા તેનાથી = ચારિત્રથી, કેવી રીતે મોક્ષનો ઉત્પાદ = ઉત્પત્તિ, થાય? અર્થાત્ ન થાય.

સિદ્ધાંતપક્ષી સ્વકથનની પુષ્ટિ કરતાં કહે છે -

**'न च तदानीं'** ત્યારે = શૈલેશીના ચરમ સમયમાં, તે = ચારિત્ર, વિગચ્છત્ = નાશ પામતું જ હોતું નથી એમ ન કહેવું, કેમ કે કાર્મણ શરીરના પરિશાટરૂપ તદ્વિનાશક ક્રિયાનું ત્યારે = શૈલેશીના ચરમ સમયમાં, સંપન્નપણું હોવાને કારણે તેનું = ચારિત્રનું, વિગચ્છદ્રૂપપણું છે.

**ભાવાર્થ :-** સિદ્ધાંતપક્ષને ચારિત્ર મોક્ષમાં અભિમત નથી, તેથી કર્મવાળી અવસ્થામાં જ ચારિત્ર તેમને અભિમત છે. અને કર્મના સંબંધકાળમાં વર્તનારા ભાવો કર્મના નાશથી નાશ પામે છે અને ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમયમાં કાર્મણશરીરનો પરિશાટ થાય છે, તેથી કાર્મણશરીરવાળી અવસ્થામાં વર્તતા ભાવોના નાશ પ્રતિ કાર્મણશરીરના પરિશાટરૂપ ક્રિયા છે, અને ૧૪મા ગુણસ્થાનકના અંતમાં કાર્મણશરીરના પરિશાટરૂપ ક્રિયા ચારિત્રની વિનાશક છે, માટે ચારિત્ર વિગચ્છત્રૂપવાળું છે. માટે વિગચ્છત્ એવા ચારિત્રનો ૧૪મા ગુણસ્થાનકના ચરમ સમયમાં અભાવ છે. માટે અસત્ એવા તેના વડે મોક્ષની ઉત્પત્તિ ન થાય, એમ સંપ્રદાયપક્ષીનો આશય છે.

**ટીકાર્થ :- 'तदुक्तं'** ચૌદમા ગુણસ્થાનકના ચરમ સમયમાં કાર્મણશરીરનો પરિશાટ છે તેમાં સાક્ષી આપતાં કહે છે- **'तेयाकम्माणं'** તૈજસ-કાર્મણનો વળી સંઘાત નથી, કેમ કે સંતાનરૂપે અનાદિપણું છે અને ભવ્યોને શૈલેશીના ચરમ સમયમાં શાટ છે = તૈજસ-કાર્મણ શરીરનો પરિશાટ છે.

ॐ **'त्ति'** શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

**ભાવાર્થ :-** ભાષ્યની આ ગાથાનું તાત્પર્ય એ છે કે તૈજસ અને કાર્મણનો જીવની સાથે સંબંધ ન હોય અને સંબંધ થતો હોય તો તે સંઘાત પદાર્થ છે, પરંતુ તૈજસ-કાર્મણશરીરનો જીવની સાથે સંતાનરૂપે અનાદિકાળથી સંબંધ હોવાથી સંઘાત નથી, અને શૈલેશીના ચરમ સમયમાં શાટ = પરિશાટ છે. સંઘાત નથી અને શાટ છે એમ કહેવાનું પ્રયોજન એ છે કે સામાન્યથી જેનો સંઘાત થાય છે તેનો શાટ = વિયોગ થાય છે, પરંતુ તૈજસ-કાર્મણશરીરનો સંઘાત નહીં હોવા છતાં શૈલેશીના ચરમ સમયમાં શાટ = વિયોગ છે.

**ટીકાર્થ :- 'न च तद्विगम'** અહીં સિદ્ધાંતી કહે છે કે તેનો વિગમ = ચારિત્રનો વિગમ, અને મોક્ષના ઉત્પાદનો એક સમયમાં પણ વિરોધ નથી, જે પ્રમાણે પરભવના પ્રથમ સમયમાં પ્રાગ્દેહનો પરિશાટ અને ઉત્તરદેહના સંઘાતનો વિરોધ નથી.

---

१. तैजसकार्मणयोः पुनः संतानोऽनादिको न संघातः। भव्यानां भवेत् शाटः शैलेशीचरमसमये ॥

२. यस्माद् विगच्छद् विगतमुत्पद्यमानमुत्पन्नम्। ततः परभवादिसमये मोक्षाऽऽदानयोर्न विरोधः ॥

३. तस्सोदइयाईया भव्वत्तं च विणिवत्तए समयं। सम्मत्त नाणदंसणसुह सिद्धताइं मोत्तूणं ॥ [ ]
(तस्यौदयिकादिका भव्यत्वं च विनिवर्त्तते समकम्। सम्यक्त्व-ज्ञान-दर्शन-सुख-सिद्धत्वानि मुक्त्वा ॥)

**'यदागमः'** જે કારણથી આગમ છે -

**'जम्हा'** જે કારણથી વિગચ્છત્ વસ્તુ વિગત છે અને ઉત્પદ્યમાન વસ્તુ ઉત્પન્ન છે તે કારણથી, પરભવના આદ્યસમયમાં મોક્ષ અને આદાનનો વિરોધ નથી અર્થાત્ પૂર્વ શરીરનો મોક્ષ = ત્યાગ, અને ઉત્તર શરીરના ગ્રહણનો વિરોધ નથી.

તો સંપ્રદાયપક્ષી કહે છે કે એમ ન કહેવું.

**'उदासीन'** કેમ કે ઉદાસીન એવા તે બેનો=પ્રાગ્દેહનો પરિશાટ અને ઉત્તર દેહના સંઘાતનો, પરસ્પર કાર્યકારણભાવ નહિ હોવાથી ઉદાસીનભાવપણું છે. તેથી ઉદાસીન એવા તેઓનો એક સમયમાં અવિરોધ હોવા છતાં પણ કાર્યકારણભાવ આપન્ન એવા તે બેનો=મોક્ષનો ઉત્પાદ અને ચારિત્રના નાશનો એકદા વિરોધ છે.

**ભાવાર્થ :-** યદ્યપિ પરભવના પ્રથમ સમયમાં પ્રાગ્દેહનો પરિશાટ થાય છે અને તે જ ક્ષણમાં ઉત્તર દેહનો સંઘાત થાય છે, તો પણ પ્રાગ્દેહ ઉત્તરદેહના સંઘાત પ્રતિ કારણ નથી, તેથી તે બન્ને પરસ્પર ઉદાસીન છે; જ્યારે ચારિત્ર અને મોક્ષ એ બન્ને કાર્યકારણભાવથી સંબદ્ધ છે, તેથી એક ક્ષણમાં ચારિત્રનો નાશ અને મોક્ષનો ઉત્પાદ માની શકાય નહિ. માટે શૈલેશીના ચરમ સમયે જો ચારિત્ર નાશ પામતું હોય તો તેનાથી મોક્ષ ઉત્પન્ન થાય નહીં, માટે મોક્ષમાં ચારિત્ર છે એમ સંપ્રદાયપક્ષીનો આશય છે.

**ટીકાર્થ :-** **'न च मोक्षोत्पत्ति'** અહીં સિદ્ધાંતી કહે કે મોક્ષોત્પત્તિ અનંતર જ ચારિત્રનાશનો અભ્યુપગમ=સ્વીકાર, હોવાથી દોષ નથી, તો સંપ્રદાયપક્ષી કહે છે કે એમ ન કહેવું.

**'तस्सोदयाईया'** કેમ કે "તેના ઔદયિકાદિભાવો . ." ઇત્યાદિ શ્લોક દ્વારા ઔદયિકાદિ ભાવોના નાશના સમકાળે જ ક્ષાયિકભાવના નાશનો ઉપદેશ છે.

**ભાવાર્થ :-** પૂર્વમાં કહ્યું કે મોક્ષની ઉત્પત્તિ અને ચારિત્રના નાશનો એક કાળમાં વિરોધ છે, તેનું સમાધાન સિદ્ધાંતકારે કર્યું કે મોક્ષની ઉત્પત્તિ પછી જ ચારિત્રનો નાશ અમે સ્વીકારીએ છીએ, તેથી એક કાળમાં મોક્ષની ઉત્પત્તિ અને ચારિત્રના નાશની આપત્તિ નહિ આવે. તેનું નિરાકરણ કરતાં સંપ્રદાયપક્ષી કહે છે કે, **'तस्सोदयाईया'** ઇત્યાદિ ગાથામાં ઔદયિકભાવનો નાશ અને ક્ષાયિકભાવનો નાશ એક કાળમાં સ્વીકારેલ છે, તેથી મોક્ષના ઉત્પત્તિકાળમાં જ ચારિત્રનો નાશ સિદ્ધાંતીના મતે પ્રાપ્ત થશે, તેથી ચારિત્ર મોક્ષનું કારણ બની શકે નહિ. માટે ચારિત્રને શાશ્વત સ્વીકારીએ તો જ તે મોક્ષનું કારણ માનવું સંગત થાય. આ પ્રમાણે સંપ્રદાયપક્ષી કહે છે.

અહીં વિશેષ એ છે કે **'न च वाच्यं'** એ કથન સંપ્રદાયપક્ષીએ સિદ્ધાંતકારને કહેલ છે, અને તેમાં હેતુ **'तस्सोदयाईया'** એ સાક્ષીપાઠથી કહે છે કે, એ ભાષ્યકારના વચનથી ઔદયિક આદિ ભાવના નાશની સાથે ક્ષાયિક ભાવના નાશનો ઉપદેશ છે. તે સાક્ષીપાઠમાં કરેલું કથન યદ્યપિ સિદ્ધાંતકારને સંમત છે પરંતુ સંપ્રદાયપક્ષીને માન્ય નથી, કેમ કે તેમને સિદ્ધમાં ક્ષાયિક ચારિત્ર અભિમત છે, પરંતુ સિદ્ધાંતકાર તે ભાષ્યના વચનના બળથી સિદ્ધમાં ચારિત્ર નથી એ સિદ્ધ કરવા માંગે છે. અહીં સંપ્રદાયપક્ષી કહે છે કે તે વચનના બળથી ઔદયિકભાવના નાશની સાથે ક્ષાયિકભાવનો નાશ તમને માન્ય થાય છે, તેથી શૈલેશીના ચરમ સમયમાં તમારે ચારિત્રનો નાશ માનવો પડશે. તેથી અસત્=અવિદ્યમાન એવા ચારિત્ર વડે મોક્ષનો ઉત્પાદ તમે માની શકશો નહીં.

અહીં '**ननु एवं ... इति चेत्**' સુધી સંપ્રદાયપક્ષનું કથન છે. તેનો ઉત્તર આપતાં '**उच्यते**'થી સિદ્ધાંતકાર કહે છે-

**ટીકાર્થ :-** '**विगच्छद्रूपस्य**' વિગચ્છત્‌રૂપ પણ તેનું = ચારિત્રનું, કુર્વદ્‌રૂપપણું હોવાને કારણે વિનાશનિષ્ઠ વડે = વિનાશનિષ્ઠ એવા ચારિત્ર વડે, કરણનિષ્ઠા પણ અવિરુદ્ધ છે.

**ભાવાર્થ :-** ચારિત્ર ચરમક્ષણમાં વિગચ્છત્‌રૂપ છે, તો પણ ચારિત્રનું મોક્ષને અનુકૂળ કુર્વદ્‌રૂપત્વ તે ક્ષણમાં છે, અને વિગચ્છત્‌રૂપપણું હોવાને કારણે તેમાં વિનાશની નિષ્ઠા છે. તેથી વિનાશની નિષ્ઠા છે જેને એવા ચારિત્ર વડે કુર્વદ્‌રૂપત્વ હોવાને કારણે કરણનિષ્ઠા પણ અવિરુદ્ધ છે. અર્થાત્ મોક્ષને અનુકૂળ ક્રિયાની નિષ્ઠા પણ અવિરુદ્ધ છે. તેથી તે ક્રિયાની નિષ્ઠાને કારણે તે ક્ષણમાં મોક્ષની ઉત્પત્તિ થાય છે.

સ્વકથનનું સમર્થન કરતાં સિદ્ધાંતકાર કહે છે-

**ટીકાર્થ :-** '**न च विरोधः**' એક જ ચારિત્રમાં વિનાશનિષ્ઠા અને કરણનિષ્ઠાનો વિરોધ છે એમ ન કહેવું, કેમ કે સ્યાદ્વાદનું આશ્રયણ છે = સ્યાદ્વાદનો આશ્રય કરેલો છે. માટે કોઇ વિરોધ નથી. વળી ગંભીર અર્થનું તત્ત્વ વિશિષ્ટ શ્રુતવિદ્‌થી =વિશિષ્ટ શ્રુતના જાણકારોથી, ગમ્ય છે એ પ્રમાણે ધ્યેય છે.

**ભાવાર્થ :-** ચારિત્રમાં વિગચ્છત્‌રૂપપણું હોવાને કારણે વિનાશની નિષ્ઠા છે, અર્થાત્ ચારિત્રમાં નાશ પામવાની ક્રિયા હોવાના કારણે ચારિત્રના વિનાશની નિષ્ઠા=ચારિત્રનો અભાવ તે જ ક્ષણમાં થાય છે, અને તે જ ક્ષણમાં મોક્ષને અનુકૂળ કુર્વદ્‌રૂપત્વ હોવાને કારણે મોક્ષરૂપ કાર્યને અનુકૂળ કરણની નિષ્ઠા પણ ચારિત્રમાં છે. તેથી એ પ્રાપ્ત થાય કે એક જ ક્ષણમાં ચારિત્ર વિનાશ પામે છે અને મોક્ષરૂપ કાર્યને કરે છે. પરંતુ તે વચન પરસ્પર વિરોધરૂપ જણાય છે, કેમ કે વિનાશને પામેલ એવું ચારિત્ર મોક્ષ કઇ રીતે કરી શકે? તેથી સિદ્ધાંતકાર કહે છે કે "સ્યાદ્વાદનો આશ્રય હોવાથી વિરોધ નથી." તે આ રીતે - જે ચારિત્રમાં વિગચ્છત્‌રૂપપણું છે તદવચ્છેદેન વિનાશની નિષ્ઠા છે, અને તે જ ચારિત્રમાં મોક્ષને અનુકૂળ કુર્વદ્‌રૂપત્વ છે તદવચ્છેદેન કરણનિષ્ઠા પણ છે.

જેમ એક જ વસ્તુ દ્રવ્યાવચ્છેદેન નિત્ય છે અને પર્યાયાવચ્છેદેન અનિત્ય છે. તેમાં સામાન્યથી જોતાં નિત્ય-અનિત્યનો વિરોધ જણાય છતાં અવચ્છેદકના ભેદથી વિરોધ નથી, તેમ પ્રસ્તુત ચારિત્રમાં વિનાશનિષ્ઠા અને કરણનિષ્ઠા હોવામાં વિરોધ નથી.

વળી, ગંભીર અર્થનું તત્ત્વ વિશિષ્ટ શ્રુતના જાણકારો જાણે છે. તાત્પર્ય એ છે કે એક જ વસ્તુ દ્રવ્યાવચ્છેદેન નિત્ય અને પર્યાયાવચ્છેદેન અનિત્ય છે, પરંતુ એક જ ચારિત્ર એ જ ક્ષણમાં વિનાશની નિષ્ઠાવાળું અને કરણની નિષ્ઠાવાળું સામાન્ય બુદ્ધિ દ્વારા દેખાય તેમ નથી. તેથી કહે છે કે વિશિષ્ટ શ્રુતના જાણકારોથી ગંભીર અર્થનું તત્ત્વ ગમ્ય છે, અને તેઓને એ તત્ત્વ દેખાય છે કે "જે ઉદયમાન કર્મ છે તે ઉદયક્ષણમાં જ નિશ્ચયનયની દૃષ્ટિએ નાશ પામે છે. કેમ કે કર્મનો નાશ વિપાકોદય કે પ્રદેશોદય દ્વારા માનેલ છે, તેથી ઉદયક્ષણમાં તે કર્મ નશ્યમાન છે. વળી '**नश्यमाणं नष्टं**' એ ન્યાયથી તે નાશ પામેલ છે, અને ઉદયક્ષણમાં પોતાના વિપાકને દેખાડવારૂપ કાર્યને પણ તે કરે છે, તેથી કરણનિષ્ઠા પણ તેમાં છે. તે જ રીતે સૂક્ષ્મબુદ્ધિથી ગમ્ય અવચ્છેદકના ભેદથી ચારિત્રમાં વિનાશનિષ્ઠા અને કરણનિષ્ઠા બંને છે." **॥૧૫૦॥**

**અવતરણિકા :- ननु सिद्धौ चारित्राभावे चारित्रावरणकर्मणः पुनर्बन्धप्रसङ्गः, अचारित्रस्य सतो जन्तोस्तद्बन्धकत्वनियमादित्याशङ्कामपनिनीषुराह-**

**અવતરણિકાર્થ :-** '**ननु**'થી સંપ્રદાયપક્ષી કહે છે કે, સિદ્ધોમાં ચારિત્રનો અભાવ હોતે છતે ચારિત્રાવરણકર્મનો ફરી બંધ થવાનો પ્રસંગ આવશે, કેમ કે અચારિત્ર હોતે છતે પ્રાણીને તદ્‌બંધકત્વનો=ચારિત્રાવરણના બંધકપણાનો નિયમ છે. એ પ્રકારે આશંકાને દૂર કરતાં સૈદ્ધાન્તિક કહે છે-

**ગાથા :-** **न य चरणमोहबन्धो सिद्धाणं अचरणाण संताणं ।**
**अविरइपच्चइओ सो अइप्पसंगो हवे इहरा ॥१५१॥**

(न च चरणमोहबन्धः सिद्धानामचरणानां सताम् । अविरतिप्रत्ययिकः सोऽतिप्रसङ्गो भवेदितरथा ॥१५१॥)

**ગાથાર્થ :- અચરણવાળા હોવા છતાં સિદ્ધોને ચારિત્રમોહનો બંધ છે એમ ન કહેવું, (यतः=જે કારણથી) અવિરતિ પ્રત્યયિક તે=ચારિત્રમોહનો બંધ, છે. ઇતરથા=અવિરતિપ્રત્યય ચારિત્રમોહનો બંધ ન માનો અને યત્કિંચિત્ કારણ માત્રથી ચારિત્રમોહનો બંધ માનો તો, (સિદ્ધમાં ચારિત્રમોહનો બંધ માનવાનો) અતિપ્રસંગ પ્રાપ્ત થાય. ॥૧૫૧॥**

**ટીકા :- न खल्वचारित्रत्वेन सिद्धानां चारित्रमोहनीयकर्मबन्धप्रसङ्गः, अविरतिप्रत्ययिकत्वात्तस्य, यत्किञ्चित्कारणमात्रेण तद्बन्धे चारित्रमोहकर्मपुद्गलानां सिद्धावपि संसर्गसत्त्वेन तद्बन्धप्रसङ्गाद्, अविरत्यभावात्तदभावश्चावयोः समानः ।**

**ટીકાર્થ :- न खलु** સિદ્ધોને અચારિત્રપણું હોવાને કારણે ચારિત્રમોહનીયકર્મના બંધનો પ્રસંગ નથી, કેમ કે તેનું=ચારિત્રમોહનીયકર્મના બંધનું, અવિરતિપ્રત્યયપણું છે; (અને) યત્કિંચિત્ કારણમાત્રથી તેના બંધમાં ચારિત્રમોહનીયકર્મપુદ્‌ગલોનું સિદ્ધોમાં પણ સંસર્ગપણું હોવાથી, તદ્‌બંધનો=ચારિત્રમોહનીયના બંધનો, પ્રસંગ પ્રાપ્ત થશે. (અને) અવિરતિના અભાવથી તેનો અભાવ=ચારિત્રમોહનીયકર્મબંધનો અભાવ છે, (એમ કહેશો તો એ વાતમાં) આપણે બંને સમાન છીએ.

**ભાવાર્થ :-** સંપ્રદાયપક્ષી સિદ્ધાંતીને કહે છે કે, તમે સિદ્ધમાં ચારિત્ર નહીં માનો તો સિદ્ધો અચારિત્રવાળા માનવા પડશે, તેથી સિદ્ધોને ચારિત્રમોહનીયકર્મબંધનો પ્રસંગ પ્રાપ્ત થશે. તેનો ઉત્તર આપતાં સિદ્ધાંતકાર કહે છે કે, એ વાત યુક્ત નથી. કેમ કે ચારિત્રમોહનીયકર્મનો બંધ અવિરતિથી થાય છે અને સિદ્ધમાં અવિરતિ નથી, માટે સિદ્ધને ચારિત્રમોહનીયનો બંધ નથી. અને સ્વકથનને પુષ્ટ કરતાં સિદ્ધાંતી કહે છે કે, અવિરતિના પરિણામને કારણે કર્મબંધ ન માનો પરંતુ ચારિત્રાભાવરૂપ યત્કિંચિત્ કારણને કારણે કર્મબંધ થાય છે એમ કહીને, તમે

(સંપ્રદાયપક્ષી) અમને સિદ્ધમાં ચારિત્રમોહનીયકર્મબંધનો પ્રસંગ આપો, તો તમને (સંપ્રદાયપક્ષીને) પણ સિદ્ધમાં ચારિત્ર હોવા છતાં ચારિત્રમોહનીયકર્મપુદ્ગલના સંસર્ગને કારણે કર્મબંધ માનવાનો પ્રસંગ પ્રાપ્ત થાય.

સિદ્ધમાં ચારિત્રમોહનીયકર્મપુદ્ગલનો સંસર્ગ આ રીતે છે-

જ્યાં સિદ્ધના જીવો રહે છે તે જ આકાશપ્રદેશ ઉપર નિગોદના અનંત જીવો રહે છે, અને તેમણે ચારિત્રમોહનીયકર્મનાં પુદ્ગલો બાંધેલાં છે; તેથી એક આકાશપ્રદેશ ઉપર હોવાના કારણે ચારિત્રમોહનીયકર્મપુદ્ગલોનો સંસર્ગ સિદ્ધોને છે. તેના બળથી સંપ્રદાયપક્ષીને સિદ્ધમાં ચારિત્રમોહનીયકર્મ બાંધવાનો પ્રસંગ પ્રાપ્ત થાય.

તેનો ઉત્તર સંપ્રદાયપક્ષી આપે કે, સિદ્ધમાં કર્મપુદ્ગલનો સંસર્ગ હોવા છતાં અવિરતિના પરિણામનો અભાવ છે, માટે કર્મબંધ નથી. તો સિદ્ધાંતકાર કહે છે કે અમે પણ કહી શકીએ કે, સિદ્ધમાં અચારિત્ર હોવા છતાં અવિરતિનો અભાવ હોવાથી=અવિરતિના પરિણામનો અભાવ હોવાથી, ચારિત્રમોહનીયકર્મબંધ નથી. માટે આ વાતમાં આપણે બંને સમાન છીએ.

અહીં વિશેષ એ છે કે, યદ્યપિ અન્ય જીવવર્તી ચારિત્રમોહનીયકર્મ અન્યના બંધનું કારણ બનતું નથી, તેથી નિગોદના જીવોના ચારિત્રમોહનીયકર્મનાં પુદ્ગલો એક ક્ષેત્રરૂપ સંસર્ગને કારણે બંધનું કારણ છે તેમ કહી શકાય નહીં; પરંતુ સિદ્ધાંતકારનું એ કહેવું છે કે, સાક્ષાત્ સંસર્ગ હોય કે એક ક્ષેત્ર અવગાહનને કારણે સંસર્ગ હોય, તો પણ તે ચારિત્રમોહનીયકર્મનાં પુદ્ગલો બંધનું કારણ બનતાં નથી, પરંતુ જીવને અવિરતિનો પરિણામ પેદા કરીને ચારિત્રમોહનીયના પુદ્ગલો બંધનું કારણ બને છે. આમ છતાં, અર્થાત્ અવિરતિનો પરિણામ નહીં હોવા છતાં, અચારિત્રરૂપ યત્કિંચિત્ કારણના બળથી જો તમે (સંપ્રદાયપક્ષી) અમને (સિદ્ધાંતીને) કર્મબંધનો પ્રસંગ આપી શકો, તો તે રીતે એક ક્ષેત્રના સંસર્ગથી પણ કર્મબંધ માનવામાં કોઈ વાંધો નથી; કેમ કે અવિરતિના પરિણામ વગર એક ક્ષેત્રમાં રહેલા ચારિત્રમોહનીયકર્મના પુદ્ગલના સંસર્ગમાત્રથી કર્મબંધ થઈ શકે એમ તમે સ્વીકારી શકો, તો અવિરતિના પરિણામ વગર અચારિત્રપણાવડે સિદ્ધમાં તમે ચારિત્રમોહનીયકર્મના બંધનો પ્રસંગ આપી શકો.

**ટીકા :-** एतेन **'सिद्धाश्चारित्रमोहनीयबद्धारः, अचारित्रात्मत्वात्, मिथ्यादृष्टिवद्' इत्यपास्तं, अप्रयोजकत्वात्, हेतोरविरतिप्रयुक्तसाध्यव्याप्त्युपजीवित्वात्। 'अचारित्रमेवाविरतिर्नाधिकेति' चेत् ? न, चारित्रमोहनीयकर्मोदयजन्यत्वेनाऽविरतिपरिणामस्यातिरिक्तत्वात् । 'अचारित्रमेव तज्जन्यमि'ति चेत् ? न, तस्याभावरूपत्वेनाऽजन्यत्वात् । 'मास्तु जन्यत्वं, तथापि तेनाऽविरतिप्रत्ययकर्मबन्धो निर्वाहयिष्यत' इति चेत् ? न, अविरतेः कर्मोदयजन्यत्वेनोपदेशात् । वस्तुतो हिंसादिपरिणामरूपाया अविरतेस्तत्त्यागपरिणामरूपायाश्च विरतेः स्वसंवेदनेनैव वैलक्षण्यं स्फुटतरमीक्षामहे ।**

**ટીકાર્થ :-** **'एतेन'** = આનાથી = પૂર્વમાં કહ્યું કે ચારિત્રમોહનીયકર્મનો બંધ અચારિત્રથી નથી પરંતુ અવિરતિ પ્રત્યયિક છે એનાથી, સિદ્ધો ચારિત્રમોહનીયકર્મ બાંધનારા છે અચારિત્રપણું હોવાથી મિથ્યાદષ્ટિની જેમ, આ પ્રકારનું અનુમાન અપાસ્ત જાણવું; કેમ કે અચારિત્રપણારૂપ હેતુનું અપ્રયોજકપણું છે. અચારિત્રપણારૂપ હેતુનું અપ્રયોજકપણું કેમ છે, તેમાં હેતુ કહે છે-

હેતુનું = પ્રસ્તુત અનુમાનમાં અચારિત્રાત્મક હેતુનું, અવિરતિપ્રયુક્ત સાધ્યવ્યાપ્તિ ઉપજીવીપણું છે.

**ભાવાર્થ :-** અચારિત્રપદથી ચારિત્રાભાવની સાથે મોહનીયકર્મના બંધની વ્યાપ્તિ નથી, પરંતુ અચારિત્રપદથી અવિરતિ ગ્રહણ કરવામાં આવે તો અવિરતિપ્રયુક્ત ચારિત્રમોહનીયકર્મબંધરૂપ સાધ્યની સાથે અચારિત્રાત્મક હેતુની વ્યાપ્તિ છે, માટે અચારિત્રરૂપ હેતુ અવિરતિપ્રયુક્ત ચારિત્રમોહનીયકર્મબંધરૂપ સાધ્ય સાથે વ્યાપ્તિ તેના ઉપર જીવનાર છે. તેથી અવિરતિરૂપ અચારિત્ર ન હોય તેવા અચારિત્રને ગ્રહણ કરીને સિદ્ધના જીવો મોહનીયકર્મના બાંધનાર છે એમ કહેવું, ત્યાં હેતુ અપ્રયોજક છે=સાધ્યનો ગમક નથી.

**ટીકાર્થ :- 'अचारित्र'** - અહીં સંપ્રદાયપક્ષી આ પ્રમાણે કહે કે, અચારિત્ર જ અવિરતિ છે અધિક નથી. તેનો ઉત્તર આપતાં સિદ્ધાંતકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે ચારિત્રમોહનીયકર્મના ઉદયથી જન્યપણું હોવાના કારણે અવિરતિપરિણામનું અતિરિક્તપણું છે.

**ભાવાર્થ :-** સંપ્રદાયપક્ષી કહે છે કે, અચારિત્ર અને અવિરતિ એક જ પદાર્થ છે, પરંતુ અચારિત્રમાં અવિરતિરૂપ ભાવ એ કોઇ વિશેષભાવ નથી, કે જેથી અવિરતિરૂપ અચારિત્ર જ સાધ્યની સાથે વ્યાપ્તિવાળું છે અન્ય નહીં, એમ કહી શકાય. તેનો ઉત્તર આપતાં સિદ્ધાંતકાર કહે છે એમ ન કહેવું, કેમ કે ચારિત્રમોહનીયકર્મના ઉદયથી જન્યપણું હોવાના કારણે અવિરતિ નામનો પરિણામ અધિક છે. માટે જ્યાં જ્યાં અવિરતિપરિણામરૂપ અચારિત્ર હોય ત્યાં કર્મનો બંધ છે અન્યથા નહીં. માટે સિદ્ધોને અચારિત્રના બળથી ચારિત્રમોહનીયનો બંધ પ્રાપ્ત થશે એમ કહી શકાશે નહીં, એ પ્રકારનો સિદ્ધાંતકારનો આશય છે.

**ટીકાર્થ :- 'अचारित्र'** - અહીં સંપ્રદાયપક્ષી આ પ્રમાણે કહે કે, અચારિત્ર જ ચારિત્રમોહનીયકર્મના ઉદયથી જન્ય છે. તેનો ઉત્તર આપતાં સિદ્ધાંતકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે અચારિત્રનું અભાવરૂપપણું હોવાથી અજન્યપણું છે.

**ભાવાર્થ :-** ઋજુસૂત્રાદિ નયો માને છે કે અભાવ કોઇ વસ્તુ નથી પરંતુ તુચ્છ છે. તેથી જે ચારિત્રરૂપ વસ્તુ હતી તે જ 'ન'રૂપ થઇ જાય છે, અર્થાત્ સંસારમાં ચારિત્ર નામનો ગુણ વર્તતો હતો તે પોતાનું અસ્તિત્વ સમાપ્ત કરે છે, અને અભાવ કોઇ વસ્તુ નહીં હોવાથી તે જન્ય હોઇ શકે નહીં. માટે ચારિત્રમોહનીયકર્મના ઉદયથી જન્ય એવા અવિરતિના પરિણામરૂપ જે અચારિત્ર પદાર્થ છે, તે જ કર્મનો બંધ કરનાર છે અન્ય નહીં.

**ટીકાર્થ :- 'मास्तु** - અહીં સંપ્રદાયપક્ષી આ પ્રમાણે કહે કે, અચારિત્રનું જન્યપણું ન હોય તો પણ તેના વડે=અચારિત્ર વડે, અવિરતિપ્રત્યય કર્મબંધનો નિર્વાહ થશે. તેનો ઉત્તર આપતાં સિદ્ધાંતકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે અવિરતિનો કર્મોદયજન્યપણા વડે કરીને ઉપદેશ છે.

**ભાવાર્થ :-** સંપ્રદાયપક્ષીનો કહેવાનો આશય એ છે કે, અચારિત્ર જો અજન્ય હોય તો પણ શાસ્ત્રમાં જે અવિરતિપ્રત્યય કર્મબંધ કહેલ છે તે એ જ બતાવે છે કે, તે વ્યક્તિમાં વિરતિનો પરિણામ નથી તેના કારણે કર્મબંધ થાય છે. તેથી વિરતિના પરિણામના અભાવરૂપ તે અચારિત્રવડે અવિરતિપ્રત્યય કર્મબંધનો નિર્વાહ થશે, તેથી સિદ્ધને પણ

ચારિત્રમોહનીયકર્મના બંધનો પ્રસંગ પ્રાપ્ત થશે. તેનું નિરાકરણ કરતાં સિદ્ધાંતકારે કહ્યું કે એમ ન કહેવું, કેમ કે અવિરતિનો કર્મોદયજન્યપણાવડે ઉપદેશ છે.

સિદ્ધાંતકારનો આશય એ છે કે, વિરતિ નામના પરિણામના અભાવસ્વરૂપ અવિરતિ માન્ય નથી, પરંતુ કર્મના ઉદયથી જન્ય એવો અવિરતિનો સ્વતંત્ર પરિણામ છે તેમ શાસ્ત્રમાં કહેલ છે. તેથી કર્મોદયજન્ય એવા અવિરતિના પરિણામકૃત થનારો કર્મબંધ સિદ્ધોને વિરતિના અભાવમાત્રથી થઇ શકે નહીં. તેથી અચારિત્રના બળથી સિદ્ધમાં કર્મબંધનો પ્રસંગ આપી શકાય નહીં.

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું કે અવિરતિનું કર્મોદયજન્યપણાવડે કરીને ઉપદેશ છે માટે સંપ્રદાયપક્ષીની વાત બરાબર નથી. તેથી શાસ્ત્રના બળથી એ નક્કી થાય છે કે અવિરતિ નામનો કોઇક સ્વતંત્ર પરિણામ છે. અને તેને જ અનુભવના બળથી પુષ્ટ કરતાં '**वस्तुतः**'થી સિદ્ધાંતી કહે છે-

**ટીકાર્થ :-** '**वस्तुतः**' - વાસ્તવિક રીતે હિંસાદિ પરિણામરૂપ અવિરતિ અને તેના=હિંસાદિના, ત્યાગ પરિણામરૂપ વિરતિના સ્વસંવેદનથી જ વૈલક્ષણ્ય અમે સ્પષ્ટતર જોઇએ છીએ.

**ભાવાર્થ :-** સંપ્રદાયપક્ષીનું એ કહેવું છે કે, વિરતિના પરિણામનો જે અભાવ છે તે જ અવિરતિ પદાર્થ છે, માટે અજન્ય એવા પણ અચારિત્રથી અવિરતિપ્રત્યય કર્મબંધનો નિર્વાહ થશે. તેનું નિરાકરણ કરતાં સિદ્ધાંતકાર અનુભવના બળથી કહે છે કે, વિરતિના અભાવરૂપ અવિરતિ નથી પરંતુ હિંસાદિના પરિણામરૂપ અવિરતિ છે, અને હિંસાના ત્યાગના પરિણામરૂપ વિરતિ છે, એ પ્રકારનું વૈલક્ષણ્ય અમે સ્પષ્ટ પ્રકારે જોઇએ છીએ. એથી વિરતિના અભાવરૂપ સિદ્ધમાં રહેલા અચારિત્રને ગ્રહણ કરીને તમે (સંપ્રદાયપક્ષી) કર્મબંધનો પ્રસંગ આપી શકશો નહીં, કેમ કે ત્યાં હિંસાના પરિણામરૂપ અવિરતિ નથી.

**ટીકા :- एतेन 'अविरतेरतिरिक्तत्वे तदभाव एव चारित्रमस्तु, तच्च सिद्धानामप्यबाधितं' इति परास्तं, तयोर्द्वयोः स्वतन्त्रत्वात्, अन्यथैकस्यातिरिक्तत्वेऽपरस्य तदभावरूपत्वे विनिगमनाविरहप्रसङ्गात् ॥१५१॥**

**ટીકાર્થ :-** '**एतेन**' - આના દ્વારા = પૂર્વમાં કહ્યું કે અવિરતિ એ હિંસાના પરિણામરૂપ છે અને વિરતિ હિંસાના ત્યાગના પરિણામરૂપ છે એ પ્રકારે સ્પષ્ટ બે ભેદો જોઇએ છીએ એના દ્વારા, વક્ષ્યમાણ કથન પરાસ્ત જાણવું. અને વક્ષ્યમાણ કથન સિદ્ધમાં ચારિત્ર માનનારનું આ પ્રમાણે છે-

'**अविरतेः**' - અવિરતિનું અતિરિક્તપણું હોતે છતે=વિરતિના અભાવરૂપ અવિરતિ નથી, પરંતુ અતિરિક્ત એવા ભાવાત્મક કર્મના ઉદયથી થનારા જીવના પરિણામરૂપ અવિરતિ હોતે છતે, તેનો અભાવ જ ચારિત્ર હો.=કર્મના ઉદયથી થનારા અવિરતિ પરિણામના અભાવરૂપ જ ચારિત્ર હો, અને તે સિદ્ધોને પણ અબાધિત છે. (કેમ કે કર્મના ઉદયથી થનારો ભાવ સિદ્ધોને નથી) અને તે પરાસ્ત કેમ છે તેમાં સિદ્ધાંતકાર હેતુ કહે છે- તે બંનેનું સ્વતંત્રપણું છે.

**ભાવાર્થ :- 'वस्तुतः'**થી પૂર્વમાં કહ્યું તે બે પ્રકારના પરિણામરૂપ જ વિરતિ અને અવિરતિ છે. વિરતિનો પરિણામ નિર્જરા પ્રતિ કારણ છે અને અવિરતિનો પરિણામ કર્મબંધ પ્રતિ કારણ છે. સિદ્ધમાં કર્મબંધના કારણભૂત જેમ અવિરતિનો પરિણામ નથી, તેમ કોઇ કર્મની નિર્જરા કરવાની નહીં હોવાથી વિરતિનો પરિણામ પણ નથી. તેથી વિરતિ અને અવિરતિ બંને સ્વતંત્ર પરિણામ છે અને સિદ્ધોમાં તે બંનેનો અભાવ હોવાથી સિદ્ધોમાં અચારિત્ર છે એમ સિદ્ધાંતકારનો આશય છે.

**ઉત્થાન :-** પૂર્વમાં પરાસ્તમાં સિદ્ધાંતકારે હેતુ કહ્યો કે બંને એવા વિરતિ અને અવિરતિ પરિણામનું સ્વતંત્રપણું છે, તેની પુષ્ટિ કરતાં કહે છે-

**ટીકાર્થ :- 'अन्यथा'** અન્યથા=વિરતિ અને અવિરતિ પરિણામનું સ્વતંત્રપણું ન માનો, અને અવિરતિને કર્મના ઉદયકૃત પરિણામ માનીને ચારિત્રને તેના અભાવરૂપ માનો તો, એકના અતિરિક્તપણામાં અન્યના તદ્અભાવરૂપપણામાં વિનિગમના વિરહનો પ્રસંગ પ્રાપ્ત થશે, અર્થાત્ કોને અતિરિક્ત માનવો અને કોને તદ્અભાવરૂપ માનવો તેમાં વિનિગમના વિરહ પ્રાપ્ત થશે=અવિરતિ પરિણામને અતિરિક્ત માની તદભાવરૂપ વિરતિ પરિણામ માનવો કે વિરતિ પરિણામને અતિરિક્ત માની તદભાવરૂપ અવિરતિ પરિણામ માનવો, એમાં વિનિગમક કોઇ ન હોવાથી વિનિગમના વિરહ પ્રાપ્ત થશે, તેથી તે બંને પરિણામને સ્વતંત્ર માનવા ઉચિત છે.**॥૧૫૧॥**

**અવતરણિકા :- अथ चारित्रस्य जीवलक्षणत्वात् कथं तत्परित्यागे सिद्धानां जीवलक्षणं समुज्जीवेदित्याशङ्कायामाह-**

**અવતરણિકાર્થ :-** ચારિત્રનું જીવલક્ષણપણું હોવાથી તેના પરિત્યાગમાં=ચારિત્રના પરિત્યાગમાં, સિદ્ધોને જીવનું લક્ષણ કેવી રીતે ઘટશે? એવી શંકાને નજર સામે રાખીને સિદ્ધાંતી તેનું નિરાકરણ કરતાં કહે છે-

**ગાથા :-** **जं च जियलक्खणं तं उवइट्ठं तत्थ लक्खणं लिंगं ।**
**तेण विणा सो जुज्जइ धूमेण विणा हुयासुव्व ॥१५२॥**

(यच्च जीवलक्षणं तदुपदिष्टं तत्र लक्षणं लिङ्गम् । तेन विना स युज्यते धूमेन विना हुताश इव ॥१५२॥)

**ગાથાર્થ :- અને જે જીવલક્ષણ તે=ચારિત્ર, ઉપદિષ્ટ=કહેવાયેલું, છે ત્યાં=જીવનું લક્ષણ ચારિત્ર કહેવાયેલું છે ત્યાં, લક્ષણ લિંગ છે. (ततः=તેથી) તેના વગર=ચારિત્ર વગર, તે=સિદ્ધરૂપ જીવ, ઘટે છે. જેમ ધૂમ વગર અગ્નિ. ॥૧૫૨॥**

**ભાવાર્થ :-** ચારિત્રને જીવલક્ષણ તરીકે જે કહ્યું છે ત્યાં લક્ષણ શબ્દ લિંગ અર્થમાં જાણવો, અને તેથી જેમ ધૂમ વિના પણ અયોગોલક આદિમાં અગ્નિ હોય છે, તેમ ચારિત્રાત્મક લિંગ વિના પણ સિદ્ધોમાં જીવત્વરૂપ લિંગી હોય છે.

**ટીકા :-** '[१]नाणं च दंसणं चेव चरित्तं च तवो तहा । वीरिअं उवओगो अ एयं जीवस्स लक्खणं ॥' **[श्री नवतत्त्वप्रकरण ५] इत्यनेन चारित्रस्य जीवलक्षणत्वप्रतिपादनात् कथं तत्परित्यागे सिद्धानां जीवत्वं ? इति, अत्रेदमुत्तरं-यदत्र लक्षणशब्दो 'लक्ष्यतेऽनेने'ति व्युत्पत्त्या लिङ्गार्थकः । एवं च चारित्रतपसी जीवस्य लिङ्गे अभूतां, न ते विनापि सिद्धानां किंचित्क्षूयते, लिङ्गं विनापि लिङ्गिनः संभवात् । न च नैर्लक्षण्यापत्तिः, असाधारणस्योप( ? योग )लक्षणस्य जागरूकत्वात् । अत एवान्तरङ्गं तल्लक्षणमनूद्यैव बहिर्लक्षणाभिधानायैतद्गाथाधिकारः । युक्तं चैतत्, अन्यथा चेष्टादीनामपि जीवलक्षणत्वेन प्रसिद्धत्वात् तद्विरहिणां सिद्धानां नैर्लक्षण्यप्रसङ्गात् । 'बहिर्लक्षणमेवेदं नत्वन्तरङ्गमि'ति चेत् ? तदिदमावयोः समानम् । 'चेष्टाया बहिस्त्वं शरीरपरिणामित्वरूपं सङ्गच्छते, न तु चारित्रेऽपी'ति चेत् ? न, बहिर्विज्ञायमानत्वस्याऽसार्वदिकभावत्वस्य वा बहिस्त्वस्योभयत्र तुल्यत्वात् । यच्चाव्यवदानाश्रवचेष्टाप्रतिपन्थिपरिणामा एव तपश्चारित्रचेष्टा नैश्चयिक्यः सिद्धानामबाधिता एवेति कश्चित्, तदपि न, तत्त्वतस्तादृशपरिणामानां तेष्वभावात्, तत्कर्माभावेषु तत्त्वविवक्षायामुपचारप्रसङ्गात् । न च तादृशोऽप्युपचारः प्रामाणिकः, विनागमं तस्य निर्मूलत्वादिति दिग् ॥१५२॥**

**ટીકાર્થ :- 'नाणं'** - જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ તથા વીર્ય અને ઉપયોગ જીવનાં લક્ષણ છે. આ વચનથી (=નવતત્ત્વપ્રકરણની ગાથાથી) ચારિત્રનું જીવલક્ષણત્વ પ્રતિપાદન હોવાથી તેના=ચારિત્રના, પરિત્યાગમાં સિદ્ધોને જીવત્વ કેવી રીતે હોઇ શકે?

**'सिद्धानां जीवत्वं?'** પછી **'इति'** શબ્દ પ્રશ્નની સમાપ્તિ સૂચક છે.

**'अत्रेदमुत्तरं'** અહીંયાં=આ પ્રશ્નમાં, આ=વક્ષ્યમાણ ઉત્તર છે- જે કારણથી અહીંયાં=નવતત્ત્વપ્રકરણના સાક્ષીપાઠમાં, લક્ષણ શબ્દ લિંગાર્થક છે. કેમ કે 'જેના વડે વસ્તુ જણાય' એવી લક્ષણની વ્યુત્પત્તિ છે.

**'एवं च'** - અને એ પ્રમાણે=લક્ષણશબ્દ લિંગાર્થક છે એ પ્રમાણે, ચારિત્ર અને તપ જીવના લિંગભૂત ભલે હો, તે બેના=ચારિત્ર અને તપના, વિના પણ સિદ્ધોને જીવત્વ હોવામાં કોઇ વાંધો આવતો નથી, કેમ કે લિંગ વિના પણ લિંગીનો સંભવ છે.

**'न च'** - પૂર્વમાં કહ્યું કે લક્ષણશબ્દ લિંગાર્થક છે, તેથી ચારિત્ર અને તપ જીવનું લિંગ હોવાને કારણે તે નહીં હોવા છતાં સિદ્ધોને જીવત્વ માનવામાં કોઇ દોષ નથી; ત્યાં શંકા થાય કે જીવના લિંગરૂપ ચારિત્ર અને તપ લક્ષણ છે, અને તે નહીં હોવાને કારણે સિદ્ધના જીવો જીવના લક્ષણ વગરના છે એ રૂપ નૈર્લક્ષણ્યની આપત્તિ આવશે.

તેનો ઉત્તર આપતાં સિદ્ધાંતકાર કહે છે કે એમ ન કહેવું.

**'असाधारण'** - કેમ કે અસાધારણ ઉપયોગ લક્ષણનું (સિદ્ધમાં) જાગરૂકપણું છે. (માટે ચારિત્ર અને તપ લક્ષણ નહીં હોવા છતાં અસાધારણ ઉપયોગરૂપ લક્ષણ હોવાથી નૈર્લક્ષણ્યની આપત્તિ નથી.)

**'अत एव'** - આથી કરીને જ=સિદ્ધને નૈર્લક્ષણ્ય માનવાની આપત્તિ આવતી નથી આથી કરીને જ, જીવના અંતરંગ લક્ષણને ઉદ્દેશીને જ બહિર્લક્ષણના અભિધાન માટે આ ગાથાનો=**'नाणं च ..'** નવતત્ત્વની ગાથાનો અધિકાર છે.

---

१. ज्ञानं च दर्शनं चैव चारित्रं च तपस्तथा । वीर्यमुपयोगश्चैतद् जीवस्य लक्षणम् ॥

**ભાવાર્થ :-** સિદ્ધમાં ચારિત્ર અને તપ નહીં હોવા છતાં ઉપયોગરૂપ લક્ષણ હોવાને કારણે નૈર્લક્ષણ્યની આપત્તિ નથી, એનાથી એ પ્રાપ્ત થાય કે, નવતત્ત્વ ગાથાનો અધિકાર જીવના અંતરંગ લક્ષણને ઉદ્દેશીને બહિર્લક્ષણના અભિધાન માટે છે=ગાથાના અંતમાં 'ઉપયોગ' શબ્દથી અંતરંગ લક્ષણનું અભિધાન છે, અને તેને ઉદ્દેશીને બાકીના લક્ષણનું બહિર્લક્ષણરૂપે અભિધાન કરેલ છે=જીવનો ઉપયોગ એ અંતરંગ લક્ષણ છે, પરંતુ તે ઉપયોગવાળો જીવ આ બહિર્લક્ષણ વગર જાણી શકાય નહીં, તેથી તેને જાણવા માટે જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ બાહ્ય લક્ષણો બતાવ્યાં છે.

અહીં **'ज्ञान'** પદથી અંતરંગ ઉપયોગ ગ્રહણ કરવાનો નથી, પરંતુ જીવ વસ્તુને જાણીને જે જ્ઞાનની અભિવ્યક્તિ કરે છે તેનાથી જણાય છે કે જીવમાં 'ઉપયોગ'નામનું અંતરંગ લક્ષણ છે. તેથી જ્યાં જ્યાં ઉપયોગ હોય ત્યાં ત્યાં ઉપયોગના કાર્યરૂપ ક્વચિત્ જ્ઞાન, ક્વચિત્ ચારિત્ર-તપાદિ લિંગનું દર્શન થાય છે, તેથી તે બહિર્લક્ષણ છે અને તે બતાવવા માટે આ ગાથાનો અધિકાર છે.

**ટીકાર્થ :- 'युक्तं चैतत्'** - અને આ=નવતત્ત્વની **'नाणं च ...'** આ ગાથાનો અધિકાર અંતરંગ જીવના લક્ષણને ઉદ્દેશીને બહિર્લક્ષણના અભિધાન માટે છે આ યુક્ત છે.

**'अन्यथा'**- 'અન્યથા' = જો આ ગાથાનો અર્થ બહિર્લક્ષણના અભિધાન માટે ન હોય તો, ચેષ્ટાદિનું પણ જીવલક્ષણપણાથી પ્રસિદ્ધપણું હોવાને કારણે તદ્વિરહી=ચેષ્ટાદિ રહિત, એવા સિદ્ધોના નૈર્લક્ષણ્યનો પ્રસંગ પ્રાપ્ત થશે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે જેમ તપ-ચારિત્રાદિ જીવના લક્ષણ તરીકે **'नाणं च ...'** પ્રસ્તુત નવતત્ત્વની ગાથામાં કહેલ છે, તેમ શાસ્ત્રમાં ચેષ્ટાદિ પણ જીવના લક્ષણ તરીકે પ્રસિદ્ધ છે. અને જે જીવનું લક્ષણ હોય તે સિદ્ધના જીવોમાં હોવું જોઇએ તેમ માનવામાં આવે, અને ચેષ્ટાનો અભાવ સિદ્ધમાં છે તેમ કહેવાથી નૈર્લક્ષણ્યની આપત્તિ આપવામાં આવે, તો ચેષ્ટારહિત સિદ્ધો છે તે બધાને સંમત છે, તેથી સિદ્ધોને નૈર્લક્ષણ્ય માનવાની આપત્તિ આવે. તેથી એમ માનવું પડે કે જેમ ચેષ્ટાદિ જીવનું લક્ષણ હોવા છતાં બહિર્લક્ષણરૂપ છે, માટે ચેષ્ટા લક્ષણ સિદ્ધમાં ન હોવા છતાં અંતરંગઉપયોગરૂપ લક્ષણ હોવાના કારણે સિદ્ધના જીવો નિર્લક્ષણ નથી, પરંતુ ઉપયોગરૂપ લક્ષણવાળા છે; તેમ તપ-ચારિત્રરૂપ બહિર્લક્ષણવાળા નહીં હોવા છતાં અંતરંગઉપયોગરૂપ લક્ષણવાળા હોવાથી સિદ્ધોને નિર્લક્ષણ માનવાની આપત્તિ નથી.

**ટીકાર્થ :- 'बहिर्लक्षण'** - અહીં સંપ્રદાયપક્ષી કહે છે કે બહિર્લક્ષણ જ આ છે=ચેષ્ટા છે, પરંતુ અંતરંગ લક્ષણ નથી.

તેનો ઉત્તર આપતાં સિદ્ધાંતી કહે છે કે તે આ=જે પૂર્વપક્ષીએ સમાધાન આપ્યું તે આ, આપણને બંનેને સમાન છે.

**ભાવાર્થ :-** સંપ્રદાયપક્ષીનું કહેવું છે કે, ચેષ્ટા તો શરીરધારી જીવમાં જ સંભવે, તેથી ચેષ્ટાદિ જીવનું બહિર્લક્ષણ છે માટે સિદ્ધમાં ચેષ્ટા નહીં હોવા છતાં નૈર્લક્ષણ્યનો પ્રસંગ નથી; અને તપ-સંયમ જીવના અંતરંગ પરિણામરૂપ છે માટે અંતરંગલક્ષણરૂપ છે, તેથી તે ન હોય તો સિદ્ધને નિર્લક્ષણ માનવાનો પ્રસંગ આવે.

અહીં વિશેષ એ છે કે પૂર્વપક્ષી ચેષ્ટાને બહિર્લક્ષણ છે એમ કહીને એ કહેવા માંગે છે કે, જેમ અગ્નિ આર્દ્ર ઇન્ધનને કારણે ધૂમને પેદા કરે છે અને ધૂમ અગ્નિનું લિંગ છે અર્થાત્ અનુમાપક લિંગ છે, તેમ જીવ કર્મ અને શરીરની સાથે સંયુક્ત બને છે ત્યારે ચેષ્ટા પેદા થાય છે, અને તે ચેષ્ટાથી શરીરમાં વર્તતા જીવનું અનુમાન થઇ શકે

છે, તેથી ચેષ્ટારૂપ લક્ષણ બહિર્લક્ષણ છે. જ્યારે તપ-સંયમ એ જીવના અંતરંગ પરિણામરૂપ છે, તેથી તે ન હોય તો જીવમાં નૈર્લક્ષણ્ય માનવાનો પ્રસંગ આવે. તો સિદ્ધાંતકાર કહે છે કે આ સમાધાન આપણને બંનેને સમાન છે. અર્થાત્ પૂર્વપક્ષીએ કહ્યું કે ચેષ્ટા જીવનું બહિર્લક્ષણ છે માટે સિદ્ધમાં ન હોવા છતાં નૈર્લક્ષણ્યનો પ્રસંગ નથી, એ જ સમાધાન સિદ્ધાંતકાર આપી શકે છે કે, તપ-ચારિત્ર એ જીવનાં બહિર્લક્ષણ છે માટે તે સિદ્ધમાં નથી. તેથી સિદ્ધોને નિર્લક્ષણ માનવાનો પ્રસંગ નથી.

**ટીકાર્થ :-'चेष्टायाः'** - અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, ચેષ્ટાનું શરીર પરિણામિત્વરૂપ બહિર્પણું સંગત છે પરંતુ ચારિત્રમાં પણ નહીં.

તેનો ઉત્તર આપતાં સિદ્ધાંતી કહે છે કે આ વાત બરાબર નથી.

**'बहिर्विज्ञायमान'** - કેમ કે બહિર્વિજ્ઞાયમાનત્વરૂપ બહિર્પણાનું કે અસાર્વદિકભાવત્વરૂપ બહિર્પણાનું ઉભયત્ર=ચેષ્ટા અને ચારિત્ર ઉભયમાં, તુલ્યપણું છે.

**ભાવાર્થ :-** શરીરપરિણામિત્વરૂપ બહિર્પણું યદ્યપિ ચેષ્ટામાં છે કેમ કે ચેષ્ટા શરીરથી જ થાય છે, પરંતુ વાસ્તવિક રીતે જીવનો સ્વાભાવિક પરિણામ હોય તે અંતરંગ લક્ષણ કહેવાય, અને પુદ્ગલના કારણે વર્તતો જે ભાવ હોય તે બહિરંગ કહેવાય; તેથી છદ્મસ્થ જીવ મતિ-શ્રુત કે યાવત્ અવધિ-મનઃપર્યવજ્ઞાન દ્વારા જાણી શકે તે બધા ભાવો બહિરંગ કહેવાય. તે રીતે ચારિત્ર પણ જીવની મન, વચન અને કાયાની હિંસામાંથી નિવૃત્તિને અનુકૂળ પ્રવૃત્તિરૂપ છે, તેથી ચારિત્રમાં પણ બહિર્વિજ્ઞાયમાનત્વરૂપ બહિર્પણું ચેષ્ટાની જેમ છે.

અને તે જ રીતે જે ભાવો અસાર્વદિક=જીવમાં સદા ન રહેનારા, હોય તે પણ બહિર્ભાવ કહી શકાય, કેમ કે જીવનો અંતરંગ ભાવ જીવની સાથે સદા હોય તે જ તેનું લક્ષણ કહી શકાય. તેથી જેમ ચેષ્ટા અસાર્વદિક ભાવવાળી છે માટે તેમાં બહિર્પણું છે, તેમ સંસારમાં દેશવિરતિ અને સર્વવિરતિની પૂર્વાવસ્થામાં ચારિત્ર નહીં હોવાને કારણે, અને ક્ષાયિક પણ ચારિત્રને શાસ્ત્રમાં 'સાદિ સાંત' કહ્યું હોવાના કારણે, ચારિત્રમાં અસાર્વદિક ભાવત્વ છે. તેથી અસાર્વદિક ભાવત્વરૂપ બહિર્પણું ચેષ્ટા અને ચારિત્રમાં સમાન છે. માટે સંપ્રદાયપક્ષીએ જે કહેલું કે ચેષ્ટા જીવનું બહિર્લક્ષણ છે માટે ચેષ્ટારહિત એવા સિદ્ધોને નિર્લક્ષણની આપત્તિ નથી, એ જાતનું સમાધાન સંપ્રદાયપક્ષી અને સિદ્ધાંતકારને સમાન છે એમ સિદ્ધાંતપક્ષી કહે છે.

**ટીકાર્થ :- 'यच्च'** - અને જે અવ્યવદાનચેષ્ટાનો પ્રતિપંથી પરિણામ નૈશ્ચયિકી તપચેષ્ટા અને આશ્રવચેષ્ટાનો પ્રતિપંથી પરિણામ નૈશ્ચયિકી ચારિત્રચેષ્ટા સિદ્ધોને અબાધિત જ છે, એ પ્રમાણે કોઇ સંપ્રદાયપક્ષી કહે છે તે પણ બરાબર નથી.

**'तत्त्वतः'** - કેમ કે તત્ત્વથી=વાસ્તવિક રીતે, તેવા પરિણામોનો=અવ્યવદાનચેષ્ટાના અને આશ્રવચેષ્ટાના પ્રતિપંથી પરિણામોનો, તેઓમાં=સિદ્ધોમાં, અભાવ છે; એમ સિદ્ધાંતકાર કહે છે, અને તેની પુષ્ટિ કરતાં કહે છે-

**'तत्कर्म'** - તે બે પરિણામના કર્મના=કાર્યના, અભાવમાં, તત્ત્વની વિવક્ષામાં=તે બે પરિણામો સિદ્ધમાં છે એવી વિવક્ષામાં, ઉપચારનો પ્રસંગ પ્રાપ્ત થશે.

**ભાવાર્થ :-** સંસારવર્તી જીવોમાં કર્મો આત્મા સાથે લાગેલાં છે; તેને નહીં કાઢવાનો પરિણામ છે, તે અવ્યવદાન પરિણામ છે; અને નવાં કર્મોને ગ્રહણ કરવાનો પરિણામ છે, તે આશ્રવપરિણામ છે. તે રૂપ જે અવ્યવદાનચેષ્ટા અને આશ્રવચેષ્ટા સંસારમાં છે, તેના પ્રતિપંથી પરિણામો તપચેષ્ટા અને ચારિત્રચેષ્ટા છે, એ પ્રમાણે નિશ્ચયનયને અભિમત છે. અને તપચેષ્ટા અને ચારિત્રચેષ્ટા એ બે પરિણામો સિદ્ધમાં અબાધિત છે; કેમ કે સંસારવર્તી જીવોમાં જે અવ્યવદાનચેષ્ટા અને આશ્રવચેષ્ટા છે તે કર્મના ઉદયથી થનારા પરિણામ છે; અને કર્મનો નાશ થવાથી તેના વિરુદ્ધ પરિણામો જીવમાં આવિર્ભાવ થાય છે, અને તે જ નિશ્ચયનયથી જીવનો તપ-ચારિત્રનો પરિણામ છે.

અહીં નિશ્ચયનયથી એટલા માટે કહેલ છે કે વ્યવહારથી તપ એ ઉપવાસાદિની આચરણારૂપ છે, અને ચારિત્ર સમિતિ-ગુપ્તિની આચરણારૂપ છે; જ્યારે નિશ્ચયથી સંસારવર્તી જીવોમાં વર્તતા અતપ અને અચારિત્રના પરિણામથી વિરુદ્ધ એવા જીવના પરિણામ સ્વરૂપ તપ અને ચારિત્ર છે. આ પ્રમાણેનું સિદ્ધમાં ચારિત્ર માનનાર કોઇ કહે છે તે પણ બરાબર નથી, એમ સિદ્ધાંતકાર કહે છે. કેમ કે તત્ત્વથી અવ્યવદાનચેષ્ટાના અને આશ્રવચેષ્ટાના પ્રતિપંથી પરિણામોનો સિદ્ધોમાં અભાવ છે. તે આ રીતે -

સિદ્ધમાં કર્મવાળી અવસ્થા નથી, તેથી તેને કાઢવાને અનુકૂળ પરિણામ પણ નથી; અને નવા કર્મોનું આગમન પણ નથી, તેથી તેને અટકાવવારૂપ અનાશ્રવ પરિણામ પણ નથી. તેથી કહે છે કે વાસ્તવિક રીતે તેવો પરિણામ સિદ્ધમાં નથી.

પોતાની વાતની પુષ્ટિ કરવા માટે સિદ્ધાંતકાર કહે છે કે, તે બે પરિણામના કાર્યના અભાવમાં તે બે પરિણામો સિદ્ધમાં છે એવી વિવક્ષામાં ઉપચારનો પ્રસંગ પ્રાપ્ત થશે. તેનું તાત્પર્ય એ છે કે, કોઈપણ વસ્તુના અસ્તિત્વમાં તે વસ્તુની અપેક્ષિત અર્થ-ક્રિયા નિયામક છે. જો તે અર્થ-ક્રિયા ન હોય છતાં તે વસ્તુ છે એમ કહીએ, તો તે ઉપચારથી કહી શકાય. તે જ રીતે સિદ્ધના જીવોમાં કર્મ નથી માટે કર્મને કાઢવાની ચેષ્ટા નથી, અને નવાં કર્મ આવી રહ્યાં નથી માટે તેને અટકાવવાની ચેષ્ટા પણ નથી, તેથી સિદ્ધમાં નૈશ્ચયિક તપ-ચારિત્રની ચેષ્ટાનું કોઇ કર્મ=કાર્ય નથી. આમ છતાં, તે બે ભાવો=તપચેષ્ટા અને ચારિત્રચેષ્ટા છે તેમ સંપ્રદાયપક્ષી સ્વીકારે તો તેવી વિવક્ષા કરવામાં ઉપચારનો પ્રસંગ પ્રાપ્ત થશે. કેમ કે તે બે પરિણામો અર્થ-ક્રિયાકારી હોય તો તેનું કાર્ય અવશ્ય હોવું જોઇએ, અને કાર્ય નથી છતાં તે પરિણામો છે એમ કહેવું હોય તો ઉપચારથી માની શકાય, એમ સિદ્ધાંતકાર કહે છે.

**ટીકાર્થ :- 'न च'** અહીં સંપ્રદાયપક્ષી કહે કે તેવો ઉપચાર પ્રામાણિક છે, અર્થાત્ તેવો વ્યવહાર પ્રામાણિક છે. તેનો ઉત્તર આપતાં સિદ્ધાંતકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે આગમ વિના તેવા પ્રકારના ઉપચારનું=વ્યવહારનું, નિર્મૂલપણું છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે સિદ્ધમાં તેવા પ્રકારના પરિણામો છે તેવો વ્યવહાર તો જ પ્રામાણિક કહેવાય કે તેને સ્વીકારનાર આગમ પ્રાપ્ત થાય. પરંતુ આગમ તો સિદ્ધમાં ચારિત્ર સ્વીકારતું નથી, અને તેવા પરિણામોનું કુર્વદ્રૂપત્વ=અર્થક્રિયાકારિત્વ, યુક્તિથી સિદ્ધ થતું નથી, માટે સિદ્ધમાં તેવા પ્રકારના પરિણામો નથી, એમ સિદ્ધાંતકારનો આશય છે. **॥૧૫૨॥**

**અવતરણિકા :-** **नन्वेवं सिद्धानां वस्तुतः सच्चारित्राभावे निश्चयनयेन ज्ञाने ज्ञानदर्शनचारित्राभेदवृत्तितदुपचारान्यतरप्रतिसन्धानं न स्यादेकत्रैकदा विद्यमानानामेव धर्माणां कालादिभिरभेदवृत्त्युपचारान्यतराश्रयणेनैकधर्मप्रत्यायनमुखेन तावतां प्रत्यायनसंभवादित्याशङ्क्याह-**

**અવતરણિકાર્થ :-** આ રીતે=પૂર્વની ગાથાઓમાં સિદ્ધાંતકારે પૂર્વપક્ષીની શંકાનો પરિહાર કર્યો એ રીતે, સિદ્ધોને વાસ્તવિક રીતે સચ્ચારિત્રનો અભાવ હોતે છતે=સમ્યક્ ચારિત્રનો અભાવ હોતે છતે, નિશ્ચયનય વડે જ્ઞાનમાં જ્ઞાન, દર્શન અને ચારિત્રની અભેદવૃત્તિ કે અભેદઉપચાર અન્યતરનું પ્રતિસંધાન નહીં થાય; કેમ કે એક ઠેકાણે એક કાળમાં વિદ્યમાન એવા ધર્મોની કાલાદિ દ્વારા અભેદવૃત્તિ કે અભેદઉપચાર અન્યતર આશ્રયણ દ્વારા એક ધર્મના પ્રત્યાયનમુખથી તેટલા ધર્મોના પ્રત્યાયનનો સંભવ છે. આ પ્રકારની આશંકા કરીને સંપ્રદાયપક્ષી કહે છે-

**ભાવાર્થ :-** પૂર્વની ગાથાઓમાં સિદ્ધાંતકારે સિદ્ધમાં ચારિત્ર માનનારની શંકાનો પરિહાર કર્યો. આનાથી સિદ્ધમાં સચ્ચારિત્ર નથી એ સિદ્ધ થયું, અને તેમ સિદ્ધ થવાથી નિશ્ચયનયને અભિમત વક્ષ્યમાણ માન્યતા સંગત થશે નહીં.

નિશ્ચયનય માને છે કે ગુણ-ગુણીનો અભેદ છે, તેથી ગુણી એવા આત્માની સાથે આત્માના જ્ઞાનગુણનો અભેદ છે; તેથી આત્માની સાથે અભેદ એવા જ્ઞાનગુણમાં દ્રવ્યાસ્તિકનયને પ્રધાન કરીને જ્ઞાન, દર્શન, ચારિત્રની અભેદવૃત્તિનું પ્રતિસંધાન કરે છે; અને પર્યાયાસ્તિકનયને પ્રધાન કરીને જ્ઞાનગુણમાં જ્ઞાન, દર્શન, ચારિત્રના અભેદઉપચારનું પ્રતિસંધાન કરે છે. તેથી નિશ્ચયનય કહે છે કે મોહના ત્યાગથી જે આત્માનું વેદન છે તે જ જ્ઞાન છે, તે જ દર્શન છે અને તે જ ચારિત્ર છે અર્થાત્ વ્યવહારનયથી જ્ઞાન, દર્શન, ચારિત્ર પૃથક્ હોવા છતાં નિશ્ચયનયથી મોહના ત્યાગથી થતા આત્માના વેદનરૂપ જ્ઞાન, દર્શન, ચારિત્ર એક છે. પરંતુ જો સિદ્ધમાં ચારિત્ર ન હોય તો નિશ્ચયનય જ્ઞાનમાં ચારિત્રની અભેદવૃત્તિ કે અભેદઉપચારનું પ્રતિસંધાન કરી શકે નહીં. કેમ કે અભેદવૃત્તિ કે અભેદ ઉપચારના પ્રતિસંધાનનો નિયમ એ છે કે, એક વસ્તુમાં એક કાળમાં વિદ્યમાન એવા ધર્મોની કાલાદિ દ્વારા અભેદવૃત્તિ કરવામાં આવે કે અભેદ ઉપચાર કરવામાં આવે ત્યારે, કોઇ એક ધર્મના બળથી તે વસ્તુમાં રહેલા સર્વ ધર્મનો બોધ થાય છે; પરંતુ શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિથી આત્મામાં ચારિત્ર ગુણ નહીં હોવાના કારણે સંસારવર્તી જીવોમાં ચારિત્ર વિદ્યમાન હોવા છતાં વિદ્યમાન નથી; કેમ કે શુદ્ધ નિશ્ચયનય આત્માના તે જ ભાવોને જુએ છે કે જે સિદ્ધાવસ્થામાં છે, અને સિદ્ધાવસ્થામાં ચારિત્ર ન હોય તો વર્તમાનમાં સંસારી જીવમાં ચારિત્ર હોવા છતાં શુદ્ધ નિશ્ચયનયથી ચારિત્ર નથી. માટે જ્ઞાનમાં ચારિત્રનો અભેદ નિશ્ચયનયથી કરી શકાય નહીં, અને શાસ્ત્રમાં જ્ઞાન, દર્શન, ચારિત્રનો અભેદ પ્રસિદ્ધ છે, માટે સિદ્ધમાં ચારિત્ર માનવું જોઇએ એવો સંપ્રદાયપક્ષીનો આશય છે. **॥૧૫૨॥**

**ગાથા :-** **ण य निच्छयस्य नाणे अभेयवित्ति कहं चरणविरहे ।**
**संतं चिय पडिवज्जइ फलेण जं सो असंतंपि ॥१५३॥**

(न च निश्चयस्य ज्ञानेऽभेदवृत्तिः कथं चरणविरहे । सदेव प्रतिपद्यते फलेन यत्सोऽसदपि ॥१५३॥)

**ગાથાર્થ :- ચારિત્રના વિરહમાં નિશ્ચયનયની જ્ઞાનમાં અભેદવૃત્તિ કેવી રીતે છે ? એમ ન કહેવું. જે કારણથી નિશ્ચયનય અસત્ પણ ચારિત્રને ફળથી સત્ સ્વીકારે છે. ॥૧૫૩॥**

**ટીકા :- यद्यपि चारित्रं न तदानीं विद्यमानं तथाप्यनाश्रवलक्षणे तत्फले तदानीं विद्यमाने निश्चयेन तदभेदवृत्तिस्तदुपचारो वा प्रतिसन्धीयते, निश्चयेन फलवत्तयैव वस्तुनः सत्ताऽभ्युपगमात् । अत एव सदपि ज्ञानं विना विरतिलक्षणं फलं न ज्ञानं, असदपि वा तत्स्वप्नादावप्रमादिनः फलसद्भावाद्विद्यमानमेव ।**

**ટીકાર્થ :-'यद्यपि'** - જો કે ચારિત્ર ત્યારે=સિદ્ધાવસ્થામાં હોતું નથી તો પણ અનાશ્રવલક્ષણ તેનું=ચારિત્રનું, ફળ ત્યારે=સિદ્ધાવસ્થામાં, વિદ્યમાન હોતે છતે, નિશ્ચયનયથી તદભેદવૃત્તિ કે તદુપચાર પ્રતિસંધાન કરાય છે. કારણ કે નિશ્ચયનયવડે ફળવાળાપણાથી જ=કારણના ફળથી જ, કારણરૂપ વસ્તુની સત્તાનો સ્વીકાર કરાય છે.

**ભાવાર્થ :- 'यद्यपि'**થી સિદ્ધાંતકાર કહે છે કે, સિદ્ધાવસ્થામાં જો કે ચારિત્ર નથી, તો પણ ચારિત્રનું ફળ ત્યાં છે; અને તે ચારિત્રના ફળમાં ચારિત્રનો ઉપચાર કરીને અભેદવૃત્તિ કે અભેદઉપચારનું પ્રતિસંધાન નિશ્ચયનય કરે છે; કેમ કે નિશ્ચયનય ફલ હોય તો વસ્તુની સત્તા સ્વીકારે છે. તેથી ઔપચારિક ચારિત્રના સ્વીકારમાત્રથી સિદ્ધમાં ચારિત્રની સિદ્ધિ નહીં થાય એ પ્રકારનો સિદ્ધાંતકારનો આશય છે.

અહીં વિશેષ એ છે કે ગાથા-૧૫૨ની ટીકામાં **'यच्च अव्यवदान ... '**થી સિદ્ધમાં ચારિત્ર માનનારે કહેલ કે આશ્રવચેષ્ટાના પ્રતિપંથી પરિણામરૂપ નૈશ્ચયિકી ચારિત્રચેષ્ટા સિદ્ધમાં અબાધિત છે, તેનું સિદ્ધાંતકારે નિરાકરણ કર્યું; તેનાથી એ પ્રાપ્ત થાય છે કે આશ્રવચેષ્ટાનો પ્રતિપંથી અનાશ્રવભાવ સિદ્ધમાં નથી. અને પ્રસ્તુત ગાથા-૧૫૩ની ટીકામાં સિદ્ધાંતકાર કહે છે કે, યદ્યપિ સિદ્ધમાં ચારિત્ર નથી તો પણ અનાશ્રવલક્ષણ ચારિત્રનું ફળ સિદ્ધમાં છે. તેથી બે કથનો પરસ્પર વિરોધી જણાય છે, કેમ કે પૂર્વ ગાથાની ટીકામાં કહ્યું કે અનાશ્રવપરિણામરૂપ ચારિત્ર સિદ્ધમાં નથી અને પ્રસ્તુત ગાથાની ટીકામાં કહે છે કે અનાશ્રવરૂપ ચારિત્રનું ફળ સિદ્ધમાં છે. તેનું તાત્પર્ય એ છે કે સિદ્ધાંતકારને સિદ્ધમાં અનાશ્રવપરિણામરૂપ ચારિત્ર અભિમત નથી તો પણ સંસારમાં નિષ્પન્ન થયેલ ચારિત્રનું ફળ અનાશ્રવ છે તે સિદ્ધમાં છે.

અનાશ્રવપરિણામરૂપ ચારિત્ર એમ કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, સંસારવર્તી જીવોને કર્મોનું સતત આગમન ચાલુ છે અને તે કર્મના આગમનને અટકાવવાને અનુકૂળ એવી ચેષ્ટારૂપ ચારિત્ર સિદ્ધમાં હોઇ શકે નહીં, કેમ કે સંસારવર્તી જીવોમાં જ કર્મોનું આગમન સંભવે છે. કારણ કે કર્મવાળી અવસ્થામાં પૂર્વકર્મના ઉદયથી જીવમાં કર્મના આગમનને અનુકૂળ પરિણામ પેદા થાય છે, અને તે પરિણામને અટકાવવાના યત્નસ્વરૂપ ચારિત્રનો પરિણામ છે; અને સિદ્ધમાં કર્મોનું આગમન નહીં હોવાના કારણે તેવા પરિણામરૂપ ચારિત્ર નથી, એમ સિદ્ધાંતકારનો આશય છે. અને સંસારમાં નિષ્પન્ન થયેલા ચારિત્રના ફળરૂપે સર્વ કર્મથી મુક્ત એવા સિદ્ધોમાં કર્મોના આગમનને અનુકૂળ એવો પરિણામ જ નથી, તેથી તેને અટકાવવાના યત્નરૂપ ચારિત્ર પણ નથી; તો પણ કર્મ ન આવી શકે તેવી અવસ્થાની પ્રાપ્તિરૂપ ચારિત્રનું ફળ અનાશ્રવરૂપ સિદ્ધોમાં છે. તેથી નિશ્ચયનય અનાશ્રવલક્ષણ તે ફળને આશ્રયીને જ્ઞાનમાં ચારિત્રની અભેદવૃત્તિ કે અભેદઉપચારનું પ્રતિસંધાન કરે છે.

**'अत एव'** - આથી કરીને જ=નિશ્ચયનયવડે ફળવાળાપણાથી જ વસ્તુની સત્તાનો સ્વીકાર કરેલ છે આથી કરીને જ, સત્ એવું પણ જ્ઞાન વિરતિલક્ષણ ફળ વિના જ્ઞાન નથી, અને અસત્ એવું પણ તે=જ્ઞાન, સ્વપ્નાદિમાં અપ્રમાદીને (અપ્રમત્ત સાધુઓને) ફળના સદ્ભાવથી વિદ્યમાન જ છે.

**ટીકા :- न चैवं वस्तुनः पुरुषविवक्षानुसारितापत्तिः, स्वरूपानुसारित्वेऽपि तस्य व्यपदेशविशेषस्य पुरुषविवक्षाधीनत्वात्, कथंचित्तदनुसारितायामपि स्याद्वादिनामदोषाच्च ।**

**ટીકાર્થ :- 'न चैवं'** - આ રીતે=સિદ્ધમાં ચારિત્ર નથી તો પણ ચારિત્રનું ફળ ત્યાં હોવાને કારણે નિશ્ચયનય વડે સિદ્ધમાં ચારિત્ર સ્વીકારાય છે એ રીતે, વસ્તુની પુરુષવિવક્ષાનુસારિતાની આપત્તિ આવશે. (અર્થાત્ વસ્તુ સ્વરૂપે તેવી નહીં હોવા છતાં, પુરુષ વસ્તુ છે એવી વિવક્ષા કરે એટલા માત્રથી વસ્તુની પ્રાપ્તિ થવારૂપ વિવક્ષાનુસારિતાની આપત્તિ આવશે). તેનો ઉત્તર આપતાં સિદ્ધાંતકાર કહે છે કે એમ ન કહેવું.

**'स्वरूप'** - કેમ કે વસ્તુનું સ્વરૂપઅનુસારીપણું હોવા છતાં પણ તેના=વસ્તુના, વ્યપદેશવિશેષનું પુરુષની વિવક્ષાને આધીનપણું છે.

**ભાવાર્થ :-** વસ્તુ પોતાના સ્વરૂપને અનુસરે છે, પણ નહીં કે પુરુષની વિવક્ષાને અનુસરે છે. તો પણ તે વસ્તુનો વ્યપદેશવિશેષ પુરુષ પોતાની વિવક્ષાનુસાર કરી શકે છે. અર્થાત્ વસ્તુ નહીં હોવા છતાં વસ્તુનું ફળ ત્યાં હોવાને કારણે વસ્તુ ત્યાં છે, એવા પ્રકારનો વ્યપદેશવિશેષ પુરુષ પોતાની વિવક્ષાને અનુસારે કરી શકે છે.

**ઉત્થાન :-** અહીં શંકા થાય કે વસ્તુનું તેવું સ્વરૂપ નહીં હોવા છતાં પુરુષ વિવક્ષાને કારણે તેવો વ્યપદેશવિશેષ કરે છે, તેથી એ પ્રાપ્ત થાય કે, પ્રામાણિક વ્યપદેશ હોય તો તેનું સ્વરૂપ કથંચિત્ તેવું હોવું જોઈએ. માટે વસ્તુ પણ કથંચિત્ પુરુષની વિવક્ષાને આધીન માનવી પડશે. માટે વસ્તુની પુરુષવિવક્ષાનુસારિતાની આપત્તિ છે જ. તેથી બીજો હેતુ કહે છે-

**ટીકાર્થ :- 'कथंचित्'** - કથંચિત્ તદ્અનુસારિતામાં પણ=પુરુષવિવક્ષાનુસારિતામાં પણ, સ્યાદ્વાદીને અદોષ છે.

**ભાવાર્થ :-** સ્યાદ્વાદી માને છે કે, વસ્તુ જે પ્રમાણે સ્વરૂપથી દેખાય છે તેવી કથંચિત્ છે; તેમ પ્રામાણિક પુરુષોના વ્યપદેશનો વિષય વસ્તુ બને છે તેથી તેવી પણ કથંચિત્ છે. તેથી સિદ્ધમાં સ્વરૂપથી ચારિત્ર નહીં હોવા છતાં પ્રામાણિક પુરુષો ચારિત્રનો વ્યપદેશ કરે છે, તેથી ચારિત્રરૂપ વસ્તુ પુરુષવિવક્ષાનુસારી પણ કથંચિત્ છે; તેથી સ્યાદ્વાદીને કોઈ દોષ નથી. આનાથી એ પ્રાપ્ત થાય કે, સ્યાદ્વાદની દૃષ્ટિએ વસ્તુ કથંચિત્ સ્વરૂપઅનુસારી છે અને કથંચિત્ પુરુષવિવક્ષાનુસારી છે.

અહીં વિશેષ એ છે કે, આ રીતે વસ્તુની પુરુષવિવક્ષાનુસારિતાની આપત્તિ છે, એમ સંપ્રદાયપક્ષીએ સિદ્ધાંતકારને કહેલ. અને તેનાથી એ કહેવું છે કે, સિદ્ધાંતકારના મતે સિદ્ધમાં સ્વરૂપથી ચારિત્ર નથી પરંતુ પુરુષે ચારિત્રના ફળની અપેક્ષાએ ચારિત્રની વિવક્ષા કરેલ છે. તેનાથી એ પ્રાપ્ત થાય છે કે, વસ્તુ પોતાના સ્વરૂપની

અપેક્ષા ધરાવતી નથી, તેથી પુરુષ જે પ્રકારની વિવક્ષા કરે છે તે પ્રકારે વસ્તુને સ્વીકારવાની આપત્તિ આવશે. આમ કહીને સંપ્રદાયપક્ષીનું એ કહેવું છે કે, વાસ્તવિક રીતે પુરુષવિવક્ષાનુસારી વસ્તુને સ્વીકારવી ઉચિત નથી, પરંતુ સિદ્ધમાં ચારિત્ર છે તેને સામે રાખીને જ નિશ્ચયનય જ્ઞાનની સાથે ચારિત્રનો અભેદ કરે છે તેમ સ્વીકારવું ઉચિત છે. તેના નિરાકરણરૂપે સિદ્ધાંતકાર કહે છે કે એમ ન કહેવું. એમ કહીને જે કહ્યું કે વસ્તુ સ્વરૂપઅનુસારી હોવા છતાં તેનો વ્યપદેશ પુરુષવિવક્ષાને આધીન છે; તેનાથી એ પ્રાપ્ત થાય કે, વસ્તુનું જે સ્વરૂપ હોય એ પ્રમાણે જ વસ્તુ હોય, છતાં પણ જ્યારે વસ્તુ તેવી ન હોય પરંતુ નયવિશેષથી પુરુષ તેવો વ્યપદેશ કરે તો તેવી વિવક્ષા થઇ શકે. આથી સિદ્ધાવસ્થામાં વસ્તુના સ્વરૂપને વિચારીએ તો ચારિત્ર નથી, પરંતુ ચારિત્રનું ફળ છે માટે ચારિત્ર છે તેવી વિવક્ષા કરીને, સિદ્ધમાં ચારિત્ર પુરુષ કહે તો કોઇ દોષ નથી, પરંતુ એટલામાત્રથી સિદ્ધમાં ચારિત્રની સિદ્ધિ થાય નહીં.

અહીં શંકા થાય કે જે વસ્તુનું સ્વરૂપ તેવું હોય નહીં અને પુરુષ તેવી વિવક્ષા કરે તો તે કેવી રીતે ઉચિત ગણાય? એથી કહ્યું કે વાસ્તવિક રીતે સિદ્ધમાં ચારિત્ર નથી, છતાં સ્યાદ્વાદનો આશ્રય કરીને ચારિત્રના ફળને ચારિત્ર કહે તો કોઇ દોષ નથી. એમ કહીને સિદ્ધાંતકારને એ કહેવું છે કે, સિદ્ધમાં વાસ્તવિક ચારિત્ર નથી પરંતુ ચારિત્રના ફળની અપેક્ષાએ ચારિત્રની વિવક્ષા સ્યાદ્વાદી કરી શકે છે; અને એ રીતે ચારિત્ર સિદ્ધમાં સ્થાપન કરવા માંગતા હો તો અમને વાંધો નથી. પરંતુ સંપ્રદાયપક્ષીને તો સિદ્ધમાં સ્વરૂપથી જ ચારિત્ર અભિમત છે, તેથી સંપ્રદાયપક્ષી તે વાત સ્વીકારી શકે નહીં.

**ટીકા :- एवं च चारित्राभिन्नत्वेन प्रतिसंहितस्याऽनाश्रवलक्षणस्य फलस्य ज्ञानेऽभेदप्रतिसन्धानात् तत्र ताद्रूप्यप्रतीतिर्न विरुद्धा । अनयैव दिशा सिद्धेषु चारित्रग्राहकाणि प्रमाणानि समर्थितानि भवन्ति ।**

**ટીકાર્થ :- 'एवं च'** - અને આ રીતે=પૂર્વમાં કહ્યું કે સિદ્ધમાં અવિદ્યમાન પણ ચારિત્ર તેના ફળને કારણે છે એમ માનીને, નિશ્ચયનયવડે તદ્અભેદવૃત્તિ અને તદ્અભેદનો ઉપચાર પ્રતિસંધાન કરાય છે એ રીતે, ચારિત્રથી અભિન્નપણાવડે પ્રતિસંહિત એવા અનાશ્રવલક્ષણ ફળનું, જ્ઞાનમાં અભેદપણાવડે પ્રતિસંધાન હોવાથી, ત્યાં=જ્ઞાનમાં, તાદ્રૂપ્યની પ્રતીતિ=ચારિત્રના તાદ્રૂપ્યની પ્રતીતિ, વિરુદ્ધ નથી.
**'अनयैव'** - આ જ દિશાથી સિદ્ધોમાં ચારિત્રગ્રાહક પ્રમાણ સમર્થિત થાય છે.

**ઉત્થાન :-** આ રીતે પૂર્વમાં સિદ્ધાંતકારે સ્થાપન કર્યું કે, ચારિત્રનું ફળ સિદ્ધમાં વિદ્યમાન છે તેની અપેક્ષાએ જ નિશ્ચયનય સિદ્ધમાં ચારિત્ર સ્વીકારે છે, અને તેને આશ્રયીને જ જ્ઞાનમાં જ્ઞાન, દર્શન અને ચારિત્રની અભેદવૃત્તિનું પ્રતિસંધાન નિશ્ચયનય કરે છે; પરંતુ સ્વરૂપથી ચારિત્ર સિદ્ધમાં નથી. આ પ્રકારના સિદ્ધાંતકારના સ્થાપનમાં સંપ્રદાયપક્ષી, ફળની અપેક્ષાએ સિદ્ધમાં ચારિત્રના સ્વીકારને લક્ષમાં લીધા વગર જો નિશ્ચયનય સિદ્ધમાં ચારિત્ર સ્વીકારતો હોય, અને વ્યવહારનય ચારિત્ર ન સ્વીકારતો હોય, તો પોતાની વાત સિદ્ધ થાય છે; એવું સ્થાપન કરતાં **'ननु'**થી કહે છે-

**ટીકા :-** नन्वेवं निश्चयतस्तेषां चारित्रं व्यवहारतस्तु नेत्यापन्नम्, तच्चास्माकमप्यभिमतं, निश्चयतस्तत्सत्त्वे व्यवहारतस्तदभावस्याऽकिञ्चित्करत्वात्, अन्यथा निश्चयतोऽन्तरात्मनि विद्यमानमपि परमात्मत्वं व्यवहारेण पराक्रियेत, पराक्रियेत च दुर्दिनाभिभूतस्य भास्वतो भास्वरालोकशालित्वं, उज्जीव्येत च निश्चयेन पराकृतमप्यात्मनो मूर्त्तत्वं स्वाभिमतमिति व्यवहारेण, तस्माद्वस्तुनः सत्तायां निश्चय एव प्रयोजको व्यवहारस्तु व्यपदेशमात्र एवेति चेत् ? न, उक्तदिशौपचारिकनिश्चयेन तत्सत्त्वेऽप्यनुपचरितनिश्चयेन तदभावात्। न ह्यनुपचरित एवम्भूतस्तदानीं चारित्रमभ्युपगच्छति, आचरणलक्षणस्यैवंभावस्याऽभावात्। 'आत्मन्यवस्थानरूपं भावाचरणं तदानीमबाधितमि'ति चेत् ? न, एवम्भूतस्य प्रसिद्धव्युत्पत्त्यर्थमाश्रित्यैव प्रवृत्तेः, अन्यथा कालादिभिरभेदवृत्तिप्रतिसन्धानं विनाप्याहत्य चारित्रपदाज्ज्ञानाद्युपस्थितिप्रसङ्गाद्, भावचरणरूपतदर्थाक्रान्तत्वात्तस्य । 'तथाभिप्रायग्रहे ततस्तथोपस्थितिरविरुद्धैवेति चेत् ? तथापि चारित्रपदप्रवृत्तिनिमित्ताक्रान्तं ज्ञानमेव पर्यवसन्नं नत्वतिरिक्तमिति विपरीतसिद्धिः । 'निश्चयेनाभेदसिद्धावपि व्यवहारेण भेदः सेत्स्यते' इति चेत् ? न, तस्य त्वया साधकत्वेनाऽनभ्युपगमात्, तदर्थस्य तदानीमभावाच्च । एतेन शब्दसमभिरूढौ व्याख्यातौ । ऋजुसूत्रोऽपि शैलेशीचरमसमयविश्रान्तः सन्न तदुत्तरक्षणानां चारित्राक्रान्ततामभिधत्ते,

**ટીકાર્થ :-** '**नन्वेवं**' - '**ननु**'થી સંપ્રદાયપક્ષી આ પ્રમાણે કહે કે, આ રીતે તેઓને=સિદ્ધોને, નિશ્ચયથી ચારિત્ર હોય છે પરંતુ વ્યવહારથી નહીં એ પ્રમાણે પ્રાપ્ત થશે, અને તે અમને પણ અભિમત છે. કારણ કે નિશ્ચયથી તત્ સત્ત્વ હોતે છતે=ચારિત્રની હાજરી હોતે છતે, વ્યવહારથી તેનો અભાવ=ચારિત્રનો અભાવ, અકિંચિત્કર છે.

'**अन्यथा**' - અન્યથા=પૂર્વમાં કહ્યું કે, નિશ્ચયથી ચારિત્રનું સિદ્ધમાં સત્ત્વ હોતે છતે વ્યવહારથી ચારિત્રના અભાવનું અકિંચિત્કરપણું છે એમ ન માનો, અને વ્યવહારથી ચારિત્રનો સિદ્ધમાં અભાવ છે માટે વાસ્તવિક રીતે સિદ્ધના જીવો અચારિત્રવાળા છે એમ માનો, તો નિશ્ચયથી અંતરાત્મામાં વિદ્યમાન પણ પરમાત્મપણું વ્યવહારથી નિરાકરણ કરાય છે; અને દુર્દિનથી અભિભૂત સૂર્યનું ભાસ્વરઆલોકશાલીપણું=તેજસ્વીપ્રકાશશાલીપણું, (વ્યવહાર વડે) નિરાકરણ કરાય છે, અને નિશ્ચયથી પરાકૃત પણ આત્માનું મૂર્તપણું સ્વઅભિમત છે=વ્યવહાર વડે અભિમત છે, એથી કરીને વ્યવહાર વડે સ્વીકારાય છે. તે કારણથી વસ્તુની સત્તામાં નિશ્ચય જ પ્રયોજક છે, વ્યવહાર તો વળી વ્યપદેશમાત્રમાં પ્રયોજક છે.

**ભાવાર્થ :-** નિશ્ચયનય જે માને છે તે જ વસ્તુની સત્તા છે. જેમ અંતરાત્મામાં પરમાત્મભાવરૂપ વસ્તુની સત્તા છે, જ્યારે વ્યવહારનય તેનું નિરાકરણ કરે છે. વ્યવહારનય કથનમાત્રમાં જ પ્રયોજક છે, કેમ કે કર્મથી તિરોહિત અવસ્થાને જોવાની દૃષ્ટિ વ્યવહારનયમાં નહીં હોવાને કારણે અંતરાત્મામાં વિદ્યમાન પરમાત્મભાવને 'તે નથી' એ પ્રકારનો વ્યપદેશ વ્યવહારનય કરે છે; પરંતુ એટલામાત્રથી અંતરાત્મામાં પરમાત્મભાવ નથી એમ માની શકાય નહીં. અને વળી વ્યવહારનય કથનમાત્રમાં પ્રયોજક છે, તેથી જ વાદળાથી ઘેરાયેલા સૂર્યને અતેજસ્વી કહે છે અને અમૂર્ત પણ આત્માને શરીરને કારણે મૂર્ત કહે છે. એ જ રીતે વ્યવહારનય સિદ્ધમાં ચારિત્ર ન સ્વીકારતો હોય પરંતુ નિશ્ચયનય જો ચારિત્ર સ્વીકારતો હોય તો તે અમને અભિમત જ છે, કેમ કે નિશ્ચયનય જ વસ્તુની સત્તામાં પ્રયોજક છે. એ પ્રકારનો સંપ્રદાયપક્ષીનો આશય છે.

**ટીકાર્થ :- 'न, उक्तदिशा'** - સંપ્રદાયપક્ષીના કથનનું નિરાકરણ કરતાં સિદ્ધાંતી કહે છે કે એમ ન કહેવું, કેમ કે ઉક્ત દિશા વડે=પૂર્વમાં કહ્યું કે સ્વરૂપથી ચારિત્ર નહીં હોવા છતાં ચારિત્રનું ફળ છે એ અપેક્ષાએ સિદ્ધમાં ચારિત્ર છે એ રૂપ ઉક્ત દિશા વડે, ઔપચારિક નિશ્ચયનય દ્વારા તેનું સત્ત્વ હોવા છતાં પણ=સિદ્ધમાં ચારિત્રનું સત્ત્વ હોવા છતાં પણ, અનુપચરિત નિશ્ચયનય વડે તેનો અભાવ છે, અર્થાત્ સિદ્ધમાં ચારિત્રનો અભાવ છે.

**ભાવાર્થ :-** અહીં વિશેષ એ છે કે, વ્યવહારનય પણ ઉપચાર માને છે અને નિશ્ચયનય પણ ઉપચાર માને છે. આમ છતાં તે બંને વચ્ચે ભેદ એ છે કે વ્યવહારનય કારણમાં કાર્યનો ઉપચાર કરીને બાહ્ય આચરણાઓને ધર્મ કહે છે. તે જ રીતે 'આયુષ્યને ઘી' કહે છે અને 'ઘડો ઝરે છે' એ પ્રયોગમાં ઘટ સહવર્તી પાણી ઝરતું હોવા છતાં 'ઘટ ઝરે છે' તેમ પ્રયોગ કરે છે. જ્યારે કાર્યને કરતું હોય તેને જ કારણ સ્વીકારવું તે નિશ્ચયનયની સૂક્ષ્મ દૃષ્ટિ છે, અને તે દૃષ્ટિ ઉપર જ ફળની પ્રાપ્તિને કારણે વસ્તુને સ્વીકારનાર ઉપચરિત નિશ્ચયનયની દૃષ્ટિ છે. આથી જ ચારિત્રનું ફળ મોક્ષમાં છે માટે સિદ્ધમાં ચારિત્રની સત્તા ઉપચરિત નિશ્ચયનય સ્વીકારે છે.

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું કે ઉપચરિત નિશ્ચયનયથી સિદ્ધમાં ચારિત્ર હોવા છતાં પણ અનુપચરિત નિશ્ચયનય વડે સિદ્ધમાં ચારિત્રનો અભાવ છે. તે જ વાતની પુષ્ટિ કરતાં કહે છે-

**ટીકાર્થ :- 'न हि'** - અનુપચરિત એવંભૂતનય ત્યારે=જ્યારે જીવ સિદ્ધ થાય છે ત્યારે, ચારિત્રને સ્વીકારતો નથી, કેમ કે આચરણલક્ષણ એવંભાવનો અભાવ છે.

**ભાવાર્થ :-** અનુપચરિત એવંભૂતનય સિદ્ધમાં ચારિત્ર સ્વીકારતો નથી, અને એ જ રીતે શબ્દ અને સમભિરૂઢ નય પણ સ્વીકારતા નથી, એ કથન ટીકામાં આગળ '**एतेन शब्दसमभिरूढौ व्याख्यातौ**'થી કહેલ છે; અને ઋજુસૂત્રનય પણ શૈલેશીના ચરમસમયમાં વિશ્રાંત થવાથી શૈલેશીની ઉત્તરક્ષણોમાં ચારિત્ર સ્વીકારતો નથી. અને એવંભૂતનય, સમભિરૂઢનય, શબ્દનય અને ઋજુસૂત્રનય અનુપચરિત નિશ્ચયનય છે, માટે અનુપચરિત નિશ્ચયનયથી સિદ્ધમાં ચારિત્રનો અભાવ છે, એમ પ્રાપ્ત થાય છે.

**ટીકાર્થ :- 'आत्मनि'** - અહીં સંપ્રદાયપક્ષી આ પ્રમાણે કહે કે, આત્મામાં અવસ્થાનરૂપ ભાવાચરણ ત્યારે=જ્યારે જીવ સિદ્ધ થાય છે ત્યારે, અબાધિત છે.

**'न एवम्भूतस्य'** તેનો ઉત્તર આપતાં સિદ્ધાંતકાર કહે છે કે, એ બરાબર નથી, કેમ કે એવંભૂતનયની પ્રસિદ્ધ વ્યુત્પત્તિ અર્થને આશ્રયીને પ્રવૃત્તિ છે.

**'अन्यथा'** - અન્યથા=એવું ન માનો અને આત્માના સ્વભાવસમવસ્થાનરૂપ ચારિત્રને એવંભૂતનય સ્વીકારે છે એમ માનો તો, કાલાદિની સાથે અભેદવૃત્તિના પ્રતિસંધાન વગર પણ આહત્ય=ચારિત્રપદના શ્રવણ પછી તરત જ, ચારિત્રપદથી જ્ઞાનાદિની ઉપસ્થિતિનો પ્રસંગ પ્રાપ્ત થશે.

**'भावाचरण'** - કેમ કે તેનું=જ્ઞાનનું, ભાવાચરણરૂપ તદર્થથી=ચારિત્રપદના અર્થથી, આક્રાંતપણું છે.

**ભાવાર્થ :-** સંપ્રદાયપક્ષીનું એ કહેવું છે કે, આચારલક્ષણ એવંભાવરૂપ ચારિત્રનો સિદ્ધમાં અભાવ હોવા છતાં પણ આત્મામાં અવસ્થાનરૂપ ભાવાચરણ સિદ્ધમાં અબાધિત છે, માટે એવંભૂતનયથી સિદ્ધમાં ચારિત્ર માનવામાં વાંધો નથી. તેનો ઉત્તર સિદ્ધાંતકાર આપે છે કે એ વાત બરાબર નથી, કેમ કે એવંભૂતનયની પ્રસિદ્ધ વ્યુત્પત્તિ અર્થને આશ્રયીને પ્રવૃત્તિ છે, અને પ્રસિદ્ધ વ્યુત્પત્તિ ચારિત્રપદની આચરણારૂપ જ છે, અને તે આચરણા સિદ્ધમાં નથી માટે સિદ્ધમાં ચારિત્ર નથી.

અહીં ચારિત્રપદની પ્રસિદ્ધ વ્યુત્પત્તિ નિર્જરાને અનુકૂળ આચરણા વિશેષરૂપ છે. તેથી પ્રાથમિક ભૂમિકામાં સમિતિ-ગુપ્તિની આચરણારૂપ હોય, અસંગદશામાં ધ્યાનરૂપ આચરણા હોય અને ચૌદમા ગુણસ્થાનકે યોગનિરોધરૂપ આચરણા હોય, અને તે સર્વ આચરણાઓ કર્મનિર્જરાને અનુકૂળ જીવના યત્ન સ્વરૂપ છે, અને તેને જ એવંભૂતનય ચારિત્ર તરીકે સ્વીકારે છે.

એવંભૂતનયની વ્યુત્પત્તિને આશ્રયીને આચરણારૂપ ચારિત્ર ન કહીએ, અને સ્વભાવમાં સમવસ્થાનને ચારિત્ર કહીએ, તો જીવનો જ્ઞાન એ સ્વભાવ છે અને તે જ્ઞાનસ્વભાવમાં સમવસ્થાન એ જ ચારિત્ર પદાર્થ છે, એમ માનવું પડે. તેથી ચારિત્રપદથી જ્ઞાનાદિની ઉપસ્થિતિ કરવા માટે જે કાલાદિ દ્વારા અભેદવૃત્તિનું પ્રતિસંધાન કરવું પડે છે, તે કર્યા વગર પણ ચારિત્ર શબ્દના શ્રવણથી તરત જ સ્વભાવમાં સમવસ્થાનરૂપ પદાર્થની ઉપસ્થિતિ થશે; અને જ્ઞાન એ આત્માનો સ્વભાવ જ છે, તેમાં સમવસ્થાન એ જ ચારિત્રપદથી વાચ્ય છે, તેથી ચારિત્રપદથી જ્ઞાનાદિની ઉપસ્થિતિનો પ્રસંગ પ્રાપ્ત થશે. પરંતુ વાસ્તવિક રીતે ચારિત્રપદથી જ્ઞાનાદિની ઉપસ્થિતિ કાલાદિ દ્વારા અભેદવૃત્તિના પ્રતિસંધાનથી થાય છે. તેથી ચારિત્રપદથી વાચ્ય આત્મામાં અવસ્થાનરૂપ ચારિત્ર નથી, એ પ્રકારે સિદ્ધાંતકારનો આશય છે.

**ટીકાર્થ :- 'तथाभिप्रायग्रहे'** - અહીં સંપ્રદાયપક્ષી આ પ્રમાણે કહે કે, તેવા પ્રકારના અભિપ્રાયના ગ્રહમાં=ચારિત્રથી આત્મામાં અવસ્થાન પદાર્થ જ અભિમત છે એવા પ્રકારના અભિપ્રાયના ગ્રહમાં, તેનાથી=ચારિત્રપદથી, તથાઉપસ્થિતિ =સ્વભાવસમવસ્થાનરૂપ જ્ઞાનાદિની ઉપસ્થિતિ, અવિરુદ્ધ જ છે. તેનો ઉત્તર આપતાં સિદ્ધાંતકાર કહે છે-
**'तथापि'** - તો પણ ચારિત્રપદની પ્રવૃત્તિનિમિત્ત (ભાવાચરણથી) આક્રાંત જ્ઞાન જ પર્યવસન્ન=ફલિત થયું, પરંતુ અતિરિક્ત= ચારિત્ર, નહીં; એથી કરીને વિપરીતની સિદ્ધિ થાય છે.

**ભાવાર્થ :-** સિદ્ધાંતકારના કથનનું તાત્પર્ય એ છે કે, સ્વભાવમાં સમવસ્થાન એ જ ચારિત્ર છે આ પ્રકારે પૂર્વપક્ષી કહે, અને એ પ્રકારની ઉપસ્થિતિને અવિરુદ્ધ કહે, તો પણ તેનાથી એ પ્રાપ્ત થાય કે, ચારિત્રપદની પ્રવૃત્તિનિમિત્ત એવું જે સ્વભાવમાં સમવસ્થાન તેનાથી આક્રાંત જ્ઞાન જ પ્રાપ્ત થયું, પરંતુ સિદ્ધમાં જ્ઞાનથી અતિરિક્ત ચારિત્ર પ્રાપ્ત થયું નહીં. અને સંપ્રદાયપક્ષીને સિદ્ધમાં જે ચારિત્ર અભિમત છે તે કેવલજ્ઞાનથી પૃથક્રૂપે અભિમત છે, એથી તેની માન્યતાથી વિપરીત જ સિદ્ધ થાય છે.

**ટીકાર્થ :- 'निश्चयेन'** - અહીં સંપ્રદાયપક્ષી આ પ્રમાણે કહે કે, નિશ્ચયનયથી જ્ઞાનમાં ચારિત્રની અભેદની સિદ્ધિ હોવા છતાં પણ વ્યવહારનયથી ભેદ સિદ્ધ થશે (માટે વ્યવહારનયથી જ્ઞાનથી પૃથક્ ચારિત્રની સિદ્ધિ થશે.)

**'न, तस्य'** - તેનો ઉત્તર આપતાં સિદ્ધાંતી કહે છે કે એમ નકહેવું.કેમ કે તેનો=વ્યવહારનયનો, તારા વડે સાધકપણાથી અનભ્યુપગમ છે.

**ઉત્થાન :-** અહીં પૂર્વપક્ષી=સંપ્રદાયપક્ષી કહે કે, વ્યવહારને પણ અમે અકિંચિત્કર નહીં સ્વીકારીએ. તેથી બીજો હેતુ કહે છે-

**ટીકાર્થ :- 'तदर्थस्य'**-તદર્થનો=વ્યવહારને અભિમત એવા ચારિત્રરૂપ અર્થનો, ત્યારે=સિદ્ધાવસ્થામાં, અભાવ છે.

**ભાવાર્થ :-** વ્યવહારનયને આચરણારૂપ ચારિત્ર અભિમત છે અને આચરણારૂપ ચારિત્ર સિદ્ધાવસ્થામાં નથી, તેથી વ્યવહારનયથી જ્ઞાનથી પૃથક્ સિદ્ધ થયેલ ચારિત્ર સિદ્ધાવસ્થામાં નથી. અને નિશ્ચયનયથી જ્ઞાનથી અપૃથક્ભૂત જ ચારિત્ર છે જે કેવલજ્ઞાન સ્વરૂપ છે, તે અમને (સિદ્ધાંતકારને) પણ સિદ્ધાવસ્થામાં અભિમત છે. તેથી સ્વભાવમાં સમવસ્થાનને ચારિત્ર માનવું એ તમારી માન્યતાથી વિપરીતની જ સિદ્ધિ કરે છે.

**ટીકાર્થ :- 'एतेन'** - આના દ્વારા=પૂર્વમાં કહ્યું કે અનુપચરિત એવંભૂતનય સિદ્ધાવસ્થામાં ચારિત્ર સ્વીકારતો નથી આના દ્વારા, શબ્દ, સમભિરૂઢનય વ્યાખ્યાત થઇ ગયા. (કેમ કે ચારિત્રપદથી વાચ્ય પદાર્થ એવંભૂતનયની જેમ શબ્દનય અને સમભિરૂઢનયને પણ પ્રસિદ્ધ વ્યુત્પત્તિને આશ્રયીને આચરણાલક્ષણ અભિમત છે.)
**'ऋजुसूत्रोऽपि'** ઋજુસૂત્રનય પણ શૈલેશીના ચરમ સમયમાં વિશ્રાંત છતે, તેની = શૈલેશીની, ઉત્તરક્ષણોનું ચારિત્રઆક્રાંતપણું કહેતો નથી.

**ભાવાર્થ :-** જેમ એવંભૂતનય પ્રસિદ્ધ વ્યુત્પત્તિ અર્થને આશ્રયીને જ ચારિત્રપદનો અર્થ કરે છે, તેમ શબ્દ અને સમભિરૂઢનય પણ ચારિત્રપદનો અર્થ કરે છે. અહીં ચારિત્રપદની પ્રસિદ્ધ વ્યુત્પત્તિ એ છે કે "કર્મનિર્જરાને અનુકૂળ આત્માનો યત્નવિશેષ" એ ચારિત્ર પદાર્થ છે. તેથી ગ્રંથકારે કહ્યું કે શબ્દ અને સમભિરૂઢનય વ્યાખ્યાત થઇ ગયા=એવંભૂતનયની સાથે એક અર્થવાળા હોવાથી તેના વ્યાખ્યાનથી વ્યાખ્યાત થઇ ગયા. અને ઋજુસૂત્રનય જો કે ચારિત્રપદનો અર્થ એવંભૂતાદિ ત્રણ નયોના જેવો કરતો નથી, તો પણ શૈલેશીના ચરમસમયમાં જ પૂર્ણ ચારિત્ર માને છે; અને તેની ઉત્તરક્ષણોમાં=૧૪મા ગુણસ્થાનક પછી મોક્ષમાં, ચારિત્રને સ્વીકારતો નથી. તેથી ઋજુસૂત્રનયના અભિપ્રાયથી પણ સિદ્ધાવસ્થામાં ચારિત્ર નથી.

**ઉત્થાન :-** આખા કથનનું નિગમન કરતાં **'तस्मात्'**થી કહે છે -

**ટીકા :- तस्मादुपचारादभिधीयमानमपि चारित्रं न तत्स्वभावसाधनायालं, न खलु गोत्वेनोपचरितोऽपि षण्ढः पयसा पात्रीं पूरयतीति दिग् ॥१५३॥**

**ટીકાર્થ :- 'तस्मात्'** તે કારણથી ઉપચારથી (સિદ્ધોમાં) અભિધીયમાન=કહેવાતું, પણ ચારિત્ર તત્સ્વભાવને= સિદ્ધભગવાનના સ્વભાવને, સાધવા માટે સમર્થ થતું નથી. ગોત્વપણાથી ઉપચરિત પણ સાંઢ દૂધવડે પાત્રને ભરી દેતો નથી, એ પ્રમાણે દિશાસૂચન છે. **॥૧૫૩॥**

**ભાવાર્થ :-** ઉપચરિતનિશ્ચયનયથી ફળની અપેક્ષાએ સિદ્ધમાં ચારિત્રનો સ્વીકાર કરીને સિદ્ધમાં ચારિત્રની સત્તા સ્વીકૃત થાય છે. તેથી ઉપચારથી કહેવાતું ચારિત્ર સિદ્ધ ભગવંતોના સ્વભાવને ચારિત્રરૂપ સિદ્ધ કરવા માટે સમર્થ બનતું નથી. જેમ સાંઢને કોઇ ગાય તરીકે ઉપચાર કરે તો તે દૂધથી પાત્રને ભરતો નથી.**॥૧૫૩॥**

**અવતરણિકા :- अथ** "[१]आया सामाइए आया सामाइयस्स अट्ठे" **इति सूत्रमनुस्मृत्यात्मरूपतया सिद्धेष्वपि चारित्रस्य सत्तां ये समुपयन्तिताननुशासितुमाह –**

**અવતરણિકાર્થ :-** "આત્મા સામાયિક છે, આત્મા સામાયિકનો અર્થ છે" એ પ્રમાણે સૂત્રનું સ્મરણ કરીને આત્મરૂપપણું હોવાને કારણે સિદ્ધોમાં પણ ચારિત્રની સત્તા જેઓ સ્વીકારે છે, તેઓને અનુશાસન કરવા માટે કહે છે-

**ભાવાર્થ :-** "આત્મા સામાયિક છે અને સામાયિકનો અર્થ આત્મા છે" એ પ્રકારના સૂત્રનો અર્થ એ ભાસે છે કે આત્મા એ સામાયિક છે એટલું માત્ર કહેવાથી આત્મા સામાયિક હોઇ શકે, પરંતુ સામાયિકનો અર્થ આત્મા હોઇ શકે અને અન્ય પણ હોઇ શકે. જેમ જ્ઞાન આત્મા છે એમ કહેવાથી એ પ્રાપ્ત થાય કે જ્ઞાન આત્મા છે, અને આત્મા જ્ઞાન પણ છે અને અન્ય પણ છે. પરંતુ અહીં સામાયિક અને આત્માની અન્યોન્ય વ્યાપ્તિ બતાવવા માટે કહ્યું છે કે આત્મા સામાયિક છે અને સામાયિક પદનો અર્થ આત્મા છે, અન્ય નથી. તેથી સામાયિક આત્માનું સ્વરૂપ છે માટે મોક્ષમાં ચારિત્ર છે, એમ જેઓ માને છે તેનું નિરાકરણ કરતાં કહે છે -

**ગાથા :-** **नवि आया चरणं चिय आया सामाइअंति वयणेणं ।**
**दवियाया भयणाए चरणाया सव्वथोवु त्ति ॥१५४॥**

(नाप्यात्मा चरणमेव आत्मा सामायिकमिति वचनेन । द्रव्यात्मा भजनया चरणात्मा सर्वस्तोक इति ॥१५४॥)

**ગાથાર્થ :- દ્રવ્યાત્મા ભજનાથી ચરણાત્મા છે (અને) ચરણાત્મા સર્વ સ્તોક છે. એથી કરીને "આત્મા સામાયિક છે" એ વચનથી આત્મા ચરણ જ છે, એ પણ સિદ્ધ થતું નથી. ॥૧૫૪॥**

❀ '**नापि**'માં '**अपि**'થી એ કહેવું છે કે સિદ્ધમાં ચારિત્ર તો સિદ્ધ થતું નથી, પણ આત્મા ચારિત્ર જ છે એ પણ સિદ્ધ થતું નથી.

**ટીકા :- द्रव्यार्थिकं हि नयमनुसृत्य गुणप्रतिपन्नात्मा चरणमित्युच्यते, तदुक्तं** "[२]जीवो गुणपडिवन्नो णयस्स दव्वट्ठियस्स सामाइअ"**त्ति । न चैतावताऽऽत्मा चारित्रमेवेत्यागतं, अष्टानामप्यात्मनामविशेषेण नियमप्रसङ्गात् । अथ द्रव्यात्मनः कषायाद्यात्मना सह भजनोपदेशान्न नियम इति चेत् ? तर्हि द्रव्यात्मन–**

---

१. आत्मा सामायिकमात्मा सामायिकस्यार्थः ।

२. वि. आ. भा. २६४३. अस्योत्तरार्धः - सो चेव पज्जवट्ठियनयस्स जीवस्स एस गुणो ॥

जीवो गुणप्रतिपन्नो नयस्य द्रव्यार्थिकस्य सामायिकम् । स एव पर्यायार्थिकनयस्य जीवस्य एष गुणः ॥

**श्चरणात्मनापि भजनोपदेशान्न नियम इति तुल्यम् । उक्तं च प्रज्ञप्तौ द्वादशशते दशमोद्देशके -**

[1]'कइविहा णं भंते आया पन्नत्ता ? गोयमा अट्ठविहा आया पन्नत्ता । तं जहा-दवियाता कसायाता जोगाया उवओगाया नाणाया दंसणाया चरित्ताया वीरियाया । जस्स णं भन्ते ! दवियाया तस्स कसायाया जस्स कसायाया तस्स दवियाया ? गोयमा जस्स दवियाया तस्स कसायाया सिय अत्थि सिय णत्थि, जस्स णं पुण कसायाया तस्स दवियाया नियमा अत्थि । जस्स णं भन्ते ! दवियाया तस्स जोगाया एवं जहा दवियाया य कसायाता य भणिया तहा दवियाता य जोगाता य भणियव्वा । जस्स णं भन्ते ! दवियाया तस्स उवओगाया ? एवं सव्वत्थ पुच्छा भाणियव्वा, जस्स दवियाता तस्स उवओगाता नियमा अत्थि, जस्स वि उवओगाता तस्स दवियाता नियमा अत्थि । जस्स दवियाया तस्स नाणाया भयणाए, जस्स पुण नाणाया तस्स दवियाया नियमा अत्थि । जस्स दवियाया तस्स दंसणाया नियमा अत्थि । जस्स वि दंसणाया तस्स दवियाया नियमा अत्थि । जस्स ददियाया तस्स चरित्ताया भयणाए, जस्स चरित्ताया तस्स दवियाया नियमा अत्थि । एवं वीरियायाए वि । जस्स णं भन्ते ! कसायाया तस्स जोगाया पुच्छा ? गोयमा जस्स कसायाया तस्स जोगाया नियमा अत्थि, जस्स पुण जोगाया तस्स कसायाया सिय अत्थि सिय णत्थि । एवं उवओगाताए वि समं कसायाता णेतव्वा । कसायाया नाणाया य परोप्परं दोवि भइयव्वाओ जहा कसायाता य उवओगाता य तहा कसायाया दंसणाया य । कसायाया य चरित्ताया य दोवि परोप्परं भइअव्वाउ, जहा कसायाया जोगाया य तहा कसायाया विरियाया य भाणियव्वाउ । (१) एवं जहा कसायाताए वत्तव्वया भणिया तहा जोगाताए वि चरमेहिं वि भाणियव्वा । (२) जहा दवियाताए वत्तव्वया भणिया तहा उवओगाताए वि उवरिल्लेहिं णेयव्वा । जस्स नाणाया तस्स दंसणाया नियमा अत्थि जस्स पुण दंसणाया तस्स नाणाया सिय अत्थि सिय णत्थि । जस्स नाणाया तस्स चरित्ताया सिय अत्थि सिय णत्थि, जस्स पुण चरित्ताया तस्स नाणाया नियमा अत्थि । नाणाया य वीरियाया य दोवि परोप्परं भयणाए । जस्स दंसणाया तस्स उवरिमाओ दोवि भयणाए, (३) जस्स पुण चरित्ताया (ताओ) तस्स दंसणाया नियमा अत्थि । जस्स चरित्ताया तस्स वीरियाया नियमा अत्थि, जस्स पुण वीरियाया तस्स चरित्ताया सिय अत्थि सिय णत्थि त्ति' ।

---

१. कतिविधा भगवन् आत्मानः प्रज्ञप्ताः ? गौतम ! अष्टविधा आत्मानः प्रज्ञप्ताः, तद्यथा-द्रव्यात्मा, कषायात्मा योगात्मा, उपयोगात्मा, ज्ञानात्मा, दर्शनात्मा, चारित्रात्मा वीर्यात्मा । यस्य भगवन् ! द्रव्यात्मा तस्य कषायात्मा यस्य कषायात्मा तस्य द्रव्यात्मा ? गौ० यस्य द्रव्यात्मा तस्य कषायात्मा स्यादस्ति स्यान्नास्ति, यस्य पुनः 'कषायात्मा तस्य द्रव्यात्मा नियमादस्ति। यस्य भगवन् ! द्रव्यात्मा तस्य योगात्मा एवं यथा द्रव्यात्मा च कषायात्मा च भणितौ तथा द्रव्यात्मा च योगात्मा च भणितव्यौ। यस्य भगवन् ! द्रव्यात्मा तस्योपयोगात्मा ? एवं सर्वत्र पृच्छा भणितव्या । यस्य द्रव्यात्मा तस्योपयोगात्मा नियमादस्ति, यस्यापि उपयोगात्मा तस्य द्रव्यात्मा नियमादस्ति । यस्य द्रव्यात्मा तस्य ज्ञानात्मा भजनया, यस्य पुनः ज्ञानात्मा तस्य द्रव्यात्मा नियमादस्ति । यस्य द्रव्यात्मा तस्य दर्शनात्मा नियमादस्ति, यस्यापि दर्शनात्मा तस्य द्रव्यात्मा नियमादस्ति। यस्य द्रव्यात्मा तस्य चारित्रात्मा भजनया, यस्य चारित्रात्मा तस्य द्रव्यात्मा नियमादस्ति । एवं वीर्यात्मन्यपि । यस्य भगवन् ! कषायात्मा तस्य योगात्मा ? पृच्छा, गो० यस्य कषायात्मा तस्य योगात्मा नियमादस्ति, यस्य पुनः योगात्मा तस्य कषायात्मा स्यादस्ति, स्यान्नास्ति । एवमुपयोगात्मनापि समं कषायात्मा नेतव्यः (ज्ञातव्यः) कषायात्मा च ज्ञानात्मा च परस्परं द्वावपि भक्तव्यौ यथा कषायात्मा चोपयोगात्मा च तथा कषायात्मा दर्शनात्मा च । कषायात्मा च चारित्रात्मा च द्वावपि परस्परं भक्तव्यौ । यथा कषायात्मा योगात्मा च तथा कषायात्मा च वीर्यात्मा च भणितव्यौ । एवं यथा कषायात्मनः वक्तव्यता भणिता तथा योगात्मनोऽपि चरमैरपि भणितव्या । यथा द्रव्यात्मनो वक्तव्यता भणिता तथोपयोगात्मनोऽपि उपरितनैः नेतव्या । यस्य ज्ञानात्मा तस्य चारित्रात्मा नियमादस्ति, यस्य पुनर्दर्शनात्मा तस्य ज्ञानात्मा स्यादस्ति स्यान्नास्ति । यस्य ज्ञानात्मा तस्य चारित्रात्मा स्यादस्ति स्यान्नास्ति, यस्य पुनश्चारित्रात्मा तस्य ज्ञानात्मा नियमादस्ति । ज्ञानात्मा च वीर्यात्मा च द्वावपि परस्परं भजनया । यस्य दर्शनात्मा तस्योपरितनौ द्वावपि भजनया, यस्य पुनश्चारित्रात्मा तस्य दर्शनात्मा नियमादस्ति । यस्य चारित्रात्मा तस्य वीर्यात्मा नियमादस्ति, यस्य पुनर्वीर्यात्मा तस्य चारित्रात्मा स्यादस्ति स्यान्नास्तीति ।

**अत्र** "[1]जस्स दवियाया तस्स चरित्ताया भयणाए त्ति" **यतः सिद्धस्याऽविरतस्य वा द्रव्यात्मत्वे सत्यपि चारित्रात्मा नास्ति विरतानां चास्तीति भजनेति व्याख्यातम् । तथा कषायातिदेशसूत्रे चारित्राधिकारे** "[2]जस्स चरित्ताया तस्स जोगाया नियमा" **त्ति वाचनान्तरे पाठो दृश्यते, तत्र चारित्रस्य प्रत्युपेक्षणादि-व्यापाररूपस्य विवक्षितत्वात्तस्य च योगाऽविनाभावित्वात् 'यस्य चारित्रात्मा तस्य योगात्मा नियमादि-त्युच्यत' इति व्याख्यातम् ।**

❀ (૧) ભગવતીના આ પાઠમાં "**एवं जहा कसायाताए वत्तव्वया भणिया तहा जोगाताए वि चरमेहिं वि भाणियव्वा।**" આ કષાય અતિદેશ સૂત્ર છે. કેમ કે કષાય દ્વારા યોગનું યોજન કરીને આગળના આત્માઓની સાથે યોજનનો અતિદેશ કરેલ છે.

❀ (૨) "**जहा दवियाताए वत्तव्वया भणिया तहा उवओगाताए वि उवरिल्लेहिं णेयव्वा ।**" આ દ્રવ્ય અતિદેશ સૂત્ર છે, કેમ કે દ્રવ્ય દ્વારા ઉપયોગની આગળના આત્માઓની સાથે ભજનાની વિચારણાનો અતિદેશ કરેલ છે.

❀ (૩) '**जस्स पुण चरित्ताया**' છે ત્યાં '**जस्स पुण ताओ**' પાઠ ભગવતી સૂત્રમાં છે અને તે સંગત છે તે મુજબ અર્થ કરેલ છે.

**ટીકાર્થ :-** '**द्रव्यार्थिकं**' - દ્રવ્યાર્થિકનયને અનુસરીને ગુણપ્રતિપન્ન આત્મા ચારિત્ર કહેવાય છે.
'**तदुक्तं**' - તે કહ્યું છે='દ્રવ્યાર્થિકનયના (મતે) ગુણપ્રતિપન્ન જીવ સામાયિક છે'.

❀ '**त्ति**' ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

**ટીકાર્થ :-** '**न च**' - આટલામાત્રથી આત્મા ચારિત્ર જ છે એ પ્રમાણે પ્રાપ્ત થતું નથી, કેમ કે આઠેય પ્રકારના પણ આત્માઓને અવિશેષથી નિયમનો પ્રસંગ છે. (ચારિત્રને આત્મારૂપ જ સ્વીકારીએ તો કષાયાદિ આઠેયને પણ આત્મારૂપ જ માનવા પડે. તેમ માનવાથી સિદ્ધમાં કષાયાદિ પણ માનવાનો પ્રસંગ પ્રાપ્ત થાય.
'**अथ**' - '**अथ**'થી પૂર્વપક્ષી (સંપ્રદાયપક્ષી) આ પ્રમાણે કહે કે, દ્રવ્યાત્માનો કષાયાદિ આત્માની સાથે ભજનાનો ઉપદેશ હોવાથી નિયમ નથી. તો સિદ્ધાંતી કહે છે કે, તો પછી દ્રવ્યાત્માનો ચારિત્રાત્મા સાથે ભજનાનો ઉપદેશ હોવાથી નિયમ નથી, એ પ્રમાણે તુલ્ય છે.

**ટીકાર્થ :-** અને વ્યાખ્યાપ્રજ્ઞપ્તિમાં (ભગવતીમાં) બારમા શતકના દશમા ઉદ્દેશામાં કહ્યું છે-

---

१. 'यस्य द्रव्यात्मा तस्य चारित्रात्मा भजनयेति।'

२. 'यस्य चारित्रात्मा तस्य योगात्मा नियमेति।'

**પ્ર.** હે ભગવન્ ! આત્મા કેટલા પ્રકારના હોય છે?
**ઉ.** હે ગૌતમ ! આત્મા આઠ પ્રકારના કહ્યા છે. તે આ રીતે (૧) દ્રવ્યાત્મા (૨) કષાયાત્મા (૩) યોગાત્મા (૪) ઉપયોગાત્મા (૫) જ્ઞાનાત્મા (૬) દર્શનાત્મા (૭) ચારિત્રાત્મા (૮) વીર્યાત્મા.

**પ્ર.** હે ભગવન્ ! જેનો આત્મા દ્રવ્યાત્મા હોય છે તેનો આત્મા કષાયાત્મા હોય છે? એમ જેનો કષાયાત્મા હોય છે તેનો દ્રવ્યાત્મા હોય છે?
**ઉ.** હે ગૌતમ! જેનો (આત્મા) દ્રવ્યાત્મા હોય છે તેનો (આત્મા) કષાયાત્મા હોય કે ન પણ હોય, પણ જેનો કષાયાત્મા હોય છે તેનો દ્રવ્યાત્મા નિયમા=અવશ્ય હોય.

**પ્ર.** હે ભગવન્ ! જેનો દ્રવ્યાત્મા હોય તે યોગાત્મા હોય? (એમ જેનો યોગાત્મા હોય તે દ્રવ્યાત્મા હોય?) એ પ્રમાણે જેમ દ્રવ્યાત્મા અને કષાયાત્મા કહ્યા એ રીતે સર્વત્ર પૃચ્છા કરવી. (તેનો ઉત્તર સ્વયં સમજવાનો છે તે આ પ્રમાણે - જેનો આત્મા દ્રવ્યાત્મા હોય છે તેનો આત્મા યોગાત્મા હોય કે ન પણ હોય, પણ જેનો આત્મા યોગાત્મા હોય તેનો દ્રવ્યાત્મા અવશ્ય હોય.)

**પ્ર.** હે ભગવન્ ! (જેનો) દ્રવ્યાત્મા હોય તે ઉપયોગાત્મા હોય? એ પ્રમાણે સર્વત્ર પૃચ્છા જાણવી. (અહીંથી આગળ ઉત્તર આપ્યો છે તે પૃચ્છા સ્વયં સમજી લેવાની છે.)
**ઉ.** જેનો દ્રવ્યાત્મા હોય તે ઉપયોગાત્મા અવશ્ય હોય, અને જેનો પણ ઉપયોગાત્મા તેનો દ્રવ્યાત્મા નિયમા=અવશ્ય હોય. (કારણ કે દરેક જીવોને કોઇને કોઇ ઉપયોગ અવશ્ય પ્રવર્તતો હોય જ છે, ઉપયોગ વગરનો કોઇ જીવ હોતો નથી, માટે અહીં ભજના નથી.)
**ઉ.** જેનો દ્રવ્યાત્મા તેનો જ્ઞાનાત્મા ભજનાથી જાણવો, (કારણ કે મિથ્યાદૃષ્ટિ જીવો જ્ઞાનાત્મા હોતા નથી.) વળી જેનો જ્ઞાનાત્મા તેને દ્રવ્યાત્મા નિયમા=અવશ્ય હોય.
**ઉ.** જેનો દ્રવ્યાત્મા તેનો દર્શનાત્મા અવશ્ય હોય, વળી જેનો દર્શનાત્મા તેનો દ્રવ્યાત્મા અવશ્ય હોય. (કારણ કે દરેક જીવોને અચક્ષુ આદિ ચારમાંથી એક દર્શન તો અવશ્ય હોય જ.)
**ઉ.** જેનો દ્રવ્યાત્મા તેનો ચારિત્રાત્મા ભજનાથી જાણવો, અને જેનો ચારિત્રાત્મા તેનો દ્રવ્યાત્મા અવશ્ય હોય. એ પ્રમાણે વીર્યાત્મામાં પણ જાણવું. (અર્થાત્ જેનો દ્રવ્યાત્મા તેનો વીર્યાત્મા ભજનાથી જાણવો, જેનો વીર્યાત્મા તેનો દ્રવ્યાત્મા અવશ્ય હોય.)

**પ્ર.** હે ભગવન્ ! જેનો કષાયાત્મા તેનો યોગાત્મા હોય? એ પ્રમાણે પૃચ્છા કરવી.
**ઉ.** હે ગૌતમ ! જેનો કષાયાત્મા તેનો યોગાત્મા નિયમા હોય, વળી જેનો યોગાત્મા હોય તેનો કષાયાત્મા હોય અને ન પણ હોય. (કારણ કે ૧૧-૧૨-૧૩મા ગુણસ્થાનકવાળા સયોગી વીતરાગીને કષાય હોતા નથી.) એ પ્રમાણે ઉપયોગાત્મા સાથે સમાન કષાયાત્મા જાણવો અર્થાત્ જેનો કષાયાત્મા તેનો ઉપયોગાત્મા નિયમા હોય. વળી જેનો ઉપયોગાત્મા તેનો કષાયાત્મા હોય અને ન પણ હોય. (કારણ કે ૧૧-૧૨-૧૩-૧૪માં ગુણસ્થાનકવાળાને અને સિદ્ધાવસ્થામાં ઉપયોગ હોય, કષાય ન હોય.) કષાયાત્મા અને જ્ઞાનાત્મા પરસ્પર બંને પણ ભજનાએ જાણવા.

(કારણ કે મિથ્યાત્વીને જ્ઞાન હોતું નથી અને વીતરાગ જીવોને કષાય હોતા નથી.) જે પ્રમાણે કષાયાત્મા અને ઉપયોગાત્મા છે, તેમ કષાયાત્મા અને દર્શનાત્મા જાણવા. કષાયાત્મા અને ચારિત્રાત્મા બંને પણ પરસ્પર ભજના વાળા જાણવા. (કારણ કે મિથ્યાત્વી આદિને ચારિત્ર નથી, વીતરાગને કષાયો નથી.) જે પ્રમાણે કષાયાત્મા અને યોગાત્મા કહ્યા, તે પ્રમાણે કષાયાત્મા અને વીર્યાત્મા કહેવા. એ પ્રમાણે જેમ કષાયાત્માની વક્તવ્યતા કહી, તે પ્રમાણે યોગાત્માની પણ ચરમોની સાથે=ઉપયોગાત્મા, જ્ઞાનાત્મા, દર્શનાત્મા, ચારિત્રાત્મા, વીર્યાત્માની સાથે પણ કહેવી. જેમ દ્રવ્યાત્માની વક્તવ્યતા કહી, તેમ ઉપયોગાત્માની પણ ઉપરિ=જ્ઞાનાત્મા, દર્શનાત્મા, ચારિત્રાત્મા, વીર્યાત્માની સાથે (વક્તવ્યતા) જાણવી. જેનો જ્ઞાનાત્મા તેનો દર્શનાત્મા નિયમા હોય, વળી જેનો દર્શનાત્મા તેનો જ્ઞાનાત્મા હોય કે ન પણ હોય. (મિથ્યાત્વી પણ દર્શનાત્મા છે, જ્ઞાનાત્મા નથી.) જેનો જ્ઞાનાત્મા તેનો ચારિત્રાત્મા હોય કે ન પણ હોય, વળી જેનો ચારિત્રાત્મા તેનો જ્ઞાનાત્મા નિયમા હોય. જ્ઞાનાત્મા અને વીર્યાત્મા બંને પણ પરસ્પર ભજનાએ જાણવા. જેનો દર્શનાત્મા તેના ઉપરના બંને (ચારિત્રાત્મા અને વીર્યાત્મા) ભજનાએ જાણવા. વળી જેના તે બે=ચારિત્રાત્મા અને વીર્યાત્મા, તેનો દર્શનાત્મા નિયમા હોય. જેનો ચારિત્રાત્મા તેનો વીર્યાત્મા નિયમા હોય, વળી જેનો વીર્યાત્મા તેનો ચારિત્રાત્મા હોય કે ન પણ હોય.

**ભાવાર્થ :-** પ્રજ્ઞપ્તિના પાઠમાં કહ્યું કે "જેનો દ્રવ્યાત્મા તેનો દર્શનાત્મા અવશ્ય હોય, વળી જેનો દર્શનાત્મા તેનો દ્રવ્યાત્મા અવશ્ય હોય". અહીં વિશેષ એ છે કે, છદ્મસ્થને કોઇ પણ ઇન્દ્રિયના વિષયનો સંપર્ક થવાથી પ્રથમ જે બોધ થાય છે તે કોઇ પણ વિશેષતા વગરનો સામાન્ય બોધ હોય છે, અને તે ચક્ષુર્દર્શન-અચક્ષુર્દર્શનરૂપ હોય છે. તે જ રીતે અવધિજ્ઞાનવાળા કે વિભંગજ્ઞાનવાળા પણ જ્યારે તે જ્ઞાનમાં ઉપયુક્ત થાય છે ત્યારે, પ્રથમ આત્મપ્રદેશોથી કોઇપણ વિશેષતા વગર સામાન્ય બોધ હોય છે; અને તે સામાન્ય બોધમાં કાંઇ વિપર્યાસ હોઇ શકે નહીં, પરંતુ તે સામાન્ય બોધના ઉત્તરભાવિ જે બોધ થાય છે, તે જ્ઞાનસ્વરૂપ છે; અને તેમાં વિપર્યાસ થઇ શકે. અને તે વિપર્યાસ ઇન્દ્રિયોના દોષને કારણે કે પદાર્થ દૂરવર્તી હોવાના કારણે તે રજતમાં શુક્તિનો ભ્રમ થાય છે, ત્યાં ચાકચકાટાદિ દોષને કારણે થાય છે; અને તે રીતે મિથ્યાત્વાદિના ઉદયને કારણે પણ વિપર્યાસ થાય છે. તેથી જ્ઞાનમાં વિપરીતતા સંભવી શકે. માટે જ્ઞાનાત્માની દ્રવ્યાત્મા સાથે ભજના બતાવી. પણ દર્શનમાં જ્ઞાનની જેમ વિપર્યાસ થઇ શકે નહીં, કેમ કે સર્વથા વિશેષતા વગરના જ્ઞાનમાં(=દર્શનમાં) વિપર્યાસનો અસંભવ છે. અને આથી જ મિથ્યાદૃષ્ટિ એવા વિભંગજ્ઞાનીને પણ વિભંગદર્શન ન સ્વીકારતાં અવધિદર્શન સ્વીકારેલ છે, અને દર્શનમાં વ્યભિચાર નહીં હોવાને કારણે દ્રવ્યાત્મા અને દર્શનાત્માની ભજના નથી.

**ટીકાર્થ :- 'अत्र'** - અહીંયાં=પ્રજ્ઞપ્તિસૂત્રના આ કથનમાં, "જેનો દ્રવ્યાત્મા તેનો ચારિત્રાત્મા ભજનાએ કહ્યો છે" જે કારણથી સિદ્ધોને અને અવિરતને દ્રવ્યાત્મપણું હોવા છતાં પણ ચારિત્રાત્મા નથી; અને વિરતોને (ચારિત્રાત્મા) હોય છે, એથી ભજના એ પ્રમાણે કહ્યું છે.

**'तथा'** - તથા કષાયના અતિદેશસૂત્રમાં (નિર્દેશ કરતા સૂત્રમાં) ચારિત્રના અધિકારમાં, જેનો ચારિત્રાત્મા તેનો યોગાત્મા નિયમા હોય છે એ પ્રમાણે વાચનાન્તરમાં પાઠ દેખાય છે ત્યાં=તે પાઠમાં, પ્રત્યુપેક્ષણાદિવ્યાપારરૂપ=પડિલેહણાદિરૂપ, ચારિત્રનું વિવક્ષિતપણું હોવાથી, અને તેનું=ચારિત્રનું, યોગઅવિનાભાવિપણું હોવાથી, "જેનો ચારિત્રાત્મા તેનો યોગાત્મા નિયમથી છે", એ પ્રમાણે કહેવાય છે, એ પ્રમાણે (ત્યાં) વ્યાખ્યાત છે.

**ભાવાર્થ :-** દ્રવ્યાર્થિકનયને આશ્રયીને ગુણપ્રતિપન્ન આત્મા ચારિત્ર કહેવાય છે, પરંતુ એટલા માત્રથી કંઇ આત્મા ચારિત્ર જ છે એવો નિયમ થતો નથી; કારણ કે એ રીતે આઠેય પ્રકારના આત્માઓની સાથે એ નિયમ લાગુ પડે છે. અને તેથી પરસ્પર જે દ્રવ્યાત્મા હોય તે કષાયાત્મા હોય જ, જે કષાયાત્મા હોય તે દ્રવ્યાત્મા હોય જ ઇત્યાદિ દરેક પ્રકારના આત્માઓનો પરસ્પર નિયમ હોવાની આપત્તિ આવશે.

અહીં સંપ્રદાયપક્ષી આ પ્રમાણે કહે કે, દ્રવ્યાત્માની કષાયાત્મા વગેરે સાથે ભજના છે એવું શાસ્ત્રમાં કહ્યું હોવાથી, ઉપર કહ્યું એવો નિયમ થવાની આપત્તિ આવતી નથી. તો સિદ્ધાંતકાર કહે છે કે, એ રીતે તો દ્રવ્યાત્માની ચારિત્રાત્મા સાથે પણ ભજના કહી હોવાથી એ નિયમ પણ સિદ્ધ થતો નથી. અને તેમાં સાક્ષીરૂપે પ્રજ્ઞપ્તિનો પાઠ આપે છે અને પછી કહે છે કે "જેનો દ્રવ્યાત્મા છે તેનો ચારિત્રાત્મા ભજનાથી છે," તેમાં હેતુ કહ્યો કે સિદ્ધાત્માને અને અવિરત આત્માને દ્રવ્યાત્મા હોવા છતાં ચારિત્રાત્મા નથી, અને વિરત આત્માને ચારિત્રાત્મા છે; એ પ્રકારે ભજના કરીને દ્રવ્યાત્માની ચારિત્રાત્મા સાથે ભજના બતાવી છે. અને તે જ સાક્ષીપાઠમાં કષાયઅતિદેશસૂત્રમાં ચારિત્રના અધિકારમાં ચારિત્રાત્મા અને યોગાત્માની વ્યાપ્તિ વાચનાન્તરના પાઠને સ્વીકારીને બતાવી છે. અને ત્યાં ચારિત્ર શબ્દથી આચરણાત્મક ચારિત્રનું ગ્રહણ કરીને દ્રવ્યાત્મા અને ચારિત્રાત્માની ભજના છે: તેથી "સામાયિક આત્મા છે" એ વચન દ્વારા સંપ્રદાયપક્ષી સિદ્ધમાં ચારિત્રની સિદ્ધિ કરી શકશે નહીં, કેમ કે જેમ દ્રવ્યાત્માની કષાયાત્મા સાથે ભજના છે તેમ દ્રવ્યાત્માની ચારિત્રાત્માની સાથે પણ ભજના છે.

**ટીકા :- नन्वेवं चारित्रशब्देन सर्वत्र तादृशमेव चारित्रं विवक्ष्यतां, इत्थं च सिद्धानां चारित्रं निर्बाधम् ।**
"[1]एयासि णं भन्ते दवियायाणं कसायायाणं जाव वीरियायाणं य कतरे कतरे जाव विसेसाहिया वा । गो. सव्वत्थोवाउ चरित्तायाउ, नाणायाउ अणंतगुणाउ, कसायाउ अणंतगुणाउ, जोगायाउ विसेसाहियाउ, वीरियायाउ विसेसाहियाउ, उवओगदविय दंसणायाउ तिण्ण वि तुल्ला विसेसाहिया । **तथा,**

[2]कोडीसहसपुहुत्तं जईण तो थोवियाउ चरणाया । नाणायाणंतगुणा पडुच्च सिद्धे य सिद्धा उ ॥१॥
[3]हुंति कसायायाउ णंतगुणा जेण ते सरागाणं । जोगाता भणियाउ अजोगिवज्जाण तो अहिया ॥२॥
[4]जं सेलेसिगयाणवि लद्धीविरियं तओ समहिआउ । उवओगदवियदंसण सव्वजियाणं ततो अहिया ॥३॥

**इत्यादावल्पबहुत्वाधिकारेपि व्यापाररूपचारित्रमुपादास्यत इति न किञ्चिद्विरोत्स्यत इति चेत् ? न, तथापि चरणदानादिलब्धीनां सादिसान्तत्वप्रतिपादकागमविरोधानुद्धारात्तासामपि व्यापाररूपाणामेव ग्रहणे योगनिरोधादेव तदुपक्षये शैलेश्यामननुवृत्तिप्रसङ्गादिति प्रपञ्चितमेव प्राक्, केवलमात्मस्वरूपतया चारित्रस्य सिद्धावनुवृत्तिनिवृत्तयेऽसौ प्रयासः, स च योगात्मवच्चारित्रात्मनस्तदानीमननुवर्त्तिष्णुताभिधानात् फलेग्रहिरिति ॥१५४॥**

१. एतेषां भगवन् द्रव्यात्मनां कषायात्मनां यावद्वीर्यात्मनां च कतरे कतरे यावद्विशेषाधिका वा ? गो ! सर्वस्तोकाश्चारित्रात्मानः ज्ञानात्मनोऽनन्तगुणाः, कषायात्मनोऽनन्तगुणाः, योगात्मनो विशेषाधिकाः, वीर्यात्मनो विशेषाधिकाः, उपयोगद्रव्यदर्शनात्मानस्त्रयोऽपि तुल्या विशेषाधिकाः ।

२. कोटिसहस्रपृथक्त्वं यतीनां ततः स्तोकाश्चरणात्मानः । ज्ञानात्मानोऽनन्तगुणाः प्रतीत्य सिद्धांश्च सिद्धास्तु ॥

३. भवन्ति कषायात्मानस्त्वनन्तगुणा येन ते सरागाणाम् । योगात्मानो भणिता अयोगिवर्जानांततोऽधिकाः ॥

४. यच्छैलेशीगतानामपि लब्धिवीर्यं ततः समधिकाः । उपयोगद्रव्यदर्शनं सर्वजीवानां ततोऽधिकाः ॥

**ટીકાર્થ :-** **'ननु'** થી સંપ્રદાયપક્ષી આ પ્રમાણે કહે કે, આ રીતે=પૂર્વમાં પ્રજ્ઞપ્તિના પાઠ પછી સિદ્ધાંતકારે કહ્યું કે પ્રજ્ઞપ્તિના પાઠમાં "જેનો દ્રવ્યાત્મા છે તેનો ચારિત્રાત્મા ભજનાથી છે" અને ત્યાં પ્રજ્ઞપ્તિની ટીકામાં કહ્યું છે કે "સિદ્ધને અને અવિરત આત્માઓને દ્રવ્યાત્મપણું હોવા છતાં ચારિત્રાત્મા નથી, અને વિરતોને ચારિત્રાત્મા છે"; એ પ્રકારનું વ્યાખ્યાન છે. અને કષાયઅતિદેશસૂત્રમાં ચારિત્રના અધિકારમાં "જેનો ચારિત્રાત્મા છે તેનો યોગાત્મા નિયમા છે" એ પ્રકારનો વાચનાન્તરનો પાઠ દેખાય છે, ત્યાં ચારિત્રનું પ્રત્યુપેક્ષણાદિ વ્યાપારરૂપપણું છે. એ રીતે ચારિત્ર શબ્દથી સર્વત્ર તેવા પ્રકારના જ ચારિત્રની= પ્રત્યુપેક્ષણાદિરૂપ જ ચારિત્રની, વિવક્ષા કરો. (અર્થાત્ શાસ્ત્રમાં, સિદ્ધમાં ચારિત્રના અભાવને કહેનારા જેટલા પાઠો છે ત્યાં, ચારિત્ર શબ્દથી પ્રત્યુપેક્ષણાદિ ગ્રહણ કરીને સિદ્ધમાં ચારિત્રના અભાવની વિવક્ષા કરો) અને આ રીતે=ચારિત્ર શબ્દથી પ્રત્યુપેક્ષણાદિ ચારિત્ર ગ્રહણ કરીને સર્વત્ર ચારિત્રની વિવક્ષા કરી એ રીતે, સિદ્ધોને ચારિત્ર નિર્બાધ છે. =સિદ્ધોમાં ચારિત્રમોહનીયના ક્ષયથી જન્ય ક્ષાયિકચારિત્ર સ્વીકારવામાં કોઇ વાંધો નથી. (અર્થાત્ જેમ ૧૪મા ગુણસ્થાનકમાં ચારિત્ર નિર્બાધ છે, તેમ સિદ્ધમાં ચારિત્ર નિર્બાધ છે.)

ઉપરોક્ત કથનની પુષ્ટિ કરતાં **एयासि णं ...** પાઠથી કહે છે- (તે પાઠનો અર્થ આ મુજબ છે-)

હે ભગવન્! આ દ્રવ્યાત્મા, કષાયાત્મા યાવત્ વીર્યાત્મામાં કોણ કોણ યાવત્ વિશેષાધિક છે? અર્થાત્ દ્રવ્યાત્મા, કષાયાત્મા વગેરે આત્માઓ એકબીજાથી કોણ કોણ અનંતગુણ, અસંખ્યગુણ, સંખ્યાતગુણ કે વિશેષાધિક છે? હે ગૌતમ! ચારિત્રાત્મા સર્વથી અલ્પ છે, જ્ઞાનાત્મા (તેનાથી) અનંતગુણ છે, કષાયાત્મા (તેનાથી) અનંતગુણ છે, (એના કરતાં) યોગાત્મા વિશેષાધિક છે, (એના કરતાં) વીર્યાત્મા વિશેષાધિક છે, એના કરતાં ઉપયોગાત્મા, દ્રવ્યાત્મા અને દર્શનાત્મા વિશેષાધિક છે અને એ ત્રણે પણ પરસ્પર તુલ્ય છે.

તે પ્રમાણે (સંગ્રહણી ગાથામાં કહ્યું છે-)

યતિઓ ૨ થી ૯ હજાર ક્રોડ છે, તે કારણથી ચરણાત્મા સર્વથી થોડા છે. સિદ્ધોને આશ્રયીને જ્ઞાનાત્મા (તેનાથી) અનંતગુણા સિદ્ધ જ છે. સરાગી જીવોના જે કારણથી કષાયાત્મા છે (તેથી) તેઓ (જ્ઞાનાત્માથી) અનંતગુણ છે. સયોગી વર્જીને યોગાત્મા કહેલા છે તેથી (કષાયાત્માથી) વિશેષાધિક છે. જે કારણથી શૈલેશી પામેલાઓને પણ લબ્ધિવીર્ય છે તેથી (યોગાત્માથી વીર્યાત્મા) વિશેષાધિક છે. ઉપયોગ, દ્રવ્ય, દર્શન સર્વ જીવોને છે તેથી (વીર્યાત્માથી ઉપયોગાત્મા, દ્રવ્યાત્મા, દર્શનાત્મા) વિશેષાધિક છે. ઇત્યાદિ અલ્પબહુત્વના અધિકારમાં પણ વ્યાપારરૂપ ચારિત્ર ગ્રહણ થશે. એથી કરીને (તમે વ્યાપારરૂપ ચારિત્રને ગ્રહણ કરીને સિદ્ધમાં ચારિત્રનો અભાવ માનનાર સૂત્રની વિવક્ષા કરો તો) કોઇ વિરોધ થશે નહીં. (અને સિદ્ધમાં ચારિત્રની સંગતિ થશે; જે જીવના પરિણામ સ્વરૂપ છે, પણ ક્રિયારૂપ નથી, એ પ્રકારે સંપ્રદાયપક્ષ કહે છે) તેનું નિરાકરણ કરતાં **'न'** થી સિદ્ધાંતી કહે છે કે એમ ન કહેવું, કેમ કે તો પણ ચરણદાનાદિ લબ્ધિઓના સાદિસાંતપણાનો પ્રતિપાદક=કહેનાર, આગમવચનનો અનુદ્ધાર છે. વ્યાપારરૂપ જ તેઓનું પણ=ચરણદાનાદિ લબ્ધિઓનું પણ, ગ્રહણ હોતે છતે યોગનિરોધથી જ તેના=ચરણદાનાદિ લબ્ધિઓના, ઉપક્ષયમાં શૈલેશી અવસ્થામાં અનનુવૃત્તિનો=અભાવ માનવાનો, પ્રસંગ આવશે; એ પ્રમાણે પૂર્વે અમે ગાથા-૧૪૫માં કહી જ ગયા છીએ. કેવલ આત્મસ્વરૂપપણા વડે ચારિત્રની સિદ્ધમાં અનુવૃત્તિની નિવૃત્તિ માટે આ પ્રયાસ છે, અને તે યોગાત્માની જેમ ચારિત્રાત્માનું ત્યારે=સિદ્ધમાં, અનનુવર્તિષ્ણુતાનું અભિધાન હોવાથી= અભાવ કહ્યો હોવાથી, ફલેગ્રહિ=ફલવાળું છે.

ॐ '**इति**' કથનની સમાપ્તિ સૂચક છે.

**ભાવાર્થ :-** '**ननु**'થી સંપ્રદાયપક્ષી કહે છે કે, ભગવતીના પાઠની ટીકામાં "જેનો ચારિત્રાત્મા છે તેનો યોગાત્મા નિયમા છે" એ પ્રકારના વાચનાન્તરના પાઠમાં 'ચારિત્ર' શબ્દથી પ્રત્યુપેક્ષણાદિ વ્યાપારને ગ્રહણ કરવાની ટીકાકારે વિવક્ષા કરી, અને અલ્પબહુત્વના પાઠમાં ચારિત્રાત્માને સર્વથી સ્તોક કહ્યા, ત્યાં પણ વ્યાપારરૂપ ચારિત્રનું જ ગ્રહણ થાય છે. તેથી તેની જેમ જ જ્યાં જ્યાં "સિદ્ધમાં ચારિત્ર નથી" એવું કહેનારાં આગમવચનો છે, ત્યાં પણ 'ચારિત્ર' શબ્દથી વ્યાપારરૂપ ચારિત્ર ગ્રહણ કરીને સિદ્ધમાં ચારિત્રના અભાવની સંગતિ કરી શકાય, અને ચારિત્રમોહનીયના ક્ષયથી જીવના પરિણામરૂપ ચારિત્ર સ્વીકારી શકાય, અને તેવું ચારિત્ર સિદ્ધમાં સંગત છે એ પ્રમાણે સંપ્રદાયપક્ષીએ યુક્તિથી સ્થાપન કર્યું. તેનું નિરાકરણ કરતાં સિદ્ધાંતકાર કહે છે કે, તમે કહો છો તેમ સ્વીકારી લઈએ તો પણ ગાથા-૧૪૫માં '**समत्तचरित्ताइं**' વિશેષાવશ્યક ભાષ્ય ગાથા-૨૦૭૮નું ઉદ્ધરણ આપ્યું ત્યાં, ચરણદાનાદિ લબ્ધિને સાદિસાંત તરીકે પ્રતિપાદન કરેલ છે, તે આગમના વિરોધનો ઉદ્ધાર થશે નહીં. અને કદાચ ત્યાં પણ ચરણદાનાદિ લબ્ધિઓનું તમે વ્યાપારરૂપે ગ્રહણ કરો તો પણ, યોગનિરોધકાળમાં ચરણદાનાદિ લબ્ધિઓનો અભાવ સ્વીકારવો પડશે. તેથી શૈલેશીઅવસ્થામાં ચારિત્રના અભાવની તમને (સંપ્રદાયપક્ષીને) પ્રાપ્તિ થશે. અને શૈલેશીઅવસ્થામાં સર્વસંવરરૂપ ચારિત્ર તો સર્વને સંમત છે, તેથી સંપ્રદાયપક્ષી કહે છે તે પ્રમાણે ક્રિયારૂપ ચારિત્રને ગ્રહણ કરીને સિદ્ધમાં ચારિત્રનો અભાવ સ્વીકારી શકાશે નહીં; પરંતુ કર્મનિર્જરાને અનુકૂળ વીર્યવિશેષરૂપ ચારિત્રનો અભાવ છે, એમ સ્વીકારવું જોઈએ.

'**तथापि ... शैलेश्यामननुवृत्तिप्रसङ्गात्**', સુધીનું જે કથન કર્યું તે પૂર્વમાં ગાથા-૧૪૫માં સ્વયં સિદ્ધાંતકાર કહી ગયા છે. તેથી પ્રશ્ન થાય કે ફરી તે જ કથન કરીને સ્વપક્ષને સિદ્ધાંતકાર શા માટે સ્થાપન કરે છે? તેના સમાધાનરૂપે **केवलम् ... फलेग्रहिः** સુધીનું કથન છે. તેનો ભાવ આ પ્રમાણે છે-

આત્મસ્વરૂપપણા વડે કરીને સિદ્ધોમાં ચારિત્રની અનુવૃત્તિ સંપ્રદાયપક્ષી સ્વીકારે છે, તેની નિવૃત્તિ માટે ફક્ત આ પ્રયાસ છે. '**तथापि ... प्रसङ्गात्**' એ પ્રકારના હેતુ દ્વારા જે કથન કર્યું, એ કથનરૂપ આ પ્રયાસ છે.

કહેવાનો આશય એ છે કે, ગાથા-૧૪૫માં '**समत्तचरित्ताइं**' વિશેષાવશ્યક ભાષ્ય ગાથા-૨૦૭૮ની સાક્ષી આપી ત્યાં, ક્રિયારૂપ ચારિત્રને ગ્રહણ કરીને આગમવચનનો અર્થ થઈ શકશે નહીં, તે બતાવવા માટે કથન કરેલ. અહીં તે જ વચનો દ્વારા બતાવવું છે કે, સિદ્ધમાં જીવના સ્વરૂપરૂપે ચારિત્ર સંપ્રદાયપક્ષી માને છે તે સંગત નથી. એથી પૂર્વમાં વર્ણન કરાયેલાનું ફરી કથન એ પુનરુક્તિરૂપ નથી. અને આ પોતાનો પ્રયાસ ફલવાન કેમ છે? તે બતાવવા કહે છે કે, જેમ સિદ્ધમાં યોગાત્મા અનુવૃત્તિરૂપે નથી, તેમ ચારિત્રાત્મા પણ અનુવૃત્તિરૂપે નથી, એ પ્રકારનું કથનનું તાત્પર્ય છે. કેમ કે યોગાત્મા સંસારવાળી અવસ્થામાં જ સંભવે, તેમ નિર્જરાને અનુકૂળ વીર્યવિશેષરૂપ ચારિત્ર પણ કર્મવાળી અવસ્થામાં જ સંભવે. તેથી પૂર્વમાં કહેવાયેલી વાતને ફરી કહેવારૂપ અમારો આ પ્રયાસ સફળ છે. **॥૧૫૪॥**

## ભગવતીના પાઠનું કોષ્ટક

| | પ્રશ્ન | ઉત્તર |
|---|---|---|
| (૧) | જે દ્રવ્યાત્મા હોય તે કષાયાત્મા હોય ? | ભજના હોય. |
| | જે કષાયાત્મા હોય તે દ્રવ્યાત્મા હોય ? | નિયમા હોય. |
| (૨) | જે દ્રવ્યાત્મા હોય તે યોગાત્મા હોય ? | ભજના હોય. |
| | જે યોગાત્મા હોય તે દ્રવ્યાત્મા હોય ? | નિયમા હોય. |
| (૩) | જે દ્રવ્યાત્મા હોય તે ઉપયોગાત્મા હોય ? | નિયમા હોય. |
| | જે ઉપયોગાત્મા હોય તે દ્રવ્યાત્મા હોય ? | નિયમા હોય. |
| (૪) | જે દ્રવ્યાત્મા હોય તે જ્ઞાનાત્મા હોય ? | ભજના હોય. |
| | જે જ્ઞાનાત્મા હોય તે દ્રવ્યાત્મા હોય ? | નિયમા હોય. |
| (૫) | જે દ્રવ્યાત્મા હોય તે દર્શનાત્મા હોય ? | નિયમા હોય. |
| | જે દર્શનાત્મા હોય તે દ્રવ્યાત્મા હોય ? | નિયમા હોય. |
| (૬) | જે દ્રવ્યાત્મા હોય તે ચારિત્રાત્મા હોય ? | ભજના હોય. |
| | જે ચારિત્રાત્મા હોય તે દ્રવ્યાત્મા હોય ? | નિયમા હોય. |
| (૭) | જે દ્રવ્યાત્મા હોય તે વીર્યાત્મા હોય ? | ભજના હોય. |
| | જે વીર્યાત્મા હોય તે દ્રવ્યાત્મા હોય ? | નિયમા હોય. |
| (૮) | જે કષાયાત્મા હોય તે યોગાત્મા હોય ? | નિયમા હોય. |
| | જે યોગાત્મા હોય તે કષાયાત્મા હોય ? | ભજના હોય. |
| (૯) | જે કષાયાત્મા હોય તે ઉપયોગાત્મા હોય ? | નિયમા હોય. |
| | જે ઉપયોગાત્મા હોય તે કષાયાત્મા હોય ? | ભજના હોય. |
| (૧૦) | જે કષાયાત્મા હોય તે જ્ઞાનાત્મા હોય ? | ભજના હોય. |
| | જે જ્ઞાનાત્મા હોય તે કષાયાત્મા હોય ? | ભજના હોય. |
| (૧૧) | જે કષાયાત્મા હોય તે દર્શનાત્મા હોય ? | નિયમા હોય. |
| | જે દર્શનાત્મા હોય તે કષાયાત્મા હોય ? | ભજના હોય. |
| (૧૨) | જે કષાયાત્મા હોય તે ચારિત્રાત્મા હોય ? | ભજના હોય. |
| | જે ચારિત્રાત્મા હોય તે કષાયાત્મા હોય ? | ભજના હોય. |
| (૧૩) | જે કષાયાત્મા હોય તે વીર્યાત્મા હોય ? | નિયમા હોય. |
| | જે વીર્યાત્મા હોય તે કષાયાત્મા હોય ? | ભજના હોય. |
| (૧૪) | જે યોગાત્મા હોય તે ઉપયોગાત્મા હોય ? | નિયમા હોય. |
| | જે ઉપયોગાત્મા હોય તે યોગાત્મા હોય ? | ભજના હોય. |

| | |
|---|---|
| (૧૫) જે યોગાત્મા હોય તે જ્ઞાનાત્મા હોય ? | ભજના હોય. |
| જે જ્ઞાનાત્મા હોય તે યોગાત્મા હોય ? | ભજના હોય. |
| (૧૬) જે યોગાત્મા હોય તે દર્શનાત્મા હોય ? | નિયમા હોય. |
| જે દર્શનાત્મા હોય તે યોગાત્મા હોય ? | ભજના હોય. |
| (૧૭) જે યોગાત્મા હોય તે ચારિત્રાત્મા હોય ? | ભજના હોય. |
| જે ચારિત્રાત્મા હોય તે યોગાત્મા હોય ? | ભજના હોય. |
| (૧૮) જે યોગાત્મા હોય તે વીર્યાત્મા હોય ? | નિયમા હોય. |
| જે વીર્યાત્મા હોય તે યોગાત્મા હોય ? | ભજના હોય. |
| (૧૯) જે ઉપયોગાત્મા હોય તે જ્ઞાનાત્મા હોય ? | ભજના હોય. |
| જે જ્ઞાનાત્મા હોય તે ઉપયોગાત્મા હોય ? | નિયમા હોય. |
| (૨૦) જે ઉપયોગાત્મા હોય તે દર્શનાત્મા હોય ? | નિયમા હોય. |
| જે દર્શનાત્મા હોય તે ઉપયોગાત્મા હોય ? | નિયમા હોય. |
| (૨૧) જે ઉપયોગાત્મા હોય તે ચારિત્રાત્મા હોય ? | ભજના હોય. |
| જે ચારિત્રાત્મા હોય તે ઉપયોગાત્મા હોય ? | નિયમા હોય. |
| (૨૨) જે ઉપયોગાત્મા હોય તે વીર્યાત્મા હોય ? | ભજના હોય. |
| જે વીર્યાત્મા હોય તે ઉપયોગાત્મા હોય ? | નિયમા હોય. |
| (૨૩) જે જ્ઞાનાત્મા હોય તે દર્શનાત્મા હોય ? | નિયમા હોય. |
| જે દર્શનાત્મા હોય તે જ્ઞાનાત્મા હોય ? | ભજના હોય. |
| (૨૪) જે જ્ઞાનાત્મા હોય તે ચારિત્રાત્મા હોય ? | ભજના હોય. |
| જે ચારિત્રાત્મા હોય તે જ્ઞાનાત્મા હોય ? | નિયમા હોય. |
| (૨૫) જે જ્ઞાનાત્મા હોય તે વીર્યાત્મા હોય ? | ભજના હોય. |
| જે વીર્યાત્મા હોય તે જ્ઞાનાત્મા હોય ? | ભજના હોય. |
| (૨૬) જે દર્શનાત્મા હોય તે ચારિત્રાત્મા હોય ? | ભજના હોય. |
| જે ચારિત્રાત્મા હોય તે દર્શનાત્મા હોય ? | નિયમા હોય. |
| (૨૭) જે દર્શનાત્મા હોય તે વીર્યાત્મા હોય ? | ભજના હોય. |
| જે વીર્યાત્મા હોય તે દર્શનાત્મા હોય ? | નિયમા હોય. |
| (૨૮) જે ચારિત્રાત્મા હોય તે વીર્યાત્મા હોય ? | નિયમા હોય. |
| જે વીર્યાત્મા હોય તે ચારિત્રાત્મા હોય ? | ભજના હોય. |

**અવતરણિકા :-** अथोक्तेऽर्थेऽनुकूलमाह-

**અવતરણિકાર્થ :-** ઉક્ત અર્થમાં અનુકૂળને કહે છે=પૂર્વ ગાથા-૧૫૪ની ટીકામાં છેલ્લે કહ્યું કે, ચારિત્રનું આત્મસ્વરૂપપણું હોવાને કારણે સિદ્ધમાં ચારિત્રની અનુવૃત્તિ છે, તેની નિવૃત્તિ માટે કેવલ આ પ્રયાસ છે. તે રૂપ ઉક્ત અર્થમાં અનુકૂળ એવા શાસ્ત્રવચનને કહે છે -

**ગાથા :-** **एत्तो च्चिय सिद्धाणं खइयंमि नाणदंसणग्गहणं ।**
**समत्तजाइगहणे बहूण दोसाण संकंती ॥१५५॥**

(अत एव सिद्धानां क्षायिके ज्ञानदर्शनग्रहणम् । सम्यक्त्वजातिग्रहणे बहूनां दोषाणां संक्रान्तिः ॥१५५॥)

**ગાથાર્થ :- આ જ કારણથી=સિદ્ધોમાં આત્મસ્વરૂપ ચારિત્ર નથી આ જ કારણથી, ક્ષાયિક ભાવોમાં સિદ્ધોને જ્ઞાન-દર્શનનું ગ્રહણ છે, અને સમ્યક્ત્વની જાતિના ગ્રહણમાં બહુદોષોની સંક્રાંતિ છે; અર્થાત્ સમ્યક્ત્વમાં મોહનીયક્ષયાદિથી થયેલી જાતિ છે, અને એ જાતિ ચારિત્રમાં છે, તેથી ચારિત્રમાં સમ્યક્ત્વની જાતિ છે. તેથી ચારિત્રનું ગ્રહણ કરીને સિદ્ધમાં ચારિત્ર છે એ પ્રકારનું સમાધાન કરીએ તો, બહુ દોષોની સંક્રાંતિ છે. ॥૧૫૫॥**

**ટીકા :-** **क्षायिके हि भावे सिद्धानां ज्ञानदर्शनयोर्ग्रहणमस्ति, यदि च चारित्रमपि तेषामभविष्यत्तर्हि तदप्यभ्यधास्यत् । न चैवं सुखमपि तेषां क्षायिकं न स्यात्, क्षायिकभावे तस्याऽसंगृहीतत्वात्,** "[१]तेसिं दंसणं नाणं खइए भावे" **इत्येव वचनादिति वाच्यं, नवसु क्षायिकेष्वपरिभाषितस्य तस्याऽग्रहणमात्रेणाभावाऽसंभवात् । 'तर्हि तदन्तर्भूतं सम्यक्त्वमप्यगृहीतमिति तदपि न स्यादि'ति चेत् ? न, अत्र सामान्यसूत्रे तदग्रहणेऽप्यन्यत्र गृहीतस्य तस्य त्यागाऽयोगात् । 'चारित्रमप्यन्यत्र गृहीतमि'ति चेत् ? न, सैद्धान्तिकैस्तदग्रहणात्, प्रत्युत निषेधात् ।**

**ટીકાર્થ :- 'क्षायिके'** - સિદ્ધોના ક્ષાયિક ભાવમાં જ્ઞાન-દર્શનનું ગ્રહણ છે. જો તેઓને=સિદ્ધોને, ચારિત્ર પણ હોત તો તે પણ= ચારિત્ર પણ, (સિદ્ધોના ક્ષાયિક ભાવમાં) કહ્યું હોત.

**'न चैवं'** - અહીં પૂર્વપક્ષી (સંપ્રદાયપક્ષી) આ પ્રમાણે કહે કે, એ પ્રમાણે સુખ પણ તેઓને=સિદ્ધોને, ક્ષાયિક નહીં થાય. કેમ કે ક્ષાયિક ભાવમાં તેનું=સુખનું, અસંગૃહીતપણું છે=સંગ્રહ કરેલ નથી. કેમ કે ક્ષાયિક ભાવમાં તેઓને= સિદ્ધોને, દર્શન અને જ્ઞાન (હોય છે) એ પ્રમાણે વચન છે. તેનો ઉત્તર આપતાં સિદ્ધાંતી કહે છે કે એમ ન કહેવું. કેમ કે નવ ક્ષાયિક ભાવોમાં અપરિભાષિત=નહીં કહેલા, તેના=સુખના, અગ્રહણમાત્રથી (સિદ્ધોને) અભાવનો=સુખના અભાવનો, અસંભવ છે= સુખનો અભાવ સંભવી શકતો નથી.

**'तर्हि'** - અહીં સંપ્રદાયપક્ષી આ પ્રમાણે કહે કે તો પછી તેના અંતર્ભૂત=નવ ભાવોના અંતર્ભૂત, સમ્યક્ત્વ પણ

---

૧. तेषां दर्शनं ज्ञानं क्षायिके भावे ।

(**तेसिं दंसणं नाणं** ... પાઠમાં) અગૃહીત છે, એથી કરીને તે પણ=સમ્યક્ત્વ પણ, (સિદ્ધોને) નહીં થાય. તેનો ઉત્તર આપતાં સિદ્ધાંતકાર કહે છે કે એમ ન કહેવું. કેમ કે અહીં સામાન્યસૂત્રમાં='**तेसिं दंसणं नाणं** ...' એ સૂત્રમાં તેનું અગ્રહણ હોવા છતાં પણ=સમ્યક્ત્વનું અગ્રહણ હોવા છતાં પણ, અન્યત્ર="**तस्सोदयाईया**" વિશેષાવશ્યક ભાષ્ય ગાથા - ૩૦૭૮માં ગૃહીત એવા તેના=સમ્યક્ત્વના, ત્યાગનો અયોગ છે.
'**चारित्रं**' - અહીં સંપ્રદાયપક્ષી આ પ્રમાણે કહે કે, ચારિત્ર પણ અન્યત્ર ગૃહીત છે. તેનો ઉત્તર આપતાં સિદ્ધાંતી કહે છે કે એમ ન કહેવું. કેમ કે સૈદ્ધાંતિકો વડે તેનું=ચારિત્રનું, (સિદ્ધોમાં) અગ્રહણ છે, અર્થાત્ ગ્રહણ કરેલ નથી, પ્રત્યુત નિષેધ કરેલ છે.

**ઉત્થાન :-** પૂર્વમાં **तर्हि** ... થી કહ્યું કે, તો પછી સિદ્ધમાં સમ્યગ્દર્શન પણ નહીં થાય. તેનું સમાધાન સિદ્ધાંતી બીજી રીતે કરે છે-

**ટીકા :- ज्ञानग्रहणेन दर्शनस्यापि ग्रहणं, दर्शनपदं च सम्यक्त्वपरं एवमवधारणोपपत्तिरित्यपि स्यात् । 'तर्हि सम्यक्त्वग्रहणादेव सजातीयतया चारित्रग्रहणमपि स्यात्',-न स्यात्, वीर्यविशेषरूपतया तस्य वीर्येणैव सजातीयत्वात् । "[1]जह उल्ला साडिया" ( आ. नि. ९५६ ) इत्यादि दृष्टान्तेन प्रयत्नविशेषादेव क्षिप्रतरकर्मक्षपणप्रतिपादनात्, निर्ज्जरां कुर्वच्च वीर्यं चारित्रमेव, तस्य तद्व्यापारितयैव सिद्धेः, न च निर्ज्जरामकुर्वच्चारित्रं नाम, स्वभावपरित्यागप्रसंगात् ।**

❀ '**तस्य तद् व्यापारितयैव सिद्धेः**' આ પાઠ સંગત છે. '**तद्व्यापारतया**' પાઠ સંગત નથી.

**ટીકાર્થ :- 'ज्ञानग्रहणेन' - 'तेसिं'** એ વચનમાં જ્ઞાનના ગ્રહણથી દર્શનનું પણ ગ્રહણ થઈ જશે, અને દર્શનપદ (છે તે) સમ્યક્ત્વ પર છે. એ રીતે=આવો અર્થ કર્યો એ રીતે, અવધારણની ઉપપત્તિ પણ થશે=સિદ્ધોને દર્શન અને જ્ઞાન જ ક્ષાયિક ભાવે છે, એ રીતે અવધારણની ઉપપત્તિ પણ થશે. (માટે સિદ્ધમાં સમ્યગ્દર્શન નહીં થાય, એવી આપત્તિ આવશે નહીં.) અહીં સંપ્રદાયપક્ષી કહે છે કે, તો પછી સમ્યક્ત્વના ગ્રહણથી જ સજાતીયપણા વડે કરીને ચારિત્રનું ગ્રહણ પણ થશે. તેનો ઉત્તર સિદ્ધાંતી આપે છે કે નહીં થાય, કેમ કે વીર્યવિશેષરૂપપણા વડે કરીને તેનું=ચારિત્રનું, વીર્યની સાથે જ સજાતીયપણું છે.
'**जह**' - આગમના વચનથી તેની જ પુષ્ટિ કરતાં કહે છે- જે પ્રમાણે '**उल्ला साडिया**' ઇત્યાદિ, દૃષ્ટાંત દ્વારા પ્રયત્નવિશેષથી જ ક્ષિપ્રતર કર્મના ક્ષપણનું પ્રતિપાદન હોવાથી (ચારિત્રનું વીર્યની સાથે જ સજાતીયપણું છે.)

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું કે ચારિત્રનું વીર્યની સાથે સજાતીયપણું છે, અને તેની પુષ્ટિ '**जह उल्ला साडिया**' ઇત્યાદિ દૃષ્ટાંત દ્વારા આગમવચનથી કરી. હવે તે જ વાતને યુક્તિથી પુષ્ટ કરતાં કહે છે-

---
१. जह उल्ला साडिया आसुं सुक्कइ विरल्लिया संती । तहकम्मलहुयसमए वच्चंति जिणा समुग्घायं ॥
यथाऽऽर्द्रा शाटिकाऽऽशु शुष्यति विस्तारिता सती । तथा कर्मलघुतासमये व्रजन्ति जिनाः समुद्घातम् ॥

**ટીકાર્થ :-** '**निर्जरां**' અને નિર્જરાને કરતું વીર્ય ચારિત્ર જ છે. કેમ કે તેની=ચારિત્રની, તદ્‌વ્યાપારીપણા વડે કરીને જ સિદ્ધિ છે=નિર્જરાના વ્યાપારીપણા વડે કરીને જ સિદ્ધિ છે, અને તેની પુષ્ટિ કરતાં કહે છે કે નિર્જરાને નહીં કરતી વસ્તુ ચારિત્ર કહેવાતી નથી; કેમ કે સ્વભાવના પરિત્યાગનો પ્રસંગ આવશે.

**ભાવાર્થ :-** જીવ ચારિત્રથી નિર્જરા દ્વારા મોક્ષને પ્રાપ્ત કરે છે. તેથી નિર્જરા એ વ્યાપાર છે અને ચારિત્ર એ વ્યાપારી છે. માટે નિર્જરારૂપ વ્યાપારના વ્યાપારીપણા વડે કરીને ચારિત્રની સિદ્ધિ છે, કેમ કે ચારિત્ર એ નિર્જરાનું કારણ મનાયું છે. અને તેની જ પુષ્ટિ કરતાં કહે છે કે, નિર્જરાને નહીં કરતી વસ્તુ ચારિત્ર કહેવાતી નથી; કેમ કે સ્વભાવના પરિત્યાગનો પ્રસંગ આવશે. તેનું તાત્પર્ય એ છે કે, નિર્જરાને કરતું હોય તે જ ચારિત્ર છે. તેથી જે આચરણાથી નિર્જરા ન થતી હોય તેને ચારિત્ર કહી શકાય નહીં. આમ છતાં, તેને ચારિત્ર કહીએ તો નિર્જરા કરવાનો જે સ્વભાવ છે તેના પરિત્યાગનો પ્રસંગ આવશે. આનાથી એ પ્રાપ્ત થાય છે કે નિર્જરાને કરતું વીર્ય જ ચારિત્ર પદાર્થ છે.

**ટીકા :- एतेन ज्ञानमिव चारित्रं मोक्षे न निष्प्रयोजनमिति पूर्वपक्षोक्तं प्रत्युक्तं, प्रकाशरूपज्ञानव्यापारस्य तदानीं सत्त्वेऽपि निर्जरारूपस्य चारित्रव्यापारस्याऽभावात् । 'प्रथमसमय एवैकहेलया सकलप्रकाशादुत्तरकालं ज्ञानस्य निष्प्रयोजनत्वमि'ति चेत् ? न, ज्ञेयाकारवैचित्र्येण तद्वैचित्र्यात् । अत एव सिद्धेष्वपि त्रैलक्षण्यं व्यवतिष्ठते, चारित्रस्य तु न तदा कश्चिदुपयोग इति तत्त्वम् । यदि च शुभ( ?द्ध )परिणामः सम्यक्त्वं शुद्धतरपरिणामश्च चारित्रमिति सम्यक्त्वजातीयमेव तदिष्यते न वीर्यजातीयं, तदा तद्वदेव तन्निरपेक्षं तत्स्यात्, इत्याद्यूह्यम् ।**

**ટીકાર્થ :-** '**एतेन**' - આના દ્વારા=પૂર્વમાં કહ્યું કે નિર્જરાને નહીં કરતી વસ્તુ ચારિત્ર નથી, કેમ કે સ્વભાવના પરિત્યાગનો પ્રસંગ છે આના દ્વારા, જ્ઞાનની જેમ ચારિત્ર મોક્ષમાં નિષ્પ્રયોજન નથી એ પ્રમાણે પૂર્વપક્ષે કહેલ પ્રત્યુક્ત છે. કેમ કે પ્રકાશરૂપ જ્ઞાનવ્યાપારનો ત્યારે=સિદ્ધમાં, સત્ત્વ હોવા છતાં પણ નિર્જરારૂપ ચારિત્રવ્યાપારનો અભાવ છે.

**ભાવાર્થ :-** સિદ્ધમાં ચારિત્ર માનનાર સંપ્રદાયપક્ષનું એ કહેવું છે કે, સંસારમાં જેમ સમ્યગ્ પ્રવૃત્તિ પ્રત્યે જ્ઞાન ઉપયોગી છે, તેમ સિદ્ધમાં જ્ઞાન ઉપયોગી નથી; છતાં ત્યાં જ્ઞાન નિષ્પ્રયોજન મનાતું નથી. તેથી જ સિદ્ધમાં જ્ઞાન મનાય છે. એ જ રીતે ચારિત્ર નિર્જરણીય કર્મ નહીં હોવાને કારણે નિર્જરાને કરતું નથી; એટલામાત્રથી સિદ્ધમાં ચારિત્ર નિષ્પ્રયોજન છે એમ કહી શકાય નહીં. આવા પ્રકારની પૂર્વપક્ષીની માન્યતા '**एतेन**'થી આ રીતે પ્રત્યુક્ત છે. જો ચારિત્ર નિર્જરા ન કરતું હોય છતાં તેને ચારિત્ર કહો તો સ્વભાવ પરિત્યાગનો પ્રસંગ આવશે, અને સિદ્ધમાં નિર્જરા કરવાની નથી માટે સિદ્ધમાં ચારિત્ર માની શકાય નહીં. અને તેને જ પુષ્ટ કરતાં કહે છે કે, પ્રકાશરૂપ જ્ઞાનવ્યાપારનું સિદ્ધાવસ્થામાં કાર્ય છે, આથી જ સિદ્ધમાં કેવલજ્ઞાન સ્વીકારવામાં આવે છે. જ્યારે નિર્જરારૂપ ચારિત્રવ્યાપાર સિદ્ધાવસ્થામાં નથી, માટે સિદ્ધાવસ્થામાં ચારિત્રનો અભાવ છે.

**ટીકાર્થ :- 'प्रथमसमय'** અહીં સંપ્રદાયપક્ષી આ પ્રમાણે કહે કે, પ્રથમ સમયે જ એક હેલાથી=એક સાથે સકલ પ્રકાશ થતો હોવાથી, ઉત્તરકાળમાં જ્ઞાનનું નિષ્પ્રયોજનપણું છે. તેનો ઉત્તર આપતાં સિદ્ધાંતી કહે છે કે એમ ન કહેવું, કેમ કે જ્ઞેયાકારના વૈચિત્ર્યથી તેનું=જ્ઞાનનું, વૈચિત્ર્ય છે. આથી કરીને જ=જ્ઞેયાકારના વૈચિત્ર્યથી જ્ઞાનનું વૈચિત્ર્ય છે આથી કરીને જ, સિદ્ધોમાં પણ ત્રૈલક્ષણ્ય (=ઉત્પાદ-વ્યય-ધ્રુવતા) ઘટે છે. વળી ચારિત્રનો તો ત્યારે કોઇ ઉપયોગ નથી, એ પ્રમાણે તત્ત્વ છે.

**ભાવાર્થ :-** સંપ્રદાયપક્ષીનું એ કહેવું છે કે, કેવલજ્ઞાન ઉત્પન્ન થયા પછી પ્રથમ સમયમાં જગતના તમામ પદાર્થોનું પ્રકાશન થઇ જાય છે, તેથી ઉત્તરકાળમાં જ્ઞાનનું કોઇ કાર્ય નથી. તેથી ચારિત્રનું કાર્ય સિદ્ધાવસ્થામાં નહીં હોવાને કારણે જો ચારિત્રને નિષ્પ્રયોજન કહેશો, તો જ્ઞાનને પણ સિદ્ધાવસ્થામાં નિષ્પ્રયોજન માનવું પડશે. તેનો ઉત્તર આપતાં સિદ્ધાંતપક્ષી કહે છે કે એ વાત યુક્ત નથી, કેમ કે જ્ઞેયાકારના વૈચિત્ર્યને કારણે જ્ઞાનનું વૈચિત્ર્યપણું છે.

કહેવાનો આશય એ છે કે, કેવલજ્ઞાન થયા પછી પણ કેવલજ્ઞાનમાં પ્રકાશિત થયેલ જ્ઞેય પદાર્થો પ્રતિક્ષણ નવા નવા ભાવરૂપે પરિણમન પામે છે. તેથી જ્ઞેયાકારના પરિવર્તન પ્રમાણે કેવલજ્ઞાનનું પણ પરિવર્તન પ્રતિક્ષણ થયા કરે છે. તેથી પ્રથમક્ષણમાં કેવલજ્ઞાને જે પ્રકારનું કાર્ય કર્યું તેના કરતાં દ્વિતીયાદિ ક્ષણમાં જુદા જુદા પ્રકારનું પ્રકાશનરૂપ કાર્ય થાય છે. તેથી કેવલજ્ઞાનનું કાર્ય ઉત્તરક્ષણમાં પણ વિદ્યમાન છે, માટે સિદ્ધમાં કેવલજ્ઞાન છે. જ્યારે ચારિત્રનું કોઇ કાર્ય નથી, માટે સિદ્ધમાં ચારિત્ર નથી. અને તેની જ પુષ્ટિ કરતાં કહે છે કે, આથી કરીને જ=જ્ઞેયાકારના વૈચિત્ર્યને કારણે સિદ્ધાવસ્થામાં જ્ઞાનનું પ્રકાશરૂપ વૈચિત્ર્ય કાર્ય છે આથી કરીને જ, સિદ્ધોમાં પણ ત્રૈલક્ષણ્ય સંગત છે. કેવલજ્ઞાન પ્રતિક્ષણ ભિન્નભિન્ન આકારરૂપે ઉત્પન્ન થઇ અને નવું નવું પ્રકાશરૂપ કાર્ય કરે છે. તેથી સિદ્ધનો આત્મા આત્મારૂપે નિત્ય છે, અને જ્ઞાનના પરિણામનું પરિવર્તન પ્રતિક્ષણ થાય છે તેથી ઉત્પાદ અને વ્યય છે; જ્યારે ચારિત્રનો સિદ્ધાવસ્થામાં કોઇ ઉપયોગ નથી. માટે સિદ્ધના જીવોમાં ચારિત્ર નથી એ પ્રકારનો પરમાર્થ છે.

**ઉત્થાન :-** પૂર્વમાં સંપ્રદાયપક્ષીએ કહ્યું કે "સમ્યક્ત્વના ગ્રહણથી સજાતીયપણા વડે કરીને ચારિત્રનું પણ ગ્રહણ થશે" ત્યાં સિદ્ધાંતકારે કહ્યું કે નહીં થાય, કેમ કે વીર્યવિશેષરૂપપણું હોવાથી, ચારિત્રનું વીર્યની સાથે સજાતીયપણું છે. ત્યાં પૂર્વપક્ષી **'यदि च'**થી કહે છે-

**ટીકાર્થ :- 'यदि च'** અને જો શુદ્ધ પરિણામ સમ્યક્ત્વ અને શુદ્ધતર પરિણામ ચારિત્ર છે, એથી કરીને સમ્યક્ત્વજાતીય જ તે=ચારિત્ર, ઇચ્છાય છે વીર્યજાતીય નહીં; તો તેની જેમ જ=સમ્યક્ત્વની જેમ જ, તદ્નિરપેક્ષ= વીર્યનિરપેક્ષ, તે=ચારિત્ર, થાય. ઇત્યાદિ વિચારવું.

**ભાવાર્થ :-** સંપ્રદાયપક્ષીનું એ કહેવું છે કે, આત્માનો અશુદ્ધ પરિણામ મોહથી થાય છે, અને કિંચિત્ મોહના વિગમનથી જીવનો શુદ્ધ પરિણામ થાય છે, અને તે સમ્યક્ત્વ છે; અને વિશેષ પ્રકારના મોહના વિગમનથી જીવનો જે શુદ્ધતર પરિણામ થાય છે તે ચારિત્ર પદાર્થ છે. માટે ચારિત્ર એ સમ્યક્ત્વજાતીય છે, વીર્યજાતીય નથી. તેનું નિરાકરણ કરતાં સિદ્ધાંતી કહે છે કે, જો ચારિત્ર સમ્યક્ત્વજાતીય હોય તો જેમ સમ્યક્ત્વ પ્રાદુર્ભાવ થવામાં વીર્યની

અપેક્ષા રાખતું હોવા છતાં, એક વાર નિષ્પન્ન થયા પછી મોહના અભાવને કારણે તે શુદ્ધ પરિણામ અવસ્થિત રહે છે, ત્યાં વીર્યને પ્રવર્તાવવાની અપેક્ષા રહેતી નથી; તેમ વિશેષ મોહનો અભાવ થવાને કારણે શુદ્ધતર પરિણામરૂપ ચારિત્ર હોય તો નિર્જરાને અનુકૂળ સંયમરૂપ અનુષ્ઠાનોમાં સુદઢ યત્ન કરવારૂપ વીર્યની ચારિત્રને અપેક્ષા રહે નહીં, પરંતુ વાસ્તવિક રીતે સમિતિ-ગુપ્તિમાં કરાતા યત્નથી ચારિત્ર પ્રવર્તે છે, તેથી તે વીર્યજાતીય છે.

અહીં વિશેષ એ છે કે, જેમ ચારિત્રાચાર છે તેમ યદ્યપિ દર્શનાચાર પણ છે, અને તે બંને યત્નસ્વરૂપ છે; તો પણ જે વ્યક્તિનું સમ્યગ્દર્શન સુસ્થિર ન હોય તેને સુસ્થિર કરવામાં, અને સમ્યગ્દર્શનની નિષ્પત્તિ ન થઇ હોય તો નિષ્પન્ન કરવામાં, દર્શનાચાર ઉપયોગી છે; પરંતુ સુસ્થિર પરિણામવાળા સમ્યગ્દષ્ટિને કોઇપણ જાતના યત્ન વગર જેમ નિર્મળ ચક્ષુથી બાહ્ય પદાર્થ દેખાય છે, તેમ અંતરંગ નિર્મળ ચક્ષુથી સહજ રીતે તત્ત્વ યથાવત્ દેખાય છે. જ્યારે ચારિત્ર તો સમ્યક્ પ્રકારના વીર્યના પ્રવર્તનથી જ જીવે છે. આથી જ તીર્થંકરાદિને કોઇપણ પ્રકારના પ્રયત્ન વગર સમ્યગ્દર્શન જીવે છે, અને ચારિત્ર તો સંયમયોગમાં યત્નથી જ જીવે છે. માટે ચારિત્ર સમ્યક્ત્વજાતીય નથી પરંતુ વીર્યજાતીય છે, એ પ્રકારનો સિદ્ધાંતકારનો આશય છે.

**ઉત્થાન :-** પૂર્વમાં '**यदि च**'થી સિદ્ધાંતકારે સિદ્ધ કર્યું કે શુદ્ધ પરિણામ એ સમ્યક્ત્વ છે અને શુદ્ધતર પરિણામ એ ચારિત્ર છે એમ માની શકાય નહીં. એ જ વાતની પુષ્ટિ કરતાં '**किञ्च**'થી સિદ્ધાંતકાર કહે છે-

**ટીકા :- किञ्च सम्यक्त्ववदेव यदि चारित्रं स्यात् तदा तद्वदेव तस्य भावतो यावदेष परिणामो न परिपततीति प्रतिज्ञा स्याद्, यक्षावेशादिना श्रद्धानरूपमानसपरिणामस्येव प्रत्याख्यानरूपमानसपरिणामस्यापि परिक्षयसंभवात् ।**

**ટીકાર્થ :-** '**किञ्च**' અને વળી સમ્યક્ત્વની જેમ જ જો ચારિત્ર હોય=મોહના વિગમનથી આત્માનો શુદ્ધ પરિણામ જેમ સમ્યક્ત્વ છે તેમ શુદ્ધતર પરિણામ જો ચારિત્ર હોય, તો તેની જેમ જ=સમ્યક્ત્વની જેમ જ, તેની=ચારિત્રની, ભાવથી જ્યાં સુધી આ પરિણામ પતિત ન થાય એ પ્રકારની પ્રતિજ્ઞા થાય. કેમ કે યક્ષાવેશાદિથી શ્રદ્ધારૂપ માનસ પરિણામની જેમ પ્રત્યાખ્યાનરૂપ માનસ પરિણામના પણ પરિક્ષયનો સંભવ છે.

**ભાવાર્થ :-** સિદ્ધાંતકારને કહેવું છે કે, સમ્યક્ત્વ જેમ આત્માનો શુદ્ધ પરિણામ છે તેમ ચારિત્ર શુદ્ધતર પરિણામ નથી પરંતુ નિર્જરાને અનુકૂળ વીર્યવિશેષ છે. અને જો સમ્યક્ત્વની જેમ જ ચારિત્ર શુદ્ધતર પરિણામરૂપ હોય તો, સમ્યક્ત્વની પ્રતિજ્ઞા એ રીતે કરવામાં આવે છે કે, ભાવથી જ્યાં સુધી આ મારો શ્રદ્ધાનરૂપ પરિણામ નાશ ન પામે ત્યાં સુધી પ્રતિજ્ઞા છે; તે જ રીતે ચારિત્રની પ્રતિજ્ઞા પણ કરાવવી જોઇએ. કેમ કે જેમ સમ્યક્ત્વ જીવના શુદ્ધ ભાવરૂપ છે તેમ ચારિત્ર પણ જીવના શુદ્ધતર ભાવરૂપ છે, અને યક્ષાવેશાદિથી બંને પ્રકારના માનસ પરિણામનો નાશ થઇ શકે છે. માટે પ્રતિજ્ઞા સમ્યક્ત્વ અને ચારિત્રની સરખી જ હોવી જોઇએ. જ્યારે ચારિત્રની પ્રતિજ્ઞા યાવજ્જીવ અવધિક છે, પરંતુ સમ્યક્ત્વની જેમ ભાવને આશ્રયીને નથી. માટે સમ્યક્ત્વ ભાવસ્વરૂપ છે અને ચારિત્ર એ વીર્યવિશેષરૂપ છે, એ પ્રકારનો સિદ્ધાંતકારનો આશય છે.

**ટીકા :- अथ प्रतिज्ञेयश्रद्धानोपलक्षितं सम्यक्त्वं विना स्थितिक्षयं यक्षावेशादिनापि न निवर्त्तते, अन्यथा तन्निवृत्तौ चारित्रनिवृत्तेरावश्यकत्वात् । एवं प्रतिज्ञेयक्रियोपलक्षितं चारित्रमपि न तन्निवृत्तौ निवर्त्तते, तथा च प्रतिज्ञेययोस्तयोरसाजात्येऽपि तदुपलक्षितयोस्तयोस्तात्त्विकयोः साजात्यान्न दोषः इति चेत् ? नूनं क्रियापि न सामायिकप्रतिज्ञाविषयः, यावज्जीवनाधिककालन्यूनवृत्तित्वान्निरुद्धयोगाद्यवस्थायां तदभावात् अपि च तात्त्विकमेव चारित्रं भावश्रुतसङ्कल्पविषयः, अत एव जघन्यतस्तस्य समयमात्रं कालमानमुक्तं, भवान्त्यसमय एव तादृशसङ्कल्पसंभवात्ततः परं च तदुपरमात्, देशविरतेस्तु नानाभङ्गविकल्पकवलिततया न तथात्वमिति ।**

**ટીકાર્થ :- 'अथ' - 'अथ'**થી સંપ્રદાયપક્ષી કહે છે કે, પ્રતિજ્ઞેયરૂપ જે શ્રદ્ધાન તેનાથી ઉપલક્ષિત સમ્યક્ત્વ સ્થિતિક્ષય વગર યક્ષાવેશાદિથી પણ નિવર્તન પામતું નથી. અન્યથા=યક્ષાવેશાદિથી સમ્યક્ત્વ નિવર્તન પામે છે એમ માનો તો, તેની=સમ્યક્ત્વની નિવૃત્તિમાં, ચારિત્રની નિવૃત્તિનું આવશ્યકપણું છે. અને એ રીતે=જેમ સ્થિતિક્ષય વિના યક્ષાવેશાદિથી સમ્યક્ત્વ નાશ પામતું નથી એ રીતે, પ્રતિજ્ઞેય એવી ક્રિયાથી ઉપલક્ષિત ચારિત્ર પણ તેની=ક્રિયાની, નિવૃત્તિમાં નિવર્તન પામતું નથી. અને તે પ્રમાણે=પૂર્વમાં કહ્યું કે સમ્યક્ત્વ નિવર્તન પામતું તેમ ચારિત્ર પણ નિવર્તન પામતું નથી તે રીતે, પ્રતિજ્ઞેય એવા તે બેનું=શ્રદ્ધાન અને ક્રિયાનું, અસાજાત્ય હોવા છતાં પણ તદ્ઉપલક્ષિત=પ્રતિજ્ઞેયથી ઉપલક્ષિત, એવા તાત્ત્વિક તે બેનું=તાત્ત્વિક સમ્યક્ત્વ અને ચારિત્રનું, સાજાત્ય હોવાથી દોષ નથી.

**ભાવાર્થ :- 'किञ्च'**થી સિદ્ધાંતકારે કહેલ કે સમ્યક્ત્વ અને ચારિત્રની પ્રતિજ્ઞા એકસરખી નથી, માટે સમ્યક્ત્વ અને ચારિત્ર જીવના શુદ્ધ પરિણામ અને શુદ્ધતર પરિણામરૂપ કહી શકાય નહીં. તેથી સંપ્રદાયપક્ષી તેની સિદ્ધિ કરવા માટે **'अथ'**થી કહે છે કે, સમ્યક્ત્વની પ્રતિજ્ઞામાં પ્રતિજ્ઞેય શ્રદ્ધાન છે, અને ચારિત્રની પ્રતિજ્ઞામાં પ્રતિજ્ઞેય ક્રિયા છે, પરંતુ શ્રદ્ધાન પોતે જ સમ્યક્ત્વ નથી પણ શ્રદ્ધાનથી ઉપલક્ષિત સમ્યક્ત્વ છે; અને ક્રિયા પોતે પણ ચારિત્ર નથી પરંતુ ક્રિયાથી ઉપલક્ષિત ચારિત્ર છે. તેથી યક્ષાવેશાદિથી શ્રદ્ધાન ચાલ્યું જાય તો પણ સમ્યક્ત્વ નાશ પામતું નથી, પરંતુ સમ્યક્ત્વની સ્થિતિનો ક્ષય=નાશ થાય તો જ સમ્યક્ત્વ નાશ પામે છે. અને સમ્યક્ત્વની સ્થિતિનો નાશ દર્શનમોહનીયકર્મના ઉદયથી થઇ શકે છે; તેથી જ જે વ્યક્તિને દર્શનમોહનીયનો ક્ષય કે ક્ષયોપશમ થવાથી સમ્યગ્દર્શન પ્રાદુર્ભાવ થયેલ છે, અને યક્ષાવેશ કે કોઇ માનસિક રોગથી શ્રદ્ધાન પરિણામ નાશ પામે તો પણ, તે ક્ષયોપશમ વિદ્યમાન હોવાથી સમ્યગ્દર્શન રહી શકે છે. અને એ રીતે ક્રિયા પણ ચારિત્ર નથી પરંતુ ક્રિયાથી ઉપલક્ષિત ચારિત્ર છે; તેથી જ યક્ષાવેશાદિને કારણે પ્રતિજ્ઞેય એવી ક્રિયાનું પાલન ન હોય તો પણ ચારિત્રની નિવૃત્તિ થતી નથી. આનાથી એ પ્રાપ્ત થાય છે કે, સમ્યક્ત્વમાં પ્રતિજ્ઞાનો વિષય શ્રદ્ધા છે અને ચારિત્રમાં પ્રતિજ્ઞાનો વિષય ક્રિયા છે; અને શ્રદ્ધા માનસ પરિણામરૂપ છે અને ક્રિયા આચરણારૂપ છે, તેથી શ્રદ્ધાન અને ક્રિયાનું સાજાત્ય નથી, તો પણ તેનાથી ઉપલક્ષિત તાત્ત્વિક સમ્યક્ત્વ અને ચારિત્રનું સાજાત્ય છે. કેમ કે શ્રદ્ધાનથી ઉપલક્ષિત જીવનો પરિણામ સમ્યક્ત્વ છે, અને ક્રિયાથી ઉપલક્ષિત જીવનો પરિણામ તે ચારિત્ર છે; તેથી સમ્યક્ત્વ જીવના શુદ્ધ પરિણામરૂપ છે, અને ચારિત્ર જીવના શુદ્ધતર પરિણામરૂપ છે, એ પ્રકારનો સંપ્રદાયપક્ષીનો આશય છે.

અહીં વિશેષ એ છે કે, સમ્યક્ત્વનો પરિણામ અને ચારિત્રનો પરિણામ એ બંને જીવના શુદ્ધ-શુદ્ધતર પરિણામ છે; આમ છતાં, સમ્યક્ત્વની પ્રતિજ્ઞા ભાવથી જ્યાં સુધી આ પરિણામ પરિપતિત ન થાય ત્યાં સુધી ગ્રહણ કરવાનું એ પ્રયોજન છે કે, પ્રતિજ્ઞાનો વિષય શ્રદ્ધા છે અને તે શ્રદ્ધાને અનુકૂળ આચરણ યક્ષાવેશ વખતે જીવ કરતો નથી, પરંતુ તેનાથી વિપરીત કુદેવાદિને નમસ્કાર કરે છે. આમ છતાં, પ્રતિજ્ઞામાં ભાવને આશ્રયીને તેવો વિકલ્પ રાખવામાં ન આવે તો વ્યવહારથી પ્રતિજ્ઞાભંગનો દોષ પ્રાપ્ત થાય; જ્યારે ચારિત્રમાં સમિતિ-ગુપ્તિની આચરણાવિષયક પ્રતિજ્ઞા છે, માટે ત્યાં ભાવને આશ્રયીને તે પ્રકારનો વિકલ્પ કરેલ નથી.

**ઉત્થાન :-** આ પ્રકારના સંપ્રદાયપક્ષીના આશયનું નિરાકરણ કરતાં સિદ્ધાંતકાર '**नूनं**'થી કહે છે-

**ટીકાર્થ :-** '**नूनं**' - ક્રિયા પણ સામાયિકની પ્રતિજ્ઞાનો વિષય નથી, કેમ કે યાવજ્જીવન અવધિકાળથી ન્યૂનવૃત્તિપણું છે, અને યાવજ્જીવન અવધિકાળથી ન્યૂનવૃત્તિપણું કેમ છે તેમાં હેતુ કહે છે- 'નિરુદ્ધયોગાદિ અવસ્થામાં ક્રિયાનો અભાવ છે.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે સામાયિકની પ્રતિજ્ઞાનો વિષય ક્રિયા નથી તો શું છે? તે બતાવતાં '**अपि च**'થી કહે છે-

**ટીકાર્થ :-** '**अपि च**' - અને વળી ભાવશ્રુતના સંકલ્પનો વિષય તાત્ત્વિક ચારિત્ર જ પ્રતિજ્ઞાનો વિષય છે. આથી કરીને જ= ભાવશ્રુતના સંકલ્પના વિષયવાળું તાત્ત્વિક ચારિત્ર છે આથી કરીને જ, જઘન્યથી તેનું=ચારિત્રનું, સમયમાત્ર કાલમાન કહ્યું છે. કેમ કે ભવના અંત સમયમાં જ તાદૃશ સંકલ્પનો=સમયમાત્ર કાલનો ચારિત્રને અનુકૂળ ભાવશ્રુત સંકલ્પનો, સંભવ છે, અને ત્યારપછી તેવા પ્રકારના સંકલ્પનો ઉપરમ છે.=સંકલ્પ શાંત થાય છે.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે, જો પ્રતિજ્ઞાનો વિષય તાત્ત્વિક જ ચારિત્ર હોય, અને તેથી ચારિત્રનો જઘન્યકાળ સમયમાત્ર હોય, તો દેશવિરતિની પ્રતિજ્ઞાનો વિષય પણ તાત્ત્વિક ચારિત્ર જ હોવું જોઇએ; અને તેનું પણ જઘન્ય સમયમાત્ર કાલમાન હોવું જોઇએ. પરંતુ દેશવિરતિનું કાલમાન જઘન્યથી અંતર્મુહૂર્ત છે, માટે ચારિત્રના જઘન્ય કાલમાનના બળથી પ્રતિજ્ઞાનો વિષય તાત્ત્વિક જ ચારિત્ર છે તેમ કહી શકાય નહીં. તેથી કહે છે-

**ટીકાર્થ :-** '**देशविरतेस्तु**' - દેશવિરતિનું નાનાભંગ વિકલ્પથી કવલિતપણું હોવાથી તથાપણું નથી=દેશવિરતિ અનેક ભાંગાના વિકલ્પોવાળી હોવાથી જઘન્યથી સમયમાનપણું નથી.

❀ '**इति**' શબ્દ સિદ્ધાંતકારે સંપ્રદાયપક્ષીનું નિરાકરણ કર્યું, તેની સમાપ્તિ સૂચક છે.

**ભાવાર્થ :-** સિદ્ધાંતકારને એ કહેવું છે કે, સામાયિકની પ્રતિજ્ઞાનો વિષય ક્રિયા પણ નથી, અર્થાત્ સંપ્રદાયપક્ષીએ જીવના શુદ્ધતર પરિણામરૂપ ચારિત્ર કહેલ તે તો નથી, પરંતુ ક્રિયા પણ નથી; કેમ કે પ્રતિજ્ઞાનો વિષય ક્રિયા હોય તો જીવન સુધીની પ્રતિજ્ઞા છે, અને ૧૪મા ગુણસ્થાનકે ક્રિયાનો અભાવ હોવાથી પ્રતિજ્ઞાભંગનો દોષ આવશે.

સંપ્રદાયપક્ષીએ પૂર્વમાં કહ્યું કે, પ્રતિજ્ઞેય એવી ક્રિયાથી ઉપલક્ષિત ચારિત્ર છે અને તેનું સમ્યક્ત્વ સાથે સાજાત્ય છે. આ કથનનું **'नूनं ... तदभावात्'** સુધી સિદ્ધાંતકારે જે કહ્યું તેનાથી નિરાકરણ થઇ જાય છે, કેમ કે પ્રતિજ્ઞાનો વિષય ક્રિયા નથી. તો પ્રશ્ન થાય કે પ્રતિજ્ઞાનો વિષય શું છે? તેથી સિદ્ધાંતકારે ખુલાસો કર્યો કે, પ્રતિજ્ઞાનો વિષય ભાવશ્રુતના સંકલ્પના વિષયરૂપ તાત્ત્વિક જ ચારિત્ર છે. તેનું તાત્પર્ય એ છે કે, સમ્યક્ પ્રકારના ભગવદ્ વચનનો બોધ તે ભાવશ્રુત છે, અને તેને અનુસારે જીવમાં સંકલ્પ થાય છે કે આ જ પ્રકારે=ભગવદ્ વચનાનુસાર જ, મારે જીવવું છે, તે ભાવશ્રુતનો સંકલ્પ છે. અને ભાવશ્રુતના સંકલ્પનો વિષય ભગવદ્ વચનાનુસાર નિર્જરાને અનુકૂળ યત્નરૂપ તાત્ત્વિક ચારિત્ર છે.

અહીં વિશેષ એ છે કે, ભગવદ્ વચનના સ્મરણપૂર્વક કે સૂત્રોચ્ચારણપૂર્વક જે ભાવશ્રુતનો સંકલ્પ પેદા કરવામાં આવે છે, તે અંતર્મુહૂર્ત કાલમાનવાળો છે; પરંતુ વસ્તુતત્ત્વના પર્યાલોચનથી ભવના અંતસમયમાં કોઇને જીવના પરિણામરૂપે તેવા પ્રકારના સંકલ્પનો સંભવ હોય છે તે વખતે, તાત્ત્વિક ચારિત્ર એક સમય પણ હોઇ શકે છે; અને સર્વવિરતિરૂપ ચારિત્રમાં સર્વ પાપના વિરામરૂપે તે સંકલ્પ હોવાથી નાના=અનેક, ભંગો નથી; જ્યારે દેશવિરતિ ચારિત્રમાં અમુક દેશથી જ પાપનો વિરામ કરવાનો હોય છે, તેથી નાના=અનેક, ભંગના વિકલ્પો ત્યાં અવશ્ય હોય છે. તેથી વિકલ્પાત્મક ઉપયોગને અંતર્મુહૂર્ત કાલની અવશ્ય અપેક્ષા રહે છે. આ પ્રકારના સિદ્ધાંતકારના કથનથી એ પ્રાપ્ત થાય છે કે, પ્રતિજ્ઞાનો વિષય ક્રિયા પણ નથી અને ભાવ પણ નથી, કે જેથી ક્રિયાથી ઉપલક્ષિત એવો ભાવ એ ચારિત્ર પદાર્થ છે એમ સંપ્રદાયપક્ષી કહી શકે. પરંતુ ભાવશ્રુતના સંકલ્પના વિષયવાળું વીર્યવિશેષરૂપ જ ચારિત્ર પદાર્થ છે.

**ટીકા :- एवं च भावश्रुतसङ्कल्पविषयकालनाशादेव सिद्धिगतावपि चारित्रस्य नाश इति युक्तमुत्पश्यामः । एवं च यावज्जीवमेवेति सावधारणप्रतिज्ञापि व्याख्याता जीवनविशिष्टकाल एव प्रतिज्ञा न तु तदुपलक्षित इत्यत्र तत्तात्पर्यात् । यत्त्वे ( ?स्त्वे )वकारस्यात्रान्ययोगव्यवच्छेदकतया परभवेऽविरतिमासेवयिष्यामीति विपरीतप्रतिज्ञाप्रसङ्गो निह्नवपरिकल्पितो दोषः सोऽन्यत्रापि समानः । परभवानुबन्ध्यविरतिप्रयुक्त-प्रतिज्ञाभङ्गभीरुतया क्रियमाणादवधारणादुज्जृम्भमाणेन प्रतिपन्थिना शुभाध्यवसायेन न तादृश-प्रतिज्ञाप्रसङ्ग इति समाधानमपि तुल्यम् ॥१५५॥**

**ટીકાર્થ :- 'एवं च'** - અને આ રીતે=પૂર્વમાં સિદ્ધ કર્યું કે પ્રતિજ્ઞાનો વિષય તાત્ત્વિક જ ચારિત્ર છે એ રીતે, ભાવશ્રુતના સંકલ્પના વિષયભૂત કાલના નાશથી જ સિદ્ધિગતિમાં પણ ચારિત્રનો નાશ છે, એ પ્રમાણે અમે યુક્ત જ જોઇએ છીએ.

❀ **'सिद्धिगतावपि'** - અહીં **'अपि'**થી એ સમુચ્ચય થાય છે કે સંસારમાં તો કાલના નાશથી ચારિત્રનો નાશ છે, પરંતુ સિદ્ધિગતિમાં પણ ચારિત્રનો નાશ છે.

**ટીકાર્થ :- 'एवं च'** - અને એ રીતે=પૂર્વમાં કહ્યું કે ભાવશ્રુતસંકલ્પના વિષયભૂત કાલના નાશથી જ સિદ્ધિગતિમાં પણ ચારિત્રનો નાશ છે એ રીતે, યાવજ્જીવ જ એ પ્રકારની સાવધારણ પ્રતિજ્ઞા પણ વ્યાખ્યાત કરાઇ=પ્રતિજ્ઞા

સાવધારણ છે તેનું પણ કથન કરાયું. કેમ કે જીવનથી વિશિષ્ટ કાળમાં જ પ્રતિજ્ઞા છે પણ નહીં કે તદુપલક્ષિત=જીવનથી ઉપલક્ષિત, કાળમાં (પ્રતિજ્ઞા છે). એ પ્રકારે અહીંયાં=પ્રતિજ્ઞા ગ્રહણ કરવામાં, તેનું= અવધારણનું, તાત્પર્ય છે. (માટે અવધારણવાળી પ્રતિજ્ઞા છે એ પણ કથન કરાયું).

**'यत्तु'** - અને જે વળી એવકારનું અહીંયાં=સાવધારણ પ્રતિજ્ઞામાં, અન્યયોગવ્યવચ્છેદકપણું હોવાના કારણે પરભવમાં હું અવિરતિ સેવીશ, એ પ્રકારે નિહ્નવ પરિકલ્પિત વિપરીતપ્રતિજ્ઞાપ્રસંગરૂપ દોષ છે, તે અન્યત્ર પણ સમાન છે. અર્થાત્ સંપ્રદાયપક્ષીની માન્યતામાં પણ સમાન છે.

**'परभव'** - અહીં સંપ્રદાયપક્ષી આ પ્રમાણે કહે છે કે, પરભવ અનુબંધી અવિરતિ પ્રયુક્ત પ્રતિજ્ઞાભંગના ભીરુપણાથી કરાતા એવા અવધારણથી ઉત્પન્ન થતા પ્રતિપંથી એવા શુભ અધ્યવસાય દ્વારા તેવા પ્રકારની= પરભવમાં અવિરતિને સેવીશ તેવી, વિપરીત પ્રતિજ્ઞાનો પ્રસંગ નથી. એ પ્રમાણે સમાધાન પણ તુલ્ય છે= આ પ્રકારનું સંપ્રદાયપક્ષીનું સમાધાન સિદ્ધાંતકાર માટે પણ તુલ્ય છે.

**ભાવાર્થ :-** પૂર્વમાં કહ્યું કે, ભાવશ્રુતના સંકલ્પના વિષયભૂત કાળના નાશથી મોક્ષમાં પણ ચારિત્રનો નાશ છે એમ કહેવાથી, સંયમ લેતી વખતે 'કરેમિ ભંતે સૂત્ર' દ્વારા 'જાવજ્જીવં' એ પ્રકારની પ્રતિજ્ઞા કરાય છે ત્યાં, 'એવકાર'નું ગ્રહણ કરીને પ્રતિજ્ઞા સાવધારણ છે એ પ્રકારનું કથન થાય છે. કેમ કે 'જાવજ્જીવં' એ શબ્દ દ્વારા જીવનવિશિષ્ટ કાળમાં પ્રતિજ્ઞા છે; પરંતુ જીવનઉપલક્ષિત કાળમાં પ્રતિજ્ઞા નથી.

કહેવાનો આશય એ છે કે, જો મોક્ષમાં ચારિત્ર સ્વીકારવામાં આવે તો પ્રતિજ્ઞાને જીવનઉપલક્ષિત કાળમાં સ્વીકારવી પડે. કેમ કે પ્રતિજ્ઞા ગ્રહણ કર્યા પછી મૃત્યુકાળ સુધી ચારિત્ર સેવન થાય છે, અને સિદ્ધિગતિમાં પણ તે ચારિત્ર રહે છે; તેથી પ્રતિજ્ઞાનો વિષય ચારિત્ર હોય અને સિદ્ધમાં ચારિત્ર સ્વીકારવામાં આવે, તો જીવનકાળથી ઉપલક્ષિત પ્રતિજ્ઞા સ્વીકારવી પડે. અને તેમ સ્વીકારીએ તો પ્રતિજ્ઞા સાવધારણ સ્વીકારી શકાય નહીં. પરંતુ સિદ્ધાંતકાર સિદ્ધમાં ચારિત્ર સ્વીકારતા નથી, તેથી પ્રતિજ્ઞાને જીવનકાળથી ઉપલક્ષિત માનવાની જરૂર નથી. પરંતુ જીવનવિશિષ્ટ કાળમાં પ્રતિજ્ઞાનો સ્વીકાર થાય છે, તેથી પ્રતિજ્ઞા સાવધારણ છે. આ રીતે પ્રતિજ્ઞાને સાવધારણ બતાવી.

અહીં સંપ્રદાયપક્ષી કહે છે કે, 'એવકાર' અન્યયોગનો વ્યવચ્છેદક છે, તેથી નિહ્નવ પરિકલ્પિત વિપરીત પ્રતિજ્ઞાનો પ્રસંગ તમને (સિદ્ધાંતીને) પ્રાપ્ત થશે. કહેવાનો આશય એ છે કે, જેમ કોઇ કહે કે મારી પ્રતિજ્ઞા એક વર્ષની જ છે અધિક નહીં જ, તેથી અધિક નથી એમ કહેનારનો આશય, પછી=તે પ્રતિજ્ઞાકાળ પછી, તે વિષયના સેવનનો છે. તે જ રીતે 'જાવજ્જીવં જ' પ્રતિજ્ઞા છે તેમ કહેવાથી પરભવમાં હું અવિરતિ સેવીશ એવો પણ આશય તે પ્રતિજ્ઞામાં અન્તર્નિહિત થાય છે. તેથી વિપરીત પ્રતિજ્ઞાનો પ્રસંગ પ્રાપ્ત થશે એમ નિહ્નવ કહે છે. અને તે દોષ સિદ્ધાંતપક્ષને પ્રાપ્ત થશે એમ સંપ્રદાયપક્ષનું કહેવું છે. ત્યાં સિદ્ધાંતકાર કહે છે કે એ દોષ સંપ્રદાયપક્ષમાં પણ સમાન છે. કેમ કે પૂર્વમાં ગાથા-૧૩૩થી ગાથા-૧૪૧ની ટીકામાં સંપ્રદાયપક્ષીએ **मैवं यावज्जीवमिति ... अनतिप्रयोजनत्वात्,** થી કહેલ કે પ્રતિજ્ઞા **'यावज्जीवं'** છે, સાવધારણ માનવાની જરૂર નથી, અને એ રીતે સિદ્ધમાં ચારિત્રની સિદ્ધિ કરેલ. ત્યારપછી **'अस्तु वा यावज्जीवमेवेति सावधारणैव प्रतिज्ञा,** એ કથનથી કહેલ કે, પ્રતિજ્ઞા 'યાવજ્જીવ જ' એ પ્રમાણે સાવધારણ સ્વીકારો તો પણ પ્રતિજ્ઞાનો વિષય ભાવપૂર્વકની ક્રિયા છે, અને સિદ્ધાવસ્થામાં ભાવપૂર્વકની ક્રિયા નથી, તેથી પ્રતિજ્ઞા **'यावज्जीवमेव'** એ પ્રમાણે સાવધારણ સ્વીકારવામાં

દોષ નથી. આ રીતે સંપ્રદાયપક્ષીએ પણ સાવધારણ પ્રતિજ્ઞા સ્વીકારી, તેથી 'પરભવમાં હું અવિરતિનું સેવન કરીશ' એ પ્રકારની વિપરીત પ્રતિજ્ઞાનો દોષ સમાન રીતે પ્રાપ્ત છે. તેનું સમાધાન કરતાં સંપ્રદાયપક્ષી કહે છે કે, પરભવમાં આવનાર એવી અવિરતિપ્રયુક્તપ્રતિજ્ઞાભંગનું ભીરુપણું હોવાથી પ્રતિજ્ઞા સાવધારણ કરાય છે, તેથી પરભવમાં હું અવિરતિનું સેવન કરીશ તેનો પ્રતિપંથી શુભ અધ્યવસાય ઊઠે છે, તેથી પરભવમાં અવિરતિ સેવવાની પ્રતિજ્ઞાનો પ્રસંગ પ્રાપ્ત થતો નથી.

કહેવાનો આશય એ છે કે, પ્રતિજ્ઞા કરનારને મારી પ્રતિજ્ઞાનો ભંગ ન થાય, અને અહીં મૃત્યુ પછી પરભવમાં અવિરતિ પ્રાપ્ત થવાની છે, તેથી **'यावज्जीवमेव'** એ પ્રકારનું અવધારણ કરવામાં આવે છે; અને તે અવધારણ પ્રતિજ્ઞાભંગના રક્ષણના અધ્યવસાયરૂપ હોવાથી શુભ અધ્યવસાય છે; અને તે શુભ અધ્યવસાય 'પરભવમાં હું અવિરતિ સેવીશ' તેનાથી વિપરીત છે, તેથી 'પરભવમાં હું અવિરતિ સેવીશ' તેવી વિપરીત પ્રતિજ્ઞાનો પ્રસંગ પ્રાપ્ત થતો નથી. તેને સિદ્ધાંતકાર કહે છે કે એ સમાધાન અમારા પક્ષમાં પણ સમાન છે. **॥૧૫૫॥**

**અવતરણિકા :- अथप्रकृतोपसंहारायाह -**

**અવતરણિકાર્થ :-** હવે પ્રકૃત વાતનો=સિદ્ધોને ચારિત્ર હોતું નથી એ પ્રસ્તુત વાતનો, ઉપસંહાર કરવા માટે સૈદ્ધાન્તિક કહે છે -

**ગાથા :-** **अम्हं णाभिनिवेसो सिद्धाण अचरणस्स पक्खंमि ।**
**तहवि भणिमो न तीरइ जं जिणमयमन्नहाकाउं ॥१५६॥**

(अस्माकं नाभिनिवेशः सिद्धानामचारित्रस्य पक्षे । तथापि भणामो न शक्यते जिनमतमन्यथाकर्तुम् ॥१५६॥)

**ગાથાર્થ :- સિદ્ધોના અચારિત્ર પક્ષમાં અમને કોઈ અભિનિવેશ નથી, તો પણ અમે કહીએ છીએ; જે કારણથી જિનમતને અન્યથા કરવા માટે શક્ય નથી. (તે કારણથી અમે સિદ્ધોમાં ચારિત્ર સ્વીકારતા નથી.) ॥૧૫૬॥**

**ટીકા :- स्पष्टा ॥१५६॥**

**ટીકાર્થ :-** ગાથાર્થ સ્પષ્ટ છે. **॥૧૫૬॥**

**અવતરણિકા :- एवं च सैद्धान्तिकमते समर्थिते चारित्रं कथं सिद्धानां गुणोऽभिहितः ? इति महापूर्वपक्षं समाधातुमाह -**

**અવતરણિકાર્થ :-** અને આ પ્રમાણે = ગાથા-૧૩૧ થી ૧૫૬ સુધી જે કથન કર્યું એ પ્રમાણે, સૈદ્ધાન્તિકમત સમર્થન કરાયે છતે સિદ્ધોને કેવી રીતે ચારિત્ર ગુણ કહેલ છે ? એ પ્રમાણે, મહાપૂર્વપક્ષને સમાધાન કરવા માટે ગ્રંથકાર કહે છે -

પૂર્વ ગાથા ૧૨૮-૧૨૯માં સિદ્ધોને મોહના ક્ષયથી ક્ષાયિક સમ્યક્ત્વ અને ક્ષાયિક ચારિત્ર છે એ પ્રમાણે કહેલ, તે રૂપ પૂર્વપક્ષની વાત કઇ રીતે સંગત છે તે બતાવવા કહે છે.

ગાથા :- **जइ वि इमो सिद्धंतो इट्ठं केसिंचि तहवि सूरीणं ।**
**सिद्धाणं चारित्तं तेसि मए तं मएभिहिअं ॥१५७॥**

(यद्यप्ययं सिद्धान्त इष्टं केषांचित् तथापि सूरीणाम् । सिद्धानां चारित्रं तेषां मते तन्मयाभिहितम् ॥१५७॥)

**ગાથાર્થ :- જો કે આ= સિદ્ધોને ચારિત્ર હોતું નથી આ, સિદ્ધાંત છે, તો પણ કેટલાક સૂરિઓને સિદ્ધોમાં ચારિત્ર ઇષ્ટ છે. તેમના=તે સૂરિઓના, મતે તે=સિદ્ધોમાં ચારિત્ર છે તે, મારા વડે અભિહિત=કહેવાયેલું, છે.॥૧૫૭॥**

**ટીકા :- यद्यप्युक्तयुक्तिभिः सिद्धानां चारित्रं नास्तीति सिद्धान्तितं, तथाप्येता युक्तयो द्वीपमिव जलधिकल्लोलमालाः परावृत्य परावृत्य** [1]सम्मत्तचरित्ताइं साइ संतो अ उवसमिओ अ । दाणाइलद्धिपणगं चरणंपि य खाइओ भावो ॥

[2]सम्मत्तनाणदंसणसिद्धत्ताइं तु साइओ णंतो । **[ वि. आ. भा. ] त्ति भाष्यमेवानुधावन्ति, तदेव च परे सूरयो न सहन्ते, क्षायिकभावस्य नाशानभ्युपगमाद्, यदभ्यधायि मलयगिरिचरणैः**- "अन्ये तु दानादिलब्धिपञ्चकं चारित्रं च सिद्धस्यापीच्छन्ति, तदावरणस्य तत्राप्यभावात्, आवरणाभावेऽपि च तदसत्त्वे क्षीणमोहादिष्वपि तदसत्त्वप्रसङ्गात्, ततस्तन्मतेन चारित्रादीनां सिद्धावस्थायामपि सद्भावेनाऽपर्यवसितत्वादेकस्मिन्, द्वितीयभङ्ग एव क्षायिको भावो न शेषेषु त्रिषु" **इति । ततश्च तन्मतोपष्टम्भेनास्माभिश्चारित्रं सिद्धगुणेषु परिगणितं, साम्प्रदायिकस्य मतस्यात्यन्ताऽवर्जनीयत्वात् ।**

**ટીકાર્થ :-'यद्यपि'** જો કે ઉક્ત=કહેવાયેલી, યુક્તિઓ વડે સિદ્ધોને ચારિત્ર નથી, એ પ્રમાણે સિદ્ધાંતિત છે=સિદ્ધાંતકાર દ્વારા સ્થાપિત કરાયેલ છે, તો પણ જેમ સમુદ્રની કલ્લોલમાલા=તરંગો, પરાવૃત્ત પરાવૃત્ત થઇને દ્વીપ તરફ જ પાછી આવે છે; તેની જેમ આ યુક્તિઓ સમ્યક્ત્વ અને ચારિત્ર સાદિ-સાંત ઔપશમિકભાવે છે, દાનાદિલબ્ધિપંચક અને ચારિત્ર પણ સાદિ-સાંત ક્ષાયિક ભાવે છે, વળી સમ્યક્ત્વ, જ્ઞાન, દર્શન અને સિદ્ધત્વ સાદિ અનંત ભાવે છે, એ પ્રમાણે ભાષ્યને જ અનુસરે છે. તે જ=તે ભાષ્યને જ, બીજા સૂરિઓ સહન કરતા નથી, કેમ કે ક્ષાયિકભાવના નાશનો અનભ્યુપગમ=અસ્વીકાર, છે.

જે મલયગિરિમહારાજ વડે કહેવાયું છે -

"વળી બીજા આચાર્યો દાનાદિલબ્ધિપંચક અને ચારિત્ર સિદ્ધોને પણ ઇચ્છે છે, કેમ કે તેના આવરણનો ત્યાં=સિદ્ધમાં, પણ અભાવ છે. અને આવરણના અભાવમાં પણ તેનું અસત્ત્વ હોતે છતે ક્ષીણમોહાદિમાં પણ તેના અસત્ત્વનો પ્રસંગ આવશે. તેથી કરીને તેઓના મત વડે સિદ્ધાવસ્થામાં પણ ચારિત્રાદિનો સદ્ભાવ હોવાને કારણે

---

१. सम्यक्त्वचारित्रे सादिसान्तश्चौपशमिकोऽयम् । दानादिलब्धिपञ्चकं चारित्रमपि च क्षायिको भावः ॥

२. अस्योत्तरार्धः - नाणं केवलवज्जं साई संतो खओवसमो ॥

सम्यक्त्व-ज्ञान-दर्शन-सिद्धत्वानि तु सादिकोऽनन्तः । ज्ञानं केवलवर्जं सादिः सान्तः क्षयोपशमः ॥

(સાદિ) અપર્યવસિત હોવાથી એક બીજા ભાંગામાં જ=સાદિ અનંતાત્મક બીજા ભાંગામાં જ, ક્ષાયિક ભાવ છે, બાકીના ત્રણ ભાંગાઓને વિશે (ક્ષાયિકભાવ) નથી; અર્થાત્ અનાદિઅનંત, અનાદિસાંત અને સાદિસાંત આ ત્રણ ભાંગામાં ક્ષાયિક ભાવ નથી. અને તેથી કરીને તેમના મતના ઉપષ્ટંભથી અમારા વડે સિદ્ધના ગુણોમાં ચારિત્ર પરિગણિત છે, કેમ કે સાંપ્રદાયિકમતનું અત્યંત અવર્જનીયપણું છે.

❀ '**इति**' શબ્દ પૂ. મલયગિરિજી મહારાજાના કથનની સમાપ્તિ સૂચક છે.

**ભાવાર્થ :-** સિદ્ધોને ચારિત્ર નથી, એ પ્રકારે પૂર્વમાં યુક્તિઓ આપી સિદ્ધાંતિત કરાયું, તો પણ જેમ સમુદ્રમાં પેદા થતા કલ્લોલો પરાવર્તન પામીને દ્વીપ પાસે અટકે છે, તેમ આ બધી યુક્તિઓ પરાવર્તન પામીને ભાષ્ય પાસે જ પહોંચે છે=ભાષ્યવચનના બળથી જ સિદ્ધાંતકારની બધી યુક્તિઓ જીવે છે. અને તે ભાષ્યવચનને જ બીજા સૂરિઓ=સંપ્રદાયપક્ષના સુવિહિત આચાર્યો, સહન કરતા નથી. કેમ કે તેઓ માને છે કે ક્ષાયિક ભાવોનો નાશ થઈ શકે નહીં. અને, સંપ્રદાયપક્ષના બીજા આચાર્યો સહન કરતા નથી તે વાત પૂજ્ય મલયગિરિજી મહારાજે બતાવી છે, અને પૂજ્યશ્રીનાં વચનો આ પ્રમાણે છે- અન્ય આચાર્યો દાનાદિલબ્ધિપંચક અને ચારિત્ર સિદ્ધોને ઇચ્છે છે, કેમ કે તેનું આવરણ નાશ પામવાથી પ્રગટ થયેલા ગુણો સિદ્ધમાં અવશ્ય હોય છે. અને તેઓ યુક્તિ આપે છે કે, આવરણ નહીં હોવા છતાં જો સિદ્ધમાં દાનાદિલબ્ધિપંચક અને ચારિત્ર સ્વીકારવામાં ન આવે તો, ક્ષીણમોહાદિમાં પણ દાનાદિલબ્ધિ અને ચારિત્રનો અસ્વીકારનો પ્રસંગ પ્રાપ્ત થાય; અર્થાત્ સિદ્ધાંતકાર પણ ક્ષીણમોહાદિને દાનાદિલબ્ધિપંચક અને ચારિત્ર સ્વીકારે છે, પરંતુ સિદ્ધમાં સ્વીકારતા નથી. તેને સંપ્રદાયપક્ષી કહે છે કે, આવરણનો અભાવ ક્ષીણમોહાદિમાં પણ છે અને સિદ્ધાવસ્થામાં પણ છે. જો સિદ્ધાવસ્થામાં આવરણનો અભાવ હોવા છતાં દાનાદિલબ્ધિપંચક અને ચારિત્ર નથી, તો ક્ષીણમોહાદિમાં પણ તેનો અભાવ સ્વીકારવાનો પ્રસંગ પ્રાપ્ત થશે. તેથી સંપ્રદાયપક્ષીના મતે ક્ષાયિક એવા ચારિત્રાદિ ભાવો સિદ્ધાવસ્થામાં વિદ્યમાન છે, માટે તેમના મતે 'સાદિઅનંત' નામનો બીજો એક જ ભાંગો પ્રાપ્ત થાય, આ પ્રમાણે પૂજ્ય મલયગિરિજી મહારાજ કહે છે. અને ગ્રંથકાર કહે છે કે, તે મતના ઉપષ્ટંભથી જ અમારા વડે ગાથા ૧૨૮-૧૨૯માં સિદ્ધના ગુણોમાં ચારિત્રની ગણના કરી છે, કેમ કે સાંપ્રદાયિકમત અત્યંત અવર્જનીય છે, અર્થાત્ બિલકુલ છોડી શકાય તેમ નથી.

**ટીકા :- नन्विदं मतं न युक्तं, चारित्रस्य प्रतिज्ञाविषयीकृतकालनाशनाश्यत्वादिति चेत् ? न, परभवानुबन्ध्यविरतिपरिणामादेव चारित्रनाशसम्भवेन सहभूतस्य प्रतिज्ञाविषयीकृतकालनाशस्यान्यथासिद्धत्वेन तन्नाशकत्वायोगात्, अन्यथा सम्यक्त्वप्रतिज्ञाविषयीभूतयावज्जीवनावधिककालनाशात्, परभवे सम्यक्त्वस्याप्यनुवृत्तिर्न स्यात् । 'सम्यक्त्वाभिव्यञ्जकस्याचारविशेषस्यैवासौ कालः प्रतिज्ञायत' इति चेत् ? तर्हि चारित्राभिव्यञ्जकस्याप्याचारविशेषस्यैव कालः प्रतिज्ञायत इति तुल्यं, भावश्रुतसङ्कल्पविषयत्वमप्युभयोस्तुल्यमेव ।**

**ટીકાર્થ :- 'ननु'** - '**ननु**'થી સૈદ્ધાન્તિક આ પ્રમાણે કહે કે આ મત યુક્ત નથી, કેમ કે ચારિત્રનું પ્રતિજ્ઞાવિષયીકૃત કાલના નાશથી નાશ્યપણું છે. તેનો ઉત્તર આપતાં સંપ્રદાયપક્ષી કહે છે કે એમ ન કહેવું, કેમ કે પરભવ અનુબંધિ

અવિરતિના પરિણામથી જ ચારિત્રનાશનો સંભવ હોવાથી સહભૂત એવા પ્રતિજ્ઞાવિષયીકૃત કાલનાશનું અન્યથાસિદ્ધપણું હોવાને કારણે તન્નાશકપણાનો=ચારિત્રનાશકપણાનો, અયોગ છે.

**'अन्यथा'** - **'अन्यथा'**=પ્રતિજ્ઞાના વિષયીકૃત કાલના નાશથી ચારિત્રનો નાશ માનો તો, સમ્યક્ત્વની પ્રતિજ્ઞાના વિષયીભૂત યાવજ્જીવન અવધિક કાલના નાશથી પરભવમાં સમ્યક્ત્વની પણ અનુવૃત્તિ નહીં થાય. તેના સમાધાનરૂપે સિદ્ધાંતી આ પ્રમાણે કહે કે, સમ્યક્ત્વના અભિવ્યંજક આચારવિશેષનો જ આ કાળપ્રતિજ્ઞાનો વિષય કરાય છે. (તેથી જન્માંતરમાં સમ્યક્ત્વના આચારનું પાલન નહીં હોવા છતાં પરભવમાં સમ્યક્ત્વની અનુવૃત્તિ હોઇ શકે છે.) તેના ઉત્તરરૂપે સાંપ્રદાયિક કહે છે કે, તો પછી ચારિત્ર અભિવ્યંજક આચારવિશેષનો જ કાળપ્રતિજ્ઞાનો વિષય કરાય છે. (તેથી સિદ્ધમાં ચારિત્રના આચારનું પાલન નહીં હોવા છતાં ચારિત્રની અનુવૃત્તિ હોઇ શકે છે.) એ પ્રમાણે તુલ્ય છે.

**ભાવાર્થ :-** પૂર્વમાં ગ્રંથકારે કહ્યું કે, સાંપ્રદાયિકમત બિલકુલ છોડી શકાય તેમ નથી. ત્યાં સિદ્ધાંતકાર કહે છે કે, આ મત યુક્ત નથી; કેમ કે પ્રતિજ્ઞા જાવજ્જીવની કરાયેલી છે, અને તે કાળ પૂરો થઇ જવાથી ચારિત્રનો નાશ થાય છે, તેથી સિદ્ધમાં ચારિત્ર માની શકાય નહીં. તેને ગ્રંથકાર કહે છે કે એમ કહેવું યુક્ત નથી, કેમ કે ચારિત્રનો નાશ પરભવમાં આવનાર અવિરતિના પરિણામથી જ થાય છે, અને પ્રતિજ્ઞાના કાળનો નાશ પરભવમાં આવનાર અવિરતિના પરિણામની સહભૂત છે, તેથી અન્યથાસિદ્ધ છે.

કહેવાનો આશય એ છે કે, જેમ ઘટ પ્રતિ દંડ કારણ છે, અને દંડત્વ ઘટની સાથે સહભૂત છે તેથી તે ઘટના કારણરૂપે સિદ્ધ નથી પરંતુ અન્યથાસિદ્ધ છે; તેમ ચારિત્રના નાશનું કારણ બીજા ભવમાં પ્રાપ્ત થતો અવિરતિનો પરિણામ જ છે, અને તે પરિણામની સાથે સહભૂત એવો પ્રતિજ્ઞાના કાળનો નાશ તે ચારિત્રનો નાશક નથી; તેથી મોક્ષમાં પ્રતિજ્ઞાના કાળનો નાશ હોવા છતાં અવિરતિનો પરિણામ નહીં હોવાને કારણે ચારિત્રનો સંભવ છે, જ્યારે અન્ય દેવાદિ ભવમાં અવિરતિના પરિણામને કારણે ચારિત્રનો નાશ થાય છે. અને તેની પુષ્ટિ કરતાં કહે છે કે, જો એવું ન માનો તો સમ્યક્ત્વની પ્રતિજ્ઞા પણ યાવજ્જીવ અવધિક સુધી ગ્રહણ કરાય છે, તેથી તેના વિષયભૂત કાળનો નાશ થવાથી બીજા ભવમાં સમ્યક્ત્વની પણ અનુવૃત્તિ થઇ શકશે નહીં. તેથી જેમ સમ્યક્ત્વ યાવજ્જીવ અવધિવાળું હોવા છતાં પરભવમાં સાથે જઇ શકે છે, તેમ ચારિત્ર પણ યાવજ્જીવ અવધિવાળું હોવા છતાં સિદ્ધાવસ્થામાં સાથે જઇ શકે છે.

અહીં સિદ્ધાંતકાર કહે છે કે, સમ્યક્ત્વના અભિવ્યંજક એવા આચારવિશેષનો જ યાવજ્જીવ એ પ્રતિજ્ઞાનો કાળ છે, તેથી પ્રતિજ્ઞાનો કાળ પૂરો થયા પછી પણ પરભવમાં સમ્યક્ત્વ આવી શકે છે. તો ગ્રંથકાર કહે છે કે, ચારિત્રના અભિવ્યંજક એવા આચારવિશેષનો જ આ પ્રતિજ્ઞાનો કાળ છે, તેથી સિદ્ધાવસ્થામાં ચારિત્ર અનુવૃત્તિરૂપે આવી શકે છે.

આનાથી એ કહેવું છે કે, સમ્યક્ત્વ એ જીવના પરિણામરૂપ છે અને સમ્યક્ત્વની પ્રતિજ્ઞા દર્શનાચારના સેવનની હોય છે; અને આથી જ પ્રતિજ્ઞા કરનાર આત્મા સુદેવ, સુગુરુ અને સુધર્મને છોડીને અન્યની રુચિ ન થાય તદર્થક અન્યદેવાદિને નમસ્કાર કરતા નથી. અને તે સમ્યક્ત્વનો આચાર જીવના પરિણામરૂપ સમ્યક્ત્વનો અભિવ્યંજક છે, તેથી પ્રતિજ્ઞા પૂરી થવા છતાં અંતરંગ જીવની વિશુદ્ધિ વિદ્યમાન હોય તો પરભવમાં સમ્યક્ત્વ સાથે જઇ શકે છે. તે જ રીતે ભગવદ્ વચનાનુસાર ચારિત્રની આચરણાઓ એ પ્રતિજ્ઞાનો વિષય છે, અને જીવના

પરિણામરૂપ ચારિત્રનો આચાર એ અભિવ્યંજક છે. તેથી પ્રતિજ્ઞાકાળની સમાપ્તિ પછી પણ જીવના પરિણામરૂપ ચારિત્રની અનુવૃત્તિ સિદ્ધાવસ્થામાં પણ થઈ શકે છે, એ પ્રકારનો ગ્રંથકારનો આશય છે.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે ચારિત્ર એ ભાવશ્રુતસંકલ્પનો વિષય છે, તેથી પરભવમાં સાથે આવી શકે નહીં, જ્યારે સમ્યક્ત્વ પરભવમાં સાથે આવી શકે છે. તેથી ગ્રંથકાર કહે છે -

**ટીકાર્થ :- 'भावश्रुत'** ભાવશ્રુતસંકલ્પવિષયપણું પણ ઉભયનું=સમ્યક્ત્વ અને ચારિત્રનું, તુલ્ય જ છે.

**ભાવાર્થ :-** ભાવશ્રુત એ શાસ્ત્રાનુસારી સમ્યક્ શ્રુતજ્ઞાન છે, અને ભાવશ્રુતનો સંકલ્પ એ છે કે ભગવદ્ વચનાનુસાર જ હું યાવજ્જીવ જીવીશ; અને ભાવશ્રુતસંકલ્પનો વિષય ચારિત્ર છે, માટે પરભવમાં ભાવશ્રુતના સંકલ્પને અનુકૂળ યત્ન જન્મથી માંડીને સંભવી શકે નહીં. તેથી ચારિત્ર પરભવ અનુયાયી નથી જ્યારે સમ્યક્ત્વ પરભવ અનુયાયી છે એમ સિદ્ધાંતકારનો આશય છે. તેને ગ્રંથકાર કહે છે કે ચારિત્રની જેમ સમ્યક્ત્વ પણ ભાવશ્રુતના સંકલ્પનો વિષય છે. તે આ રીતે- સમ્યક્ પ્રકારનું શ્રુતજ્ઞાન તે ભાવશ્રુત છે, અને તેનાથી એ સંકલ્પ ઊઠે છે કે **'इदं इत्थमेव'** = "ભગવાને કહેલું વચન એમ જ છે" એ પ્રકારની હું જીવન સુધી સદ્દહણા કરીશ. તેથી એ સદ્દહણા ભાવશ્રુતસંકલ્પના વિષયભૂત છે. તેથી જો સમ્યક્ત્વ પરભવમાં સાથે આવી શકે છે, તો ચારિત્ર પણ સિદ્ધાવસ્થામાં સાથે આવી શકે છે.

**ટીકા :- नन्वेवं यदि चारित्रं मोक्षगतावनुवर्तते तर्हि उपशान्तमोहेषु लवसप्तमादिष्वपि तदनुवृत्तिप्रसङ्ग इति चेत् ? न, तेषामप्रविचारमात्रेणैवोपशान्तमोहत्वोक्तेः, तत्त्वतस्तु तेऽप्युदितचारित्रमोहा एवेति कथं तत्संभवः ? 'चारित्रानुवृत्त्या मोहोदयाभाव एव तत्रापाद्यते ( ? तत्र किं नापाद्यते? )' इति चेत् ? तत्र भवस्वभाव एव शरणम्, अन्यथा तिरश्चामपि देशविरतिः श्रूयते न तु तेषामित्यत्र किं नियामकम् ?**

**ટીકાર્થ :- 'नन्वेवं'-'ननु'**થી સિદ્ધાંતકાર આ પ્રમાણે કહે કે, આ રીતે=તમે પૂર્વમાં સિદ્ધમાં કહ્યું એ રીતે, જો ચારિત્ર મોક્ષગતિમાં અનુવર્તે છે, તો ઉપશાંતમોહવાળા એવા લવસપ્તમાદિમાં પણ ચારિત્રની અનુવૃત્તિનો પ્રસંગ આવશે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એ વાત બરાબર નથી. કેમ કે તેઓને=ઉપશાંતમોહવાળા લવસપ્તમાદિને, અપ્રવિચારમાત્રથી જ ઉપશાંતમોહપણાની ઉક્તિ છે, પરંતુ તત્ત્વથી તેઓ પણ=લવસપ્તમાદિ પણ, ઉદિત ચારિત્રમોહવાળા જ છે. એથી કરીને(તેઓને) તેનો=ચારિત્રનો, સંભવ કેવી રીતે હોય? અર્થાત્ ન હોય.

**ભાવાર્થ :-** લવસપ્તમાદિને ઉપશાંતમોહવાળા કહ્યા છે, કેમ કે ઉપશમશ્રેણીમાં ચઢેલા એવા તેઓના કષાયો અત્યંત મંદ થઈ ગયેલા હોય છે. તેથી મનુષ્યભવમાં પરિપૂર્ણ કષાયનો ઉપશમ હોવા છતાં દેવભવમાં તે કષાયનો અવશ્ય ઉદય હોય છે તો પણ, તે કષાયોની એટલી બધી મંદતા હોય છે કે જેથી વિષયોથી તેઓ તદ્દન પરાઙ્મુખ હોય છે. તેથી વિષયોમાં ચિત્તના અપ્રવર્તનરૂપ અપ્રવિચાર તેઓને હોય છે, અને દેવભવમાં રહીને તેઓ તત્ત્વનું જ પર્યાલોચન

કરતા હોય છે, તેથી તેમને ઉપશાંતમોહવાળા કહ્યા છે. તો પણ અવિરતિના આપાદક મંદકક્ષાના કષાયો તેઓને ઉદયમાં હોય છે, તેથી દેવભવમાં ચારિત્રની અનુવૃત્તિ નથી.

**ટીકાર્થ :-** **'चारित्रानुवृत्त्या'** અહીં સિદ્ધાંતકાર આ પ્રમાણે કહે કે, ચારિત્રની અનુવૃત્તિથી=ચારિત્રની અનુવૃત્તિ સ્વીકારીને મોહના ઉદયનો અભાવ જ ત્યાં=લવસપ્તમાદિમાં, કેમ કહેવાતો નથી? અર્થાત્ કહેવાવો જોઇએ. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે, ત્યાં ભવસ્વભાવ જ શરણ છે. અન્યથા=ભવસ્વભાવ શરણ ન માનો તો, તિર્યંચને દેશવિરતિ સંભળાય છે, પરંતુ તેઓને=લવસપ્તમાદિ દેવોને, નહીં; એમાં શું નિયામક છે ? અર્થાત્ ભવસ્વભાવ વિના કોઇ નિયામક નથી.

**ભાવાર્થ :-** અનુત્તરવાસી દેવોનું ચિત્ત વિષયોથી તદ્દન પરાઙ્મુખ થઇ ગયું હોવાના કારણે મહાસંયમીની જેમ કેવલ તત્ત્વચિંતનમાં તેઓનું ચિત્ત વર્તે છે. તેથી ત્યાં ચારિત્રની અનુવૃત્તિ સ્વીકારીને મોહના ઉદયનો અભાવ જ મુનિની જેમ કહેવો ઉચિત છે, એ પ્રકારનો સિદ્ધાંતકારનો આશય છે. તેને ગ્રંથકાર કહે છે ત્યાં ભવસ્વભાવ જ શરણ છે. કહેવાનો ભાવ એ છે કે, દેવભવનો સ્વભાવ જ એવો છે કે આટલું ઉત્તમ ચિત્ત હોવા છતાં અવિરતિનું આપાદક એવું અપ્રત્યાખ્યાનાવરણીય કર્મ મંદ એવું પણ દેવભવમાં વર્તે છે, તે ભવસ્વભાવને કારણે છે. જો તેવું ઉપશાંત ચિત્ત મનુષ્યભવમાં હોય તો વિરતિની પરિણતિ અવશ્ય થાય. અને દેવભવમાં ભવસ્વભાવ જ શરણ છે તેની પુષ્ટિ કરતાં કહે છે કે, જો ભવસ્વભાવ શરણ ન માનો તો તિર્યંચને દેશવિરતિ સંભળાય છે પણ દેવોને નહીં, તેમાં કોણ નિયામક છે? અર્થાત્ ભવસ્વભાવ વિના કોઇ નિયામક નથી.

**ટીકા :-** **'चरणदानादिलब्धीनां तत्र किं फलम् ?' इति चेत् ? भवदभिमतं न किञ्चिद्, न चैतावता काचन हानिरस्ति, न हि प्रयोजनक्षतिभिया सामग्री कार्यं नार्जयति, स्वभावस्तु तासामक्षत एव, विषयोपनिपाताभावमात्रेणैव व्यक्तीनामजननात्, अन्यथा प्रागिव परिणामविवर्त्तानजनयन् सिद्धोऽपि नूनं निःस्वभावः स्यात् । 'ऋजुसूत्रनयेन प्रतिक्षणं शुद्धपरिणामान् जनयत्येवासावि'ति चेत् ? तर्हि तन्नयेनैव पूर्वपूर्वक्षणापन्नास्ता अपि उत्तरोत्तरक्षणाक्रान्तास्ता जनयन्तीति तुल्यम् । 'प्राक्तनफलं न जनयन्ती'ति चेत् ? प्राक्तनं फलमसावपि न जनयतीति तुल्यम् !**

**ટીકાર્થ :-** **'चरणदानादि'** અહીં સિદ્ધાંતકાર આ પ્રમાણે કહે કે, ચરણદાનાદિલબ્ધિઓનું ત્યાં=સિદ્ધમાં, શું ફળ છે? તો તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે, તમને અભિમત કાંઇ ફળ નથી અને એટલા માત્રથી કોઇ હાનિ નથી. કેમ કે પ્રયોજનક્ષતિના ભયથી સામગ્રી કાર્યને પેદા કરતી નથી એવું નથી. વળી સ્વભાવ તેઓનો= ચરણદાનાદિ લબ્ધિઓનો, અક્ષત જ છે.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે ચરણદાનાદિ લબ્ધિઓ પોતાનું કાર્ય કરતી નહીં હોવા છતાં તેઓનો સ્વભાવ અક્ષત કેમ છે? તેથી કહે છે -

**ટીકાર્થ :- 'विषय'** - વિષયઉપનિપાતના અભાવમાત્રથી જ કાર્યરૂપ વ્યક્તિનું અજનન છે.

**'अन्यथा'** - પૂર્વમાં કહ્યું કે દાનાદિલબ્ધિઓ સિદ્ધમાં હોવા છતાં વિષયઉપનિપાતના અભાવમાત્રથી જ કાર્યરૂપ વ્યક્તિને પેદા કરતી નથી. તેની પુષ્ટિ કરતાં કહે છે કે અન્યથા=એમ ન માનો તો, સિદ્ધનો જીવ પણ પૂર્વની જેમ પરિણામવિવર્તને પેદા નહીં કરતો ખરેખર નિઃસ્વભાવ થશે.

**ભાવાર્થ :-** સિદ્ધાંતકારને એ કહેવું છે કે, ચરણદાનાદિલબ્ધિઓ જો મોક્ષમાં પણ જીવની સાથે જતી હોય તો ત્યાં તેઓનું ફળ શું છે ? તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે, તમને જેવું અભિમત છે તેવું તો કોઇ ફળ ત્યાં હોતુ નથી, પરંતુ એટલામાત્રથી કોઇ હાનિ થતી નથી. કારણ કે કાર્યનું કોઇ પ્રયોજન નથી એવા ભયથી સામગ્રી કાર્યોત્પાદ ન કરે એવું બનતું નથી. તેથી ચારિત્રમોહાદિકર્મક્ષયરૂપ સામગ્રી ચારિત્રાદિ સ્વભાવોને ઉત્પન્ન તો કરે જ છે. વળી મોક્ષઅવસ્થામાં ચરણદાનાદિલબ્ધિઓનો સ્વભાવ અક્ષત જ છે.

અહીં પ્રશ્ન થાય કે, ચરણદાનાદિલબ્ધિઓ પોતાનું કાર્ય કરતી નહીં હોવા છતાં તેઓનો સ્વભાવ અક્ષત કેમ છે ? તેથી કહે છે કે, વિષયઉપનિપાતના અભાવમાત્રથી જ કાર્યરૂપ વ્યક્તિનું અજનન છે.કહેવાનો આશય એ છે કે, જેમ સંસારમાં ચરણદાનાદિલબ્ધિઓ છે તેમ સિદ્ધાવસ્થામાં પણ છે. પરંતુ સંસારમાં ચારિત્રના વિષયભૂત કર્મ વિદ્યમાન છે તેથી ચારિત્ર કર્મનાશની ક્રિયા કરે છે, પરંતુ સિદ્ધમાં ચારિત્રના વિષયભૂત કર્મનો અભાવ હોવાના કારણે કર્મનાશરૂપ કાર્યવ્યક્તિને ચારિત્ર પેદા કરતું નથી; કેમ કે ચારિત્રનું કાર્ય એ કર્મનાશ છે અને તે કાર્ય પેદા થઇ ગયું છે. તે જ રીતે દાનલબ્ધિનું કાર્ય સંસારમાં દાન આપવાની પ્રવૃત્તિ છે, અને સિદ્ધમાં સ્વભાવરૂપ દાનલબ્ધિ ક્ષાયિકભાવરૂપે હોવા છતાં શરીર અને દેય પુદ્ગલો ત્યાં નહીં હોવાથી દાનક્રિયારૂપ કાર્ય ત્યાં પેદા થતું નથી; તો પણ દાનાદિ લબ્ધિઓનો ક્ષાયિકભાવરૂપે વર્તતો સ્વભાવ સિદ્ધમાં અક્ષત જ છે. અને દાનાદિલબ્ધિઓ સિદ્ધમાં હોવા છતાં વિષયઉપનિપાતના અભાવમાત્રથી જ કાર્યવ્યક્તિને પેદા કરતી નથી. (સિદ્ધમાં દાનાદિ લબ્ધિઓ કર્મના ક્ષયથી પેદા થઇ હોવા છતાં દાનાદિની સામગ્રીનો અભાવ હોવાને કારણે જ સિદ્ધોમાં દાનાદિ ક્રિયાઓ થતી નથી.) તેમ ન માનો તો સિદ્ધનો જીવ પણ પૂર્વની જેમ પરિણામવિવર્તને પેદા કરતો નથી, અર્થાત્ સંસારઅવસ્થામાં નવા નવા ભવાદિરૂપ પરિણામોને પામતો હતો તેવા પરિણામો સિદ્ધ અવસ્થામાં કરતો નથી, તેથી ખરેખર નિઃસ્વભાવ થશે.

કહેવાનો આશય એ છે કે, સંસારવર્તી જીવોમાં ચેતના છે અને તે ચેતના રાગાદિના પરિણામરૂપ વિવર્તોને પેદા કરે છે. 'રાગાદિ'માં આદિથી દેવ-મનુષ્યાદિરૂપ વિવર્તો, ચારિત્રાદિના વિવર્તોનું ગ્રહણ કરવું. અને તે જ ચેતના સિદ્ધાવસ્થામાં છે, તો પણ સંસારી અવસ્થામાં જેવા પરિણામના વિવર્તો થતા હતા તેવા સિદ્ધાવસ્થામાં થતા નથી; તેથી સિદ્ધાવસ્થામાં રહેતી ચેતના નિઃસ્વભાવ છે તેમ માનવું પડશે, અને તેથી સિદ્ધને પણ નિઃસ્વભાવ કહેવાનો પ્રસંગ આવશે; કેમ કે પૂર્વની જેમ કાર્યવ્યક્તિને સિદ્ધના જીવ પેદા કરતા નથી. જેમ સંસારવર્તી જીવોમાં દાનાદિલબ્ધિઓ કાર્યવ્યક્તિને પેદા કરતી હોવા છતાં સિદ્ધાવસ્થામાં કાર્યવ્યકિતને પેદા કરતી નથી, માટે સિદ્ધના જીવોનો ક્ષાયિકભાવે દાનાદિલબ્ધિસ્વભાવ નથી તેમ કહો છો; તે રીતે સંસારમાં સિદ્ધના જીવો હતા ત્યારે તેમની ચેતના પરિણામના વિવર્તોને પેદા કરતી હતી, હવે સિદ્ધાવસ્થામાં તેઓની ચેતના પરિણામના વિવર્તરૂપ કાર્ય કરતી નથી, માટે સિદ્ધોમાં તે ચેતના નથી તેમ સ્વીકારીને, સિદ્ધોને ચેતના સ્વભાવ વગરના માનવા પડશે.

**ટીકાર્થ :- 'ऋजुसूत्र'** - અહીં સિદ્ધાંતી આ પ્રમાણે કહે કે, ઋજુસૂત્રનયવડે પ્રતિક્ષણ શુદ્ધ પરિણામોને આ=સિદ્ધનો જીવ, પેદા કરે છે. તો તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે, તો પછી તે નયવડે જ=ઋજુસૂત્રનયવડે જ, પૂર્વ પૂર્વ ક્ષણને પામેલ (પૂર્વપૂર્વક્ષણઆક્રાન્ત) તેઓ પણ=ચરણદાનાદિલબ્ધિઓ પણ, ઉત્તર ઉત્તર ક્ષણને પામેલ (ઉત્તરઉત્તરક્ષણઆક્રાન્ત) તેઓને=ચરણદાનાદિલબ્ધિઓને, પેદા કરે છે એ પ્રમાણે તુલ્ય છે. અહીં સિદ્ધાંતી આ પ્રમાણે કહે કે (તે લબ્ધિઓ) પ્રાક્તન ફળને પેદા કરતી નથી, અર્થાત્ તે લબ્ધિઓ સંસારઅવસ્થામાં જેવું ફળ આપતી હતી તેવું સિદ્ધાવસ્થામાં આપતી નથી. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે આ પણ=જીવ પણ, પ્રાક્તન ફળને પેદા કરતો નથી, એ પ્રમાણે તુલ્ય છે.

**ટીકા :- अथ चारित्रं यद्यध्यवसायरूपं तर्हि तस्योपयोगरूपत्वेन केवलिनामुपयोगत्रयापत्तिः, यदि च योगस्थैर्यरूपं तदा तद्विलयादेव तद्विलय इति चेत् ? न, अध्यवसायरूपत्वेऽपि तस्य सम्यक्त्वस्येवोपयोग-त्वेनाऽविवक्षणात्, वीर्यविशेषरूपत्वेऽप्यनन्तवीर्येषु सिद्धेषु तत्संभवात् । वस्तुतः सम्यक्त्वजातीयः परिणामविशेषश्चारित्रं न तु वीर्यविशेषरूपं, अन्यथा चारित्रमोहनीयप्रकृतयो वीर्यान्तरायप्रकृतित्वमासा-दयेयुः ।**

**ટીકાર્થ :- 'अथ चारित्रं'** - '**अथ**'થી સિદ્ધાંતી આ પ્રમાણે કહે કે, ચારિત્ર જો અધ્યવસાયરૂપ છે, તો તેનું=ચારિત્રનું, ઉપયોગરૂપપણું હોવાથી કેવલીઓને ત્રણ ઉપયોગ માનવાની આપત્તિ આવશે. અને જો (ચારિત્ર) યોગસ્થૈર્યરૂપ છે તો તેના વિલયથી=યોગના વિલયથી, જ તેનો વિલય=ચારિત્રનો વિલય, થશે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું. કેમ કે અધ્યવસાયરૂપપણું હોવા છતાં પણ તેની=ચારિત્રની, સમ્યક્ત્વની જેમ ઉપયોગપણા વડે અવિવક્ષા છે. (અને) વીર્યવિશેષરૂપપણામાં પણ અનંતવીર્યવાળા સિદ્ધોમાં તેનો=ચારિત્રનો, સંભવ છે.

**ઉત્થાન :-** વાસ્તવિક ચારિત્ર પદાર્થ શું છે, તે બતાવતાં '**वस्तुतः**'થી ગ્રંથકાર કહે છે -

**ટીકાર્થ :- 'वस्तुतः'** - વાસ્તવિક રીતે સમ્યક્ત્વજાતીય પરિણામવિશેષ ચારિત્ર છે, પરંતુ વીર્યવિશેષરૂપ (ચારિત્ર) નથી. અન્યથા=ચારિત્રને વીર્યવિશેષરૂપ માનો તો, ચારિત્રમોહનીયની પ્રકૃતિઓ વીર્યાંતરાયની પ્રકૃતિપણાને પામે.

**ટીકા :- न चैवं प्रयत्नरूपतां विना चारित्रस्य मोक्षजनकत्वं न स्यात्, अन्यथा तस्याऽपुरुषार्थत्वप्रसङ्गादिति वाच्यं, लब्धिवीर्यस्य करणवीर्यमात्रव्यापारकत्वेऽपि कर्मक्षपणस्य चारित्रव्यापारत्वात्, क्रियारूप-चारित्रान्तर्भावितप्रयत्नमादायैव मोक्षस्य पुरुषार्थत्वात् । एवं च सिद्धे सिद्धानां चारित्रे तदचारित्र-प्रतिपादकानि वचनान्येकदेशमादायैव विश्राम्यन्तीति किमतिप्रसक्तानुप्रसक्त्या ? ॥१५७॥**

**ટીકાર્થ :- न चैवं** - આ રીતે = વસ્તુતઃ ચારિત્ર સમ્યક્ત્વજાતીય પરિણામવિશેષ છે એ રીતે, પ્રયત્નરૂપતા વિના ચારિત્રનું મોક્ષજનકપણું નહીં થાય. અન્યથા=પ્રયત્નરૂપતા વિના ચારિત્રનું મોક્ષજનકપણું માનશો તો, મોક્ષના

અપુરુષાર્થપણાનો પ્રસંગ પ્રાપ્ત થશે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે લબ્ધિવીર્યનું કરણવીર્યમાત્ર વ્યાપારકત્વ હોવા છતાં પણ કર્મક્ષપણનું ચારિત્રવ્યાપારપણું છે.

**ઉત્થાન :-** અહીં મોક્ષના અપુરુષાર્થપણાનો પ્રસંગ આપ્યો તેના નિવારણ માટે કહે છે -

**ટીકાર્થ :- 'क्रिया'** - ક્રિયારૂપ ચારિત્રના અંતર્ભાવિત પ્રયત્નને ગ્રહણ કરીને જ મોક્ષનું પુરુષાર્થપણું છે. (પરંતુ જીવના પરિણામરૂપ ચારિત્રને ગ્રહણ કરીને મોક્ષનું પુરુષાર્થપણું નથી.)

**ભાવાર્થ :-** પૂર્વમાં ચારિત્ર વીર્યવિશેષરૂપ નથી એમ કહ્યું, તેથી તે પ્રયત્નરૂપ નથી એમ પ્રાપ્ત થયું; અને નિશ્ચયનય માને છે કે જ્ઞાનથી મોક્ષ થતો નથી પરંતુ ચારિત્રથી મોક્ષ થાય છે, અને તે ચારિત્ર જ્ઞાનને અનુકૂળ પ્રયત્નરૂપ છે તેમ સિદ્ધાંતકાર કહે છે; અને ચારિત્ર પ્રયત્નરૂપ ન હોય તો, જ્ઞાન-દર્શનની જેમ આત્માના પરિણામરૂપ સિદ્ધ થાય તો ચારિત્ર મોક્ષજનક બનશે નહીં. આમ છતાં, ચારિત્રને મોક્ષજનક માનશો તો ચારિત્ર એ પુરુષકારરૂપ નથી છતાં મોક્ષજનક છે એમ પ્રાપ્ત થવાથી, મોક્ષ એ પુરુષાર્થ કહી શકાશે નહીં; કેમ કે પ્રયત્નથી જે પ્રાપ્ય હોય તે જ પુરુષાર્થ કહેવાય. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે લબ્ધિવીર્યનું કરણવીર્યમાત્ર વ્યાપારકપણું હોવા છતાં પણ કર્મક્ષપણનું ચારિત્રવ્યાપારપણું છે.

આશય એ છે કે, જીવમાં શક્તિરૂપે વીર્ય છે તે લબ્ધિરૂપ છે, અને તે વીર્યને ફોરવવામાં આવે ત્યારે તે કરણવીર્યમાત્રને પ્રવર્તાવે છે; પરંતુ તે વીર્યથી નિર્જરા થતી નથી કે જેથી નિર્જરામાં પ્રયત્નની આવશ્યકતા રહે. પરંતુ ચારિત્રને અનુકૂળ વીર્ય પ્રવર્તનથી જીવમાં સમ્યક્ત્વજાતીય પરિણામવિશેષરૂપ ચારિત્ર પેદા થાય છે, તે જ કર્મક્ષપણરૂપ કાર્ય કરે છે. તેથી કર્મક્ષયને યત્નની અપેક્ષા રહેતી નથી, પરંતુ જીવમાં ચારિત્રનો પરિણામ નિષ્પન્ન થાય તો કર્મક્ષપણ અવશ્ય થાય છે, અને ચારિત્રના પરિણામની નિષ્પત્તિ કે સમ્યક્ત્વના પરિણામની નિષ્પત્તિ માટે યત્ન તો અવશ્ય જોઇએ છે. કેમ કે તત્ પ્રતિબંધક કર્મ તે પરિણામને સ્ફુરણ થવા દેતાં નથી. તેથી તે પ્રતિબંધક કર્મથી જીવનો વિપરીત ભાવ સ્ફુરણ થાય છે, અને તે વિપરીત ભાવને અવરુદ્ધ કરીને જીવના પરિણામને સ્ફુરણ કરવા માટે બાહ્ય આચરણામાં જીવ યત્ન કરે છે. તેનાથી જીવમાં સમ્યક્ત્વના કે ચારિત્રના પરિણામ સ્ફુરણ થાય છે, અને તે ચારિત્રના પરિણામ વીર્યરૂપ નહીં હોવા છતાં જીવમાં રહેલા કર્મના ક્ષપણ માટે સમર્થ બને છે. તેથી ચારિત્રથી કર્મનાશ થાય છે માટે ચારિત્ર મોક્ષજનક છે.

**ઉત્થાન :-** પૂર્વમાં મોક્ષને અપુરુષાર્થત્વનો પ્રસંગ આપ્યો, તેના નિવારણ માટે કહે છે -

**ટીકાર્થ :- 'क्रियारूप'** - ક્રિયારૂપ ચારિત્રના અંતર્ભાવિત પ્રયત્નને ગ્રહણ કરીને જ મોક્ષનું પુરુષાર્થપણું છે. (પણ જીવના પરિણામરૂપ ચારિત્રને ગ્રહણ કરીને મોક્ષનું પુરુષાર્થપણું નથી.)

**'एवं च'** અને આ રીતે=સાંપ્રદાયિકમતે સિદ્ધ કર્યું કે સિદ્ધમાં ચારિત્ર માનવામાં ઉપરોક્ત કોઇ દોષ નથી એ રીતે, સિદ્ધોને ચારિત્ર સિદ્ધ થયે છતે, તદ્=તેમાં=સિદ્ધમાં, અચારિત્ર પ્રતિપાદક વચનો, એક દેશને ગ્રહણ કરીને જ વિશ્રામ પામે છે=ચારિત્રનો એક દેશ ક્રિયા છે, અને અન્યદેશ પરિણામ છે, તેમાંથી ક્રિયારૂપ એક દેશને ગ્રહણ

કરીને જ વિશ્રામ પામે છે. એથી કરીને અતિપ્રસક્ત એવી અનુપ્રસક્તિ વડે શું ? અર્થાત્ પૂર્વમાં કહેલ કે આઠ કર્મના ક્ષયથી આઠ ગુણો પ્રાદુર્ભાવ થાય છે, તેમાં સિદ્ધાંતકારે જે અનુપ્રસક્તિઓ આપેલ તે બધી અતિપ્રસક્ત= અસંગત છે, તેથી તેના વડે શું ? **॥૧૫૭॥**

**અવતરણિકા :-** **अथैतेषां स्वभावक्रियास्वरूपमाह -**

**અવતરણિકાર્થ :-** હવે એઓની=સિદ્ધોની સ્વભાવક્રિયાના સ્વરૂપને કહે છે -

**ભાવાર્થ :-** પૂર્વમાં ગાથા-૧૨૬માં કેવલીની સ્વભાવસિદ્ધ ક્રિયા કહી, અને સ્વભાવસિદ્ધ ક્રિયાથી તેમને સિદ્ધત્વની પ્રાપ્તિ થાય છે, તે ગાથા-૧૨૭માં બતાવ્યું. ત્યારપછી ગાથા-૧૨૮માં લબ્ધસ્વભાવવાળા થયા છતાં તેમને આઠ ગુણોનો પ્રાદુર્ભાવ થાય છે તે બતાવ્યું. એ આઠ ગુણોના પ્રાદુર્ભાવમાં ચારિત્રના પ્રાદુર્ભાવનો સિદ્ધાંતકારે વિરોધ કર્યો. તેનું સમાધાન કરીને હવે સિદ્ધોની સ્વભાવક્રિયાને બતાવે છે.

**ગાથા :-** **तेसिं सव्वा किरिया सहावसिद्धा पणट्ठकम्माणं ।**
**छण्हंपि कारगाणं एगट्ठे जं समावेसो ॥१५८॥**

(तेषां सर्वा क्रिया स्वभावसिद्धा प्रणष्टकर्म्मणाम् । षण्णामपि कारकाणामेकार्थे यत्समावेशः ॥१५८॥)

**ગાથાર્થ :-** **प्रणष्टकर्म्मणाम्** પ્રણષ્ટ=નાશ કર્યાં છે કર્મો જેમણે એવા તેઓને=સિદ્ધોને, સર્વ ક્રિયા=છએ કારકોની ક્રિયા, સ્વભાવસિદ્ધ છે; જે કારણથી છએ પણ કારકોનો એક જ અર્થમાં સમાવેશ છે. **॥૧૫૮॥**

**ટીકા :-** **तेषां सिद्धानां सर्वापि क्रिया स्वभावसिद्धा, परापेक्षाविरहात् । नन्वभेदे कथं कर्तृकर्मभावः ? न, अभेदेऽपि षण्णां कारकाणामेकत्र समावेशाद्, 'विवक्षावशात् कारकाणि भवन्ती'ति न्यायात् । तथाहि-ज्ञानादन्यो ( ? दनन्यो )ऽप्यात्मा ज्ञप्तिक्रियायां स्वतन्त्रः प्रयोक्तेति कर्त्ता, ज्ञप्तिक्रिया च तेन स्वतन्त्रेण प्राप्यमाणत्वात् कर्म । न चाऽलब्धस्य लाभः प्राप्तिरिति लब्धाया एव तस्याः कथं प्राप्तिः ? इति वाच्यम्, उत्तरोत्तरक्षणविशिष्टायास्तस्या अलब्धाया एव लाभात्, अविष्वग्भावस्यैव वा नैश्चयिकप्राप्तिरूपत्वाद् । एवं येन ज्ञानस्वभावेनासौ ज्ञप्तिं जनयति स एव ज्ञानस्वभावः साधकतमत्वात् करणम्, यदर्थमसौ ज्ञप्तिक्रियां जनयति तदस्यैव स्वरूपं सम्प्रदानं, यतश्च ज्ञेयाकारकरम्बितस्वरूपाद्विश्लेषे उत्तरस्वरूपादानं तदपादानं, यदेव चानयोस्ताद्रूप्यं स एव सम्बन्धः, यश्च गुणरूपताऽऽपन्नस्य भाजनं द्रव्यरूपः सिद्धः स एवास्याधार इति ।**

**ટીકાર્થ :-** **'तेषां'** - તે સિદ્ધોની સર્વ પણ ક્રિયા સ્વભાવસિદ્ધ છે, કેમ કે પરઅપેક્ષા રહિત છે.

❀ અહીં "તે સિદ્ધોની સર્વ પણ ક્રિયા સ્વભાવસિદ્ધ છે" એ કથનમાં "સિદ્ધોની" ન કહેતાં "તે સિદ્ધોની" એમ કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, પૂર્વે ગાથા-૧૨૬માં કેવલીની સ્વભાવસિદ્ધ ક્રિયા બતાવી, અને ત્યારપછી ગાથા-૧૨૭માં કહ્યું કે કેવલીની સ્વભાવસિદ્ધ ક્રિયાને કારણે સિદ્ધત્વ પ્રાપ્ત થાય છે. તેનો પરામર્શ કરવા માટે અહીં 'તે સિદ્ધોની' સર્વ પણ ક્રિયા સ્વભાવસિદ્ધ છે એમ કહેવું છે.

**ભાવાર્થ :-** સિદ્ધમાં ક્રિયા એ છે કે, પોતાના ગુણોમાં જ પ્રવર્તન=ગુણોને સ્ફુરણ કરવાની ક્રિયા, છે; અને 'સર્વ પણ ક્રિયા સ્વભાવસિદ્ધ છે' એમ એટલા માટે કહેલ છે કે, કોઇ એક ગુણની ક્રિયા તો સ્વભાવસિદ્ધ છે પણ સર્વ કારકોની ક્રિયા સ્વભાવસિદ્ધ છે. તેમાં હેતુ કહેલ છે કે 'પરાપેક્ષારહિત' છે. તેનું તાત્પર્ય એ છે કે, જે વ્યક્તિની ક્રિયા પરની અપેક્ષાથી થતી હોય તે સ્વભાવસિદ્ધ ક્રિયા નથી. જેમ, માટી-દંડાદિની અપેક્ષા રાખીને કુંભાર ઘટનિષ્પત્તિની ક્રિયા કરે છે, માટે કુંભારની તે ક્રિયા સ્વભાવસિદ્ધ નથી. પરંતુ આત્મામાં સર્વ કારકોનું પ્રવર્તન સ્વાભાવિક જ થાય છે, માટે તે કારકોની ક્રિયામાં અન્યની અપેક્ષા નથી, તેથી તે કારકોની ક્રિયા સ્વભાવસિદ્ધ ક્રિયા છે.

**ટીકાર્થ :- 'नन्वभेदे'** - **'ननु'**થી શંકા કરતાં પૂર્વપક્ષી કહે છે કે, અભેદમાં કર્તૃકર્મભાવ કેવી રીતે થાય? અર્થાત્ ન થાય. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું. કેમ કે અભેદમાં પણ છએ કારકોનો એક ઠેકાણે સમાવેશ થાય છે= એક જ આત્મારૂપ વ્યક્તિમાં છએ કારકો પ્રવર્તે છે (માટે અભેદ હોવા છતાં કર્તૃકર્મભાવ થાય છે.)

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે એક જ આત્મારૂપ વ્યક્તિ છએ કારકરૂપપણે કેવી રીતે પ્રવર્તી શકે? તેથી કહે છે -

**ટીકાર્થ :- 'विवक्षा'** - વિવક્ષાના વશથી કારકો થાય છે, એ પ્રકારનો ન્યાય છે.

**ભાવાર્થ :- 'ननु'**થી પૂર્વપક્ષીએ જે કહ્યું કે અભેદમાં કર્તૃકર્મભાવ કેવી રીતે થાય? ત્યાં પ્રશ્ન થાય કે પૂર્વમાં અભેદ કહેલ નથી છતાં આ પ્રકારનો પ્રશ્ન કેમ કર્યો ? તેનું તાત્પર્ય એ છે કે, છએ કારકોને અભેદ સ્વીકારીએ તો જ સર્વ ક્રિયા સ્વભાવસિદ્ધ છે તેમ કહી શકાય, અને સિદ્ધને સર્વ ક્રિયા સ્વભાવસિદ્ધ કહી તેથી પ્રશ્ન થાય કે અભેદમાં કર્તૃકર્મભાવ કઇ રીતે થઇ શકે ?

અહીં શંકાકારનું તાત્પર્ય એ છે કે, સામાન્યથી કર્તા, ક્રિયા દ્વારા જે કાર્ય કરે છે તે કર્મ કહેવાય, અને કર્તા અને કર્મનો ભેદ હોય છે. જેમ કુંભાર અને ઘટ. કર્તા અને કર્મનો જો અભેદ હોય તો કર્તૃકર્મભાવ થઇ ન શકે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે કે એ વાત બરાબર નથી. કેમ કે અભેદમાં છએ કારકોનો એક ઠેકાણે સમાવેશ થાય છે=એક જ આત્મારૂપ વ્યક્તિમાં છએ કારકો પ્રવર્તે છે. માટે અભેદ હોવા છતાં પણ કર્તૃકર્મભાવ થઇ શકે છે.

તાત્પર્ય એ છે કે, જ્યારે કુંભાર ઘટ કરે છે ત્યારે, કર્તાકારકનો સમાવેશ કુંભારમાં છે, કર્મકારકનો સમાવેશ ઘટમાં છે, કરણકારકનો સમાવેશ દંડમાં છે, સંપ્રદાનકારકનો સમાવેશ ધનમાં છે, અપાદાનકારકનો સમાવેશ માટીમાં છે અને અધિકરણકારકનો સમાવેશ ચક્રમાં છે. આ રીતે દરેક કારકોનો સમાવેશ જુદી જુદી વસ્તુમાં છે, તેથી ત્યાં, કર્તૃકર્મભાવ ભેદ હોતે છતે પ્રાપ્ત થાય છે; જ્યારે આત્મામાં જ સર્વ કારકોનો સમાવેશ થાય છે, તેને કારણે અભેદ હોવા છતાં પણ કર્તૃકર્મભાવ છે.

અહીં પ્રશ્ન થાય કે એક જ વ્યક્તિ છ કારકોરૂપ કેવી રીતે બની શકે? તેથી કહે છે કે વિવક્ષાના વશથી કારકો થાય છે, એ પ્રકારનો ન્યાય છે. તાત્પર્ય એ છે કે એક જ વ્યક્તિ વિવક્ષાથી કાકા, મામા વગેરે કહેવાય છે; તેમ એક જ વ્યક્તિ અમુક જાતની વિવક્ષા કરીએ તો કર્તારૂપ કહેવાય, અને તે જ વ્યક્તિ અન્ય રીતે વિવક્ષા કરીએ તો કર્મ પણ કહી શકાય છે. તેથી વિવક્ષાવશ કારકો થાય છે. તેથી એક ઠેકાણે જ સર્વ કારકોનો સમાવેશ થઇ શકે છે.

**ઉત્થાન :-** વિવક્ષાવશ એક જ વ્યક્તિ બધા કારકોરૂપે કેમ થાય છે? તે '**तथाहि**'થી બતાવે છે -

**ટીકાર્થ :-** '**तथाहि**' - જ્ઞાનથી અનન્ય પણ આત્મા જ્ઞપ્તિક્રિયાનો સ્વતંત્ર પ્રયોક્તા છે, એથી કર્તા છે.

**ભાવાર્થ :-** અહીં "આત્મા જ્ઞપ્તિક્રિયાનો સ્વતંત્ર પ્રયોક્તા છે" એમ ન કહેતાં જ્ઞાનથી અનન્ય પણ આત્મા જ્ઞપ્તિક્રિયાનો સ્વતંત્ર પ્રયોક્તા છે એમ કહ્યું છે. તેનું તાત્પર્ય એ છે કે, જો આત્મા જ્ઞાનથી ભિન્ન હોય તો જ્ઞપ્તિક્રિયાનો કર્તા હોય તેમાં શંકાકારનો વિરોધ નથી, કેમ કે એ રીતે તો આત્મા કર્તા બને અને જ્ઞાન કર્મ બની શકે છે. પરંતુ જ્ઞાનથી અનન્ય હોવાના કારણે પોતાનાથી અભિન્ન એવી જ્ઞપ્તિક્રિયાનો કર્તા છે એમ પ્રાપ્ત થાય છે.

અહીં જ્ઞાન અને જ્ઞપ્તિક્રિયા એક પદાર્થ છે, કેમ કે જ્ઞપ્તિક્રિયા એટલે પરિચ્છિત્તિની ક્રિયા, જે ઉપયોગનું કાર્ય છે.

**ટીકાર્થ :-** '**ज्ञप्तिक्रिया**' - અને જ્ઞપ્તિક્રિયા કર્મ છે, કેમ કે સ્વતંત્ર એવા તેના વડે પ્રાપ્યમાણપણું છે=સ્વતંત્ર એવા કર્તારૂપ આત્માવડે જ્ઞપ્તિક્રિયાનું પ્રાપ્યમાણપણું છે, તેથી જ્ઞપ્તિક્રિયા કર્મ છે.

**ભાવાર્થ :-** કર્તાથી જે પ્રાપ્યમાણ હોય તે કર્મ છે. જેમ સ્વતંત્ર એવા કુંભાર વડે કરીને ઘટ પ્રાપ્યમાણ છે માટે કર્મ છે, અને સ્વતંત્ર એવા આત્મારૂપ કર્તા વડે જ્ઞપ્તિક્રિયા=પરિચ્છિત્તિરૂપ ક્રિયા, પ્રાપ્યમાણ છે, માટે તે કર્મ છે.

**ટીકાર્થ :-** '**न च**' - અહીં શંકા થાય કે, અલબ્ધનો લાભ થવો એ પ્રાપ્તિ કહેવાય છે. એથી કરીને લબ્ધ એવી જ તેની=જ્ઞપ્તિક્રિયાની, કેવી રીતે પ્રાપ્તિ કહેવાય? તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું. કેમ કે ઉત્તર ઉત્તરક્ષણવિશિષ્ટ અલબ્ધ જ તેનો=જ્ઞપ્તિક્રિયાનો, લાભ છે.

**ભાવાર્થ :-** અહીં પૂર્વપક્ષીને એ કહેવું છે કે, જે વસ્તુ પૂર્વમાં પ્રાપ્ત ન હોય તેને જ પ્રયત્નથી પ્રાપ્ત કરાય તે પ્રાપ્તિ પદાર્થ છે, અને કર્તાથી જે પ્રાપ્યમાણ હોય તેને કર્મ કહેવાય. જેમ કુંભારને પૂર્વમાં ઘટ પ્રાપ્ત ન હતો અને પ્રયત્ન દ્વારા તે પ્રાપ્યમાણ બન્યો, તેથી ઘટ કર્મ બન્યો અને કુંભારના પ્રયત્નથી ઘટની પ્રાપ્તિ થઇ. જ્યારે જ્ઞાન તો આત્માથી અનન્ય હોવાને કારણે વિદ્યમાન છે, તેથી લબ્ધ એવી જ્ઞપ્તિક્રિયાની જીવના પ્રયત્નથી પ્રાપ્તિ છે તેમ કહી શકાય નહીં. માટે જ્ઞપ્તિક્રિયા પ્રાપ્યમાણ છે એ અર્થ પ્રાપ્ત થાય નહીં, એ પ્રકારની પૂર્વપક્ષીની શંકા છે. તેથી ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું. કેમ કે જ્ઞાન, આત્માથી અનન્ય હોવા છતાં ઉત્તર ઉત્તરક્ષણથી વિશિષ્ટ એવી જ્ઞપ્તિક્રિયા પૂર્વક્ષણમાં પ્રાપ્ત ન હતી, તેથી તે જ્ઞપ્તિક્રિયાની અપ્રાપ્તિ હતી, અને તેનો લાભ ઉત્તરક્ષણમાં થાય છે. તેથી પૂર્વક્ષણમાં અપ્રાપ્ત એવી જ્ઞપ્તિક્રિયા ઉત્તરક્ષણમાં પ્રાપ્યમાણ છે, તેથી તે 'કર્મ' છે.

**ઉત્થાન :-** વ્યવહારનય પ્રયત્નથી ઉત્તરક્ષણમાં પ્રાપ્તિ સ્વીકારે છે, અને વ્યવહારનયને આશ્રયીને બીજી ક્ષણમાં પ્રાપ્યમાણ એવી જ્ઞપ્તિક્રિયાની પ્રાપ્તિ થાય છે, અને તે કર્મકારક છે; એમ પ્રથમ સમાધાન કરીને, હવે નિશ્ચયનયની દૃષ્ટિથી સમાધાન આપતાં કહે છે-

**ટીકાર્થ :- 'अथवा'** અવિષ્વગ્ભાવનું જ નૈશ્ચયિકપ્રાપ્તિરૂપપણું છે.

**ભાવાર્થ :-** નિશ્ચયનયથી પ્રાપ્યમાણની પ્રાપ્તિ તે જ ક્ષણમાં થાય છે, અને બાહ્ય પદાર્થની જીવને પ્રાપ્તિ જ થતી નથી, પરંતુ જે ભાવો જેની સાથે અવિષ્વગ્ભાવરૂપે હોય=અપૃથગ્ભાવરૂપે હોય, તે જ તેની પાસે છે એમ કહેવાય; અને જે જેમની પાસે હોય તે જ પ્રાપ્તિ પદાર્થ છે, પરંતુ પહેલાં પોતાની પાસે ન હોય અને પાછળથી પ્રાપ્ત થાય તે પ્રાપ્તિ પદાર્થ નથી. તેથી જીવની સાથે જીવના જે ભાવો અવિષ્વગ્ભાવરૂપે છે તે જ જીવને પ્રાપ્ત થયા એમ કહેવાય છે, અને તેથી જ જીવને તે ભાવની પ્રાપ્તિ છે એમ કહેવાય. આથી જ સમ્યગ્દૃષ્ટિને સમ્યક્ત્વ થાય છે એમ નિશ્ચયનય કહે છે. તેથી જીવને જ્ઞાન સદા લબ્ધ હોવા છતાં પણ તેની પ્રાપ્તિ છે એમ કહી શકાય, માટે તે પ્રાપ્યમાણ છે તેમ પણ કહી શકાય. તેથી જ્ઞપ્તિક્રિયા પ્રાપ્યમાણ છે માટે કર્મ છે.

અહીં વિશેષ એ છે કે નિશ્ચયનયની દૃષ્ટિથી પ્રાપ્ત, પ્રાપ્તિ અને પ્રાપ્યમાણ ત્રણે ય જ્ઞાન છે. પ્રતિક્ષણ જ્ઞાનનો ઉપયોગ સ્ફુરણ થઇ રહ્યો છે તે ક્ષણમાં જ્ઞપ્તિક્રિયા પ્રાપ્યમાણ છે, અને **'क्रियमाणं कृतं'** એ ન્યાયથી પ્રાપ્યમાણની પ્રાપ્તિ છે, અને જ્ઞાન જ્ઞાનભાવરૂપે સદા જીવને પ્રાપ્ત છે.

**ટીકાર્થ :- 'एवं येन'** - એ રીતે=જેમ પ્રાપ્યમાણ હોવાને કારણે જ્ઞપ્તિક્રિયા કર્મ છે એ રીતે, જે જ્ઞાનસ્વભાવવડે આ=જીવ, જ્ઞપ્તિને પેદા કરે છે, તે જ જ્ઞાનસ્વભાવ સાધકતમપણું હોવાને કારણે=સાધકતમ કારણ હોવાને કારણે, કરણ છે.

**ભાવાર્થ :-** આત્મા સ્વતંત્ર પ્રયોક્તા હોવાના કારણે કર્તા છે, જેમ કુંભાર ઘટનો કર્તા છે. અને જ્ઞપ્તિક્રિયા = જ્ઞપ્તિ = પરિચ્છિત્તિ, પ્રાપ્યમાણ હોવાને કારણે કર્મ છે. જેમ કુંભારના પ્રયત્નથી પ્રાપ્યમાણ હોવાને કારણે ઘટ કર્મ છે, અને જે રીતે કુંભાર વ્યાપૃત દંડ વડે ઘટને પેદા કરે છે, તે જ રીતે આત્મા વ્યાપૃત એવા જ્ઞાનસ્વભાવ વડે જ્ઞપ્તિને પેદા કરે છે=ઉપયોગરૂપ જ્ઞાનવડે પરિચ્છિત્તિને પેદા કરે છે.

અહીં પૂર્વમાં કહ્યું કે **'ज्ञप्तिक्रिया ... कर्म'** અને પછી કહ્યું કે **'येन ज्ञानस्वभावेनासौ ज्ञप्तिं जनयति ..'** ત્યાં જ્ઞપ્તિ અને જ્ઞપ્તિક્રિયા એક જ છે. અહીં જ્ઞાનને કરણ કહ્યું અને જ્ઞપ્તિને કર્મ કહ્યું ત્યાં પ્રશ્ન થાય કે, જ્ઞાન જ જ્ઞપ્તિ છે તેથી જ્ઞાન કરણ અને જ્ઞપ્તિ કર્મ કઇ રીતે થઇ શકે? તેનું સમાધાન એ છે કે, જ્ઞાનનો ઉપયોગ અને જ્ઞપ્તિ=પરિચ્છિત્તિ, કથંચિત્ એક હોવા છતાં અને એક કાળમાં વર્તતા જ્ઞાનરૂપ હોવા છતાં, કથંચિત્ કાર્યકારણરૂપે ભિન્ન છે. તેથી જ્ઞાનનો ઉપયોગ કરણ છે અને જ્ઞપ્તિ એ કાર્ય છે.

**ટીકાર્થ :- 'यदर्थमसौ'** જેના માટે આ જીવ જ્ઞપ્તિક્રિયાને પેદા કરે છે, તે આનું જ સ્વરૂપ સંપ્રદાન છે.

**ભાવાર્થ :-** જીવ પોતાનું સુખરૂપ જે સ્વરૂપ છે તેના માટે જ્ઞપ્તિક્રિયાને પેદા કરે છે, અર્થાત્ જીવ જ્ઞપ્તિક્રિયાને પેદા કરે તો જ્ઞાનથી અભિન્ન એવા સુખસ્વરૂપનું સંવેદન કરી શકે. માટે તે જ=જ્ઞાનથી અભિન્ન એવું જીવનું જ સુખસ્વરૂપ, સંપ્રદાન છે.જેમ કુંભાર ધન માટે અથવા તો જલધારણ માટે ઘટને કરે છે, તેથી ધન કે જલધારણ સંપ્રદાન છે, તેમ જીવનું જ્ઞાનરૂપ સુખસ્વરૂપ સંપ્રદાન છે.

**ટીકાર્થ :-'યતશ્ચ'** - અને જે જ્ઞેયાકારથી કરંબિત એવા સ્વરૂપથી વિશ્લેષ થયે છતે ઉત્તરસ્વરૂપનું આદાન (થાય છે) તે=પૂર્વનું જ્ઞેયાકારથી કરંબિત સ્વરૂપ, અપાદાન છે.

**ભાવાર્થ :-** માટીમાંથી ઘડો પેદા થાય છે માટે માટી એ અપાદાન છે, તેમ જીવનું પ્રતિક્ષણ જ્ઞેયાકારથી કરંબિત સ્વરૂપ ઉત્તર-ઉત્તરભાવરૂપે પરિણામ પામે છે, તેથી પૂર્વના જ્ઞેયાકાર કરંબિત સ્વરૂપથી જીવ છૂટો પડીને ઉત્તરસ્વરૂપે પરિણામ પામે છે, તેથી પૂર્વનું જ્ઞેયાકારથી કરંબિત સ્વરૂપ અપાદાન છે.

**ટીકાર્થ :-'યદેવ'** - જે જ આ બંનેનું=જ્ઞાન અને આત્માનું, તાદ્રૂપ્ય=એકાકીભાવ, છે, તે જ સંબંધ છે.

**ભાવાર્થ :-** યદ્યપિ સંબંધ એ કારક નથી, તો પણ કારકના વર્ણન સાથે=પંચમી વિભક્તિથી વર્ણન કરાતા કારકના વર્ણનની સાથે, સંબંધિત ષષ્ઠી વિભક્તિનું સ્મરણ થવાથી તેનો પણ નિર્દેશ કર્યો હોય તેમ ભાસે છે.

**ટીકાર્થ :-'યશ્ચ'** - અને જે ગુણરૂપતા આપન્નનું=પ્રાપ્ત થયેલનું, દ્રવ્યરૂપ ભાજન સિદ્ધનો જીવ છે, તે જ આનો = ગુણોનો, આધાર છે.

**ભાવાર્થ :-** અહીં ગુણરૂપ ગુણો છે તેથી ગુણરૂપતા ગુણોમાં છે. માટે ગુણરૂપતા આપન્ન=પ્રાપ્ત, ગુણો છે, અને તે ગુણોનું ભાજન દ્રવ્યરૂપ સિદ્ધનો જીવ છે. અને સિદ્ધનો જીવ ગુણોનો આધાર છે, તેથી ગુણોને ધારણ કરવાની ક્રિયા સિદ્ધનો જીવ કરે છે, માટે સિદ્ધનો જીવ આધારકારક છે.

**:- છ કારકોનું સંક્ષિપ્ત સ્વરૂપ :-**

(૧) પ્રયોક્તારૂપ આત્મા કર્તાકારક બને છે.
(૨) જ્ઞાનથી અભિન્ન એવી પરિચ્છિત્તિ તે કર્મ બને છે, કેમ કે પ્રાપ્યમાણ છે.
(૩) ઉપયોગરૂપ જ્ઞાન એ કરણ બને છે, કેમ કે ઉપયોગ દ્વારા પરિચ્છિત્તિ પેદા થાય છે.
(૪) સુખરૂપ જ્ઞાન સંપ્રદાન બને છે, કેમ કે એના માટે જ્ઞપ્તિક્રિયા જીવ કરે છે.
(૫) પૂર્વનું જ્ઞાન અપાદાન બને છે, કેમ કે પૂર્વપૂર્વજ્ઞાન ઉત્તરઉત્તરજ્ઞાનરૂપે થાય છે ત્યારે, પૂર્વના જ્ઞાનથી વિશ્લેષ= અપાદાન, થાય છે.
(૬) ગુણોના આધારરૂપે આત્મા અધિકરણ બને છે, અને જ્ઞાન અને આત્માનો તાદ્રૂપ્ય છે, તે સંબંધ છે.

આ રીતે છએ કારકો એક આત્મારૂપ પદાર્થમાં જ સમાવેશ પામે છે. જો આત્મા અને જ્ઞાન, કુંભાર અને ઘટની જેમ પૃથક્ હોત તો છએ કારણોનો એકત્ર સમાવેશ ન થાય.

**ટીકા :- नन्वन्यत्रैवं समावेशाऽदर्शनाददृष्टकल्पनमिदमिति चेत् ? तत्किं** '[१]आत्मानमात्मना वेत्ति' **[ यो. शा. ४-२ ] इत्यादि प्रयोगा विस्मृताः । 'तत्र विषयत्वरूपं कर्मत्वमाश्रयत्वरूपं कर्तृत्वं च नोक्तमि'ति चेत् ? विवक्षाधीने कारके का वा भाक्ताऽभाक्तव्यवस्था ? 'प्रयोगबाहुल्याऽबाहुल्यानुसारिणीयमि'ति चेत् ? सेयं स्वेच्छानुसारेणैव प्रमाणमिति दिग् । एवं दर्शनादिक्रियाणामपि स्वभावसिद्धत्वमुन्नेयम्, न हि तेषां काचन विभावक्रियाऽस्ति यस्यां स्वभावो न निविशेत,**

**ટીકાર્થ :- 'ननु'**થી પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, અન્યત્ર આ પ્રકારે સમાવેશનું, અદર્શન હોવાથી આ અદષ્ટકલ્પન છે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે, તો શું "આત્માને આત્મા વડે જાણે છે" ઇત્યાદિ પ્રયોગો વિસ્મૃત થઇ ગયા?

**ભાવાર્થ :-** પૂર્વપક્ષનો કહેવાનો આશય એ છે કે, પૂર્વમાં છએ કારકોનો એકત્ર સમાવેશ કર્યો તે અદષ્ટકલ્પન છે, કેમ કે અન્યત્ર આવા પ્રકારનો=એક જ વ્યક્તિમાં છએ કારકોનો સમાવેશ દેખાતો નથી; પરંતુ સર્વત્ર ભિન્ન ભિન્ન વ્યક્તિમાં ભિન્ન ભિન્ન કારકત્વ દેખાય છે. જેમ કુંભારમાં કર્તા કારકત્વ, ઘટમાં કર્મકારકત્વ, દંડમાં કરણકારકત્વ ઇત્યાદિ દેખાય છે. તેના સમાધાનરૂપે કહે છે કે **'आत्मानमात्मना वेत्ति'** ઇત્યાદિ પ્રયોગો સર્વ કારકોના એક ઠેકાણે સમાવેશને બતાવે છે, તે શું તમારા વડે વિસ્મૃત થઇ ગયા?

**ટીકાર્થ :- 'तत्र'** - અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે છે કે, ત્યાં=**'तथाहि'**થી તમે છએ કારકો એકત્ર બતાવ્યાં ત્યાં, વિષયત્વરૂપ કર્મત્વ અને આશ્રયત્વરૂપ કર્તૃત્વ કેમ ન કહ્યું? તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે, વિવક્ષાઆધીન કારકમાં શું ભાક્તવ્યવસ્થા અથવા શું અભાક્તવ્યવસ્થા? વિવક્ષાઆધીન કારક હોવાને કારણે ભાક્ત-અભાક્ત વ્યવસ્થા નથી.

**ભાવાર્થ :-** પૂર્વપક્ષીના કથનનું તાત્પર્ય એ છે કે, સામાન્ય રીતે કર્તા જે ક્રિયા કરે છે તેનો જે વિષય હોય તેને કર્મ કહેવાય છે. જેમ કુંભારની ક્રિયાનો વિષય ઘટ છે માટે ઘટ કર્મ છે. અને કાર્યને અનુકૂળ જે ક્રિયા છે તેનો આશ્રય જે હોય તે કર્તા છે. જેમ ઘટરૂપ કાર્યને અનુકૂળ કુંભારની જે ક્રિયા છે તેનો આશ્રય કુંભાર છે. માટે ક્રિયાના વિષયત્વરૂપ કર્મત્વ છે અને ક્રિયાના આશ્રયત્વરૂપ કર્તૃત્વ છે એમ તમે ન કહ્યું, પરંતુ જ્ઞપ્તિક્રિયાનો જે સ્વતંત્ર પ્રયોક્તા છે તેને કર્તા કહ્યો અને જ્ઞપ્તિક્રિયા પ્રાપ્યમાણ છે માટે તેને કર્મ કહ્યું, પરંતુ ક્રિયાના વિષયને કર્મ ન કહ્યું. વાસ્તવિક રીતે કુંભારની ક્રિયા કુંભાર વડે પ્રાપ્યમાણ છે છતાં કર્મ થતી નથી, પરંતુ કુંભારની ક્રિયાનો વિષય ઘટ છે તે કર્મ થાય છે. તેમ પ્રસ્તુતમાં વિષયત્વરૂપ કર્મત્વ અને આશ્રયત્વરૂપ કર્તૃત્વ તમે કહ્યું નથી, તેથી તમારા પ્રયોગમાં છએ કારકો ઉપચરિત છે, અને કુંભારની ઘટક્રિયામાં છએ કારકો અનુપચરિત છે, એ પ્રકારનો શંકાકારનો આશય છે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે વિવક્ષાને આધીન કારક હોવાને કારણે ભાક્ત-અભાક્ત વ્યવસ્થા નથી.

---

૧. आत्मानमात्मना वेत्ति मोहत्यागाद्य आत्मनि । तदेव तस्य चारित्रं तज्ज्ञानं तच्च दर्शनम् ॥

આશય એ છે કે, વિષયત્વરૂપ કર્મત્વ અને આશ્રયત્વરૂપ કર્તૃત્વ એ જ મુખ્ય=અનુપચરિત છે, અને જ્ઞપ્તિક્રિયામાં સ્વતંત્ર પ્રયોક્તા કર્તા અને પ્રાપ્યમાણ જ્ઞપ્તિક્રિયા કર્મ એ ઉપચરિત છે એવું નથી; કેમ કે વિવક્ષાને આધીન કારકો છે. કહેવાનો ભાવ એ છે કે પૂર્વપક્ષીને એ કહેવું છે કે, કુંભારમાં આશ્રયત્વરૂપ કર્તૃત્વ અને ઘટાદિમાં વિષયત્વરૂપ કર્મત્વ ઇત્યાદિને ગ્રહણ કરીને છ કારકો પ્રાપ્ત થાય છે, માટે તે છએ કારકોનો એકત્ર સમાવેશ હોતો નથી, અને તે જ અભાક્ત=મુખ્ય=અનુપચરિત વ્યવસ્થા છે. અને તમે જે સ્વતંત્ર પ્રયોક્તાને કર્તા અને પ્રાપ્યમાણને કર્મ કહીને છએ કારકોનો એકત્ર સમાવેશ કરો છો, એ ભાક્ત=ઉપચરિત=ગૌણ, વ્યવસ્થા છે. તેથી ગ્રંથકાર કહે છે કે વિવક્ષાધીન કારકો હોય છે, તેથી ભિન્ન ભિન્ન સ્થાનમાં કારકોની પ્રાપ્તિ થાય છે તે મુખ્ય=અનુપચરિત છે, અને એક જ વ્યક્તિમાં ઉપરમાં બતાવ્યા એ રીતે કારકો ઉપચરિત છે એમ કહી શકાય નહીં. કેમ કે વિવક્ષાને આધીન કારકો છે=કર્તાનિષ્ઠ કાર્યને ગ્રહણ કરીને જ્યારે વિવક્ષા કરવામાં આવે ત્યારે, છએ કારકો એકત્ર પ્રાપ્ત થાય છે; અને કર્તાથી ભિન્ન કાર્યને ગ્રહણ કરીને કારકની વિવક્ષા કરવામાં આવે ત્યારે, છએ કારકો ભિન્ન ભિન્ન વિષયમાં પ્રાપ્ત થાય છે. માટે જે પ્રકારની વિવક્ષા હોય તે પ્રકારના કારકોની પ્રાપ્તિ થઇ શકે છે. તેથી વિષયત્વરૂપ કર્મત્વ અને આશ્રયત્વરૂપ કર્તૃત્વ નથી કહ્યું, છતાં કોઇ દોષ નથી.

અહીં વિશેષ એ છે કે 'ભાક્તાભાક્તવ્યવસ્થા' કહ્યું ત્યાં, મુખ્યાર્થ=અનુપચરિત, હોય તે અભાક્ત કહેવાય; અને ઉપચરિત=ગૌણ, હોય તે ભાક્ત કહેવાય. જેમ ગંગા શબ્દનો પ્રવાહ અર્થ અનુપચરિત છે, અને '**गङ्गायां घोषः**' એ પ્રયોગમાં લક્ષણાથી ગંગાનો અર્થ તીર કરવામાં આવે છે તે ઉપચારથી કહેવાય છે; તેમ પ્રસ્તુતમાં પૂર્વપક્ષીને એ કહેવું છે કે, બહિરંગકાર્યને ગ્રહણ કરીને જે કારકોનું યોજન છે તે મુખ્ય છે=કારક શબ્દનો સાક્ષાત્ અર્થ ત્યાં સંગત થાય છે, અને અંતરંગકાર્યને આશ્રયીને જે છ કારકોનું તમે યોજન કર્યું ત્યાં કારક શબ્દનો સાક્ષાત્ અર્થ પ્રાપ્ત નથી, તેથી અંતરંગ છએ કારકો ઉપચારથી છે.

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું કે વિવક્ષાઆધીન કારક હોવાને કારણે ગૌણ-મુખ્યની વ્યવસ્થા નથી, ત્યાં પૂર્વપક્ષી કહે છે -

**ટીકાર્થ :- 'પ્રયોગ'** - પ્રયોગબાહુલ્ય અને અબાહુલ્યને અનુસરનારી આ=વિવક્ષા, છે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે તે આ=વિવક્ષા, સ્વ ઇચ્છાનુસાર જ પ્રમાણ છે.

**ભાવાર્થ :-** બહુલતાએ આત્માથી ભિન્ન કાર્યને ગ્રહણ કરીને કારકોનો પ્રયોગ દેખાય છે. જેમ સંસારમાં કોઇપણ કાર્ય થાય છે ત્યાં કાર્ય આત્માથી જુદું દેખાય છે, જ્યારે '**आत्मानमात्मना वेत्ति**' ઇત્યાદિ ક્વચિત્ શાસ્ત્રીય પ્રયોગોમાં જ્ઞપ્તિક્રિયાને ગ્રહણ કરીને છએ કારકોનું યોજન એકત્ર દેખાય છે. તેથી બહુલતાએ જે પ્રયોગ થતો હોય તેને આધીન જ કારકોની વિવક્ષા થાય. જેમ ગંગા શબ્દનો બહુલતાએ પ્રવાહ અર્થ થાય છે, તેથી ગંગા શબ્દનો મુખ્ય અર્થ પ્રવાહ છે; અને ક્વચિત્ '**गङ्गायां घोषः**' ઇત્યાદિ પ્રયોગમાં ગંગા શબ્દનો અર્થ તીર થાય છે, તેથી તે પ્રયોગ ઉપચરિત કહેવાય છે; તેમ જ્યારે બહિરંગ કાર્યની વિવક્ષા કરીને કારકનો પ્રયોગ થાય તે મુખ્ય કહેવાય, અને અંતરંગકાર્યની વિવક્ષા કરીને કારકનો પ્રયોગ થાય તે ગૌણ કહેવાય એમ પૂર્વપક્ષી કહે છે. તેને ગ્રંથકાર કહે છે કે આ વિવક્ષા સ્વેચ્છાનુસાર જ પ્રમાણ છે= કાર્યને બહિરંગ ગ્રહણ કરીને કારકોનું

યોજન કરવું કે કાર્યને અંતરંગ ગ્રહણ કરીને કારકોનું યોજન કરવું એ પ્રકારની વિવક્ષા સ્વઇચ્છાનુસાર જ પ્રમાણ છે, પરંતુ પ્રયોગની બહુલતાને અનુસારે પ્રમાણ નથી. એથી બહિરંગ કાર્યની વિવક્ષા કરીને છએ કારકોનું યોજન એ અનુપચરિત છે, અને અંતરંગ કાર્યની વિવક્ષાથી છએ કારકોનું યોજન ગૌણ છે, એમ કહેવાય નહીં.

**ટીકાર્થ :- 'एवं'** એ રીતે= જે રીતે જ્ઞપ્તિક્રિયાનું સ્વભાવસિદ્ધપણું કહ્યું એ રીતે, દર્શનાદિક્રિયાઓનું પણ સ્વભાવસિદ્ધપણું વિચારી લેવું.

❀ **'दर्शनादिक्रियाणामपि'** અહીં **दर्शनादि**માં **'आदि'**પદથી ચારિત્રાદિ બધા ગુણોનું ગ્રહણ કરવું.

**ટીકાર્થ :- 'न हि'** - જે કારણથી તેઓને=સિદ્ધોને કોઇ વિભાવક્રિયા નથી કે જેમાં સ્વભાવ ન પ્રવેશી શકે..

❀ **'हि' 'यस्मात्'** અર્થક છે.

**ભાવાર્થ :-** પૂર્વમાં કહ્યું કે આ રીતે સિદ્ધની દર્શનાદિ ક્રિયાઓમાં પણ સ્વભાવસિદ્ધ ક્રિયાપણું છે, તેથી સિદ્ધના દરેક ગુણોમાં સ્વભાવસિદ્ધ ક્રિયાપણું છે તેનું કારણ સિદ્ધોમાં કોઇ વિભાવક્રિયા નથી. બધી ક્રિયાઓમાં અવશ્ય સ્વભાવનો પ્રવેશ છે.

**ઉત્થાન :-** ગાથા-૩માં અધ્યાત્મનું લક્ષણ કર્યું, અને તે અધ્યાત્મનું લક્ષણ રત્નત્રયીથી શરૂ થાય છે અને ગુણકરણાખ્ય-ક્રિયાભાવને અનુસરે છે તેમ બતાવ્યું. અને ત્યારપછી ગાથા-૧૨૬માં કેવલીને ગુણકરણાખ્યક્રિયાભાવને આશ્રયીને સ્વભાવસિદ્ધ ક્રિયા છે, તો પણ યુંજનાકરણને આશ્રયીને સ્વભાવસિદ્ધ ક્રિયા નથી તેમ બતાવીને, યુંજનાકરણને આશ્રયીને કેવલીને અધ્યાત્મ નથી એમ બતાવ્યું. અને પ્રસ્તુત ગાથા-૧૫૮માં સિદ્ધને તે સ્વભાવસિદ્ધ ક્રિયા પરિપૂર્ણ છે તે બતાવ્યું. હવે તેનું નિગમન કરતાં કહે છે-

**ટીકા :- तदेवं सर्वात्मना स्वभावसिद्धक्रियारूपं परमा( म )ध्यात्म सिद्धेष्वेव व्यवस्थितमिति कृतं तत्प्ररूपणेन श्रोतृणां कर्णयोः पीयुषपानपारणम् ॥१५८॥**

❀ **'परमाध्यात्म'** પાઠ છે ત્યાં **'परमध्यात्म'** પાઠ શુદ્ધ લાગે છે.

**ટીકાર્થ :- 'तदेवं'** તે પ્રમાણે ગાથા-૩ થી આરંભીને અત્યાર સુધી વર્ણન કર્યું તે પ્રમાણે, સર્વાત્મના=સંપૂર્ણ રીતે, સ્વભાવસિદ્ધક્રિયારૂપ પરમઅધ્યાત્મ સિદ્ધોમાં જ વ્યવસ્થિત છે, એ પ્રમાણે તેના=અધ્યાત્મના, પ્રરૂપણ વડે, શ્રોતાના કાનને અમૃતપાનનું પારણું કરાવ્યું. **॥૧૫૮॥**

**અવતરણિકા :- अथ प्रसङ्गतस्तेषामेव सिद्धानां भेदान्निरूपयितुमाह -**

**અવતરણિકાર્થ :-** હવે પ્રસંગથી તે જ સિદ્ધોના=ગાથા-૧૫૮માં કહ્યું કે "સર્વાત્મના=સંપૂર્ણ રીતે, સ્વભાવસિદ્ધક્રિયારૂપ પરમઅધ્યાત્મ સિદ્ધોમાં જ વ્યવસ્થિત છે" તે જ સિદ્ધોના, ભેદનું નિરૂપણ કરતાં કહે છે -

**ભાવાર્થ :-** અહીં પ્રસંગથી કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, **'स्मृतस्य उपेक्षानर्हत्वात्'** સ્મૃતની ઉપેક્ષા કરવી યોગ્ય ન હોવાથી પ્રસંગસંગતિ હોવાના કારણે તેનું નિરૂપણ કરે છે. અને તે પ્રસંગસંગતિ આ રીતે છે- અધ્યાત્મના વિષયમાં ઉત્સુક થયેલાને શરૂમાં ગાથા-૩માં અધ્યાત્મનું સ્વરૂપ કહ્યું, અને તેવું અધ્યાત્મ કયા મતમાં સંગત છે તેની ચર્ચા કરી, અને અંતે ગાથા-૧૫૮માં પરમઅધ્યાત્મ સિદ્ધોમાં છે એમ કહેવાથી ગ્રંથકારને સ્મરણ થયું કે, તે સિદ્ધના ભેદો છે કે નહીં એવી કોઈને જિજ્ઞાસા થાય, અને તેનું કથન ઉપેક્ષણીય નથી, પરંતુ અધ્યાત્મની જિજ્ઞાસાવાળાને તે બતાવવું જરૂરી છે, તેવું લાગવાથી પ્રસંગસંગતિના કારણે સિદ્ધોના ભેદનું નિરૂપણ કરે છે.

**ગાથા :-** **ते पुण पनरसभेया तित्थातित्थाइसिद्धभेएणं ।**
**तत्थ य थीणं सिद्धि ण खमइ खवणो अभिनिवेसी ॥१५९॥**

(ते पुनः पञ्चदशभेदास्तीर्थाऽतीर्थादिसिद्धभेदेन । तत्र च स्त्रीणां सिद्धि र्न क्षमते क्षपणोऽभिनिवेशी ॥१५९॥)

**ગાથાર્થ :- વળી તે=સિદ્ધો, તીર્થ-અતીર્થાદિ સિદ્ધના ભેદ વડે પંદર પ્રકારના હોય છે. અને ત્યાં=પંદર પ્રકારના ભેદમાં સ્ત્રીઓની સિદ્ધિ અભિનિવેશી એવો ક્ષપણ=દિગંબર, સહન કરતો નથી ,અર્થાત્ સ્વીકારતો નથી. ॥૧૫૯॥**

**ટીકા :- ते पुनः सिद्धास्तीर्थातीर्थादिभेदेन पञ्चदशविधाः, तथा च प्रज्ञापनासूत्रम्-**"[1]अणंतरसिद्धअसंसार-समावन्नगजीवपण्णवणा पन्नरसविहा पण्णत्ता, तं जहा-तित्थसिद्धा, अतित्थसिद्धा, तित्थगरसिद्धा, अतित्थगरसिद्धा, सयंबुद्धसिद्धा, पत्तेयबुद्धसिद्धा, बुद्धबोहियसिद्धा, इत्थीलिंगसिद्धा, पुरिसलिंगसिद्धा, णपुंसगलिंगसिद्धा, सलिंगसिद्धा, अण्णलिंगसिद्धा, गिहिलिंगसिद्धा, एगसिद्धा, अणेगसिद्धा" **त्ति [ सूत्र नं-] तत्र ( १ ) तीर्थे चतुर्वर्णश्रमणसङ्घरूपे प्रथमगणधररूपे वोत्पन्ने सति ये सिद्धास्ते तीर्थसिद्धाः ( २ ) अतीर्थे=तीर्थाभावे सिद्धा अतीर्थसिद्धाः, तदभावश्चानुत्पादोऽन्तराव्यवच्छेदो वा, तत्र तीर्थानुत्पादे सिद्धा मरुदेव्यादयः, तीर्थव्यवछेदेनसिद्धाः सुविधिस्वाम्याद्यपान्तरालेषु ये जातिस्मृत्यादिना विरज्याऽपवृक्ताः, ननु "तीर्यतेऽनेनेति तीर्थं" तदभावे च कथं तरणं? इति चेत्? बाह्यतीर्थाभावेऽपि क्रोधलोभोपशम-रूपाभ्यन्तरतीर्थस्य सत्त्वात्, उक्तं च -**

"[2]कोहंमि उ निग्गहिए दाहस्सोवसमणं हवइ तित्थं । लोहंमि उ निग्गहिए तण्हावोच्छेयणं होइ ॥" **त्ति । [ आ. नि. १०७८ ]**

---

१. अनंतरसिद्ध-असंसारसमापन्नकजीवप्रज्ञापना पञ्चदशविधा प्रज्ञप्ता, तद्यथा-तीर्थसिद्धाः, अतीर्थसिद्धाः, तीर्थकरसिद्धाः, अतीर्थकरसिद्धाः, स्वयंबुद्धसिद्धाः, प्रत्येकबुद्धसिद्धाः, बुद्धबोधितसिद्धाः, स्त्रीलिंगसिद्धाः, पुरुषलिंगसिद्धाः, नपुंसकलिंगसिद्धाः, स्वलिंगसिद्धाः, अन्यलिंगसिद्धाः, गृहिलिंगसिद्धाः, एकसिद्धाः, अनेकसिद्धाः ।

२. क्रोधे तु निगृहीते दाहस्योपशमनं भवति तीर्थम् । लोभे तु निगृहीते तृष्णाव्युच्छेदनं भवति ॥

( ३ ) तथा तीर्थकराः सन्तो ये सिद्धास्ते तीर्थकरसिद्धाः ( ४ ) सामान्यकेवलिनः सन्तो ये सिद्धास्तेऽतीर्थकरसिद्धाः, ( ५ ) स्वयमेव बाह्यप्रत्ययमन्तरेणैव निजजातिस्मरणादिना बुद्धाः सन्तः सिद्धाः स्वयम्बुद्धसिद्धाः, ते च तीर्थकराऽतीर्थकरभेदेन द्विविधाः, अत्र चातीर्थकरैरधिकारः ( ६ ) प्रत्येकं बाह्यं वृषभादिकं कारणमभिसमीक्ष्य बुद्धाः सन्तः सिद्धाः प्रत्येकबुद्धसिद्धाः ( ७ ) बुद्धैर्गुवादिभिर्बोधिताः संतः सिद्धा बुद्धबोधितसिद्धाः ( ८ ) स्त्रिया लिङ्गं स्त्रीलिङ्गम्, स्त्रीत्वस्योपलक्षणमित्यर्थः, तच्च त्रिधा-वेदः शरीरनिर्वृत्तिर्नेपथ्यं चेति । इह च शरीरनिर्वृत्यैवाधिकारो न वेदनेपथ्याभ्यां, तयोर्मोक्षानङ्गत्वात्, ततस्तस्मिन् लिङ्गे वर्त्तमानास्सन्तो ये सिद्धास्ते स्त्रीलिङ्गसिद्धाः, ( ९ ) तथा पुंल्लिङ्गे पुंशरीरनिर्वृत्तिरूपे विद्यमानास्सन्तो ये सिद्धास्ते पुंल्लिङ्गसिद्धाः, ( १० ) एवं नपुंसकलिङ्गसिद्धाः । तथा ( ११ ) स्वलिङ्गे= रजोहरणादिरूपे व्यवस्थिताः सन्तो ये सिद्धास्ते स्वलिङ्गसिद्धाः, ( १२ ) अन्यलिङ्गे परिव्राजकादिसम्बन्धिनि सिद्धा अन्यलिङ्गसिद्धाः ( १३ ) गृहिलिङ्गे सिद्धा गृहिलिङ्गसिद्धा मरुदेवीप्रभृतयः, ( १४ ) तथैकस्मिन् समय एकैका एव सन्तः सिद्धा एकसिद्धाः, ( १५ ) एकस्मिन्समयेऽनेके सिद्धा अनेकसिद्धाः । तत्रैतेषु सिद्धभेदेषु स्त्रीलिङ्गसिद्धं क्षपणको न क्षमते, यद्यपि गृहिलिङ्गसिद्धादिकमपि न क्षमत एवासौ तथापि प्रौढिवादोऽयम् ॥१५९॥

**ટીકાર્થ :- ते पुनः** વળી તે સિદ્ધો તીર્થ-અતીર્થાદિ ભેદવડે પંદર પ્રકારના કહ્યા છે, અને તે પ્રકારે=૧૫ પ્રકારે, સિદ્ધોના ભેદને કહેનાર પ્રજ્ઞાપના સૂત્ર છે. તે બતાવે છે- અનંતરસિદ્ધો=આંતરા વગર તરત ઉત્તરમાં થનાર સિદ્ધો=તીર્થંકરાદિ ભાવો છે તેના પછી આંતરા વગર તરત ઉત્તરમાં થનાર સિદ્ધો, કે જે અસંસારસમાપન્નક જીવો છે, તેમની પ્રજ્ઞાપના ૧૫ પ્રકારની કહેલી છે.

**ભાવાર્થ :-** અહીં અનંતરસિદ્ધ એમ કહ્યું એનાથી એ પ્રાપ્ત થાય કે, ચરમભવમાં જે તીર્થંકરાદિભાવો છે તેના ઉત્તરમાં તેઓ કૃતકૃત્ય બને છે. અને પાછા કેવા છે તે બતાવે છે- અસંસારસમાપન્નક=સંસારના અભાવને પ્રાપ્ત કરનાર એવા જીવો છે, તેમની પ્રજ્ઞાપના=ભેદોનું વર્ણન, ૧૫ પ્રકારનું કહેલ છે.

**ટીકાર્થ :- 'तं जहा'** - તે આ પ્રમાણે (૧) તીર્થસિદ્ધ (૨) અતીર્થસિદ્ધ (૩) તીર્થંકરસિદ્ધ (૪) અતીર્થંકરસિદ્ધ (૫) સ્વયંબુદ્ધસિદ્ધ (૬) પ્રત્યેકબુદ્ધસિદ્ધ (૭) બુદ્ધબોધિતસિદ્ધ (૮) સ્ત્રીલિંગસિદ્ધ (૯) પુરુષલિંગસિદ્ધ (૧૦) નપુંસકલિંગસિદ્ધ (૧૧) સ્વલિંગસિદ્ધ (૧૨) અન્યલિંગસિદ્ધ (૧૩) ગૃહિલિંગસિદ્ધ (૧૪) એકસિદ્ધ (૧૫) અનેકસિદ્ધ.

❀ **'त्ति'** શબ્દ 'પન્નવણાસૂત્ર'ના ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

**ટીકાર્થ :- 'तत्र'** - ત્યાં=પંદર પ્રકારના સિદ્ધોની પ્રજ્ઞાપના કહી ત્યાં, (૧) ચતુર્વર્ણ શ્રમણસંઘરૂપ (શ્રમણપ્રધાનચતુર્વિધસંઘરૂપ) કે પ્રથમ ગણધરરૂપ તીર્થ ઉત્પન્ન થયે છતે જેઓ સિદ્ધ થાય, તે તીર્થસિદ્ધ કહેવાય છે.

(૨) અતીર્થ= તીર્થના અભાવમાં સિદ્ધ થાય તે અતીર્થસિદ્ધ કહેવાય છે. તદભાવ= તીર્થનો અભાવ અનુત્પાદરૂપ કે અંતરાવ્યવચ્છેદરૂપ છે. ત્યાં=બે પ્રકારે તીર્થનો અભાવ કહ્યો ત્યાં, તીર્થના અનુત્પાદમાં=તીર્થ ઉત્પન્ન થયા પહેલાં સિદ્ધ થયેલા મરુદેવાદિ છે; અને તીર્થના વ્યવચ્છેદથી=તીર્થનો વિચ્છેદ થયા પછી, સિદ્ધ થયેલા, સુવિધિનાથ સ્વામી આદિના અપાંતરાલમાં=આંતરામાં, જેઓ જાતિસ્મૃત્યાદિક વડે=જાતિસ્મરણઆદિ વડે, વૈરાગ્ય પામીને સંયમ ગ્રહણ કરેલા છે.

'**ननु**''**ननु**'થી પૂર્વપક્ષી આ પ્રમાણે કહે છે કે "જેનાથી તરાય તે તીર્થ કહેવાય" (તેથી) તેના અભાવમાં=તીર્થના અભાવમાં, કેવી રીતે તરણ=તરવાનું, હોઇ શકે? તેનો ઉત્તર આપતાં કહે છે કે, બાહ્યતીર્થના અભાવમાં પણ ક્રોધ, લોભના ઉપશમરૂપ અભ્યંતર તીર્થનું સત્ત્વ=વિદ્યમાનપણું (હોવાથી તરણ છે.)

અને કહ્યું છે -

'**कोहंमि**' નિગૃહિત ક્રોધ હોતે છતે=ક્રોધનો નિગ્રહ થયે છતે, દાહનું ઉપશમન તીર્થ છે; અને નિગૃહિત લોભ હોતે છતે=લોભનો નિગ્રહ થયે છતે, તૃષ્ણાનું વ્યુચ્છેદન=નાશ, (તીર્થ) છે.

❀ '**त्ति**' શબ્દ આવશ્યકનિર્યુક્તિના ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

(૩) તથા તીર્થંકરો છતે (=તીર્થંકર થઇને) જેઓ સિદ્ધ થયેલા છે તે તીર્થંકરસિદ્ધ છે.

(૪) સામાન્યકેવલીઓ છતે (=સામાન્યકેવલીઓ થઇને) જેઓ સિદ્ધ થયેલા છે તે અતીર્થંકરસિદ્ધ છે.

(૫) સ્વયં જ બાહ્ય પ્રત્યય=બાહ્યનિમિત્ત વિના જ પોતાના જાતિસ્મરણાદિ દ્વારા બુદ્ધો છતે (=બુદ્ધ થઇને) સિદ્ધ થયેલા તે સ્વયંબુદ્ધસિદ્ધ કહેવાય છે. તેઓ=સ્વયંબુદ્ધસિદ્ધો તીર્થંકર અને અતીર્થંકર ભેદ વડે બે પ્રકારના છે. અને અહીં અતીર્થંકરો વડે અધિકાર છે.

(૬) પ્રત્યેક=બાહ્યવૃષભાદિ કારણને આશ્રયીને બુદ્ધો છતે (=બુદ્ધ થઇને) સિદ્ધ થયેલા તે પ્રત્યેકબુદ્ધસિદ્ધ છે.

(૭) બુદ્ધ = ગુર્વાદિ વડે બોધ પામે છતે (=બોધ પામીને) સિદ્ધ થયેલા તે બુદ્ધબોધિતસિદ્ધ છે.

(૮) સ્ત્રીનું લિંગ સ્ત્રીલિંગ=સ્ત્રીપણાનું ઉપલક્ષણ=સ્ત્રીપણાને જણાવનાર એ પ્રમાણે અર્થ છે. અને તે ત્રણ પ્રકારે છે. (૧) વેદ (૨) શરીરનિવૃત્તિ=શરીરરચના (૩) નેપથ્ય=વસ્ત્ર-વેશ. અને અહીં શરીરની નિવૃત્તિ વડે જ=શરીરની રચનાઓ વડે જ અધિકાર છે, વેદ-વેશવડે અધિકાર નથી. કેમ કે તે બેનું=વેદ અને વેશનું મોક્ષનું અંગપણું નથી. તે કારણથી તે લિંગમાં=(સ્ત્રીશરીરરૂપ લિંગમાં) રહેલા છતાં જેઓ સિદ્ધ થયેલા છે તેઓ સ્ત્રીલિંગસિદ્ધો છે.

(૯) તથા પુરુષશરીરની રચનારૂપ પુલ્લિંગમાં=પુરુષલિંગમાં, રહેલા છતાં જેઓ સિદ્ધ થયેલા છે તે પુલ્લિંગસિદ્ધ કહેવાય છે.

(૧૦) એ પ્રમાણે નપુંસકલિંગસિદ્ધો છે. તથા

(૧૧) રજોહરણાદિરૂપ સ્વલિંગમાં વ્યવસ્થિત છતે જેઓ સિદ્ધ થયેલા છે તેઓ સ્વલિંગસિદ્ધો છે.

(૧૨) પરિવ્રાજકાદિ સંબંધી અન્યલિંગમાં સિદ્ધ થયેલા અન્યલિંગસિદ્ધો છે.

(૧૩) ગૃહિલિંગમાં સિદ્ધ થયેલા ગૃહિલિંગસિદ્ધો મરુદેવી વગેરે છે.

(૧૪) તથા એક સમયમાં એકેક જ છતે સિદ્ધ થયેલા એકસિદ્ધ છે.

(૧૫) એક સમયમાં અનેક સિદ્ધ થયેલા અનેકસિદ્ધો છે.

'**तत्र**' - ત્યાં=પ્રજ્ઞાપનામાં કહેલ આ સિદ્ધભેદોમાં સ્ત્રીલિંગસિદ્ધને ક્ષપણક=દિગંબર, સહન કરતા નથી. જો કે આ=ક્ષપણક, ગૃહિલિંગસિદ્ધાદિકને પણ સહન કરતા નથી જ, તો પણ આ=સ્ત્રીલિંગસિદ્ધ, અંગેનો વાદ પ્રૌઢિવાદ=પ્રખ્યાતવાદ છે. **॥૧૫૯॥**

**અવતરણિકા :- अथैतस्य मतं दूषयितुमुपन्यस्यति -**

**અવતરણિકાર્થ :-** હવે એના=દિગંબરના, મતને દૂષણ આપવા માટે (ગ્રંથકાર) ઉપન્યાસ કરે છે -

**ગાથા :-** **तस्स मयं थीसिद्धा जे पुव्विं चेव खीणथीवेया ।**
**एवं पुरिसणपुंसा थीपज्जाएण नो सिद्धी ॥१६०॥**

(तस्य मतं स्त्रीसिद्धा ये पूर्वमेव क्षीणस्त्रीवेदाः । एवं पुरुषनपुंसकौ स्त्रीपर्यायेण नो सिद्धिः ॥१६०॥)

**चरणविरहेण हीणत्तणेण पावपयडीण बाहुल्ला ।**
**मणपगरिसविरहाओ सङ्घयणाभावओ चेव॥१६१॥**

(चरणविरहेण हीनत्वेन पापप्रकृतीनां बाहुल्यात् । मनःप्रकर्षविरहात् संहननाभावतश्चैव ॥१६१॥)

**ગાથાર્થ :- તેમનો=દિગંબરનો, મત છે કે જેઓ=જે પુરુષો, પૂર્વે જ ક્ષીણસ્ત્રીવેદવાળા છે, તેઓ સ્ત્રીસિદ્ધો કહેવાય છે. એ પ્રમાણે પુરુષસિદ્ધ અને નપુંસકસિદ્ધ જાણવા. સ્ત્રીપર્યાય વડે સિદ્ધિ નથી.॥૧૬૦॥**

**(સ્ત્રીપર્યાય વડે સિદ્ધિ નથી તેમાં હેતુ કહે છે -) ચારિત્રનો અભાવ હોવાથી, હીનપણાથી, પાપપ્રકૃતિઓના બાહુલ્યથી, મનના પ્રકર્ષના વિરહથી, સંઘયણના અભાવથી. (સ્ત્રીપર્યાય વડે સિદ્ધિ નથી.)॥૧૬૧॥**

**ટીકા :- इह खलु क्षपणकस्येदमभिप्रेतं- "[1]इत्थीलिङ्गसिद्धा" इति सूत्रे लिङ्गं वेदरूपमधिकृतं न तु** "[2]इत्थीए लिङ्गं इत्थिलिङ्गं, इत्थीए उवलक्खणं ति वुत्तं भवइ, तं च तिविहं वेदो, सरीरं णेवत्थं च, इह सरीरनिव्वत्तीए अहिगारो, न वेयनेवत्थेहिं" **ति नन्द्यध्ययनचूर्ण्युक्तं स्त्रीशरीररूपम्, एवं च ये पूर्वं क्षीणस्त्रीवेदाः सन्तः सिद्धास्ते स्त्रीलिङ्गसिद्धाः । एवं ये पूर्वं क्षीणपुरुषवेदाः सन्तः सिद्धास्ते पुरुषलिङ्गसिद्धाः, ये च क्षीणनपुंसकवेदाः सन्तः सिद्धास्ते नपुंसकलिंगसिद्धाः । अमुमेवार्थं -**
[3]वीस णपुंसगवेया इत्थीवेयंमि हुं ति चालीसा । पुंवेए अडयाला एगसमयंमि सिज्झंति ॥ [ ] **इत्यस्मत्सिद्धान्तोऽप्यनुसरति, शरीरनिर्वृत्तिमधिकृत्य तु पुंशरीरावस्थित एव जन्तुः सिद्ध्यति, स्त्रीशरीरेण मोक्षानवाप्तेः, यतः स्त्रीणां तावद्दुःशीलतया भीरुतया ह्रीनिमग्नतया चाष्टादशसहस्रशीलांगपरिकलितं परमसाहस-**

---

१. स्त्रीलिंगसिद्धाः ।

२. स्त्रियाः लिंगमिति स्त्रीलिंगम्, स्त्रिय उपलक्षणमित्युक्तं भवति, तत्त्वं त्रिविधं वेदः, शरीरं नेपथ्यं च । इह शरीरनिर्वृत्याऽधिकारो न वेदनेपथ्याभ्याम् ।

३. विंशतिर्नपुंसकवेदाः स्त्रीवेदे भवन्ति चत्वारिंशत् । पुंवेदेऽष्टचत्वा-रिंशदेकसमये सिध्यन्ति ॥

**साध्यमाचेलक्यरूपमूलगुणावगुण्ठितं चारित्रमेव नोदेतीति रत्नत्रयसाम्राज्यं विना कुतो मोक्षप्राप्तिः ? । एवं पुरुषेभ्यो हीनत्वादपि न स्त्रीणां मुक्तिः । न हि हीनानामुत्कृष्टपदप्राप्तिः संभवति । अपि च स्त्रीत्वं तावन्महापापेन मिथ्यात्वसहायेन जन्तुर्निर्वर्तयतीति कथं बहुलपापप्रकृतिपराभूतानां तासां परमपुण्य-प्राग्भारलभ्या परमानन्दसम्पदुदेतु । अपि च स्त्रियस्तावत्सप्तमनरकपृथ्व्यां न गच्छन्तीत्यावयोः समानं, तच्च तासां तादृशपापपरिणामप्रकर्षविरहादेव सङ्गच्छते, एवं च तासां तादृशपुण्यपरिणामप्रकर्षोऽपि न संभवतीति कथं तं विना मोक्षावाप्तिः ? एवं सप्तमनरकपृथ्वीगमनाऽयोग्यतया तासु वज्रर्षभनाराच-संहननमपि न स्वीक्रियत इति कथं तदेकसाध्या सिद्धिस्तासाम् ? इति सङ्क्षेपः ॥१६१॥**

**ટીકાર્થ :-** '**इह**' અહીં ખરેખર ક્ષપણકને=દિગંબરને, આ અભિપ્રેત છે. '**इत्थीलिङ्गसिद्धा**' એ પ્રમાણે સૂત્રમાં લિંગ વેદરૂપ અધિકૃત છે, પરંતુ નંદીચૂર્ણિમાં કહેલ સ્ત્રીશરીરરૂપ અધિકૃત નથી. નંદીઅધ્યયનની ચૂર્ણિમાં કહ્યું છે, તે બતાવે છે- સ્ત્રીનું લિંગ.તે સ્ત્રીલિંગ, જે સ્ત્રીના ઉપલક્ષણભૂત છે એ પ્રમાણે કહેલું છે, અને તે ત્રણ પ્રકારે છે. વેદ, શરીર અને નેપથ્ય. અહીં શરીરરચનાથી અધિકાર છે=શરીરરચનાત્મક સ્ત્રીલિંગનો અધિકાર છે, વેદ અને નેપથ્ય વડે અધિકાર નથી=વેદ અને નેપથ્યરૂપ સ્ત્રીલિંગનો અધિકાર નથી.

'**एवं च**' એ પ્રમાણે=પૂર્વમાં દિગંબરે કહ્યું કે '**इत्थीलिङ्गसिद्धा**' એ પ્રમાણે સૂત્રમાં લિંગ વેદરૂપ અધિકૃત છે, પરંતુ નંદીઅધ્યયનચૂર્ણિમાં કહેલ સ્ત્રીશરીરરૂપ નહીં. એ પ્રમાણે, પૂર્વે=પ્રથમ, ક્ષીણસ્ત્રીવેદ છતાં (સ્ત્રીવેદને ખપાવીને) સિદ્ધ થયેલા છે તેઓ સ્ત્રીલિંગસિદ્ધો કહેવાય છે, એ પ્રમાણે જેઓ પૂર્વે ક્ષીણપુરુષવેદ છતાં (પુરુષવેદને ખપાવીને) સિદ્ધ થયેલા છે તેઓ પુરુષલિંગસિદ્ધ કહેવાય છે અને જેઓ (પૂર્વે) ક્ષીણનપુંસકવેદ છતાં (નપુંસકવેદ ખપાવીને) સિદ્ધ થયેલા છે તેઓ નપુંસકલિંગસિદ્ધ કહેવાય છે.

'**अमुमेवार्थं**' - એક સમયમાં નપુંસકવેદવાળા ૨૦, સ્ત્રીવેદવાળા ૪૦ (સિદ્ધ) થાય છે, પુરુષવેદવાળા ૪૮ સિદ્ધ થાય છે; એ પ્રમાણે અમારો સિદ્ધાંત પણ આ જ અર્થને='**इह खलु ... नपुंसकलिङ्गसिद्धाः**' સુધી જે કથન કર્યું એ જ અર્થને અનુસરે છે. કેમ કે શરીરની નિર્વૃત્તિને=રચનાને, આશ્રયીને પુરુષશરીર અવસ્થિત જ જંતુ=પ્રાણી, સિદ્ધ થાય છે; કારણ કે સ્ત્રીશરીરથી મોક્ષની અનવાપ્તિ=અપ્રાપ્તિ છે.

**ભાવાર્થ :-** '**वीस णपुंसगवेया ...** ' એ ગાથા દિગંબરનો સિદ્ધાંત છે, અને તે ગાથા સ્ત્રીલિંગસિદ્ધનો અર્થ પૂર્વમાં સ્ત્રીવેદના ક્ષયથી સિદ્ધ થયેલાને અનુસરે છે, કેમ કે દિગંબરની માન્યતા પ્રમાણે સ્ત્રીશરીરથી મોક્ષ નથી. અને પ્રસ્તુત ગાથામાં સ્ત્રીવેદમાં ૪૦ એક સમયમાં સિદ્ધ થાય છે તેમ કહેલ છે, તેથી પ્રસ્તુત **वीस** .. એ ગાથા ઉપરોક્ત અર્થને જ અનુસરે છે.

**ઉત્થાન :-** સ્ત્રીશરીરથી મોક્ષની પ્રાપ્તિ કેમ નથી તેમાં દિગંબરો હેતુ કહે છે -

**ટીકાર્થ :-** '**यतः**' જે કારણથી સ્ત્રીઓ દુ:શીલપણાથી, ભીરુપણાથી અને લજ્જાવાળી હોવાથી અઢારહજાર શીલાંગથી પરિકલિત, પરમ સાહસથી સાધ્ય, આચેલક્યરૂપ મૂલગુણથી અવગુંઠિત=યુક્ત, એવા ચારિત્રને જ પામતી નથી. એથી કરીને રત્નત્રયીના સામ્રાજ્ય વિના કેવી રીતે (સ્ત્રીઓને) મોક્ષની પ્રાપ્તિ થાય? અર્થાત્ ન થાય.

'**एवं**' એ પ્રમાણે પુરુષોથી હીનપણું હોવાથી પણ સ્ત્રીઓની મુક્તિ ન થાય, કેમ કે હીનોને ઉત્કૃષ્ટ પદની પ્રાપ્તિ સંભવતી નથી.

'**अपि च**' અને વળી સ્ત્રીપણું મિથ્યાત્વની સહાયવાળા એવા મહાપાપથી બંધાય છે, એથી કરીને કેવી રીતે ઘણી પાપપ્રકૃતિથી પરાભૂત તેઓને=સ્ત્રીઓને, પરમ પુણ્યના પ્રાગ્ભારથી=જથ્થાથી, પ્રાપ્ય પરમાનંદની સંપત્તિ ઉદય પામે?

'**अपि च**' અને વળી સ્ત્રીઓ સાતમી નરક પૃથિવીમાં જતી નથી, એ પ્રમાણે આપણે બંનેને=શ્વેતાંબર અને દિગંબર બંનેને, સમાન છે. અને તે=સ્ત્રીઓ, સાતમી નરક પૃથ્વીમાં જતી નથી તે, તેઓને=સ્ત્રીઓને, તેવા પ્રકારના પાપપરિણામના પ્રકર્ષના અભાવથી જ સંગત થાય છે, અને એ પ્રમાણે તેઓને=સ્ત્રીઓને, તાદૃશ પુણ્યપરિણામનો પ્રકર્ષ પણ સંભવતો નથી. એથી કરીને કેવી રીતે તેના વિના=પુણ્ય પરિણામના પ્રકર્ષ વિના, મોક્ષની પ્રાપ્તિ થાય? અર્થાત્ ન થાય. એ પ્રમાણે સાતમી નરક પૃથ્વીગમનના અયોગ્યપણાવડે તેઓને=સ્ત્રીઓને, વજ્રઋષભનારાચસંઘયણ પણ સ્વીકારાતું નથી. એથી કરીને કેવી રીતે તદેકસાધ્ય=વજ્રઋષભનારાચ પ્રથમ સંઘયણથી જ સાધ્ય, એવી સિદ્ધિ તેઓને=સ્ત્રીઓને, હોય? એ પ્રમાણે સંક્ષેપ છે. **॥૧૬૦-૧૬૧॥**

**અવતરણિકા :- अथैतन्निरसितुमाह -**

**અવતરણિકાર્થ :-** હવે આને = ગાથા-૧૬૧માં કહેલ સંક્ષેપને, નિરાકરણ કરવા માટે ગ્રંથકાર કહે છે -

**ગાથા :-** **तम्मिच्छं वेयखओ सरीरनिव्वत्तिनियमणियउत्ति ।**
**चरणविरहाइआ पुण सव्वे तुह हेयवोऽसिद्धा ॥१६२॥**

(तन्मिथ्या वेदक्षयः शरीरनिर्वृत्तिनियमनियत इति । चरणविरहादिकाः पुनः सर्वे तव हेतवोऽसिद्धाः ॥१६२॥)

**ગાથાર્થ :- તે=દિગંબરમત, મિથ્યા છે, અર્થાત્ પ્રથમ સ્ત્રીવેદને ખપાવીને સિદ્ધ થનાર સ્ત્રીલિંગસિદ્ધ કહેવાય છે ઇત્યાદિ ગાથા-૧૬૧માં જે કહ્યું, તે દિગંબરમત મિથ્યા છે. કારણ કે વેદનો ક્ષય શરીરનિર્વૃત્તિનિયમ સાથે નિયત છે. વળી ચરણવિરહાદિ તારા કહેલા=દિગંબરના કહેલા, સર્વે હેતુઓ અસિદ્ધ છે. ॥૧૬૨॥**

**ટીકા :- ''थीलिङ्गसिद्धा'' इत्यत्र यत्तावद्विपरीतव्याख्यानं दिगम्बरेण कृतं तत्किं सूत्राशातनाभयात्, स्वपरिकल्पितोत्सूत्राशातनाभयाद्वा ? आद्ये सूत्राशातनाभयाद्भिभ्यच्चूर्ण्याशातनाभयात् कुतो न बिभेति ? न खलु राजानमासेवमानस्यापि महामन्त्रिणोऽपराध्यतो न तत्प्रयुक्तः पराभवः । अन्त्ये तु स्वैरमुन्मत्तकेली-विलसितप्रायं व्याख्यानमेतत्, वेदक्षयस्य शरीरनिर्वृत्तिनियमनियतत्वात् । तथाहि- यदि पुरुषः प्रारम्भकः तदा पूर्वं नपुंसकवेदं, ततः स्त्रीवेदं, ततो हास्यादिषट्कं क्षपयति, ततः पुरुषवेदं च खण्डत्रयं कृत्वा खण्डद्वयं युगपत्क्षपयति, तृतीयखण्डं तु संज्वलनक्रोधे प्रक्षिपति । यदि च स्त्री प्रारम्भिका ततः प्रथमं नपुंसकवेदं ततः पुरुषवेदं ततः षट्कं, ततः स्त्रीवेदमिति । यदि च नपुंसक एव प्रारंभकः तदासौ प्रथमं**

**स्त्रीवेदं, ततः पुरुषवेदं ततः षट्कं ततो नपुंसकवेदमिति । एवं च शरीरनिर्वृत्तिनियमनियते वेदक्षये पुरुष एव सिद्ध्यति न स्त्रीत्यज्ञानविलसितमेतत् । 'उदीर्णस्यैव वेदस्य पूर्वं क्षयस्ततोऽनुदीर्णयोरित्येव नियम' इति चेत् ? न, कल्पनामात्रेण नियन्तुमशक्यत्वात्, अभिहितक्रमस्य दुरतिक्रमत्वात् एतेन पश्चात्क्षीणस्त्रीवेदाः सन्तः सिद्धाः स्त्रीलिङ्गसिद्धा इत्यपव्याख्यानं द्रष्टव्यम् ।**

**ટીકાર્થ :- 'थीलिङ्गसिद्धाः'** - સ્ત્રીલિંગસિદ્ધ એ પ્રમાણે કથનમાં જે વિપરીત વ્યાખ્યાન દિગંબર વડે કરાયેલ છે તે શું? સૂત્રની આશાતનાના ભયથી કરાયેલ છે કે સ્વપરિકલ્પિત ઉત્સૂત્રની આશાતનાના ભયથી કરાયેલ છે? પ્રથમ વિકલ્પમાં સૂત્રની આશાતનાના ભયથી ભીત થયેલો ચૂર્ણિની આશાતનાના ભયથી કેમ ડરતો નથી? રાજાના આસેવક=ઉપાસક, પણ મહામંત્રીનો અપરાધ કરનારને તત્પ્રયુક્ત પરાભવ થતો નથી એવું નથી અર્થાત્ થાય છે. વળી અંત્ય=બીજા વિકલ્પમાં, ઇચ્છા મુજબ ઉન્મત્તની ક્રીડાના વિલાસ જેવું આ વ્યાખ્યાન છે. કેમ કે વેદક્ષયનું શરીરરચનાના નિયમની સાથે નિયતપણું છે. તે આ પ્રમાણે - ક્ષપકશ્રેણિ પ્રારંભક=માંડનાર, પુરુષ હોય તો પ્રથમ નપુંસકવેદ, ત્યારપછી સ્ત્રીવેદ, ત્યારપછી હાસ્યાદિ ષટ્કને ખપાવે છે; અને ત્યારપછી પુરુષવેદના ત્રણ ખંડ=ત્રણ ભાગ, કરીને બે ખંડને એકીસાથે ખપાવે છે. વળી ત્રીજા ખંડને સંજ્વલન લોભમાં પ્રક્ષેપ કરે છે. અને જો ક્ષપકશ્રેણિ પ્રારંભક સ્ત્રી હોય તો પ્રથમ નપુંસકવેદ, ત્યારપછી પુરુષવેદ, ત્યારપછી હાસ્યાદિષટ્ક, ત્યારપછી સ્ત્રીવેદને ખપાવે છે એ પ્રમાણે જાણવું. અને જો નપુંસક જ શ્રેણિ પ્રારંભક હોય તો આ=નપુંસક, પ્રથમ સ્ત્રીવેદ, ત્યારપછી પુરુષવેદ, ત્યારપછી હાસ્યાદિ ષટ્ક અને ત્યારપછી નપુંસકવેદને ખપાવે છે એ પ્રમાણે જાણવું.

**'एवं च'** અને એ પ્રમાણે=**'तथाहि'**થી જે ક્રમ બતાવ્યો એ પ્રમાણે, શરીરરચનાનિયમનિયત વેદક્ષય હોતે છતે પુરુષ જ સિદ્ધ થાય છે સ્ત્રી નહીં, એથી કરીને આ અજ્ઞાનવિલસિત છે.=દિગંબરે જે સ્ત્રીલિંગસિદ્ધનો અર્થ કર્યો એ અજ્ઞાનવિલસિત છે.

**ભાવાર્થ :-** સ્ત્રીલિંગસિદ્ધ કહેનારા સૂત્રની આશાતનાના ભયથી જો દિગંબર સ્વકલ્પિત અર્થ કરતો હોય તો, ચૂર્ણિથી વિપરીત સૂત્રનો અર્થ કરવાથી ચૂર્ણિની આશાતનાનો પણ ભય તે રાખતો નથી, તેથી પાપબંધ થશે, એ પ્રકારનો આશય છે.

**'स्वपरिकल्पित'** - સ્વપરિકલ્પિત=દિગંબરથી પરિકલ્પિત, એવું જે ઉત્સૂત્ર, તેની આશાતનાના ભયથી દિગંબર વડે આ વિપરીત વ્યાખ્યાન કરાયું છે, એ પ્રકારનો બીજો વિકલ્પ કહ્યો ત્યાં વિશેષ એ છે કે, દિગંબરથી પરિકલ્પિત એવું ઉત્સૂત્ર કહ્યું તે દિગંબરને ઉત્સૂત્રરૂપે અભિમત નથી, પરંતુ તેનાથી પરિકલ્પિત હોવાના કારણે તે ઉત્સૂત્રરૂપ છે એમ સમજવું. અને દિગંબરોએ એ પરિકલ્પના કરી છે કે સ્ત્રીશરીરથી મુક્તિ ન થાય, તેથી આ વ્યાખ્યાન તેઓ વડે પરિકલ્પિત હોવાથી ઉત્સૂત્રરૂપ છે. અને પોતાની તે પરિકલ્પિત માન્યતા અસંગત સિદ્ધ થાય એ રૂપ આશાતનાના ભયથી દિગંબરો આવી કલ્પના કરતા હોય તો તે અજ્ઞાનવિલસિત છે. કેમ કે શાસ્ત્રમાં **'तथाहि ... अज्ञानविलसितमेतत् ।'** સુધી જે ગ્રંથકારે બતાવ્યું એ પ્રમાણે, ક્ષપકશ્રેણિના પ્રારંભક સ્ત્રી આદિ શરીરવાળા હોય છે તે સિદ્ધ થાય છે. માટે સ્વપરિકલ્પિત અર્થના રક્ષણ માટે સ્ત્રીલિંગસિદ્ધોનો અર્થ દિગંબરોએ જે કર્યો તે ઉચિત નથી.

**ટીકાર્થ :- 'उदीर्णस्यैव'** - અહીં દિગંબર આ પ્રમાણે કહે કે ઉદીર્ણ જ વેદનો પ્રથમ ક્ષય છે, ત્યારપછી અનુદીર્ણનો, એ પ્રકારે જ નિયમ છે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે કલ્પનામાત્રથી નિયમન કરવા માટે અશક્યપણું છે, કેમ કે અભિહિત ક્રમનું દુરતિક્રમપણું છે.

**ભાવાર્થ :- उदीर्ण** .. દિગંબરે જે કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, પુરુષશરીરવાળો જ મુક્તિ પામે છે, પરંતુ વેદનો ઉદય નવમા ગુણસ્થાનક સુધી જ હોય છે અને ભાવથી વેદનો ઉદય પુરુષને ત્રણેમાંથી ગમે તે હોઇ શકે છે; તેથી જે પુરુષને ભાવથી સ્ત્રીવેદનો ઉદય હોય ત્યારે સ્ત્રીવેદ ઉદીર્ણ હોય છે, અને વેદક્ષયકાળમાં જો પુરુષને સ્ત્રીવેદનો ઉદય હોય તો તે વખતે ઉદીર્ણ એવા સ્ત્રીવેદનો પૂર્વમાં ક્ષય થાય છે, ત્યારપછી અનુદીર્ણ એવા નપુંસકવેદ અને પુરુષવેદનો ક્ષય થાય છે આવો નિયમ છે. માટે શરીરનિર્વૃત્તિના નિયમથી નિયત એવો વેદક્ષય નથી, માટે સ્ત્રીશરીરથી મુક્તિ નથી એમ દિગંબર કહે છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે કે, શાસ્ત્રમાં અભિહિત ક્રમ શરીરનિર્વૃત્તિના નિયમથી નિયત વેદક્ષય છે. માટે તે અભિહિત ક્રમ ઓળંગીને કલ્પનામાત્રથી નિયમ બાંધી શકાય નહીં.

**ટીકાર્થ :- 'एतेन'** - આના દ્વારા= પૂર્વમાં કહ્યું કે, અભિહિત ક્રમનું દુરતિક્રમપણું હોવાથી એના દ્વારા, અભિહિત ક્રમ પ્રમાણે ક્ષપકશ્રેણિ પ્રારંભક પુરુષ હોય તે પ્રથમ નપુંસકવેદ, ત્યારપછી સ્ત્રીવેદ અને ત્યારપછી પુરુષવેદ ખપાવે, અને ક્ષપકશ્રેણિ પ્રારંભક સ્ત્રી હોય તો પ્રથમ નપુંસકવેદ, ત્યારપછી પુરુષવેદ અને ત્યારપછી સ્ત્રીવેદને ખપાવે, અને જો ક્ષપકશ્રેણિ પ્રારંભક નપુંસક હોય તો પ્રથમ સ્ત્રીવેદ, ત્યારપછી પુરુષવેદ અને ત્યારપછી નપુંસકવેદ ખપાવે; એ રૂપ અભિહિત ક્રમનું દુરતિક્રમપણું હોવાના કારણે વક્ષ્યમાણ કથન અપવ્યાખ્યાન જાણવું. અને વક્ષ્યમાણ કથન આ પ્રમાણે છે - પાછળ ક્ષીણસ્ત્રીવેદ છતે (છેલ્લે સ્ત્રીવેદને ખપાવીને) સિદ્ધ થયેલ સ્ત્રીલિંગસિદ્ધ છે, એ પ્રમાણે અપવ્યાખ્યાન જાણવું.

**ભાવાર્થ :-** વક્ષ્યમાણ કથન દિગંબરની માન્યતાને સામે રાખીને કોઇકનું છે, અને તે માન્યતા ધરાવનારા કહે છે કે, પુરુષશરીરધારી જ મોક્ષ પામે છે, પરંતુ વેદની ક્ષપણામાં ક્ષપકશ્રેણિકાળમાં છેલ્લે ક્ષીણ કર્યો છે સ્ત્રીવેદ જેણે એવો પુરુષ સિદ્ધ થાય તે સ્ત્રીલિંગસિદ્ધ છે; અને આ પ્રકારે તેઓનું અપવ્યાખ્યાન જાણવું. કેમ કે પૂર્વમાં **'तथाहि ... अज्ञानविलसितमेतत्।'** સુધીના કથનમાં જે ક્ષપણાનો ક્રમ બતાવ્યો તે શાસ્ત્ર અભિહિત ક્રમ છે, અને તે ક્રમનું ઉલ્લંઘન કરવું તે ઉચિત નથી.

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું કે અભિહિત ક્રમનું દુરતિક્રમપણું હોવાના કારણે પૂર્વમાં જે ઉદીર્ણ વેદનો ક્ષય કરે તે જીવ તે લિંગે સિદ્ધ છે એમ કહી શકાય નહીં. તેથી સ્ત્રીલિંગસિદ્ધનો અર્થ એ કરી શકાય નહીં કે જે પ્રથમ સ્ત્રીવેદનો ક્ષય કરે તે સ્ત્રીલિંગસિદ્ધ, અને જે પાછળથી સ્ત્રીવેદનો ક્ષય કરે તે સ્ત્રીલિંગસિદ્ધ નહીં; કેમ કે શાસ્ત્રમાં અભિહિત જે ક્રમ છે તે ઓળંગી શકાય નહીં. તેથી પૂર્વપક્ષી કહે છે કે તમને અભિમત એવો તે ક્રમ અમને સંમત નથી. માટે ગ્રંથકાર **'अपि च'**થી તેનું સમાધાન કરવા એ સ્થાપન કરે છે કે, સ્ત્રીલિંગસિદ્ધા એ શાસ્ત્રવચનથી પણ દિગંબર કહે છે તેવો અર્થ શાબ્દબોધની મર્યાદાથી થઇ શકે નહીં.

**ટીકા :- अपि च स्त्रीलिङ्गसिद्धा इत्यतो नैतादृशार्थोपस्थितिरपि, अवस्थितत्वस्यैव सप्तम्यर्थत्वात्, 'स्त्रीलिङ्गात् सिद्धा' इति पञ्चमीतत्पुरुषमर्यादया विश्लेषलाभेऽपि नियतविश्लेषाऽलाभात्, नियतविश्लेषे पञ्चम्या लक्षणायामनिरूढलक्षणाप्रसङ्गात् । किं चैवं लिङ्गपदस्यैव तादृशी लक्षणाऽस्तु, तत्पुरुषस्तु प्रथमागर्भ एवेत्यत्र किं विनिगमकम् ? एवं च ''वीस णपुंसगवेया'' इत्यादावपि विषमव्याख्यानम् ।**

**ટીકાર્થ :- 'अपि च'** - અને વળી **'स्त्रीलिङ्गसिद्धाः'** આનાથી આવા પ્રકારના અર્થની ઉપસ્થિતિ પણ થતી નથી, કેમ કે અવસ્થિતપણાનું જ સપ્તમી અર્થપણું છે.

❀ **'एतादृशार्थोपस्थितिरपि'** - અહીં **'अपि'** શબ્દથી એ સમુચ્ચય થાય છે કે શાસ્ત્રઅભિહિત ક્રમનું દુરતિક્રમપણું હોવાથી તમે કહેલ એવો અર્થ પ્રાપ્ત થતો નથી, પરંતુ સમાસ ખોલવાથી તેવા અર્થની ઉપસ્થિતિ પણ થતી નથી.

**ભાવાર્થ :- 'स्त्रीलिंगसिद्धाः'** - અહીં 'સ્ત્રીલિંગસિદ્ધ' શબ્દનો સમાસ ખોલવાથી એ માનવું પડે કે 'સ્ત્રીલિંગમાં સિદ્ધ થયેલા', અને એ પ્રમાણે સપ્તમી તત્પુરુષ સમાસ કરીએ તો દિગંબરે કરેલો અર્થ ઉપસ્થિત પણ થતો નથી, અર્થાત્ દિગંબરે કહેલું કે પૂર્વમાં જે સ્ત્રીવેદ ખપાવે અથવા તો પાછળથી જે સ્ત્રીવેદ ખપાવે તે સ્ત્રીલિંગસિદ્ધ, તેવો અર્થ ઉપસ્થિત પણ થતો નથી, કેમ કે અવસ્થિતપણાનું જ સપ્તમી અર્થપણું છે. કહેવાનો ભાવ એ છે કે, 'સ્ત્રીલિંગમાં સિદ્ધ ' એ પ્રકારે સપ્તમી તત્પુરુષથી સમાસ ખોલ્યો ત્યાં સપ્તમીનો અર્થ એ પ્રાપ્ત થાય છે કે, સ્ત્રીલિંગમાં અવસ્થિત હોતે છતે સિદ્ધ તે સ્ત્રીલિંગસિદ્ધ છે. તેથી તમે કહ્યો એ અર્થ પ્રાપ્ત થતો નથી. આનાથી એ પ્રાપ્ત થાય કે, સિદ્ધાવસ્થાની પ્રાપ્તિની પૂર્વ અવસ્થામાં સ્ત્રીલિંગ હોવું જોઇએ, કેમ કે અધિકરણ અર્થમાં સપ્તમીનો અર્થ ગ્રહણ થાય છે. અને ચૌદમા ગુણસ્થાનકમાં સ્ત્રીવેદનો ઉદય હોતો નથી, તેથી શરીર ગ્રહણ કરીએ તો સ્ત્રીશરીરમાં અવસ્થિત હોતે છતે સિદ્ધાવસ્થાની પ્રાપ્તિ થાય છે, એ અર્થ સંગત થઇ શકે. તેથી દિગંબરે કહ્યો તેવો અર્થ સંગત થતો નથી.

**ઉત્થાન :-** અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે છે કે, સપ્તમી તત્પુરુષને બદલે પંચમી તત્પુરુષ સમાસ ખોલવાથી અમે કહેલ અર્થ પ્રાપ્ત થશે. તે આ રીતે- સ્ત્રીલિંગથી=સ્ત્રીવેદથી, જે સિદ્ધ થ ા હોય તે સ્ત્રીલિંગસિદ્ધ કહેવાય. તેથી કહે છે-

**ટીકાર્થ :- 'स्त्रीलिङ्गात्'** - સ્ત્રીલિંગથી સિદ્ધ એ પ્રકારે પંચમી તત્પુરુષની મર્યાદાથી વિશ્લેષનો લાભ હોત છતે પણ નિયત વિશ્લેષનો અલાભ છે. (અને નિયત વિશ્લેષના લાભ માટે પંચમી વિભક્તિની લક્ષણા કરવી પડે અને તે રીતે) નિયત વિશ્લેષમાં પંચમીની લક્ષણા કરાયે છતે અનિરૂઢલક્ષણાના પ્રસંગની પ્રાપ્તિ થશે.

**ભાવાર્થ :-** 'સ્ત્રીવેદથી સિદ્ધ' એમ કહેવાથી ''સ્ત્રીવેદના ઉદયથી વિશ્લેષ થયો'' તેવો લાભ થવા છતાં, પ્રથમ સ્ત્રીવેદથી જેમનો વિશ્લેષ થાય અથવા પશ્ચાત્=છેલ્લે, સ્ત્રીવેદથી જેમનો વિશ્લેષ થાય તે સ્ત્રીવેદસિદ્ધ કહેવાય, એવા નિયત વિશ્લેષનો અલાભ છે. અને સિદ્ધ થનાર દરેક વ્યક્તિ ત્રણે વેદથી વિશ્લેષને પામે છે, તેથી આ

સ્ત્રીલિંગસિદ્ધ અને આ પુરુષલિંગસિદ્ધ અને આ નપુંસકલિંગસિદ્ધ એ જાતનો વ્યવહાર થઇ શકશે નહીં; કેમ કે ત્રણે વેદથી વિશ્લેષ પામીને જ દરેક સિદ્ધ થાય છે. માટે નિયત વિશ્લેષનો લાભ પંચમી તત્પુરુષ સમાસ કરવાથી થઇ શકતો નથી. અને નિયત વિશ્લેષના લાભ માટે પંચમી વિભક્તિની લક્ષણા કરવી પડે છે, અને એ રીતે નિયત વિશ્લેષમાં પંચમીની લક્ષણા કરવામાં અનિરૂઢ લક્ષણાના પ્રસંગની પ્રાપ્તિ થશે.

આશય એ છે કે 'સ્ત્રીલિંગથી સિદ્ધ' એ રીતે સમાસ કરવામાં પંચમી વિભક્તિનો અર્થ લક્ષણાથી એ કરવો પડે કે, જેઓ પ્રથમ સ્ત્રીવેદને ખપાવીને સિદ્ધ થાય તે સ્ત્રીલિંગસિદ્ધો અથવા છેલ્લે સ્ત્રીવેદને ખપાવીને સિદ્ધ થાય તે સ્ત્રીલિંગસિદ્ધો કહેવાય. તેથી પંચમી વિભક્તિની લક્ષણા કરવાથી નિયત વિશ્લેષની પ્રાપ્તિ થાય, પરંતુ તેવી લક્ષણા શાસ્ત્રમાં રૂઢ નથી, તેથી અનિરૂઢ લક્ષણા ત્યાં માનવી પડે.

જે શબ્દનો અર્થ જે રીતે શાસ્ત્રમાં રૂઢ હોય તે રીતે જ માની શકાય. જેમ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય બંને દ્રવ્યો હોવા છતાં ગતિસહાયક એવા દ્રવ્યમાં ધર્માસ્તિકાય પદની વાચકતા છે, અને સ્થિતિસહાયક એવા દ્રવ્યમાં અધર્માસ્તિકાય પદની વાચકતા છે. કેમ કે અનાદિકાળથી તે પદની વાચકતા તે રીતે જ રૂઢ છે. એ જ રીતે લક્ષણા પણ રૂઢમાં જ કરી શકાય. જેમ 'ગઙ્ગાયાં ઘોષઃ' એ પ્રયોગમાં ગંગાપદની લક્ષણા ગંગાતીરમાં નિરૂઢ=નિંતરાં રૂઢ, છે, તેથી ગંગાતીર ઉપર રહેલાં બીજાં વૃક્ષાદિમાં કે મકાનમાં ગંગાપદની લક્ષણા કરી શકાય નહીં; પરંતુ ગંગાપદથી ગંગાતીર રૂઢ છે ત્યાં જ ગંગાપદની લક્ષણા કરી શકાય. પ્રસ્તુતમાં પણ એ જ રીતે 'સ્ત્રીલિંગથી સિદ્ધ' આ રીતે પંચમી તત્પુરુષ સમાસ કરવામાં, પંચમીની લક્ષણા 'પૂર્વે સ્ત્રીવેદથી સિદ્ધ કે પશ્ચાત્ સ્ત્રીવેદથી સિદ્ધ' એ પ્રમાણે અર્થ કરવામાં રૂઢ નથી. માટે અનિરૂઢ લક્ષણાનો પ્રસંગ કે જે અનભિમત છે, તે પ્રાપ્ત થતો હોવાથી, '**स्त्रीलिङ्गसिद्धाः**' એનાથી તમે કહેલા અર્થની ઉપસ્થિતિ થતી નથી.

**ઉત્થાન** :- પૂર્વમાં કહ્યું કે '**स्त्रीलिङ्गसिद्धाः**'. અહીં '**स्त्रीलिङ्गसिद्धाः**' એ પ્રમાણે પંચમી તત્પુરુષ સમાસ કરવાથી તમે=દિગંબરે, કરેલો અર્થ સંગત થતો નથી. આમ છતાં, પંચમી વિભક્તિની લક્ષણા કરવાથી નિયત વિશ્લેષનો લાભ થાય અને તમે=દિગંબરે, કહેલ અર્થ સંગત થાય, પરંતુ પંચમી વિભક્તિની તેવા પ્રકારની લક્ષણામાં અનિરૂઢ લક્ષણાનો પ્રસંગ આવતો હોવાથી તેવા પ્રકારની લક્ષણા માની શકાય નહીં. અને કદાચ પંચમી વિભક્તિનો અર્થ લક્ષણાથી સ્વીકારી લઇએ તો પણ શું વાંધો આવે છે, તે '**किञ्च**'થી બતાવે છે.

**ટીકાર્થ** :- '**किञ्च**' - અને વળી એ પ્રમાણે '**स्त्रीलिङ्गात् सिद्धाः**'માં લિંગપદની તેવા પ્રકારની લક્ષણા હો, વળી તત્પુરુષ પ્રથમા ગર્ભ જ હો, એમાં વિનિગમક શું છે ? અર્થાત્ કોઇ વિનિગમક નથી.

**ભાવાર્થ** :- જેમ 'સ્ત્રીલિંગથી સિદ્ધ' એ પ્રમાણે પંચમીથી સમાસ કરીને પંચમીની નિયત વિશ્લેષમાં લક્ષણા કરવામાં તમે=દિગંબરે, કહેલ અર્થ પ્રાપ્ત થાય, તેમ પ્રથમા વિભક્તિથી સમાસ કરવાથી પણ એ અર્થ પ્રાપ્ત થઇ શકે છે, તે આ રીતે -

'**स्त्रीलिङ्गाः सिद्धाः इति स्त्रीलिङ्गसिद्धाः**' આ રીતે પ્રથમા વિભક્તિથી સમાસ કરીને લક્ષણા કરવામાં આવે કે, સ્ત્રીલિંગ પ્રથમ ખપાવે કે છેલ્લે ખપાવે તે સ્ત્રીલિંગ શબ્દનો અર્થ કરવામાં આવે, તો દિગંબરને અભિમત અર્થ પ્રાપ્ત થઇ શકે છે. તેથી લિંગમાં લક્ષણા કરવી કે પંચમી વિભક્તિમાં લક્ષણા કરવી તેમાં કોઇ વિનિગમક નથી,

માટે તેવા પ્રકારની લક્ષણા થઇ શકે નહી. જો પંચમીમાં તેવી લક્ષણા રૂઢ હોય તો તે વિનિગમક બને, પણ પંચમીમાં તેવી લક્ષણા રૂઢ નથી. અને લિંગપદમાં તેવી લક્ષણા રૂઢ હોય તો તે વિનિગમક બને, પરંતુ લિંગપદમાં તેવી લક્ષણા રૂઢ નથી. માટે વિનિગમક નહીં હોવાને કારણે તેવી લક્ષણા થઇ શકશે નહીં. તેથી '**स्त्रीलिङ्गसिद्धाः**' એ પદથી તમે કહેલા અર્થની ઉપસ્થિતિ થતી નથી.

**ટીકાર્થ :-** '**एवं च**' - અને એ પ્રમાણે=પૂર્વમાં '**थीलिङ्गसिद्धाः**' થી **किं विनिगमकम्?** સુધી કથન કહ્યું એ પ્રમાણે '**वीस णपुंसकवेया**' ઇત્યાદિમાં પણ વિષમ વ્યાખ્યાન છે.

❀ '**इत्यादावपि**' અહીં '**अपि**'થી એ સમુચ્ચય થાય છે કે '**थीलिङ्गसिद्धाः**' શબ્દનો અર્થ કર્યો તેમાં જેમ વિષમ વ્યાખ્યાન છે, તેમ '**वीसनपुंसकवेया**' ઇત્યાદિમાં પણ વિષમ વ્યાખ્યાન છે.

**ભાવાર્થ :-** કહેવાનો ભાવ એ છે કે, ગાથા-૧૬૧માં કહ્યું કે '**वीस णपुंसगवेया**' એ અમારો (દિગંબરનો) સિદ્ધાંત આ જ અર્થને અનુસરે છે, એ કથન અસંગત છે; કેમ કે તે કથન સ્ત્રીશરીરને આશ્રયીને સિદ્ધ થયેલાને અનુસરે છે, પરંતુ સ્ત્રીવેદને પ્રથમ ખપાવે તેને અનુસરતું નથી. કેમ કે **स्त्रीलिङ्गसिद्धाः** એનાથી એ અર્થ પ્રાપ્ત થતો નથી કે સ્ત્રીવેદ પ્રથમ ખપાવે તે સ્ત્રીલિંગસિદ્ધો છે. તે રીતે '**वीस णपुंसकवेया**' એ ગાથામાં નપુંસકવેદ શબ્દનો અર્થ નપુંસક શરીરરચના ગ્રહણ કરીને કરવો તે જ ઉચિત છે. એ જ રીતે સ્ત્રીવેદનો અર્થ પણ સ્ત્રીશરીરરચના ગ્રહણ કરીને કરવો એ જ ઉચિત છે, એ પ્રકારનો ગ્રંથકારનો આશય છે. તેથી જેમ '**स्त्रीलिङ्गसिद्धा**'માં દિગંબરનું વિષમ વ્યાખ્યાન છે, તેમ '**वीस णपुंसकवेया**' એ પાઠનો પણ જે અર્થ દિગંબર કરે છે તે વિષમ જ છે.

અહીં વિશેષ એ છે કે, વ્યવહારમાં પ્રયોગ થાય છે કે મલ્લિનાથ ભગવાને પૂર્વભવમાં સ્ત્રીવેદ બાંધ્યો તેથી તેમને સ્ત્રીશરીરની પ્રાપ્તિ થઇ. તેથી વેદ શબ્દ શરીરરચનામાં પણ વપરાય છે. માટે તે અર્થને ગ્રહણ કરીને જ '**वीस णपुंसकवेया**' ગાથાનો અર્થ કરવો ઉચિત છે.

**ટીકા :- तस्मात्स्त्रीलिङ्गसिद्धा इत्यत्र चूर्णिकारोक्तव्याख्यानमेव न्याय्यम् ।**

**ટીકાર્થ :-** '**तस्मात्**' તે કારણથી = **स्त्रीलिङ्गसिद्धाः** નો અર્થ દિગંબરે કહેલ સંગત થતો નથી તે કારણથી, આ કથનમાં ચૂર્ણિકારે કહેલ વ્યાખ્યાન જ ન્યાય્ય છે.

**ટીકા :- ननु स्त्रीणां मुक्तौ चरणविरहादीनि बाधकान्युक्तानि, तत्कथमिदं व्याख्यानमित्याशङ्कायामाह "चरणविरहाइया पुण त्ति" चरणविरहादयो ये हेतवस्त्वयोपन्यस्तास्ते सर्वेऽसिद्धा एव, तथा चासिद्धानामेतेषां न बाधकत्वमिति भावः ॥१६२॥**

**ટીકાર્થ :-** '**ननु**' - સ્ત્રીઓની મુક્તિમાં ચરણવિરહાદિ બાધક કહ્યા, તેથી કેવી રીતે '**स्त्रीलिङ्गसिद्धाः**' એ કથનમાં આ=ચૂર્ણિકારે કહેલ વ્યાખ્યાન છે? એ પ્રકારની દિગંબરની આશંકામાં કહે છે- '**चरणविरहारया पुण**' એ

પ્રકારના વચનથી વળી ચરણવિરહાદિ એ પ્રમાણે ચરણવિરહાદિ જે હેતુઓ તમારા વડે=દિગંબર વડે, ઉપન્યસ્ત છે, તે સર્વે અસિદ્ધ જ છે. અને તે પ્રમાણે અસિદ્ધ એવા એઓનું=ચરણવિરહાદિ હેતુઓનું, બાધકપણું નથી, એ પ્રમાણે ભાવ છે.**॥૧૬૨॥**

**અવતરણિકા :- तदसिद्धिमेवोद्भावयितुं प्रथमं चरणविरहरूपं हेतुं दूषयति -**

**અવતરણિકાર્થ :-** તે અસિદ્ધિને જ=ચરણવિરહાદિ હેતુઓની અસિદ્ધિને જ, ઉદ્‌ભાવન કરવા માટે=પ્રગટ કરવા માટે, પ્રથમ ચરણવિરહરૂપ હેતુને દૂષિત કરતાં કહે છે-

**ગાથા :- णेगंतियमित्थीणं दुट्ठत्तं संजमोचिया लज्जा ।**
**तासिं चरित्तविरहे चाउव्वण्णो कहं संघो ? ॥१६३॥**

(नैकान्तिकं स्त्रीणां दुष्टत्वं संयमोचिता लज्जा । तासां चारित्रविरहे चतुर्वर्णः कथं सङ्घः ? ॥१६३॥)

**ગાથાર્થ :- સ્ત્રીઓનું દુષ્ટપણું એકાન્તિક નથી.** (અહીં પ્રશ્ન થાય કે તેઓમાં લજ્જા હોવાના કારણે વસ્ત્ર વગર ન રહી શકે. માટે વસ્ત્રને કારણે ચારિત્ર નથી, તેથી કહે છે-) **લજ્જા સંયમને ઉચિત છે=સ્ત્રીઓને જે લજ્જા છે તે સંયમને ઉચિત છે.** (આમ છતાં દિગંબર સ્ત્રીઓને ચારિત્ર ન માને, તેથી કહે છે - ) **તેઓને ચારિત્રવિરહ હોતે છતે ચતુર્વર્ણ સંઘ કેવી રીતે હોય ? ॥૧૬૩॥**

**ટીકા :- यत्तावदुक्तं "दुःशीलत्वादिदोषदुष्टतया स्त्रीणां न चारित्रमि"ति तदनैकान्तिकं, श्रूयन्ते हि परमशीलश्रद्धादिगुणशालितया सुलसाद्या भगवतामपि प्रशस्याः, पूज्यन्ते च बहुविधगुण-गरिमयोगितया भगवज्जनन्यादयः पुरन्दरप्रभृतिभिरपि । पुरुषा अपि च केचन महारम्भपरिग्रहनिरताः क्रूराशयाश्च दृश्यन्ते, न चैतावता 'तज्जातीयस्य न सिद्धिः सम्भवती'ति प्रणिगद्यमानं हृद्यम् । एवं स्त्रीणामपि कासांचिद्दुःशीलत्वादिदोषदुष्टत्वेऽपि न तज्जातीयानां सर्वासामेव तदभावसम्भवः ।**

**ટીકાર્થ :- 'यत्'** દુઃશીલત્વાદિદોષથી દુષ્ટપણું હોવાના કારણે સ્ત્રીઓને ચારિત્ર નથી, એ પ્રમાણે વળી જે કહ્યું તે અનૈકાન્તિક છે. સંભળાય છે કે પરમશીલશ્રદ્ધાદિગુણશાલીપણું હોવાના કારણે સુલસાદિ સ્ત્રીઓ ભગવાનને પણ પ્રશસ્ય=પ્રશંસા કરવા યોગ્ય છે, અને બહુગુણગરિમયોગીપણું હોવાને કારણે=અનેક ગુણોવાળી હોવાને કારણે, ભગવાનની માતા વગેરે ઇન્દ્ર આદિ વડે પણ પૂજાય છે. અને કેટલાક પુરુષો પણ મહારંભ-પરિગ્રહમાં નિરત અને ક્રૂર આશયવાળા જોવાય છે, અને એટલામાત્રથી તજ્જાતીયની=તજ્જાતીય બધા પુરુષોની, સિદ્ધિ સંભવતી નથી, એ પ્રમાણે કહેવાતું સુંદર નથી.એ પ્રમાણે કેટલીક સ્ત્રીઓનું પણ દુઃશીલત્વાદિદોષથી દુષ્ટપણું હોવા છતાં પણ તજ્જાતીય બધી સ્ત્રીઓને જ તેના અભાવનો=મુક્તિના અભાવનો, સંભવ નથી.

**ટીકા :-** **स्यादेतत्-स्त्रीणां तावत् स्वभावत एव मायादिप्रकर्षवत्त्वमुज्जृम्भते, न च तत्प्रकर्षे निष्कषायपरिणामरूपं चारित्रमुज्जीवतीति। मैवं, तस्य स्त्रीपुंसयोस्तुल्यत्वात्, श्रूयते च चरमशरीरिणामपि नारदादीनां मायादिप्रकर्षवत्त्वम्। तेषां संज्वलनी माया न चारित्रविरोधिनीति चेत्? संयतीनामपि सैव तथा। न च सर्वासां मायाप्रकर्षनियमोऽपि, स्वभावसिद्धाया अपि तस्या विपरीतपरिणामनिवर्त्तनीयत्वात्, बाहुल्येन तत्संभवादेव च पुरुषप्रधानो धर्म इति व्यवस्था।**

**ટીકાર્થ :-** **स्यादेतत्** - અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, સ્ત્રીઓને સ્વભાવથી જ માયાદિનું પ્રકર્ષપણું હોય છે, અને તેના પ્રકર્ષમાં=માયાદિના પ્રકર્ષમાં, નિષ્કષાયપરિણામરૂપ ચારિત્ર જીવી શકતું નથી=સંભવતું નથી.

❀ **'इति'** શબ્દ પૂર્વપક્ષીના કથનની સમાપ્તિ સૂચક છે.

**ટીકાર્થ :-** **'मैवं'** તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે તેનું=માયાદિના પ્રકર્ષનું, સ્ત્રી અને પુરુષમાં તુલ્યપણું છે, અને સંભળાય છે કે ચરમશરીરી પણ નારદાદિનું માયાદિનું પ્રકર્ષપણું છે.
**'तेषां'** - અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, તેઓને=નારદાદિને, સંજ્વલની માયા ચારિત્રની વિરોધી નથી. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે, સંયતીઓને પણ તે જ=સંજ્વલની માયા જ, તેવી છે=ચારિત્રની વિરોધી નથી.

**ભાવાર્થ :-** પૂર્વમાં કહ્યું કે, ચરમશરીરી પણ નારદાદિને માયાદિનું પ્રકર્ષત્વ સંભળાય છે. તે નારદો અદીક્ષિત અવસ્થામાં હોય છે અને તે વખતે સમ્યગ્દષ્ટિ હોવાને કારણે યદ્યપિ અનંતાનુબંધી માયા ન હોય તો પણ અવિરતિ હોવાના કારણે અપ્રત્યાખ્યાની આદિ માયા હોય છે; તે પ્રકર્ષવાળી હોય છે, અને તેથી જ તેઓ નારદવૃત્તિ કરે છે. પરંતુ જ્યારે સંયમ ગ્રહણ કરે છે તે વખતે પણ તથાવિધ પ્રવૃત્તિ સંયમને કારણે અલ્પ થવા છતાં કેવલજ્ઞાનની પૂર્વમાં તેઓને માયા સંભવે છે, પરંતુ તે માયા સંજ્વલની હોવાના કારણે ચારિત્રની વિરોધી નથી; એમ પૂર્વપક્ષી=દિગંબર, કહે તો કહે છે કે સંયતીને પણ સંજ્વલની માયા તેવી જ છે=ચારિત્રની વિરોધી નથી.

**ટીકાર્થ :-** **'न च'** અને સર્વ સ્ત્રીઓને માયાપ્રકર્ષનો નિયમ પણ નથી, કેમ કે સ્વભાવસિદ્ધ એવી પણ તેનું=માયાનું, વિપરીત પરિણામથી નિવર્તનીયપણું છે; અને બાહુલ્યથી=બહુલતાએ, તેનો સંભવ=માયાનો સંભવ, હોવાને કારણે જ પુરુષપ્રધાન ધર્મ છે, એ પ્રમાણે વ્યવસ્થા છે.

**ટીકા :-** **अथ सलज्जतया तासां चारित्रमूलमाचेलक्यं न संभवि, अप्रावृतानां च तासां तिरश्चीनामिव पुरुषैरभिभवनीयत्वात्। "[1]नो कप्पइ निग्गंथीए अचेलाए होन्तए" त्ति भवदागमेनापि निषिद्धमेव नाग्न्यमिति न तासां चारित्रसंभव इति चेत्? न, नाग्न्यं हि न चारित्राङ्गं, लज्जारूपसंयमविघातित्वात्। न च धर्मोपकरणधरणेन परिग्रहः, तस्य मूर्च्छारूपत्वादिति प्रपञ्चितं [2]प्राक्। अपि च मूर्च्छां विनापि वस्त्रसंसर्गमात्रेण यदि परिग्रहः स्यात्तदा जिनकल्पिकस्यापि हिमर्त्तौ शीतसंपातनिवृत्तये धर्मार्थिना**

૧. બૃહત્કલ્પસૂત્ર ૫/૧૯ નો कल्पते निर्ग्रन्थ्या अचेलया भवितुम्। ૨. ૨૩મી ગાથામાં.

शिरसि वस्त्रे प्रक्षिप्ते तस्य परिग्रहप्रसङ्गः । तस्माद्यतनया धर्मोपकरणधारिणीनां संयतीनां न संयमविघातो नाम । यत्त्वनन्तजन्तुसम्पातयोनिभूततया प्राणातिपातविरतिं विना न तासां चारित्रमिति तदसभ्यप्रलपितं, अशक्यपरिहारविराधनाया हिंसात्वायोगात्, अन्यथा जन्तुसन्तानसम्पूरिते लोके समुच्छिन्नैव प्राणिनामहिंसा ।

**ટીકાર્થ :-** '**अथ**'થી પૂર્વપક્ષી=દિગંબર, આ પ્રમાણે કહે કે, સલજ્જપણાથી તેઓને=સ્ત્રીઓને, ચારિત્રમૂળ આચેલક્ય= અચેલપણું, સંભવતું નથી. કેમ કે અપ્રાવૃત=નિર્વસ્ત્ર, એવી તેઓનું=સ્ત્રીઓનું, તિર્યંચ સ્ત્રીઓની જેમ પુરુષો વડે અભિભવનીયપણું છે. વળી, અચેલ એવી નિર્ગ્રંથી વડે રહેવું કલ્પતું નથી. એ પ્રમાણે તમારા= શ્વેતાંબરના, આગમ વડે પણ નગ્નપણું નિષિદ્ધ જ છે. એથી કરીને તેઓને=સ્ત્રીઓને, ચારિત્રનો સંભવ નથી. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે લજ્જારૂપ સંયમનું વિઘાતીપણું હોવાથી નગ્નપણું ચારિત્રનું અંગ નથી. અને ધર્મોપકરણના ધરણથી પરિગ્રહ નથી, કેમ કે તેનું=પરિગ્રહનું, મૂર્ચ્છારૂપપણું છે, એ પ્રમાણે પૂર્વે કહી ગયા છીએ. વળી મૂર્ચ્છા વિના પણ વસ્ત્રના સંસર્ગમાત્રથી જો પરિગ્રહ હોય, તો જિનકલ્પિકને પણ હિમઋતુમાં શીતસંપાતની નિવૃત્તિ માટે=ઠંડીથી રક્ષણ માટે, ધર્માર્થી વડે મસ્તક ઉપર વસ્ત્ર નાંખે છતે, તેને=જિનકલ્પિકને, પરિગ્રહનો પ્રસંગ આવશે. તે કારણથી યતના વડે ધર્મોપકરણધારી સંયતીઓને સંયમનો વિઘાત નથી.

'**यत्तु**' જે વળી અનંતજંતુસંપાતયોનિભૂતપણું હોવાને કારણે=અનંત જંતુઓનું ઉત્પત્તિસ્થાન હોવાથી, પ્રાણાતિપાતની વિરતિ વિના તેઓને=સ્ત્રીઓને, ચારિત્ર નથી, (એ પ્રમાણે જે કહ્યું છે) તે અસભ્ય પ્રલપિત છે. કેમ કે અશક્યપરિહારવિરાધનાનો હિંસાત્વનો અયોગ છે=જેનો પરિહાર કરવો અશક્ય છે, તેવી વિરાધના હિંસારૂપ હોતી નથી. અન્યથા= અશક્યપરિહારરૂપ વિરાધનાનું હિંસાપણું હોય તો, જંતુસંતાનથી=જીવસમૂહથી પૂરિત=ભરાયેલા, લોકમાં પ્રાણીઓની અહિંસા ઉચ્છિન્ન જ થઇ જશે.

❀ '**अप्रावृतानां ..... अभिभवनीयत्वात्** । - સુધીના કથનનો ભાવ એ છે કે ભોગની લાલસાવાળા તિર્યંચો સ્ત્રીતિર્યંચોને જેમ અનિચ્છાએ પણ ભોગવે છે તેમ મનુષ્યસ્ત્રીઓ પણ દુર્બળ હોવાથી જો નગ્ન ફરે તો તેની અનિચ્છા હોય તો પણ પુરુષો તેના પર બળાત્કારાદિ કરે તેથી સ્ત્રીઓને ચારિત્રનું મૂળ અચેલપણું સંભવતું નથી.

**ટીકા :-** किञ्च, स्त्रीणां यदि चारित्रं न स्यात्तर्हि 'साधुः, साध्वी, श्रावकः, श्राविका' चेति चतुर्वर्णश्रमणसङ्घव्यवस्था न स्यात्, तथा च "[१]जो पगरेदिट्ठभत्तिं चादुव्वण्णस्स समणसंघस्स" इत्यादि त्वदागमविरोधः । अथाणुव्रतधारिणी श्राविकापि साध्वीत्येव व्यपदिश्यत इति चेद् ? हंत ! तर्हि केवलसम्यक्त्वधारिण्येव श्राविकाव्यपदेशमासादयेत्, एवं च श्रावकेष्वपि तद्द्वैविध्यप्रसङ्गे पञ्चविधः सङ्घः स्यात् । अथ वेषधारिणी श्राविका साध्वीति व्यपदिश्यते, श्रावकस्तु तथाभूतस्तत्त्वतो यतिरेवेति चातुर्विध्यं व्यवतिष्ठत इति चेत् ? नूनं गुणं विना वेषधरणे विडम्बकचेष्टैव सा । एतेनैकोनषष्टिरेव जीवास्त्रिषष्टिः शलाकापुरुषा इति व्यपदेशवत् त्रिविधोऽपि सङ्घो विवक्षावशाच्चतुर्विधो व्यपदिश्यत इति निरस्तम् ।

---

१. यः प्रकुर्यादिष्टभक्तिं चातुर्वर्णस्य श्रमणसंघस्य ।

**ટીકાર્થ :- 'किञ्च'** - વળી સ્ત્રીઓને જો ચારિત્ર ન હોય તો સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ પ્રમાણે ચતુર્વર્ણશ્રમણસંઘની વ્યવસ્થા નહીં થાય. અને તે પ્રમાણે 'જે ચતુર્વિધશ્રમણસંઘની ઇષ્ટ ભક્તિ કરે' ઇત્યાદિ તમારા= દિગંબરના, આગમનો વિરોધ આવશે.

**'अथ'** - **'अथ'**થી પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, અણુવ્રતધારી શ્રાવિકા પણ સાધ્વી એ પ્રમાણે વ્યપદેશ થાય છે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે, તો પછી કેવલ સમ્યક્ત્વધારી જ શ્રાવિકા વ્યપદેશ પામે અર્થાત્ શ્રાવિકા તરીકે સમ્યક્ત્વધારી સ્ત્રીઓ જ કહેવાશે. અને એ પ્રમાણે શ્રાવકોમાં પણ તેના દ્વૈવિધ્યના પ્રસંગમાં=અણુવ્રતધારી પુરુષો અને સમ્યક્ત્વધારી પુરુષો એમ દ્વૈવિધ્યના પ્રસંગમાં, પંચવિધ સંઘ થશે.

**'अथ'**-**'अथ'**થી પૂર્વપક્ષી=દિગંબર આ પ્રમાણે કહે કે, વેષધારી શ્રાવિકા, સાધ્વી એ પ્રમાણે વ્યપદેશ પામે છે. વળી તેવા પ્રકારે=વેષધારી, શ્રાવક તત્ત્વથી યતિ જ છે. એથી કરીને ચતુર્વિધપણું=ચતુર્વિધસંઘ, જળવાઇ રહે છે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે, ખરેખર ગુણ વિના વેષધરણમાં તે=વેષધારણાદિ ચેષ્ટા, વિડંબક ચેષ્ટા જેવી જ છે.

**'एतेन'** - આના દ્વારા = **अथ सलज्जतया ... विडम्बकचेष्टैव सा** । સુધી કથન કર્યું આના દ્વારા, ૫૯ જીવો જ ૬૩ શલાકાપુરુષ તરીકે કહેવાય છે, એ પ્રમાણે વ્યપદેશની જેમ, ત્રિવિધ પણ સંઘ વિવક્ષાના વશથી ચતુર્વિધ વ્યપદેશ પામે છે એ પણ નિરસ્ત જાણવું.

**ટીકા :- स्यादेतत्-संभवतु नाम चारित्रलेशः स्त्रीणां यद्बलादिमाः साध्वीव्यपदेशमासादयेयुः, न च मोक्षहेतुस्तत्प्रकर्षोऽपि तासु संभवी । मैवं, स्त्रीत्वेन समं रत्नत्रयप्रकर्षस्य विरोधासिद्धेः, तस्य शैलेश्यवस्था-चरमसमयभावित्वेनाऽदृष्टत्वात्, तददर्शने च स्वभावत एव छायाऽऽतपयोरिव तयोः प्रत्यक्षेण विरोधाऽग्रहात्, प्रत्यक्षाऽप्रवृत्तौ चानुमानस्याप्यप्रवृत्तेः, आगमस्य तद्विरोधप्रतिपादकस्याऽश्रवणात्, प्रत्युत तदविरोधप्रतिपादकस्यैव जागरूकत्वात्, अधिकमुपरिष्टाद्वक्ष्यते [ श्लो. १६६ वृत्तौ ] ।**

**ટીકાર્થ :-'स्यादेतत्'** - અહીં પૂર્વપક્ષી=દિગંબર આ પ્રમાણે કહે કે, સ્ત્રીઓને ચારિત્રનો લેશ સંભવે, જેના બળથી આ=સ્ત્રીઓ, સાધ્વીના વ્યપદેશને પામે, અને મોક્ષનો હેતુ તેનો=ચારિત્રનો, પ્રકર્ષ તેઓને=સ્ત્રીઓને, સંભવતો નથી.

**'मैवं'**-તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે સ્ત્રીપણા સાથે રત્નત્રયપ્રકર્ષના વિરોધની અસિદ્ધિ છે. કારણ કે તેનું=રત્નત્રયના પ્રકર્ષનું, શૈલેશીના ચરમસમયભાવિપણું હોવાને કારણે અદષ્ટપણું છે. અને તેના અદર્શનમાં= રત્નત્રયીના પ્રકર્ષના અદર્શનમાં, સ્વભાવથી જ છાયા અને આતપના વિરોધીપણાની જેમ, તે બેનો=સ્ત્રીપણાનો અને રત્નત્રયમાં પ્રકર્ષનો, પ્રત્યક્ષથી વિરોધનો અગ્રહ છે. અને પ્રત્યક્ષની અપ્રવૃત્તિમાં અનુમાનની પણ અપ્રવૃત્તિ હોવાથી, (તે વિરોધ અનુમાનથી પણ જાણી શકાતો નથી) અને તદ્વિરોધપ્રતિપાદક આગમનું અશ્રવણ હોવાથી, (તે વિરોધ આગમથી પણ જાણી શકાતો નથી) પ્રત્યુત તેના અવિરોધના પ્રતિપાદક એવા આગમનું જ જાગરૂકપણું હોવાથી, સ્ત્રીપણાની સાથે રત્નત્રયીપ્રકર્ષના વિરોધની અસિદ્ધિ છે. (અને) અધિક આગળ કહેવાના છીએ.

**ટીકા :- अथ स्त्रीत्वसमनियता माया विना तन्निवृत्तिं न निवर्त्तत इति कथं तदनिवृत्तौ चारित्रप्रकर्ष इति चेत् ? तर्हि पुंस्त्वसमनियतं क्रूरत्वादिकमपि विना तन्निवृत्तिमनिवर्त्तमानं कथं चारित्रप्रकर्षं न विरुन्ध्यादिति, अस्वाभाविकत्वाऽसार्वदिकत्वे तु उभयत्र तुल्ये ॥१६३॥**

**'अथ'** - **'अथ'**થી પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, સ્ત્રીત્વસમનિયત માયા તેની નિવૃત્તિ વિના=સ્ત્રીપણાની નિવૃત્તિ વિના, નિવર્તન પામતી નથી. એથી કરીને કેવી રીતે તેની=માયાની, અનિવૃત્તિમાં ચારિત્રનો પ્રકર્ષ હોય? તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે, પુરુષપણાને સમનિયત ક્રૂરત્વાદિક પણ તેની નિવૃત્તિ વિના=પુરુષપણાની નિવૃત્તિ વિના, નિવર્તન નહીં પામતા કેવી રીતે ચારિત્રના પ્રકર્ષનો વિરોધ ન કરે? અર્થાત્ વિરોધ કરશે. એથી કરીને પુરુષને પણ મુક્તિ થઇ શકશે નહીં. **'इति'** શબ્દથી આ અર્થ દ્યોતિત થાય છે.

**ઉત્થાન :-** અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, પુરુષને ક્રૂરત્વાદિ અસ્વાભાવિક છે, અને સર્વદા રહેનારા નથી, માટે પુરુષને ચારિત્રનો પ્રકર્ષ થઇ શકે છે. તેથી ગ્રંથકાર કહે છે -

**ટીકાર્થ :- 'अस्वाभाविकत्व'** વળી અસ્વાભાવિકત્વ અને અસાર્વદિકત્વ ઉભયત્ર તુલ્ય છે.

**ભાવાર્થ :-** જો પૂર્વપક્ષી કહે કે પુરુષમાં ક્રૂરત્વાદિ અસ્વાભાવિક છે અને સદા રહેનારા નથી, અર્થાત્ જીવનના પૂર્વાર્ધ કાળમાં ક્રૂરત્વાદિ દઢપ્રહારી આદિની જેમ હોય તો પણ સંયમ ગ્રહણ કર્યા પછી તે રહેનારા નથી, માટે અસાર્વદિક છે. તો તે જ રીતે સ્ત્રીઓમાં પણ માયા, બાહુલ્યથી હોવા છતાં અસ્વાભાવિક છે, કેમ કે વિરુદ્ધ ભાવનાઓથી નિવર્તન પામે છે. અને જીવનના પૂર્વાર્ધમાં માયા આદિ હોય તો પણ, સંયમ ગ્રહણ કર્યા પછી ચારિત્રના પ્રકર્ષથી તે નિવર્તન પામે છે, તેથી અસાર્વદિક છે. માટે સ્ત્રી અને પુરુષમાં અસ્વાભાવિકત્વ અને અસાર્વદિકત્વ તુલ્ય છે. **॥૧૬૩॥**

**અવતરણિકા :- अथ हीनत्वरूपं द्वितीयं हेतुं दूषयितुमाह -**

**અવતરણિકાર્થ :-** હવે હીનત્વરૂપ બીજા હેતુને દૂષણ આપવા માટે કહે છે- અર્થાત્ પૂર્વે ગાથા-૧૬૦માં કહ્યું કે સ્ત્રીપર્યાયથી સિદ્ધિ નથી, અને તેમાં ચરણવિરહાદિ હેતુઓ ગાથા-૧૬૧માં કહ્યા, તેમાં હીનત્વરૂપ બીજો હેતુ કહેલ છે. તે હેતુમાં દૂષણ આપવા માટે કહે છે -

**ગાથા :-** **हीणत्तं पुण नाणं लद्धिं इड्ढिं बलं च अहिगिच्च ।**
**णो पडिकूलमसिद्धं तिरयणसारंमि संतंमि ॥१६४॥**

(हीनत्वं पुनर्ज्ञानं लब्धिमृद्धिं बलं चाधिकृत्य । नो प्रतिकूलमसिद्धं त्रिरत्नसारे सति ॥१६४॥)

**ગાથાર્થ :- વળી જ્ઞાન, લબ્ધિ, ઋદ્ધિ અને બળને આશ્રયીને હીનત્વ પ્રતિકૂળ નથી, (તેમ જ) ત્રિરત્નસાર હોતે છતે=રત્નત્રયની હાજરીમાં, (હીનત્વ) અસિદ્ધ છે. ॥૧૬૪॥**

**ટીકા :- न खलु स्त्रीणां ज्ञानापेक्षया पुरुषेभ्यो हीनत्वं मोक्षप्राप्तिप्रतिकूलं, माषतुषादीनां तादृशज्ञानं विनापि तत्प्राप्तिश्रवणात्, अगीतार्थानां गीतार्थपारतन्त्र्यस्यैव ज्ञानफलवत्तया ज्ञानरूपत्वात् । तथा च हारिभद्रं वचः- [ पंचा. ११/७ ]**

"[1]गुरुपारतंतनाणं सद्दहणं एयसंगयं चेव । एत्तो उ चरित्तीणं मासतुसाईण निद्दिट्ठं ॥" **त्ति।**

**ટીકાર્થ :-'न खलु'** સ્ત્રીઓને જ્ઞાનની અપેક્ષાએ પુરુષોથી હીનત્વ મોક્ષપ્રાપ્તિને પ્રતિકૂળ નથી, કેમ કે માષતુષાદિ મુનિઓને તેવા પ્રકારના જ્ઞાન વગર પણ તત્પ્રાપ્તિનું=મોક્ષપ્રાપ્તિનું, શ્રવણ છે. કેમ કે અગીતાર્થોને ગીતાર્થપારતંત્ર્યનું જ જ્ઞાનફલવાનપણું હોવાને કારણે જ્ઞાનરૂપપણું છે.

અને તે પ્રમાણે પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજાનું વચન છે. તે આ પ્રમાણે- ગુરુપારતંત્ર્ય (એ) જ્ઞાન છે, અને એનાથી સહિત જ=ગુરુપારતંત્ર્યજ્ઞાનથી સહિત જ, સદ્દહણ=સમ્યક્ત્વ છે.

(જે કારણથી જ્ઞાન-દર્શન વગર ચારિત્ર હોતું નથી,) આ કારણથી જ ચારિત્રી એવા માષતુષાદિ મુનિઓને (ગુરુપારતંત્ર્યજ્ઞાન અને એનાથી સંગત સમ્યક્ત્વ) નિર્દિષ્ટ છે.

**ભાવાર્થ :-** અહીં વિશેષ એ છે કે, અગીતાર્થોને ગીતાર્થને પરતંત્ર રહેવું એ જ જ્ઞાનનું ફળ છે, કેમ કે ગીતાર્થના પારતંત્ર્યરૂપ જ તેઓમાં ચારિત્ર છે. તેથી જ્ઞાનના ફળવાળું ગીતાર્થનું પારતંત્ર્ય છે, માટે ફલવત્તા પારતંત્ર્યમાં છે. તેથી તે રૂપે ગીતાર્થનું પારતંત્ર્ય જ જ્ઞાનસ્વરૂપ છે. યદ્યપિ વિરતિ એ ભગવત્ વચનાનુસાર સમ્યક્ પ્રવૃત્તિરૂપ છે, અને તે ષડાવશ્યકાદિ અનુષ્ઠાનાત્મક છે, પરંતુ માષતુષાદિને સર્વથા સ્મૃતિના અભાવને કારણે ષડાવશ્યકાદિ અનુષ્ઠાન સંભવી શકતું નથી; તો પણ ગીતાર્થના પારતંત્ર્યરૂપ સમ્યક્ પ્રવૃત્તિ ત્યાં છે, તેથી ગીતાર્થને પરતંત્ર રહેવારૂપ જ તેમનું ચારિત્ર છે. જ્યારે માષતુષ સિવાયના અન્ય સ્મૃતિવાળા જીવમાં ભગવદુક્ત સમ્યગ્ અનુષ્ઠાનનું સેવન એ જ જ્ઞાનનું ફળ છે.

**ઉત્થાન :-** પૂર્વમાં સ્ત્રીઓને જ્ઞાનની અપેક્ષાએ હીનપણું સ્વીકારીને, મોક્ષપ્રાપ્તિને પ્રતિકૂળ જ્ઞાનહીનત્વ નથી, તે સિદ્ધ કર્યું. હવે કહે છે કે જ્ઞાનહીનત્વ પણ સ્ત્રીઓમાં અસિદ્ધ છે.

**ટીકા :- चारित्र प्रकर्षेण केवलज्ञानावाप्तेः परमभावदशायामसिद्धं च ज्ञानहीनत्वमपि । एतेन 'स्त्रियो न निर्वाणभाजः, विशिष्टपूर्वाध्ययनानधिकारित्वादभव्यवद्' इत्यपास्तम् ।**

**ટીકાર્થ :-'चारित्र'** - ચારિત્રના પ્રકર્ષથી કેવલજ્ઞાનની અવાપ્તિ=પ્રાપ્તિ, હોવાથી પરમભાવદશામાં જ્ઞાનહીનત્વ પણ અસિદ્ધ છે.

❀ **'असिद्धं च'** અહીં અસિદ્ધ પછી 'ચકાર' છે તેનો અન્વય પૂર્વના કથન સાથે છે, અર્થાત્ જ્ઞાનની અપેક્ષાએ પુરુષથી હીન હોવા છતાં હીનત્વ મોક્ષપ્રાપ્તિને પ્રતિકૂળ નથી, અને જ્ઞાનહીનત્વ પણ અસિદ્ધ છે, એ પ્રમાણે અન્વય છે.

---

१. गुरुपारतन्त्र्यज्ञानं श्रद्धानमेतत्संगतं चैव । एतस्मात्तु चारित्रिणां माषतुषादीनां निर्दिष्टम् ॥

**ભાવાર્થ :-** ચારિત્રના પ્રકર્ષથી કેવલજ્ઞાનની પ્રાપ્તિ હોવાથી, પરમભાવદશામાં=પ્રાતિભજ્ઞાનને કારણે સર્વત્ર અપ્રતિબદ્ધદશારૂપ પરમભાવદશા પ્રાપ્ત થાય છે ત્યાં, જ્ઞાનહીનત્વ પણ અસિદ્ધ છે. કેમ કે ચારિત્રના પ્રકર્ષથી કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય છે, તેથી કેવલજ્ઞાનની પ્રાપ્તિ પૂર્વે ભાવથી બધા પૂર્વધર બને છે. તેથી ચૌદપૂર્વના અભ્યાસના અભાવરૂપ જ્ઞાનનો અપકર્ષ યદ્યપિ ક્ષપકશ્રેણિ પહેલાં સ્ત્રીઓને હોય છે, તો પણ ક્ષપકશ્રેણિકાળમાં સર્વત્ર અર્થથી સર્વ શ્રુતનો ક્ષયોપશમ થાય છે, તેથી પરમભાવદશામાં જ્ઞાનહીનત્વ અસિદ્ધ છે.

**ટીકાર્થ :- 'एतेन'** - આનાથી=પૂર્વમાં કહ્યું કે પરમભાવદશામાં જ્ઞાનહીનત્વ પણ અસિદ્ધ છે આનાથી, સ્ત્રીઓ નિર્વાણભાગી નથી, કેમ કે વિશિષ્ટ પૂર્વના અધ્યયનમાં અનધિકારીપણું છે અભવ્યની જેમ, એ પ્રમાણે કથન અપાસ્ત જાણવું.

**ભાવાર્થ :-** દિગંબરમતાનુસારી કોઇક અનુમાન કરે છે કે સ્ત્રીઓ નિર્વાણભાજ નથી, કેમ કે વિશિષ્ટ પૂર્વના અધ્યયનની અનધિકારી છે. અર્થાત્ શ્રવણથી ક્વચિત્ કોઇ સ્ત્રીને સ્મૃતિપાટવને કારણે પૂર્વ યાદ રહી શકે, કે જાતિસ્મરણ આદિથી પૂર્વઅધ્યયનની ઉપસ્થિતિ થઇ શકે, પરંતુ ગુરુગમથી ચૌદપૂર્વના સૂત્ર કે અર્થ તેને મળે નહીં. જેમ અભવ્ય પણ ક્વચિત્ અભવ્યરૂપે અજ્ઞાત હોય તો સૂત્ર પ્રાપ્ત કરી લે, તે પણ દ્રવ્યથી જ કરી શકે; પરંતુ ભાવથી વિશિષ્ટ પૂર્વનો અભવ્યનો જીવ અનધિકારી છે; આ પ્રકારનું અનુમાન અપાસ્ત આ રીતે છે- સ્ત્રીઓને ચારિત્રના પ્રકર્ષથી કેવલજ્ઞાનની પ્રાપ્તિ હોવાથી, પરમભાવદશામાં કેવલજ્ઞાનના કારણીભૂત વિશિષ્ટ પૂર્વની પ્રાપ્તિ સૂત્રરૂપે ન હોવા છતાં અર્થથી થઇ જાય છે, અને તેના બળથી તેઓ ક્ષપકશ્રેણિ માંડી શકે છે. આથી જ તેઓમાં જ્ઞાનહીનત્વ= શ્રુતજ્ઞાનહીનત્વ, નથી. માટે અનુમાનમાં આપેલ હેતુ અસિદ્ધ છે.

**ટીકા :- एवं लब्ध्यपेक्षया हीनत्वमपि तासां न प्रतिकूलं, ''वादविक्रियाचारणादिलब्धिहेतुसंयमविशेषविरहे कथं तासां तदधिकमोक्षहेतुतत्सत्त्वं ?'' इति हि परस्याशयः, सोऽयं दुराशयः, माषतुषादीनां लब्धिविशेष-हेतुसंयमाऽभावेऽपि मोक्षहेतुतच्छ्रवणात्, क्षायोपशमिकलब्धिविरहेऽपि क्षायिकलब्धेरप्रतिघातात्, अन्यथाऽवधिज्ञानादिकमुपमृद्य केवलज्ञानस्याऽप्रादुर्भावप्रसङ्गात् ।**

**ટીકાર્થ :- 'एवं'** - આ પ્રમાણે=પૂર્વમાં કહ્યું કે જ્ઞાનની અપેક્ષાએ પુરુષથી હીનપણું મોક્ષમાં પ્રતિકૂળ નથી એ પ્રમાણે, લબ્ધિની અપેક્ષાએ તેઓનું=સ્ત્રીઓનું, હીનત્વ પણ પ્રતિકૂળ નથી, અર્થાત્ મોક્ષને પ્રતિકૂળ નથી.

**ઉત્થાન :-** લબ્ધિની અપેક્ષાએ હીનત્વ પ્રતિકૂળ કેમ નથી? એ સિદ્ધ કરવા માટે પ્રતિકૂળ માનનારનો આશય બતાવે છે-

**ટીકાર્થ :- 'वाद'** - વાદવિક્રિયા-ચારણાદિ લબ્ધિના હેતુભૂત સંયમવિશેષનો વિરહ હોતે છતે, કેવી રીતે સ્ત્રીઓને તદ્અધિક= વાદાદિ લબ્ધિના હેતુભૂત સંયમથી અધિક, મોક્ષના હેતુભૂત સંયમનું સત્ત્વ હોઇ શકે? અર્થાત્ ન હોઇ શકે, એ પ્રમાણે પરનો આશય છે. તે આ=પરનો આશય, દુરાશય છે; કેમ કે માષતુષાદિ મુનિઓને લબ્ધિવિશેષના

હેતુભૂત સંયમના અભાવમાં પણ મોક્ષહેતુભૂત તેનું=સંયમનું, શ્રવણ છે. કારણ કે ક્ષાયોપશમિક લબ્ધિના વિરહમાં પણ ક્ષાયિક લબ્ધિનો અપ્રતિઘાત છે. અન્યથા=ક્ષાયોપશમિક લબ્ધિના વિરહમાં ક્ષાયિક લબ્ધિનો પ્રતિઘાત માનો તો, અવધિજ્ઞાનાદિકને છોડીને કેવલજ્ઞાનના અપ્રાદુર્ભાવનો પ્રસંગ આવશે.

❀ **'अवधिज्ञानादिकम्'** અહીં **'आदि'** પદથી મનઃપર્યવજ્ઞાનનું ગ્રહણ કરવું.

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું કે સ્ત્રીઓને વાદવિક્રિયા-ચારણાદિ લબ્ધિના હેતુભૂત સંયમવિશેષનો વિરહ હોતે છતે મોક્ષના હેતુભૂત સંયમ કેવી રીતે હોઈ શકે? તેના સમાધાનમાં ગ્રંથકારે બતાવ્યું કે માષતુષાદિ મુનિઓને લબ્ધિવિશેષના હેતુભૂત સંયમવિશેષનો અભાવ હોવા છતાં મોક્ષહેતુભૂત સંયમનું શ્રવણ છે. આ કથનથી લબ્ધિઓ સંયમવિશેષથી પ્રાપ્ત થાય છે ત્યાં, ગ્રંથકારને અન્યત્ર લબ્ધિ સંયમવિશેષહેતુક નથી એવું વક્તવ્ય મળે છે, તેનું સ્મરણ થાય છે. તેથી પ્રસંગસંગતિથી તેનું સમાધાન કરતાં કહે છે -

**ટીકા :- यच्च ''न तु लब्धीनां संयमविशेषहेतुकत्वमागमिकं, कर्मोदयक्षयक्षयोपशमोपशमहेतुकतया तासां तत्रोदितत्वात्'', इत्याद्युक्तं तत् सामान्याभिप्रायेण, ''चक्रवर्त्तिबलदेववासुदेवत्वादि प्राप्तयोपि हि लब्धयो, न च संयमसद्भावनिबन्धना तत्प्राप्तिः'' इत्यग्रिमग्रन्थपर्यालोचनया तथालाभात्, अन्यथा**
**''[1]कफविप्रुण्मलामर्श' [ यो. शा. १/८ ] इत्यादिना लब्धीनां योगजन्यत्वप्रतिपादनानुपपत्तेः ।**

**ટીકાર્થ :- 'यच्च'** અને જે વળી લબ્ધિઓનું સંયમવિશેષહેતુકત્વ આગમિક નથી; કેમ કે કર્મના ઉદય, ક્ષય, ક્ષયોપશમ અને ઉપશમહેતુકપણા વડે તેઓનું=લબ્ધિઓનું, ત્યાં=આગમમાં, ઉદિતપણું=કથિતપણું છે, ઈત્યાદિ કહ્યું, તે સામાન્ય અભિપ્રાયથી જાણવું. કેમ કે ચક્રવર્તીપણું, બળદેવપણું, વાસુદેવપણું વગેરેની પ્રાપ્તિ પણ લબ્ધિઓ છે, અને સંયમ સદ્ભાવ છે કારણ જેને એવી તે પ્રાપ્તિ=ચક્રવર્ત્યાદિપણાની પ્રાપ્તિ, નથી. એ પ્રમાણે આગળના ગ્રંથની પર્યાલોચના વડે=વિચારણા વડે, તે પ્રકારે લાભ થાય છે. અન્યથા=બધી લબ્ધિઓને કર્મોદયજન્ય માનવામાં, **'कफविप्रुण्मलामर्श'** ઈત્યાદિ યોગશાસ્ત્રની ગાથા વડે લબ્ધિઓનું યોગજન્યત્વપ્રતિપાદનની અનુપપત્તિ થાય છે. તેથી **'यच्च ... इत्याद्युक्तं'** સુધી કથન કહ્યું, તે સામાન્ય અભિપ્રાયથી છે એ પ્રમાણે અન્વય છે.

**ભાવાર્થ :-** આશય એ છે કે, ચક્રવર્તી આદિ લબ્ધિઓ કર્મના ઉદયથી થાય છે, કફ વગેરે યોગશાસ્ત્રમાં કહેલ લબ્ધિઓ ચારિત્રના ક્ષયોપશમવિશેષથી થાય છે અને વાદવિક્રિયા આદિ લબ્ધિઓ પણ સંયમના પરિણામથી થાય છે. અને સંયમવિશેષથી જે લબ્ધિઓ થાય છે તે આગમિક નથી એમ જે શાસ્ત્રવચન છે, તે સામાન્ય અભિપ્રાયથી છે=બધી લબ્ધિઓને આશ્રયીને છે; કેમ કે ચક્રવર્તી આદિ લબ્ધિઓ સંયમથી થતી નથી પરંતુ કર્મના ઉદયથી થાય છે. આમ છતાં, યોગજન્ય થતી લબ્ધિઓ તો સંયમવિશેષથી જ થાય છે, અને તેને આશ્રયીને જ સંયમવિશેષથી લબ્ધિઓ થાય છે એમ પૂર્વમાં કહેલ છે.

---

१. कफविप्रुण्मलामर्श-सर्वौषधिमहर्द्धयः । सम्भिन्नश्रोतोलब्धिश्च यौगं ताण्डवडम्बरम् ॥

**ટીકા :-** **अपि च लब्धिहीनत्वमपि तस्यामसिद्धं, चक्रवर्त्यादिलब्धिविरहेऽपि आमर्शौषध्यादीनां भूयसीनां भावात् । न च सर्वलब्धिसंपन्नत्वं कस्यापि संभवति, मुक्तिगामिनि वासुदेवत्वलब्धिहीनत्वात्, न च क्षायोपशमिकादिसकललब्धिसंपन्नत्वमप्येकस्य संभवति, नानाजन्तुपरिणामवैचित्र्याधीनवैचित्र्याणां तासामेकत्राऽसम्भवात् । एतेन 'कर्मक्षये क्षायोपशमिकलब्धिमात्रमुदेति' इति कस्यचिन्मतमपास्तम्, क्षयजनकानामध्यवसायानां क्षयोपशमजनकैरध्यवसायैरत्यन्तसाजात्यविरहात् । अत एवोक्तं-**
[1]उदयखयखओवसमोवसमसमुत्था बहुप्पगारा उ । एवं परिणामवसा लद्धीओ हुंति जीवाणं ॥ त्ति। [ वि. आ. भा. ८०१ ]

**ટીકાર્થ :-** '**अपि च**' - અને વળી તેમાં=સ્ત્રીઓમાં, લબ્ધિહીનત્વ પણ અસિદ્ધ છે. કેમ કે ચક્રવર્તી આદિ લબ્ધિના વિરહમાં પણ આમર્શોષધિ વગેરે ઘણી લબ્ધિઓનો ભાવ છે; અને સર્વલબ્ધિસંપન્નપણું કોઇને પણ સંભવતું નથી, કેમ કે મુક્તિગામી જીવમાં વાસુદેવત્વલબ્ધિહીનપણું છે; અને ક્ષાયોપશમિકાદિ સકલલબ્ધિસંપન્નપણું પણ એકનું=એક જીવનું, સંભવતું નથી, કારણ કે અનેક જીવોના પરિણામવૈચિત્ર્યને આધીન વૈચિત્ર્યવાળી તેઓનો= લબ્ધિઓનો, એક ઠેકાણે અસંભવ છે.

'**एतेन**' આના દ્વારા=નાના જંતુપરિણામના વૈચિત્ર્યને આધીન વૈચિત્ર્યવાળી લબ્ધિઓનું એકત્ર અસંભવ છે એમ પૂર્વમાં કહ્યું એના દ્વારા, કર્મક્ષય હોતે છતે ક્ષાયોપશમિક લબ્ધિમાત્ર ઉદય પામે છે એ પ્રમાણે કોઇનો મત અપાસ્ત જાણવો, કેમ કે ક્ષયજનક અધ્યવસાયોનું ક્ષયોપશમજનક અધ્યવસાય વડે અત્યંત સાજાત્યનો વિરહ છે.

'**अत एवोक्तं**' - આથી કરીને જ કહ્યું છે - એ રીતે પરિણામના વશથી ઉદય-ક્ષય-ક્ષયોપશમ-ઉપશમ વડે ઉત્પન્ન થયેલ અનેક પ્રકારવાળી લબ્ધિઓ જીવોને હોય છે.

ॐ '**त्ति**' ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

**ભાવાર્થ :-** એક જીવને બધી ક્ષાયોપશમિક લબ્ધિઓ એક સાથે થઇ શકતી નથી, કેમ કે કેટલાક ક્ષાયોપશમિક લબ્ધિના પરિણામો અમુક જીવને થાય છે, ત્યારે તેવા ક્ષાયોપશમિક પરિણામો બીજા જીવોને થતા નથી. તેથી જુદા જુદા જીવોના ક્ષાયોપશમિક ભાવોનો સંગ્રહ કરીને લબ્ધિઓનું નિરૂપણ છે; એમ કહીને ગ્રંથકારને એ કહેવું છે કે, પૂર્વપક્ષી દિગંબર એમ કહે છે કે, જેને ક્ષાયોપશમિક સર્વ લબ્ધિ થઇ શકતી હોય તે જ મોક્ષમાં જઇ શકે, અને સ્ત્રીઓને ક્ષાયોપશમિક સર્વ લબ્ધિ થઇ શકતી નથી માટે સ્ત્રીઓ મોક્ષમાં જઇ શકે નહીં, તેના નિરાકરણરૂપે ગ્રંથકારને એ કહેવું છે કે, કોઇ એક જીવને ક્ષાયોપશમિક સર્વ લબ્ધિઓ થઇ શકતી નથી; કારણ કે અનેક જીવોના ભિન્ન ભિન્ન પરિણામોના કારણે વિચિત્રતાને પામેલી તે સર્વ લબ્ધિઓ એકત્ર સંભવી શકતી નથી. વળી '**एतेन**' કેટલાકનો મત એ છે કે, કર્મનો ક્ષય થાય ત્યારે ક્ષાયોપશમિક સર્વ લબ્ધિઓ કેવલીને પ્રગટ થાય છે, અને વ્યવહારમાં પ્રચલિત છે કે કેવલીઓ સર્વલબ્ધિનિધાન હોય છે, તે મત પણ આ કથનથી નિરાકૃત થાય છે; કેમ કે એક જીવને બધી ક્ષાયોપશમિક લબ્ધિઓ થઇ શકતી નથી. એમ કહીને જુદા જુદા પરિણામથી જ જુદી જુદી ક્ષાયોપશમિક લબ્ધિઓ થાય છે, એ વચનથી સિદ્ધ થાય છે કે, એક જીવને સર્વ ક્ષાયોપશમિક લબ્ધિઓ ન હોઇ શકે. અને કર્મક્ષયમાં કેવળીને સર્વ

---

૧. उदयक्षयक्षयोपशमोपशमसमुत्था बहुप्रकारास्तु । एवं परिणामवशाल्लब्धयो भवन्ति जीवानाम् ॥

ક્ષાયોપશમિક લબ્ધિઓ સ્વીકારીએ, તો એ સિદ્ધ થાય કે, એક જીવને સર્વ ક્ષાયોપશમિક લબ્ધિઓ પણ થાય છે; અને તે શાસ્ત્રમાન્ય નથી તેથી તે મત અપાસ્ત છે. અને તેમાં '**क्षयजनक ... साजात्यविरहात्**' હેતુ કહ્યો, તેનું તાત્પર્ય એ છે કે, કર્મના ક્ષયજન્ય અધ્યવસાય અને ક્ષયોપશમજન્ય અધ્યવસાય એ બેમાં કાંઈક સાજાત્ય હોવા છતાં અત્યંત સાજાત્ય નથી. એનાથી એ પ્રાપ્ત થાય કે, કર્મના ક્ષયોપશમજનક અધ્યવસાયમાં પણ સંયમનો પરિણામ છે, અને કર્મના ક્ષયજનક અધ્યવસાયમાં પણ સંયમનો પરિણામ છે; એ રૂપ સાજાત્ય હોવા છતાં, અમુક વિશેષ પ્રકારના અધ્યવસાયથી જ ક્ષાયોપશમિક લબ્ધિઓ થાય છે, અને તે અધ્યવસાયને સ્પર્શ્યા વગર ભિન્ન પ્રકારના સંયમના પરિણામથી કર્મનો ક્ષય થાય છે. તેથી ક્ષાયિક એવું કેવલજ્ઞાન પ્રગટ્યા પછી પણ કેવલીને ક્ષયોપશમભાવની ઘણી લબ્ધિઓ પ્રગટ ન થાય, તેમ સંભવી શકે છે.

**ટીકા :- ऋद्ध्यपेक्षयापि न तासां हीनत्वं, रत्नत्रयसाम्राज्ये सत्याध्यात्मिकीमृद्धिमाश्रित्य तदसिद्धेः, बाह्यर्द्ध्यपेक्षयाऽमहर्द्धिकत्वाद्, अन्यथा तीर्थकराद्यपेक्षयाऽमहर्द्धिका गणधरादयो न सिद्धिसौधमध्यासीरन् । अथ यज्जातीये न परममहर्द्धिकत्वं तज्जातीयस्य न परमपदयोग्यता, न च स्त्रीजातौ तीर्थकरत्वलक्षणं परममहर्द्धिकत्वमिति न तज्जातीयानां मुक्तिरिति चेत् ? न, तादृशव्याप्तौ प्रमाणाभावात्, असिद्धेश्च, स्त्रीणामपि कासांचित् परमपुण्यप्रकर्षेण तीर्थकृत्त्वाविरोधात् ।**

**ટીકાર્થ :-'ऋद्ध्यपेक्षयापि'** - ઋદ્ધિની અપેક્ષાએ પણ તેઓનું=સ્ત્રીઓનું, હીનપણું નથી. કેમ કે રત્નત્રયનું સામ્રાજ્ય હોતે છતે આધ્યાત્મિક ઋદ્ધિને આશ્રયીને તેની=હીનત્વની, અસિદ્ધિ છે.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે, આધ્યાત્મિક=આત્મિક, ઋદ્ધિને આશ્રયીને સ્ત્રીઓમાં ભલે હીનત્વ ન હોય, તો પણ બાહ્ય ઋદ્ધિની અપેક્ષાએ હીનત્વ હોવાથી સ્ત્રીઓ સિદ્ધિગમનને અયોગ્ય છે. તેથી કહે છે -

**ટીકાર્થ :- 'बाह्यर्द्ध्यपेक्षया'** - બાહ્ય ઋદ્ધિની અપેક્ષાએ અમહર્દ્ધિકપણું હોવાથી તેઓને=સ્ત્રીઓને, હીનત્વ નથી, અન્યથા=બાહ્ય ઋદ્ધિની અપેક્ષાએ અમહર્દ્ધિકપણું હોવાથી હીનપણું સ્વીકારો તો, તીર્થંકરાદિની અપેક્ષાએ અમહર્દ્ધિક એવા ગણધરાદિ પણ સિદ્ધિમહેલને પામે નહીં.

**ટીકાર્થ :- 'अथ' -'अथ'**થી પૂર્વપક્ષી=દિગંબર, આ પ્રમાણે કહે કે, જે જાતીયમાં પરમમહર્ધિકપણું નથી તે જાતીયની પરમપદ માટે યોગ્યતા નથી, અને સ્ત્રીજાતિમાં તીર્થંકરત્વલક્ષણ પરમમહર્ધિકપણું નથી એથી કરીને તજ્જાતીયની=સ્ત્રીજાતીયની, મુક્તિ નથી. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું. કેમ કે તેવા પ્રકારની વ્યાપ્તિમાં પ્રમાણાભાવ છે અને અસિદ્ધિ છે. કેમ કે કોઈક સ્ત્રીઓને પણ પરમપુણ્યના પ્રકર્ષથી તીર્થંકરપણાનો અવિરોધ છે.

**ભાવાર્થ :-** સ્ત્રીઓ તીર્થંકર થતી નથી, તેથી સ્ત્રીજાતિવાળી કોઈ પણ વ્યક્તિ મોક્ષમાં જઈ ન શકે, એમ દિગંબર કહે છે. તેને ગ્રંથકાર કહે છે કે, તેવી વ્યાપ્તિ સ્વીકારવામાં કોઈ શાસ્ત્રવચનનું પ્રમાણ નથી, અને અસિદ્ધિ દોષ પણ છે.

કેમ કે મલ્લિનાથ ભગવાન સ્ત્રીતીર્થંકર થયેલ છે, તેથી સ્ત્રીજાતિમાં પરમમહર્દ્ધિકપણું નથી એ અસિદ્ધ છે. તે જ સ્પષ્ટ કરે છે કે કેટલીક સ્ત્રીઓને પણ પરમપુણ્યપ્રકર્ષથી તીર્થંકરપણાની પ્રાપ્તિ છે.

**ટીકા :- ननु स्त्रीत्वबन्धस्यानन्तानुबन्धिप्रत्ययकत्वात् तीर्थकरनामकर्मबन्धस्य च प्रकृष्टसम्यग्दर्शनप्रत्ययकत्वात् स्त्रीत्वतीर्थकृत्त्वयोर्विरोध इति चेत् ? न, स्त्रीवेदं बद्ध्वाऽनन्तानुबन्धिप्रक्षये विशुद्धाध्यवसायेन तीर्थकरनामकर्मबन्धसम्भवादुक्तविरोधाऽसिद्धेः, अन्यथा विना स्त्रीवेदं जिनानां तत्क्षपणानुपपत्तेः । 'स्त्रीवेदाविरोधेऽपि स्त्रीत्वं विरुद्धमि'ति चेत्? न, स्वकारणाधीनाभ्यां स्त्रीशरीरनिर्वृत्तिस्त्रीवेदाभ्यां स्त्रीत्वस्यार्थसमाजसिद्धत्वात् । एतेन मल्लेर्भगवतः प्राग्भवे स्त्रीत्वजिननाम्नोरुभयोरर्जनं विरुद्धमिति परास्तम् । प्रबलपुण्यप्राग्भाराणां पापप्रकृतिनिष्यन्दभूतं स्त्रीत्वं कादाचित्कमित्येव च तस्याश्चर्यभूतत्वमिति गीयते ।**

**ટીકાર્થ :- 'ननु' - 'ननु'**થી પૂર્વપક્ષી=દિગંબર, આ પ્રમાણે કહે કે, સ્ત્રીપણાના બંધનું અનંતાનુબંધીપ્રત્યયપણું હોવાથી, અને તીર્થંકરનામકર્મબંધનું પ્રકૃષ્ટ સમ્યગ્દર્શનપ્રત્યયપણું હોવાથી, સ્ત્રીપણા અને તીર્થંકરપણાનો વિરોધ છે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે સ્ત્રીવેદ બાંધીને અનંતાનુબંધીના પ્રક્ષયમાં વિશુદ્ધ અધ્યવસાય દ્વારા તીર્થંકરનામકર્મબંધનો સંભવ હોવાથી ઉક્ત વિરોધની અસિદ્ધિ છે. અન્યથા=ઉક્ત અવિરોધ ન માનો અને ઉક્ત વિરોધ માનો તો, સ્ત્રીવેદ વિના તીર્થંકરોને તેની ક્ષપણાની=સ્ત્રીવેદની ક્ષપણાની, અનુપપત્તિ થશે.

**ભાવાર્થ :-** સ્ત્રીપણું અને તીર્થંકરપણું એક કાળમાં વિરુદ્ધ હોય તો, જે તીર્થંકરો ક્ષપકશ્રેણિમાં સ્ત્રીવેદને ખપાવે છે તે સંભવી શકે નહીં, કેમ કે સ્ત્રીવેદની સત્તા વગર ક્ષપકશ્રેણિમાં તેની ક્ષપણા કરવાનું રહે નહીં. અને તીર્થંકરો પણ ક્ષપકશ્રેણિમાં સ્ત્રીવેદની ક્ષપણા કરે છે તે પૂર્વપક્ષીને=દિગંબરને માન્ય છે, તેથી સ્ત્રીવેદની સત્તા અને તીર્થંકરનામકર્મના ઉદયનો વિરોધ નથી.

**ટીકાર્થ :- 'स्त्रीवेदाविरोधे'** અહીં પૂર્વપક્ષી=દિગંબર, આ પ્રમાણે કહે કે, સ્ત્રીવેદનો અવિરોધ હોવા છતાં પણ સ્ત્રીપણું વિરુદ્ધ છે, અર્થાત્ તીર્થંકરને સ્ત્રીવેદની સત્તા સંભવી શકે પરંતુ સ્ત્રીપણું ન હોઇ શકે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે સ્વકારણઆધીન સ્ત્રીશરીરનિર્વૃત્તિ=રચના, અને સ્ત્રીવેદ દ્વારા સ્ત્રીત્વનું અર્થસમાજસિદ્ધપણું છે.

**ભાવાર્થ :-** સ્ત્રીશરીરરચનાનું કારણ તથાવિધ શરીરરચનાને અનુકૂળ નામકર્મ છે, અને સ્ત્રીવેદનું કારણ તથાવિધ મોહનીયકર્મપ્રકૃતિ છે. તે બે કારણોને આધીન સ્ત્રીશરીરની નિર્વૃત્તિ=રચના, અને સ્ત્રીવેદનો ઉદય પ્રાપ્ત થાય છે. અને તે બંને કારણોથી સ્ત્રીપણાની પ્રાપ્તિ છે તેથી સ્ત્રીત્વ અર્થસમાજસિદ્ધ છે, અર્થાત્ સ્ત્રીશરીરની રચના અને સ્ત્રીવેદના ઉદયરૂપ બે કાર્યોના સમુદાયરૂપ સ્ત્રીત્વ છે. તેથી જે જીવે પૂર્વમાં સ્ત્રીવેદને બાંધીને પાછળથી તીર્થંકરનામકર્મ બાંધ્યું હોય, અને નિકાચિત કર્યું હોય, તે જીવને તીર્થંકરના ભવમાં જેમ સ્ત્રીવેદની પ્રાપ્તિ થઇ શકે છે, આથી જ

તીર્થંકરોને પણ સ્ત્રીવેદની ક્ષપણા થઇ શકે છે; તેમ પોતાના કારણને આધીન સ્ત્રીશરીરની પ્રાપ્તિ પણ થઇ શકે છે; તેમાં તીર્થંકરનામકર્મનો ઉદય પ્રતિબંધક થઇ શકે નહીં; કેમ કે તે બંનેની નિષ્પત્તિમાં તીર્થંકરનામકર્મના ઉદયનો અભાવ કારણ નથી. જો સ્ત્રીવેદની ક્ષપણા અને સ્ત્રીશરીરની પ્રાપ્તિ તીર્થંકરનામકર્મના ઉદયના અભાવને કારણે થતી હોય તો તેમાં તીર્થંકરનામકર્મનો ઉદય પ્રતિબંધક થઇ શકે, પરંતુ તેમ નથી.

**ટીકાર્થ :-** **'एतेन'** આનાથી=જેમ તીર્થંકરને સ્ત્રીવેદનો વિરોધ નથી તેમ સ્ત્રીત્વનો પણ વિરોધ નથી એનાથી, મલ્લિનાથ ભગવાનને પૂર્વભવમાં સ્ત્રીપણું અને જિનનામકર્મ ઉભયનું અર્જન વિરુદ્ધ છે, એ પ્રમાણે કથન નિરસ્ત જાણવું. પ્રબળ પુણ્યશાલી જીવોને પાપપ્રકૃતિના ઝરણા જેવું સ્ત્રીપણું કાદાચિત્ક હોય છે, એથી જ તેનું આશ્ચર્યભૂતપણું છે, એ પ્રમાણે કહેવાય છે. (અચ્છેરું કહેવાય છે.)

**ભાવાર્થ :-** અહીં વિશેષ એ છે કે, યદ્યપિ સ્ત્રીપણું મિથ્યાત્વ અવસ્થામાં બંધાય છે અને તીર્થંકરનામકર્મ સમ્યક્ત્વથી બંધાય છે તો પણ, સ્ત્રીત્વને અનુકૂળ મિથ્યાત્વભાવમાં કર્મ બંધાયા પછી સમ્યક્ત્વકાળમાં વિશુદ્ધ અધ્યવસાય દ્વારા તીર્થંકરનામકર્મના બંધનો સંભવ છે.

**ટીકા :- यत्तु मल्लेर्भगवतः स्त्रीत्वे शलाकापुरुषत्वव्यवहारो न स्यादिति तज्जाल्मगोष्ठीप्रलापमात्रम्, स्त्रीत्वेऽपि तस्य पुरुषौपयिकधर्मोपदेशादिनातिशयमहिम्ना च पुरुषत्वव्यवहाराऽविरोधात् । अथ पुरुषानभिवन्द्यत्वादासां चारित्रर्द्धयाऽमहर्द्धिकत्वमनुमीयत इति चेत् ? न, असिद्धेः, तीर्थकरजननीनां जगद्वन्द्यत्वात्, शिष्याणामप्याचार्यानभिवन्द्यत्वेन व्यभिचाराच्च । साध्वीनां साधुमात्रानभिवन्द्यतया चारित्रहानिरनुमीयत इति चेत् ? न, शैक्षे व्यभिचारात् व्याप्तिग्राहकप्रमाणाभावाच्च ।**

**ટીકાર્થ :-** **'यत्तु'** - જે વળી મલ્લિનાથ ભગવાનને સ્ત્રીપણું હોતે છતે શલાકાપુરુષવ્યવહાર નહીં થાય એ પ્રમાણે કથન છે, તે લુચ્ચાઓની ગોષ્ઠી પ્રલાપમાત્ર છે. કેમ કે સ્ત્રીપણું હોવા છતાં પણ તેમને=મલ્લિનાથ ભગવાનને, પુરુષઔપયિક=પુરુષના વ્યાપારરૂપ, ધર્મોપદેશાદિવડે અને અતિશયના મહિમા વડે પુરુષપણાના વ્યવહારનો અવિરોધ છે.

**'अथ'** - **'अथ'**થી પૂર્વપક્ષી=દિગંબર, આ પ્રમાણે કહે કે, પુરુષથી અનભિવંદ્ય હોવાના કારણે એઓનું=સ્ત્રીઓનું, ચારિત્રની ઋદ્ધિથી અમહર્દ્ધિકપણું અનુમાન કરાય છે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે અસિદ્ધિ છે. કારણ કે તીર્થંકરની જનનીઓ જગદ્વંદ્ય છે (માટે અનભિવંદ્ય હેતુ અસિદ્ધ છે), અને શિષ્યોનું પણ આચાર્યોને અનભિવંદ્યપણું હોવાને કારણે વ્યભિચાર છે.

**ભાવાર્થ :-** **'अथ....असिद्धेः,'** સુધીના કથનનો ભાવ આ પ્રમાણે છે- શ્વેતાંબરના સિદ્ધાંત પ્રમાણે સાધ્વીઓને પુરુષો વંદન કરતા નથી. તેથી દિગંબર કહે છે કે, ચારિત્રની ઋદ્ધિની અપેક્ષાએ સ્ત્રીઓ અલ્પ ઋદ્ધિવાળી છે તેમ અનુમાન થાય છે. અને તે સિદ્ધ થાય તો સ્ત્રીઓને કેવલજ્ઞાન સિદ્ધ થઇ શકે નહીં, કેમ કે અલ્પ ચારિત્રમાં કેવલજ્ઞાનની નિષ્પત્તિનો અસંભવ છે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે, સ્ત્રીઓમાં ચારિત્રની ઋદ્ધિ અલ્પ છે તે સિદ્ધ નથી, કેમ કે તીર્થંકરની

માતાઓ જગદ્વંદ્ય છે, તેથી તેમનું શીલરૂપ ચારિત્ર મહાન છે. માટે સ્ત્રીઓ ચારિત્રથી અમહર્ધિક છે એ અસિદ્ધ છે. અહીં પૂર્વપક્ષી=દિગંબર કહે કે સંસાર અવસ્થામાં શીલાદિરૂપે તીર્થંકરની માતાઓ મહર્ધિક હોઇ શકે, પરંતુ ઊંચા સંયમની પ્રાપ્તિરૂપે મહર્ધિક હોઇ શકે નહીં. તેથી બીજો હેતુ આપતાં કહે છે કે, આચાર્યો દ્વારા શિષ્યો પણ અનભિવંદ્ય છે, અને આચાર્યોને કેવલજ્ઞાન ન થાય અને શિષ્યોને ચારિત્રના પ્રકર્ષથી કેવલજ્ઞાન થઇ શકે છે; તેથી આચાર્યો દ્વારા અનભિવંદ્ય એવા શિષ્યો પણ ચારિત્રની ઋદ્ધિથી મહર્ધિક હોઇ શકે છે. માટે પુરુષથી અનભિવંદ્ય હોવાને કારણે અમહર્દ્ધિકનું દિગંબરોએ જે અનુમાન કર્યું તેમાં હેતુ વ્યભિચારી હોવાથી હેતુની અસિદ્ધિ છે.

**ટીકાર્થ :- 'साध्वीनां'** અહીં પૂર્વપક્ષી=દિગંબર, આ પ્રમાણે કહે કે, સાધ્વીઓનું સાધુમાત્રથી અનભિવંદ્યપણું હોવાને કારણે ચારિત્રની હાનિ અનુમાન કરાય છે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે શૈક્ષમાં=નવદીક્ષિત સાધુમાં, વ્યભિચાર છે અને વ્યાપ્તિગ્રાહક પ્રમાણાભાવ છે=સાધુમાત્રથી જે અનભિવંદ્ય હોય તેમાં હીનચારિત્ર જ હોય એવી વ્યાપ્તિ સ્વીકારવામાં કોઇ પ્રમાણ નથી.

**ટીકા :- बलापेक्षयापि हीनत्वमप्रयोजकं, अन्यथा स्त्रीभ्योऽपि हीनबलाः पङ्ग्वादयः पुरुषा रत्नत्रयसाम्राज्ये सत्यपि न मुच्येरन् । 'हीनबलानां विशिष्टचर्यारूपं चारित्रमेव न स्यादि' ति चेत् ? न, यथाशक्त्या-चरणरूपस्य चारित्रस्य तेषामप्यविरोधात्, जिनकल्पादिविशिष्टसामर्थ्यविरहेऽपि सिद्धेः प्रतिपादनाद्, आह च-**

वादविकुर्वणत्वादिलब्धिविरहे श्रुते कनीयसि च। जिनकल्पमनःपर्यायविरहेऽपि न सिद्धिविरहोऽस्ति ॥ **इति।**

**ટીકાર્થ :- 'बलापेक्षयापि'** - બળની અપેક્ષાએ પણ હીનત્વ અપ્રયોજક છે. અન્યથા=બળની અપેક્ષાએ હીનપણું અપ્રયોજક ન સ્વીકારો તો, સ્ત્રીઓથી પણ હીનબળવાળા પંગુ આદિ પુરુષો રત્નત્રયનું સામ્રાજ્ય વિદ્યમાન હોવા છતાં પણ મુક્ત થઇ શકશે નહીં.
**'हीनबलानां'** - અહીં પૂર્વપક્ષી=દિગંબર, આ પ્રમાણે કહે કે, હીનબળવાળા જીવોને વિશિષ્ટચર્યારૂપ ચારિત્ર જ નહીં થાય. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે યથાશક્તિ આચરણરૂપ ચારિત્રનો તેઓને=હીનબળવાળા જીવોને, પણ અવિરોધ છે.

**ભાવાર્થ :-** પૂર્વપક્ષીને=દિગંબરને, એ કહેવું છે કે, ચારિત્ર એ વિશિષ્ટ ચર્યારૂપ છે=કઠોર ચર્યારૂપ છે, અને હીનબળવાળાને કઠોર ચર્યા સંભવે નહીં. તેના નિરાકરણરૂપે સિદ્ધાંતકાર કહે છે કે, હીનબળને કારણે કઠોર ચર્યા ભલે ન સંભવે, તો પણ શક્તિને ગોપવ્યા વગર સમ્યગ્ આચરણા કરવારૂપ ચારિત્ર પદાર્થ છે, અને તે હીનબળવાળાને પણ સંભવે છે.

**ઉત્થાન :-** અહીં શંકા થાય કે હીનબળવાળામાં યથાશક્તિ આચરણરૂપ ચારિત્ર ભલે હોય, પરંતુ સિદ્ધિને અનુકૂળ શક્તિના અભાવને કારણે વિશિષ્ટ ચારિત્ર તેઓમાં સંભવે નહીં. તેથી કહે છે-

**टीकार्थ :-** '**जिनकल्पादि**' - જિનકલ્પાદિ વિશિષ્ટ સામર્થ્યનો વિરહ હોવા છતાં પણ સિદ્ધિનું પ્રતિપાદન છે. '**आह च**' - તેમાં સાક્ષી આપતાં કહે છે- વાદ-વિકુર્વણાદિ લબ્ધિના વિરહમાં , અલ્પશ્રુતજ્ઞાનમાં, જિનકલ્પ અને મનઃપર્યાયજ્ઞાનના વિરહમાં પણ સિદ્ધિનો વિરહ=અભાવ, નથી.

❀ '**इति**' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

**ભાવાર્થ :-** જિનકલ્પાદિને અનુકૂળ એવું વિશિષ્ટ સામર્થ્ય જે જીવોમાં નથી તેઓ બળની અપેક્ષાએ હીન છે, છતાં સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે, માટે સિદ્ધિને અનુકૂળ ચારિત્ર તેઓમાં છે. માટે સ્ત્રીઓમાં બળની અપેક્ષાએ પણ હીનપણું અપ્રયોજક છે, અર્થાત્ બળની અપેક્ષાએ હીનત્વ ચારિત્રાભાવનું અપ્રયોજક છે.

**टीका :- ननु नेदं युक्तं तथाविधशक्तिविरहे चारित्रस्यानादरणीयत्वादिति चेत् ? नन्वेवं जिनकल्पिकोऽपि क्षीणजङ्घाबलः सन् विराद्धचारित्रः स्यात् । 'शक्तिमनतिक्रम्य यतनया न तस्य चारित्रविराधने' ति चेत् ? तदिदमन्यत्रापि तुल्यम् । तथा चागमः-** "[१]जयणाइ वट्टियव्वं न हु जयणा भंजए अंगं ॥" **ति-**

**टीकार्थ :-** '**ननु**' - '**ननु**' થી પૂર્વપક્ષી=દિગંબર, શંકા કરતાં કહે છે કે, આ=પૂર્વમાં કહ્યું કે યથાશક્તિ આચરણરૂપ ચારિત્ર હીનબળવાળામાં છે એ, યુક્ત નથી; કેમ કે તથાવિધ શક્તિના વિરહમાં ચારિત્રનું અનાદરણીયપણું છે. તેનો ઉત્તર આપતાં સિદ્ધાંતકાર કહે છે કે, એ રીતે=તથાવિધ શક્તિના વિરહમાં જો ચારિત્ર અનાદરણીય હોય તો એ રીતે, જિનકલ્પિક પણ ક્ષીણજંઘાબળવાળા છતે વિરાદ્ધ ચારિત્રવાળા થશે.

'**शक्तिमनतिक्रम्य**' - અહીં પૂર્વપક્ષી=દિગંબર, આ પ્રમાણે કહે કે, શક્તિને ઉલ્લંઘન કર્યા વગર યતના વડે તેને=જિનકલ્પિકને, ચારિત્રની વિરાધના થતી નથી. તો સિદ્ધાંતકાર કહે છે કે, તો આ સમાધાન અન્યત્ર પણ= હીનબળવાળાઓમાં પણ, તુલ્ય છે.

'**तथा चागमः**' - અને તે પ્રમાણે આગમ છે- "જયણા વડે વર્તવું, જયણા અંગનો=ચારિત્રરૂપ શરીરનો, ભંગ=નાશ, કરતી નથી."

❀ '**त्ति**'શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

**टीका :- अपि च सर्वासां स्त्रीणां हीनबलत्वमप्यसिद्धं, मल्लिप्रभृतीनामनन्तबलत्वात्, दृश्यते च साम्प्रतीनानामपि तपोव्यापारादौ प्रायः पुरुषापेक्षयापि प्रकृष्टत्वमित्यनैकान्तिकमेतत् । एतेन 'अनुपस्थाप्यतापाराञ्चितकानुपदेशेन हीनबलत्वं तासाम्' इत्यपि निरस्तं, योग्यतामपेक्ष्यैव हि शास्त्रे विचित्रविशुद्ध्युपदेशात् । उक्तं च-**

संवरनिर्जररूपो बहुप्रकारस्तपोविधिः श्रूयते शास्त्रे ।
यो(?रो)गचिकित्साविधिरिव कस्यापि कथञ्चिदुपकारी ॥ इति[ ]

---

१. उपदेशमाला - २९८ अस्य पूर्वार्धः - कालस्स य परिहाणी संजमजोगाइं नत्थि खित्ताइं ।
कालस्य च परिहाणिः संयमयोग्यानि न सन्ति क्षेत्राणि । यतनया वर्तितव्यं न खलु यतना भनक्त्यङ्गम् ॥

**ટીકાર્થ :- 'अपि च'** - અને વળી સર્વ સ્ત્રીઓને હીનબળપણું પણ અસિદ્ધ છે, કેમ કે મલ્લિનાથ ભગવાન આદિ સ્ત્રીઓને અનંતબળપણું છે, અને વર્તમાનકાલીન સ્ત્રીઓનું પણ તપોવ્યાપારાદિમાં પ્રાયઃ પુરુષની અપેક્ષાએ પ્રકૃષ્ટપણું દેખાય છે. એથી કરીને આ=બળની અપેક્ષાએ પુરુષ કરતાં સ્ત્રીઓને હીનપણું, અનૈકાંતિક છે.

**'एतेन'** - આના દ્વારા=સર્વ સ્ત્રીઓને હીનબલત્વ અસિદ્ધ છે. આના દ્વારા, અનુપસ્થાપ્યતા અને પારાંચિત પ્રાયશ્ચિત્તના અનુપદેશથી તેઓને=સ્ત્રીઓને, હીનબળપણું છે એ પણ નિરસ્ત જાણવું. કેમ કે શાસ્ત્રમાં યોગ્યતા જોઇને જ વિચિત્ર વિશુદ્ધિનો ઉપદેશ છે.

**उक्तं च** - અને કહ્યું છે - સંવર અને નિર્જરારૂપ બહુ પ્રકારે તપોવિધિ શાસ્ત્રમાં સંભળાય છે. (તે) રોગચિકિત્સા વિધિની જેમ કોઇને પણ ક્યારે ઉપકારી બને છે.

❀ **'इति'** શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

**ટીકા :- यत्तु-'हीनत्वाद्' इत्यस्य शुषिरपूरणायां पुरुषापेक्षयाऽवगाहनाहीनत्वादित्यर्थ इति-तदुन्मत्ताध्यात्मिकप्रलपितं, रत्नत्रयसाम्राज्ये सिद्धेऽवगाहनाहीनत्वस्याऽकिञ्चित्करत्वात्, स्वशरीरापेक्षया सर्वत्रावगाहनावैषम्याभावाच्च, अन्यथा स्थूलकृशादिशरीरभेदेन तद्व्यवस्थाविप्लवप्रसङ्गात् । एतेन संस्थानहीनत्वादित्यादिकमपास्तं, अनित्थंस्थे निष्ठसंस्थाने सर्वसंस्थानसमावेशात् ।**

**ટીકાર્થ :- 'यत्तु'** - જે વળી **'हीनत्वात्'** હેતુ આપ્યો છે, એનો શૂષિરપૂરણામાં પુરુષની અપેક્ષાએ અવગાહનાહીનપણું હોવાથી, એ પ્રમાણે અર્થ (કરે છે), તે ઉન્મત્ત એવા આધ્યાત્મિક વડે પ્રલપિત=કહેવાયેલ છે. કેમ કે, રત્નત્રયીનું સામ્રાજ્ય સિદ્ધ થયે છતે અવગાહનાહીનપણાનું અકિંચિત્કરપણું છે. (અને અવગાહનાહીનપણાનું કિંચિત્કરપણું માનીએ તો પણ) સ્વશરીરની અપેક્ષાએ સર્વત્ર અવગાહનાના વૈષમ્યનો=વિષમપણાનો, અભાવ છે. અન્યથા=સ્વશરીરની અપેક્ષાએ સર્વ સિદ્ધોના જીવોમાં ૨/૩ ભાગરૂપ સમાનતાને કારણે વૈષમ્યાભાવ ન માનો તો, સ્થૂલકૃશાદિ શરીરના ભેદથી તદ્વ્યવસ્થાના= અવગાહનાની વ્યવસ્થાના, વિપ્લવનો=નાશનો, પ્રસંગ પ્રાપ્ત થશે.

❀ **'यत्तु'** નો અન્વય - **'तदुन्मत्ताध्यात्मिकप्रलपितं'** એ પ્રમાણે છે. **हीनत्वात्**નો અર્થ શૂષિરપૂરણામાં પુરુષની અપેક્ષાએ અવગાહનાહીનપણું છે, આવું હીનપણું હોવાથી સ્ત્રીઓને મોક્ષ નથી, એ પ્રમાણે કથન ઉન્મત્ત આધ્યાત્મિક પ્રલપિત છે, એમ અન્વય સમજવો.

**ભાવાર્થ :- 'यत्तु'**થી જે કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, સિદ્ધાવસ્થામાં પૂર્વશરીર કરતાં શરીરના ત્રીજા ભાગમાં જે પોલાણ હોય છે તે રૂપ શુષિર પૂર્ણ થાય છે, તેથી સ્વશરીરની અપેક્ષાએ ૨/૩ ભાગ અવગાહના રહે છે. તે રૂપ શુષિરપૂરણામાં પુરુષની અપેક્ષાએ સ્ત્રીઓનું અવગાહનાહીનપણું છે, કેમ કે સ્ત્રીઓનું શરીર પુરુષ કરતાં કદમાં ટૂંકું હોય છે. તેથી અવગાહનાહીનપણાને કારણે સ્ત્રીમાં ચારિત્ર નથી, એ પ્રકારનું જે આધ્યાત્મિકનું કથન છે, તે ઉન્મત્તના પ્રલાપ જેવું છે. કેમ કે રત્નત્રય સામ્રાજ્યરૂપ સાધ્ય સિદ્ધ થયે છતે અવગાહનાની હીનતાનું અકિંચિત્કરપણું

છે. અને અવગાહનાહીનત્વનું કિંચિત્કરપણું માનીએ તો પણ સ્વશરીરની અપેક્ષાએ તો કોઇને અવગાહનાની વિષમતા હોતી જ નથી.

કહેવાનું તાત્પર્ય એ છે કે, સ્ત્રી કે પુરુષ દરેકને જે શરીર પ્રાપ્ત થયું હોય તેની અપેક્ષાએ ૨/૩ ભાગ અવગાહના તે તે સર્વ સિદ્ધોમાં હોય છે, તેથી શુષિરપૂરણામાં સર્વત્ર અવગાહનાવૈષમ્યનો અભાવ છે. '**अन्यथा .... प्रसङ्गात्**' સુધી જે કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, સ્થૂલ શરીરવાળાને સ્વશરીરની અપેક્ષાએ ૨/૩ ભાગ અવગાહના રહે છે, અને કૃશશરીરવાળાને સ્વશરીરની અપેક્ષાએ ૨/૩ ભાગ અવગાહના રહે છે, એ પ્રકારની શાસ્ત્રની વ્યવસ્થા છે. અને દરેકની સ્વશરીરની અપેક્ષાએ ૨/૩ ભાગ અવગાહના રહેવા રૂપ વૈષમ્યાભાવ ન સ્વીકારવામાં આવે તો, આ શાસ્ત્રવ્યવસ્થાનો વિપ્લવ થાય; અને તેથી કોઇક સ્થૂલશરીરવાળા પણ ૨/૩ને બદલે ૧/૨ અવગાહનાવાળા બને તો, કૃશશરીરવાળા કરતાં પણ અલ્પ અવગાહનાવાળા થઇ શકે, તેમ સ્વીકારવાનો પ્રસંગ આવે.

**ટીકાર્થ :-'एतेन'**-આનાથી=પૂર્વમાં કહ્યું કે રત્નત્રયનું સામ્રાજ્ય સિદ્ધ થયે છતે અવગાહનાહીનત્વનું અકિંચિત્કરપણું છે આનાથી, "સંસ્થાનહીનપણું હોવાથી સ્ત્રીઓને મુક્તિ હોતી નથી" ઇત્યાદિ કથન અપાસ્ત જાણવું, કેમ કે અનિત્થંસ્થનિષ્ઠ (અનિત્થંસ્થાત્મક) સંસ્થાનમાં સર્વ સંસ્થાનનો સમાવેશ છે.

**ભાવાર્થ :-** સિદ્ધમાં જીવોને કોઇ નિયત સંસ્થાન નથી માટે અનિત્થંસ્થ સંસ્થાન છે, અને સ્વશરીરની અપેક્ષાએ શુષિર પૂર્યા પછી ૨/૩ ભાગ જે અવગાહના પેદા થાય છે, તે વખતનું સંસ્થાન સદા માટે તેવું હોય છે, તેથી તે નિષ્ઠાને પામેલું સંસ્થાન છે. તેથી સિદ્ધવર્તી સર્વ જીવોનું અનિયત સંસ્થાન હોતે છતે, પ્રાપ્ત થયેલું સદા એક જ રૂપે રહેવાના સ્વભાવવાળું સંસ્થાન છે. તેમાં સર્વ સંસ્થાનનો સમાવેશ થઇ શકે છે; અર્થાત્ નાની અવગાહનાવાળા શરીરનું સંસ્થાન પણ રહી શકે છે, અને મોટી અવગાહનાવાળા શરીરનું સંસ્થાન પણ રહી શકે છે. એમ સમચતુરસ્રસંસ્થાન હોય તે પણ તેમાં રહી શકે, અને અન્ય સંસ્થાન પણ તેમાં રહી શકે છે. માટે સર્વ સંસ્થાનનો તેમાં સમાવેશ છે, તેથી સંસ્થાનહીનપણું મોક્ષપ્રાપ્તિમાં પ્રતિબંધક નથી.

**ટીકા :- एतेन यदुक्तं प्रभाचन्द्रेण "स्त्रीणां न मोक्षः, पुरुषेभ्यो हीनत्वात्, नपुंसकादिवद्" ( न्या. कु. च. पृष्ठ ८७६ ) इति तदपास्तं द्रष्टव्यं, सामान्येन स्त्रीणां पक्षत्वेंऽशतः सिद्धसाधनाद्, देव्यादीनां मोक्षानभ्युपगमात्, विवादास्पदीनां च तासां पक्षत्वे तद्विशेषणानुपादाने पक्षस्य न्यूनत्वात्, प्रकरणादेव तल्लाभे पक्षस्याप्यनुपादानप्रसङ्गादित्याचार्याः । ननु श्रुतिप्राप्तेऽर्थे प्रकरणादीनामनवकाशाच्छ्रुतिप्राप्तस्य पक्षस्य न प्रकरणापेक्षा, अपि त्वतथाभूतस्य विशेषणस्यैव तदपेक्षेति चेत् ? न,** "श्रुतिलिङ्गवाक्यप्रकरण-स्थानसमाख्यानां समवाये पारदौर्बल्यम्" [ जै. सू. ३-३-१४ ][1] **इत्यत्र श्रुतिर्द्वितीयेत्यादिना द्वितीयारूपाया एव श्रुतेर्ग्रहणात् । अस्तु वा पदमेव श्रुतिस्तथापि पक्षस्येव विशेषणस्यापि श्रुत्याऽग्रहणे न्यूनत्वमेव ।**

**वस्तुतो विवादापन्नत्वमपि मोक्षसामग्रीसमवहितत्वपर्यवसन्नमेव, इतरस्य दुर्वचत्वात् । तथा च प्रतिज्ञाया एव बलवत्प्रमाणेन बाधः, न हि "मोक्षसामग्रीसमवहिता न मोक्षभाजः" इति न विरोधपद्ध-**

---

१. 'अर्थविप्रकर्षात्' इति सूत्रशेषः ।

**तिपराहतम् । अपि च ''स्त्रीणां मोक्षः, नपुंसकेभ्योऽधिकत्वात्, पुरुषवद्'' इति सत्प्रतिपक्षोऽपि । एतेन ''न्यूनत्वं पुरुषदोषो न तु वस्तुदोषः, न चैतावतैव वादिपराजयात् कथापर्यवसानं, तत्त्वनिर्णिनीषायामदोषाद्'' इत्युक्तावपि न क्षतिः ।।१६४।।**

**ટીકાર્થ :-'एतेन'**- આનાથી=ગાથા-૧૬૪ની ટીકાના પ્રારંભથી બતાવ્યું કે, રત્નત્રયના સામ્રાજ્યની પ્રાપ્તિ થયે છતે જ્ઞાનાદિની અપેક્ષાએ હીનપણું સિદ્ધિગમન પ્રત્યે પ્રતિકૂળ નથી આનાથી, પ્રભાચંદ્ર વડે, સ્ત્રીઓને મોક્ષ નથી, પુરુષો કરતાં હીનપણું હોવાથી, નપુંસકાદિની જેમ, એ પ્રમાણે જે કહેવાયું તે અપાસ્ત જાણવું. કેમ કે સામાન્યથી= મનુષ્યરૂપે વિશેષ સ્ત્રીને પક્ષ ન કરતાં સ્ત્રીત્વેન સ્ત્રી સામાન્યેન પક્ષ કરતાં અંશથી સિદ્ધસાધન હોવાથી અપાસ્ત જાણવું.

અંશથી સિદ્ધસાધન કેમ છે? તેમાં હેતુ કહે છે -

**'देव्यादीनां'** - દેવી આદિના મોક્ષનું (અમને પણ) અનભ્યુપગમ છે. તેથી દેવી આદિરૂપે અંશને ગ્રહણ કરીને અમને=શ્વેતાંબરને, જે સિદ્ધ છે, તે જ અંશને પ્રસ્તુત અનુમાન દ્વારા તમે=દિગંબરે, સાધવા યત્ન કર્યો, તેથી અંશથી સિદ્ધસાધન દોષ છે.

**ઉત્થાન :-** અહીં પૂર્વપક્ષી=દિગંબર, કહે છે કે, સામાન્યથી સ્ત્રીને પક્ષ કરીને અમે અનુમાન કરેલ નથી, પરંતુ વિવાદાસ્પદ એવી સ્ત્રીઓને પક્ષ કરેલ છે; અર્થાત્ મનુષ્યસ્ત્રીમાં જ મોક્ષ છે કે નહીં? તે વિવાદ છે, દેવી કે તિર્યંચ સ્ત્રીમાં વિવાદ નથી. તેથી વિવાદસ્પદ એવી (મનુષ્ય) સ્ત્રીને જ પ્રસ્તુત અનુમાનમાં અમે પક્ષ કરેલ છે, માટે કોઇ દોષ નથી. તેથી કહે છે -

**ટીકાર્થ :-'विवादास्पदीनां'** વિવાદાસ્પદ તેઓનું=સ્ત્રીઓનું, પક્ષપણું હોતે છતે તદ્‌વિશેષણના અનુપાદાનમાં= પક્ષના વિશેષણના અનુપાદાનમાં, પક્ષનું ન્યૂનપણું હોવાથી (**'स्त्रीणां न मोक्षः'** એ અનુમાન અપાસ્ત જાણવું.)

**ભાવાર્થ :-'स्त्रीत्वेन स्त्री'** પક્ષ ન હોય તો અનુમાનમાં એમ કહેવું જોઇએ કે વિવાદસ્પદ સ્ત્રીઓને મોક્ષ નથી. પરંતુ વિવાદાસ્પદ વિશેષણ અનુમાનમાં ન મૂકવાથી અનુમાનના આકારમાં પક્ષનું ન્યૂનપણું= વિશેષણરહિતપણારૂપ ન્યૂનત્વની પ્રાપ્તિ થતી હોવાથી, પ્રસ્તુત અનુમાન અસમ્યક્ છે એમ જાણવું.

**ઉત્થાન :-** અહીં પૂર્વપક્ષી=દિગંબર, આ પ્રમાણે કહે કે વિશેષણનો પ્રકરણથી લાભ થાય છે. વાદની અંદર *મનુષ્યસ્ત્રીના મોક્ષનું પ્રકરણ ચાલે છે. તે પ્રકરણથી વિવાદાસ્પદ વિશેષણનો લાભ થાય છે, તેથી પ્રસ્તુત અનુમાન* અપાસ્ત નથી. તેથી કહે છે-

**ટીકાર્થ :-'प्रकरणाद्'**- પ્રકરણથી જ તેના લાભમાં=વિશેષણના લાભમાં, પક્ષના પણ અનુપાદાનનો પ્રસંગ છે. (કેમ કે પ્રકરણથી પક્ષની પણ પ્રાપ્તિ થઇ શકે છે, તેથી અનુમાનમાં વિશેષણની જેમ પક્ષનું પણ કથન કરવું જોઇએ નહીં, અને પ્રસ્તુત અનુમાનમાં પક્ષનું કથન કરેલ છે. માટે પ્રસ્તુત અનુમાન અસંગત છે) એમ આચાર્યો = શ્વેતાંબરપક્ષના આચાર્યો, કહે છે.

**ટીકાર્થ :-** '**ननु**' - '**ननु**' થી પૂર્વપક્ષી=દિગંબર, શંકા કરતાં કહે છે કે, શ્રુતિપ્રાપ્ત અર્થમાં પ્રકરણાદિનો અનવકાશ હોવાથી શ્રુતિપ્રાપ્ત એવા પક્ષને પ્રકરણની અપેક્ષા નથી. પરંતુ અતથાભૂત એવા વિશેષણને જ=શ્રુતિથી અપ્રાપ્ત એવા વિશેષણને જ, પ્રકરણની અપેક્ષા છે. (માટે પક્ષના પણ અનુપાદાનનો પ્રસંગ નથી. અને વિશેષણનો પ્રકરણથી લાભ થાય છે, માટે પ્રસ્તુત અનુમાન સંગત છે.)

**ભાવાર્થ :-** '**स्त्रीणां न मोक्षः**' એ પ્રકારના વચનપ્રયોગના શ્રવણરૂપ શ્રુતિથી પક્ષની પ્રાપ્તિ છે= સ્ત્રીરૂપ પક્ષની પ્રાપ્તિ છે, અને સાક્ષાત્ વચન ઉલ્લેખને કારણે શ્રુતિથી પ્રાપ્ત હોય તેને પ્રકરણની અપેક્ષા હોતી નથી, પરંતુ જે અર્થ સાક્ષાત્ ઉલ્લેખ નહીં હોવાના કારણે શ્રુતિથી પ્રાપ્ત ન હોય, તેને પ્રકરણની અપેક્ષા હોય છે. અને '**स्त्रीणां न मोक्षः**' એ વચનપ્રયોગમાં "વિવાદસ્પદ સ્ત્રીને મોક્ષ નથી" તેમાં વિશેષણભૂત એવું 'વિવાદાસ્પદ' અંશ શ્રુતિથી પ્રાપ્ત નથી, કેમ કે અનુમાનમાં તેનો ઉલ્લેખ નથી. તેથી તેમાં પ્રકરણની અપેક્ષા છે, અર્થાત્ પ્રસ્તુત મોક્ષની સિદ્ધિનું પ્રકરણ ચાલી રહ્યું છે તે પ્રકરણની અપેક્ષા છે. તેથી પ્રસ્તુત અનુમાનમાં વિશેષણનું અનુપાદાન હોવા છતાં પ્રકરણથી તેનો લાભ થઇ જશે, અને પક્ષનો ઉલ્લેખ હોવાથી પક્ષને પ્રકરણની અપેક્ષા નથી, માટે કોઇ દોષ નથી. આ પ્રકારના પૂર્વપક્ષીએ=દિગંબરે, કરેલા સમાધાનનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે -

**ટીકાર્થ :-** '**न, श्रुति**' - એમ ન કહેવું, કેમ કે 'શ્રુતિ, લિંગ, વાક્ય, પ્રકરણ,સ્થાન અને સમાખ્યાના સમવાયમાં= સમુદાયમાં, પછી પછીનાનું દુર્બળપણું છે; એવા વચનમાં '**श्रुतिर्द्वितीया**' ઇત્યાદિ વડે દ્વિતીયારૂપ જ શ્રુતિનું ગ્રહણ છે.

**ભાવાર્થ :-** પૂર્વપક્ષી = દિગંબરે, '**ननु**'થી કહેલ કે, શ્રુતિપ્રાપ્ત અર્થમાં પ્રકરણની અપેક્ષા નથી, તે જૈમિનીયસૂત્રના બળથી કહેલ. કેમ કે તે વ્યાકરણના સૂત્રમાં શ્રુતિ, લિંગ આદિમાં પછી પછીના દુર્બળ છે તેમ કહ્યું છે. એનાથી અર્થથી એ પ્રાપ્ત થાય છે કે પૂર્વ પૂર્વના બળવાન છે; અને પ્રકરણ કરતાં શ્રુતિ પ્રસ્તુત સૂત્રમાં પૂર્વમાં છે અને પ્રકરણ પાછળમાં છે માટે શ્રુતિ બળવાન હોવાને કારણે તેને પ્રકરણની અપેક્ષા રહેતી નથી, એમ પૂર્વપક્ષીએ કહેલ. ત્યાં સિદ્ધાંતકાર કહે છે કે, તે સૂત્રની ટીકામાં કહેલ છે કે '**श्रुतिर्द्वितीया**' ઇત્યાદિ દ્વારા એ પ્રાપ્ત થાય છે કે, દ્વિતીયારૂપ જ શ્રુતિનું ગ્રહણ કરેલ છે, તેથી અન્ય વિભક્તિવાળું જે પદ હોય તે શ્રુતિ કહેવાય નહીં. તેથી તે સૂત્રની ટીકા પ્રમાણે '**स्त्रीणाम्**' એ ષષ્ઠી વિભક્તિમાં હોવાથી શ્રુતિ કહી શકાય નહીં. તેથી '**स्त्रीणां न मोक्षः**' એ કથનમાં '**स्त्रीणां**' રૂપ પક્ષ શ્રુતિપ્રાપ્ત નથી એમ કહી શકાય. તેથી પક્ષને પ્રકરણની અપેક્ષા નથી તેમ કહી શકાય નહીં. માટે જેમ વિશેષણ પ્રકરણથી પ્રાપ્ત થઇ શકે છે, તેમ પક્ષ પણ પ્રકરણથી પ્રાપ્ત થઇ શકે છે; માટે પક્ષના અનુપાદાનનો પ્રસંગ પ્રાપ્ત થાય છે, માટે પ્રસ્તુત અનુમાન અપાસ્ત જાણવું.

**ટીકાર્થ :-** '**अस्तु वा**' - પૂર્વમાં '**श्रुतिलिङ्ग ..**' એ સૂત્રની ટીકાના બળથી દ્વિતીયારૂપ જ શ્રુતિ છે એમ કહીને પૂર્વપક્ષનું નિરાકરણ કર્યું. હવે કહે છે કે, અથવા 'પદ' જ શ્રુતિ હો=પદ ગમે તે વિભક્તિમાં હોય પરંતુ '**विभक्त्यन्तं**

**पदं**' એ જ શ્રુતિરૂપ હો, (તેથી ષષ્ઠી વિભક્ત્યન્ત પદ '**स्त्रीणां**' તે શ્રુતિરૂપ થશે. તેથી ત્યાં પ્રકરણની અપેક્ષા પ્રસ્તુત વ્યાકરણસૂત્ર પ્રમાણે રહેશે નહીં) તો પણ પક્ષની જેમ વિશેષણનું પણ શ્રુતિથી અગ્રહણમાં ન્યૂનત્વ જ છે.

**ભાવાર્થ :-** '**स्त्रीणां न मोक्षः**' એ પ્રસ્તુત અનુમાનમાં જેમ પક્ષનું શ્રુતિથી ગ્રહણ છે, તેમ વિશેષણનો= વિવાદાસ્પદ વિશેષણનો, સાક્ષાત્ ઉલ્લેખ નહીં હોવાથી શ્રુતિથી અગ્રહણ છે=પ્રકરણથી પ્રાપ્ત હોવા છતાં શ્રુતિથી અગ્રહણ છે. તેથી પ્રસ્તુત અનુમાનમાં ન્યૂનપણું જ છે. તેથી પ્રસ્તુત અનુમાન સંગત કહેવાય નહીં અર્થાત્ પૂર્વપક્ષી એવા દિગંબરે તે અનુમાન એ રીતે જ કરવું જોઇએ કે "વિવાદાસ્પદ સ્ત્રીને મોક્ષ નથી", પણ નહીં કે સ્ત્રીને મોક્ષ નથી. કેમ કે સાંભળનારને જેમ પક્ષનું શ્રુતિથી ગ્રહણ છે, તેમ વિશેષણનું શ્રુતિથી ગ્રહણ ન થાય તો એ જ પ્રતીત થાય કે પૂર્વપક્ષીએ અનુમાન સમ્યક્ કર્યુ નથી, પણ ત્રુટિત જ કર્યું છે.

**ઉત્થાન :-** પૂર્વમાં એ સ્થાપન કર્યું કે, દિગંબરે કરેલ '**स्त्रीणां न मोक्षः, पुरुषेभ्यो हीनत्वात्, नपुंसकादिवद्**' એ અનુમાન સંગત નથી.ત્યાં અનુમાનનો આકાર સંગત નથી એ સ્થાપન કર્યુ ત્યાં કોઇને પ્રશ્ન થાય કે, આ અનુમાનનો આકાર વ્યક્તિની ખામીને કારણે ત્રુટિવાળો છે; પરંતુ તે ત્રુટિ વગર અનુમાન કરવામાં આવે તો તે અનુમાનથી સ્ત્રીઓને મોક્ષની સિદ્ધિ નથી તે સિદ્ધ થઇ શકે. તેથી તે અનુમાન સંગત નથી તે બતાવવા માટે '**वस्तुतः**'થી કહે છે -

**ટીકાર્થ :-** '**वस्तुतः**' - વાસ્તવિક રીતે વિવાદાપન્નપણું પણ મોક્ષસામગ્રીસમવહિતત્વમાં પર્યવસન્ન જ છે, કેમ કે ઇતરનું દુર્વચપણું છે. અને તે રીતે=વિવાદાપન્નત્વ મોક્ષસામગ્રીસમવહિતત્વમાં પર્યવસન્ન જ છે તે રીતે, બલવાન પ્રમાણથી પ્રતિજ્ઞાનો જ બાધ છે. અને તે પ્રતિજ્ઞાનો જ બાધ સ્પષ્ટ કરતાં કહે છે- મોક્ષસામગ્રી સમવહિત મોક્ષભાગી નથી, એ કથન વિરોધ પદ્ધતિથી પરાહત નથી એમ નહીં જ, અર્થાત્ વિરોધ પદ્ધતિથી પરાહત જ છે.

❀ '**न हि**' અહીં '**हि**' એવકારાર્થક છે.

**ભાવાર્થ :-** '**स्त्रीणां न मोक्षः**' એ પૂર્વપક્ષીના=દિગંબરના અનુમાનમાં અનુમાનના આકારની ત્રુટિના નિવારણ અર્થે '**स्त्रीणां**'નું વિશેષણ 'વિવાદાપન્નત્વ' સ્વીકારે તો અનુમાનનો આકાર આ પ્રમાણે પ્રાપ્ત થાય. '**विवादापन्नानां स्त्रीणां न मोक्षः पुरुषेभ्यो हीनत्वात्, नपुंसकादिवत्**' આ પ્રકારના પૂર્વપક્ષીના અનુમાનમાં બાધ દોષ છે, તે '**वस्तुतः**'થી બતાવે છે. અને તે આ રીતે - '**स्त्रीणां**'નું વિશેષણ '**विवादापन्नानां**' એમ કર્યુ ત્યાં દેવીઓને મોક્ષ કેમ નથી ? અને મનુષ્યસ્ત્રીઓને મોક્ષ કેમ છે ? તે વિચારીએ તો સ્વીકારવું પડે કે, દેવીઓને મોક્ષની સામગ્રી મળી નથી, કેમ કે મોક્ષની સામગ્રી મનુષ્યભવરૂપ છે અને દેવીઓને મનુષ્યભવ નથી. માટે દેવીઓને મોક્ષ સ્વીકારવામાં દિગંબર અને શ્વેતાંબર વચ્ચે વિવાદ નથી, પરંતુ મનુષ્યસ્ત્રીમાં જ વિવાદ છે. તેથી એ ફલિત થાય છે કે વિવાદાપન્નત્વ એ મનુષ્યભવરૂપ મોક્ષસામગ્રીસમવહિતત્વ છે, તે સિવાય બીજો અર્થ વિવાદાપન્નત્વનો થઇ શકે નહીં. અને તે રીતે સ્વીકારવામાં આવે તો '**स्त्रीणां**'ના વિશેષણ તરીકે '**विवादापन्नानां**' કરવારૂપ બલવાન પ્રમાણથી જ પ્રતિજ્ઞાનો બાધ પ્રાપ્ત થાય છે; કેમ કે પ્રતિજ્ઞા એ કરવામાં આવી છે કે વિવાદાપન્ન સ્ત્રીઓને મોક્ષ નથી, અને વિવાદાપન્નનો અર્થ એ સિદ્ધ થયો કે મોક્ષસામગ્રી સમવહિત એવી સ્ત્રીઓને મોક્ષ નથી. અને મોક્ષસામગ્રી સમવહિત હોય અને મોક્ષ ન

થાય એ વચન જ પરસ્પર વિરોધી છે. તેથી પ્રતિજ્ઞાનો જ બલવાન પ્રમાણથી બાધ છે. અર્થાત્ દિગંબરે કરેલ અનુમાનમાં પ્રતિજ્ઞાનાં વચનોમાં જ પરસ્પર વિરોધ હોવાને કારણે પ્રતિજ્ઞાના વચનનો બાધ થાય છે. અને તે જ વાતને '**न हि ..**'થી બતાવી કે મોક્ષસામગ્રી સમવહિત હોય એવી સ્ત્રીઓ મોક્ષભાજ નથી એમ કહેવું એ પરસ્પર વિરોધ વચનથી પરાહત છે. માટે '**स्त्रीणां न मोक्षः**' એ અનુમાનથી સ્ત્રીઓને મોક્ષ નથી એમ સિદ્ધ કરી શકાય નહીં.

**ઉત્થાન :-** અહીં પૂર્વપક્ષી=દિગંબર, કહે કે તમે=શ્વેતાંબર, મનુષ્યભવને મોક્ષની સામગ્રીવાળો સ્વીકારો છો, તેથી મનુષ્યમાત્રને મોક્ષસામગ્રીવાળો મનુષ્યભવ મળ્યો છે તેમ માનો છો; પરંતુ અમે પુરુષ એવા મનુષ્યને જ મોક્ષસામગ્રી મળી છે એમ કહીએ છીએ. આમ છતાં વિવાદ થવાનું કારણ તમે મનુષ્યસ્ત્રીને મોક્ષ માનો છો તે છે. તેથી મનુષ્યસ્ત્રી મોક્ષસામગ્રીવાળી છે એવો અર્થ કરી શકાશે નહીં. તેથી બીજો દોષ આપતાં કહે છે-

**ટીકાર્થ :-** '**अपि च**' - અને વળી સ્ત્રીઓને મોક્ષ છે, નપુંસકથી અધિકપણું હોવાથી પુરુષની જેમ. એ પ્રકારે સત્પ્રતિપક્ષ પણ છે.

**ભાવાર્થ :-** પૂર્વપક્ષી=દિગંબરે, અનુમાન કરેલ કે '**स्त्रीणां न मोक्षः पुरुषेभ्यो हीनत्वात्, नपुंसकादिवत्**' આ અનુમાન સામે '**स्त्रीणां मोक्षः, नपुंसकेभ्योऽधिकत्वात्, पुरुषवत्**' આ પ્રમાણે બીજું અનુમાન પણ થઇ શકે છે. તેથી સત્પ્રતિપક્ષરૂપ દોષ હોવાને કારણે દિગંબરના અનુમાનથી સ્ત્રીઓને મોક્ષની અસિદ્ધિ થઇ શકશે નહીં.

**ટીકાર્થ :-** '**एतेन**' - આના દ્વારા ='**वस्तुतः**'થી **सत्प्रतिपक्षोऽपि** સુધી કથન કર્યું, આના દ્વારા, ન્યૂનપણું પુરુષનો દોષ છે વસ્તુનો દોષ નથી. અને એટલામાત્રથી જ=અનુમાનના આકારમાં ન્યૂનપણું છે એટલા માત્રથી જ, વાદીનો પરાજય થવાથી કથા પર્યવસાન નથી; કેમ કે તત્ત્વનિર્ણય કરવાની ઇચ્છામાં અદોષ છે, એ પ્રમાણે ઉક્તિ હોવા છતાં પણ ક્ષતિ નથી.

❀ '**एतेन**' - આના દ્વારા ='**वस्तुतः**'થી **सत्प्रतिपक्षोऽपि** સુધી કથન કર્યું આના દ્વારા, આ પ્રમાણે કોઇ કહે તો પણ ક્ષતિ નથી, એ પ્રમાણે અહીં અન્વય છે.

**ભાવાર્થ :-** કોઇ કહે કે દિગંબરે જે અનુમાન કર્યું તેમાં અનુમાનના આકારમાં જે ન્યૂનત્વ દોષ છે, તે પુરુષનો દોષ છે પરંતુ વસ્તુનો દોષ નથી. અને એટલામાત્રથી=અનુમાનના આકારમાં હીનત્વદોષ માત્રથી વાદીનો પરાજય થવાથી કથા પર્યવસાન થતી નથી. કેમ કે તત્ત્વનિર્ણય કરવામાં કોઇને જિજ્ઞાસા હોય તો અનુમાનના આકારમાં ત્રુટિ હોવાને કારણે પુરુષના દોષમાત્રથી તત્ત્વજિજ્ઞાસુને સંતોષ થતો નથી; પરંતુ તત્ત્વજિજ્ઞાસુ કહે છે કે પુરુષના દોષને ભૂલી જઇને પણ જો તે અનુમાનથી વસ્તુની સિદ્ધિ થઇ શકતી હોય તો સ્વીકારવામાં શું વાંધો છે? આ પ્રમાણે કોઇ કહે તો પણ ક્ષતિ નથી; કેમ કે '**स्त्रीणां न मोक्षः**' એ પ્રમાણે દિગંબરે કરેલ અનુમાનમાં પરસ્પર વિરોધ છે, અને તે અનુમાનમાં સત્પ્રતિપક્ષ દોષ પણ છે, એમ **वस्तुतः** થી **सत्प्रतिपक्षोऽपि** સુધી સ્થાપન કર્યું છે. માટે તત્ત્વજિજ્ઞાસુ સમજી શકે છે કે તે અનુમાન જ ખોટું છે. તેથી તે અનુમાન દ્વારા સ્ત્રીઓને મોક્ષ નથી તેમ સિદ્ધ થઇ શકે નહીં. ॥૧૬૪॥

**અવતરણિકા :- अथ पापप्रकृतिबाहुल्यहेतुं दूषयितुमाह -**

**અવતરણિકાર્થ :-** પૂર્વે ગાથા-૧૬૦માં કહ્યું કે, સ્ત્રીપર્યાય વડે સિદ્ધિ નથી, અને તેમાં હેતુઓ ગાથા-૧૬૧માં દર્શાવ્યા. તે હેતુમાં પ્રથમ ચરણવિરહરૂપ હેતુમાં દૂષણ ગાથા-૧૬૩માં બતાવ્યું, અને હીનત્વરૂપ દ્વિતીય હેતુમાં દૂષણ ગાથા - ૧૬૪માં બતાવ્યું. હવે ત્રીજો હેતુ જે કહ્યો કે પાપપ્રકૃતિનું બાહુલ્ય હોવાથી સ્ત્રીપર્યાય વડે મુક્તિ નથી, તે પાપપ્રકૃતિબાહુલ્ય હેતુને દૂષિત કરવા માટે ગ્રંથકાર કહે છે -

ગાથા :- **पावाणं पयडीणं थीनिव्वत्तीइ बंधजणणीणं ।**
**सम्मत्तेणेव खए णो तेसिं पावबहुलत्तं ॥१६५॥**

(पापानां प्रकृतीनां स्त्रीनिर्वृत्तेर्बन्धजननीनाम् । सम्यक्त्वेनैव क्षये नो तासां पापबहुलत्वम् ॥१६५॥)

**ગાથાર્થ :- સ્ત્રીનિર્વૃત્તિની=સ્ત્રીશરીરરચનાની, બંધજનની=બંધજનક, પાપપ્રકૃતિઓનો સમ્યક્ત્વ વડે જ ક્ષય થયે છતે તેઓમાં= સ્ત્રીઓમાં, પાપબહુલપણું હોતું નથી. ॥૧૬૫॥**

**ટીકા :- यत्तावदुक्तं "मिथ्यात्वसहायेन महापापेन स्त्रीत्वस्य निर्वर्तनान्न स्त्रीशरीरवर्त्तिन आत्मनो मुक्तिः" इति तदयुक्तं, सम्यक्त्वप्रतिपत्त्यैव मिथ्यात्वादीनां क्षयादिसम्भवात्, आस्त्रीशरीरं तदनुवृत्तौ तस्याः सम्यक्त्वादेरप्यलाभप्रसङ्गात् । उक्तं च योगशास्त्रवृत्तौ**–ननु महापापेन मिथ्यात्वसहायेन स्त्रीत्वमर्ज्यते, न हि सम्यग्दृष्टिः स्त्रीत्वं कदाचिद् बध्नाति, इति कथं स्त्रीशरीरवर्त्तिन आत्मनो मुक्तिः स्यात्? मैवं, सम्यक्त्वप्रतिपत्तिकाल एवान्तःकोटिकोटिस्थितिकानां सर्वकर्मणां भावेन मिथ्यात्वमोहनीयादीनां क्षयादिसम्भवादिति ।

**ટીકાર્થ :- 'यत्तावदुक्तं'** મિથ્યાત્વની સહાયવાળા મહાપાપ વડે=મહાપાપવાળા અધ્યવસાય વડે, સ્ત્રીપણાનું નિવર્તન હોવાથી= સ્ત્રીપણું બંધાતું હોવાથી, સ્ત્રીશરીરવર્તી આત્માની મુક્તિ નથી, એ પ્રમાણે જે વળી કહેવાયું, તે અયુક્ત છે. કેમ કે સમ્યક્ત્વની પ્રતિપત્તિથી જ =પ્રાપ્તિથી જ, મિથ્યાત્વાદિના ક્ષયાદિનો સંભવ છે. (અને) સ્ત્રીશરીર હોય ત્યાં સુધી તેની અનુવૃત્તિમાં=મિથ્યાત્વાદિની અનુવૃત્તિમાં, તેને=સ્ત્રીને, સમ્યક્ત્વાદિના પણ અલાભનો પ્રસંગ પ્રાપ્ત થશે. અને યોગશાસ્ત્રની ટીકામાં કહ્યું છે- મિથ્યાત્વની સહાયવાળા મહાપાપથી જ સ્ત્રીપણું મળે છે, કારણ કે સમ્યગ્દૃષ્ટિ જીવ સ્ત્રીપણું ક્યારે પણ બાંધતો નથી. એથી કરીને કેવી રીતે સ્ત્રીશરીરવર્તી આત્માની મુક્તિ થાય? **'मैवं'** તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે સમ્યક્ત્વના પ્રતિપત્તિકાળમાં જ= પ્રાપ્તિકાળમાં જ, અંતઃકોડાકોડિ સ્થિતિવાળાં સર્વ કર્મોનો ભાવ હોવાથી મિથ્યાત્વમોહનીયાદિના ક્ષયાદિનો સંભવ છે.

❀ **'मिथ्यात्वमोहनीयादीनां'** અહીં **'आदि'** પદથી અનંતાનુબંધી માયાદિનું ગ્રહણ કરવું. **क्षयादिसम्भवादिति**- અહીં **इति** શબ્દ યોગશાસ્ત્રની વૃત્તિના કથનની સમાપ્તિ સૂચક છે.

**ભાવાર્થ :-** ગ્રંથિદેશમાં જીવ આવે છે ત્યારે ચરમાવર્તની બહાર પણ અંતઃકોટાકોટિ સ્થિતિ થાય છે, તે સમ્યક્ત્વ અપ્રતિપત્તિકાળ છે; પરંતુ સમ્યક્ત્વપ્રતિપત્તિકાળમાં જ્યારે સર્વ કર્મો અંતઃકોટાકોટિ સ્થિતિવાળાં થાય છે, ત્યારે મિથ્યાત્વમોહનીયાદિનો ક્ષયાદિ અવશ્ય થાય છે. ક્ષયાદિમાં 'આદિ'થી ક્ષયોપશમાદિનું ગ્રહણ કરવું. અને સમ્યક્ત્વ અપ્રતિપત્તિકાળમાં કર્મોની અંતઃકોટાકોટિની સ્થિતિ થાય છે, તેના કરતાં સમ્યક્ત્વ પ્રતિપત્તિકાળમાં અંતઃકોટાકોટિની સ્થિતિ નાની હોય છે.

**ટીકા :- ननु तथापि ( नन्वेवं ) मा भूत्तासां सम्यग्दर्शनमहिम्ना मिथ्यात्वादिकं, तथापि स्त्रीत्वसमर्जितः कामातिरेक एव मुक्तिप्रतिपन्थी, एवं च "स्त्रियो न मुक्तिभाजः, पुरुषापेक्षया तीव्रकामत्वात्, नपुंसकवत्" इत्यनुमानमिति चेत् ? न, तीव्रस्यापि कामस्य श्रुताध्ययनादिप्रसूतविपरीतपरिणाम-निवर्त्तनीयत्वात्, न हि काममनिरुध्य पुरुषा अपि मुच्यन्ते । एवं च पूर्वानुमाने "स्त्रियो मोक्षभाजः, नपुंसकेभ्यो हीनकामत्वात्, पुरुषवत्" इति सत्प्रतिपक्षोऽपि ।**

❀ '**ननु तथापि**' છે ત્યાં '**नन्वेवं**' એ પ્રમાણે પાઠ ભાસે છે, તે મુજબ અર્થ કરેલ છે.

**ટીકાર્થ :- 'ननु' - 'ननु'**થી પૂર્વપક્ષી શંકા કરતાં કહે છે કે, એ રીતે=પૂર્વમાં તમે કહ્યું કે સમ્યક્ત્વની પ્રતિપત્તિથી મિથ્યાત્વાદિના ક્ષયાદિનો સંભવ છે એ રીતે, તેઓને=સ્ત્રીઓને, સમ્યગ્દર્શનના મહિમાથી મિથ્યાત્વાદિક ભલે ન હો, તો પણ સ્ત્રીપણા સાથે પ્રાપ્ત થયેલ કામવાસનાનો અતિરેક જ મુક્તિનો પ્રતિપંથી=વિરોધી છે, અને એ પ્રમાણે સ્ત્રીઓ મુક્તિ પામતી નથી; કારણ કે પુરુષની અપેક્ષાએ તીવ્ર કામવાસનાવાળી છે. જેમ કે નપુંસક, એ પ્રમાણે અનુમાન કરી શકાશે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે તીવ્ર પણ કામનું (કામવાસનાનું) શ્રુત અધ્યયનાદિથી પ્રસૂત=પેદા થયેલ, વિપરીત પરિણામથી નિવર્તનીયપણું છે. કારણ કે કામનો નિરોધ કર્યા વગર પુરુષો પણ મુક્તિ પામતા નથી.
**'एवं च'** અને એ પ્રમાણે પૂર્વ અનુમાનમાં="**स्त्रियो न मुक्तिभाजः, पुरुषापेक्षया तीव्रकामत्वात्, नपुंसकवत्**" એ અનુમાનમાં "**स्त्रियो मोक्षभाजः, नपुंसकेभ्यो हीनकामत्वात्, पुरुषवत्**" = સ્ત્રીઓ મુક્તિ પામે છે, કારણ કે નપુંસકોથી હીન કામવાળી છે, પુરુષની જેમ, એ પ્રમાણે સત્પ્રતિપક્ષ પણ છે.

**ટીકા :- नन्वेवं नपुंसकानामपि कुतो न मुक्तिः ? तेषामपि तीव्रतरकामस्य विपरीतपरिणाम-निवर्त्तनीयत्वात् । 'स्त्रीपुरुषशरीरयोरेव मोक्षहेतुत्वान्नपुंसकस्य स्वभावादेव न मोक्ष' इति चेत् ? तर्हि लाघवात् पुंशरीरत्वेनैव मोक्षहेतुतास्तु, स्त्रीनपुंसकयोस्तु स्वभावादेव न मोक्षः । 'आगमसिद्धः स्त्रीणां मोक्षो न तु नपुंसकस्ये'ति चेत् ? सोऽयमागमो विवादग्रस्तः । 'अक्लीबशरीरत्वेनैव मोक्षहेतुताऽस्त्वि'ति चेत् ? न, पुंशरीरत्वापेक्षयाऽक्लीबशरीरस्य गुरुत्वात् ।**

**अत्रोच्यते-जातिनपुंसकस्य तावत्सम्यक्त्वाद्यभावादेव न मोक्षः, स्त्रीणां तु तत्साम्राज्यात्तदविरोधः, एवं च प्रमाणबलाद् गुरुणाप्यक्लीबशरीरत्वेनैव हेतुता, येन रूपेण रत्नत्रयप्राप्तिहेतुता तेन रूपेण मोक्षहेतुत्वात् । अन्यथा स्त्रीक्लीबयोः स्वभावसाम्ये स्त्रियाः क्लीबस्येव सम्यग्दर्शनादिकमपि न स्यात् ।**

**ટીકાર્થ :- 'ननु' - 'ननु'**થી શંકા કરતાં પૂર્વપક્ષી=દિગંબર, આ પ્રમાણે કહે છે કે, એ પ્રમાણે=શ્રુત-અધ્યયનાદિથી કામવાસનાનું નિવર્તનીયપણું હોવાથી સ્ત્રીઓને મુક્તિ કહી એ પ્રમાણે, નપુંસકોને પણ કેમ મુક્તિ થતી નથી? કેમ કે તેઓને પણ=નપુંસકોને પણ, તીવ્રતરકામવાસનાનું વિપરીત પરિણામથી નિવર્તનીયપણું છે.અહીં પૂર્વપક્ષી=દિગંબર, કહે છે કે, જો તમે=સિદ્ધાંતકાર, આ પ્રમાણે કહેશો કે સ્ત્રીપુરુષશરીરનું જ મોક્ષહેતુપણું હોવાથી નપુંસકને સ્વભાવથી જ મોક્ષ નથી, તો પછી લાઘવથી પુરુષશરીરપણાથી જ મોક્ષહેતુતા હો, વળી સ્ત્રી-નપુંસકનો તો સ્વભાવથી જ મોક્ષ નથી.

અહીં પૂર્વપક્ષી=દિગંબર, કહે છે કે જો તમે=સિદ્ધાંતકાર, આ પ્રમાણે સમાધાન આપશો કે સ્ત્રીઓને આગમસિદ્ધ મોક્ષ છે પરંતુ નપુંસકને નહીં, તો તે આગમ વિવાદગ્રસ્ત છે.

અહીં પૂર્વપક્ષી=દિગંબર, કહે છે કે અક્લીબ-શરીરપણાથી જ=અનપુંસક-શરીરપણાથી જ, મોક્ષહેતુતા હો, એ પ્રમાણે જો તમે=સિદ્ધાંતકાર, કહેશો તો તે યુક્ત નથી; કેમ કે પુરુષ-શરીરપણાની અપેક્ષાએ અક્લીબ-શરીરનું=અનપુંસક-શરીરનું ગુરુપણું છે=ગૌરવ છે.

**ભાવાર્થ :-** પુરુષશરીરની પુરુષશરીરત્વેન ઉપસ્થિતિ થાય છે, જ્યારે અક્લીબશરીરની ઉપસ્થિતિમાં ક્લીબશરીરની =નપુંસકશરીરની ઉપસ્થિતિપૂર્વક તદ્ભિન્નશરીરની ઉપસ્થિતિ થાય છે. માટે પ્રથમ નપુંસકશરીરની ઉપસ્થિતિ થાય, પછી તેનાથી ભિન્ન અક્લીબશરીરની=અનપુંસકશરીરની ઉપસ્થિતિ કરવી પડે છે. માટે ઉપસ્થિતિકૃત ગૌરવ છે, એમ દિગંબર કહે છે.

**ટીકાર્થ :- 'अत्रोच्यते'** - આ કથનમાં = **'नन्वेवं'**થી પૂર્વપક્ષીએ જે કથન કર્યું એમાં, કહેવાય છે. જાતિનપુંસકને= જન્મથી નપુંસકને, સમ્યક્ત્વાદિના અભાવથી જ મોક્ષ નથી. વળી સ્ત્રીઓને તત્સામ્રાજ્યથી=સમ્યક્ત્વાદિ હાજર હોવાથી, તેનો અવિરોધ છે; અર્થાત્ મોક્ષ હોવામાં કોઇ વિરોધ નથી.
**'एवं च'** અને એ પ્રમાણે=પૂર્વમાં કહ્યું કે તેનું સામ્રાજ્ય હોવાથી=રત્નત્રયીનું સામ્રાજ્ય હોવાથી, મોક્ષનો અવિરોધ છે એ પ્રમાણે, પ્રમાણના બળથી=આગમપ્રમાણના બળથી= સ્ત્રીઓને મોક્ષ કહેનાર આગમપ્રમાણના બળથી, ગુરુ પણ અક્લીબશરીરપણા વડે જ=અનપુંસકશરીરપણા વડે જ, હેતુતા છે. કેમ કે જે રૂપે રત્નત્રયપ્રાપ્તિની હેતુતા છે તે રૂપે મોક્ષહેતુપણું છે. અન્યથા=અક્લીબશરીરત્વેન હેતુતા ન માનો અને પુંશરીરત્વેન મોક્ષહેતુતા માનો, તો સ્ત્રી અને નપુંસકના સ્વભાવસામ્યમાં=મોક્ષ-અહેતુતારૂપ સ્વભાવસામ્યમાં, સ્ત્રીને નપુંસકની જેમ સમ્યગ્દર્શનાદિક પણ નહીં થાય.

**ભાવાર્થ :- एवं च** - પૂર્વપક્ષીએ પૂર્વમાં કહેલ કે "આગમ વિવાદગ્રસ્ત" છે, તેથી લાઘવને કારણે પુંશરીરત્વેન મોક્ષ હેતુતા હો, તેનો ઉત્તર આપતાં સિદ્ધાંતકાર કહે છે કે, રત્નત્રયીની પ્રાપ્તિની હેતુતા છે તે રૂપે મોક્ષહેતુત્વ છે, એ રૂપ વ્યાપ્તિના બળથી વિવાદગ્રસ્ત આગમ પણ યુક્તિથી સંગત થાય છે; અને આગમપ્રમાણના બળથી ગુરુભૂત પણ અક્લીબશરીરપણા વડે મોક્ષહેતુતા છે, કેમ કે તે ગૌરવફલમુખ છે. અન્યથા સ્ત્રી અને નપુંસક બંનેનો સ્વભાવ એક સરખો હોવામાં=મોક્ષ-અહેતુતારૂપ સ્વભાવ બંનેનો એક સરખો હોવામાં, નપુંસકની જેમ સ્ત્રીઓને સમ્યગ્દર્શનાદિ નહીં થાય.

**ટીકા :-** **स्यादेतत्-नपुंसकानामानपुंसकशरीरनिर्वृत्तेरनन्तानुबन्धिभिरनुवर्त्तितव्यं, स्त्रीणां त्वास्त्रीशरीरनिर्वृत्तेः प्रत्याख्यानावरणैरनुवर्त्तिष्यत इति क्लीबस्य न सम्यग्दर्शनं, स्त्रीणां तु न चारित्रमेवेति चेत् ? न, स्त्रीत्वक्लीबत्वबन्धकत्वसाम्येन द्वयोरप्यविशेषेणानन्तानुबन्ध्यनुवृत्तिप्रसङ्गात्, स्त्रियास्तत्क्षयादिसामग्र्यां च कषायान्तरक्षयादिसामग्र्या अप्यबाधात् । 'नपुंसकस्य कुतो न तादृशसामग्री'ति चेत् ? तत्र स्वभाव एव शरणं, नपुंसकत्वबन्धकालीनानामनन्तानुबन्ध्यादीनां निकाचनादिति दिग् ॥१६५॥**

**ટીકાર્થ :-** **'स्यादेतत्'** અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, નપુંસકોને નપુંસકશરીરની નિર્વૃત્તિ=રચના, સુધી અનંતાનુબંધી કષાયો અનુવર્તે છે, વળી સ્ત્રીઓને સ્ત્રીશરીરની નિર્વૃત્તિ સુધી પ્રત્યાખ્યાનાવરણ કષાયો અનુવર્તશે, એથી કરીને નપુંસકને સમ્યગ્દર્શન નથી, અને વળી સ્ત્રીઓને ચારિત્ર જ નથી. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું. કેમ કે સ્ત્રીપણું અને નપુંસકપણાના બંધકત્વમાં સમાનતા હોવાથી બંનેમાં પણ=સ્ત્રીપણું અને નપુંસકપણું બંનેમાં પણ, અવિશેષપણાથી અનંતાનુબંધી કષાયની અનુવૃત્તિનો પ્રસંગ છે. અને સ્ત્રીઓને તત્ક્ષયાદિસામગ્રી હોતે છતે=અનંતાનુબંધીના ક્ષય-ક્ષયોપશમાદિની સામગ્રી હોતે છતે, (અનંતાનુબંધી નિવૃત્ત થઈ શકે છે એમ જો કહેશો તો) કષાયાન્તર ક્ષયાદિસામગ્રીનો પણ=પ્રત્યાખ્યાનાવરણ કષાયોના ક્ષયાદિસામગ્રીનો પણ, અબાધ હોવાથી (પ્રત્યાખ્યાનાવરણ કષાયોને પણ નિવૃત્ત થવા માનવા પડશે.)

**'नपुंसकस्य'**- અહીં પૂર્વપક્ષી=દિગંબર, સિદ્ધાંતકારને પૂછે છે કે, નપુંસકને કેમ તાદશ સામગ્રી=અનંતાનુબંધીના ક્ષયાદિની સામગ્રી, હોતી નથી? તેનો ઉત્તર આપતાં સિદ્ધાંતકાર કહે છે કે, નપુંસકપણાના બંધકાલીન અનંતાનુબંધી આદિની નિકાચના કરી હોવાથી ત્યાં=નપુંસકમાં, સ્વભાવ જ શરણ છે, અર્થાત્ નપુંસકોનો સ્વભાવ જ એવો હોય છે કે અનંતાનુબંધીના ક્ષયાદિની સામગ્રી તેઓને પ્રાપ્ત થાય નહીં, એ પ્રમાણે દિશાસૂચન છે. **॥૧૬૫॥**

**અવતરણિકા :-** **अथ मनःप्रकर्षविरहसंहननविरहहेतुं दूषयति -**

**અવતરણિકાર્થ :-** સ્ત્રીઓને મુક્તિ ન હોવામાં ગાથા-૧૬૧માં દિગંબરે કહેલ મનઃપ્રકર્ષના અભાવરૂપ હેતુને, તેમ જ સંઘયણના અભાવરૂપ હેતુને, દૂષિત કરતાં ગ્રંથકાર કહે છે -

**ગાથા :-** **ण य तासिं मणविरियं असुहं व सुहं वि णेव उक्किट्ठं ।**
**तारिसणियमाभावा तेण हओ चरमहेऊवि ॥१६६॥**

( न च तासां मनोवीर्यमशुभमिव शुभमपि नैवोत्कृष्टम् । तादृशनियमाभावात् तेन हतश्चरमहेतुरपि ॥१६६॥ )

**ગાથાર્થ :-** **અને તેઓને = સ્ત્રીઓને, અશુભ મનોવીર્ય ઉત્કૃષ્ટ હોતું નથી, તેમ શુભ પણ = શુભ મનોવીર્ય પણ ઉત્કૃષ્ટ હોતું જ નથી એમ ન કહેવું, કેમ કે તાદશ નિયમનો = અશુભ મનોવીર્ય ઉત્કૃષ્ટ ન હોય તો શુભ મનોવીર્ય પણ ઉત્કૃષ્ટ ન જ હોય તેવા પ્રકારના નિયમનો, અભાવ છે; અને તેના વડે=તાદશ નિયમનો અભાવ છે તેના વડે, ચરમ હેતુ પણ=સંઘયણાભાવરૂપ ચરમ હેતુ પણ, હણાયેલો છે. ॥૧૬૬॥**

**टीका :-** यत्तावदुक्तं "स्त्रीणां सप्तमनरकपृथ्वीगमनयोग्यमनोवीर्यपरिणत्यभावात् मोक्षगमनहेतुमनोवीर्यपरिणतेरप्यभावः" इति तदयुक्तं, न हि यत्र यत्र मोक्षगमनयोग्यता तत्र तत्र सप्तमनरकपृथ्वीगमनयोग्यतेति व्याप्तिरस्ति यद्बलेन व्यापकाभावाद्व्याप्याभावः सिद्ध्येत् । 'प्रसन्नचन्द्रादिषु तदुभयसहचारो दृष्ट' इति चेत् ? न, सहचारदर्शनमात्रेणव्याप्तेरग्रहात्, तादृशाशुभमनोवीर्यपरिणतिविरहिणि चरमशरीरिणि व्यभिचारात् । एतेन यत्र सप्तमनरकपृथ्वीगमनयोग्यताविरहस्तत्र मुक्तिगमनयोग्यताविरह इत्यभावमुखेन व्याप्तिरपि परास्ता, उत्कृष्टाऽशुभमनोवीर्यपरिणतिविरहेऽपि उत्कृष्टशुभमनोवीर्यपरिणतिसम्भवाद्, अन्यथा विपरीतनियमप्रसङ्गे मुक्तिगमनाऽयोग्यानामभव्यानामपि सप्तमनरकपृथ्वीगमनं न स्यात् । अपि च नाधोगतिविषये मनोवीर्यपरिणतिवैषम्यदर्शनादूर्ध्वगतावपि तद्वैषम्यं, यतो भुजपरिसर्प्पाः पक्षिणश्चतुष्पदा उरगाश्चाधोगतावुत्कर्षतो यथाक्रमं द्वितीयां तृतीयां चतुर्थीं पञ्चमीं च पृथ्वीं गच्छन्ति, ऊर्ध्वं तु सर्वेप्युत्कर्षतः सहस्त्रारं यावदेवेति ।

**ટીકાર્થ :-'यत्तावदुक्तं'** સ્ત્રીઓને સાતમી નરકપૃથ્વીગમનયોગ્ય મનોવીર્યપરિણતિનો અભાવ હોવાથી, મોક્ષગમનહેતુ મનોવીર્યપરિણતિનો પણ અભાવ છે, એ પ્રમાણે જે વળી કહેવાયું તે અયુક્ત છે; કેમ કે જ્યાં જ્યાં મોક્ષગમનયોગ્યતા હોય ત્યાં ત્યાં સાતમી નરકપૃથ્વીમાં ગમનયોગ્યતા હોય, એ પ્રકારે વ્યાપ્તિ નથી, કે જેના બળથી સાતમી નરકપૃથ્વીમાં ગમનયોગ્યતારૂપ વ્યાપકના અભાવથી, મોક્ષગમનની યોગ્યતારૂપ વ્યાપ્યનો અભાવ સિદ્ધ થઇ શકે.

અહીં પૂર્વપક્ષી શંકા કરે કે, પ્રસન્નચંદ્રાદિમાં તદુભયનો સહચાર = મોક્ષગમનયોગ્યતા અને સપ્તમનરકપૃથ્વીગમનયોગ્યતારૂપ તદુભયનો સહચાર, દેખાયેલો છે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે, એમ ન કહેવું, કેમ કે સહચારદર્શનમાત્રથી વ્યાપ્તિનો અગ્રહ છે = ક્યાંક ક્યાંક સહચાર દેખાવામાત્રથી તેવી વ્યાપ્તિનો નિર્ણય થઇ જતો નથી. (અને) તેવા પ્રકારની અશુભ મનોવીર્યપરિણતિના અભાવવાળા ચરમશરીરીમાં વ્યભિચાર છે, અર્થાત્ તીર્થંકરાદિ કેટલાક ચરમશરીરી જીવોને તેવી અશુભ મનોવીર્યપરિણતિ ન હોવા છતાં, મોક્ષગમનયોગ્ય શુભપરિણતિ હોવાથી વ્યભિચાર હોવાના કારણે, તેવી વ્યાપ્તિ માની શકાતી નથી.

**एतेन** = આનાથી = જ્યાં જ્યાં મોક્ષગમનયોગ્યતા છે ત્યાં ત્યાં સપ્તમનરકપૃથ્વીગમનયોગ્યતા છે એવી વ્યાપ્તિ નથી આનાથી, સાતમી નરકગમનયોગ્યતાનો અભાવ હોય છે ત્યાં મોક્ષગમનયોગ્યતાનો (પણ) અભાવ હોય છે, એ પ્રમાણે અભાવમુખથી વ્યાપ્તિ પણ = અભાવઘટિત વ્યાપ્તિ પણ, પરાસ્ત જાણવી. કેમ કે ઉત્કૃષ્ટ અશુભ મનોવીર્યપરિણતિના વિરહમાં પણ ઉત્કૃષ્ટ શુભ મનોવીર્યપરિણતિનો સંભવ છે. અન્યથા વિપરીત નિયમપ્રસંગમાં= જેઓને ઉત્કૃષ્ટ શુભ મનોવીર્યપરિણતિ ન હોય તેઓને ઉત્કૃષ્ટ અશુભ મનોવીર્યપરિણતિ પણ હોતી નથી એવા વિપરીત નિયમના પ્રસંગમાં, મુક્તિગમન માટે અયોગ્ય એવા અભવ્યોને પણ સપ્તમનરકપૃથ્વીગમન થઇ શકશે નહિ.

**'अपि च'** અને વળી અધોગતિના વિષયમાં મનોવીર્યપરિણતિના વૈષમ્યનું દર્શન હોવાથી ઊર્ધ્વગતિમાં પણ તેનું વૈષમ્ય = મનોવીર્યપરિણતિનું વૈષમ્ય, નથી; જે કારણથી ભુજપરિસર્પો, ખેચરો, ચતુષ્પદો, ઉરપરિસર્પો, અધોગતિમાં ઉત્કૃષ્ટથી અનુક્રમે બીજી, ત્રીજી, ચોથી, અને પાંચમી નરક પૃથ્વીમાં જાય છે. વળી, ઊર્ધ્વમાં તો બધા

જ ઉત્કૃષ્ટથી આઠમા સહસ્રાર દેવલોક સુધી જાય છે. માટે પણ સ્ત્રી નીચે સાતમી નરકમાં જતી નથી, તેથી મોક્ષમાં જઇ ન શકે, તેમ અનુમાન કરી શકાય નહિ.

**ટીકા :-** **स्यादेतत्- तेषामूर्ध्वाधोगतिवैषम्यं भवस्वाभाव्यादेव, स्त्रीणां तु न तथा, नरभवेन सप्तमनरकपृथिव्यामपि गमनसम्भवादिति चेत् ? तथापि स्त्रीपर्यायस्यैवायं स्वभावो यत्सप्तमनरकपृथ्व्यां ता न गच्छन्तीति । 'मोक्षेऽपि ता न गच्छन्तीति कुतो नासां स्वभावः' इति चेत् ? तत्कारणसाम्राज्ये तादृशस्वाभाव्याऽकल्पनात् । तर्हि सप्तमनरकपृथिवीगमनाभावोऽपि तासां कारणाभावमन्वेषयतीति चेत् ? तर्हि भुजपरिसर्पादीनामपि द्वितीयादिनरकपृथिवीगमनाभावः कारणाभावमन्वेषयतीति तुल्यम् ।**

**ટીકાર્થ :-** **'स्यादेतत्'** - અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, તેઓનું = ભુજપરિસર્પાદિનું, ઊર્ધ્વ-અધોગતિ વૈષમ્ય ભવસ્વભાવથી જ હોય છે. વળી સ્ત્રીઓને તે પ્રમાણે નથી = સ્ત્રીઓને ભવસ્વભાવથી ઊર્ધ્વ અને અધોગતિનું વૈષમ્ય નથી, કેમ કે નરભવથી સપ્તમ નરક પૃથ્વીમાં પણ ગમન સંભવ છે. તેનો ઉત્તર આપતાં સિદ્ધાંતકાર કહે છે કે, તો પણ = સ્ત્રીનો નરભવને આશ્રયીને તેવો સ્વભાવ નથી તો પણ, સ્ત્રીપર્યાયનો જ આ સ્વભાવ છે કે જે સપ્તમ નરક પૃથ્વીમાં તેઓ = સ્ત્રીઓ, જતી નથી.

**ભાવાર્થ :-** **'स्त्रीणां तु'** સ્ત્રી સ્ત્રીપણાથી છઠ્ઠી નરક સુધી જઇ શકે છે, પરંતુ સ્ત્રીને પણ નરભવ=મનુષ્યભવ, પ્રાપ્ત થાય છે, અને મનુષ્યરૂપે મનુષ્ય અધોગતિમાં સાતમી નરક સુધી જઇ શકે છે, અને ઊર્ધ્વગતિમાં મોક્ષમાં જઇ શકે છે, માટે મનુષ્યભવના સ્વભાવથી સ્ત્રીઓનું ઊર્ધ્વ-અધોગતિનું વૈષમ્ય કહી શકાય નહિ. તેથી જેમ સ્ત્રી અધોગતિમાં સાતમી નરક સુધી જઇ શકતી નથી, તેમ ઊર્ધ્વગતિમાં પણ મોક્ષમાં જઇ શકતી નથી, એ પ્રમાણે પૂર્વપક્ષી એવા દિગંબરનો આશય છે. તેનો ઉત્તર આપતાં સિદ્ધાંતકાર કહે છે કે, મનુષ્યભવનો એવો સ્વભાવ ન હોવા છતાં સ્ત્રીઓના સ્ત્રીપર્યાયનો જ એવો સ્વભાવ છે કે તેઓ સાતમી નરકમાં ન જાય.

**ટીકાર્થ :-** **'मोक्षेऽपि'** અહીં પૂર્વપક્ષી=દિગંબર, આ પ્રમાણે કહે કે, તેઓ=સ્ત્રીઓ, મોક્ષમાં પણ ન જાય એ પ્રકારે કેમ એઓનો=સ્ત્રીઓનો, સ્વભાવ નથી ? તો સિદ્ધાંતકાર કહે છે કે, તેના કારણનું સામ્રાજ્ય હોતે છતે = રત્નત્રયરૂપ મોક્ષના કારણનું સામ્રાજ્ય હોતે છતે, (સ્ત્રીઓમાં) તાદશ સ્વભાવનું અકલ્પન છે.
**तर्हि** - અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, તો પછી સપ્તમનરકપૃથ્વીગમનનો અભાવ છે તે પણ તેઓને = સ્ત્રીઓને, કારણાભાવનું અન્વેષણ કરે છે.

**ભાવાર્થ :-** પૂર્વપક્ષીને કહેવાનો આશય એ છે કે, જેમ સ્ત્રીઓમાં રત્નત્રયનું સામ્રાજ્ય છે તેથી મોક્ષ અગમનનો સ્વભાવ નથી તેમ કહો છો, તે પ્રમાણે સપ્તમ નરકપૃથ્વીગમનને અનુકૂળ એવી કોઇક શક્તિનો અભાવ સ્ત્રીઓમાં છે, કે જેના કારણે સ્ત્રીઓ સાતમી નરકપૃથ્વીમાં ગમન કરી શકતી નથી; અને તે શક્તિનો અભાવ બતાવે છે કે, જેમ સાતમી નરક પૃથ્વીમાં જવાની તેઓમાં શક્તિ નથી, તેમ ઉત્કૃષ્ટ કાર્ય સાધવાની શક્તિ પણ તેઓમાં નથી, તેથી સ્ત્રીઓ મોક્ષમાં જતી નથી.

**ટીકાર્થ :- तर्हि** - પૂર્વપક્ષીની શંકાનો ઉત્તર આપતાં સિદ્ધાંતકાર કહે છે કે, તો પછી ભુજપરિસર્પાદિને પણ દ્વિતીયાદિ નરકપૃથ્વીગમનાભાવ કારણાભાવનું અન્વેષણ કરે છે, એ પ્રમાણે તુલ્ય છે.

**ભાવાર્થ :-** સિદ્ધાંતકારને કહેવાનો આશય એ છે કે, ભુજપરિસર્પાદિમાં અધોગમનની શક્તિ બે નરક સુધી છે, તો તે પ્રમાણે ઊર્ધ્વગમનની શક્તિ પણ અમુક દેવલોક સુધી માનવી જોઇએ; પરંતુ ભુજપરિસર્પમાં ઊર્ધ્વગમનની શક્તિ દિગંબરને પણ આઠમા દેવલોક સુધી માન્ય છે, તેથી અધોગમનની શક્તિથી નિયંત્રિત ઊર્ધ્વગમનની શક્તિનો અભાવ જો દિગંબર સ્વીકારતા હોય, અને કહે કે ભુજપરિસર્પાદિનો તેવો સ્વભાવ જ છે કે અધોગમન બે નરક સુધી કરી શકે અને ઊર્ધ્વગમન આઠમા દેવલોક સુધી જઇ શકે, તો સ્ત્રીઓમાં પણ દિગંબરને તેવો સ્વભાવ માનવો જોઇએ, કે અધોગમન છઠ્ઠી નરક સુધી સ્ત્રીઓ કરી શકે છે અને ઊર્ધ્વમાં મોક્ષ સુધી જઇ શકે છે.

**ટીકા :- तस्मान्न शुभगत्यर्जनसामर्थ्योत्कर्षोऽशुभगत्यर्जनसामर्थ्योत्कर्षं व्याप्नोति । अथोर्ध्वगतिपरमोत्कर्ष एवाधोगतिपरमोत्कर्षव्याप्यस्तेनान्तरालिकवैषम्यदर्शनेऽपि न क्षतिरिति चेत् ? न, तस्यापि नियमस्य दूषितत्वात् ।**

**ટીકાર્થ :- 'तस्मात्'** તે કારણથી = **यत्तावदुक्तं** થી **तुल्यम्** સુધી જે કથન કહ્યું તે કારણથી, શુભગતિઅર્જનનું સામર્થ્યઉત્કર્ષ અશુભગતિઅર્જનના સામર્થ્યઉત્કર્ષને વ્યાપ્ત કરતું નથી.
**'अथ'** - **'अथ'**થી પૂર્વપક્ષી = દિગંબર, કહે કે, ઊર્ધ્વગતિનો પરમઉત્કર્ષ **જ** અધોગતિના પરમઉત્કર્ષનો વ્યાપ્ય છે. તેથી અંતરાલિક વૈષમ્યદર્શનમાં પણ = વચ્ચે વચ્ચેના ઊર્ધ્વગતિ-અધોગતિ અંગેનું વૈષમ્ય હોવા છતાં પણ, કોઇ ક્ષતિ નથી. તેનો ઉત્તર આપતાં સિદ્ધાંતકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે તે પણ નિયમનું દૂષિતપણું છે. કેમ કે "તીર્થંકરાદિ કેટલાક ચરમશરીરી જીવોને ઊર્ધ્વગતિનો પરમઉત્કર્ષ હોવા છતાં અધોગતિનો પરમઉત્કર્ષ હોતો નથી. એ વ્યભિચાર હોવાથી" એમ પૂર્વમાં કહ્યું તેનાથી દૂષિત છે.

**ટીકા:- एतेन- "स्त्रीणां न ज्ञानादिपरमप्रकर्षः, परमप्रकर्षत्वात्, सप्तमनरकपृथ्वीगमनाऽपुण्यपरमप्रकर्षवत्" इत्यपि निरस्तं, स्त्रियो ज्ञानादिपरमप्रकर्षाभाववत्यः परमप्रकर्षत्वादित्यर्थे हि किं केन सङ्गतम् ? "ज्ञानादिपरमप्रकर्षो न स्त्रीवृत्तिः, परमप्रकर्षत्वात्" इत्यर्थे तु षष्ठ्याः सप्तम्यर्थे लक्षणाऽऽपत्तिः, साम्प्रदायिकसप्तम्यनुपादानस्याऽन्याय्यत्वं, मोहनीयस्थितिपरमप्रकर्षे स्त्रीवेदपरमप्रकर्षे व्यभिचारश्च । सप्तमनरकपृथ्वीगमनाऽपुण्यजातीयपरमप्रकर्षत्वस्य हेत्वर्थत्वे पक्षाऽवृत्तित्वं, ज्ञानादेरपुण्यजातीयत्वाभावात्, आत्मपरिणामत्वजात्या तज्जातीयत्वस्य स्त्रीवेदपरिणामादिसाधारणत्वेनानैकान्तिकत्वात् । 'स्त्रीणां न ज्ञानादिपरमप्रकर्षः, गुणप्रकर्षत्वात्' इत्यत्र व्याप्तिग्राहकप्रमाणाभावः, 'ज्ञानादिप्रकर्षः स्त्रीवृत्तिः, नपुंसकाऽवृत्तिगुणप्रकर्षत्वात्, सम्यग्दर्शनप्रकर्षवत्' इत्येतेन बाधश्च । किं च छाद्मस्थ्यकालावच्छेदेन ज्ञानादिप्रकर्षस्य स्त्रीवृत्तित्वाभावे साध्ये श्रुतज्ञानप्रकर्षमादाय पक्षैकदेशे सिद्धसाधनं,**

**कैवल्यकालावच्छेदेन तत्साधने च वदतो व्याघातः । अथ चारित्रप्रकर्षो न स्त्रीवृत्तिः, गुणप्रकर्षत्वात्, श्रुतज्ञानपरमप्रकर्षवत् इति चेत् ? न, सम्यग्दर्शनप्रकर्षेण व्यभिचारात्, ज्ञानप्रकर्षं विनापि चारित्रप्रकर्षस्य माषतुषादौ सिद्धत्वेनाऽप्रयोजकत्वाच्च ।**

**ટીકાર્થ :- एतेन** આનાથી = પૂર્વમાં કહ્યું કે તે પણ નિયમનું દૂષિતપણું છે આનાથી, સ્ત્રીઓને જ્ઞાનાદિનો પરમપ્રકર્ષ નથી કેમ કે પરમપ્રકર્ષપણું છે, સપ્તમનરકપૃથ્વીગમનને અનુકૂળ એવા અપુણ્યના (પાપના) પરમપ્રકર્ષની જેમ; એ પણ (અનુમાન) નિરસ્ત જાણવું.

**ઉત્થાન :-** આ અનુમાન '**एतेन**'થી યદ્યપિ નિરસ્ત છે, તો પણ પ્રથમ આ પ્રકારના અનુમાનનો આકાર પણ અસંબદ્ધ છે એ બતાવવા કહે છે કે, પ્રસ્તુત અનુમાનમાં 'સ્ત્રી' પક્ષ છે, અને 'પરમપ્રકર્ષત્વ'રૂપ હેતુ છે, તે પક્ષમાં રહી શકતો નથી; કેમ કે તે અનુમાનનો આકાર આ રીતે પ્રાપ્ત થાય છે -

**ટીકાર્થ :- 'स्त्रियो'** સ્ત્રીઓ જ્ઞાનાદિ પરમપ્રકર્ષના અભાવવાળી છે; અને તેમાં હેતુ પ્રાપ્ત થાય છે કે પરમપ્રકર્ષપણું હોવાથી. (અને) આ પ્રમાણે અર્થ કરવામાં કોના વડે શું સંગત થાય? અર્થાત્ કશું સંગત થતું નથી. કેમ કે પરમપ્રકર્ષત્વરૂપ હેતુ પક્ષમાં પ્રાપ્ત થતો નથી, પરંતુ પક્ષમાં સાધ્ય જ્ઞાનાદિના પરમપ્રકર્ષનો અભાવ હોવાને કારણે સાધ્યના એક દેશરૂપ પરમપ્રકર્ષમાં પરમપ્રકર્ષત્વરૂપ હેતુ પ્રાપ્ત થાય છે, તેમજ સાધ્યની સાથે હેતુની વ્યાપ્તિ પણ મળતી નથી. માટે આ વચનપ્રયોગ અસંબદ્ધ છે.

**ઉત્થાન :-** પૂર્વોક્ત અનુમાનના વચનપ્રયોગની અસંગતિને દૂર કરવા પૂર્વપક્ષી અનુમાનનો આકાર બીજી રીતે કરે છે કે, જ્ઞાનાદિ પરમપ્રકર્ષ સ્ત્રીવૃત્તિ નથી, પરમપ્રકર્ષપણું હોવાથી. તેથી જ્ઞાનાદિ પરમપ્રકર્ષરૂપ પક્ષ પ્રાપ્ત થશે, અને '**न स्त्रीवृत्तिः**' સાધ્ય થશે, અને પરમપ્રકર્ષત્વરૂપ હેતુ થશે, અને તે હેતુ જ્ઞાનાદિ પરમપ્રકર્ષરૂપ પક્ષમાં સંગત થઇ જશે, માટે કોઇ દોષ નથી. તેથી કહે છે -

**ટીકાર્થ :- 'ज्ञानादि'** વળી જ્ઞાનાદિ પરમપ્રકર્ષ સ્ત્રીવૃત્તિ નથી, પરમપ્રકર્ષપણું હોવાથી, આ પ્રમાણે અર્થમાં ષષ્ઠીની અર્થાત્ '**स्त्रीणां**' એ ષષ્ઠી વિભક્તિની સપ્તમીના અર્થમાં લક્ષણાની આપત્તિ આવશે. અર્થાત્ '**स्त्रीणां**' એ ષષ્ઠી વિભક્તિનો અર્થ **स्त्रीवृत्तिः**- તો જ કરી શકાય કે ષષ્ઠી વિભક્તિની સપ્તમીના અર્થમાં લક્ષણા છે એમ માનવામાં આવે. તેથી એ રીતે અર્થ કરવામાં ષષ્ઠી વિભક્તિની સપ્તમીના અર્થમાં લક્ષણાની આપત્તિ આવશે.

**ઉત્થાન :-** અહીં પૂર્વપક્ષી = દિગંબર, કહે કે અમે તે ષષ્ઠી વિભક્તિની સપ્તમીના અર્થમાં લક્ષણા સ્વીકારીએ છીએ, તેથી તમે આપેલ લક્ષણાની આપત્તિ અમને ઇષ્ટાપત્તિરૂપ છે. તેથી કહે છે -

**ટીકાર્થ :- 'साम्प्रदायिक'** સાંપ્રદાયિક સપ્તમીના અનુપાદાનનું અન્યાય્યપણું છે.

**ભાવાર્થ :-** જ્યાં વૃત્તિના અર્થનું કથન કરવું હોય ત્યાં સપ્તમીનું નિરૂપણ થઇ શકે એ પ્રમાણે સંપ્રદાય છે. તેથી સપ્તમીના બદલે ષષ્ઠીનું કથન કરવું અને પછી લક્ષણા દ્વારા સપ્તમીનો અર્થ ગ્રહણ કરવો તે અન્યાય્યપણું છે.

**ઉત્થાન :-** અહીં કોઇ સમાધાન કરે કે, પ્રસ્તુત અનુમાનમાં '**स्त्रीणां**' પ્રયોગ કર્યો તે અનુમાન કરનાર વ્યક્તિની ભૂલ છે,પરંતુ જો ત્યાં '**स्त्रीषु**' એ પ્રમાણે સપ્તમીનો પ્રયોગ કર્યો હોય તો અનુમાન સંગત થઇ શકે છે. તેથી સ્ત્રીઓમાં જ્ઞાનાદિનો પ્રકર્ષ નથી એમ કહી શકાય છે, માટે તત્ત્વનિર્ણયની અપેક્ષાએ તે અનુમાન સંગત થાય છે. તેથી કહે છે-

**ટીકાર્થ :-** '**मोहनीय**' મોહનીયની સ્થિતિના પરમપ્રકર્ષમાં અને સ્ત્રીવેદના પરમપ્રકર્ષમાં વ્યભિચાર છે.

**ભાવાર્થ :-** સ્ત્રીઓ પણ ઉત્કટથી મોહનીયકર્મની ૭૦ કોડાકોડીની સ્થિતિ બાંધી શકે છે, જે શ્વેતાંબર-દિગંબર ઉભયવાદીને સંમત છે. તેથી મોહનીયકર્મની સ્થિતિના પરમપ્રકર્ષમાં પરમપ્રકર્ષત્વરૂપ હેતુ છે, અને **न स्त्रीवृत्तिः** રૂપ સાધ્ય નથી; અને એ રીતે સ્ત્રીવેદના ઉદયના પરમપ્રકર્ષમાં પરમપ્રકર્ષત્વરૂપ હેતુ છે, અને '**न स्त्रीवृत्तिः**' રૂપ સાધ્ય નથી. તેથી હેતુ વ્યભિચારી છે, અને આ રીતે હેતુ વ્યભિચારી હોવાના કારણે પ્રસ્તુત અનુમાન સંગત નથી.

**ઉત્થાન :-** પૂર્વપક્ષીએ=દિગંબરે, પૂર્વમાં અનુમાન કર્યું કે જ્ઞાનાદિ પરમપ્રકર્ષ સ્ત્રીવૃત્તિ નથી, પરમપ્રકર્ષપણું હોવાથી. એ અનુમાનમાં વ્યભિચાર દોષ ગ્રંથકારે બતાવ્યો, તેથી પૂર્વપક્ષી તે વ્યભિચારના નિવારણ માટે પરિષ્કાર કરીને અનુમાનનો આકાર આ રીતે કરે કે, જ્ઞાનાદિ પરમપ્રકર્ષ સ્ત્રીવૃત્તિ નથી, અને તેમાં હેતુ કરે કે સપ્તમનરકપૃથ્વીગમન અપુણ્યજાતીય પરમપ્રકર્ષપણું છે. આ પ્રકારના તે હેતુના પરિષ્કારમાં દોષ બતાવતાં ગ્રંથકાર કહે છે -

**ટીકાર્થ :-** '**सप्तम**' સપ્તમનરકપૃથ્વીગમન અપુણ્યજાતીય = પાપજાતીય, પરમપ્રકર્ષત્વનું હેતુ અર્થપણું હોતે છતે પક્ષમાં અવૃત્તિપણું પ્રાપ્ત થશે, કેમ કે જ્ઞાનાદિમાં અપુણ્યજાતીયત્વનો અભાવ છે. અને આત્મપરિણામત્વ જાતિથી તજ્જાતીયત્વનું = સપ્તમનરકપૃથ્વીગમન અપુણ્યજાતીય (પાપજાતીય) પરમપ્રકર્ષત્વનું, સ્ત્રીવેદપરિણામાદિ સાધારણપણું હોવાને કારણે અનૈકાંતિકપણું હોવાથી તમારું=પૂર્વપક્ષીનું, અનુમાન બરાબર નથી.

**ભાવાર્થ :-** સ્ત્રી સાતમી નરકમાં જઇ શકતી નથી, તેથી સાતમી નરકપૃથ્વીમાં ગમન યોગ્ય એવું અપુણ્ય = પાપ, બાંધી શકતી નથી, અને તે પાપમાં પાપત્વજાતિ છે તેમ કર્મત્વજાતિ પણ છે. અને કર્મત્વજાતિ પાપ અને પુણ્ય સાધારણ છે, જ્યારે પાપત્વજાતિ પાપમાત્રમાં વિશ્રાંત છે. તેથી અપુણ્યત્વજાતિ ન કહેતાં અપુણ્યત્વજાતીય કહેલ છે, અને અપુણ્યત્વજાતીયથી કર્મત્વજાતિને ગ્રહણ કરવાની છે. અને કર્મત્વજાતીયનું પરમપ્રકર્ષપણું ગ્રહણ કરવામાં આવે તો, સ્ત્રીઓને જેમ સપ્તમ નરકને યોગ્ય પાપનો પ્રકર્ષ પ્રાપ્ત થતો નથી, તેમ મોક્ષને અનુકૂળ એવો પુણ્યનો પ્રકર્ષ પણ પ્રાપ્ત થતો નથી તેવો અર્થ પ્રાપ્ત થાય. અને તેવો પરમપ્રકર્ષ સ્ત્રીઓમાં નથી, તેમ પૂર્વપક્ષીને સ્થાપન કરવું છે. પરંતુ તેવો અર્થ કરવાથી જ્ઞાનાદિ પરમપ્રકર્ષરૂપ પક્ષમાં હેતુ રહેતો નથી. કેમ કે જ્ઞાનાદિનો પરમપ્રકર્ષ જીવના

પરિણામરૂપ છે, અને કર્મત્વજાતિ તે પરિણામમાં રહી શકે નહિ. તેથી આ દોષ નિવારણ માટે પૂર્વપક્ષી = દિગંબર, કહે કે, અમે આત્મપરિણામત્વજાતિથી તજ્જાતીયનું ગ્રહણ કરીશું જેથી હેતુ પક્ષમાં પ્રાપ્ત થશે.

પૂર્વપક્ષીને કહેવાનો આશય એ છે કે, સપ્તમનરકપૃથ્વીગમનયોગ્ય એવું અપુણ્ય અમે અધ્યવસાયરૂપ ગ્રહણ કરીશું, પરંતુ કર્મરૂપ ગ્રહણ કરીશું નહિ. તેથી તે અધ્યવસાયમાં આત્મપરિણામત્વજાતિ રહે છે, અને તજ્જાતીય શુભઅધ્યવસાયને ગ્રહણ કરીશું, અને તેવો શુભઅધ્યવસાય સ્ત્રીઓમાં રહેતો નથી તેથી સાધ્યની સાથે વ્યાપ્તિ પણ પ્રાપ્ત થશે, અને હેતુની પક્ષમાં વૃત્તિ પણ સંગત થશે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે, આવી આત્મપરિણામત્વજાતિથી તજ્જાતીયને ગ્રહણ કરશો તો સ્ત્રીવેદપરિણામાદિ સાધારણપણું હોવાને કારણે હેતુ અનૈકાંતિક થશે.

ગ્રંથકારનો આશય એ છે કે, સ્ત્રીઓને સ્ત્રીવેદનો ઉદય પણ પરમપ્રકર્ષવાળો થઇ શકે છે, અને માયા પણ પરમપ્રકર્ષવાળી થઇ શકે છે, અને તે આત્માના પરિણામરૂપ છે; તેથી તે બંને પરિણામો સ્ત્રીવૃત્તિ છે. અને તેમાં આત્મપરિણામત્વજાતિ છે, તેથી આત્મપરિણામત્વજાતિ દ્વારા હેતુને તજ્જાતીયત્વ સ્વીકારશો તો હેતુ વ્યભિચારી બનશે.

**ઉત્થાન :-** અહીં પૂર્વપક્ષી = દિગંબર, બીજી રીતે સ્ત્રીને મોક્ષ નથી તે સ્થાપન કરતાં કહે છે -

**ટીકાર્થ :- 'स्त्रीणां'** અહીં પૂર્વપક્ષી = દિગંબર, કહે કે "જ્ઞાનાદિ પરમપ્રકર્ષ સ્ત્રીઓને નથી, ગુણપ્રકર્ષપણું હોવાથી." આ રીતે અમે અનુમાન કરીશું. તો ગ્રંથકાર કહે છે કે આ અનુમાનમાં વ્યાપ્તિગ્રાહક પ્રમાણાભાવ છે, અને જ્ઞાનાદિપ્રકર્ષ સ્ત્રીવૃત્તિ છે, નપુંસકમાં અવૃત્તિ ગુણપ્રકર્ષપણું હોવાથી, સમ્યગ્દર્શનના પ્રકર્ષની જેમ. એ પ્રમાણે આ અનુમાનથી બાધ દોષ (પણ) છે.

**ભાવાર્થ :-** દિગંબરે અનુમાન કર્યું કે, સ્ત્રીઓને જ્ઞાનાદિ પરમપ્રકર્ષપણું નથી, ગુણપ્રકર્ષપણું હોવાથી. એ પ્રકારના અનુમાનમાં વ્યાપ્તિને સ્વીકારવા માટે દૃષ્ટાંતરૂપે કોઇ પ્રમાણની પ્રાપ્તિ નથી, જ્યારે એનાથી વિરુદ્ધ અનુમાન કરવામાં આવે તો ત્યાં દૃષ્ટાંતની પ્રાપ્તિ છે. અને તે જ બતાવે છે જ્ઞાનાદિપ્રકર્ષ સ્ત્રીવૃત્તિ છે, નપુંસક અવૃત્તિ ગુણપ્રકર્ષપણું હોવાથી. અને તે પ્રકારની વ્યાપ્તિમાં સમ્યગ્દર્શનના પ્રકર્ષની જેમ, એ પ્રકારનું દૃષ્ટાંત પ્રાપ્ત થાય છે. એથી આ પ્રકારના અનુમાન દ્વારા દિગંબરે કરેલ અનુમાનનો બાધ થાય છે.

**ઉત્થાન :-** પૂર્વમાં પૂર્વપક્ષીએ અનુમાન કર્યું કે, સ્ત્રીઓને જ્ઞાનાદિનો પરમપ્રકર્ષ નથી ગુણપ્રકર્ષપણું હોવાથી. ત્યાં ગ્રંથકારે વ્યાપ્તિગ્રાહક પ્રમાણનો અભાવ અને વિપરીત અનુમાન થઇ શકતું હોવાથી બાધ દોષ છે એમ બતાવ્યું, હવે **किञ्च**થી કહે છે -

**ટીકાર્થ :- 'किञ्च'** અને વળી (પૂર્વપક્ષીના અનુમાનમાં) છદ્મસ્થકાલાવચ્છેદેન (છદ્મસ્થકાળ સંબંધી) જ્ઞાનાદિપ્રકર્ષનો સ્ત્રીવૃત્તિત્વાભાવ સાધ્ય હોતે છતે, શ્રુતજ્ઞાનરૂપ પ્રકર્ષને ગ્રહણ કરીને પક્ષના એક દેશમાં સિદ્ધસાધન દોષ છે, અને કૈવલ્યકાલાવચ્છેદેન તત્સાધનમાં = સ્ત્રીવૃત્તિત્વાભાવને સાધવામાં, વદતોવ્યાઘાત છે.

**ભાવાર્થ :-** છદ્મસ્થકાળમાં સ્ત્રીઓને પૂર્વનો અધિકાર નહિ હોવાથી શ્રુતજ્ઞાનનો પ્રકર્ષ પ્રાપ્ત થતો નથી, એ વાત અમને = શ્વેતાંબરને, પણ માન્ય છે. તેથી જ્ઞાનાદિ પરમપ્રકર્ષના એક દેશરૂપ શ્રુતજ્ઞાનનો પરમપ્રકર્ષ છે, તે રૂપ પક્ષના એક દેશમાં સ્ત્રીવૃત્તિત્વેન અભાવ અમને પણ માન્ય છે, તે જ તમે પ્રસ્તુત અનુમાનથી સિદ્ધ કરો છો; તેથી સિદ્ધસાધન દોષ છે. માટે પ્રસ્તુત અનુમાન અકિંચિત્કર છે. અને કૈવલ્યાવચ્છેદેન જ્ઞાનાદિપ્રકર્ષનો સ્ત્રીવૃત્તિત્વાભાવ સાધ્ય હોય તો સ્વવચન વિરોધ પ્રાપ્ત થાય છે, કેમ કે કેવલજ્ઞાન જ જ્ઞાનાદિ પરમપ્રકર્ષરૂપ છે. તેથી સ્ત્રીના કેવલજ્ઞાનને આશ્રયીને કોઇ કહે કે જ્ઞાનાદિનો પરમપ્રકર્ષ સ્ત્રીને નથી, તો તે વચનનો જ પરસ્પર વ્યાઘાત છે.

આશય એ છે કે સ્ત્રીઓમાં કેવલજ્ઞાન સ્વીકારીને સ્ત્રીઓમાં વર્તતા કેવલજ્ઞાનમાં પરમપ્રકર્ષ નથી એમ કહેવું તે અસંગત છે, કેમ કે કેવલજ્ઞાન છે અને તેમાં પરમપ્રકર્ષ નથી તેમ કહી શકાય નહિ.

**ટીકાર્થ :-** '**अथ**' અહીં '**अथ**'થી પૂર્વપક્ષી = દિગંબર, આ પ્રમાણે કહે કે, ચારિત્રનો પ્રકર્ષ સ્ત્રીવૃત્તિ નથી, કારણ કે ગુણપ્રકર્ષરૂપ છે, શ્રુતજ્ઞાનના પરમપ્રકર્ષની જેમ. (અર્થાત્ શ્રુતજ્ઞાનના પ્રકર્ષમાં જેમ ગુણપ્રકર્ષત્વ અને સ્ત્રીવૃત્તિત્વનો અભાવ પ્રાપ્ત થાય છે, તેમ ચારિત્રનો પ્રકર્ષ પણ માનવો પડશે.) તેના નિરાકરણરૂપે સિદ્ધાંતકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે સમ્યગ્દર્શનના પ્રકર્ષથી વ્યભિચાર પ્રાપ્ત થાય છે. (અર્થાત્ સમ્યગ્દર્શનના પ્રકર્ષમાં ગુણપ્રકર્ષત્વ અને સ્ત્રીવૃત્તિત્વ પ્રાપ્ત થાય છે, તેથી **न स्त्रीवृत्तिः** સાથે ગુણપ્રકર્ષત્વરૂપ હેતુનો વ્યભિચાર છે.) અને બીજો દોષ આપતાં કહે છે - જ્ઞાનપ્રકર્ષ વિના પણ ચારિત્રપ્રકર્ષનો માષતુષાદિ મુનિઓમાં સિદ્ધપણું હોવાને કારણે (શ્રુતજ્ઞાનના પરમપ્રકર્ષની જેમ એ રૂપ દૃષ્ટાંતનું) અપ્રયોજકપણું છે.

**ભાવાર્થ :-** અહીં હેતુને અપ્રયોજક કહેલ નથી, પરંતુ દૃષ્ટાંતને અપ્રયોજક કહેલ છે એ વિશેષ છે. કહેવાનો આશય એ છે કે પૂર્વપક્ષીને એ કહેવું છે કે, શ્રુતજ્ઞાનના પરમપ્રકર્ષની જેમ સ્ત્રીઓને ચારિત્રનો પરમપ્રકર્ષ નથી. તેનો ઉત્તર આપતાં સિદ્ધાંતકાર કહે છે કે, શ્રુતજ્ઞાનના પરમપ્રકર્ષની જેમ એ રૂપ દૃષ્ટાંત અપ્રયોજક છે, કેમ કે માષતુષાદિ મુનિઓમાં શ્રુતજ્ઞાનના પ્રકર્ષ વગર ચારિત્રનો પ્રકર્ષ સિદ્ધ છે; તેથી દૃષ્ટાંત અપ્રયોજક છે.

**ટીકા :- एवं चैतद्धेतुनिरासे संहननाभावहेतुरपि परास्तो वेदितव्यो, यतः स्त्रीणां वज्रर्षभसंहननाभावः किमागमनिषिद्धत्वात् साध्यते ? सप्तमनरकपृथ्वीगमनाऽयोग्यत्वाद्वानुमीयते ? नाद्यः, निषेधकागमाऽश्रवणात् । न द्वितीयः, सप्तमनरकपृथ्वीगमनयोग्यत्वस्य वज्रर्षभनाराचसंहननपर्यवसितत्वेनात्माश्रयात् । अथ सप्तमनरकपृथ्वीगमनयोग्यत्वाभावेन विशिष्टमनोवीर्यपरिणत्यभावोऽनुमीयते, तेन च वज्रर्षभनाराचसंहननाभाव इति चेत् ? तत्रापि योग्यता यदि वज्रर्षभनाराचसंहननरूपा तदान्योन्याश्रयः, यदि च मनःपरिणतिविशेषरूपा तदा तदभावेन तदभावसाधने आत्माश्रयः, तादृशाशुभमनोवीर्यपरिणतिं विनापि वज्रर्षभनाराचसंहननस्य चरमशरीरिणां सम्भवेन व्यभिचारश्च। न च ( ? ननु ) सप्तमनरकपृथ्वीगमनयोग्यत्वाभावेनोत्कृष्टाशुभमनोवीर्यजातीयवीर्याभावोऽनुमीयते, तेन च वज्रर्षभनाराचसंहननाभावोऽनुमास्यत इति चेत् ? न, योग्यताया दुर्वचत्वादुक्तान्तर्भावे चोक्तदोषात् । एवं चक्रकानवस्थादिदूषणकदम्बकमुद्भावनीयम् ।**

**ટીકાર્થ :-** '**एवं च**' અને આ પ્રમાણે = ગાથા ૧૬૬ની ટીકાના પ્રારંભથી અત્યાર સુધી જે વર્ણન કર્યું એ પ્રમાણે, આ હેતુના નિરાસમાં = મનઃપ્રકર્ષાભાવરૂપ હેતુના નિરાસમાં, સંઘયણાભાવરૂપ હેતુ પણ નિરસ્ત જાણવો. જે કારણથી સ્ત્રીઓને વજ્રઋષભનારાચસંઘયણનો અભાવ શું આગમનિષિદ્ધત્વરૂપ હેતુથી સિદ્ધ કરો છો? કે સપ્તમનરકપૃથ્વીગમનઅયોગ્યત્વરૂપ હેતુથી અનુમાન કરો છો? પ્રથમ વિકલ્પ = આગમમાં નિષિદ્ધપણું હોવાથી સ્ત્રીઓને વજ્રઋષભનારાચસંઘયણ નથી એ પ્રથમ વિકલ્પ, બરાબર નથી; કેમ કે નિષેધક આગમનું અશ્રવણ છે = એવો નિષેધ કરનાર કોઇ આગમવચન જોવા મળતું નથી.

**न द्वितीयः** - બીજો વિકલ્પ = સપ્તમનરકપૃથ્વીગમનઅયોગ્યપણું હોવાથી સ્ત્રીઓને વજ્રઋષભનારાચસંઘયણનો અભાવ અનુમાન કરાય છે એ રૂપ બીજો વિકલ્પ, બરાબર નથી; કેમ કે સપ્તમનરકપૃથ્વીગમનયોગ્યત્વનું વજ્રઋષભનારાચસંઘયણમાં પર્યવસિતપણું હોવાથી આત્માશ્રય દોષ આવશે.

**ભાવાર્થ :-** સ્ત્રીઓ સાતમી નરકે જતી નથી એ વાત ઉભય પક્ષને સંમત છે. તેથી પૂર્વપક્ષી = દિગંબર, કહે છે કે સપ્તમનરકપૃથ્વીગમનયોગ્યત્વ સ્ત્રીમાં નથી માટે સ્ત્રીમાં પ્રથમ સંઘયણ નથી. તેથી ગ્રંથકાર કહે છે કે, સપ્તમનરકપૃથ્વીગમનયોગ્યત્વ = તે શરીરની તેવી યોગ્યતા કે જેનાથી સાતમી નરકનાં કર્મ બાંધી શકાય તેવો અર્થ દિગંબરને કરવો પડે, અને તે યોગ્યતા પ્રથમ સંઘયણરૂપ જ પ્રાપ્ત થાય; કેમ કે શરીરની તેવા અધ્યવસાય કરવાની યોગ્યતા તે પ્રથમ સંઘયણરૂપ જ છે, એમ દિગંબરને માનવું પડે, તેથી તે યોગ્યતા પ્રથમ સંઘયણમાં જ પર્યવસાન પામે છે. તેથી તેવી યોગ્યતાના અભાવ દ્વારા સંઘયણાભાવને સાધવો તે સ્વ દ્વારા સ્વનું અનુમાન કરવા તુલ્ય છે. તેથી તે આત્માશ્રયરૂપ દોષ છે, માટે બીજો વિકલ્પ બરાબર નથી.

વસ્તુતઃ સ્વસિદ્ધાંત પ્રમાણે સ્ત્રીઓનો ભવકૃત જ તેવો સ્વભાવ છે કે, સાતમી નરકનું આયુષ્ય બાંધી ન શકે, આમ છતાં પ્રથમ સંઘયણ તેમને હોઇ શકે છે.

**ટીકાર્થ :-** '**अथ**' - '**अथ**'થી પૂર્વપક્ષી = દિગંબર, આ પ્રમાણે કહે કે, સપ્તમનરકપૃથ્વીગમનયોગ્યપણાના અભાવથી વિશિષ્ટમનોવીર્યપરિણતિનો અભાવ અનુમાન કરાય છે, અને તેના વડે = વિશિષ્ટમનોવીર્યપરિણતિના અભાવ વડે, વજ્રઋષભનારાચસંઘયણનો અભાવ અનુમાન કરાય છે. (તેથી આત્માશ્રય દોષ રહેતો નથી.). તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે, ત્યાં પણ યોગ્યતા જો વજ્રઋષભનારાચસંઘયણરૂપ હોય તો અન્યોન્યાશ્રય દોષ આવશે, અને જો યોગ્યતા મનઃપરિણતિવિશેષરૂપ હોય તો તેના અભાવથી = યોગ્યતાના અભાવથી, તેનો અભાવ સિદ્ધ કરવામાં = વિશિષ્ટ મનઃપરિણતિનો અભાવ સિદ્ધ કરવામાં, આત્માશ્રય દોષ આવશે. અને તાદૃશ =તેવા પ્રકારની, અશુભ મનઃપરિણતિ વિના પણ ચરમશરીરીઓને વજ્રઋષભનારાચસંઘયણનો સંભવ હોવાથી વ્યભિચાર દોષ આવે છે.

**ભાવાર્થ :-** પૂર્વમાં ગ્રંથકારે દિગંબરને આત્માશ્રય દોષ આપ્યો. તેના નિવારણરૂપે પૂર્વપક્ષી કહે છે કે, સ્ત્રીઓને સાતમી નરકમાં જવાની યોગ્યતાનો અભાવ છે એ વાત ઉભયપક્ષને માન્ય છે; અને એનાથી નક્કી થાય છે કે, સ્ત્રીઓમાં વિશિષ્ટ મનોવીર્યની પરિણતિનો અભાવ છે, અને વિશિષ્ટમનોવીર્યની પરિણતિનો અભાવ હોવાને કારણે સ્ત્રીઓમાં પ્રથમ સંઘયણનો અભાવ છે તેમ નક્કી થાય છે, તેથી સ્ત્રીઓને મોક્ષ નથી એ સિદ્ધ થાય છે અને

આત્માશ્રય દોષ નથી એ સિદ્ધ થાય છે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે, તમે ત્રણ વસ્તુ કહી (૧) સપ્તમનરકપૃથ્વીગમનયોગ્યતાનો અભાવ, (૨) વિશિષ્ટમનોવીર્યપરિણતિનો અભાવ અને (૩) વજ્રઋષભનારાચસંઘયણનો અભાવ. એમાં નંબર ૧ = સપ્તમનરકપૃથ્વીગમનયોગ્યતાનો અભાવ એ નંબર ૩ = વજ્રઋષભનારાચસંઘયણના અભાવરૂપ હોય, તો અન્યોન્યાશ્રય દોષ આવશે. કારણ કે નંબર (૧) એ નંબર (૩) રૂપ છે, તેથી બંને એક જ પ્રાપ્ત થાય. માટે વજ્રઋષભનારાચસંઘયણના અભાવથી વિશિષ્ટમનોવીર્યપરિણતિના અભાવનું અનુમાન થાય, અને વિશિષ્ટમનોવીર્યપરિણતિના અભાવથી વજ્રઋષભનારાચસંઘયણના અભાવનું અનુમાન થાય. અને નંબર (૨) એટલે કે વિશિષ્ટમનોવીર્યપરિણતિનો અભાવ, જો નંબર (૧) એટલે કે સપ્તમનરકપૃથ્વીગમન યોગ્યતાના અભાવરૂપ હોય, તો નંબર (૨) એ નંબર (૧) રૂપ થવાથી વિશિષ્ટમનોવીર્યપરિણતિના અભાવથી વિશિષ્ટમનોવીર્યપરિણતિનો અભાવ અનુમાન કરવા રૂપ આત્માશ્રય દોષ આવે છે.

**ટીકાર્થ :- 'ननु सप्तम' 'ननु'**થી પૂર્વપક્ષી = દિગંબર, કહે છે કે, સપ્તમનરકપૃથ્વીગમનયોગ્યપણાના અભાવથી ઉત્કૃષ્ટ અશુભ મનોવીર્યજાતીય વીર્યના અભાવનું અનુમાન થાય છે; અને તેના વડે = ઉત્કૃષ્ટ અશુભ મનોવીર્યજાતીય વીર્યના અભાવ વડે વજ્રઋષભનારાચસંઘયણનો અભાવ અનુમાન કરી શકાશે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે, યોગ્યતાનું દુર્વચપણું છે અને ઉક્ત અંતર્ભાવમાં ઉક્ત દોષ છે; અને એ પ્રમાણે ચક્રક-અનવસ્થાદિ દૂષણ કદંબક = દૂષણોનો સમૂહ, ઉદ્ભાવન કરવો.

**ભાવાર્થ :- 'ननु सप्तम'** અહીં વિશેષ એ છે કે, ઉત્કૃષ્ટ અશુભ મનોવીર્યજાતીય વીર્ય એ છે કે, ઉત્કૃષ્ટ અશુભ મનોવીર્યમાં જે ઉત્કૃષ્ટ વીર્યજાતિ છે તે જ જાતિ ઉત્કૃષ્ટ શુભ મનોવીર્યમાં પણ છે; તેથી ઉત્કૃષ્ટ શુભ કે અશુભ બન્ને વીર્ય એકજાતીય = સજાતીય છે. માટે સ્ત્રીમાં ઉત્કૃષ્ટ અશુભ મનોવીર્ય નથી, તેથી તજ્જાતીય શુભ મનોવીર્ય પણ નથી એ નક્કી થાય છે; અને વિશિષ્ટ મનોવીર્યપરિણતિના અભાવ દ્વારા પ્રથમ સંઘયણનો અભાવ નક્કી કરાશે. આ પ્રમાણે પૂર્વપક્ષી = દિગંબરનું, કહેવું છે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એ વાત બરાબર નથી, કેમ કે યોગ્યતાનું દુર્વચપણું છે, અર્થાત્ સ્ત્રીઓમાં સપ્તમનરકપૃથ્વીગમનયોગ્યતાનો અભાવ છે. એ યોગ્યતા, સ્ત્રીજીવની શક્તિના અભાવરૂપ છે કે સ્ત્રીશરીરની શક્તિના અભાવરૂપ છે એ કથનનો ખુલાસો કરવો દિગંબર માટે અશક્ય છે. અને જો દિગંબર કહે કે સ્ત્રીશરીરની શક્તિના અભાવને કારણે તે સપ્તમ નરકમાં જવાને યોગ્ય નથી, તો એ કથન ઉક્ત કથનમાં અંતર્ભાવ થવાને કારણે ઉક્ત દોષો આવે છે; અને તે ઉક્ત દોષો **'न द्वितीयः'**થી કહેલ ટીકામાં આત્માશ્રય અન્યોન્યાશ્રય આપેલ છે તે છે.

અને એ પ્રમાણે ચક્રક દોષનું ઉદ્ભાવન કરવું એમ કહ્યું, ત્યાં ચક્રક દોષ આ પ્રમાણે છે -

(૧) સપ્તમનરકપૃથ્વીગમનયોગ્યત્વાભાવ, (૨) ક્લિષ્ટ ચિત્તનો અભાવ, (૩) વિશિષ્ટમનોવીર્યપરિણતિનો અભાવ અને (૪) વજ્રઋષભનારાચસંઘયણનો અભાવ.

અહીં સપ્તમનરકપૃથ્વીગમનના યોગ્યત્વના અભાવને કારણે ક્લિષ્ટ ચિત્તના અભાવનું અનુમાન થાય છે, અને ક્લિષ્ટ ચિત્તના અભાવથી વિશિષ્ટ મનોવીર્યપરિણતિનો અભાવ થાય છે, અને વિશિષ્ટમનોવીર્યપરિણતિના

અભાવથી વજ્રઋષભનારાચસંઘયણનો અભાવ અનુમાન થાય છે. અને સપ્તમનરકપૃથ્વીગમનની યોગ્યતા શું ચીજ છે? તેના જવાબમાં તે યોગ્યતા વજ્રઋષભનારાચસંઘયણરૂપ સ્વીકારવામાં આવે તો ચક્રક દોષની પ્રાપ્તિ થાય, કેમ કે સપ્તમનરકપૃથ્વીગમનયોગ્યતાનો અભાવ અને વજ્રઋષભનારાચસંઘયણનો અભાવ એક પદાર્થ છે. તેથી આ અનુમાનો ફરી ફરીને એકસ્થાને આવે છે.

**ટીકા :-** **एवं व्यवस्थिते स्त्रीनिर्वाणसाधनायानुमानमाहुः-**

**मनुष्यस्त्रीजातिः कयाचिद्व्यक्त्या मुक्त्यविकलकारणवत्या तद्वती प्रव्रज्याधिकारित्वात्, पुरुषवत् । न चैतदसिद्धं, "[1]गुव्विणी बालवच्छाय पव्वावेउं ण कप्पइ" इति सिद्धान्तेन तासां तदधिकारित्वप्रतिपादनात्, विशेषप्रतिषेधस्य शेषाभ्यनुज्ञानान्तरीयकत्वादिति ।**

**ટીકાર્થ :-** '**एवं**' આ પ્રમાણે વ્યવસ્થિત થયે છતે = સ્ત્રીઓને મુક્તિ હોતી નથી એવું સિદ્ધ કરવામાં દિગંબરે આપેલ બધા હેતુઓ દુષ્ટ હોવાનું સિદ્ધ થયે છતે, (શ્વેતાંબર આચાર્યો) સ્ત્રીનિર્વાણ સાધવા માટે=સ્ત્રીને મુક્તિ સિદ્ધ કરવા માટે, અનુમાન આપે છે.

'**मनुष्य**' મનુષ્યની સ્ત્રીજાતિ, મુક્તિના અવિકલકારણવાળી કોઇક સ્ત્રી વ્યક્તિથી તે વાળી = મુક્તિવાળી, છે; કારણ કે (તેને) પ્રવ્રજ્યાનું અધિકારીપણું છે, પુરુષની જેમ. અને આ=પ્રવ્રજ્યાનો અધિકાર હોવારૂપ હેતુ અસિદ્ધ નથી; કેમ કે ગુર્વિણી = સગર્ભા, તથા બાલવત્સવાળી = નાના બાળકવાળી, સ્ત્રી દીક્ષા આપવા માટે કલ્પતી નથી, એ પ્રકારે સિદ્ધાંતવચનથી તેઓને = સ્ત્રીઓને, તદધિકારીપણાનું = દીક્ષાના અધિકારીપણાનું, પ્રતિપાદન છે. કારણ કે વિશેષના પ્રતિષેધનું શેષની અનુજ્ઞાનું અવિનાભાવીપણું છે. =સિદ્ધાંતવચનથી થતો વિશેષનો પ્રતિષેધ શેષની અનુજ્ઞાનો અવિનાભાવી હોવાથી શેષ સ્ત્રીઓને દીક્ષાધિકારીપણાનું પ્રતિપાદન છે.

**ઉત્થાન :-** પૂર્વમાં અનુમાન કર્યું કે મનુષ્યસ્ત્રીજાતિ, મુક્તિના અવિકલકારણવાળી એવી કોઇક સ્ત્રી વ્યક્તિથી મોક્ષવાળી છે, કેમ કે તેને પ્રવ્રજ્યાનું અધિકારીપણું છે, પુરુષની જેમ. અને એ હેતુ અસિદ્ધ નથી, એમ "**गुव्विणी...**" એ શાસ્ત્રપાઠથી સ્થાપન કર્યું. ત્યાં પૂર્વપક્ષી '**ननु**'થી કહે છે -

**ટીકા:-** **ननु प्रव्रज्याधिकारस्य पारम्पर्येण मोक्षहेतुतयैव निर्वाहः, न चैवमल्पायाससाध्ये तद्धेतुदेशविरत्यादावेव प्रवृत्तिः सङ्गच्छेत, न तु बह्वायाससाध्यसर्वविरताविति वाच्यम्, देशविरत्यादेर्भूयोभवघटितपारम्पर्येण मोक्षहेतुत्वेऽपि चारित्रस्यैवाल्पभवघटितपारम्पर्येण मोक्षहेतुत्वात्, तादृशपारम्पर्येण मोक्षार्थितया तत्र प्रवृत्तेर्युक्तत्वात्, कथमन्यथा दुष्षमाकालवर्त्तिनो मुमुक्षवस्तत्र प्रवर्त्तिष्यन्त इति चेत् ? न, विना कारणवैकल्यमधिकारिणः सामान्यतो मुमुक्षामात्रेणैव प्रवृत्तेः, अन्यथा विपरीतशङ्कया प्रवृत्तिप्रतिबन्धः । किञ्चैवं देशविरतानामिव संयतीनां पारम्पर्येणैव मोक्षाधिकारित्वमभिधानीयं स्यात्, अन्यथाऽधिकारिणः सर्वदा सामग्री वैकल्येऽनधिकारित्वं स्यात्, तस्मान्न किञ्चिदेतत् ।**

---

१. गुर्विणी बालवत्सा च प्रव्राजयितुं न कल्पते । निशीथभाष्य ३५०८

**ટીકાર્થ :-** **'ननु'** - **'ननु'** થી પૂર્વપક્ષી કહે છે કે, પ્રવ્રજ્યાના અધિકારનું પરંપરાથી મોક્ષહેતુતા વડે નિર્વાહ થશે.

**ભાવાર્થ :-** પૂર્વપક્ષીને કહેવાનો આશય એ છે કે, સ્ત્રી પ્રવ્રજ્યાની અધિકારી હોય તો પણ મોક્ષ પામે છે તેમ કહી શકાશે નહિ; કેમ કે પ્રવ્રજ્યાનું પાલન કરીને બીજા બીજા ભવોમાં સંયમાદિને પામીને મોક્ષનો હેતુ તે પ્રવ્રજ્યા બની શકે છે, તેથી સ્ત્રીશરીરથી સ્ત્રીને મોક્ષ થાય છે તે વાત, પ્રવ્રજ્યાના અધિકારીપણાથી સિદ્ધ કરી શકાશે નહિ.

**न चैवम् ... वाच्यम्** સુધીનું કથન પૂર્વપક્ષી પોતાની વાતને પુષ્ટ કરવા માટે કહે છે -

**ટીકાર્થ :-** **'न चैवम्'** અને એ પ્રમાણે = પૂર્વમાં પૂર્વપક્ષીએ કહ્યું કે પ્રવ્રજ્યાના અધિકારનો પરંપરાથી મોક્ષહેતુપણા વડે કરીને નિર્વાહ છે એ પ્રમાણે, અલ્પઆયાસસાધ્ય એવા તેના હેતુ = મોક્ષના હેતુ, એવી દેશવિરતિ આદિમાં જ પ્રવૃત્તિ સંગત થશે, પણ નહિ કે બહુઆયાસસાધ્ય એવી સર્વવિરતિમાં (પ્રવૃત્તિ સંગત થશે.). આ પ્રમાણે કોઇની શંકાનું નિવારણ કરતાં પૂર્વપક્ષી કહે છે કે એમ ન કહેવું, કેમ કે દેશવિરતિ આદિનું ભૂયોભવઘટિત (ઘણા ભવ ઘટિત) પારંપર્યથી મોક્ષહેતુપણું હોવા છતાં પણ, ચારિત્રનું અલ્પભવઘટિત પારંપર્યથી મોક્ષહેતુપણું હોવાને કારણે, તાદૃશ પારંપર્યથી = તેવા પ્રકારની પરંપરાથી, અર્થાત્ અલ્પભવઘટિત પરંપરાથી, મોક્ષાર્થીપણા વડે ત્યાં = ચારિત્રમાં, પ્રવૃત્તિનું યુક્તપણું છે. અન્યથા દુષમકાળમાં રહેલ મુમુક્ષુઓ ત્યાં = ચારિત્રમાં, કેવી રીતે પ્રવર્તશે ?

**ભાવાર્થ :-** **न चैवम्** થી શંકા કરનારનું તાત્પર્ય એ છે કે, વાસ્તવિક રીતે દેશવિરતિ પરંપરાએ મોક્ષનો હેતુ છે અને સર્વવિરતિ સાક્ષાત્ મોક્ષનો હેતુ છે. અને જો તમે સર્વવિરતિને પરંપરાએ મોક્ષનો હેતુ કહો તો દેશવિરતિ અને સર્વવિરતિ ઉભય પરંપરાએ મોક્ષના હેતુ પ્રાપ્ત થશે. તેથી મોક્ષનો અર્થી અલ્પઆયાસસાધ્ય એવી દેશવિરતિમાં જ પ્રવૃત્તિ કરશે, સર્વવિરતિમાં નહિ કરે. આવી કોઇની શંકાનું નિવારણ કરતાં પૂર્વપક્ષી કહે છે કે એમ ન કહેવું. કેમ કે દેશવિરતિ આદિ અલ્પઆયાસસાધ્ય હોવા છતાં અને ચારિત્ર બહુઆયાસસાધ્ય હોવા છતાં પણ દેશવિરતિ આદિથી અનેકભવઘટિત પરંપરાએ મોક્ષ મળતો હોવાથી, અને સર્વવિરતિથી અલ્પભવઘટિત પરંપરાએ મોક્ષ મળતો હોવાથી, અલ્પભવઘટિત પરંપરાએ મોક્ષને ઇચ્છતી સ્ત્રીઓ અર્થાત્ અલ્પ ભવમાં જ મોક્ષને ઇચ્છતી સ્ત્રીઓ, પ્રવ્રજ્યામાં પ્રવૃત્તિ કરે તે જ યુક્ત છે. નહીંતર તો દુષમકાળમાં રહેલ મુમુક્ષુઓની પણ પરંપરાએ મોક્ષસાધક એવા ચારિત્રમાં પ્રવૃત્તિ શી રીતે થાય? આ પ્રમાણે **'ननु ..'**થી **इति चेत्** સુધીનો પૂર્વપક્ષ છે. એમાં **न चैवम् .. वाच्यम्** સુધી પૂર્વપક્ષ અંતર્ગત કોઇકની શંકા છે, તેનું નિરાકરણ કરવા માટે પૂર્વપક્ષીએ **देशविरति ... युक्तत्वात्** સુધી હેતુ આપેલ છે, અને **'कथमन्यथा'**થી એવું ન સ્વીકારો તો શું આપત્તિ આવે તે બતાવ્યું છે.

**ઉત્થાન :-** પૂર્વમાં **'ननु'**થી પૂર્વપક્ષીએ કહેલ કે, પ્રવ્રજ્યાઅધિકારનો પરંપરાથી મોક્ષહેતુતા વડે કરીને જ નિર્વાહ છે, તેથી સ્ત્રી પ્રવ્રજ્યાની અધિકારી સિદ્ધ થાય છે; તો પણ સ્ત્રીશરીરથી મોક્ષ થાય એ સિદ્ધ થઇ શકે નહિ. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે-

**ટીકાર્થ :-** **'न, विना'** એમ ન કહેવું, કેમ કે કારણવૈકલ્ય વિના અધિકારીની સામાન્યથી મુમુક્ષામાત્રથી જ = મુક્ત થવાની ઇચ્છામાત્રથી જ, પ્રવૃત્તિ છે.

**ભાવાર્થ :-** ગુણસંપત્તિવાળો જીવ હોય તો તે પ્રવ્રજ્યાનો અધિકારી હોય, અને સંઘયણબળ આદિ કારણનું વૈકલ્ય પ્રાપ્ત થયેલ ન હોય, એવા જીવની સંયમમાં પ્રવૃત્તિ સામાન્યથી = સંસારમાંથી મુક્ત થવાની ઇચ્છા માત્રથી, હોય છે. જ્યારે કારણનું વૈકલ્ય હોય ત્યારે, સંયમનો અધિકારી જાણે છે કે સંઘયણબળ આદિના અભાવને કારણે આ ભવમાં મોક્ષ સંભવતો નથી, તેથી મોક્ષની ઇચ્છાવાળો પણ તે જીવ જન્માંતરમાં મોક્ષસાધક સામગ્રીની ઇચ્છાથી પણ પ્રવૃત્તિ કરે છે; પરંતુ કારણની કોઇ વિકલતા ન હોય ત્યારે કેવલ મોક્ષની ઇચ્છાથી જ પ્રવૃત્તિ થાય છે.

**'सामान्यतो मुमुक्षामात्रेणैव प्रवृत्तेः'** અહીં સામાન્યથી કહ્યું છે તેનો વિશેષ ભાવ એ છે કે, જે જીવને મોક્ષને અનુકૂળ કારણનું વૈકલ્ય ન હોય તે જીવને, મારે મોક્ષમાં જવું છે માટે સંયમમાં યત્ન કરું તેવી ઇચ્છા હોય છે, અને સાથે સાથે સંયમપાલન દ્વારા ઉપર ઉપરની ભૂમિકાના સંયમની પણ ઇચ્છા હોય છે. અને તે જીવ ઇચ્છે છે કે સત્ત્વનો પ્રકર્ષ થાય તો આ ભવમાં મને મોક્ષ પ્રાપ્ત થઇ શકશે. જ્યારે સંઘયણબળ આદિ કારણ વિકલ હોય ત્યારે, અધિકારી જીવ સંયમમાં પ્રયત્ન કરે છે ત્યારે તે જાણે છે કે આ ભવમાં મોક્ષની શક્તિ નથી; આમ છતાં, તે જીવને મોક્ષ મેળવવાની ઇચ્છા છે, તેથી તે વિચારે છે કે હું એ રીતે સંયમ પાળું કે વર્તમાનમાં ઉપર ઉપરની સંયમની ભૂમિકા પ્રાપ્ત થાય, કે જેથી જન્માંતરમાં સંયમની ઉત્તમ સામગ્રી મળે, અને તેના બળથી મોક્ષને પામું. આનાથી એ પ્રાપ્ત થાય છે કે, સામગ્રીવૈકલ્યવાળાને જન્માંતરમાં સંયમની સામગ્રી પામવાની ઇચ્છા હોય છે, અને સામગ્રીવૈકલ્ય વિનાના જીવને સામાન્યથી મોક્ષ મેળવવામાત્રની ઇચ્છા હોય છે; પરંતુ જન્માંતરમાં સામગ્રી મેળવીને હું મોક્ષમાં જાઉં તેવી ઇચ્છા હોતી નથી.

**ટીકાર્થ :-** '**अन्यथा**' અન્યથા = કારણના વૈકલ્ય વગર અધિકારીને સામાન્ય રીતે મોક્ષની ઇચ્છામાત્રથી જ પ્રવૃત્તિ ન માનો, અને તેને પણ પરંપરાથી જ મોક્ષની પ્રાપ્તિ થાય છે એમ માનો, તો વિપરીત શંકાથી પ્રવૃત્તિનો પ્રતિબંધક થાય.

**ભાવાર્થ :-** કહેવાનો આશય એ છે કે, વિચારક જીવને શંકા થાય કે આ ભવની અંદર કોઇ કારણનું વૈકલ્ય નથી; આમ છતાં, સંયમની પ્રવૃત્તિથી આ ભવમાં મોક્ષ થઇ શકે તેમ નથી, કેમ કે પ્રવ્રજ્યા પરંપરાએ જ મોક્ષનો હેતુ છે; તો તે જ રીતે જન્માંતરમાં પણ આ જ પ્રવ્રજ્યાને પ્રાપ્ત કરીશ, તો પણ તેનાથી કેવી રીતે મુક્ત થઇ શકીશ? કેમ કે આ ભવમાં તે પ્રવ્રજ્યા સાક્ષાત્ મોક્ષસાધ્ય નથી, તેમ ઉત્તરોત્તર દરેક ભવમાં પ્રાપ્ત થયેલી પ્રવ્રજ્યા મોક્ષની સાક્ષાત્ સાધક બની શકશે નહિ, માટે પ્રવ્રજ્યા મોક્ષનું કારણ થઇ શકશે નહિ. આ રીતની વિપરીત શંકા થવાને કારણે પ્રવૃત્તિનો પ્રતિબંધ થશે.

**ઉત્થાન :-** '**ननु**'થી પૂર્વપક્ષીએ એ સ્થાપન કર્યું કે, પ્રવ્રજ્યાઅધિકારીને પણ પ્રવ્રજ્યાગ્રહણથી પરંપરાએ જ મોક્ષપ્રાપ્તિ થાય છે એમ માની શકાય છે. અને તેમ કહીને પૂર્વપક્ષીને એ કહેવું છે કે, સ્ત્રીઓ પ્રવ્રજ્યાની અધિકારી હોવા છતાં સ્ત્રીભવમાં મોક્ષ પામી શકે નહિ, પરંતુ પરંપરાએ કોઇક ભવમાં પુરુષ થઇને મોક્ષમાં જઇ શકે. તેના નિરાકરણરૂપે ગ્રંથકારે સ્થાપન કર્યું કે, મોક્ષની પૂર્ણસામગ્રીવાળો જીવ દીક્ષાનો અધિકારી હોય તો, તે જ ભવમાં મોક્ષપ્રાપ્તિની ઇચ્છાથી પ્રવ્રજ્યામાં પ્રવૃત્તિ કરે છે. તેથી સ્ત્રી પણ સામગ્રીની વિકલતાવાળી ન હોય તો તે જ ભવમાં

મોક્ષની ઇચ્છાથી જ પ્રવ્રજ્યામાં પ્રવૃત્તિ કરે તેમ માનવું પડે. અને તેથી સ્ત્રીભવમાં મોક્ષ થઇ શકે તેમ માનવું ઉચિત છે. અને તે જ વાતને પુષ્ટ કરતાં '**किञ्च** ..'થી કહે છે -

**ટીકાર્થ :-** '**किञ्च**' અને વળી આ રીતે = પૂર્વમાં કહ્યું કે પ્રવ્રજ્યાના અધિકારી પણ પરંપરાએ મોક્ષની પ્રાપ્તિ કરશે એ રીતે, દેશવિરતિવાળાની જેમ સંયતી એવી સાધ્વીઓને પરંપરાથી મોક્ષાધિકારીપણું છે એમ (શાસ્ત્રમાં) કહેવું જોઇએ. અન્યથા = સંયતી સ્ત્રીઓ પરંપરાએ જ મોક્ષની અધિકારી હોય એવું શાસ્ત્રમાં કહ્યું નથી, છતાં તમે એને પરંપરાએ મોક્ષની અધિકારી માનો તો, અધિકારી એવી સ્ત્રીઓને સર્વદા સામગ્રીના વૈકલ્યમાં અનધિકારીપણું થાય. તે કારણથી આ તમારું કથન અર્થ વગરનું છે.

**ભાવાર્થ :-** શાસ્ત્રોમાં દેશવિરતિવાળાને મોક્ષના પરંપરાએ અધિકારી કહ્યા છે, તે જ રીતે સંયતી સ્ત્રીઓને તે જ ભવમાં મોક્ષ ન મળતો હોય તો શાસ્ત્રમાં તેઓને પણ પરંપરાએ જ મોક્ષની અધિકારી કહેવી જોઇએ. પરંતુ શાસ્ત્રમાં તેમ કહ્યું નથી, તેથી નક્કી થાય છે કે સંયતી સ્ત્રીઓ મોક્ષની અધિકારી છે. આમ છતાં, તમે કહો કે સ્ત્રીઓને આ ભવમાં મોક્ષ નથી, તો એમ કહેવું પડશે કે મોક્ષની અધિકારી એવી પણ સંયતી સ્ત્રીઓને સર્વદા સામગ્રીનું વૈકલ્ય હોય છે. તેથી તે સ્ત્રીઓ મોક્ષની અનધિકારી છે એમ જ માનવું પડે. જેમ દેવો મોક્ષના અધિકારી નથી તેમ મોક્ષના કારણીભૂત સંયમના અધિકારી નથી, તેમ સંયતી સ્ત્રી પણ મોક્ષના કારણીભૂત સંયમની અનધિકારી છે, એમ જ માનવું પડે. તે કારણથી આ તમારું વચન અર્થ વગરનું છે.

**ટીકા :- एवं 'मनुष्यस्त्री काचिन्निर्वाति, अविकलतत्कारणत्वात्, पुरुषवत्' इत्यप्याहुः ॥१६६॥**

**ટીકાર્થ :- एवं** = એ પ્રમાણે = પૂર્વમાં અનુમાન કર્યું કે **मनुष्यस्त्रीजातिः .. पुरुषवत्** એ પ્રમાણે, (આચાર્યોએ) કોઇક મનુષ્યસ્ત્રી નિર્વાણ પામે છે, કેમ કે અવિકલ તેનું કારણપણું છે = નિર્વાણનું કારણપણું છે, પુરુષની જેમ. એ પ્રમાણે પણ અનુમાન કહ્યાં છે. **॥૧૬૬॥**

**અવતરણિકા :- एवमाचार्यैर्निराकृतोऽपि क्षपणको दण्डेन ताडितोऽपि बुभुक्षितो बलीवर्द इव पुनर्मुखं प्रक्षिपति** -

**અવતરણિકાર્થ :-** એ પ્રમાણે આચાર્યો વડે નિરાકૃત કરાયેલો પણ ક્ષપણક = દિગંબર, દંડ વડે તાડન કરાયેલ પણ ભૂખ્યા બળદની જેમ ફરી મુખ નાંખતાં કહે છે -

**ગાથા :-** **कीवस्स कप्पिअस्सिव इत्थिए कप्पिआई सिद्धी वि ।**
**ण विणा विसिट्ठचरियं तासिं तु विसिट्ठकम्मखओ ॥१६७॥**

(क्लीबस्य कल्पितस्येव स्त्रियाः कल्पितायाः सिद्धिरपि । न विना विशिष्टचर्यां तासां तु विशिष्टकर्मक्षयः ॥१६७॥)

**पावं तह इत्थित्तं ण य पुण्णफलाण केवलीण हवे ।**
**परमासुइभूयाणं ण य परमोरालिओ देहो ॥१६८॥**

(पापं तथा स्त्रीत्वं न च पुण्यफलानां केवलिनां भवेत् । परमाशुचिभूतानां न च परमौदारिको देहः ॥१६८॥)

**ગાથાર્થ :-** કલ્પિત = કૃત્રિમ, નપુંસકની જેમ (નપુંસકોમાં કૃત્રિમ નપુંસકને સિદ્ધિ માની છે, તેમ) કૃત્રિમ સ્ત્રીની સિદ્ધિ પણ (થાય છે.). તેઓની (જન્મથી સ્ત્રી થયેલાઓની) વિશિષ્ટ ચર્યા વિના વિશિષ્ટ કર્મક્ષય હોતો નથી.॥૧૬૭॥

અને સ્ત્રીપણું પાપરૂપ છે, અને પુણ્યફળવાળા કેવલીઓને (સ્ત્રીપણું) હોતું નથી, અને પરમ અશુચિભૂત એવી સ્ત્રીઓને પરમૌદારિક દેહ હોતો નથી. ॥૧૬૮॥

**ટીકા :- ननु जातिनपुंसकस्य तावन्न मोक्षः, अपि तु कृत्रिमस्येति निर्विवादं, एवं चाकृत्रिमायाः स्त्रियोऽपि न मोक्षः, अपि तु गृहीतश्रामण्यस्य पुंस एव केनचिद्विद्याधरादिना विद्यामहिम्ना कृतस्त्रीशरीरस्य धृतस्त्रीनेपथ्यस्य वा सतः कृत्रिमस्त्रीकृतस्य स्यात्कदाचित् मोक्षः । ननु जातिनपुंसकस्य सम्यग्दर्शनादिकारणवैकल्यान्न मुक्तिः, स्त्रियास्तु तदसम्भवात् सम्भवत्येव मुक्तिरित्युपदर्शितमेवेति चेत् ? न, न खलु ज्ञानादित्रयमाहत्यैव मुक्तिजनकमपि तु केवलज्ञानादिप्रतिपन्थिविचित्रकर्मक्षयद्वारा, स्त्रियाश्च वेदमोहनीयादिकं कर्म पुरुषेभ्यः प्रबलमिति निर्विवादम्, प्रबलं च कर्म प्रबलेनैवानुष्ठानेन क्षीयते, अन्यथा स्थविरकल्पेनैव मोक्षसिद्धौ विपुलनिर्जरार्थिनो जिनकल्पादिकं न प्रतिपद्येरन् । एवं च पुरुषापेक्षया प्रबलकर्मणां स्त्रीणां पुरुषेभ्यो विशिष्टमेव चारित्रं तत्क्षपणक्षमं स्यात्, न च तथा श्रूयते, "[1]जिनकप्पिया इत्थी न हवइ" इत्यादिना स्त्रीणां जिनकल्पादिनिषेधात्, किन्तु तेभ्यो हीनमेव, तथा च तासां हीनेन चारित्रेण कथं प्रबलकर्मक्षपणम् ? कथं च तदक्षये प्रतिपन्थिनि जाग्रति केवलज्ञानादिप्रादुर्भावः ? कथं च तदप्रादुर्भावे परमानन्दसुखसंवेदनम् ? इति ।**

**ટીકાર્થ :- 'ननु'**થી પૂર્વપક્ષી=દિગંબર, કહે છે કે, જાતિનપુંસકને મોક્ષ નથી, પરંતુ કૃત્રિમને (મોક્ષ) થાય છે, એ પ્રમાણે નિર્વિવાદ છે. અને એ પ્રમાણે = જાતિનપુંસકને મોક્ષ થતો નથી અને કૃત્રિમ નપુંસકને મોક્ષ થાય છે એ પ્રમાણે, અકૃત્રિમ એવી સ્ત્રીઓનો મોક્ષ નથી; પરંતુ ગૃહીતશ્રામણ્યવાળા પુરુષોને જ, કોઇક વિદ્યાધરાદિ વડે વિદ્યાના મહિમાથી કરાયેલ સ્ત્રીશરીરવાળા, અથવા ધારણ કરાયેલ સ્ત્રીવસ્ત્રવાળા છતાં કૃત્રિમસ્ત્રી તરીકે કરાયેલને, ક્યારેક મોક્ષ થાય છે.

**'ननु'** - અહીં શ્વેતાંબર પક્ષ તરફથી કોઇ શંકા કરે તેનું ઉદ્ભાવન કરીને દિગંબર કહે છે કે, જાતિનપુંસકને સમ્યગ્દર્શનાદિ કારણવૈકલ્યથી મુક્તિ નથી. વળી સ્ત્રીઓને તેનો અસંભવ હોવાથી = સમ્યગ્દર્શનાદિ કારણવૈકલ્યનો અસંભવ હોવાથી, મુક્તિ સંભવે જ છે, એ પ્રમાણે ઉપદર્શિત જ છે. આ પ્રકારની શંકાનો ઉત્તર આપતાં પૂર્વપક્ષી = દિગંબર, કહે છે કે એમ ન કહેવું, કેમ કે જ્ઞાનાદિ ત્રણ (હોવા માત્રથી) શીઘ્ર જ મુક્તિજનક નથી, પરંતુ કેવલજ્ઞાનાદિપ્રતિપંથી વિચિત્ર કર્મક્ષય દ્વારા મુક્તિજનક છે. અને સ્ત્રીઓને વેદમોહનીયાદિક કર્મ પુરુષોથી પ્રબળ

१. जिनकल्पिको स्त्री न भवति । [ ]

છે એ પ્રકારે નિર્વિવાદ છે, અને પ્રબળ કર્મ પ્રબળ એવા અનુષ્ઠાનથી ક્ષય પામે છે. અન્યથા = પ્રબળ કર્મ પ્રબળ અનુષ્ઠાનથી ક્ષય પામે છે એવું ન માનો તો, સ્થવિરકલ્પથી જ મોક્ષની સિદ્ધિ હોતે છતે વિપુલ નિર્જરાના અર્થીઓ જિનકલ્પાદિક ન સ્વીકારે. અને એ રીતે=પૂર્વમાં કહ્યું કે સ્ત્રીઓને પુરુષ કરતાં વેદમોહનીયાદિ કર્મ પ્રબળ હોય છે એ રીતે, પુરુષની અપેક્ષાએ પ્રબળ કર્મવાળી સ્રીઓને પુરુષોથી વિશિષ્ટ જ ચારિત્ર તેના ક્ષપણ માટે = પ્રબળ કર્મના ક્ષપણ માટે, સમર્થ થાય. અને સ્રીઓ જિનકલ્પી થાય નહિ, ઇત્યાદિ આગમ દ્વારા સ્રીઓને જિનકલ્પાદિનો નિષેધ હોવાને કારણે તે પ્રમાણે = પુરુષોથી વિશિષ્ટ ચારિત્ર સ્રીઓને હોવું તે પ્રમાણે, સંભળાતું નથી; પરંતુ તેઓથી = પુરુષોથી, હીન જ (ચારિત્ર) સંભળાય છે. અને તે પ્રમાણે તેઓને = સ્રીઓને, હીન એવા ચારિત્ર વડે કેવી રીતે પ્રબલ કર્મનું ક્ષપણ થાય? અને તેના અક્ષયમાં = પ્રબળ કર્મના અક્ષયમાં, પ્રતિપંથી જાગ્રત હોતે છતે = ક્ષપકશ્રેણીની પ્રાપ્તિમાં અવરોધ કરનાર પ્રબળ કર્મરૂપ પ્રતિપંથી જાગ્રત હોતે છતે, કેવી રીતે કેવલજ્ઞાનાદિનો પ્રાદુર્ભાવ થાય ? અને તેના અપ્રાદુર્ભાવમાં = કેવલજ્ઞાનના અપ્રાદુર્ભાવમાં, પરમાનંદરૂપ સુખનું સંવેદન કેવી રીતે થાય ?

❀ **'इति'** શબ્દ **'ननु'** થી કરેલ શંકાની સમાપ્તિ સૂચક છે.

**ઉત્થાન :-** પૂર્વમાં પૂર્વપક્ષીએ = સ્રીને મુક્તિ નહીં માનનાર દિગંબરે, એ સિદ્ધ કર્યું કે સ્રીઓમાં હીન ચારિત્ર છે, તેના વડે સ્રીઓને પ્રબલ કર્મનું ક્ષપણ કઇ રીતે થઇ શકે? તેથી ક્ષપકશ્રેણિની પ્રાપ્તિને અવરોધ કરનાર પ્રબલ કર્મ હોવાથી સ્રીઓનો મોક્ષ થઇ શકશે નહિ. આ કથનમાં શ્વેતાંબર પક્ષ તરફથી શંકાનું ઉદ્‌ભાવન કરીને પૂર્વપક્ષી **'ननु'**થી કહે છે -

**ટીકાઃ- नन्वेवं तादृशकर्मक्षपणार्थितया तासां चारित्रेऽपि प्रवृत्तिर्न स्यादिति चेत् ? न, सामान्यतश्चारित्रप्रत्ययिकनिर्ज्जरार्थितयैव चारित्रे प्रवृत्तेः, विशेषस्य संशयग्रस्ततया प्रवृत्त्यनुपयोगित्वात् ।**

**ટીકાર્થ :- नन्वेवं** - એ પ્રમાણે = પૂર્વમાં દિગંબરે કહ્યું કે ક્ષપકશ્રેણિની પ્રાપ્તિમાં અવરોધ કરનાર પ્રબળ કર્મરૂપ પ્રતિપંથી જાગ્રત હોતે છતે, સ્રીઓને કેવી રીતે કેવલજ્ઞાનાદિનો પ્રાદુર્ભાવ થાય એ પ્રમાણે, તેવા પ્રકારના = કેવલજ્ઞાનાદિના અવરોધ કરનાર, કર્મક્ષપણના અર્થીપણાથી, તેઓની = સ્રીઓની, ચારિત્રમાં પણ પ્રવૃત્તિ નહિ થાય. તેનો ઉત્તર આપતાં પૂર્વપક્ષી = દિગંબર, કહે છે કે એમ ન કહેવું, કેમ કે સામાન્યથી ચારિત્રપ્રત્યયિક નિર્જરાના અર્થીપણાથી જ ચારિત્રમાં પ્રવૃત્તિ છે.

**ભાવાર્થ :- 'सामान्यतः'** જેઓ સંયમમાં યત્ન કરે છે તેઓ યદ્યપિ મોક્ષના અર્થી છે તો પણ, ક્ષપકશ્રેણિનાં પ્રતિબંધક એવાં પ્રબળ કર્મોને પોતે ખપાવી શકશે કે નહિ તેવો નિર્ણય તેમને નહિ હોવાથી, સામાન્યથી ચારિત્રપ્રત્યયિક નિર્જરાના અર્થીપણાથી તેઓ ચારિત્રમાં પ્રવૃત્તિ કરે છે, અને તે રીતે સ્રીઓ પણ ચારિત્રપ્રત્યયિક નિર્જરાના અર્થીપણા વડે ચારિત્રમાં પ્રવૃત્તિ કરશે.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે, મોક્ષના અર્થીની, જેમ ચારિત્રપ્રત્યયિક નિર્જરાની અર્થિતા છે તેમ ક્ષપકશ્રેણિના પ્રતિબંધક કર્મના ક્ષપણની આકાંક્ષા પણ છે. તેથી ક્ષપકશ્રેણીના પ્રતિબંધક કર્મક્ષપણના અર્થીપણાથી તેઓ ચારિત્રમાં પ્રવૃત્તિ કેમ નહિ કરે? તેથી કહે છે -

**ટીકાર્થ :- 'विशेषस्य'** - વિશેષનું સંશયગ્રસ્તપણું હોવાને કારણે પ્રવૃત્તિમાં અનુપયોગીપણું છે.

**ભાવાર્થ :-** ક્ષપકશ્રેણિમાં પ્રતિબંધક એવા વિશેષ કર્મનું સંશયગ્રસ્તપણું છે, અર્થાત્ વિશિષ્ટ જ્ઞાનના અભાવને કારણે પોતે સ્વયં નિર્ણય કરી શકતા નથી, કે ક્ષપકશ્રેણિનાં પ્રતિબંધક કર્મો મારા ચારિત્રના યત્નથી ખપી શકશે કે નહિ. તેથી તેવા પ્રકારનાં વિશેષ કર્મોનું સંશયગ્રસ્તપણું છે તેથી તેવાં વિશેષ કર્મોને નિમિત્ત કરીને સંયમમાં પ્રવૃત્તિ થતી નથી, માટે વિશેષનું પ્રવૃત્તિમાં અનુપયોગીપણું છે. અને યોગ્ય જીવ ચારિત્રમાં યત્ન કરે છે ત્યારે તેને નિર્ણય હોય છે, કે હું ચારિત્રમાં યત્ન કરીશ તો અવશ્ય ચારિત્રપ્રત્યયિક નિર્જરાની પ્રાપ્તિ થશે. તેથી સામાન્યથી ચારિત્રનું પ્રતિબંધક એવું ચારિત્રમોહનીયકર્મ પ્રવૃત્તિમાં ઉપયોગી છે, અર્થાત્ ચારિત્રમોહનીયકર્મ પોતાની પ્રવૃત્તિનો વિષય બને છે; અને એ પ્રકારના જ્ઞાનથી ચારિત્રમાં પ્રવૃત્તિ કરવાથી ચારિત્રમોહનીયકર્મની નિર્જરા થાય છે; તેથી પ્રવૃત્તિ કરવામાં તે ઉપયોગી બને છે.

અહીં વિશેષ એ છે કે, યદ્યપિ ચારિત્રમોહનીયકર્મ ચારિત્રનું પ્રતિબંધક છે તેથી ચારિત્રની પ્રવૃત્તિમાં તે ઉપયોગી થઇ શકે નહિ; તો પણ જેઓનું ચારિત્રમોહનીયકર્મ શિથિલ છે, અને તેના કારણે ચારિત્ર ગ્રહણ કરવાનો તીવ્ર પરિણામ પેદા થયેલ છે, અને ચારિત્રને અનુકૂળ ગુણસંપત્તિનો આવિર્ભાવ થયો છે, તે જીવ નિર્ણય કરી શકે છે કે હું સંયમમાં પ્રવૃત્તિ કરીશ તો મારું ચારિત્રમોહનીયકર્મ અવશ્ય નિર્જરણ થશે. તેથી તે ચારિત્રમોહનીયકર્મ શિથિલ છે એ પ્રકારનું જ્ઞાન થવાથી ચારિત્રમાં પ્રવૃત્તિ થાય છે. માટે ચારિત્રનું પ્રતિબંધક એવું પણ શિથિલ ચારિત્રમોહનીયકર્મ ચારિત્રમાં ઉપયોગી છે, જ્યારે ક્ષપકશ્રેણિનું પ્રતિબંધક એવું વિશિષ્ટ ચારિત્રમોહનીયકર્મ, મારા ચારિત્રના પરિણામથી તૂટશે કે નહિ એવો નિર્ણય નહિ હોવાને કારણે, તે પ્રવૃત્તિમાં ઉપયોગી નથી. તેથી સ્ત્રીઓની પણ ચારિત્રમાં પ્રવૃત્તિ તાદૃશ કર્મક્ષપણ અર્થીપણાથી નથી, પરંતુ સામાન્યથી ચારિત્રપ્રત્યયિક નિર્જરાર્થીપણાથી પ્રવૃત્તિ છે, માટે કોઇ દોષ નથી. એ પ્રમાણે પૂર્વપક્ષી = દિગંબરનો આશય છે. જો કે પૂર્વપક્ષી = દિગંબર, સ્ત્રીઓને ચારિત્ર માનતો નથી, તો પણ પૂર્વમાં ગ્રંથકારે સિદ્ધ કર્યું કે રત્નત્રયનું સામ્રાજ્ય સ્ત્રીઓમાં છે, તેથી જ પૂર્વપક્ષીએ કહ્યું કે જ્ઞાનાદિ ત્રય શીઘ્ર મુક્તિજનક નથી, પરંતુ કેવલજ્ઞાનાદિ પ્રતિપંથી વિચિત્ર કર્મક્ષય દ્વારા મુક્તિજનક છે. અને સ્ત્રીઓને વેદમોહનીયાદિ કર્મ પુરુષ કરતાં પ્રબળ છે, માટે તેઓને ચારિત્ર માનીએ તો પણ હીન કોટિનું ચારિત્ર સ્વીકારી શકાય. ત્યાં કોઇ એમ કહે કે જો ચારિત્રમોહનીયકર્મ સ્ત્રીઓને પ્રબળ છે, તો તેના ક્ષપણ માટે સ્ત્રીઓની પ્રવૃત્તિ નહિ થાય. તેનું સમાધાન પ્રસ્તુત કથનમાં પૂર્વપક્ષીએ કરેલ છે.

**ટીકા :- स्यादेतत्-बाह्यक्रियाया हीनत्वेऽपि भावप्राबल्यादेव प्रबलकर्मक्षयः स्यादिति । मैवं, विना क्रियाप्राबल्यं भावप्राबल्यस्यैवाऽसम्भवाद्, अन्यथा जिनकल्पादिकं विनैव जिनकल्पादिजन्यनिर्ज्जरा-जनकभावप्राबल्यसम्भावनया जिनकल्पादिप्रतिपित्सवोऽपि जिनकल्पादावुदासीरन् । ननु तथापि यथावत् प्रयतमानस्य साधोः क्रोधादिनोत्तरगुणवैकल्येऽपि यथा न मुनिगुणराहित्यं तथा स्त्रीवेदप्राबल्येऽपि**

**स्त्रीणां न चारित्रहानिरिति । मैवं, योगस्थैर्यरूपस्यापि चारित्रस्य क्रोधादिनाऽप्रतिघातेऽपि ब्रह्मचर्यैक-जीवितस्य तस्य स्त्रीवेदोदयजनितकामातिरेकेण प्रतिघातात्, विरोधिप्रचयस्याऽल्पीयसः प्रतिबन्धे सामर्थ्यात्, तस्मात्स्त्रीक्लीबयोरुभयोरपि किंचिन्मुक्तिकारणवैकल्ये समाने कल्पितयोरेव तयोर्मुक्तिर्न त्वकल्पितयोः, स्वभावतस्तु पुरुषस्यैव मुक्तियोग्यत्वमिति युक्तमाभाति ।**

**ટીકાર્થ :- स्यादेतत्** - પૂર્વપક્ષી=દિગંબર, કહે છે કે અહીં કોઇ આવી શંકા કરે કે, બાહ્યક્રિયાનું હીનપણું હોવા છતાં પણ ભાવના પ્રબળપણાથી જ પ્રબલ કર્મનો ક્ષય થશે. તેનો ઉત્તર આપતાં '**मैवं**'થી પૂર્વપક્ષી=દિગંબર, કહે છે કે એમ ન કહેવું, કેમ કે ક્રિયાના પ્રબળપણા વિના ભાવના પ્રબળપણાનો જ અસંભવ છે. અન્યથા = ક્રિયાની પ્રબળતા વિના પણ ભાવની પ્રબળતા માનો તો, જિનકલ્પાદિક વિના જ જિનકલ્પાદિજન્ય નિર્જરાજનકભાવની પ્રબળતાની સંભાવના વડે જિનકલ્પાદિ પામવાની ઇચ્છાવાળા પણ જિનકલ્પાદિમાં ઉદાસી બનશે, અર્થાત્ જિનકલ્પાદિમાં પ્રવૃત્ત થશે નહીં.

'**ननु**' '**ननु**'થી પૂર્વપક્ષીની=દિગંબરની, સામે શ્વેતાંબરપક્ષ તરફથી કોઇ કહે છે કે, તો પણ = પૂર્વમાં કહ્યું એ રીતે સ્ત્રીઓને ચારિત્રની સિદ્ધિ થવા છતાં પ્રબળ કર્મક્ષપણ થઇ શકે નહિ, કેમ કે તેઓને પ્રબળ અનુષ્ઠાન નથી તેથી મોક્ષ થશે નહિ તે સિદ્ધ કર્યું તો પણ, યથાવત્=શાસ્ત્રોક્ત વિધિ અનુસારે, પ્રયતમાન=મહાવ્રતાદિમાં પ્રવર્તતા, સાધુને ક્રોધાદિ વડે ઉત્તરગુણના વૈકલ્યમાં પણ જે પ્રમાણે મુનિગુણરાહિત્ય નથી, તે પ્રમાણે સ્ત્રીવેદના પ્રાબલ્યમાં પણ સ્ત્રીઓને ચારિત્રહાનિ નથી = ચારિત્રનો અભાવ નથી.

❀ '**इति**' શબ્દ '**ननु**'થી શ્વેતાંબરપક્ષ તરફથી કરેલ કથનની સમાપ્તિ સૂચક છે.

**ટીકાર્થ :- 'मैवं'** તેનો ઉત્તર આપતાં પૂર્વપક્ષી = દિગંબર, કહે છે કે એમ ન કહેવું. કેમ કે યોગસ્થૈર્યરૂપ એવા પણ ચારિત્રનું ક્રોધાદિ વડે અપ્રતિઘાત હોવા છતાં પણ, બ્રહ્મચર્ય એક જીવિત એવા તેનો=ચારિત્રનો=બ્રહ્મચર્ય હોય તો જ ટકવાવાળા એવા ચારિત્રનો, સ્ત્રીવેદના ઉદયથી જનિત કામાતિરેકથી પ્રતિઘાત થાય છે. (તેથી સ્ત્રીમાં ચારિત્ર નથી).

**ભાવાર્થ :-** અહીં 'યથાવત્ પ્રયતમાન' એમ કહ્યું તેનો ભાવ એ છે કે, જે જીવ સંયમ ગ્રહણ કર્યા પછી તાત્ત્વિક સંયમને સમજ્યો હોય, અને તાત્ત્વિક સંયમ પાળવાનો અત્યંત અભિલાષ હોવાને કારણે અભ્યુત્થિત થઇને પાળવા માટે યત્ન કરતો હોય, આમ છતાં અનાદિ કાળના સંસ્કારના કારણે સંજ્વલનના કષાયથી સ્ખલના પામતો હોય, તેવો જીવ, ઉત્તરગુણમાં વૈકલ્યવાળો હોવા છતાં પણ મૂળગુણની હાનિ તેને નથી; પરંતુ સંયમના મૂળગુણ અને ઉત્તરગુણ માટે અભ્યુત્થિત થઇને જે યતમાન નથી, તેવો જીવ, બાહ્ય રીતે સંયમઅનુષ્ઠાન સેવતો હોય તો પણ મુનિગુણરહિત છે.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે, શાસ્ત્રાનુસારે યત્ન કરતા મુનિને ક્રોધાદિથી ઉત્તરગુણનું વૈકલ્ય થાય છે તો પણ મુનિભાવ રહે છે, તેમ સ્ત્રીવેદની પ્રબળતામાં ચારિત્રનો નાશ કેમ થાય છે? અર્થાત્ ચારિત્ર કેમ રહેતું નથી? તેથી કહે છે -

**ટીકાર્થ :-** **'विरोधि'** વિરોધી પ્રચયનું અલ્પીયસના પ્રતિબંધમાં સામર્થ્ય છે.

**ભાવાર્થ :-** અહીં વિરોધી પ્રચયનું અલ્પીયસના પ્રતિબંધમાં સામર્થ્ય છે એમ કહ્યું તેનો ભાવ એ છે કે, સ્ત્રીવેદનો ઉદય પુરુષવેદના ઉદય કરતાં પ્રબળ હોય છે તેથી, સ્ત્રીવેદના ઉદયથી જનિત કામનો અતિરેક એ સંયમ માટે વિરોધી છે; અને તેવા વિરોધી પ્રચયનું = વિરોધીની પ્રચુરતાનું, ચારિત્રની આચરણારૂપ અલ્પના પ્રતિબંધમાં સામર્થ્ય છે; અર્થાત્ ચારિત્રની ક્રિયા ચારિત્રના ભાવને પેદા કરવામાં અલ્પ સામર્થ્યવાળી છે, અને ચારિત્રનો અવરોધ કરવામાં કામનો ઉદય બહુ સામર્થ્યવાળો છે. તેથી સ્ત્રી ચારિત્ર ગ્રહણ કરે અને ચારિત્રની ક્રિયાઓ કરે તો પણ, સ્ત્રીમાં વર્તતો કામનો ઉદય ચારિત્રને પ્રતિબંધ કરવામાં સમર્થ બને છે. તેથી સ્ત્રીઓને ચારિત્ર હોતું નથી આ પ્રમાણે પૂર્વપક્ષીનો આશય છે.

**ટીકાર્થ :-** **'तस्मात्'** તે કારણથી = ગાથા-૧૬૭ની ટીકામાં અત્યાર સુધી પૂર્વપક્ષીએ સિદ્ધ કર્યું કે, સ્ત્રીઓમાં મોક્ષ નથી અને મોક્ષના કારણીભૂત ચારિત્ર સ્ત્રીવેદના પ્રાબલ્યને કારણે સ્ત્રીઓમાં હોતું નથી તે કારણથી, સ્ત્રી અને નપુંસક ઉભયનું પણ કાંઇક મુક્તિકારણવૈકલ્ય સમાન હોવા છતાં = મોક્ષના કારણીભૂત એવા ચારિત્રનું વૈકલ્ય સમાન હોવા છતાં, કલ્પિત = કૃત્રિમ, એવા તે બેની = સ્ત્રી અને નપુંસકની, મુક્તિ છે; પરંતુ અકલ્પિત = અકૃત્રિમ, તે બેની = સ્ત્રી અને નપુંસકની, નહિ. વળી સ્વભાવથી પુરુષને જ મુક્તિયોગ્યપણું છે એ પ્રમાણે યુક્ત ભાસે છે.

**ઉત્થાન :-** મૂળ ગાથા ૧૬૮માં કહ્યું કે તથા સ્ત્રીપણું પાપરૂપ છે, તેથી પુણ્યફળવાળા કેવલીઓને (સ્ત્રીપણું) હોતું નથી, તે વાત ટીકામાં દર્શાવતાં કહે છે -

**ટીકા :- तथा पुण्यसुरतरोः फलभूतं कैवल्यमासादयतां केवलिनां पापनिष्प( ?स्य )न्दभूतं स्त्रीत्वं न सम्भवति, अन्यथा तीर्थङ्करादयोऽपि स्त्रीत्वमासादयेयुः । अथ स्त्रीशरीरं न पापं, स्त्रीवेदादेस्तु पापरूपस्य कैवल्यप्राप्तेः प्रागेवोपक्षेपात् नेयमुपालम्भसम्भावनेति चेत् ? न, न खलु पापप्रकृतिजन्यत्वेन पापत्वं, पुण्यप्रकृतिजन्यत्वेन वा पुण्यत्वं व्यवस्थितं, पापप्रकृतिजन्यस्यापि रागस्य शुभाशुभाङ्गतया द्वैविध्य-व्यवस्थितेः, अपि तु पापत्वं प्रतिकूलवेदनीयतया पुण्यत्वं चानुकूलवेदनीयतया, ततश्च स्त्रीत्वं जगद्गर्हणीय-मिति प्रतिकूलवेदनीयतया पापमेव, क्लीबत्ववद् । यद्यप्येवं कुष्ठिप्रभृतीनां वेदनाभिभूततया प्रतिकूल-वेदनीयतया नरायुरपि पापत्वमास्कन्देद्, न चैवमस्ति, नरतिर्यक्सुरायुषां पुण्यप्रकृतित्वेन प्रतिपादनात्, तथापि निश्चयतस्तद्दशायां तथात्वे यत्सामान्याक्रान्तस्य सर्वस्य प्रतिकूलवेदनीयत्वं तत्सामान्याक्रान्तस्यैव व्यवहारनयः पापत्वमनुमन्यते, यथा नरकायुषो न त्वन्यस्येति सर्वमवदातम् ।**

**ટીકાર્થ :-** **'तथा'** અને પુણ્યરૂપ કલ્પવૃક્ષના ફળભૂત કેવલજ્ઞાનને પ્રાપ્ત કરતા કેવલીઓને પાપના નિસ્યંદભૂત = ઝરણારૂપ, સ્ત્રીપણું સંભવતું નથી; અન્યથા = પુણ્યફળવાળા કેવલીઓને સ્ત્રીપણું સંભવતું હોય તો, તીર્થંકરાદિઓ પણ સ્ત્રીપણું પ્રાપ્ત કરે.

**'अथ'** પૂર્વપક્ષી કહે છે કે અહીં કોઇ શંકા કરે કે, સ્ત્રીશરીર પાપરૂપ નથી, વળી પાપરૂપ સ્ત્રીવેદાદિનો (તો) કૈવલ્યપ્રાપ્તિની પૂર્વે જ ઉપક્ષેપ=ક્ષીણ, થાય છે; તેથી આ=કેવળીઓને પાપનિસ્યંદરૂપ સ્ત્રીપણું સંભવતું નથી આ, ઉપાલંભની સંભાવના નથી. તેનો ઉત્તર આપતાં પૂર્વપક્ષી કહે છે કે એમ ન કહેવું, કેમ કે ખરેખર પાપપ્રકૃતિજન્યપણાથી પાપપણું નથી, અને પુણ્યપ્રકૃતિજન્યપણાથી પુણ્યપણું વ્યવસ્થિત નથી. કેમ કે પાપપ્રકૃતિજન્ય પણ રાગની શુભ-અશુભ અંગપણાથી દ્વૈવિધ્યની વ્યવસ્થિતિ છે; પરંતુ પ્રતિકૂળવેદનીયપણાથી પાપપણું છે અને અનુકૂળવેદનીયપણાથી પુણ્યપણું છે, અને તે કારણથી (= પ્રતિકૂળવેદનીયપણાથી પાપત્વ છે અને અનુકૂળવેદનીયપણાથી પુણ્યત્વ છે તે કારણથી) સ્ત્રીપણું જગતને ગર્હણીય છે. એથી કરીને પ્રતિકૂળવેદનીયપણાથી પાપરૂપ જ છે, નપુંસકપણાની જેમ.

**'यद्यप्येवं'** જો કે આ પ્રમાણે વ્યવસ્થા કરવામાં = પ્રતિકૂળવેદનીયપણાથી પાપત્વ અને અનુકૂળવેદનીયપણાથી પુણ્યત્વ આ પ્રમાણે વ્યવસ્થા કરવામાં, કોઢ વગેરે રોગવાળા જીવોને વેદનાથી અભિભૂતપણું હોવાને કારણે મનુષ્યાયુષ્ય પણ પ્રતિકૂળવેદનીયપણારૂપે પાપપણાને પામશે; અને એ પ્રમાણે = મનુષ્યાયુ પાપરૂપ નથી, કેમ કે મનુષ્ય, તિર્યંચ અને દેવાયુષ્યનું પુણ્યપ્રકૃતિપણાથી પ્રતિપાદન છે. તો પણ નિશ્ચયથી તે દશામાં = કુષ્ઠી વગેરે વેદનાથી અભિભૂત દશામાં, તથાપણું = પાપપણું, હોવા છતાં, યત્સામાન્યઆક્રાંતનું સર્વ જીવોને પ્રતિકૂળવેદનીયપણું હોઇ, તત્સામાન્યઆક્રાંતનું જ વ્યવહારનય પાપપણું સ્વીકારે છે. જેમ નરકાયુષ્યનું પાપપણું સ્વીકારે છે, પરંતુ અન્યનું = મનુષ્ય-તિર્યંચ-દેવાયુષ્યનું, પાપપણું સ્વીકારતો નથી, એ પ્રમાણે સર્વ અવદાત છે.

**ભાવાર્થ :-** અહીં વિશેષ એ છે કે, સ્ત્રીવેદનો ઉદય એ પાપરૂપ છે, પરંતુ ઔદારિકશરીરનામકર્મના અવાંતર નામકર્મ દ્વારા સ્ત્રીશરીરની પ્રાપ્તિ થાય છે, અને તે પુણ્યપ્રકૃતિરૂપ છે; તેથી પુણ્યપ્રકૃતિજન્ય પણ સ્ત્રીશરીર પ્રતિકૂળવેદનીય હોવાને કારણે પાપરૂપ છે, તેમ પૂર્વપક્ષી દિગંબરનું કહેવું છે. અને સ્વકથનની પુષ્ટિ માટે તેણે કહ્યું કે - પાપપ્રકૃતિજન્ય પણ રાગની શુભ અને અશુભ એમ બે પ્રકારે વ્યવસ્થા છે. આનાથી એમ કહેવું નથી કે પાપપ્રકૃતિથી જન્ય પણ રાગ જે પ્રશસ્ત છે તે પુણ્યરૂપ છે, અને જે અપ્રશસ્ત છે તે પાપરૂપ છે; પરંતુ જેમ પાપપ્રકૃતિજન્ય પણ રાગ પ્રશસ્ત અને અપ્રશસ્ત બે પ્રકારે છે, તેમ પુણ્યપ્રકૃતિથી જન્ય પણ શરીર જે પ્રતિકૂળવેદનીય છે તે પાપરૂપ છે, અને અનુકૂળવેદનીય છે તે પુણ્યરૂપ છે. તેથી પુરુષનું શરીર જગત્ગર્હણીય નથી, માટે અનુકૂળરૂપે વેદનીય છે માટે પુણ્યરૂપ છે, અને સ્ત્રીનું શરીર જગત્ગર્હણીય છે, એથી કરીને પ્રતિકૂળરૂપે વેદનીય છે માટે પાપરૂપ છે. એ પ્રકારનો દિગંબરનો આશય છે.

**ઉત્થાન :-** ગાથા-૧૬૮ના ઉત્તરાર્ધમાં કહ્યું કે, પરમ અશુચિભૂત એવી સ્ત્રીઓને પરમૌદારિક શરીર હોતું નથી. તે વાત પૂર્વપક્ષી ટીકામાં બતાવતાં કહે છે -

**ટીકા :- तथा परमाशुचिभूतानां स्त्रीणां परमपावित्र्यपात्रपरमौदारिकशरीरं न सम्भवेद्, न च परमौदारिक-शरीरहीनाः केवलिनः सम्भवेयुरिति न स्त्रीणां मुक्तिः ॥१६७॥१६८॥**

**ટીકાર્થ :-** '**तथा**' અને પરમ અશુચિભૂત સ્ત્રીઓને પરમ પવિત્રતાનું પાત્ર = આધારભૂત, પરમૌદારિક શરીર સંભવતું નથી, અને પરમ ઔદારિક શરીરથી હીન=રહિત, કેવળીઓ હોવા સંભવતા નથી. એથી કરીને સ્ત્રીઓને મુક્તિ નથી. ॥૧૬૭॥ ॥૧૬૮॥

**અવતરણિકા :- अत्रोच्यते -**

**અવતરણિકાર્થ :- अत्र** = અહીંયાં = દિગંબરે કહેલ ગાથા-૧૬૭-૧૬૮માં કહેલ પૂર્વપક્ષમાં, ગ્રંથકાર જવાબ આપતાં કહે છે -

**ગાથા :-** **एयमजुत्तं जम्हा विचित्तभावा विचित्तकम्मखओ ।**
**ण य इत्थित्तं पावं जिणाण पाएण णत्थित्ति ॥१६९॥**

(एतदयुक्तं यस्माद्विचित्रभावाद्विचित्रकर्मक्षयः । न च स्त्रीत्वं पापं जिनानां प्रायेण नास्तीति ॥१६९॥)

**ગાથાર્થ :- આ = ગાથા-૧૬૭-૧૬૮માં પૂર્વપક્ષે કરેલ યુક્તિઓ અયુક્ત છે, જે કારણથી વિચિત્ર ભાવથી વિચિત્ર કર્મક્ષય થાય છે અને સ્ત્રીપણું પ્રાયઃ તીર્થંકરોને નથી, એથી કરીને પાપરૂપ નથી. ॥૧૬૯॥**

**ટીકા :- यत्तावदुक्तं- ''स्त्रीणां पुरुषापेक्षया प्रबलकर्मत्वान्न तेभ्यो हीनेन चारित्रेण तासां कर्मक्षयः'' इति, तदसत्, तेभ्यः प्रबलकर्मत्वस्यैव स्त्रीणामसिद्धेः, स्त्रीवेदस्य पुंवेदापेक्षया प्राबल्येऽपि तस्य पुरुषेष्वप्यबाधितत्वाद्, नैरन्तर्येण प्रज्वलनस्य चाऽनियतत्वात्, क्वचित् स्त्रीत्वसमनियतानां दोषाणां प्राबल्येऽपि क्वचित्पुंस्त्वसमनियतानां दोषाणामपि प्राबल्यात् ।**

**ટીકાર્થ :- 'यत्तावदुक्तं-'** સ્ત્રીઓને પુરુષની અપેક્ષાએ પ્રબળ કર્મપણું હોવાથી, તેઓથી = પુરુષોથી, હીન એવું ચારિત્ર હોવાને કારણે, તેઓને = સ્ત્રીઓને, કર્મક્ષય થતો નથી; એ પ્રમાણે જે વળી કહેવાયું તે અયુક્ત છે, કેમ કે તેઓથી = પુરુષોથી, પ્રબળ કર્મપણાની સ્ત્રીઓમાં અસિદ્ધિ છે.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે, શાસ્ત્રોમાં પુંવેદની અપેક્ષાએ સ્ત્રીવેદનું પ્રબળપણું સિદ્ધ છે, તેથી બીજો હેતુ કહે છે -

**ટીકાર્થ :- 'स्त्रीवेदस्य'** સ્ત્રીવેદનું પુરુષવેદની અપેક્ષાએ પ્રબળપણું હોવા છતાં પણ, તેનું = પ્રબળ વેદનું, પુરુષોમાં પણ અબાધિતપણું છે.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે, ક્વચિત્ પુરુષોમાં પ્રબળ વેદનો ઉદય હોઇ શકે, પરંતુ નિરંતરથી સ્ત્રીઓને વેદનું પ્રજ્વલન સંભવે, માટે સ્ત્રીઓને પ્રબળકર્મત્વની સિદ્ધિ થશે. તેથી અન્ય હેતુ કહે છે -

**ટીકાર્થ :- 'नैरन्तर्येण'** નિરંતરપણાથી પ્રજ્વલનનું અનિયતપણું છે.

**ભાવાર્થ :-** બધી સ્ત્રીઓમાં નિરંતરથી વેદનું પ્રજ્વલન ચાલ્યા કરે તેવો કોઇ નિયમ નથી. પરંતુ મોટે ભાગે સ્ત્રીઓને વેદનો ઉદય વધારે શમતો નથી, એ પ્રમાણે શાસ્ત્ર કહે છે. આમ છતાં, સ્ત્રીઓ પણ વેદનું શમન કરી શકે છે.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે, સ્ત્રીત્વસમનિયત દોષોનું પ્રાબલ્ય સ્ત્રીઓમાં હોવાથી પ્રબળકર્મત્વ સિદ્ધ થશે, તેથી કહે છે -

**ટીકાર્થ :- 'क्वचित्'** કોઇક સ્ત્રીમાં સ્ત્રીત્વસમનિયત (માયા વગેરે) દોષોનું પ્રાબલ્ય હોવા છતાં પણ, કોઇક પુરુષમાં પુરુષત્વસમનિયત (ક્રૂરતાદિ) દોષોનું પણ પ્રાબલ્ય છે, માટે તેના બળથી પ્રબળકર્મત્વ સ્ત્રીમાં સિદ્ધ થઇ શકે નહિ.

**ટીકા :- अस्तु वा पुरुषापेक्षया प्रबलकर्मत्वं स्त्रीणां, "तुष्यतु दुर्जनः" इति न्यायात्, तथापि तासां भाववैचित्र्यादेव विचित्रकर्मक्षयः, अध्यवसायवैचित्र्यादेव निर्जरावैचित्र्यप्रतिपादनात्, अन्यथा सर्वेषां चारित्रिणां समनिर्जरत्वप्रसङ्गात् ।**

**ટીકાર્થ :- 'अस्तु वा'** અથવા "દુર્જન ભલે ખુશ રહો" એ પ્રકારે ન્યાયથી, પુરુષની અપેક્ષાએ સ્ત્રીઓનું પ્રબળ કર્મપણું હો, તો પણ તેઓના = સ્ત્રીઓના, ભાવવૈચિત્ર્યથી જ વિચિત્ર કર્મક્ષય થાય છે; કેમ કે અધ્યવસાયના વૈચિત્ર્યથી જ નિર્જરાના વૈચિત્ર્યનું (શાસ્ત્રમાં) પ્રતિપાદન છે. **अन्यथा** = અધ્યવસાયના વૈચિત્ર્યથી જ નિર્જરાના વૈચિત્ર્યનું પ્રતિપાદન છે એવું ન માનો, પરંતુ સંયમની આચરણા પ્રમાણે જ નિર્જરાનું વૈચિત્ર્ય છે એવું માનો તો, સર્વ ચારિત્રીઓને સમાન નિર્જરત્વનો પ્રસંગ આવે.

**ભાવાર્થ :-** ભાવવૈચિત્ર્ય હોવાથી વિચિત્ર કર્મક્ષય થાય છે એમ કહ્યું તે વચનથી, સામાન્યથી પ્રાપ્ત અર્થ સર્વને સંમત છે, કેમ કે જેવા જેવા પ્રકારનો કર્મક્ષય થાય તેવા તેવા પ્રકારનો ભાવ ત્યાં અવશ્ય હોય છે. પરંતુ અહીં એ કહેવું છે કે, કેટલાક પુરુષને કઠોર આચરણાથી જે ક્ષપકશ્રેણિના પ્રતિબંધક કર્મનો નાશ થઇ શકે છે, તેવી કઠોર ચર્યા સ્ત્રીઓને નહિ હોવા છતાં, અને પુરુષ કરતાં પ્રબળ કર્મ તેઓને હોવા છતાં, અકઠોર ચર્યાવાળા પણ સંયમમાં વર્તતા યત્નકાળમાં નિષ્પન્ન થયેલ ભાવવિશેષને કારણે, ક્ષપકશ્રેણિનાં પ્રતિબંધક કર્મોનો કેટલીક સ્ત્રીઓને ક્ષય થાય છે. માટે પૂર્વપક્ષીનું કથન અયુક્ત છે.

ટીકામાં **'अन्यथा'**થી જે કહ્યું કે અધ્યવસાયની વિચિત્રતાથી જ નિર્જરાની વિચિત્રતા શાસ્ત્રમાં પ્રતિપાદિત છે, અને એવું ન માનો તો સમ્યગ્ રીતે સંયમમાં યત્ન કરતા બધા ચારિત્રીઓને સમાન નિર્જરા થવાનો પ્રસંગ

આવે. પરંતુ શાસ્ત્રમાં સમ્યગ્ આચરણા કરતા પણ દરેક ચારિત્રીઓને અધ્યવસાયની વિચિત્રતાથી જ નિર્જરાની વિચિત્રતા કહેલી છે.

**ટીકા :- नन्वेमन्यथैव भाववैचित्र्यसम्भावनया जिनकल्पिकादीनां जिनकल्पादौ प्रवृत्तिर्न स्यादित्युक्तं किं विस्मृतमिति चेत् ? न विस्मृतं, त्वयैव प्रत्युताऽयुक्तमुक्तम्, शक्त्यनिगूहनेन संयमवीर्योल्लास एव हि चारित्रं परिपूर्यते, जिनकल्पिकादीनां च स्थविरकल्पापेक्षया विशिष्टमार्गे जिनकल्पे शक्तानां विपरीतशङ्कया तत्र शक्तिनिगूहने चारित्रमेव हीयेत, कुतस्तरां तदतिरेकाधीनभाववैचित्र्यप्राप्तिसम्भावना ? स्त्रीणां तु विशिष्टमार्गे शक्तिरेव नेति स्वोचितचारित्रे शक्तिमनिगूह्य प्रवर्त्तमानानां न नाम शक्तिनिगूहनाधीना चारित्रहानिरस्ति । एवं चोत्तरोत्तरं चारित्रवृद्धिरेव तासां सम्भवतीति सम्भवति भाववैचित्र्याधीनो विचित्रकर्मक्षयः । इदमेवाभिप्रेत्योक्तं-**

"जिनवचनं जानीते श्रद्धत्ते चरति चार्यिकाऽशबलम् ।
नास्यास्त्यसम्भवोऽस्य नादृष्टविरोधगतिरस्ति ॥" **इति।**

**ટીકાર્થ :- नन्वेवं 'ननु'**થી શંકા કરતાં પૂર્વપક્ષી = દિગંબર, કહે છે કે આ રીતે = સ્ત્રીઓ પ્રબળ કર્મવાળી હોવા છતાં અને કઠોરચર્યા સ્ત્રીઓને નહિ હોવા છતાં અધ્યવસાયના વૈચિત્ર્યથી જ ક્ષપકશ્રેણિનાં પ્રતિબંધક એવાં કર્મોની નિર્જરાવિશેષને પ્રાપ્ત કરે છે એ રીતે, અન્યથા જ = જિનકલ્પિકાદિકના ગ્રહણ વગર જ, ભાવવૈચિત્ર્યની સંભાવના હોવાને કારણે જિનકલ્પિકાદિની જિનકલ્પાદિમાં પ્રવૃત્તિ નહિ થાય, એ પ્રમાણે (અમારા વડે) કહેવાયું એ શું તમે ભૂલી ગયા ? તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે અમે ભૂલી ગયા નથી. ઊલટું તારા વડે જ (પૂર્વપક્ષી વડે જ) અયુક્ત કહેવાયું છે. કારણ કે શક્તિના અનિગૂહન વડે = શક્તિ નહિ ગોપવવા વડે, સંયમમાં વીર્યોલ્લાસ જ ચારિત્રને પરિપૂર્ણ કરે છે. અને સ્થવિરકલ્પની અપેક્ષાએ વિશિષ્ટ માર્ગરૂપ જિનકલ્પમાં શક્તિશાળી એવા જિનકલ્પિકાદિઓની વિપરીત શંકા વડે = જિનકલ્પિકાદિના ગ્રહણ વગર પણ વિશિષ્ટ અધ્યવસાયોથી મારે વિશિષ્ટ નિર્જરા સંભવિત જ છે, તો પછી શા માટે જિનકલ્પાદિ સ્વીકારું ? આવી વિપરીત શંકા વડે, ત્યાં = જિનકલ્પમાં, શક્તિના નિગૂહનમાં = શક્તિ ગોપવવામાં, ચારિત્ર જ હીન થાય છે. તો પછી તદ્ અતિરેકને આધીન = શક્તિના અતિરેકને આધીન, ભાવવૈચિત્ર્યની સંભાવના ક્યાંથી હોય ? વળી સ્ત્રીઓને વિશિષ્ટ માર્ગમાં શક્તિ જ નથી, એથી કરીને સ્વઉચિત ચારિત્રમાં શક્તિને નહિ ગોપવીને પ્રવર્તમાન સ્ત્રીઓને શક્તિનિગૂહનઆધીન = શક્તિ ગોપવવાને આધીન, ચારિત્રહાનિ ન હોય, અને એ રીતે = પોતાને ઉચિત ચારિત્રમાં શક્તિને ગોપવ્યા વિના પ્રવર્તમાન સ્ત્રીઓને શક્તિનિગૂહનઆધીન ચારિત્રની હાનિ ન હોય એ રીતે, ઉત્તરોત્તર ચારિત્રની વૃદ્ધિ જ તેઓને = સ્ત્રીઓને, સંભવે છે. એથી કરીને ભાવવૈચિત્ર્યને આધીન વિચિત્ર કર્મક્ષય સંભવે છે.

**इदमेवाभिप्रेत्योक्तं** - આ જ અભિપ્રાયને આશ્રયીને કહેવાયું છે, અર્થાત્ પૂર્વમાં કહ્યું કે આ જ રીતે ઉત્તરોત્તર ચારિત્રવૃદ્ધિ સ્ત્રીઓને સંભવે છે, એથી કરીને ભાવવૈચિત્ર્યને આધીન વિચિત્ર કર્મક્ષય સંભવે છે, આને જ સામે રાખીને કહ્યું છે- આર્યિકા = સાધ્વી, જિનવચનને જાણે છે, શ્રદ્ધા કરે છે (અને) અશબલ

આચરણા કરે છે=નિરતિચાર ચારિત્ર પાળે છે, અને આમને=સ્ત્રીને, આનો=ચારિત્રનો, અસંભવ હોતો નથી, અને અદૃષ્ટની વિરોધગતિ નથી.=બધી સ્ત્રીઓનું અદૃષ્ટ કેવલજ્ઞાન થવામાં અટકાયત કરે તેવું વિરોધગતિવાળું નથી.

❀ 'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

**ટીકા :- न च स्त्रीवेदोदयप्रसूतकामातिरेकप्रतिबध्यतया ब्रह्मचर्यैकजीवितं भाववैचित्र्यमेव तासामसम्भवीति वाच्यम्, स्त्रीणामपि दुर्द्धरब्रह्मचर्यधरणश्रवणात्, कषायहानिसामग्र्या नोकषायहानेः सुकरत्वाद्, अन्यथा पुंसामपि कः प्रतीकारः ? न च छद्मस्थानां कात्स्न्येनाऽनिरुद्धमनसां कादाचित्केन मानसविकारलेशेनातिचारसम्भवेऽप्यनाचारो नाम, देशभङ्गेऽपि सर्वभङ्गाभावात्, मानसिकपापस्य मानसपश्चात्तापादिप्रतिकार्यत्वाद्, अन्यथा छद्मस्थानां प्रत्याख्यानभङ्गावश्यकत्वे प्रव्रज्योच्छेदप्रसङ्गः,**

**ટીકાર્થ :- 'न च'** અહીં શંકા થાય કે સ્ત્રીવેદોદયથી પ્રસૂત = પેદા થયેલ, કામાતિરેકથી પ્રતિબધ્યપણું હોવાને કારણે બ્રહ્મચર્યએકજીવિત=એક માત્ર બ્રહ્મચર્ય ઉપર જીવનાર, ભાવવૈચિત્ર્ય જ=સંયમની પરિણતિરૂપ ભાવવિશેષ જ, તેઓને=સ્ત્રીઓને, અસંભવિત છે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે સ્ત્રીઓને પણ દુર્ધર બ્રહ્મચર્યધરણનું શ્રવણ છે.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે સ્ત્રીઓને સ્ત્રીવેદના ઉદયથી પ્રસૂત = પેદા થયેલ, કામનો અતિરેક હોવાને કારણે બ્રહ્મચર્ય કેવી રીતે સંભવે ? તેથી કહે છે -

**ટીકાર્થ :- 'कषायहानि'** કષાયહાનિની સામગ્રીથી નોકષાયહાનિનું સુકરપણું છે. અન્યથા = એવું ન માનો તો = કષાયહાનિની સામગ્રીથી નોકષાયહાનિનું સુકરપણું ન માનો તો, પુરુષોને પણ શું પ્રતિકાર છે ?

**ભાવાર્થ :-** પુરુષની જેમ સ્ત્રીઓમાં પણ કષાયહાનિની સામગ્રીભૂત ધૈર્ય-સત્ત્વ વગેરે છે, અને તેના દ્વારા નોકષાયની હાનિ સહેલાઈથી થઈ શકે છે; કેમ કે નોકષાય કરતાં કષાય બલવાન હોય છે. અન્યથા = કષાયની હાનિની સામગ્રીથી નોકષાયહાનિનું સુકરપણું ન માનો તો, પુરુષને પણ પુરુષવેદોદયરૂપ નોકષાય છે, તેનો નાશ કેવી રીતે કરી શકે ? તેથી જેમ પુરુષ ધૈર્ય-સત્ત્વ વગેરે કષાયહાનિની સામગ્રીથી નોકષાયની હાનિ સહેલાઈથી કરી શકે છે, તેમ સ્ત્રી પણ કરી શકે છે. તેથી સ્ત્રીઓને પણ દુર્ધર બ્રહ્મચર્યનું ધારણ સંભવે છે.

**ઉત્થાન :-** પૂર્વમાં **न च वाच्यम्** માં હેતુ કહ્યો કે સ્ત્રીઓને દુર્ધર બ્રહ્મચર્ય હોય છે, તેની પુષ્ટિ કરતાં કહે છે -

**ટીકાર્થ :- 'न च'** અને **कात्स्न्येन** = સંપૂર્ણપણાથી અનિરુદ્ધ મનવાળા છદ્મસ્થોને = જેઓએ મનનો સંપૂર્ણપણે નિગ્રહ કર્યો નથી એવા છદ્મસ્થોને, કાદાચિત્ક = ક્યારેક થતા, માનસવિકારના લેશથી અતિચારનો સંભવ હોવા

છતાં પણ અનાચાર નથી. કેમ કે દેશભંગ હોતે છતે પણ સર્વભંગનો અભાવ છે, અર્થાત્ માનસિક વિકારલેશ એ દેશભંગરૂપ છે, તેથી દેશભંગ હોવા છતાં પણ અનાચારરૂપ સર્વભંગનો અભાવ છે.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે સંયમનો વિરુદ્ધ પરિણામ હોવા છતાં સંયમનો સર્વભંગ કેમ ન કહ્યો ? તેથી કહે છે -

**ટીકાર્થ :- 'मानसिक'** (માનસિક વિકારરૂપ) માનસિક પાપનું માનસ પશ્ચાત્તાપાદિથી પ્રતિકાર્યપણું છે.

**ભાવાર્થ :-** કહેવાનું તાત્પર્ય એ છે કે, માનસિક વિકારલેશ થઇ જાય તે રૂપ માનસિક પાપ માટે, શાસ્ત્રમાં સંયમના છેદરૂપ મૂલાદિ પ્રાયશ્ચિત્ત કહેલા નથી, પરંતુ તે પાપનાશના ઉપાયરૂપે પાપ થયા પછી માનસ પશ્ચાત્તાપ અને 'આદિથી' પ્રાપ્ત ગુરુ સમક્ષ નિવેદન દ્વારા તપના ગ્રહણાદિથી પ્રતિકાર્યપણું છે; અર્થાત્ માનસ પશ્ચાત્તાપાદિથી તે પાપ ધોવાઇ જાય છે. તેથી ત્યાં સંયમનો સર્વથા ભંગ નથી, કેમ કે સંયમનો સર્વથા ભંગ હોય ત્યાં મૂલાદિ પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય.

અહીં વિશેષ એ છે કે, અહીં માનસિક વિકારથી ચોથા વ્રતનો વિકાર માત્ર ગ્રહણ કરવાનો નથી, પરંતુ સંયમયોગમાં કોઈપણ ઉપયોગની સ્ખલના થાય છે ત્યાં, કષાય કે નોકષાયકર્મના ઉદયથી સ્ખલના થાય છે; તે સંયમયોગના ઉપયોગની સ્ખલનારૂપ માનસિક વિકાર ગ્રહણ કરવાનો છે. અને તે વિકાર બકુશ-કુશીલ ચારિત્રવાળાને અવશ્ય હોય છે, તો પણ ભગવાનના શાસ્ત્રમાં તેઓને ચારિત્રી કહ્યા છે. તેથી દેશથી ભંગ હોવા છતાં તેઓને ચારિત્રનો સર્વભંગ નથી.

**ટીકાર્થ :- 'अन्यथा'** અન્યથા = દેશથી ભંગમાં પણ ચારિત્રનો સર્વથા ભંગ થાય છે એમ માનો તો, છદ્મસ્થોને પ્રત્યાખ્યાનના ભંગનું અવશ્યપણું હોતે છતે, પ્રવ્રજ્યાના ઉચ્છેદનો પ્રસંગ પ્રાપ્ત થશે.

**ભાવાર્થ :-** યદ્યપિ ક્વચિત્ છદ્મસ્થો સંયમ ગ્રહણ કર્યા પછી નિરતિચાર ચારિત્ર પાળે તો લેશ પણ પ્રત્યાખ્યાનભંગ ન થાય, જેમ તીર્થંકરાદિ જીવો; તો પણ ભગવાનનું શાસન બહુલતાએ બકુશ-કુશીલ ચારિત્રીથી જ પ્રવર્તે છે; અને સમ્યગ્ રીતે યતમાન પણ મુનિને બહુલતાએ પ્રત્યાખ્યાનનો દેશથી ભંગ થાય છે. તેને સામે રાખીને કહ્યું છે કે, છદ્મસ્થોને પ્રત્યાખ્યાનભંગનું અવશ્યપણું હોવાથી દેશભંગમાં ચારિત્રનો સર્વભંગ માનવાથી પ્રવ્રજ્યાના ઉચ્છેદનો પ્રસંગ પ્રાપ્ત થશે.

**ઉત્થાન :- 'यत्तावदुक्तं ...'** અત્યાર સુધી ગાથા-૧૬૯માં કહેલ કથનનું નિગમન કરતાં કહે છે -

**ટીકા :- तस्मात् स्त्रीक्लीबयोर्वैषम्यस्य दर्शितत्वात्तयोरुभयोः समानशीलत्वे वाङ्मात्रमेव शरणमिति न किञ्चिदेतत् ।**

**ટીકાર્થ :- 'तस्मात्'** તે કારણથી = પૂર્વમાં પૂર્વપક્ષીએ કહ્યું કે, બ્રહ્મચર્ય એકજીવિત ભાવવૈચિત્ર્ય જ=સંયમની પરિણતિરૂપ ભાવવિશેષ જ, સ્ત્રીઓને અસંભવિત છે તેનું નિરાકરણ કરવાથી પ્રાપ્ત એવું ભાવવૈચિત્ર્ય તેઓને સંભવે છે તે કારણથી, સ્ત્રી અને નપુંસકના વૈષમ્યનું દર્શિતપણું હોવાથી=પૂર્વમાં નપુંસક સમ્યક્ત્વ પામી શકતો નથી અને સ્ત્રી સમ્યક્ત્વ પામી શકે છે એ રૂપ વૈષમ્ય બતાવેલું હોવાથી, ઉભયના = સ્ત્રી અને નપુંસકના, સમાન શીલપણામાં વાઙ્માત્ર જ શરણ છે = જાતિનપુંસક મોક્ષમાં ન જાય તેમ જાતિસ્ત્રી મોક્ષમાં ન જઇ શકે એ રીતે બંનેના સમાનશીલપણામાં = સમાન સ્વભાવ સ્વીકારવામાં, વાઙ્માત્ર જ શરણ છે=સ્વવચનમાત્ર જ શરણ છે પરંતુ આગમ અને યુક્તિનું શરણ નથી. એથી કરીને આ = સ્ત્રી અને નપુંસક બંનેને સમાન કહીને સ્ત્રીને મુક્તિનો નિષેધ કરવો એ, અકિંચિત્કર છે = અર્થ વગરનું છે.

**ઉત્થાન :-** ગાથા - ૧૬૮ના પૂર્વાર્ધમાં પૂર્વપક્ષીએ કહ્યું કે, સ્ત્રીપણું પાપરૂપ છે અને પુણ્યફળવાળા કેવલીને તે સંભવતું નથી, અને તે જ કથન ગાથા-૧૬૮ની ટીકામાં **तथा पुण्यसुरतरोः ... सर्वमवदातम्** સુધી કહ્યું, તેનું નિરાકરણ કરતાં '**यदप्युक्तं**'થી ગ્રંથકાર કહે છે -

**ટીકા :- यदप्युक्तं''पापरूपं स्त्रीत्वं परमपुण्यप्राग्भाराणां केवलिनां न सम्भवति'' इति तदसत्, स्त्रीत्वस्य पापत्वाऽसिद्धेः, जगद्गर्हणीयत्वस्याऽसिद्धतया तदसाधकत्वात्, भगवज्जनन्यादीनामगर्हणीयत्वात् । न च स्त्रीत्वं केवलिनां वीतद्वेषाणां प्रतिकूलवेदनीयं येन त्वदुक्तरीत्यापि तत्पापत्वमास्कन्देत् । न च परप्रतिकूलवेदनीयतयैव पापत्वं, बाह्यानां श्रामण्यस्यापि प्रतिकूलवेदनीयत्वात्, रागस्य शुभाऽशुभाङ्गतया द्वैविध्यमपि न पापपुण्यत्वाभ्यां, किन्तु शुभाशुभत्वाभ्याम्, पुण्यपापत्वयोस्तु परिभाषैव तन्त्रमिति न किञ्चिदेतत् । न च स्त्रीत्वं तीर्थकराणां प्रायोऽसम्भवीति केवलिनामपि तथा, एवं सति विप्रत्वादिजातिरपि तीर्थकराणां प्रायो न सम्भवतीति तज्जातीया अपि सत्यपि ज्ञानादिसाम्राज्ये न केवलिनो भवेयुः । किञ्च, तीर्थकरेऽसम्भवदतीर्थकरत्वं सामान्यकेवलिनामपि न सम्भवेदिति, तस्मात्पक्षपातमात्रमेतत् ।**

**ટીકાર્થ :- 'यदप्युक्तं'** પાપરૂપ સ્ત્રીપણું પરમપુણ્યપ્રાગ્ભારવાળા (પ્રચુરતાવાળા) કેવળીઓને સંભવતું નથી, એ પ્રમાણે જે કહ્યું તે અસત્ છે, કેમ કે સ્ત્રીપણાની પાપત્વની અસિદ્ધિ છે. કેમ કે જગદ્ગર્હણીયપણાનું અસિદ્ધિપણું હોવાથી તેનું અસાધકપણું = પાપત્વનું અસાધકપણું છે. કારણ કે ભગવાનની માતા આદિમાં અગર્હણીયપણું છે, અર્થાત્ ભગવાનની માતા વગેરે જગતને અગર્હણીય હોવાથી = પૂજનીય હોવાથી, સ્ત્રીપણામાં પાપત્વનું સાધક જગદ્ગર્હણીયત્વ અસિદ્ધ હોવાથી પાપત્વનું અસાધક છે.

**ભાવાર્થ :- 'तदसत्'**માં હેતુ કહ્યો કે સ્ત્રીત્વની પાપપણાની અસિદ્ધિ છે. અહીં પ્રશ્ન થાય છે કે આપણે ત્યાં પણ પ્રસિદ્ધ છે કે પાપના ઉદયથી જ સ્ત્રીભવ પ્રાપ્ત થાય છે, તે વક્તવ્ય સાથે પ્રસ્તુત કથન વિરોધી થશે. એનું તાત્પર્ય એ છે કે, પૂર્વપક્ષી દિગંબરે જગદ્ગર્હણીયપણાથી સ્ત્રીપણાને પાપપ્રકૃતિરૂપે સિદ્ધ કરેલ, પરંતુ તીર્થંકરની માતા વગેરે સ્ત્રીઓને જગદ્ગર્હણીયપણું અસિદ્ધ છે, માટે તેનાથી પાપપ્રકૃતિ સિદ્ધ થઇ શકે નહિ. એ ઔદારિકશરીર

પુણ્યપ્રકૃતિરૂપ છે, અને તેના જ અવાંતરભેદથી સ્ત્રીશરીર થાય છે, તે અપેક્ષાએ તે પુણ્યપ્રકૃતિ છે. આમ છતાં, શ્વેતાંબરમતમાં સ્ત્રીભાવને પાપપ્રકૃતિરૂપ કહેલ છે, તે પુરુષ કરતાં હીન શક્તિવાળી તથાવિધ શરીરરચના અને શરીરની રચના સાથે પ્રાપ્ત અલ્પજ્ઞતાદિ દોષોને કારણે કહેલ છે. તેથી સ્ત્રીપણું પાપપ્રકૃતિરૂપ હોવા છતાં કેવલજ્ઞાનમાં પ્રતિબંધક નથી, જેમ પ્રથમ સંસ્થાન સિવાયનાં સંસ્થાનો પાપપ્રકૃતિરૂપ હોવા છતાં કેવલજ્ઞાનનાં પ્રતિબંધક નથી.

**ઉત્થાન :-** પૂર્વમાં ગાથા-૧૬૮ની ટીકામાં **न खलु पापप्रकृतिजन्यत्वेन ... क्लीबत्ववद् ।** સુધીના કથનથી દિગંબરે પાપ્રકૃતિજન્ય હોય તે પાપ નથી, પરંતુ પ્રતિકૂળ વેદનીય હોય તે પાપ છે, તેમ કહીને તેના દ્વારા સ્ત્રીપણાને પાપરૂપે સ્થાપીને સ્ત્રીને કેવલજ્ઞાન ન થાય તેમ સ્થાપન કરેલ, તેનું નિરાકરણ કરતાં કહે છે -

**ટીકાર્થ :- 'न च'** વીતદ્વેષવાળા કેવલીઓને સ્ત્રીપણું પ્રતિકૂળવેદનીયરૂપ નથી, જે કારણથી તમારી કહેલ રીતિથી પણ તે પાપપણાને પામે, અને પરપ્રતિકૂલવેદનીયપણાથી જ (સ્ત્રીપણું) પાપત્વ છે એમ ન કહેવું, કેમ કે બાહ્યોને = ધર્મથી વિમુખભાવવાળા જીવોને, શ્રામણ્યનું પણ પ્રતિકૂળવેદનીયપણું છે.
**'रागस्य'** રાગનું શુભાશુભઅંગપણા વડે દ્વૈવિધ્ય પણ પાપ-પુણ્યપણા દ્વારા નથી, પરંતુ શુભાશુભત્વ દ્વારા છે. વળી, પુણ્ય-પાપત્વમાં તો પરિભાષા જ તંત્ર છે. એથી કરીને આ અકિંચિત્ છે.

**ભાવાર્થ :-** સ્ત્રીપણું પ્રતિકૂળવેદનીય છે તેથી પાપ છે, માટે કેવલી સ્ત્રી ન હોઇ શકે, એ પ્રમાણે દિગંબરે જે કહ્યું છે; તેને ગ્રંથકાર કહે છે કે, દિગંબરની કહેલી પદ્ધતિથી પણ સ્ત્રીપણું પાપરૂપ નથી, કેમ કે વીતરાગને સ્ત્રીપણું પ્રતિકૂળરૂપે વેદનીય નથી. ત્યાં દિગંબર કહે છે કે, વીતરાગને સ્ત્રીપણું પ્રતિકૂળવેદનીય ભલે ન હોય, પરંતુ વીતરાગ સિવાય અન્યને પ્રતિકૂળવેદનીય હોવાથી સ્ત્રીપણું પાપરૂપ છે. તો ગ્રંથકાર કહે છે કે, જૈનશાસનથી બાહ્યોને સાધુપણું પણ પ્રતિકૂળવેદનીય છે, એટલામાત્રથી તે પાપરૂપ બને નહિ; તેમ સ્ત્રીપણું પણ પાપરૂપ સ્વીકારી શકાય નહિ.

વળી, ગાથા-૧૬૮માં પૂર્વપક્ષે કહેલ કે, પાપપ્રકૃતિજન્ય પણ રાગ શુભાશુભઅંગપણા વડે કરીને બે પ્રકારનો છે; તેમ સ્ત્રીવેદને તમે પાપરૂપે સ્વીકારો અને સ્ત્રીશરીરને પાપરૂપ નથી તેમ કહો, તો પણ, પુણ્યપ્રકૃતિજન્ય એવું પણ સ્ત્રીનું શરીર જગદ્ગર્હણીય છે, તે રીતે પ્રતિકૂળવેદનીય છે, તેથી પાપરૂપ થઇ શકે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે કે, પાપપ્રકૃતિજન્ય એવો રાગ શુભાશુભરૂપે બે પ્રકારનો છે, તે પાપ-પુણ્યથી અર્થાત્ પાપ-પુણ્યના ફળરૂપ છે તેથી નથી; પરંતુ સ્ફુરાયમાન થતો રાગ શુભપરિણામરૂપ છે તેથી શુભ છે, અને અશુભપરિણામરૂપ છે તેથી અશુભ છે. અર્થાત્ સંસારના વિષયમાં સ્ફુરાયમાન થતો રાગ અશુભ છે, અને ગુણવાન વ્યક્તિને જોઇને સ્ફુરાયમાન થતો રાગ શુભરૂપ છે. જ્યારે આ પ્રકૃતિ પુણ્યરૂપ છે કે આ પ્રકૃતિ પાપરૂપ છે તેમાં શાસ્ત્રની પરિભાષા જ શરણ છે. તેથી સ્ત્રીવેદને પાપપ્રકૃતિરૂપ કહ્યું અને સ્ત્રીશરીરને અપેક્ષાએ પુણ્યપ્રકૃતિરૂપ કહ્યું ત્યાં શાસ્ત્રીય પરિભાષા જ આધાર છે, પરંતુ સ્વમતિકલ્પના કરીને પુણ્યપ્રકૃતિજન્ય એવા સ્ત્રીશરીરને પાપરૂપે સ્થાપન કરવું તે શાસ્ત્રીય પરિભાષા વિરુદ્ધ છે. એથી કરીને આ અકિંચિત્કર છે, અર્થાત્ કેવલીને સ્ત્રીપણું ન હોય એ કથન અકિંચિત્કર છે.

**ટીકાર્થ :-** **'न च'** અને તીર્થંકરોને સ્ત્રીપણું પ્રાયઃ અસંભવી છે, એથી કરીને કેવલીઓને પણ તથા= સ્ત્રીપણું અસંભવી છે, એમ ન કહેવું; કેમ કે એ પ્રમાણે હોતે છતે તીર્થંકરોને બ્રાહ્મણત્વાદિ જાતિ પણ પ્રાયઃ સંભવતી નથી, એથી કરીને તજ્જાતીયા પણ=બ્રાહ્મણત્વાદિ જાતિવાળા પણ, જ્ઞાનાદિ સામ્રાજ્ય હોવા છતાં પણ કેવલીઓ નહિ થાય.

**'किञ्च'** અને વળી તીર્થંકરમાં નહિ સંભવતું અતીર્થંકરપણું સામાન્ય કેવલીઓને પણ નહિ સંભવે.

❀ **'इति'** શબ્દ **'यदप्युक्तं ...'**થી કહેલ નિરાકરણના કથનની સમાપ્તિ સૂચક છે.

**ઉત્થાન :-** ગાથા-૧૬૮ની ટીકામાં **तथा पुण्यसुरतरोः ... सर्वमवदातम् ।** સુધી જે કહ્યું અને તેનું નિરાકરણ ગાથા-૧૬૯ની ટીકામાં **यदप्युक्तं ... न सम्भवेदिति,** સુધી કર્યું, તેનું નિગમન કરતાં કહે છે -

**ટીકાર્થ :-** **'तस्मात्'** - તે કારણથી આ = સ્ત્રીપણું પાપરૂપ છે માટે પુણ્યપ્રાગ્ભારવાળા કેવલીઓને ન સંભવે, એ કથન પક્ષપાતમાત્ર છે.

**ઉત્થાન :-** ગાથા-૧૬૮ના ઉત્તરાર્ધમાં પૂર્વપક્ષીએ કહ્યું કે, પરમઅશુચિભૂત એવી સ્ત્રીઓને પરમૌદારીક શરીર હોતું નથી, અને એ કથન ગાથા-૧૬૮ની ટીકામાં છેલ્લે **तथा परमाशुचिभूतानां ... न स्त्रीणां मुक्तिः ॥** સુધી કહ્યું; તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે -

**ટીકા :- परमौदारिकशरीरं चाशौचनिरासप्रवणं यदि स्वसामग्र्यधीनं सम्भवेत्तर्हि स्त्रीणामपि प्राप्तकैवल्यानामशौचनिरासाय प्रभवेत्, नो चेत् ? न संभवेदिति सङ्क्षेपः ॥१६९॥**

**ટીકાર્થ :-** **'परमौदारीकशरीर'** અને પરમૌદારિકશરીર અશૌચનિરાસમાં પ્રવણ = સમર્થ, જો સ્વસામગ્રીઆધીન સંભવે તો પછી પ્રાપ્તકૈવલ્યવાળી સ્ત્રીઓને પણ અશૌચનિરાસ માટે સમર્થ થાય, અને ન થતું હોય તો ન સંભવે, એ પ્રકારે સંક્ષેપ છે.

**ભાવાર્થ :-** કેવલજ્ઞાન થયા પછી કેવલીને પરમૌદારિકશરીર પ્રાપ્ત થાય છે, એ પ્રમાણે દિગંબર અને શ્વેતાંબર બન્ને માને છે. અને સ્ત્રીના શરીરમાં અને પુરુષના શરીરમાં કેવલજ્ઞાન પૂર્વે મળમૂત્ર આદિ અશુચિ છે, તે વાત પણ નિર્વિવાદ સર્વ સંમત છે. અને દિગંબરો કહે છે કે પરમૌદારિકશરીરવાળાના શરીરમાં અશુચિ ન હોય, જ્યારે શ્વેતાંબર મત પ્રમાણે પરમૌદારિકશરીરમાં પણ અશુચિ હોય છે. વસ્તુતઃ પરમૌદારિકશરીર અશુચિવાળું છે કે નહિ તે કોઇ જોતું નથી, ફક્ત કેવલી ભગવંતના વચનથી જ તેનો નિર્ણય થઇ શકે છે. તેથી ગ્રંથકાર કહે છે કે, જો પરમૌદારિકશરીર પોતાની સામગ્રીને આધીન શરીરની અશુચિને નિવારણ કરી શકતું હોય, તો પ્રાપ્ત થયેલ કેવલજ્ઞાનવાળી સ્ત્રીઓના શરીરમાં રહેલી અશુચિનું નિવારણ કરવા સમર્થ બને; અને જો પરમૌદારિકશરીર શરીરની અશુચિ નિવારણ ન કરી શકતું હોય, તો કેવલજ્ઞાનને પામેલ સ્ત્રીઓના શરીરમાં રહેલ અશુચિને નિવારણ ન કરે, તો શું વાંધો છે? એ પ્રકારે સંક્ષેપ છે. **॥૧૬૯॥**

**અવતરણિકા :- उपसंहरति –**

**અવતરણિકાર્થ :-** સ્ત્રીમુક્તિવાદનો ઉપસંહાર કરતાં ગ્રંથકાર કહે છે –

**ગાથા :** **इय इत्थीणं सिद्धी सिद्धा सिद्धंतमूलजुत्तीहिं ।**
**एयं असद्दहंता चिक्कणकम्मा मुणेयव्वा ॥१७०॥**

(इति स्त्रीणां सिद्धिः सिद्धा सिद्धान्तमूलयुक्तिभिः । एतामश्रद्दधतो दृढकर्माणो ज्ञातव्याः ॥१७०॥)

**ગાથાર્થ :- આ પ્રકારે સિદ્ધાંતની મૂલ યુક્તિઓ વડે સ્ત્રીઓને સિદ્ધિ = મુક્તિ, સિદ્ધ થાય છે. આને અશ્રદ્ધા કરતા દૃઢકર્મવાળા જાણવા. અર્થાત્ આની શ્રદ્ધા ન કરનારા જીવો ચીકણાં કર્મવાળા જાણવા. ॥૧૭૦॥**

**ટીકા :- स्पष्टा ॥१७०॥**

**ટીકાર્થ :-** ગાથાનો અર્થ સ્પષ્ટ છે. **॥૧૭૦॥**

**અવતરણિકા :- एवं च प्रासाधि स्त्रीणां निर्वाणं, तत्सिद्धौ च सिद्धाः सिद्धानां पञ्चदशभेदाः, तत्सिद्धौ च सिद्धं सप्रसङ्गमध्यात्मनिरूपणम् । अथैतदुपनिषद्भूतमुपदिशति –**

**અવતરણિકાર્થ :-** અને એ પ્રમાણે સ્ત્રીઓને નિર્વાણ = મુક્તિ, સિદ્ધ કરી, અને તેની સિદ્ધિમાં = સ્ત્રીઓને મુક્તિની સિદ્ધિમાં, સિદ્ધોના પંદર ભેદો સિદ્ધ થયા. અને તેની સિદ્ધિમાં = સિદ્ધોના પંદર ભેદોની સિદ્ધિમાં, સપ્રસંગ અધ્યાત્મનું નિરૂપણ સિદ્ધ થયું. હવે આના=અધ્યાત્મના, ઉપનિષદ્ભૂત ઉપદેશ આપે છે –

**ગાથા :-** **एयं परमरहस्सं एसो अज्झप्पकणगकसवट्टो ।**
**एसा य परा आणा संजमजोगेसु जो जत्तो ॥१७१॥**

(एतत्परमरहस्यमेषोऽध्यात्मकनककषपट्टः । एषा च पराऽऽज्ञा संयमयोगेषु यो यत्नः ॥१७१॥)

**ગાથાર્થ :- આ પરમ રહસ્ય છે, આ અધ્યાત્મરૂપી સુવર્ણનો કષપટ્ટ છે અર્થાત્ અધ્યાત્મરૂપી સુવર્ણની પરીક્ષા માટેનો કસોટીનો પથ્થર છે, અને આ પરા = શ્રેષ્ઠ, આજ્ઞા છે, જે સંયમયોગોમાં યત્ન છે. ॥૧૭૧॥**

❀ "આ જ પરમ રહસ્ય છે" અહીં **एतद्** નો સંબંધ **यः** ની સાથે છે, અર્થાત્ જે સંયમયોગોમાં યત્ન છે, એ જ પરમ રહસ્ય છે. પરમ રહસ્યની અપેક્ષાએ '**एतद्**' નપુંસકલિંગમાં છે. અને તે પરમ રહસ્ય કોનું? તો અધ્યાત્મનું, એ અધ્યાહાર છે. અને આ અધ્યાત્મરૂપી સુવર્ણનો કષપટ્ટ = કસોટીનો પથ્થર છે. અહીં **एषः**નો અન્વય પણ

**यः**ની સાથે છે. **एषः कषपट्टः** ના યોગે પુલ્લિંગમાં છે; અને પરમ રહસ્ય કહેવાથી અધ્યાત્મનું ફળ પ્રાપ્ત થયું, અને કષપટ્ટ કહેવાથી પોતાનામાં અધ્યાત્મ છે કે નહિ ? તેનો નિર્ણય કરવાનું સાધન કહેવાયું. અને "આ પરા આજ્ઞા છે" એમ કહેવાથી એ પ્રાપ્ત થાય કે, ભગવાનની પરા આજ્ઞા અધ્યાત્મરૂપ છે, જે સંયમયોગોમાં યત્નસ્વરૂપ છે.

**ટીકા:- एतदेव खलु सकलनयप्रमाणव्युत्पादनप्रवणस्य प्राक्प्रपञ्चस्योपनिषद्भूतम् 'यः संयमयोगेषु व्यापारः', ज्ञानस्य विरतिफलत्वात्, तन्मयस्य शास्त्रस्य तत्फलवत्तयैव फलवत्त्वात् । तथा च पारमर्षम्- [ आ. नि. १०५५ ]**

[१] सव्वेसिंपि णयाणं बहुविहवत्तव्वयं णिसामित्ता ।
तं सव्वणयविसुद्धं जं चरणगुणट्ठिओ साहू ॥ **त्ति**

**ટીકાર્થ :-'एतदेव'** આ જ ખરેખર સકલ નય અને પ્રમાણના વ્યુત્પાદનમાં પ્રવણ = સમર્થ, એવું જે પૂર્વનું વર્ણન, તેના ઉપનિષદ્ભૂત છે, જે સંયમયોગોમાં વ્યાપારરૂપ છે. કેમ કે જ્ઞાનનું વિરતિફલપણું છે.

❀ અહીં **'एतद्'** શબ્દ 'વસ્તુનો' પરામર્શક છે, તેથી નપુંસકલિંગ છે. અર્થાત્ પૂર્વના વર્ણનમાં ઉપનિષદ્ભૂત આ જ વસ્તુ છે, જે સંયમયોગોમાં વ્યાપારરૂપ છે, કેમ કે જ્ઞાનનું વિરતિફળપણું છે.

**ભાવાર્થ :-** પૂર્વે અધ્યાત્મનું જે સર્વ વર્ણન કર્યું તે વર્ણનનું ઉપનિષદ્ એ જ બને કે જે એનું ફળ હોય, અને તેથી જ સંયમયોગોમાં જે વ્યાપાર છે તે ઉપનિષદ્ભૂત છે; કેમ કે જ્ઞાનનું વિરતિફળપણું છે. તેથી પૂર્વના અધ્યાત્મના વર્ણનનું ઉપનિષદ્ વિરતિ છે, અને તે વિરતિ સંયમયોગોમાં વ્યાપારરૂપ છે.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે, જ્ઞાનનું વિરતિફલપણું છે તેનાથી પૂર્વના અધ્યાત્મના વર્ણનનું ઉપનિષદ્ સંયમયોગોનો વ્યાપાર કેમ બની શકે? અર્થાત્ પૂર્વના વર્ણનનું ઉપનિષદ્ તે વર્ણનમાં મહત્ત્વભૂત જે વર્ણન હોય તે હોવું જોઇએ, પરંતુ સંયમયોગોમાં વ્યાપાર કેવી રીતે હોઇ શકે? તેથી બીજો હેતુ કહે છે -

**ટીકાર્થ :- 'तन्मयस्य'** તન્મય શાસ્ત્રનું = જ્ઞાનમય શાસ્ત્રનું, તત્ફલવત્તયા જ = જ્ઞાનફલવાનપણાથી જ, ફલવાનપણું છે.

**ભાવાર્થ :-** શાસ્ત્ર જ્ઞાનમય છે, માટે જ્ઞાનનું જે ફલ હોય તે પ્રાપ્ત થાય તો જ શાસ્ત્રનું ફળ પ્રાપ્ત થયું એમ કહેવાય; અને જ્ઞાનનું ફળ વિરતિ છે, માટે શાસ્ત્રનું ફળ પણ વિરતિ છે; અને તે સંયમયોગોમાં વ્યાપારરૂપ છે, તેથી સંયમયોગોમાં વ્યાપાર જ શાસ્ત્રનું ઉપનિષદ્ છે.

અહીં જ્ઞાનફલવત્તયા શાસ્ત્રમાં છે, તે આ રીતે = જ્ઞાનનું ફળ વિરતિ છે, અને સ્વનિરૂપિતજનકતા સંબંધથી વિરતિરૂપ ફળ જ્ઞાનમાં રહે છે; માટે જ્ઞાન ફલવત્ થયું, માટે જ્ઞાનમાં ફલવત્તા છે. અને શાસ્ત્ર જ્ઞાનમય છે, માટે જ્ઞાનની ફલવત્તાથી જ શાસ્ત્રનું ફલવત્પણું છે, એમ કહેલ છે.

---
१. सर्वेषामपि नयानां बहुविधवक्तव्यतां निशम्य । तत्सर्वनयविशुद्धं यच्चरणगुणस्थितः साधुः ॥

અહીં વિશેષ એ છે કે, જ્ઞાનનું ફળ વિરતિ આત્મામાં સમવાય સંબંધથી પેદા થાય છે, અને સ્વનિરૂપિત = વિરતિનિરૂપિતજનકતાસંબંધથી જ્ઞાન વિરતિરૂપ ફળવાળું બને છે, અને તેને = વિરતિને, આશ્રયીને જ જ્ઞાન ફલવાળું થયું એ પ્રકારનો વ્યવહાર થાય છે. બાકી વાસ્તવમાં સમવાય સંબંધથી જ્ઞાન આત્મામાં છે, અને તે જ્ઞાન જ સમવાય સંબંધથી આત્મામાં વિરતિરૂપ ફળને પેદા કરે છે. તે અપેક્ષાએ આત્મા ફલવાન્ બને, પરંતુ સ્વનિરૂપિતજનકતાસંબંધથી જ્ઞાન ફલવત્ બન્યું, એવો વ્યવહાર થાય છે.

**ટીકાર્થ :- 'तथा च पारमर्षम्'** - અને તે પ્રકારે = સકલ નય પ્રમાણ વ્યુત્પાદન પ્રવણ પ્રાક્ પ્રપંચનો ઉપનિષદ્ સંયમયોગોમાં વ્યાપાર છે, એમ પૂર્વમાં કહ્યું તે પ્રકારે, પારમર્ષ છે, અર્થાત્ આવશ્યકનિર્યુક્તિ ગાથા ૧૦૫૫ની સાક્ષી છે. તેનો ભાવ આ પ્રમાણે છે -

**'सव्वेसिं'** સર્વ પણ નયોની બહુવિધ વક્તવ્યતાને સાંભળીને "તે સર્વનયવિશુદ્ધ સર્વનયસંમત(વચન) છે, જે ચરણગુણસ્થિત સાધુ છે".

❀ અહીં **'साहू'** શબ્દ પુલ્લિંગ છે, તેથી **'जं'** પુલ્લિંગમાં હોવું જોઈએ. પરંતુ સર્વનયવિશુદ્ધ વચન નપુંસકલિંગમાં છે, તેની પ્રધાનતા ખ્યાપન કરવા માટે **'जं'**ને નપુંસકલિંગમાં ગ્રહણ કરેલ છે. આનાથી સર્વ નયોનું ઉપનિષદ્ વચન એ છે કે "જે ચારિત્રગુણમાં સ્થિત છે તે સાધુ છે".

**ટીકા :- नन्वेवं वादग्रन्थस्यास्य वादिपराजय एव फलं, न तु विरतिरिति न पारमार्थिकं फलमिति चेत् ? न, विजिगीषूणां वादिपराजयस्य फलत्वेऽपि तत्त्वनिर्णिनीषूणां तत्त्वनिर्णयद्वारा विरतेरेव फलत्वात्, एष एव चाध्यात्मभावनायाध्यात्म्यपरीक्षानिबन्धनं, कनकस्येव कषोपललेखा, बाह्यकरणव्यापारस्यैवाभ्यन्तरविशुद्धिपरीक्षाक्षमत्वात्, तद्विरहे तदभावात्, तदुक्तमागमे -**

"[1]संजमजोगेसु सया जे पुण संतविरियावि सीयन्ति । कह ते विसुद्धचरणा बाहिर करणालसा हुंति ॥" **त्ति। [आव. नि. ११७०]**

**एषैव परा भगवतामाज्ञा तपःसंयमयोरेवोद्यच्छताम् सकलफलानुज्ञानात् । तदुक्तं.-**

[2]चेइयकुलगणसंघे आयरियाणं च पवयणसुए य सव्वेसु वि तेण कयं तवसंजममुज्जमंतेणं ॥ **ति। [आ. नि. ११०१] अयं च तत्रोक्तसकलगुणयोगाल्लक्षणिकः प्रयोगः, एवं च सकलसारभूततया तपःसंयमयोरेव यतितव्यमित्युपदेशसर्वस्वम् ।**

**ટીકાર્થ :- 'नन्वेवं' 'ननु'**થી પૂર્વપક્ષી કહે છે કે, આ પ્રમાણે = પૂર્વમાં અધ્યાત્મમતપરીક્ષાનું વર્ણન કરતાં પ્રતિવાદી એવા દિગંબર અને આધ્યાત્મિકોનું ખંડન કર્યું એ રીતે, આ વાદગ્રંથનું વાદીનો પરાજય કરવો એ જ ફળ છે, પરંતુ વિરતિ નહિ; એથી કરીને (તમે જે કહ્યું કે પૂર્વના વર્ણનનું આ જ ફળ છે કે જે સંયમયોગોમાં વ્યાપાર તે) પારમાર્થિક

---

१. संयमयोगेषु सदा ये पुनः सद्वीर्या अपि सीदन्ति । कथं ते विशुद्धचरणा बाह्यकरणालसा भवन्ति ॥

२. चैत्यकुलगणसंघे आचार्याणां च प्रवचनश्रुतयोश्च । सर्वेषु वि तेन कृतं तपःसंयमोद्यमवता ॥

ફળ નથી. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે જીતવાની ઇચ્છાવાળાઓને વાદીના પરાજયનું ફળપણું હોવા છતાં પણ, તત્ત્વનિર્ણય કરવાની ઇચ્છાવાળાને તત્ત્વનિર્ણય દ્વારા વિરતિનું જ ફળપણું છે. **'एष'** આ જ = પૂર્વમાં કહ્યું કે જે સંયમયોગમાં વ્યાપાર છે તે અધ્યાત્મનું ઉપનિષદ્ છે આ જ, અધ્યાત્મભાવન માટે અધ્યાત્મ સંબંધી પરીક્ષાનું કારણ છે, જેમ કષોપલલેખા = કસોટીના પથ્થર પરની રેખા, કનકની = સુવર્ણની, પરીક્ષાનું કારણ છે.

**ભાવાર્થ :-** આત્મામાં અધ્યાત્મનું ભાવન કરવું હોય = અધ્યાત્મને અતિશયિત કરવું હોય, તો તેના માટે પોતાનામાં કઇ ભૂમિકાનું અધ્યાત્મ છે તેનો નિર્ણય કરવો જોઇએ; અને તેના માટે અધ્યાત્મની પરીક્ષા આવશ્યક છે, = પોતાનામાં કેવું અધ્યાત્મ છે તેની પરીક્ષા આવશ્યક છે, અને તેના માટે સંયમયોગનો વ્યાપાર જ કારણ છે. જેમ કસોટીના પથ્થર ઉપર કરાયેલી રેખા જેવી હોય તે મુજબ સુવર્ણની શુદ્ધિ-અશુદ્ધિનો નિર્ણય થાય છે, તેમ સંયમયોગનો વ્યાપાર જેવો દૃઢ-અદૃઢ હોય તે પ્રમાણે પોતાનામાં વર્તતા અધ્યાત્મનો નિર્ણય થાય છે. અને તે નિર્ણય થયા પછી પોતાનામાં ઉત્તર-ઉત્તરના અધ્યાત્મના ભાવન માટે યત્ન થઇ શકે છે.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે સંયમયોગોનો વ્યાપાર બાહ્ય આચરણારૂપ છે, અને અધ્યાત્મ એ અભ્યંતર વિશુદ્ધિરૂપ છે. તેથી બાહ્ય વ્યાપારથી અભ્યંતર વિશુદ્ધિનો નિર્ણય કેવી રીતે થઇ શકે? તેથી કહે છે -

**ટીકાર્થ :- 'बाह्यकरण'** બાહ્યકરણવ્યાપારનું જ અભ્યંતર વિશુદ્ધિની પરીક્ષામાં સમર્થપણું છે, અને તેના વિરહમાં= બાહ્યકરણવ્યાપારના વિરહમાં, તેનો અભાવ = અભ્યંતર વિશુદ્ધિનો અભાવ, છે.

**ભાવાર્થ :-** બાહ્યકરણવ્યાપાર જેમ જેમ વિશુદ્ધ-વિશુદ્ધતર હોય, તેમ તેમ અભ્યંતર વિશુદ્ધિ પણ વિશેષ-વિશેષતર થાય છે. માટે અભ્યંતર વિશુદ્ધિની પરીક્ષા બાહ્ય વ્યાપારથી જ થાય છે. કેમ કે બાહ્યકરણવ્યાપારના વિરહમાં અભ્યંતર વિશુદ્ધિનો અભાવ છે.

**ટીકાર્થ :- 'तदुक्तमागमे'** - તે આગમમાં કહેલું છે -
**'संजमजोगेषु'** - સંયમયોગોમાં સદા = સર્વ કાળ, જેઓ વળી વિદ્યમાન સામર્થ્યવાળા પણ સીદાય છે, તેઓ બાહ્યકરણમાં આળસવાળા કેવી રીતે વિશુદ્ધ ચારિત્રવાળા થાય છે? અર્થાત્ થતા નથી.

❀ **'त्ति'** આવશ્યકનિર્યુક્તિના ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

**ટીકાર્થ :- 'एषैव परा'** આ જ = જે સંયમયોગમાં વ્યાપાર છે એ જ, પરા = શ્રેષ્ઠ, ભગવાનની આજ્ઞા છે, કેમ કે તપ-સંયમમાં ઉદ્યમ કરનારાઓને સકલ ફળનું અનુજ્ઞાન છે = સકલ ફળની પ્રાપ્તિ છે.

❀ અહીં '**एषा**' શબ્દ યદ્યપિ સંયમયોગમાં વર્તતા વ્યાપારનો પરામર્શક છે, અને સંયમયોગમાં વ્યાપાર પુલ્લિંગ શબ્દ છે, તો પણ ભગવાનની પરા આજ્ઞાની પ્રધાનતા બતાવવા '**एषा**' શબ્દ સ્ત્રીલિંગમાં ગ્રહણ કરેલ છે.

**ભાવાર્થ :-** અહીં આ જ ભગવાનની પરા આજ્ઞા છે એમ કહ્યું, તેનાથી એ પ્રાપ્ત થાય છે કે, આ જ ભગવાનની પરા આજ્ઞા છે = અંતિમ આજ્ઞા છે. અન્ય બધી આજ્ઞાઓ આ આજ્ઞાની પુષ્ટિનું કારણ બને તો જ આચરણીય છે, પરંતુ આ આજ્ઞાની પુષ્ટિનું કારણ ન બનતી હોય તો અનાચરણીય પણ બને. માટે આ જ પરા = શ્રેષ્ઠ, આજ્ઞા છે, એમ કહેલ છે.

તપ-સંયમમાં ઉદ્યમવાળાને સકલ ફળની પ્રાપ્તિ છે. તેમાં સાક્ષી આપે છે -

**ટીકાર્થ :-** '**तदुक्तं**' - તે જ કહેલું છે -

'**चेइयकुल**' તપ-સંયમમાં ઉદ્યમવાળા તેના વડે ચૈત્ય, કુલ, ગણ અને સંઘના વિષયમાં તથા આચાર્યના વિષયમાં, પ્રવચન અને શ્રુતના વિષયમાં અને તે સિવાય સર્વ પણ ધર્મકાર્યોમાં (કૃત્ય) કરાયું છે.

❀ '**त्ति**' શબ્દ આવશ્યકનિર્યુક્તિના ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે.

આવશ્યકનિર્યુક્તિ ગાથા-૧૧૭૦ની ટીકા મુજબ ભાવાર્થ આ પ્રમાણે -

**ભાવાર્થ :-** આ = તપ-સંયમમાં ઉદ્યમવાળામાં નિયમથી = નક્કી, જ્ઞાન-દર્શન-સંયમ હોય છે; અને આ જ = તપ-સંયમમાં ઉદ્યમવાળો જ, ગુરુ-લાઘવનું આલોચન કરીને ચૈત્યાદિ કૃત્યોમાં સમ્યક્ પ્રવર્તે છે, કે જે પ્રમાણે ઐહિક અને આમુષ્મિક ગુણની વૃદ્ધિ થાય છે. અને વિપરીત વળી = તપ-સંયમમાં ઉદ્યમ વગરના વળી, કૃત્યમાં પણ પ્રવર્તમાન અવિવેકથી અકૃત્ય જ સંપાદન કરે છે.

આશય એ છે કે, જે જીવ સંસારથી ભયભીત થઈને સમ્યગ્ રીતે ગુણવાનને પરતંત્ર થઈને તપ-સંયમમાં ઉદ્યમશીલ છે, તે નિયમથી જ્ઞાનદર્શનસંપન્ન છે; કેમ કે કદાચ સ્વયં ગીતાર્થ ન હોય તો પણ ગુણવાનને પરતંત્રતારૂપ જ્ઞાન-દર્શન તેનામાં અવશ્ય છે. અને એ જીવ ગુરુ-લાઘવનું આલોચન કરીને ચૈત્યાદિ કૃત્યોમાં સમ્યક્ પ્રવર્તે છે = જે વખતે ચૈત્યાદિ કૃત્યો ગુરુભૂત નિર્જરાનું કારણ હોય ત્યારે તેમાં પ્રવૃત્તિ કરે છે, અને જ્યારે સંયોગને અનુસાર અન્ય કૃત્યો બલવાન હોય તો તેમાં યત્ન કરે છે. અને તેનાથી આ લોકની વૃદ્ધિ = ધર્મશાસનની ઉન્નતિ થવારૂપ વૃદ્ધિ થાય છે, અને અત્યંત ઉચિત પ્રવૃત્તિ હોવાના કારણે પુણ્યાનુબંધીપુણ્યાદિરૂપ આમુષ્મિક ગુણની વૃદ્ધિ થાય છે = પરલોકમાં ગુણની વૃદ્ધિ થાય છે; જેના કારણે જન્માંતરમાં ઉત્તમ-ઉત્તમતર ધર્મની પ્રાપ્તિ દ્વારા સ્વને મોક્ષની પ્રાપ્તિ થાય છે. અને જે જીવ તપ-સંયમમાં ઉદ્યમવાળો નથી, અને ચૈત્ય-કુલ-ગણાદિના કૃત્યને કરતો હોય તો પણ, ગુરુ-લાઘવનું આલોચન નહિ કરતો હોવાના કારણે તેનામાં અવિવેક હોવાથી તે અકૃત્યને જ પેદા કરે છે = ચૈત્યાદિ કૃત્યોનું ફળ જે આલોક અને પરલોકના ફલરૂપ ગુણની વૃદ્ધિ છે, તેને પ્રાપ્ત નહિ કરતો હોવાથી તે અકૃત્યને જ સંપાદન કરે છે. આનાથી એ પ્રાપ્ત થાય કે, તપ-સંયમમાં ઉદ્યમવાળો જ્યારે ચૈત્યાદિ કૃત્યો ગુરુભૂત મ હોય ત્યારે તે ન કરતો હોય તો પણ, તેનાથી નિષ્પાદ્ય એવા ઐહિક-આમુષ્મિક ગુણની વૃદ્ધિને તે અવશ્ય પ્રાપ્ત કરે છે. કેમ કે તે વખતે પણ તેને ચૈત્યાદિ કૃત્યોના અનિષ્પાદનનો અધ્યવસાય નથી, પરંતુ તેનાથી બલવાન એવાં અન્ય કૃત્યોમાં ચૈત્યાદિ કૃત્યોનો અંતર્ભાવ હોવાથી તેના ફળની તેને પ્રાપ્તિ છે.

**ટીકાર્થ :-** '**अयं च**' અને આ = આવશ્યકનિર્યુક્તિ ગાથા ૧૧૦૧માં કહેલ કે તપ-સંયમમાં ઉદ્યમવાળા વડે સર્વ કૃત્ય કરાયાં છે એ જાતનો પ્રયોગ, ત્યાં = તપ-સંયમના ઉદ્યમમાં, ઉક્ત = કહેવાયેલા, સકલ ગુણના યોગથી લાક્ષણિક પ્રયોગ છે.

**ભાવાર્થ :-** લક્ષણાથી થનારા પ્રયોગો લાક્ષણિક પ્રયોગ કહેવાય છે. લક્ષણાના ત્રણ પ્રકારો છે. (૧) જહલ્લક્ષણા (૨) અજહલ્લક્ષણા (૩) જહદજહલ્લક્ષણા. અહીં ત્રીજા પ્રકારની જહત્અજહત્લક્ષણા છે. તેનું લક્ષણ એ છે કે વાચ્યનાં એક દેશના ત્યાગથી એક દેશનો અન્વય હોય. જેમ - '**तत् त्वम् असि**' આ પ્રયોગમાં '**तत्**' શબ્દથી વાચ્યનો એક દેશ ભગવાનરૂપ વ્યક્તિ છે, અને એક દેશ ભગવાન નિષ્ઠ ગુણો છે. ત્યાં '**तत्**' શબ્દથી ભગવાનરૂપ વ્યક્તિદેશનો ત્યાગ છે અને ભગવાન નિષ્ઠ ગુણરૂપ એક દેશનો '**त्वम्**'માં અન્વય છે. અહીં જહદ્ અજહદ્ લક્ષણા દ્વારા તત્ શબ્દ ભગવાનના ગુણનો પરામર્શક છે. એ જ રીતે પ્રસ્તુતમાં, તપ-સંયમમાં ઉદ્યમ કરનાર તેના વડે સકલ કૃત્ય કરાયાં, ત્યાં સકલ કૃત્યના સ્વરૂપરૂપ દેશનો ત્યાગ કરીને ફળરૂપ દેશનો અન્વય છે. આથી તપ-સંયમમાં ઉદ્યમ કરનાર સકલ કૃત્યના ફળને પામે છે એ પ્રકારનો ભાવ છે. તેથી જહત્ અજહત્ લક્ષણાવાળો આ લાક્ષણિક પ્રયોગ છે.

**ટીકાર્થ :-** '**एवं च**' અને આ રીતે = પૂર્વમાં કહ્યું કે જે સંયમયોગમાં વ્યાપાર છે એ જ પરમ રહસ્ય છે, અને એ જ અધ્યાત્મનો કનકકષપટ્ટ છે, અને એ જ પરા આજ્ઞા છે એ રીતે, સકલનું સારભૂતપણું હોવાથી તપ-સંયમમાં જ યત્ન કરવો જોઇએ, એ પ્રકારે ઉપદેશનું સર્વસ્વ છે=ઉપદેશનું રહસ્ય છે.

**ટીકા :- नन्वस्मादुपदेशाच्चारित्र इष्टसाधनत्वप्रतिसन्धानेऽपि चारित्रावरणकर्मप्रतिबन्धादेव प्राणिनां न प्रवृत्तिर्भविष्यति, तदनुदये च स्वत एव तत्र प्रवृत्तेर्व्यर्थोऽयमुपदेश इति चेत् ? न, लघुकर्मणामपि येषामिष्टसाधनत्वज्ञानविलम्बान्नप्रवृत्तिस्तेषामिष्टसाधनत्वज्ञापनायैव शास्त्रव्यापारात्, पुनर्बन्धकादि-व्यतिरिक्तानामेव योग्यत्वेनाधिकारित्वाद्, अतथाभूतेषु भगवदुपदेशस्याप्यनतिप्रयोजनत्वात् । अपि च शास्त्रोपदेशश्रवणोद्भूतश्रद्धातिशयेनाऽनिकाचितकर्मणां प्रतिबन्धककर्मक्षयोऽपि सम्भवेदेव, निकाचितकर्मणामेव धर्मं श्रुत्वाप्यप्रवृत्तेः । उक्तं च -**

[1]अणुसिट्ठा य बहुविहं मिच्छद्दिट्ठी य जे नरा अहमा । बद्धनिकाइयकम्मा सुणंति धम्मं णय करंति ॥ **[ उप. मा. २१६ ] इति ॥१७१॥**

**ટીકાર્થ :-** '**नन्वस्माद्**' - '**ननु**'થી પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, આ ઉપદેશથી ચારિત્રમાં ઇષ્ટસાધનપણું પ્રતિસંધાન હોવા છતાં પણ ચારિત્રાવરણકર્મના પ્રતિબંધથી જ પ્રાણીઓની પ્રવૃત્તિ થશે નહિ, અને તેના અનુદયમાં = ચારિત્રાવરણકર્મના અનુદયમાં, સ્વતઃ જ ત્યાં = ચારિત્રમાં, પ્રવૃત્તિ હોવાથી આ ઉપદેશ વ્યર્થ થશે. તેનો ઉત્તર

---

१. अनुशिष्टाश्च बहुविधं मिथ्यादृष्टयश्च ये नरा अधमाः । बद्धनिकाचितकर्माणः शृण्वंति धर्मं न च कुर्वन्ति ॥

આપતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે લઘુકર્મવાળા પણ જેઓની ઇષ્ટસાધનપણાના જ્ઞાનના વિલંબથી પ્રવૃત્તિ થતી નથી, તેઓને ઇષ્ટસાધનપણાના જ્ઞાપન માટે જ શાસ્ત્રનો વ્યાપાર છે. (માટે ઉપદેશ વ્યર્થ નથી.)

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે લઘુકર્મવાળાને ઇષ્ટસાધનતાના જ્ઞાપન માટે શાસ્ત્રનો વ્યાપાર કેમ છે? સર્વને ઇષ્ટસાધનતાનું જ્ઞાન કરાવી પ્રવૃત્તિ કરાવવા શાસ્ત્ર ઉપદેશ કેમ નથી આપતું? તેથી કહે છે-

**ટીકાર્થ :-** પુનર્બંધકાદિ વ્યતિરિક્તોનું જ યોગ્યપણા વડે અધિકારીપણું છે. કેમ કે અતથાભૂતમાં = યોગ્યતારહિતમાં, ભગવદ્ ઉપદેશનું પણ અનતિપ્રયોજનપણું છે.

**ભાવાર્થ :-** પુનર્બંધક અને 'આદિ'પદથી પ્રાપ્ત અપુનર્બંધકમાં પણ જેઓ અતિક્લિષ્ટ કર્મના ઉદયથી શાસ્ત્રના ભાવો પ્રત્યે રુચિ પેદા ન થઇ શકે તેવા ગુણદ્વેષી આદિ છે તેમને છોડીને, અન્યને શાસ્ત્રમાં અધિકારી તરીકે ગણવામાં આવ્યા છે. તેઓને ઇષ્ટસાધનતાના જ્ઞાપન માટે શાસ્ત્રનો વ્યાપાર છે. કેમ કે અતથાભૂતમાં = યોગ્યતા રહિતમાં, ભગવાનના ઉપદેશનું પણ અનતિપ્રયોજનપણું=વ્યર્થપણું, છે.

**ઉત્થાન :-** પૂર્વમાં શાસ્ત્રનો ઉપદેશ વ્યર્થ નથી તેમાં કહ્યું કે, લઘુકર્મીઓને પણ ઇષ્ટસાધનતાનું જ્ઞાન કરાવવા માટે શાસ્ત્રનો ઉપદેશ છે. તેનાથી એ પ્રાપ્ત થાય કે, જે લોકોને ઇષ્ટસાધનતાનું જ્ઞાન છે તેઓને માટે શાસ્ત્રનો ઉપદેશ નથી; તેથી ઇષ્ટસાધનતાના જ્ઞાનવાળાને શાસ્ત્રનો ઉપદેશ કઇ રીતે ઉપયોગી છે? તે બતાવે છે -

**ટીકાર્થ :-** **'अपि च'** અને વળી અનિકાચિતકર્મવાળા જેઓને ઇષ્ટસાધનતાનું જ્ઞાન છે, તેઓને શાસ્ત્રઉપદેશના શ્રવણથી ઉદ્‌ભૂત થયેલી શ્રદ્ધાના અતિશયને કારણે પ્રતિબંધક કર્મનો ક્ષય પણ સંભવે જ છે; કેમ કે નિકાચિત કર્મવાળાને જ ધર્મ સાંભળીને પણ અપ્રવૃત્તિ છે.

**ભાવાર્થ :-** અનિકાચિતકર્મવાળા કોઇકને સંયમમાં ઇષ્ટસાધનતાનું જ્ઞાન હોઇ શકે છે, તો પણ સમ્યક્ત્વને કારણે તેઓમાં જે શ્રદ્ધા હોય છે, તે પણ બલવાન ચારિત્રમોહ હોય તો, કુર્વદ્રૂપત્વવાળી હોતી નથી; પરંતુ જ્યારે શાસ્ત્રના ઉપદેશનું શ્રવણ કરે છે ત્યારે તે શ્રદ્ધા અતિશય થવાના કારણે કુર્વદ્રૂપત્વવાળી બને છે, અને તે શ્રદ્ધાના અતિશયને કારણે અનિકાચિત પણ બલવાન એવા ચારિત્રમોહરૂપ પ્રતિબંધક કર્મનો ક્ષય થાય છે.

અહીં વિશેષ એ છે કે, જેમને સમ્યક્ત્વ હોય છે તેમને તત્ત્વની રુચિ બલવાન હોય છે, તો પણ, નિકાચિત ચારિત્રમોહનીયકર્મ હોય તો શાસ્ત્રના શ્રવણથી પણ તેમની તપ-સંયમમાં પ્રવૃત્તિ થતી નથી. જ્યારે અન્ય કેટલાક સમ્યગ્દષ્ટિના ચારિત્રમોહનીયકર્મ અનિકાચિત હોય, છતાં અનિકાચિત પણ બલવાન ચારિત્રમોહનીય હોય તો ચારિત્રમાં પ્રવૃત્તિ થતી નથી; પરંતુ સમ્યગ્ ઉપદેશકની પ્રાપ્તિથી વારંવાર શાસ્ત્રના શ્રવણ દ્વારા તેમને શ્રદ્ધાનો અતિશય થાય છે, અને તેનાથી પ્રતિબંધક કર્મનો ક્ષય થાય છે. જ્યારે કેટલાક સમ્યગ્દષ્ટિને સમ્યક્ત્વ થતાંની સાથે જ ઇષ્ટસાધનતાના જ્ઞાનને કારણે શિથિલ ચારિત્રમોહનીય હોવાના કારણે તરત પ્રવૃત્તિ થાય છે. તેથી શાસ્ત્રનું

સાફલ્ય ઇષ્ટસાધનતાના જ્ઞાનના અભાવવાળા યોગ્ય જીવો પ્રત્યે છે, તે જ રીતે ઇષ્ટસાધનતાના જ્ઞાનવાળા હોવા છતાં પણ બલવાન અનિકાચિત ચારિત્રમોહનીયવાળા પ્રત્યે પણ છે.

**ટીકાર્થ :- उक्तं च** - અને કહ્યું છે -

**'अणुसिट्ठा'** અનેક પ્રકારે અનુશાસ્તિ = હિતશિક્ષા, અપાયેલા, બદ્ધનિકાચિતકર્મવાળા, જેઓ અધમ મિથ્યાદૃષ્ટિ મનુષ્યો છે (તેઓ) ધર્મને સાંભળે છે, પરંતુ કરતા નથી.

❀ 'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે. **॥૧૭૧॥**

**અવતરણિકા :- ननु तथापि दीर्घसंसारित्वशङ्कयाऽभव्यत्वशङ्कया च बह्वायाससाध्यमोक्षोपाये चारित्रे प्रवृत्तिर्न भविष्यतीत्याशङ्कायामाह** -

**અવતરણિકાર્થ :- 'ननु'**થી શંકા કરતાં કહે છે કે, તો પણ = ગાથા-૧૭૧માં કહ્યું કે લઘુકર્મી જીવોને ઇષ્ટસાધનતાના જ્ઞાન દ્વારા ઉપદેશનું સાફલ્ય છે તો પણ, દીર્ઘસંસારીપણાની શંકાથી અને અભવ્યપણાની શંકાથી બહુ આયાસસાધ્ય મોક્ષના ઉપાયરૂપ ચારિત્રમાં પ્રવૃત્તિ નહિ થાય. એ પ્રમાણે આશંકામાં કહે છે -

**ભાવાર્થ :-** મોક્ષના ઉપાયભૂત ચારિત્ર એ માત્ર સંયમને ગ્રહણ કરીને બાહ્ય આચરણામાં વિશ્રાંત થતું નથી, પરંતુ અત્યંત અપ્રમત્તતાપૂર્વક ભગવદ્ ઉક્ત અનુષ્ઠાનોને જે દૃઢ યત્નથી સેવન કરે છે, તેને જ તે પ્રાપ્ત થાય છે. તેથી મોક્ષના ઉપાયભૂત ચારિત્ર બહુ આયાસથી સાધ્ય છે, આમ છતાં જો પોતે દીર્ઘસંસારી હોય કે અભવ્ય હોય તો તે આયાસ કરવા છતાં ચારિત્રની પ્રાપ્તિ થઇ શકતી નથી; કેમ કે શાસ્ત્રમાં દીર્ઘસંસારી અને અભવ્યને ચારિત્ર માટે અયોગ્ય કહ્યા છે. તેથી જો પોતે દીર્ઘસંસારી કે અભવ્ય એ બેમાંથી કોઇ અવસ્થામાં હોય, તો તેની સર્વ પ્રવૃત્તિ અકિંચિત્કર બને. માટે તે બંનેની શંકા બહુ આયાસસાધ્ય ચારિત્રની પ્રવૃત્તિમાં વિઘટન કરનાર બને છે. માટે ત્યાં પ્રવૃત્તિ સંભવે નહિ, એ જાતની શંકાના સમાધાનરૂપે ગ્રંથકાર કહે છે -

ગાથા :- **आसन्नसिद्धियाणं जीवाणं लक्खणं इमं चेव ।**
**तेण ण पवित्तिरोहो भव्वाभव्वत्तसंकाए ॥१७२॥**

(आसन्नसिद्धिकानां जीवानां लक्षणमिदमेव। तेन न प्रवृत्तिरोधो भव्याभव्यत्वशङ्कया ॥१७२॥)

**ગાથાર્થ :- આસન્નસિદ્ધિક જીવોનું આ જ = સંયમયોગમાં યત્ન જ, લક્ષણ છે, તે કારણથી ભવ્યાભવ્યત્વની શંકા વડે પ્રવૃત્તિનો રોધ નથી. ॥૧૭૨॥**

**ટીકા :- संयमो यम ( संयमे यत्न ) एव ह्यासन्नसिद्धिकस्य जीवस्य लक्षणम् । तदाहुः**
[1]आसन्नकालभवसिद्धियस्स जीवस्स लक्खणं इणमो । विसयसुहेसु ण रज्जइ सव्वत्थामेण उज्जमइ ॥ **त्ति** ।
[ उपदेशमाला-२९० ] **एवं संयमप्रवृत्तिरेवासन्नसिद्धिकत्वस्य तद्व्यापकभव्यत्वस्य च, व्याप्यव्याप्यस्य सुतरां व्याप्यत्वात् । तथा च तज्ज्ञानमेव विशेषदर्शनतया तद्विपरीतदीर्घसंसारित्वाऽभव्यत्वशङ्का-निवर्त्तकमिति । ततस्तन्निवृत्तौ निराबाधा मोक्षोपाये प्रवृत्तिः ।**

**ટીકાર્થ :- 'संयमे'** સંયમમાં યત્ન જ આસન્નસિદ્ધિક જીવનું લક્ષણ છે. તે કહ્યું છે - આસન્નકાળમાં ભવથી સિદ્ધિ છે જેની તે આસન્નકાળભવસિદ્ધિક કહેવાય, અને તે જીવોનું આ લક્ષણ છે કે, વિષયસુખમાં રક્ત થતા નથી (અને) **सर्वस्थानमेव**=સર્વ પ્રયત્નથી (ચારિત્રમાં) ઉદ્યમ કરે છે.

❀ **'त्ति'** ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.
❀ ટીકામાં **संयमो यम एव** પાઠ છે ત્યાં **'संयमे यत्न एव'** પાઠ હોવો જોઈએ. તે મુજબ અર્થ કરેલ છે.

**ટીકાર્થ :- 'एवं'** - આ રીતે = સંયમમાં યત્ન જ આસન્નસિદ્ધિક જીવનું લક્ષણ છે એ રીતે, સંયમપ્રવૃત્તિ જ આસન્નસિદ્ધિકત્વનું અને તેના વ્યાપક = આસન્નસિદ્ધિકત્વના વ્યાપક, ભવ્યત્વનું લક્ષણ છે.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે સંયમમાં પ્રવૃત્તિ આસન્નસિદ્ધિકત્વનું લક્ષણ બની શકે, પરંતુ તદ્ વ્યાપક એવા ભવ્યત્વું લક્ષણ કેવી રીતે બની શકે? તેથી કહે છે -

**ટીકાર્થ :- व्याप्य** વ્યાપ્યના વ્યાપ્યનું સુતરાં વ્યાપ્યપણું છે=ભવ્યત્વનું વ્યાપ્ય આસન્નસિદ્ધિકત્વ છે, અને તેનું વ્યાપ્ય સંયમની પ્રવૃત્તિ છે. તે સંયમની પ્રવૃત્તિનું વ્યાપક એવા ભવ્યત્વની સાથે સુતરાં વ્યાપ્યપણું છે.

**ભાવાર્થ :-** 'ભવ્યત્વ' વ્યાપક છે. એનું વ્યાપ્ય આસન્નસિદ્ધિકત્વ છે, અને એનું વ્યાપ્ય સંયમ પ્રવૃત્તિ છે. તેથી જ્યાં જ્યાં સંયમપ્રવૃત્તિ હોય ત્યાં ત્યાં જેમ આસન્નસિદ્ધિકત્વ હોય, તેમ ભવ્યત્વ પણ હોય. માટે જ્યાં સંયમની પ્રવૃત્તિ દેખાય ત્યાં જેમ આસન્નસિદ્ધિકત્વ છે, તેમ ભવ્યત્વ પણ અવશ્ય છે, એમ નિર્ણય થઈ જાય છે.

**ટીકાર્થ :- 'तथा च'** અને તે રીતે = સંયમમાં યત્ન જ આસન્નસિદ્ધિકત્વ અને ભવ્યત્વનું લક્ષણ છે તે રીતે, તેનું જ્ઞાન જ=આસન્નસિદ્ધિકત્વ અને ભવ્યત્વના લક્ષણરૂપ સંયમપ્રવૃત્તિનું જ્ઞાન જ, વિશેષના દર્શનપણાથી=હું પણ શાસ્ત્રમાં બતાવેલા સંયમયોગોમાં યત્ન કરી શકું તેમ છું, એ પ્રકારના વિશેષના દર્શનપણાથી, તેનાથી વિપરીત=સંયમથી વિપરીત, એવા દીર્ઘસંસારીપણાની અને અભવ્યપણાની શંકાનું નિવર્તક છે.

---

૧. आसन्नकालभवसिद्धिकस्य जीवस्य लक्षणमिदम् । विषयसुखेषु न रज्यते सर्वस्थानेषूद्यच्छति ॥

❀ '**इति**' શબ્દ કથનની સમાપ્તિ સૂચક છે.

**ટીકાર્થ :-** '**ततः**' ત્યાર પછી તેની નિવૃત્તિમાં = દીર્ઘસંસારીત્વ અને અભવ્યત્વની શંકાની નિવૃત્તિમાં, મોક્ષના ઉપાયમાં પ્રવૃત્તિ નિરાબાધ છે.

**ભાવાર્થ :-** કોઇ જીવને ઉપદેશાદિથી એવું જ્ઞાન થાય કે, સંયમમાં યત્ન જ આસન્નસિદ્ધિકત્વ અને ભવ્યત્વનું લક્ષણ છે, અને પછી પોતે પણ સંયમમાં યત્ન કરે તો થઇ શકે તેમ છે, તેવું વિશેષ દર્શન પોતાનામાં થાય, તો તેને પોતાનામાં સંયમના પરિણામથી વિપરીત પરિણામરૂપ દીર્ઘસંસારીપણાની કે અભવ્યપણાની શંકા રહેતી નથી. અને પોતે સંયમમાં યત્ન કરી શકે તેમ છે તેનો નિર્ણય, પોતાનો પોતાના ઉપર કેવો સંયમ છે અને મોક્ષ માટે પ્રયત્ન કરવાનો ઉત્સાહ કેવો છે, તેનાથી કરી શકે છે. અને આ રીતે દીર્ઘસંસારીપણાની કે અભવ્યપણાની શંકાની નિવૃત્તિ થયે છતે, ત્યાર પછી કોઇ જાતના સંશય વગર મોક્ષના ઉપાયમાં પ્રવૃત્તિ કરી શકે છે.

**ટીકા:- अथ प्रवृत्त्युत्तरं तज्ज्ञानेन विशेषदर्शनेन प्रतिबन्धकशङ्कानिवृत्तिः, तन्निवृत्तौ च प्रतिबन्धकाभावघटितसामग्रीसाम्राज्येन प्रवृत्तिरित्यन्योन्याश्रय इति चेत् ? न, तथाप्रवर्त्तमानानामन्येषामासन्नसिद्धिकत्वं निश्चित्य तद्व्याप्यतज्जातीयत्वस्य स्वस्मिन्प्रतिसन्धानेनोक्तशङ्कानिवृत्त्या प्रवृत्तेरबाधात् । अथवा भोगेच्छानिवृत्तिरूपं वैराग्यं तन्निवर्त्तकाऽसंयमद्वेषो वाऽऽसन्नसिद्धिकत्वव्याप्यत्वेन प्रतिसंहित उक्तशङ्कानिवर्त्तक इति न किञ्चिदनुपपन्नम् । वस्तुतस्तु भव्याभव्यत्वशङ्कैव स्वसंविदिता भव्याभव्यत्वशङ्काप्रतिबन्धिका, तस्या एव भव्यत्वव्याप्यत्वात्, तदुक्तमाचारटीकायाम्** "अभव्यस्य भव्याभव्यत्वशङ्काया अभावात्" **इति ।**

**ટીકાર્થ :-** '**अथ**' - '**अथ**'થી પૂર્વપક્ષી શંકા કરતાં કહે છે કે, પ્રવૃત્તિ પછી = સંયમયોગમાં પ્રવૃત્તિ કર્યા પછી, વિશેષદર્શનરૂપ તે જ્ઞાન વડે પ્રતિબંધકશંકાની નિવૃત્તિ થાય છે; અને તેની નિવૃત્તિ થયે છતે = પ્રતિબંધકશંકાની નિવૃત્તિ થયે છતે, પ્રતિબંધકાભાવઘટિતસામગ્રીના સામ્રાજ્યથી પ્રવૃત્તિ થાય છે, એથી કરીને અન્યોન્યાશ્રય દોષ આવે છે.

તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે તથાપ્રવર્તમાન = સંયમમાં સમ્યગ્ રીતે પ્રવર્તમાન, એવા અન્યોના આસન્નસિદ્ધિકત્વનો નિશ્ચય કરીને, તદ્વ્યાપ્ય તજ્જાતીયત્વનું = આસન્નસિદ્ધિકત્વવ્યાપ્ય એવા તજ્જાતીયત્વનું, સ્વમાં પ્રતિસંધાન થવાને કારણે ઉક્ત શંકાની નિવૃત્તિ થવાથી, પ્રવૃત્તિનો અબાધ છે.

**ભાવાર્થ :-** શંકાકારનો આશય એ છે કે, પોતે સંયમયોગમાં પ્રવૃત્તિ કરે ત્યાર પછી જ પોતાનામાં વિશેષ દર્શન થાય કે, હું સંયમમાં યત્ન કરું છું, તેથી હું આસન્નસિદ્ધિક છું. અને હું આસન્નસિદ્ધિક છું એવો નિર્ણય થયા પછી જ સંયમયોગમાં પ્રવૃત્તિ સંભવે, માટે અન્યોન્યાશ્રય દોષ આવે છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે કે, સંયમમાં

યતમાન અન્ય જીવને જોઇને આસન્નસિદ્ધિકત્વનો નિર્ણય થઇ શકે છે. ત્યાર પછી તે જીવમાં રહેલ આસન્નસિદ્ધિકત્વની વ્યાપ્ય એવી અપરજાતિ જોવા માટે યત્ન કરવાથી દેખાય છે કે, તે જીવ ભવથી અત્યંત ભયભીત છે, તેથી જ સંયમમાં યત્ન કરે છે, તેથી જ તે આસન્નસિદ્ધિક છે. માટે આસન્નસિદ્ધિકત્વની વ્યાપ્ય એવી ભવભયત્વ જાતિવાળો તે જીવ છે, અને તદ્ જાતીય પોતે પણ છે; કેમ કે ભવના નૈર્ગુણ્યના દર્શનને કારણે પોતાને પણ તેવો ભવનો ભય વર્તે છે. માટે પોતે પણ આસન્નસિદ્ધિક છે એવો નિર્ણય થવાથી ઉક્ત શંકાની નિવૃત્તિ થાય છે, અને મોક્ષના ઉપાયરૂપ ચારિત્રમાં પ્રવૃત્તિનો અબાધ છે.

**ટીકાર્થ :-** **'अथवा'** અથવા ભોગેચ્છાની નિવૃત્તિરૂપ વૈરાગ્ય કે ભોગેચ્છાનો નિવર્તક એવો અસંયમનો દ્વેષ, આસન્નસિદ્ધિકત્વના વ્યાપ્યપણા વડે પ્રતિસંહિત ઉક્ત શંકાનો નિવર્તક છે, એથી કરીને કાંઇ અનુપપન્ન નથી.

**ભાવાર્થ :-** **तथाप्रवर्तमानानां ...** કહ્યું તે વિકલ્પમાં, સંયમના બળથી અન્ય જીવમાં આસન્નસિદ્ધિકત્વનું અનુમાન થાય છે. ત્યારપછી આસન્નસિદ્ધિકત્વની યદ્‌વ્યાપ્ય જાતિવાળો અન્ય જીવ છે તે જાતિવાળો પોતે છે તે નિર્ણય કરીને, દીર્ઘસંસારિત્વ કે અભવ્યત્વની શંકાની નિવૃત્તિ કરે છે. જ્યારે **'अथवा'**થી કહેલ વિકલ્પ પ્રમાણે, જેમ સંયમમાં પ્રવૃત્તિ આસન્નસિદ્ધિકત્વની વ્યાપ્ય છે, તેમ વૈરાગ્ય અને અસંયમનો દ્વેષ પણ આસન્નસિદ્ધિકત્વનું વ્યાપ્ય છે; અને પોતાનામાં વૈરાગ્ય અને અસંયમનો દ્વેષ દેખાવાથી ઉક્ત શંકાનું નિવર્તન થાય છે. તેથી બહુ આયાસસાધ્ય એવા મોક્ષના ઉપાયરૂપ ચારિત્રમાં પ્રવૃત્તિ થાય છે.

**ટીકાર્થ :-** **'वस्तुतस्तु'** વાસ્તવિક રીતે તો સ્વસંવિદિત એવી ભવ્યાભવ્યત્વની શંકા જ ભવ્યાભવ્યત્વની શંકાની પ્રતિબંધિકા છે, કેમ કે તેનું જ ભવ્યાભવ્યત્વની શંકાનું જ ભવ્યત્વની સાથે વ્યાપ્યપણું છે. તે આચારાંગસૂત્રની ટીકામાં કહેલું છે - અભવ્ય જીવોને ભવ્યાભવ્યત્વની શંકાનો અભાવ છે.

❀ **'इति'** શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

**ભાવાર્થ :-** કોઇ અભવ્ય જીવ પણ અજ્ઞદશામાં હોય ત્યારે કોઇ કહે કે ભવ્ય = સારો, અને અભવ્ય = ખરાબ, તો તેને પણ શંકા થાય કે હું ભવ્ય છું કે અભવ્ય છું ? પરંતુ એટલામાત્રથી તે ભવ્ય છે એમ કહી શકાય નહિ. પરંતુ જે જીવને સંસારના નૈર્ગુણ્યના ભાનને કારણે મોક્ષમાં જવાની આશંસા થાય છે, અને મોક્ષમાં ભવ્ય જીવ જ જઇ શકે એવું જ્ઞાન થવાથી તે જીવને શંકા થાય કે હું ભવ્ય છું કે નહિ ? એવી શંકામાં પોતે ભવ્ય હોય તો સારું, એવા અધ્યવસાય હોય છે. તે જ શંકા ભવ્યત્વની સાથે વ્યાપ્ય છે.

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું કે ભવ્યાભવ્યત્વની શંકા જ ભવ્યાભવ્યત્વની શંકાની પ્રતિબંધક છે, કેમ કે તે શંકા ભવ્યત્વની સાથે વ્યાપ્ય છે; ત્યાં **'अथ'**થી પૂર્વપક્ષી કહે છે -

**ટીકા :-** **अथ न व्याप्यं शङ्काप्रतिबन्धकं किन्तु तद्दर्शनं, तथा च न शङ्का प्रतिबन्धिका किन्तु तज्ज्ञानमिति चेत् ? न, स्वसंविदितायास्तस्या एव तज्ज्ञानरूपत्वात् । अथ स्वरूपसद्व्याप्यज्ञानं न प्रतिबन्धकं, किन्तु व्याप्यत्वेन तज्ज्ञानम्, न च पुरुषत्वव्याप्यस्वरूपसत्पुरुषत्वज्ञानेऽपि पुरुषत्वाभावशङ्कानिवृत्तेरनुभवबलेन स्वरूपसद्व्याप्यज्ञानस्यैवशङ्कानिवर्तकत्वमिति वाच्यम्, अव्याप्येऽपि व्याप्यत्वेन भ्राम्यतस्तद्व्याप्यत्वप्रकारकधर्मज्ञानात्तद्विपरीतशङ्कानिवृत्तेर्व्याप्यत्वप्रकारकव्याप्यज्ञानस्य शङ्कानिवर्त्तकत्वात् । न चोपदर्शिता शङ्का स्वस्मिन्भव्यत्वव्याप्यत्वप्रकारिकेति नेयं तन्निवर्त्तिकेति चेत् ? तथापि 'भव्यत्वव्याप्यतादृशशङ्कावानहमि'ति ज्ञानान्तरेणैव तादृशशङ्कानिवृत्तौ प्रवृत्तिरबाधितेवेति सर्वमवदातम् ।**

**ટીકાર્થ :-** **'अथ'** વ્યાપ્ય શંકાનું પ્રતિબંધક નથી, પરંતુ તેનું દર્શન = વ્યાપ્યનું દર્શન = વ્યાપ્યનું જ્ઞાન, શંકાનું પ્રતિબંધક છે. અને તે રીતે શંકા = ભવ્યત્વની સાથે વ્યાપ્ય એવી શંકા, પ્રતિબંધિકા = શંકાની પ્રતિબંધિકા, નથી; પરંતુ તેનું જ્ઞાન = ભવ્યાભવ્યત્વની શંકાનું જ્ઞાન, પ્રતિબંધક છે.

તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે સ્વસંવિદિત એવી તેનું જ = શંકાનું જ, તદ્જ્ઞાનરૂપપણું છે = શંકાના જ્ઞાનરૂપપણું છે.

**ભાવાર્થ :-** કોઇ જીવને શંકા થાય એટલામાત્રથી તે શંકા નિવર્તન પામતી નથી, પરંતુ શંકા થયા પછી પોતાને તે શંકાનું દર્શન થાય અર્થાત્ જ્ઞાન થાય, તો તે શંકાનું પ્રતિબંધક બને છે. જેમ ધૂમ પોતે વહ્નિનું અનુમાપક નથી, પરંતુ વ્યાપ્યનું દર્શન = ધૂમનું જ્ઞાન, એ અગ્નિનું અનુમાન કરાવે છે; તેમ ભવ્યાભવ્યત્વની શંકા પોતે ભવ્યાભવ્યત્વની શંકાની પ્રતિબંધિકા નથી; પરંતુ ભવ્યાભવ્યત્વની શંકાનું જ્ઞાન થાય તો તે ભવ્યાભવ્યત્વની શંકાનું પ્રતિબંધક બને, આ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે સ્વસંવિદિત એવી શંકાનું જ શંકાના જ્ઞાનરૂપપણું છે.

આશય એ છે કે શંકા સ્વયં જ્ઞાનસ્વરૂપ છે, અને જ્ઞાન સ્વસંવેદ્ય છે; તેથી જે ક્ષણમાં શંકા થાય છે તે જ ક્ષણમાં શંકાનું જીવને વેદન થાય છે. માટે પોતાને શંકા છે એવું જ્ઞાન શંકાકાળમાં હોય છે. માટે શંકા પ્રતિબંધક છે એમ કહેવામાં કોઇ દોષ નથી.

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું કે વ્યાપ્ય પોતે પ્રતિબંધક નથી પરંતુ વ્યાપ્યનું દર્શન = વ્યાપ્યનું જ્ઞાન, પ્રતિબંધક છે; તેના સમાધાનરૂપે સિદ્ધાંતકારે કહ્યું કે, શંકા પોતે જ્ઞાનરૂપ હોવાથી જ્યારે ઉત્પન્ન થાય છે ત્યારે તે શંકા જ્ઞાનસ્વરૂપ હોય છે, માટે વ્યાપ્ય શંકાનું પ્રતિબંધક થશે; અર્થાત્ ભવ્યાભવ્યત્વની સાથે વ્યાપ્ય એવી ભવ્યાભવ્યત્વની શંકા એ ભવ્યાભવ્યત્વની શંકાનું પ્રતિબંધક થશે, એમ કહેવામાં કોઇ વાંધો નથી. ત્યાં વિશેષ દૃષ્ટિથી શંકા કરતાં પૂર્વપક્ષી કહે છે-

**ટીકાર્થ :-** **'अथ स्वरूप'** **'अथ'**થી પૂર્વપક્ષી કહે છે કે, સ્વરૂપસદ્ વ્યાપ્યનું જ્ઞાન પ્રતિબંધક નથી, પરંતુ વ્યાપ્યત્વેન વ્યાપ્યનું જ્ઞાન પ્રતિબંધક છે.

**ભાવાર્થ :-** પૂર્વપક્ષીને કહેવાનો ભાવ એ છે કે, વ્યાપ્યનું જ્ઞાન સ્વરૂપરૂપે થવા માત્રથી પ્રતિબંધક થતું નથી, પરંતુ વ્યાપ્યત્વેન વ્યાપ્યનું જ્ઞાન પ્રતિબંધક થાય છે. જેમ વહ્નિના વ્યાપ્ય એવા ધૂમનું જ્ઞાન ધૂમત્વેન થવાથી વહ્નિનું અનુમાન થતું નથી,પરંતુ વહ્નિના વ્યાપ્યત્વેન ધૂમનું જ્ઞાન થાય તો વહ્નિનું અનુમાન થાય છે. તેમ પ્રસ્તુતમાં ભવ્યાભવ્યત્વની શંકાત્વેન વ્યાપ્યજ્ઞાન પ્રતિબંધક થતું નથી, પરંતુ ભવ્યાભવ્યત્વની શંકા ભવ્યત્વની સાથે વ્યાપ્ય છે, તે રૂપે ભવ્યાભવ્યત્વની શંકાનું જ્ઞાન પ્રતિબંધક છે.

**ટીકાર્થ :-** **'न च पुरुषत्व'** સ્વકથનની પુષ્ટિ કરતાં પૂર્વપક્ષી કહે છે કે, પુરુષત્વવ્યાપ્ય સ્વરૂપસત્પુરુષત્વનું જ્ઞાન હોવા છતાં પણ પુરુષત્વાભાવની શંકાની નિવૃત્તિના અનુભવના બળથી સ્વરૂપસત્વ્યાપ્યના જ્ઞાનનું જ શંકા નિવર્તકપણું છે, એ પ્રમાણે તમારે ન કહેવું; કેમ કે અવ્યાપ્યમાં પણ વ્યાપ્યપણાથી ભ્રમ થનાર જીવને તદ્ વ્યાપ્યત્વપ્રકારક ધર્મના જ્ઞાનથી તદ્ વિપરીત શંકાની નિવૃત્તિ થવાથી વ્યાપ્યત્વપ્રકારક વ્યાપ્યના જ્ઞાનનું શંકાનિવર્તકપણું છે.

**ભાવાર્થ :-** સર્વ પુરુષોમાં પુરુષત્વ રહે છે અને પુરુષત્વનું જ્ઞાન તેનું=પુરુષત્વનું, વ્યાપ્ય છે. કેમ કે જ્યાં જ્યાં પુરુષત્વનું જ્ઞાન હોય છે ત્યાં ત્યાં અવશ્ય પુરુષત્વ હોય છે અને અન્યત્ર પણ પુરુષત્વ હોય છે, માટે પુરુષત્વ વ્યાપક છે અને પુરુષત્વનું જ્ઞાન વ્યાપ્ય છે. અને વ્યાપ્યત્વેન પુરુષત્વનું જ્ઞાન ન થયું હોય પરંતુ સામાન્યથી પુરુષત્વનું જ્ઞાન થાય તે સ્વરૂપસત્પુરુષત્વનું જ્ઞાન છે. કેમ કે સ્વરૂપરૂપે વિદ્યમાન એવું આ પુરુષત્વનું જ્ઞાન છે, પુરુષત્વ વ્યાપ્ય એવું પુરુષત્વનું જ્ઞાન નથી. આમ છતાં, કોઇ વ્યક્તિને વ્યાપ્યત્વેન જ્ઞાન ન થાય પરંતુ સ્વરૂપ સત્ રૂપે પુરુષત્વનું જ્ઞાન થાય, તો પણ પુરુષત્વાભાવની શંકાની નિવૃત્તિ થાય છે તેવો અનુભવ છે. માટે અનુભવના બળથી એ નક્કી થાય છે કે, વ્યાપ્યત્વેન વ્યાપ્યજ્ઞાન ન હોય, પરંતુ સ્વરૂપસત્વ્યાપ્ય જ્ઞાન હોય તો પણ શંકાની નિવૃત્તિ થાય છે.

તેનો ઉત્તર આપતાં પૂર્વપક્ષી કહે છે કે એમ ન કહેવું, અને તેમાં **अव्याप्येऽपिथी शङ्कानिवर्त्तकत्वात्** । હેતુ કહ્યો. તેનું તાત્પર્ય એ છે કે, કોઇ જીવને દૂરવર્તી વૃક્ષ દેખાય છે, અને તેની શાખાઓ વગેરે જોવાથી તેને ભ્રમ થાય છે કે આ પુરુષના કરચરણાદિ અવયવો છે. તેવા સ્થળમાં પુરુષની સાથે તે શાખાઓ યદ્યપિ અવ્યાપ્ય છે, તો પણ કરચરણાદિરૂપે ભ્રમ થવાને કારણે પુરુષત્વની સાથે વ્યાપ્ય એવા કરચરણાદિ છે, એ પ્રકારનો ભ્રમ થાય છે ત્યારે, તદ્વ્યાપ્યત્વપ્રકારક ધર્મનું જ્ઞાન થાય છે. અર્થાત્ પુરુષવ્યાપ્યત્વપ્રકારક ધર્મનું જ્ઞાન તેને શાખાઓમાં થાય છે, તેના કારણે તદ્ વિપરીત શંકાની નિવૃત્તિ થાય છે = પૂર્વમાં તેને શંકા થઇ હોય છે કે આ વૃક્ષ છે કે પુરુષ, ત્યાં વૃક્ષની શંકાની નિવૃત્તિ થાય છે. તેથી એ પ્રાપ્ત થાય છે કે, વ્યાપ્યત્વપ્રકારક વ્યાપ્યનું જ્ઞાન જ શંકાનું નિવર્તક છે, પરંતુ સ્વરૂપસત્વ્યાપ્યનું જ્ઞાન નહિ; કેમ કે સ્વરૂપસત્વ્યાપ્ય ત્યાં છે જ નહિ. કેમ કે પુરોવર્તી પદાર્થ વૃક્ષ છે તેથી સ્વરૂપસત્વ્યાપ્ય વૃક્ષ છે પુરુષ નથી. આમ છતાં શંકાની નિવૃત્તિ થાય છે, માટે વ્યાપ્યત્વપ્રકારક વ્યાપ્યજ્ઞાન જ શંકાનું નિવર્તક છે.

**ઉત્થાન :-** પૂર્વમાં '**अथ**'થી પૂર્વપક્ષીએ કહેલું કે, સ્વરૂપસત્‌વ્યાપ્યજ્ઞાન પ્રતિબંધક નથી, પરંતુ વ્યાપ્યત્વેન વ્યાપ્યજ્ઞાન પ્રતિબંધક છે. ત્યાર પછી '**न च वाच्यं**'થી અવાંતર શંકાનું પૂર્વપક્ષીએ નિરાકરણ કર્યું. હવે પૂર્વમાં કહેલ પોતાના કથનને પ્રસ્તુત સાથે જોડતાં કહે છે -

**ટીકાર્થ :-** '**न चोपदर्शिता**' = ઉપદર્શિત શંકા સ્વમાં ભવ્યત્વવ્યાપ્યત્વપ્રકારિકા નથી. એથી કરીને આ = શંકા, તેની નિવર્તિકા = ભવ્યાભવ્યત્વની શંકાની નિવર્તિકા નથી. આ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે - તો પણ = ઉપદર્શિત શંકા સ્વમાં ભવ્યત્વવ્યાપ્યત્વપ્રકારિકા નથી તેથી શંકા નિવર્તિકા ન બને તો પણ, ભવ્યત્વવ્યાપ્ય તાદૃશશંકાવાળો હું છું, એ પ્રકારના જ્ઞાનાંતરથી જ તાદૃશશંકાની નિવૃત્તિ થયે છતે પ્રવૃત્તિ અબાધિત જ છે. એથી કરીને સર્વ અવદાત છે.

**ભાવાર્થ :-** પૂર્વમાં '**वस्तुतः**'થી ગ્રંથકારે કહેલ કે, સ્વસંવિદિત એવી ભવ્યાભવ્યત્વની શંકા ભવ્યાભવ્યત્વની શંકાની પ્રતિબંધિકા છે. તેની સામે પૂર્વપક્ષીને એ કહેવું છે કે, યદ્યપિ તે શંકા ભવ્યત્વની સાથે વ્યાપ્ય હોય તો પણ જ્યાં સુધી વ્યાપ્યત્વેન તેનું જ્ઞાન થાય નહિ ત્યાં સુધી તે શંકા નિવર્તન પામે નહિ; અને જે જીવને એ ખબર નથી કે જેને ભવ્યાભવ્યત્વની શંકા થાય તે નિયમા ભવ્ય હોય, તે જીવને તે શંકા રહે જ કે હું ભવ્ય છું કે નહિ. અને તે શંકાના કારણે બહુઆયાસસાધ્ય ચારિત્રમાં તે પ્રવૃત્તિ કરી શકશે નહિ. એ બતાવવા માટે પૂર્વપક્ષીએ કહ્યું કે, ઉપદર્શિત એવી ભવ્યાભવ્યત્વની શંકા સ્વમાં ભવ્યત્વવ્યાપ્યત્વપ્રકારક નથી, કેમ કે જે જીવે શાસ્ત્રથી જાણ્યું હોય કે જેને ભવ્યાભવ્યત્વની શંકા થાય તે નિયમા ભવ્ય હોય છે, તે જીવને ભવ્યત્વવ્યાપ્યત્વપ્રકારક જ્ઞાન થઇ શકે; પરંતુ જે જીવને ભવ્યાભવ્યત્વની શંકા ભવ્યત્વની સાથે વ્યાપ્ય છે તેવું જ્ઞાન નથી, તે જીવને ભવ્યાભવ્યત્વની શંકા નિવર્તન પામશે નહિ, માટે સંયમમાં પ્રવૃત્તિ થઇ શકશે નહિ. તેના જવાબરૂપે '**तथापि .. सर्वमवदातम्**' સુધી ગ્રંથકારે જે કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, ભવ્યાભવ્યત્વપ્રકારક શંકા સ્વરૂપ સત્ હોય છે, પરંતુ ભવ્યત્વવ્યાપ્યત્વપ્રકારક હોતી નથી, તેથી તે શંકા સ્વના પ્રતિ પ્રતિબંધક બને નહિ. પરંતુ જ્યારે તે જીવને શાસ્ત્રથી જ્ઞાન થાય કે ભવ્યને જ આવી શંકા થાય છે, ત્યારે ભવ્યત્વવ્યાપ્ય તાદૃશશંકાવાળો હું છું તેવું જ્ઞાનાંતર તેને થાય છે = શંકા કરતાં અન્ય જ્ઞાન થાય છે; અને તેનાથી પૂર્વમાં થયેલી શંકા નિવર્તન પામે છે, અને તેથી જ સંયમમાં પ્રવૃત્તિ અબાધિત થાય છે.

અહીં વિશેષ એ છે કે, પૂર્વપક્ષીએ **न च ... वाच्यम्** થી કહ્યું ત્યાં પુરુષત્વનું જ્ઞાન વિષયતા સંબંધથી પુરુષમાં રહે છે, અને સમવાય સંબંધથી પુરુષમાં પુરુષત્વ રહે છે. તેથી જ્યાં જ્યાં પુરુષત્વનું જ્ઞાન હોય ત્યાં ત્યાં પુરુષત્વ હોય એ પ્રકારની વ્યાપ્તિ પ્રાપ્ત થાય છે. તેથી પુરુષત્વ વ્યાપ્ય સ્વરૂપ સત્ એવું પુરુષત્વનું જ્ઞાન છે, અને ત્યાં વ્યાપ્યત્વેન પુરુષત્વનું જ્ઞાન નહીં હોવા છતાં, પુરુષત્વાભાવની શંકાની નિવૃત્તિ થાય છે. તેનું કારણ એ છે કે તદવત્તા બુદ્ધિ પ્રત્યે તદભાવવત્તા બુદ્ધિ પ્રતિબંધક છે, તેથી પુરુષત્વનું જ્ઞાન થવાથી પુરુષત્વાભાવની શંકા રહી શકતી નથી. જ્યારે ભવ્યાભવ્યત્વની શંકા યદ્યપિ ભવ્યત્વની સાથે વ્યાપ્ય છે, તેથી તે શંકા જ્યાં હોય ત્યાં અવશ્ય ભવ્યત્વ હોય, તો પણ અભવ્યત્વની શંકા નિવર્તન પામતી નથી. કેમ કે અભવ્યત્વની શંકા પ્રત્યે ભવ્યત્વનો નિર્ણય જ પ્રતિબંધક છે, પણ ભવ્યત્વની સાથે વ્યાપ્ય એવી શંકા સ્વરૂપ સત્ રૂપે પ્રતિબંધક નથી;

જ્યારે વ્યાપ્યત્વેન શંકાનું જ્ઞાન થાય છે ત્યારે, તેનાથી ભવ્યત્વનો નિર્ણય થાય છે, તેથી અભવ્યત્વની શંકા નિવર્તન પામે છે.

**ટીકા :- एतेन ''सिद्धौ वा संसार्येकस्वभावा एव केचिदात्मान इति स्थितेऽहमेव यदि तथा स्यां तदा मम विपरीतप्रयोजनं परिव्राजकत्वमिति शङ्कया न कश्चित्तदर्थं ब्रह्मचर्यादिदुःखमनुभवेत्''इत्युदयनमतं परास्तम् ।**

**ટીકાર્થ :- 'एतेन'** આનાથી = ભવ્યત્વવ્યાપ્ય તાદૃશશંકાવાળો હું છું, એ પ્રકારના જ્ઞાનાંતરથી જ ભવ્યાભવ્યત્વની શંકાની નિવૃત્તિ થયે છતે સંયમમાં પ્રવૃત્તિ અબાધિત છે, એમ પૂર્વમાં સિદ્ધ કર્યું એનાથી, અથવા સિદ્ધ થયે છતે=અથવા મોક્ષ અને મોક્ષના ઉપાયરૂપે પરિવ્રાજકપણું સિદ્ધ થયે છતે, પણ કેટલાક આત્માઓ સંસારીએકસ્વભાવવાળા જ હોય છે એ પ્રમાણે સ્થિત હોતે છતે, હું પણ જો તેવો = સંસારીએકસ્વભાવવાળો હોઉં તો મારું પરિવ્રાજકપણું વિપરીત પ્રયોજનવાળું થશે, એ પ્રમાણે શંકા વડે કોઇ તેના માટે = મોક્ષ માટે, બ્રહ્મચર્યાદિ દુઃખને અનુભવશે નહિ, એ પ્રકારે ઉદયનનો મત પરાસ્ત જાણવો.

**ઉત્થાન :-** ગાથા-૧૭૨ની ટીકામાં અત્યાર સુધીના કથનનું નિગમન કરતાં કહે છે -

**ટીકા :- एवमभव्यत्वशङ्कानिवृत्तौ सामान्यतः प्रवृत्तिर्दीर्घसंसारित्वशङ्कानिवृत्तौ दृढतरकर्मक्षये प्रवृत्तिरिति तत्त्वम् ॥१७२॥**

**ટીકાર્થ :- 'एवं'** - આ પ્રમાણે = પૂર્વમાં કહ્યું કે સંયમપ્રવૃત્તિરૂપ આસન્નસિદ્ધિકત્વના લક્ષણનું જ્ઞાન દીર્ઘસંસારીત્વ અનેઅભવ્યત્વની શંકાનું નિવર્તક છે, અને સ્વસંવિદિત ભવ્યાભવ્યત્વની શંકા જ ભવ્યાભવ્યત્વની શંકાની નિવર્તક છે, એ પ્રમાણે અભવ્યત્વની શંકાની નિવૃત્તિ થયે છતે સામાન્યથી પ્રવૃત્તિ છે, અને દીર્ઘસંસારીત્વની નિવૃત્તિ થયે છતે દૃઢતર કર્મક્ષયમાં પ્રવૃત્તિ છે, એ પ્રકારે તત્ત્વ છે = રહસ્ય છે.

**ભાવાર્થ :-** જે જીવને સંસારનો ભય લાગેલો હોય અને તેથી મોક્ષના ઉપાયની ઇચ્છા હોય, અને પોતે અભવ્ય છે કે નહિ તેવી શંકા થાય, અને જ્યારે તે શંકાની નિવૃત્તિ થાય, ત્યારે મોક્ષના ઉપાયમાં પ્રવૃત્તિ થાય છે, તે સામાન્યથી પ્રવૃત્તિ છે; અર્થાત્ સંસારના અત્યંત નિસ્તાર માટે સુદૃઢ યત્નવાળી તે જીવની પ્રવૃત્તિ હોતી નથી. પરંતુ જ્યારે પોતાનામાં સંસારનો અત્યંત ભય પેદા થાય છે, અને તેના કારણે દીર્ઘસંસારીત્વની શંકાની નિવૃત્તિ થાય છે, ત્યારે જ સ્વપ્રજ્ઞાનુસાર સમ્યગ્ ભગવદ્ વચનનું પર્યાલોચન કરીને તેનાથી નિયંત્રિત અત્યંત સુદૃઢ યત્નવાળી પ્રવૃત્તિ પ્રાદુર્ભાવ થાય છે. **॥૧૭૨॥**

**અવતરણિકા :- अथ ये वदन्ति "मोक्षोपाये प्रवृत्तिस्तावद्वैराग्यादेव, वैराग्यं च नाभुक्तभोगानामेव, भोगेषु सिद्धत्वप्रतिसन्धानेन तदिच्छासन्ततिविच्छेदसम्भवात्, तथा च भोगान् भुक्त्वैव तदनन्तरं मोक्षोपाये योगमार्गे प्रवर्त्तिष्यामहे" इतिताननुशासितुमाह -**

**અવતરણિકાર્થ :-** મોક્ષના ઉપાયમાં પ્રવૃત્તિ વૈરાગ્યથી જ થાય છે, અને જેઓએ ભોગ ભોગવ્યા જ નથી તેઓને વૈરાગ્ય થતો નથી, અર્થાત્ જેઓએ ભોગ ભોગવ્યા છે તેઓને જ વૈરાગ્ય થાય છે; કેમ કે ભોગોમાં સિદ્ધત્વના પ્રતિસંધાનથી તેની ઈચ્છાની=ભોગોની ઈચ્છાની, સંતતિના વિચ્છેદનો સંભવ છે. અને તે પ્રમાણે ભોગોને ભોગવીને જ ત્યારપછી મોક્ષના ઉપાયભૂત યોગમાર્ગમાં અમે પ્રવર્તશું, એ પ્રમાણે જેઓ કહે છે, તેમને અનુશાસન આપવા માટે ગ્રંથકાર કહે છે-

**ગાથા :-** **जो पुण भोए भोत्तुं इच्छइ तत्तो य संजमं काउं ।**
**जलणंमि पज्जलित्ता इच्छइ पच्छा स निव्वाउं ।।१७३।।**

(यः पुनर्भोगान् भुक्त्वेच्छति ततश्च संयमं कर्तुम् । ज्वलने प्रज्वल्येच्छति पश्चात्स निर्वातुम् ।।१७३।।)

**ગાથાર્થ :- જે વળી ભોગો ભોગવીને ત્યારપછી સંયમ લેવા માટે ઈચ્છે છે, તે અગ્નિમાં બળીને પછી ઠરવા માટે ઈચ્છે છે. ।।૧૭૩।।**

**ઉત્થાન :-** પૂર્વપક્ષીએ કહ્યું કે ભોગોને ભોગવવાથી ઈચ્છાની શાંતિ થાય છે, તેથી ભોગો ભોગવ્યા પછી જ સંયમમાં પ્રવૃત્તિ કરવી ઉચિત છે, તેને ગ્રંથકાર '**न खलु** ... 'થી કહે છે-

**ટીકા :- न खलु कामोपभोगेन कामक्षयो नाम, अपि तु तदभिवृद्धिरेव प्राप्तजातीये सुखान्तर इच्छासामग्रीसञ्चारादज्ञात इच्छाविरहाद् ।**

**ટીકાર્થ :- 'न खलु'** ખરેખર કામના ઉપભોગથી કામનો ક્ષય થતો નથી, પરંતુ તેની અભિવૃદ્ધિ જ થાય છે=કામની અભિવૃદ્ધિ જ થાય છે. કેમ કે પ્રાપ્તજાતીય એવા સુખાંતરમાં ઈચ્છાની સામગ્રીનો સંચાર થાય છે.

**ઉત્થાન :-** અહીં પૂર્વપક્ષી કહે કે કામનો ઉપભોગ ન કર્યો હોય તો પણ સુખાંતરમાં ઈચ્છા થાય છે, તેથી કામને ભોગવવાથી જ સુખાંતરમાં ઈચ્છા થાય છે તેવું નથી. તેના નિરાકરણરૂપે ગ્રંથકાર કહે છે-

**ટીકાર્થ :- 'अज्ञात'** અજ્ઞાતમાં ઈચ્છાનો વિરહ છે.

**ભાવાર્થ :-** કામના ઉપભોગથી કામનો ક્ષય થતો નથી પરંતુ કામની અભિવૃદ્ધિ જ થાય છે, એમ કહીને ગ્રંથકારને એ કહેવું છે કે, જે કામનો ઉપભોગ કર્યો છે તજ્જાતીય બીજા સુખમાં ઇચ્છા થાય છે, તેનું કારણ પૂર્વના ઉપભોગથી અનુભૂત સુખનું વેદન છે. જેમ એક લાડવો ખાધો હોય અને તે ખાવાથી સુખનો અનુભવ થયેલ હોય તો ફરી તેવો બીજો લાડવો ખાવાની ઇચ્છા થાય છે, તેથી કામના ઉપભોગથી ફરી ફરી કામના સેવનની ઇચ્છારૂપ કામની અભિવૃદ્ધિ જ થાય છે.

અહીં પૂર્વપક્ષી કહે છે કે, પ્રથમ વાર કામનો ઉપભોગ કરેલ ન હતો છતાં કામની ઇચ્છા થઇ, તેમ બીજી વાર પણ કામની ઇચ્છા થાય છે. તેથી ગ્રંથકાર કહે છે કે, અજ્ઞાતમાં ઇચ્છાનો વિરહ છે. અને એમ કહેવાનો આશય એ છે કે, પ્રથમવાર કામની ઇચ્છા પણ બાહ્ય નિમિત્તોને પામીને, આનાથી મને સુખ થશે એવું સામાન્યથી જ્ઞાન થાય તો જ થાય છે, પરંતુ સુખના સાધનરૂપે તેનું જ્ઞાન ન હોય તો તેમાં ઇચ્છા થાય નહિ. અને આથી જ નાળિયેરદ્વીપના મનુષ્યોને નાળિયેર સિવાય અન્ય ખાદ્યપદાર્થ ખાદ્યરૂપે અજ્ઞાત હોવાથી ત્યાં ઇચ્છા થતી નથી. તે જ રીતે નાની ઉંમરમાં કામનો ઉપભોગ સુખનું કારણ છે એ રીતે અજ્ઞાત હોવાથી ત્યાં ઇચ્છાનો વિરહ હોય છે. અને તેવા બાહ્ય નિમિત્તોને પામીને સામાન્યથી આ સુખનો ઉપાય છે તેવું જ્ઞાન થાય છે, તેથી જ પ્રથમ સામાન્યથી ઇચ્છા થાય છે, અને અનુભવ કર્યા પછી ફરી ફરી તે પ્રકારની ઇચ્છા સુખમાં થાય છે. તેથી કામના ઉપભોગથી કામને ફરી ફરી સેવવાના પરિણામરૂપ કામની અભિવૃદ્ધિ જ થાય છે.

**ટીકા :- न चैवं समानप्रकारकेच्छां प्रति समानप्रकारकज्ञानस्य हेतुत्वमस्तु सिद्धत्वं तु तत्राऽतन्त्रमिति वाच्यम्, तथापि सिद्धसुखोपायेष्टसाधनतासाक्षात्कारप्रसूतसदृशदर्शनोद्बोध्यदृढतरसंस्कारपरम्परोपनीयमानोपायान्तरेष्टसाधनतास्मरणपरम्पराधीनेच्छाभिवृद्धेः कामोपभोगाधीनत्वाद् ।**

**ટીકાર્થ :- 'न चैवं'** અને આ રીતે=પૂર્વમાં ગ્રંથકારે કહ્યું કે કામના ઉપભોગથી ફરી તે કામ ભોગવવાની ઇચ્છા થાય છે, પરંતુ કામના ઉપભોગથી કામની શાંતિ થતી નથી એ રીતે, સમાનપ્રકારક ઇચ્છા પ્રતિ સમાનપ્રકારક જ્ઞાનનું હેતુત્વ હો, પરંતુ ત્યાં=ફરી ફરી કામના સેવનમાં, સિદ્ધત્વ અતંત્ર છે=પૂર્વમાં કામના સેવનથી સિદ્ધ થયેલ સુખ ફરી કામની ઇચ્છા થવામાં અકારણ છે, એમ પૂર્વપક્ષી કહે છે. તેને ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, અને તેમાં હેતુ બતાવે છે કે, તો પણ=પૂર્વપક્ષીએ કહ્યું તેમ સમાનપ્રકારક ઇચ્છા પ્રતિ સમાનપ્રકારક જ્ઞાનને હેતુરૂપે સ્વીકારીએ તો પણ, સિદ્ધસુખના ઉપાયમાં ઇષ્ટસાધનતાના સાક્ષાત્કારથી પ્રસૂત=ઉત્પન્ન થયેલ, અને સદૃશદર્શનથી ઉદ્‌બોધ્ય એવા દૃઢ સંસ્કારની પરંપરાથી ઉપનીયમાન થતા એવા ઉપાયાંતરમાં, ઇષ્ટસાધનતાના સ્મરણની પરંપરાને આધીન ઇચ્છાની અભિવૃદ્ધિનું કામના ઉપભોગને આધીનપણું છે.

**ભાવાર્થ :-** પૂર્વપક્ષીનો કહેવાનો આશય એ છે કે, તમે=સિદ્ધાંતકારે, પૂર્વમાં કહ્યું કે, કામના ઉપભોગ પછી ફરી કામની ઇચ્છા થાય છે, એમ સ્વીકારી લઇએ તો એ ફલિત થાય છે કે, સમાનપ્રકારક ઇચ્છા પ્રતિ સમાનપ્રકારક જ્ઞાન કારણ છે; અર્થાત્ કોઇ વ્યક્તિને લાડવો ખાવાની ઇચ્છા થઇ તો લાડવો એ સુખનું કારણ છે એ પ્રકારનું જ્ઞાન તેમાં કારણ છે. અને તે પ્રકારનું જ્ઞાન સ્વયં લાડવો ન ખાધો હોય તો પણ બીજાને લાડવો ખાતા જોઇને પણ થઇ શકે છે, તેથી લાડવો ખાવાની ઇચ્છા પ્રથમ લાડવો ખાવાથી થાય છે એવો નિયમ નથી; તેથી પ્રથમ લાડવો ખાવાથી

થયેલ સુખનો અનુભવ ફરી ઇચ્છા થવામાં કારણ નથી, પરંતુ લાડવો એ સુખનું કારણ છે એ પ્રકારનું જ્ઞાન જ ઇચ્છા પ્રત્યે હેતુ છે. આમ કહીને પૂર્વપક્ષીને એ કહેવું છે કે, સુખના અનુભવથી ફરી સુખની ઇચ્છા થાય છે એવો નિયમ નથી, પરંતુ આ મારા સુખનું સાધન છે એ પ્રકારનું જ્ઞાન, એ પ્રકારના સુખની ઇચ્છા પેદા કરે છે. અને ઇચ્છા પ્રમાણે ઉપભોગ થઇ જાય અને તેથી ઇચ્છાની શાંતિ થઇ જાય ત્યારપછી જીવ મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ કરે તો ફરી તેવા પ્રકારની ઇચ્છા થઇ શકે નહિ, તેથી સંયમની પ્રવૃત્તિ નિરાબાધ થઇ શકે.

તેના નિરાકરણરૂપે '**न च वाच्यं**'થી ગ્રંથકાર કહે છે કે એ પ્રમાણે ન કહેવું. એમ કહીને ગ્રંથકારને એ કહેવું છે કે, સમાનપ્રકારક ઇચ્છા પ્રત્યે સમાનપ્રકારક જ્ઞાનને હેતુરૂપે સ્વીકારી લઇએ તો પણ, જેણે સુખનો સ્વયં અનુભવ ન કર્યો હોય તેવી વ્યક્તિને અન્ય વ્યક્તિની તેવા પ્રકારની પ્રવૃત્તિને જોઇને કામના ઉપભોગની ઇચ્છા થાય તે સામાન્ય પ્રકારની ઇચ્છા હોય છે; અને કામના સેવન પછી તે કામમાં ઇષ્ટસાધનતાનો સાક્ષાત્કાર થાય છે, અને તેના કારણે આ મારા સુખનું કારણ છે એવા આત્મામાં દઢ સંસ્કારો ઉત્પન્ન થાય છે, અને ફરી તેવી ભોગની સામગ્રી જુએ ત્યારે તે સંસ્કાર ઉદ્‌બુદ્ધ થાય છે, અને તેથી પૂર્વ કરતાં તે ભોગની સામગ્રીમાં બલવાન ઇષ્ટસાધનતાનું સ્મરણ થાય છે. અને જેમ જેમ જીવ ઉપભોગ કરતો જાય છે તેમ તેમ તે સુખના અનુભવના સંસ્કારો દઢ-દઢતર થતા જશે, તેથી તે સામગ્રી જોવા માત્રથી જ શીઘ્ર તેની ઇચ્છા થવારૂપ સંસ્કારો પ્રગટ થશે; અને ક્વચિત્ સામગ્રી ન હોય તો મનથી પણ વારંવાર તેનું સ્મરણ થશે, તેથી તે કામની ઇચ્છાની અભિવૃદ્ધિ થઇ તેનું કારણ કામનો ઉપભોગ છે. માટે જેણે કામનો ઉપભોગ કર્યો નથી તેને બાહ્યનિમિત્તોથી સામાન્ય ઇચ્છા થઇ હતી, તે વૈરાગ્યની સામગ્રી મળવાથી સહજ રીતે શાંત થઇ શકે છે; પરંતુ જે વ્યક્તિએ કામનો ઉપભોગ કરીને તેમાં અતિ દઢ સંસ્કારો કરેલ છે, તે વ્યક્તિને વૈરાગ્યની સામગ્રીથી પણ તે સંસ્કારો નિવર્તન કરવા અતિ કઠિન પડે છે. તેથી કામનો ઉપભોગ કરીને જ સંયમ લેવું એ કથન અનુચિત છે, એ પ્રકારનો ગ્રંથકારનો આશય છે.

**ઉત્થાન :-** પૂર્વમાં સિદ્ધાંતકારે સ્થાપન કર્યું કે કામના ઉપભોગથી કામના દઢ સંસ્કાર થાય છે, અને તેનાથી વારંવાર કામની ઇચ્છાની અભિવૃદ્ધિ થાય છે. તેના નિરાકરણરૂપે '**अथ**'થી પૂર્વપક્ષી કહે છે-

**ટીકા :- अथ सिद्धत्वज्ञानकृतसामान्येच्छाविच्छेदसम्भवान्नैवमिति चेत् ? न, सामानाधिकरण्येन सिद्धत्वज्ञानेऽपि सामानाधिकरण्येनेच्छाया अनुभविकत्वात्, कथमन्यथा प्रोषितस्याऽज्ञातकान्तामरणस्य तत्कान्तावलोकनादाविच्छा । सामान्यधर्मावच्छेदेन सिद्धत्वधीस्तु यावदाश्रयसिद्धत्वधियं विना विशेषदर्शिनो न सम्भवति ।**

**ટીકાર્થ :-** '**अथ सिद्धत्व**' - '**अथ**'થી પૂર્વપક્ષી કહે છે કે સિદ્ધત્વજ્ઞાનકૃત સામાન્ય ઇચ્છાના વિચ્છેદનો સંભવ હોવાથી આ પ્રમાણે નથી=પૂર્વમાં તમે=સિદ્ધાંતકારે, કહ્યું કે કામના ઉપભોગથી ઇચ્છાની અભિવૃદ્ધિ થાય છે, એ પ્રમાણે નથી. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે સામાનાધિકરણ્યથી સિદ્ધત્વજ્ઞાન હોવા છતાં પણ સામાનાધિકરણ્યથી ઇચ્છાનું અનુભવિકપણું છે; અન્યથા=સામાનાધિકરણ્યથી સિદ્ધત્વજ્ઞાન હોવા છતાં સામાનાધિકરણ્યથી ઇચ્છાનું અનુભવિકપણું ન માનો તો, અજ્ઞાતકાંતામરણવાળા પરદેશ ગયેલ પુરુષને તેની કાંતાના અવલોકનાદિમાં ઇચ્છા કેમ થાય? અર્થાત્ ઇચ્છા થવી જોઇએ નહિ.

**ભાવાર્થ :-** '**अथ**'થી પૂર્વપક્ષીને એ કહેવું છે કે, કોઇ વ્યક્તિ કામનો ઉપભોગ કરે ત્યારે તેને સિદ્ધત્વજ્ઞાન થાય છે. આમ છતાં, ફરી તે જ વસ્તુને ભોગવવાની ઇચ્છા તેને થાય છે તેનું કારણ તે વસ્તુવિષયક સામાન્ય ઇચ્છાનો વિચ્છેદ હજુ તેને થયો નથી. પરંતુ પોતાની રુચિ પ્રમાણે ૫-૨૫ વખત તે પ્રકારના ભોગોને ભોગવી લે ત્યારે, તે ભોગો મને સિદ્ધ થયા છે એ પ્રકારનું જ્ઞાન થવાથી તે ભોગવિષયક સામાન્ય ઇચ્છાનો વિચ્છેદ થાય છે. તેથી ફરીથી એ પ્રકારના ભોગની ઇચ્છા તે વ્યક્તિને થતી નથી. તેથી જે વ્યક્તિ આ રીતે સંસારનાં સુખોને ભોગવીને સામાન્યથી ઇચ્છાના વિચ્છેદવાળી થાય છે, તે વ્યક્તિ સંયમમાં નિરાબાધ પ્રવૃત્તિ કરી શકે છે. માટે તમે=સિદ્ધાંતકારે, કહ્યું કે ભોગોને ભોગવવાથી ઇચ્છાની અભિવૃદ્ધિ થાય છે તેવું નથી. આ પ્રકારના પૂર્વપક્ષીના આશયનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે-

કોઇ વ્યક્તિને એક વસ્તુમાં સિદ્ધત્વજ્ઞાન થયું હોય તે જ વસ્તુમાં ફરી ઇચ્છા થાય છે, એ એક અધિકરણવિષયક હોવાથી સામાનાધિકરણ્યથી છે. જેમ પરદેશમાં ગયેલ પુરુષને પોતાની કાંતારૂપ=પત્નીરૂપ, અધિકરણમાં કાંતાના અવલોકનનું જ્ઞાન અનેક વખત થયેલું હોવાથી કાંતાનું અવલોકન સિદ્ધ છે એ પ્રકારનું જ્ઞાન થાય છે, અને તે જ કાંતારૂપ અધિકરણમાં ફરી તેને જોવાની ઇચ્છા થાય છે. તેથી કોઇ પણ વસ્તુને અનેકવાર ભોગવવા છતાં સામાન્ય ઇચ્છાનો વિચ્છેદ થઇ જાય છે તેમ કહેવું એ ઉચિત નથી, પરંતુ તે વિષયોથી દૂર રહીને વૈરાગ્યનું ભાવન કરવું એ જ ખરેખર સંયમમાર્ગમાં જવાનો ઉપાય છે.

અહીં પ્રોષિતના વિશેષણરૂપે 'અજ્ઞાતકાંતામરણ' એટલા માટે કહેલ છે કે, પરદેશમાં ગયેલ વ્યક્તિએ પૂર્વે પોતાની કાંતાને અનેકવાર જોયેલ છે, આમ છતાં, પરદેશ ગયા પછી ઘણાં વર્ષોના વિરહને કારણે ફરી કાંતાનું સ્મરણ પ્રોષિતને થાય છે, પરંતુ પોતાની કાંતા મૃત્યુ પામી છે એ પ્રકારના કોઇ પાસેથી સમાચાર મળ્યા હોય તો કાંતાના અવલોકનની ઇચ્છા થતી નથી. અને તેવા સમાચાર ન મળ્યા હોય તો પોતાની કાંતા જીવતી હશે તેવી સંભાવનાની બુદ્ધિ તેને હોય છે, અને ક્વચિત્ પોતાની કાંતા જીવતી પણ હોય કે મરી પણ ગયેલ હોય તો પણ, પોતાની કાંતા જીવતી હશે તેવી સંભાવનાની બુદ્ધિથી પ્રોષિતને કાંતાના અવલોકનની ઇચ્છા થાય છે.

**ઉત્થાન :-** આ રીતે સિદ્ધાંતકારે કહ્યું કે, એક જ અધિકરણમાં સિદ્ધત્વજ્ઞાન થવા છતાં તે જ અધિકરણમાં ફરી ઇચ્છા થાય છે, માટે સિદ્ધત્વજ્ઞાનકૃત સામાન્ય ઇચ્છાના વિચ્છેદનો સંભવ છે એમ કહેવું ઉચિત નથી. ત્યાં પૂર્વપક્ષી કહે કે, કોઇ વ્યક્તિને પોતાની ધારણા પ્રમાણે સંસારમાં સ્ત્રી આદિનો ભોગવટો, ધનાદિનું અર્જન, માન-ખ્યાતિ વગેરે મેળવીને પછી તેને થાય કે સંસારનાં આ બધાં સુખો મેં ભોગવી લીધાં છે, હવે સંસારમાં કોઇ નવા ભોગો અનુભવવા જેવા નથી, માટે હવે હું આત્મસાધના કરું તેવો અનુભવ થાય છે. તેને સામે રાખીને પૂર્વપક્ષી કહે છે કે, ભોગ્યત્વરૂપ સામાન્યધર્માવચ્છેદેન સિદ્ધત્વજ્ઞાન જ્યારે જીવને થાય, ત્યારે ફરી તેને ભોગ ભોગવવાની ઇચ્છા થતી નથી, તેથી સંયમમાં નિરાકુળ પ્રવૃત્તિ તેવી વ્યક્તિ કરી શકશે. તેને ગ્રંથકાર કહે છે-

**ટીકાર્થ :-** '**सामान्य**' - સામાન્યધર્માવચ્છેદેન સિદ્ધત્વબુદ્ધિ વળી યાવદ્ આશ્રયવિષયક સિદ્ધત્વબુદ્ધિ વગર વિશેષદર્શીને સંભવતી નથી.

**ભાવાર્થ** :- સામાન્ય રીતે સંસારી જીવો સંસારવર્તી પદાર્થોમાં વિશેષને જોનારા હોય છે, પરંતુ જ્યારે જીવને વૈરાગ્યનો પ્રકર્ષ થાય છે ત્યારે તેને બધા પદાર્થો પ્રત્યે સમતા વર્તે છે. તેથી જગતના તમામ પદાર્થો પોતાના માટે સમાન છે એ રીતે જુએ છે, તેવા જીવો સામાન્યદર્શી છે; અને તેવા સામાન્યદર્શી જીવોને સામાન્યધર્માવચ્છેદેન સિદ્ધત્વબુદ્ધિ થઇ શકે છે. કેમ કે જગતના તમામ પદાર્થો જીવે અનંતીવાર ભોગવ્યા છે, તેથી બધાં સુખો પોતાને સિદ્ધ થઇ ચૂકેલાં છે, માટે તે બધાં સુખો પ્રત્યે વિમુખભાવ તેવા સમતાવાળા જીવોને હોઇ શકે છે. પરંતુ વિશેષદર્શી જીવોને ભોગના સાધનભૂત યાવદ્ આશ્રય=ભોગની બધી સામગ્રી, એક સાથે પ્રાપ્ત થઇ શકે નહિ, તેથી યાવદ્ આશ્રયમાં સિદ્ધત્વબુદ્ધિ તેઓને થઇ શકે નહિ; તેથી યત્કિંચિત્ ભોગસામગ્રી ભોગવી લીધા પછી પણ અન્ય અન્ય સામગ્રીમાં અસિદ્ધત્વબુદ્ધિ તેઓને હોય છે. તેથી સામાન્યધર્માવચ્છેદેન સિદ્ધત્વબુદ્ધિ ગમે તેટલા ભોગો ભોગવવા છતાં જીવોને સંભવતી નથી. આથી જ આ ભવમાં પણ એકને એક વસ્તુનો અનેક વખત ઉપભોગ કરવા છતાં ફરી ફરી ઉપભોગની બુદ્ધિ થયા કરે છે. ક્વચિત્ કોઇક એક વસ્તુવિષયક ઇચ્છા સંપૂર્ણ શાંત થાય, તો પણ અન્ય વસ્તુવિષયક ઇચ્છા તેને થવાની. કેમ કે જીવ સુખનો અર્થી છે, અને સુખ તેને બાહ્ય ભોગ પદાર્થમાં દેખાય છે. અને બાહ્ય ભોગ પદાર્થો જગતમાં અનેક પ્રકારના છે, તેથી એક ભોગમાંથી ચિત્ત વિશ્રાંત થાય તો પણ અન્ય ભોગમાં યત્ન થાય છે. આ રીતે જીવન સમાપ્તિ સુધી ઇચ્છાના વિચ્છેદનો સંભવ નથી. અને તે ઉપભોગો દ્વારા બાહ્ય પદાર્થવિષયક સુખના અનુભવના સંસ્કારો દૃઢ બને છે, તેથી વૈરાગ્યકૃત સુખના અનુભવ માટે તેની ભૂમિકા પણ દૂર થતી જાય છે. આવી ભોગસામગ્રીથી દૂર રહીને જીવ વૈરાગ્ય માટે યત્ન કરે, તો જ ધીરે ધીરે તે જીવ સામાન્યદર્શી બની જાય; અને તો જ શાસ્ત્રના વચનના બળથી તે વિચારી શકે છે કે, આ સંસારના તમામ ભોગો મેં અનંતીવાર ભોગવ્યા છતાં તેનાથી મને કાંઇ પ્રાપ્ત થયું નહિ, વસ્તુતઃ સુખ મારે સ્વાધીન છે. તેથી સામાન્યધર્માવચ્છેદેન સિદ્ધત્વબુદ્ધિ તેને થઇ શકે છે.

**ઉત્થાન** :- પૂર્વમાં '**अथ**'થી પૂર્વપક્ષીએ કહ્યું કે, સિદ્ધત્વજ્ઞાનકૃત સામાન્ય ઇચ્છાના વિચ્છેદનો સંભવ છે, ત્યાં સિદ્ધાંતકારે દોષ આપીને એ સ્થાપન કર્યું કે, એક જ અધિકરણમાં સિદ્ધત્વજ્ઞાન હોવા છતાં પણ એ જ અધિકરણમાં ફરી ઇચ્છા થાય છે, તેથી સિદ્ધત્વજ્ઞાનકૃત સામાન્ય ઇચ્છા વિશેષદર્શીને થઇ શકે નહિ. ત્યાં પૂર્વપક્ષી સિદ્ધત્વજ્ઞાનકૃત સામાન્ય ઇચ્છાનો વિચ્છેદ થઇ શકે, એ સ્થાપન કરવા અર્થે '**अथ**'થી કહે છે-

**ટીકા :- अथ सुखत्वादिसामानाधिकरण्येन सिद्धत्वज्ञानमेवेच्छाविरोधि, न च ( तु ) सुखत्वेन तत्तत्सुखे सिद्धत्वज्ञानं, तेन तत्तत्सुखेच्छाविरोधिवशेनानन्तप्रतिबन्धकत्वकल्पने गौरवात्, समानप्रकारकत्वेनैव तथात्वात् । इत्थं च सुखत्वेन सिद्धत्वज्ञानदशायां तत्तत्सुखभिन्नत्वेनैव सिद्ध एव तत्तत्सुख इच्छा, प्रोषित-स्यापि ज्ञात एव कान्तावलोकने ज्ञातान्यस्वीयकान्तावलोकनत्वेनेच्छेति चेत् ? न, तथापि सामान्येच्छावि-च्छेदेऽपि विशेषेच्छाऽविच्छेदप्रसङ्गात्, तावदिच्छानां भ्रमत्वकल्पनापेक्षया समानविषयत्वप्रत्यासत्त्या समानप्रकारकसिद्धत्वज्ञानस्य प्रतिबन्धकत्वकल्पनाया न्याय्यत्वात्, तत्तत्सुखभिन्नत्वेन सुखेच्छानां ज्ञातान्यकान्तावलोकनत्वादिनेष्टसाधनताज्ञानानां ज्ञातान्यकान्तावलोकनत्वादिनेच्छाहेतुत्वकल्पनापेक्ष-यावच्छेदकावच्छेदेनैव सिद्धत्वज्ञानस्य प्रतिबन्धकत्वकल्पनाया युक्तत्वाच्च ।**

**ટીકાર્થ :- 'अथ'** - સુખત્વાદિ સામાનાધિકરણ્યથી સિદ્ધત્વજ્ઞાન જ ઇચ્છાનું વિરોધી છે, અને સુખત્વરૂપે તે તે સુખમાં સિદ્ધત્વજ્ઞાન નથી. કેમ કે તેના વડે=સુખત્વરૂપે તે તે સુખમાં સિદ્ધત્વજ્ઞાનથી ઇચ્છાનો વિરોધ સ્વીકારવા વડે, તે તે સુખની ઇચ્છાના વિરોધીના વશથી અનંતપ્રતિબંધકત્વની કલ્પના કરવામાં ગૌરવ છે.

**ઉત્થાન :-** આ રીતે સુખત્વરૂપે તે તે સુખમાં સિદ્ધત્વજ્ઞાનને ઇચ્છાના વિરોધીરૂપે સ્વીકારવામાં ગૌરવ બતાવીને, હવે સુખત્વાદિ સામાનાધિકરણ્યથી સિદ્ધત્વજ્ઞાનને જ ઇચ્છાના વિરોધી તરીકે સ્વીકારવામાં યુક્તિ બતાવે છે-

**ટીકાર્થ :- 'समान'** - સમાનપ્રકારકપણા વડે કરીને જ તથાપણું હોવાથી સુખત્વાદિ સામાનાધિકરણ્યથી સિદ્ધત્વજ્ઞાન જ ઇચ્છાનું વિરોધી છે.

**'इत्थं च'** અને આ રીતે સુખત્વરૂપે સિદ્ધત્વજ્ઞાનદશામાં તત્ તત્ સુખથી ભિન્નપણા વડે કરીને જ સિદ્ધ જ એવા તે તે સુખમાં ઇચ્છા થાય છે, (અને) પ્રોષિતને પણ જ્ઞાત એવું કાંતાનું અવલોકન હોતે છતે જ્ઞાતથી અન્ય સ્વીય કાંતાના અવલોકનપણા વડે કરીને ઇચ્છા છે.

❀ અહીં **सुखत्वादि** કહ્યું ત્યાં 'આદિ'પદથી 'ધનત્વાદિ' ગ્રહણ કરવાનું છે. તેથી એ પ્રાપ્ત થાય કે જ્યારે પોતાને ધન પ્રાપ્ત થયું છે તે વખતે પ્રાપ્ત થયેલા ધનમાં ધનત્વ છે, અને એ જ અધિકરણમાં વિષયતાસંબંધથી સિદ્ધત્વજ્ઞાન છે, તે ધનની ઇચ્છાનું વિરોધી છે.

**ભાવાર્થ :-** પૂર્વપક્ષી સિદ્ધત્વજ્ઞાનકૃત સામાન્ય ઇચ્છાના વિચ્છેદનો સંભવ છે તે બતાવવા અર્થે કહે છે કે, સુખત્વાદિ સામાનાધિકરણ્યથી સિદ્ધત્વજ્ઞાન જ ઇચ્છાનું વિરોધી છે; અર્થાત્ જે વખતે જીવ સુખનો અનુભવ કરતો હોય તે વખતે જીવમાં સુખનું અસ્તિત્વ હોય છે, અને તે સુખમાં સુખત્વધર્મ રહે છે; અને તે સુખના અનુભવકાળમાં વિષયતાસંબંધથી સિદ્ધત્વજ્ઞાન થાય તો, અર્થાત્ મને સુખ સિદ્ધ થયું છે એ પ્રકારનું જ્ઞાન થાય તો, સુખની ઇચ્છા થાય નહિ; અને તે તે સુખમાં સુખત્વરૂપે સિદ્ધત્વજ્ઞાન ઇચ્છાનું વિરોધી નથી; કેમ કે તેમ સ્વીકારવામાં ગૌરવદોષ છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે, જો સુખત્વરૂપે તે તે સુખમાં સિદ્ધત્વજ્ઞાન હોય તેને જ સુખની ઇચ્છાનું વિરોધી માનીએ, તો પરદેશ ગયેલા પુરુષને સુખત્વરૂપે તે તે કાંતાના અવલોકનજન્ય સુખમાં સિદ્ધત્વજ્ઞાન છે, તેથી ફરી સુખની ઇચ્છા થઇ શકે નહિ; અને પરદેશ ગયેલા પુરુષને ફરી સુખની ઇચ્છા થાય છે, તેથી તે પ્રકારનો પ્રતિબધ્યપ્રતિબંધકભાવ માનીએ તો, સિદ્ધત્વજ્ઞાનકૃત સામાન્ય ઇચ્છાનો વિચ્છેદ સ્વીકારી શકાય નહિ. કેમ કે પરદેશ ગયેલા પુરુષને કાંતાનું અવલોકન સિદ્ધ હોવા છતાં ફરી કાંતાના અવલોકનની ઇચ્છા થાય છે. પરંતુ સુખત્વાદિ સામાનાધિકરણ્યથી સિદ્ધત્વજ્ઞાનને સુખની ઇચ્છાનું વિરોધી સ્વીકારીએ તો, પરદેશ ગયેલા પુરુષને સુખત્વાદિ સામાનાધિકરણ્યથી સિદ્ધત્વજ્ઞાન નથી, કેમ કે અત્યારે કાંતાના અવલોકનકૃત સુખ તેને નથી, પરંતુ જ્યારે કાંતા સાથે રહેતો હતો ત્યારે કાંતાના અવલોકનનું સુખ તેને અનુભૂત હતું, તે વખતે તે સુખમાં સુખત્વધર્મ હતો, અને તે જ અધિકરણમાં તેને સિદ્ધત્વજ્ઞાન હતું, તેથી સુખની ઇચ્છા થતી ન હતી; તે રીતે જે વ્યક્તિને મને

સુખો સિદ્ધ છે એ પ્રકારનો અનુભવ વર્તતો હોય તેને સુખની ઇચ્છા થતી નથી. અને **सुखत्वादि** માં '**आदि**' પદથી પ્રાપ્ત ધનત્વ, માન-સન્માનત્વ આદિ બધાં મને પ્રાપ્ત થઇ ગયાં છે આવું પ્રતીત થતું હોય ત્યારે, સુખત્વાદિ સામાનાધિકરણ્યથી સર્વ વસ્તુ પોતાને સિદ્ધ થઇ ગઇ છે એ પ્રકારનું સિદ્ધત્વજ્ઞાન હોય છે, તેથી સુખાદિ સર્વ વસ્તુઓની ઇચ્છા તેને થતી નથી. એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે.

સુખત્વરૂપે તે તે સુખમાં સિદ્ધત્વજ્ઞાનને સુખની ઇચ્છાના વિરોધીરૂપે સ્વીકારવામાં ગૌરવદોષ છે એમ કહ્યું તે આ રીતે-

તે તે સુખની ઇચ્છામાં તે તે સિદ્ધત્વજ્ઞાન વિરોધી છે, અને જગતમાં તે તે સુખો અનંતાં છે; કેમ કે એક કાંતાના અવલોકનવિષયક તે તે અવલોકનનો ભેદ કરીએ તો ઘણાં અવલોકન પ્રાપ્ત થાય. અને એ રીતે તે અવલોકનની ઇચ્છા પ્રત્યે તે અવલોકનનું સિદ્ધત્વજ્ઞાન પ્રતિબંધક બને તેમ માનો, તો એક કાંતાના અવલોકનવિષયક અનેક પ્રતિબંધકો મળે, તેમ અન્ય અન્ય સુખવિષયક પણ અનેક પ્રતિબંધકો મળે. આ રીતે અનંત પ્રતિબંધકની કલ્પનામાં ગૌરવ પ્રાપ્ત થાય. અને સુખત્વાદિ સામાનાધિકરણ્યથી સિદ્ધત્વજ્ઞાનને ઇચ્છાનું વિરોધી સ્વીકારીએ તો, સુખની ઇચ્છા પ્રત્યે સુખના અનુભવકાલીન સિદ્ધત્વજ્ઞાન જ વિરોધી છે તેમ સામાન્ય કાર્ય-કારણભાવ પ્રાપ્ત થાય, તેથી એક જ પ્રતિબધ્ય-પ્રતિબંધકભાવ પ્રાપ્ત થાય, તે લાઘવરૂપ છે.

સુખત્વાદિ સામાનાધિકરણ્યથી સિદ્ધત્વજ્ઞાન જ ઇચ્છાનું વિરોધી છે તે સ્થાપનમાં યુક્તિ બતાવે છે-

સમાનપ્રકારકપણા વડે કરીને જ તથાપણું છે. કહેવાનો આશય એ છે કે, સુખત્વપ્રકારક સિદ્ધત્વજ્ઞાન સુખત્વપ્રકારક ઇચ્છાનું વિરોધી છે; અને તેમ માનવાથી સુખના અનુભવકાળમાં સુખત્વપ્રકારક સિદ્ધત્વજ્ઞાન હોય છે, તેથી સુખની ઇચ્છા થતી નથી; અને તેમ સ્વીકારવાથી એક પ્રતિબધ્ય-પ્રતિબંધકભાવ પ્રાપ્ત થાય. અને આ રીતે=સુખત્વાદિ સામાનાધિકરણ્યથી સિદ્ધત્વજ્ઞાન ઇચ્છાનું વિરોધી છે અને સુખત્વેન તે તે સુખમાં સિદ્ધત્વજ્ઞાન ઇચ્છાનું વિરોધી નથી એ રીતે, સુખત્વરૂપે સિદ્ધત્વજ્ઞાન હોવા છતાં પણ જે સુખ મને સિદ્ધછે તેનાથી ભિન્નરૂપે જ સિદ્ધ એવા તે તે સુખની ઇચ્છા થઇ શકે છે. અને તેને કારણે જ પરદેશ ગયેલા પુરુષને પૂર્વમાં કાંતાનું અવલોકન સિદ્ધ હોવા છતાં તે કાંતાના અવલોકનથી કાંતાના અન્ય અવલોકનની ઇચ્છા થાય છે તેમાં કોઇ દોષ નથી, પરંતુ કાંતાઅવલોકનત્વ સામાનાધિકરણ્યથી જ્યારે સિદ્ધત્વજ્ઞાન હોય ત્યારે કાંતાઅવલોકનની ઇચ્છા થાય નહિ.

'**अथ .. इति चेत्**' સુધીના પૂર્વપક્ષીના કથનથી એ ફલિત થયું કે, કોઇ વ્યક્તિને સુખત્વ, ધનત્વ, માન-સન્માનત્વ આદિ સામાન્યાધિકરણ્યથી સિદ્ધત્વજ્ઞાન થાય, તો તેને સુખની, ધનની, માન-સન્માન આદિની કોઇ ઇચ્છા રહે નહિ, તેથી સિદ્ધત્વજ્ઞાનકૃત સામાન્ય ઇચ્છાનો વિચ્છેદ તે વ્યક્તિને થાય છે, તેથી કામભોગથી કામની ઉપશાંતિ થાય છે પણ અભિવૃદ્ધિ થતી નથી, એ વાત પૂર્વપક્ષીએ પૂર્વમાં સ્થાપન કરેલ તે સંગત થાય છે. અને તેમાં સિદ્ધાંતકારે દોષ આપેલ કે, પરદેશમાં ગયેલ પુરુષને ફરી કાંતાઅવલોકનની ઇચ્છા થાય છે, તેથી અનેક વખત કાંતાઅવલોકન પછી પણ ફરી તેને કાંતાઅવલોકનની ઇચ્છા થાય છે. તેની સંગતિ પૂર્વપક્ષીએ એ કરી કે, પરદેશમાં ગયેલ પુરુષને કાંતાઅવલોકનત્વ સામાનાધિકરણ્યથી સિદ્ધત્વજ્ઞાન થયેલું નહિ, તેથી જ તેને ફરી ઇચ્છા થાય છે, માટે કોઇ દોષ નથી.

**ટીકાર્થ :-** '**न**' પૂર્વપક્ષીના કથનનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, અને તેમાં '**तथापि**'થી હેતુ કહે છે-

**'तथापि'** - તોં પણ=પૂર્વપક્ષીએ પૂર્વમાં સ્થાપન કર્યું કે સુખત્વાદિ સામાનાધિકરણ્યથી સિદ્ધત્વજ્ઞાન જ ઇચ્છાનું વિરોધી છે તેમ સ્વીકારીએ તો પણ, સામાન્ય ઇચ્છાના વિચ્છેદમાં પણ વિશેષ ઇચ્છાના અવિચ્છેદનો પ્રસંગ છે.

**ઉત્થાન :-** અહીં પૂર્વપક્ષી કહે કે, સુખત્વાદિ સામાનાધિકરણ્યથી સિદ્ધત્વજ્ઞાન થયા પછી સામાન્ય ઇચ્છાનો વિચ્છેદ થઇ ગયા પછી પણ જીવ વિશેષદર્શી હોવાને કારણે જે વિશેષ ઇચ્છા થાય છે, તેનું કારણ જીવને ભ્રમ છે=પૂર્વમાં પોતાને જે સુખ સિદ્ધ થયું છે તેનાથી આ સુખ જુદા પ્રકારનું છે એવો જીવને ભ્રમ થાય છે, તેથી વિશેષ ઇચ્છા થાય છે, અને જે વ્યક્તિને તેવો ભ્રમ ન થાય તેને વિશેષ ઇચ્છા થાય નહિ. તેથી કામના ઉપભોગથી સિદ્ધત્વજ્ઞાન થવાને કારણે ઇચ્છાઓનું શમન થાય છે તેમ સ્વીકારવું ઉચિત છે. તેને ગ્રંથકાર કહે છે-

**ટીકાર્થ :- 'तावदिच्छानां'** - તેટલી ઇચ્છાઓના ભ્રમત્વકલ્પનાની અપેક્ષાએ સમાનવિષયત્વની પ્રત્યાસત્તિથી સમાનપ્રકારક સિદ્ધત્વજ્ઞાનના પ્રતિબંધકપણાની કલ્પનાનું ન્યાય્યપણું છે.

**ઉત્થાન :-** આ રીતે સિદ્ધાંતકારે પ્રતિબધ્ય-પ્રતિબંધકભાવ સ્થાપન કર્યો ત્યાં, પૂર્વપક્ષીના કથન પ્રમાણે ભ્રમત્વકલ્પનામાં જેમ ગૌરવ છે, તેમ પોતાના વિશેષ પ્રતિબધ્ય-પ્રતિબંધકભાવ સ્વીકારમાં પણ અનંત પ્રતિબધ્ય-પ્રતિબંધકભાવની કલ્પનાકૃત ગૌરવ છે. તેથી અનંત પ્રતિબધ્ય-પ્રતિબંધકભાવની કલ્પનામાં ગૌરવને ટાળવા માટે સામાન્ય પ્રતિબધ્ય-પ્રતિબંધકભાવ બતાવે છે-

**ટીકાર્થ :- 'तत् तत्'** - તે તે સુખથી ભિન્નત્વેન સુખેચ્છાનું, જ્ઞાતથી અન્ય કાંતા-અવલોકનત્વાદિરૂપે ઇષ્ટસાધનતાના જ્ઞાનોનું, જ્ઞાતથી અન્ય કાંતા-અવલોકનત્વાદિરૂપે ઇચ્છાહેતુત્વની કલ્પનાની અપેક્ષાએ અવચ્છેદકાવચ્છેદેન જ સિદ્ધત્વજ્ઞાનના પ્રતિબંધકપણાની કલ્પનાનું યુક્તપણું છે.

**ભાવાર્થ :-** પૂર્વમાં પૂર્વપક્ષીએ એ સ્થાપન કર્યું કે, સુખત્વાદિ સામાનાધિકરણ્યથી સિદ્ધત્વજ્ઞાન ઇચ્છાનું વિરોધી છે; અને તેના દ્વારા એ સિદ્ધ કર્યું કે, ભોગને ભોગવી લેવાથી સિદ્ધત્વજ્ઞાન થાય છે, તેથી ભોગની ઇચ્છા થતી નથી. ત્યાં ગ્રંથકાર કહે છે કે, સુખત્વાદિ સામાનાધિકરણ્યથી સિદ્ધત્વજ્ઞાન થાય તો સામાન્ય ઇચ્છાનો વિચ્છેદ થવા છતાં પણ વિશેષની ઇચ્છાઓ થઇ શકે છે. તે આ રીતે-

કોઇ વ્યક્તિએ પોતાની ધારણા પ્રમાણે ભોગવિલાસ કર્યો હોય, ધન મેળવ્યું હોય, માન-સન્માન-ખ્યાતિ આદિ પ્રાપ્ત કર્યું હોય, અને તેના કારણે તે વ્યક્તિને થાય કે સુખ-ધન આદિ બધાં મને સિદ્ધ થઇ ચૂક્યાં છે, તેથી સામાન્ય ઇચ્છાનો વિચ્છેદ તે વ્યક્તિને થઇ જાય; તો પણ જીવ સુખનો અર્થી છે તેથી પોતાને પ્રાપ્ત થતા તે તે સુખને ફરી ભોગવવાની ઇચ્છા થવાની, તેમ પોતે જે સુખો મેળવ્યાં છે તેનાથી અન્ય સુખની પ્રાપ્તિની પણ તેને ઇચ્છા થવાની; કેમ કે જો તે સુખોને છોડી દે તો સુખ વગરની અવસ્થાની પ્રાપ્તિરૂપ ભોગોના ત્યાગમાં તેને દુઃખની પ્રતીતિ જણાય. તેથી ભોગથી સર્વ ઇચ્છાઓનું શમન સદા માટે થઇ શકે નહિ, કિંચિત્કાળ માટે સામાન્ય ઇચ્છાનો વિચ્છેદ દેખાય. એમ કહીને ગ્રંથકારને એ કહેવું છે કે, ઇચ્છાના વિચ્છેદનું કારણ ભોગ નથી પરંતુ વૈરાગ્યાદિ ભાવો જ છે.

અહીં પૂર્વપક્ષી કહે કે, કોઇ વ્યક્તિને સુખાદિ સર્વ પદાર્થો સિદ્ધ થઇ જાય, તો તે વ્યક્તિને સિદ્ધત્વજ્ઞાન થવાને કારણે ઇચ્છાનો વિચ્છેદ થાય છે. આમ છતાં ફરી તે વ્યક્તિને વિશેષ ઇચ્છા થાય છે તેનું કારણ પૂર્વમાં પોતે જે સુખ ભોગવ્યું છે તેનાથી આ સુખ જુદા પ્રકારનું છે તેવો ભ્રમ થાય છે, તેથી વિશેષ ઇચ્છા થાય છે; પણ તે વ્યક્તિને તેવો ભ્રમ ન થાય તો તેને વિશેષ ઇચ્છા થાય નહિ. તેને ગ્રંથકાર કહે છે કે, પોતે પૂર્વમાં જે સુખ અનુભવ્યું છે તે જ સુખની મને ફરી ઇચ્છા થઇ છે તેવી પ્રતીતિ હોવા છતાં, તે સુખથી આ સુખ જુદા પ્રકારનું છે તેવો જીવને ભ્રમ થાય છે એમ કહેવું તે ઉચિત નથી. કેમ કે અનુભવ જ બતાવે છે કે પૂર્વમાં મેં જે સુખ અનુભવ્યું તે મને સિદ્ધ થઇ ગયું છે; આમ છતાં વર્તમાનમાં ફરી તેવા અનુભવ દ્વારા મને સુખપ્રાપ્તિ થાય તેવી પ્રતીતિથી જીવ તે સુખવિષયક ફરી પ્રયત્ન કરે છે, તેથી તેને ભ્રમરૂપે કહેવું તે ઉચિત નથી. આમ છતાં તેને ભ્રમરૂપે સ્વીકારીએ તો પણ, આવા અનંત ભ્રમોની કલ્પના કરવી પડે છે. એના કરતાં પૂર્વમાં કહેલ કે સુખત્વેન તે તે સુખમાં સિદ્ધત્વજ્ઞાનને પ્રતિબંધક માનીએ, તો અનંત પ્રતિબંધક કલ્પનામાં ગૌરવની પ્રાપ્તિ થાય તે જ સ્વીકારવું વધારે ઉચિત છે. કેમ કે ભ્રમત્વની કલ્પનામાં પણ ગૌરવ છે, અને આવા વિશેષ પ્રતિબધ્ય-પ્રતિબંધકભાવ માનવામાં પણ ગૌરવ છે. આ રીતે ગૌરવદોષ બંનેમાં સમાન છે, છતાં ભ્રમત્વની કલ્પના કરવી તે અનુભવવિરુદ્ધ છે એમ પૂર્વમાં કહ્યું, તેથી વિશેષ પ્રતિબધ્ય-પ્રતિબંધકભાવ માનવો એ જ ઉચિત છે. અને તે જ વાતને બતાવે છે કે સમાનવિષયત્વ પ્રત્યાસત્તિથી સમાનપ્રકારક સિદ્ધત્વજ્ઞાનને સમાનપ્રકારક ઇચ્છા પ્રત્યે પ્રતિબંધક માનવું એ ઉચિત છે.

કહેવાનો આશય એ છે કે, વિષયતાસંબંધથી સિદ્ધત્વજ્ઞાન જે વિષયમાં થાય છે, તે જ વિષયમાં ઇચ્છા થાય તો તે સમાનવિષયત્વ પ્રત્યાસત્તિથી કહેવાય, અને એક જ વિષયમાં જે પ્રકારે સિદ્ધત્વજ્ઞાન હોય તે પ્રકારે ફરી ઇચ્છા થતી નથી. જેમ- એક જ કાંતાના અવલોકનના વિષયમાં તત્ અવલોકનત્વપ્રકારક સિદ્ધત્વજ્ઞાન હોય તો તે જ કાંતાના અવલોકનના વિષયમાં તત્‌અવલોકનત્વપ્રકારક ઇચ્છા થતી નથી, પરંતુ તદન્ય અવલોકનત્વપ્રકારક ઇચ્છા થઇ શકે છે. એ રીતે વિશેષ પ્રતિબધ્ય-પ્રતિબંધકભાવ માનવાથી એ સિદ્ધ થાય કે, સિદ્ધત્વજ્ઞાનકૃત સામાન્ય ઇચ્છા વિચ્છેદનો સંભવ નથી, તેથી જીવ ગમે તેટલા ભોગો ભોગવે તો પણ ભોગથી ઇચ્છાનો વિચ્છેદ થતો નથી એમ માનવું જ ઉચિત છે.

હવે ગ્રંથકાર અનંત પ્રતિબંધકની કલ્પનાકૃત ગૌરવ વગરનો પ્રતિબધ્ય-પ્રતિબંધકભાવ બતાવતાં કહે છે- પરદેશ ગયેલા પુરુષને તે તે સુખથી ભિન્નપણા વડે કરીને સુખની ઇચ્છા થાય છે, અર્થાત્ પૂર્વે પોતે જે સુખો ભોગવ્યાં છે તેના કરતાં ભિન્ન સુખની ઇચ્છા થાય છે, અને પૂર્વમાં તે કાંતાનું અવલોકન કર્યું છે તેનાથી અન્ય કાંતાના અવલોકનત્વાદિરૂપે ઇષ્ટસાધનતાનું જ્ઞાન થાય છે, અને તે બંને જ્ઞાત અન્યકાંતાઅવલોકનત્વાદિરૂપે ઇચ્છાનો હેતુ છે તેમ કલ્પના કરવી, અને કહેવું કે તે તે સુખત્વાદિ સામાનાધિકરણ્યથી સિદ્ધત્વજ્ઞાન નથી, તેથી ફરી કાંતાઅવલોકનત્વની ઇચ્છા થાય છે; પરંતુ ભોગોને ભોગવ્યા પછી બધા ભોગોમાં સિદ્ધત્વજ્ઞાન થઇ જાય તો ઇચ્છા થાય નહિ એમ માનવું, તેની અપેક્ષાએ અવચ્છેદકાવચ્છેદેન જ સિદ્ધત્વજ્ઞાનને ઇચ્છાનું પ્રતિબંધક માનવું એ યુક્ત છે. અર્થાત્ કોઇ વ્યક્તિને સુખત્વાવચ્છેદેન સિદ્ધત્વજ્ઞાન થાય તો જ સુખની ઇચ્છા થાય નહિ, અને સુખત્વાવચ્છેદેન સિદ્ધત્વજ્ઞાન ત્યારે જ થાય કે, બાહ્ય પદાર્થોને અવલંબીને થતી સુખની બુદ્ધિને છોડીને જીવ જ્યારે આત્માના સ્વભાવરૂપ સુખને જુએ, અને વિચારે કે સુખ એ મારી અંતરંગ પરિણતિ છે, અને મારા આત્માની અંદરમાં જ રહેલી પરિણતિ છે; પરંતુ જ્યાં સુધી જીવને બાહ્યપદાર્થમાં સુખની બુદ્ધિ થાય છે, ત્યાં સુધી બધું સુખ મને સિદ્ધ થયું છે એ પ્રકારની બુદ્ધિ થતી નથી; અને જ્યારે એ બધા પદાર્થો પ્રત્યે નિરપેક્ષ થયેલું ચિત્ત જ સુખનો

ઉપાય છે તેમ નિર્ણય થાય છે, અને તે પ્રકારના પ્રયત્નથી સર્વ પદાર્થો પ્રત્યે નિરપેક્ષ ચિત્ત પોતે પેદા કરી શકે છે, ત્યારે સુખત્વાવચ્છેદેન સિદ્ધત્વજ્ઞાન થાય છે. આથી જ નિરપેક્ષ મુનિઓને મોક્ષની પણ ઈચ્છા થતી નથી, તેથી સુખત્વાવચ્છેદેન સિદ્ધત્વજ્ઞાન નિરપેક્ષ મુનિઓને જ હોય છે. અને તે જ ઈચ્છાનું પ્રતિબંધક છે તેમ માનવું યુક્ત છે.

**ટીકા :- एतेन सामानाधिकरण्येन सिद्धत्वज्ञानस्यैव विरोधित्वं, प्रोषितस्य त्ववलोकनत्वसामान्यलक्षणयोपस्थिते भाव्यवलोकने तत्कान्तीयत्वभ्रमेण सिद्धतत्तदवलोकनेतरतत्कान्तावलोकनत्वेनैवेच्छेति निरस्तम्।**

**ટીકાર્થ :- 'एतेन'** - આનાથી='**तथापि ... युक्तत्वाच्च**' સુધી જે કથન કહ્યું આનાથી, વક્ષ્યમાણ કથન નિરસ્ત છે. અને તે વક્ષ્યમાણ કથન આ પ્રમાણે- સામાનાધિકરણ્યેન સિદ્ધત્વજ્ઞાનનું જ (ઈચ્છાનું) વિરોધીપણું છે. વળી પરદેશ ગયેલા પુરુષને અવલોકનત્વસામાન્યલક્ષણાથી ઉપસ્થિત થયેલ ભાવિ અવલોકનમાં તત્કાન્તીયત્વનો ભ્રમ થવાને કારણે સિદ્ધ તે તે અવલોકનથી ઈતર તત્કાન્તાઅવલોકનત્વેન ઈચ્છા થાય છે, એ પ્રમાણે નિરસ્ત જાણવું.

**ભાવાર્થ :-** અહીં પૂર્વપક્ષીનો આશય એ છે કે, જે અધિકરણમાં સિદ્ધત્વજ્ઞાન હોય તે અધિકરણમાં ઈચ્છા થઈ શકે નહિ, તેથી સુખત્વાદિના અધિકરણમાં સિદ્ધત્વજ્ઞાન થાય તો ઈચ્છા થઈ શકે નહિ, માટે સુખાદિના ઉપભોગને કારણે સિદ્ધત્વજ્ઞાનકૃત સામાન્ય ઈચ્છાનો વિચ્છેદ થઈ શકે; તેથી ભોગ કરીને સંયમમાં પ્રવૃત્તિ કરવી એ જ ઉચિત છે. અને પોતાની આ જાતની માન્યતામાં એક જ અધિકરણમાં અવલોકનત્વની સિદ્ધિ હોવા છતાં ફરી અવલોકનની ઈચ્છા થાય છે તેની સંગતિ કરવા અર્થે પૂર્વપક્ષી કહે છે કે, પરદેશમાં ગયેલ પુરુષને પોતાની કાંતારૂપ અધિકરણમાં કાંતાઅવલોકનત્વાદિ સિદ્ધ હોવા છતાં ફરી ઈચ્છા થાય છે, તેનું કારણ સિદ્ધ એવા તે તે અવલોકનથી ઈતર કાંતાઅવલોકનત્વપણાથી ઈચ્છા થાય છે. આમ છતાં સામાન્યથી જોતાં એમ લાગે કે, પૂર્વમાં કાંતાઅવલોકનત્વ સિદ્ધ હોવા છતાં ફરી તે જ અવલોકનની ઈચ્છા થાય છે, તેનું કારણ પૂર્વના અવલોકનથી આ નવું અવલોકન જુદું હોવા છતાં આ તે જ અવલોકન છે તેવો ભ્રમ થાય છે. અને તે ભ્રમ આ રીતે પેદા થાય છે-

પૂર્વમાં થયેલ કાંતાનું અવલોકન અને ઉત્તરમાં થનારું અવલોકન એ બંનેમાં અવલોકનત્વરૂપ સામાન્યધર્મ છે, અને સામાન્યધર્મરૂપે ઉપસ્થિત એવા ભાવિ અવલોકનમાં તત્ કાંતીયત્વનો ભ્રમ થાય છે=તેની કાંતા સંબંધી પૂર્વનું અવલોકન પોતે કર્યું છે તે જ આ અવલોકન છે એવો ભ્રમ સામાન્યલક્ષણાથી થાય છે.

વસ્તુતઃ તે બંને અવલોકનો જુદાં છે, જેમ ઘટત્વ સામાન્ય લક્ષણા પ્રત્યાસત્તિથી ઉપસ્થિત એવા અન્ય ઘટમાં આ તે જ ઘટ છે તેવો ભ્રમ સદશ એવા અન્યઘટમાં થઈ શકે છે. તેથી પરદેશ ગયેલ પુરુષને જે કાંતાના અવલોકનની ઈચ્છા થાય છે તેનું કારણ કાંતારૂપ અધિકરણમાં સર્વ અવલોકનો સિદ્ધ થયાં ન હતાં, પરંતુ જે વ્યક્તિને તે અધિકરણમાં સિદ્ધત્વજ્ઞાન થાય તેને ફરી ઈચ્છા થઈ શકે નહિ. તેથી પોતાની ઈચ્છા સંતોષાય ત્યાં સુધી ભોગો ભોગવી લે તો સિદ્ધત્વજ્ઞાન થઈ શકે, અને ત્યારપછી સંયમ ગ્રહણ કરે તો સંયમમાં નિરાબાધ પ્રવૃત્તિ થઈ શકે, એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે.

આ પૂર્વપક્ષીનું કથન પૂર્વમાં '**तथापि ... युक्तत्वाच्च**' સુધી ગ્રંથકારે જે કથન કર્યું તેનાથી નિરાકૃત થાય છે તે આ રીતે-

પૂર્વમાં સ્થાપન કર્યું કે સામાન્ય ઇચ્છાનો વિચ્છેદ થવા છતાં પણ વિશેષ ઇચ્છા થઇ શકે છે, તેથી કોઇ વ્યક્તિને બધાં સુખો ભોગવ્યા પછી સિદ્ધત્વજ્ઞાન થવાના કારણે ઇચ્છાનો વિચ્છેદ થઇ જાય તો પણ ફરી વિશેષ સુખ મેળવવાની ઇચ્છા થઇ શકે છે. અને તેથી જ કહ્યું કે, અવચ્છેદકાવચ્છેદેન સિદ્ધત્વજ્ઞાનને જ ઇચ્છાના પ્રતિબંધકરૂપે માનવું યુક્ત છે. એનાથી એ પ્રાપ્ત થાય કે બધાં સુખો મને સિદ્ધ થયાં છે તેવું જ્ઞાન આત્મિકસુખ જોનારને જ થઇ શકે છે. તેથી કોઇક વ્યક્તિને સુખોને ભોગવીને સિદ્ધત્વજ્ઞાન થાય એટલા માત્રથી ઇચ્છાનો વિચ્છેદ થઇ શકે નહિ. માટે પૂર્વપક્ષીનું કથન નિરસ્ત જાણવું.

**ઉત્થાન :-** પૂર્વમાં સિદ્ધાંતકારે એ સ્થાપન કર્યું કે અવચ્છેદકાવચ્છેદેન સિદ્ધત્વજ્ઞાન જ ઇચ્છાના પ્રતિબંધક તરીકે માનવું ઉચિત છે. તેનું નિરાકરણ કરતાં '**अथ**'થી પૂર્વપક્ષી કહે છે-

**ટીકા :- अथ सुखत्वेनेच्छां प्रति सुखत्वेन सिद्धत्वज्ञानमेव प्रतिबन्धकं, न तु सुखत्वावच्छेदेन सिद्धत्वज्ञानं, सुखत्वव्यापकसिद्धत्वीयस्वरूपसम्बन्धेन सिद्धत्वप्रकारकसुखत्वावच्छिन्नविशेष्यताकज्ञानत्वापेक्षया विशेषतः स्वरूपसम्बन्धेन सिद्धत्वप्रकारकसुखत्वावच्छिन्नविशेष्यताकज्ञानत्वस्यैव लघुत्वात् ।**

**ટીકાર્થ :- 'अथ'** - સુખત્વરૂપે ઇચ્છા પ્રતિ સુખત્વરૂપે સિદ્ધત્વજ્ઞાન જ પ્રતિબંધક છે, પરંતુ સુખત્વાવચ્છેદેન સિદ્ધત્વજ્ઞાન ઇચ્છાનું પ્રતિબંધક નથી. કેમ કે સુખત્વવ્યાપકસિદ્ધત્વીયસ્વરૂપસંબંધથી સિદ્ધત્વપ્રકારક સુખત્વાવચ્છિન્નવિશેષ્યતાક જ્ઞાનત્વની અપેક્ષાએ વિશેષથી સ્વરૂપસંબંધથી સિદ્ધત્વપ્રકારક સુખત્વાવચ્છિન્નવિશેષ્યતાક જ્ઞાનનું જ લઘુપણું છે. (એથી સંબંધની ઉપસ્થિતિમાં લાઘવ હોવાના કારણે સુખત્વેન ઇચ્છા પ્રતિ સુખત્વેન સિદ્ધત્વજ્ઞાનને પ્રતિબંધક માનવું ઉચિત છે.)

**ભાવાર્થ :-** કોઇ વ્યક્તિને પૂરોવર્તી પદાર્થવિષયક સુખ મને સિદ્ધ છે તેવું જ્ઞાન થાય છે ત્યારે, સિદ્ધત્વવિશિષ્ટ એવું આ સુખ છે તેવો શાબ્દબોધ થાય છે, તેથી તે જ્ઞાનમાં સિદ્ધત્વ પ્રકારરૂપે ભાસે છે. અને તે જ્ઞાનમાં વિશેષ્યરૂપે ભાસમાન જે સુખ છે તેમાં જે વિશેષ્યતા છે તે સુખત્વાવચ્છિન્ન છે, તેથી તે જ્ઞાનનો આકાર સિદ્ધત્વપ્રકારક સુખત્વાવચ્છિન્ન વિશેષ્યતાક પ્રાપ્ત થાય છે.

આ જ્ઞાનમાં સિદ્ધત્વવિશિષ્ટ એવું જે સુખ છે ત્યાં સિદ્ધત્વથી વિશિષ્ટ સુખ કયા સંબંધથી પ્રાપ્ત થયું? એવી આકાંક્ષા થાય છે. તેથી તે બંને વચ્ચે સ્વરૂપસંબંધ પ્રાપ્ત થાય છે. પરંતુ સિદ્ધાંતપક્ષે જે અવચ્છેદકાવચ્છેદેન સિદ્ધત્વજ્ઞાનને પ્રતિબંધક કહેલ છે, ત્યાં સુખત્વવ્યાપકસિદ્ધત્વીય સ્વરૂપસંબંધ પ્રાપ્ત થશે; અને પૂર્વપક્ષીએ જે સુખત્વેન ઇચ્છા પ્રતિ સુખત્વેન સિદ્ધત્વજ્ઞાન પ્રતિબંધક કહ્યું, ત્યાં વિશેષથી સ્વરૂપસંબંધ પ્રાપ્ત થશે; જે સિદ્ધાંતકારના સ્વરૂપસંબંધ કરતાં લઘુભૂત સ્વરૂપસંબંધ છે એમ પૂર્વપક્ષીનું કહેવું છે.

અહીં સિદ્ધાંતકારના મતમાં સુખત્વવ્યાપકસિદ્ધત્વીય સ્વરૂપસંબંધ કહ્યો, તેનું તાત્પર્ય એ છે કે, જે સુખ સિદ્ધ હોય તે સુખમાં સિદ્ધત્વ હોય છે, તેથી સિદ્ધત્વવિશિષ્ટ સુખ બને છે. અને આ સિદ્ધત્વ અને સુખ વચ્ચેનો સંબંધ ઉભય સ્વરૂપ છે, તેથી સ્વરૂપસંબંધથી સિદ્ધત્વવિશિષ્ટ તે સુખ છે. પરંતુ સિદ્ધાંતપક્ષે અવચ્છેદકાવચ્છેદેન

સિદ્ધત્વજ્ઞાનને પ્રતિબંધક માન્યું ત્યારે, તેમના પક્ષમાં પ્રતિબંધક એવા જ્ઞાનની ઉપસ્થિતિ જે સ્વરૂપસંબંધથી કરવાની છે, ત્યાં તે સિદ્ધત્વજ્ઞાન સુખત્વની સાથે વ્યાપક છે તે બતાવવું આવશ્યક છે; કેમ કે સિદ્ધાંતકારે સુખત્વાવચ્છેદેન સિદ્ધત્વજ્ઞાનને પ્રતિબંધક માનેલ છે. તેથી યાવત્ સુખો સિદ્ધ થાય ત્યારે જ તે પ્રતિબંધક બને. આ રીતે સિદ્ધાંતકારના મતે સુખત્વવ્યાપકસિદ્ધત્વીય સ્વરૂપસંબંધથી સિદ્ધત્વવિશિષ્ટ સુખનું જ્ઞાન ઇચ્છા પ્રત્યે પ્રતિબંધક છે.

વળી પૂર્વપક્ષીએ સુખત્વેન ઇચ્છા પ્રતિ સુખત્વેન સિદ્ધત્વજ્ઞાનને પ્રતિબંધક તરીકે સ્વીકારેલ છે ,ત્યાં વિશેષથી સ્વરૂપસંબંધ વડે સિદ્ધત્વપ્રકારક સુખત્વાવચ્છિન્ન વિશેષ્યતાક જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. તેથી ત્યાં સિદ્ધત્વવિશિષ્ટ સુખનો સંબંધ વિશેષથી સ્વરૂપસંબંધ છે એમ કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે, સિદ્ધત્વવિશિષ્ટ સુખની વચ્ચે જે સંબંધ છે તે સિદ્ધત્વ અને સુખ ઉભય સ્વરૂપ છે, અને તે સ્વરૂપસંબંધની ઉપસ્થિતિ વિશેષથી કરવી પડે છે. તે આ રીતે- સિદ્ધત્વત્વેન સિદ્ધત્વની ઉપસ્થિતિ અને સુખત્વેન સુખની ઉપસ્થિતિ કરવી પડે છે, માટે વિશેષથી સ્વરૂપસંબંધ માનવામાં લાઘવ પ્રાપ્ત થાય છે, એમ પૂર્વપક્ષીનું કહેવું છે.

અહીં વિશેષથી સ્વરૂપસંબંધની ઉપસ્થિતિ કહી ત્યાં વિશેષથી એટલા માટે કહેલ છે કે, સિદ્ધત્વની ઉપસ્થિતિ સિદ્ધત્વપ્રકારક કરવાની છે અન્યરૂપે નહિ, અને સુખની ઉપસ્થિતિ સુખત્વપ્રકારક કરવાની છે, જીવપર્યાયત્વેન નથી કરવાની, તેથી સ્વરૂપસંબંધ ઉભયસ્વરૂપ જ પ્રાપ્ત થાય છે. જ્યારે સિદ્ધાંતપક્ષમાં સંબંધની કુક્ષિમાં સુખત્વવ્યાપકસિદ્ધત્વીય સ્વરૂપસંબંધ માનવો પડે છે, તેથી ગૌરવદોષ પ્રાપ્ત થાય છે; અને પૂર્વપક્ષીના કથનમાં સ્વરૂપસંબંધ માનવો પડે છે, તેથી લાઘવ પ્રાપ્ત થાય છે.

**ઉત્થાન :-** આ રીતે '**अथ**'થી પૂર્વપક્ષીએ એ સ્થાપન કર્યું કે, અવચ્છેદકાવચ્છેદેન સિદ્ધત્વજ્ઞાનને પ્રતિબંધક માનવું ઉચિત નથી, પરંતુ સુખત્વેન સિદ્ધત્વજ્ઞાનને સુખની ઇચ્છા પ્રતિ પ્રતિબંધક માનવું ઉચિત છે; અને આ રીતે પ્રતિબંધક સ્વીકારવામાં કોઇ અધિકરણમાં સિદ્ધત્વજ્ઞાન થઇ જાય ત્યાં ફરી ઇચ્છા થવી જોઇએ નહિ, પરંતુ થાય છે તે અનુભવસિદ્ધ છે. તે આપત્તિના નિવારણ માટે પૂર્વપક્ષી કહે છે-

**ટીકા :- न चैवं सामानाधिकरण्येन सिद्धत्वज्ञानोत्तरं सामानाधिकरण्येनेच्छापलापः, अनन्यगत्या सुखजनकादृष्टविशेषस्योत्तेजकत्वस्वीकारात् । एवं च प्रोषितस्यापि मृतकान्तावलोकनेच्छाप्रतिबन्धके तत्कान्तावलोकनत्वेन सिद्धत्वज्ञाने कान्तामरणज्ञानाभावादिकमुत्तेजकं वाच्यम् । न चैवं गौरवम्, व्यापकत्वनिवेशापेक्षयोत्तेजकनिवेशे लाघवात्, अन्यथा विशेषदर्शिनः सामान्येच्छाऽविच्छेदप्रसङ्गाच्चेति चेत्? न, एवं सत्युत्तेजकत्वाभिमतादृष्टक्षयस्यैव सामान्येच्छाविच्छेदकत्वौचित्यात्। वस्तुतस्तु विशेषदर्शिनः सिद्धत्वज्ञानकृतः सामान्येच्छाविच्छेदो नास्त्येव, किन्तु सुखे संसारदुःखानुबन्धित्वज्ञानाद् द्वेषकृत एव सः । अत एवोक्तं-** [1] न जातु कामः कामानामुपभोगेन शाम्यति इति । **अत एव संसारसुखमात्र एव द्वेषे विशेषेच्छापि विरक्तस्य विच्छिद्यते । यत्र तु बलवद्दुःखानुबन्धित्वं न ज्ञातं प्रत्युत तदननुबन्धित्वमेव ज्ञातं तत्र मोक्षसुखे द्वेषाभावान्मुमुक्षोरिच्छा न विच्छिद्यते, प्रत्युत समेधते, सामग्रीसत्त्वादिति ।**

१. अस्योत्तरार्धः - हविषा कृष्णवर्त्मेव पुनरेव प्रवर्धते । [ नारदपरिव्राजकोपनिषद् ३/३७]

**ટીકાર્થ :- 'न चैवं'** - અને આ રીતે=સુખત્વેન ઇચ્છા પ્રતિ સુખત્વેન સિદ્ધત્વજ્ઞાન પ્રતિબંધક છે એમ કહ્યું એ રીતે, સામાનાધિકરણ્યથી સિદ્ધત્વજ્ઞાનની ઉત્તરમાં સામાનાધિકરણ્યથી ઇચ્છાના અપલાપનો પ્રસંગ આવશે એમ ન કહેવું, કેમ કે અનન્યગતિથી=બીજો કોઇ ઉપાય નહિ હોવાથી, સુખજનકઅદૃષ્ટવિશેષનું ઉત્તેજકપણારૂપે સ્વીકાર છે, તેથી સામાનાધિકરણ્યથી સિદ્ધત્વજ્ઞાનની ઉત્તરમાં સામાનાધિકરણ્યથી ઇચ્છાના અપલાપનો પ્રસંગ નહિ આવે.

**ભાવાર્થ :-** આ રીતે એક જ વસ્તુવિષયક ઉપભોગ પછી સિદ્ધત્વજ્ઞાન થવાના કારણે ફરી તે વસ્તુની ઇચ્છા થવી જોઇએ નહિ, કેમ કે સુખત્વેન સિદ્ધત્વજ્ઞાન પ્રતિબંધક હોવાના કારણે ફરી ઇચ્છા થવી જોઇએ નહિ; અને તે વસ્તુની ફરીથી ઇચ્છા થાય છે, તે સર્વ અનુભવિક હોવાથી પૂર્વપક્ષીને ફરીથી ઇચ્છા થઈ તેના અપલાપનો પ્રસંગ પ્રાપ્ત થાય છે. તેનું નિવારણ પૂર્વપક્ષી ઉત્તેજકની કલ્પનાથી કરે છે, તે આ રીતે- યદ્યપિ એક વસ્તુમાં સુખની સિદ્ધિ પછી ત્યાં સિદ્ધત્વજ્ઞાન થવાના કારણે ફરી ઇચ્છા થઇ શકે નહિ, પરંતુ ઇચ્છા થાય છે; તેથી તેના નિવારણનો બીજો કોઇ ઉપાય નથી, તેથી અવશ્ય માનવું પડશે કે, ફરીથી ઇચ્છા થાય છે તેમાં તદ્વિષયક સુખનો જનક અદૃષ્ટવિશેષ તે વ્યક્તિનું છે, જે પ્રતિબંધકની હાજરી હોવા છતાં ઉત્તેજકરૂપે થઇને ઇચ્છા પેદા કરે છે.

**ઉત્થાન :-** આ રીતે પૂર્વપક્ષીએ ઉત્તેજક તરીકે સુખજનક અદૃષ્ટવિશેષની કલ્પના કરી, ત્યાં પ્રાપ્ત થતી અન્ય આપત્તિનું નિવારણ કરતાં પૂર્વપક્ષી કહે છે-

**ટીકાર્થ :- 'एवं च'** - અને આ રીતે=અનન્યગતિથી સુખજનક અદૃષ્ટવિશેષનો ઉત્તેજકરૂપે સ્વીકાર કર્યો એ રીતે, પરદેશ ગયેલા પુરુષને પણ મૃત કાંતાના અવલોકનની ઇચ્છાનું પ્રતિબંધક તત્કાંતાઅવલોકનત્વેન સિદ્ધત્વજ્ઞાન હોતે છતે કાંતામરણજ્ઞાનાભાવાદિક ઉત્તેજકરૂપે કહેવા જોઇએ.

ૐ અહીં '**कान्तामरणज्ञानाभावादिक**' કહ્યું ત્યાં '**आदि**'થી ગાઢ રાગ ઉત્તેજક સમજવો.

**ભાવાર્થ :-** પરદેશ ગયેલા પુરુષને પણ મૃત કાંતાના અવલોકનની ઇચ્છાનું પ્રતિબંધક એવું તત્કાંતાઅવલોકનત્વેન સિદ્ધત્વજ્ઞાન છે, તેથી ફરીથી તે કાંતાઅવલોકનત્વની ઇચ્છા થઇ શકે નહિ, અને તે કાંતાના અવલોકનથી થનારું સુખ પણ સંભવી શકે નહિ; કેમ કે સુખજનક અદૃષ્ટવિશેષનો ઉત્તેજક તરીકે સ્વીકાર કર્યો એટલે તે અદૃષ્ટથી કાંતાના અવલોકનના સુખની પ્રાપ્તિ થવી જોઇએ, પરંતુ કાંતા મૃત હોવાને કારણે તે અસંભવિત છે. આમ છતાં કાંતાઅવલોકનની જે ઇચ્છા થાય છે ત્યાં ઉત્તેજક કાંતાના મરણના જ્ઞાનનો અભાવ છે.

કહેવાનો આશય એ છે કે, પરદેશ ગયેલા પુરુષને કાંતામરણના સમાચાર મળ્યા નથી, તેથી કાંતામરણના જ્ઞાનના અભાવરૂપ ઉત્તેજકને કારણે ફરી તેને કાંતાઅવલોકનની ઇચ્છા થાય છે. અને કોઇક પુરુષને પૂર્વમાં કાંતાનું અવલોકન થયેલ છે અને કાંતામરણના સમાચાર પણ મળી ગયા છે, તેથી ફરી કાંતાઅવલોકનની ઇચ્છા થવી જોઇએ નહિ; અને કાંતા મૃત્યુ પામી છે તેથી કાંતાના સુખજનક અદૃષ્ટવિશેષ પણ ત્યાં ઉત્તેજક નથી, અને કાંતામરણના જ્ઞાનાભાવરૂપ પણ ઉત્તેજક નથી, કેમ કે કાંતામરણનું જ્ઞાન તે વ્યક્તિને થઇ ગયું છે; આમ છતાં વારંવાર કાંતાઅવલોકનની ઇચ્છા થાય છે, તેવા સ્થળમાં કાંતા પ્રત્યેનો ગાઢ રાગ ઉત્તેજક છે. તેથી ત્રણ પ્રકારના ઉત્તેજકની

કલ્પનાથી સુખત્વાવચ્છેદેન ઇચ્છા પ્રતિ સુખત્વેન સિદ્ધત્વજ્ઞાનને પ્રતિબંધક માનવામાં કોઇ દોષ નથી, અને સ્વપક્ષમાં સંબંધકૃત લાઘવ છે, તેથી સુખત્વાવચ્છેદેન સિદ્ધત્વજ્ઞાનને માનવું ઉચિત નથી. એ પ્રમાણે પૂર્વપક્ષીને કહેવું છે.

વળી પૂર્વપક્ષી પોતાની વાતને પુષ્ટ કરતાં કહે છે-

**ટીકાર્થ :- 'न चैवं'** - અને આ રીતે=તત્કાંતાઅવલોકનત્વેન સિદ્ધત્વજ્ઞાન મૃત કાંતાના અવલોકનની ઇચ્છાનું પ્રતિબંધક હોવા છતાં આપત્તિના નિવારણ માટે ઉત્તેજકની કલ્પના કરી એ રીતે, ગૌરવ છે એમ ન કહેવું. કેમ કે વ્યાપકત્વના નિવેશની અપેક્ષાએ ઉત્તેજકના નિવેશમાં લાઘવ છે.

**ભાવાર્થ :-** પૂર્વપક્ષીએ ઉત્તેજકની કલ્પના કરી ત્યાં કોઇક તેને ગૌરવની આપત્તિ આપશે એવી સંભાવનાથી તે કહે છે આ રીતે ગૌરવ છે એમ ન કહેવું. કેમ કે સુખત્વાવચ્છેદેન સિદ્ધત્વજ્ઞાન માનવામાં સંબંધની કુક્ષિમાં સુખત્વવ્યાપકસિદ્ધત્વીયસ્વરૂપસંબંધ માનવો પડે છે; તે રૂપ ગૌરવની અપેક્ષાએ સુખત્વેન ઇચ્છા પ્રત્યે સુખત્વેન સિદ્ધત્વજ્ઞાનને પ્રતિબંધક માનીને જે સ્થળમાં દોષ આવે છે તે સ્થળમાં ઉત્તેજકને સ્વીકારવામાં લાઘવ છે. તેથી ઉત્તેજકનો સ્વીકાર કરવો ઉચિત છે.

**ટીકાર્થ :- 'अन्यथा'** - અને અન્યથા=સુખત્વેન ઇચ્છા પ્રતિ સુખત્વેન સિદ્ધત્વજ્ઞાનને પ્રતિબંધક ન માનો, અને અવચ્છેદકાવચ્છેદેન સિદ્ધત્વજ્ઞાનને પ્રતિબંધક માનો તો, વિશેષદર્શીને સામાન્ય ઇચ્છાના અવિચ્છેદનો પ્રસંગ પ્રાપ્ત થશે.

**ભાવાર્થ :-** પૂર્વપક્ષીને કહેવાનું તાત્પર્ય એ છે કે, વિશેષદર્શીને યાવદ્ આશ્રયી સિદ્ધત્વજ્ઞાન થાય તો જ સામાન્ય ઇચ્છાનો વિચ્છેદ સંભવે, પરંતુ જગતના તમામ ભોગ્ય પદાર્થોની કોઇ પણ વ્યક્તિને પ્રાપ્તિ થવી અસંભવિત છે, તેથી વિશેષદર્શીને સુખસામાન્યની ઇચ્છાનો અવિચ્છેદ પ્રાપ્ત થવો જોઇએ; પરંતુ કોઇક વ્યક્તિને સામાન્ય ઇચ્છાનો વિચ્છેદ દેખાય છે, તેથી તેમ માનવું જ ઉચિત છે કે સુખત્વેન ઇચ્છા પ્રતિ સુખત્વેન સિદ્ધત્વજ્ઞાન પ્રતિબંધક છે; અને સિદ્ધત્વજ્ઞાનના સામાન્ય અધિકરણમાં જે ઇચ્છા થાય છે તેના પ્રતિ ઉત્તેજકને સ્વીકારીને સંગતિ કરવી ઉચિત છે. એ પ્રકારે પૂર્વપક્ષીનો આશય છે.

પૂર્વમાં '**अथ**' થી **इति चेत्**' સુધી પૂર્વપક્ષીએ જે સ્થાપન કર્યું તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે-

**ટીકાર્થ :- 'न, एवं'** - એ પ્રમાણે ન કહેવું, કેમ કે આમ હોતે છતે=પૂર્વપક્ષીએ સ્થાપન કર્યું કે સુખત્વેન ઇચ્છા પ્રતિ સુખત્વેન સિદ્ધત્વજ્ઞાન જ પ્રતિબંધક છે, અને કોઇ વ્યક્તિને એક વસ્તુમાં સિદ્ધત્વજ્ઞાન થયા પછી ફરી તે જ વસ્તુમાં ઇચ્છા થાય છે ત્યાં, સુખજનક અદૃષ્ટવિશેષને ઉત્તેજકરૂપે પૂર્વપક્ષીએ સ્થાપન કર્યું એમ હોતે છતે, ઉત્તેજકત્વરૂપે અભિમત અદૃષ્ટક્ષયનું જ સામાન્યઇચ્છાવિચ્છેદત્વ ઉચિત છે.

**'वस्तुतः'** - વળી હકીકતમાં તો વિશેષદર્શીને સિદ્ધત્વજ્ઞાનકૃત સામાન્ય ઇચ્છાનો વિચ્છેદ થતો નથી જ, પરંતુ સુખમાં સંસારદુઃખાનુબંધિત્વજ્ઞાનથી દ્વેષકૃત જ તે=સામાન્ય ઇચ્છાનો વિચ્છેદ, છે.

**'अत एवोक्तं'** - આથી કરીને જ કહ્યું છે- કામ કામોના ઉપભોગથી શાંત થતો નથી.

❀ **'इति'** શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

**ભાવાર્થ :-** સિદ્ધાંતકારને એ કહેવું છે કે, પૂર્વપક્ષીએ પ્રથમ સિદ્ધત્વજ્ઞાનને પ્રતિબંધક માન્યું, અને જે સ્થાનમાં સિદ્ધત્વજ્ઞાન હોય છે તે જ સ્થાનમાં ફરી ઇચ્છા થાય છે તેની સંગતિ કરવા માટે, ફરી તે સુખ ભોગવવાના કારણીભૂત એવા અદૃષ્ટવિશેષને ઉત્તેજકરૂપે સ્વીકાર્યું. તેને ગ્રંથકાર કહે છે કે, એમ માનવા કરતાં પૂર્વપક્ષીને ઉત્તેજકરૂપે અભિમત એવું અદૃષ્ટવિશેષ છે તેને જ ઇચ્છા પ્રતિ કારણ માનવું, અને તે અદૃષ્ટના ક્ષયને જ સામાન્ય ઇચ્છાના વિચ્છેદનું કારણ માનવું ઉચિત છે. કેમ કે પ્રથમ પ્રતિબંધકની કલ્પના કરવી અને પછી ઉત્તેજકની કલ્પના કરવી, તેના કરતાં સુખજનક એવું જે ચારિત્રમોહનીયકર્મરૂપ અદૃષ્ટ તે જ સંસારના સુખોની ઇચ્છા પેદા કરે છે, અને જે લોકોને તે ચારિત્રમોહનીયરૂપ અદૃષ્ટ નથી તે લોકોને સુખની સામાન્ય ઇચ્છાનો વિચ્છેદ થાય છે, તેમ માનવું એ જ ઉચિત છે.

વળી '**वस्तुतः**'થી એ કહેવું છે કે, અંતરંગ ચારિત્રમોહનીયરૂપ અદૃષ્ટ બધાને સ્વાભાવિક રીતે નાશ થતું નથી, પરંતુ પ્રયત્નથી નાશ થાય છે. અને તે નાશ કયા પ્રકારના પ્રયત્નથી થાય તે બતાવતાં '**वस्तुतः**'થી કહે છે કે, વિશેષદર્શી જીવોને સિદ્ધત્વજ્ઞાનકૃત સામાન્ય ઇચ્છાનો વિચ્છેદ થતો નથી, અને સમતાની ભૂમિકાની પૂર્વના જીવો બાહ્યપદાર્થમાં હંમેશાં વિશેષને જોનારા હોય છે, તેથી જ ગમે તેટલાં ભૌતિકસુખો તેમને સિદ્ધ થવા છતાં સુખની સામાન્ય ઇચ્છાનો વિચ્છેદ તેમને થઇ શકે નહિ, પરંતુ અન્ય અન્ય સુખની ઇચ્છા તેમને થયા જ કરશે. આમ છતાં, જ્યારે શાસ્ત્રનાં વચનોથી કે ઉપદેશ આદિથી તેઓને જ્ઞાન થાય છે કે, આ સંસારનું સુખ સંસારના પરિભ્રમણરૂપ દુઃખના અનુબંધવાળું છે, ત્યારે તે સુખમાં સંસારના પરિભ્રમણરૂપ દુઃખાનુબંધિત્વનું જ્ઞાન થવાથી તે સુખો પ્રત્યે દ્વેષ ઉત્પન્ન થાય છે, અને તે દ્વેષને કારણે સંસારના સુખમાત્રની ઇચ્છાનો વિચ્છેદ થઇ શકે છે. અને તેની જ પુષ્ટિ કરતાં કહે છે કે, આથી કરીને જ કહ્યું છે કે- કામ કામના ઉપભોગથી શાંત થતો નથી. અર્થાત્ જો કામ કામના ઉપભોગથી શાંત થતો હોય તો એમ સ્વીકારી શકાય કે, સુખોમાં સિદ્ધત્વજ્ઞાન થાય છે તેથી સુખની ઇચ્છાનો વિચ્છેદ થાય છે; પરંતુ કામ કામના ઉપભોગથી શાંત થતો નથી એમ કહ્યું છે, એ જ બતાવે છે કે, ઇચ્છાના વિચ્છેદ પ્રત્યે સિદ્ધત્વજ્ઞાન કારણ નથી, પરંતુ અન્ય કોઇ કારણ છે; અને તે સંસારના સુખમાં દુઃખાનુબંધિત્વના જ્ઞાનને કારણે ઉત્પન્ન થયેલો દ્વેષ છે.

**ટીકાર્થ :-** '**अत एव**' - આથી કરીને જ=સાંસારિક સુખમાં દુઃખાનુબંધિત્વના જ્ઞાનને કારણે દ્વેષકૃત જ ઇચ્છાનો વિચ્છેદ છે આથી કરીને જ, સંસારસુખમાત્રમાં જ દ્વેષ પેદા થયે છતે વિરક્તને વિશેષ ઇચ્છા પણ વિચ્છેદ થાય છે.

**ભાવાર્થ :-** જે વ્યક્તિને સંસારનાં સુખોમાં દ્વેષ થાય છે ત્યારે જે સામાન્ય ઇચ્છાનો વિચ્છેદ થાય છે તે વખતે પણ કોઇક વિશેષ ઇચ્છા હોઇ શકે છે. જેમ વિવેકીને સંસારનાં બધાં સુખો દુઃખફલક છે તેવું જ્ઞાન થવાથી મુખ્યરૂપે સંસારના સુખના સંચયમાં પ્રયત્ન બંધ થાય છે, તો પણ પોતાના દેહની સ્થિતિનિબંધન આવશ્યક જરૂરિયાતથી પ્રાપ્ત એવાં વિશેષસુખો માટેનો યત્ન પ્રવર્તતો હોય છે. પરંતુ જે વ્યક્તિ તત્ત્વનું અવલોકન કરીને અત્યંત વિરક્ત બને છે તે વ્યક્તિને સંસારના સુખમાત્રમાં જ દ્વેષ પેદા થાય છે, તેથી વિશેષ ઇચ્છા પણ ચાલી જાય છે. તેથી મુનિ જે દેહનિર્વાહની પ્રવૃત્તિ કરે છે તે ફક્ત સંયમ અર્થક હોય છે.

**ટીકાર્થ :-** **'यत्र तु'** - જે વળી મોક્ષસુખમાં બલવાન દુઃખાનુબંધિત્વ જ્ઞાત નથી, ઊલટું તદ્અનનુબંધિત્વ=બલવાન દુઃખ અનનુબંધિત્વ જ જ્ઞાત છે, તે મોક્ષસુખમાં દ્વેષનો અભાવ હોવાથી મુમુક્ષુની ઇચ્છાનો વિચ્છેદ થતો નથી, બલ્કે વધે છે. કેમ કે સામગ્રીનું સત્ત્વ છે=ઇષ્ટત્વના જ્ઞાનરૂપ મોક્ષની ઇચ્છાની સામગ્રીનું સત્ત્વ છે.

❀ **'इति'** શબ્દ સિદ્ધાંતકારના કથનની સમાપ્તિ સૂચક છે.

**ભાવાર્થ :-** જીવને સુખની ઇચ્છા રાગદશામાં સદા હોય છે, અને અનાદિકાળથી ભૌતિક પદાર્થોમાં સુખજનકત્વનું જ્ઞાન હોવાથી ત્યાં જ ઇષ્ટસાધનતાનું જ્ઞાન વર્તે છે, અને તજ્જન્ય જે ભૌતિક સુખ છે તેમાં જ ઇષ્ટત્વની બુદ્ધિ હોય છે; પરંતુ જ્યારે વિવેક પ્રાદુર્ભાવ થાય છે ત્યારે, મુમુક્ષુને મોક્ષસુખમાં જ ઇષ્ટત્વની બુદ્ધિ પેદા થાય છે, અને તે આત્મિકસુખ સાંસારિક સુખની જેમ દુઃખાનુબંધી નથી તેવું જ્ઞાન થવાના કારણે આત્મિકસુખમાં દ્વેષ થતો નથી. તેથી જેમ સંસારના સુખમાં વિરક્તને દ્વેષ થાય છે તેમ મોક્ષસુખમાં દ્વેષ થતો નથી, માટે મોક્ષની ઇચ્છાનો વિચ્છેદ થતો નથી બલ્કે તેની ઇચ્છા વધે છે. કેમ કે મોક્ષસુખની ઇચ્છાની વૃદ્ધિની સામગ્રીરૂપે મોક્ષસુખમાં ઇષ્ટત્વનું જ્ઞાન વિદ્યમાન છે.

અહીં વિશેષ એ છે કે, યદ્યપિ જીવ જ્યારે મુમુક્ષુ બને છે ત્યારે મોક્ષમાં ઇષ્ટત્વનું જ્ઞાન હોય જ છે, પરંતુ ઇષ્ટત્વના જ્ઞાનને કારણે તેના ઉપાયમાં જેમ જેમ જીવ યત્ન કરે છે, તેમ તેમ ઉપશમભાવના સુખનો અનુભવ તેને થાય છે. તેથી પરાકોટિના ઉપશમભાવરૂપ પરિપૂર્ણ નિષ્કલઅવસ્થારૂપ એવું જે મોક્ષસુખ છે, તેનું સ્પષ્ટ સ્પષ્ટતર જ્ઞાન તેને થાય છે, અને તે જ્ઞાન મોક્ષસુખની ઇચ્છાની વૃદ્ધિ પ્રતિ સામગ્રીરૂપ છે. તેથી પ્રથમ જ્યારે જીવ મુમુક્ષુ બને છે ત્યારે મોક્ષમાં ઇષ્ટત્વનું જ્ઞાન હોવા છતાં, પાછળથી મોક્ષના સુખની ઇચ્છા બલવાન બલવાનતર બનતી જાય છે.

## 'अथ थी सामग्रीसत्त्वादिति' સુધીના કથનનો સંક્ષિપ્ત સારાંશ

પૂર્વપક્ષીને એ સ્થાપન કરવું છે કે, ભોગસુખોનો અનુભવ થયા પછી સિદ્ધત્વજ્ઞાન થાય છે, અને જ્યારે ભોગોને ભોગવ્યા પછી પોતાની ઇચ્છા સંતોષાય તે ભૂમિકાનું સિદ્ધત્વજ્ઞાન થાય, ત્યારે સુખત્વેન સિદ્ધત્વજ્ઞાન પ્રગટ થાય છે, તેથી સુખની ઇચ્છા થતી નથી. આ પ્રકારે પ્રતિબધ્ય-પ્રતિબંધકભાવ માનવામાં લાઘવ છે. અને સિદ્ધાંતકારે પૂર્વમાં સ્થાપન કર્યું કે, સુખત્વાવચ્છેદેન સિદ્ધત્વજ્ઞાન એ ઇચ્છાનો પ્રતિબંધક છે એમ માનવામાં ગૌરવ છે. અને સિદ્ધાંતકારે સુખત્વાવચ્છેદેન સિદ્ધત્વજ્ઞાનને ઇચ્છાનું પ્રતિબંધક કહ્યું ત્યાં સિદ્ધાંતકારનો એ આશય છે કે, જ્યારે જીવને આત્મભાવમાં જ સુખ દેખાય અને બાહ્ય ભાવોમાં સુખ નથી તેવું દેખાય, ત્યારે સુખત્વાવચ્છેદેન સિદ્ધત્વજ્ઞાન થઇ શકે. તો પણ પૂર્વપક્ષી સ્થૂલદષ્ટિથી જોઇને કહે છે કે, સુખત્વાવચ્છેદેન સિદ્ધત્વજ્ઞાન ત્યારે જ સંભવે કે, જગતનાં તમામ સુખો પોતાને પ્રાપ્ત થઇ જાય. કોઇ જીવને સર્વ સુખો પ્રાપ્ત થઇ જાય તે સંભવે નહિ એમ કહીને પૂર્વપક્ષીને એ કહેવું છે કે, સુખત્વેન સિદ્ધત્વજ્ઞાનને પ્રતિબંધક માનવું એ જ ઉચિત છે; અને તેમ માનવામાં લાઘવ બતાવ્યા પછી જે સ્થાનમાં આપત્તિ આવે છે તે સ્થાનનું નિવારણ પૂર્વપક્ષી ઉત્તેજકની કલ્પનાથી કરે છે. તે આ રીતે-

જેમ કોઇ વ્યક્તિને એક જ વસ્તુમાં સિદ્ધત્વજ્ઞાન વિદ્યમાન હોય ત્યાં જ ફરી તેને ઉપભોગની ઇચ્છા થાય છે, તેવા સ્થાનમાં, ફરી તે ઉપભોગજનક અદષ્ટવિશેષને ઉત્તેજકરૂપે સ્વીકારીને પૂર્વપક્ષી સંગતિ કરે છે; અને જેની કાંતા મૃત્યુ પામી હોય તેવી વ્યક્તિને ફરી તેવું અદષ્ટ ઉત્તેજકરૂપે સ્વીકારી શકાય નહિ, કેમ કે ફરી કાંતાના અવલોકનજન્ય સુખ તેને પ્રાપ્ત થઇ શકે તેમ નથી, તેથી ત્યાં સુખજનક અદષ્ટ તેનું નથી, ત્યાં કાંતામરણના જ્ઞાનાભાવને ઉત્તેજક તરીકેસ્વીકારીને સંગતિ કરે છે. અને વળી કોઇ વ્યક્તિને કાંતામરણનું જ્ઞાન પણ હોય, છતાં ફરી કાંતાના અવલોકનની

ઇચ્છા થાય છે, ત્યાં કાંતા પ્રત્યેનો ગાઢ રાગ ઉત્તેજક તરીકે સ્વીકારીને તેની સંગતિ કરે છે. આમ કરવાથી એ પ્રાપ્ત થયું કે, જે વ્યક્તિને ભોગો ભોગવવાથી બધાં સુખો મને સિદ્ધ થઇ ગયાં છે તેવું જ્ઞાન થાય છે, તે વ્યક્તિને ફરી સુખની ઇચ્છા થતી નથી; અને ભોગો ભોગવ્યા પછી ફરી સુખની ઇચ્છા થાય, ત્યાં તે સુખ ભોગવવાનું કર્મવિશેષ ઉત્તેજક છે, અને જે વ્યક્તિને ફરી ઇચ્છા થતી નથી તેને કર્મવિશેષ નથી તેથી ઇચ્છા થતી નથી.

પૂર્વપક્ષીના આ કથનના નિરાકરણરૂપે સિદ્ધાંતકાર કહે છે કે, આ રીતે પ્રથમ સિદ્ધત્વજ્ઞાનને પ્રતિબંધક માનવું, અને પછી સિદ્ધત્વજ્ઞાન હોવા છતાં ફરી ઇચ્છા થાય છે ત્યાં સુખજનક અદૃષ્ટવિશેષને ઉત્તેજક માનવું, તેના કરતાં સર્વત્ર એમ માનવું જ ઉચિત છે કે, ભોગસુખજનક અદૃષ્ટવિશેષ છે તે ઇચ્છાનો જનક છે, અને તેવું અદૃષ્ટ જેનું ક્ષય પામેલું છે તેને ઇચ્છાનો વિચ્છેદ થઇ જાય છે. તેથી જે વ્યક્તિએ સંસારનાં સુખો ભોગવ્યાં નથી, તે વ્યક્તિને પણ ભોગજનક અદૃષ્ટના ક્ષયથી સામાન્ય ઇચ્છાનો વિચ્છેદ થઇ શકે છે, અને જે લોકોએ સંસારનાં સુખો પ્રચુર રીતે ભોગવ્યાં છે, તેઓને પણ તે કર્મના ઉદયથી ઇચ્છા થાય છે; તેમ માની લેવાથી પ્રતિબંધક અને ઉત્તેજકની કલ્પના કરવાની જરૂર રહેતી નથી.

આ રીતે ભોગકર્મના ઉદયથી ભોગની ઇચ્છા અને ભોગકર્મના ક્ષયથી સામાન્ય ઇચ્છાનો વિચ્છેદ સ્થાપન કર્યો, તે અંતરંગ કારણના અભાવથી ઇચ્છાનો વિચ્છેદ સ્વીકારવારૂપ છે; પરંતુ બાહ્ય અનુભવરૂપે ઇચ્છાનો વિચ્છેદ કઇ રીતે થાય છે તે બતાવવા અર્થે '**वस्तुतः**'થી સિદ્ધાંતકાર કહે છે કે, સામાન્ય ઇચ્છાનો વિચ્છેદ જેમને સમતાનો પરિણામ હોય છે તેમને હોય છે, કેમ કે સમતાના પરિણામવાળા જીવો સામાન્યદર્શી હોય છે. પરંતુ સમતાની ભૂમિકાની પૂર્વમાં જીવો વિશેષદર્શી હોય છે, તેથી જ ઘણા પદાર્થોનો ભોગ કર્યા પછી પણ અન્ય અન્ય પદાર્થમાં તેમને ઇચ્છા થાય છે. માટે વિશેષદર્શીને સંસારના સુખમાં સિદ્ધત્વજ્ઞાન થાય તો પણ સામાન્ય ઇચ્છાનો વિચ્છેદ થઇ શકે નહિ, પરંતુ ઉપદેશાદિની સામગ્રીને પામીને સંસારના સુખમાં સંસારના પરિભ્રમણરૂપ દુઃખાનુબંધિત્વનું જ્ઞાન થાય તો તે સુખો પ્રત્યે દ્વેષ થાય છે, તેથી સંસારનાં સુખોની ઇચ્છાનો સામાન્યથી વિચ્છેદ થાય છે. આ રીતે જ્યારે સંસારનાં સુખો પ્રત્યેના દ્વેષને કારણે ઇચ્છાનો વિચ્છેદ થાય છે, ત્યારે અંતરંગરીતે ભોગજનક અદૃષ્ટનો ક્ષય પણ થાય છે; પરંતુ તે ક્ષય પ્રત્યે સંસારનાં સુખો પ્રત્યેનો દ્વેષ કારણ બને છે, તેથી ઇચ્છાનો વિચ્છેદ થાય છે.

વળી મોક્ષસુખમાં દુઃખઅનનુબંધિત્વનું જ્ઞાન ઉપદેશથી પ્રગટે છે, તેથી મોક્ષની ઇચ્છાનો વિચ્છેદ થતો નથી; અને પોતે વિશેષદર્શી હોવાને કારણે દુઃખઅનનુબંધી એવાં સુખો પ્રત્યે તેને ઇચ્છા પ્રગટે છે, અને જેમ જેમ વૈરાગ્યમાં યત્ન કરે છે તેમ તેમ આત્મિકસુખ અનુભૂત થાય છે, તેથી મોક્ષની ઇચ્છા વધે છે. આ રીતે મોક્ષની ઇચ્છા પ્રકૃષ્ટ બન્યા પછી અંતે સર્વ પદાર્થો પ્રત્યે સમતા પ્રગટે છે ત્યારે, મુનિને ઇચ્છાનો પણ વિચ્છેદ થાય છે. તેથી સંસાર અવસ્થામાં જ આંશિક રીતે સાક્ષાત્ મોક્ષસુખનો અનુભવ તેમને થાય છે.

**ટીકા :- स्यादेतत्-विजातीयसुखत्वावच्छेदेन सिद्धजातीयत्वज्ञानमेव विजातीयसुखत्वेनेच्छाप्रतिबन्धकं, न चाऽविरक्तस्य संसारसुखे सिद्धजातीयत्वं वस्तुसदपि भासते, मोहनीयकर्मदोषमहिम्ना भाविनि सुखे नियमतः सिद्धसुखवैलक्षण्यस्यैवोपस्थितेः । तदुक्तं-**

[१] पत्ता य कामभोगा कालमणंतं इहं सउवभोगा । अपुव्वं पि व मन्नइ तहवि य जीवो मणे सुक्खं ॥[ **उपदेशमाला-२०२ ] अत्रापूर्वपदमपूर्वजातीयपरं, अन्यथा भाविनः सुखस्य वस्तुतोऽपूर्वत्वादिनार्थानुपपत्तिः, एवं**

१. प्राप्ताश्च कामभोगाः कालमनन्तमिह सोपभोगाः । अपूर्वमिव मन्यते तथापि च जीवो मनसि सौख्यम् ॥

**चोक्तकर्मदोषविलयेन विजातीयसुखत्वावच्छेदेन सिद्धजातीयत्वज्ञानादेव संसारसुखेच्छाविच्छेद इति । मैवम्, सिद्धसुखे बलवद्दु:खानुबन्धित्वज्ञानात् तज्जातीयत्वज्ञानस्य द्वेषहेतुतज्ज्ञानप्रयोजकत्वात्, तद्धि ( ? तेन हि ) सामग्रीप्रतिपादनेन फलतः संसारसुखेच्छाविच्छेदहेतुद्वेषसामग्रीवैकल्यस्यैव प्रतिपादनात् । अत एव-**

[1]जाणिज्जइ चिंतिज्जइ जम्मजरामरणसंभवं दु:क्खं । ण य विसएसु विरज्जइ अहो सुबद्धो कवडगंठि ॥ [उपदेशमाला-२०४]

**इत्यनेन दोषमहिम्ना संसारसुखे द्वेषहेतुबलवद्दु:खानुबन्धित्वज्ञानवैकल्यमेवोक्तम्, अत एव च-**

[2] जाणेइ जह मरिज्जइ अमरंतं पि हु जरा विणासेइ । ण य उव्विग्गो लोगो अहो रहस्सं सुणिम्मायं ॥[उपदेशमाला-२०५] **इत्यनेनैतदेव विवृतम् ।**

**टीકાર્થ :-** '**स्यादेतत्**' અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, વિજાતીયસુખત્વાવચ્છેદેન સિદ્ધજાતીયત્વજ્ઞાન જ વિજાતીયસુખત્વેન ઇચ્છાનું પ્રતિબંધક છે.

**ઉત્થાન :-** આ રીતે પ્રતિબધ્ય-પ્રતિબંધકભાવ સ્વીકારવામાં પૂર્વપક્ષીને આવતા દોષના નિવારણ માટે '**न च**'થી કહે છે-

**ટીકાર્થ :-** '**न च**' - અને અવિરક્તને સંસારસુખમાં સિદ્ધજાતીયત્વ વસ્તુરૂપે રહેલું હોવા છતાં ભાસતું નથી, કેમ કે મોહનીયકર્મના દોષના મહિમાથી ભાવિસુખમાં નિયમથી સિદ્ધસુખના વૈલક્ષણ્યની ઉપસ્થિતિ છે.

**ભાવાર્થ :-** સંસારનું તમામ સુખ આત્મિકસુખ કરતાં વિજાતીય છે, અને તેમાં વિજાતીય સુખત્વ જાતિ રહેલી છે, તદ્અવચ્છેદેન સંસારના તમામ સુખનો સંગ્રહ થાય છે; અને અત્યારે પોતે જે સુખ ભોગવે છે તે સુખ પોતાને સિદ્ધ છે તેથી તેમાં સિદ્ધત્વનું જ્ઞાન છે, અને જે સુખ પોતાને મળ્યું નથી તે પણ તજ્જાતીય છે=પોતાને જે સુખ સિદ્ધ થયું છે તજ્જાતીય છે; તેથી સંસારના તમામ સુખમાં સિદ્ધજાતીયત્વનું જ્ઞાન જેને થાય છે, તેને વિજાતીય સુખત્વાવચ્છેદેન સંસારના સુખમાં સિદ્ધજાતીયત્વેન જ્ઞાન થાય છે. અને તે સિદ્ધજાતીયત્વનું જ્ઞાન વિજાતીયસુખત્વેન ઇચ્છા પ્રતિ પ્રતિબંધક છે, અને અવિરક્ત વ્યક્તિને સંસારનાં સુખમાં રહેલું સિદ્ધજાતીયત્વ વસ્તુરૂપે હોવા છતાં ભાસતું નથી, એથી કરીને ઇચ્છાનો વિચ્છેદ થતો નથી. કારણ કે મોહનીયકર્મના દોષના મહિમાથી જે સુખો પોતાને પ્રાપ્ત થયાં છે, તેનાથી અન્ય ભાવિમાં જે સુખો પ્રાપ્ત થવાનાં, તેમાં નિયમથી સિદ્ધસુખના વૈલક્ષણ્યની ઉપસ્થિતિ છે. જ્યારે વિવેકીને સિદ્ધજાતીયત્વનું જ્ઞાન થઇ જાય તો ઇચ્છાનો વિચ્છેદ સંભવે.

પૂર્વપક્ષીનું કહેવાનું તાત્પર્ય એ છે કે, જો મોહનીયકર્મનો ઉદય ન હોય, અને સંસારનાં સુખો ભોગવવાથી સિદ્ધત્વનું જ્ઞાન થાય, તો સાંસારિક સુખની ઇચ્છા તે સિદ્ધજાતીયત્વના જ્ઞાનથી પ્રતિબંધિત થઇ જાય.

---

१. ज्ञायते चिन्त्यते जन्मजरामरणसंभवं दु:खम् । न च विषयेषु विरज्यतेऽहो ! सुबद्धः कपटग्रन्थिः ॥

२. जानाति च यथा म्रियतेऽम्रियमाणमपि जरा विनाशयति । न चोद्विग्नो लोकः अहो रहस्यं सुनिर्मातम् ॥

**ટીકાર્થ :-** '**तदुक्तं**'થી તેમાં પૂર્વપક્ષી ઉપદેશમાલાની સાક્ષી આપતાં કહે છે-

'**पत्ता य**' - કાળ અનંત છે (માટે) અહીંયાં=દેવાદિ ભવોમાં, ઉપભોગસહિત કામભોગો પ્રાપ્ત કરાયા, તો પણ જીવ મનમાં વૈષયિક સુખને અપૂર્વની જેમ માને છે.

**ભાવાર્થ :-** પૂર્વપક્ષીને ઉપદેશમાલાની સાક્ષીથી એ કહેવું છે કે, વસ્તુરૂપે સંસારનાં બધાં સુખો સિદ્ધજાતીય છે, તેથી અવિરક્તને વસ્તુરૂપે સત્ પણ સિદ્ધજાતીયત્વનું જ્ઞાન નથી, તેથી સંસારનાં સુખોને વારંવાર ભોગવવાની તેને ઈચ્છા થાય છે.

**ટીકાર્થ :-** '**अत्र**' - અહીંયાં=ઉપદેશમાલાની સાક્ષીના કથનમાં, જે કહ્યું કે જીવ અપૂર્વની જેમ માને છે ત્યાં, અપૂર્વપદ અપૂર્વજાતીયપર છે. અન્યથા=અપૂર્વપદ અપૂર્વજાતીયપર ગ્રહણ ન કરો, પરંતુ અપૂર્વ વ્યક્તિના અર્થમાં ગ્રહણ કરો તો, ભાવિના સુખનું વાસ્તવિક રીતે અપૂર્વત્વાદિ વડે અર્થની અનુપપત્તિ છે.

**ભાવાર્થ :-** ઉપદેશમાલા ગાથા-૨૦૨ની સાક્ષી આપી તેમાં જીવ અપૂર્વની જેમ માને છે તેમ કહ્યું ત્યાં, અપૂર્વપદ અપૂર્વજાતીયના અર્થમાં ગ્રહણ કરવાનું છે. જો અપૂર્વજાતીય અર્થમાં ગ્રહણ ન કરો અને અપૂર્વ વ્યક્તિના અર્થમાં ગ્રહણ કરો, તો ભવિષ્યમાં થનાર સુખ વાસ્તવિક રીતે તે તે સુખરૂપ વ્યક્તિથી અપૂર્વ છે, તેથી તેમાં અપૂર્વત્વાદિ ધર્મો છે, તેથી જીવ અપૂર્વની જેમ માને છે, એ પ્રકારના અર્થની અનુપપત્તિ થશે. કેમ કે વ્યક્તિથી તે તે સુખને ગ્રહણ કરીએ તો પૂર્વનાં સુખો કરતાં ભાવિનાં સુખો જુદાં છે, તેથી અપૂર્વની જેમ માને છે તેમ કહી નહિ શકાય.

**ટીકાર્થ :-** '**एवं च**' - અને આ રીતે=પૂર્વમાં કહ્યું કે અવિરક્તને મોહનીયકર્મના દોષને કારણે સંસારના સુખમાં વસ્તુ સત્ પણ સિદ્ધજાતીયત્વ ભાસતું નથી એ રીતે, ઉક્ત કર્મદોષના વિલયથી=મોહનીયકર્મના દોષના નાશથી, (આત્મિકસુખની અપેક્ષાએ વિજાતીયસુખમાં) વિજાતીયસુખત્વાવચ્છેદેન (વિજાતીયસુખ સામાન્યમાં) સિદ્ધજાતીયત્વના જ્ઞાનથી જ સંસારના સુખની ઇચ્છાનો વિચ્છેદ થાય છે, એ પ્રકારે પૂર્વપક્ષીનું તાત્પર્ય છે.

**ભાવાર્થ :-** પૂર્વપક્ષીના કથન પ્રમાણે, ભોગમાં પ્રવૃત્તિ કરવાથી સિદ્ધત્વનું જ્ઞાન થશે, અને તેનાથી વિજાતીયસુખમાં= સંસારના સુખમાં, વિજાતીયસુખત્વાવચ્છેદેન સિદ્ધજાતીયત્વનું જ્ઞાન થશે; અને તે સિદ્ધજાતીયત્વનું જ્ઞાન થવામાં મોહનીયકર્મરૂપ દોષના વિલયની અપેક્ષા છે. અને સંસારના વિજાતીયસુખમાં સિદ્ધજાતીયત્વનું જ્ઞાન થવાથી સંસારના સુખની ઇચ્છા પ્રતિબંધિત થવાના કારણે ઇચ્છાનો વિચ્છેદ થશે, અને ઇચ્છાનો વિચ્છેદ થવાના કારણે સંયમની પ્રવૃત્તિ નિરાબાધ થશે.

**ટીકાર્થ :-** પૂર્વપક્ષીના કથનનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે-

'**मैवम्**' - એ પ્રમાણે ન કહેવું, કેમ કે સિદ્ધ થયેલા એવા સંસારના સુખમાં બલવાન દુઃખાનુબંધિત્વના જ્ઞાનથી, તજ્જાતીયત્વના જ્ઞાનનું દ્વેષહેતુભૂત એવા તદ્જ્ઞાનનું=બલવાન દુઃખાનુબંધિત્વના જ્ઞાનનું, પ્રયોજકપણું છે.

❀ '**मैवम्**'માં હેતુ તરીકે તજ્જાતીયત્વનું જ્ઞાન દ્વેષના હેતુભૂત બલવાન દુઃખાનુબંધીના જ્ઞાનનું પ્રયોજક છે, અને તજ્જાતીયત્વનું જ્ઞાન દ્વેષના હેતુભૂત બલવાન દુઃખાનુબંધીના જ્ઞાનનું પ્રયોજક કેમ છે? તો તેમાં હેતુ તરીકે સિદ્ધસુખમાં બલવાન દુઃખાનુબંધિત્વનું જ્ઞાન છે.

**ભાવાર્થ :-** ભૂતકાળમાં બધાં સુખો જીવે ભોગવ્યાં છે અને તેના કારણે સંસારમાં પરિભ્રમણ થયું, એવું જ્ઞાન જીવને થવાથી સર્વ ભોગવાયેલાં સુખોમાં બલવાન દુઃખાનુબંધિત્વનું જ્ઞાન થયું; અને વર્તમાનમાં દેખાતાં બધાં સુખો તજ્જાતીય છે તેવું જ્ઞાન થવાથી, વર્તમાનનાં સુખોમાં પણ દ્વેષના હેતુભૂત દુઃખાનુબંધિત્વનું જ્ઞાન પેદા થશે. માટે તજ્જાતીયત્વનું જ્ઞાન દ્વેષના હેતુભૂત દુઃખાનુબંધિત્વના જ્ઞાન પ્રતિ પ્રયોજક છે.

**ઉત્થાન :-** તજ્જાતીયત્વજ્ઞાનનું દ્વેષહેતુભૂત એવા બલવાન દુઃખાનુબંધિત્વના જ્ઞાનનું પ્રયોજકપણું છે એમ કહ્યું ત્યાં, ઉપદેશમાલાના સાક્ષીપાઠનો સામાન્યથી જોતાં વિરોધ દેખાય; કેમ કે ઉપદેશમાલામાં એમ કહ્યું છે કે, જીવે આ સુખો અનંતીવાર પ્રાપ્ત કર્યા છતાં અપૂર્વની જેમ માને છે, તેથી વિરક્ત થતો નથી. માટે ઉપદેશમાલાના કથન પ્રમાણે સામાન્યથી જોતાં તજ્જાતીયત્વનું જ્ઞાન જ ઇચ્છાનું પ્રતિબંધક છે એવું ભાસે. તેનું સમાધાન કરતાં કહે છે-

**ટીકાર્થ :- '**तद्धि**'** - તેના વડે=ઉપદેશમાલાના સાક્ષીપાઠમાં કહ્યું કે જીવ અપૂર્વની જેમ માને છે તેના વડે, સામગ્રીના પ્રતિપાદન દ્વારા ફલથી સંસારસુખની ઇચ્છાના વિચ્છેદના હેતુભૂત દ્વેષસામગ્રીના વૈકલ્યનું જ પ્રતિપાદન છે.

❀ '**तद्धि**' પાઠ છે ત્યાં '**तेन हि**' પાઠ ભાસે છે.

**ભાવાર્થ :-** શાસ્ત્રાદિ દ્વારા પ્રાપ્ત થતા વિવેકથી અનંતકાળમાં પ્રાપ્ત થયેલા સિદ્ધસુખમાં બલવાન દુઃખાનુબંધિત્વનું જ્ઞાન થાય છે, અને તેનાથી તજ્જાતીયત્વના જ્ઞાનનું દ્વેષહેતુભૂત એવા બલવાન દુઃખાનુબંધિત્વના જ્ઞાનનું પ્રયોજકપણું છે; કેમ કે જીવે અનંતકાળમાં સાંસારિક સુખો ભોગવીને સંસારમાં દુઃખની પરંપરા પ્રાપ્ત કરી. તેથી તજ્જાતીય આ બધાં સુખો છે એવું જીવને જ્ઞાન થવાથી, વર્તમાનમાં સુખ પ્રત્યે દ્વેષના હેતુભૂત એવા દુઃખાનુબંધિત્વનું જ્ઞાન થાય છે. માટે સિદ્ધજાતીયત્વજ્ઞાન જ ઇચ્છાનું પ્રતિબંધક નથી, પરંતુ સિદ્ધસુખમાં બલવાન દુઃખાનુબંધિત્વનું જ્ઞાન જેને થાય છે, તે વ્યક્તિને તજ્જાતીયત્વનું જ્ઞાન તે સુખમાં દ્વેષના હેતુભૂત એવા જ્ઞાનને પેદા કરીને ઇચ્છાનો વિચ્છેદ કરે છે.

અહીં વિશેષ એ છે કે, જે વ્યક્તિને સંસારના સુખમાં બલવાન દુઃખાનુબંધિત્વનું જ્ઞાન ન હોય, તે વ્યક્તિને સિદ્ધજાતીયત્વજ્ઞાન સુખોમાં થઇ જાય તો પણ ઇચ્છાનો વિચ્છેદ થતો નથી, પરંતુ ઇચ્છાનો વિચ્છેદ દ્વેષથી જ થાય છે. માટે સુખની ઇચ્છાનો પ્રતિબંધક સુખની ઇચ્છાનો દ્વેષ છે, પણ સિદ્ધજાતીયત્વનું જ્ઞાન નથી.

'**तेन हि**' - ઉપદેશમાલાના સાક્ષીપાઠમાં જીવ અપૂર્વની જેમ માને છે એમ કહ્યું તેના વડે એ જણાવવું છે કે, અપૂર્વ માનવાના કારણે જીવને ફરી સુખની ઇચ્છા થાય છે; તેથી સુખની ઇચ્છા પ્રત્યે અપૂર્વનું જ્ઞાન સામગ્રીરૂપ છે. (પરંતુ એમ નથી કહ્યું કે જો તે અપૂર્વ ન માને તો ઇચ્છા ન જ થાય) તેથી ઇચ્છા પ્રત્યે જેમ અન્ય સામગ્રી છે તેમ અપૂર્વ માનવારૂપ જીવનું જ્ઞાન પણ સામગ્રી છે. અને આનાથી એ પ્રાપ્ત થાય કે, સંસારના સુખની ઇચ્છાના વિચ્છેદના હેતુભૂત દ્વેષની સામગ્રીના વૈકલ્યનું જ ઉપદેશમાલા ગાથા-૨૦૨ના કથનમાં પ્રતિપાદન છે; અને તે

દ્વેષની સામગ્રી જેમ દુઃખાનુબંધિત્વનું જ્ઞાન છે તેમ તજ્જાતીયત્વનું જ્ઞાન પણ છે, પણ તજ્જાતીયત્વનું જ્ઞાન થાય એટલા માત્રથી ઇચ્છાનો વિચ્છેદ થઇ શકે નહિ. પરંતુ જે વ્યક્તિને આ સંસારનું સુખ દુઃખાનુબંધી છે, અને આ સુખને ભોગવીને જ હું અત્યાર સુધી સંસારમાં રખડ્યો, અને વર્તમાનમાં પ્રાપ્ત પણ સંસારનું સુખ તજ્જાતીય જ છે, એવું જ્ઞાન થવાથી સંસારનાં સુખો પ્રત્યે દ્વેષ થાય, ત્યારે સંસારનાં સુખોની ઇચ્છાનો વિચ્છેદ થાય છે.

**ટીકાર્થ :- 'अत एव'** - આથી કરીને જ=પૂર્વમાં કહ્યું કે ઉપદેશમાલા ગાથા-૨૦૨માં કહેલ કથન વડે સામગ્રીના પ્રતિપાદન દ્વારા સંસારના સુખના વિચ્છેદના હેતુભૂત દ્વેષની સામગ્રીના વૈકલ્યનું ફલથી પ્રતિપાદન છે આથી કરીને જ, ઉપદેશમાલા ગાથા-૨૦૪માં કહેલ કથન વડે દોષમહિમા દ્વારા સંસારસુખમાં દ્વેષના હેતુભૂત બલવાન દુઃખાનુબંધિત્વના જ્ઞાનનું વૈકલ્ય જ કહેવાયું છે.

ઉપદેશમાલા ગાથા-૨૦૪માં કહેવાયેલ કથન આ પ્રમાણે છે-**'जाणिज्जइ'** જન્મ, જરા અને મરણથી ઉત્પન્ન થતાં દુઃખોને (જીવ) જાણે છે, ચિંતવન કરે છે અને છતાં વિષયોથી વિરક્ત થતો નથી. અહો! કપટગ્રંથિ સુબદ્ધ=દૃઢ છે.

**ભાવાર્થ :-** ઉપદેશમાલા ગાથા-૨૦૪માં કહ્યું કે, જીવ જન્મ, જરા, મરણથી ઉત્પન્ન થયેલ દુઃખને જાણે છે, વિચારે છે, છતાં વિષયોથી વિરક્ત થતો નથી. આ કથનમાં જીવનું જાણવું અને વિચારવું એ ફક્ત શબ્દાત્મક છે એમ બતાવેલ છે. અને કપટગ્રંથિ સુબદ્ધ છે એમ કહ્યું તેનાથી એ બતાવવું છે કે, જીવને જે વિપર્યાસરૂપી ગાંઠ છે, તે સુબદ્ધ છે. એમ કહીને દ્વેષના હેતુભૂત બલવાન દુઃખાનુબંધિત્વના જ્ઞાનનું વૈકલ્ય બતાવેલ છે.

**ટીકાર્થ :- 'अत एव च'** - અને આથી કરીને જ=ઉપદેશમાલા ગાથા-૨૦૪ના કથનથી દ્વેષના હેતુભૂત બલવાન દુઃખાનુબંધિત્વના જ્ઞાનનું વૈકલ્ય જ કહ્યું આથી કરીને જ, ઉપદેશમાલા ગાથા-૨૦૫ના કથનથી આ જ વાત વિવૃત કરાયેલ છે.

ઉપદેશમાલા ગાથા-૨૦૫નો અર્થ આ પ્રમાણે છે-

**'जाणेइ'** - જે પ્રમાણે જાણે છે કે હું મૃત્યુ પામીશ, અને નહિ મરતા જીવનો પણ ઘડપણ વિનાશ કરે છે, (છતાં) લોક ઉદ્વિગ્ન થતો જ નથી. અહો! રહસ્ય સુનિર્મિત=દુર્ભેદ્ય છે.

**ભાવાર્થ :-** આ શ્લોકમાં પણ એ જ કહ્યું છે કે, જીવ જાણે છે કે હું મરીશ, અને જ્યાં સુધી મરતો નથી ત્યાં સુધી જરા તેનો વિનાશ કરે છે, એમ પણ સંસારી જીવો જાણે જ છે. આ કથન પણ તત્ત્વનો સ્પર્શ કર્યા વગર જાણે છે એ જ અર્થ બતાવે છે. અને લોક સંસારથી ઉદ્વિગ્ન થતો નથી, એ કથન સંસારના સુખમાં દ્વેષના હેતુભૂત બલવાન દુઃખાનુબંધિત્વના જ્ઞાનના વૈકલ્યને બતાવે છે. તેથી **'अहो'**થી ખેદ વ્યક્ત કરે છે કે, જુઓ! આ રહસ્ય સુનિર્મિત છે.

## 'स्यादेतत् થી विवृतम्' સુધીના કથનનો સારાંશ

પૂર્વમાં એ સ્થાપન કર્યું કે, વિશેષદર્શીને સિદ્ધત્વજ્ઞાન થવાના કારણે સામાન્ય ઇચ્છાનો વિચ્છેદ થઇ શકે નહિ, પરંતુ સંસારના સુખમાં દુઃખાનુબંધિત્વના જ્ઞાનને કારણે દ્વેષ થાય, તો સંસારના સુખની ઇચ્છાનો વિચ્છેદ

થઇ શકે. તેથી સંસારનાં સુખોને ભોગવીને સિદ્ધત્વજ્ઞાન થવાથી સામાન્ય ઇચ્છાનો વિચ્છેદ થશે, એ પ્રમાણે પૂર્વપક્ષીએ જે સ્થાપન કરેલ તે સંગત નથી, પરંતુ ઉપદેશાદિની સામગ્રી દ્વારા સંસારનાં સુખોમાં દુઃખાનુબંધિત્વનું જ્ઞાન કરવું તે જ સંયમ માટે ઉપયોગી છે એ સ્થાપન થયું. તેના નિરાકરણરૂપે '**स्यादेतत्**'થી નવી રીતે પ્રતિબધ્ય-પ્રતિબંધકભાવ સ્થાપીને પૂર્વપક્ષી એ સ્થાપન કરવા માંગે છે કે, ભોગોને ભોગવવાથી જ ઇચ્છાનો વિચ્છેદ થઇ શકે; અને ત્યાં પૂર્વપક્ષી એ બતાવે છે કે, સંસારનું સુખ આત્મિક સુખથી વિજાતીય છે, અને તે વિજાતીય સુખ ભોગવવાથી જ્યારે સંતોષ થાય ત્યારે જે સુખો પોતે ભોગવ્યાં નથી એ બધામાં પણ સિદ્ધજાતીયત્વનું જ્ઞાન થાય તો સંસારના સુખની ઇચ્છાનો પ્રતિબંધ થઇ જાય. અને આ જાતનો પ્રતિબધ્ય-પ્રતિબંધકભાવ માનવામાં પોતાને દોષ આવે છે કે, અવિરતિવાળા જીવોને ગમે તેટલાં સુખો ભોગવ્યા પછી પણ ઇચ્છા શાંત થતી નથી. તેથી તેના સમાધાન માટે પૂર્વપક્ષી કહે છે કે, જે સુખો પોતે હજુ મેળવ્યાં નથી તે સુખમાં સિદ્ધજાતીયત્વ ધર્મ હોવા છતાં પણ મોહનીયકર્મના કારણે અવિરતિવાળા જીવોને સિદ્ધજાતીયત્વનું જ્ઞાન થતું નથી, અને તેની પુષ્ટિ ઉપદેશમાલા ગાથા-૨૦૨ના કથનથી કરે છે. તેના નિરાકરણરૂપે ગ્રંથકાર કહે છે કે, સંસારનાં સુખોમાં જેમ સિદ્ધજાતીયત્વનું જ્ઞાન આવશ્યક છે, તેમ બલવાન દુઃખાનુબંધિત્વનું જ્ઞાન પણ આવશ્યક છે. આથી કરીને જ ઉપદેશમાલા ગાથા-૨૦૨માં બતાવ્યું એ પ્રમાણે વૈરાગ્યમાં સિદ્ધજાતીયત્વનું જ્ઞાન આવશ્યક છે એ સ્થાપન થાય છે. અને ઉપદેશમાલા ગાથા ૨૦૪-૨૦૫માં બતાવ્યું એ પ્રમાણે સંસારના સુખની ઇચ્છાના વિચ્છેદમાં બલવાન દુઃખાનુબંધિત્વનું જ્ઞાન આવશ્યક છે. જો ફક્ત સિદ્ધજાતીયત્વજ્ઞાનથી જ ઇચ્છાનો વિચ્છેદ થતો હોય, તો ઉપદેશમાલાની ગાથા-૨૦૨ કહ્યા પછી ગાથા ૨૦૪-૨૦૫ કહેવાની જરૂરત રહેત નહિ.

અહીં વિશેષ એ છે કે, જેમ મોહનીયકર્મના ઉદયથી જ જીવ સંસારનાં સુખોને અપૂર્વની જેમ માને છે, તેમ મોહનીયકર્મના ઉદયથી સંસારનાં સુખોમાં બલવાન દુઃખાનુબંધિત્વનું જ્ઞાન પણ થતું નથી. તેથી સંસારના સુખની ઇચ્છાના વિચ્છેદ પ્રત્યે અંતરંગ કારણરૂપે મોહનીયકર્મનો ક્ષયોપશમ આવશ્યક છે; અને બાહ્ય રીતે ઉપદેશાદિ સામગ્રી દ્વારા સંસારનાં ભોગસુખોમાં સિદ્ધજાતીયત્વનું જ્ઞાન અને બલવાન દુઃખાનુબંધિત્વનું જ્ઞાન બંને આવશ્યક છે; તો પણ મુખ્યરૂપે સંસારનાં સુખોમાં બલવાન દુઃખાનુબંધિત્વનું જ્ઞાન થઇ જાય, તો આ સુખો તજ્જાતીય છે એ જ્ઞાન કરાવવું સહેલું રહે છે. પરંતુ જે જીવને બલવાન દુઃખાનુબંધિત્વનું જ્ઞાન ન થાય, તે જીવને, ઉપદેશથી કોઇ તજ્જાતીયત્વનું જ્ઞાન કરાવે તો પણ ઇચ્છાનો વિચ્છેદ થાય નહિ; કેમ કે સુખ એ જીવને પ્રિય છે. તેથી પોતાને જે સુખો સિદ્ધ થયાં છે તજ્જાતીય આ સુખ છે એવું જ્ઞાન થાય તો પણ, તે સુખોને છોડવા માટે જીવ તૈયાર થતો નથી; કેમ કે સુખના ત્યાગમાં જીવને દુઃખરૂપ અવસ્થા જ દેખાય છે. અને ઉપદેશની સામગ્રી દ્વારા જીવને ખ્યાલ આવે કે આ સંસારનાં સુખો બલવાન દુઃખાનુબંધી છે, અને આત્મિક સુખ દુઃખાનનુબંધી છે, તેથી સંસારના સુખ પ્રત્યે દ્વેષ થાય, તો જ સંસારનાં સુખની ઇચ્છાનો વિચ્છેદ થઇ શકે, આ પ્રકારનો ગ્રંથકારનો આશય છે.

**ટીકા :- स्यादेतत्-तज्जातीयसुखत्वेनेच्छया निवृत्तौ यावत्तज्जात्याश्रयाणां सुखानां स्वरूपसंसिद्धत्वमेव तन्त्रम्, मैवं, "[1]इच्छा हु आगाससमा असंखया" इत्याद्यागमप्रामाण्यबलेन जगत एवाऽनिरुद्ध-मनसामिच्छाविषयत्वात् तावद्विषयाणामसिद्धत्वात्, प्रोषितस्य सकलतत्कान्तावलोकनानां स्वरूपतः सिद्धत्वेपि मृतकान्तावलोकनेच्छादर्शनाच्च ।**

---

१. इच्छा खलु आकाशसमाऽसंख्या ।

**ટીકાર્થ :- 'स्यादेतत्'** - અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, તજ્જાતીયમાં=સિદ્ધજાતીય એવા સુખમાં, સુખત્વેન ઇચ્છાની નિવૃત્તિમાં યાવત્ તજ્જાતિઆશ્રયભૂત સુખોનું સ્વરૂપસંસિદ્ધપણું જ તંત્ર છે=હેતુ છે. **'मैवं'** તેને સિદ્ધાંતકાર કહે છે કે એમ ન કહેવું. કેમ કે ઇચ્છા આકાશ સમાન અસંખ્યાત છે, ઇત્યાદિ આગમપ્રામાણ્યના બળથી અનિરુદ્ધ મનવાળાને જગતનું જ ઇચ્છાવિષયપણું હોવાથી તેટલા વિષયોનું અસિદ્ધપણું છે.

**ભાવાર્થ :-** પૂર્વપક્ષીનું એ કહેવું છે કે, જે સુખો પોતાને પ્રાપ્ત થયાં છે, તેનાથી તજ્જાતીય અન્ય સુખમાં જીવને આકાંક્ષા થાય છે. માટે તે ઇચ્છાની નિવૃત્તિનો ઉપાય એ છે કે, જે સુખો પોતાને સિદ્ધ થયાં છે, તે સિદ્ધસુખ જાતિવાળાં બધાં સુખો સ્વરૂપથી પોતાને સંસિદ્ધ થઇ જાય તો ઇચ્છાની નિવૃત્તિ થાય. માટે સંયમાર્થીએ પ્રાપ્ત થયેલાં સુખોની જેમ તજ્જાતીય બીજાં સુખોને પ્રાપ્ત કરી લેવાં જોઇએ, કે જેથી તત્સમાન સર્વવિષયમાંથી ચિત્ત નિવૃત્ત થઇ જાય, એવો પૂર્વપક્ષીનો આશય છે. તેને સિદ્ધાંતકાર કહે છે કે એમ ન કહેવું. કેમ કે ઇચ્છા આકાશની જેમ અંત વિનાની છે, ઇત્યાદિ આગમપ્રમાણના બળથી જેઓએ મન વશ નથી કર્યું, તેવા જીવોને આખું જગત ઇચ્છાંના વિષયભૂત હોવાથી તેટલા વિષયો ક્યારેય સિદ્ધ થતા ન હોવાથી, પ્રાપ્ત થયેલા સુખોની જાતિના આશ્રયવાળા સુખોનું સ્વરૂપસંસિદ્ધપણું કોઇને પ્રાપ્ત થઇ શકે નહિ, કે જેથી સર્વસુખોની ઇચ્છાનો વિચ્છેદ સંભવે.

**ઉત્થાન :-** યદ્યપિ આ રીતે પોતાને જે સુખ સિદ્ધ થયાં છે તજ્જાતિ યાવત્ સુખો પ્રાપ્ત ન થઇ શકે, અને પૂર્વપક્ષીએ તજ્જાતીય સુખત્વેન ઇચ્છાની નિવૃત્તિમાં યાવત્ તજ્જાતિ આશ્રયભૂત સુખોનું સ્વરૂપસંસિદ્ધપણું જ હેતુ છે એમ કહ્યું, તે સંગત નથી તે અનુભવના બળથી બતાવતાં કહે છે-

**ટીકાર્થ :- 'प्रोषितस्य'** અને પરદેશ ગયેલ પુરુષને સકલ તેની કાંતાઅવલોકનનું સ્વરૂપથી સિદ્ધપણું હોવા છતાં મૃત કાંતાના અવલોકનની ઇચ્છાનું દર્શન છે. (તેથી પ્રાપ્ત થયેલા સુખોની જાતિના આશ્રયભૂત સુખોનું સ્વરૂપસંસિદ્ધપણું કોઇને થાય, તો પણ સર્વ સુખોની ઇચ્છાનો વિચ્છેદ થાય તેવો નિયમ નથી.)

**ભાવાર્થ :-** પરદેશ ગયેલા પુરુષને કાંતા મૃત હોય તો કાંતાનું યાવત્ અવલોકન તેને થઇ ચૂકેલું છે, કેમ કે પૂર્વમાં તેણે કાંતાનું અવલોકન કરેલુ તેનાથી અન્ય અવલોકન હવે સંભવિત નથી, તેથી પૂર્વપક્ષીના કથન પ્રમાણે ફરી કાંતાઅવલોકનની ઇચ્છા થવી જોઇએ નહિ. પરંતુ કોઇ વ્યક્તિને પોતાની કાંતા મૃત છે તેવું જ્ઞાન ન હોય તો ફરી તેના અવલોકનની ઇચ્છા થાય છે, અને વળી કોઇ વ્યક્તિને કાંતા મૃત છે તેવું જ્ઞાન છે તો પણ અતિ રાગદશાને કારણે મૃત કાંતાના અવલોકનની ઇચ્છા થાય છે. તેથી યાવદ્ તજ્જાતીય આશ્રય સુખોનું સ્વરૂપથી સંસિદ્ધપણું સુખની ઇચ્છાની નિવૃત્તિ પ્રત્યે કારણ છે તેમ કહી શકાય નહિ.

**ઉત્થાન :- 'स्यादेतत्'**થી પૂર્વપક્ષીએ જે યુક્તિ આપેલ કે, પોતાને જે સુખ પ્રાપ્ત થયાં છે તજ્જાતીય આશ્રયવાળાં સુખો સ્વરૂપથી મળી જાય તો ઇચ્છાનો વિચ્છેદ થઇ શકે; અને તેમ કરવાથી સંયમમાં નિરાબાધ પ્રવૃત્તિ થઇ શકે, તેનું નિરાકરણ સિદ્ધાંતકારે કર્યું. તેથી પૂર્વપક્ષીએ ઉપદેશમાલા ગાથા-૨૦૨ના કથનથી જે વાત કરેલ કે જીવે

અનંતીવાર ભોગો ભોગવ્યા તો પણ અપૂર્વની જેમ માને છે, તેથી તે બધા ભોગો તેને સિદ્ધ હોવા છતાં સિદ્ધત્વનિશ્ચયનો અભાવ છે, તેથી તે ઇચ્છાની સામગ્રીરૂપ બને છે. આ પ્રમાણે સ્વકથનને અન્ય રીતે સંગત કરીને પોતાની વાત બતાવતાં પૂર્વપક્ષી કહે છે-

**ટીકા :- अथ सिद्धत्वनिश्चयाभावापेक्षया लाघवादसिद्धत्वज्ञानमेवेच्छाहेतुरिति सिद्धत्वज्ञाने तन्निवृत्ता-विच्छानिवृत्तिरिति चेत् ? न, सामानाधिकरण्येन सिद्धत्वज्ञानस्य सामानाधिकरण्येनाऽसिद्धत्वज्ञानाऽवि-रोधित्वात्, सामान्यतः सिद्धत्वप्रमायाश्चाऽसम्भवात् ।**

**ટીકાર્થ :-'अथ' - 'अथ'**થી પૂર્વપક્ષી કહે છે કે, સિદ્ધત્વનિશ્ચયના અભાવની અપેક્ષાએ લાઘવથી અસિદ્ધત્વજ્ઞાન જ ઇચ્છાનો હેતુ છે. એથી કરીને સિદ્ધત્વજ્ઞાન થયે છતે (અસિદ્ધત્વજ્ઞાનની નિવૃત્તિ થાય છે) અસિદ્ધત્વજ્ઞાનની નિવૃત્તિ થયે છતે ઇચ્છાની નિવૃત્તિ થશે.

**'न'** - તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એ પ્રમાણે ન કહેવું.

**'सामानाधिकरण्येन'** - કેમ કે સામાનાધિકરણ્યથી સિદ્ધત્વજ્ઞાનનું સામાનાધિકરણ્યથી અસિદ્ધત્વજ્ઞાનનું અવિરોધીપણું છે. (તેથી સિદ્ધત્વજ્ઞાન થયે છતે અસિદ્ધત્વજ્ઞાનની નિવૃત્તિ થશે એ વાત બરાબર નથી.)

**ભાવાર્થ :-** પૂર્વપક્ષીનું કહેવાનું તાત્પર્ય એ છે કે, સિદ્ધાંતકારે પૂર્વમાં **तद्धि ..** થી કહ્યું કે ઉપદેશમાલાના ગાથા-૨૦૨ના કથનમાં જીવ અપૂર્વની જેમ માને છે તે ઇચ્છાની સામગ્રીરૂપ છે, પરંતુ પ્રાપ્ત થયેલા ભોગો અપૂર્વ નથી એમ નિર્ણય થઇ જાય એટલા માત્રથી ઇચ્છાની નિવૃત્તિ થઇ શકતી નથી. કેમ કે કોઇ વ્યક્તિને આ ભોગો અપૂર્વ નથી એવો નિર્ણય થવા છતાં ફરી તેમાં ઇચ્છા થઇ શકે છે. તેથી એ કથન દ્વારા સિદ્ધત્વનિશ્ચયનો અભાવ એ ઇચ્છાની સામગ્રીરૂપે પ્રાપ્ત થયો. પરંતુ તેમ માનવામાં ગૌરવ છે, તે આ રીતે - સિદ્ધત્વના નિર્ણયના અભાવને કારણ માનવાથી પ્રતિયોગી અને તદ્અભાવથી ઉપસ્થિતિ કરીને કાર્ય-કારણભાવ થાય છે, માટે ઉપસ્થિતિકૃત ગૌરવ છે. તેથી સિદ્ધત્વનિશ્ચયના અભાવને બદલે લાઘવથી અસિદ્ધત્વજ્ઞાનને ઇચ્છાનો હેતુ માનવો ઉચિત છે; અને તે પ્રમાણે ઇચ્છા પ્રત્યે ઇષ્ટસાધનતાનું જ્ઞાન જેમ જરૂરી છે, તેમ અસિદ્ધત્વનું જ્ઞાન પણ હેતુભૂત છે. અને કોઇ વ્યક્તિને સિદ્ધત્વનો નિશ્ચય થઇ જાય, તેનાથી અસિદ્ધત્વજ્ઞાનની નિવૃત્તિ થશે, તેથી ઇષ્ટસાધનતાનું જ્ઞાન હોવા છતાં ઇચ્છા થશે નહિ. માટે ભોગથી ઇચ્છાની નિવૃત્તિમાં સિદ્ધત્વજ્ઞાન પ્રાપ્ત કરીને સંયમમાં યત્ન કરવો જોઇએ.

તેનું નિરાકરણ કરતાં સિદ્ધાંતકારે **सामानाधिकरण्येन .. अविरोधित्वात्** હેતુ કહ્યો. તેનું તાત્પર્ય એ છે કે, કોઇ વ્યક્તિને એક જ વસ્ત્રવિષયક અધિકરણમાં વિષયતાસંબંધથી સિદ્ધત્વજ્ઞાન વર્તે છે ત્યાં, વિષયતાસંબંધથી અસિદ્ધત્વજ્ઞાન રહી શકે છે. તેથી વિષયતાસંબંધથી તે વસ્ત્રવિષયક એક અધિકરણમાં સિદ્ધત્વજ્ઞાન અને અસિદ્ધત્વજ્ઞાન બંને રહી શકે છે. માટે સિદ્ધત્વજ્ઞાનથી અસિદ્ધત્વજ્ઞાનની નિવૃત્તિ થશે નહિ.

અહીં વિશેષ એ છે કે, એક જ વસ્ત્રરૂપ અધિકરણમાં સિદ્ધત્વજ્ઞાન અને અસિદ્ધત્વજ્ઞાન બંને રહી શકે છે, આથી જે વસ્ત્રનો પોતે ઉપભોગ કર્યો છે એ વસ્ત્રને ફરી ફરી પહેરવાની ઇચ્છા અસિદ્ધત્વજ્ઞાનને કારણે થાય છે. કેમ કે એ વસ્ત્રવિષયક સુખ પૂર્વમાં સિદ્ધ હતું તેમ ભાવિમાં તે વસ્ત્ર પહેરવાથી થનારું સુખ તેને અસિદ્ધ છે, તેવી પણ પ્રતીતિ થાય છે.

**ઉત્થાન :-** આ રીતે એક જ અધિકરણમાં સિદ્ધત્વજ્ઞાન અને અસિદ્ધત્વજ્ઞાન રહી શકે છે એમ સિદ્ધાંતકારે કહ્યું, એના સમાધાનરૂપે પૂર્વપક્ષી કહે કે, સામાન્યથી સિદ્ધત્વપ્રમા (જ્ઞાન) થાય તો સામાનાધિકરણ્યથી અસિદ્ધત્વજ્ઞાન રહે નહિ. તેના નિરાકરણ માટે સિદ્ધાંતકાર બીજો હેતુ કહે છે-

**ટીકાર્થ :- 'सामान्यतः'** સામાન્યથી સિદ્ધત્વપ્રમાનો અસંભવ છે.

**ભાવાર્થ :-** કોઇક વ્યક્તિને અમુક વસ્ત્ર ખૂબ ગમતું હોય તેથી વારંવાર તે વસ્ત્રને પહેરવાની ઇચ્છા થયા કરે છે, પરંતુ તે વ્યક્તિ પોતાને સંતોષ થાય તેટલી વખત તે વસ્ત્ર પહેરી લે, ત્યારે તે વસ્ત્ર પ્રત્યે સામાન્યથી સિદ્ધત્વજ્ઞાન થાય છે, તેથી ફરી તે વ્યક્તિને પહેરવાની ઇચ્છા થતી નથી. તેથી એક અધિકરણમાં સામાન્યથી સિદ્ધત્વજ્ઞાન થાય તો અસિદ્ધત્વજ્ઞાન ત્યાં રહે નહિ, એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે. તેને સિદ્ધાંતકાર કહે છે કે સંસારનાં તમામ સુખોમાં સામાન્યથી સિદ્ધત્વપ્રમાનો અસંભવ છે.

કહેવાનો આશય એ છે કે, કોઇ એક વસ્તુવિષયક સિદ્ધત્વજ્ઞાનનો વિચાર કરીએ તો અનેક વખતના ઉપભોગથી સામાન્યથી સિદ્ધત્વજ્ઞાન થઇ શકે, તેથી ફરી તે વસ્તુની ઇચ્છાનો અસંભવ છે તેમ કહી શકાય. પરંતુ સંસારનાં બધાં સુખોને જીવ ફરી ફરી ભોગવે છે તો પણ, જીવ વિશેષદર્શી છે તેથી ફરી ફરી તે જ પ્રકારનાં અન્ય અન્ય સુખોની ઇચ્છા થાય છે. કેમ કે ફરી તે વસ્તુથી થનારું સુખ પોતાને અસિદ્ધ છે, એ પ્રકારની તેને બુદ્ધિ વર્તે છે. તેથી ઇચ્છાની નિવૃત્તિ પ્રત્યે સિદ્ધત્વજ્ઞાન કારણ નથી, પરંતુ બલવાન દુઃખાનુબંધિત્વના જ્ઞાનને કારણે ભોગ પ્રત્યેનો દ્વેષ કારણ છે; એ પ્રકારનો સિદ્ધાંતકારનો આશય છે.

અહીં વિશેષ એ છે કે, ઘટ પ્રત્યે જેમ કુંભાર કારણ છે તેમ દંડાદિ પણ કારણ છે; આમ છતાં, ઘટની નિષ્પત્તિનાં બધાં કારણો વિદ્યમાન હોય તો જ ઘટ થઇ શકે છે, પરંતુ ઘટનિષ્પત્તિના અભાવમાં બધાં કારણોના અભાવની જરૂર રહેતી નથી; પરંતુ બધાં કારણો વિદ્યમાન હોય અને એકાદ કારણ પણ ન હોય, જેમ કે કુંભાર ન હોય, તો પણ ઘટ થઇ શકે નહિ. એ જ રીતે પ્રસ્તુતમાં પૂર્વપક્ષીએ એ બતાવ્યું કે, ઇચ્છા પ્રત્યે અસિદ્ધત્વજ્ઞાન અને બલવાન દુઃખાનુબંધિત્વના જ્ઞાનનો અભાવ સિદ્ધાંતકાર કહે છે એ રીતે સ્વીકારી લઇએ તો પણ, સિદ્ધત્વજ્ઞાન જ્યારે પ્રગટે ત્યારે અસિદ્ધત્વજ્ઞાનની નિવૃત્તિ થઇ જશે, અને અસિદ્ધત્વજ્ઞાન ઇચ્છાનો હેતુ હોવાથી કારણના અભાવના કારણે કાર્યના અભાવની પ્રાપ્તિ થાય છે તેથી, ઇચ્છાના અભાવની પ્રાપ્તિ થશે. જેમ કુંભારના અભાવને કારણે ઘટનિષ્પત્તિના અભાવની પ્રાપ્તિ થાય છે, તેમ પ્રસ્તુતમાં અસિદ્ધત્વજ્ઞાનના અભાવને કારણે સંસારનાં સુખોની ઇચ્છાની નિવૃત્તિ થશે. માટે સંસારના સુખની ઇચ્છાની નિવૃત્તિ અર્થે સંસારનાં સુખોને ભોગવીને સિદ્ધત્વજ્ઞાન પ્રાપ્ત થાય તો સંસારના સુખની ઇચ્છાનો વિચ્છેદ થઇ શકે, એમ પૂર્વપક્ષીને કહેવું છે. અને તેના નિરાકરણ માટે સિદ્ધાંતકારે એ સ્થાપન કર્યું કે, એક જ અધિકરણમાં સિદ્ધત્વજ્ઞાન અને અસિદ્ધત્વજ્ઞાન રહી શકે છે, તેથી પૂર્વપક્ષીનું કથન અસંગત છે.

### स्यादेतत् - तज्जातीयसुखत्वेन થી ऽसम्भवात् । સુધીના કથનનો સંક્ષિપ્ત સારાંશ

પૂર્વમાં સિદ્ધાંતકારે સ્થાપન કર્યું કે, સંસારનાં સુખોની ઇચ્છાના વિચ્છેદ પ્રત્યે સિદ્ધત્વજ્ઞાન, અને સંસારનાં સુખોમાં બલવાન દુઃખાનુબંધિત્વના જ્ઞાનને કારણે થતો દ્વેષ, સંસારનાં સુખોની ઇચ્છાના વિચ્છેદનું કારણ છે. ત્યાં **स्यादेतत्** .. થી પૂર્વપક્ષીને એ સ્થાપન કરવું છે કે, જીવને સંસારનાં સુખો પોતાની ઇચ્છા પ્રમાણે બધાં મળી જાય

તો તેને ઇચ્છાની નિવૃત્તિ થઇ શકે. અને તે જ બતાવવા માટે પૂર્વપક્ષીએ કહ્યું કે, તજ્જાતીયસુખત્વરૂપે ઇચ્છાની નિવૃત્તિમાં તજ્જાતિના આશ્રયવાળા સુખોનું સ્વરૂપથી સંસિદ્ધપણું જ હેતુ છે, તેથી સ્વરૂપથી બધાં સુખો પોતાની ધારણા પ્રમાણે મળી જાય, તો ઇચ્છાની નિવૃત્તિ થઇ શકે. તેના નિવારણરૂપે સિદ્ધાંતકારે એ કહ્યું કે, ઇચ્છા આકાશ જેટલી છે, તેથી કોઇ દિવસે ઇચ્છા પુરાય નહિ. એમ કહીને એ સ્થાપન કરવું છે કે, જીવ જેમ જેમ વિષયોને મેળવતો જાય છે અને તેનો ઉપભોગ કરે છે, તેથી શારીરિક અને માનસિક શાતાનો અનુભવ થાય છે, તેથી નવા નવા વિષયો દ્વારા તે પ્રકારની શાતાની અપેક્ષાએ તેને ઇચ્છા થયા કરશે, તેથી ઇચ્છાનો અંત ક્યારેય આવી શકશે નહિ. પરંતુ સંસારનાં સુખોમાં દુઃખાનુબંધિત્વનું જ્ઞાન થાય, અને તેના કારણે સંસારનાં સુખોમાં દ્વેષ થાય, તો જ ઇચ્છાનું શમન થઇ શકે. ત્યાં ફરી પૂર્વપક્ષી સિદ્ધત્વજ્ઞાનને ઇચ્છાની નિવૃત્તિ પ્રત્યે સ્થાપન કરવા માટે '**अथ**'થી બીજી રીતે કાર્ય-કારણભાવની કલ્પના કરે છે. અને તે કલ્પનાથી પૂર્વપક્ષીને એ કહેવું છે કે, સિદ્ધાંતકારે ઉપદેશમાલા ગાથા ૨૦૨, ૨૦૪, ૨૦૫થી એ સ્થાપન કર્યું કે, સંસારનાં સુખો પ્રત્યે બલવાન દુઃખાનુબંધિત્વનું જ્ઞાન થાય, અને સિદ્ધત્વનિશ્ચયનો અભાવ હોય, તો જ ઇચ્છાનો વિચ્છેદ થાય. કેમ કે ઉપદેશમાલા ગાથા-૨૦૨માં જીવ સંસારના સુખોને અપૂર્વની જેમ માને છે એ કથનથી, ઇચ્છાના વિચ્છેદ પ્રત્યે સિદ્ધત્વનિશ્ચયના અભાવનો પણ સ્વીકાર થાય છે. તેથી પૂર્વપક્ષી કહે છે કે, સિદ્ધત્વનિશ્ચયના અભાવની અપેક્ષાએ અસિદ્ધત્વજ્ઞાનને સંસારનાં સુખોની ઇચ્છા પ્રત્યે હેતુ માનવામાં લાઘવ છે; તેથી કોઇ વ્યક્તિને સિદ્ધત્વજ્ઞાન થઇ જાય તો અસિદ્ધત્વજ્ઞાન રહે નહિ. તેથી અસિદ્ધત્વજ્ઞાનની નિવૃત્તિ થઇ જાય તો ઇચ્છાની નિવૃત્તિ થઇ જશે. કેમ કે ઇચ્છા પ્રત્યે અસિદ્ધત્વજ્ઞાન પણ હેતુ છે; અને હેતુ વિદ્યમાન ન હોય તો ઇચ્છારૂપ કાર્ય થઇ શકે નહિ. તેના નિરાકરણરૂપે સિદ્ધાંતકારે એ સ્થાપન કર્યું કે, એક જ વસ્તુમાં સિદ્ધત્વજ્ઞાન હોય છે તે વસ્તુમાં અસિદ્ધત્વજ્ઞાન પણ રહી શકે છે, આથી જ એક જ વસ્તુને ફરી ફરી ભોગવવાની ઇચ્છા થાય છે. માટે સંસારમાં કોઇને પુણ્યના ઉદયથી વિપુલ ભોગસામગ્રી મળેલી હોય, તો તે વિપુલ સામગ્રીને જ ફરી ફરી ભોગવવા છતાં મરતાં સુધી તેની ઇચ્છાનો વિચ્છેદ થતો નથી.

**ઉત્થાન :-** પૂર્વપક્ષી અને ઉત્તરપક્ષીની આ ચર્ચાથી ગ્રંથકારને જે વિશેષ પ્રતિભાસ થાય છે તે બતાવે છે-

**ટીકા :- इदं तु प्रतिभाति-यथा जलपानेन पिपासाकारणतृड्निवृत्तौ पिपासानिवृत्तिः, एवं स्वकारणाधीनभोगकर्मनिवृत्तावेव भोगेच्छानिवृत्तिस्तत एव च भोगद्वेषः, कथमन्यथाऽविरतसम्यग्दृशः संसारसुखे बलवद्दुःखानुबन्धित्वं प्रतिसन्दधाना अपि न ततो निवर्त्तन्ते ? नन्वेवं भोगेनैव भोगकर्मनाशात् तन्नाशार्थिनस्तत्र प्रवृत्तिर्युक्तेति चेत् ? सत्यं, यस्तस्य भोगैकनाश्यत्वं कुतोऽपि हेतोर्निश्चिनोति तस्य भोगेच्छानिवृत्तये तत्र प्रवृत्तिर्युक्तैव यथा कालदष्टस्य विषभक्षणे, यस्य तु न तथा निश्चयस्तस्य तत्र प्रवृत्तिर्विपरीतप्रयोजनेति तत्त्वम् ॥१७३॥**

**ટીકાર્થ :- 'इदं तु'** - જે પ્રમાણે જલપાન દ્વારા પિપાસાના કારણીભૂત તૃષાની નિવૃત્તિ થયે છતે પિપાસાની નિવૃત્તિ થાય છે, એ પ્રમાણે સ્વકારણને આધીન ભોગકર્મની નિવૃત્તિ થયે છતે જ ભોગેચ્છાની નિવૃત્તિ, અને તેનાથી જ= ભોગકર્મની નિવૃત્તિથી જ, ભોગદ્વેષ થાય છે. અન્યથા=ભોગકર્મની નિવૃત્તિથી જ ભોગદ્વેષ ન થતો હોય તો,

અવિરતસમ્યગ્દષ્ટિને સંસારના સુખમાં બલવદ્ દુઃખાનુબંધિત્વનું પ્રતિસંધાન હોવા છતાં પણ, કેમ તેનાથી=ભોગથી, નિવર્તન પામતા નથી?

**'नन्वेवं'** - **'ननु'**થી પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, આ પ્રમાણે ભોગ વડે જ ભોગકર્મનો નાશ થતો હોવાથી ભોગકર્મના નાશના અર્થીની ત્યાં=ભોગમાં, પ્રવૃત્તિ કરવી યુક્ત છે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે, **'सत्यं'** - તારી વાત સાચી છે. જે વ્યક્તિ તેનું=ભોગકર્મનું, ભોગએકનાશ્યપણું કોઇ પણ હેતુથી નિશ્ચિત કરે છે, તેની=તે વ્યક્તિની ભોગેચ્છાની નિવૃત્તિ માટે ત્યાં=ભોગમાં, પ્રવૃત્તિ યુક્ત જ છે. જેમ કાલદષ્ટને=કાળસર્પ જેને ડસ્યો હોય તે વ્યક્તિને, વિષભક્ષણમાં(પ્રવૃત્તિ યુક્ત છે.).

**'यस्य तु'** - જેને વળી તે પ્રકારનો નિર્ણય નથી=મારાં ભોગકર્મો ભોગએકનાશ્ય છે તેવો નિર્ણય નથી, તે વ્યક્તિને ત્યાં=ભોગમાં, પ્રવૃત્તિ વિપરીત પ્રયોજનવાળી છે, એ પ્રમાણે તત્ત્વ છે.

**ભાવાર્થ :-** ભોગકર્મની નિવૃત્તિનાં બે કારણો છે.

(૧) ભોગથી ભોગકર્મની નિવૃત્તિ થાય છે.

(૨) ભોગના સ્વરૂપનું સમ્યગ્જ્ઞાન થાય તેના કારણે ભોગકર્મની નિવૃત્તિ થાય છે.

અહીં ભોગકર્મ શબ્દથી ચારિત્રમોહનીયકર્મ ગ્રહણ કરવાનું છે, અને જેમનું ચારિત્રમોહનીયકર્મ નિકાચિત છે તેમનું ચારિત્રમોહનીયકર્મ ભોગથી જ નાશ પામે છે. જેમ નંદિષેણમુનિનું ભોગકર્મ નિકાચિત હતું તો તે ભોગથી જ નાશ પામ્યું.

જે જીવનું ચારિત્રમોહનીયકર્મ નિકાચિત નથી, તેવા જીવોને ઉપદેશાદિની સામગ્રી મળે, અને ભોગના સ્વરૂપનો સમ્યગ્ બોધ થાય, તો તેનાથી ભોગકર્મની નિવૃત્તિ થાય છે. આથી જ કહ્યું કે, ભોગકર્મની નિવૃત્તિ સ્વકારણને આધીન છે; અર્થાત્ ભોગના સ્વરૂપનું સમ્યગ્જ્ઞાન થવાને કારણે ભોગકર્મનો નાશ થાય, અને નિકાચિત ભોગકર્મ ભોગક્રિયાથી નાશ પામે, એ રૂપ સ્વકારણને આધીન ભોગકર્મની નિવૃત્તિ છે. અને અંતરંગ રીતે ભોગકર્મની નિવૃત્તિ થાય ત્યારે જ ભોગની ઇચ્છાની નિવૃત્તિ થાય છે, અને ભોગકર્મની નિવૃત્તિ થાય ત્યારે જ જીવને ભોગો પ્રત્યે દ્વેષ પ્રગટે છે. આથી જ અવિરતસમ્યગ્દૃષ્ટિને સંસારના સુખમાં બલવાન દુઃખાનુબંધિત્વનું જ્ઞાન હોવા છતાં પણ ભોગકર્મની નિવૃત્તિ નહિ થવાને કારણે ભોગ પ્રત્યે દ્વેષ થતો નથી. તેથી જેમ જલપાનની પિપાસાના કારણીભૂત તૃષાની નિવૃત્તિ થયે છતે પિપાસાની નિવૃત્તિ થાય છે, તેમ સ્વકારણઆધીન ભોગકર્મની નિવૃત્તિ થયે છતે ભોગેચ્છાની નિવૃત્તિ થાય છે.

અહીં દૃષ્ટાંત-દાર્ષ્ટાંતિકભાવ આ રીતે છે- પિપાસાની નિવૃત્તિના સ્થાને ભોગેચ્છાની નિવૃત્તિ છે, પિપાસાના કારણીભૂત તૃષાની નિવૃત્તિના સ્થાને ભોગકર્મની નિવૃત્તિ છે; અને તૃષાની નિવૃત્તિનું કારણ જેમ જલપાન છે તેમ ભોગકર્મની નિવૃત્તિનું કારણ નિકાચિતકર્મવાળાને ભોગક્રિયા છે અને અનિકાચિતકર્મવાળાને બલવદ્ દુઃખાનુબંધિત્વનું જ્ઞાન છે.

અહીં વિશેષ એ છે કે, અંતરંગ રીતે ભોગકર્મની નિવૃત્તિ થાય છે ત્યારે જીવમાં બાહ્ય રીતે ભોગો પ્રત્યે દ્વેષ થાય છે, તેથી ભોગની ઇચ્છાની નિવૃત્તિ થાય છે. આથી જ પૂર્વમાં કહ્યું કે, સંસારનાં સુખો પ્રત્યે દુઃખાનુબંધિત્વનું જ્ઞાન થવાને કારણે તેમના પ્રત્યે દ્વેષ થાય છે, અને દ્વેષ થવાથી ઇચ્છાનો વિચ્છેદ થાય છે. આનાથી એ પ્રાપ્ત થયું કે

અંતરંગ ભોગકર્મનો નાશ થાય ત્યારે જ બાહ્ય રીતે ભોગનો દ્વેષ થાય છે, તેથી ભોગકર્મની નિવૃત્તિને કારણે ભોગેચ્છાની નિવૃત્તિ અને ભોગનો દ્વેષ બંને થાય છે.

**'नन्वेवं'** - અહીં પૂર્વપક્ષી કહે છે કે, આ રીતે=તમે કહ્યું કે સ્વકારણને આધીન ભોગકર્મની નિવૃત્તિ થયે છતે ભોગેચ્છાની નિવૃત્તિ થાય છે એ રીતે, ભોગકર્મનો નાશ ભોગથી થઇ શકે છે. તેથી ભોગ વડે જ ભોગકર્મનો નાશ થતો હોવાના કારણે, ભોગકર્મના નાશના અર્થીએ ભોગમાં પ્રવૃત્તિ કરવી જોઇએ. ત્યાં ગ્રંથકારે **'सत्यं'** કહીને એ કહ્યું કે તારી વાત અડધી સાચી છે, કેમ કે જેમનાં ભોગએકનાશ્ય કર્મ છે તે અપેક્ષાએ તારી વાત સાચી છે; પરંતુ જેમનાં ભોગકર્મો બલવાન દુઃખાનુબંધિત્વના જ્ઞાનને કારણે નાશ થાય તેવાં છે, તેવા જીવોની અપેક્ષાએ ભોગનાશનો ઉપાય ભોગ નથી; અને જેમને પોતાનાં કર્મો ભોગએકનાશ્ય છે તેવો નિર્ણય નથી, એવી વ્યક્તિએ તો સંસારના સ્વરૂપનું સમ્યગ્જ્ઞાન કરવા માટે યત્ન કરવો જોઇએ; કે જેથી ભોગકર્મ નાશ પામે. આમ છતાં, ભોગએકનાશ્ય કર્મનો નિર્ણય નહિ હોવાથી ભોગકર્મના નાશ માટે ભોગમાં પ્રવૃત્તિ કરવામાં આવે, તો તે પ્રવૃત્તિ વિપરીત પ્રયોજનવાળી છે=પોતાના ભોગકર્મની વૃદ્ધિના પ્રયોજનવાળી છે. **॥૧૭૩॥**

**અવતરણિકા :- अपि च भोगप्रवृत्तेर्भोगनाशः सन्दिग्धः, आयुर्निर्णयस्य कर्त्तुमशक्यत्वाच्चायतौ योगप्रवृत्तिरपि सन्दिग्धा, प्रतिक्षणमविरतिप्रत्ययिककर्मबन्धश्च बलवदनिष्टसाधनं भगवद्वचनान्निर्णीतमेवेति कथमेवंविधाभिलाषो विवेकिनामुज्जृम्भेतेत्युपदिशति -**

**અવતરણિકાર્થ :-** અને વળી ભોગપ્રવૃત્તિથી ભોગનો નાશ સંદિગ્ધ છે, અને આયુષ્યના નિર્ણયને કરવા માટે અશક્યપણું હોવાથી આયતિમાં=ભવિષ્યમાં, યોગપ્રવૃત્તિ પણ સંદિગ્ધ છે, અને પ્રતિક્ષણ બલવાન અનિષ્ટના સાધનભૂત અવિરતિપ્રત્યયિક કર્મબંધ ભગવાનના વચનથી નિર્ણીત જ છે; એથી કરીને વિવેકીઓને આવા પ્રકારનો અભિલાષ=ભોગપ્રવૃત્તિથી ભોગનાશ થયા પછી યોગપ્રવૃત્તિ કરીશું આવા પ્રકારનો અભિલાષ, કેવી રીતે થાય? એ પ્રકારે ગ્રંથકાર કહે છે-

**ગાથા :-** **को वा जियवीसासो विज्जुलयाचंचलंमि आउंमि ।**
**सज्जो निरुज्जमो जइ जराभिभूओ कहं होही ॥१७४॥**

(को वा जीवविश्वासो विद्युल्लताचंचल आयुषि । सज्जो निरुद्यमो यदि जराभिभूतो कथं भविष्यति भवान् ॥१७४॥)

**ગાથાર્થ :- વિદ્યુતની લતા જેવું ચંચળ આયુષ્ય હોતે છતે જીવનનો વિશ્વાસ શું? (અને) જો નિરુદ્યમ છે તો જરાથી અભિભૂત થયેલો કેવી રીતે સજ્જ બનીશ ? ॥૧૭૪॥**

**ટીકા :- न खलु विद्युल्लताचञ्चलस्य जीवितस्य निर्णयो नाम, शस्त्रादिना झटिति तदुपक्रमसम्भवात् । न च कालज्ञानादिशास्त्रादायुर्निर्णीयायतौ प्रवर्त्तिष्यत इति वाच्यम्, ततस्तथा निर्णयाभावात्, अन्यथा प्रवृत्तिकालस्यापि ततो निर्णये शङ्कान्तरानवकाशात्, तथा निर्णये तु भोगेच्छानिवृत्तये विषयेऽपि प्रवृत्तिः कस्यचित् प्रतिपादितैव ।**

**ટીકાર્થ :- 'न खलु'** ખરેખર વિદ્યુલ્લતા જેવા ચંચળ જીવિતનો નિર્ણય થઇ શકતો નથી. કેમકે શસ્ત્રાદિથી શીઘ્ર તેના ઉપક્રમનો= આયુષ્યના ઉપક્રમનો, સંભવ છે.

**ભાવાર્થ :-** અહીં વિશેષ એ છે કે, યદ્યપિ શસ્ત્રાદિના ઉપક્રમ વગર પણ ગમે ત્યારે આયુષ્ય સમાપ્ત થઇ શકે છે, માટે જીવિતનો નિર્ણય નથી; તો પણ શસ્ત્રાદિથી આયુષ્યના ઉપક્રમનો સંભવ છે, તે જ રીતે ઉપલક્ષણથી એ પણ સમજી લેવાનું કે, ગમે ત્યારે આયુષ્યની સમાપ્તિથી તેનો નાશ થાય છે, માટે જીવિતનો નિર્ણય નથી.

સ્વકથનની પુષ્ટિ કરતાં ગ્રંથકાર કહે છે-

**ટીકાર્થ :- 'न च'** - કાલજ્ઞાનાદિ શાસ્ત્રોથી આયુષ્યનો નિર્ણય કરીને આયતિમાં=ભવિષ્યમાં, પ્રવર્તશે; અર્થાત્ મોક્ષનો અર્થી સંયમમાં પ્રવર્તશે, એમ ન કહેવું; કેમ કે તેનાથી=કાલજ્ઞાનાદિ શાસ્ત્રોથી, તે પ્રકારના નિર્ણયનો અભાવ છે. એવું ન માનો તો= કાલજ્ઞાનાદિ શાસ્ત્રોથી તે પ્રકારનો નિર્ણય માનો તો, પ્રવૃત્તિકાળનો પણ તેનાથી=તે શાસ્ત્રોથી, નિર્ણય થયે છતે શંકાંતરનો અનવકાશ છે. કેમ કે તે પ્રકારે નિર્ણય થયે છતે ભોગેચ્છાની નિવૃત્તિ માટે કોઇની વિષયમાં પણ પ્રવૃત્તિ પ્રતિપાદિત જ છે.

**ભાવાર્થ :-** કાલજ્ઞાનાદિ શાસ્ત્રોથી સામાન્યથી પોતાનું આયુષ્ય કેટલું છે તે જાણી શકાય છે, તો પણ શસ્ત્રાદિ દ્વારા ઉપક્રમ નહીં જ લાગે અને અમુક નિયત કાલમાન સુધી હું અવશ્ય જીવીશ, એવા પ્રકારના નિર્ણયનો અભાવ છે. અને જો તેવા પ્રકારનો તે શાસ્ત્રોથી નિર્ણય માનવામાં આવે, તો તે શાસ્ત્રથી સંયમમાં પ્રવૃત્તિકાળનો પણ નિર્ણય થઇ શકે; તેથી શંકાંતરનો અવકાશ રહે નહીં=મને સંયમ પ્રાપ્ત થશે કે નહીં? એવી શંકાનો તો અવકાશ રહે નહીં, પરંતુ હું ભોગમાં પ્રવૃત્તિ કરીશ તો મારા ભોગકર્મનો નાશ થશે કે નહીં એવી શંકાંતરનો અવકાશ રહે નહીં. કેમ કે તે પ્રકારનો નિર્ણય થયે છતે, અર્થાત્ શાસ્ત્રોથી એ નિર્ણય થાય કે અમુક કાળ પછી અવશ્ય ચારિત્રની પ્રાપ્તિ થશે એવો નિર્ણય થયે છતે, નિકાચિત કર્મના કારણે સંયમના અર્થી એવા કોઇકની ભોગેચ્છાની નિવૃત્તિ માટે વિષયમાં પ્રવૃત્તિ પણ પ્રતિપાદિત જ છે. તેથી વિષયોની પ્રવૃત્તિ એ ભોગના નાશનું કારણ છે એ પ્રકારનો નિર્ણય પણ શાસ્ત્ર દ્વારા થઇ શકે છે, પરંતુ સામાન્ય રીતે કાલજ્ઞાનાદિ શાસ્ત્રો દ્વારા પરિપૂર્ણ નિર્ણય થવારૂપ આયુષ્યાદિનું જ્ઞાન થઇ શકતું નથી. તેથી કલ્યાણના અર્થી જીવોએ ભોગેચ્છાની નિવૃત્તિ માટે ત્યાગમાં જ યત્ન કરવો જોઇએ.

**ટીકા :- किञ्च, य एवमविरतिप्रत्ययिककर्मबन्धान्न बिभेति तस्यैवेदृगभिलाषः स्यान्न तु संसारभीरोः । न च संसारभीरुतां विना धर्माधिकारो नाम, तथाभूतस्य तु "[1] समयं गोयम ! मा पमायए" [ उत्तराध्ययन-दशमाध्ययने ] इत्याद्युपदेशपरिकर्मितमतेः प्रतिक्षणमप्रमाद एव मतिरुदेति, तस्यां चोदितायां न प्रवृत्तिविलम्बः सम्भवी, सामग्रीसाम्राज्यात् । किं चायतौ वार्द्धक्ये तादृशकायबलाद्यभावात्कथं चारित्रे प्रवृत्तिः ? कथं च तदप्रवृत्ताविष्टसिद्धिः ? इति फलार्थिना फलोपायप्रवृत्तौ न विलम्बो विधेयः ॥१७४॥**

---

१. समयं गौतम ! मा प्रमाद्येः ।

**ટીકાર્થ :- 'किञ्च'** - અને વળી આ પ્રમાણે=જે પ્રમાણે વિદ્યુલ્લતા જેવા ચંચળ જીવિતનો નિર્ણય નથી, છતાં ભાવિમાં સંયમનો વિચાર જે રીતે કરે છે, એ પ્રમાણે, જે અવિરતિપ્રત્યય કર્મબંધથી ડરતો નથી તેને જ આવા પ્રકારનો અભિલાષ થાય, પરંતુ સંસારભીરુને ન થાય. એથી કરીને ફલાર્થીએ ફલના ઉપાયની પ્રવૃત્તિમાં વિલંબ કરવો નહીં.

❀ અહીં એ ધ્યાનમાં રાખવું કે ટીકાના પ્રારંભમાં કહ્યું કે, વિદ્યુલ્લતા જેવા ચંચળ જીવિતનો નિર્ણય થઇ શકતો નથી, એનો અન્વય પ્રસ્તુત ગાથાની ટીકાના અંતે **'इति'** શબ્દ છે તેની સાથે છે. તેથી એ અર્થ પ્રાપ્ત થાય કે, વિદ્યુલ્લતા જેવા ચંચળ જીવિતનો નિર્ણય નથી, એથી કરીને ફલાર્થીએ ફલના ઉપાયમાં વિલંબ કરવો નહીં. એ જ રીતે **'किञ्च'**થી જે કહ્યું તેનો અન્વય પણ ટીકાના અંતે **'इति'** શબ્દ છે તેની સાથે છે. તેથી એ અર્થ પ્રાપ્ત થાય કે, જે અવિરતિપ્રત્યય કર્મબંધથી ડરતો નથી તેને જ આવા પ્રકારનો અભિલાષ થાય, પરંતુ સંસારભીરુને ન થાય. એથી કરીને ફલાર્થીએ ફળના ઉપાયની પ્રવૃત્તિમાં વિલંબ કરવો નહીં.

એ જ રીતે **'किं चायतौ..'**થી ટીકામાં આગળ કહે છે કે, ભવિષ્યમાં વાર્ધક્ય પ્રાપ્ત થયે છતે તેવા પ્રકારના કાયબલાદિનો અભાવ હોવાથી કેવી રીતે ચારિત્રમાં પ્રવૃત્તિ થશે? અને ચારિત્રમાં અપ્રવૃત્તિ હોતે છતે ઇષ્ટસિદ્ધિ કેવી રીતે થશે? તેનો પણ અન્વય **'इति'** સાથે છે. તે આ રીતે- એથી કરીને ફલાર્થી વડે ફળના ઉપાયની પ્રવૃત્તિમાં વિલંબ કરવો જોઇએ નહીં.

આ રીતે ત્રણે કથનો સાથે **'इति'**નો અન્વય સમજવો.

**ટીકાર્થ :- 'न च'** - અને સંસારભીરુતા વિના ધર્માધિકાર હોતો નથી. વળી તેવા પ્રકારના જીવોને = સંસારભીરુ જીવોને, "હે ગૌતમ ! એક સમય (પણ) પ્રમાદ ન કર" ઇત્યાદિ ઉપદેશથી પરિકર્મિત મતિ હોવાથી પ્રતિક્ષણ અપ્રમાદમાં જ મતિ=બુદ્ધિ, ઉદય પામે છે. અને તે ઉદિત થયે છતે=અપ્રમાદમાં મતિ ઉદિત થયે છતે, પ્રવૃત્તિનો વિલંબ સંભવિત નથી, કેમ કે સામગ્રીનું સામ્રાજ્ય છે.

**ભાવાર્થ :-** જે જીવ અવિરતિ નિમિત્તક કર્મબંધથી ડરતો નથી, તેને જ સંસારમાં ભોગો ભોગવીને ભોગકર્મનો નાશ થયા પછી હું સંયમ ગ્રહણ કરીશ, એવો અભિલાષ થાય છે; પરંતુ સંસારભીરુ આત્માને આવો અભિલાષ થતો નથી, અને સંસારભીરુતા વગર ધર્મનો અધિકાર નથી. યદ્યપિ ધર્મનો અધિકારી એવો સમ્યગ્દષ્ટિ જીવ પણ અવિરતિના કારણે સંયમમાં યત્ન કરતો નથી, તો પણ તેને આવો અભિલાષ હોતો નથી કે ભોગો ભોગવીને પછી હું સંયમ ગ્રહણ કરીશ, પરંતુ સંયમને અનુકૂળ વિશેષ પરિણામ નહીં થવાના કારણે અવિરતસમ્યગ્દૃષ્ટિનો સંયમમાં યત્ન હોતો નથી; તો પણ પોતાની ભૂમિકા પ્રમાણે ભવપાર્થક્યના વિષયના અપ્રમાદભાવમાં તેની બુદ્ધિ વર્તે છે, તેથી તે ધર્મનો અધિકારી છે.

અહીં **"समयं गोयम! मा पमायए"** કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, જે જીવ સમ્યગ્ રીતે સંસારના સ્વરૂપઅવલોકનથી ભયભીત થયેલ હોય, તે જીવે પોતાના સત્ત્વ અને જ્ઞાનના ક્ષયોપશમ પ્રમાણે સન્માર્ગમાં યત્ન કરવામાં એક ક્ષણ પણ પ્રમાદ કરવો જોઇએ નહીં, જેથી ધીરે ધીરે સંસારનો ઉચ્છેદ થાય. અને આવા ઉપદેશથી પરિકર્મિત મતિ સમ્યગ્દૃષ્ટિની હોવાથી ભોગકાળમાં પણ સંસારના પાર્થક્યના વિષયમાં તેનો યત્ન વર્તે છે. તેથી જ

સમ્યગ્દષ્ટિ જીવની ભોગક્રિયા અસંજ્ઞી જેવી બને છે, અને ધર્માનુષ્ઠાન સંજ્ઞી જેવાં બને છે, અને અપ્રમાદમતિ ઉદિત થયે છતે પ્રવૃત્તિનો વિલંબ થતો નથી; કેમ કે સામગ્રીનું સામ્રાજ્ય છે. એમ કહ્યું તેનો ભાવ એ છે કે, જે જીવને અપ્રમાદભાવના ઉપદેશરૂપ ભગવાનનું વચન હૈયામાં સ્થિર છે, તે જીવ શક્તિ હોય તો સંયમની પ્રવૃત્તિમાં વિલંબ કરે નહીં. કેમ કે શક્તિરૂપ સામગ્રી વિદ્યમાન છે, અને તેના અંગરૂપ અપ્રમાદભાવની મતિ પણ વિદ્યમાન છે; તેથી પૂર્ણ સામગ્રી હોય તો અવશ્ય સંયમમાં પ્રવૃત્તિ થાય જ, પરંતુ ભોગો ભોગવીને પછી સંયમ લઈશ તેવો વિચાર આવે નહીં. ક્વચિત્ પોતાની તેવા પ્રકારની શક્તિનું વૈકલ્ય હોય અથવા તો સંયમને અનુકૂળ પરિણામ ઉત્થિત થઈ શકે તેમ ન હોય, તો દેશવિરતિ આદિના અભ્યાસના ક્રમથી સર્વવિરતિ માટે વિલંબથી પ્રવૃત્તિ કરે તે સંભવે; પરંતુ વર્તમાનમાં ભોગોને ભોગવીને પછી ભવિષ્યમાં સંયમ ગ્રહણ કરીશ, તેવી મતિ થાય નહીં.

**ટીકાર્થ :- 'किञ्च'** અને વળી આયતિમાં=ભવિષ્યમાં, વાર્ધક્ય પ્રાપ્ત થયે છતે તેવા પ્રકારના કાયબળાદિનો અભાવ હોવાથી=જેવા પ્રકારના કાયબળાદિ યુવાવસ્થામાં છે તેવા પ્રકારના કાયબળાદિનો અભાવ હોવાથી, કેવી રીતે ચારિત્રમાં પ્રવૃત્તિ થશે ? અને તેમાં અપ્રવૃત્તિ હોતે છતે=ચારિત્રમાં અપ્રવૃત્તિ હોતે છતે, કેવી રીતે ઈષ્ટની સિદ્ધિ થશે ? એથી કરીને ફલાર્થી વડે ફલના ઉપાયની પ્રવૃત્તિમાં વિલંબ કરવો જોઈએ નહીં. **॥૧૭૪॥**

**અવતરણિકા :- ननु तथापि दृढसंहननाश्चारित्रे प्रवर्त्तन्तां, ये तु रोगग्रस्ता हीनकायबलाश्च ते जिनवचनं जानाना अपि तत् श्रद्दधाना अपि संसारभीरवोऽपि कथमसिधारासमाने योगमार्गे प्रवर्त्तन्ताम् ? इत्याशंकायामाह -**

**અવતરણિકાર્થ :- 'ननु'**થી પૂર્વપક્ષી કહે છે કે, તો પણ=ગાથા-૧૭૪માં કહ્યું કે આયુષ્યનો કોઈ ભરોસો નથી, પ્રતિક્ષણ અવિરતિપ્રત્યયિક કર્મબંધ ચાલુ છે, અને વૃદ્ધાવસ્થામાં કાયા ક્ષીણ થવાથી ચારિત્રમાં પ્રવૃત્તિ થઈ શકશે નહિ, માટે મોક્ષના અર્થીએ ચારિત્ર ગ્રહણ કરવામાં વિલંબ કરવો જોઈએ નહિ; તો પણ, દઢસંઘયણવાળા ચારિત્રમાં પ્રવર્તી, વળી જેઓ રોગગ્રસ્ત અને હીનકાયબળવાળા છે તેઓ, જિનવચનને જાણતા છતાં પણ, તે=જિનવચનને, શ્રદ્ધા કરતા હોવા છતાં પણ, સંસારભીરુ પણ, અસિધારા જેવા=તલવારની ધારા જેવા, યોગમાર્ગમાં કેવી રીતે પ્રવર્તે? એ પ્રમાણે પૂર્વપક્ષીની આશંકામાં ગ્રંથકાર કહે છે -

ગાથા :- **देहबलं जइ न दढं तह वि मणोधिइबलेण जइयव्वं ।**
**तिसिओ पत्ताभावे करेण किं णो जले पियइ? ॥१७५॥**

(देहबलं यदि न दृढं तथापि मनोधृतिबलेन यतितव्यम् । तृषितः पात्राभावे करेण किं नो जलं पिबति? ॥१७५॥)

**ગાથાર્થ :- જો દેહબળ=કાયબળ, દઢ ન હોય તો પણ મનના ધૃતિબળથી (સંયમમાં) યત્ન કરવો જોઈએ. તૃષિત=તરસ્યો માણસ, પાત્રના અભાવમાં હાથ વડે શું જલ પીતો નથી? અર્થાત્ પીવે છે. ॥૧૭૫॥**

**ટીકા :-** **तादृशदेहबलाभावेऽपि मनोवीर्यस्फोरणे यतितव्यम्, नत्वालस्यं विधेयम्, न हि कायिकव्यापारप्रकर्ष एव चारित्रं, किन्तु शक्त्यनिगूहनप्रयुक्तो योगानां स्थिरो भावस्तत् । अत एवाऽशक्तानां कपटराहित्येन किंचित्प्रतीपसेवनेऽपि भगवदाज्ञाऽविराधना । तदुक्तं -**

[1] जो हुज्ज उ असमत्थो रोगेण व पिल्लिओ झरियदेहो । सव्वमवि जहाभणियं कयावि ण तरिज्ज काउं जे ॥
[ उप. माला ३८३ ]

[2] सो वि य नियपरक्कमववसायधिइबलं अगूहंतो । मुत्तूण कूडचरियं जई जयंतो अवस्स जइ ॥ त्ति।
[ उप. माला ३८४ ]

**मनोधृतिबलेन च कायवाक्प्रवृत्तिरपि काचिद् भवत्येव यया त्रिकरणशुद्धिराधीयते, केवलं विचित्र-तपोऽभिग्रहादिकं कर्त्तुमशक्नुवतोऽपि तस्य कायव्रतयतनया न हानिः, शक्त्यनिगूहनात् । उक्तं च-**

[3] जइ ता असक्कणिज्जं ण तरसि काऊण तो इमं कीस । अप्पायत्तं न कुणसि संजमजयणं जईजोग्गं ॥ त्ति
**[ उप. माला ३४४ ]**

**ટીકાર્થ :-** **'तादृश'** તેવા પ્રકારના કાયબળના અભાવમાં પણ મનોવીર્ય ફોરવવામાં યત્ન કરવો જોઈએ, પરંતુ આળસ કરવી ન જોઈએ; કેમ કે કાયિક વ્યાપારનો પ્રકર્ષ જ ચારિત્ર છે એવું નથી, પરંતુ શક્તિઅનિગૂહનપ્રયુક્ત યોગોનો સ્થિર ભાવ તે= ચારિત્ર, છે. આથી કરીને જ=શક્તિઅનિગૂહનપ્રયુક્ત યોગોનો સ્થિર ભાવ ચારિત્ર છે આથી કરીને જ, અશક્તોને કપટરહિતપણાથી કંઈક પ્રતીપસેવનમાં પણ=વિપરીત આચરણમાં પણ, ભગવદ્ આજ્ઞાની અવિરાધના છે.

**ભાવાર્થ :-** જે જીવને તપ-અભિગ્રહાદિમાં ઈચ્છા વર્તતી હોય અને તે ઈચ્છાને કારણે તપ-અભિગ્રહની લેશ્યાપૂર્વક તપ-અભિગ્રહમાં યત્ન છે, તે કાયવ્યાપારનો પ્રકર્ષ છે, તે ચારિત્ર પદાર્થ નથી; પરંતુ જે જીવ સંસારથી ચિત્તની વિશ્રાંતિને અનુકૂળ યોગોને સ્થિરરૂપે પ્રવર્તાવતો હોય, અને તે વખતે શક્તિને અનુરૂપ બાહ્યતપ-અભિગ્રહાદિની આચરણામાં શક્તિને ગોપવતો ન હોય, ત્યારે શક્તિઅનિગૂહનપ્રયુક્ત યોગોનો સ્થિર ભાવ વર્તે છે, અને તે જ ચારિત્ર પદાર્થ છે.

**ટીકાર્થ :-** **'तदुक्तं'**થી તેમાં ઉપદેશમાલાની સાક્ષી આપતાં કહે છે-

**'जो हुज्ज'** વળી જે અસમર્થ હોય, અર્થાત્ પ્રકૃતિથી જ નબળા સંઘયણવાળો હોવાથી અસમર્થ હોય, અથવા રોગ વડે પ્રેરિત=અતિપીડિત હોય, જરાથી જીર્ણ કાયાવાળો હોય, (આથી કરીને) સર્વ પણ યથાભણિત ક્યારે પણ કરવા માટે સમર્થ ન હોય, ('જે' શબ્દ ગાથાના અંતે છે તે વાક્યાલંકાર માટે છે) તે પણ પોતાના પરાક્રમ=ચિત્તનો ઉત્સાહ, વ્યવસાય=બાહ્યચેષ્ટા, ધૃતિ=ધૈર્ય, બલ=શરીરસામર્થ્ય, તેને નહિ ગોપવતો; કપટ ચરિત્રને મૂકીને જો યત્ન કરે તો અવશ્ય યતિ=સાધુ, છે.

---

१. यो भवेत्त्वसमर्थो रोगेण वा प्रेरितो जीर्णदेहः । सर्वमपि यथाभणितं कदापि न तरेत् कर्त्तुं यः ॥
२. सोऽपि च निजकपराक्रमव्यवसायधृतिबलमगूहयन् । मुक्त्वा कूटचरितं यदि यततेऽवश्यं यतिः ॥
३. यदि तावदशकनीयं न तरसि कर्त्तुं तत इमां किम् ? आत्मायत्तां न करोषि संयमयतनां यतियोग्याम् ॥

**ટીકાર્થ :- 'मनोधृतिबलेन'** - અને મનના ધૃતિબળથી કોઇક કાયપ્રવૃત્તિ અને વચનપ્રવૃત્તિ પણ થાય જ છે, જેનાથી ત્રિકરણશુદ્ધિ આધાન થાય છે. ફક્ત વિચિત્ર તપ-અભિગ્રહાદિક કરવા માટે અસમર્થ પણ તેની=તે જીવની કાયવ્રતની યતના હોવાને કારણે હાનિ નથી, અર્થાત્ ત્રિકરણશુદ્ધિની હાનિ નથી. કેમ કે શક્તિનું અનિગૂહન છે.

**ભાવાર્થ :-** જે જીવ સંસારથી અત્યંત ભય પામેલો છે તે જીવ રોગાદિગ્રસ્ત કે હીન કાયબળવાળો હોવા છતાં પણ, સંસારથી મારો નિસ્તાર થાય એવી ઇચ્છાથી, ભગવદ્ ઉપદિષ્ટ આચરણાઓમાં અત્યંત માનસિક યત્ન કરતો હોય, તે મનોધૃતિબળવાળો છે. અને મનોધૃતિબળથી કાંઇક કાયપ્રવૃત્તિ અને વચનપ્રવૃત્તિ પણ થાય જ છે; અર્થાત્ ભગવદ્ વચનાનુસાર કાયાને અને વાણીને પ્રવર્તાવવામાં કાંઇક યત્ન થાય છે, જેના કારણે ત્રણેય કરણોની શુદ્ધિ થાય છે. = મન, વચન અને કાયા ત્રણેય સમ્યગ્ રીતે ભગવદ્ વચનાનુસાર પ્રવર્તે છે, તે રૂપ ત્રિકરણની શુદ્ધિ થાય છે. =મનોયોગ પ્રણિધાનાદિ આશયમાં પ્રવર્તે છે, અને વચનયોગ તથા કાયયોગ પ્રણિધાનાદિ આશયની પુષ્ટિ કરે તેવી પ્રવૃત્તિમાં વર્તે છે, તે રૂપ ત્રિકરણની શુદ્ધિ થાય છે. ફક્ત વિચિત્ર તપ અને અભિગ્રહાદિ કરવા માટે અસમર્થ પણ તે જીવની કાયવ્રતની યતના હોવાને કારણે ત્રિકરણશુદ્ધિની હાનિ નથી. અર્થાત્ જેમ મનોયોગ પ્રણિધાનાદિ આશયને પ્રાદુર્ભાવ કરવામાં વ્યાપૃત છે, તેમ કાયા પણ પ્રણિધાનાદિ આશયને પુષ્ટ કરે તેવી આચરણામાં યતનાવાળી છે. ફક્ત શક્તિના અભાવને કારણે તપ-અભિગ્રહાદિ કાયાથી કરી શકતો નથી, તેથી કાયાથી વ્રતપાલનને અનુકૂળ સમ્યગ્ ચેષ્ટારૂપ કાયવ્રતની યતના ત્યાં વર્તે છે, કેમ કે કાયાની સમ્યગ્ ચેષ્ટામાં શક્તિનું અનિગૂહન છે, માટે ત્રિકરણશુદ્ધિની હાનિ નથી.

**ટીકાર્થ :- 'उक्तं च'** - અને કહ્યું છે-
**'जइ'** - જો અશક્ય (ભિક્ષુપ્રતિમા, માસકલ્પાદિ) કરવા માટે સમર્થ નથી, તો કયા હેતુથી આ સ્વાધીન એવી યતિને યોગ્ય સંયમયતનાને કરતો નથી?

❀ **'त्ति'** ઉપદેશમાલાના ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

**ટીકા :- ननु तर्हि धृतिबलेन विचित्राभिग्रहादिकमपि न दुष्करम्, दृश्यन्ते हि धृतिबलेन कायमपि त्यजन्तो महासाहसिका इति चेत् ? न, धृतिबलसाध्येऽपि विचित्राभिग्रहादौ व्रतार्जनक्षमयोगहानिरूपबलवद-निष्टानुबन्धित्वप्रतिसन्धानेन तत्राऽप्रवृत्तेः । अत एवोक्तं -**

[१] मा कुणउ जइ तिगिच्छं अहियासेऊण जइ तरइ सम्मं । अहियासंतस्स पुणो जइ से जोगा ण हायं ति ॥ **त्ति।**
**[ उप. माला ३४६ ]**

**ટીકાર્થ :- 'ननु' - 'ननु'થી** પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, તો પછી ધૃતિબલ વડે વિચિત્ર અભિગ્રહાદિક પણ દુષ્કર નથી, જે કારણથી ધૃતિબલ વડે કાયાનો પણ ત્યાગ કરતા મહાસાહસિકો દેખાય છે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર

१. मा करोतु यदि चिकित्सामतिसोढुं यदि तरति सम्यक् । अतिसहमानस्य पुनर्यदि तस्य योगा न हीयन्ते ॥

કહે છે કે એમ ન કહેવું, કેમ કે ધૃતિબળથી સાધ્ય એવા પણ વિચિત્ર=વિવિધ, અભિગ્રહાદિમાં વ્રતાર્જનને=વ્રતપાલનને, સમર્થ યોગોની હાનિરૂપ બલવાન અનિષ્ટના અનુબંધિત્વનું પ્રતિસંધાન હોવાથી ત્યાં=વિચિત્ર અભિગ્રહાદિમાં, અપ્રવૃત્તિ છે.

**ભાવાર્થ :-** કોઇ જીવ ધૃતિબળથી શરીરનું અસમર્થપણું હોવા છતાં વિવિધ તપ-અભિગ્રહાદિમાં યત્ન કરે, અને મૃત્યુની પરવા વગર તેનું પાલન કરે, તો પણ વ્રતપાલનને સમર્થ યોગોની હાનિરૂપ બલવદ્ અનિષ્ટનું અનુબંધીપણું દેખાવાથી વિવેકી જીવ તેવા સ્થાનમાં પ્રવૃત્તિ ન કરે. જો તેણે વિચિત્ર તપ-અભિગ્રહાદિમાં યત્ન ન કર્યો હોત અને સ્વસામર્થ્યાનુસાર કાયિક ચેષ્ટાપૂર્વક મનને પ્રણિધાનાદિ આશયમાં પ્રવર્તાવેલ હોત, તો તેનાથી સંયમમાં ઉત્તરોત્તર વૃદ્ધિરૂપ યોગો પ્રવર્ત્યા હોત. પરંતુ વિચિત્ર તપ-અભિગ્રહાદિને કારણે તે યોગોનો જ્યારે નાશ થાય ત્યારે તે બલવદ્ અનિષ્ટરૂપ બને છે, અને તેના=બલવદ્ અનિષ્ટરૂપ એવા સંયમયોગના નાશના કારણીભૂત વિચિત્ર તપ-અભિગ્રહાદિમાં ધૃતિબળથી કરેલી પ્રવૃત્તિ છે એવું જેને પ્રતિસંધાન થાય, એવો વિવેકી ત્યાં=તપ-અભિગ્રહાદિમાં પ્રવૃત્તિ ન કરે.

**ટીકાર્થ :- 'अत एवोक्तं'** આથી કરીને જ કહ્યું છે-

**'मा कुणउ'** જો (તે પીડાને) સમ્યગ્ સહન કરવા માટે સમર્થ હોય તો, (અને) જો અતિ સહન કરતા તેના=સાધુના, યોગો નાશ ન પામે (તો) યતિ=સાધુ, ચિકિત્સા ન કરે.

❀ **'त्ति'** ઉપદેશમાલાના ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

**ટીકા :- नन्वेवं तपसि कस्यापि प्रवृत्तिर्न स्यात्, तत्र नियमतो दुःखानुबन्धित्वज्ञानादिति चेत् ? न, व्याधिचिकित्सारूपे तपस्यायतिसुखानुबन्धित्वस्यैव ज्ञानात् । न च दुःखजनकत्वज्ञानेन तत्र द्वेषः, बलवत्सुखाननुबन्धिदुःखजनकत्वज्ञानस्यैव द्वेषजनकत्वात्, अन्यथा समुच्छिन्ना योगमार्गव्यवस्था । तथाप्यार्त्तध्यानजनके ध्रुवयोगहानिजनके च तत्र प्रवृत्तिर्नास्त्येव, शुभध्यानध्रुवयोगानुकूल्येनैव तदुपदेशात्, तदुक्तं -**

[1]जह जह खमइ शरीरं धुवजोगा जह जहा न हायंति । कम्मक्खओ अ विउलो विवित्तया इंदियदमो य ॥ **त्ति [ उप. माला ३४३ ] ॥१७५॥**

**ટીકાર્થ :- 'ननु'**થી પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, આ રીતે તપમાં કોઇની પણ પ્રવૃત્તિ નહિ થાય, કેમ કે ત્યાં=તપમાં, નિયમથી દુઃખાનુબંધિત્વનું જ્ઞાન છે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે વ્યાધિચિકિત્સારૂપ તપમાં ભાવિ સુખાનુબંધિત્વનું જ જ્ઞાન છે.

---

१. यथा यथा क्षमते शरीरं ध्रुवयोगा यथा यथा न हीयन्ते । कर्मक्षयश्च विपुलः विविक्तता इन्द्रियदमश्च ॥

**ભાવાર્થ :-** પૂર્વમાં ગ્રંથકારે કહ્યું કે, ધૃતિબળથી વિચિત્ર અભિગ્રહાદિમાં પ્રવૃત્તિ કરવાથી વ્રતપાલનને સમર્થ યોગોની હાનિરૂપ બલવદ્ અનિષ્ટના પ્રતિસંધાનથી ત્યાં પ્રવૃત્તિ થતી નથી; તેનાથી એ પ્રાપ્ત થાય છે કે, વિચિત્ર અભિગ્રહાદિમાં પ્રવૃત્તિ થવાના કારણે જે દુઃખની પ્રાપ્તિ થઇ, તે પોતાની શક્તિની બહારની ભૂમિકાની હોવાથી વ્રતપાલનને સમર્થ યોગોની હાનિનું કારણ બની. તેથી તેવા વિચિત્ર તપ-અભિગ્રહાદિ દુઃખના ફળવાળા હોવાના કારણે ત્યાં વિવેકીની પ્રવૃત્તિ થતી નથી. તેની સામે પૂર્વપક્ષી કહે છે કે, આ રીતે તપમાં કોઇની પણ પ્રવૃત્તિ નહિ થાય, કેમ કે ત્યાં નિયમથી દુઃખાનુબંધિત્વનું જ્ઞાન છે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું. કેમ કે જેમ વ્યાધિની ચિકિત્સા સ્વયં દુઃખરૂપ હોવા છતાં ચિકિત્સાથી વ્યાધિના શમનને કારણે સુખ ઉત્પન્ન થાય છે, તેમ તપ સ્વયં દુઃખરૂપ હોવા છતાં તપથી ભાવરોગરૂપ વ્યાધિનો નાશ થતો હોવાથી, ભાવિમાં સુખરૂપ ફળનો પ્રાદુર્ભાવ થાય છે. તેથી જ સમ્યગ્ રીતે તપ કરનાર વ્યક્તિ જેમ જેમ તપમાં યત્ન કરે તેમ તેમ અણાહારી ભાવનાથી તેનું ચિત્ત અતિશયિત અતિશયિત વાસિત થાય છે, અને તેનાથી આહારની વૃત્તિરૂપ ભાવવ્યાધિનું ધીરે ધીરે શમન થાય છે. તેથી ભાવઆરોગ્યનો પ્રાદુર્ભાવ થવા માંડે છે, અને તેની નિષ્ઠા પરિપૂર્ણ વ્યાધિરહિત અવસ્થામાં થાય છે ત્યારે સર્વથા વીતરાગભાવની પ્રાપ્તિરૂપ ફળ તપથી થાય છે.

**ટીકાર્થ :- 'न च'** - અને દુઃખજનકત્વના જ્ઞાનથી ત્યાં=તપમાં, દ્વેષ થશે એમ ન કહેવું, કેમ કે બલવત્ સુખના અનનુબંધી દુઃખજનકત્વજ્ઞાનનું જ દ્વેષજનકપણું છે. અન્યથા=બલવત્ સુખના અનનુબંધી દુઃખજનકત્વજ્ઞાનને દ્વેષજનક ન માનો અને સુખાનુબંધી પણ દુઃખજનકત્વજ્ઞાનને દ્વેષજનક માનો તો, યોગમાર્ગની વ્યવસ્થા ઉચ્છિન્ન થઇ જશે.

**ભાવાર્થ :-** મહાયત્નપૂર્વક મન-વચન-કાયાના યોગોને સંયમમાં પ્રવર્તાવવા રૂપ યોગમાર્ગ છે, માટે તે દુઃખસ્વરૂપ છે. તો પણ તે યત્નથી ધીરે ધીરે ભાવવ્યાધિનું શમન થાય છે, તેથી અંતરંગ સુખનો પ્રાદુર્ભાવ થાય છે. અને યોગમાર્ગના સેવનથી જે પુણ્યાનુબંધીપુણ્ય બંધાય છે, તેનાથી મોક્ષપ્રાપ્તિ ન થાય ત્યાં સુધી બાહ્ય ભૌતિક સુખો અને અંતરંગ અસંક્લિષ્ટ ચિત્તરૂપ સુખ પ્રાદુર્ભાવ થાય છે; અને ક્રમે કરીને ભાવવ્યાધિના શમનથી સર્વથા ભાવઆરોગ્યના શમનરૂપ સુખ પ્રાદુર્ભાવ થાય છે. તેથી યોગમાર્ગમાં પ્રવૃત્તિ દુઃખજનક હોવા છતાં બલવાન સુખાનુબંધી હોવાના કારણે વિવેકીને તે પ્રવૃત્તિમાં દ્વેષ થતો નથી.

**ટીકાર્થ :- 'तथापि'** - તો પણ=પૂર્વમાં કહ્યું કે આ રીતે કોઇની પણ તપમાં પ્રવૃત્તિ નહિ થાય, તેના નિરાકરણરૂપે ગ્રંથકારે કહ્યું કે, વ્યાધિચિકિત્સારૂપ તપમાં આયતિમાં સુખાનુબંધિત્વનું જ્ઞાન હોવાના કારણે પ્રવૃત્તિ થશે તો પણ, આર્તધ્યાનજનક અને ધ્રુવયોગહાનિજનક એવા તપમાં પ્રવૃત્તિ નહિ જ થાય. કેમ કે શુભધ્યાન અને ધ્રુવયોગના અનુકૂળપણાથી જ તેનો=તપનો, ઉપદેશ છે.

**'तदुक्तं'** - તે કહ્યું છે - જેમ જેમ શરીર ખમે=સહન કરે, જેમ જેમ ધ્રુવયોગો=નિત્યકર્તવ્ય પડિલેહણાદિ વ્યાપારો, નાશ ન પામે (તે પ્રમાણે તપ કરવો જોઇએ). એ પ્રમાણે તપ કરતાને વિપુલ કર્મનો ક્ષય થાય છે અને વિવિક્તતા= દેહાદિપાર્થક્યભાવના, અને ઇન્દ્રિયદમન=ઇન્દ્રિયોનો નિગ્રહ, થાય છે.

❀ **'त्ति'** શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

**ભાવાર્થ :-** શરીરના સામર્થ્યને અનુરૂપ=સામર્થ્યને ગોપવ્યા કે ઓળંગ્યા વગર, કરાતી તપમાં પ્રવૃત્તિ નિર્જરાદિનું કારણ બને છે, જ્યારે શક્તિને ઓળંગીને તપ કરવાથી શરીરની અસહનશીલતા થવાથી ચિત્ત ક્ષુધાદિના ચિંતવનમાં રહે અથવા તો નિદ્રાદિના પરિણામવાળું બને તો તે તપ આર્તધ્યાનજનક બને છે; અને શરીરની શક્તિ ગોપવીને અલ્પ તપમાં પ્રવૃત્તિ કરે તો શરીરનું મમત્વ પુષ્ટ બને છે. તેથી નિર્જરા, ભેદજ્ઞાન કે ઇન્દ્રિયદમન થતું નથી. તે જ રીતે સંયમમાં અભ્યુત્થિત યતિ, સંયમની વૃદ્ધિના કારણીભૂત એવા ધ્રુવયોગોનો=નિત્યવ્યાપારોનો, નાશ ન થાય તે રીતે તપમાં યત્ન કરે. પરંતુ જો તે રીતે ન કરે તો તપની અતિરુચિથી તપમાં યત્ન કરવાથી ધ્રુવયોગોમાં શિથિલ યત્ન થવાના કારણે જે ભાવોની વૃદ્ધિ થતી હતી તેનો નાશ થાય છે. તેથી એવો તપ અવિવેકમૂલક બનવાને કારણે કર્મક્ષયનું કારણ બનતો નથી. જ્યારે ધ્રુવયોગના નાશ વગર જેમ જેમ તપમાં યત્ન વધતો જાય છે તેમ તેમ વિવેકીને વિપુલ કર્મક્ષય, દેહાદિથી પૃથક્તાનું જ્ઞાન અને ઇન્દ્રિયદમન થાય છે. **॥૧૭૫॥**

**અવતરણિકા :- ये तु बलकालशोचनयैवालस्योपहताः शक्ता अपि चारित्रं नाद्रियन्ते ते प्रान्ते जरामरणभयभीतास्तन्निवृत्त्युपायाऽप्रवृत्त्या प्रार्थनामात्रेण प्रार्थितं सुखमप्राप्नुवन्तो बाढमात्मानं शोचन्ति, ततश्चार्त्तध्यानोपहता एव बालमरणेन म्रियन्त इत्युपदिशति -**

**અવતરણિકાર્થ :-** જેઓ વળી બળ-કાળની શોચનાથી=દીનતાથી, આળસથી ઉપહત થયેલા, શક્તિમાન હોવા છતાં પણ ચારિત્રને આદરતા નથી; તેઓ અંતે જરા અને મરણથી ભયભીત થયેલા, તેની નિવૃત્તિના ઉપાયમાં અપ્રવૃત્ત હોવાને કારણે પ્રાર્થનામાત્રથી પ્રાર્થિત સુખને નહિ પામતા, આત્માને અત્યંત શોકાતુર કરે છે; અને ત્યારપછી આર્તધ્યાનથી હણાયેલા જ બાળમરણ વડે મૃત્યુ પામે છે. એ પ્રકારનો ગ્રંથકાર ઉપદેશ આપે છે-

**ભાવાર્થ :-** જેઓ ચારિત્રને અનુકૂળ શક્તિવાળા હોવા છતાં પણ, કાળ વિષમ છે અને આ કાળમાં શરીરબળ નબળું છે એ પ્રકારની વિચારણાથી ઉપહત થઇને ચારિત્રમાં યત્ન કરતા નથી, તે તેમનું વાસ્તવિક પર્યાલોચન નથી; પરંતુ મિથ્યાત્વના ઉદયને કારણે તેવું વિચારે છે. યદ્યપિ અવિરતસમ્યગ્દષ્ટિ પણ પ્રમાદને કારણે ચારિત્રમાં ક્વચિત્ યત્ન ન કરે તો પણ, તેમનો તે પ્રમાદ પ્રબળ ચારિત્રમોહનીય કે નિકાચિત કર્મના ઉદયકૃત હોઇ શકે; તો પણ તેઓ સમ્યગ્ પદાર્થનું પર્યાલોચન કરનાર હોવાથી, ભોગકાળમાં પણ તીવ્ર સંશ્લેષ નહિ હોવાને કારણે સાનુબંધ અવિરતિઆપાદક કર્મ બાંધતા નથી.

જ્યારે વિપર્યાસ બુદ્ધિવાળા, સંસારથી ભય પામેલા એવા પણ જીવો, સંઘયણ કે કાળબળના અવલંબનથી આળસવાળા બનીને ચારિત્રમાં યત્ન કરતા નથી; તેઓ જરા-મરણથી ભય પામેલા, છતાં તેની નિવૃત્તિના ઉપાયમાં અપ્રવૃત્તિ હોવાના કારણે પ્રાર્થનામાત્રથી પ્રાર્થિત સુખને પ્રાપ્ત કરતા નથી; અર્થાત્ ભગવાનની ભક્તિ દ્વારા સંયમના ભાવોની પ્રાર્થના કરે છે, પરંતુ સંયમમાં વીર્યને ફોરવતા નથી, તેથી સંયમના પરિણામરૂપ પ્રાર્થિત સુખને પામતા નથી. અને મરણના અંત સમયે તેવું ઉત્તમ ચિત્ત નહિ પ્રાપ્ત થયેલું હોવાના કારણે આત્માને શોકાતુર કરે છે; અર્થાત્ મારો આખો જન્મ પ્રમાદમાં ગયો, પણ કોઇ સંયમના પરિણામની નિષ્પત્તિ મને થઇ નહિ. તેથી સંસારના જન્મ-

મરણના ભયથી તેઓનું ચિત્ત વિહ્વલ થાય છે, અને સંયમનો અભ્યાસ નહિ હોવાના કારણે ત્યારપછી તે ચિત્તની વ્યાકુલતારૂપ આર્તધ્યાનથી હણાયેલા તેઓ બાલમરણથી મૃત્યુ પામે છે.

યદ્યપિ ક્વચિત્ કોઈ જીવને પૂર્વમાં પ્રમાદ હોય અને પછી પશ્ચાત્તાપ થાય અને સાત્ત્વિક બનીને અંતકાળે પણ સ્વશક્તિને અનુરૂપ યત્ન કરે, તો તે પણ આરાધનાપૂર્વક મૃત્યુ પામે છે. પરંતુ બહુલતાએ જેઓ પૂર્વમાં સમર્થ હોવા છતાં વિપર્યાસને કારણે ચારિત્રમાં યત્ન કરતા નથી, તેઓ અંત સમયે પોતાના જીવનમાં પ્રમાદની આચરણાને કારણે શોકાતુર હોવા છતાં, સમ્યગ્ પર્યાલોચન કરી યત્ન કરતા નથી પરંતુ શોકમગ્નદશામાં મૃત્યુ પામે છે, તે બાલમરણરૂપ છે.

**ગાથા :-** **बलकालसोयणाए अलसा चिट्ठंति जे अकयपुण्णा ।**
**ते पत्थिता वि लहुं सोइंति सुहं अपावंता॥१७६॥**

(बलकालशोचनयाऽलसास्तिष्ठन्ति येऽकृतपुण्याः । ते प्रार्थयन्तोऽपि लघु शोचन्ति सुखमप्राप्नुवन्तः ॥१७६॥)

**जह णाम कोइ पुरिसो न धणट्ठा निद्धणो वि उज्जमइ ।**
**मोहाइपत्थणाए सो पुण सोए ति अप्पाणं॥१७७॥**

(यथा नाम कश्चित्पुरुषो न धनार्थं निर्धनोऽप्युद्यच्छति । मोघया प्रार्थनया स पुनः शोचत्यात्मानम् ॥१७७॥)

**ગાથાર્થ :- અકૃતપુણ્યવાળા જેઓ વળી બળ, કાળના શોકથી આળસુ રહે છે, તેઓ પ્રાર્થના કરવા છતાં પણ લઘુ=અલ્પ, સુખને નહિ પામતા શોક કરે છે. ॥૧૭૬॥**

**જેમ નિર્ધન એવો પણ કોઈ પુરુષ ધન માટે ઉદ્યમ કરતો નથી, તે વળી નિષ્ફળ પ્રાર્થના વડે (ધન પ્રાપ્ત નહિ થવાથી) પોતાને શોકાતુર કરે છે. ॥૧૭૭॥**

**ટીકા :- ये खलु बलकालशोचनयैव धर्मं नादृतवन्तो न ते मरणभयभीताः प्रार्थनामात्रेण वाञ्छितसुखमाप्नुवन्ति, न हि निर्धनः पुमाननुद्यच्छन् धनेच्छामात्रेण धनं लभते, न खलूपेयेच्छामात्रेणोपेयलाभः, अपि तु तया तदुपायेच्छा, ततस्तत्र प्रवृत्ति, ततश्च तल्लाभ इति ।**

**ટીકાર્થ :- 'ये खलु'** જેઓએ ખરેખર બળ-કાળની શોચનાથી જ ધર્મને આદર્યો નથી, તેઓ મરણથી ભયભીત થયેલા પ્રાર્થનામાત્ર વડે વાંછિત સુખને પામતા નથી; જે કારણથી ઉદ્યમ નહિ કરતો નિર્ધન પુરુષ ધનની ઇચ્છામાત્રથી ધનને મેળવતો નથી. ખરેખર ઉપાયની ઇચ્છામાત્રથી ઉપેયનો લાભ થતો નથી, પરંતુ તેના વડે=ઉપેયની ઇચ્છા વડે, તેના ઉપાયની ઇચ્છા થાય છે; તેનાથી=ઉપાયની ઇચ્છાથી, ત્યાં=ઉપાયમાં, પ્રવૃત્તિ થાય છે; અને તેનાથી=ઉપાયમાં પ્રવૃત્તિથી, તેનો=ઉપેયનો, લાભ થાય છે.

❀ **'इति'** શબ્દ કથનની સમાપ્તિ સૂચક છે.

**ટીકા :- ननु स्वप्रार्थनामात्रस्याऽकिञ्चित्करत्वेऽपि भगवत्प्रार्थनयैवेष्टसिद्धिर्भविष्यतीति चेत् ? न, क्षीणरागद्वेषाणां भगवतां निश्चयतः प्रार्थितसुखाऽदायकत्वात्तदुपदिष्टरत्नत्रयाराधनयैव मोक्षप्राप्तौ ततस्तत्प्राप्तिव्यवहारात् । अत एव "[1] आरुग्गबोहिलाभं समाहिवरमुत्तमं दिंतु" इतीयमसत्यामृषाभाषा । उक्तं च -**

[2] भासा असच्चमोसा णवरं भत्तीइ भासिया एसा । ण हु खीणपेमदोसा दिंति समाहिं च बोहिं च ॥

**[आ. नि. ११०६]**

[3] जं तेहिं दायव्वं तं दिन्नं जिणवरेहिं सव्वेहिं । दंसणनाणचरित्तस्स मोक्खमग्गस्स उवएसो ॥ **त्ति।**

**[आ. नि. ११०७]**

**ટીકાર્થ :-'ननु'-'ननु'**થી પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, સ્વપ્રાર્થનામાત્રનું અકિંચિત્કરપણું હોવા છતાં પણ ભગવત્ પ્રાર્થનાથી જ ઇષ્ટની સિદ્ધિ થશે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે ક્ષીણરાગદ્વેષવાળા ભગવાનનું નિશ્ચયથી પ્રાર્થિત સુખનું અદાયકપણું હોવાથી, તેમનાથી=ભગવાનથી, ઉપદિષ્ટ રત્નત્રયીની આરાધના વડે જ મોક્ષપ્રાપ્તિ થતી હોવાના કારણે, તેનાથી=ભગવાનથી, તત્પ્રાપ્તિનો=મોક્ષપ્રાપ્તિનો, વ્યવહાર છે.

**'अत एव'** - આથી કરીને જ "આરોગ્ય, બોધિલાભ, શ્રેષ્ઠ સમાધિ આપો" એ પ્રકારે આ અસત્યામૃષાભાષા છે. અને કહ્યું છે-

**'भासा'** - કેવલ ભક્તિથી બોલાયેલી આ ભાષા અસત્યામૃષા છે, કેમ કે ક્ષીણરાગદ્વેષવાળા ભગવંતો સમાધિ અને બોધિને આપતા નથી.

**'जे तेहिं'** - જે તેઓ વડે=તીર્થંકરો વડે, આપવા જેવું હતું તે દર્શન-જ્ઞાન અને ચારિત્રરૂપ મોક્ષમાર્ગનો ઉપદેશ સર્વ જિનવરો વડે અપાયો છે.

❀ **'त्ति'** શબ્દ આવશ્યકનિર્યુક્તિના ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

**ટીકા :- नन्वेवं संयमेऽप्युद्यच्छतां तादृशप्रार्थनाऽकिञ्चित्करीति चेत् ? न, वन्दनादिकारिणामपि वन्दनादि-प्रत्ययिककायोत्सर्गाभिलाषवत् तदभिलाषस्य तदभिवृद्धितत्प्रत्ययिकनिर्जराहेतुत्वात् । 'अनुद्यच्छतोऽपि ततस्तल्लभ' इति चेत् ? न, तस्य भगवदुपदिष्टकारणाराधनपर्यवसन्नदानार्थाऽसम्भवेन तद्भाषाया अतथा-त्वात् । तदुक्तं -**

[4] लद्धिल्लियं च बोहिं अकरिंतोऽणागयं च पत्थिंतो । अन्नं दाइं बोहिं लब्भसि कयरेण मुल्लेणं ॥ **[उप. माला. २९२] त्ति। ननु तथापि मोक्षेच्छादिरूपप्रवृत्तिसामग्र्यां सत्यां कर्मदोषादेव न प्रवृत्तिरिति चेत् ? न, कर्मदोषस्याऽनिर्णयात्, अविवेकादप्रवृत्तेः, तन्निरासायोपदेशादित्युक्तप्रायम् ॥१७७॥**

---

१. चतुर्विंशत्यावश्यके गाथा - ६. अस्य पूर्वार्धः - कित्तियवंदियमहिया जे ए लोगस्स उत्तमा सिद्धा ।

२. भाषाऽसत्यमृषा नवरं भक्त्या भाषितैषा । न खलु क्षीणप्रेमद्वेषाः ददति समाधिं च बोधिं च ॥

३. यत्तैर्दातव्यं तद्दत्तं जिनवरैः सर्वैः । दर्शनज्ञानचारित्रस्यैष त्रिविधस्योपदेशः ॥

४. लब्धां च बोधिमकुर्वन्ननागतां च प्रार्थयन् । अन्यां तकां बोधिं लप्स्यसे कतरेण मूल्येन ? ॥

**ટીકાર્થ :-** '**ननु**'થી પૂર્વપક્ષી કહે કે, આ પ્રમાણે સંયમમાં પણ ઉદ્યમ કરતા મુનિઓને તેવા પ્રકારની પ્રાર્થના અકિંચિત્કર થશે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે વંદનાદિ કરનારાઓને પણ વંદનાદિ પ્રત્યયિક કાયોત્સર્ગના અભિલાષની જેમ તદ્ અભિલાષનું=સંયમાદિના અભિલાષનું, તદ્અભિવૃદ્ધિ =સંયમાદિની અભિવૃદ્ધિ, અને તત્પ્રત્યયિક=સંયમાદિક પ્રત્યયિક, નિર્જરાનું હેતુપણું છે.

❀ '**संयमेऽप्युद्यच्छतां**' - અહીં '**अपि**'થી એ સમુચ્ચય કરવો છે કે, પ્રાર્થનામાં તો ઉદ્યમવાળા છે પરંતુ સંયમાદિમાં પણ ઉદ્યમવાળા છે તેઓની તાદૃશ પ્રાર્થના અકિંચિત્કર છે.

**ભાવાર્થ :-** ભગવાન વીતરાગ હોવાના કારણે કાંઇ આપતા નથી, પરંતુ પ્રાર્થના દ્વારા તદ્દુપદિષ્ટ રત્નત્રયીની આરાધનામાં ઉદ્યમ કરવાથી જ ફલની પ્રાપ્તિ થાય છે. પરંતુ જેઓ સંયમમાં ઉદ્યમવાળા છે તેમને પ્રાર્થના દ્વારા સંયમમાં યત્ન કરવાનો રહેતો નથી, તેથી તાદૃશ પ્રાર્થના અકિંચિત્કર છે અર્થાત્ સંયમની પ્રાર્થના અકિંચિત્કર છે; આ જાતની શંકાનું નિરાકરણ કરતાં કહે છે કે, એ વાત બરાબર નથી. કેમ કે જેમ શ્રાવકો ભગવાનને વંદન-પૂજનાદિ કરે છે તો પણ અરિહંત ચેઇઆણં સૂત્રથી વંદનાદિ પ્રત્યયિક કાયોત્સર્ગ કરે છે; તેથી તેઓને વંદન પ્રત્યયિક કાયોત્સર્ગનો અભિલાષ હોય છે, તે વંદન અને પૂજનની અભિવૃદ્ધિનું કારણ છે, તેમ જ વંદન-પૂજનકૃત નિર્જરાનો હેતુ છે. તેમ સંયમમાં યત્નવાળાઓને સંયમનો અભિલાષ હોય છે, તે સંયમની અભિવૃદ્ધિનું કારણ છે; અને પોતાને પ્રાપ્ત સંયમ કરતાં ઉપરની ભૂમિકાના સંયમનો અભિલાષ છે, તે ઉપરના સ્થાન પ્રત્યયિક નિર્જરાનો હેતુ છે. કેમ કે જે સંયમસ્થાનમાં પોતાનો યત્ન છે તેનાથી ઉપરના સ્થાનની અભિલાષા છે, અને તે અભિલાષા ઉપરના સ્થાનની પ્રાપ્તિનું કારણ બને છે, તેથી સંયમની અભિવૃદ્ધિનું કારણ કહેલ છે. અને સ્વભૂમિકાના સંયમસ્થાનમાં યત્નપૂર્વક ઉપરના સ્થાનનો અભિલાષ ઉપરના સ્થાનના પ્રતિબંધક કર્મની નિર્જરાનું કારણ બને છે. તેથી તત્પ્રત્યયિક નિર્જરાનો હેતુ છે એમ કહેલ છે.

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું કે સંયમમાં પણ ઉદ્યમવાળાને તેવા પ્રકારની પ્રાર્થના અકિંચિત્કર છે, તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારે કહ્યું કે સંયમમાં ઉદ્યમવાળાની પ્રાર્થના સંયમમાં અભિવૃદ્ધિ અને નિર્જરાનો હેતુ છે. તેથી પૂર્વપક્ષી કહે છે-

**ટીકાર્થ :-** '**अनुद्यच्छतो**' સંયમમાં ઉદ્યમ નહિ કરનારને પણ તેનાથી=તાદૃશ પ્રાર્થનાથી=સંયમની પ્રાર્થનાથી, તેનો લાભ= સંયમનો લાભ, થશે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે તેને=અનુદ્યમશીલને, ભગવદ્ ઉપદિષ્ટ કારણની આરાધનામાં પર્યવસન્ન દાનાર્થનો અસંભવ હોવાથી તેની ભાષાનું=અનુદ્યમશીલની ભાષાનું, અતથાપણુ છે= ઉદ્યમશીલની ભાષાના સદૃશપણું નથી, પરંતુ વિપરીતપણું છે.

**ભાવાર્થ :-** ભગવાનની પાસે સંયમની પ્રાર્થના અર્થક જે 'દિંતુ'નો પ્રયોગ છે એ દાનના અર્થને સૂચવે છે, અને તે દાન ભગવદ્દુપદિષ્ટ કારણની આરાધનામાં પર્યવસન્ન=વિશ્રાંત થાય છે, અને તે સંયમની પ્રાર્થના કરનાર જીવ સ્વસામર્થ્યાનુરૂપ સંયમમાં ઉદ્યમશીલ હોય તો સંભવે. તેથી સંયમમાં અનુદ્યમવાળાની તે ભાષા અતથા=મિથ્યા છે.

**ટીકાર્થ :- तदुक्तं** - તે કહ્યું છે-

**लद्धिल्लियं** - '**लब्धां**'=વર્તમાનકાલીન પ્રાપ્ત થયેલી બોધિને નહિ કરતો અને અનાગત=ભવિષ્યકાલીન, બોધિની પ્રાર્થના કરતો અન્ય બોધિને કયા મૂલથી તું પામીશ?

❀ અહીં '**दाइं**' શબ્દ અસૂયા અર્થમાં નિપાત છે, અને બીજા વળી આ રીતે અર્થ કરે છે, '**अन्यामिदानीं**'= હમણાં પ્રાપ્ત થઇ છે તેવી અન્ય બોધિને કયા મૂલ્યથી તું પામીશ? આ બીજા અર્થમાં '**दाइं**'નો અર્થ '**इदानीं**' કરેલ છે.

❀ '**त्ति**' શબ્દ ઉપદેશમાલાના ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

**ભાવાર્થ :-** અહીં '**दाइं**' શબ્દ અસૂયા અર્થમાં ગ્રહણ કરીએ ત્યારે એ અર્થ પ્રાપ્ત થાય કે, ઉપદેશક અનુદ્યમશીલની પ્રાર્થનાને સહન નહિ કરી શકવાથી અસૂયાપૂર્વક ઉપદેશ આપે છે કે, આ ભવમાં પ્રાપ્ત થયેલ જિનધર્મરૂપી બોધિને અનુષ્ઠાન દ્વારા સફળ નહિ કરતો, અને ભવિષ્યમાં બોધિની પ્રાપ્તિની પ્રાર્થના કરતો, અન્યબોધિને કયા મૂલ્યથી તું મેળવીશ? અર્થાત્ આ ભવમાં અનુષ્ઠાન દ્વારા બોધિને સફળ કરવામાં આવે તો તે અનુષ્ઠાનના સંસ્કારો આત્મામાં રહે છે, અને તેના બળથી જ જન્માંતરમાં જિનધર્મની પ્રાપ્તિ અને રુચિ રહે છે; પરંતુ આ ભવમાં જેઓ સમ્યગ્ યત્ન કરતા નથી તેમને અનુષ્ઠાનના સંસ્કારો પડતા નથી. માટે પ્રાર્થનામાત્રથી જન્માંતરમાં બોધિ મળશે નહિ, એ પ્રકારે અસૂયાથી ઉપદેશ આપે છે. અને '**दाइं**'નો અર્થ અન્ય વળી '**इदानीं**' કરે છે તેને ગ્રહણ કરીએ તો, વર્તમાનની બોધિ સદશ અન્યબોધિને કયા મૂલ્યથી તું મેળવીશ? એ પ્રકારનો અર્થ સમજવો.

**ટીકા :- ननु तथापि मोक्षेच्छादिरूपप्रवृत्तिसामग्र्यां सत्यां कर्मदोषादेव न प्रवृत्तिरिति चेत् ? न, कर्मदोषस्याऽनिर्णयात्, अविवेकादप्रवृत्तेः, तन्निरासायोपदेशादित्युक्तप्रायम् ॥१७६-१७७॥**

**ટીકાર્થ :- '**ननु**'**થી પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, તો પણ=સંયમમાં ઉદ્યમવાળાની પ્રાર્થના સફળ છે અને અનુદ્યમવાળાની સફળ નથી તો પણ, (અનુદ્યમવાળાની) મોક્ષેચ્છારૂપ પ્રવૃત્તિની સામગ્રી હોવા છતાં કર્મના દોષથી જ પ્રવૃત્તિ નથી. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું. કેમ કે કર્મદોષનો અનિર્ણય હોવાથી (કર્મદોષથી અપ્રવૃત્તિ નથી પરંતુ) અવિવેકને કારણે અપ્રવૃત્તિ છે, તેથી તેના નિરાસ માટે=અવિવેકના નિરાસ માટે, (ભગવંતોનો) ઉપદેશ છે. આ ઉક્તપ્રાયઃ છે. '**इति**' શબ્દ '**एतद्**' અર્થક છે.

**ભાવાર્થ :-** શંકાકારનો આશય એ છે કે, ઉદ્યમ નહિ કરનારાઓ મોક્ષની ઇચ્છારૂપ પ્રવૃત્તિની સામગ્રી હોવા છતાં કર્મદોષના કારણે પ્રવૃત્તિ કરતા નથી; અર્થાત્ પ્રવૃત્તિની સામગ્રી જેમ મોક્ષની ઇચ્છા છે તેમ તત્ પ્રતિબંધક કર્મનો અભાવ પણ છે, અને જેઓ પ્રાર્થના કરે છે અને ઉદ્યમ કરતા નથી તેઓ પ્રવૃત્તિ કરતા નથી તેનું કારણ પ્રતિબંધક કર્મો છે, પરંતુ મોક્ષની ઇચ્છારૂપ સામગ્રીનો અભાવ નથી. તેથી ઉદ્યમ નહિ કરનારની પ્રાર્થના અકિંચિત્કર કહી શકાશે નહિ. તેને ગ્રંથકાર કહે છે કે એ વાત બરાબર નથી, કેમ કે કર્મદોષનો અનિર્ણય છે.

આશય એ છે કે, સમ્યક્ પ્રકારનો ઉદ્યમ કર્યા પછી તે પ્રયત્નથી અપેક્ષિત પરિણામો નિષ્પન્ન ન થાય, તો જ તે વ્યક્તિનું પ્રતિબંધક કર્મ છે તેથી યત્ન કરવા છતાં કાર્ય ન થયું તેમ નિર્ણય થઇ શકે. આ રીતે કર્મ પ્રતિબંધક છે તેમ નિર્ણય થાય, અથવા તો વિશેષ જ્ઞાન હોય તો તેનાથી તથાવિધ નિકાચિત કર્મનો નિર્ણય થઇ શકે. પરંતુ પ્રાર્થના કરનાર જીવ પ્રમાદને કારણે ઉદ્યમ કરતો નથી તે કર્મદોષના નિર્ણયથી નથી, પરંતુ અવિવેકથી અપ્રવૃત્તિ છે. અને અવિવેકથી જે અપ્રવૃત્તિ છે તેના નિરાસ માટે ઉપદેશની પ્રવૃત્તિ છે. માટે અનુદ્યમવાળાને પ્રાર્થના સફળ છે એમ કહી શકાય નહિ.

**'इति'** આ ઉક્તપ્રાય: છે, અર્થાત્ ઉક્તસદશ છે. અર્થાત્ કર્મદોષના નિર્ણયથી અનુદ્યમવાળાની અપ્રવૃત્તિ નથી પરંતુ અવિવેકથી અપ્રવૃત્તિ છે, અને તેના નિરાસ માટે ઉપદેશની પ્રવૃત્તિ છે, તે ગાથા-૧૭૩માં કહેવાયેલા કથનથી ઉક્તસદશ છે=આવો જ ભાવ તે ગાથાના કથનમાં અભિવ્યક્ત થાય છે.

કહેવાનો આશય એ છે કે, ગાથા-૧૭૩માં બતાવેલ કે કેટલાક એમ માને છે કે, પ્રથમ ભોગોને ભોગવીને પાછળથી સંયમ લેવું જોઇએ. તેથી તેઓ પણ સંયમની ઇચ્છા રાખે છે પરંતુ સંયમ અર્થે યત્ન કરતા નથી, તેઓ પાછળથી સંયમ પાળવા માટે સમર્થ બની શકતા નથી. તે રીતે પ્રસ્તુતમાં પણ એ જ કહ્યું કે, જેઓ વર્તમાનમાં પ્રાપ્ત થયેલી બોધિને સફળ કરતા નથી અને ભવિષ્યમાં બોધિને મેળવવાની પ્રાર્થના કરે છે તેઓ બોધિ મેળવી શકે નહિ. એથી કરીને અહીં કહે છે કે આ કથન પૂર્વકથનની સાથે ઉક્તપ્રાય: છે. **॥૧૭૬-૧૭૭॥**

**અવતરણિકા :-** **ननु तथापि दुष्कृतगर्हामात्रेणैव मिथ्यादुष्कृतादिदानात् पापनिवृत्तिर्भविष्यतीत्याशङ्कायामाह-**

**અવતરણિકાર્થ :-** **'ननु'**થી પૂર્વપક્ષી કહે છે કે તો પણ ગાથા ૧૭૬-૧૭૭માં સ્થાપન કર્યું કે જેઓ ઉદ્યમ કરતા નથી, અને ફક્ત ભાવિમાં જિનધર્મની પ્રાપ્તિની પ્રાર્થના કરે છે, તેઓ નિષ્ફલ પ્રાર્થનાથી કાંઇ મેળવતા નથી; ત્યાં કોઇ કહે છે કે તો પણ, દુષ્કૃતગર્હામાત્રરૂપે જ મિથ્યાદુષ્કૃત આદિના દાનને કારણે પાપનિવૃત્તિ થશે. એ પ્રકારની આશંકામાં કહે છે-

**ભાવાર્થ :-** આ ભવમાં પોતે સંયમમાં ઉદ્યમ કરતા નથી, પરંતુ જન્માંતરમાં મને સંયમ પ્રાપ્ત થાય એવી પ્રાર્થના કર્યા કરે છે, ત્યાં પ્રાર્થનામાત્રથી ફળ પ્રાપ્ત ન થઇ શકે એમ પૂર્વમાં સ્થાપન કર્યું; તો પણ આ ભવમાં પોતે જે પ્રમાદ કરે છે તે દુષ્કૃતની ગર્હા પોતે કરે છે, તેથી પોતે ભલે પ્રમાદ છોડતા નથી તો પણ દુષ્કૃતગર્હામાત્રરૂપે જ જે મિથ્યાદુષ્કૃત આપે છે, તેનાથી પાપની નિવૃત્તિ થશે; એવી કોઇને શંકા થાય તેના જવાબરૂપે પ્રસ્તુત ગાથામાં કહે છે.

❀ અહીં **'दुष्कृतगर्हामात्रेणैव'** કહ્યું એનાથી એ કહેવું છે કે, તેઓ દુષ્કૃતને છોડતા નથી પરંતુ ગર્હા માત્ર જ કરે છે, અને તેનાથી પાપની નિવૃત્તિ થશે એમ માને છે.

**ગાથા :-** **जो पावं गरहंतो तं चेव निसेवए पुणो पावं ।**
**तस्स गरहावि मिच्छा अतहक्कारो हि मिच्छत्तं॥१७८॥**

(यः पापं गर्हंस्तच्चैव निसेवते पुनः पापम् । तस्य गर्हापि मिथ्याऽतथाकारो हि मिथ्यात्वम् ॥१७८॥)

**ગાથાર્થ :-** જે જીવ પાપની ગર્હા કરતો તે જ પાપને વળી સેવે છે તેની ગર્હા પણ મિથ્યા છે, જે કારણથી અતથાકાર=જેવું બોલીએ છીએ તેવું ન કરવારૂપ અતથાકાર, (તે) મિથ્યાત્વ છે.॥૧૭૮॥

❀ **'गरहावि मिच्छा'** - અહીં **'अपि'**થી એ કહેવું છે કે પાપસેવન તો મિથ્યા પ્રવૃત્તિ છે, પરંતુ ગર્હા પણ મિથ્યા છે.

❀ ગાથામાં **'हि'** શબ્દ **'यस्माद्'** અર્થક છે.

**ટીકા :- संयमविषयायां हि प्रवृत्तौ वितथासेवनायां मिथ्यादुष्कृतदानप्रसूता गर्हा दोषापनयनायालम् न तूपेत्यकरणगोचरायां, नाप्यसकृत्करणगोचरायाम् । उक्तं च -**

[1] संजमजोगे अब्भुट्ठियस्स जं किंचि वितहमायरियं । मिच्छा एयंति वियाणिऊण मिच्छंति कायव्वं ॥

**[ आ. वि. ६८२ ] ति । अत एव प्रतिक्रमणीयपापकर्माऽकरणमेवोत्सर्गतः प्रतिक्रमणमुक्तं -**

[2] जइ वि पडिक्कमियव्वं अवस्स काऊण पावयं कम्मं । तं चेव ण कायव्वं तो होइ पए पडिक्कंतो ॥

**[ आ. नि. ६८३ ] त्ति ।**

**ટીકાર્થ :- 'संयम'** સંયમવિષયક પ્રવૃત્તિ હોતે છતે વિતથ આસેવનામાં મિથ્યાદુષ્કૃતના દાનથી પ્રસૂત એવી ગર્હા દોષને દૂર કરવા માટે સમર્થ છે, પરંતુ ઉપેત્યકરણગોચર વિતથ આસેવનામાં ગર્હા દોષને દૂર કરવા સમર્થ નથી. વળી અસકૃદ્કરણગોચર વિતથ આસેવનામાં ગર્હા દોષને દૂર કરવા સમર્થ નથી.

**ભાવાર્થ :-** સંસારમાં રહીને થતાં પાપો મિથ્યાદુષ્કૃતના દાનથી નાશ થઇ શકે નહિ, પરંતુ જે જીવ સંયમવિષયમાં પ્રવૃત્તિ કરતો હોય અને કાંઇક સ્ખલના થાય તે જ મિથ્યાદુષ્કૃતના દાનથી પ્રસૂત ગર્હાના પરિણામથી નાશ પામે છે. તેથી જ કહે છે કે, ઉપેત્યકરણગોચરમાં=જાણીને કરેલ પાપના વિષયમાં, ગર્હા પાપનાશ કરવા માટે સમર્થ નથી, અને અસકૃદ્કરણના વિષયમાં ગર્હા પાપનાશ કરવા માટે સમર્થ નથી. અને જે જીવ સંયમમાં યતમાન નથી તે જીવનું અસંયમનું જે પાપ છે, તે ઉપેત્યકરણરૂપ કે અસકૃદ્કરણરૂપ જ છે.

❀ ઉપેત્ય=જાણીને, કરણ=કરવું, એટલે કે આ પાપ છે એમ જાણે છે; છતાં પણ પાપ નહિ છોડવાના પરિણામવાળો છે, તેની દુષ્કૃતગર્હા ઉપેત્યકરણ વિષયક છે.

❀ અસકૃત્=વારંવાર, કરણ=કરવું, એટલે કે પાપની ગર્હા કરીને પાપની શુદ્ધિ ઇચ્છે છે, પણ પાપ છોડવા ઇચ્છતો નથી. તેથી દુષ્કૃતગર્હા કર્યા પછી પણ તે જ રીતે વારંવાર જે પાપોને સેવે છે, તેની દુષ્કૃતગર્હા અસકૃત્કરણ વિષયક છે.

**उक्तं च** થી તેમાં સાક્ષી આપતાં કહે છે-

---

१. संयमयोगेऽभ्युत्थितस्य यत्किंचिद् वितथमाचरितम् । मिथ्या एतदिति विज्ञाय मिथ्येति कर्त्तव्यम् ॥

२. यदि च प्रतिक्रान्तव्यमवश्यं कृत्वा पापकं कर्म । तदेव न कर्त्तव्यं ततो भवति पदप्रतिक्रान्तः ॥

**ટીકાર્થ :- 'उक्तं च'** - અને કહ્યું છે - **'संजमजोगे'** સંયમયોગમાં અભ્યુત્થિત થયેલ જીવનું જે કાંઇ વિતથ આચરણ કરાયું એ મિથ્યા છે, એ પ્રમાણે જાણીને મિથ્યાદુષ્કૃત દેવું જોઇએ.

**'अत एव'** - આથી કરીને જ=સંયમવિષયમાં પ્રવૃત્તિ હોતે છતે વિતથ આસેવનમાં મિથ્યાદુષ્કૃતના દાનથી પ્રસૂત ગર્હા દોષ નાશ કરવા માટે સમર્થ છે આથી કરીને જ, પ્રતિક્રમણીય પાપકર્મનું અકરણ જ ઉત્સર્ગથી પ્રતિક્રમણ કહેવાયું છે-**'जइ वि'**-જો પાપકર્મ કરીને અવશ્ય=નક્કી, પ્રતિક્રમણ કરવું જોઇએ=મિથ્યાદુષ્કૃત આપવું જોઇએ, તો તે જ=પાપકર્મ જ, ન કરવું જોઇએ; તેથી પદમાં=ઉત્સર્ગપદના વિષયમાં, પ્રતિક્રાંત=પ્રતિક્રમણ કરેલો, થાય છે.

**ભાવાર્થ :-** પાપના સેવન પછી મિચ્છા મિ દુક્કડં આપવું તે દોષ નાશ કરવા સમર્થ નથી; પરંતુ સંયમમાં યત્ન કરતાં અનાભોગાદિથી જે વિતથ આસેવન થાય છે, તેના નિવારણ માટે કરાતી મિથ્યાદુષ્કૃતદાનથી પ્રસૂત એવી ગર્હા છે, તે દોષ નાશ કરવા માટે સમર્થ છે. તેથી એ પ્રાપ્ત થાય કે, સંયમમાં યતમાન હોય તેમનો વિતથ આસેવનના નિવારણનો સમ્યગ્ યત્ન જ દોષ નાશ કરી શકે છે, અન્યનો નહિ; અને તે જ પ્રતિક્રમણ પદાર્થ છે. આથી કરીને જ પ્રતિક્રમણીય પાપકર્મને ન કરવાં તે જ ઉત્સર્ગથી પ્રતિક્રમણ છે. કેમ કે પાપનું સેવન કર્યા પછી ગર્હા કરવી તે પ્રતિક્રમણ પદાર્થ નથી, પરંતુ પાપને નહિ સેવવા માટે યત્ન કરનારને અનાભોગાદિથી પાપનું સેવન થઇ જાય તેના નિવર્તન માટે ગર્હા કરવાની છે. અથવા તો પાપ તરફ જતા જીવને અટકાવવા માટે પ્રતિક્રમણ કરવાનું છે. તેથી ઉત્સર્ગથી પાપ કર્યા પહેલાં જ પાપ પ્રત્યે જતાં જ અટકાવવા માટે પ્રતિક્રમણ કરવાનું છે, અને ક્વચિત્ પાપ થઇ જાય તો પાપથી નિવર્તન માટે અપવાદથી ગર્હા કરવાની છે.

**ટીકા :- नन्वेवं देशविरतस्य प्रतिक्रमणादिकं न स्यादिति चेत् ? न, 'मे'पदार्थस्य मर्यादावस्थानरूपस्य तत्राप्यबाधात् । यस्तु दुष्टान्तरात्मा मर्यादायामनवस्थित एव मिथ्यादुष्कृतं प्रयच्छति तस्यैव प्रत्यक्षमृषावादादिना तत्फलशून्यत्वात् । उक्तं च -**

[१] जं दुक्कडं ति मिच्छा तं चेव निसेवए पुणो पावं । पच्चक्खमुसावाई मायानियडीपसंगो य ॥ **त्ति ।**

**[ आ. नि. ६८५ ] यस्तु भूयस्तत्कारणमपूरयन्नैव मिथ्यादुष्कृतं दत्ते तस्यैव तत्फलवत् । तदुक्तम् -**

[२] जं दुक्कडं ति मिच्छा तं भुज्जो कारणं अपूरंतो । तिविहेण पडिक्कंतो तस्स खलु दुक्कडं मिच्छा ॥ **त्ति ।**

**[ आ. नि. ६८४ ]**

**ટીકાર્થ :- 'ननु'**થી પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, આ રીતે=પૂર્વમાં કહ્યું કે સંયમવિષયમાં પ્રવૃત્તિ હોતે છતે વિતથ આસેવનમાં મિથ્યાદુષ્કૃતના દાનથી પ્રસૂત એવી ગર્હા દોષ દૂર કરવા સમર્થ છે, પરંતુ ઉપેત્યકરણગોચર કે અસકૃદ્કરણગોચર વિતથ આસેવનામાં ગર્હા દોષ દૂર કરવા સમર્થ નથી એ રીતે, દેશવિરતને પ્રતિક્રમણાદિક નહિ થાય.

---

१. यद् दुष्कृतमिति मिथ्या तच्चैव निषेवते पुनः पापम् । प्रत्यक्षमृषावादी मायानिकृतिप्रसङ्गश्च ॥

२. यद् दुष्कृतमिति मिथ्या तद्भूयः कारणमपूरयन् । त्रिविधेन प्रतिक्रान्तस्तस्य खलु दुष्कृतं मिथ्या ॥

'**न**' તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે (મિચ્છા મિ દુક્કડંમાં) મર્યાદા અવસ્થાનરૂપ '**मे**' પદના અર્થનું ત્યાં પણ=દેશવિરતમાં પણ, અબાધ છે.

❀ '**प्रतिक्रमणादिक**' અહીં '**आदि**' પદથી ગર્હાનું ગ્રહણ કરવું.

❀ '**तत्रापि**' - અહીં '**अपि**'થી એ સમુચ્ચય થાય છે કે, સર્વવિરતમાં અબાધ છે તેમ દેશવિરતમાં પણ અબાધ છે.

**ભાવાર્થ :-** દેશવિરત અને સર્વવિરત એ જ વાસ્તવિક રીતે પ્રતિક્રમણના અધિકારી છે, અને દેશવિરતને સંસારમાં અસંયમની પ્રવૃત્તિ છે, તેથી પૂર્વપક્ષીને એ કહેવું છે કે, સંયમવિષયમાં પ્રવૃત્તિ હોતે છતે વિતથસેવનમાં ગર્હા દોષ દૂર કરવા સમર્થ બને, પરંતુ દેશવિરતને અસંયમમાં પ્રવૃત્તિ હોય છે માટે તેને પ્રતિક્રમણ કે દુષ્કૃતગર્હા થશે નહિ. તેને ગ્રંથકાર કહે છે કે તે વાત બરાબર નથી. કેમ કે 'મિચ્છા મિ દુક્કડં' માં જે 'મે' પદ છે તેનો અર્થ મર્યાદા અવસ્થાનરૂપ છે. તેનો જેમ સર્વવિરતમાં અબાધ છે તેમ દેશવિરતમાં પણ અબાધ છે.

કહેવાનો આશય એ છે કે, 'મિચ્છા મિ દુક્કડં'માં 'મે' પદાર્થનો મર્યાદા અવસ્થાનરૂપ અર્થ છે. તેનો ભાવ એ છે કે, સંયમની મર્યાદામાં અવસ્થાન કરવું. અને દેશવિરત અને સર્વવિરત બંને સંયમની મર્યાદામાં અવસ્થાનવાળા છે, ફક્ત દેશવિરત દેશથી ચારિત્રની મર્યાદામાં અવસ્થાનવાળા છે. માટે મર્યાદામાં રહીને જે વ્યક્તિ વિતથસેવનના વિષયમાં ગર્હા કરે છે તે સમ્યગ્ છે.

**ટીકાર્થ :-** '**यस्तु**' જે વળી દુષ્ટ અંતરાત્મા મર્યાદામાં અનવસ્થિત જે મિથ્યાદુષ્કૃત આપે છે, તેનું જ પ્રત્યક્ષ મૃષાવાદાદિ વડે તેના ફળનું=પ્રતિક્રમણની ક્રિયાના ફળનું, શૂન્યપણું છે. તેમાં '**उक्तं च**'થી સાક્ષી આપતાં કહે છે-

**ટીકાર્થ :-** '**उक्तं च**' - અને કહ્યું છે - '**जं दुक्कडं**' જે (પાપ) દુષ્કૃત છે એ પ્રમાણે (જાણીને) મિથ્યા=મિથ્યાદુષ્કૃત અપાયું, જે તેને જ=તે પાપને જ, ફરી સેવે છે; તે (આ દુષ્કૃત છે એ પ્રમાણે કહીને ફરી આસેવન કરતો હોવાથી) પ્રત્યક્ષ મૃષાવાદી છે, અને માયાનિકૃતિપ્રસંગ છે=માયા એ જ નિકૃતિ=માયાનિકૃતિ, તેનો પ્રસંગ છે; અર્થાત્ માયાની પ્રાપ્તિ છે.

❀ '**त्ति**' શબ્દ આવશ્યકનિર્યુક્તિના ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

**ભાવાર્થ :-** સર્વવિરત અને દેશવિરત ચારિત્રની મર્યાદામાં અવસ્થિત છે, જ્યારે સમ્યગ્દૃષ્ટિથી માંડીને અપુનર્બંધક સુધીના જીવો ચારિત્રની મર્યાદામાં અવસ્થિત નથી; તો પણ ચારિત્રની રુચિ હોવાને કારણે માર્ગપ્રવેશ માટે પ્રતિક્રમણાદિ અનુષ્ઠાનો તેમને હોય છે. અને તે સિવાયના, જેઓ દેશવિરતિને અને સર્વવિરતિને ગ્રહણ કર્યા પછી પ્રમાદને કારણે, આ પાપ વ્રતોથી વિરુદ્ધ છે એમ જાણીને પણ વારંવાર પાપસેવન કરે છે, અને પાપના ફળને ઇચ્છતા નથી, અને પાપના નિવર્તન માટે યત્ન પણ કરતા નથી, પરંતુ પાપના ફળના નિવર્તન માટે મિથ્યાદુષ્કૃત આપે છે, તેવા દુષ્ટ અંતરાત્માઓ મર્યાદામાં અનવસ્થિત જ મિથ્યાદુષ્કૃત આપે છે; તેઓનું તે વચન પ્રત્યક્ષ મૃષાવાદરૂપ છે, કેમ કે મિથ્યાદુષ્કૃત આપ્યા પછી તે જ ભાવથી તેમની પાપમાં પ્રવૃત્તિ છે. તેઓને પ્રતિક્રમણાદિનું ફળ પ્રાપ્ત થતું નથી.

**ટીકાર્થ :- 'यस्तु'** - જે વળી ફરી તેના કારણને=પાપના કારણને, નહિ પૂરતો જ=નહિ સેવતો જ, મિથ્યાદુષ્કૃત આપે છે, તેનું જ તે=મિથ્યાદુષ્કૃત ફળવાળું છે.

તેમાં '**तदुक्तं**'થી સાક્ષી આપતાં કહે છે-

**ટીકાર્થ :- 'तदुक्तं'** - તે કહ્યું છે - **'जं दुक्कडं'** - જે (સેવન) દુષ્કૃત છે એ પ્રમાણે (જાણીને) મિથ્યા=મિથ્યાદુષ્કૃત, અપાયું; તેને=દુષ્કૃતના કારણને, ફરી નહિ પૂરતો=નહિ આચરતો, (અને) ત્રિવિધ વડે પ્રતિક્રાંત કરતો (જે વર્તે છે), તેનું જ દુષ્કૃત મિથ્યા થાય છે.

❀ **'तस्स खलु'** - અહીં **'खलु'** શબ્દ 'અવધારણ' અર્થમાં છે.

**ભાવાર્થ :-** જે જીવ સંયમયોગમાં યત્નવાળો હોય અને તેનાથી વિપરીત સેવન થઇ ગયું હોય, તે જીવ ફરી તે પાપને નહિ કરતો જો મિથ્યાદુષ્કૃત આપે, તો તેનું મિથ્યાદુષ્કૃત તે પાપનાશ માટે સમર્થ થાય છે. આનાથી એ પ્રાપ્ત થાય કે, સર્વવિરતિધર કે દેશવિરતિધર પણ પ્રમાદના કારણે ક્વચિત્ સ્ખલના પામ્યા હોય, તો પોતાના પાપનાશ માટે મિથ્યાદુષ્કૃતદાન આપ્યા પછી, ફરી તે પાપ તેમણે કરવું જોઇએ નહિ; પરંતુ સાતિચાર દેશવિરતિધર કે સર્વવિરતિધરને ફરી ફરી અતિચારો પણ થતા હોય છે, અને મિથ્યાદુષ્કૃતદાન પણ તેઓ આપે છે. તેનો ભાવ એ છે કે, સામાન્ય રીતે વ્રતધારી પોતાના વ્રતમાં અપ્રમાદભાવથી યત્ન કરતા હોય છે; આમ છતાં, અનાદિ અભ્યાસના કારણે પ્રમાદથી સ્ખલના થયા પછી પ્રતિક્રમણ કરવાથી ફરી તેવી સ્ખલના થાય નહિ, અને ક્વચિત્ ફરી પણ સ્ખલના થાય તો પૂર્વ કરતાં મંદ મંદ થતા ક્રમે કરીને અસ્ખલિત ચારિત્રનું કારણ બને તેવી જ સ્ખલનાઓ ફરી ફરી કદાચ થઇ શકે, તેથી તેવા દેશવિરતિધર કે સર્વવિરતિધરનું મિથ્યાદુષ્કૃત ફળવાળું છે. પરંતુ જેઓ સંયમયોગમાં યત્ન જ કરતા નથી, અને ગ્રહણ કરેલાં વ્રતોમાં સ્ખલનાઓ પણ યથાવત્ તેમની ચાલુ છે, તેઓ મિથ્યાદુષ્કૃત આપે છે તેનાથી તે પાપનો નાશ થતો નથી.

**ટીકા :- नन्वतीतस्यैव पापस्य गर्हा नत्वनागतस्य, तथा चानागतकाले तदासेवनायामपि नातीतपापनिवर्त्तकस्य मिथ्यादुष्कृतदानस्य निष्फलत्वमिति चेत् ? न, न हि द्रव्यमिथ्यादुष्कृतदानमेव फलवदपि तु भावमिथ्यादुष्कृतदानं, न च तादृशं मर्यादानवस्थितानां पुंसां भवति, तत्र तदक्षरार्थायोगात् । तथा हि- 'मि' इत्ययं वर्णः कायभावनम्रतारूपमृदुत्वमार्दवार्थः, 'छ' त्ति असंयमदोषच्छादनार्थः, 'मि' इत्ययं चारित्ररूपमर्यादार्थः, 'दु' इत्ययं जुगुप्सामि दुष्कृतकर्मकारिणमात्मानमित्यर्थे, 'क्क' त्ति कृतं मया पापमित्येवमभ्युपगमार्थे 'ड' इति च डेवेमि=लङ्घ्यामि तदुपशमेनेत्यर्थे। तदुक्तं -**

[१] मित्ति मिउमद्दवत्ते छत्ति अ दोसाण छायणे होइ । मित्ति अ मेराइठिओ दुत्ति दुगुंछामि अप्पाणं ॥१॥
[२] कत्ति कडं मे पावं डत्ति अ डेवेमि तं उवसमेणं । एसो मिच्छादुक्कडपयक्खरत्थो समासेणं ॥२॥
**[आ. नि. ६८६-६८७] ति ।**

---

१. 'मि' इति मृदुमार्दवत्वे 'छ' इति च दोषस्य छादने भवति। 'मि' इति च मर्यादायां स्थितो 'ड' इति जुगुप्साम्यात्मानम् ॥
२. क इति कृतं मया पापं ड इति लङ्घ्यामि तदुपशमेन। एवं मिथ्यादुष्कृतपदाक्षरार्थः समासेन ॥

**न चायमर्थो निर्मर्यादानां सम्भवतीति तेषां निष्फलमेव तद् । अव्युत्पन्नानां तु प्रतिक्रमणादिकं व्युत्पन्नपारतन्त्र्येण धर्मपथप्रवेशमात्रेण च फलवदिति ध्येयम् ।**

**ટીકાર્થ :-** '**ननु**'થી પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, અતીત જ=ભૂતકાળનાં જ, પાપની ગર્હા છે, પરંતુ અનાગત= ભવિષ્યકાળનાં પાપની નહિ; અને તે રીતે=અતીત જ પાપની ગર્હા છે પરંતુ અનાગત પાપની ગર્હા નથી તે રીતે, તેની આસેવનામાં પણ=પાપની આસેવનામાં પણ, અતીતપાપનિવર્તક મિથ્યાદુષ્કૃતદાનનું નિષ્ફળપણું નહિ થાય.
'**न**' - તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, કારણ કે દ્રવ્યમિથ્યાદુષ્કૃતદાન જ ફલવત્ નથી, પરંતુ ભાવમિથ્યાદુષ્કૃતદાન ફલવત્ છે.
'**न च**' - અને તેવા પ્રકારનું દુષ્કૃતદાન=ભાવમિથ્યાદુષ્કૃતદાન, મર્યાદાઅનવસ્થિત પુરુષોને હોતું નથી; કેમ કે ત્યાં=મર્યાદાઅનવસ્થિતમાં તદ્ અક્ષરાર્થનો=મિથ્યાદુષ્કૃતપદના અક્ષરાર્થનો, અયોગ છે.
'**तथा हि**' - તે આ પ્રમાણે- '**मि**' - એ પ્રમાણે આ વર્ણ કાયનમ્રતારૂપ મૃદુત્વ અને ભાવનમ્રતારૂપ માર્દવ અર્થક છે. '**छ**' - એ પ્રમાણે (વર્ણ) અસંયમદોષછાદન અર્થક છે. '**मि**' - એ પ્રમાણે આ વર્ણ ચારિત્રરૂપ મર્યાદા અર્થક છે. '**दु**' - એ પ્રમાણે આ વર્ણ દુષ્કૃતકર્મ કરનાર આત્માની હું જુગુપ્સા કરું છું એ અર્થમાં છે. '**क्क**' - એ પ્રમાણે (વર્ણ) મારા વડે પ્રાપ કરાયું એ પ્રમાણે અભ્યુપગમ અર્થમાં છે, અને '**ड**' એ પ્રમાણે (વર્ણ) ઉપશમ વડે હું તેને=પાપને, અતિક્રમું છું, એ પ્રમાણે અર્થમાં છે.
**तदुक्तं**થી તેમાં સાક્ષી આપતાં કહે છે-
'**तदुक्तं**' તે કહ્યું છે - '**मित्ति**' - '**मि**' એ પ્રમાણે (વર્ણ) મૃદુ-માર્દવપણામાં વર્તે છે, અને '**छ**' એ પ્રમાણે (વર્ણ) દોષના=અસંયમયોગલક્ષણ દોષના, છાદનમાં છે. અને '**मि**' એ પ્રમાણે (આ વર્ણ) મર્યાદામાં=ચારિત્રરૂપ મર્યાદામાં, હું રહેલો છું (એ પ્રમાણે અર્થનો અભિધાયક છે). '**दु**' એ પ્રમાણે (આ વર્ણ) આત્માની=દુષ્કૃતકર્મ કરનાર આત્માની, હું જુગુપ્સા=નિંદા કરું છું, (એ પ્રમાણે અર્થમાં વર્તે છે.). '**कत्ति**' - '**क**' એ પ્રમાણે (આ વર્ણ) મારા વડે પાપ કરાયું (એ પ્રમાણે અભ્યુપગમ અર્થમાં વર્તે છે), અને '**ड**' - એ પ્રમાણે (વર્ણ) તેને=દુષ્કૃતને, ઉપશમ વડે હું લંઘું છું. (એ પ્રમાણે અર્થમાં છે.) આ મિથ્યાદુષ્કૃત પદનો અક્ષરાર્થ સમાસથી=સંક્ષેપથી, જાણવો.

❀ '**त्ति**' શબ્દ આવશ્યકનિર્યુક્તિના ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

**ટીકાર્થ :-** '**न च**' અને આ અર્થ='મિચ્છા મિ દુક્કડં'ના પ્રત્યેક પદનો જે અર્થ કર્યો એ અર્થ, નિમર્યાદાવાળાને= સંયમની મર્યાદામાં નહિ રહેનારાઓને, સંભવતો નથી. એથી કરીને તેઓનું=જેઓ સંયમની મર્યાદામાં રહેલા નથી તેઓનું, તે=મિથ્યાદુષ્કૃતદાન, નિષ્ફળ જ છે.

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું કે, સંયમની મર્યાદામાં જેઓ રહેલા નથી તેઓનું મિથ્યાદુષ્કૃત નિષ્ફળ છે, આનાથી એ પ્રાપ્ત થાય કે, સંયમની મર્યાદામાં રહેલ દેશવિરતિધર અને સર્વવિરતિધરનું મિથ્યાદુષ્કૃત ફલવાળું છે, બીજાઓનું નહિ. અને તે મર્યાદાને પ્રાપ્ત કરવા માટે અવ્યુત્પન્નો સમર્થ થતા નથી, તેથી તેઓનું મિથ્યાદુષ્કૃત નિષ્ફળ જશે. તેથી કહે છે-

**ટીકાર્થ :- 'अव्युत्पन्नानां'** - વળી અવ્યુત્પન્નોનું=મિચ્છા મિ દુક્કડંના તાત્પર્યને નહિ જાણનારાઓનું, પ્રતિક્રમણાદિક વ્યુત્પન્નના=ગીતાર્થના, પારતંત્ર્યથી અને (અન્ય અવ્યુત્પન્નોનું) ધર્મપથપ્રવેશમાત્રથી ફલવત્ છે, એ પ્રમાણે વિચારવું.

**ભાવાર્થ :-** જેઓ વ્યુત્પન્નને પરતંત્ર હોય છે એવા અવ્યુત્પન્નો પણ વ્યુત્પન્નની જેમ સંયમની મર્યાદા પ્રાપ્ત કરી શકે છે, તેઓનું પ્રતિક્રમણાદિક વ્યુત્પન્નની જેમ જ ફલવાળું છે; જ્યારે મુગ્ધ કક્ષાના અવ્યુત્પન્નોને વ્યુત્પન્નનું પારતંત્ર્ય પ્રાપ્ત થવું દુષ્કર હોય છે. તેવા અવ્યુત્પન્નો મુગ્ધ બુદ્ધિથી પ્રતિક્રમણાદિક અનુષ્ઠાન કરે છે, તેઓનું તે અનુષ્ઠાન ધર્મપથપ્રવેશ માત્રથી ફળવાળું છે.

અહીં વિશેષ એ છે કે, માષતુષ જેવા અવ્યુત્પન્ન પણ વ્યુત્પન્નને પરતંત્ર રહે છે ત્યારે, તેમના વચનનું સમ્યગ્ અવલંબન લઈને અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરે છે, તેથી તે અનુષ્ઠાનથી અપેક્ષિત ભાવોને વ્યુત્પન્નના પારતંત્ર્યને કારણે પ્રાપ્ત કરી શકે છે. જ્યારે મુગ્ધ કક્ષાના અને ધર્મવૃત્તિવાળા કેટલા અવ્યુત્પન્નો પ્રતિક્રમણાદિક અનુષ્ઠાનોને સેવતા હોય છે, પરંતુ વ્યુત્પન્નના વચનાનુસાર ચાલવાની પ્રજ્ઞા તેઓમાં હજુ પ્રાદુર્ભાવ થયેલી નથી; તેથી તે અવસ્થામાં તેઓ મુગ્ધ બુદ્ધિથી જે પ્રતિક્રમણાદિક અનુષ્ઠાન સેવે છે, તે અનુષ્ઠાન સર્વથા અફળ નથી, પરંતુ ધર્મપથના પ્રવેશ માટે ફળવાળું છે, પરંતુ સર્વથા પાપનાશના ફળવાળું નથી.

**ટીકા :- ननु पदवाक्ययोरेवार्थदर्शनात् कथमक्षराणां प्रत्येकमुक्तार्थता ? इति चेत् ? वाक्यैकदेशत्वात्पदस्येव पदैकदेशत्वाद्वर्णानामप्यर्थवत्ता, प्रत्येकमभावे समुदायेऽपि तदभावात्, सिकता समुदाये तैलाभाववदिति सम्प्रदायः । नन्वेवं पुद्गलस्कन्धरूपवर्णैकदेशानामप्यर्थवत्त्वापत्तिः । किञ्चैवं राम इत्यादौ रकारादीनाम-प्यर्थवत्त्वेन धातुविभक्तिवाक्यभिन्नत्वेन च नामत्वात्तदुत्तरं स्याद्युत्पत्तिप्रसङ्गः, न चार्थवत्पदं शक्त्या-ऽर्थवत्परं, आधुनिकसङ्केतितेभ्योऽपि चैत्रादिपदेभ्यः स्याद्युत्पत्तिदर्शनादिति चेत् ? न, वर्णैकदेशानामपि कथंचिदर्थवत्त्वाद्, अर्थवदित्यस्य योगार्थवत्परत्वात्, चैत्रादिशब्दानामपि योगार्थेऽबाधात्, सर्वे शब्दा व्युत्पन्ना एवेति पक्षाश्रयणात्, न च पदैकदेशे योगार्थः सम्भवतीति न ततः स्याद्युत्पत्तिः ।**

**ટીકાર્થ :- 'ननु'** - **'ननु'**થી પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, પદ અને વાક્યનું જ અર્થદર્શન થતું હોવાથી પ્રત્યેક અક્ષરોની ઉક્ત અર્થતા કેવી રીતે થશે? તેનો ઉત્તર આપતાં કહે છે કે, વાક્યના એકદેશપણાથી પદની જેમ, પદના એકદેશપણાથી વર્ણોની પણ અર્થવત્તા છે; કેમ કે પ્રત્યેકના અભાવમાં સમુદાયમાં પણ તેનો=અર્થવત્તાનો, અભાવ છે. સિકતાના સમુદાયમાં=રેતીના સમુદાયમાં, તેલના અભાવની જેમ, એ પ્રમાણે સંપ્રદાય છે.

**ભાવાર્થ :-** પૂર્વપક્ષીને એ કહેવું છે કે, પદ કે વાક્યનો જ અર્થ જણાય છે, તેથી 'મિચ્છા મિ દુક્કડં'માં તે તે પ્રત્યેક અક્ષરોનો પૂર્વમાં કહી ગયા એવો અર્થ શી રીતે હોય? તેનું સમાધાન આપતાં કહે છે કે, જેમ વાક્યના એકદેશભૂત હોવાથી 'પદ' અર્થવાળું છે, તેમ પદના એકદેશભૂત હોવાથી અક્ષર પણ અર્થવાળો હોય છે. નહિતર તો રેતીના પ્રત્યેક કણમાં તેલ ન હોવાથી તેના સમુદાયમાં પણ તેલ હોતું નથી, તેમ પ્રત્યેક વર્ણમાં અર્થવત્તા ન હોય તો તેના સમુદાયભૂત પદમાં પણ અર્થવત્તા આવે નહિ, એ પ્રમાણે સંપ્રદાય છે.

**ટીકાર્થ :-** **'नन्वेवं'** - **'ननु'**થી પૂર્વપક્ષી કહે છે કે, એ રીતે=વાક્યના એકદેશપણાથી પદની જેમ, પદના એકદેશપણાથી વર્ણોની પણ અર્થવત્તા છે એ રીતે, પુદ્ગલસ્કંધરૂપ વર્ણના એકદેશની પણ અર્થવત્ત્વની આપત્તિ આવશે.

**'किञ्चैवं'** - અને વળી આ રીતે **रामः** ઇત્યાદિમાં રકારાદિનું પણ અર્થવાળાપણું હોવાને કારણે, અને ધાતુ વિભક્તિ અને વાક્યથી ભિન્ન હોવાને કારણે નામપણું હોવાથી, તેના પછી સ્યાદિની ઉત્પત્તિનો પ્રસંગ આવશે.

**ઉત્થાન :-** **'ननु'**થી પૂર્વપક્ષીએ શંકા કરી અને **'किञ्चैवं'**થી કહ્યું કે **रामः** ઇત્યાદિમાં રકારાદિનું અર્થવત્પણું હોવાથી, અને ધાતુ-વિભક્તિ-વાક્યભિન્નપણું હોવાને કારણે નામ હોવાથી, તેના ઉત્તરમાં સ્યાદિ વિભક્તિ લાગવાનો પ્રસંગ આવશે. ત્યાં કોઇને શંકા થાય કે શક્તિથી અર્થવત્પર=અર્થ બતાવવામાં તત્પર હોય એ અર્થવત્પદ=અર્થવાળું પદ છે, જ્યારે રામમાં રકારાદિ છે તે સંકેતથી અર્થવત્પર થઇ શકે પણ શક્તિથી અર્થવત્પર થઇ શકે નહિ, તેથી ત્યાં સ્યાદિ વિભક્તિ લાગવાનો પ્રસંગ શંકાકારે આપેલ તે પ્રાપ્ત થશે નહિ. તેથી પૂર્વપક્ષી કહે છે -

**ટીકાર્થ :-** **'न च'** અને શક્તિથી અર્થવત્પર જ અર્થવત્ પદ છે એમ ન કહેવું, કેમ કે આધુનિક સંકેતિત પણ ચૈત્રાદિપદોથી સ્યાદિ ઉત્પત્તિનું દર્શન છે.

**ભાવાર્થ :-** કોઇ વ્યક્તિનું ચૈત્રાદિ નામ પાડ્યું તે આધુનિક સંકેતિત ચૈત્રપદ છે, અને તે ચૈત્રાદિપદને પણ **'सि'** આદિ વિભક્તિ લાગે છે. તેથી શક્તિથી અર્થવત્પર ન હોય તેવા પણ શબ્દોને **'सि'** આદિ પ્રત્યયો લાગે છે, તેથી **'राम'** ઇત્યાદિમાં 'ર'કારાદિને પણ **'सि'** આદિ પ્રત્યયો લગાડવાનો પ્રસંગ પ્રાપ્ત થશે. માટે દરેક અક્ષરોને અર્થવત્ સ્વીકારવા ઉચિત નથી. એ પ્રકારે પૂર્વપક્ષીનો આશય છે.

**ટીકાર્થ :-** **'न'**થી પૂર્વપક્ષીની ઉક્ત શંકાનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે એ પ્રમાણે ન કહેવું. તેમાં પ્રથમ **'नन्वेवं'**થી પુદ્ગલસ્કંધરૂપ વર્ણના એક દેશને પણ અર્થવત્‌ની આપત્તિ છે એમ કહ્યું. તેનું સમાધાન કરતાં કહે છે- **'वर्ण'** - વર્ણના એક દેશનું પણ કથંચિત્ અર્થવત્પણું છે. (માટે પૂર્વપક્ષીએ **'नन्वेवं'**થી આપેલી આપત્તિ ઇષ્ટાપત્તિરૂપ છે, કેમ કે જેમ પદના પ્રત્યેક અક્ષર અર્થવાળા છે, તેમ પ્રત્યેક અક્ષરના દરેક પુદ્ગલસ્કંધો પણ કથંચિદ્ અર્થવાળા છે. જો પ્રત્યેક પુદ્ગલસ્કંધ અર્થવાળો ન હોય તો તેના સમુદાયરૂપ અક્ષર પણ અર્થવાળા ન બને.)

**ઉત્થાન :-** **'किञ्चैवं'** થી **रामः** ઇત્યાદિમાં 'ર'કારાદિનું અર્થવત્પણું હોવાને કારણે અને ધાતુ-વિભક્તિ અને વાક્યથી ભિન્ન હોવાને કારણે નામ હોવાથી તેના ઉત્તરમાં સ્યાદિ વિભક્તિ લગાડવાનો પ્રસંગ આપેલ, તેનું નિવારણ કરતાં કહે છે-

**'अर्थवद्'** - અર્થવત્ એ પ્રમાણે આનું=અર્થવત્ શબ્દનું, યોગાર્થવત્પરપણું છે, અર્થાત્ 'નામ'ના લક્ષણમાં અર્થવત્ શબ્દ યોગાર્થવત્પર છે.

**ભાવાર્થ :-** નામનું લક્ષણ કરીને ત્યાં નામ અર્થવત્પર છે એમ કહ્યું ત્યાં 'યોગાર્થવત્પર' ગ્રહણ કરવાનું છે. તેથી એ પ્રાપ્ત થાય કે, યોગાર્થવત્પર હોય અને ધાતુ-વિભક્તિ-વાક્યથી ભિન્ન હોય તે નામ છે, અને તેને 'સ્યાદિ' પ્રત્યયો લાગે, તેથી રામઃ ઇત્યાદિમાં 'ર'કારાદિને સ્યાદિ પ્રત્યય લાગવાનો પ્રસંગ આવશે નહિ.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે, ચૈત્રાદિ સંકેતિત શબ્દો છે ત્યાં પણ સ્યાદિ પ્રત્યયો લાગવા જોઇએ નહિ, અને ત્યાં સ્યાદિ પ્રત્યયો લાગે છે. તેથી કહે છે-

**ટીકાર્થ :- 'चैत्रादि'** - ચૈત્રાદિ શબ્દોનો પણ યોગાર્થમાં અબાધ છે, અર્થાત્ ચૈત્રાદિ શબ્દો યોગાર્થવત્પર છે.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે, કોઇ વ્યક્તિનું ચૈત્ર-મૈત્ર આદિ નામ રાખવામાં આવે છે તે સાંકેતિક છે, તો તેને યોગાર્થવત્પર કઇ રીતે કહી શકાય? તેથી કહે છે-

**ટીકાર્થ :- 'सर्वे'** - સર્વે શબ્દો વ્યુત્પન્ન (વ્યુત્પત્તિથી બનેલા) જ છે, એ પ્રકારે પક્ષનું આશ્રયણ હોવાથી આધુનિક સંકેતિત ચૈત્રાદિ શબ્દોમાં પણ યોગાર્થનો અબાધ છે, તેથી તેઓને 'સ્યાદિ' વિભક્તિ લાગે તે યોગ્ય છે. અને પદના એક દેશમાં યોગાર્થ સંભવતો નથી, એથી કરીને તેનાથી=પદના એક દેશથી સ્યાદિની ઉત્પત્તિ નથી. અને રામમાં 'ર'કારાદિ પદના એક દેશરૂપ છે, તેથી ત્યાં યોગાર્થ સંભવતો નથી. માટે રામાદિ શબ્દમાં 'ર'કારાદિને સ્યાદિ વિભક્તિ લાગવાનો પ્રસંગ નથી.

**ભાવાર્થ :-** શબ્દને યોગાર્થ માનવાના વિષયમાં બે પક્ષો છે. (૧) એક પક્ષ દરેક શબ્દને વ્યુત્પત્તિથી સિદ્ધ અર્થવાળા માને છે, તેથી તેમના મતમાં દરેક શબ્દ કોઇને કોઇ વ્યુત્પત્તિથી સિદ્ધ હોય છે. તેથી કોઇ વ્યક્તિનું ચૈત્રાદિ નામ રાખવામાં આવે તે નામ સાંકેતિક હોવા છતાં ચૈત્ર શબ્દ પણ વ્યુત્પત્તિસિદ્ધ છે, તેથી ત્યાં સ્યાદિ પ્રત્યય એ પક્ષને આશ્રયીને સ્વીકારવામાં આવે છે. જ્યારે (૨) અન્ય પક્ષના મતે કેટલાક શબ્દો વ્યુત્પત્તિસિદ્ધ છે અને કેટલાક સાંકેતિક શબ્દો છે. તેમાં જે વ્યુત્પત્તિસિદ્ધ શબ્દો છે તે યોગાર્થપર કહેવાય, અને સાંકેતિક શબ્દો છે તે યોગાર્થપર ન કહેવાય. તેથી એ બીજા પક્ષને આશ્રયીને વિચારીએ તો, કોઇ વ્યક્તિનું નામ ચૈત્ર રાખવામાં આવે તો તે યોગાર્થપર બને નહિ. તેથી પ્રસ્તુતમાં બીજા પક્ષનો ત્યાગ કરીને પ્રથમ પક્ષને ગ્રહણ કરવા અર્થે જ કહેલ છે કે, સર્વ શબ્દો વ્યુત્પન્ન છે, એ પ્રકારના પક્ષનો આશ્રય હોવાથી ચૈત્રાદિ શબ્દો યોગાર્થપર છે; જ્યારે **रामः** ઇત્યાદિમાં રકારાદિ પ્રત્યેક પદ યોગાર્થપર નથી. માટે ચૈત્રાદિ પદને સ્યાદિ પ્રત્યય લાગે અને રામ ઇત્યાદિમાં રકારાદિને સ્યાદિ પ્રત્યય ન લાગે. એ રીતે પ્રસ્તુતમાં 'મિચ્છા મિ દુક્કડં'ના પ્રત્યેક પદને પણ સ્યાદિ પ્રત્યયો લાગતા નથી.

**ટીકા :- ननु शाब्दबोधे पदजन्यपदार्थोपस्थितेरेव हेतुत्वात् पदस्यैवार्थवत्त्वं, न तु वाक्यस्यापि, आकाङ्क्षा-दिमहिम्नार्थवत्पदेभ्य एवापूर्ववाक्यार्थलाभात् । एवं च वाक्यस्यापि नार्थवत्त्वमिति कुतस्तरां पदैकदेशस्य तथात्वमिति चेत् ? न, सङ्केतविशेषप्रतिसन्धानेन पदैकदेशादप्यर्थप्रत्ययानुभवेन तस्याप्यर्थवत्त्वाद् ।**

**अथैवं पामरादिसङ्केतितानामपि शब्दानामर्थवत्त्वं स्यादिति चेत् ? स्यादेव, साधुत्वं तु तत्र नानुशासनिकत्वरूपम् । यत्तु शक्तिलक्षणान्यतरवत्त्वमेव साधुत्वमिति तन्न, 'घटः पश्य' इत्यादौ प्रथमाया द्वितीयार्थलक्षणाप्रतिसन्धानेप्यसाधुत्वज्ञाने सति शाब्दबोधानुदयात्, सातत्यवृत्तिरूपत्वेन वृत्तिज्ञानत्वेन शाब्दबोधहेतुतयैव निर्वाहे साधुत्वज्ञानस्य पृथक्कारणता न स्यादिति । अथैवं साधुशब्दानामिवाऽसाधुशब्दानामपि शक्तिः स्यादिति चेत्, स्यादेव, सर्वेषां शब्दानां सर्वार्थप्रत्यायनशक्तिमत्त्वात्, सङ्केतविशेषसहकारेण च विशेषार्थबोधादिति दिग् ।**

**ટીકાર્થ :-** '**ननु**' - '**ननु**'થી પૂર્વપક્ષી શંકા કરતાં કહે છે કે, શાબ્દબોધમાં પદજન્ય પદાર્થની ઉપસ્થિતિનું જ હેતુપણું હોવાથી પદનું જ અર્થવત્પણું છે, પરંતુ વાક્યનું પણ નહિ.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે, વાક્યનિષ્ઠ દરેક પદથી જે અર્થનો બોધ થાય છે તેના કરતાં વાક્યથી અપૂર્વ અર્થનો લાભ થાય છે. એથી પદના અર્થવત્ત્વ કરતાં વાક્યનું અર્થવત્ત્વ પૃથક્ છે. એમ '**घटमानय**' આ પ્રયોગમાં **घट, अम्, आनय.** આ ત્રણ પદોથી ત્રણ પદાર્થની ઉપસ્થિતિ થાય છે, અને વાક્યથી 'તું ઘટને લાવ' એ પ્રકારે અપૂર્વ અર્થનો લાભ થાય છે, માટે વાક્યનું અર્થવત્ત્વપણું માનવું પડશે. એથી કહે છે-

**ટીકાર્થ :-** '**आकाङ्क्षादि**' આકાંક્ષાદિના મહિમા વડે અર્થવાળા પદોથી જ અપૂર્વ વાક્યાર્થનો લાભ થાય છે.

❀ '**आकाङ्क्षादि**' અહીં '**आदि**'થી 'સંનિધિ' લેવાની છે.

**ભાવાર્થ :-** ઘટ પદને '**अम्**' વિભક્તિની આકાંક્ષા રહે છે, અને '**अम्**'ને આનયન ક્રિયાની આકાંક્ષા રહે છે. તેથી અર્થવાળાં એવાં ત્રણે પદોથી જ આકાંક્ષાને કારણે અપૂર્વ વાક્યાર્થનો લાભ થાય છે. માટે વાક્યનું અર્થવત્ત્વપણું નથી.

**ટીકાર્થ :-** '**एवं च**' અને એ રીતે=પૂર્વમાં કહ્યું કે શાબ્દબોધમાં પદજન્ય પદાર્થની ઉપસ્થિતિનું જ હેતુપણું હોવાથી પદનું જ અર્થવત્પણું છે, પરંતુ વાક્યનું નથી, એ રીતે, વાક્યનું પણ અર્થવત્પણું નથી. એથી કરીને પદના એક દેશનું=મિચ્છા મિ દુક્કડં નિષ્ઠ '**मि**' આદિરૂપ પદના એક દેશનું, તથાત્વ=અર્થવાળાપણું, કેવી રીતે હોઇ શકે?
'**न**' તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું.
'**सङ्केत**' - કેમ કે સંકેતવિશેષનું પ્રતિસંધાન હોવાથી પદના એક દેશથી પણ અર્થના પ્રત્યયનો અનુભવ થવાથી તેનું પણ=પદના એક દેશનું પણ, અર્થવત્પણું છે.

❀ '**न तु वाक्यस्यापि**'નો પરામર્શ પાછળમાં રહેલા '**एवं**'થી થાય છે.

❀ '**तस्याप्यर्थवत्त्वाद्**' અહીં '**अपि**'થી એ સમુચ્ચય થાય છે કે, પદનું તો અર્થવત્પણું છે પણ પદના એક દેશનું પણ અર્થવત્પણું છે.

**ટીકાર્થ :- 'अथैवं' - 'अथ'**થી પૂર્વપક્ષી આ પ્રમાણે કહે છે કે, એ રીતે=સંકેતવિશેષના પ્રતિસંધાનથી પદનાં એક દેશથી પણ અર્થના બોધનો અનુભવ થવાથી પદના એક દેશનું પણ અર્થવત્પણું છે એ રીતે, પામરાદિસંકેતિત એવા પણ શબ્દોનું અર્થવત્પણું થશે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે, એ અર્થવાળા બને જ છે, પરંતુ ત્યાં= પામરાદિસંકેતિત શબ્દપ્રયોગમાં, અનુશાસનિકત્વરૂપ સાધુપણું નથી.

**ભાવાર્થ :-** જેનું અનુશાસન કરનાર વ્યાકરણ કે શાસ્ત્રાદિ હોય તે અનુશાસનિક કહેવાય, અને તેમાં રહેલું અનુશાસનિકત્વ એ સાધુત્વ કહેવાય. અહીં પ્રસ્તુત 'મિચ્છા મિ દુક્કડં'માં શાસ્ત્રીય સંકેતરૂપ અનુશાસનિકત્વ છે, તેથી ત્યાં સાધુત્વ છે. જ્યારે પામર=વ્યાકરણમાં અજ્ઞ, અને 'આદિ'પદથી વ્યાકરણના જાણકાર પણ યથેચ્છ પ્રમાણે સંકેત કરનારાના પ્રયોગમાં, સાધુત્વ પ્રાપ્ત થશે નહીં. પરંતુ તેઓના સંકેતથી ગમે તે શબ્દના પ્રત્યેક શબ્દથી શાબ્દબોધ થઇ શકે છે.

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું કે, પામરના સંકેતમાં અનુશાસનિકત્વરૂપ સાધુત્વ નથી, અને 'મિચ્છા મિ દુક્કડં'માં અનુશાસનિકત્વરૂપ સાધુત્વ છે, કેમ કે શાસ્ત્રીય સંકેત પણ અનુશાસનિક બને છે. ત્યાં પૂર્વપક્ષી કહે છે કે, શક્તિલક્ષણા અન્યતરવત્ત્વ જ સાધુત્વ છે, અને તે મિચ્છા મિ દુક્કડંના પ્રત્યેક શબ્દમાં નથી. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે-

**ટીકાર્થ :- 'यत्तु'** - શક્તિલક્ષણા અન્યતરવત્ત્વ જ સાધુત્વ છે એ પ્રમાણે જે વળી કહે છે તે બરાબર નથી, કેમ કે **'घटः पश्य'** ઇત્યાદિ પ્રયોગમાં પ્રથમા વિભક્તિનો દ્વિતીયાર્થરૂપે લક્ષણા વડે પ્રતિસંધાન થયે છતે પણ, અસાધુત્વજ્ઞાન થવાને કારણે શાબ્દબોધનો અનુદય છે.

**ભાવાર્થ :-** કોઇ વ્યક્તિ ભ્રમથી **'घटः पश्य'** એ પ્રયોગ કરે ત્યારે પટુ વ્યક્તિને ખ્યાલ આવી જાય કે **'घटः'** એ પ્રયોગ દ્વિતીયાર્થમાં થયેલ છે. તેથી તાત્પર્યથી અનુપપત્તિ થાય ત્યારે લક્ષણા દ્વારા તાત્પર્યનું પ્રતિસંધાન કરાય છે, માટે લક્ષણા દ્વારા દ્વિતીયાર્થનું ત્યાં પ્રતિસંધાન કરે છે. અને શક્તિલક્ષણા અન્યતરવત્ત્વરૂપ સાધુત્વ કહીએ તો **'घटः पश्य'** એ પ્રયોગમાં લક્ષણાથી દ્વિતીયાર્થની પ્રાપ્તિ થવાથી એ પ્રયોગ સાધુ પ્રાપ્ત થાય; અને વ્યાકરણની દૃષ્ટિએ એ પ્રયોગ અસાધુ છે એવું જ્ઞાન થાય છે ત્યારે, સાંભળનાર સામી વ્યક્તિના કહેવાનો આશય જાણતો હોવા છતાં તે શબ્દોથી શાબ્દબોધ થતો નથી; પરંતુ શક્તિલક્ષણા અન્યતરવત્ત્વરૂપ જ સાધુપણું હોય તો **'घटः पश्य'** એ પ્રયોગમાં તે શબ્દોથી શાબ્દબોધ થવો જોઇએ; પરંતુ અસાધુત્વના જ્ઞાનને કારણે શાબ્દબોધ થતો નથી, માટે સાધુત્વ એ શક્તિલક્ષણા અન્યતરવત્ત્વ નથી.

**ઉત્થાન :-** અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, શક્તિલક્ષણા અન્યતરવત્ત્વ સાધુત્વ અમે કહીએ છીએ, તથા સાતત્યવૃત્તિરૂપ વૃત્તિજ્ઞાનને જ ગ્રહણ કરવાનો અમારો આશય છે. તેથી **'घटः पश्य'** એ પ્રયોગમાં લક્ષણાથી સાતત્યવૃત્તિરૂપ દ્વિતીયાર્થનું પ્રતિસંધાન નહિ હોવાને કારણે તે સાધુપ્રયોગ નથી; માટે ત્યાં શાબ્દબોધ થતો નથી. તેથી અનુશાસનિકત્વરૂપ સાધુત્વ સ્વીકારવાની જરૂર નથી. તેથી ગ્રંથકાર બીજો હેતુ કહે છે-

**ટીકાર્થ :-** '**સાતત્ય**' - સાતત્યવૃત્તિરૂપ વૃત્તિજ્ઞાનત્વેન શાબ્દબોધના હેતુપણાથી જ (**ઘટઃ પશ્ય** એ પ્રયોગમાં શાબ્દબોધના અનુદયનો) નિર્વાહ થયે છતે, સાધુત્વજ્ઞાનની પૃથક્ કારણતા નહિ થાય.

**ભાવાર્થ :-** પૂર્વપક્ષીને કહેવાનો આશય એ છે કે, સાતત્યવૃત્તિરૂપ વૃત્તિજ્ઞાન જ શાબ્દબોધનો હેતુ છે, અને વૃત્તિજ્ઞાન શક્તિલક્ષણા અન્યતરવત્ત્વરૂપ છે. '**ઘટઃ પશ્ય**' એ પ્રયોગમાં દ્વિતીયાર્થમાં લક્ષણાનું પ્રતિસંધાન કરવામાં આવ્યું તે લક્ષણા સાતત્યવૃત્તિસ્વરૂપ વૃત્તિજ્ઞાનરૂપ નથી. તેથી '**ઘટઃ પશ્ય**' એ પ્રયોગમાં શક્તિલક્ષણાઅન્યતરવત્ત્વરૂપ સાધુત્વ જ નથી, માટે '**ઘટઃ પશ્ય**' એ પ્રયોગથી શાબ્દબોધ થતો નથી. તેને ગ્રંથકાર કહે છે કે, સાતત્યવૃત્તિરૂપ વૃત્તિજ્ઞાન દ્વારા શાબ્દબોધ થાય છે માત્ર વૃત્તિજ્ઞાન દ્વારા નહિ, એમ કહીને '**ઘટઃ પશ્ય**' એ પ્રયોગમાં શાબ્દબોધ થતો નથી એમ જો તમે કહેશો, તો સાધુત્વજ્ઞાનની પૃથક્કારણતા રહેશે નહિ. જ્યારે વ્યાકરણમાં શાબ્દબોધ પ્રત્યે જેમ વૃત્તિજ્ઞાનને કારણ માનેલ છે, તેમ સાધુત્વજ્ઞાનને પણ કારણ માનેલ છે. તેથી અનુશાસનિકત્વરૂપ સાધુત્વજ્ઞાનને સ્વીકારીએ, તો જ કહી શકાય કે '**ઘટઃ પશ્ય**' એ પ્રયોગમાં લક્ષણારૂપ વૃત્તિજ્ઞાન હોવા છતાં અનુશાસનિકત્વરૂપ સાધુત્વ નથી. તેથી જે વ્યક્તિને એ જ્ઞાન થાય કે '**ઘટઃ પશ્ય**' પ્રયોગમાં વ્યાકરણના અનુશાસનિકત્વરૂપ સાધુત્વ જ્ઞાન નથી, તે વ્યક્તિને એ પ્રયોગથી શાબ્દબોધ થતો નથી.

**ટીકાર્થ :-** '**અથ**' - '**અથ**'થી પૂર્વપક્ષી કહે છે કે, આ રીતે=પૂર્વમાં પૂર્વપક્ષીએ કહ્યું કે પામરાદિસંકેતિત પણ શબ્દોનું અર્થવત્ત્વ થશે ત્યાં ગ્રંથકારે કહ્યું કે થશે જ, એ રીતે, સાધુ શબ્દોની જેમ અસાધુ શબ્દોની પણ શક્તિ પ્રાપ્ત થશે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે થશે જ, કેમ કે સર્વે શબ્દોનું સર્વાર્થપ્રત્યાયનશક્તિમત્પણું છે=દરેક શબ્દો સર્વ અર્થને જણાવવા માટે શક્તિમત્ છે, અને સંકેતવિશેષના સહકારથી વિશેષ અર્થનો બોધ થાય છે, એ પ્રમાણે દિશાસૂચન છે.

**ભાવાર્થ :-** પૂર્વમાં ગ્રંથકારે એ સ્વીકાર્યું કે, પામરાદિ સંકેતિત શબ્દોનું પણ અર્થવત્પણું છે, અને કહ્યું કે તેઓના સંકેતમાં અનુશાસનિકત્વરૂપ સાધુત્વ નથી. એનાથી એ પ્રાપ્ત થાય કે, પામરાદિથી સંકેત કરાયેલા શબ્દો અર્થનો બોધ કરાવે છે છતાં વ્યાકરણનું અનુશાસન ત્યાં નહિ હોવાથી એ સાધુપ્રયોગ નથી; અને તેવા શબ્દોને પણ અર્થવાળા સ્વીકારવાથી સાચા અર્થવાળા શબ્દો અને ખોટા અર્થવાળા શબ્દો એ બંનેમાં અર્થબોધ કરવાની શક્તિ સ્વીકારવી પડે; એ પ્રકારનો શંકાકારનો આશય છે. અને ગ્રંથકાર કહે છે કે એ અમને ઈષ્ટ છે. કેમ કે દરેક શબ્દો સર્વ અર્થને જણાવવા માટે શક્તિવાળા છે, અને સંકેતવિશેષના સહકારથી વિશેષ અર્થને જણાવનારા છે.

કહેવાનો આશય એ છે કે, કોઇપણ શબ્દ જગતના તમામ અર્થોને જણાવવા માટે સમર્થ છે; કેમ કે '**સર્વે શબ્દાઃ સર્વસ્ય વાચકાઃ**' એ પ્રકારનો ન્યાય છે. આમ છતાં, જે શબ્દમાં જે અર્થનો સંકેત શ્રોતાને ઉપસ્થિત થાય છે, તે સંકેતવિશેષના સહકારથી વિશેષ અર્થનો બોધ તેને થાય છે. જેમ '**ઘટ**' પદથી પુસ્તક અર્થનો બોધ કરાવવા માટે કોઇએ સંકેત કરેલો હોય, અને શ્રોતાને તે સંકેતવિશેષની ઉપસ્થિતિ થાય, તો તે સંકેતવિશેષના સહકારથી શ્રોતા ઘટપદથી પુસ્તકના અર્થનો બોધ કરી શકે છે. અને વક્તા ગમે તે શબ્દોથી ગમે તે અર્થ બોલવા માટે પ્રયત્ન કરતો હોય, અને ચૌદપૂર્વી તે શબ્દથી તે અર્થનો બોધ વક્તાના આશયથી કરી શકે છે. તેથી કોઇ પણ શબ્દો દ્વારા

જગતના તમામ અર્થોનો બોધ થઇ શકે છે એ પ્રકારનો સિદ્ધાંત છે. માટે વ્યાકરણનું અનુશાસન ન હોય તેવા પણ અર્થનો બોધ થઇ શકે છે. માટે અસાધુ શબ્દોમાં અર્થબોધ કરવાની શક્તિ સ્વીકારવામાં કોઇ દોષ નથી.

અહીં વિશેષ એ છે કે, ઘટશબ્દ વ્યાકરણથી કે લોકપ્રસિદ્ધિથી કે શાસ્ત્રથી ઘટપદાર્થનો વાચક બને ત્યારે તે સાધુશબ્દ છે, અને ઘટશબ્દથી પુસ્તકનો સંકેત કર્યો હોય અને તે અર્થનો બોધ કરાવે ત્યાં અસાધુ પ્રયોગ છે.

**ટીકા :- एवं च यस्य मिथ्यादुष्कृतपदाक्षरार्थानुसारेण तद्दानप्रसूता गर्हा तस्यैव सा फलवती, इतरस्य प्रतिज्ञातभङ्गेनाऽतथाकारात् मिथ्यात्वमेव । अतथाकारो हि मिथ्यात्वलक्षणम्, तदुक्तं -**

[1]जो जहवायं न कुणइ मिच्छद्दिट्ठी तओ हु को अन्नो ? वड्ढेइ य मिच्छत्तं परस्स संकं जणेमाणो ॥ त्ति ।

**[ उप. माला- ५०४ ]**

**अत एव च सर्वं सावद्ययोगं प्रत्याख्याय पुनस्तदेव सावद्यमाचरतः सर्वविरतिप्रतिज्ञाभङ्गात् ततो भ्रंशः, देशविरतेस्त्वप्रतिज्ञातत्वादेव तल्लाभहीनता, उभयविरत्यभावेन च मिथ्यादृष्टित्वं स्यादिति । इदं चाभिनिवेशेन भग्नचारित्रस्य द्रष्टव्यम्, अनभिनिविष्टस्य तु सम्यग्दर्शनकार्यभूतपश्चात्तापादिदर्शनान्न तथात्वं, विरतिवैक्लव्यं तूभयोरपि । तदुक्तं -**

[2]सव्वंति भाणिऊणं विरई खलु जस्स सव्विया नत्थि । सो सव्वविरइवाई चुक्कइ देसं च सव्वं च ॥

**[ उप. माला- ५०३ ]**

**ટીકાર્થ :- 'एवं च'** અને આ રીતે=પૂર્વમાં મિચ્છા મિ દુક્કડંના દરેક શબ્દોનો અર્થ કર્યો, અને એની પૂર્વમાં કહ્યું કે દ્રવ્યમિથ્યાદુષ્કૃતદાન ફલવાન નથી પરંતુ ભાવમિથ્યાદુષ્કૃતદાન જ ફલવાન છે, અને મર્યાદામાં નહિ રહેલા પુરુષને ભાવમિથ્યાદુષ્કૃતદાન થતું નથી એ રીતે, જે વ્યક્તિને મિથ્યાદુષ્કૃતપદના અક્ષરાર્થને અનુસારે તદ્દાનપ્રસૂત= મિથ્યાદુષ્કૃતદાનપ્રસૂત, ગર્હા છે, તે વ્યક્તિને જ તે = ગર્હા, ફલવાળી છે. ઇતરને=જે વ્યક્તિને મિથ્યાદુષ્કૃતપદના અક્ષરાર્થને અનુસારે તદ્દાનપ્રસૂત ગર્હા નથી તેને, પ્રતિજ્ઞાતનો ભંગ હોવાને કારણે અતથાકાર હોવાથી મિથ્યાત્વ જ છે. જે કારણથી અતથાકાર મિથ્યાત્વનું લક્ષણ છે.

**'तदुक्तं'** - તે કહ્યું છે - **'जो जहवायं'** જે યથાવાદ=જે પ્રમાણે આગમમાં કહેલું છે તે પ્રમાણે, કરતો નથી; તેનાથી અન્ય કોણ મિથ્યાદષ્ટિ છે? અર્થાત્ તે જ મિથ્યાદષ્ટિ છે, અને પરને શંકા ઉત્પન્ન કરતો મિથ્યાત્વને વૃદ્ધિ પમાડે છે.

**ભાવાર્થ :-** ભાવમિથ્યાદુષ્કૃતદાન મર્યાદામાં રહેલો જ કરી શકે છે. આનાથી એ પ્રાપ્ત થાય કે, જે જીવ વ્રતની મર્યાદામાં રહેલો છે, તે જીવને મિચ્છા મિ દુક્કડં પદના જે અક્ષરો છે તેને અનુસારે મિચ્છા મિ દુક્કડંના દાનથી પ્રસૂત ગર્હા થાય છે, બીજાને નહિ; કેમ કે મર્યાદામાં રહેલાને જ તે અક્ષરોથી તે પ્રકારની ગર્હાનો પરિણામ પેદા થાય છે. અને તેમની જ=મર્યાદામાં રહેલાની જ, ગર્હા ફલવાન છે; અર્થાત્ પાપ નાશ કરવા સમર્થ બને છે. જ્યારે ઇતર જીવને મર્યાદામાં અનવસ્થિતપણું હોવાને કારણે મિચ્છા મિ દુક્કડંના પ્રયોગથી જે પ્રતિજ્ઞા કરાયેલ, કે

---

१. यो यथावादं न करोति मिथ्यादृष्टिस्ततस्तु कोऽन्यः ? । वर्धयति च मिथ्यात्वं परस्य शङ्कां जनयन् ॥

२. सर्वमिति भणित्वा विरतिः खलु यस्य सर्विका नास्ति । स सर्वविरतिवादी भ्रश्यति देशं च सर्वं च ॥

મર્યાદામાં રહીને હું પાપનો ઉપશમ કરું છું, એ રૂપ પ્રતિજ્ઞાનો ભંગ થાય છે, તેથી તે અતથાકાર છે. અર્થાત્ જેવું પ્રતિજ્ઞામાં બોલે છે તેવું કરતો નથી. તેથી તેમની તે ગર્હા મિથ્યાત્વરૂપ જ છે; કેમ કે અતથાકાર જ મિથ્યાત્વનું લક્ષણ છે. અર્થાત્ જે પ્રકારે પ્રતિજ્ઞા કરેલી હોય તે પ્રકારે કરવું તે તથાકાર છે, અને તેનાથી વિપરીત કરવું તે અતથાકાર છે.

**ટીકાર્થ :- 'अत एव'** - આથી કરીને જ=અતથાકાર મિથ્યાત્વ જ છે આથી કરીને જ, સર્વ સાવદ્યયોગનું પ્રત્યાખ્યાન કરીને ફરીથી તે જ=જે સાવદ્યયોગનું પ્રત્યાખ્યાન કર્યું છે તે જ, સાવદ્યને આચરતો, સર્વવિરતિની પ્રતિજ્ઞાનો ભંગ થયો હોવાને કારણે તેનાથી=સર્વવિરતિથી, ભ્રંશ થયેલો છે. વળી દેશવિરતિનું અપ્રતિજ્ઞાતપણું હોવાથી જ તેના લાભની=દેશવિરતિના લાભની, હીનતા છે. અને ઉભય વિરતિના અભાવથી=સર્વવિરતિ અને દેશવિરતિરૂપ ઉભય વિરતિના અભાવથી, મિથ્યાદષ્ટિપણું થાય.

❀ **'इति'** શબ્દ **एवं च ... स्याद्** સુધીના કથનની સમાપ્તિ સૂચક છે.

**ભાવાર્થ :-** અહીં વિશેષ એ છે કે, ઉભય વિરતિના અભાવને કારણે અવિરતિની પ્રાપ્તિ થાય, પરંતુ મિથ્યાદષ્ટિપણું ન થાય. આમ છતાં, અભિનિવિષ્ટ વ્યક્તિને આશ્રયીને જ મિથ્યાદષ્ટિપણું કહેલ છે તે વાત આગળના કથનથી સ્પષ્ટ થાય છે, માટે કોઇ દોષ નથી.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે, પ્રતિજ્ઞા કર્યા પછી ભંગવાળાને મિથ્યાદષ્ટિપણું પ્રાપ્ત થતું હોય તો સંવિજ્ઞપાક્ષિક કોઇ થશે નહિ. તેથી કહે છે-

**ટીકાર્થ :- 'इदं च'** - અને આ=મિથ્યાદષ્ટિપણું, અભિનિવેશથી ભગ્નચારિત્રવાળાને જાણવું. વળી અનભિનિવિષ્ટ જીવને=અભિનિવેશ વગરના જીવને, સમ્યગ્દર્શનના કાર્યભૂત પશ્ચાત્તાપાદિના દર્શનથી તથાપણું=મિથ્યાત્વપણું, નથી; પરંતુ વિરતિનું વૈકલ્ય=વિરતિનો અભાવ, બંનેને પણ=અભિનિવિષ્ટ અને અનભિનિવિષ્ટ બંનેને પણ, જાણવો. **'तदुक्तं'** તે કહ્યું છે - સર્વ એ ઉપલક્ષણ હોવાથી સર્વ સાવદ્યયોગનું યાવજ્જીવ ત્રિવિધે ત્રિવિધે પ્રત્યાખ્યાન કરું છું, એ પ્રમાણે કહીને જેમની વિરતિ સર્વિકા=સર્વ, નથી જ, તે સર્વવિરતિવાદી દેશથી અને સર્વથી=દેશવિરતિ અને સર્વવિરતિ ઉભયથી, ચૂકે છે=ભ્રષ્ટ થાય છે.

**ટીકા :- एतेन ''साधूनां साधुधर्माऽयोग्यश्रावकधर्मकरणे श्रावकधर्मानुप्रवेशः'' इति दिगम्बरोक्तिरपास्ता, अप्रतिज्ञाते तत्रानुप्रवेशाभावात्, प्रतिज्ञां विनापि तद्भावे प्रतिज्ञाया वैयर्थ्यप्रसङ्गात्, पूर्वप्रतिज्ञाया-स्त्वेकदेशरूपाया महाप्रतिज्ञयैव विनाशात्, मतिज्ञानादेरिव केवलज्ञानेन । अपि च तादृशधर्मं साधुराभोगेन कुर्यादनाभोगेन वा ? नाद्यः, अप्रमादिनस्तादृशप्रवृत्त्यसम्भवात् । न द्वितीयः, अनाभोगस्यातिचारमात्रजन-कत्वाद्, अभिनिवेशेन तत्करणे च मिथ्यादृष्टित्वमेवेति क्व धर्मानुप्रवेशः ? एतेन ''श्रावकपदमविरतसम्यग्दृ-ष्टिपरम्'' इत्यपि परास्तम् ।**

**ટીકાર્થ :- 'एतेन'** આનાથી='**इदं च** ..'થી માંડીને ઉપદેશમાલા ગાથા-૫૦૩ની સાક્ષી આપી એનાથી, સાધુઓને સાધુધર્મઅયોગ્ય શ્રાવકધર્મના કરણમાં શ્રાવકધર્મમાં અનુપ્રવેશ છે, એ પ્રમાણે દિગંબરની ઉક્તિ=વચન, અપાસ્ત જાણવું; કેમ કે અપ્રતિજ્ઞાત એવા ત્યાં=શ્રાવકધર્મમાં, અનુપ્રવેશનો અભાવ છે.

**ઉત્થાન :-** અહીં પૂર્વપક્ષી કહે કે, શ્રાવકધર્મની પ્રતિજ્ઞા નહિ હોવા છતાં શ્રાવકધર્મની આચરણાથી શ્રાવકધર્મમાં અનુપ્રવેશ થઇ શકે છે. તેથી કહે છે-

**ટીકાર્થ :- 'प्रतिज्ञां'** - પ્રતિજ્ઞા વગર પણ તેના ભાવમાં=શ્રાવકપણાના ભાવમાં, પ્રતિજ્ઞાના વૈયર્થ્યનો પ્રસંગ છે.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે, સાધુધર્મ લેતાં પૂર્વે શ્રાવકધર્મ પાળ્યો હોય, તેથી બાર વ્રતાદિની પ્રતિજ્ઞા લીધી હોવાથી સાધુધર્મથી ભ્રષ્ટ થાય ત્યારે શ્રાવકધર્મમાં કેમ પ્રવેશ ન થાય? તેથી કહે છે -

**ટીકાર્થ :- 'पूर्व'** - કેવલજ્ઞાનથી મતિજ્ઞાનાદિની જેમ મહાવ્રતના એકદેશરૂપ પૂર્વમાં ગ્રહણ કરાયેલ પ્રતિજ્ઞાનો, મહાપ્રતિજ્ઞા દ્વારા જ=સર્વવિરતિની મહાપ્રતિજ્ઞા દ્વારા જ, વિનાશ થાય છે. (તેથી સાધુને શ્રાવકધર્મમાં અનુપ્રવેશ નથી.)

**ભાવાર્થ :-** દિગંબરને એ કહેવું છે કે, સાધુધર્મને અયોગ્ય એવી શ્રાવકની કોઇપણ પ્રવૃત્તિ સાધુ કરે તો તે સાધુ દેશવિરતિધર્મને પ્રાપ્ત કરે છે. આ કથન પૂર્વના કથનથી અપાસ્ત છે; કેમ કે પૂર્વમાં કહ્યું કે સર્વવિરતિની પ્રતિજ્ઞા કરીને તે પ્રમાણે જે ન કરે તે ઉભય વિરતિથી ચૂકે છે, તેથી સાધુને દેશવિરતિ કે સર્વવિરતિ બેમાંથી એકેય પ્રાપ્ત થાય નહિ. અને તે વાતને જ સ્પષ્ટ કરતાં ગ્રંથકાર કહે છે કે, સાધુની પ્રતિજ્ઞા સર્વવિરતિની છે દેશવિરતિની નથી, આમ છતાં સાધુ દેશવિરતિની ક્રિયા કરે તો દેશવિરતિગુણસ્થાનકમાં સાધુનો પ્રવેશ થાય નહિ.

અહીં પૂર્વપક્ષી કહે કે, દેશવિરતિની પ્રતિજ્ઞા નથી, આમ છતાં દેશવિરતિના આચરણના બળથી સાધુને દેશવિરતિમાં પ્રવેશ થઇ શકે. તેથી ગ્રંથકાર કહે છે કે પ્રતિજ્ઞા વગર પણ આચરણામાત્રથી દેશવિરતિની પ્રાપ્તિ થતી હોય તો દેશવિરતિની પ્રાપ્તિ પ્રત્યે પ્રતિજ્ઞાની કારણતા રહે નહિ. પરંતુ દેશવિરતિની પ્રાપ્તિ પ્રત્યે જેમ આચરણા આવશ્યક છે તેમ પ્રતિજ્ઞા પણ આવશ્યક છે, માટે આચરણામાત્રથી સાધુને દેશવિરતિની પ્રાપ્તિ થાય નહિ.

અહીં પૂર્વપક્ષી કહે કે, સંયમ ગ્રહણ કર્યા પૂર્વે કોઇએ દેશવિરતિની પ્રતિજ્ઞા ગ્રહણ કરેલ હોય, અને પાછળથી સર્વવિરતિની પ્રતિજ્ઞા લીધેલી છે, તેથી યાવજ્જીવની પૂર્વની દેશવિરતિની પ્રતિજ્ઞાના બળથી સાધુને પણ દેશવિરતિની પ્રાપ્તિ સ્વીકારી શકાય. તેથી ગ્રંથકાર કહે છે કે, સર્વવિરતિરૂપ મહાપ્રતિજ્ઞાથી જ દેશવિરતિરૂપ પૂર્વની પ્રતિજ્ઞાનો નાશ થાય છે. તેથી સર્વવિરતિ ગ્રહણ કર્યા પછી શ્રાવકધર્મની આચરણા કરે તો દેશવિરતિની પ્રાપ્તિ થઇ શકે નહિ.

અહીં વિશેષ એ છે કે, મરુદેવામાતાએ સર્વવિરતિની પ્રતિજ્ઞા નહિ કરેલ હોવા છતાં તેમને વિરતિના ગુણસ્થાનકની પ્રાપ્તિ થઇ, તેથી જ ક્ષપકશ્રેણિ આદિ પ્રાદુર્ભાવ થયા, માટે પ્રતિજ્ઞા વગર પણ ગુણસ્થાનક આવી શકે છે એમ સામાન્યથી દેખાય; પરંતુ તે ગુણસ્થાનકની પ્રાપ્તિ સમતાના પરિણામથી મરુદેવાને થયેલ છે, તેથી ત્યાં

પ્રતિજ્ઞાની અપેક્ષા નથી. જ્યારે સર્વવિરતિ કે દેશવિરતિ ગુણસ્થાનક સર્વવિરતિ કે દેશવિરતિની આચરણાથી નિષ્પન્ન થાય છે ત્યાં, જેમ આચરણા કારણ છે તેમ પ્રતિજ્ઞા પણ કારણ છે. અને આથી જ તીર્થંકરો પણ સર્વવિરતિની પ્રતિજ્ઞા કરે છે ત્યારે જ તે ગુણસ્થાનકની પ્રાપ્તિ થાય છે; માત્ર સર્વવિરતિ કે દેશવિરતિની આચરણાથી તે ગુણસ્થાનક પ્રગટતું નથી.

**ઉત્થાન :-** સાધુ શ્રાવકધર્મની આચરણા કરે તો શ્રાવકધર્મમાં સાધુનો અનુપ્રવેશ થતો નથી, તે વાતને સ્પષ્ટ કરવા માટે '**अपि च**'થી કહે છે-

**ટીકાર્થ :-** '**अपि च**' અને વળી તેવા પ્રકારનો ધર્મ=સાધુધર્મને અયોગ્ય એવો શ્રાવકનો ધર્મ, સાધુ આભોગથી કરે કે અનાભોગથી કરે? પહેલો વિકલ્પ ઘટી શકતો નથી, કેમ કે અપ્રમાદી એવા સાધુને તાદૃશપ્રવૃત્તિનો=સાધુધર્મને અયોગ્ય એવી શ્રાવકધર્મની પ્રવૃત્તિનો, અસંભવ છે. (વળી) બીજો વિકલ્પ ઘટી શકતો નથી, કેમ કે અનાભોગનું અતિચારમાત્રજનકપણું છે, અને અભિનિવેશથી તેના કરણમાં=શ્રાવકધર્મની પ્રવૃત્તિના કરણમાં, મિથ્યાદૃષ્ટિપણું જ છે. એથી કરીને ધર્મમાં=શ્રાવકધર્મમાં, અનુપ્રવેશ કેવી રીતે થાય?

**ભાવાર્થ :-** સંયમ લીધા પછી સાધુ આભોગથી દેશવિરતિની ક્રિયા અપ્રમાદી હોય તો કરે નહિ, ક્વચિત્ અપવાદથી તે ક્રિયા કરવાથી કોઈ મોટો લાભ દેખાતો હોય, તો તે ક્રિયા કરવા છતાં અપ્રમાદી હોવાથી સંયમધર્મમાં બાધ થતો નથી; અને ક્વચિત્ પોતાની આ પ્રવૃત્તિ સાધુધર્મની મર્યાદા બહારની છે તેવું જ્ઞાન ન રહેવાથી, અનાભોગથી તેવી પ્રવૃત્તિ સાધુ કરે તો અતિચારમાત્ર લાગે, પરંતુ દેશવિરતિમાં પ્રવેશ થાય નહિ. જેમ સાધુએ ગૃહસ્થની વૈયાવચ્ચ કરવી જોઇએ નહિ એવો ઉત્સર્ગથી નિયમ છે, છતાં કોઇ ગૃહસ્થને મુશ્કેલીમાં જોઇને સહાય કરવાનો પરિણામ અનાભોગથી સાધુને થઇ જાય, તો તે અતિચારમાત્રરૂપ બને. તેથી શ્રાવકધર્મની તે પ્રવૃત્તિ હોવા છતાં સાધુને દેશવિરતિમાં પ્રવેશ થાય નહિ, પરંતુ સર્વવિરતિમાં તેને અતિચાર લાગે. અને કોઇ સાધુ જાણતો હોય કે મારા સાધ્વાચારની વિરુદ્ધ આ પ્રવૃત્તિ છે, તો પણ એ પ્રકારની પ્રવૃત્તિ કરવામાં જ પોતાની અતિશય મતિ હોવાને કારણે તે પ્રવૃત્તિ કરે, તો તે પ્રવૃત્તિ અભિનિવેશથી થયેલી કહેવાય; અને તે રીતે સાધુ શ્રાવકધર્મને ઉચિત કોઇ પણ પ્રવૃત્તિ કરે તો તે મિથ્યાદૃષ્ટિ જ છે.

આનાથી એ પ્રાપ્ત થયું કે, અપ્રમાદી સાધુ ઉત્સર્ગથી શ્રાવકધર્મને ઉચિત પ્રવૃત્તિ કરે નહિ, અને અનાભોગથી શ્રાવકધર્મને ઉચિત પ્રવૃત્તિ ક્વચિત્ થાય તો સાતિચાર સંયમ બને, પરંતુ દેશવિરતિ પ્રાપ્ત થાય નહિ. અને અભિનિવેશથી શ્રાવકધર્મને ઉચિત પ્રવૃત્તિ કરે તો મિથ્યાદૃષ્ટિ જ થાય. તેથી સાધુના વેષમાં રહીને શ્રાવકધર્મને ઉચિત પ્રવૃત્તિ કરનાર સંવિજ્ઞપાક્ષિક પણ હોઇ શકે નહિ; પરંતુ સર્વવિરતિને અનુરૂપ ક્રિયા કરવામાં અસમર્થ એવા ભગ્નચારિત્રવાળા હોવા છતાં, પશ્ચાત્તાપાદિને કારણે દેશવિરતિ અને સર્વવિરતિરહિત એવા સંવિજ્ઞપાક્ષિક હોઇ શકે.

**ટીકાર્થ :-** '**एतेन**' - આનાથી=પૂર્વમાં કહ્યું કે અપ્રમાદી સાધુ તેવી પ્રવૃત્તિ આભોગથી કરે નહિ, અને અનાભોગથી કરે તો અતિચારમાત્ર થાય પરંતુ સાધુધર્મનો નાશ થાય નહિ, પરંતુ અભિનિવેશથી કરે તો અવશ્ય મિથ્યાદૃષ્ટિપણું પ્રાપ્ત થાય; આનાથી શ્રાવકપદ અવિરતિસમ્યગ્દૃષ્ટિપર છે એ પણ પરાસ્ત જાણવું.

**ભાવાર્થ :-** અપ્રમાદી સાધુ શ્રાવકધર્મને ઉચિત પ્રવૃત્તિ આભોગથી કરે નહિ, અને અનાભોગથી કરતો હોય તો સાતિચાર ચારિત્ર પ્રાપ્ત થાય, અને અભિનિવેશથી અપ્રમાદભાવે શ્રાવકધર્મને ઉચિત પ્રવૃત્તિ કરતો હોય તો અવશ્ય મિથ્યાત્વ પ્રાપ્ત થાય. તેથી જે સાધુ શ્રાવકધર્મનું આચરણ કરે છે તે અવિરતસમ્યગ્દૃષ્ટિ થાય તે સંભવે નહિ. યદ્યપિ સંવિજ્ઞપાક્ષિકો અવિરતસમ્યગ્દૃષ્ટિ છે, પરંતુ તેઓ શ્રાવકધર્મને ઉચિત આચરણાને કારણે નથી, પરંતુ સંયમમાં સુદૃઢ યત્ન કરવામાં તેમને પ્રમાદભાવ છે તેને કારણે છે.

**ટીકા :- एवं च प्रतिज्ञाभंग उभयविरतिभ्रंशः, अभिनिवेशे तु मिथ्यात्वं, परस्य शङ्काजननात् मिथ्यात्वाभिवृद्धिः, दीक्षितस्याप्यलीकभाषणेन लौकिकेभ्योऽपि महापापीयस्त्वम्, उक्तं च -**

[1]लोए वि जो ससूगो अलियं सहसा ण भासए किंचि । अह दिक्खओ वि अलियं भासइ तो किं च दिक्खाए ॥

**त्ति [ उप. माला- ५०८ ]**

**तथा वेषमात्रेण पररञ्जनया मायानिकृतिप्रसङ्ग इत्यादयो महान्तोऽनर्था भ्रष्टचारित्रस्य प्रादुष्यन्ति । किं बहुना ? तीव्रक्लेशेनानन्तसंसारानुबन्धोऽपि स्यात् । उक्तं च -**

[2]संसारो अ अणंतो भट्ठचरित्तस्स लिंगजीविस्स । पंचमहव्वयतुंगो पागारो भिल्लिओ जेणं ॥ **त्ति** ॥

**[उप. माला. ५०६] ॥१७८॥**

**ટીકાર્થ :- 'एवं च'** અને આ રીતે=પૂર્વમાં કહ્યું કે **'अतथाकारो हि मिथ्यात्वलक्षणम्'** છે ત્યાંથી માંડીને **'इत्यपि परास्तम्'** સુધી જે કથન કર્યું એ રીતે, પ્રતિજ્ઞાભંગમાં ઉભયવિરતિનો ભ્રંશ છે, વળી અભિનિવેશમાં મિથ્યાત્વ છે, (અને) પરને શંકા પેદા કરનાર હોવાથી મિથ્યાત્વની અભિવૃદ્ધિ છે, દીક્ષિતનું પણ અલીક ભાષણ વડે લૌકિક કરતાં પણ મહાપાપીપણું છે.

**'उक्तं च'** - અને કહ્યું કે **'लोए'** - લોકમાં પણ જે સશૂક=થોડો પણ પાપભીરુ છે, (તે) અલીક=અસત્ય, સહસા કાંઈ પણ બોલતો નથી. **'अथ'**થી કહે છે કે દીક્ષિત પણ અલીક=અસત્ય, બોલે છે, તેથી દીક્ષા વડે શું? અર્થાત્ કાંઈ નથી. **'च'**કાર પાદપૂરણ માટે છે.

**ભાવાર્થ :-** પૂર્વમાં **अतथाकारो हि मिथ्यात्वलक्षणम्** ત્યાંથી માંડીને **इत्यपि परास्तम्।** સુધીના કથનથી એ પ્રાપ્ત થાય છે કે, પ્રતિજ્ઞાભંગમાં ઉભયવિરતિનો ભ્રંશ છે; પરંતુ સાધ્વાચારની ક્રિયામાં પ્રમાદવાળા હોય છતાં પશ્ચાત્તાપાદિ હોય તો અવિરતસમ્યગ્દૃષ્ટિ રહે, અને અભિનિવેશ હોય તો મિથ્યાત્વ પ્રાપ્ત થાય; અને અભિનિવેશ કરનાર પરને શંકા પેદા કરનાર હોવાથી મિથ્યાત્વની અભિવૃદ્ધિ કરે છે. અને તે અભિનિવેશ કરનાર પોતાની અનુચિત પ્રવૃત્તિને લોકમાં ઉચિતપણે ખ્યાપન કરે છે, ત્યારે તેમનું અલીક ભાષણ છે; અને દીક્ષિતના પણ અલીક ભાષણથી લૌકિકો કરતાં પણ મહાપાપીપણું છે.

---

१. लोकेऽपि यः सशूकोऽलीकं सहसा न भाषते किंचित् । अथ दीक्षितोऽप्यलीकं भाषते ततः किं च दीक्षया ?

२. संसारश्चानन्तो भ्रष्टचारित्रस्य लिंगजीविनः । पंचमहाव्रततुङ्गः प्राकारो विलुप्तो येन ॥

**ઉત્થાન :-** વળી જેઓ અભિનિવેશથી પ્રતિજ્ઞાનો ભંગ કરે છે, તેઓને અન્ય પણ દોષો પ્રાપ્ત થાય છે, તે '**तथा**'થી બતાવતાં કહે છે-

**ટીકાર્થ :- 'तथा'** - અને વેષમાત્રથી પરરંજન વડે માયાનિકૃતિનો પ્રસંગ છે, ઇત્યાદિ મહાન અનર્થો ભ્રષ્ટચારિત્રવાળાને પ્રગટ થાય છે. વધારે કહેવાથી શું? તીવ્ર ક્લેશ વડે અનંત સંસારનો અનુબંધ પણ થાય છે. **'उक्तं च'** - અને કહ્યું છે - પાંચ મહાવ્રતોરૂપી ઉત્તુંગ પ્રાકાર=ઊંચો કિલ્લો, જેના વડે ભાંગી નંખાયો છે, તે ચારિત્રભ્રષ્ટ લિંગજીવીનો સંસાર અનંત=અપરિમિત, હોય છે.

**ભાવાર્થ :-** વેષમાત્રથી લોકોનું રંજન થવાને કારણે માયાનો પ્રસંગ આદિ મોટા અનર્થો ભ્રષ્ટચારિત્રવાળાને થશે એમ કહ્યું, તે અભિનિવેશપૂર્વક પ્રતિજ્ઞા ભંગ કરનારને આશ્રયીને છે. કેમ કે તેવા જીવો પોતાની અનુચિત પ્રવૃત્તિમાં પણ બીજાઓને સાધુતાનો ભ્રમ પેદા કરાવે છે, અને તેમનાથી લોકો પ્રભાવિત થઇને જે કાંઇ તેમની ભક્તિ કરે છે તેમાં તેમનો વેષ કારણ છે. તેથી વેષમાત્રથી લોકોને ભક્તિ કરવા માટે પ્રેરણા આપવારૂપ પરરંજન તેમના વેષમાં છે, અને તેના કારણે બીજાને ઠગવાનો અધ્યવસાય તેઓને છે. જ્યારે સંવિજ્ઞપાક્ષિક તો પ્રસંગોપાત પોતાની હીનતા બતાવીને વેષમાત્રથી લોકોને ભ્રમિત કરતા નથી, તેથી તેમને માયાને પ્રસંગ આવતો નથી. આ રીતે સાધુના વેષમાં રહીને પોતાની અનુચિત પ્રવૃત્તિમાં ઉચિતપણાની બુદ્ધિરૂપ મિથ્યાત્વને કારણે તેને તીવ્ર ક્લેશ થાય તો અનંત સંસારનો અનુબંધ પણ થાય. **॥૧૭૮॥**

**અવતરણિકા :- एवं च श्रावकत्वमपि सुष्ठुतरं, न तु दीक्षां गृहीत्वा तद्भङ्गेन वेषमात्रोपजीवित्वमित्युपदिशति-**

**અવતરણિકાર્થ :-** અને આ રીતે=પૂર્વમાં સ્થાપન કર્યું કે સર્વવિરતિની પ્રતિજ્ઞા કરીને જે સમ્યક્ પાલન કરતા નથી, તેઓને સર્વવિરતિ અને દેશવિરતિ ઉભયનો અભાવ હોય છે, અને અભિનિવેશથી પ્રતિજ્ઞાનો ભંગ હોય તો મિથ્યાત્વ હોય છે એ રીતે, શ્રાવકપણું પણ સુષ્ઠુતર=સારું છે, પરંતુ દીક્ષા ગ્રહણ કરીને તેના ભંગથી=દીક્ષાના ભંગથી, વેષમાત્રઉપજીવીપણું સારું નથી, એ પ્રકારે ઉપદેશ આપતાં ગ્રંથકાર કહે છે-

**ગાથા :-** **चुयधम्मस्स उ मुणिणो सुट्ठुयरं किर सुसावगत्तंपि ।**
**पडियंपि फलं सेयं तरुपडणाओ न उच्चंपि ॥१७९॥**

(च्युतधर्मणो मुनेः सुष्ठुतरं सुश्रावकत्वमपि । पतितमपि फलं श्रेयस्तरुपतनान्नोच्चमपि ॥१७९॥)

**ગાથાર્થ :- (સાધુધર્મથી) ચ્યુતધર્મવાળા મુનિથી સુશ્રાવકપણું પણ શ્રેષ્ઠતર છે. (જમીન પર) પડેલું પણ ફળ શ્રેયઃકારી છે, તરુ ઉપરથી પડવાનો ભય હોવાથી ઉચ્ચ ફળ પણ શ્રેયઃકારી નથી. ॥૧૭૯॥**

**ભાવાર્થ :-** કોઇ માણસ વૃક્ષ ઉપર ચડીને ઉચ્ચ ફળને ગ્રહણ કરવા માટે યત્ન કરતો હોય અને પડવાનો ભય પ્રાપ્ત થાય, તો ઉચ્ચ ફળને છોડીને જમીન ઉપર પડેલા ફળને ગ્રહણ કરવું ઉચિત છે. તેમ સંયમવેષરૂપ વૃક્ષનું અવલંબન

લઈને સંયમના આસ્વાદનરૂપ ફળ માટે યતમાન મુનિ જ્યારે પાતને અભિમુખ હોય, =સંયમ સમ્યગ્ પાળવા અસમર્થ બને તો, તેનાથી દીર્ઘસંસારની પ્રાપ્તિરૂપ પોતાનો ભય દેખાતો હોય તો, સંયમવેષરૂપ વૃક્ષને છોડીને નીચે પડેલા ફલસ્થાનીય સુશ્રાવકપણું ગ્રહણ કરે તે શ્રેયઃરૂપ છે.

**ટીકા :- यदा हि महायानपात्रसमानसंसारसागरतारणप्रवणं संयमं भग्नमवगच्छति तदा संसारभीरुः क्षुद्रतरण्डकल्पमपि श्रावकधर्ममङ्गीकुरुते, न तु निराधार एव वेषमात्रमुपजीवति, संसारपातप्रसङ्गात्, श्रावकत्वेऽपि अर्हच्चैत्यसुसाधुपूजादानधर्मादेर्निस्तारसम्भवात्** । **उक्तं च** -

[1]अरहंतचेइयाणं सुसाहुपूआरओ दढायारो । सुस्सावओ वरतरं न साहुवेसेण चुयधम्मो ॥ **त्ति**॥

**[उप. माला. ५०२] लिङ्गमात्रोपजीवने तूक्ता एव दोषाः ।**

**ટીકાર્થ :- 'यदा हि'** મહાયાનપાત્ર=મહાજહાજ, સમાન સંસારસાગર તારણમાં સમર્થ સંયમને મુનિ જ્યારે ભગ્ન જાણે છે, ત્યારે સંસારભીરુ એવો મુનિ ક્ષુદ્રકરંડક=તરાપા, જેવા પણ શ્રાવકધર્મને અંગીકાર કરે છે; પરંતુ નિરાધાર જ વેષમાત્ર પર જીવતો નથી, કેમ કે સંસારપાતનો પ્રસંગ છે. શ્રાવકપણામાં પણ અર્હત્ ચૈત્ય તથા સુસાધુઓની પૂજા, દાનધર્માદિથી નિસ્તારનો સંભવ છે.

**'उक्तं च'** - અને કહ્યું છે **'अरहंत'** - અરિહંત ચૈત્યોની પૂજામાં રત તથા સુસાધુઓની પૂજામાં રત, દૃઢ આચારવાળો સુશ્રાવક વરતર=શ્રેષ્ઠતર છે, (પરંતુ) સાધુવેષથી ચ્યુતધર્મવાળો=ભ્રષ્ટ આચારવાળો, નહિ.

❀ **'त्ति'** - ઉપદેશમાલાના ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

**'लिङ्गमात्र'** વળી લિંગમાત્ર ઉપજીવનમાં ઉક્ત જ=કહેલા જ, દોષો છે.

**ભાવાર્થ :-** સંયમ ભગ્ન થાય ત્યારે સંસારભીરુ એવો મુનિ શ્રાવકધર્મ અંગીકાર કરે, એ નિયમ પ્રમાણે સંવિજ્ઞપાક્ષિકને પણ શ્રાવકધર્મ સ્વીકારવાની પ્રાપ્તિ થાય, અને શ્રાવકધર્મ ન સ્વીકારે તો સંસારમાં પાતનો પ્રસંગ પ્રાપ્ત થાય. આમ છતાં, લજ્જા આદિથી પોતે ગ્રહણ કરેલા વેષને છોડીને શ્રાવક થવા માટે તૈયારી ન હોય એવા સંવિજ્ઞપાક્ષિકો, પોતાની હીનતાનું કથન કરી અને સન્માર્ગનું ખ્યાપન કરી મિથ્યાત્વથી બચે છે; તેથી તેઓ પણ આરાધકની ત્રીજી ભૂમિકાને પામે છે. તેથી સુશ્રાવક કરતાં નીચેની ભૂમિકામાં હોવા છતાં સંસારના પરિભ્રમણને પ્રાપ્ત કરતા નથી.

**लिङ्गमात्र** - લિંગમાત્રના ઉપજીવનમાં ઉક્ત જ= ગાથા-૧૭૮ની ટીકામાં **'एवं च'**થી કહેલ કે પ્રતિજ્ઞાભંગમાં ઉભયવિરતિનો ભ્રંશ, વળી અભિનિવેશમાં મિથ્યાત્વ, પરને શંકા પેદા કરવાથી મિથ્યાત્વની વૃદ્ધિ વગેરે ઉક્ત જ=કહેવાયેલા જ, દોષો છે.

**ટીકા :- अथ व्रतभङ्गेऽपि तस्य धर्मान्तरसंभवात् कथमित्थं गर्हणीयत्वमिति चेत् ? न, तद्भङ्गे तदेकमात्रजीवितस्य गुणमात्रस्य भङ्गात्** । **उक्तं च** -

---

१. अर्हच्चैत्यानां सुसाधुपूजारतो दृढाचारः । सुश्रावको वरतरं न साधुवेशेन च्युतधर्मः ॥

[1] छज्जीवनिकायमहव्वयाण परिपालणाइ जइधम्मो । जइ पुण ताइं ण रक्खइ, भणाहि को णाम सो धम्मो? ॥१॥
[2] छज्जीवणिकायदयाविवज्जिओ णेव दिक्खिओ न गिही । जइधम्माओ चुक्को चुक्कइ गिहिदाणधम्माउ ॥२॥ त्ति।
[ उप. माला-४२९-४३० ]

**ટીકાર્થ :-**'**अथ**' - '**अथ**'થી પૂર્વપક્ષી કહે છે કે, વ્રતના ભંગમાં પણ તેને=સાધુને, ધર્માંતરનો સંભવ હોવાથી=તપ વગેરે રૂપ બીજા ધર્મોનો સંભવ હોવાથી, આ પ્રકારે ગર્હણીયપણું કેવી રીતે કહો છો? તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે તદ્ભંગમાં=વ્રતભંગમાં, તદ્એકમાત્રજીવિત ગુણમાત્રનો ભંગ છે; અર્થાત્ સાધુસંબંધી કોઇપણ ગુણ વ્રતના આધારે જીવે છે, તેથી વ્રતભંગમાં સઘળા ગુણોનો ભંગ છે. તેથી આ પ્રકારે ગર્હણીયપણું છે.
'**उक्तं च**' અને કહ્યું છે - '**छज्जीव**' ષડ્જીવનિકાયમહાવ્રતોની પ્રતિપાલના વડે યતિધર્મ છે. જો વળી તેની = ષડ્જીવનિકાયમહાવ્રતોની (યતિ પણ) રક્ષા કરતો નથી, (તો) તું જ કહે કે તે ધર્મ શું? અર્થાત્ કાંઇ નથી.
'**छज्जीवणिकाय**' - ષડ્જીવનિકાયની દયાથી રહિત દીક્ષિત નથી જ, (કેમ કે ચારિત્રરહિત છે) (અને) ગૃહી નથી, (કેમ કે લિંગધારણ કરેલ છે) અને ષડ્જીવનિકાયની દયાથી રહિત વર્તતો એવો યતિધર્મથી ભ્રષ્ટ થયેલો (જ) ગૃહસ્થના દાનધર્મથી ભ્રષ્ટ થાય છે.

**ભાવાર્થ :-** જેઓ સંયમમાં અભ્યુત્થિત થઇને ભગવદ્ વચનાનુસાર મન-વચન-કાયાના ત્રણેય યોગને સમ્યગ્ પ્રવર્તાવે છે, તેઓ વ્રતમાં સમ્યગ્ સુસ્થિર છે. અને આ રીતે યતમાનમાં પણ કેટલાક અનાભોગ કે ક્વચિત્ પ્રમાદથી વારંવાર સ્ખલના પામતા હોય, તો પણ સંયમના તીવ્ર રાગથી ફરી ફરી અભ્યુત્થિત થઇને સંયમમાં યતમાન હોય, તેઓને સ્ખલનાવાળું પણ વ્રત અવશ્ય હોય છે. અને જેઓ વ્રત ગ્રહણ કર્યા પછી કાયાથી તેને અનુરૂપ ક્રિયાઓ કરતા હોય તો પણ, પ્રણિધાનાદિ આશયોની નિષ્પત્તિને અનુકૂળ મનથી અભ્યુત્થિત ન હોય, તેઓને વ્રત ગ્રહણમાત્રરૂપ છે; તેથી ત્યાં વ્રતનો ભંગ અવશ્ય હોય છે. અને જેઓ વ્રત ગ્રહણ કરતી વખતે પ્રણિધાનાદિ આશયમાં અભ્યુત્થિત થઇને યતમાન થવા છતાં, સત્ત્વની અલ્પતાને કારણે પાછળથી અનભ્યુત્થિત દશાને પામે છે, ત્યાં પણ વ્રતભંગ અવશ્ય છે; અને તેવા જીવો સંયમમાં અભ્યુત્થિતનો પરિણામ પોતાનામાં ન જોઇ શકે તો, સુશ્રાવક થવા માટે દેશવિરતિની આચરણા અને તેને અનુરૂપ પ્રણિધાનાદિ આશયોમાં યત્ન કરે તે જ ઉચિત છે. અને તેમ ન કરે તો સંયમરૂપી વ્રતના ભંગને કારણે સંયમએકમાત્ર જીવિત એવા તપાદિથી નિષ્પન્ન થતા ગુણમાત્રનો ભંગ ત્યાં પ્રાપ્ત થાય છે.

**ટીકા :- एतेन ''तपसो विचित्रकर्मक्षयहेतुत्वात्तेनैव तस्य शुद्धिर्भविष्यति'' इत्यपि निरस्तं, न खलून्मूलित-मूलस्य महातरोर्महत्योऽपि शाखाः फलं जनयेयुः, न वा जलधौ भग्नपोतस्य पुंसः कीलिकादानेन त्राणं स्यादिति । उक्तं च -**

[3] महव्वयअणुव्वयाइं छड्डेउं जो तवं चरइ अन्नं । सो अन्नाणी मूढो नावाबुड्डो मुणेयव्वो ॥ त्ति
[ उप. माला- ५०९ ]

---

१. षड्जीवनिकायमहाव्रतानां परिपालनया यतिधर्मः । यदि पुनस्तानि न रक्षयति भण को नाम स धर्मः ? ॥
२. षड्जीवनिकायदयाविवर्जितो नैव दीक्षितो न गृही । यतिधर्माद्भ्रष्टो भ्रश्यते गृहीदानधर्मात् ॥
३. महाव्रताणुव्रतानि त्यक्त्वा यस्तपश्चरत्यन्यत् । सोऽज्ञानी मूढो नौब्रूडितः मंतव्यः ॥

**ટીકાર્થ :- 'एतेन'** આનાથી=પૂર્વમાં સ્થાપન કર્યું કે વ્રતનો ભંગ થયે છતે વ્રતમાત્રજીવિત એવા ગુણમાત્રનો ભંગ છે એનાથી, તપનું વિચિત્રકર્મક્ષયમાં હેતુપણું હોવાથી તેનાથી જ=તપથી જ, તેની=વેષધારી સાધુની, શુદ્ધિ થશે, એ પણ નિરસ્ત જાણવું. અને તેને જ સ્પષ્ટ કરતાં બતાવે છે- ખરેખર જેનાં મૂળિયાં ઊખડી ગયાં છે એવા મોટા વૃક્ષની મોટી પણ શાખાઓ ફળને પેદા કરતી નથી; અથવા સમુદ્રમાં જેનું વહાણ ભાંગી ગયું છે એવા પુરુષને કીલિકાના આદાનથી=ખીલી ગ્રહણ કરવાથી, રક્ષણ થતું નથી.

❀ **'इति'** શબ્દ કથનની સમાપ્તિ સૂચક છે.

**'उक्तं च'** - અને કહ્યું કે - **'महव्वय'** - મહાવ્રત અને અણુવ્રતોનો ત્યાગ કરીને જે અન્ય તપને આચરે છે, તે અજ્ઞાની (જે કારણથી) મૂઢ એવો તે નૌબૌદ્ર=નાવમાં બેસીને બૂડેલા જેવો, એટલે કે જેની સમુદ્રમાં નાવ ભાંગી ગઇ છે, તેથી સમુદ્રમાં બૂડતાં બચવા માટે લોઢાની ખીલીને મૂર્ખપણાથી ગ્રહણ કરે તેના સમાન જાણવો. એ રીતે પ્રસ્તુતમાં સંયમનૌકાનો ભંગ થયા પછી ભવજલધિમાં નિમજ્જનપણું હોવાથી ગૃહીત તપરૂપી લોહખીલાનું પણ ગ્રહણ વ્યર્થ છે. તે કારણથી મહાવ્રત અને અણુવ્રત બંનેમાં પણ યત્ન કરવો જોઇએ.

❀ **'त्ति'** શબ્દ ઉપદેશમાલાના ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું કે, વ્રતના ભંગમાં ગુણમાત્રનો ભંગ છે, માટે કોઇ ધર્માંતરનો પણ સંભવ નથી, તેથી વ્રત ભંગ કરનાર સંસારમાં પરિભ્રમણને પામે છે. ત્યાં પ્રશ્ન થાય કે તો પણ પૂર્વમાં જે દીર્ઘ સંયમ પાળેલ છે તેના બળથી તે સાધુનું રક્ષણ થશે. તેથી કહે છે-

**ટીકા :- एवं च तद्भङ्गे पूर्वपर्यायबाहल्यमप्यकिञ्चित्करं द्रष्टव्यम्, अस्खलितदिनानामेव परिगणनात् । उक्तं च -**

[१]ण तहिं दिवसा पक्खा मासा वरिसा व संगणिज्जंति । जे मूलउत्तरगुणा अक्खलिया ते गणिज्जंति ॥ **त्ति।**
**[ उप. माला- ४७९ ]**

**ટીકાર્થ :- 'एवं च'** - અને આ રીતે= જે રીતે વ્રતના ભંગમાં ગુણમાત્રનો ભંગ છે એ રીતે, તેના ભંગમાં=વ્રતના ભંગમાં, પૂર્વપર્યાયની બહુલતા પણ અકિંચિત્કર જાણવી. કેમ કે અસ્ખલિત દિવસોની જ પરિગણના છે.
**'उक्तं च'** - અને કહ્યું કે **'ण तहिं'** - ત્યાં=ચારિત્રધર્મના વિચારમાં, દિવસો-પક્ષો-મહિના કે વર્ષો ગણાતાં નથી; પરંતુ જે મૂળ-ઉત્તરગુણો અસ્ખલિત=નિરતિચાર, હોય છે તે જ ગણાય છે. અર્થાત્ તે જ ઇષ્ટપ્રાપક છે.

❀ **'त्ति'** ઉપદેશમાલાના ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

**ભાવાર્થ :-** કહેવાનો આશય એ છે કે, જ્યાં સુધી સંયમનો નાશ ન થયો હોય ત્યાં સુધી જ સંયમપર્યાયની ગણના છે, પરંતુ જ્યારે સંયમનો ભંગ થાય ત્યારે પૂર્વના દીર્ઘ સંયમનું પાલન પણ ગણાતું નથી. તેથી પૂર્વનો દીર્ઘ સંયમપર્યાય પણ વ્રતથી ચ્યુત થયેલાને સંસારના પરિભ્રમણથી રક્ષણ કરી શકતો નથી. કેમ કે વ્રતભંગ પછી વ્રતની

१. न तत्र दिवसाः पक्षा मासा वर्षाणि वा संगण्यन्ते । ये मूलोत्तरगुणा अस्खलितास्ते गण्यन्ते ॥

ઉપેક્ષાનો ભાવ હોવાથી પૂર્વની દીર્ઘ સંયમની આરાધના પણ અકિંચિત્કર બની જાય છે. ફક્ત તેનાથી ઉત્પન્ન થયેલા સુસંસ્કારો સંસારમાં પરિભ્રમણ કર્યા પછી સંયમભંગથી નિષ્પન્ન થયેલ કર્મ ક્ષીણ થાય ત્યારે, સંયમની પ્રાપ્તિમાં ઉપકારક બને છે.

**ટીકા :- एवं प्रतिबोध्यमानेऽपि यो न धर्मं प्रतिपद्यते, स द्रव्यलिङ्गी मिथ्यादृष्टित्वं भजते । उक्तं च -**
[1]सेसा मिच्छद्दिट्ठी गिहिलिङ्गकुलिङ्गदव्वलिङ्गेहिं ॥ **त्ति। [ उप. माला ५२० पूर्वार्द्धः ]**

**ટીકાર્થ :- 'एवं'** - આ રીતે=પ્રસ્તુત ગાથામાં કહ્યું કે સંયમનો ભંગ થાય ત્યારે દેશવિરતિમાં યત્ન કરવો જોઇએ, કેમ કે સંયમના ભંગ પછી લિંગમાત્રના ઉપજીવનમાં ઘણા દોષો પ્રાપ્ત થાય છે એ રીતે, (ગુરુ દ્વારા) પ્રતિબોધ કરાતો હોવા છતાં પણ જે જીવ ધર્મને સ્વીકારતો નથી=શક્તિ હોય તો ફરી ઉદ્યત થઇને સર્વવિરતિરૂપ ધર્મને સ્વીકારતો નથી, તે દ્રવ્યલિંગી મિથ્યાદષ્ટિપણાને પામે છે.
**'उक्तं च'** - અને કહ્યું છે - ગૃહિલિંગ, કુલિંગ અને દ્રવ્યલિંગ વડે બાકીના મિથ્યાદષ્ટિ છે.

❀ **'त्ति'** ઉપદેશમાલાના ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

**ભાવાર્થ :-** અહીં વિશેષ એ છે કે, ઉપદેશમાલા ગાથા-૫૨૦ની સાક્ષીથી કહ્યું કે શેષ=બાકીના મિથ્યાદષ્ટિ છે, તો ત્યાં પ્રશ્ન થાય કે કોનાથી શેષ મિથ્યાદષ્ટિ છે? તો તે ઉપદેશમાલા ગાથા-૫૧૯માં બતાવેલ છે કે, સાવદ્યયોગની પરિવર્જનાથી સર્વોત્તમ યતિધર્મ છે, બીજો શ્રાવકધર્મ છે અને ત્રીજો સંવિજ્ઞપાક્ષિક પથ છે; અને તેનાથી બાકીના ગૃહિલિંગ, કુલિંગ અને દ્રવ્યલિંગ વડે જેઓ રહે છે, તેઓ મિથ્યાદષ્ટિ છે. અને આ પ્રમાણે હોતે છતે ત્રણ જ મોક્ષમાર્ગો છે, (૧) સુસાધુ, (૨) શ્રાવક અને (૩) સંવિજ્ઞપાક્ષિકરૂપ ત્રણ મોક્ષમાર્ગો છે. તે પ્રમાણે ત્રણ જ સંસારમાર્ગો છે, (૧) ગૃહસ્થ, (૨) ચરકાદિ અને (૩) પાર્શ્વસ્થાદિરૂપ ત્રણ સંસારમાર્ગો છે, એ પ્રાપ્ત થયું.

**ટીકા :- एवं च संयमस्य दूरत्वात्, तद्भङ्गे च महापापसम्भवात् देशविरतिप्रतिपत्त्यादिना स्वशक्तिं निर्णीयैव तत्र प्रयतितव्यम्, प्रतिपन्नस्य च तस्य यतनया यावज्जीवं निर्वाहः कर्त्तव्य इत्युपदेशसर्वस्वम् ॥१७९॥**

**ટીકાર્થ :- 'एवं च'** - અને આ રીતે=પ્રસ્તુત ગાથામાં કહ્યું કે, જ્યારે સંયમ ભગ્ન થાય ત્યારે સંસારભીરુ સાધુ શ્રાવકધર્મ સ્વીકારે અને લિંગમાત્ર ઉપજીવનમાં ઉક્ત દોષો છે એ રીતે, સંયમનું દૂરપણું=દુષ્કરપણું, હોવાથી અને તેના ભંગમાં=વ્રતના ભંગમાં, મહાપાપનો સંભવ હોવાથી, દેશવિરતિ સ્વીકારાદિથી સ્વશક્તિનો નિર્ણય કરીને જ ત્યાં=સર્વવિરતિમાં, પ્રવર્તવું જોઇએ; અને પ્રતિપન્ન એવા તેનો=ચારિત્રનો, યતના વડે યાવજ્જીવ નિર્વાહ કરવો જોઇએ. એ પ્રમાણે ઉપદેશનું સર્વસ્વ છે અર્થાત્ સઘળા ઉપદેશનો આ સાર છે.

❀ અહીં **एवं च** નો અન્વય **तत्र प्रयतितव्यम्** અને **निर्वाहः कर्तव्यः** ની સાથે છે.

---

१. अस्य उत्तरार्धः - जह तिन्नि उ मोक्खपहा, संसारपहा तहा तिण्णि ॥५२०॥
शेषा मिथ्यादृष्टयो गृहिलिङ्गकुलिङ्गद्रव्यलिङ्गैः । यथा त्रयः तु मोक्षपथाः संसारपथास्तथा त्रयः ॥

**ભાવાર્થ :-** કોઇ જીવને સંસારના નૈર્ગુણ્યનું ભાન થાય અને તેના કારણે સંયમમાં જ ઉપાદેય બુદ્ધિ થાય, તો પણ વ્રતને ગ્રહણ કરે એટલા માત્રથી સંયમ આવી જતું નથી; પરંતુ મહાસત્ત્વથી સાધ્ય એવું સંયમ છે, એથી તેનું દૂરપણું અર્થાત્ દુષ્કરપણું છે એમ કહ્યું છે. અને સંયમના ભંગમાં મહાપાપનો સંભવ છે, તેથી ભવના નૈર્ગુણ્ય પછી પણ પ્રથમ દેશવિરતિ આદિના સ્વીકાર દ્વારા સંયમને અનુકૂળ પોતાની શક્તિનો નિર્ણય કરીને સંયમમાં પ્રયત્ન કરવો જોઇએ, અને સંયમ સ્વીકાર્યા પછી જીવનપર્યંત સંયમમાં અભ્યુત્થિત થઇને તેનો નિર્વાહ કરવો જોઇએ. તદ્ અર્થક પ્રસ્તુત શ્લોકનો ઉપદેશ છે; પરંતુ સંયમભંગના કારણે સંસારપાતનો સંભવ છે, માટે તેના કરતાં શ્રાવકપણું સારું છે; એવી બુદ્ધિ પેદા કરવા અર્થક પ્રસ્તુત શ્લોકનો ઉપદેશ નથી. **॥૧૭૯॥**

**અવતરણિકા :-** **अथ संयमिनो यत्कार्यं यच्च न कार्यं तदाह-**

**અવતરણિકાર્થ :-** સંયમીઓએ જે કરવા યોગ્ય છે અને જે કરવા યોગ્ય નથી તે કહે છે-

ગાથા :- **संजमजोगे अब्भुट्ठियस्स संचत्तबज्झजोगस्स ।**
**ण परेण किंचि कज्जं आयसहावे णिविट्ठस्स ॥१८०॥**

(संयमयोगेऽभ्युत्थितस्य संत्यक्तबाह्ययोगस्य । न परेण किञ्चित्कार्यमात्मस्वभावे निविष्टस्य ॥१८०॥)

**ગાથાર્થ :- સંયમયોગમાં અભ્યુત્થિત થયેલા અને સમ્યગ્ ત્યાગ કર્યો છે બાહ્યયોગોને જેણે એવા, આત્મસ્વભાવમાં નિવિષ્ટ સાધુઓને પર વડે કાંઇ પ્રયોજન નથી.॥૧૮૦॥**

ટીકા :- **यः खलु संयमयोगेऽभ्युत्थितः स विशिष्टक्रियापरिणतमतिर्यथावसरं परमोपेक्षायामेव निविशते, तस्या एव निर्वाणसुखवर्णिकारूपत्वात् । तस्यां च निविशमानस्यास्य न किञ्चित् परेण कार्यमस्ति, ज्ञानदर्शनचारित्राणां तदानीमात्मस्वभावान्तर्भूतत्वात् तदर्थमपि परापेक्षाविरहात्, इतरार्थं तु परापेक्षा समप्रियाऽप्रियस्य नास्त्येव संयमिनः, यदार्षं-**

[1] चत्तपुत्तकलत्तस्स णिव्वावारस्स भिक्खुणो । पियं ण विज्जए किंचि अप्पियंपि ण विज्जए ॥ **त्ति।**

[ उत्तरा. ९/१५ ] **इयमेव चावस्था परमश्रेयस्करी, तदानीं कार्त्स्न्येन रागद्वेषानवकाशात्, प्रशस्तराग-द्वेषयोरपि निवर्त्तनीयतया परमार्थतोऽनुपादेयत्वात्, "प्रक्षालनाद्धि पङ्कस्य दूरादस्पर्शनं वरम्" [ अष्टकप्रकरणम् ] इति न्यायात् ॥१८०॥**

**ટીકાર્થ :- 'यः खलु'** જે સંયમયોગમાં અભ્યુત્થિત=ભગવદ્ ઉક્ત સંયમને અનુકૂળ જે અનુષ્ઠાનો છે તેમાં પ્રણિધાનાદિ આશયો થાય તે રીતે મનોયત્નપૂર્વક પ્રવૃત્ત છે, તે વિશિષ્ટક્રિયાપરિણતિમતિવાળો (થાય ત્યારે) યથાવસરે પરમઉપેક્ષામાં જ નિવેશ પામે છે; કેમ કે તેનું જ=પરમઉપેક્ષાનું જ, નિર્વાણસુખવર્ણિકારૂપપણું છે.

---

१. त्यक्तपुत्रकलत्रस्य निर्व्यापारस्य भिक्षोः । प्रियं न विद्यते किञ्चिदप्रियमपि न विद्यते ॥

**ભાવાર્થ :-** સંયમયોગમાં અભ્યુત્થિત જીવ પણ બધા પરમઉપેક્ષા માટે યત્ન કરી શકે તેમ હોતા નથી, પરંતુ સંયમયોગની અંદર યત્નનો અતિશય થવાથી સંયમની ક્રિયાઓની પરિણતિ જેમને સહજ રીતે આત્મસાત્ થઇ છે, તેવી વિશિષ્ટક્રિયાપરિણતિવાળા થાય છે ત્યારે પરમઉપેક્ષામાં યત્ન કરવા સમર્થ બને છે. અને તેવો જીવ જે કાળે ઉપદેશાદિને અનુકૂળ કાળ વર્તતો હોય ત્યારે તેમાં યત્ન કરે, પરંતુ શેષકાળમાં પરમઉપેક્ષામાં જ યત્ન કરે; અર્થાત્ સંસારનાં તત્ત્વોના સમ્યગ્ પર્યાલોચનથી જનિત આગમાનુસાર ધ્યાનવિશેષમાં યત્ન કરે; કેમ કે ધ્યાનથી જ સમતાનો પ્રાદુર્ભાવ થાય છે.

અહીં 'પરમઉપેક્ષા' એટલા માટે કહેલ છે કે, સામાન્ય રીતે સંયમગુણસ્થાનકમાં વર્તતા જીવોને સંસારનાં સુખ-દુઃખ અને તેની સાધનભૂત સામગ્રી પ્રત્યે ઉપેક્ષા હોય છે; પરંતુ તેઓને સંયમના ઉપાયભૂત આલંબન પ્રત્યે રાગ હોય છે, અને તેના વ્યાઘાતક પ્રત્યે દ્વેષ હોય છે. જ્યારે પરમઉપેક્ષામાં સંપૂર્ણ પણ રાગ-દ્વેષનો અવકાશ હોતો નથી. અને તે પરમઉપેક્ષા નિર્વાણસુખની વર્ણિકારૂપ છે એમ કહ્યું તેનો ભાવ એ છે કે, સિદ્ધવર્તી જીવોને સર્વથા ઉપપ્લવ=ઉપદ્રવ, રહિત અવસ્થા પ્રાપ્ત થવાથી પરમ વિશ્રાંતિનું સુખ હોય છે, અને તેના અંશરૂપ ચિત્તના ઉપપ્લવ=ઉપદ્રવ, રહિત એવી પરમઉપેક્ષા છે. તેથી જ તેમાં યત્ન કરતો મુનિ ધીરે ધીરે નિર્વાણસુખને પામે છે.

**ટીકાર્થ :- 'तस्यां'** - અને તેમાં=પરમઉપેક્ષામાં, નિવિશમાન આમને=મુનિને, પર વડે કાંઇ કાર્ય=પ્રયોજન, હોતું નથી; કેમ કે જ્ઞાન-દર્શન-ચારિત્રનું ત્યારે=પરમઉપેક્ષામાં વર્તતો હોય ત્યારે, આત્મસ્વભાવમાં અંતર્ભૂતપણું હોવાથી, તેના માટે પણ=જ્ઞાન-દર્શન-ચારિત્ર માટે પણ, પરઅપેક્ષાનો વિરહ છે. વળી ઇતરાર્થ=જ્ઞાન-દર્શન-ચારિત્રથી ઇતર એવા ભોગાદિ અર્થ માટે તો સમપ્રિય- અપ્રિયવાળા એવા આને=મુનિને, પરઅપેક્ષા હોતી નથી. **'यदार्षं'** - જે કારણથી આર્ષ છે - **'चत्तपुत्त'** ત્યાગ કર્યો છે પુત્ર અને કલત્રનો=ભાર્યાનો, જેણે એવા નિર્વ્યાપારવાળા ભિક્ષુને કાંઇ પ્રિય હોતું નથી (અને) અપ્રિય પણ કાંઇ હોતું નથી.

**ति** ઉત્તરાધ્યયનના ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

**ભાવાર્થ :-** પરમઉપેક્ષામાં નિવિષ્ટ કેવલી કે ઉપશાંતમોહવાળા વીતરાગ છે, કેમ કે તેમને પરમઉપેક્ષાના વ્યાઘાતક એવા મોહનીયકર્મનો ઉદય હોતો નથી, કે જેને દૂર કરવા માટે યત્ન કરવો પડે. અને તેની પૂર્વની ભૂમિકામાં વર્તતા એવા મુનિઓને મોહનીયકર્મનો ઉદય હોય છે, જે પરમઉપેક્ષામાં વ્યાઘાતક છે. તેને અવરુદ્ધ કરીને પરમઉપેક્ષામાં તેઓ યત્ન કરી રહ્યા છે, તેથી તેઓ પરમઉપેક્ષામાં નિવિશમાન છે. અને તે વખતે તેમનો યત્ન ફક્ત પોતાનામાં વિદ્યમાન જે શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમ છે, તેને યથાર્થરૂપે પ્રવર્તાવવામાં છે. તેથી તેઓના શ્રુતજ્ઞાનનો ઉપયોગ જ જગતના ભાવો પ્રત્યે ઉપેક્ષાની વૃત્તિને પામતા વીતરાગભાવના ઉપયોગ તરફ પ્રસર્પણવાળો હોય છે. તેથી અંતરંગ રીતે ઉદયમાન કષાયો ક્ષીણ-ક્ષીણતર થાય છે, અને શ્રુતજ્ઞાનનો જ ઉપયોગ અનુભવજ્ઞાનમાં વિશ્રાંત થઇને વીતરાગભાવનું કારણ બને છે. અને તે વખતે તેઓને પોતાના આત્માથી ભિન્ન કોઇ પદાર્થ વડે કાર્ય નથી; કેમ કે જ્ઞાન-દર્શન-ચારિત્રનું આત્મસ્વભાવમાં અંતર્ભૂતપણું હોવાથી, જ્ઞાન-દર્શન-ચારિત્ર માટે પણ પરમઉપેક્ષાવાળા મુનિઓને પરઅપેક્ષાનો વિરહ હોય છે; જ્યારે બીજા કોઇ પ્રયોજન માટે તો સમપ્રિય-અપ્રિયવાળા સંયમીને પરાપેક્ષા હોતી જ નથી.

કહેવાનો આશય એ છે કે, પરમઉપેક્ષામાં વર્તતા મુનિઓને જ્ઞાન-દર્શન-ચારિત્ર અર્થક પણ પર અપેક્ષા હોતી નથી; કેમ કે પરમઉપેક્ષાકાળમાં જ્ઞાન-દર્શન-ચારિત્ર આત્મસ્વભાવમાં અંતર્ભૂત હોય છે, અને તે કાળમાં પરમઉપેક્ષાવાળો જીવ શ્રુતના બલથી જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ આત્મસ્વભાવને વિશેષરૂપે આવિર્ભાવ કરવા યત્ન કરી રહ્યો છે; જે સ્વપ્રયત્નમાત્ર સાધ્ય છે, તેથી પરપદાર્થની તેને અપેક્ષા હોતી નથી. વળી ઇતરાર્થ પરાપેક્ષા સમપ્રિય-અપ્રિયવાળા મુનિઓને હોતી નથી જ, તેથી પરમઉપેક્ષાવાળા મુનિઓને આત્મસ્વભાવને છોડીને અન્ય સર્વ પદાર્થની સાથે કોઇ કાર્ય=પ્રયોજન, નથી.

અહીં વિશેષ એ છે કે, પરમઉપેક્ષાની પૂર્વભૂમિકામાં વર્તતા સમ પ્રિય-અપ્રિયવાળા મુનિને ઇતરાર્થ પરાપેક્ષા હોતી નથી, પરંતુ જ્ઞાન-દર્શન-ચારિત્રઅર્થક પરાપેક્ષા હોય છે. તેથી જ જ્ઞાનાદિ વૃદ્ધિના ઉપાયભૂત તીર્થંકર, ગુરુ આદિ પ્રત્યે બહુમાન-ભક્તિભાવ હોય છે. પરંતુ પરમઉપેક્ષામાં વર્તતા મુનિઓને જ્ઞાનાદિ અર્થક પણ પરાપેક્ષા હોતી નથી.

**ટીકાર્થ :- 'इयमेव'** - આ જ અવસ્થા=પરમઉપેક્ષારૂપ આ જ અવસ્થા, પરમશ્રેયસ્કરી છે. કેમ કે તે વખતે કાર્ત્સ્ન્યથી=સંપૂર્ણપણે, રાગ-દ્વેષનો અનવકાશ છે=પ્રશસ્ત કે અપ્રશસ્ત સર્વ પ્રકારે રાગ-દ્વેષનો અનવકાશ છે.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે, પ્રશસ્ત રાગ-દ્વેષ તો શ્રેયસ્કારી છે, તેથી પરમઉપેક્ષારૂપ આ જ અવસ્થા શ્રેયસ્કારી છે, એમ '**एव**'કાર કેમ કર્યો? તેથી કહે છે-

**ટીકાર્થ :- 'प्रशस्त'** - પ્રશસ્ત રાગ-દ્વેષનું પણ નિવર્તનીયપણું હોવાને કારણે પરમાર્થથી અનુપાદેયપણું છે, કેમ કે (ખરડાયા પછી) કાદવના પ્રક્ષાલન કરતાં દૂરથી અસ્પર્શન શ્રેષ્ઠ છે, અર્થાત્ કાદવથી ન ખરડાવું સારું છે; એ પ્રમાણે ન્યાય હોવાથી પરમાર્થથી તો પ્રશસ્ત રાગ-દ્વેષ પણ અનુપાદેય છે.

**ભાવાર્થ :-** પરમઉપેક્ષામાં સંપૂર્ણપણે રાગ-દ્વેષનો અનવકાશ છે એમ કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે, યદ્યપિ તે અવસ્થામાં મોહનીયનો ઉદય હોય છે, પરંતુ તે સૂક્ષ્મ સ્વરૂપ છે; અને સ્ફુરણાત્મક વિકલ્પ ઊઠે તેવા રાગ-દ્વેષનું અપ્રવર્તન છે, અને ધીરે ધીરે સૂક્ષ્મ રાગ-દ્વેષ વિનાશ પામતા જાય છે; માટે તે અવસ્થામાં સંપૂર્ણપણે રાગ-દ્વેષનો અનવકાશ છે તેમ કહ્યું છે. અહીં પ્રશ્ન થાય કે, પ્રશસ્ત રાગ-દ્વેષ તો શ્રેયસ્કારી છે, તો પછી પરમઉપેક્ષારૂપ અવસ્થા જ શ્રેયઃકારી છે, એમ કેમ કહ્યું? તો કહે છે કે પરમાર્થથી તો પ્રશસ્ત રાગ-દ્વેષ પણ અનુપાદેય છે; કેમ કે '**प्रक्षालनात्** .. ' એ ન્યાય છે. તેનું તાત્પર્ય એ છે કે, મુનિને અપ્રશસ્ત રાગ-દ્વેષના નિવર્તન માટે પ્રશસ્ત રાગ-દ્વેષ શ્રેયસ્કારી હોવા છતાં, અંતે પ્રશસ્ત રાગ-દ્વેષ પણ નિવર્તનીય છે, માટે પરમાર્થથી તે અનુપાદેય છે. જેમ પરમાર્થદષ્ટિથી કાદવમાં હાથ નાંખીને પછી ધોવાનો યત્ન કરવો તેના કરતાં કાદવનો સ્પર્શ જ ન કરવો ઇષ્ટ છે, તેમ પ્રશસ્ત રાગ-દ્વેષ પણ નિવર્તનીય હોવાને કારણે અનુપાદેય છે, તેથી પરમાર્થદષ્ટિથી પ્રશસ્ત રાગ-દ્વેષ પણ મોક્ષના કારણ નથી. જેમ અંજન વસ્ત્રશુદ્ધિનું કારણ નથી, કેમ કે અંજનથી વસ્ત્ર ખરડાય છે, તેમ પ્રશસ્ત રાગ-દ્વેષથી પણ પુણ્યની પ્રાપ્તિ થાય છે, જે મોક્ષને માટે અવરોધરૂપ છે; માટે નિર્જરાની કારણીભૂત એવી પરમઉપેક્ષા જ પરમાર્થદષ્ટિથી ઇષ્ટ છે. **॥૧૮૦॥**

**અવતરણિકા :- नन्वेवं साधोर्ध्यानमात्र एव व्यापारः स्याद्, न तु धर्मोपदेशादाविति चेत् ? यः स्वयमप्रतिबुद्धोऽगीतार्थश्च न तस्य वक्तुमप्यधिकारः- ''[1]वुत्तुं पि तस्स ण खमं किमंग पुण देसणं काउं ?'' [ ] इति वचनात् । यस्तु स्वयं निष्पन्नयोगतया प्रतिबुद्धवानुत्सर्गापवादाद्यागममर्यादापरिज्ञानकुशलः सूत्राशातनाभीरुश्च स एव स्वयं तीर्णः परांस्तारयितुमिच्छुः करुणैकरसिको यथावदुपदिशतु, न्याय्यमिदं तस्य कर्मेत्युपदिशति -**

**અવતરણિકાર્થ :-** '**ननु**'થી પૂર્વપક્ષી કહે છે કે, આ રીતે=ગાથા-૧૮૦માં કહ્યું કે જેઓ સંયમયોગમાં અભ્યુત્થિત થયેલા છે તેવા વિશિષ્ટ ક્રિયામાં પરિણત મતિવાળાને યથા અવસરે પરમઉપેક્ષા જ શ્રેયસ્કરી છે એ રીતે, સાધુને પરમઉપેક્ષારૂપ ધ્યાનમાત્રમાં જ વ્યાપાર થશે, પરંતુ ધર્મોપદેશાદિમાં વ્યાપાર નહિ થાય. તેથી કહે છે - જે સ્વયં અપ્રતિબુદ્ધ અને અગીતાર્થ છે તેને બોલવા માટે પણ અધિકાર નથી; કેમ કે તેને=જે અપ્રતિબુદ્ધ અને અગીતાર્થ છે તેને, બોલવા માટે પણ યોગ્ય નથી, તો વળી દેશના કરવાની તો વાત શી? એ પ્રમાણે વચન છે. જે વળી સ્વયં નિષ્પન્નયોગપણું હોવાને કારણે પ્રતિબુદ્ધ (અને) ઉત્સર્ગ-અપવાદાદિરૂપ આગમમર્યાદાના પરિજ્ઞાનમાં કુશલ અને સૂત્રઆશાતનાનો ભીરુ છે, તે જ સ્વયં તીર્ણ અને બીજાને તારવાની ઇચ્છાવાળો, કરુણા કરવામાં એકરસિક=તત્પર, એવો યથાવદ્=યોગ્ય, ઉપદેશ આપે; તેનું આ=ઉપદેશ આપવો એ, કર્મ=ક્રિયા, ન્યાય્ય=ઉચિત, છે, એ પ્રમાણે ગ્રંથકાર કહે છે-

**ભાવાર્થ :-** પૂર્વપક્ષીએ કહ્યું કે, આ રીતે સાધુને ધ્યાનમાત્રમાં જ વ્યાપાર થશે, પરંતુ ધર્મોપદેશાદિમાં વ્યાપાર નહિ થાય; એ કથનનું અહીં યુક્તિથી નિવારણ કરેલ નથી. પણ આવી શંકા કોઇને થાય, તેથી કહે છે કે એવું નથી. પરંતુ જે અગીતાર્થ છે તેને બોલવાનો અધિકાર નથી, અને ગીતાર્થને પરને તારવા માટે યથાવદ્ ઉપદેશ આપવો એ જ ન્યાય્ય છે. તેથી ગીતાર્થને પણ ઉપદેશાદિના અનવસરકાળમાં યથાયોગ્ય પરમઉપેક્ષામાં જ યત્ન કરવો જોઇએ, એ ફલિત થાય છે.

ગાથા :- **संविग्गो गीयत्थो बोहेउ परं पराइ करुणाए ।**
**अन्नो पुण तुसिणीओ पुव्विं बोहेउ अप्पाणं ॥१८१॥**

(संविग्नो गीतार्थो बोधयतु परं परया करुणया । अन्यः पुनस्तूष्णीकः पूर्वं बोधयत्वात्मानम् ॥१८१॥)

**ગાથાર્થ :- સંવિજ્ઞ-ગીતાર્થ શ્રેષ્ઠ કરુણાથી પરને=બીજાને, પ્રતિબોધ કરે, વળી અન્ય=બીજાઓએ, મૌન રહી પહેલાં આત્માને બોધ આપવો. ॥૧૮૧॥**

---

૧. अस्य पूर्वार्धः - सावज्जणवज्जाणं वयणाणं जो न याणइ विसेसं ।
सावद्यानवद्ययोर्वचनयोर्यो न जानाति विशेषम् । वक्तुमपि तस्य न क्षमं किमङ्ग पुनर्देशनां कर्तुम् ॥

**ટીકા :- न खलु केवलगीतार्थस्योपदेशेऽधिकार:, संवेगं विनाऽभिनिवेशेनोत्सूत्रप्ररूपणादिना तस्य महादोषसम्भवात् । उक्तं च -**

[1]जह सरणमुवगयाणं जीवाण निकिंतए सिरो जो उ । एवं आयरिओ वि हु उस्सुत्तं पन्नवंतो य ॥ **त्ति।**

**[ उप. माला- ५१८ ]**

**ટીકાર્થ :- 'न खलु'** - કેવલ ગીતાર્થને=સંવેગરહિત માત્ર ગીતાર્થને, ખરેખર ઉપદેશનો અધિકાર નથી; કેમ કે સંવેગ વિના અભિનિવેશ વડે ઉત્સૂત્રપ્રરૂપણાદિથી તેને=સંવેગરહિત એવા ગીતાર્થને, મહાદોષનો સંભવ છે.

**'उक्तं च'** - અને કહ્યું છે. **'जह'** - શરણે ઉપગત=આવેલા, જીવોના મસ્તકને જે કાપે છે (અને દુર્ગતિમાં પોતાને નાંખે છે), એ પ્રમાણે ઉત્સૂત્રપ્રરૂપણા કરતા અને આચરતા આચાર્ય પણ જાણવા.

❀ **'तु'** શબ્દથી 'આચરતા' એ અર્થ ગ્રહણ કરેલ છે.

❀ **'हु'** વાક્યાલંકારમાં છે.

**ટીકા :- किञ्च स्वयमसंविग्नस्य तस्य परोपदेशेन का वार्थसिद्धिः ?, परोपदेशस्यापि संवेगपूर्वकस्यैवेष्टफलहेतुत्वात्, अन्यादृशस्याऽभव्येष्वपि सम्भवात् । एवं "तद्धेतोरेवास्तु किं तेन ?" इतिन्यायादिष्टफलहेतौ संवेग एव तस्य प्रवृत्तिरुचिता । अपि च संवेगं विना लोकरञ्जनाद्यर्थमेवोपदेशादौ प्रवृत्तिरित्यवश्यमस्य मायानिकृतिप्रसङ्गो दुर्लभबोधित्वं चेत्यात्मबोधन एवाऽऽत्मार्थिना यतितव्यम् । एवं संविग्नस्याप्यगीतार्थस्योपदेशादौ नाधिकार:, अगीतार्थस्य बहुजनमध्ये प्रज्ञापनेऽर्हदाद्याशातनाप्रसङ्गात्।**

**ટીકાર્થ :- 'किञ्च'** અને વળી (જે) સ્વયં અસંવિજ્ઞ છે તેને પરોપદેશથી પણ શું અર્થસિદ્ધિ થાય? અર્થાત્ કોઇ અર્થસિદ્ધિ ન થાય. કેમ કે પરોપદેશનું પણ સંવેગપૂર્વક જ ઇષ્ટફળનું હેતુપણું છે, (અને) અન્યાદશનો=સંવેગ વગરના ઉપદેશનો, અભવ્યાદિમાં પણ સંભવ છે.

**'एवं'** એ પ્રમાણે=પરોપદેશનું સંવેગપૂર્વક જ ઇષ્ટફલનું હેતુપણું છે એ પ્રમાણે, તેના હેતુથી જ હો; તેનાથી શું?= સંવેગથી જ ઇષ્ટફળની પ્રાપ્તિ થઇ જતી હોય તો પરોપદેશથી શું? એ પ્રમાણે ન્યાય હોવાથી ઇષ્ટફળના હેતુભૂત સંવેગમાં જ તેની=અસંવિજ્ઞની, પ્રવૃત્તિ ઉચિત છે.

**'अपि च'** - અને વળી સંવેગ વગર ઉપદેશાદિમાં પ્રવૃત્તિ લોકરંજનાદિ અર્થે છે, એથી કરીને અવશ્ય આને=અસંવિગ્નને, માયાનિકૃતિપ્રસંગ અને દુર્લભબોધિપણું છે. એથી કરીને આત્માને બોધ કરવામાં જ આત્માર્થી વડે યત્ન કરવો જોઇએ.

**ભાવાર્થ :-** જેઓ ધર્મભાવનાથી સંયમાદિમાં યત્ન કરતા હોય તે બધા સંવિજ્ઞ જ છે તેવું નથી, પરંતુ સંસારના સ્વરૂપના સમ્યક્ પર્યાલોચનથી જેઓનું ચિત્ત સંસારથી અત્યંત ભયભીત છે, અને સંસારની પ્રાપ્તિના ઉપાયભૂત

---

१. यथा शरणमुपगतानां जीवानां निकृन्तति शिरांसि यस्तु । एवमाचार्योऽपि उत्सूत्रं प्रज्ञापयंश्च ॥

કારણો કર્યાં છે, તેનું સમ્યક્ પર્યાલોચન કરવાથી સંસારથી પણ અત્યંત ભય પામેલા છે; અને પોતાની ઉપદેશાદિ પ્રવૃત્તિથી પણ શાસ્ત્રવિરુદ્ધ કાંઇ થાય તો સંસારની અવશ્ય વૃદ્ધિ થાય, તેથી સૂત્રની આશાતનાથી અત્યંત ભીરુ છે, તેઓ સંવેગવાળા છે. અને આથી જ કહ્યું છે કે, "સંવેગ વિના ઉપદેશાદિમાં પ્રવૃત્તિ છે તે લોકરંજનાદિ માટે છે, તેથી આત્માર્થીઓએ આત્મબોધમાં જ યત્ન કરવો જોઇએ."

આનાથી એ પ્રાપ્ત થાય છે કે, આત્માર્થી જીવ પણ સંવેગ વગરનો છે, તેથી આત્મબોધમાં યત્ન કરવા દ્વારા તેમને સંવેગનિષ્પત્તિનો ઉપદેશ આપેલ છે. તેથી આત્માર્થી પણ સંવેગ વગરનો હોય, અને જગતને ઉપદેશ આપવો એ જ મારું કર્તવ્ય છે એવી કેવળ બુદ્ધિથી તેમાં યત્ન કરતો હોય, તો પણ અર્થથી તેની તે પ્રવૃત્તિ લોકરંજન માટે જ છે. કેમ કે જે પરિણામ હજુ પોતાનામાં નિષ્પન્ન થયેલ નથી, તેને બીજામાં નિષ્પત્તિ કરવા માટે યત્ન કરવો તે અતાત્ત્વિક છે. ફક્ત અસંવિગ્ન જીવ પોતાની તે ઉપદેશાદિની પ્રવૃત્તિથી લોકના ચિત્તને રંજન કરી શકે છે, પણ શ્રોતામાં ભાવ નિષ્પન્ન કરી શકતો નથી. કેમ કે '**भावाद् भावप्रसूतिः**'=ભાવથી ભાવની પ્રસૂતિ છે, માટે સંવેગરહિતની ઉપદેશાદિની પ્રવૃત્તિ અર્થથી લોકરંજન માટે જ છે.

**ટીકાર્થ :-** '**एवं**' - એ રીતે=સંવેગ વગર ગીતાર્થને ઉપદેશાદિનો અધિકાર નથી એ રીતે, સંવિજ્ઞ પણ અગીતાર્થને ઉપદેશાદિમાં અધિકાર નથી, કેમ કે અગીતાર્થને બહુજનમધ્યમાં પ્રજ્ઞાપનમાં=ઉપદેશ આપવામાં, અરિહંતાદિની આશાતનાનો પ્રસંગ છે.

**ઉત્થાન :-** '**न खलु** .. થી **प्रसङ्गात्** સુધીના કથનનું નિગમન કરતાં કહે છે-

**ટીકા :- तस्मात् संविग्नगीतार्थस्यैव तत्राधिकारो नान्यस्येति स्थितम् । अत एव तादृशस्यैवोपदेशेऽविकल्पेन तथाकारः प्रज्ञप्तः, यदागमः -**

"[१]कप्पाकप्पे परिणिट्ठियस्स ठाणेसु पंचसु ठियस्स । संजमतवड्डगस्स उ अविगप्पेणं तहक्कारो ॥" **( आ. नि.-६८० ) त्ति। एवं चान्योपदेशे परीक्षादिविकल्पेन तथाकार इत्युक्तं भवति । आह च-** "[२]इयरम्मि विगप्पेणं जं जुत्तिखमं तहिं न सेसंमि ।" **त्ति॥ १८१॥**

**ટીકાર્થ :-** '**तस्मात्**' - તે કારણથી સંવિજ્ઞ-ગીતાર્થને જ ત્યાં=ઉપદેશાદિમાં, અધિકાર છે અન્યને નહિ, એ પ્રમાણે સ્થિત છે.

'**अत एव**' - આથી કરીને જ=સંવિજ્ઞ-ગીતાર્થને જ ઉપદેશાદિમાં અધિકાર છે આથી કરીને જ, તેવા પ્રકારની વ્યક્તિના જ ઉપદેશમાં=સંવિજ્ઞ-ગીતાર્થના જ ઉપદેશમાં, અવિકલ્પથી તથાકાર=તહત્તિ કરવું, અર્થાત્ જે પ્રમાણે આપ કહો છો તે પ્રમાણે જ આ છે.

'**यदागमः**' જે કારણથી આગમ છે- '**कप्पाकप्पे**' - કલ્પાકલ્પમાં પરિનિષ્ઠિતનાં=જ્ઞાનનિષ્ઠા પામેલાનાં, તથા

---

१. कल्पाकल्पे परिनिष्ठितस्य स्थानेषु पञ्चसु स्थितस्य । संयमतपआढ्यकस्याऽविकल्पेन तथाकारः ॥

२. अस्योत्तरार्धः - संविग्गपक्खिए वा गीए सव्वत्थ इयरेणं । [पंचाशक-५६०]

इतरस्मिन्विकल्पेन यद्युक्तिक्षमं तत्र न शेषे । संविग्नपाक्षिके वा गीते सर्वत्रेतरेण ॥

પાંચ સ્થાનોમાં રહેલાનાં= પાંચ મહાવ્રતયુક્તનાં, તથા સંયમ અને તપ વડે આઢ્યનાં=સંપન્નનાં, (વચનમાં) અવિકલ્પથી તથાકાર કરવું.

❀ '**त्ति**' શબ્દ આવશ્યકનિર્યુક્તિના ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

❀ અહીં કલ્પ=વિધિ-આચાર સમજવું. અકલ્પશબ્દ તેનાથી વિપરીત અર્થમાં છે, અથવા જિનકલ્પ-સ્થવિરકલ્પ એ કલ્પ છે અને ચરકાદિદીક્ષા અકલ્પ છે.

❀ **कप्पाकप्पपरिणिट्ठियस्स** આનાથી સમ્યગ્જ્ઞાનયુક્તતા બતાવી.

❀ '**पञ्चसु ठाणेसु ठियस्स**' આનાથી મૂળગુણયુક્તતા બતાવી, અને '**संजमतवड्ढगस्स**' આનાથી ઉત્તરગુણયુક્તતા બતાવી છે.

❀ '**तु**' શબ્દ '**एव**'કારાર્થક છે.

'**एवं च**' અને આ રીતે=સંવિજ્ઞ-ગીતાર્થના ઉપદેશમાં અવિકલ્પથી તથાકાર કરવાનું કહ્યું એ રીતે, અન્યના ઉપદેશમાં પરીક્ષાદિ વિકલ્પથી તથાકાર (કરવો), એ પ્રમાણે ઉક્ત=કહેવાયેલું, થાય છે.

'**आह च**' - અને કહ્યું છે - '**इयरम्मि**' - ઇતરમાં= કલ્પાકલ્પપરિનિષ્ઠિતાદિવિશેષણવિશિષ્ટથી અન્ય ગુરુના ઉપદેશમાં, વિકલ્પથી તથાકાર કરવો; અને તે ભજના જ બતાવે છે- જે વસ્તુ યુક્તિસહ તેમના વડે પ્રજ્ઞાપિત હોય તે વસ્તુમાં તથાકાર કરવો, શેષમાં=અયુક્તિસહમાં, નહિ.

❀ '**त्ति**' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

**અવતરણિકા :- नन्वेवं धर्मोपदेशादिपरित्यागेनात्मध्यानमात्रव्यापारस्य प्राधान्ये तदनुकूलमेकाकित्वमेव श्रेयो न तु गच्छवासः, इत्याशङ्कायां व्यवस्थितपन्थानमाह -**

**અવતરણિકાર્થ :-** '**ननु**'થી પૂર્વપક્ષી કહે છે કે, આ રીતે=ગાથા-૧૮૧ના ઉત્તરાર્ધમાં કહ્યું કે અન્ય વળી મૌન રહીને આત્માને બોધ કરે એ રીતે, ધર્મોપદેશાદિના પરિત્યાગથી આત્મધ્યાનમાત્ર વ્યાપારનું પ્રાધાન્ય હોતે છતે તદનુકૂળ=આત્મધ્યાનને અનુકૂળ, એકાકીપણું જ શ્રેયઃ=હિતકર છે, પરંતુ ગચ્છવાસ નહિ; એવી આશંકામાં ગ્રંથકાર વ્યવસ્થિત પંથને=માર્ગને, કહે છે -

**ગાથા :-** **दव्वेण जो अणेगो गच्छे सो भावओ हवे एगो ।**
**एगागी गीओ च्चिअ कयाइ दव्वे अ भावे अ ॥१८२॥**

(द्रव्येण योऽनेको गच्छे स भावतो भवेदेकः । एकाकी गीत एव कदाचिद्द्रव्ये च भावे च ॥१८२॥)

**ગાથાર્થ :-** ગચ્છમાં (રહેલ) દ્રવ્યથી જે અનેક છે તે ભાવથી એક છે, દ્રવ્યથી અને ભાવથી ગીતાર્થ જ ક્યારેક એકાકી હોય છે. ॥૧૮૨॥

✽ **'दव्वे अ भावे अ'** - અહીં સપ્તમી વિભક્તિ પંચમી વિભક્તિના અર્થમાં છે.

**ટીકા :- यः खलु गच्छे वसन्नुपचरिताऽसद्भूतव्यवहाराद् द्रव्यतोऽनेकः स एव गुर्वाद्युपदेशपरिकर्मितमतिप्रसूतैकत्वभावनापावनान्तःकरणतया भावतोऽप्येकाकित्वं भजते। अन्यस्तूच्छृङ्खलतया तद्विपरीतामेव भावनां भावयन् द्रव्यत एकाक्यपि भावतोऽनेक एव स्याद् । न खल्वगीतार्थस्य गुर्वादिपारतन्त्र्यं विना गुणलेशसम्भावनापि, प्रत्युत महाऽनर्थसम्पात एव, स्वच्छंदगतिमतिप्रचारेणेच्छाकारादिनियन्त्रितसामाचारीविप्लवात्, कार्याकार्यविवेकवैकल्यात् सदालम्बनसम्यग्दर्शनशुद्धिहेतुसूत्रार्थप्रश्नचोदनाद्यसम्भवात्, विनयवैयावृत्त्यादिजनितनिर्जराफलेन वञ्चनात्, मरणांते भक्तप्रत्याख्यानादिरूपाराधनाऽसम्भवात्, निर्भयतयैषणाद्युल्लङ्घनाद्, एकाकितया निरन्तरं साध्वसप्रतिपन्थिस्त्रीजनभयप्रसङ्गात्, गुर्वादिलज्जाधीनाऽकार्यचिकिर्षोपरमाऽसम्भवात्, मूर्च्छादिना विह्वलतया संयमविराधनाप्रसङ्गात्, शुभाशुभपरिणामानां झटिति परावर्त्तमानतया क्लिष्टाध्यवसायेऽनिवारितकदालम्बनग्रहणेन भ्रंशप्रसङ्गात् । भगवन्निषिद्धैकाकित्वचरणेनाज्ञाविराधनात् । स्वायुक्तस्यापि साहाय्यविरहेणाचिरेण तपःसंयमभङ्गप्रसङ्गाच्च ॥ तदुक्तं - [ उप. माला १५६-१६१ ]**

[१]इक्कस्स कओ धम्मो सच्छंदगइमइपयारस्स । किं वा करेउ इक्को परिहरउ कहमकज्जं वा ॥

[२]कत्तो सुत्तत्थागमपडिपुच्छणचोयणा व एगस्स । विणओ वेयावच्चं आराहणया वि मरणंते ॥

[३]पिल्लिज्जेसणमिक्को पइन्नपमयाजणाउ निच्चभयं । काउमणोवि अकज्जं न तरइ काऊण बहु मज्झे ॥

[४]उच्चारपासवणवंतपित्तमुच्छाइमोहिओ इक्को । सद्दवभाणविहत्थो णिक्खिविउं [णिक्खिवइ व] कुणइ उड्डाहं ॥

[५]एगदिवसेण बहुआ सुहा असुहा य जीवपरिणामा । इक्को असुहपरिणओ चइज्ज आलंबणं लद्धुं ॥

[६]सव्वजिणपडिकुट्ठं अणवत्था थेरकप्पभेओ य । इक्को सुआउत्तो वि हणइ तवसंजमं अइरा ॥ **त्ति ।**

**यस्तु गीतार्थः सोऽपि प्रायो गच्छे वसन् द्रव्यतोऽनेक एव भावत एकः, गच्छगतादिपदवृद्ध्यैव गुणवृद्ध्युपदेशात्, उक्तं च -**

[७]गच्छगओ अणुओगी गुरुसेवी अणिययवासि आउत्तो । संजोएण पयाणं संजमआराहणा भणिया ॥

**[ उप. माला. ३८८ ] त्ति ।**

---

१. एकस्य कुतो धर्मः ? स्वच्छन्दगतिमतिप्रचारस्य । किं वा करोति एकः ? परिहरतु कथमकार्यं वा ? ॥१॥
२. कुतः सूत्रार्थागमः ? प्रतिप्रच्छनचोदना चैकस्य । विनयो वैयावृत्त्यमाराधनता या मरणान्ते ॥२॥
३. प्रेरयेदेषणामेकः प्रकीर्णप्रमदाजनतो नित्यभयम् । कर्तुमना अप्यकार्यं न तरति कर्तुं बहुमध्ये ॥३॥
४. उच्चारप्रश्रवणवान्तपित्तमूर्च्छादिमोहित एकः । सद्रवभाजनविहस्तः निक्षिपति वा करोत्युड्डाहम् ॥४॥
५. एकदिवसेन बहवः शुभाश्चाशुभाश्च जीवपरिणामाः । एकोऽशुभपरिणतस्त्यजेदालंबनं लब्ध्वा ॥५॥
६. सर्वजिनप्रतिकुष्टमनवस्था स्थविरकल्पभेदश्च । एकश्च स्वायुक्तोऽपि हन्ति तपःसंयममचिरात् ॥६॥
७. गच्छगतोऽनुयोगी गुरुसेवी अनियतवास्यायुक्तः । संयोगेन पदानां संयमाराधना भणिता ॥

**अपि च जातकल्पस्यापि पञ्चकादपि हीनतायामसमाप्तकल्पत्वाभिधानाद् । उक्तं च -**

[८]जाओ अ अजाओ अ दुविहकप्पो अ होइ णायव्वो । इक्किक्को वि य दुविहो समत्तकप्पो य असमत्तो ॥

**[ पंचवस्तु १३२८ ]**

[९]गीअत्थो जायकप्पो अगीओ पुण भवे अजाओ अ । पणगं समत्तकप्पो तदूणगो होइ असमत्तो ॥ **त्ति**

**[ पंचवस्तु १३२९ ]**

**यदात्वसौ स्वोचितं सहायं न लभते, तदा तदलाभे तदधीनगुणलाभविरहादनिपुणसहायप्रयुक्तस्य प्रत्युत दोषस्यैव सम्भवात् सङ्ग(पाप)परित्यागेन ज्ञानमहिम्ना कामेष्वसजन्नेकाक्यपि विहरेत, यदागमः-**

[१०]ण या लभिज्जा निउणं सहायं गुणाहियं वा गुणओ समं वा । इक्कोवि पावाइ विवज्जयंतो विहरेज्ज कामेसु असज्जमाणो ॥ **त्ति [ दशवै.द्वि.चू.१० ]**

**एवं विहरतश्चास्यैव द्रव्यभावाभ्यामेकत्वं समुज्जीवति ।**

**नन्वत्र सूत्रे विशिष्यानभिधानात्कथं गीतार्थस्यैव शृङ्गग्राहिकयोपादानमिति चेत् ? पापविवर्ज्जन-कामासङ्गाभ्यामेकाकिविहरणानुज्ञानेनाक्षेपाद्गीतार्थस्यैवाधिकारित्वेन लाभात्, अगीतार्थस्य तदसम्भवात्। नागीतार्थो गीतार्थाऽपारतन्त्र्येण विहरन् पापं वर्जयितुं शक्तः, ज्ञानं विना सम्यक्स्वरूपाऽविवेकेन तद्वर्जना-ऽसम्भवात् । उक्तं च- "**[११]अन्नाणी किं काही किं वा नाहीइ छेयपावगं ।" **ति । अत एव न तस्य कामानभिष्व-ङ्गोऽपि सम्भवति, ज्ञानसाहाय्यविरहेण तद्दोषावारणात्, केवलागीतार्थविहारनिषेधाच्चास्य सूत्रस्य गीतार्थ-विषयत्वम् । उक्तं च -**

[१२]गीअत्थो अ विहारो, बीओ गीअत्थमीसओ भणिओ । एत्तो तइअ विहारो, नाणुन्नाओ जिणवरेहिं ॥ ति

**[ ओघनि. १२२ ]**

**अपि चाऽगीतार्थस्य गुरुपारतन्त्र्येणैव ज्ञानसिद्धिः, तस्य पारमार्थिकज्ञानाभावात् । एवं च तस्य स्वोचितसहायाऽलाभो नास्त्येवेति तमुल्लङ्घ्यैकाकिविहारस्य निष्कारणत्वेन स्वच्छन्दविहारत्वप्रसङ्गः । तथा च गीतार्थ एवात्राधिकारीति व्यवस्थितम् । उक्तं च -**

[१३]ता गीयंमि इमं खलु तयन्नलाभंतरायविसयं ति । सुत्तं अवगंतव्वं निउणेहिं तंत जुत्तीहिं ॥ **ति**

**[ पंचाशक ५२७ ] ॥ १८२॥**

---

८. जातश्चाऽजातश्च द्विविधकल्पश्च भवति ज्ञातव्यः । एकैकोऽपि च द्विविधः समाप्तकल्पश्चासमाप्तः ॥

९. गीतार्थो जातकल्पोऽगीतः पुनर्भवेदजातश्च । पञ्चकं समाप्तकल्पस्तदूनको भवत्यसमाप्तः ॥

१०. न यदि लभेत निपुणं सहायं गुणाधिकं वा गुणतो समं वा । एकोऽपि पापानि विवर्जयन् विहरेत् कामेष्वसज्यमानः ॥

११. श्री दशवैका० ४-१०, अस्य पूर्वार्धः - पढमं नाणं तओ दया एवं चिट्ठइ सव्वसंजए ।
प्रथमं ज्ञानं ततो दयैवं तिष्ठति सर्वसंयतः । अज्ञानी किं करिष्यति किं वा ज्ञास्यति छेकपापकम् ?॥

१२. गीतार्थश्च विहारो द्वितीयो गीतार्थमिश्रितो भणितः । अतस्तृतीयो विहारो नानुज्ञातश्च जिनवरैः ॥

१३. तस्माद् गीत इदं खलु तदन्यलाभान्तरायविषयमिति । सूत्रमवगन्तव्यं निपुणैस्तंत्रयुक्तिभिः ॥

**ટીકાર્થ :- 'यः खलु'** જે ગચ્છમાં વસતો ઉપચરિત અસદ્ભૂતવ્યવહારનયથી દ્રવ્યથી અનેક છે, તે જ ગુરુ આદિના ઉપદેશથી પરિકર્મિત મતિથી પ્રસૂત એકત્વભાવનાથી પાવન=પવિત્ર, અંતઃકરણ હોવાથી, ભાવથી પણ એકાકીપણું પ્રાપ્ત કરે છે.

❀ **'भावतोऽपि'** અહીં **'अपि'**થી એ ગ્રહણ કરવું છે કે, દ્રવ્યથી એકાકીપણું નહીં પામતો હોવા છતાં ભાવથી પણ એકાકીપણું પામે છે.

**'अन्यस्तु'**- (અને) અન્ય વળી ઉચ્છૃંખલપણાથી તેનાથી વિપરીત ભાવનાને ભાવતો, દ્રવ્યથી એકાકી પણ ભાવથી અનેક જ છે.

**ભાવાર્થ :-** ગચ્છમાં વસતો સાધુ તત્ત્વથી તો એકાકી જ છે, કેમ કે સંસારમાં વસતો દરેક જીવ તત્ત્વથી એકાકી જ છે; પરંતુ ઉપચરિત અસદ્ભૂતવ્યવહારનયથી તે સાધુ સમુદાયમાં રહેતો હોવાથી એકાકી નથી, અર્થાત્ અનેક છે. પરંતુ સમુદાયમાં વસતા સાધુને સદ્ગુરુનો ઉપદેશ પ્રાપ્ત થાય છે કે, તત્ત્વથી દરેક જીવ મારાથી પૃથક્=જુદો, છે અને પુદ્ગલાદિથી પણ પોતે પૃથક્=જુદો, છે. આવા પ્રકારના ઉપદેશથી જ્યારે બુદ્ધિ પરિકર્મિત થાય છે ત્યારે તેનાથી એકત્વભાવના પ્રાદુર્ભાવ થાય છે, અને તેના કારણે પવિત્ર અંતઃકરણ પેદા થાય છે; અર્થાત્ પોતાનાથી પૃથક્ભૂત એવાં સર્વ પુદ્ગલ અને સર્વ જીવો પ્રત્યે લેશપણ પ્રતિબંધ ન રહે તેવું પવિત્ર અંતઃકરણ પેદા થાય છે. તેથી ભાવથી સર્વ જીવો પ્રત્યે પ્રતિબંધ નહિ હોવાના કારણે, દ્રવ્યથી અનેક હોવા છતાં ભાવથી એકત્વ પ્રાપ્ત કરે છે. તેથી જ્યારે એ એકાકીભાવ સ્થિરભાવરૂપે પામે છે ત્યારે, સમુદાયમાં થતા સંક્લેશો કે પ્રતિબંધો તે સાધુને સ્પર્શતા નથી. યદ્યપિ સમુદાયમાં રહેનાર સાધુને પ્રાથમિક ભૂમિકામાં તે સંક્લેશો કે પ્રતિબંધો સ્પર્શતા હોય છે, તેથી ભાવથી એકાકીપણું હોતું નથી; પરંતુ સમુદાયમાં સમ્યગ્ ઉપદેશક ગુરુના સાન્નિધ્યથી ધીરે ધીરે તેવી મતિ થાય છે, તેથી ક્વચિત્ ક્વચિત્ ભાવથી એકાકીપણું પણ અભ્યાસદશાનું પ્રાદુર્ભાવ થાય છે; તે વખતે જ્યારે એકાકીભાવનામાં ઉપયુક્ત હોય ત્યારે સંક્લેશનાં નિમિત્તો પણ પ્રાયઃ સ્પર્શતાં નથી. અને જ્યારે સંક્લેશનાં નિમિત્તો સ્પર્શે છે ત્યારે ભાવથી એકાકીપણું મ્લાન થાય છે કે નાશ પામે છે, છતાં સદ્ગુરુના ઉપદેશથી ફરી તે ઉદ્ભવ પામી શકે છે.

વળી ગચ્છને છોડીને નીકળનાર ઉચ્છૃંખલ એટલા માટે છે કે, જો તે સમ્યગ્ વિચારક હોય તો સમજી શકે છે કે સમ્યગ્ ઉપદેશક ગુરુના સાન્નિધ્યથી વારંવાર સન્માર્ગનો સૂક્ષ્મબોધ થાય છે, તેથી જીવમાં તાત્ત્વિક એકાકીભાવ ગચ્છમાં રહીને આવી શકશે; પરંતુ પોતાની સ્વરુચિ અનુસાર કરવાની વૃત્તિને કારણે વસ્તુતત્ત્વને નહિ જોવાની વૃત્તિ હોવાથી તે ઉચ્છૃંખલ છે. તેથી જ સમુદાયમાં સંક્લેશો થાય છે તેવો વિચાર કરીને અનેકાકીભાવનાને ભાવે છે, કેમ કે એકાકીભાવનાવાળા જીવને બધા પદાર્થમાં વર્તતા ભાવોની અસર થતી નથી. પરંતુ સમુદાયમાં અન્ય જીવના ભાવોની પોતાને અસર થાય છે એ પ્રકારનો તે વિચાર કરે છે, તે જ એકાકીભાવનાથી વિપરીત ભાવના છે; અને તે જ વિપરીત ભાવનાને ભાવતો સમુદાયને છોડીને દ્રવ્યથી એકાકી થાય છે, તો પણ ભાવથી અનેક જ છે. કેમ કે તત્ત્વના પર્યાલોચનથી એકાકીભાવના તેનામાં પ્રાદુર્ભાવ પામી નથી, ફક્ત હું એકાકી છું એમ માનીને સર્વના સંગને તે છોડે છે. આમ છતાં, સર્વ પદાર્થોની અસરને તે સાધુ સ્વીકારે છે, આથી જ સમુદાયમાં તેને સંક્લેશ ભાસિત થાય છે, તેથી ભાવથી તે અનેક જ છે.

**ઉત્થાન :-** અહીં શંકા થાય કે, જે સાધુ સમુદાયમાં રહીને સંક્લેશને પ્રાપ્ત કરતો હોય, તેથી સમુદાયથી પૃથક્ રહીને તપાદિમાં ઉદ્યમશીલ હોય અને નિર્દોષ ભિક્ષા આદિ સાધુસામાચારીમાં ઉદ્યમશીલ હોય, તે સાધુને સમુદાયમાં સંક્લેશની પ્રાપ્તિ હતી, જ્યારે એકાકી રહેવાથી તે સંક્લેશ નહીં હોવા સાથે તપસંયમમાં ઉદ્યમ સારો થઈ શકે, તત્કૃત તો લાભ થશે. તેથી કહે છે-

**ટીકાર્થ :- 'न खलु'** - અગીતાર્થને ગુર્વાદિ પારતંત્ર્ય વગર ગુણલેશની સંભાવના પણ નથી, ઊલટું મોટા અનર્થનો સંપાત જ છે. કેમ કે (૧) સ્વચ્છંદ ગતિ અને મતિના પ્રચારથી ઇચ્છાકારાદિ નિયંત્રિત સામાચારીનો વિપ્લવ છે, (૨) કાર્યાકાર્યના વિવેકનું વૈકલ્ય છે, (૩) સદ્આલંબનરૂપ સમ્યગ્દર્શનની શુદ્ધિના હેતુભૂત સૂત્રાર્થના લાભનો અસંભવ, પ્રશ્નનો અસંભવ અને ચોદના=ચાલનાદિનો અસંભવ છે, (૪) વિનય-વૈયાવચ્ચાદિથી જનિત નિર્જરાફલ વડે વંચન છે=વંચિત રહે છે, (૫) મરણાંતે ભક્તપ્રત્યાખ્યાનાદિરૂપ આરાધનાનો અસંભવ છે, (૬) નિર્ભયપણાથી એષણાદિનું ઉલ્લંઘન છે, (૭) એકાકીપણાથી નિરંતર સાધ્વસપ્રતિપંથી=નિર્ભય એવા સ્ત્રીજનથી ભયનો પ્રસંગ છે, (સાધ્વસ=ભય, તેનો પ્રતિપંથી=નિર્ભય છે.) (૮) ગુર્વાદિની લજ્જાને આધીન અકાર્ય કરવાની ઇચ્છાના ઉપરમનો=અકાર્યની ઇચ્છાથી અટકવાનો, અસંભવ છે, (૯) મૂર્ચ્છા આદિથી વિહ્વળપણું થવાના કારણે સંયમ વિરાધનાનો પ્રસંગ છે, (૧૦) શુભાશુભ પરિણામોનું જલદી પરાવર્તમાનપણું હોવાને કારણે ક્લિષ્ટ અધ્યવસાય થયે છતે અનિવારિત કદાલંબનના ગ્રહણથી ભ્રંશનો પ્રસંગ છે, (૧૧) ભગવાન વડે નિષિદ્ધ એકાકીપણાના ચરણથી આજ્ઞાનું વિરાધન છે અને (૧૨) સુઆયુક્તને પણ=સુષ્ઠુ અપ્રમત્તને પણ, અર્થાત્ ક્રિયામાં સમ્યગ્ ઉદ્યમવાળાને પણ, સાહાય્યનો વિરહ હોવાથી શીઘ્ર તપ-સંયમના ભંગનો પ્રસંગ છે.

**ભાવાર્થ :-** અગીતાર્થને ગુરુ આદિના પારતંત્ર્ય વગર ગુણલેશની સંભાવના પણ નથી, ઊલટું મહાઅનર્થનો સંભવ છે. તેમાં ઉપરોક્ત ૧૨ હેતુઓ કહ્યા છે, તેનું તાત્પર્ય આ પ્રમાણે છે-

(૧) સમુદાયથી પૃથક્ રહેનારને સ્વચ્છંદ ગતિ=બાહ્યચેષ્ટા, અને મતિ=બુદ્ધિ, પ્રવર્તે છે; જ્યારે ભગવાનની આજ્ઞા છે કે સાધુઓએ ઇચ્છાકારાદિથી નિયંત્રિત સામાચારીમાં યત્ન કરવો જોઈએ. તેથી સાધુઓ ભગવદ્ વચનના નિયંત્રણ હેઠળ દરેક પ્રવૃત્તિ કરનારા હોય છે, પરંતુ પૃથક્ રહેનાર સ્વચ્છંદ ગતિ અને મતિના પ્રચારને કારણે તે પ્રમાણે પ્રવર્તતા નથી, માટે એકાકી રહેનારને મહાઅનર્થનો સંપાત થાય છે; કેમ કે ઇચ્છાકારાદિથી નિયંત્રિત સામાચારીથી જ સંયમ જીવે છે અને વૃદ્ધિ પામે છે.

(૨) એકાકી વિચરનારને કાર્યાકાર્યનો વિવેક હોતો નથી, તેથી એકાકીને મહાઅનર્થનો સંપાત છે. એ જ કથનને કહેનાર ઉપદેશમાલા ગાથા-૧૫૬માં કહ્યું છે કે, એકલો કઈ રીતે કાર્ય કરે? અને કઈ રીતે અકાર્યનો પરિહાર કરે? આનાથી એ પ્રાપ્ત થાય છે કે, કેટલાંક કાર્યો એકાકી રહેવામાં થઈ શકે તેમ જ નથી; કેમ કે આહાર-પાણી આદિ લાવવાં કે સાધુક્રિયાઓ કરવી એટલું જ માત્ર કાર્ય સંયમજીવનમાં નથી, પરંતુ સાધુને ગુણસ્થાનકની વૃદ્ધિ કરવા માટે સૂત્રાર્થમાં સમ્યગ્ યત્ન કરવાનો હોય છે; અને તે વિશિષ્ટ શ્રુતધરના સાન્નિધ્યથી પ્રાપ્ત થઈ શકે તેમ છે, અને કેટલાંક અકાર્યનું વર્જન પણ વિશિષ્ટ શ્રુતધરના અવલંબનથી જ થઈ શકે છે. કેમ કે શ્રુતધર હોય તે જ તેવા પ્રકારના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને આશ્રયીને, આ કાર્ય છે અને આ અકાર્ય છે એમ નિર્ણય કરી શકે છે. જ્યારે એકાકી વિહરનાર અગીતાર્થ હોવાને કારણે કાર્યકાર્યનો નિર્ણય કરી શકતો નથી. તેથી સામાન્ય રીતે સાધુચર્યામાં

ઉદ્યમવાળો પણ એકાકી અગીતાર્થ હોવાને કારણે કાર્યાકાર્યના વિવેક વગરનો છે, અને તેના કારણે મહાઅનર્થને પ્રાપ્ત કરે છે.

(૩) એકાકી વિચરનારને સદ્આલંબનરૂપ સમ્યગ્દર્શનની શુદ્ધિના કારણભૂત સૂત્રાર્થના લાભનો અસંભવ છે, તથા શંકા થાય તો પ્રશ્ન કોને પૂછે? તેથી પ્રશ્નનો અસંભવ છે અને ચોદના=ચાલનાનો પણ અસંભવ છે. તથા મુગ્ધબુદ્ધિથી શંકા થાય તો પણ પ્રશ્ન કોઇને પૂછી શકે નહિ. તેથી પ્રશ્નના અસંભવને કારણે સાચા માર્ગની પ્રાપ્તિ થાય નહિ. અને ગીતાર્થ પાસે વાચના ગ્રહણ કરવામાં પદાર્થને વ્યુત્પન્નમતિપૂર્વક વિચારતો હોય તો ચોદના થાય, અર્થાત્ ગુરુના વચનને પૂર્વાપર સાથે યોજન કરીને પ્રશ્ન ઊઠે તે રૂપ ચોદના=ચાલના, થાય; અને એકાકી વિચરનારને તે સંભવે નહિ.

ઉપદેશમાલા ગાથા-૧૫૭માં મુગ્ધબુદ્ધિપણાથી પ્રશ્ન કહેલ છે, અને વ્યુત્પન્નમતિપણાથી ચોદના કહેલ છે, તેનું તાત્પર્ય એ છે કે, વાચના સાંભળતી વખતે ગુરુનો કહેવાનો આશય શિષ્યને સમજ ન પડે ત્યારે તે આશયને સમજવા માટે જે પ્રશ્ન કરવામાં આવે તે મુગ્ધબુદ્ધિપણાથી પ્રશ્ન કહેવાય છે; અને ગુરુના કહેવાનો આશય શિષ્ય સમજી જાય, પરંતુ વ્યુત્પન્નમતિ હોવાને કારણે તે પ્રકારના અર્થમાં અન્ય સૂત્રના વચનના વિરોધની ઉપસ્થિતિ થાય, ત્યારે જે પ્રશ્ન કરવામાં આવે તેને ચોદના=ચાલના, કહેવાય છે; અને તે ચાલના કરવાથી અન્યસૂત્રના વિરોધ વગર તે સૂત્રનું વાસ્તવિક તાત્પર્ય ગુરુ પાસેથી પ્રાપ્ત થાય, તે પ્રત્યવસ્થાન કહેવાય છે.

(૪) એકાકી વસનાર વિનય-વૈયાવચ્ચ આદિથી થતી નિર્જરારૂપ ફળથી વંચિત રહે છે.

(૫) એકાકી રહેનારને મૃત્યુકાળે ભક્તપ્રત્યાખ્યાનાદિરૂપ આરાધના સંભવતી નથી.

(૬) એકાકી રહેનારને કોઇ જોનાર-પૂછનાર નથી, એવું જાણીને નિર્ભય થયો હોવાથી એષણાદિનું ઉલ્લંઘન થાય છે.

(૭) એકાકી રહેનારને ભયથી રહિત એવી સ્ત્રીઓના સમુદાયથી ભયનો પ્રસંગ છે; અર્થાત્ જે સ્ત્રીઓ અકાર્ય કરવામાં ભય વગરની છે, તે સાધ્વસપ્રતિપંથી સ્ત્રીઓ છે, અને તે સ્ત્રીજનથી એકાકી રહેનારને નિરંતર ભયનો પ્રસંગ પ્રાપ્ત થાય છે.

(૮) એકાકી રહેનારને ગુર્વાદિની લજ્જાને આધીન અકાર્ય કરવાની ઇચ્છાના અભાવનો અસંભવ છે. સમુદાયમાં રહેતો હોય તો ગુર્વાદિની લજ્જાથી પણ અકાર્યથી બચી જાય, જ્યારે એકાકી રહેતો હોવાથી અકાર્યથી અટકી શકતો નથી.

(૯) મૂર્ચ્છા આદિને કારણે વિહ્વલતા આવે ત્યારે એકાકી રહેનારને સંયમની વિરાધના થાય છે.

(૧૦) જીવના શુભાશુભ પરિણામો જલદીથી પરાવર્તમાન થતા હોવાથી ક્લિષ્ટ અધ્યવસાય થયે છતે ખોટા આલંબનનું ગ્રહણ નિવારી શકાતું ન હોવાથી, એકાકી રહેનારને સંયમથી ભ્રષ્ટ થઇ જવાનો પ્રસંગ આવે છે.

(૧૧) એકાકી વિચરવાનો ભગવાને નિષેધ કર્યો હોવાથી જિનાજ્ઞાનો ભંગ થાય છે.

(૧૨) સુઆયુક્ત=ક્રિયામાં અત્યંત અપ્રમાદી, હોય તો પણ, અગીતાર્થ હોવાના કારણે ગીતાર્થની સહાયથી જે ભાવોમાં યત્ન વર્તતો હતો, અને તેનાથી તપ-સંયમ પ્રવર્તતા હતા, તેના ભંગનો પ્રસંગ એકાકી રહેવાથી પ્રાપ્ત થાય છે.

**ટીકાર્થ :- 'तदुक्तं'** - તે કહ્યું છે - **'इक्कस्स'** - સ્વચ્છંદ ગતિ અને મતિના પ્રચારવાળા=પ્રસરવાળા, એકલાને ક્યાંથી ધર્મ હોય? અથવા એકલો શું કૃત્ય કરે? અને અકાર્યને કેવી રીતે પરિહરે?

**'कत्तो'** - સૂત્રાર્થનો આગમ= લાભ, પ્રતિપ્રચ્છન્ન=મુગ્ધબુદ્ધિ હોવાથી પ્રશ્ન, અને ચોદના=વ્યુત્પન્નમતિ હોવાને કારણે ચાલના, (એકલાને) ક્યાંથી હોય? અને એકલાને વિનય અને વૈયાવચ્ચ ક્યાંથી હોય? અને મરણાંતે (નમસ્કાર અને પ્રત્યાખ્યાનાદિ ભાવરૂપ) આરાધના ક્યાંથી હોય?

**'पिलिज्ज'** - એકલો એષણાને નિર્ભયપણાથી ઓલંઘે છે, અને પ્રકીર્ણ પ્રમદાજનથી= આમ તેમ વિલિપ્ત સ્ત્રીલોકથી (ચારિત્રધન લૂંટાઇ જવાના કારણે) સદા ભય રહે છે. બહુમધ્યમાં (રહેલો) (અકાર્ય) કરવાની ઇચ્છાવાળો પણ અકાર્ય કરવા સમર્થ થતો નથી.

**'उच्चार'** - વિષ્ટા-મૂત્ર-ઊલટી-પિત્તમૂર્ચ્છાદિથી મોહિત=શિથિલ શરીરવાળો એકલો પાણીવાળા ભાજનને છોડી દે તો આત્મસંયમની વિરાધના થાય છે, અને પાણી વગર ઉચ્ચારાદિ કરે તો પ્રવચનનો ઉડ્ડાહ=લાઘવ, થાય છે.

**'एगदिवसेण'** - એક દિવસ વડે=એક દિવસમાં, ઘણા શુભ-અશુભ જીવપરિણામો થાય છે. એકલો અશુભ પરિણામવાળો થયેલ (કોઇ) આલંબનને પામીને સંયમને ત્યાગ પણ કરી દે છે.

**'सव्व'** - સર્વ જિનો વડે એકાકીપણું પ્રતિષિદ્ધ છે, એકાકીપણું હોતે છતે અનવસ્થા થાય છે (કેમ કે પ્રમાદની પ્રચુરતાથી બીજાઓને પણ તે પ્રકારે પ્રવૃત્તિ થાય છે), આથી કરીને જ સ્થવિરકલ્પનો ભેદ થાય છે. (વધારે કહેવાથી શું?) સારી રીતે અપ્રમત્ત એવો પણ એકાકી તપ-સંયમને શીઘ્ર હણી નાંખે છે.

**'यस्तु'** - જે વળી ગીતાર્થ (છે) તે પણ પ્રાયઃ કરીને ગચ્છમાં વસતો દ્રવ્યથી અનેક જ ભાવથી એક છે.

**ભાવાર્થ :-** અહીં 'પ્રાયઃ' ગચ્છમાં વસતો, એમ કહેવાથી એ પ્રાપ્ત થાય છે કે, ક્વચિત્ કારણવિશેષથી એકાકી પણ વસતો હોય. વળી શ્લોકના પ્રારંભમાં કહેલું કે, ગચ્છમાં વસતો સાધુ દ્રવ્યથી અનેક હોવા છતાં, ગુરુ આદિના ઉપદેશ વડે પરિકર્મિત મતિથી પ્રસૂત એકત્વભાવનાથી પવિત્ર અંતઃકરણ હોવાના કારણે ભાવથી એકાકી છે, તે અગીતાર્થને આશ્રયીને છે; જ્યારે ગીતાર્થને તો પોતાની ગીતાર્થતાના કારણે ભાવથી એકાકીપણું છે, કેમ કે તેના કારણે તેમનું એકત્વભાવનાથી પવિત્ર અંતઃકરણ સદા હોય છે.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે, ગીતાર્થ હોવાના કારણે એકત્વભાવનાની પુષ્ટિને અનુકૂળ એવું દ્રવ્યથી એકાકીપણું કેમ સ્વીકારતા નથી? અને ગચ્છમાં પ્રાયઃ શા માટે રહે છે? કેમ કે જેમ અણાહારી ભાવ માટે આહારનો ત્યાગ ઉપકારક બને છે, તેમ એકત્વભાવના માટે દ્રવ્યથી પણ એકાકીપણું ઉપકારક બને છે. તેથી કહે છે-

**ટીકાર્થ :- 'गच्छगतादि'** - ગચ્છગતાદિ પદોની વૃદ્ધિથી જ ગુણવૃદ્ધિનો ઉપદેશ છે= જેમ જેમ આ પાંચ પદો દીર્ઘકાળ સુધી સેવન કરાય છે તેમ તેમ ગુણવૃદ્ધિ થાય છે, એ પ્રકારનો ઉપદેશ છે. (તેથી ગીતાર્થ પણ પ્રાયઃ કરીને ગચ્છમાં વસે છે.)

**'उक्तं च'** - અને કહ્યું છે - **'गच्छगओ'** - (૧) જે ગચ્છમાં રહેતો હોય, (૨) અનુયોગી=જ્ઞાનાદિ આસેવનમાં ઉદ્યમવાળો હોય, (૩) જે ગુરુસેવી હોય=ગુરુની આજ્ઞાને પરતંત્ર રહીને ગુરુની સેવા કરતો હોય, (૪) જે

અનિયતવાસી હોય= માસાદિકલ્પદ્વારા અનિયત વિહાર કરતો હોય અને (૫) જે આયુક્ત હોય=પ્રતિક્રમણાદિ ક્રિયામાં ઉપયોગપૂર્વક યતમાન હોય, (આ) પાંચ પદોના સંયોગથી સંયમઆરાધકો કહ્યા છે.

**ટીકાર્થ :- 'अपि च'** - અને વળી જાતકલ્પવાળાને પણ પાંચથી પણ ન્યૂનતામાં અસમાપ્તકલ્પત્વનું અભિધાન છે.
**'उक्तं च'** - અને કહ્યું કે **'जाओ'** - જાત અને અજાત (એમ) બે પ્રકારના કલ્પ જાણવા યોગ્ય છે. તેમ જ એકેક પણ=જાતકલ્પ અને અજાતકલ્પ એ એકેકના પણ, સમાપ્તકલ્પ અને અસમાપ્તકલ્પ એમ બે પ્રકાર છે. **'गीअत्थो'** ગીતાર્થ જાતકલ્પ છે અને વળી અગીતાર્થ અજાતકલ્પ છે. પાંચનો=પાંચ સાધુનો સમૂહ, સમાપ્તકલ્પ છે અને તેનાથી ન્યૂન અસમાપ્તકલ્પ કહેવાય છે.

❀ **'त्ति'** શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

**ટીકાર્થ :- 'यदात्वसौ'** - વળી જ્યારે આ=ગીતાર્થ, સ્વોચિત સહાયને મેળવતો નથી, ત્યારે તેના અલાભમાં=સ્વોચિત સહાયના અર્થાત્ નિપુણ સહાયના અલાભમાં, તેને આધીન=સ્વોચિત સહાયને આધીન, ગુણલાભનો વિરહ હોવાને કારણે, અનિપુણ સહાય પ્રયુક્ત ઊલટો દોષનો જ સંભવ છે. તેથી સંગના પરિત્યાગથી જ્ઞાનના મહિમા વડે કામમાં આસક્ત થયા વગર એકાકી પણ વિહરે.
**'यदागमः'** - જે કારણથી આગમ છે - **'ण या'** - ગુણાધિક કે ગુણથી સમાન નિપુણ સહાય ન મળે તો (ગીતાર્થ), પાપોને વર્જતો, કામમાં નહિ લેપાતો, એકલો પણ વિહરે.
**'एवं'** અને આ પ્રમાણે આનું જ=ગીતાર્થનું જ, દ્રવ્ય-ભાવ ઉભયથી એકપણું સંભવે છે.
**'नन्वत्र'** - **'ननु'**થી પૂર્વપક્ષી કહે છે કે, આ સૂત્રમાં=**'ण या लभिज्जा'** - એ પ્રકારે દશવૈકાલિકના સૂત્રમાં વિશેષનું અનભિધાન હોવાથી ગીતાર્થનું જ શૃંગગ્રાહીપણાથી કેવી રીતે ગ્રહણ કરો છો? તો કહે છે- પાપનું વિવર્જન અને કામભોગમાં અસંગપણા વડે એકાકી વિહરણના અનુજ્ઞાનથી આક્ષેપ હોવાને કારણે, ગીતાર્થનું જ અધિકારીપણા વડે લાભ છે. કેમ કે અગીતાર્થને તેનો=પાપના વર્જનનો, અને કામમાં અનાસક્તિનો અસંભવ છે. ગીતાર્થને અપારતંત્ર્યથી વિહરતો અગીતાર્થ, પાપને વર્જવા માટે શક્ત નથી=સમર્થ નથી, કેમ કે જ્ઞાન વગર સમ્યક્ સ્વરૂપના અવિવેકને કારણે તેના વર્જનનો=પાપના વર્જનનો, અસંભવ છે.
**'उक्तं च'** - અને કહ્યું છે "અજ્ઞાની શું કરશે? અથવા તો (આ) છેકને=હિતકરને, અને પાવકને=અહિતકરને, કેવી રીતે જાણશે?"

❀ **'त्ति'** શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

**'अत एव'** - આથી કરીને જ=અજ્ઞાની શું કરશે? અથવા હિત-અહિતકરને કેવી રીતે જાણશે? આથી કરીને જ, તેને=અજ્ઞાનીને, કામનો અનભિષ્વંગ પણ સંભવતો નથી; કેમ કે જ્ઞાનની સહાયતાનો વિરહ હોવાથી તેના દોષનું અવારણ છે, અને કેવલ અગીતાર્થના વિહારના નિષેધથી આ સૂત્રનું ગીતાર્થવિષયપણું છે.
**'उक्तं च'** - અને કહ્યું છે - **गीअत्थो** - (પ્રથમ) ગીતાર્થનો વિહાર અને બીજો ગીતાર્થમિશ્રનો=ગીતાર્થ અને તેને આશ્રયીને રહેલા અગીતાર્થોનો, (વિહાર) કહેલો છે. આનાથી ત્રીજો વિહાર જિનેશ્વરો વડે અનુજ્ઞાત નથી.

❀ **'त्ति'** શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

**ભાવાર્થ :-** અહીં વિશેષ એ છે કે, જે અગીતાર્થ છે અને સમુદાયમાં સમ્યક્ પ્રકારની નિર્દોષ ભિક્ષાદિની પાલના અસંભવ દેખાવાથી એકાકી વિચરે છે, અને નિર્દોષ ભિક્ષાચર્યા અને સાધુસામાચારી પાળવા યતમાન છે, અને શક્તિ અનુરૂપ તપાદિમાં ઉદ્યમશીલ છે, ત્યાં સામાન્યથી જોતાં પાપનું વર્જન અને કામનો અનભિષ્વંગ દેખાય છે; કેમ કે નિર્દોષ સાધુચર્યામાં યત્ન હોવાથી હિંસાદિ પાપો આચરણરૂપે હોતાં નથી, અને તપાદિમાં યત્ન હોવાને કારણે કામનો અભિષ્વંગ પણ જણાતો નથી; તો પણ જ્ઞાનીની સહાયતા નહિ હોવાના કારણે તે દોષોનું અવારણ છે. કેમ કે બાહ્યથી પાપની અપ્રવૃત્તિ હોવા છતાં અને કામનો અનભિષ્વંગ હોવા છતાં, જ્ઞાનના બળથી જ તે સાનુબંધ બને છે; અને નિરનુબંધ હિંસાદિ પાપોનું વારણ અને કામનું વારણ અભવ્યને પણ હોઇ શકે છે, પરંતુ તે સાનુબંધ ત્યારે જ બને કે નિશ્ચયને અભિમત એવું આત્માનું શુદ્ધસ્વરૂપ જેને જ્ઞાત હોય; અને તેની પુષ્ટિ કરે તે રીતે વ્યવહારને અભિમત એવી અહિંસાદિની અને તપાદિની આચરણા હોય=ચારિત્રાચારની બાહ્યક્રિયા હોય. અને તે ગીતાર્થને જ હોય છે; અને અગીતાર્થને ગીતાર્થના સમ્યગ્ વચનના ઉપદેશથી, તે પ્રકારની ચારિત્રાચારની ક્રિયા નિશ્ચયને અભિમત એવા શુદ્ધ આત્માના પ્રાદુર્ભાવ માટે કારણીભૂત બને એ રીતે બને છે. તેથી તે પાપનું વર્જન અને કામનો અનભિષ્વંગ સાનુબંધ થવાના કારણે ધીરે ધીરે આત્માના શુદ્ધ સ્વરૂપમાં વિશ્રાંત પામે છે.

**ટીકાર્થ :-** '**अपि च**' - અને વળી અગીતાર્થને ગુરુપારતંત્ર્યથી જ જ્ઞાનની સિદ્ધિ છે, કેમ કે તેને=અગીતાર્થને, પારમાર્થિક જ્ઞાનનો અભાવ છે.

'**एवं च**' - અને આ પ્રમાણે=અગીતાર્થને ગુરુપારતંત્ર્યથી જ જ્ઞાનની સિદ્ધિ છે એ પ્રમાણે, તેને=અગીતાર્થને, સ્વોચિત સહાયનો અલાભ હોતો જ નથી. એથી કરીને તેને ઉલ્લંઘીને નિષ્કારણપણા વડે એકાકી વિહારનો સ્વચ્છંદ વિહારપણાનો પ્રસંગ આવશે, અને તે પ્રમાણે '**अपि च थी विहारत्वप्रसङ्गः**' સુધી કહ્યું તે પ્રમાણે, ગીતાર્થ જ અહીં=એકાકીવિહારમાં, અધિકારી છે, એ પ્રમાણે વ્યવસ્થિત છે.

'**उक्तं च**' અને કહ્યું છે - તે કારણથી નિપુણ શાસ્ત્રની યુક્તિઓ વડે તદન્યના લાભના અંતરાયના વિષયવાળું આ સૂત્ર ગીતાર્થ અંગે છે=પોતાનાથી અન્ય એવા સંયમી સાધુની પ્રાપ્તિનો અભાવ હોય ત્યારે ગીતાર્થ એકાકી વિહાર કરે તેમ જણાવનારું આ સૂત્ર જાણવું.

❀ '**त्ति**' શબ્દ પંચાશકના ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે. **॥૧૮૨॥**

**અવતરણિકા :- अत्र च महान् विस्तारार्थिनामनुशासनप्रकारः, स च न कात्स्न्र्येनात्र विधातुमुचितः, प्रसंगायातस्यातिविस्तराऽयोगात्, तथापि सकलसम्मतमिदमनुशास्यते -**

**અવતરણિકાર્થ :-** અને અહીંયાં=અધ્યાત્મ ઉપનિષદ્માં અર્થાત્ ગાથા- ૧૭૧ થી ૧૮૨ સુધી કહ્યું ત્યાં, વિસ્તારાર્થીઓને મહાન અનુશાસનનો પ્રકાર છે, અને તે સંપૂર્ણપણે અહીં કહેવા યોગ્ય નથી; કેમ કે પ્રસંગથી આવેલાનો અતિ વિસ્તારનો અયોગ છે, તો પણ સકલસંમત આ અનુશાસન કરાય છે.

ગાથા :- किं बहुणा इह जह जह रागद्दोसा लहुं विलिज्जंति ।
तह तह पयट्टियव्वं एसा आणा जिणिंदाणं ॥१८३॥

(किं बहुनेह यथा यथा रागद्वेषौ लघु विलीयेते । तथा तथा प्रयतितव्यमेषाज्ञा जिनेन्द्राणाम् ॥१८३॥)

ગાથાર્થ :- વધારે કહેવાથી શું? અહીં રાગ-દ્વેષ જે જે રીતે શીઘ્ર વિલય પામે તે તે રીતે પ્રવર્તવું. આ આજ્ઞા શ્રી જિનેશ્વર દેવોની છે. ॥૧૮૩॥

ટીકા :- इह खलु रागद्वेषौ संसारस्य कारणम्, तन्मूलकप्रवृत्तिजनितधर्माऽधर्माभ्यामेवापरापरशरीरसन्तानरूपसंसारोत्पादनात्, तद्विलये च तदनुत्पत्त्या पुंसामपुनर्भवः सम्भवतीति निर्विवादम् । एवं च यैस्तत्त्वज्ञानादेव मुक्तिरभिधीयते तैरपि तत्त्वज्ञानेन मिथ्याज्ञानादिनाशक्रमेणैव तदुत्पत्त्यभ्युपगमात् रागद्वेषविलयस्य तद्धेतुत्वमवश्यमभ्युपेयम् । यैरपि कर्मण एव प्राधान्येन मुक्तिहेतुत्वमभ्युपेयते तैरपि तत्कर्मणो रागद्वेषनाशादुत्पत्तिः [ पाठान्तरम्-नाश एव तदुत्पत्तिः ] अभ्युपेया, हेतूच्छेदे पुरुषव्यापारात्। येऽपि स्याद्वादामृतपानपीनहृदया ज्ञानकर्मणोः समुच्चित्य मोक्षकारणत्वमाहुः, तेऽपि ताभ्यां रागद्वेषविलयेन वीतरागत्वप्राप्त्यैव तदुत्पत्तिमाहुः, ततस्तदुभयक्षयादेव मोक्षोत्पत्तिरिति सर्वेषामभिमतम्, तथा च तद्विजयोपाय एव प्रवर्त्तितव्यम्, ज्ञाननिष्ठतया क्रियानिष्ठतया, तपोनिष्ठतया, एकाकितयाऽनेकाकितया वा येन येनोपायेन माध्यस्थ्यभावना समुज्जीवति स स एवोपायः सेवनीयो, नात्र विशेषाग्रहो विधेयोः, न हि समुपस्थिते कार्ये इष्टदेशं यियासुरनुपस्थितगजारोहायैव प्रतीक्षते न तूपस्थितमपि तुरगं नारोहतीति ।

ટીકાર્થ :- 'इह' - અહીં ખરેખર રાગ અને દ્વેષ સંસારનું કારણ છે, કેમ કે તદ્દમૂલક પ્રવૃત્તિજનિત=રાગદ્વેષમૂલક પ્રવૃત્તિજનિત, ધર્મ અને અધર્મ વડે અપર અપર શરીરસંતાનરૂપ સંસારનું ઉત્પાદન છે. અને તેનો વિલય થયે છતે=રાગદ્વેષનો વિલય થયે છતે, તેની અનુત્પત્તિથી=રાગદ્વેષની અનુત્પત્તિથી, પુરુષોને અપુનર્ભવ સંભવે છે, એ પ્રકારે નિર્વિવાદ છે.

'एवं च' - અને એ રીતે=પૂર્વમાં કહ્યું કે રાગ-દ્વેષના વિલયથી મોક્ષ થાય છે એ રીતે, જેઓ વડે તત્ત્વજ્ઞાનથી જ મુક્તિ કહેવાય છે, તેઓ વડે પણ તત્ત્વજ્ઞાન વડે મિથ્યાજ્ઞાનાદિના નાશના ક્રમથી જ તેની ઉત્પત્તિનો=મોક્ષની ઉત્પત્તિનો, અભ્યુપગમ હોવાને કારણે, રાગ-દ્વેષના વિલયનું તદ્ધેતુપણું=મોક્ષનું હેતુપણું, અવશ્ય સ્વીકારવું જોઇએ.

'यैरपि' - જેઓ વડે પણ પ્રધાનપણાથી કર્મનું જ=ક્રિયાનું જ, પ્રધાનપણાથી મુક્તિનું હેતુપણું સ્વીકારાય છે, તેઓ વડે પણ તે કર્મથી=મોક્ષને અનુકૂળ એવી તે ક્રિયાથી, રાગ-દ્વેષના નાશમાં તેની ઉત્પત્તિ=મુક્તિની ઉત્પત્તિ, સ્વીકારવી જોઇએ; કારણ કે હેતુના ઉચ્છેદમાં પુરુષનો વ્યાપાર છે=મોક્ષને અનુકૂળ એવી ક્રિયા દ્વારા સંસારના હેતુ એવા રાગ-દ્વેષના ઉચ્છેદમાં પુરુષનો વ્યાપાર છે.

'येऽपि' - સ્યાદ્વાદરૂપ અમૃતના પાનથી પુષ્ટ હૃદયવાળા એવા જેઓ પણ જ્ઞાન અને ક્રિયાનો સમુચ્ચય કરીને મોક્ષકારણત્વ કહે છે, તેઓ પણ તે બંને વડે=જ્ઞાન અને ક્રિયાવડે, રાગ-દ્વેષનો વિલય થવાને કારણે વીતરાગપણાની પ્રાપ્તિથી જ તેની=મોક્ષની, ઉત્પત્તિ કહે છે. તે કારણથી ઉભયના ક્ષયથી જ=રાગ-દ્વેષના ક્ષયથી જ, મોક્ષની

ઉત્પત્તિ છે, એ પ્રમાણે સર્વને અભિમત છે. અને તે પ્રકારે=રાગદ્વેષના ક્ષયથી જ મોક્ષની ઉત્પત્તિ છે તે પ્રકારે, તેના વિજયના ઉપાયમાં જ પ્રવર્તવું જોઇએ. જ્ઞાનનિષ્ઠપણાથી, ક્રિયાનિષ્ઠપણાથી, તપોનિષ્ઠપણાથી, એકાકીપણાથી અથવા અનેકાકીપણાથી જે જે ઉપાય વડે માધ્યસ્થ્યભાવના પ્રગટે, તે તે જ ઉપાયો સેવવા યોગ્ય છે. અહીં=આ ઉપાયના સેવનમાં, વિશેષ આગ્રહ ન કરવો; જે કારણથી કાર્ય સમુપસ્થિત થયે છતે ઇષ્ટદેશમાં જવાની ઇચ્છાવાળો જીવ અનુપસ્થિત હાથી ઉપર આરોહ કરવા માટે પ્રતીક્ષા કરતો નથી, પરંતુ ઉપસ્થિત તુરગ ઉપર=ઘોડા ઉપર, આરોહ નથી કરતો એવું નથી; અર્થાત્ ઉપસ્થિત તુરગ ઉપર આરોહણ કરીને જાય છે.

**'इह खलु** થી **नारोहतीति'** સુધી કહેલા કથનનું નિગમન કરતાં કહે છે-

**ટીકા :- तस्मादेनामेव भगवतः परमाज्ञामवगम्य तदाराधना विधेया, तयैव सर्वार्थसिद्धेरिति सर्वमवदातम् ॥१८३॥**

**ટીકાર્થ :- 'तस्मात्'** - તે કારણથી આને જ=રાગ-દ્વેષનો શીઘ્ર વિલય થાય તે પ્રમાણે પ્રવૃત્તિ કરવી આને જ, ભગવાનની પરમઆજ્ઞા જાણીને, તેની આરાધના=રાગ-દ્વેષવિલયના ઉપાયભૂત એવી પરમઆજ્ઞાની આરાધના, કરવી જોઇએ. કેમ કે તેનાથી જ=આજ્ઞાની આરાધના કરવાથી જ, સર્વ અર્થની=સર્વ પ્રયોજનની, સિદ્ધિ થાય છે. એ પ્રકારે સર્વ અવદાત છે. **॥૧૮૩॥**

**અવતરણિકા :-निबन्धसिद्धिं विनिवेद्य शोधयितुं विशेषज्ञानभ्यर्थयते -**

**અવતરણિકાર્થ :-** નિબંધ(પ્રબંધ)સિદ્ધિનું નિવેદન કરી વિશેષજ્ઞોને શોધન કરવા માટે અભ્યર્થના કરતાં ગ્રંથકાર કહે છે-

**ગાથા :-** **अज्झप्पमयपरिक्खा एसा सुत्तीहिं पूरिया जुत्ता ।**
**सोहंतु पसायपरा तं गीयत्था विसेसविऊ ॥१८४॥**

(अध्यात्ममतपरीक्षैषा सूक्तिभिः पूरिता युक्ता । शोधयन्तु प्रसादपरा तां गीतार्था विशेषविदः ॥१८४॥)

**ગાથાર્થ :- સારી ઉક્તિઓ વડે પુરાયેલ એવી આ અધ્યાત્મમતપરીક્ષા યોજાઇ છે=રચાઇ છે. તેને= અધ્યાત્મમતપરીક્ષાને, પ્રસાદ કરવામાં તત્પર અને વિશેષજ્ઞ એવા ગીતાર્થો શુદ્ધ કરો=અનાભોગાદિથી કોઇ શાસ્ત્રવિરુદ્ધ લખાણ હોય તો તેની શુદ્ધિ કરો, એ પ્રકારની ગ્રંથકારશ્રીની અભ્યર્થના છે. ॥૧૮૪॥**

**ટીકા :- स्पष्टा ॥१८४॥**

**ટીકાર્થ :-** સ્પષ્ટ છે. **॥૧૮૪॥**

## ग्रन्थप्रशस्तिः

## ગ્રંથ પ્રશસ્તિ :

**एतां वाचमुवाच वाचकवरो वाचंयमस्याग्रणीरस्या एव च भाष्यकृत्प्रभृतयो निष्कर्षमातेनिरे ।**
**एतामेव वहन्ति चेतसि परब्रह्मार्थिनो योगिनो रागद्वेषपरिक्षयाद्भवति यन्मुक्तिर्न हेत्वन्तरैः ॥१॥**

આ વાણીને=સકલસંમત જે અનુશાસન ગાથા-૧૮૩માં બતાવ્યું તે વાણીને, વાચંયમના અગ્રણી એવા વાચકવર શ્રી ઉમાસ્વાતિ મહારાજે કહી છે, અને ભાષ્યકાર શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણ વગેરે આચાર્યોએ આના જ નિષ્કર્ષનો વિસ્તાર કર્યો છે. (તથા) પરબ્રહ્મના અર્થી યોગીઓ આને જ ચિત્તમાં વહન કરે છે, જે કારણથી રાગદ્વેષના પરિક્ષયથી મુક્તિ છે બીજા હેતુઓથી નહિ. **॥૧॥**

ઉપરના કથનને જ પુષ્ટ કરતાં કહે છે-

**लावण्योपचयो यथा मृगदृशः कान्तं विना कामिनं भैषज्यानुपशान्तभस्मकरुजः सद्भक्ष्यभोगो यथा ।**
**अप्रक्षाल्य च पङ्कमङ्गसिचये कस्तूरिकालेपनम् रागद्वेषकषायनिग्रहमृते मोघ( घः )प्रयासस्तथा ॥२॥**

જેમ કામી એવા પતિ વગર સ્ત્રીઓના લાવણ્યનો ઉપચય (નકામો છે), ઔષધથી અનુપશાંત ભસ્મકરોગવાળાને સદ્ભક્ષ્યનો ભોગ=સુંદર ભોજન જેમ વ્યર્થ છે અને કાદવને ધોયા વિના શરીરના સિંચન માટે કસ્તુરિકાનું વિલેપન જેમ નકામું છે, તેમ રાગ-દ્વેષ અને કષાયના નિગ્રહ વગર (યોગમાર્ગમાં) પ્રયાસ નિષ્ફળ છે. **॥૨॥**

**आत्मध्यानकथार्थिनां तनुभृतामेता गिरः श्रोत्रयोः श्रीमज्जैनवचोऽमृताम्बुधिसमुद्भूताः सुधाबिन्दवः ।**
**एता एव च नास्तिकस्य नितरामास्तिक्यजीवातवः सन्तप्तत्रपुसम्भवद्रवमुचः पीडाकृतः कर्णयोः ॥३॥**

આત્મધ્યાન અંગેની કથાના અર્થી એવા જીવોને, બે કાનમાં શ્રીમદ્ જૈનવચનરૂપ અમૃતના સમુદ્રમાંથી ઉદ્ભવેલ આ વાણી સુધાના બિંદુ જેવી છે. અને આસ્તિક્યની જીવાતુ=જીવાડનાર એવી આ વાણી =ગાથા૧૮૩માં બતાવેલ આ વાણી, નાસ્તિકના બે કાનમાં તપાવેલા સીસાના રસને ઝરાવનારી હોય (તેમ) પીડા કરનારી છે. **॥૩॥**

**ઉત્થાન :-** આ રીતે વાણીનું મહત્ત્વ બતાવ્યા પછી હવે પોતાની પૂર્વ પરંપરાની સ્તવના કરતાં ગ્રંથકારશ્રી કહે છે-

**आशाः श्रीमदकब्बरक्षितिपतिश्चित्रं द्विषद्भामिनी-नेत्राम्भोमलिनाश्चकार यशसा यस्ताः सिताः प्रत्युत ।**
**एकः सैन्यतुरङ्गनिष्ठुरखुरक्षुण्णां चकार क्षमा-मन्यस्तां हृदये दधार तदपि प्रीतिर्द्वयोः शाश्वती ॥४॥**

(એક) શ્રીમાન્ અકબરરાજાએ દિશાઓને શત્રુઓની સ્ત્રીઓના આંસુઓથી મલિન કરી, (અને બીજા) જેણે યશ વડે તેને=દિશાઓને બલ્કે ઉજ્જ્વળ કરી. વળી એક=અકબરે પૃથ્વીને સૈન્યના ઘોડાઓની કઠોર ખરીઓથી ઉખેડી નાંખી, બીજા=શ્રી હીરસૂરિ મહારાજે હૃદયમાં ક્ષમાને ધારણ કરી તે કારણથી પણ બંનેની=પૂજ્ય હીરસૂરિ મહારાજ અને અકબરની શાશ્વતી પ્રીતિ થઇ. **॥૪॥**

**स श्रीमत्तपगच्छभूषणमभूद्भूपालभालस्थलव्यावल्गन्मणिकान्तिकुङ्कुमपयःप्रक्षालिताङ्घ्रिद्वयः ।**
**षट्खण्डक्षितिमण्डलप्रसृमराखण्डप्रचण्डोल्लसत्पाण्डित्यध्वनदेकडिण्डिमभरः श्रीहीरसूरीश्वरः ॥५॥**

રાજાઓના મુકુટમાં રહેલ મણિઓની કાંતિરૂપી કંકુના પાણીથી ધોવાયેલા છે ચરણ યુગલ જેમના એવા, તેમ જ જેમના અખંડ અને પ્રચંડ ઉલ્લાસ પામતા પાંડિત્યના વાગતા ડિંડિમનો અવાજ ષટ્ખંડ પૃથ્વીમંડલમાં ફેલાઇ રહ્યો છે, તે શ્રી હીરસૂરીશ્વરમહારાજા શ્રીમત્ તપગચ્છના ભૂષણ થયા. **॥૫॥**

**स्वैरं स्वेहितसाधनीः प्रसृमरे स्वीयप्रतापानले वाग्मन्त्रोपहृता विपक्षयशसामाधाय लाजाहुतीः ।**
**यो दुर्वादिकुवासनोपजनितं कष्टं निनाय क्षयं स श्रीमान् विजयादिसेनसुगुरुस्तत्पट्टरत्नं बभौ ॥६॥**

સ્વૈરપણે સ્વ ઇચ્છિતને સાધી આપનાર અને વાગ્મંત્રથી લવાયેલી એવી વિપક્ષના યશરૂપી લાજની આહુતિઓને=ધાન્યની આહુતિઓને, પ્રસરતા પોતાના પ્રતાપરૂપી અગ્નિમાં નાંખીને, જેમણે દુર્વાદીઓની કુવાસનાથી થયેલ કષ્ટનો ક્ષય કર્યો, તે શ્રીમાન્ વિજયસેનસૂરિ મહારાજ તેમના=શ્રી હીરસૂરીશ્વરજી મહારાજાના, પટ્ટરત્ન તરીકે શોભ્યા. **॥૬॥**

**ભાવાર્થ :-** પૂ. સેનસૂરીશ્વરજી મહારાજા પૂ. હીરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધર હતા. તેઓ એટલા વિદ્વાન હતા કે જેથી પોતાની વાણી વડે દુર્વાદીઓથી ફેલાયેલ કુવાસનાનો પોતાના પ્રતાપથી નાશ કર્યો.

**धारावाह इवोन्नमय्य नितमां यो दक्षिणस्यामपि, स्वैरं दिक्षु ववर्ष हर्षजननीर्विद्वत्पदाख्या अपः ।**
**तत्पट्टत्रिदशाद्रितुङ्गशिखरे शोभां समग्रां दधत्, स श्रीमान् विजयादिदेवसुगुरुः प्रद्योतते साम्प्रतम् ॥७॥**

મેઘની જેમ દક્ષિણ દિશામાં પણ અત્યંત ઊંચે ચઢીને જેમણે બધી દિશાઓમાં સ્વૈરપણે હર્ષજનક એવું વિદ્વાનપદ નામનું પાણી વરસાવ્યું, તે સમગ્ર શોભાને ધારણ કરતા શ્રીમાન્ વિજયદેવસૂરિ મહારાજા, શ્રી સેનસૂરિમહારાજની પાટરૂપ ઊંચા મેરુશિખર ઉપર હમણાં દીપી રહ્યા છે. **॥૭॥**

**ભાવાર્થ :-** દક્ષિણ દિશામાં ઘણા વિદ્વાનો હતા. ત્યાં પણ પૂ. સેનસૂરિ મહારાજાએ વિદ્વાનપણાની ખ્યાતિ મેળવી હતી.

**यद्गाम्भीर्यविनिर्जितो जलधिरप्युल्लोलकल्लोलभृत् राज्ञे सर्वमिदं निवेदयति किं व्याकीर्णलम्बालकः ।**
**तत्पट्टोदयपर्वतेऽभ्युदयिनः पुष्णाति पूष्णस्तुलां स श्रीमान् विजयादिसिंहसुगुरुः सौभाग्यभाग्यैकभूः ॥८॥**

જેમના ગાંભીર્યથી જિતાયેલો અને ઊછળતાં મોજાંઓને ધારણ કરતો, (તે મોજાંરૂપ) ફેલાયેલ લાંબી વાળોની લટવાળો એવો સમુદ્ર પણ, જાણે કે રાજાને આ સર્વ શું નિવેદન કરતો હોય, તે સૌભાગ્ય અને ભાગ્યના એકસ્થાનભૂત શ્રી વિજયદેવસૂરિ મહારાજની પાટરૂપ ઉદયાચલ પર્વત ઉપર અભ્યુદય પામેલા, તે શ્રીમાન્ વિજયસિંહસૂરિ મહારાજ સૂર્યની તુલનાને ધારણ કરી રહ્યા છે. **॥૮॥**

**गच्छे स्वच्छतरे तेषां परिपाट्योपतस्थुषाम् । कवीनामनुभावेन नवीनां कृतिमादधे ॥९॥**

તેઓના=પૂર્વમાં વર્ણન કરાયેલ શ્રી હીરસૂરીશ્વરજી મહારાજ વગેરેના, સ્વચ્છતર ગચ્છમાં પરિપાટીથી થયેલા કવિઓના =પૂ. લાભવિજયજી આદિ કવિઓના, અનુભાવથી=પ્રસાદથી મેં આ નવી કૃતિ બનાવી. **॥૯॥**

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું કે શ્રી હીરસૂરીશ્વરજી મહારાજા આદિના સ્વચ્છતર ગચ્છમાં પરિપાટીથી ઉત્પન્ન થયેલા લાભવિજયજી આદિ કવિઓના પ્રસાદથી મેં આ કૃતિ બનાવી છે, તેથી હવે આ શ્લોકથી તે કવિઓ કેવા છે તે બતાવે છે-

**तथाहि- सहस्त्रैर्मघवा हरश्च दशभिः श्रोत्रैर्विधिश्चाष्टभिर्येषां कीर्त्तिकथां सुधाधिकरसां पातुं प्रवृत्तां समम् । ते श्रीवाचकपुङ्गवास्त्रिजगतीविख्यातधामाश्रयाः। कल्याणाद्विजयाह्वयाः कविकुलालङ्कारतां भेजिरे ॥१०॥**

અમૃત કરતાં પણ અધિક રસવાળી જેઓની કીર્તિકથાને પીવાને માટે (સાંભળવા માટે), હજાર કાનોથી ઈંદ્ર, દશ કાનોથી શંકર, આઠ કાનોથી બ્રહ્મા એકી સાથે પ્રવૃત્ત થયા, તે ત્રણ જગતમાં વિખ્યાત ધામના=તેજના આશ્રયસ્થાન, શ્રી વાચકપુંગવ કલ્યાણવિજય મહારાજ કવિકુલમાં અલંકારપણાને ધારણ કરતા હતા. **॥૧૦॥**

**हैमव्याकरणे कषोपल इवोद्दीप्तं परीक्षाकृतः पर्य्यैक्षन्त निबद्धरेखमखिलं येषां सुवर्णं वचः । ते प्रोन्मादिकुवादिवारणघटानिर्भेदपञ्चाननाः श्रीलाभाद्विजयाह्वयाः सुकृतिनः प्रौढश्रियं शिश्रियुः ॥११॥**

જાણે હૈમવ્યાકરણરૂપ કસોટી પત્થર ઉપર રેખા પાડનાર જેમના ઉદ્દીપ્ત સુવર્ણરૂપ વચનની પરીક્ષાકારોએ પરીક્ષા કરી, તે પ્રોન્મત્ત કુવાદીરૂપ હાથીઓના ટોળાને ભેદવામાં સિંહ સમાન, શ્રી લાભવિજય મહારાજ નામના સુકૃતીએ=વિદ્વાને, પ્રૌઢ=વિસ્તૃત શોભાને ધારણ કરી. **॥૧૧॥**

**ભાવાર્થ :-** પૂ. લાભવિજયજી મહારાજાની વિદ્વાનોએ હૈમવ્યાકરણના વિષયમાં પરીક્ષા કરેલ, અને તેઓ તેમાં પૂર્ણ સફળ થયેલા, અને કુવાદીઓને જીતવામાં તેઓ સિંહ જેવા પરાક્રમી હતા.

**यत्कीर्त्तिश्रुतिधूतधूर्ज्जटिशिरोविश्रस्तसिद्धापगा-कल्लोलप्लुतपार्वतीकुचगलत्कस्तूरिकापङ्किले । चित्रं दिग्वलये तयैव धवले नो पङ्कवार्त्ताप्यभूत् प्रौढिं ते विबुधेषु जीतविजया प्राज्ञाः परामैयरुः ॥१२॥**

જેઓની કીર્તિના શ્રવણથી કંપાયમાન થયેલા શંકરના મસ્તક પરથી પડેલી ગંગાનદીના તરંગમાં ડૂબેલ પાર્વતીના સ્તનમાંથી ગળતી કસ્તૂરીથી કાદવવાળા બનેલ, (અને) તેનાથી જ=પૂ. જીતવિજયજી મહારાજાની કીર્તિથી જ, ઉજ્જ્વળ થયેલ દિગ્વલયમાં ચિત્રને આશ્રયીને પંકની વાત પણ નહોતી, તે પ્રાજ્ઞ શ્રી જીતવિજયજી મહારાજે પંડિતોમાં શ્રેષ્ઠ પ્રૌઢતાને ધારણ કરી. **॥૧૨॥**

**ભાવાર્થ :-** અહીં પૂ. શ્રી જીતવિજયજી મહારાજની કીર્તિ વડે બધી દિશાઓ ધવલ છે, માટે ત્યાં કાદવની વાર્તા પણ નથી એમ બતાવીને તેમની કીર્તિમાં કોઈ કચાશ નથી તેમ બતાવ્યું. અને તેની જ અતિશયતા બતાવવા માટે તેમની કીર્તિના શ્રવણથી શંકરનું માથું ધ્રુજી ઊઠ્યું, અને તેથી મસ્તકમાંથી પડેલી ગંગાનદીના તરંગમાં ડૂબેલી પાર્વતીના સ્તનમાંથી કસ્તૂરિકા પડી, તેનાથી દિશાઓ કાદવવાળી થઈ, તેમ બતાવીને વિરોધાભાસ અલંકાર દ્વારા પૂ. જીતવિજયજી મહારાજાની કીર્તિની અતિશયતા બતાવેલ છે.

❀ અહીં '**चित्रं**' પછી '**आश्रित्य**' અધ્યાહાર છે. તેનાથી એ કહેવું છે કે, બધી દિશાઓ પાર્વતીના સ્તનમાંથી કસ્તૂરિકાના પડવાથી કાદવવાળી હતી અને પૂ. જીતવિજયજી મહારાજાની કીર્તિથી ઉજ્જ્વલ હતી. આવા પ્રકારના વૈચિત્ર્યને આશ્રયીને તે દિશાઓમાં કાદવની વાર્તા પણ થતી નથી; કેમ કે બધી દિશાઓ પૂ. જીતવિજયજી મહારાજાની કીર્તિથી ધવલ થયેલી હોવાને કારણે તે દિશાઓમાં કાદવ હોવા છતાં પણ કાદવની વાર્તા થતી નથી.

**येषामत्युपकारसारविलसत्सारस्वतोपासनाद्, वाचः स्फारतराः स्फुरन्ति नितमामस्मादृशामप्यहो ।**
**धीरश्लाघ्यपराक्रमास्त्रिजगतीचेतश्चमत्कारिणः सेव्यन्ते हि मया नयादिविजयप्राज्ञाः प्रमोदेन ते ॥१३॥**

જેઓના અત્યંત ઉપકારના ફળરૂપે વિલાસ પામતા એવા સારસ્વત મંત્રની ઉપાસનાથી, અહો! અમારા જેવાઓને પણ અત્યંત સ્ફારતર=વિશદ, વાણી સ્ફુરે છે; તે ધીર પુરુષોને વખાણવા યોગ્ય પરાક્રમવાળા, અને ત્રણે જગતના ચિત્તને ચમત્કાર પમાડનાર, તે પંડિત નયવિજય મહારાજ પ્રમોદથી મારા વડે સેવાય છે. **॥૧૩॥**

**तेषां प्राप्य परोपकारजननीमाज्ञां प्रसादानुगां तत्पादाम्बुजयुग्मसेवनविधौ भृङ्गायितं बिभ्रता ।**
**एतन्न्यायविशारदेन यतिना निःशेषविद्यावतां प्रीत्यै किञ्चन तत्त्वमाप्तसमयादुद्धृत्य तेभ्योऽर्पितम् ॥१४॥**

તેઓની પરોપકારજનક પ્રસાદયુક્ત=કૃપાયુક્ત, આજ્ઞાને મેળવીને, તેઓના બે ચરણકમળની ઉપાસના કરવાની ક્રિયામાં ભ્રમરપણાને ધારણ કરતા આ ન્યાયવિશારદ યતિ વડે (ઉપાધ્યાય શ્રી યશોવિજય સાધુ વડે), સઘળા વિદ્વાનોની પ્રીતિ માટે આપ્તપુરુષોના શાસ્ત્રમાંથી કાંઈક તત્ત્વનો ઉદ્ધાર કરીને, તેઓને=નયવિજયજી આદિ ગુરુવર્યોને, અર્પણ કર્યો છે. **॥૧૪॥**

**यद्युच्चैः किरणाः स्फुरन्ति तरणेस्तत्किं तमःसञ्चयैः, स्वायत्ता यदि नाम कल्पतरवः स्तब्धैर्द्रुमैः किं ततः ।**
**देवा एव भवन्ति चेन्निजवशास्तत् किं प्रतीपैः परैः सन्तः सन्तु मयि प्रसन्नमनसोऽत्युच्छृङ्खलैः किं खलैः ॥१५॥**

જો સૂર્યનાં કિરણો પ્રકાશી રહ્યાં છે તો અંધકારના સંચય વડે શું? જો કલ્પવૃક્ષો સ્વાધીન હોય તો અક્કડ ઊભેલાં વૃક્ષોથી શું? જો દેવો જ પોતાને વશ થયા હોય તો બીજા શત્રુઓથી શું? એમ સજ્જનો મારા ઉપર પ્રસન્ન મનવાળા છે તો ઉચ્છૃંખલ દુર્જનોથી શું ? **॥૧૫॥**

**ભાવાર્થ :-** સંતપુરુષો આ ગ્રંથ જોઈને પ્રસ્તુત રચનાથી ગ્રંથકાર ઉપર પ્રસન્ન હોય તો પરના છિદ્રોમાત્ર જોવાની ટેવવાળા ઉચ્છૃંખલના વચનથી ગ્રંથકારને શું?

**भिन्नस्वर्गिगिरिसानुभानुशशभृत्प्रत्युच्छलत्कन्दुकक्रीडायां रसिको विधिर्विजयते यावत्स्वतन्त्रेच्छया ।**
**तावद्भावविभावनैककुतुकी मिथ्यात्वदावानलध्वंसे वारिधरः स्फुरत्वयमिह ग्रन्थः सतां प्रीतिकृत् ॥१६॥**

મેરુપર્વતના શિખર વડે ભેદાયેલા સૂર્યચંદ્રરૂપી ઊછળતા દડાની ક્રીડા કરવામાં જ્યાં સુધી વિધિ= કુદરત સ્વતંત્ર ઇચ્છાથી રસિક છે, ત્યાં સુધી ભાવોને પ્રકટ કરવામાં એકમાત્ર ઉત્સુકતાવાળો અને મિથ્યાત્વરૂપ દાવાનલનો નાશ કરવા માટે વાદળા જેવો, સજ્જનોને પ્રીતિ કરનાર એવો આ ગ્રંથ આ જગતમાં સ્ફુર્યા કરો, અર્થાત્ વિધિ જેમ શાશ્વત ક્રીડા કરે છે તેમ આ ગ્રંથ શાશ્વત રહો. **॥૧૬॥**

✿ **यावच्चन्द्रदिवाकरौ** જેવો આ શ્લોકનો ભાવ છે.

**॥ इति श्रीमद्यशोविजयोपाध्यायविरचितटीकासमेता अध्यात्ममतपरीक्षा ॥**

**॥ શ્રી ઉપાધ્યાય યશોવિજય વિરચિત ટીકા સહિત અધ્યાત્મમતપરીક્ષા ગ્રંથ સંપૂર્ણ ॥**

✿ ✿ ✿ ✿ ✿ ✿ ✿ ✿

| ગીતાર્થગંગાથી પ્રકાશિત ગ્રંથો | વિવેચક |
|---|---|
| (૧) યોગવિંશિકા શબ્દશઃ વિવેચન | પ્રવિણભાઈ મોતા |
| (૨) અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન | પ્રવિણભાઈ મોતા |
| (૩) શ્રાવકના બારવ્રતોનાં વિકલ્પો | યુગભૂષણવિજયજી મ.સા. |
| (૪) યોગદષ્ટિ સમુચ્ચય | યુગભૂષણવિજયજી મ.સા. |
| (૫) સદ્ગતિ તમારા હાથમાં! | યુગભૂષણવિજયજી મ.સા. |
| (૬) કર્મવાદ કર્ણિકા | યુગભૂષણવિજયજી મ.સા. |
| (૭) દર્શનાચાર | યુગભૂષણવિજયજી મ.સા. |
| (૮) શાસનસ્થાપના | યુગભૂષણવિજયજી મ.સા. |
| (૯) અનેકાન્તવાદ | યુગભૂષણવિજયજી મ.સા. |
| (૧૦) પ્રશ્નોત્તરી | યુગભૂષણવિજયજી મ.સા. |
| (૧૧) ચિત્તવૃત્તિ | યુગભૂષણવિજયજી મ.સા. |
| (૧૨) ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ | યુગભૂષણવિજયજી મ.સા. |
| (૧૩) આશ્રવ અને અનુબંધ | સ્વ. મોહજિતવિજયજી મ.સા. |
| (૧૪) મનોવિજય અને આત્મશુદ્ધિ | યુગભૂષણવિજયજી મ.સા. |
| (૧૫) ભાગવતી પ્રવ્રજ્યા પરિચય | યુગભૂષણવિજયજી મ.સા. |
| (૧૬) વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ | પ્રવિણભાઈ મોતા |
| (૧૭) અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧ | પ્રવિણભાઈ મોતા |
| (૧૮) આરાધક વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન | પ્રવિણભાઈ મોતા |
| (૧૯) વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ | પ્રવિણભાઈ મોતા |
| (૨૦) અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨ | પ્રવિણભાઈ મોતા |
| (૨૧) ભાવધર્મ (પ્રણિધાન) | યુગભૂષણવિજયજી મ.સા. |
| (૨૨) અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩ | પ્રવિણભાઈ મોતા |

મુદ્રક : સૂર્યા ઑફસેટ, આંબલીગામ, અમદાવાદ